આગમજ્યોતિર્ધર

૩.૩૫૨૩





પૂજ્ય
આગમોદ્ધારકશ્રી
ની
પુનિત
જીવનગાથા

આગમ આરીસો અદ્‌ભુત છે;
જેમાં આત્મા સ્પષ્ટ દેખાય।
તેનો વારસો જેણે જાળવ્યો
તે સૂરિ ચરણે શીશ ઝુકાય॥

× × ×

આગમો તીર્થંકરોનો
અદ્‌ભુત વારસો છે.

× × ×



શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળા

કપડવંજ-(જિ. ખેડા)



આગમોદ્ધારક ગ્રંથમાલા પુષ્પ–૪૮

આગમ જ્યોતિર્ધર

[વિભાગ–પ્રથમ]

[પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના જીવનચરિત્રનું ભવ્ય આલેખન]

સંપાદકો :
પૂ. પં. શ્રી કંચનસાગરજી મ.
પૂ. પં. શ્રી સૂર્યોદયસાગરજી મ.
પૂ. પં. શ્રી અભયસાગરજી મ.

સંકલનકારકો :
ડો. રૂદ્રદેવ ત્રિપાઠી
M. A. Ph. D.–દિલ્હી
પં. રતિલાલ ચી. દોશી
અમદાવાદ.
દિનેશચન્દ્ર નગીનદાસ પરીખ
કપડવંજ



"ઉત્તમના ગુણ ગાવતાં
ગુણ આવે નિજ અંગ"

વીર નિ. સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩

પ્રથમવૃત્તિ
મૂલ્ય : ૬૦ રૂપિયા



આગમ આરીસો જોવતાં રે,
શુદ્ધ હોયે આતમતત્ત્વ–સલૂણા.



પ્રકાશક :
રમણલાલ જેચંદભાઈ
મુખ્ય કાર્યવાહક :
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાલા
કાપડ બજાર, પોસ્ટ કપડવંજ (ખેડા)

પુસ્તક પ્રાપ્તિસ્થાન
શ્રી આગમોદ્ધારક ગ્રંથમાલા
શેઠ મો. જુ. જૈન ઉપાશ્રય
દલાલવાડા
પોસ્ટ કપડવંજ (ખેડા)

નમ્ર વિજ્ઞપ્તિ

પંચમકાળમાં ભવ્યાત્માઓને પરમઆલંબન-રૂપ ૪૫ આગમોને ચિરંજીવ બનાવનાર અને (જીવન આગમતત્ત્વ-વિચારણામાં નિમગ્ન પરમોપકારી પૂ. આગમોદ્ધારકશ્રીના જીવન-ચરિત્રના બાકીના ભાગનું આલેખન તૈયાર છે.

દળદાર, સેંકડો ચિત્રોથી સમૃદ્ધ તે આલેખન ટૂંક સમયમાં પ્રગટ થશે. વિવેકી શ્રુતભક્તોએ લાભ લેવા નમ્ર ભલામણ છે.


—પ્રકાશક

ફોટાઓ તથા ટાઇટલ
પ્રસ્તા. અનુક્રમણિકા વગેરે
દીપક પ્રિન્ટરી
૨૭૩૬/૧, રાયપુર દરવાજા પાસે
અમદાવાદ-૩૮૦૦૦૧

મુદ્રક :
લખાણ વિભાગ શિલ્પા પ્રિન્ટર્સ
જ્યોત્સ્નાના અરવિંદ શુકલ
જ્યોત્સ્નાના મહેન્દ્ર ઠક્કર
આરાધના કોમર્શીયલ સેન્ટર
સ્વાપસ્સ રોડ, અમદાવાદ.

ધ્યાનસ્થ મુદ્રાએ

૦ ૦ પૂ. આગમોદ્ધારકશ્રી ૦ ૦



माणिक्यतुल्यो जिनराजशासने।
चन्द्रद्युति र्हेमसमाच्छसंयमः।
देवेन्द्रवन्द्यश्च सुतत्वहंसः।
आनंदसूरिर्जयतात् श्रुताब्धिः॥

પ્રકાશક તરફથી. . . . . .

શાસન-પ્રભાવક, સમર્થ-વ્યાખ્યાનકાર, આગમ-રહસ્યવેત્તા, ધ્યાનસ્થ-સ્વર્ગત **પૂ. આગમોદ્ધારકશ્રી**ના બહુમુખી-વ્યક્તિત્વથી સભર જીવન-ગાથાનો યત્કિંચિત્ બોધ કરાવનાર જીવન-ચરિત્રરૂપ આ ગ્રંથને સુજ્ઞ-જિજ્ઞાસુ જનો સમક્ષ રજુ કરતાં અમો ખૂબ જ આનંદ અનુભવીએ છીએ! જીવનને ધન્ય-કૃતાર્થ માનીએ છીએ!

વાસ્તવમાં મહાપુરુષોના જીવન અત્યદ્ભુતરીતે પ્રેરણાના અમૃતપાન કરાવતા હોય છે, પણ મોટા-ભાગના મહાપુરૂષો જન-માનસમાં દેશ-કાળની સાપેક્ષ-મર્યાદાઓને આશ્રયી વિશિષ્ટ-સ્થાન પામતા હોય છે, પરંતુ કેટલાક વિરલ-મહાપુરુષો એવા હોય છે કે જેમનું બહુમુખી પ્રતિભાવંતુજીવન આગવું-પ્રભાવવંતુ હોઈ સર્વદેશીય અને સર્વકાલીન વાતાવરણ સર્જવા દ્વારા સમજણ કે વિવેકની માત્રાની અલ્પતાવાળા લોકોના માનસમાં પણ ચિરસ્થાયી સ્થાન પામતું હોય છે.

આવા એક અદ્વિતીય, અનન્ય-સાધારણ, વિરલ-વિભૂતિસમા વીસમી સદીના મહાન્ શ્રુતપ્રભાવક, આગમોના તલસ્પર્શી-વિવેચક, તાત્ત્વિક-પદાર્થોને અપૂર્વ વિવેચન-પદ્ધતિ દ્વારા સરળરીતે રજુ કરનાર મહાપુરુષની જીવન-ગાથાને આ ગ્રંથના પ્રકાશન દ્વારા યથાશક્તિ-યથામતિ-યથાભક્તિ પ્રસ્તુત કરવા દેવ-ગુરૂકૃપાએ અમો સમર્થ થયા છીએ. તે બદલ અચિંત્ય-શક્તિશાળી પરમોપકારી શ્રી જિનશાસન અને તેના મહત્ત્વપૂર્ણ-સંચાલકોની નિષ્કારણ-કરુણાપ્રતિ અમો હાર્દિક કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

આ જીવનગ્રંથને સુયોગ્ય-સુવ્યવસ્થિત બનાવવા બનતા સઘળા પ્રયત્નો કર્યા છે, પરંતુ અમને પોતાને પણ જોઇએ તેવો આત્મ-તોષ થયો નથી તેમ છતાં શુભે યથાશક્તિ યતનીયં ન્યાયને અનુસરે "શક્તિ તેવી ભક્તિ" સૂક્તિ પ્રમાણે શક્ય તેટલી સાવચેતી રાખી પૂ. **આગમોદ્ધારકશ્રી**ના અદ્વિતીય-વ્યક્તિત્વને ઉદાત્ત-શૈલિમાં પ્રસ્તુત જીવનચરિત્રને રજુ કરવા સાદર પ્રયત્ન કર્યો છે.

સુજ્ઞ વિવેકી-વાચકો અમારા દૃષ્ટિકોણને નજર સામે રાખી હંસ-ક્ષીર ન્યાયે જીવનચરિત્રના પ્રસંગોને વાંચે!! વિચારે!!!

પ્રકાશન–સંબંધી રહેલી ઊણપોને દરગુજર કરી કલિકાળના અનન્ય–પ્રભાવક વિરલ–વ્યક્તિત્વ–સંપન્ન મહાપુરુષની જીવન–નીતિના ધારણીય મહત્ત્વપૂર્ણ–પદાર્થોને સમજી–વિચારી આત્મસાત્ કરવા સમર્થ બને ! એ મંગળકામના છે.

વધુમાં આ ગ્રંથના પ્રકાશનમાં જ્ઞાત અજ્ઞાત અનેક મહાનુભાવોનો સહયોગ છે, તે નામી–અનામી સઘળા–મહાનુભાવોનો નામોલ્લેખ સુશક્ય નથી, એટલે ગુણાનુરાગભર્યા–અંતરથી તેઓના ઉદાત્ત–દૃષ્ટિબિંદુની હાર્દિક–અનુમોદના કરી આત્મ–સંતોષ મેળવીએ છીએ.

છતાં ખાસ કરીને કેટલીક વિશિષ્ટ–વ્યક્તિઓએ કરેલ મૂક–સેવાની પ્રવૃત્તિથી ઉપજતી વિશિષ્ટ–પ્રમોદભાવના બળે તેઓના સહકારની નોંધ લેવા સ્વતઃ પ્રબલ આંતરપ્રેરણા થાય છે, તો તે આંતરપ્રેરણાને લીપિબદ્ધ કરવાની પુનિત ફરજને આધારે જણાવાય છે કે—

જીવન–ચરિત્રના પ્રારંભથી અંતસુધીના સઘળા–કામમાં વિશિષ્ટ–પ્રાણશક્તિના ધબકારા સમાન વાત્સલ્ય–સિંધુ સ્વ. પૂ. **ગચ્છાધિપતિશ્રીની** અપાર મંગલ–કરુણાના પૂર્ણ ઋણી છીએ.

જે વિના આવા મહાભગીરથ–કાર્યનું સમયાનુકૂળ ઉપસ્થિત થયેલ સ્વરૂપ સાકાર બની શકત નહિ ! ! !

આ ઉપરાંત સંપાદક–મુનિશ્રીઓના અપૂર્વ–ગુરુભક્તિની સોલ્લાસ–અનુમોદના વારંવાર કરીએ છીએ.

જેમાં ખાસ કરીને પ. પૂ. **ઉપા. શ્રી ધર્મસાગરજી મહારાજ** સાહેબશ્રીના શિષ્ય પૂ. પં. **શ્રી અભયસાગરજી મહારાજશ્રીની** અપૂર્વ–ગુરુભક્તિને વારંવાર અભિનંદન કરીએ છીએ. !

પૂજ્ય–મહારાજશ્રીએ પોતાની અનેકવિધ પ્રવૃત્તિઓ, લાંબા વિહારો, વર્ષીતપ જેવી મહાન તપશ્ચર્યા, નાદુરસ્ત તબીયત આદિ છતાં પણ અંતભરી મહેનત અને નિષ્ઠાપૂર્વક પૂ. તારકવર્ય **આગમોદ્ધારક**–આચાર્યદેવશ્રી પ્રતિ ઊંડી હાર્દિક–નિષ્ઠાભરી ભક્તિના બળે એકલે હાથે ત્રણ વખત જીવન–ચરિત્રનું આલેખન કરી સુંદર ઓપ આપ્યો, પૂ **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રીના વિરલ ગુણ–વૈભવને બાહ્ય–આકર્ષક સાજ–સજ્જાથી બાળજીવો સહેલાઇથી ઓળખી શકે તેવા અટપટા–માર્ગોમાંથી પસાર થતી અદ્યતન સંપાદન–શૈલિની વિષમતાઓને ઉલ્લાસપૂર્વક હડસેલી સુંદર પ્રકાશન માટે અમોને પણ ઉદાત્ત પ્રેરણાઓ આપી

આ ઉપરાંત પૂ. પં. **શ્રી કંચનસાગરજી મ.** પૂ. પં. **શ્રી સૂર્યોદયસાગરજી મ.** પૂ. **મુનિશ્રી ગુણસાગરજી મ.** પૂ. **મુનિશ્રી અમરેન્દ્ર સાગરજી મ.** આદિ મુનિ–ભગવંતોની કૃપાને અમે વારંવાર અભિનંદીયે છીયે.

જેઓએ જીવન-ચરિત્રની અનેક દુર્લભ-સામગ્રીના સંકલનમાં તથા પ્રકાશન અંગે આર્થિક-સહયોગ માટે તે તે સંઘોને પ્રેરણા આપીને પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવશ્રી પ્રતિ અપૂર્વ ભક્તિભાવ વ્યક્ત કર્યો છે.

આ ઉપરાંત સાગર-સમુદાયના વર્તમાનનાયક પૂ. આ. **શ્રી હેમસાગર સૂરીશ્વરજી મ.** પૂ. શાસનપ્રભાવક આ. શ્રી **દેવેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.** તથા સાગર-સમુદાયના અનેક પદસ્થ-ભગવંતો અને શ્રમણ-મુનિભગવંતો તથા પૂ. **આગમોદ્ધારક**-આચાર્યદેવશ્રી અને તેમના સમુદાયપ્રતિ ભક્તિભાવ ધરાવનાર પૂ. સાધ્વીજી ભગવંતો આદિએ અનેક રીતે અમારા આ કાર્યને સફળ બનાવવા વિવિધ મંગલ-પ્રેરણાઓ આપી છે.

તે બદલ અમો તેઓશ્રીના ચરણોમાં વારંવાર નતમસ્તકે વંદના કરીએ છીએ.

આર્થિક-લાભ લેનારા જૈન શ્રીસંઘો અને મહાનુભાવોના ગુણાનુરાગભર્યા-અંતરના ભક્તિ-ભાવની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ !

વધુમાં આ પ્રકાશનને સુવ્યવસ્થિત-સ્વરૂપ આપવા માટે પૂ. પં. મહારાજશ્રીની પ્રેરણાને ઉમંગભેર ઝીલી દિવસ-રાત જોયા વિના ખડે-પગે તૈયાર રહેનારા નીચેના મહાનુભાવોની અખૂટ શ્રદ્ધા-ભરી ધર્માનુરાગ-સભર ગુરુભક્તિની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

- બાબુલાલ કેશવલાલ શાહ (ચાણસ્માવાળા)-અમદાવાદ
- અશ્વિનકુમાર એસ. દવે પાલીતાણા
- લાલચંદભાઈ કે. શાહ (વણોદકર) અમદાવાદ
- નગીનદાસ કે. શાહ (પાટડીકર) અમદાવાદ
- ચીમનલાલ બી. શાહ (ઉનાવાકર) મહેસાણા
- સેવંતિભાઈ એસ. શાહ (ભારુકર) મહેસાણા
- ફોટોગ્રાફર મહેશભાઈ કપડવંજ
- ડૉ. કિશોર કાબરા મંદસોરકર અમદાવાદ
- હીરાભાઈ ડાહ્યાભાઈ ગાંધી અમદાવાદ
- પં. હરગોવનદાસ સંપ્રીતચંદ કપડવંજ
- પં. પુષ્પલાલજી ઝા. મહેમદાવાદ

અહીં ખાસ નોંધવા જેવી બીના એ છે કે-

આ જીવન-ચરિત્રનું આલેખન કરવામાં અંતરંગ ભક્તિ-ઉલ્લાસ સાથે પૂ. સંપાદક મહારાજ-શ્રીએ પ્રવૃત્તિ કરવાના ઘણા મનોરથો સક્રિય બનાવ્યા છતાં કેટલાક જરૂરી આવી પડતા

પ્રવૃત્તિઓના દબાણ-રોકાણથી જીવનચરિત્રનું આલેખન કરવા અંગેની પૂર્વ-ભૂમિકા રૂપ કાચી-સામગ્રી ઉપરથી સંકલન કરવાની અનુકૂળતા ઓછી રહી.

તેથી તે અંગે આ પુનિત-કાર્યમાં ધર્મસ્નેહભર્યા-સહયોગી વર્તન દાખવવામાં પ્રવીણ અને છેલ્લા પંદર-વર્ષથી શાસન-હિતકર અનેક-પ્રવૃત્તિઓમાં યોગ્ય સહયોગ આપનાર **ડૉ. રૂદ્રદેવ ત્રિપાઠી** M. A. Ph D. **દીલ્હી**નો વિક્રમ સંવત ૨૦૨૬ થી ૨૦૩૦ દરમ્યાન અવારનવાર ઉનાળાઓની રજાઓમાં તેમજ પત્રવ્યવહાર કે ટપાલથી જીવનચરિત્રના આલેખનની પૂર્વભૂમિકા રૂપે કાચી સામગ્રીનું સંકલન કરાવવામાં આવ્યું.

આ રીતે **પં. રતિલાલ ચી. દોશી** (પ્રાધ્યાપકશ્રી હેમચંદ્રાચાર્ય-પાઠશાળા અમદાવાદ) તથા **દિનેશભાઇ નગીનદાસ પરીખ કપડવંજ** ને પણ વારંવાર વિવિધ રીતે પૂર્વ-તૈયારીના કામો ભળાવી સંકલન કરાવવામા આવ્યું.

એટલે આજે જે સ્વરૂપે જીવનચરિત્ર વ્યવસ્થિતરૂપે પ્રસ્તુત થઇ રહ્યું છે, તેમાં ચરિત્ર-આલેખનની પૂર્વ ભૂમિકારૂપે કાચી સામગ્રીના સંકલનમાં ઉપરના ત્રણે પુણ્યવાન મહાનુભાવોના હાર્દિક ધર્મસ્નેહની વારંવાર અનુમોદના સાહજિક રીતે થઈ રહી છે.

આ ઉપરાંત નીચેના ઉત્સાહી ધર્મપ્રેમી બાળ શ્રાવકોની ગુણાનુરાગભરી અમે અનુમોદના કરીએ છીએ.

- દીપક કુમાર બાબુભાઈ વોરા ઉં. ૨૪ એલ. એલ. બી. (સેકંડ)નો અભ્યાસ કરે છે
- રાજેશભાઈ જયંતિલાલ શાહ ઉં. ૨૦ બી. કોમ. (બીજા વર્ષ)નો અભ્યાસ કરે છે.
- ભદ્રેશકુમાર માણેકલાલ શાહ ઉં. ૧૭ જેઓ હાયર સેકન્ડરી કોમર્સમાં ભણે છે.
- મૂકેશકુમાર બાબુલાલ શાહ ઉં. ૧૭ જેઓ હાયર સેકન્ડરી (સાયન્સ)માં ભણે છે.

આ ચારે બાળ-શ્રાવકોએ શાળાકીય-અભ્યાસ અને વ્યાવહારિક નોકરી, દુકાન કે ઘર-કામની જવાબદારીઓ પતાવી પૂ. પં. શ્રી **અભયસાગરજી મ.**ની સેવામાં દિવસે કે રાત્રે અમદાવાદ શહેરમાં કે દૂરની સોસાયટીઓમાં દિવસમાં બે-ત્રણ વાર ધક્કા ખાઇને પણ તેમજ બહારગામ **ચાણસ્મા, મહેસાણા** ચોમાસામાં અવાર-નવાર રૂબરૂ આવીને પણ જીવન-ચરિત્ર અંગે પ્રૂફ, મેટર લાવવા-લઈ જવા અને પ્રેસ-બ્લોકવાળાને ત્યાં આંટા-ફેરા આદિ અનેક અટ-પટી-કામગીરી પણ ઉંમર નાની છતાં મોટાઓ જે કામ ન કરી શકે તેવી હોંશિયારી પૂર્વક ઉમંગભેર ઉઠાવી જીવનચરિત્રના પ્રકાશનમાં આવેલી વિષમતાઓને દૂર કરવા દ્વારા જીવન ધન્ય-પાવન કરેલ છે.

શાસનદેવપ્રતિ મંગળ પ્રાર્થના છે કે-આ ચારે બાળશ્રાવકો ભવિષ્યમાં શાસનાનુરાગી સુદૃઢ-શ્રદ્ધાસંપન્ન બની સ્વ પરકલ્યાણની સાધનામાં અગ્રેસર બને ! ! !

સાગર ઉલેચવાની જેમ અતિવિશાળ અને બહોળાહાથે જે કામ સુંદર-સુવ્યવસ્થિત બને તે કામમાં અનેક હાથોની ગરજ સારનાર **કપડવંજના** ધર્મપ્રેમી શ્રી **દિનેશચંદ્ર નગીનદાસ પરીખના** અંતરંગ લાગણીભર્યા-સહકારની હાર્દિક કૃતજ્ઞતાપૂર્વક અનુમોદના કરીએ છીએ.

જેઓએ જીવનચરિત્રના આલેખનની કાચી સામગ્રીના સંકલનમાં નાની વિગતથી માંડી મહત્ત્વની અનેક બાબતો શોધી-શોધીને ચીવટ-ખંત-લાગણીના ત્રિભેટે સમર્પીને પૂ. પં. મહારાજના કાર્યને વેગવંતુ, ઘાટીલું તથા વ્યવસ્થિત બનાવવા ધંધાકીય-વ્યાવહારિક મુશ્કેલીઓને ગણકાર્યા વિના ખૂબ જ આત્મભોગ આપ્યો છે.

આ ઉપરાંત જીવન-ચરિત્રના ગ્રંથને સુંદરતમ બનાવવા પૂ. પં. મહારાજની દોરવણી મુજબ ચિત્રકારશ્રી **દલસુખભાઇ વી. શાહ** (સાબરમતી-અમદાવાદ) તથા આર્ટિસ્ટ **નાનુભાઈ ઉસરે** (મણીનગર-અમદાવાદ) રાત-દિવસ જોયા વગર રેખા-ચિત્રો વગેરેનું અર્જન્ટ કામ ઉમંગભેર કરી આપી અપૂર્વ-ધર્મસ્નેહ દાખવ્યો છે.

તથા વિવિધ પ્રયત્ન-સાધ્ય અટપટા બ્લોકો પણ સુંદરતમ રીતે બનાવી આપવા માટે **શ્રી બાબુલાલ કેશવલાલ શાહ ચાણસ્માવાળા** (૧૧, નગરશેઠ માર્કેટ, રતનપોળ અમદાવાદ) ની દેખરેખ તળે **પ્રભાત પ્રોસેસ** સ્ટુડીઓ તથા **ગજજર પ્રોસેસ** સ્ટુડીઓવાળા તથા આર્ટીસ્ટ **ઉસરે**ની દોરવણી મુજબ **ગ્રાફીક પ્રોસેસ** સ્ટુડીઓ (ભદ્ર-અમદાવાદ)વાળાએ અર્જન્ટ ડીલેવરી પણ આપીને સ્વચ્છ કામ કરી આપી અંતરંગ ધર્મરૂચિ તથા સૌજન્યનાં દર્શન કરાવ્યા છે.

એજ રીતે પં. શ્રી **રતિલાલ ચી. દોશી** (શ્રી હેમચંદ્રાચાર્ય જૈનપાઠશાળા-અમદાવાદ) ની દેખરેખ-દોરવણી અને મંગળ માર્ગ-દર્શન નીચે રાત-દિવસ ખડે પગે રહી પૂ. પં. મહારાજશ્રીના વિષમાક્ષરવાળા પણ લખાણ કે પાછળથી આવતા ઉમેરાઓને પણ શ્રમને ગણકાર્યા વિના ઉમેરીને સ્વચ્છ-છપાઈ કરી આપનાર **શિલ્પા પ્રિન્ટર્સ** (આરાધના-કોમર્શીયલ સેન્ટર, રીલીફ ટોકીઝ સામે, અમદાવાદ)ના **મહેન્દ્રભાઇ, અરવિંદભાઇ** આદિ કાર્યવાહકો તથા કર્મચારીઓના ઊંડા ધર્મપ્રેમ ભર્યા નિખાલસ ઉદાત્ત-વ્યવહારની કૃતજ્ઞતા-પૂર્વક અનુમોદના કરીએ છીએ.

જીવન-ચરિત્રના પ્રુફ-રીડીંગ માટે રાતદિવસ કે બીજા કામોના બોજાની જવાબદારીનો વિચાર કર્યા વિના બે-ત્રણવાર અશુદ્ધિઓના પરિમાર્જનની ચીવટ ધરાવી અનેરો ધર્મસ્નેહ દાખવનાર પં. શ્રી. **રતિભાઈ ચી. દોશી**ના નિષ્ઠાભર્યા-ધર્મસ્નેહની અનુમોદના કરીયે છીએ.

આ મુજબ જીવનચરિત્રના બાહ્ય-આકર્ષક દેખાવમાં વધારો કરનાર ટાઈટલ-પેજને વ્યવસ્થિત સુંદર-રંગોમાં છાપી તેમજ ચિત્રાવલીના વિવિધ-ચિત્રો સુંદર આર્ટપેપર ઉપર કલાત્મક રીતે છાપવા તથા ફેઈમસ પ્રેસ હોવાથી અનર્ગલ-કામના ઢગલા વચ્ચે પણ પૂ. મહારાજશ્રી સોસાયટીઓમાં ફરવા-બિરાજમાન હોય તો જાતે સ્કૂટર પર જઇ પૂ. મહારાજશ્રીના

દૃષ્ટિકોણને કલાત્મક રીતે ગોઠવવામાં હાર્દિક સહયોગ આપનાર **દીપક પ્રિન્ટરી** (રાયપુર અમદાવાદ) ના માલિક **શ્રી સુંદરભાઇ, કીરીટભાઇ** તથા પ્રિન્ટરીના કર્મચારી-ગણના ઉંડા લાગણી-ભર્યા સહકારની નિખાલસતા પૂર્વક અનુમોદના કરીએ છીએ.

છેલ્લે આવડા-મોટા દળદાર ગ્રંથનું વ્યવસ્થિત મજબુત આકર્ષક બાઈન્ડીંગ કરી આપનાર **કુમાર બાઇન્ડીંગ વર્કસ**ના અધિપતિ સ્વ. **શ્રી કાલીદાસભાઇની** હાર્દિક-લાગણીની તથા કાલીદાસભાઇના સુપુત્ર **શ્રી ધીરુભાઇના** હાર્દિક-સહકારની ગુણાનુરાગપૂર્વક અનુમોદના કરીએ છીએ

છેવટે આ જીવન-ચરિત્રમાં નામી-અનામી સઘળા-મહાનુભાવોના પ્રત્યક્ષ કે પરોક્ષ, સીધા કે આડકતરા, અપાયેલા કે મળેલા, સહયોગ કે સહકારની ગુણાનુરાગ-ભરી પ્રમોદભાવનાથી કૃતજ્ઞતા-પૂર્વક અનુમોદના કરીએ છીએ.

આ જીવન-ગાથાના આલેખક, સંપાદક અને પ્રકાશકોના અંતરની ભાવનાને અનુરૂપ મહા-પુરૂષોની જીવનકથાના વાંચન દ્વારા વિશિષ્ટ-પ્રેરણાઓ મેળવી વર્તમાનકાળના સમર્થ શ્રુતપ્રભાવક, આગમજ્યોતિર્ધર, આગમવાચના દ્વારા આગમિક-અભ્યાસને શ્રમણ સંઘમાં સુગમ બનાવનાર, **આગમોદ્ધારક** ધ્યાનસ્થ સ્વર્ગત **આચાર્યદેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ.** (સાગરજી મ.)ના શાસન-હિતકર વિશિષ્ટ તેજસ્વી-વ્યક્તિત્વના સાચા પરિચયને મેળવી જીવનમાં અપૂર્વ આગમ-ભક્તિને ચરિતાર્થ કરવા દ્વારા સ્વ-પર કલ્યાણની સફળ સાધના કરે! એ મંગળ કામના.

આ પ્રકાશનમાં યથાશકય પૂરતી કાળજી રાખવા છતાં મુદ્રણદોષ કે દૃષ્ટિદોષ આદિથી થયેલ ભૂલો બદલ હાર્દિક નિખાલસતા પૂર્વક મિથ્યા દુષ્કૃત દઇએ છીએ.

વીરનિ સં. ૨૫૦૩ વિ. સં. ૨૦૩૩
મહા વદ ૧૧ સોમ તા. ૧૪-૨-૭૭
કાપડબજાર,
મું. **કપડવંજ** (ખેડા)

નિવેદક :-
રમણલાલ જેચંદભાઈ શાહ
મુખ્યકાર્યવાહક
શ્રીઆગમોદ્ધારક ગ્રંથમાળા





પૂજ્યપાદ, પ્રૌઢ આગમ–વ્યાખ્યાતા, જીવંત આગમિક–જ્ઞાનકોષસમા, પૂ. આગમોદ્ધારક આચાર્ય–દેવશ્રીની સ્વર્ગવાસ પૂર્વે ૨૧ વર્ષની અને સ્વર્ગવાસ વખતની છેલ્લા ૧૫ દિવસની અર્ધપદ્માસન મુદ્રાને કલાકારની વિશિષ્ટતાથી સંયુક્ત રીતે જણાવનાર અતિ અદ્‌ભુત વિરલ ચિત્ર

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ



શ્રી ગૌતમ સ્વામિને નમઃ

સંપાદકીય.....

અનંત-ઉપકારી શ્રી તીર્થંકર-પરમાત્માના શાસનમાં સંયમક્રિયાના પાલન સાથે જ્ઞાનની ગરિમાને પચાવી જાણનાર મહાપુરુષો અનેક આરાધક-પુણ્યાત્માઓના પથદર્શક બને છે.

કાલચક્રના પરિવર્તનની અસર-તળે આરાધના માટેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવની અસરો વિવિધ રીતે ચઢાણ-ઉતરાણવાળી બની રહેતી હોય છે.

તેમાં ઉતરાણ-વાળા કાળમાં શ્રીવીતરાગ-પરમાત્માએ નિર્દેશેલ સર્વહિતકર **શ્રુતધર્મ** અને **ચારિત્રધર્મની** છાયા ઝાંખી થવા લાગી હોય તે વખતે દેખીતા બાહ્ય-નિમિત્તોનો યોગ્ય-સહકાર ન હોવા છતાં પૂર્વજન્મની આરાધના બળે સ્વતઃ ઉપજેલ વીર્યોલ્લાસભર્યા સુયોગ્ય-પુરુષાર્થથી જગતને રાગ-દ્વેષના વમળોમાંથી અને કર્મના બંધનોમાંથી છોડાવનાર મહાપુરુષો હકીકતમાં અત્યંત આદરપાત્ર અને પ્રાતઃસ્મરણીય બને છે.

આવા અદ્વિતીય અનન્ય-સાધારણ પ્રતિભાવંતા આગમપ્રાણ મહાપુરુષના ભાગીરથી-ગંગાના પ્રવાહની જેમ અત્યંત નિર્મળ જીવન-પ્રવાહમાંથી શક્તિ-ભક્તિના ધોરણે સ્વ-પરને હિતકારી એ મહાપુરુષના જીવનનો નિર્મળ પરિચય મળે તે શુભ આશયથી આ જીવન-ચરિત્રનું આલેખન કરવાનું સૌભાગ્ય આ પંક્તિઓના લેખકને પૂર્વના મહાન પુણ્યના યોગે સ્વ. પૂ. શ્રી **ગચ્છાધિપતિશ્રીની** વરદ કૃપા-આશિષના બળે મળ્યું છે કે જે જીવનને ધન્ય-ભાગ્ય બનાવનાર અનોખા-ગૌરવરૂપ છે.

વધુમાં પૂર્ણપણે શાસનને વફાદાર બની ચૂકેલા આ મહાપુરુષની જીવન-કથાના સંપાદન કરવાના સૌભાગ્યને મેળવવા પાછળ ટુંકો રસિક ઇતિહાસ છે, તે એ કે-



પૂ. આગમોદ્ધારકશ્રીના પટ્ટધર, વાત્સલ્ય-સિંધુ, ગચ્છાધિપતિ સ્વ. આ. શ્રી માણેકસાગર સૂરીશ્વર ભગવંતનાં વિ. સં. ૨૦૨૧ના (ઠા. ૨૨ સાથે) કપડવંજના ચાતુર્માસમાં અષાઢ વદ ૦))ના મંગલ-દિને પ્રાતઃસ્મરણીય, પુનિત-નામધેય, આગમોદ્ધારક આચાર્યશ્રી નાનાના-મોટા અનેક જીવન-ચરિત્રો હોવા છતાં પૂ. આગમોદ્ધારકશ્રીના બહુમુખી-વ્યકિતત્વ અને શાસન પ્રભાવકતા, શાસન-સંરક્ષકતા તેમજ અદ્વિતીય પ્રાવચનિકતાને વ્યવસ્થિત રીતે રજુ કરનાર એક પણ જીવનચરિત્ર ન હોઇ તે ઉણપ ટાળવા વિચારણા કરાઇ, તેજ વખતે પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીએ વરદ-આશીર્વાદ પૂર્વક નીચે-મુજબના ત્રણ મુનિ-ભગવંતોને આ કાર્ય માટે જવાબદારી ઉઠાવવા મંગલ સૂચના કરી.

પૂ. પં. શ્રી કંચન સાગરજી મ.
પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી મ.
*પૂ પં. શ્રી અભય સાગરજી મ.

આ મુજબ વિ. સં. ૨૦૨૧ અષાઢ વદ ૦)) પછી પૂ. સ્વ. ગચ્છાધિપતિશ્રીના વરદ-વાસ-ક્ષેપ સાથે પૂ. આગમોદ્ધારકશ્રીના જીવન-ચરિત્ર અંગેના મહત્ત્વના મુદ્દાઓ શોધવાની અને તેને વ્યવસ્થિત ગોઠવવાની શરૂઆત કરી.

વિ. સં. ૨૦૨૨ના મહા મહિના લગભગ વિવિધ જાણકાર-મહાપુરુષો પાસેથી તેમજ વિવિધ-સ્થળોથી તથા વિવિધ માહિતી ગ્રંથોમાંથી અને પત્રદ્વારા વિવિધ છુટક-સામગ્રીનું સંકલન આઠથી દશ પેટીઓ (૮૦ રતલી ન્હાના ખોખા) ભરાય તેટલું થયું.

શરૂઆતમાં વિચાર એમ હતો કે "કોઇ સારા સિદ્ધહસ્ત લેખક પાસે આધુનિક-ચમકવાળી ભાષામાં જીવનકથાનું આલેખન કરાવવું."

એટલે સંકલિત થયેલ બધી સામગ્રી કાચી નોંધરૂપે ટપકાવી તેવા ખ્યાતનામ એક-બે લેખકોને આપી વ્યવસ્થિત રીતે પૂ. આગમોદ્ધારકશ્રીના બહુમુખી વ્યકિતત્વને ઉપસાવનાર જીવનગાથા આલેખવાનો નમ્ર પ્રયાસ કરાયો.

*[આમાં **અથ** થી **ઇતિ** સુધી જીવન-ગાથાના નાના-મોટા અંગોનું સંકલન, ગોઠવણી, રચના સાથે સળંગ જીવન-કથાના આલેખનની જવાબદારી પૂ. ઉપા. શ્રી **ધર્મસાગરજી મહારાજ** સાહેબના શિષ્ય **પૂ. પં. શ્રી અભય-સાગરજી મ.** ને સોંપાઈ અને તેમને વિભિન્ન માહિતી પૂરી પાડવાની તેમજ પ્રકાશન અંગે આર્થિક-સહકાર માટેની વ્યવસ્થાની જવાબદારી બન્ને પંન્યાસ ભગવંતોને સોંપાયેલી. પ્રકાશક]

પણ તેમાં ટુંકા-પણ નક્કર-અનુભવોથી પૂ. આગમોદ્ધારકશ્રીના વ્યકિતત્વને પૂરતો ઇન્સાફ મળતો ન લાગવાથી વિ. સં. ૨૦૨૫ના ચોમાસાથી દેવ-ગુરુકૃપાએ મળેલા-ક્ષયોપશમ પ્રમાણે સ્વયં-જાતે લખવાનો પ્રયાસ શરુ થયો.

વિ. સં. ૨૦૨૬ની દિવાળી લગભગ ૭૦૦ ફુલસ્કેપ પાનામાં આખું જીવનચરિત્ર લખાઈ ગયું, પણ તેને પ્રેસભોગ્ય વ્યવસ્થિત-ગોઠવણી પ્રસંગે તેમાં ઘણી ઉણપો લાગવાથી તેના પરિમાર્જન રૂપે સુધારા-વધારા કરતાં વિ. સં. ૨૦૨૮ના ભાદરવા મહિના સુધીમાં ૧૨૦૦ પાનાનું જીવનચરિત્ર તૈયાર થયું.

રાજકોટના પ્રખ્યાત નવલકથાકાર, ચુસ્ત-શ્રદ્ધાળુ, વિદ્વાન લેખકશ્રીને તે બતાવતાં તેઓ ખૂબ પ્રસન્ન થયા, પણ સાથે જ તેમના અનુભવપૂર્ણ સૂચનોને અમલી બનાવવા જરૂરી સુધારા-ઉમેરો કરતાં લગભગ ૨૦૦૦ પાનાં તૈયાર થયાં.

છેવટે વિ. સં. ૨૦૨૯માં આ કાર્ય માટે એક ભાઈને રાખી આખા જીવન-ચરિત્રને પ્રેસકોપી રૂપે મુદ્રણ-યોગ્ય તૈયાર કરવામાં નવ મહિનાનો સમય થયો.

વિ. સં. ૨૦૩૦ના ચોમાસામાં પ્રકાશન અંગે આર્થિક-ભંડોળની શરૂઆત થઇ, આવડા મોટા જીવનચરિત્રના પ્રકાશન અંગે કાગળ-પ્રેસની વ્યવસ્થા-તપાસમાં ચારથી છ મહિના થયા, વિવિધજાતના અનુભવો પછી ચોક્કસ વ્યવસ્થા-તંત્ર ગોઠવવામાં ૨૦૩૦ની દીવાળી પસાર થઇ ગઇ.

વિ. સં. ૨૦૩૧ના વસંત-પંચમી દિને પ્રકાશકોએ બાબુલાલ કેશવલાલ શાહ **ચાણસ્મા-વાળા** તથા પં. **શ્રી** રતિલાલ ચી. દોશી મારફત પ્રેસનું નક્કી કર્યું અને જાત-દેખરેખથી આ બન્ને ભાઈઓએ ખડે-પગે પ્રાથમિક-ગોઠવણ માટે પૂરતો ભોગ આપી જીવનચરિત્રના મહાગ્રંથના મુદ્રણ-કાર્ય અંગેની જવાબદારી ઉઠાવી.

વિ. સં. ૨૦૩૨ના ભાદરવા મહિને સળંગ જીવનચરિત્ર ૧૦૦ થી ૧૫૦ ફર્માનો મહાકાય-ગ્રંથ પ્રકાશિત કરવામાં સહેજે બે થી ત્રણ વર્ષ લાગે ! આટલા લાંબા-સમય સુધી છાપેલા ફર્માઓ પ્રેસમાં સુરક્ષિતરીતે રહેવા મુશ્કેલ, તેથી વિષયની દૃષ્ટિએ અનુકૂળ પડે ત્યાં પ્રથમ વિભાગ પૂરો કરી પ્રથમ ભાગનું પ્રકાશન કરી દેવાની સૂચના હિતેચ્છુઓએ કરી.

તે મુજબ પ્રસ્તુત જીવન-ચરિત્રનો પ્રથમ વિભાગ તદનુરૂપ ચિત્રો વિગેરેથી સુસજ્જિત બની સુજ્ઞજનો સમક્ષ પ્રસ્તુત થઈ રહ્યો છે.

વળી બહુમુખી-પ્રતિભાના સ્વામી અને શાસનના વિવિધ અંગોને પરિપુષ્ટ કરવા આજીવન વિવિધ-પુરુષાર્થ કરનાર પૂ. આગમોદ્ધારક-આચાર્યશ્રીના જીવન-પ્રસંગોને સંકલિત કરી વ્યવસ્થિત રૂપે તેનું આલેખન હકીકતમાં મારાજેવા પામર સીમિત-શકિતવાળા તુચ્છજ્ઞાનવાળા માટે



સાધન વિના સાગર તરવાની જેમ સર્વથા **અશક્ય** છતાં પૂજ્યપાદ વાત્સલ્યસિંધુ સ્વ. ગચ્છાધિપતિશ્રીની વરદ કૃપા અને વાસક્ષેપના બળે સ્થૂલબુદ્ધિવાળા મને મારા પરમતારક જીવન-ઉપકારી પૂ. આગમોદ્ધારક-આચાર્યશ્રીના જીવન-ચરિત્રનું સફળ આલેખન કરવાનું સૌભાગ્ય દેવ-ગુરૂકૃપાએ પ્રાપ્ત થયું, આમાં ધર્મસ્નેહી વડીલ-મુરબ્બી **પૂ. પં. શ્રી કંચનસાગરજી** મ. સા., પૂ. પં. શ્રી **સૂર્યોદય સાગરજી** મ., પૂ. મુનિશ્રી **ગુણસાગરજી** મ.નો હાર્દિક વિવિધ-સહયોગ ખૂબજ પ્રેરક બની રહ્યો.

આ બધા પૂજ્યશ્રીના ચરણોમાં કૃતજ્ઞતા-ભળે નતમસ્તકે ભાવભરી વંદના કરી હૈયું પાવન કરૂં છું !!!

આ જીવન-ચરિત્રના આલેખનમાં પૂ. શ્રી ગચ્છાધિપતિશ્રીની નિષ્કારણ મંગળ-કરૂણાના સહકારની જેમ મારા જીવનના પરમ તારક આરાધ્યપાદ પૂજ્યવર્ય ગુરુદેવશ્રી **ઉપાધ્યાય ભગવંતશ્રી ધર્મસાગરજી** મ. ની ઉદાત્ત કરૂણા-દૃષ્ટિનાં ગુણગાન જેટલા ગાઉં તેટલા ઓછા છે !

તેઓશ્રીની હિતકર કરૂણા-બુદ્ધિના બળે મ્હારામાં વિશિષ્ટ રીતે જીવન-ઘડતરના તત્વો સક્રિય બની શકયાં છે, તેથી પૂ. તારક-ગુરૂદેવશ્રીની હિતકર-કરૂણાનો અવર્ણનીય ઓશિંગણ બનેલો છું.

આ જીવન-ચરિત્રના પ્રસ્તુતીકરણમાં "**ઝાઝા હાથ રળિયામણા**" નીતિની જેમ પ્રેસ-કોપી, વિષયોની ગોઠવણ માટેની પૂર્વતૈયારી, સામગ્રીનું સંકલન, પ્રકાશકીય નિવેદન આદિમાં સૂચિત ધર્મસ્નેહી-મહાનુભાવોના સહકાર-સહયોગનું મહત્ત્વ રહ્યું છે.

તે ઉપરાંત મુનિશ્રી નિરૂપમ સાગરજી, મુનિશ્રી કલ્યાણસાગરજી, મુનિશ્રી રવીન્દ્ર સાગરજી, મુનિશ્રી નયશેખર સાગરજી મ., બાલમુનિશ્રી પુણ્યશેખરસાગરજી મ. આદિ શિષ્ય-વૃંદે ખૂબજ ખંત-લાગણીથી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના ચિરસુભગ-પ્રતિભાવંતા વ્યક્તિત્વને ઓળખી





ઉલ્લાસ-પૂર્વક સૂચવ્યા મુજબ શ્રમની દરકાર કર્યા વિના અનેક નાની મોટી પ્રવૃત્તિઓ કરવા દ્વારા જીવનચરિત્રના આલેખનનું કાર્ય ખૂબજ સુગમ બનાવેલ.


આ બધાની ગુરૂભક્તિ અને અંતરંગ-ધર્મસ્નેહનું પ્રમોદ ભાવના બળે સ્મરણ આ પ્રસંગે થયા વિના રહેતું નથી.

વિવિધ જાણકાર-આપ્ત પુરૂષો પાસેથી મૌખિક રીતે તેમજ પત્રવ્યવહારથી તથા જુના અનેક-પુસ્તકોમાંથી ઇતિહાસ-ગ્રંથોમાંથી વિવેક પૂર્વક તારવણી કરી ખૂબજ ચોકસાઇ સાથે સંકલિત કરેલા જીવન-પ્રસંગોની વિષયાનુરૂપ ગોઠવણી દ્વારા આ જીવનગાથા તૈયાર કરી છે.

આમાં છદ્મસ્થતાવશ થયેલ આલેખન દોષ કે હકીકત દોષ થયો હોય, અગર પ્રભુ-શાસનની લોકોત્તર-મર્યાદાનું પ્રમાદવશ ખંડન થવા પામ્યું હોય તો બધા બદલ ખૂબ જ નિખાલસ હૈયે સુધારવાની તત્પરતા સાથે સકલ શ્રીસંઘ સમક્ષ હાર્દિક રીતે **मिच्छामि दुक्कडम्** માંગું છું.

શ્રમણસંઘસેવક
પૂ. ઉપાધ્યાયશ્રી ધર્મસાગર ગણિવરસેવક
મુનિ અભયસાગર

વીરનિ સં. ૨૦૩૩
વિક્રમ સં. ૨૦૩૩
માહ વદ ૧૪ ગુરૂવાર
જૈનમર્ચંટ સોસાયટી, જૈન ઉપાશ્રય,
સરખેજ રોડ, **અમદાવાદ-૭.**



ॐ ह्रीँ अर्हं

પ્રેરણા

આગમોદ્ધારકશ્રીજીનું આ 'જીવન ચરિત્ર' અદ્‌ભુત પ્રેરણા છે

વીસમી સદીમાં જૈન શાસનમાં થએલા પ્રભાવક-પુરુષોમાં 'આગમોદ્ધારકજી'નું નામ ગણના પાત્ર છે, એટલું જ નહિ પણ અપેક્ષાએ અનોખું છે. તેઓશ્રીજીનું પુણ્ય નામ તો શ્રી આનંદસાગર સૂરીશ્વરજી છે. શ્રીસાગરાનન્દસૂરિજી-નામે પણ તેઓશ્રીજીની વિલક્ષણ વિખ્યાતિ થયેલી છે, એમ છતાં "આગમોદ્ધારક" એ શબ્દ તેઓશ્રીજીને માટે સ્વતંત્ર અને અનન્ય રહ્યો છે.

પ્રસ્તુત પુસ્તકમાં આગમોદ્ધારકશ્રીજીના જીવન-પ્રસંગો જુદી રીતે રજુ થયા છે. એટલે તેઓશ્રીજીના પ્રકટ થએલા જીવન અંગેના જુદા-જુદા પુસ્તકો હોવા છતાં-આ પુસ્તક કોઈ વધારો માત્ર કરે છે એવું નથી, પણ સમીક્ષકને સ્પષ્ટ લાગશે કે આવા પુસ્તકની જરૂર હતી, ને છે.

આ પુસ્તકના લેખક-આ અંગે યથાયોગ્ય પૂરી યોગ્યતા ધરાવે છે. તેઓને પોતાની જવાબદારીનો ખ્યાલ છે. આ પ્રકારના ચરિત્રો લખવામાં ચિત્તવૃત્તિનું સંયમન ખૂબ રાખવું પડે છે, અને જો એ ન રાખવામાં આવે તો ચરિત્ર વાસ્તવ-વાતથી વધુ પડતું દૂર ચાલ્યું જાય છે. ચિત્રમાં સામાન્ય રીતે રંગ પૂરીને ઊઠાવદાર બનાવવું એ જુદી વાત છે અને તદ્દન ન હોય એવું ભ્રમ જન્માવે એવું ચીતરવું એ જુદી વાત છે.

પંન્યાસશ્રી અભયસાગરજી ગણી આ ચિત્રણ કરવામાં કેટલા સફળ થયા છે? તે ચિત્રણ દૂર નથી એટલે તે જોનારને જોવા માટે માર્ગ ખુલ્લો કરી વિરમવું પ્રાસંગિક છે.

વિજય ધર્મધુરન્ધરસૂરિ

સં. ૨૦૩૩ મહાવદી ૨ રવિ

શ્રીનેમિસૂરિ-જ્ઞાનશાળા
પાંજરાપોળ,
અમદાવાદ.

શ્રદ્ધા–ભક્તિ નૈવેદ્ય

(લેખક :– પં. મફતલાલ ઝવેરચંદ ગાંધી – અમદાવાદ)

પ્રભુ–**મહાવીર** પરમાત્માની પટ્ટ–પરંપરામાં પચાસમા પટ્ટધર અને **તપાગચ્છ**ના પ્રવર શાસન–પ્રભાકર પૂ આ. શ્રી **સોમસુંદરસૂરિ** માટે **શ્રી 'સોમસૌભાગ્ય'**માં નીચે મુજબનો એક શ્લોક છે.

ईदृक्–प्रौढतम–प्रतापविततिः सौभाग्यभाग्योन्नतिः
कीर्त्तिस्फूर्त्तिरनुत्तरा निरुपमा मूर्त्तिश्च सौभाग्यभृत् ।
व्याख्यानस्य कला क्रिया च सफला गंभीरता धीरता;
दृष्ट्वा श्रीयुत–सोमसुन्दरगुरूत्तंसान विनाऽन्यत्र नो ॥
[સર્ગ ૯ શ્લોક ૧૦૯]

તથા વાદિ–શિરોમણિ પૂ. **ઉપાધ્યાય શ્રીધર્મસાગરજી મહારાજ** માટે **શ્રીકલ્પ–કૌમુદી**ની પ્રશસ્તિમાં પૂ. **શ્રી શાંતિસાગરજી મ.** જણાવે છે કે—

तद्राज्ये गहनार्थशास्त्रघटना–प्रौढाभियोगास्तथा,
तुच्छोत्सूत्रमहीविदारणहलप्रख्याः सुसंयोगिताः ।
दुर्दान्तप्रतिवादिवादमनःस्थेमाः प्रतिज्ञाभृतः
श्रीमद्वाचकधर्मसागरगुरूत्तंसाः अभूवन् शुभाः ॥
કલ્પકૌમુદી પ્રશસ્તિ

આ બન્ને શ્લોકોમાં જણાવેલ જે મહાન પુરૂષોના ગુણોનો સંદર્ભ પ. પૂ. **આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી**ના જીવનમાં જોવા મળે છે.

પ્રથમ–શ્લોકમાં પ્રૌઢ–પ્રતાપનો વિસ્તાર, સૌભાગ્ય–ભાગ્યની ઉન્નતિ, અત્યુત્તમ–કીર્તિ, નિરુપમ સૌમ્ય–આકૃતિ, સુંદર વ્યાખ્યાન–કળા, ધર્માનુષ્ઠાનની સફલ–ક્રિયા, ગંભીરતા અને ધીરતા–આ ગુણોનું વર્ણન આચાર્યશ્રી **સોમસુન્દરસૂરિ** મહારાજનું છે.

તેવા સમગ્રગુણો પૂ. આ. **આગમોદ્ધારક સૂરીશ્વરજી** મહારાજમાં જોવા મળે છે.

સાથેજ **સાગર** શાખામાં થયેલ પરમ પ્રભાવક **ઉપાધ્યાય ધર્મસાગરજી**નો અવિચ્છિન્ન–વારસો જાણે સાચવી રાખ્યો ન હોય ! તેમ તેમનામાં શાસનની પ્રભાવના અને રક્ષા કરનારા બીજા–શ્લોકમાં જણાવેલ ગંભીર–અર્થવાળા શાસ્ત્રોની વિજ્ઞતા, ઉત્સૂત્રનું જડ–મૂળથી નિકંદન, મોટા

મોટા વાદવિવાદ કરનારના ઘમંડનું નિકંદન વિગેરે શાસનની રક્ષા અને પ્રભાવના કરનાર ગુણોનું દર્શન આપણને **આગમોદ્ધારક**-આચાર્યદેવના જીવનમાં થાય છે.

જમીનના પેટાળના જુદા જુદા થરોની માફક કાળનો પ્રવાહ અજબ છે. **ગિરનાર** ઉપરની મોટી ઊંડી-વાવના થરો જોઇએ તો અમુક થર સુધી કાંકરા, બીજા થરમાં પથરા, ત્રીજા થરમાં ચકચકતા આરસના ટુકડા જેવો થર, તેમ કાળનો પ્રવાહ પણ ભિન્ન-ભિન્ન હોય છે.

ઘણી વખત આપણને પૂર્વ-પેઢી કરતાં પછીની પેઢી વધુ બુદ્ધિશાળી, ઉદાર અને દીર્ઘ-દૃષ્ટિ-વાળી જણાય છે, અને તેની પછીની પેઢી એથી પણ **ઉત્તરોત્તર** વિકાસ સાધતી જોવા મળે છે. અને ત્યાર પછીની કેટલીક પેઢીઓ ઉત્તરોત્તર હ્રાસ પામતી વિકાસમાં આગળ વધવાને બદલે પાછળ પડતી દેખાય છે.

ઉત્તરોત્તર-હ્રાસ અને ઉત્તરોત્તર-પ્રગતિરૂપ **અવસર્પિણી** અને ઉત્સર્પિણી રૂપ કાળચક્ર વીસ કોટાકોટી સાગરોપમનું હોય છે, પણ ૧૦૦-૨૦૦ વર્ષના ગાળામાં આવા નાના ઉત્સર્પિણી-અવ-સર્પિણી રૂપ કાળ-સ્વરૂપોને લીધે પ્રગતિ અને હ્રાસને પ્રભાવ જગત ઉપર પડયા જ કરતો હોય છે.

જૈન શાસનમાં પણ આવા ઉન્નતિ અને અવનતિના અનેક આરોહ-અવરોહો આવતા રહ્યા છે. તેની સાક્ષીરૂપે આપણા જ્ઞાનભંડારોમાં સચવાઇ રહેલ ગ્રંથો સાક્ષી આપે છે.

પંદરમા, સોળમા અને સત્તરમા સૈકામાં લખાયેલા ગ્રંથોના અક્ષરોના મરોડો અને સાહિત્ય તેની ઉન્નતિનું સૂચક છે. અને ત્યારપછી અઢારમા અને ઓગણીસમા સૈકામાં રચાયેલ ટબા, અક્ષરોના મરોડો વિગેરે પ્રગતિના અવરોધક બળો પ્રવર્યાનું આપણને સૂચિત કર્યા વિના રહેતા નથી.

દરેક ક્ષેત્રે આમ સૈકે-સૈકે થતા પરિવર્તનોમાં રાજ્ય અને કુદરત મુખ્ય ભાગ ભજવતી હોય છે.

જૈનશાસનમાં અને તેમાં પણ ખાસ કરીને આપણા તપાગચ્છમાં પણ સૈકે-બે સૈકે કોઈ એવી વિશિષ્ટ પ્રભાવશાળી વ્યકિત સાંપડતી હોય છે જે થયેલા-હ્રાસની ઉણપ પૂરી કરી જૈન-શાસનને પ્રભાવશાળી બનાવે છે અને વર્ષો સુધી તેની પ્રતિભાનું તેજ શાસનને પ્રકાશિત કરે છે.

પૂ. આ. શ્રી **સિદ્ધસેનદિવાકરસૂરિજી,** ચૌદશો ચુમ્માલીસ ગ્રંથ પ્રણેતા પૂ. આ. શ્રી **હરિભદ્રસૂરિજી,** તાર્કિક-શિરોમણિ કલિકાળ સર્વજ્ઞ પૂ. આ. શ્રી **હેમચંદ્રસૂરિજી,** પ્રતિભા સંપન્ન પૂ. આ. શ્રી **સોમસુંદરસૂરિજી, અકબર**-પ્રતિબોધક પૂ. આ. શ્રી **વિજયહીરસૂરીશ્વરજી** વગેરે, કે જેઓના દિવંગત થયા પછી તેમની પ્રતિભાનો તેજપુંજ સો-બસો વર્ષ સુધી જૈન-શાસનને ઉજ્જવલ બનાવતો રહ્યા છે.

૫. પૂ. **આગમોદ્ધારક આચાર્યદેવશ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજ** આ કાળના એવા જ પ્રતિભાવંત, જ્ઞાનગરિષ્ઠ, દરિયાવદીલ, શાસન-સંરક્ષક, ઊર્ધ્વગામી દૃષ્ટિવાળા, મહાપુરૂષ હતા.

જેમની જીવન-જ્યોતના સહારે તેમના દિવંગત પછી બીજા કોઈ તેજસ્વી મહાપુરૂષ ન પાકે ત્યાં સુધી સો-બસો વર્ષ સુધી સુજ્ઞજનો પોતાની જ્ઞાનપિપાસા તૃપ્ત કરશે અને શાસનને નિરાબાધિત રાખવાના તેમના શ્રેયને બિરદાવી શાસન પ્રત્યે અવિહડ-રાગવાળા બનશે.

ગુજરાતમાં **કપડવંજ, છાણી, રાધનપુર** અને **અંબાત** વગેરે જૈનધર્મના વાતાવરણથી ગુંજતાં ક્ષેત્રો છે.

આર્યાવર્તમાં જન્મનાર માણસને તેના વાતાવરણમાંજ ધર્મની પ્રાપ્તિ થાય છે, તેમ **કપડવંજ**માં જન્મ લેનાર આપણા ચરિત્રનાયકશ્રી **હેમચંદને** ક્ષેત્રથી ધાર્મિક-સંસ્કાર મળ્યા હતા.

વધુમાં પિતાનો દૃઢ-ધર્મરાગ અને માતાના સારા સંસ્કારોના કારણે બાળપણાથી જ તેમના ધાર્મિક સંસ્કારો દૃઢમૂળ બન્યા.

વિ. સં. ૧૯૪૩ના માગસર સુદ-૬ અને મહા સુદ ૩ના દિવસે પોતાની બાર વર્ષની ઉંમરે ઉદેપુરમાં પોતાના પિતાના પરમારાધ્ય ગુરુદેવ **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.**ને જે બે કાગળો લખ્યા છે (કે જે આ ગ્રંથના ૨૫૦-૨૫૧મા પાના ઉપર છપાયા છે) તે કાગળો તેમનામાં બાલપણમાંજ ધર્મપ્રત્યે કેટલો દૃઢરાગ અને સંસાર પ્રત્યે કેટલી ઉદ્વિગ્નતા હતી ? તેને પૂરવાર કરે છે.

માતાની મમતાના કારણે લગ્ન કર્યા પછી પણ તે દૃઢ વૈરાગ્ય અસ્ખલિતપણે સાચવી રાખી દીક્ષા અંગીકાર કર્યા પછી તેમને ઘેરે પાછા ફરવાના કોર્ટના ફરમાન વખતની હિંમત, દુરંદેશીપણું અને ફરી દીક્ષા સ્વીકાર, આ બધું જીવનચરિત્રમાં આપવામાં આવશે તે પૂર્વભવમાં અધુરા યોગો પૂરા કરવા જન્મ લેનાર આ મહાપુરુષ છે.

સોળ-સત્તર વર્ષની ઉંમરે દીક્ષા લીધા બાદ એક જ વર્ષમાં ગુરુની છત્ર-છાયા ગુમાવનાર આ મહાપુરુષ આપ-બળે કેટલા આગળ વધ્યા ? અને કેવા મક્કમ હતા ! તેનો પુરાવો વિ. સં. ૧૯૫૨નો સંવચ્છરીનો પ્રસંગ જૈનશાસન સમક્ષ મોજુદ છે.

૫. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી આનંદસાગરસૂરિ નીડરપણે સત્ય-વસ્તુના આગ્રહી, શાસનના પરમ સંરક્ષક, વૈચાવચ્ચ-પ્રધાન દૃષ્ટિવાળા, શ્રુતના પારગામી, શ્રુતના સંરક્ષક, દીર્ઘદૃષ્ટા દયાળુ, ગંભીર અને શાસન-પ્રભાવક મહાપુરુષ હતા.

વિ. સં. ૧૯૬૫માં મુંબઈથી છ'રી પાલતો અંતરીક્ષજીનો સંઘ નીકળ્યો હતો. આ સંઘમાં સાથે દહેરાસર હતું, આ દેરાસરના ભગવાનને પધરાવવાના મતભેદમાંથી દિગંબરોએ મોટો ઝઘડો મારામારી કરી અને તેથી કોર્ટે કેસ થયો, યુરોપીયન જજ નીમાયા, આખા જૈન-શાસનમાં આ કેસે ચકચાર પેદા કરી.

તે વખતના સંઘનાયક શ્રી મનસુખભાઈ શેઠે અને શ્રી લાલભાઇ શેઠે પોતાના વિશ્વાસુ મુનિમ અમથાલાલને મહારાજશ્રી પાસે મોકલ્યા, અને કહેવરાવ્યું કે "આપ કોઇ વાત કબુલ કરશો નહિ', 'હું કશું જાણતો નથી' કહી છૂટી પડજો, અમે કોર્ટની કાર્યવાહી સંભાળી લઈશું."

મહારાજશ્રી ન માન્યા, વધુમાં કહ્યું કે- "મેં મુનિનાં કપડા પહેર્યા છે. મેં ભગવંતની સાક્ષીએ પાંચ મહાવ્રત ઉચ્ચર્યાં છે. તેમાં મારાથી ભળતું પણ નહિ બોલાય."

મહારાજશ્રીનાં આ વચન સાંભળી મનસુખભાઈ શેઠ ખુશી થયા "ધન્ય શાસન ! આવા મુનિભગવંતો પણ આજે આ શાસનમાં છે કે આપત્તિકાળે પણ સત્ય વચન માટે ગમે તેટલું સહન કરવા તૈયાર છે"

તેમણે વળતું કહેવરાવ્યું કે-"આપને જે ઠીક લાગે તે કરજો, અમે અમારાથી ચોગ્ય કરીશું"

કેસ ચાલ્યો, કોર્ટનો ચુકાદો બપોરે ત્રણ વાગે આવવાનો હતો, કોર્ટની સામે ઝાડ નીચે મહારાજશ્રી બેઠા હતા. સામે શ્રી કુંવરજી આણંદજી વગેરે શ્રાવકો બેઠા હતા. અને પંચાશકમાંથી પૂ. મહારાજ સાહેબ સમજાવતા હતા.

તે વખતે શ્રી કુંવરજીભાઈએ મહારાજશ્રીને કહ્યું કે "કેસની સાક્ષીઓની જુબાનીઓ ઉપરથી શેઠ શ્રી મનસુખભાઇ ભગુભાઇ, શ્રી શેઠ લાલભાઈ દલપતભાઈ, શેઠશ્રી વીરચંદ દીપચંદ શાહ તથા આપણા વકીલો વિગેરેને લાગે છે કે-"કદાચ આપને સાત વર્ષની સજા થશે. આપને કાંઇ મનમાં થતું નથી."

પૂ. મહારાજશ્રીએ પ્રત્યુત્તરમાં કહ્યું કે-

'ના ! મેં મારી ફરજ બજાવી છે, કોઇ અયોગ્ય કાર્ય કર્યું નથી, આમ છતાં કોઇ ભવિતવ્યતા એવી જ હશે અને સજા થશે તો હું સાધુ વેષ ઉતારી જેલમાં જઈશ અને સજા પુરી થાય ત્યારે જેલના દરવાજે સાધુ વેષ લઈ હાજર રહેવાની ગોઠવણ કરી ફરી સાધુ વેષ ધારણ કરીશ' પણ સત્યનો જય થયો અને જજે જજમેંટમાં-'આ કેસમાં જો કોઇ સત્યવાદી અને પ્રમાણિક હોય તો મહારાજશ્રી છે' તેમ જણાવ્યું અને ત્યારથી યુરોપીયન જજસાહેબ રોજ વ્યાખ્યાનમાં આવવા લાગ્યા.

આવા જાનના જોખમે સત્ય-વસ્તુને રજુ કરનારા અનેક પ્રસંગો તેમના જીવનમાં જોવા મળે છે.

શ્રી સમેતશિખરજી યૂરોપિયનો માટે બંગલા બાંધવાના સરકારના હુકમ સામે પડકાર, ચારૂપતીર્થના દેરાસરમાં શિવલિંગની ઉત્થાપના વખતે થયેલ તોફાન, મુનિશ્રી **મહોદયસાગરજી**ની દીક્ષા વખતે સુધારકોનું આંદોલન, મુનિશ્રી અભયસાગરજીની દીક્ષા વખતે **રાધનપુર**-નવાબનો હુકમ, **પાલીતાણા** બારોટોનું તોફાન વિગેરે ઘણા પ્રસંગો છે.

વડોદરાના બાલદીક્ષાના કાયદા વખતે તેમણે લીધેલી નેતાગીરી, દેવદ્રવ્યની ચર્ચા વખતે તેમણે દ્રવ્યની રક્ષા માટે ઉપાડેલ ઝુંબેશ, દિગંબર, તેરાપંથ અને સ્થાનકવાસીઓ સાથે શાસ્ત્રાર્થ કરી શાસનનું કરેલું સંરક્ષણ, નાનામાં-નાના સાધુની પણ માંદગી વખતે સ્વયં વૈયાવચ્ચમાં જોડાવાનો ઉમંગ અને તેના ઠલ્લા-માત્રું સુધી પોતે પરઠવવા જતાં જરાપણ સંકોચ નહીં વગેરેથી પૂજ્યશ્રી અજોડ હતા.

આગમોદય-સમિતિ અને દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડ વિગેરે સંસ્થાઓ સ્થાપી આગમસાહિત્યનું એકલે હાથે કરેલ મુદ્રણ અને આગમોની વાંચના આપી આગમ અભ્યાસ પ્રત્યે સાધુ-સંસ્થાને ઓતપ્રોત કરનાર આ આચાર્ય ભગવંત આગમોના અર્થ અભ્યાસ સાથે પૂર્વાચાર્યો કૃત વિપુલ-શાસ્ત્રોના પરિશીલન કરનાર ચિન્તક હતા.

વિ. સં. ૧૯૯૦ના મુનિ-સંમેલન વખતે તેમણે લીધેલ પ્રધાન ભાગ અને **પાલીતાણા** તથા **સુરત**માં સ્થાપેલ આગમમન્દિરો તેમની દીર્ઘદૃષ્ટિ અને આયતિના વિચારક તરીકે પુરવાર કરે છે.

ગમે તેવા હરીફ, પોતાની જાતને તેમના વિરોધી તરીકે જાહેર કરનાર અને વર્તનાર પ્રત્યે પણ સદા હિત ચિંતક **પાલીતાણા**માં ચર્યા વખતે થોકબંધ પુસ્તકો અને તેના સ્થળો પોતાના વિરોધી હરીફને પણ બતાવનાર અસાધારણ સૌજન્યથી ભરેલા શાસન પ્રભાવક આચાર્ય હતા.

પ. પૂ. આ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી, પ. પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી, પ. પૂ. આ. શ્રી વિજયનીતિસૂરીશ્વરજી, પ પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વર વગેરે તે વખતના વિદ્યમાન બધા-આચાર્યોની ચાહના અને અહોભાવ મેળવનાર દરિયાવદીલ આ આચાર્ય ભગવંત હતા.

પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગર સૂરિના પ્રથમ દર્શન મેં પાટણમાં મારા વિદ્યાર્થી-જીવનમાં કરેલ

આ. સમય વિ. સં. ૧૯૮૨ આસપાસ હશે, તે વખતે પ. પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ કોકાના **પાડા**ની પાસેના ઉપાશ્રયમાં બિરાજતા હતા. **પાટણ** સંઘે બંગાલ-મારવાડ તરફ જૈનશાસનની અપૂર્વ-પ્રભાવના કરી પધારનાર આગમોદ્ધારક આચાર્યદેવનું ભવ્ય યાદગાર સામૈયું કર્યું હતું અને તેઓ પ. પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. ની સાથે ઉતર્યા હતા.

મને યાદ છે કે તેમનું વ્યાખ્યાન રોજ બાર વાગ્યા સુધી ચાલતું, વિષય શો હતો ? તે યાદ નથી પણ "ગાજરની પીપુડી વાગી તો વગાડી, નહિતર કરડી ખાધી." આ વાક્ય દ્વારા-આરાધના સગવડિક નહિ પણ ઓતપ્રોતભાવપૂર્વક થવી જોઇએ ! તે ઉપદેશનું તાત્પર્ય હતું.

થોડા જ દિવસ બાદ પંજાબ તરફ શાસનની પ્રભાવના કરી પધારનાર પ. પૂ. આ. શ્રી

વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનું પણ તેવું જ ભવ્ય-યાદગાર સામૈયું શ્રી **પાટણસંઘે** કર્યું. અને તેઓ પૂજ્યશ્રી સાગરના ઉપાશ્રયે બિરાજતા સંઘસ્થવિર, પ્રવર્તક મુનિશ્રી કાન્તિવિજયજી મ. અને મુનિશ્રી હંસવિજયજી મ. આદિ સાથે ઉતર્યા.

બીજાજ દિવસે પ. પૂ. આ. વિજયવલ્લભસૂરીશ્વરજી મ. અને પ. પૂ. આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનું સુભગ-મિલન થયું. બે કલાક સુધી પરસ્પર વાર્તાલાપ થયો.

તે વખતનો સંઘના વિશિષ્ટ-આચાર્યોનો પરસ્પર પ્રેમ અને મિલન નિહાલવાનો શુભ પ્રસંગ એ જીવનનો અણમોલ લ્હાવો હતો !!

આ મારી સત્તર-વર્ષની ઉંમરે મારી ઉપર શાસનના પરમ-સંરક્ષક મહા સમર્થ વિદ્વાન તેજસ્વી આચાર્ય તરીકે તેમની પ્રતિભા મારા વિદ્યાગુરુવર્ય પંડિત પ્રભુદાસભાઈ અને શ્રી પંડિત વીરચંદભાઈ મેઘજી દ્વારા પડી હતી.

તે પ્રતિભા **અમદાવાદમાં** ભગુભાઈના વંડામાં સાહિત્ય પ્રદર્શન અને ૧૯૯૦ના મુનિ સંમેલનમાં ખૂબ જ તાજી અને પ્રત્યક્ષ અંકિત થઈ અને વિક્રમ સંવત ૧૯૯૬ પછી તો હું તેમના ખૂબ જ ગાઢ સંપર્કમાં આવ્યો.

આ સંપર્કમાં ૩૫ થી ૪૦ પ્રસંગો એવા છે કે તે જાણનાર અને સાંભળનાર નતમસ્તક બની તેમના જીવન પ્રત્યે અહોભાવ દર્શાવ્યા વિના રહી શકે તેમ નથી.

આ બધા પ્રસંગોની સામાન્ય રૂપરેખા મેં શાસ્ત્રાભ્યાસી ખૂબ જ સરલ, પરમ ચારિત્ર-ઉપાસક પ. પૂ. પં. શ્રી અભયસાગરજી ગણિવર્ય મ. સા. બે વર્ષ પહેલાં અમારા વિશ્વનંદિકર ઉપાશ્રયે પધારેલા, ત્યારે તેઓને આપેલ અને તે પ્રસંગો યથાસ્થાને આ ગ્રંથના ભવિષ્યમાં બહાર પાડનાર ભાગમાં ગોઠવવાના છે. આ ભાગમાં મારે સંક્ષિપ્ત જ લખવાનું હોવાથી હું આ સંબંધમાં ભવિષ્યમાં બહાર પાડનાર ભાગમાં લખવાનું રાખી વિરમું છું.

પરમ શ્રદ્ધેય, શાસન-પ્રભાવક, શાસન-સંરક્ષક, પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજનો સંબંધ પરિચય અને નિકટ નિવાસ આ મારા જીવનનો અનુમોદનીય યાદગાર અને જીવનના લ્હાવાનો પ્રસંગ છે એને હું મારા જીવનની એક સુકૃતની ઉચ્ચકરણી માનુ છું.

પ. પૂ. પં. શ્રી અભયસાગરજી મહારાજે પૂ. આચાર્ય-ભગવંતનું સવિસ્તર આદરણીય જીવન ચરિત્ર લખવાનો વિચાર કર્યો અને તે અંગે તેમણે ખૂબ-ખૂબ પુરુષાર્થ કરી અનેક સામગ્રી એકઠી કરી, તેમાં મને પણ તેઓશ્રીના પરિચયના નાતે યાદ કર્યો તે મારું પરમ ભાગ્ય છે.

હું ઇચ્છું છું કે આ ચરિત્રનો બીજો ભાગ સત્વર બહાર પડે અને તે પુણ્ય પુરુષના ગુણાનુવાદ તેમના દ્વારા ફરી કરવાનો જીવનમાં લાભ મલે, તેવી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના.

વિ. સં. ૨૦૩૩
મહા શુદ ૧૧ સોમવાર
૪, સિદ્ધાર્થ સોસાયટી,
પાલડી, **અમદાવાદ-૭.**

-: નિવેદક :-
મફતલાલ ઝવેરચંદ ગાંધી

આગમોદ્ધારકશ્રીના ભક્તો તરફથી ભેટ ધરેલી

શ્રુત-ભક્તિ-પુષ્પ-માળા



आगमोद्धार-कर्त्तारं
शैलाणीश प्रबोधकम् ।
ध्यानस्थस्वर्गतं नौमि
सूरिमानंद सागरम् ।।

कवयिता- डॉ. रुद्रदेव त्रिपाठी दिल्ली.

शास्त्रं
सर्व त्रगं
चक्षुः

जयतु जयतु लोके सागरानंदसूरि-
र्हरतु हरतु पापं देशनाभिर्जगानां।
नदतु नदतु लोके तद्गुणग्रामवीणा
सरतु सरतु कीर्तिस्तस्य लोकेसदा हि

चित्रकार

॥ विजयतां जिनशासनम् ॥

॥ नमोनमः आगमोद्धारक-ध्यानस्थस्वर्गताचार्यदेव-
श्रीआनंदसागर-सूरीश्वरेभ्यः ॥

આ....મુ....ખ....

દેવ-ગુરૂકૃપાએ વીશમી સદીના મહાન્ જ્યોતિર્ધર, આગમતત્ત્વવિવેચક, શ્રીદેવસૂરતપાગચ્છ સામાચારીસંરક્ષક, શ્રી આગમમંદિર, સંસ્થાપક બહુશ્રુતશિરોમણિ, પૂજ્યપાદ ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના ગંગાસાગરની જેમ અફાટ-અમાપ વિશિષ્ઠ જીવન-પ્રસંગોથી સભર-જીવનકથાના વિશાળ પ્રવાહને નાથી સર્વલોગ્ય પ્રાસાદિક શૈલીમાં સળંગ જીવનકથાના આલેખનની વાત મૂળીનરેશપ્રતિબોધક, કરૂણાવારિધિ, વાત્સલ્યસિંધુ સ્વ. શ્રી ગચ્છાધિપતિશ્રીના વિ. સં. ૨૦૨૧ના કપડવંજના ચોમાસામાં અષાડ વદ ૦))ના પૂ. આગમોદ્ધારકશ્રીના મંગળ-જન્મદિને વિચારાઈ.

પૂ. સ્વ.ગચ્છાધિપતિશ્રીએ અમો ત્રણને આ કાર્ય માટે જવાબદારી લેવા સૂચના કરી.

પૂ. ગચ્છાધિપતિશ્રીની સ્વ-મુખની સૂચનાને અમારા શ્રેયનું કારણ સમજી ભક્તિ-ભાવપૂર્વક અમોએ વધાવી.

વિષમ-કળિકાળમાં સંજીવની-ઔષધસમા આગમોના વારસાની ઓળખાણ કરાવનાર પૂ. આગમોદ્ધારકશ્રી પ્રતિ ભક્તિ-રાગના બળે બનતા પ્રયત્ને ચોકસાઈપૂર્વક યથોપલબ્ધ સામગ્રીના આધારે ટાંચાં સાધનો છતાં વ્યવસ્થિત રીતે જીવનચરિત્ર સુજ્ઞ વાચકો સમક્ષ રજુ કર્યાનો આત્મ-સંતોષ અનુભવીએ છીએ.

સ્વ. પૂ. ગચ્છાધિપતિશ્રીની વરદ કૃપા અને પૂ. આગમોદ્ધારકશ્રીની અદૃશ્ય-સહાયના પ્રતાપે મહાભગીરથ આ કાર્યમાં કંઈક સફળતાનો સંતોષ મેળવી શકયા છીએ.

આ કાર્યમાં જ્ઞાત-અજ્ઞાત ઘણા મહાનુભાવો-વ્યક્તિઓના ધર્મપ્રેમ-ભર્યો સહકાર બદલ સહુના ધર્મપ્રેમની અનુમોદના સાથે આ જીવનચરિત્રના આલેખનમાં હકીકત-દોષ કે કોઈ ઘટનાની વિકૃત રજૂઆત બદલ હાર્દિક-ક્ષમા માંગવા સાથે વર્તમાનકાળના અદ્વિતીય આગમધર મહાપુરૂષના ઉદાત્ત-જીવનચરિત્રને વાંચી-વિચારી વિવેકી વાચકો ઉદાત્ત પ્રેરણાઓ મેળવી જીવનને ઉચ્ચ-આધ્યાત્મિકતાના સ્તરે લઈ જવા સતત પ્રયત્નશીલ બને એ મંગળ-અભિલાષા.

વીર નિ. સં. ૨૫૦૩
વિક્રમ સં. ૨૦૩૩
મહા વદ ૦))
શુક્રવાર

શ્રમણસંઘ સેવકો:-
પં. કંચનસાગર
પં. સૂર્યોદયસાગર
પં. અભયસાગર

આગમજ્યોતિર્ધર–આગમપારદૃશ્વા–આગમસમ્રાટ્

શ્રીદેવસૂરતપાગચ્છસામાચારીસંરક્ષક–આગમિકપ્રવર વ્યાખ્યાતા

જય હો આગમધરસૂરિનો !!!



શ્રી આગમોદ્ધારકાચાર્યેભ્યો નમઃ

- ૮૨૧૪૫૭ શ્લોક-પ્રમાણ ૧૭૫ નાના-મોટા આગમો-પ્રકરણગ્રંથો સૈદ્ધાંતિક ગ્રંથો આદિનું **સુંદર-સંપાદન**
- ૭૦ હજાર શ્લોક પ્રમાણ આગમિક-પ્રાકરણિક ગ્રંથો અનેકવિધ-સંકલના ગ્રંથોનું **અભિનવ-સર્જન**
- ૬૦ થી ૭૦ હજાર શ્લોક પ્રમાણ ૧૫૦ ગ્રંથો પ્રકરણોનું **મૌલિક સર્જન**
- ૨૦ હજાર શ્લોક-પ્રમાણ ગુજ. હિંદી સાહિત્યના પચ્ચીશ-ગ્રંથોનું સર્જન
- ૨૦૦૦૦૦ બે લાખ શ્લોક પ્રમાણ આગમો-પ્રકરણ-ગ્રંથોનું આરસની ૬×૨૪ની શિલાઓ પર કોતરણી
- બે લાખ શ્લોક પ્રમાણ આગમો આદિનું ૩૬×૧૫" ના તામ્રપત્રો ઉપર અંકન
- બે લાખ શ્લોક પ્રમાણ આગમો આદિનું ૨૪×૩૦ ના લેઝર-પેપર ઉપર સર્વાંગ-શુદ્ધ મુદ્રણ
- પ્રાચીન ૮૦ ગ્રંથો ઉપર પ્રૌઢ-સંસ્કૃત-ભાષામાં ૧૫૦૦૦ શ્લોક-પ્રમાણ વિદ્વદ્ભોગ્ય પ્રસ્તાવનાઓ

આગમ-વાચનાદાતા

શિલા-તામ્રપત્રોત્કીર્ણાગમમંદિર-સંસ્થાપક, શાસનપ્રત્યનીક-વાદિ વિજેતા

શૈલાણાનરેશ-પ્રતિબોધક

"સાગરજી મહારાજ"ના હુલામણા નામથી પ્રખ્યાત પૂ. આગમોદ્ધારકશ્રી

ધ્યાનસ્થ સ્વર્ગત

* શ્રી આનંદસાગર–સૂરીશ્વરજી મહારાજા *



શ્ર....દ્ધાં....જ....લિ.....

પુણ્યનામધેય, ખ્યાતનામ, શાસન-શાર્દૂલ
વાદીવિજેતા, પ્રખરપ્રવચનપ્રભાવક
આગમિક-સૂક્ષ્મ-તત્ત્વોના વિવેચક, પ્રવર-વ્યાખ્યાતા
શિલા-તામ્રપત્રોત્કીર્ણાગમ-મંદિરસંસ્થાપક,
છેલ્લા પંદરદિવસ અર્ધપદ્માસન-મુદ્રાએ
કાયોત્સર્ગ-ધ્યાનસ્થ-અવસ્થામાં
નિર્મમત્વભાવે શરીર વોસિરાવનાર,
પ્રાવચનિકશિરોમણિ, ગીતાર્થમૂર્ધન્ય
આગમસમ્રાટ્, આગમાવતાર
ધ્યાનસ્થ-સ્વર્ગત
પૂજ્યપાદ
આગમોદ્ધારક

આચાર્યદેવશ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજના

પાવન ચરણ-કમલોમાં
ભાવભરી.....શ્રદ્ધાંજલિ

આગમોદ્ધારકર્તારં શીલાણેશ-પ્રબોધકમ્ ।
ધ્યાનસ્થ-સ્વર્ગતં નૌમિ, સૂરિમાનન્દ-સાગરમ્ ॥



ભાવ ભક્તિભર્યું સમર્પણ

मूलीनरेन्द्र-प्रतिबोधकारकाः,
सुज्ञानिनः सागरगच्छनाथाः।
तत्वेषु रक्ताश्च प्रशान्तमूर्तयः,
माणिक्यसूरिप्रवरा जयन्तु ॥



પૂ. ગચ્છાધિપતિ શ્રી સ્વ.આ.શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મ.

શ્રીવર્ધમાન-સ્વામિને નમઃ

બહુશ્રુત-શિરોમણિ

ધ્યાનસ્થ-સ્વર્ગત આગમોદ્ધારક

આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના

પ્રભાવક-પટ્ટધર

મૂળી-નરેશ-પ્રતિબોધક, શાંતમૂર્તિ

વાત્સલ્યસિંધુ, સાગરસમગંભીર

આરાધક-પુણ્યાત્માઓના ભાવવૈદ્ય,

પૂર્ણ-સમાધિ-સહિત-સ્વર્ગસ્થ

ગચ્છાધિપતિ

પૂ. આ. શ્રી માણેકસાગરસૂરીશ્વરજી ભગવંતના

પુનિત કર-કમલમાં

શ્રદ્ધા-ભક્તિ-નિષ્ઠા-બહુમાનસભર

હાર્દિક-કૃતજ્ઞતાપૂર્વક

તેઓશ્રીની કૃપાથી આલેખાયેલ

આ જીવનગ્રંથનું

ભક્તિ-પુષ્પના પ્રતીક તરીકે

સ....મ....ર્પ....ણ




-નિવેદક

પં. કંચનસાગર

પં. સૂર્યોદયસાગર

પં. અભયસાગર





વં....દ....નાં....જ....લિ...

પૂ. આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગત-આચાર્યદેવશ્રીના

પટ્ટધર, વાત્સલ્યસિંધુ, મૂળીનરેશપ્રતિબોધક,

પરમોપકારી ગચ્છાધિપતિ સ્વ.

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી

માણેકસાગર-સૂરીશ્વર-ભગવંતના

પવિત્ર ચરણ-કમલોમાં

હાર્દિક-ભાવોલ્લાસ સાથે

કોટિ-કોટિ

વં.....દ.....ના.....વ.....લી

પૂ. આગમોદ્ધારકશ્રીના વિશાળ સાહિત્યને સુજ્ઞજનતા સમક્ષ
રજુ કરનારી શ્રી આગમોદ્ધારક ગ્રંથમાળાના
પ્રાણવાન મુખ્ય કાર્યવાહક



કપડવંજ જૈનશ્રીસંઘના માનનીય વ્યક્તિ

શેઠશ્રી રમણલાલ જેચંદભાઇ

જેઓ છેલ્લા ૪૦ વર્ષથી ચોથું વ્રત લઇ ઉપાશ્રયેજ સૂઈ જાય છે. કપડવંજ શ્રી સંઘના નાના મોટા દરેક ધર્મકાર્યો–ધર્મ સ્થાનો અને સાતક્ષેત્રોના જાતભોગ–ખંતથી વહીવટી-તન્ત્ર, વ્યવસ્થા તંત્રને તન, મન, ધનથી સંભાળનાર ધર્મનિષ્ઠ જીવનથી શોભી રહ્યા છે. જેઓ પૂ. ચરિત્રનાયકશ્રીની ચોથી પેઢીએ કુટુંબીભાઈ તરીકેનું ગૌરવ અદ્‌ભુત ધર્મ-નિષ્ઠા દ્વારા આજે પણ દીપાવી રહ્યા છે.

જીવનચરિત્રના સર્વાંગસુંદર
પ્રકાશનમાં પાયાની
પાંચ ઈંટો
જેઓના ધર્મ રાગ ભર્યા સહકાર
વિના પ્રકાશન હકીકતમાં
ઝકઝોળે ચઢી જાત



દીપકભાઈ બાબુભાઇ વોરા
(ઉ. વર્ષ ૨૪)
પંચભાઈની પોળ, અમદાવાદ



રાજેશકુમાર જયંતિલાલ શાહ
(ઉ. વર્ષ ૧૯)
ગગનવિહાર, ચોથે માળે,
ખાનપુર–અમદાવાદ



બાબુલાલ કેશવલાલ શાહ ચાણસ્માવાળા
૩૨–ઝવેરી બિલ્ડીંગ ફતેભાઈની હવેલી
રતનપોળ, અમદાવાદ



ભદ્રેશકુમાર માણેકલાલ શાહ
(ઉ. વર્ષ ૧૭)
સાતભાઈની હવેલી, ઝવેરીવાડ,
અમદાવાદ

આ
પાંચેય
મહાનુભાવોના
અપૂર્વ ધર્મપ્રેમની
ગુણાનુરાગભરી
અ...નુ...મો...દ....ના



મુકેશકુમાર બાબુલાલ શાહ
(ઉ. વર્ષ ૧૭) સાતભાઈની હવેલી
ઝવેરીવાડ–અમદાવાદ

ડૉ. રુદ્રદેવ ત્રિપાઠી M. A. P. H. D.

ન્યાય–સાહિત્ય–સાંખ્ય–યોગદર્શનાચાર્ય




જેઓશ્રીએ પૂજ્ય પંન્યાસજી મ. શ્રી અભયસાગરજી મ.ની દેખરેખતળે જીવનચરિત્રના પ્રાથમિક સંકલન અને તદ્યોગ્ય ભૂમિકાનું નિર્માણ કરવા માટે તનતોડ શ્રમ મહિનાઓ સુધી ઉઠાવી કચરામાંથી વીણી–શોધીને મહત્ત્વપૂર્ણ વિગતો તારવી, અનેક વયોવૃદ્ધ પૂ. સાધુ–ભગવંતો–ગૃહસ્થોને રૂબરૂ મળી ખંતપૂર્વક અનેક માહિતી ભેગી કરી મહિનાઓ સુધી એક આસને બેસી પૂ. પં. મ. ના માર્ગદર્શનતળે જીવનચરિત્રના પ્રાથમિક તથા આનુપાતિક કલેવરને ઘડવામાં અમૂલ્ય ફાળો આપ્યો છે.

જેઓશ્રી હાલ શ્રી લાલબહાદૂર શાસ્ત્રી સંસ્કૃત વિદ્યાપીઠ, નવી દિલ્હીમાં રીસર્ચ અને પી. એચ. ડી. કરનારાઓને યોગ્ય માર્ગદર્શકના ઉચ્ચતમ પદે સન્માનિત રૂપે બીરાજે છે.

વિ. સં. ૨૦૨૧માં કપડવંજ ખાતે જીવન ચરિત્રના કાર્ય કરતી વખતનું દૃશ્ય ચિત્રમાં દેખાય છે.

જેઓએ શ્રીઅભયદેવસૂરીશ્વર જ્ઞાનમંદિર–કપડવંજમાં
કામ કરવા ઉપરાંત પૂ. પન્યાસ મહારાજશ્રીની
જીવનચરિત્રોપયોગી માહિતીની માગણીને
સત્વર પુરી પાડીને તેમજ ગ્રંથમાળાના
વહીવટમાં મોટો ફાળો નોંધાવી
અપૂર્વ ગુરૂભક્તિ વ્યક્ત કરેલ છે.



પં. હરગોવનદાસ સંપ્રીતચંદ શાહ
કપડવંજ

જેમણે જીવનચરિત્રના પ્રાથમિક સંકલનો-
પયોગી માહિતી, ચિત્રો આદિ વિગતો
પૂરી પાડી ખૂબજ નિષ્ઠા, ભક્તિ
સાથે સ્તુત્ય ફાળો
આપ્યો છે.



દિનેશચંદ્ર નગીનદાસ પરીખ
કપડવંજ (જીલ્લો ખેડા)

॥जैनशासनमाणिक्यश्चन्द्रवन्मोददोऽमलः। तमेवाचार्यश्च देवेन्द्रं जीयादानन्दसूरिराट्॥



॥ श्री वर्द्धमान-स्वामिने नमः ॥

आगम-रहस्य-पारगामी

आगम-सम्राट, आगमिक-तत्त्वरूपशैली-व्याख्याता

श्री आगम-मंदिर-संस्थापक, आगमवाचनादाता,

परम पूज्य, आराध्यपाद, बहुश्रुत, ध्यानस्थ-स्वर्गत १००८ श्री

पूज्य आगमोद्धारक आचार्यदेव श्री

आनंदसागर-सूरीश्वरजी म. (सागरजी म.)नुं

जीवन चरित्र

आगमोद्धारकर्त्तारं, शैलाणेशप्रबोधकम् ।

ध्यानस्थस्वर्गतं नौमि, सूरिमानन्दसागरम् ॥

પૂ. આગમોદ્ધારકશ્રી

સંક્ષિપ્ત જીવનદર્શન

જન્મ–સંવત – વિ. સં. ૧૯૩૧
જન્મસ્થળ – કપડવંજ
પિતા – મગનભાઈ
માતા – જમનાબ્હેન
જન્મતિથિ – અષાડ વદ ૦))
દીક્ષા વર્ષ – વિ. સં. ૧૯૪૭
દીક્ષા તિથિ – મહા સુદ ૫
દીક્ષા ગુરુ – પ. પૂ. શ્રી. ઝવેરસાગરજી મ.
દીક્ષા સ્થળ – લીંબડી (સૌરાષ્ટ્ર)
વડીદીક્ષા વર્ષ – વિ. સં. ૧૯૪૭
વડીદીક્ષાતિથિ – જેઠ સુદ ૭
વડીદીક્ષાદાયક – પૂ. પં. શ્રી હેમવિજયજી મ. સા.
વડી દીક્ષા સ્થળ – પુરીબાઈ જૈનધર્મશાળા, લીંબડી
ગણીપદ વર્ષ – વિ. સં. ૧૯૬૦
ગણીપદ તિથિ – જેઠ સુદ ૧૦
મણીપદ સ્થળ – અમદાવાદ
પંન્યાસ પદ વર્ષ – વિ. સં. ૧૯૬૦
પંન્યાસ પદ તિથિ– અસાડ સુ. ૩
પંન્યાસ પદ સ્થળ– અમદાવાદ
પદવી દાતા – પ. પૂ. પં. શ્રી નેમવિજયજી મ.
આચાર્યપદ વર્ષ – વિ સં ૧૯૭૪
આચાર્યપદ તિથિ – વૈ. સુદ ૧૦
આચાર્યપદ સ્થલ – સુરત
આચાર્યપદદાયક–પ. પૂ.આ.શ્રી કમલસૂરીશ્વરજી મ.સા.

આગમ વાચના કાલ—વિ. સં. ૧૯૭૧ થી ૧૯૭૭

પ્રથમ વાચના–વિ. સં. ૧૯૭૧ – પાટણ
દ્વિતીય વાચના–વિ. સં. ૧૯૭૨ – કપડવંજ
તૃતીય વાચના–વિ. સં. ૧૯૭૨ – અમદાવાદ
ચતુર્થ વાચના–વિ. સં. ૧૯૭૩ – સુરત
પંચમ વાચના–વિ. સં. ૧૯૭૩ – સુરત
ષષ્ઠ વાચના–વિ. સં. ૧૯૭૫ – પાલીતાણા
સપ્તમ વાચના–વિ. સં. ૧૯૭૭ – રતલામ

પાલીતાણા આગમ મંદિર પ્રતિષ્ઠા – વિ. સં. ૧૯૯૯ મહા વદ–૫
સુરત આગમ મંદિર પ્રતિષ્ઠા – વિ. સં. ૨૦૦૪ મહાસુદ ૩
અર્દ્ધપદ્માસન સ્થિતિ – વિ. સં. ૨૦૦૬ વૈ. સુ. ૫ બપોરે ત્રણથી
વૈ. વ. ૫ બપોરે ૪–૩૨ સુધી (સુરત)
સ્વર્ગવાસ – વિ. સં. ૨૦૦૬ વૈ. વ. ૫ બપોરે ૪–૩૨, (સુરત)

પરમપૂજ્ય-શાસન-પ્રભાવક


આગમવાયનાદાતા–આગમદિવાકર



શ્રી જૈન આગમ-મંદિર સંસ્થાપક, બહુશ્રુત

આગમોદ્ધારક-ધ્યાનસ્થ-સ્વર્ગત-આચાર્યદેવશ્રી

શ્રી
વર્ધમાન સ્વામિને નમઃ




આગમોના તલસ્પર્શી વ્યાખ્યાતા
પ્રાવચનિક-ધુરંધર ધ્યાનસ્થ
સ્વર્ગસ્થ પૂજ્યપાદ

આગમોદ્ધારક આચાર્યદેવશ્રીનું

જી....વ....ન....ચ....રિ....ત્ર

ખંડ–૧







પૂ. આગમોદ્ધારકશ્રી–જીવનચરિત્ર

ખંડ ૧લો

વિ....ષ...યા....નુ....ક્રં....મ

પ્રકરણ ૧ થી ૧૬

પ્રકરણ	નામ	પાનું
૧	આધ્યાત્મિક સંસ્કૃતિ અને મહાપુરૂષો	૧ થી ૫
૨	વીશમી–સદીના ઉષઃકાળનું ચિત્ર	૬ થી ૮
૩	પૂજ્ય ચરિત્રનાયકશ્રીના જન્મ-સમયની પરિસ્થિતિ	૯ થી ૧૦
૪	સંસ્કારભૂમિ ગુજરાત	૧૧ થી ૧૬
૫	ગુજરાતનો ઇતિહાસ	૧૭ થી ૨૬
૬	ગુજરાતનો વિહંગમ પરિચય	૨૭ થી ૨૯
૭	ખેડા–જીલ્લાનું મહત્વ	૩૦ થી ૩૪
૮	કપડવંજનો ભવ્ય ભૂતકાળ	૩૫ થી ૩૯
૯	કપડવંજની ગરિમા	૪૦ થી ૪૩
૧૦	આજના કપડવંજનો પૂર્વ–ઇતિહાસ	૪૪ થી ૪૭
૧૧	સાંસ્કૃતિક-નગરી કપડવંજ	૪૭ થી ૫૧
૧૨	કપડવંજની કલાસમૃદ્ધિ	૫૨ થી ૫૫
૧૩	કપડવંજની ભવ્ય યશોગાથા	૫૬ થી ૫૮
૧૪	પુણ્યભૂમિ કપડવંજ	૫૯ થી ૭૪
૧૫	આધુનિક-દૃષ્ટિએ કપડવંજ	૭૫ થી ૭૭
૧૬	કપડવંજની ધાર્મિક-સમૃદ્ધિ	૭૮ થી ૧૧૨



પ્રકરણ-૧

આધ્યાત્મિક સંસ્કૃતિ અને મહાપુરુષો



આર્ય-સંસ્કૃતિના ઇતિહાસનું અવલોકન કરતાં જણાય છે કે આર્યાવર્તની પ્રજાના મહારથી અને સૂત્રધાર તરીકે ઋષિ-મુનિ મહાત્માઓજ રહેતા આવ્યા છે, તેથી આ દેશને ધર્મ અને દર્શનની જન્મભૂમિ કહેવાય છે.

સુંદર-તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિ, પ્રત્યક્ષ વ્યાવહારિક-ક્રિયાઓમાં પણ ઉજ્જવલ-પરોક્ષની રોમાંચક સ્મૃતિ, પ્રવર ભૌતિક-સુખો કરતાં પણ શાશ્વત-સુખની કામના, સંતોષ, સદાચાર, અહિંસા અને અખંડ શાંતિનો સુખદ પ્રવાહ આ ભૂમિનોજ પ્રસાદ છે.

અહિંસા, સંયમ અને તપના નિધાનરૂપ વાસ્તવિક રીતે પૂજનીય મહાપુરૂષોની પૂજાનું પ્રજાના હૃદયોમાં જે સ્થાન છે, તે આ ભૂમિના મહાત્માઓની કૃપાનું ફળ છે.

આખા જગતમાં જે કંઈ શુભ છે, સુંદર છે, સૌન્દર્યપૂર્ણ અને સ્તુત્ય છે. તે બધાનો સ્રોત અહિંની સંસ્કૃતિમાં છે.

સંસ્કૃતિનો સીધો સંબંધ વ્યક્તિના અંતર કે તેના આત્મા સાથે છે કે-જેને ભારતીય મનીષીઓ અધ્યાત્મવાદના નામથી કહે છે.

ભારત જે પોતાની સાંસ્કૃતિક પ્રભુસત્તા માટે આખા વિશ્વમાં પ્રસિદ્ધ છે, તેનો આધાર પણ અધ્યાત્મવાદ છે, પોતાની અખંડ-નિર્મળ-સંસ્કૃતિના આધારરૂપ અધ્યાત્મવાદને લીધે ભારત પ્રાચીનકાળથી ઋષિ-મહર્ષિ, સંત અને ભક્તોની ભૂમિ રહ્યો છે.

વ્યક્તિત્વનો સંબંધ વ્યક્તિના જન્મની સાથે નથી, પણ તે પછી નિર્મિત થનારી તેની બાહ્યાકૃતિ, આન્તરિક ચેતના અને કાર્ય–વ્યાપારો સાથે છે.

વિમલ અન્તરંગ આત્માના તલ પર મહાપુરૂષોના સંપર્કથી સદ્‌ગુણોનું બીજારોપણ થાય છે, તેનાથી જન્મતા સર્વહિતકર ઉદાત્ત વિચારો અને કર્તવ્યોના વટવૃક્ષના તળીયે શિક્ષિત–અશિક્ષિત, થાકેલા–માંદા કે પથભ્રાન્ત, બધા જીવનપથિકો સુખ–શાંતિ અને સાંત્વના મેળવી શકે છે.

માટે જ શાસ્ત્રોમાં જણાવેલ છે કે :–

"महात्मनां च चरितं श्रोतव्यं नित्यमेव च ।"

એટલે–"મહાત્માઓના ચરિત્રો દરરોજ સાંભળવાં જોઇએ."

આપણી ધાર્મિક ક્રિયાઓમાં પણ મહાપુરૂષોના જીવનચરિત્રના શ્રવણને ધાર્મિક અને આવશ્યક ક્રિયા તરીકે ગણાવેલ છે.

આ બધો અહિંની–વિમલ–હિતકર સંસ્કૃતિનો પ્રભાવ છે.

ભારતવર્ષની સૌથી આગવી વિશેષતા એ છે કે :–

જન–સાધારણના જીવનને ઉંચે લાવવા માટે અહીંના મહાપુરૂષોએ ઉદાત્ત–વિશ્વહિતકર–સનાતન સત્યોને કઠોર સાધનાદ્વારા પણ જીવનમાં આત્મસાત્ કરી અત્યન્ત ઉચ્ચકક્ષાએ જેની અનુભૂતિ કરી શકાય તેવા જરૂરી જીવન–સત્યોને વ્યાવહારિક રૂપ આપવા ભગીરથ પ્રયત્ન કર્યો છે.

આવા મહાપુરૂષો કાળચક્રના પરિવર્તનથી આવી રહેલ શિથિલતા–અવ્યવસ્થાના આવરણો ફગાવી સમયે–સમયે પોતાની જીવનચર્યાદ્વારા સુજ્ઞ–જનતાના માનસમાં જીવન–સત્યની સ્થૂળ ઝાંખી કરાવતા હોય છે.

જો આ રીતે ન થાય તો આ પૃથ્વી પર ધર્મનો અંશ પણ ન રહે, અને ધર્મ વિના આ વિશ્વ એક ક્ષણ ટકી ન શકે. ધર્મના આધારે તો આ જગતની સ્થિતિ છે.

આજે પણ અસંખ્ય સિદ્ધયોગી મહાત્માઓ–તત્વજ્ઞ મુનિરાજો વિવિધ રૂપે પોતાની સાધના અને સદુપદેશ વડે પ્રાણીઓનું કલ્યાણ કરી રહ્યા છે.

કેટલાક મહાપુરૂષો પોતાની શક્તિ વડે પોતાને વ્યક્ત થવા દેતા નથી, માત્ર અપ્રકટપણે લોકકલ્યાણમાં લીન રહે છે. તેમનાં કાર્ય વ્યાવહારિક રીતે ગુપ્ત હોવા છતાં તેઓ અધિકારી

લોકોને ઉપદેશ આપે છે, શિક્ષાર્થીઓને શિક્ષણ આપે છે અને સ્વયં ધર્મનું યથાર્થ આચરણ કરીને જનમાનસમાં નવજીવનનો સંચાર કરે છે.

જ્યારે કેટલાક મહાપુરૂષોનું જીવન ઉઘાડી-કિતાબ જેવું, દર્પણ જેવું નિર્મળ-સ્વચ્છ સામાન્ય જીવો પણ જોઈ સમજી શકે તેવું પ્રકટ હોય છે, તેમ છતાં તેમનું જીવન અલૌકિક હોય છે, તેમનાં કાર્યો અચિન્ત્ય હોય છે, તેમની ક્રિયાઓ નિર્દોષ હોય છે, તેમનું વ્યક્તિત્વ અનેરૂં હોય છે, તેઓ એક પ્રખર દીપકની જેમ અજ્ઞાનના અંધારાને હઠાવી અદ્‌ભુત જ્ઞાનપ્રકાશ વડે સાચી જીવનદૃષ્ટિ આપે છે.

ક્ષુદ્ર-બુદ્ધિવાળા જીવો તેમના હકીકતમાં વિશિષ્ટ છતા બાહ્ય આડંબર-ફટાટોપ વિનાના કાર્યોને સાધારણ માની તેઓની આલોચના પણ કરે છે, પણ તેથી તેઓના કાર્યમાં વધુ ચકાસણી દ્વારા નક્કરતા લાવવામાં તેમને સહાયતા મળે છે, તેથી જ તેઓ જગતની આગળ પોતાનો આદર્શ રજુ કરવા સમર્થ બને છે.

તેઓ આવા સંસારી જીવોની વચમાં રહીને પોતાના આદર્શ વડે લોકોને જીવનશુદ્ધિના માર્ગ તરફ ઉત્સાહિત કરે છે.

આવા મહાપુરૂષોનું જીવન વ્યાપક-પ્રભાવવાળું હોય છે, જેનાથી દરેક જાતિ કે ધર્મ વિશિષ્ટ રીતે સાંસ્કૃતિક દિશામાં અગ્રગામી બને છે, જેથી કાળની સારી-માઠી અસરમાંથી ધાર્મિક પ્રજાને બચી જવાની આવડત સહેલાઈથી મળી રહે છે.

અહીં એક વાત ધ્યાનમાં લેવા જેવી છે કે :-

કેટલાક એવા પણ મહાત્માઓ થાય છે. જેની સમકક્ષાએ સૈકાઓ સુધી બીજા મહાત્માઓ થતા નથી.

આવા મહાત્માઓનાં જીવનચરિત્રો આપણને ખૂબ જ ગંભીરતાથી જીવનશક્તિઓને મૌલિક ગુણોની કેળવણી માટે અપૂર્વ પ્રેરણા આપે છે, તેથી સંસારી પ્રાણીઓ માટે યથાર્થ ઉન્નતિનું એક માત્ર સાધન મહાત્માઓના ચરિત્રનું શ્રવણ પઠન મનાય છે. માટે કહ્યું છે કે :—

जीवनं भवति यद् विलसत्प्रभावं,
सद्धर्मसाधनपरोपकृतिप्रचारैः ।
सच्छास्त्रबोधविमलात्मगुणप्रकाशं,
सम्पादितोच्चतरमानवजन्महेतु ॥

અર્થાત્ " તે જીવન કહેવાય કે જે સદ્ધર્મના સાધનોનો બીજાના ભલા માટે વધુ ફેલાવો કરવા દ્વારા પ્રભાવશાળી હોય, તથા સત્-શાસ્ત્રોના જ્ઞાનના પ્રકાશવાળું અને નિર્મલ આત્મગુણોના વિકાસની સાધનાવાળું હોય તેમજ વિશિષ્ટરીતે માનવજન્મની વિશિષ્ટ સફળતા મેળવવાના સત્પ્રયત્નથી શોભતું હોય."

આવા મહાપુરૂષોનાં ચરિત્રો વારંવાર વાંચવાથી વિચારબળ, પુણ્યબળ, આરોગ્યબળ, ધર્મબલ, જ્ઞાનબલ, ચારિત્રબળ, તપોબલ, ક્રિયાબલ, આત્મબલ, મનોબલ, વચનબળ, કાયબળ, સ્વાધ્યાયબલ, આગમબલ, હૃદયબલ, સમાધિબલ, યોગબલ વગેરેની વૃદ્ધિ થાય છે.

તથા મહાપુરુષોના જીવનચરિત્રોના શ્રવણ મનનથી ક્ષુદ્ર વિચારો, પાપકર્મ, રોગાવસ્થા, અધર્માસક્તિ, અજ્ઞાન, દુરાચરણ, લોલુપતા, મનોનિર્માલ્ય, વચનતુચ્છતા, પ્રમાદ, નિદ્રા, અસ્વસ્થતા, યોગચાપલ્ય, વગેરે દૂર થાય છે.

આ રીતે મહાન્ પુરુષોનાં જીવનચરિત્રો આપણા સર્વાંગી વિકાસમાં મોટા સાધનરૂપ છે, આ જગતને આપણે જોઇ શકીએ છીએ, પણ આપણે પોતે પોતાને દેખી શકતા નથી; જેમ પોતાનું મુખ જોવાને દર્પણની જરૂર છે. તે રીતે અંતરના ગુણ-દોષ જોવાને દર્પણસમાન મહાપુરૂષોનાં જીવન ચરિત્રો છે.

ઉત્તમ સંસ્કાર, સ્વશ્રેયસાધન, તપશ્ચર્યા, કર્મનિર્જરા, તપ, જપ, વ્રતનિયમ, વિશુદ્ધ-ચારિત્ર, ત્યાગમાર્ગ, આત્મસાક્ષાત્કાર, શાસનસેવા, તીર્થસેવા, ધર્મસેવા, આત્મવિજય, વૃત્તિઓની શાન્તિ, તીર્થયાત્રા, શાસનોન્નતિ વગેરે અનેક ઉત્તમ ગુણોનો આદર્શ પુરો પાડનાર મહાપુરૂષોનાં જીવનચરિત્રો છે.

વર્તમાન સમયના મહાપુરૂષોમાં પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ **આનંદસાગરસૂરિજીનું** નામ સર્વોચ્ચ કહી શકાય છે. તેઓ આગમોના અઠંગ અભ્યાસી અને આગમોના મર્મજ્ઞ વ્યાખ્યાકાર હતા, તેમના જીવનમાં મહાન ત્યાગ, પરમ વૈરાગ્ય, અલૌકિકજ્ઞાન, અભૂતપૂર્વ જ્ઞાન પીરસવાની ઉત્કંઠા, શાસન પ્રત્યેનો અડગ વિશ્વાસ, કર્ત્તવ્યની અનેરી લાગણી, આગમો પ્રત્યેનો પ્રેમ અને સ્વ-પર કલ્યાણની ધગશ અદ્ભુત હતી.

તેઓએ હસ્તલિખિત ભંડારોમાં અસ્ત-વ્યસ્ત રહેલ આગમોની હસ્તલિખિત પ્રતોને એકલે હાથે ભગીરથ-પુરૂષાર્થદ્વારા વાંચી-શુદ્ધ કરી અધિકારીઓના હાથમાં પહોંચાડી, સામુદાયિક રીતે મોટી **આગમવાચનાઓ** આપી આગમોની પઠન-પાઠન શૈલિને પુનર્જીવિત કરી.

વળી કાળબળે આગમોમાં પાઠભેદ ન થવા પામે તે શુભાશયથી **પાલીતાણા**માં આરસની

શિલાઓ ઉપર અને **સુરત**માં તામ્રપત્ર પર આગમોને કોતરાવી ચિરંજીવી બનાવ્યાં, જેથી સુજ્ઞ જનતા દ્વારા સાહજિક રીતે તેઓ આગમોદ્ધારકના માનવંતા વિશેષણથી શોભિત બન્યા

જે પુનિતનામધેય અખંડશ્રુતજ્ઞાનોપાસક મહાપુરુષે લાખો શ્લોક પ્રમાણ **૧૭૫ ગ્રંથોનું સંપાદન કરી, ૫૦ હજાર** શ્લોક પ્રમાણ (**૧૭૧–પ્રકરણો, ૫૦ ગ્રંથો રૂપે**) **નવા સાહિત્યનું** સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં સર્જન કરી સાધુ–જીવનના આદર્શભૂત અપ્રમત્તભાવની સફળ કેળવણીનો નમૂનો આજના વિષમ કાળમાં પણ રજુ કરેલ.

આવા મહાપુરૂષનું જીવન કલ્યાણની ઈચ્છા રાખનાર જીવોને નિર્ભ્રાન્ત–પથનું પ્રદર્શક બને, આવી દૃઢ ભાવના વડે પ્રેરાઈ આ જીવનચરિત્ર લખવાનો પ્રયાસ થયો છે.

જો કે આ પૂર્વે નાનાં મોટાં બે–ત્રણ જીવન ચરિત્રો પૂજ્યશ્રીનાં લખાયાં છે,

પણ–**"सिंहावलोकी लभते न किञ्चित्"**

અર્થાત્– "સિંહાવલોકનથી કે ટુંકમાં પતાવી દેવાથી મહાપુરુષોના અગાધ વિશાળ જીવન સાગરમાંથી કંઈ હાથમાં આવતું નથી"

આ ઉક્તિ મનમાં રાખી આ પ્રશસ્ત જીવનચરિત્ર લખવાનો શુભ પ્રયાસ કર્યો છે

જીવનચરિત્રનું મહત્વ




- મહાપુરુષોનું જીવનચરિત્ર એટલે—આત્માને ઉત્તરોત્તર ઉચ્ચસ્થિતિમાં લઈ જવા માટેનું ઉત્તમોત્તમ સાધન.
- ઉચ્ચકોટિના આદર્શજીવનવાળા વ્યક્તિનું પ્રતિબિંબ સામી વ્યક્તિમાં સહેજે પડે છે,

કેમકે–

"માણસ જેવા સહવાસમાં રહે છે તેવી સારી–ખોટી અસર સાહજિક રીતે આવે છે."

- આત્માને વિકાસની શ્રેણિ પર ચઢાવનાર મહાપુરુષોનાં ચરિત્રો છે.



પ્રકરણ–૨

વીશમી સદીના ઉષઃકાળનું ચિત્ર

●

જ્યારે પૂ. ચરિત્રનાયકશ્રીનો જન્મ થયો, તે સમયે ભારત દેશ એક વિચિત્ર–પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો હતો.

વિક્રમની વીશમી સદીના બીજા ચરણને પાંચ વર્ષ પસાર થઈ ચૂક્યાં હતાં.

તે વખતના ભારત અને આજના ભારતમાં ઘણું અંતર આવી ગયું છે, ગુજરાતમાં પણ તેજ રીતે ઘણું અવનવું બની ગયું છે. રાજનૈતિક, આર્થિક, સામાજિક તથા ધાર્મિક પરિવર્તનોના લીધે આખી સ્થિતિ હાલમા બદલાઇ ગયા જેવી લાગે છે.

પણ જ્યારે પૂ. ચરિત્રનાયકશ્રીનો જન્મ થયો હતો, તે અરસામાં તથાકથિત રાષ્ટ્રીય ચળવળનો અરુણોદય થઈ રહ્યો હતો.

દેશની પ્રજાના કેટલાક વર્ગોએ અંગ્રેજોની ફૂટ–નીતિને પડકારવા માટે રાજનૈતિક ચળવળોના અસફળ સૂત્રપાત કર્યા હતા, જ્યારે અંગ્રેજોના શાસનનો સૂર્ય મધ્યાકાશ તરફ જઈ રહ્યો હતો.

છતાં કેટલાક દીર્ઘદર્શી–મહાનુભાવોની દૃષ્ટિમાં વિદેશીઓની પ્રપંચભરી ફૂટનીતિ પરખાઈ રહી હતી.

ધર્મ સંસ્કૃતિ તેમજ આર્યજીવન-પદ્ધતિના મૌલિક-પાયાઓ ઉપર કૂટનીતિબળે વિદેશીઓએ ચાંપેલી અદૃશ્ય સુરંગો કેટલાક ચિન્તકોની નજરતળે આવેલ હોઇ તેનાથી બચાવવા અને પ્રજાને સન્માર્ગે લાવવા તેમજ વિદેશીઓની મલિન-મનોવૃત્તિને ખુલ્લી પાડવા ભગીરથ પુરુષાર્થનાં ચક્રો ગતિમાન બની રહ્યાં હતાં.

છેલ્લા હજાર વર્ષથી અહિન્દવીય શાસનના જોરતલબીભર્યા વર્તનથી ભારતીય પ્રજાના યોગ્ય સરવાણીરૂપ નૈતિક, ધાર્મિક, જીવનમાં તાણા-વાણારૂપે વણાયેલ આર્યસંસ્કૃતિનાં બીજ સામાજિક અને આધ્યાત્મિક-હિતકર શુભ પ્રવૃત્તિઓને સંચાલિત રાખનાર ધર્મ-સંસ્કૃતિના પ્રેરક બળમાં સાધુ-સંતોની વ્યવસ્થિત દોરવણીના અભાવે શુષ્કપ્રાયઃ થઇ રહ્યાં હતાં.

ક્યાંક કાળબળે ઘુસી ગયેલ વિકૃતિઓ મોટું રુપ પકડી આધ્યાત્મિક-ઉન્નતિના સ્તરને ઢાંકી દઇ મુગ્ધબુદ્ધિવાળા લોકોને પથભ્રષ્ટ બનાવી રહી હતી.

ક્યાંક વળી સૂકા સહરાના રણમાં મીઠી-વીરડી જેવા સદા-સર્વહિતકર-જીવનપ્રવૃત્તિમાં નિષ્કામભાવે વર્તનારા ત્યાગી આધ્યાત્મિક-મહાપુરુષો સતત પોતાની વિશ્વકલ્યાણકર ભાવનાનાં અમી-છાંટણાં કરી દીન-હીન બની રહેલ ધર્મ-સંસ્કૃતિને પુનર્જીવન આપી રહ્યા હતા.

છેલ્લા કેટલાક દાયકાથી ધર્માંધ વિદેશી કૂટ-નીતિજ્ઞ રાજકર્તાઓની કુનેહભરી રીતિથી સ્થૂલ-દૃષ્ટિએ સમૃદ્ધ દેખાતી પણ ભારતીય પ્રજા સંસ્કારોની દૃષ્ટિએ કંગાળ બની રહી હતી.

ભારતના સર્વતોમુખી-વર્ચસ્વને ઝળહળતું રાખનારી સાંસ્કૃતિક-આધ્યાત્મિક ઉત્થાનની અનુબંધશુદ્ધ પ્રક્રિયાઓ વિશુદ્ધ-આત્મતત્ત્વના પારખુ સંત-મહાપુરુષોના આશિષબળે પ્રમાણમાં અલ્પરૂપે જીવંત છતાં તેનો આદર કરી અમલ કરનારા વિવેકી સુજ્ઞ-પુણ્યાત્માઓની અછત થવા માંડી હતી.

છતાંય કાજળઘેરાં વાદળ-છવાયેલ ઘનઘોર આકાશમાં ક્યારેક ચમકારા કરતી તેજસ્વી વિજળીના લીસોટાની જેમ ભારતની ભવ્ય-વિભૂતિની પ્રતીતિ કરાવનારા દિવ્ય શક્તિના અખૂટ શ્રોતસમા મહાપુરુષો બે-ચાર દશકાના આંતરે-આંતરે પણ કાળની વિષમતાથી નિરાત્મવાદ કે પૌદ્ગલિક મોહમાયાના અકળાવનારા ગાઢ અંધકારમાં ભાન-ભૂલેલા પુણ્યાત્માઓને ધીરજ ધરવા અને સુદૃઢ શ્રદ્ધા કેળવવા પ્રેરણાના અમૃતનું પાન કરાવી રહ્યા હતા.

ધર્મસ્થાનોમાં દિવ્યતત્ત્વના સાન્નિધ્યની પ્રતીતિ કરાવનારા ક્યાંક તે તે વિશિષ્ટ ક્ષેત્ર, દ્રવ્ય અને સંયોગોને આશ્રયી થઈ રહેલ અવનવા ચમત્કારો ધાર્મિક જનતાના હૈયામાં સુષુપ્ત બની રહેલ ધર્મશ્રદ્ધાને જગાવી રહ્યા હતા.



એકંદરે વિક્રમની વીશમી સદીનો ઉષઃકાળ છેલ્લા અઢી સૈકાથી જિનશાસનની માર્મિક ભૂમિકાને ઓળખી બાળ જીવો સમક્ષ જિનશાસનના સનાતન હિતકર સત્યો રજુ કરે તેવા સમર્થ આરાધક શ્રુતજ્ઞાની મહાપુરુષની પ્રતીક્ષાભર્યો જણાતો હતો.

વિચારકો, દાર્શનિકો અને તત્ત્વચિંતકો તે વખતની ભારતની કંગાલીયત પર મૂક અશ્રુપાત કરવા સાથે ચોગ્ય દોરવણી આપનાર મહાપુરુષની ખામીને પારખી કાળના પરિપાકની પ્રતીક્ષા કરી રહ્યા હતા.

આવા કટોકટીના સમયે **પૂ. ચરિત્રનાયક શ્રી** જેવા સમર્થ શ્રુતધર આરાધક પુણ્યાત્માનો જન્મ કેવી રીતે થયો ? વગેરે બાબત હવે પછીના પ્રકરણમાં જોઇશું.

卐

મહા પુરુષનાં લક્ષણો

મહાપુરુષ એટલે શું ?

મ = મનને

ન = હાથમાં


રાખે

તે **મહાપુરુષ** !!!


* જેનામાં કર્તવ્યનિષ્ઠા અને પરોપકારવૃત્તિનું પ્રમાણ વધુ તે **મહાપુરુષ** !!!
* પોતે દુઃખી થઇને પણ બીજાને સુખ–શાન્તિ આપવા માટેની તીવ્ર તમન્ના–થનગનાટ જેનામાં હોય તે **મહાપુરુષ** !!!

卐

પૂ. ચરિત્રનાયકશ્રીના દીક્ષાગુરૂ, આગમજ્ઞ-શિરોમણિ, વાદીવિજેતા



પૂ. શ્રી ઝવેરસાગરજી મહારાજ સાહેબ



પ્રકરણ ૩

પૂજ્ય ચરિત્રનાયકશ્રીના જન્મ સમયની પરિસ્થિતિ

જે વખતે પૂ૦ ચરિત્રનાયકશ્રીનો જન્મ થયેલ તે વખતે જૈન શાસનની સંવેગી પરંપરામાં **પૂ. કસ્તુરવિજયજી** મહારાજની મહત્તા વખણાતી હતી, સંયમ અને ચારિત્રમાં **પૂ. દાદા મણિવિજયજી મહારાજનો** દબદબો હતો, **પંજાબથી પૂ. બૂટેરાયજી, પૂ. આત્મારામજી** આદિ ધુરન્ધર વિદ્વાન ૧૮ સાધુઓએ ગુજરાતમાં આવી સંવેગી પરંપરા સ્વીકારી હતી.

તેમજ **પૂ. મણિવિજયજી**ના ગુરુભાઈ **પૂ. મોહનવિજયજી મહારાજ, પૂ, પં. રત્નવિજયજી મ., પૂ. પં. ભાવવિજયજી મ., પૂ. જિનવિજયજી** ગણીના શિષ્ય **પૂ. પં. ઉમ્મેદવિજયજી મ., પૂ.પં, બૂટેરાયજીના** ગુરુભાઈ **પૂ. સિદ્ધિવિજયજી** (સ્વ. આ. સિદ્ધિસૂરિ) મ., **પૂ. નેમસાગરજી** મ., **પૂ. રવિસાગરજી** મ., **પૂ. આગમોદ્ધારકશ્રીના** ગુરુમહારાજ **પૂ. શ્રી ઝવેરસાગરજી** મહારાજ તથા **પૂ. મોહનલાલજી** મહારાજની નિશ્રામાં જૈન ધર્મનો વાવટો ફરકાઈ રહ્યો હતો.

મુગલ બાદશાહોના જમાનામાં જૈન સાધુ–સાધ્વીઓને જે ત્રાસ થયો હતો, તે કારણે તથા

કાળ–બળે ફાળેલા શિથિલાચારથી સાધુઓની સંખ્યા ઓછી હતી, તેમાં પણ સાધ્વીઓની સંખ્યા તો ખુબજ જૂજ હતી.

વળી કેટલાક સમયથી ઘુસી ગયેલ શિથિલાચારમાં ફસાયેલ યતિઓની વિશાળતા તેમનો પરિગ્રહ અને બાહ્ય દમામ જન–માનસમાં શ્રદ્ધાની શિથિલતા લાવવામાં સહયોગી થઇ રહ્યો હતો.

યતિઓ અને શ્રીપૂજ્યો બહુલતાએ પોતાના મંત્ર–યંત્ર–તંત્ર અને વૈદકના બળે સાધારણ જનતા ઉપર પ્રભાવ જમાવી વૈભવશાળી અને સત્તાધારી બન્યા હતા, તેમજ સંયમ–સાધના તથા શાસ્ત્રોની મર્યાદાને પડતી મુકી અસંયમી થઈ ગયા હતા.

સાધુઓમાં શ્રુતજ્ઞાન પ્રત્યેની ભાવના હોવા છતાં ઉત્તમ જ્ઞાનદાતાઓના અભાવે તેમજ પઠન–પાઠનની સામગ્રીની દુર્લભતાના કારણે શાસ્ત્રજ્ઞાન ઓછું થયું હતું, માત્ર શ્રી કલ્પસૂત્રની સંસ્કૃત ટીકા વાંચનારને તે વખતના લોકો મહાન વિદ્વાન ગણુતા હતા.

અમદાવાદના નગરશેઠ સાથે કેટલાક મુખ્ય યતિઓનો પ્રત્યક્ષ મતભેદ થયો હતો, તેથી સારા યતિઓ દ્વારા થતી શાસનપ્રભાવનાને ફટકો પડેલ, તથા સંઘમાં ધાર્મિક સુવ્યવસ્થાનું તંત્ર પણ ખોરવાઈ ગયેલ.

આ રીતે એક બાજુ રાજકીય ચળવળ (?) ના પગરણ સંભળાતાં હતાં અને બીજી બાજુ ધાર્મિક સમુદાયમાં ચોગ્ય વૃદ્ધિ થવાને બદલે અવ્યવસ્થા વર્તાતી હતી.

છતાં ધર્મના અનુરાગ–બળે સંવેગી મહાત્માઓ સ્થળે સ્થળે–લોકોની માનસિક–વૃત્તિને ધર્મતરફ વાળવા માટે ઉદ્યમશીલ હતા, તેમજ જનસમૂહમાં ધાર્મિક રૂચિ જાગૃત રાખવા માટે કેટલાક મહાત્માઓના પ્રયાસો પણ ચાલી રહ્યા હતા.

એકંદરે આ સ્થિતિ એવી હતી કે અંધારામાં અથડાતા તે વખતના ધર્મજિજ્ઞાસુ માનવીને શુદ્ધ પ્રકાશ પાથરી સાચો માર્ગ બતાવનાર કોઁક મહાપુરૂષ આવે અને ભગવાન મહાવીર પરમાત્માની આજ્ઞાને સમજાવી ચોગ્ય પંથે વાળે–એવી આદર્શ વ્યક્તિની જાણે ખોટ સાલતી હતી.

આપણા ચરિત્રનાયક આ ઝંખનાને પૂરી પાડવામાં સફળ કેવી રીતે થયા ? તે આપણે તેઓશ્રીના ચરિત્રમાં જોઇશું. !!!





પ્રકરણ-૪

સંસ્કાર ભૂમિ ગુજરાત

આનર્ત, સૌરાષ્ટ્ર, લાટ અને અપરાંત જેવાં નામો પછી ગુજરાતના નામે ઓળખાતો આ પ્રદેશ પોતાનો વિશિષ્ટ મહિમા ધરાવે છે.

ભારતની વાયવ્ય દિશામાં આવેલા આ પ્રદેશની ગૌરવગાથા ધર્મનગરીઓ, શારદાપીઠો, રસવન્તી નદીઓ, કલા અને સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમુનારૂપ દેવમન્દિરો, સમૃદ્ધ વનલક્ષ્મી, ગિરિ-શિખરો, સંસ્કૃતિ, સંસ્કાર અને અધ્યાત્મવાદના પ્રતીક રૂપ સંત-મહંતો આદિ અનેક રૂપે પાંગરતી જોઈ શકાય છે.

કુદરતનો શીળોહાથ ગુજરાતની ભૂમિ ઉપર વધારે છવાયેલો જણાય છે.

ચારે બાજુ પથરાયેલાં લીલાં ખેતરો, ખુલ્લાં મેદાનો, અંદર વૃક્ષરાજિઓ, સ્વતંત્ર કુંજાતો પવન, બગીચાઓમાંથી પ્રસરતી પુષ્પોની સુવાસ, સંધ્યાકાળે ખેતરમાંથી પાછા ફરતા પશુઓના ચિત્ર-વિચિત્ર અવાજો, દેવળોમાંથી ગુંજતા-હૈયું ડોલાવતા અને સામાન્ય પ્રજાને પણ ભક્તિ વિભોર બનાવનાર મંજુલ ઘંટનાદો હૃદયમાં આનંદની ઝંખના જગાવે છે. કુદરત સાથે એક તાન થવાની પ્રેરણા આપે છે. અને ગ્રામજીવનને રસમય બનાવવામાં અગત્યનો ભાગ ભજવે છે.

કૂવાનાં કે વહેતા ઝરણાનાં સ્વચ્છ પાણી, સાત્વિક ખોરાક તાજાં ફળ–ફૂલ, શાકભાજી, દૂધ–દહીં વગેરે આરોગ્યને રક્ષવામાં અને તેના નિવાસીઓને તાકાત બક્ષવામાં સહાયભૂત બને છે.

એટલે અહીંના લોકો સાદું જીવન જીવનારા અને ધાર્મિક વૃત્તિથી રંગાયેલા છે,–તેથી તેઓમાં એક–બીજાને માટે કાર્ય કરવાની વૃત્તિ, હૃદયની ઉદારતા, ક્ષમા–દયા, માયાળુપણું, ભોળપણ વગેરે ગુણો સારી રીતે ખીલેલા હોય તે સ્વાભાવિક છે.

લોથલ અને **રોઝડીમાંથી** મળી આવેલ **હડપ્પા**–સંસ્કૃતિના સમકાલીન અવશેષોથી **ગુજરાતની** સંસ્કૃતિ **મહાભારત**–કાલથી પણ અતિપ્રાચીન તરીકે ઇતિહાસથી પ્રમાણિત છે.

શિલાલેખો પ્રાચીન–કાળના અવશેષો, **ગિરિનગર** જેવાં પ્રાચીન નગરો, **ગિરનારની** તળેટીમાં પ્રાપ્ત તથા પ્રાચીન લેખો એ **ગુજરાતની** અણમોલ સંપત્તિ છે.

ગુજરાતમાં ઠેર ઠેર સંસ્કૃતિના અટલ પ્રતીક સમા પ્રાચીન મંદિરો, સમ્રાટ **પ્રિયદર્શી ચૌલુક્ય, સોલંકી, વાઘેલાઓના** સ્થાપત્ય અનુરાગ, ગુજરાતની કલાસિદ્ધિ અને સંસ્કૃતિના નમૂના છે.

ગુજરાતની સાહિત્ય–પ્રવૃત્તિ પ્રાચીન કાળથી જે ચાલી આવે છે, તેમાં જૈન સાધુઓનાં વિદ્યા–વ્યાસંગની સાબિતીરૂપ જૈન ગ્રંથભંડારો અગ્રગણ્ય સ્થાન ભજવે છે.

સાહિત્યની કોઈપણ પ્રણાલિકા ગુજરાતના સાક્ષરોથી અજાણી નથી, કેમકે તેમણે રચેલ સંસ્કૃત, પ્રાકૃત, માગધી, અપભ્રંશ ગુજરાતી, હિન્દી, બંગાળી અને અન્ય ભાષાઓના ગ્રંથોની સંખ્યા ઘણી મોટી છે,

અનેક સંપ્રદાયો, માન્યતાઓ અને ધર્મ–વૈવિધ્ય એ ગુજરાતનું આગવું લક્ષણ છે, જેના પ્રતીક રૂપે વિવિધ દેવ–દેવીઓની પૂજા અહીં પ્રચલિત છે, જેના દ્વારા **સમ્રાટ પ્રિયદર્શી** મહારાજાએ ઉપદેશેલી સર્વધર્મ–સહિષ્ણુતાનો સચોટ પુરાવો અહીં મળે છે,

જગતના પ્રાણીમાત્રની રક્ષા તેમજ કલ્યાણનો પ્રશસ્ત માર્ગ જણાવનાર ભાવીસમા તીર્થંકર શ્રી **નેમિનાથપ્રભુનાં** ત્રણ કલ્યાણકો ગરવી ગુજરાતના ગૌરવસમા શ્રી ગિરનાર ગિરિરાજ ઉપર થયાં હતાં.

ઇતિહાસ સિદ્ધ એ હકીકત છે કે–

જૈનધર્મની જાહોજલાલી જગવનારી વિવિધ પ્રવૃત્તિઓ પણ અહિં પૂરજોશમાં વિકસી છે.

અનેક રાજા–મહારાજાઓ, અધિકારીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓએ અનેક નાના–મોટાં ચૈત્યો અને દેવાલયો બંધાવ્યાં.

પરમાર ચાવડા, સોલંકી, ચૌલુક્ય, વાઘેલા વગેરે વંશના રાજાઓ જૈન ધર્મના રસિયા હતા. મંત્રી **નિંબ**, સેનાનાયક **નેઢ**, મંત્રીશ્વર દંડનાયક **વિમલ**, મહાઅમાત્ય **મુંજાલ**, મહામંત્રી **સાંતુ**, અમાત્ય **આશુક**, મહામંત્રીશ્વર **ઉદયન**, **આંબડ**, **બાહડ**, **સાન્જણ**, **સોમ**, **ધવન**, **પૃથ્વીપાલ**, મન્ત્રીશિરોમણિ **વસ્તુપાલ–તેજપાલ**, **સમરાશાહ** વગેરે ઘણા જૈનવણિકો રાજશાસન કરનારા થયા છે.

આ લોકોએ ગુજરાતના રાજતંત્રને સુસંગઠિત, સુપ્રતિષ્ઠિત અને સુવ્યવસ્થિત બનાવવામાં અદ્‌ભુત બુદ્ધિકૌશલ અને રણશૌર્ય પ્રદર્શિત કર્યું છે.

જૈનોએ પોતાની રાજનૈતિક પ્રતિભાના બળે **અણહિલપુર**માં વિકસેલ **ગુર્જર**–રાજ્યને મહારાજ્યની પ્રતિષ્ઠા સમર્પિત કરી, જેના પરિણામે ગુર્જર દેશ કે જેની ભારતમાં વિશિષ્ટ ખ્યાતિ ન હતી, તેને બળવાન અને સુવિશાળ રાષ્ટ્ર થવાનું ગૌરવ પ્રાપ્ત થયું.

લાટ, **આનર્ત**, **સૌરાષ્ટ્ર**, **અર્બુદ**, **કચ્છ**–આ બધા ઇતિહાસ–પ્રસિદ્ધ અને જગ વિખ્યાત સમૃદ્ધિપૂર્ણ પ્રાચીન દેશોને **અણહિલપુર**ના એકછત્ર નીચે લાવી સુસંબદ્ધ કરવામાં તથા એક સંસ્કૃતિ અને એક ભાષા વડે તે બધી પ્રજાના આપસના મતભેદો ભુલાવી એક મહાગુર્જરની પ્રજાના રૂપમાં સંગઠિત કરવામાં જૈન વ્યાપારીઓ અને જૈન શાસનકર્તાઓએ ભાગ ભજવ્યો છે, તે અત્યંત મહત્વ–પૂર્ણ છે.

ગુજરાતના વિશિષ્ટ શિલ્પ–સ્થાપત્યની સમૃદ્ધિવાળા મંદિરોનું નિર્માણ તે વખતના સંઘ ધુરંધરોએ જે મહત્વપૂર્ણ દૃષ્ટિથી કર્યું, અને પ્રભુ–ભક્તિની મહત્વાકાંક્ષાને જાગૃત રાખવાની આચાર્યોએ આપેલ પ્રેરણા મુજબ લક્ષ્મીની સાર્થકતાને ધ્યાનમાં રાખી શ્રાવકોએ જે દ્રવ્યનો સદુપયોગ કર્યો, તેના લીધે ગુજરાતમાં હજારો જૈન મંદિરોનું નિર્માણ થયું, અને લાખો મૂર્તિઓની પ્રતિષ્ઠા થઇ.

ગુજરાતમાં નાના–મોટા ગામોમાં અનેક જૈન મંદિરોના નિર્માણ દ્વારા ગુજરાતની સ્થાપત્ય કલાનો અદ્‌ભુત વિકાસ પણ થયો.

આ રીતે ગુજરાતમાં વસતા જૈનોએ ગુજરાતના ઉત્કર્ષ માટે જે ફાળો આપ્યો છે, તે આજે ફળતો અને ફાલતો નરી આંખે જોઈ શકાય છે.

ગુજરાતના સદ્‌ભાગ્યે મધ્યકાલીન ગુજરાતના સુવર્ણયુગના સ્રષ્ટા તરીકે વિખ્યાત **મૂળરાજ, સિદ્ધરાજ,** અને **કુમારપાળ** જેવા ત્રણ રાજવીઓએ માત્ર ગુજરાતની હદ વિસ્તારી એટલું જ નહિં, પણ એની સાંસ્કૃતિક-ભૂમિકાનો પાયો દૃઢ કર્યો, અને કળા, શિક્ષણ તેમજ ધર્મરૂપ ત્રિવેણીના સર્જનમાં અગ્રેસર પદવી મેળવી.

ગુજરાતનું અર્થતંત્ર ઘણા પ્રાચીન કાળથી વ્યાપાર અને ઉદ્યોગમાં આગળ વધેલું હતું. પશ્ચિમની પ્રજા જ્યારે સુધરેલી ન હતી ત્યારે પશ્ચિમ હિંદના શિરોમણિ સમા ગુજરાતે જાહોજલાલીનું મધ્યાહ્ન જોયું હતું.

ગુજરાતના લોકો દરિયો ખેડતા, નાણાંની ઉથલપાથલ કરતા, જમીન અને દરિયાઈ માર્ગે હજારો માઇલથી બહુમૂલ્ય સામગ્રી દેશમાં લાવતા, પશ્ચિમના લોકો જ્યારે કપાસ એ શું છે? તેનાથી તદ્દન અજાણ હતા, ત્યારે ગુજરાતમાં વિવિધ પ્રકારનાં કપડાં તૈયાર થતા અને બહારના દેશોમાં એ કપડાં સોનાના ભાવે વેચાતાં.

ઈસ્વીસનની શરૂઆત પણ થઈ ન હતી, તે પહેલાં ગુજરાતના બંદરો પૂર્ણ રીતે ખીલેલાં હતાં.

હ્યુ-એન-સંગ નામના મુસાફરે જણાવ્યું છે કે **"ગુજરાતની કુદરતી સમૃધ્ધિ સિવાય ત્યાંના લોકોની વ્યાપારી બુદ્ધિ એટલી બધી જવલંત હતી કે તેઓ તે સમૃદ્ધિમાં અવર્ણનીય રીતે વધારો કરી રહ્યા હતા".**

ગુજરાત ભાવના પ્રધાન દેશ છે, ગુજરાતીઓમાં હૃદયની પ્રધાનતા છે. લલિત કળા પ્રત્યેનો ઘણો અનુરાગ છે. તેઓ પ્રકૃતિ પ્રિય છે, તેમનું હૈયું પ્રકૃતિ સાથે મળેલું છે. પ્રકૃતિમાં થતાં પરિવર્તનોની અસર તેમનાં હૃદય ઉપર ઘેરી થાય છે. તેઓ ભાવુક હોય છે, તેનું પ્રમાણ તેમનાં ખાન-પાન, રહેણીકરણી વગેરેથી આપણે જોઈ શકીએ છીએ. ગુજરાતનું સાહિત્ય મહદ અંશે પ્રકૃતિની છાયાવાળું લખાયું છે.

આવા આ રળિયામણા પ્રદેશના મહિમાને કવિઓએ ઘણા ઘણા રૂપમાં બિરદાવેલ છે. મુક્ત-મને તેની પ્રશંસા કરતાં કહ્યું છે કે—

ગૂર્જર શુભ અમારો દેશ
ગૂર્જર શુભ અમારો દેશ
સર્વ દેશોથી વિશેષ
ગૂર્જર શુભ અમારો દેશ

હિન્દુ વર્ણો દયા કરે રે, જેનો સૌથી વિશેષ
મંદિરો સહુ ધર્મના રે, પૂર્ણ રસાળ પ્રદેશ....ગૂર્જર.
આંબાનાં વૃક્ષો ઘણાં રે, ટાળે તન મનના ક્લેશ...
કુદરત વનરાજિ રાજે ઘણી રે, આનંદ આપે હંમેશ....ગૂર્જર.
આંબલી રાયણ પીપળા રે, વડ બાવળનાં ઝાડ
જાંબૂડા મકરોડીઓ રે, દેખાતો નહિ તાડ....ગૂર્જર.
મૃગલાં સસલાં રાનમાં રે, કરતાં દોડમદોડ
ચરિત્ર લાયક ભૂમિની રે, જગમાં જડે ન જોડ...ગૂર્જર.
પંખીઓ નિર્ભય રહે રે, કરતા સુખ કલ્લોલ
પશુઓને ચારો ઘણો રે, આર્ય દેશ અમોલ....ગૂર્જર.
સાધુ સંત ઘણા વસે રે, વસતા ધર્મી લોક
સાધુ ભકત આ દેશમાં રે, પાપી જન તો સ્તોક....ગૂર્જર.

વળી આ બાબત મહત્ત્વનો ઉલ્લેખ "**આગમોદ્ધારક સ્તવ**" માં પણ મળે છે.

स्वस्तिङ्कारात् विबुधजनमहिताध्यात्मतत्त्वात् प्रकृष्टे,
धर्मार्थश्रीन्द्रियसुखभरे भारते भारतेऽस्मिन् ।
जैनेन्द्राज्ञाप्रतिहतविधया राजते सर्वमान्यः
श्री–धीप्राज्यः प्रथितमहिमा गूर्जरत्राख्यदेशः ॥

અર્થાત્–કલ્યાણને કરનારા અને પંડિત પુરુષોએ વખાણેલ અધ્યાત્મના તત્ત્વજ્ઞાનથી વધુ શોભતા તથા ધર્મને માટે લક્ષ્મી, ઇન્દ્રિયો અને સુખ વૈભવનો જ્યાં ઉપયોગ થાય છે, તેવા જ્ઞાનના પ્રકાશવાળા, આ ભારતવર્ષમાં તીર્થંકર પ્રભુની આજ્ઞા જ્યાં અપ્રતિહતપણે ફેલાઈ છે, તેવો સર્વમાન્ય બુદ્ધિ–લક્ષ્મીની વિપુલતાવાળો **ગુજરાત** નામનો મહિમાવંત દેશ શોભે છે.

---

* મન્દાક્રાન્તા છંદના ૧૨૫ પદ્યોમાં પૂ. આગમોદ્ધારકશ્રીનું સંક્ષિપ્ત જીવનવૃત્ત બતાવનાર આ સ્તવ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી સંકલિત પૂ. પં. શ્રી કંચનસાગરજી મ. સંપાદિત અલ્પ પરિચિત સૈદ્ધાન્તિક શબ્દકોશ (ભા. ૨) માં છપાયેલ છે.





પ્રકરણ–૫

ગુજરાતનો ઈતિહાસ



●

મૂળ સંસ્કૃત શબ્દ '**ગુર્જરરાષ્ટ્ર**' ઉપરથી અપભ્રંશ '**ગુજરાત**' થયું હોય એમ લાગે છે, અથવા ગુર્જરોની આ દેશમાં વધુ વસ્તી હોવાના કારણે '**ગુજરાત**' એવું નામ પડયું લાગે છે.

તેઓ હિંદુસ્તાનના વાયવ્ય ખૂણા તરફથી પંજાબ અને મારવાડના રસ્તે ગુજરાતના પ્રદેશમાં ઉતરી આવી વસ્યા હોવાનું કહેવાય છે, અને ઈતિહાસ સાક્ષી પૂરે છે કે–ગુપ્તવંશની પડતીના વખતમાં ગુર્જર સરદારો સ્વતંત્ર થયા અને રાજ્ય કરવા લાગ્યા.

અત્યારે મળી આવતી નોંધ ઉપરથી એમ જણાય છે કે—

ઈસ્વીસનની પૂર્વે ત્રીજા–ચોથા સૈકામાં કાઠીયાવાડમાં **મૌર્ય** વંશના રાજાઓનું રાજ્ય હતું,

સમ્રાટ પ્રિયદર્શી[1] તરફથી નીમાએલો સૌરાષ્ટ્રનો દંડનાયક **જુનાગઢમાં** રહી વહીવટ ચલાવતો.

સમ્રાટ પ્રિયદર્શી[1] પછી **સૌરાષ્ટ્ર** અને **ગુજરાત ગ્રીક–બાક્ટ્રિયન** રાજાઓના તાબામાં આવ્યાં, આ રાજાઓનું રાજ્ય ૧૦૦ વર્ષ ચાલ્યું.

---

* ગુજરાતની ભૂમિ ઉપર જુદા જુદા શાસકોએ પોતાની સત્તા જમાવી, શાસન ચલાવ્યું, સારા–નરસા પ્રભાવો રેડયા અને ગુજરાતને વિશિષ્ટ સ્થિતિમાં મુકવાનો જેઓએ પુરુષાર્થ કર્યો છે, તે સત્તાધારીઓનો સામાન્ય પરિચય અહીં આધુનિક ઈતિહાસના આધારે રજુ કરાય છે. (સં.)

ત્યારબાદ ઇંડો-પાર્થીઅન વંશનું રાજ્ય થયું; તે વંશના રાજાઓ ગુજરાતમાં અધિકારીઓ મોકલતા-જે **ક્ષત્રપ** કહેવાતા, પાછળથી તેઓ પોતેજ સ્વતંત્ર સત્તાધીશ રાજાઓ બની બેઠા.

આ **ક્ષત્રપ** રાજાઓની રાજધાની **માળવામાં** હતી અને **સુરત** સુધી તેમણે સત્તા જમાવી હતી. પ્રાચીન ગ્રંથોમાં **"ત્રીજા ક્ષત્રપ રાજા રૂદ્રદામનનો એક અમલદાર ગુજરાત, સૌરાષ્ટ્રનો અધિકારી હતો."** એવી નોંધ મળે છે.

ક્ષત્રપો પછી **ગુપ્તવંશના** રાજાઓનું રાજ્ય થયું. તેમની રાજધાની **કનોજમાં** હતી. વિક્રમ સંવત્ ૩૧૩ માં **ગુપ્તવંશના** રાજા **ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યે ભરૂચ** સુધી આવી **ગુજરાત અને કાઠીયાવાડ** પર શાસન જમાવેલ.

આ **ગુપ્તવંશના** સેનાપતિ **ભટ્ટાર્કે** વિ. સં. ૩૯૬ માં **વલ્લભી**રાજ્ય સ્થાપ્યું હોવાનું કહેવાય છે.

વિ. સં. ૬૭૦ સુધી **ગુજરાત** ઉપર **વલભીવંશના** રાજાઓનો અમલ રહ્યો હોવાનું જણાય છે.

આ વંશનો છેલ્લો **રાજા શિલાદિત્ય** થએલ, તેનું રાજ્ય **સીથીઅન** (હાલ જેઓ કાઠી તરીકે ઓળખાય છે તે) લોકોએ ચઢાઈ કરી લઇ લીધું હોવાનું મનાય છે.

વલભીપુરમાંથી નાસી છુટેલા કે પછી બીજા કોઇ સાહસિક રજપૂતે **ગુજરાતના** અતિપ્રખ્યાત **શ્રીશંખેશ્વર** મહાતીર્થ પાસેના **પંચાસર** ગામમાં રાજ્ય સ્થાપ્યું.

આ રાજાઓ **ચાવડા** વંશના હતા. વિ. સં. ૭૫૨ માં અહીં **જયશિખરી** નામે રાજા હતો.

આ વખતે **કનોજ** દેશના **કલ્યાણનગર**માંના **સોલંકી વંશના ભૂવડ** નામના રાજાએ મોટા લશ્કર સાથે **પંચાસર** ઉપર ચઢાઇ કરી, ભાવિ-યોગે તેમાં **જયશિખરી** મરાયો, અને તેની સગર્ભા રાણી ભાગીને જંગલમાં ગઈ, જંગલમાં વૈશાખ શુદ ૧૫ના દિવસે રાજકુમારનો જન્મ થયો-તે ઉપરથી તેનું નામ **વનરાજ** પડ્યું.

તે વખતના યતિ **શ્રી શીલગુણસૂરિ** મ. જંગલમાં ઝાડપર બાંધેલા કપડાના હીંચકામાં સૂતેલા છ મહીનાના **વનરાજ** ઉપરથી સૂર્ય ફરવા છતાં ઝાડની છાયા ન ખસતી જોઈને કુતૂહલથી ધારીને જોતાં બાળકની રેખાઓ અને સુંદર લક્ષણોથી 'ભવિષ્યમાં કોઇ મહાન વ્યક્તિ થશે' એમ ધારી તેની માતા (રાણી)ને ઉપાશ્રયમાં આશ્રય આપ્યો.

કાલક્રમે **વનરાજે** પોતાના **મામા સુરપાળ** સાથે વ્યવસ્થિત તૈયારી કરી **ભુવડને**

હરાવી **પંચાસરનું** પોતાનું પૈતૃક રાજ્ય પાછું મેળવ્યું, પણ પોતાની રાજધાની તરીકે આજે જ્યાં **પાટણ** શહેર છે ત્યાં **અણહિલ** નામના ઉપકારી ભરવાડના નામ ઉપરથી **અણહિલવાડ** નામે **વિ. સં. ૮૦૨ ના ચૈત્ર વદ-૨** ને રોજ નગરી વસાવી.

પોતાની માતાને ખરે વખતે આશ્રય આપી ઉપકાર કરનારા **શ્રી શીલગુણસૂરિ** મ.ને ઉપકારી તરીકે માની **પંચાસર**થી તેઓના ઇષ્ટ ઉપાસ્ય દેવ **શ્રીપાર્શ્વનાથ** પ્રભુના સુંદર બિંબ સાથે **પાટણ**માં લાવવામાં આવ્યા.

તે **શ્રીપાર્શ્વનાથ** પ્રભુનું બિંબ **પંચાસરા** પાર્શ્વનાથ તરીકે આજે પણ **પાટણ** શહેરમાં બિરાજમાન છે, લાખ્ખો રૂપિઆ ખર્ચીને તેનો જીર્ણોદ્ધાર હાલમાં થયો છે અને તેના સ્થાને નવું સુંદર જિનાલય તૈયાર થયું છે.

વનરાજે પોતાના વનવાસ દરમિયાન આર્થિક સહાયતા આપનાર **ચાંપરાજ** શેઠને મંત્રીશ્વર બનાવ્યો, તેના નામ ઉપરથી **ચાંપાનેર** વસાવ્યું, **વનરાજ** ૬૦ વર્ષ રાજ્ય ભોગવી ૧૧૦ વર્ષનું લાંબું આયુષ્ય પૂર્ણ કરી વિ. સં. **૮૬૨** માં સ્વર્ગવાસી થયો,

તે પછી વિ. સં. ૮૬૨ થી ૯૯૮ સુધી **યોગરાજ, ક્ષેમરાજ, ભુવડ, વીરસિંહ, રત્નાદિત્ય** અને **સામંતસિંહ** ગુજરાતની રાજ્યગાદીએ આવ્યા.

સામંતસિંહને પુત્ર ન હોવાથી પોતાના ભાણેજ **મૂળરાજ** સોલંકીને દત્તક લીધો. પણ રાજ્યના લોભથી મામાને મારી **વિ. સં. ૯૯૮** માં તે પોતે ગાદીએ બેઠો, ત્યારથી ગુજરાતમાં **સોલંકી**-વંશનું રાજ્ય થયું.

મૂળરાજ સોલંકીએ ગુજરાતની આણ ચોતરફ ફેલાવી, તે ચુસ્ત શિવ—ભક્ત હતો, તેમજ વિદ્યા-પ્રેમી પણ હતો, ઉત્તર-પ્રદેશના વિદ્વાન બ્રાહ્મણોને સન્માન પૂર્વક તેડાવી **શ્રીસ્થલ** (સિદ્ધપુર), **ખંભાત, શિહોરમાં** વસાવ્યા.

હિંદુઓને પવિત્ર નદી તરીકે માન્ય **સરસ્વતી** નદીના કાંઠે વસેલ **શ્રીસ્થલ-સિદ્ધપુરમાં** શિવ-ભક્તિના પ્રતીક તરીકે મોટું, ઊંચું, ભવ્ય કલા-સમૃદ્ધ **રુદ્રમહાલય** નામે મંદિર બાંધવાની શરૂઆત કરી, તે પુરું થતાં પહેલાંજ **મૂળરાજ** ૫૫ વર્ષ રાજ્ય કરી **વિ. સં. ૧૦૫૩**માં સ્વર્ગવાસી થયો.

આ મંદિરના ખંડેરો આજે પણ સિદ્ધપુરમાં રૂદ્રમાળના ખંડેરો તરીકે ઓળખાય છે.

મૂળરાજ પછી વિ. સં. ૧૦૫૩ થી ૧૧૨૮ સુધી **ચામુંડ, વલ્લભસેન, દુર્લભસેન** અને **ભીમદેવ** (પ્રથમ) એમ ચાર રાજા થયા.

આ રાજાઓના વખતમાં **મહમ્મદ-ગિઝની સોમનાથ**-મહાદેવના મંદિરને તોડવા ચઢી આવ્યો હતો.

વલ્લભસેને તથા **ભીમદેવે** તેની સાથે લડાઇ કરી, છતાં **મહમ્મદ-ગિઝનીએ સોમનાથનું** મંદિર તોડયું અને લૂંટીને પાછો ગયો, ત્યાર પછી **ભીમદેવે** પોતાનું રાજ્ય પાછું સંભાલ્યું.

આ વખતે **અજમેરના** રાજા **વિશલદેવ** ચૌહાણે બીજા રજપૂત રાજાઓ સાથે મંત્રણા કરી યોગ્ય સહકાર મેળવી મુસલમાનોના કબજામાં રહેલ પ્રદેશને જીતી મુસલમાનોને ભારતમાંથી હાંકી કાઢવા ઝુંબેશ ઉપાડી, તેમાં ભાવિ-યોગે **ભીમદેવે** સહયોગ ન આપ્યો, તેથી છંછેડાએલા **અજમેરના** રાજા **વિશલદેવે** ગુજરાત પર ચઢાઇ કરી, તે પ્રસંગે થયેલ યુદ્ધમાં **ભીમદેવ** હાર્યો.

જે સ્થળે **વિશલદેવે** વિજય મેળવ્યો, તે સ્થળે પોતાના નામથી વિ. સં. ૧૦૮૦ લગભગમાં **વિસલનગર** શહેર વસાવ્યું, જે આજે **વિસનગર** કહેવાય છે.

આ **ભીમદેવના** સમયમાં **ચંદ્રાવતીના** રાજા અને **પાટણના દંડનાયક વિમલશાહે આબુ** ઉપર અને **કુંભારિયામાં** પૂ. આ. શ્રી **ધર્મઘોષસૂરીશ્વરજી**મ.ની પ્રેરણાનું પાન કરી શ્રી વીતરાગ પ્રભુ પ્રત્યેની અપૂર્વ ભક્તિથી ભવ્ય નમૂનેદાર કોતરણીવાળા શિલ્પ-સમૃદ્ધ દહેરાસરો બંધાવ્યાં.

ભીમદેવ (પહેલા) પછી વિ. સં. ૧૧૨૮ માં રાજા **કર્ણ** ગાદીએ આવ્યો, તેણે **મોઢેરાનું** દેવલ અને **કરણસાગર** તળાવ બંધાવ્યું, તેની રાણી **મીનલદેવીએ ધોળકાનું** તળાવ અને **વીરમગામનું મુનસર** તળાવ બંધાવ્યું.

કરણરાજ પછી તેનો પ્રતાપી પુત્ર **સિદ્ધરાજ-જયસિંહ** વિ. સં. ૧૧૫૦ માં ગુજરાતની ગાદીએ આવ્યો.

સિદ્ધપુરનું મૂળનામ **શ્રીસ્થળ** હતું, પણ **સિદ્ધરાજે** તેનો પુનરુદ્ધાર કર્યો-ત્યારથી તે **સિદ્ધપુર** કહેવાયું, **સિદ્ધરાજે પાટણમાં સહસ્રલિંગ** તળાવ બંધાવ્યું તથા પોતાના પૂર્વજ **મુળરાજે** બંધાવવા શરૂ કરેલું, પણ અધૂરું રહેલ **રૂદ્રમહાલય** મંદિર બંધાવી પૂર્ણ કર્યું.

આ **સિદ્ધરાજે** પોતાની પાછળ **કુમારપાલ** ગાદીએ ન બેસે-તે ખાતર **કુમારપાલને** મારી નાખવાના અનેક પ્રયત્નો કરેલા, પણ પુણ્યયોગે **કુમારપાલ** દરેક વખતે બચી જતા, છેવટે પોતાના બનેવીની લાગણીથી **કુમારપાલ** વિ. સં. **૧૧૯૯**માં ગુજરાતની ગાદીએ આવ્યા.

મહારાજા કુમારપાલે સિદ્ધરાજના ઉપદ્રવ વખતે નાસ-ભાગમાં જેટલા પોતાનાં ઉપકારી હતા, તે બધાને યાદ કરી કરીને તે-બધાંનું યોગ્ય સન્માન કરેલ, સૌથી વધુ ઉપકારી **શ્રી હેમચંદ્રાચાર્ય** મહારાજના તો તે અનન્ય ઉપાસક બન્યા.

તેમના ઓજસ્વી ઉપદેશ અને હિતકર માર્ગદર્શનથી પોતે જૈન-ધર્મના ચુસ્ત રાગી બન્યા.

પોતાના આખા રાજ્યમાં તેમણે—

- જીવદયા-જયણાનો વિજયધ્વજ ફરકાવ્યો.
- અઢાર દેશોમાંથી સાત વ્યસનોને સર્વથા નાબૂદ કર્યાં.
- "**મારી**" (હિંસા) શબ્દનો વપરાશ પણ બંધ કરાવ્યો.
- પશુઓને પીવાના પાણીના હવાડાઓમાં પણ ગાળેલા પાણીની વ્યવસ્થા કરાવી.

સીત્તેર વર્ષની વૃદ્ધવયે પણ શ્રાવકનાં સમ્યકત્વ મૂળ બાર વ્રતો ઉચ્ચરી યથાશકય નિરતિચારપણે પાળવા પ્રયત્ન કર્યો.

ગગન-ચુંબી જગવિખ્યાત અત્યંત ઊંચું દહેરાસર **તારંગા તીર્થમાં** બંધાવ્યું હજારો જિનાલયો બનાવ્યાં, વિવિધ રીતે સાધર્મિકોની ભક્તિ કરી.

એકંદર **મહારાજા કુમારપાલે** વિવિધ રીતે જૈન-શાસનની પ્રભાવના કરી.

પોતાના ધર્મગુરુ **શ્રી હેમચંદ્રાચાર્ય** મહારાજના સ્વર્ગવાસ પછી ટુંક સમયમાંજ (છ મહિના પછી) **વિ. સં. ૧૨૩૦**માં ૮૪ વર્ષની વયે **કુમારપાલ** મહારાજાનો સ્વર્ગવાસ થયો.

ત્યાર પછી **અજયપાળે** અને **બાળ મૂળરાજે** ટુંક સમય રાજ્ય ભોગવ્યું. પછી **ભોળો ભીમદેવ** રાજા થયો, અને તે ૬૩ વર્ષ રાજ્ય કરી વિ. સં. ૧૨૯૯ માં મરણ પામ્યો.

ભોળા ભીમદેવ પછી **ત્રિભુવનપાલ** રાજા થયો, પણ તેની રાજ્ય ચલાવવાની યોગ્યતા નહોઈ **વાઘેલા** વંશના **ધોળકાના રાણા વિસલદેવે** તેને ઉઠાડી મૂક્યો અને ગુજરાતની રાજ્ય ગાદી ઉપરથી **સોલંકી** વંશનો અંત આવ્યો, ગુજરાતનું સામ્રાજ્ય **વાઘેલા** વંશના હસ્તે ગયું.

વાઘેલા વંશમાં **વિશળદેવ** પછી **અર્જુનદેવ** અને **સારંગદેવ** રાજા થયા, છેલ્લો રાજા **કરણ (ઘેલો)** વિ. સં. ૧૩૩૫માં ગાદી ઉપર આવ્યો, પણ તેના પ્રધાન **માધવરાયની**

સ્ત્રી **રૂપસુંદરી**ના રૂપમાં મુગ્ધ બનેલ રાજા કરણે ભાવિ-યોગે મર્યાદા મૂકી છળ પ્રપંચથી **રૂપસુંદરીને** પોતાની રાણી બનાવી.

આ ઉપરથી છંછેડાએલા **માધવરાયે** બદલો લેવાના ઈરાદાથી-**દિલ્હી** જઈ ત્યાંના બાદશાહ **અલાઉદ્દીન** ખીલજીને ગુજરાતની સમૃદ્ધિનું પ્રલોભન આપી ગુજરાત પર ચડાઇ કરવા ઉશ્કેર્યો.

તેથી **અલાઉદ્દીને** પોતાના ભાઈ **અલપખાનને** મોટું લશ્કર લઈ વિ. સં. ૧૩૫૩માં ગુજરાત પર ચડાઇ કરવા મોકલ્યો, તેમાં **કરણ (ઘેલો)** હાર્યો અને પોતાની વહાલી-પુત્રી **દેવળદેવીને** લઇ ડુંગરોમાં લપાઈ ગયો.

રાણી મુસલમાનોના પંજામાં ફસાઇ પડી, તેને પકડીને દિલ્હી લઈ ગયા, **અલાઉદ્દીને** તેની સાથે લગ્ન કર્યું, મુસલમાન-ફોજોના સીતમથી **ગુજરાત** પાયમાલ થયું, પ્રજાના જાન-માલની ઘણી ખુવારી થઇ, મંદિરો તૂટ્યાં, ઘણાં મસ્જિદોમાં પલટાયાં.

ભાગી છૂટેલા **કરણ (ઘેલા)** ને ડુંગરોમાંથી મુસલમાની ફોજોએ પાંચ-છ વર્ષે પણ શોધી કાઢ્યો, પોતાનો બચાવ કરવા **કરણ** ઘણું લડ્યો, પણ છેવટે વિ. સં. ૧૩૬૦ માં મુસલમાનોના હાથે લડાઈમાં મરાયો, **કરણ (ઘેલા)** ની વહાલી પુત્રી **દેવળદેવીને** મુસલમાનો દિલ્હી લઇ ગયા, બાદશાહે પોતાના કુંવર સાથે એને પરણાવી દીધી.

- આ રીતે ભાવિની વિચિત્રતાએ **કરણ (ઘેલા)** ની પરસ્ત્રી-લંપટપણાની ભૂલથી આખા ગુજરાતમાં મુસલમાનોનો પગ પેસારો થયો, અને ગુજરાતની ગાદી અસ્ત પામી, ક્ષત્રિયોના હાથમાંની સત્તા વિધર્મીઓના હાથમાં ગઈ.

હવે પછી **ગુજરાત દિલ્હી**ના તાબેદાર શાસન કરતા બાદશાહોની સત્તા તળે આવ્યું, બાદશાહો પોતાના તરફથી ગુજરાતનો વહીવટ ચલાવવા સુબાઓને મોકલતા હતા.

કાલ-ક્રમે દિલ્હીમાં આંતરિક અવ્યવસ્થા અને કલહના કારણે શાસનતંત્ર **ખિલજી** વંશમાંથી **તઘલખ** વંશમાં ગયું.

દિલ્હીમાં મહંમદ તઘલખ જ્યારે ગાદી પર આવ્યો, ત્યારે ગુજરાતમાં મુસલમાનો સામે પ્રજાએ અને ક્ષત્રિય રાજાઓએ મળીને **દિલ્હી**ની સત્તા સામે બળવો કર્યો, પણ સત્તાના જોરથી કેદી આગળ થયેલી બપાઝપીમાં બળવાખોરોને કાબુમાં લઈ-બળવાને દબાવી દીધો.

તે પછી **ફિરોજખાન** બાદશાહ થયો, તેણે વિ. સં. ૧૪૪૭ માં **જાફરખાનને**

ગુજરાતનો સુબો બનાવી મોકલ્યો, પણ **જાફરખાન** પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપવાના ઈરાદે **દિલ્હી**ની સત્તાને અવગણી **ગુજરાત**માં મનસ્વી વહીવટ ચલાવવા લાગ્યો, **સોમનાથ** મંદિરને લૂંટયું, અને વિ. સં. ૧૪૫૯ માં **દિલ્હી**ની સત્તાને ફગાવી દઇ પોતાના પુત્ર **તાતારખાનને પાટણમાં** રાખી તેના નામથી સ્વતંત્ર બાદશાહ તરીકે પોતે બની બેઠો.

પણ કુદરતે તેનો છોકરો થોડા જ વખતમાં લઇ લીધો, તેથી વિ. સં ૧૪૬૩ માં **જાફરખાન** પોતે જ **મુજફ્ફર** નામ ધારણ કરી ગુજરાતનો સુલતાન બની ગયો.

પણ દ્રોહ અને તૃષ્ણાના પાપે તેને લાંબો કાળ ટકવા ન દીધો, ચાર વર્ષના ટૂંકા ગાળામાં જ વિ. સં. ૧૪૬૭ માં તે મરી ગયો, પછી તેના દીકરાનો દીકરો **અહમદશાહ** ગાદીએ આવ્યો, તેણે વિ. સં. ૧૪૭૧ માં પોતાના નામથી **અહમદાબાદ** (હાલનું અમદાવાદ) વસાવી **પાટણથી** રાજવહીવટ બધો ત્યાં લાવી પોતાની રાજધાની **અમદાવાદને** બનાવી.

આ બાદશાહના વખતમાં જોર-જુલમથી રજપુતોની કન્યાઓ સાથે મુસલમાનો પરણવા લાગ્યા અને રજપુતોને વટલાવવામાં આવ્યા.

તેમની **મોલેસલામ** (મૌલા-ઇસ્લામ- ધર્મપાળનારા) નામની એક જ્ઞાતિ જુદી બની, આ વખતમાં **સિદ્ધપુર** અને બીજે જે બ્રાહ્મણો અને વાણીયા વગેરેને વટલાવવામાં આવ્યા, તેઓ **વહોરા** કહેવાયા.

કાળક્રમે વિ. સં. ૧૫૧૫ માં **મહમ્મદ બેગડો** ગાદી ઉપર આવ્યો, આ બાદશાહમાં ધર્મનું અભિમાન ઘણું હતું, તેણે **જુનાગઢ** અને **ચાંપાનેર** (પાવાગઢ) બે જબરા ગઢ જીત્યા અને **દ્વારકા**ના વિશ્વ-વિખ્યાત જગતમંદિરનો નાશ કર્યો, પોતાના નામ ઉપરથી તેણે **મહેમદાવાદ** વસાવેલ.

આ રીતે ગુજરાતમાં એકતંત્રી રાજ્ય-વહીવટના બદલે મનસ્વીપણે વહીવટ ચાલતો રહ્યો, વિ. સં. ૧૫૨૯માં **સમ્રાટ અકબરે** ગુજરાત જીતી લઇ સ્વતંત્ર-રાજ્યનો અંત આણ્યો.

આ પછી મોગલાઈ-રાજ્ય-અમલ શરૂ થયો, **દિલ્હીથી** સમ્રાટ **અકબરવડે** નીમાએલ મુગલ સુબાઓ ગુજરાતનો વહીવટ ચલાવતા, પણ જાતિ-સ્વભાવને લઇને સૂબાઓ અંદરો-અંદર લડતા અને વહીવટમાં અંધેર ચાલતું.

આ બાજુ **દિલ્હીની** ગાદી ઉપર જ્યારે વિ.સં. ૧૭૧૪થી ૧૭૬૩ દરમિયાન **સમ્રાટ ઔરંગઝેબ** શાસન ચલાવતો હતો—

તે દરમિયાન **મહારાષ્ટ્રમાં છત્રપતિ શિવાજીના** વિ. સં. ૧૭૧૭ થી ૧૭૩૬ શાસન કાળ દરમિયાન મરાઠી સત્તા પ્રબળ બની હતી, **શિવાજીએ ગુજરાતમાંથી** મુસલમાનોને હટાવવા અવારનવાર ભારે પ્રયત્નો કર્યા, વિ.સં. ૧૭૨૦ અને ૧૭૨૬માં **સુરતશહેર** ઉપર ચઢાઈ કરી વિજય સાથે ખૂબ ધન મેળવ્યું, વિ.સં. ૧૭૩૬માં **શિવાજીનું** મૃત્યુ થયું.

વિ.સં. ૧૭૫૮માં મરાઠા સરદારોએ ફરીથી સુરત ઉપર આક્રમણ કર્યું.

આ પ્રમાણે અવાર-નવાર મરાઠાઓના હુમલા ગુજરાત પર ચાલુ રહ્યા.

છત્રપતિ શિવાજીના પૌત્ર શાહુમહારાજા (વિ. સં. ૧૭૬૪ થી ૧૮૦૪) ના સેનાપતિ **ખંડેરાવ-દાભાડેએ** વિ. સં. ૧૭૬૧માં મુસલમાનો સાથે સખત ટક્કર ઝીલી-મુસલમાનોને હરાવી-તગેડી મૂક્યા, તેમજ વિ સં. ૧૭૬૮માં સુરતથી ઔરંગાબાદ બાદશાહનો બંદોબસ્ત લઈને જઈ રહેલા **ઈબ્રાહીમને દાભાડેએ** હરાવી બંદોબસ્ત કબજે કર્યો.

આ વખતે **નિઝામ-હૈદરાબાદરાજ્ય-સ્થાપક અસોફ્જા** અને **સૈયદ સૂબા-આલમ અલીખાનને** સેનાપતિ **દાભાડેએ** મદદ કરી, તે લડાઈમાં **દામાજીરાવ ગાયકવાડ** નામના સૈનિકે ખૂબજ વીરતાભર્યું પરાક્રમ દર્શાવેલ, જે ઉપરથી ખુશ થયેલા **સેનાપતિ દાભાડેએ શાહુમહારાજા** આગળ તેની ખૂબ પ્રશંસા કરી. જેથી **શાહુમહારાજે દામાજી** ગાયકવાડને **સમશેરબહાદુરના** ઈલ્કાબથી નવાજ્યો અને લશ્કરમાં સારી પ્રતિષ્ઠિત પદવી પર નિમણુંક કરી.

થોડા સમયે **ખંડેરાવ-દાભાડે** મર્યા પછી તેના પુત્ર **ત્રંબકરાવને** સેનાપતિપદ મળ્યું, અને **દામાજી ગાયકવાડની** જગ્યા તેમના ભત્રીજા **પીલાજીરાવને** મળી.

આ **પીલાજીરાવ** જ ગાયકવાડી રાજ્યના મૂળ સ્થાપક મનાય છે.

તે વખતે **સોનગઢ** મેહવાસી **ભીલ** લોકોના તાબામાં હતું, તેમની પાસેથી **પીલાજીરાવે** વિ. સં. ૧૭૭૫માં તેનો ડુંગર કબજે કરી ત્યાં કિલ્લો બનાવ્યો, **ગાયકવાડ સરકારની મૂળ ગાદી અહીં સ્થાપી.**

વિ. સં. ૧૭૮૬માં **બાબીઓ** પાસેથી **વડોદરા** જીતી લઈ પોતાની રાજધાની તરીકે તેને બનાવીને **પીલાજીરાવે** ગુજરાતમાં **ગાયકવાડી**-રાજ્યની શુભ સ્થાપના કરી.

આ પછી **પીલાજીરાવ** અને **બાજીરાવ-પેશ્વા** વચ્ચે લડાઈ થઈ, તેમાં પેશ્વા હારી ગયા, ફરી **ભીલપુર** આગળ લડાઈ થઈ, તેમાં સેનાપતિ મરણ પામ્યા, પરિણામે **પેશ્વાની** સત્તા **મરાઠાઓ** ઉપર નામની રહી.

આ લડાઈ પછી પેશ્વા **બાજીરાવ** પોતાની રાજધાની **સતારા** (પૂના) લઇ ગયા અને **મરાઠાઓ** વધુ અનિષ્ટ ન કરે–તેથી કુનેહ વાપરી મરી ગયેલા **મરાઠા** સેનાપતિની જગા તેના બાલ–પુત્ર **જસવંતરાવને** આપવાનું જાહેર કરી તેના વાલી તરીકે તેની માને નીમી અને તેમના તરફથી બધો વહીવટ ચલાવવા માટે **પીલાજીરાવ ગાયકવાડને "સેનાખાસખેલ"**નો ઇલકાબ આપી નીમ્યા અને ગુજરાતનો તમામ વહીવટ બાળ–સેનાપતિવતી **પીલાજીરાવને** સોંપ્યો.

વિ.સં. ૧૭૮૭માં ગુજરાતના સૂબા **શેરબુલંદખાને** કરેલ **મરાઠાઓ** સાથેના કોલ–કરાર **દિલ્હીના** બાદશાહને પસંદ ન પડવાથી **દિલ્હીથી** બાદશાહે **શેરબુલંદખાનને** હઠાવવા માટે **જોધપુરના** મહારાજા **અભયસિંહજીને** ગુજરાતના સુબેદાર નીમી મોટું લશ્કર લઈ ગુજરાત મોકલ્યો.

તેણે લડાઈ કરી **શેરબુલંદખાનને** હરાવી **અમદાવાદ** કબજે કરી **વડોદરા** જીતી લઇ કેટલાક કિલ્લા કબજે કર્યા અને **વડોદરાનો** અધિકાર **બાબી મહમ્મદ–બહાદુરખાન** (શેરખાન)ને સોંપ્યો. આ ખબર પડતાં જ **પીલાજીરાવે** મોટી ચડાઇ કરી,

બાદશાહના કેટલાક મુખ્ય કિલ્લાઓ કબજે કર્યા, આથી ગુસ્સે થયેલા **અભયસિંહે** દગો કરી **પીલાજીરાવને** વિ.સં. ૧૭૮૮માં મરાવી નંખાવ્યો, પણ **પીલાજીરાવના** પુત્ર **દામાજી** ગાયકવાડે વિ.સં. ૧૭૯૦માં **શેરખાન–બાબી** પર આક્રમણ કરી **વડોદરાનો** કબજો લીધો, ત્યારથી અખંડપણે ગાયકવાડની રાજસત્તા **વડોદરામાં** સ્થિર બની,

દામાજીરાવે વડોદરા ઉપરાંત બીજાં ઘણાં શહેરોનો કબજો **બાબી** લોકો પાસેથી મેળવ્યો, **ગુજરાતમાં** રહેલા મોગલ સૂબાઓને હંફાવ્યા અને ધીરે–ધીરે **મોગલ સામ્રાજ્ય** અસ્ત થવા પામ્યું,

આ અરસામાં કેટલાક મુસલમાન ઉમરાવો સ્વતંત્ર પોતાનું રાજ્ય સ્થાપવા લાગ્યા, તેમાં **કમાલુદ્દીન** બાબી **અમદાવાદનો** કબજો કરી જામી પડ્યો, પણ **ગાયકવાડ** અને **પેશ્વા** બંનેએ ભેગા મળી **કમાલુદ્દીનને** હંફાવી **અમદાવાદથી** ભગાડ્યો, **પાટણ, વીસનગર** અને **વીજાપુર** સિવાય બાકી તમામ **ગુજરાત** પર ગાયકવાડની સત્તા સ્થપાઇ.

વિ. સં. ૧૮૧૯માં **કમાલુદ્દીન** પાટણમાંજ મરી ગયો, પછી **દામાજીરાવે વીસનગરમાં** રહેતા બાબી રાજકર્તાઓ પર કુનેહથી ચારે બાજુથી ભીંસ લેવા રૂપે ચડાઇ કરી, વીસ મહિના સુધી કિલ્લાની મજબુતાઇને લીધે **બાબીઓએ** ટક્કર ઝીલી.

છેવટે **કાંકરેજી કોળીઓ** (જેમને પૈસાના બળે **બાબીઓએ** લશ્કરમાં ભરતી કરેલ)

ના વિદ્રોહ અને અંદરના મતલેદોથી ન છૂટકે બાબીઓને બિનશરતી શરણાગતિ **દામાજીરાવના** ચરણે લેવાની ફરજ પડી

દામાજીરાવે ઉદારતાથી **બાબી** લોકોને પોતાની માલ-મિલ્કત **પાટણ, વિસનગર** વગેરેમાંથી લઈ જવા દીધી અને **સમી, રાધનપુર** તથા નાનાં ત્રણ-ચાર ગામ તેમને કબજે રહેવા દઇ બાકીનો આખો પ્રદેશ **ગાયકવાડી** સત્તા તળે લીધો.

આ પ્રમાણે વિ. સં. ૧૮૨૨માં **પાટણ, વિસનગર, વીજાપુર** અને **મહેસાણા** પ્રાન્તનો ઘણો ભાગ **ગાયકવાડના** તાબામાં આવ્યો.

પણ વિ. સં. ૧૮૧૯માં **ગુજરાતમાં મરાઠાઓની** સત્તાનો અન્ત આવવા માંડયો અને **કંપની સરકારની** સત્તા સર્વોપરી બનવા લાગી, એટલે **ગાયકવાડનું** રાજ્ય **અંગ્રેજોના** તાબાના રાજ્ય જેવું બની ગયું. ત્યાંના મહારાજા અને **બ્રિટીશ** રેસિડેન્ટ વચ્ચે કેટલીક વાર ઝઘડા પણ થતા.

વિ. સં. ૧૯૨૬ (ઇ. સ. ૧૮૭૦) માં ગાદીએ આવેલ મહારાજા **મલ્હારરાવના** સંબંધો **બ્રિટિશ** રેસિડેન્ટ **કર્નલ ફ્રેરે** સાથે બગડવાથી તેણે વિરૂદ્ધ રિપોર્ટ કર્યો. ઝઘડો નિવારવા માટે **વડોદરા** રાજ્ય **મુંબઇ સરકાર** પાસેથી લઇને **કલકત્તા** સરકારના હાથ નીચે મૂકાયું.

પછી **કર્નલફ્રેરેના** આક્ષેપના આધારે **બ્રિટીશ** સરકારે **મલ્હારરાવને** રાજ્ય-કારભાર ચલાવવા ગેરલાયક ઠરાવી તેઓને પદભ્રષ્ટ કર્યા.

આ રીતે વિ.સં ૧૯૨૯ (ઇ.સ.૧૮૭૩) પછી **ગુજરાતમાં** છુટા-છવાયા અવસરનો લાભ લઈ **અંગ્રેજોનું** શાસન સ્થિર થવા માંડયું, અને વિ.સં. ૧૩૬૦ લગભગ **કરણઘેલાના** વખતથી અવ્યવસ્થાથી અસ્થિર થયેલ **ગુજરાતના** શાસનતંત્રનો લાભ વિધર્મી સત્તાએ ઘણો લીધો.

પરંતુ પૂજ્ય **ચરિત્રનાયકશ્રી** જેવા મહાન્ પ્રભાવક પુણ્યશાલી મહાપુરુષના જન્મના બે વર્ષ પહેલાં ગુજરાતની રાજકીય પરિસ્થિતિ થાળે પડવા આવી હતી. **આ પણ મહાપુરૂષોનો એક અગમ્ય મહિમા ગણી શકાય.**

પ્રકરણ–૬

ગુજરાતનો વિહંગમ પરિચય

卐

કેટલાક વિદ્વાનોની દૃષ્ટિએ ભારતને ત્રણ વિભાગમાં વહેંચી શકાય,

(૧) ગંગા ને **યમુનાના** તટનો પ્રદેશ તે પૂર્વ–સમુદ્ર સુધીનો,

(૨) **યમુનાથી ગોદાવરી** સુધી તે પશ્ચિમ–સમુદ્ર સુધીનો,

(૩) **ગોદાવરીની** દક્ષિણનો પ્રદેશ.

આમાંથી ત્રીજો વિભાગ–જેમાં **રજપુતાના, મધ્યપ્રાન્તો, ગુજરાત** વગેરેનો સમાવેશ થાય છે, તે ઘણી વખત એકચક્રી રાજ્ય નીચે રહેલા છે, તેમાં ઘણે અંશે એક પ્રકારની રીતભાત અને બોલી પ્રવર્તે છે. છતાં આ આખા વિભાગમાં **ગુજરાતનું** વ્યક્તિત્વ નિશાળું અને મોહક દેખાય છે.

ભારતના પશ્ચિમ કિનારાના આ પ્રદેશનાં નામ અને સીમા વારંવાર બદલાતાં રહ્યાં છે.

ભારતના નંદનવનના નામથી ઓળખાતો આ પ્રદેશ દરિયાથી કયાંય સો માઈલથી દૂર નથી, કેટલીક જાતિઓએ આ વિસ્તારને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું છે.

રજપુતાનામાં ગુર્જર નામે ઓળખાતું સ્થળ કે એ નામનો જે પ્રદેશ આવેલો હતો, ત્યાંના વીર યોદ્ધાઓએ માત્ર ઉત્તરના જ નહિ, દક્ષિણના પણ ઘણા મોટા વિસ્તાર ઉપર પોતાની હકુમત જમાવી હતી.

આ ઉપરથી જ્યાં તેમણે ચાર–પાંચ સદીથી વધુ સમય સુધી રાજ્ય કર્યું હતું. તે દેશ સ્વાભાવિક–ક્રમે '**ગૂર્જર**' '**ગૂર્જરભૂમિ**' અને '**ગૂર્જરદેશ**' તરીકે ઓળખાવા લાગ્યો, પછી આ

ગૂર્જરમંડળ 'ગૂર્જરસત્તા' નામે વપરાતો થયો, તેમાંથી ગૂર્જરત્તા, ગૂજ્જરત્તા થઈ 'ગુજરાત' બન્યું લાગે છે.

અત્યારે ઓળખાતા **ગુજરાતનો** અને તેની સીમામાં કયા પ્રદેશોનો સમાવેશ થાય છે. તેનો નિર્ણય તેમાં વસતા લોકોની માતૃભાષાના ધોરણે મુખ્યત્વે કરી ઈ. સ. ૧૯૬૦ની મે–ની પહેલી તારીખે **'ગુજરાત–રાજ્ય'** ના રૂપમાં થયો છે.

આમાં ઉત્તર અને દક્ષિણ ગુજરાત તરીકે ઓળખાતા પ્રદેશનો તેમજ અગાઉના **વડોદરા** રાજ્ય અને **કચ્છ–સૌરાષ્ટ્રનો** સમાવેશ થાય છે.

ભારત દેશની ઐદંયુગીન સુધારા પ્રમાણે થયેલી વ્યવસ્થા મુજબ પંદરમા રાજ્યનું સ્વરૂપ પામેલ આ **ગુજરાતનો** પ્રદેશ **ભારતના પશ્ચિમ** કિનારે ૨૦,૧° થી ૨૪,૭° ઉત્તર અક્ષાંશ અને ૬૮,૪° થી ૭૪,૪° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો છે.

તેની પશ્ચિમે **અરબી** સમુદ્ર, પૂર્વમાં **રાજસ્થાન**, દક્ષિણ–પૂર્વમાં **મધ્યપ્રદેશ**, અને દક્ષિણે **મહારાષ્ટ્ર** આવેલા છે.

આ ગુજરાત રાજ્યનો વિસ્તાર ૧૭૪૦૩૫ ચો. કી. મી. નો છે, જેમાં ૨,૩૯,૭૯,૯૦૦ એકર જમીન ખેડાણ લાયક છે, તથા ૧,૨૪,૫૭,૮૦૦ એકર જમીન વેરાન છે, વળી ૨૧૦૮૬૦૦ એકર જમીન જંગલોની છે.

બનાસ, સરસ્વતી, સાબરમતી, મહી, નર્મદા અને **તાપી** જેવી મોટી નદીઓ તેમજ **મચ્છુ, આજી, ખારી, શેત્રુંજી, મહોર, દમણગંગા** વગેરે નાની પણ સમૃદ્ધ નદીઓથી વીંટળાયેલ આ રાજ્યની ટુંક માહિતી નીચે મુજબ છે....

ગુજરાત રાજ્યનું સંક્ષિપ્ત દર્શન

(૧) ક્ષેત્રફળ—	૧૧૬૯૩૧ ચો. મા.	(૫) શહેરો—	૧૭૫
(૨) જિલ્લા—	૧૯	(૬) જનસંખ્યા—	૨૬૬૬૯૨૯
(૩) તાલુકા—	૧૮૫	(૭) બંદરો—	૫૨
(૪) ગામ—	૧૯૦૧૭	(૮) હવાઈ મથકો—	૧૬

ઇતિહાસમાં મહત્વનું સ્થાન પ્રાપ્ત કરનાર આ રમણીય પ્રદેશમાં એક–સામાન્ય જીવનદૃષ્ટિ, એક–સામાન્ય સંસ્કાર સમૃદ્ધ સામાજિક પરંપરા તેમજ એક–સામાન્ય ભાષા અને સાહિત્ય ધરાવતી પ્રજા વસે છે.



ભારતના દરિયાકાંઠાનો સમૃદ્ધ આ પ્રદેશ નીચે મુજબના ૧૯ જિલ્લાઓમાં ફેલાયેલ છે.

ગુજરાતના ૧૯ જિલ્લાઓની માહિતી

ક્રમાંક	જિલ્લાનું નામ	ક્ષેત્રફળ (ચો. મા.)	જનસંખ્યા (૧૯૭૧ મુજબ)	તાલુકા	ગામ
૧	જામનગર	૪૨૧૬	૧૧૧૧૩૭૬	૧૦	૭૦૧
૨	રાજકોટ	૪૦૭૨	૧૬૨૧૫૭૮	૧૩	૮૫૫
૩	સુરેન્દ્રનગર	૪૨૪૯	૮૪૫૯૧૯	૯	૬૬૧
૪	ભાવનગર	૪૭૯૯	૧૪૦૫૬૧૪	૧૨	૮૮૧
૫	અમરેલી	૧૭૩૦	૮૪૭૯૧૨	૧૦	૫૯૫
૬	જુનાગઢ	૩૮૯૦	૧૬૫૪૧૬૯	૧૫	૧૦૬૯
૭	કચ્છ	૧૭૦૨૨	૮૪૯૫૫૭	૧૧	૬૦૫
૮	બનાસકાંઠા	૪૬૬૩	૧૨૬૫૨૫૭	૧૧	૧૩૫૯
૯	સાબરકાંઠા	૨૮૩૧	૧૧૮૬૮૩૩	૧૦	૧૫૦૦
૧૦	મહેસાણા	૩૭૧૨	૨૦૯૧૧૭૯	૧૧	૧૦૮૪
૧૧	ગાંધીનગર	૮૦૩	૨૦૦૫૮૧		૭૯
૧૨	અમદાવાદ	૩૫૦૨	૨૯૦૫૨૩૩	૭	૬૮૩
૧૩	ખેડા	૨૫૯૬	૨૪૪૨૪૪૬	૧૦	૯૬૫
૧૪	પંચમહાલ	૩૪૯૭	૧૮૪૬૨૮૦	૧૧	૧૯૧૫
૧૫	વડોદરા	૨૯૮૦	૧૯૭૬૧૯૬	૧૨	૧૬૯૧
૧૬	ભરૂચ	૨૯૧૭	૧૧૦૬૦૭૬	૧૧	૧૨૧૭
૧૭	સુરત	૩૬૮૫	૧૭૮૨૧૪૮	૧૩	૧૨૮૦
૧૮	વલસાડ	૧૧૯૦	૧૪૨૮૩૩૪	૮	૮૩૨
૧૯	ડાંગ	૬૭૦	૬૪૨૪૧		૩૧૨

ઉપર મુજબના સંસ્કાર–સંપન્ન પ્રજાના વસવાટરૂપ ૧૯ જિલ્લાઓથી શોભતા કુદરતી સૌન્દર્યસભર ગુજરાત પ્રદેશની સાહજિક સુષમાને બિરદાવનાર પૂ. ચરિત્રનાયકશ્રી શાસન–ધર્મ અને સંઘની શોભા, મહિમા અને સમૃદ્ધિને વધારનાર ઉદાત્ત, સાત્ત્વિક ગુણોથી સંપન્ન જીવન જીવનારા ધન્યા–તેમાં કુદરતી સંકેત પ્રમાણે આર્ય–સંસ્કૃતિના તેમજ પ્રાકૃતિક રમણીયતાના સુમેળનું તત્ત્વ ઉપયોગી થઇ શકયું, એમ ઊંડું વિચારતાં સહેજે સમજાય છે....

●



: પ્રકરણ-૭ :

ખેડા જિલ્લાનું મહત્ત્વ

ગુજરાતના ૧૯ જિલ્લાઓમાં **અમદાવાદ** પાસે આવેલો **ખેડા** જિલ્લો આપણા ચરિત્રનાયકશ્રીના જન્મથી ભાગ્યવાન થયો છે. તેથી તેનાં પણ થોડાંક સંભારણાં જોઈએ !

ગુજરાત રાજ્યની ફળદ્રૂપ-ભૂમિનો પ્રદેશ એટલે 'ખેડા જિલ્લો' !!!

આ જિલ્લો પ્રાચીન સમયથી ઇતિહાસ અને સંસ્કૃતિમાં મહત્ત્વનું સ્થાન ભોગવતો આવ્યો છે.

ગુજરાતભરમાં એક જુદીજ ભાત પાડતા અને નયન રમ્ય હર્યાં-ભર્યાં રસાળ મેદાનો, સમૃદ્ધ ખેતીવાડી તેમજ ખંભાત જેવા ધીકતાં બંદરને લીધે જાણીતા આ જિલ્લાની ભૂમિ પ્રાચીનતમ શિલ્પસમૃદ્ધ-સ્થાપત્યો, નાના ડુંગરો, નદીઓ, સરોવરો, વગેરેથી સમૃદ્ધ છે.

તેનું ક્ષેત્રફળ ૨૬૭૦,૮ ચો. મા. અને જંગલનું ક્ષેત્રફળ ૪૬૮૯ ચો. માઇલ છે.

ખેડા જિલ્લાની વસ્તી ૨૪૪૨૪૪૬ મનાય છે. ૩૮ જેટલાં શહેરો અને ૯૯૯ જેટલાં સામાન્ય ગ્રામો આવરતો આ જિલ્લો કૃષિ-સમૃદ્ધિ, વનસંપત્તિ અને ફળદ્રૂપ-કાંપયુક્ત જમીનના લીધે **"ગુજરાતના ઉદ્યાન"**નું બિરૂદ પામ્યો છે.

સમશીતોષ્ણ કટિબંધમાં આવેલો આ જિલ્લો વિષુવવૃત્તની ઉત્તરે લગભગ ૧૩½ અક્ષાંશ પાસે આવેલો હોવાથી ભારતના બીજા ભાગો કરતાં તેની આબોહવા સર્વજન-સુખકારી છે.

આ જિલ્લાની ઉત્તરે અમદાવાદ તથા સાબરકાંઠાનો થોડો ભાગ આવેલો છે. પશ્ચિમ દિશાએ વડોદરા તથા પંચમહાલ જિલ્લો અને દક્ષિણમાં ભરૂચ જિલ્લો આવેલ છે.

આ જિલ્લાને વહીવટી સગવડતા ખાતર ત્રણ પેટાવિભાગમાં વહેંચી નાંખ્યો છે, તેમાં નીચે મુજબના ૧૦ તાલુકાઓનો સમાવેશ છે.

ખેડા જિલ્લાના ૧૦ તાલુકાની માહિતી

ક્રમાંક	નામ	વિસ્તાર ચો. મા.	ગ્રામ સંખ્યા
૧	આણંદ	૨૬૦	૮૦
૨	બોરસદ	૨૩૨	૯૫
૩	ખંભાત	૩૯૯	૧૦૬
૪	કપડવંજ	૩૮૦	૧૬૪
૫	માતર	૨૨૨	૮૨
૬	વાડાસિનોર	૨૧૬	૧૦૩
૭	મહેમદાવાદ	૧૯૪	૭૮
૮	નડીઆદ	૨૫૫	૧૦૯
૯	પેટલાદ	૧૮૩	૮૩
૧૦	ઠાસરા	૨૫૫	૯૯
		૨૫૯૬	૯૯૯

પ્રાચીનકાળમાં ભારતના એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જવાના માર્ગો જ્યારે જનસાધારણને સુલભ હતા, તે વખતે **ખેડા** જિલ્લાની વિશેષતા એ હતી કે—

એક મુખ્ય માર્ગ **નગરાથી તારાપુર, દહેગામ, નડીયાદ, કઠલાલ,** અને **કપડવંજને** માર્ગે **ગુજરાતના** ઇશાન ખુણે થઈ **ડુંગરપુર, મેવાડ** થઈને **ઉત્તરભારત** જતો.

બીજો માર્ગ **નગરા, તારાપુર, ખેડા,** થઈને ઉત્તર તરફ અથવા **સૌરાષ્ટ્ર** તરફ આગળ વધતો.

આ ઉપરાંત દક્ષિણ **ગુજરાતથી** આગળ વધતો માર્ગ **મહીસાગર** ઓળંગીને આગળ **માલવા** પ્રદેશ સુધી પહોંચતો.

આબાદીના શિખરે પહોંચેલ આ નગરીથી એક રસ્તો **હસ્તિનાપુર** (દિલ્હી) અને બીજો **દ્વારિકા** તરફ પણ જતો હતો.

અહીંના બંદરો પૈકી **નગરાએ** વેપાર વિકસાવવા માંડ્યો હતો.

ઈ. સ. ની શરૂઆત સુધીમાં તો સમૃદ્ધ **રોમન** સામ્રાજ્યનાં વહાણો આ જિલ્લાની સરહદે નંગરાત,ાં અને એ માલ દેશના અંદરના ભાગમાં જતો, બીજી બાજુ, ગુજરાતના જુદા જુદા ભાગમાંથી અહીં પત્થરો, શંખ વગેરે વસ્તુઓ આવતી, અને છેક **મધ્યપ્રદેશ**માંથી પણ કેટલાક પદાર્થોની આયાત થતી.

ખેડા જિલ્લાની પરિસ્થિતિ અંગે અહીંથી મળતાં શિલ્પો, સિક્કાઓ, માટીનાં વાસણો અને મકાનો વગેરેના આધારે જણાઈ આવે છે કે–તે ભારતના બીજા ભાગોની સરખામણીમાં જરાય ઉતરતો ન હતો.

ઈ.સ.ની પાંચમી સદી પછીના તામ્રપત્રના ઉલ્લેખો પરથી અહીંના ગામો, તેના તાલુકા અને તેનાથી મોટા વિસ્તારો માટેની માહિતી ઉપલબ્ધ થાય છે.

પ્રાચીન ઇતિહાસના આધારે જાણવા મળે છે કે–પૂર્વે **આનર્ત્ત** પ્રદેશના બે ભાગોમાં **ખેટક–ખેડાનો** આ ભાગ '**માહેય**' તરીકે ઓળખાતો હતો,

વળી કેટલાક શિલાલેખોના આધારે જાણવા મળે છે કે—**કર્કરાજ** ખેટક (ખેડા)માં રહી રાજ્ય કરતો હતો.

કર્કનાં દાનપત્રોના આધારે (સં ૮૬૮ થી ૮૮૦) **લાટ** મંડળનું પાટનગર ખેટક હોવાનું જણાય છે.

પછી ઇંદ્રનિત્ય વર્ષનો પુત્ર **ગોવિંદ** (ચોથો) પણ **લાટ** દેશ પર સત્તા ધરાવતો–જેમાં ખેટક મંડળનો સમાવેશ હતો.

સં. ૯૮૬ પછી થોડાં વર્ષમાં ખેટક મંડળ પર **માળવાના** પરમાર રાજા **સીયક** (બીજા)ની સત્તા પ્રવર્તતી હતી, એમ **માંડવાગઢ** (મોડાસા) પ્રદેશ સમેતનું ખેટકમંડળ છેક **ભોજના** સમય સુધી **માળવાના** પરમાર રાજાઓની સત્તા નીચે હતું.

સંવત ૧૮૧૭ની **ગાયકવાડ** સરકાર અને **અંગ્રેજો** વચ્ચેની સંધિથી **અંગ્રેજોએ** ખેડા જિલ્લા પર પ્રભુત્વ મેળવ્યું હતું.



૧૯૦૫ની સાલમાં સૌ પ્રથમ અંગ્રેજોએ મહી નદીથી ઉત્તરના અને અંબાજીના અખાતની આસપાસના પ્રદેશો માટે 'કલેકટર' નીમવાની શરૂઆત[૨] કરી અને એ જ વર્ષમાં ખેડા જિલ્લામાં લશ્કર માટેનું એક મોટું મથક બનાવ્યું.

આ જિલ્લાની જમીન નવ નદીઓના પાણીથી તરબોળ છે, વળી ભૂગર્ભમાં રહેલી અઢળક ખનિજ સંપત્તિને લઈને આ જિલ્લો આખા દેશમાં મશહૂર બન્યો છે.

ભૂસ્તર--શાસીઓના મત મુજબ એહિનપુરા, ગ્રેનાઇટ, ટ્રેપ્સ તત્ત્વો અને મકાન બાંધવાના પથ્થર, બૉકસાઇટ, ચીનાઈમાટી, ક્વાર્ટર્ઝ, અબ્રક, અકીક અને ખનિજ તેલ આ જિલ્લામાંથી સારા પ્રમાણમાં મળી શકે તેમ છે.

આ રીતે પોતાની વિરલતા અને વિવિધતાને ધરાવતા આ જિલ્લામાં વ્યાવહારિક રીતે પ્રખ્યાતિ પામેલા ઘણા નરરત્નો થયા છે.

ભૂધરકવિ, કવિ પ્રીતમદાસ, છોટમકવિ, ઝવેરભાઈ નાથાભાઇ અમીન, મણિલાલ નભુભાઈ દ્વિવેદી, જેઠમ કવિ, જેઠાલાલ મોતીલાલ પરીખ, મંછારામ મયારામ ભટ્ટ, વિઠ્ઠલભાઇ ઝવેરભાઈ પટેલ, મોતીભાઇ નરસિંહભાઇ અમીન, ભિક્ષુ અખંડાનંદ, સરદાર વલ્લભભાઈ પટેલ, હરિલાલ માણેકલાલ દેસાઇ, ભાઇલાલભાઇ દાજીભાઈ **અમીન, ગોવર્ધનરામ** માધવરામ **ત્રિપાઠી, પૃથુલાલ** હરિલાલ **શુકલ (કવિપૃથુ)**

---

૧ આ બાબત એવી પણ વિગત ઇતિહાસમાં નોંધાયેલ છે કે-

" ઈ. સ. ૧૮૧૭ની છટ્ઠી નવેમ્બરે થયેલ સંધિ પ્રમાણે અંગ્રેજો વિજાપુર ગાયકવાડને સોંપે અને ગાયકવાડ અંગ્રેજોને કપડવંજ તથા ભાલેજ સોંપે."

—ડૉ. P. D વૈદ્ય લિખિત "અવશેષની આરાધના" માંથી

૨ આ જિલ્લાના અસ્તિત્વ બાબત એવી પણ નોંધ મળે છે કે-"ઈ.સ. ૧૮૧૮ થી ખેડા જિલ્લાના પ્રદેશને પૂર્વ જિલ્લો અને અમદાવાદ તથા તેની આસપાસને પશ્ચિમ જિલ્લો નામ આપી વહીવટ ચાલતો, ઇ. સ. ૧૮૩૦માં કપડવંજ ને અમદાવાદ જિલ્લામાં ભેળવેલ, પણ વહીવટી મુશ્કેલીઓ દૂર કરવાના હેતુથી ઇ. સ. ૧૮૩૩માં ખેડા જિલ્લો અને અમદાવાદ જિલ્લો—એમ બંનેને સ્વતંત્ર કરી દીધા; ત્યારથી ખેડા જિલ્લો અસ્તિત્વમાં આવ્યો.

—ડૉ. પોપટભાઈ લિખિત

"અવશેષની આરાધના"માંથી

છોટાભાઇ ખેચરભાઇ **પટેલ** જેવા કેટલાય સાહિત્યકારો, શિક્ષણશાસ્ત્રીઓ વગેરે તથા રાજકીય અને સામાજિક આગેવાનો તેમજ ધાર્મિક[1]–ક્ષેત્રમાં ભારે નામના મેળવનાર નરરત્નો થયા છે.

આપણા ચરિત્ર–નાયક પણ આ જિલ્લાના મુખ્ય મથકરૂપ **કપડવંજ** નગરના મહામૂલા રત્ન છે, તે પણ એક મહત્ત્વપૂર્ણ વાત છે.

એટલેજ કહેવાયું છે કે :–

શ્રમણ પથના પથિક જ્યાંથી
રત્નસમ અતિ ઉદ્‌ભવ્યા
સાહિત્યને સંયમ તણી જ્યાં
સાધના થઇ છે. સદા ।
વૈરાગ્યની આ જન્મભૂમિને
કરૂં છું હું વંદના,
ઇતિહાસમાં ઉજ્જવળ રહ્યું છે.
નામ એહ્યા સર્વદા ।।

ભૂમિનુ ... મહત્ત્વ

૦ મહાપુરુષો જ્યાં જન્મે છે, ઉછરે છે, તેમજ વિવિધ ઉદાત્ત કાર્યો દ્વારા પોતાની સાત્ત્વિક શક્તિઓ વહેવડાવે છે,

તે ભૂમિ

આંતરિક શક્તિઓના કેન્દ્રને સ્પર્શી શકે તેવા વિશિષ્ટ અણુઓથી સભર–સમૃદ્ધ બનીને અનેક ઉદાત્ત જીવન જીવવા ઇચ્છતા પુણ્યવાનોને પ્રેરણાદાયી બને છે.

તેથી જ આવી વિશિષ્ટ ભૂમિઓ તીર્થ સ્વરૂપ બની જાય છે.

---

૧ જેની નોંધ પુણ્યભૂમિ કપડવંજ નામના પ્રકરણમાં તેમજ પરિશિષ્ટમાં આપેલ છે.

પ્રકરણ–૮

કપડવંજનો ભવ્ય ભૂતકાળ

કપડવંજ તારી યશોગાથા....વંદે વિબુધો ધર્મકથા....

ગરવી **ગુજરાતના** હૃદયસમા **ખેડા** જિલ્લાના તિલક સમું **કપડવંજ** આજે અનેક સુંદર વિશિષ્ટ ધર્મસ્થાનો અને ધર્મભાવનાથી સભર હૈયાવાળા ભાવિક ધર્મપ્રેમી નરરત્નોની અનેરી ગરિમાથી શોભી રહ્યું છે.

આ **કપડવંજના** ઇતિહાસમાં બારોટોના ચોપડે નોંધાએલ કેટલીક પ્રામાણિક ઇતિહાસની બીનાઓ જાણવા જેવી હોઇ અહીં રજુ કરાય છે–કે જેથી **કપડવંજના** ભવ્ય ભૂતકાળની આછી રૂપરેખા જાણી શકાય.

***કપડવંજની** વસાહત ઘણી પ્રાચીન છે. મહારાજા **રામચંદ્રજી** વનવાસ દરમિયાન અહીં આવ્યાની નોંધ ઇતિહાસમાં છે, તેમજ **સ્કંદપુરાણમાં** તથા **મહાભારતમાં પણ કપડવંજનો** ઉલ્લેખ છે.

વધુમાં વહીવંચાઓની નોંધના આધારે તેમજ **કપડવંજના** મુખી **કેવળરામ** પટેલની પાસે રહેલ જુના દસ્તાવેજો પ્રમાણે એમ પણ જાણવા મળે છે કે—

"મુખી **અમરશીએ** ઉંઝામાં ચારકોશી કૂવા કરાવ્યા, જ્ઞાતિભોજન કરી માતાની સ્થાપના કરી, હવાડા ભરાવી ગાયો માટે ભેટ મૂકયા.

બાદ તેમના પુત્ર **વસનદા** વિ.સં. ૧૨૦૧માં **ઉંઝાથી** નીકળી **રૂપાલ** ગયા, ત્યારબાદ **આલમપુર** આવી તેમના પુત્ર **ભાણુજી** સાથે વસ્યા.

આ **ભાણુજીનો ભાવસિંહ** નામે દીકરો હતો, જેને છત્રી, રથ, બાર ઘોડા અને ત્રણ લાખની પટલાઇ હતી.

---

* આ હકીકત ડૉ. પોપટલાલ વૈદ્ય લિખિત "અવશેષની આરાધના"માંથી લીધી છે.

વિ.સં. ૧૨૧૨, મહા વદ-૪ **ભાવસિંહના** દીકરા **અંબાઈદાસ કપડવંજ** આવી વસ્યા.

તે વખતે તેણે **કપડવંજની** જુની વસાહતને શાહના આરેથી અસેડી નદીના સામા કાંઠે નવી વસાહત કરી–કે જે હાલનું **કપડવંજ** કહેવાય છે."

મુસલમાની તવારીખમાં પણ નોંધ મળે છે કે–

" ઈ.સ. ૧૦૯૨ (વિ. સં ૧૧૪૮)માં **અરબસ્તાનમાં મુસાનો** દીકરો **જેવૈલ** થયો આ **જેવૈલે મુસાઈ અબ્દુલ્લા** અને **મુસાઈ મુહમ્મદ** નામના પોતાના બે શિષ્યોને ગુજરાતમાં ધર્મ–પ્રચારાર્થે મોકલ્યા, તેઓ ખંભાત આવીને રહ્યા.

તે સમયે **મુઆબ** નામે તવારીખ **ખોજા બિન માલમ** નામના વિદ્વાને **કપડવંજમાં** રચી"

આમની કબર **ખોજમાલમની મસ્જીદ** (કે જે **મીઠા–તળાવના** દરવાજા બહાર **નડીયાદના** રસ્તે જમણી બાજુ)માં છે.

"ઈ. સ. **૧૪૫૮** (વિ. સં. ૧૫૧૪) ના **બે** મહિનાની **પચીસમીને રવિવારે મહમ્મદ બેગડો** ગુજરાતનો સુલતાન થયો, તેના બે વર્ષ પછી **કપડવંજમાં** આર્ય સંસ્કૃતિના ખમીરવંતાઓની પ્રેરણાથી વિધર્મી રાજસત્તાને ઉથલાવી પાડવા જુસ્સાધારી તત્વોએ માથું ઊંચકયું, પણ ભાવીયોગે રાજસત્તાના દમનચક્રથી વધુ કામયાબ ન નિવડયું.

ઈ. સ. **૧૪૯૮** (વિ. સં. ૧૫૫૪) માં **અહમદશાહ** (ત્રીજા) ના રાજશાસન વખતે શાસનતંત્રની શિથિલતાના કારણે સમસ્ત રાજતંત્ર કથળી ગએલ. પરિણામે **"જેના હાથમાં તેનો બાથમાં"** કહેતી મુજબ બાદશાહના અમીરોએ અંદરોઅંદર આખું રાજ્ય વહેંચી લીધેલ.

તે વખતે **વટવાના** વતની **મુબારક સૈયદના** ભાગે **ખંભાતનો** ભાગ આવ્યો. જ્યાં પૂ. ચરિત્રનાયકશ્રીની પાવન જન્મભૂમિનું માનવંતું બિરૂદ ભાવીમાં પામવાના કુદરતી સંકેત પ્રમાણે વિધર્મી છતાં **સૈયદ સાહેબે કપડવંજને** પોતાનું રહેણાક બનાવી ન્યાય–નીતિ પૂર્વક દોરવણી દ્વારા બીજે ચાલી રહેલ અંધાધુંધીમાંથી પ્રજાને બચાવી લીધેલ.

આ રીતે આ ભૂમિ વિધર્મીઓના અંધાધુંધીભર્યા શાસનકાળમાં પણ ખારા દરિયામાં મીઠી વીરડીની જેમ વિધર્મી **સૈયદ સાહેબને** પણ યોગ્ય રીતે શાસન ચલાવવાની સૂઝ–પ્રેરણા આપનારી બની હોવાની વાત ઇતિહાસમાં ઉજ્જવલ અક્ષરે અંકિત છે.

આ રીતે આ ભૂમિ **ન્યાય–ભૂમિ** તરીકે નોંધાઇ છે.

હકીકતમાં જેથી ભાવિમાં આ ભૂમિ સર્વ જગતના જીવોનું વિશિષ્ટ હિત કરવા રૂપના આકર્ષક ન્યાય આપવા રૂપ આગન્ત્રિક જ્ઞાનના અઠંગ પ્રસારક પૂ. ચરિત્રનાયકશ્રીને જન્મ આપનારી નીવડી....

આ મુજબ સૈકાઓથી ચાલી આવતી દુશ્મનાવટથી દોરવાએલ **માળવા** અને **ગુજરાતના** શાસકો વચ્ચે અવાર-નવાર થતી લડાઈના અનુસંધાનમાં ઈ. સ. **૧૪૫૩ના માર્ચ-એપ્રિલના** ગાળામાં **ગુજરાતના સુલતાન કુતુબુદ્દીન** શાહ અને **માળવાના સુલતાન** સાથેની ભયંકર **લડાઈ કપડવંજના** પાદરમાંજ થયાની સાક્ષી તે વખતનો ઇતિહાસ પૂરે છે.

અહીં નવાઈની વાત એ છે કે— ઇતિહાસની આરસીમાં ઠેઠ **સિદ્ધરાજ જયસિંહના** વખતથી પરસ્પર આક્રમણ કરી એક-બીજાને હંફાવવાની ચાલી આવતી **માળવા** અને **ગુજરાત** વચ્ચેની સાઠમારીનો અન્ત **કપડવંજના** પાદરે ખેલાએલ આ લડાઈમાં કાળબળે આવી ગયો.

વળી વિશિષ્ટતા એ હતી કે **માળવા** અને **ગુજરાત** વચ્ચે થએલ આ લડાઈ ગણત્રીના કલાકોમાંજ પતી ગઇ અને **ગુજરાતના સુલતાને માળવાના સુલતાનને** હરાવી તેનો તાજ તથા નંગજડેલ કમરપટ્ટો કબજે કરી વિજયધ્વજ ફરકાવેલ.*

આ રીતે આ ભૂમિ **વિજય-ભૂમિ** તરીકે પણ ઇતિહાસમાં અંકિત થએલ છે.

વળી આ નગરી વાણિજ્ય-કળા-કુશળ સાહસિક વહેપારીઓની પણ **કર્મભૂમિ** હતી, કેમકે—

જે વખતે **ગુજરાતના** કાંઠે દરીયાઈ સમૃદ્ધિના કેન્દ્ર સમા વિવિધ બંદરોથી અનેક સાહસિક વહેપારીઓ જાતજાતની દેશ-કાળના ભેદે સોંઘી-મોંઘી ચીજોને વહાણોમાં ભરી **અરબી સમુદ્ર** અને **પેસિફીક** મહાસાગરમાં થઈ દૂર દેશાવર સુધી વેપારી રીતે લઈ જઈ **ગુજરાતની** ગરિમાનો વાવટો ફરકાવતા તે સમય વિક્રમની દશમી સદીનો હતો.

તે વખતે જેમ **ભૃગુકચ્છબંદર** (ભરૂચ) ગુજરાતનું સર્વોત્કૃષ્ટ વ્યાપારી મથક હતું, તે રીતે **કપડવંજ** પણ ભારતના જુદા જુદા દૂરના પણ પ્રાન્તો-પ્રદેશો સાથે ધમધોકાર વેપારનું કેન્દ્ર હતું.

ફરક એટલોજ હતો કે **ગુજરાતના** દરીયાઈ કાંઠાના વેપારી મથકો **ભૃગુકચ્છ, ખંભાત, સોપારા** આદિ બંદરોએ દરીયાઈ માર્ગે વ્યાપાર ધીકતા પ્રમાણમાં ચાલતો હતો. જ્યારે **કપડવંજ** સ્થળ-માર્ગે **સૌથી** વધુ પ્રમાણમાં વ્યાપારનું મથક તે વખતે હતું, કેમકે—

---

* આ લડાઈના છૂટક મળી આવતા હેવાલોમાં એવું પણ નોંધાયું છે કે—આ લડાઈમાં ઘોળકાના વીર સૈનિકો (જેઓ દરવાજીયાના નામથી ઓળખાતા) એ અદ્‌ભુત જુનુન બતાવેલ.

વળી **માળવાના સુલતાનને** ઉશ્કેરનાર મુજફ્ફરખાનને પકડી ઠાર કરી તેનું માથું **કપડવંજના** દરવાજે દ્રોહી અને ખટપટી તરીકે તુચ્છતા દર્શાવવા લટકાવેલ.

કપડવંજ ભૌગોલિક રીતે તેવા સ્થાને હતું કે જેથી કપડવંજ, ભારત તથા ગુજરાતના વિવિધ પ્રાન્તો અને દૂર-સુદૂરના દેશો સાથે પણ સ્થળમાર્ગે ગાડાં, ઊંટ, ઘોડા કે બળદોની વણઝાર મારફત વ્યાપારી સંબંધ ધરાવતું, કેમકે—

કપડવંજથી નીચે મુજબના માર્ગો ભારત અને ગુજરાતના પ્રાન્તો અને દૂરના પ્રદેશો તરફ જતા હતા, અને મોટા વેપારી મથકો સાથે સંબંધ જોડી શકતા હતા. તે આ પ્રમાણે-

એક માર્ગ- ઉત્તર હિંદમાંથી ભેલસા-ગોધરા-કપડવંજ થઇ ખંભાત બંદર તરફ જતો હતો.

બીજો માર્ગ-માળવાના મુખ્ય પ્રદેશોમાંથી કિશનગઢ-સંતરામપુર-લુણાવાડા-કપડવંજ થઇ ચાંપાનેર-ડભોઈ થઇ ભૃગુકચ્છ (ભરૂચ) બંદર તરફ જતો હતો.

ત્રીજો માર્ગ- માળવા તરફથી સંતરામપુર-લુણાવાડા-કપડવંજ થઇ ખેડાના માર્ગે ખંભાત તરફ જતો હતો.

ચોથો માર્ગ- ઉત્તર ગુજરાતમાંથી મહેસાણા-વીજાપુર-દહેગામ-કપડવંજ થઈ સંતરામપુર ઝાલોદ-દાહોદના રસ્તે માળવા પ્રદેશમાં જતો હતો.

પાંચમો માર્ગ- ઠેઠ મોટી મારવાડમાંથી શ્રીમાળ, ભિન્નમાળ-રાણીવાડા-ડીસા-પાલણપુર-વીજાપુર-હિંમતનગર-શામળાજી થઇને ખંભાત કે ભરૂચ બંદર તરફનો ઘોરી માર્ગ કપડવંજના પાદરમાં થઇને જતો હતો.

આ સિવાય પ્રાદેશિક માર્ગો પણ કપડવંજના પાદરમાં થઇને જતા, જેમકે-

અમદાવાદ-નડીઆદ કે મહેમદાવાદથી કપડવંજ થઈ લસુન્દ્રા-ચીખલોડ-રામપુરા થઈ ગોધરા-દાહોદ તરફ અસંખ્ય વણઝારાની પોઠો જાત-જાતનો માલ ભરીને જતી.

આ પ્રમાણે વાડાસિનોર-વીરપુર-સેવાલીયા-લસુન્દ્રાનો માલ કપડવંજ થઈ આંતરોલી, ચરડ બદરપુર થઈ અમદાવાદ જતો.

વળી કપડવંજની આસપાસના પ્રદેશનો કાચો માલ કપડવંજ થઈ તોરણા-અમરીપુરના માર્ગે મહેમદાવાદ-ખેડા તરફ જતો, તથા નાના આંબલીઆરા-ભાટેરા-કઠલાલના રસ્તે નડીઆદ જતો.

આવા બીજા પણ અનેક નાના-મોટા પગરસ્તા-ગાડારસ્તા-નડીયાદ, અમદાવાદ, ખેડા, ખંભાત આદિ તરફ કપડવંજના પાદરે થઈ પસાર થતા.

આ રીતે પુનિત-નામધેય **ચરિત્રનાયકશ્રીની** જન્મભૂમિ તરીકે ગૌરવવંતુ કપડવંજ ભૂતકાળથી કુદરતી સંકેત પ્રમાણે **ન્યાયભૂમિ-વિજયભૂમિ**, અને **વ્યાપારી-કેન્દ્ર** તરીકે રહેતું આવ્યું છે.

સાથે સાથે આ નગરી પુણ્યવાન* શાસન-માવિક ધર્મપ્રેમી પુણ્યાત્માઓની **ધર્મભૂમિ** પણ રહી છે, કાળબળે તેમાં આવેલ ઝાંખપને દૂર કરવાનું કામ **પૂ. ચરિત્રનાયકશ્રીના** જન્મભૂમિના ગૌરવવંતા બિરૂદથી કેવી રીતે થવા પામ્યું ? તે હવે પછીના પ્રકરણોમાં જણાવાએલ પ્રસંગોથી સ્પષ્ટ થઈ જશે.

મહાપુરુષોનાં આઠ લક્ષણો

તે મહાપુરુષ કહેવાય કે-

જે-

- કદી પણ બીજાના દોષ ન બોલે !
- બીજાના નાના પણ ગુણને અનુમોદે !
- બીજાને સુખી જોઈ રાજી થાય !
- બીજાને દુઃખી જોઇ દુઃખી થાય !
- કદી પણ આપમડાઈ ન કરે !
- ન્યાય-માર્ગથી ચલિત ન થાય !
- સર્વ સાથે ઔચિત્ય જાળવે !
- નિમિત્તો મળવા છતાં ગુસ્સે ન થાય !

— સિંદૂર પ્રકર ગા. ૬૪

* આ સંબંધી વધુ હકીકત "પુણ્યભૂમિ કપડવંજ" (પ્રકરણ)માં તથા પરિશિષ્ટોમાં આપેલી કેટલીક સામગ્રીના સંકલનમાં સ્પષ્ટ કરી છે.

પ્રકરણ-૯

કપડવંજની ગરિમા

卐

"કપડવંજ ! તારી અકળ ખૂબીઓ,
ઉત્તમનરની તું છે ખાણ....."

ભારતવર્ષના નંદનવન તરીકે વિખ્યાત **ગુજરાત** પ્રદેશના મહા-મહિમશાલી કુદરતી છટાથી ભરપૂર **ખેડા** જિલ્લાના **નડીયાદ, ઉમરેઠ, આણંદ, કઠલાલ, બાલાસીનોર** આદિ અનેક રમણીય શહેરો છતાં પોતાની આગવી વ્યાવહારિક-ઐતિહાસિક વિશેષતાઓથી ઓપતું **કપડવંજ** શહેર ખરેખર અવર્ણનીય ગરિમાથી શોભિત છે.

ઉપરાંત સોનામાં સુગંધની જેમ આ શહેર ચરિત્રનાયકશ્રીની જન્મભૂમિ હોવાનું પણ ગૌરવ ધરાવે છે.

કપડવંજ શહેર **ખેડા** જિલ્લાના ૧૭ તાલુકા પૈકી **કપડવંજ** તાલુકાનું પાટનગર છે. આ તાલુકો ૬૮૦ ચો. મા. ના વિસ્તારમાં પથરાયેલ છે, જેમાં ત્રણલાખ કરતાં વધુ વસ્તી ૧૬૪ ગામડાઓમાં રહે છે.

જેમાં ખેતી લાયક જમીન ૨ થી ૨॥ લાખ એકર છે, તેમાં મગફળી, કપાસ, ડાંગર, બાજરી તલ, તુવેર, બાવટો કઠોળ વગેરેનું વાવેતર કરવામાં આવે છે.

શિયાળુ પાક અને ઉનાળુ પાક લગભગ ૧૫ થી ૨૦ હજાર એકર જમીનમાં સિંચાઈથી લેવામાં આવે છે, તેમજ દર વરસે ૬૦-૭૦ લાખ મણ જેટલી મગફળી પીલાય છે, ૩૦-૪૦ લાખ જેટલી રૂ ની ગાંસડીઓ તૈયાર થઈને દેશાવર જાય છે.

આ રીતે મબલખ પાક ઉતારનાર **કપડવંજ** તાલુકાના મુખ્ય મથક રૂપ **કપડવંજ** શહેરમાં ઘણા આગેવાન મહાપુરૂષો થયા છે.

જેમાં આધ્યાત્મિક રીતે સર્વોચ્ચ વિકાસ સાધનારા સેંકડો પુરૂષો અને સ્ત્રીઓએ જૈન સાધુપણાની–સર્વત્યાગની દીક્ષા સ્વીકારી કપડવંજના નામને ગૌરવવંતુ બનાવ્યું છે.

તેમાં પણ પૂજ્ય **ચરિત્રનાયકશ્રી** આ ભૂમિની પેદાશ હોવાના કારણે કપડવંજની કીર્તિને ચાર ચાંદ લાગ્યા છે.

કપડવંજ શહેર **ખેડાની** ઉત્તર–પૂર્વે ૩૬ માઇલ ઉપર **મહોર** નદીના પૂર્વ કાંઠે કિલ્લાવાળું ઉ.અ. ૨૩°–૨' અને પૂર્વે રેખાંશ ૭૩°–૪' ઉપર આવેલું છે.

નડીયાદથી ૨૮ મા. દૂર આવેલ આ શહેરની પ્રાચીનતા માટે ઇ.સ ૧૯૮૨માં ડૉ. ફ્રુસ્ફૂટ નામના ભૂસ્તશાસ્ત્રીએ **મહોર** નદીના કાંઠે હજારો વર્ષ જુના અવશેષો એકઠા કરી તેના વિષે સંશોધન કરી તારવણ કાઢેલ છે કે **"કપડવંજની આસપાસ મળી આવેલા આ અવશેષો ૮૦૦વર્ષ જુના લાગે છે."**

વધુમાં આ સંબધમાં વર્તમાન સંશોધન પદ્ધતિ પૂર્વક ઉંડાણથી અભ્યાસ કરી મહત્વપૂર્ણ પ્રકાશ પાથરનાર વિદ્વદ્વર્ય **શ્રી રમણલાલ નાનાલાલ મહેતાએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી–વડોદરા**ના મુખપત્ર રૂપે પ્રગટ થતા **"સ્વાધ્યાય"** નામે વિદ્વદ્ભોગ્ય અભ્યાસપૂર્ણ લેખોથી ભરપૂર ત્રિમાસિક પત્ર (વર્ષ–૧, પુ. ૧–૨ સં. ૨૦૨૦ માહે જાન્યુ. ૧૯૬૪) માં **"કપડવંજનો લોખંડનો પ્રાચીન ઉદ્યોગ"** નામે સંશોધનપૂર્ણ પોતાના લેખમાં નીચે મુજબ મહત્વની કેટલીક બાબતો નોંધી છે–તે અહીં અક્ષરશઃ ઉધ્ધૃત કરી છે.

"વર્તમાન ઇતિહાસ અને ભૂસ્તર શાસ્ત્રીઓની માન્યતા પ્રમાણે **મહોર અને વરાંસી** નદીના કાંઠે **કપડવંજ** તથા **મહમ્મદપુરા**ની આજુબાજુ અતિ પ્રાચીન કાળથી કે જ્યારે લોહયુગ આવ્યો ન હતો, પણ અશ્મયુગ–પાષાણયુગ હતો, તે વખતના કેટલાક નક્કર પુરાવાઓ મળવાથી અશ્મયુગના સમયથી અહીં વસ્તી હોય તેમ લાગે છે.

મહમ્મદપુરા પાસે વહેતી વરાંસી નદીની જુની ભેખડોમાં માટીના સ્તરો અદ્યતન સંશોધન પદ્ધતિ પ્રમાણે નીચે પ્રમાણે છે.

(૧) નદીના હાલના પ્રવાહની નજીક રાખોડી રંગની માટી.

(૨) લાલરંગના જેસ્પટ, લેટેરાઇટ વગેરેના કાંકરા.

(૩) કાંપ.

(૪) પવનથી ઉડેલી ધૂળ.

(૫) હાલની જમીન.

આ સ્થળોની સાથે ખડકોના વિવિધ પડો પણ જોવા મળે છે, તે ઉપરથી અહીં ઐદ્રકામમાં મળી આવેલ પાષાણયુગના ઐંધાણરૂપે નાના પત્થરોના ઓજારો ઉપરથી આ પ્રદેશમાં માનવ વસ્તી ઘણા સહસ્ત્રો વર્ષ પૂર્વની છે, એમ અનુમાન કરી શકાય છે.

ભૂસ્તરશાસ્ત્રીઓના મત પ્રમાણે મધ્ય-પાષાણકાળના પુરાવા અહીં વધુ ઉપલબ્ધ થયા છે.

વર્તમાન કાળે દેખાતું **કપડવંજ** કાલના ઝપાટાઓથી સ્થાન-પલટાને પામતું છતાં ઇતિહાસકારોના મંતવ્ય અનુસાર **રાષ્ટ્રકૂટ** વંશના રાજ્ય દરમ્યાન શક-૮૩૨=ઈ.સ. ૯૧૦ =વિ.સં. ૯૬૬ માં **કર્પટવાણિજ્ય** ના નામથી કાપડના વેપારી કેન્દ્ર તરીકે ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ વગેરે સાથે જોડતા ધોરીમાર્ગના કિનારા ઉપર-ત્રિભેટા ઉપર મહત્ત્વપૂર્ણ મથક હતું.

ગુજરાતના વડનગર, વડોદરા, વરીયાવ વગેરે ગામો જેમ ઈ.સ. ની પ્રથમ સહસ્રાબ્દીના પ્રારંભે વસ્યાં હતાં, તેમ **કપડવંજ** પણ ઓછામાં ઓછું ઈ.સ.ની દસમી સદી કરતાં વહેલું વસ્યું હોય-તેમાં શંકા જેવું નથી.

ગુજરાતની પ્રાચીન સમૃદ્ધિનો ખ્યાલ આપતા જુના ગ્રંથોના ઉલ્લેખ પ્રમાણે **કપડવંજ** કાપડના વેપારનું મુખ્ય કેન્દ્ર હોવા સાથે લોખંડ ગાળવાના, સાબુ તથા કાચના ઉદ્યોગમાં પણ ખૂબ આગળ પડતું હતું, જેમાં સાબુ છેલ્લા ૨૫-૩૦ વર્ષ પૂર્વ સુધી **કપડવંજનો જ** વખણાતો, અને લોખંડ ઉદ્યોગ પણ ઓગણીસમી સદીના ઉત્તરાર્દ્ધ સુધી **કપડવંજમાં*** ચાલુ હતો.

---

* આ વાતના સમર્થનમાં નીચે મુજબ દસ્તાવેજી પુરાવાઓ છે.

ગેઝેટીયર વો. ૩ (પૃ ૧૭૨) માં **કપડવંજ** વિષે આપેલી નોંધ આ પ્રમાણે છે.-

"××× **કપડવંજ** શહેરમાં પ્રાચીન કાળથી જ લોખંડ ગાળવાનો વ્યવસાય હતો જેના પ્રમાણ તરીકે આજે પણ શહેર બહાર ટેકરાઓ તરીકે મળેલા અવશેષો દેખાય છે."

૦ ચરોતર સર્વ સંગ્રહ ભા. ૨ (પૃ. ૬૫-૬૬)માં ખૂબ જ વિગતથી અહીંના લોખંડના ઉદ્યોગની તથા તેના નાશની વાત નોંધાયેલ છે.

તેમાંના ઉપયોગી ફકરા આ પ્રમાણે છે.

"××× (**કપડવંજથી**) **નડીયાદ** તરફ જવાના રસ્તે લોખંડની ખાણ હતી, કારીગર વર્ગ તેમાંથી લોઢું ખોદી, ગાળી અને તેની લોઢી, છરી તથા બીજી નાની ચીજો બનાવી વેપાર કરતો.

"××× આ નગરમાં **નદી-દરવાજે કુંભારવાડા** આગળ ૪૦૦ લુહારનાં ઘર હતાં, પરંતુ દૈવવશાત્ એક વખતે લોઢું ગાળતાં તેમા કોઈક વનસ્પતિનું મિશ્રણ થતાં તેનું રૂપું બની ગયું, તે શી રીતે થયું.? તે કારણ સમજી શકયા નહી તેથી કારીગરો રાજ્યથી ડરી નગર છોડી ચાલ્યા ગયા, તે પછી લોઢું ગાળવાનો ધંધો બંધ પડયો. ×××"

"××× **આંતરસુબ્બાના** લુહારો છરી, કઢાઈ વગેરે બનાવવા માટે **કપડવંજનું** લોઢું વાપરતા, અહીં બની આવતી લેટેરાઈટીક અને હેમોરાઈટમાંથી આ ધાતુ ગાળવામાં આવતી.

ઇતિહાસકારોના સંશોધન પ્રમાણે ઈ.સ. ૧૦૦૦થી૧૯૦૦ સુધીમાં આ ઉદ્યોગના કારણે **કપડવંજ** ધન-સમૃદ્ધ અને યશસ્વી બનેલ.

કપડવંજના લોખંડના ઉદ્યોગ માટે આજના સંશોધકોએ શોધેલ દાર્શનિક પુરાવો પણ મળી આવે છે કે–

" કપડવંજથી પશ્ચિમે જ્યાંથી **શામળાજી** અને **આંતરસુંબા** જવાના રસ્તા જુદા પડે છે, ત્યાંથી એકાદ ફર્લાંગ દૂર ઉત્તરે નદી તરફ જવાનો રસ્તો છે, આ સ્થળ **કટોરિઆનો આરો** અથવા **લોહકાટનો આરો** કહેવાય છે.

કટોરીયા આરો એ નામ ત્યાં પડેલ લોખંડના નાના-મોટા અનેક કીટ-કચરાઓથી પડયું લાગે છે, અહીં નાના-મોટા અસંખ્ય લોખંડના કચરારૂપ કીટાઓ આશરે બે ફર્લાંગ ચોરસ ક્ષેત્રમાં ત્રણ ફૂટની જાડાઈમાં પથરાયેલ છે.

આ સ્થળની દક્ષિણે ૨૦ ફૂટ ઉંચો કીટાનો મોટો ટેકરો છે તેના ઉપર ઘાસ-વનસ્પતિ ઉગેલ છે, પણ અમુક ખોદાણ કર્યેથી લોખંડનો કચરો કીટ રૂપે સ્પષ્ટ દેખાય છે.

વધુમાં આ સ્થળે વીખરાયેલ કીટાઓના કચરાઓની સાથે કાચના ઉદ્યોગમાં નીકળતા કચરા રૂપ કીટાના ઢગલા પણ થોડા પ્રમાણમાં મળી આવે છે."

આ રીતે **કપડવંજ**નો લોખંડ ઉદ્યોગ ટૂંક સમય પૂર્વે નષ્ટ થયો-હોય તેમ નક્કી થાય છે, નહિ તો આ કચરાના ઢગલા કયારનાય કુદરતી રૂપાન્તર થવાની પ્રક્રિયાથી બીજા રૂપે ફેરવાઈ ગયા હોત.

ગુણીયલ... મહાપુરુષોના..... ગુણગાનથી...શું થાય?

- કુમતિનો નાશ થાય!
- ચિત્તશાન્તિ થાય!
- યશકીર્તિ થાય!
- મોહનો વિલય થાય!
- ન્યાય માર્ગની પ્રાપ્તિ થાય!
- ધર્મનું પોષણ થાય!
- વિવેકનો ઉદય થાય!
- ગુણપ્રાપ્તિ થાય!
- દુર્ગતિ દૂર થાય!



પ્રકરણ-૧૦

આજના કપડવંજનો પૂર્વ ઈતિહાસ

કપડવંજ તારો ભવ્ય છે ભૂતકાળ!
–જેને સંભારી વિબુધ પુરુષો
નમી પડે છે તને તત્કાળ!

આજથી એક હજાર વર્ષ પૂર્વે **કપડવંજ** શહેર આર્થિક, સાંસારિક તેમજ ધાર્મિક સ્થિતિએ ખૂબ સમૃદ્ધ અને પ્રશંસનીય કક્ષાએ હતું.

તે વખતે **કપડવંજ** રજપુત ઠાકોરોના કબજામાં હતું. રાજ્યની સુરક્ષિત વ્યવસ્થાના કારણે પ્રજાને કોઈ પ્રકારની મુશ્કેલીઓ ન હતી.

આ ઉપરાંત **મેવાડ, મારવાડ, માળવા** તેમજ **મધ્ય–હિંદુસ્તાનમાંથી અરબી સમુદ્રમાં** જવા માટે તે વખતનાં ધીકતાં બંદર તરીકે **ખંભાત, ભરૂચ, સુરત** એ બધે જવા આવવાના ધોરી માર્ગ ઉપર **કપડવંજ** હોવાથી વ્યાપાર માટે અગત્યનું મથક બનેલ હતું.

તે વખતના **ગુજરાતના** મુખ્ય વેપારના કેન્દ્રોની ગણનામાં **કપડવંજનું** નામ પણ મોખરે હતું.

અહીં કેટલાક રાજનીતિજ્ઞ–ઈતિહાસકારોનું એવું પણ માનવું છે કે–**માળવા, મેવાડ, મધ્ય હિંદુસ્તાનના** ધોરીમાર્ગના ત્રિભેટે **કપડવંજ** આવેલ હોઇ **ગુજરાતને માળવાના** રાજ્ય સાથે વર્ષો જુની ચાલી આવતી દુશ્મનાવટને કારણે હાલમાં **કપડવંજ** વસેલ છે, તે સ્થાને ભૂતકાળમાં ગીચ ઝાડી–જંગલ હોઈ **ગૂર્જરપતિ સિદ્ધરાજે** વનદુર્ગના આશ્રયની રાજનીતિ પ્રમાણે **માલવા** તરફ જતા ધોરી માર્ગ પર ગુજરાતનું અનામત લશ્કર છાવણીરૂપે રાખવા નિર્ધારેલ, તે પ્રમાણે તે લશ્કરને યથાયોગ્ય સગવડ માટે સુંદર જળાશય, વાવડી વગેરે બંધાવેલ.

આમાં ભાવીનો ગૂઢસંકેત એવો સમજાય છે કે—જ્યાં વીશમી સદીના મધ્યકાલે આખા જગતને આગમોનો જીવંત વારસો વાચના=વ્યાખ્યાનો આદિ દ્વારા આપી કર્મશત્રુ સામે ઝઝુમવા અપૂર્વ આત્મતેજની કેળવણી કરી શકનાર આરાધક મહાપુરુષોની છાવણી તૈયાર કરનાર પૂ.

ચરિત્રનાયકશ્રીનો જન્મ થવાનો હતો, તે ભૂમિના સ્થૂલ પ્રતિક તરીકે ગૂર્જરપતિ સિદ્ધરાજ જયસિંહે આ ભૂમિને લશ્કરી-કેન્દ્ર તરીકે પસંદ કરી.

એકંદરે કપડવંજ શહેર અણહિલપુર પાટણ અને ચાંપાનેર વસ્યા પહેલાંનું અર્થાત્ ખંભાત, સોમનાથ પાટણ, વૃદ્ધનગર, (વડનગર) જુનું દ્વારકા, વલ્લભીપુર આદિ ભારતના પ્રાચીન શહેરોના સમયનું છે. આ વાત ઈતિહાસના વિવિધ પ્રમાણોથી સાબીત થાય છે.*

પણ કાળચક્રની વણથંભી ગતિથી પરિવર્તનશીલ જગતના સાહજિક નિયમ પ્રમાણે લગભગ દરેક શહેર ૧૦૦૦ વર્ષ લગભગ જાહોજલાલી ભોગવી સ્થાન-પલટાને પામે છે.

એ પ્રમાણે કપડવંજ શહેરની જાહોજલાલીના સૂર્ય ઉપર પણ કાળચક્રની વણથંભી અસર વિ. સં. ૧૧૭૫ પછી શરૂ થવા માંડી.

ગુજરાતમાં છૂટાછવાયા પણ તકનો લાભ લઈને પેસી ગએલા વિદેશીઓ-મુસ્લીમોએ સર્વ પ્રથમ ગુજરાતની રોનકને પલટાવવાનું દુઃસાહસ કર્યું.

કાળબળે કે નિયતિબળે ગુજરાતની મુખ્ય ગાદી પાટણમાં ઢીલી પડી, સોલંકી વંશમાંથી વાઘેલા વંશમાં ધોળકામાં ગુજરાતની સત્તા પલટાઈને સ્થિર થવા માંડી, તેમ છતાં શાસક તંત્રની અસ્થિરતાથી અરાજકતા વધી પડી.

તે અરસામાં રાધનપુરના બાબી નવાબે અવસર જોઈ કપડવંજની વ્યાપારિક સમૃદ્ધિ-જાહોજલાલીથી લલચાઈ રજપુત ઠાકોરો પર હલ્લો કરી તેમની પાસેથી કપડવંજ જુંટવી લઈ કપવંજની મૌલિક જાહોજલાલીના પાયાને ઢીલો કરી નાંખ્યો.

પરિણામે નવાબી જોરતલબીભર્યા જુલમથી તે વખતે કપડવંજ મહોરનદીના ઉત્તર-પશ્ચિમ કિનારે શાહના આરે હતું, તે અકળાઈને પડી ભાંગ્યું, વસ્તી સ્વરક્ષણ માટે જ્યાં ઠીક ફાવે ત્યાં છટકવા માંડી.

દોઢેક સૈકા સુધી આ નાશભાગની આંધાધુંધી દરમિયાન કપડવંજની રોનક નિસ્તેજ બની ચૂકી.

---

* ગુજરાત સર્વ સંગ્રહ (પૃ. ૪૫૩-૫૪) માં કપડવંજ સંબંધી નીચે મુજબનો મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ છે.

"એ જુના કાળથી વસેલું છે, ૫૦૦ થી ૮૦૦ વર્ષનાં ઘરો આજે પણ છે. કોટની દીવાલ પાસે જુના શહેરની જગ્યા છે."

પણ ફરી કાળચક્રના ઉત્થાનબળે **રાધનપુરના નવાબની લાડણીબીબી** ગમે તે કારણે **રાધનપુરથી** નીકળી રોષયાત્રા દરમિયાન ક્ષેત્રના પુણ્યબળની ખામીથી વિનાશના આરે ઉભેલ **કપડવંજના** પાદરે વહેતી **મહોરનદીના** સામા કાંઠે જ્યાં ગૂર્જરપતિ **સિદ્ધરાજ જયસિંહે** લશ્કરી છાવણીના મથક રૂપે **વનદુર્ગ** તરીકે ભૂમિ પસંદ કરેલ–ત્યાં પડાવ નાંખ્યો. ભાવીયોગે **લાડણીબીબીનું** મન ત્યાં ઠર્યું.

રાજકીય–વિપ્લવથી ત્રાસી ગએલ પ્રજાએ તે વખતના પ્રજાના બૌદ્ધિક આગેવાન ગણાતા **વીશા–નીમા–મહાજનની** દોરવણી-કુનેહબળે **લાડણીબીબીને** આશ્વાસન આપી **નીમા જ્ઞાતિના** શેઠિયાઓએ આર્થિક સહકાર આપવા દ્વારા રાજકીય–સ્થિરતાનો પ્રારંભ કર્યો.

મહોરનદીના સામે કાંઠે લશ્કરી–છાવણીની જગાએ **લાડણીબીબીને** કિલ્લો બંધાવવા પૂર્વક સ્થિર કરી, વગર જોએલા પણ શુભ મુહૂર્તે આજના **કપડવંજનો** પાયો નંખાયો.

પૂ. **ચરિત્રનાયકશ્રીનો** જન્મ જે ભૂમિમાં થવાનો તે ભૂમિમાં સાહજિક પ્રસંગવશ રોષયાત્રામાં પણ નિકળેલ **લાડણીબીબીના** ધર્મપ્રધાન **નીમા–વણિકોની** કુનેહભરી સમજાવટથી કષાયનું શમન થઈ રાજવિપ્લવ દૂર થઈ શાન્ત સમૃદ્ધ રાજ્યની સ્થાપના થવા માંડી.

આ બધું ચરિત્રનાયકશ્રીના જન્મની મંગળમયતાની ભાવી એંધાણરૂપ તેમજ રાગ–દ્વેષનાં મૂળ કાઢનાર જિનશાસનની ભવ્ય ગરિમાને વધારનાર મહાપુરૂષની લાક્ષણિક વિશિષ્ટતા સૂચવનારી સમજાય તેમ છે.

અહીં ઇતિહાસ એમ કહે છે કે—

"*રાધનપુરના નવાબ મહંમદખાનની લાડણીબીબી રૂઠીને નિકળેલી, તે **નીમા વણિકોના** આગેવાનોની કુનેહથી સ્વસ્થ બનીને પોતાની રાજ્ય ચલાવવાની આવડત અને ચતુરાઈથી આજના **કપડવંજને** રાજધાની તરીકે વસાવી **મહોરનદીના** શાહના આરાની પેલી બાજુ ઘટી રહેલ ક્ષેત્રના પુણ્ય બળથી અસ્તાચલ તરફ જવા માંડેલ **કપડવંજની** શોભા–સમૃદ્ધિને ઝાંખા પડેલ દીવામાં તૈલપૂર્તિ કરવાથી ફરીથી ચમકવા સાથે જેમ પ્રકાશ વધે તેમ **કપડવંજના** જાહોજલાલી ફરી નદીના સામા કાંઠે નવી વસાહત કરવાના પરિણામે પાછી ઝગારા મારવા લાગી.

કુદરતની અકળગતિ પ્રમાણે વિધમીં છતાં **લાડણીબીબીએ** કુનેહથી જનતાની ચાહના મેળવી, નવસ્થાપિત પોતાની રાજસત્તાને પગભર કરવામાં સફળ થઈ, પણ આગળ જતાં કેટલાંક

* આ હકીકત "કપડવંજ શહેરનું ટૂંકું વર્ણન" (લેખક મહાસુખરામ નરસિંહરામ ભટ્ટ ડે. (ઉંડાપાડા કપડવંજ) વિ. સં. ૧૯૪૬માં પ્રસિદ્ધ થએલ પુસ્તકમાં છે.

વર્ષો પછી **મીયાં મુસ્તફરેખાનના** અમલ વખતે જાત પર જઇને વિધમીં તરીકે તેણે રૈયત ઉપર ખૂબજ જુલ્મ ગુજારવા માંડયો.

પરિણામે પ્રજાના સમજુ આગેવાનોએ ઘણા પ્રયત્નો કરવા છતાં નહિ સમજી શકનારા તે વિદેશી રાજા પાસેથી **રાજપીપળા** જઈ **ગાયકવાડ સરકારને** અરજી કરી બોલાવી લાવી રાજ્યસત્તા ઝુંટવી લીધી.

ગાયકવાડ સરકારે આ પ્રસંગે **અંડેરાવ સેનાપતિને** પૂરતા સાજ સાથે **કપડવંજના** વિદેશી રાજાને હાંકી કાઢવા મોકલેલ."

આ ઘટના વિ.સં. ૧૮૦૯ની ઇતિહાસમાં નોંધાએલ છે.

ત્યારેબાદ વિ.સં. ૧૮૭૨–૭૩માં **અંગ્રેજ સરકારે** કપડવંજ પર અમલ ચલાવતાં **કડીના મલ્હારરાવ ગાયકવાડને ચીભડપુર** પરગણું આપી **કપડવંજ** પરગણું બદલામાં લીધું, ત્યારથી **કપડવંજ** પર અંગ્રેજ સરકારની સત્તા કાયમ થઈ.*

દુઃખનું મૂળ	જ્ઞાનનું મૂળ	આત્મ શુદ્ધિનું મૂળ
અવિવેક	જિજ્ઞાસા	આત્મસમર્પણ

નિર્ધન દુઃખી ધન વિના
તૃષ્ણાસે ધનવાન !
કો ન સુખી સંસાર મેં
સબ જગ દેખા છાન ॥

ગુણી જનોને વંદના,
મૈત્રીભાવ સમસ્ત ।
દુઃખી દેખ કરુણા રહે,
અવગુણ દેખ તટસ્થ ॥

* આ વાત અગાઉ (પ્રકરણ-૭ પૃ. ૩૩ ટીપ્પણ નોંધ-૧માં) જણાવાઈ છે.



પ્રકરણ-૧૧

સાંસ્કૃતિક નગરી કપડવંજ

સંસ્કૃતિ કેરાં મૂળ છે ઉંચાં
કપડવંજની ધરતી માંહે રૂડાં

કુદરતી સૌન્દર્યથી ઓપતા ગુજરાત પ્રદેશના ભાલ-તિલકસમા **ખેડા** જિલ્લાના ૧૭ શહેરો પૈકી **ચરિત્રનાયકશ્રીના** પાવન જન્મથી પુનિત બનેલ **કપડવંજ** શહેર અનેક રીતે સ્મરણીય બનેલ છે, કેમકે-કપડવંજ અને તેની આસપાસના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ તપાસતાં ગુજરાત પ્રદેશમાં **ખેડા** જિલ્લો અને તેનું મુખ્ય નગર **કપડવંજ** શહેર ખૂબ સંસ્કૃતિ-સમૃદ્ધ અને સંસ્કારોની અખૂટ-ખાણસમું ભાસે છે.

પ્રાચીન સાહિત્યમાં મળી આવતા "**કર્પટવાણિજ્ય**" એવા પ્રાચીન નામ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે-ભૂતકાળમાં કપડાના વ્યાપારના પ્રધાન કેન્દ્રરૂપે **કપડવંજ** હતું, તે વિના શહેરનું આવું નામ પ્રખ્યાત થવાનો સંભવ નથી.

ગુજરાતનાં કેટલાંક પ્રાચીન શહેરો સાથેની સરખામણીમાં **કપડવંજ**નું નામ મોખરે આવે છે, તેનું કારણ એમ જણાય છે કે—

ગુજરાતમાં **કપડવંજ** અને તેની આસપાસનો પ્રદેશ સૌથી જુનો એટલે **મોહન-જો-દડેરા** (ઇ. સ. પૂર્વે ૨૫૦૦ થી ૧૫૦૦ સુધીના) સમયની લોથલ સંસ્કૃતિ કરતાં પણ ઘણુ પ્રાચીન હોવાની ધારણા કેટલાક પ્રમાણોના આધારે પુષ્ટ થાય છે.

કહેવાય છે કે શ્રી રામચંદ્રજી વનવાસના સમયમાં આ ભૂમિમાંથી પસાર થયા, ત્યારે અહીં ગાઢું જંગલ હતું, તેમજ **જાબાલી** મહર્ષિએ **ઉત્કંઠેશ્વર**ને પોતાની તપોભૂમિ બનાવી હતી.

૧.મહાભારતમાં તથા ૨ સ્કંદપુરાણમાં **કર્પટવાણિજ્યની** નોંધ તેની પ્રાચીનતામાં ઉમેરો કરે છે.

ઐતિહાસિક શિલાલેખો પરથી જણાય છે કે સમ્રાટ **પ્રિયદર્શી**ના શાસનકાળમાં આ નગરી ડુંગરોના ફરતા **કંદર્પવનના** નામથી ઓળખાતી.

કંદર્પવનની આજુબાજુનો પ્રદેશ '**કંદર્પવનરાજ્ય**' તરીકે પ્રસિદ્ધ હતો, જેના ઉપરથી '**કપડવંજ**' શબ્દ બન્યો–એવું અનુમાન કેટલાક વિદ્વાનો કરે છે.

આ **કંદર્પવનરાજ્યમાં** '**કમલબિંદુ**' નામનો રાજા રાજ્ય કરતો હતો, જે સમય ભવ્ય આબાદીનો હતો.

પ્રાચીન કાળમાં પશ્ચિમ **ભારતના** વ્યાપાર ઉદ્યોગના કેન્દ્ર તરીકે **સુરત** અને **ભરૂચની** ભારે પ્રસિદ્ધિ હતી. નૌકાઓ દ્વારા વિશ્વનાં મુખ્ય શહેરો સાથે ત્યાંથી વ્યાપાર ચાલતો હતો, તે સમયે **ભરૂચના** જેવું જ વ્યાપારનું કેન્દ્ર આ **કપડવંજ** શહેર હતું, તફાવત માત્ર એટલોજ હતો કે **ભરૂચમાં** સમુદ્રદ્વારા વ્યાપાર ચાલુ હતો, જ્યારે **કપડવંજનો** વ્યાપાર જમીન માર્ગે ચાલતો હતો.

કપડવંજના વ્યાપારની શાખાઓ ઘણી દૂર દૂર ફેલાયેલી હતી, કાપડનો વ્યાપાર આ શહેરનો પ્રમુખ વ્યાપાર હોઇ ગુજરાતની ભવ્યતામાં સારો વધારો કરતો હતો.

વળી રેલ્વેના જમાના પહેલાં **કપડવંજ** એ ગુજરાત અને મારવાડની સરહદ ગણાતું,

વિચારો ઉપર ભૂમિનો પ્રભાવ

શ્રીમદ્ ભાગવતની લોકકથાના સંદર્ભમાં નોંધાયેલ છે કે—

અંધ માતા–પિતાને કાવડમાં બેસાડી તીર્થયાત્રા કરાવનાર માતૃ–પિતૃભક્ત **શ્રવણકુમારની** મતિ કુરુક્ષેત્રમાં ફરી ગયેલ, માતા–પિતાની કાવડ નીચે મુકી ભાગેલ, કુરુક્ષેત્ર પસાર થયા પછી માતૃ–પિતૃભક્ત શ્રવણકુમારને પારાવાર પશ્ચાત્તાપ થયેલ

આ પ્રમાણે **શ્રી સિદ્ધગિરિ** જેવી પવિત્ર રજકણવાળી ભૂમિ ઉપર આજે પણ આરાધક ભવ્યાત્માઓ વિચારો પર ક્ષેત્રની અસરને અનુભવે છે

---

૧ **સભાપર્વ** (અ.૨૯ શ્લોક. ૬)માં કર્પટપ્રદેશનો ઉલ્લેખ છે.

૨ **બ્રહ્મખંડમાં કર્પટવાણિજ્યની** નોંધ છે.

અને મેવાડ બાજુ જવાનો ટૂંકો રસ્તો પણ અહીંથી પસાર થતો હતો, તે વખતે **અમદાવાદ** તથા **વડોદરાના** શરાફોની શાખાઓ **કપડવંજમાં** હતી.

ઇ.સ. ૯૧૧ના [૩]તામ્રપત્રમાં જણાવ્યા પ્રમાણે '**કર્પટવાણિજ્ય**' એ **ખેટક** (ખેડા) મંડળના **હર્ષપુર** (હરસોલ) આદિ ૮૪ ગામોમાંનું મોતબર નગર હતું.

વિ. સં. ૧૧૦૦ સુધી રજપુતો આ શહેર પર રાજ્ય કરતા હતા; તે સમયે આ ગામ **મહોર** નદીના જે ભાગને **શાહનો** આરો કહે છે, તે બાજુ વસેલું હતું, હાલમાં જે જગ્યાએ લોકોની વસ્તી છે, તે જગ્યાએ તે કાળે ગાઢ જંગલ હતું.

પૂર્વ બાજુના **અંતિસરીઆ** દરવાજા બાજુ **પંચના ઉપાશ્રયની** પાસે મધ્ય બજારમાં **ખીજડીઆ હનુમાનની** દેરી છે, જે ત્યાંના ૯૨ વર્ષના વયોવૃદ્ધના મુખેથી સાંભળવા મળ્યું તે મુજબ અહીં આજુબાજુ જંગલ હતું, તેથી તેનું નામ **ખીજડીઆ હનુમાન** છે.

કહેવાય છે કે—તે વખતે આ જંગલમાં વાઘ, વરૂ, સિંહ, વગેરે ઘાતકી પ્રાણીઓ રહેતાં હતાં, તે પ્રાણીઓનો અને જંગલોનો નાશ કરી ત્યાં વસ્તી શી રીતે થઈ હશે ? તે વિષેની હકીકતમાં જાણવા મળે છે. કે—

"જ્યાં હાલમાં **નીલકંઠ મહાદેવ** છે, ત્યાં આગળ પ્રથમ એ મહાદેવ હતા, પરંતુ કોઇના જાણવામાં ન હતા, કોઈ વાણીયાની ગાય દરરોજ એ જગ્યાએ જઈ પોતાની મેળે દૂધની ધારા કરતી, તેથી ઘેર બિલકુલ દૂધ દેતી નહિ, તેથી વાણીયાએ અને ગોવાળે તેમ થવાનું કારણ શોધવા માંડયું, અને ગુપ્ત રીતે ગાયની પાછળ ફરવા માંડયું, દરરોજના નિયમ પ્રમાણે ગાયે ત્યાં જઈ દૂધની ધારા કરી. તે નજરે જોયું, તેથી તેમણે વિચાર કર્યો કે આ જગ્યાએ કાંઇક ચમત્કાર હોવો જોઇએ, બીજે દિવસે આવી થોડું ખોદકામ કર્યું" તો અંદર ભોંયરામાંથી

---

૧ આ દાનપત્રની અક્ષરશઃ નોંધ 'ગુજરાત વિદ્યાસભા' પ્રકાશિત 'ગુજરાતના ઐતિહાસિક લેખો' (લે. ગિરજાશંકર આચાર્ય ભા.૨)માં નીચે મુજબ મળે છે.

"શક સં. ૮૩૨ વૈ. સુ. ૧૫ રાષ્ટ્રકૂટ રાજાઓના વંશજ મહારાજ અકાળવર્ષ (રાષ્ટ્રકૂટ વંશીય ધ્રુવસેન (બીજા)ના ભાઈ દંતીવર્માના પુત્ર)ના રાજ્યે હર્ષપુર (હાંસોલ)ના ૭૫૦ ગામની અંદર આવેલ કર્પટવાણિજ્યની ચોરાશીમાં આવેલ વાક્રાસગામ વલ્લુરીકા નિવાસી ભટ્ટ ભારદ્વાજ ગોત્ર વાજિમાધ્યન્દિની શાખીય બ્રહ્મભટને અભિપૂર્વક દાન આપવામાં આવે છે."

—ઇતિહાસપ્રેમી સંશોધક ડો. પોપટલાલ વૈદ્ય (ઉમાઈ-સાબરકાંઠા) લિખિત

"અવશેષની આરાધના" નામે અપ્રકાશિત સંદર્ભ-ગ્રંથમાંથી

મહાદેવ [1]નિકળ્યા, પછી ત્યાંજ દહેરૂં બંધાવી એ મહાદેવ લોકોને જાણીતા કર્યા, અને મહાદેવનું નામ **નીલકંઠેશ્વર** પાડયું.

નીલકંઠેશ્વરની પાસે વિશાળ કુંડ છે, ત્યાં આગળ તે સમયે તળાવ હતું, તે વખતે [2]ગુજરાતના રાજા **સિદ્ધરાજ જયસિંહ** (સં. ૧૧૫૦ થી ૧૧૯૯) આ તરફ ફરવા માટે આવ્યા, તેની સાથે **સોમદત્ત** નામે એક પંડિત હતા, આ પંડિતને રક્તપિત્તનો રોગ હતો, આ રોગ આ તળાવમાં સ્નાન કરવાથી નાશ પામ્યો, તેથી **સિદ્ધરાજે** તે તળાવ ખોદાવી **બત્રીસ કોઠાની વાવ** તથા **કુંડવાવ** બંધાવી કે જેનો ઇતિહાસ આજે કહેતી રૂપે હયાત છે.*

---

૧ " કહેવાય છે કે તે વખતે કંકુનો સાથીયો, બળતો ઘીનો દીવો, ભસ્મનો ગોળો, શંખ, ચક્ર ગદા, પદ્મ, વૃષભ, કામધેનુ નિકળેલ,

વળી શ્રીનીલકંઠેશ્વર, શ્રી નારણદેવ, શ્રી ગુપ્તેશ્વર અને શ્રી મહાલક્ષ્મીજીની પ્રતિમા નિકળેલ.

ડૉ. **પોપટભાઈ** લિખિત '**અવશેષની આરાધના**'માંથી

૨ આ સંબંધી નીચે મુજબ પણ ઉલ્લેખ મળે છે.

" ××× રાજમાતા **મયણલ્લ** દેવી બાલકુમાર સિદ્ધરાજ સાથે તીર્થયાત્રાએ નિકળેલ, ત્યારે રસ્તામાં **કર્પટવાણિજ્ય** આવેલ, તે વખતે **કર્પટવાણિજ્ય** નગર નદીના આ બાજુ અર્ધગોળાકારે હતું, રાજમાતાના ડેરા-તંબૂ નદીની સામી બાજુ (જ્યાં હાલનું **કપડવંજ** છે.) ઠોકાયા, એક **વિભુદાસ** નામે અંગરક્ષક કોઢથી પીડાતો બપોરની અસહ્ય ગરમીથી ત્રાસી નાના તળાવમાં નહાવા ગયો, નહાઇને બહાર નીકળ્યો, શરીર કોઢ રહિત થયું, આ ચમત્કાર જોઈ રાજમાતાએ **સોમદત્ત** પુરોહિતને પૂછ્યું, પુરોહિતે વિચાર કરી કહ્યું કે-આ તળાવમાં પુરુષોત્તમ પ્રભુ હોય તેમ લાગે છે.

પછી તળાવ ખોદાવી પ્રભુને બહાર કાઢી, દેવાલય બંધાવવા રાજમાતાએ તૈયારી કરી, ત્યાં માળવરાજ **યશોવર્માએ** ગુજરાતપર ચઢાઈ કરી એટલે રાજમાતાને તુર્ત પાટણ પાછા જવું પડયું.

ડૉ. **પોપટલાલ વૈદ્ય** લિખિત '**અવશેષની આરાધના**'માંથી

* આ વાત '**ગુજરાત સર્વ સંગ્રહમાં**" પણ નીચે મુજબ જણાવી છે.

" ×××એ રાજાનો એક બુઢ્ઢો **ભીમ** નામનો ભાટ બહુ રોગથી પીડાતો. **મધુમતી-વાત્રકમાં** નહાવા આવેલો તે કાંઠા ઉપર અહીં-તહીં ફરતો હતો, તેવામાં પાણીથી ભરેલા એક ખાબોચીયામાં તેનો પગ ખસ્યો અને તે ઉંડા પાણીમાં પડયો, જ્યારે સખત મહેનત કરીને તરીને કાંઠે આવ્યો, ત્યારે તે જુવાન અને બળવાન થયો, એ વાત રાજાએ જાણી ત્યારે તેણે ત્યાં વિષ્ણુભગવાનનું મંદિર બંધાવ્યું.

સિદ્ધરાજે કુંડ અને વાવ બંધાવી તેમાં પાણી ઘણું સારૂ નીકળ્યું, તેથી તેમજ વિશાળ નવાણો સુશોભિત જોઇ ઘણાખરા લોકો **શાહના આરાથી** ત્યાં આવી વસવા લલચાયા.





પ્રકરણ–૧૨

કપડવંજની કલાસમૃદ્ધિ



કર્પટ વાણિજ્ય નામ તારૂં, અપભ્રંશે કપડવંજ ।
એટક મંડળમાં એટ શું શોભે, નગર એટ તું ધન્ય ॥

ખેડા જિલ્લાની ગૌરવગાથાના મહત્ત્વપૂર્ણ સંભારણા સમા **કપડવંજની** સંસ્કારિતાની શહાદતરૂપ અનેક શિલ્પસમૃદ્ધ ધાર્મિક નાના–મોટા પ્રતીકો આજે પણ **કપડવંજની** ભવ્ય કલાસમૃદ્ધિમાં વધારો કરી રહ્યાં છે.

કપડવંજમાં મળી આવેલ સં. ૯૬૮ના દાનપત્ર ઉપરથી કહી શકાય કે **"આ પ્રદેશમાં એ સમયે રાષ્ટ્રકૂટ વલ્લભ યાને અમોઘવર્ષનું રાજ્ય તપતું હશે.**

આ નગરી વિષે સંશોધન કરતાં આ નગરી તથા તેની આજુબાજુમાંથી **ગુપ્ત** કાલોત્તર-કાલીન **પ્રતિહાર**–કાલીન, **સોલંકી**–કાલીન, **વાઘેલા**–કાલીન તથા **મુસ્લીમ**–કાલીન બાંધકામો મળી આવ્યાં છે.

આ નગરીના પુરાણા શિલ્પાવશેષો નિરખતાં એમ લાગે છે કે–

આ નગરીમાં **સોલંકી**કાળમાં બાવન જિનાલયવાળું એક દેરાસર, બે શિવમંદિરો અને એક વિષ્ણુમંદિર તથા બે થી ત્રણ દેવીમંદિરો હશે.

પ્રબંધચિંતામણિના ઉલ્લેખ મુજબ આ નગરીમાં **સિદ્ધરાજે** જળાશય બંધાવ્યું હતું.

નગરી **કપડવંજની કુંડવાવ** યાને વાવડી જેવો કુંડ, જેના બાંધકામ પરથી લાગે છે કે **"તે વિક્રમ સંવતના બારમા સૈકાની ઉત્તરાર્ધની પચ્ચીસીમાં બંધાયેલ હશે"**

સોલંકી–કાળમાં ગુજરાતમાં બંધાયેલા કુંડોમાં **મોઢેરાનો સૂર્યકુંડ, શિહોરનો બ્રહ્મકુંડ, આબુજનો શક્તિકુંડ, આબુની તળેટીમાં** આવેલ **ઋષિકેશના** મંદિર પાસેનો કુંડ અને **કપડવંજનો** કુંડ મુખ્ય ગણી શકાય.

ઉત્તર મધ્યયુગી ઝંઝાવાતો સામે બચી ગયેલ સુંદર બાંધકામોમાં **કપડવંજનો** કુંડ અને તેનું સુંદર **તોરણ** કહી શકાય.

આ સંબંધી ટૂંક પરિચય આ પ્રમાણે છે—

"ચાળીસ ડગલાં પહોળો અને તેટલાંજ ડગલાં લાંબો આ કુંડ દ્વિપગી પગથારોથી તેની શોભામાં અભિવૃદ્ધિ કરતો **કપડવંજ** નગરના મધ્યસ્થાનને શોભાવી રહ્યો છે.

આ કુંડની ત્રણ દિશાઓમાં ત્રણ શૃંગાર–ચોકીઓ આવેલી છે.

સુંદર વેદિબદ્ધ, નયન–રમ્ય સ્થંભો અને ઉદ્ધતિ વિનાના તથા સાભરણવાળા ઘુમ્મટથી એ ત્રણે શૃંગાર–ચોકીઓ ગુજરાતના અમૂલ્ય શિલ્પ–ધનને સાચવી રહી છે.

બપોરના અગિયારથી બે ની વચ્ચે આ કુંડવાવની દ્વિપગી પગથારો ઉપર સૂર્યનાં કિરણો સીધાં કે સહેજ ત્રાંસાં પડતાં હોઇને એ સમયે કુંડનું દૃશ્ય ખૂબજ નયન–રમ્ય બને છે."

કુંડનાં ત્રણ વિશિષ્ટ તોરણોની મહત્તા વિષે "**શિલ્પ–રત્નાકર**" ગ્રંથમાં નીચે મુજબ ઉલ્લેખ મળે છે.

प्राकारे देवसभाग्रे, राजद्वारे महास्मृतौ ।
जलाशयाग्रे कर्त्तव्यं, सर्वाग्रे च प्रतोल्यकम् ॥

દુર્ગમાં પેસતાં–નગરની અંદરના ભાગે, દેવાલય આગળ રાજ્ય–મહાલયના પટાંગણમાં, કોઇ મહોત્સવની કે કોઇ રાજ્યના વિજયની યાદના સ્મારકરૂપે તથા જળાશય આગળ પ્રતોલી (તોરણ) અર્થાત્ કીર્તિસ્થંભ બાંધવા.

વળી નગર કે ગામને રક્ષતાં કાષ્ઠ–દુર્ગનાં દ્વારો ભારતવર્ષના આર્યો બનાવતા, તે તોરણો જેવાં દેખાતાં, **સાંચી** તથા **અમરાવતીના** સ્તૂપનાં તોરણદ્વારો આર્યોનાં તોરણદ્વારોને મળતાં હોય છે, તેમ આ વિષયના કેટલાક નિષ્ણાતોનું માનવું છે.

ત્યાર પછી **ગુપ્તકાળમાં** ક્યાંક ક્યાંક તોરણો રચાયા, તોરણો બાંધવાની કળાનો વિકાસ **ગુપ્તોત્તર** કાળમાં ઠીક ઠીક થયો લાગે છે.

ખાસ કરીને **ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ ઓરિસ્સા** વગેરે પ્રાંતોમાં આ સમયમાં તોરણો બાંધવાનો રિવાજ પ્રચલિત થયો.

વિક્રમના નવમા સૈકાથી તોરણો બાંધવાની કળાનો ગુજરાતમાં ઘણો વિકાસ થયો, આવા કેટલાંક પ્રાચીન શિલ્પ કળા–સમૃદ્ધ તોરણો નીચે મુજબનાં જાણવા મળ્યાં છે,

(૧) **શામળાજી** પાસે રચાયેલ નવમા સૈકાનું **હરિશ્ચંદ્ર રાજાની** ચોરીનું તોરણ.

(૨-૩) અગિયારમા સૈકામાં રચાયેલાં **મોઢેરાનાં સૂર્યમંદિર** આગળનાં બે ભગ્ન તોરણો.

(૪-૫) બારમા સૈકામાં રચાયેલ **આસુડા–દેવડાનાં** બે તોરણો.

(૬) **દેલમાલનું નિંબજા** માતાનું તોરણ.

(૭) **વિલુન્દ્રાનું સૂર્યમંદિર** આગળનું તોરણ.

(૮) **વડનગર**નું તોરણ.

(૯) **ધુમલીનું નવલખા** મંદિરનું તુટેલું તોરણ.

(૧૦) **મોટી દેઉનું** તુટેલું તોરણ.

(૧૧) વિક્રમના ચૌદમા સૈકાની શરૂઆતમાં રચાયેલ **પંચમહાલ** જિલ્લાના **રતનપુર** ગામ આગળના **રત્નેશ્વર** મહાદેવનાં તોરણો.

(૧૨) વિક્રમના પંદરમા સૈકામાં રચાયેલ **સાબરકાંઠાના વિજયનગર**ના જંગલમાં આવેલ **કેન્યાટાના સૂર્યમંદિરનું** તોરણ.

(૧૩) વિક્રમના સોળમા સૈકામાં રચાયેલ સાબરકાંઠાનું **વાઘેલાનું ડેરોલનું** તોરણ

એ સિવાય **પોરબંદર** પાસેના **શ્રીનગરમાં, ધોળકામાં** અને બીજા ઘણા સ્થળોએ તોરણોના તુટેલા ભાગો પડ્યા છે, એ ભાગો બતાવે છે કે–ગુજરાતમાં સેંકડો તોરણો બંધાયાં હશે.

આ બધાં તોરણોની સૃષ્ટિમાંથી **વડનગર, દેલમાલ** અને **કપડવંજનાં** તોરણ આજદિન સુધી **લગભગ** અકબંધ રહી જવા પામ્યાં છે.

ગુજરાતની તોરણ–સૃષ્ટિમાં **કપડવંજના** તોરણની ખાસ વિશિષ્ટતા એ છે કે–

"આ તોરણના ઉપલે મથાળે મધ્યભાગે આવેલ **ઇલ્લીકાલવણુમાંની** મૂર્તિના જેવું સુંદર શિલ્પ બીજે ભાગ્યેજ જોવા મળે છે. સુંદર ભદ્રની **શ્રેણિની** કુંભી ઉપરથી શોભતા એજ શ્રેણિના બે દોઢિયા સ્થંભો ઉપર આખુંય તોરણ ઉભું છે.

આ દોઢિયા સ્થંભો ઉપર પાટ ગોઠવાએલી છે. તેના ઉપર છજું અને છજા ઉપર ઉતરચડ પાંચ **ઇલ્લીકાલવણો,** બે તિલકો અને બે મકરમુખોથી આખુંય તોરણ શોભી રહ્યું છે.

કુંભી ઉપરથી શરૂ થતા ભદ્રના સ્થંભની ચાર દિશાએ પરિકરને મળતા ગવાક્ષોમાં એકએક દેવમૂર્તિ ગોઠવાયેલી છે.

આમ બંને સ્થંભો ઉપરની આઠ દેવમૂર્તિઓથી તોરણનો નીચેનો ભાગ શોભી રહ્યો છે.

તેના ઉપર બેઠી દેવમૂર્ત્તિઓની ઘાટિકા દૃશ્યમાન થાય છે.

તેની ઉપર ટેકીના નીચલા ભાગ સાથે જોડેલી ચારે દિશાની અપ્સરા કે ગાંધર્વીઓની મૂર્તિઓની નીચલી ચાર બેઠકો દેખાય છે.

તેના ઉપર તીતરપક્ષીઓની હરોળ, તેના ઉપર હીરાકણીનું શિલ્પ અને તેના ઉપર અશોક પત્રથી સુશોભિત સ્થંભની ટેકીનું મથાળું આવેલ છે.

તેના ઉપરથી સ્થંભનો આકાર વર્તુળાકાર બની જાય છે, આ વર્તુળાકારના અંદરના ભાગેથી તોરણની ગોળ કમાન (તોરણિયું) શરૂ થાય છે, અને બહારની ત્રણે દિશાની મૂર્તિઓ દેખાય છે, પછી તેના ઉપર પાટ અને છેલ્લે પાંચ **ઇલ્લિકાલવણ**, બે તિલકો અને બે મકર મુખોથી શોભતું તોરણનું ઉપલું મથાળું દેખાય છે".

ગુજરાતની તોરણ સૃષ્ટિમાં **કપડવંજનું** તોરણ આગલી હરોળમાં મૂકાય.

જો આ તોરણમાં ગેરૂઆ રંગની ઝાંયવાળો દૂષિત ખારો પથ્થર વપરાયો ન હોત તો આ તોરણને હવા અને વરસાદે નુકશાન કર્યું હોત.

કપવંજના કુલ નવ દેરાસરોમાંથી કેટલાંક દહેરાસરોમાં **સોલંકીયુગની** જૈન મૂર્તિઓ જોવા મળે છે.

સિંધબાઈ માતા, વારાહીમાતા વગેરેનાં મંદિરોમાં તથા **નગીના મસ્જિદમાં સોલંકીયુગના** અવશેષો દેખાય છે.

[1]**કપડવંજની બત્રીસ કોઠાની** વાવ પણ ગુજરાતની પુરાણી વાવોમાંની એક ગણાય, **કુંડવાવ** નજીક આવેલ **નીલકંઠ** મહાદેવમાંનું માનુષી શિવલિંગ **સોલંકી** કાળના મધ્ય ભાગ જેટલું પુરાણું હોવાનો સંભવ છે.

તદુપરાંત આ નગરીમાં કેટલાયે અવશેષો જાણ્યે-અજાણ્યે ખૂણે પડ્યા હશે, તે બધા **કપડવંજની** પ્રાચીન ગૌરવગાથા મૂકપણે વદી રહ્યા છે.

---

૧. ગૂર્જરપતિ **સિદ્ધરાજ જયસિંહે** ભવ્ય કલાત્મક તોરણવાળી કુંડવાવ બંધાવી તે વખતે નમુનેદાર શિલ્પવાળી બત્રીશ કોઠાવાળી વાવ બંધાવ્યાની નોંધ ઇતિહાસમાં છે.

આજે તો કાળચક્રના પરિવર્ત્તનના આધારે આ વાવ બિસ્માર (વેરાન) હાલતમાં છે, હાલમાં એકજ કોઠો જોવા મળે છે, કે જેનો વિસ્તાર હાલની **પીપલા** બજારની સુધી હોય તેમ લાગે છે, બાકીના એકત્રીશ કોઠા કાળના ઝપાટામાં અસ્ત-વ્યસ્ત થવા પામ્યા છે.

આજના સંશોધકોના અભિપ્રાય મુજબ બત્રીશ કોઠાનો વિસ્તાર **મોરેશ્વરી** માતાજીના મંદિરથી સળંગ **નાની વહોરવાડ** ની બજાર સુધી હોય તેમ જણાય છે, કેમકે ત્યાં સુધીની બધી દુકાનો એક સરખા પગથાર પર હોય તેમ દેખાય છે...

પ્રકરણ-૧૩

કપડવંજની ભવ્ય યશોગાથા

પૂ. ચરિત્રનાયકશ્રીનો જે ભૂમિમાં મંગલ જન્મ થયેલ, તે ભૂમિના પુણ્યબલની જાગૃતિ વિક્રમના તેરમા સૈકાથી વિશિષ્ટ રૂપે થઈ, ત્યાર પછી કાળચક્રની ઘણી પછડાટો ખાવા છતાં પણ વીસમી સદીના પ્રારંભકાળે કપડવંજ પોતાની ભૂતકાલીન ભવ્ય ગૌરવ-ગરિમાથી ઓપતું હતું.

કપડવંજમાં રાજકીય વિપ્લવનો આરંભ અગિયારમી સદીના ઉત્તરાર્દ્ધથી શરૂ થયેલ, તેરમા સૈકાના પ્રારંભે ભૂમિ પલટો થઈ **મહોરનદીના** સામા કાંઠે **કપડવંજની** નવી વસાહત થઇ અને ત્યાં અનેક પ્રકારના વિશિષ્ટ ઐતિહાસિક સ્થાનોના સર્જન દ્વારા જાણે કુદરતે ભાવીમાં વીસમીસદીના ઝળહળતા સૂર્ય સમાન આગમધર મહાપુરુષની ભવ્યતાને ઓપ આપવાનું કાર્ય સ્વતઃ કર્યું હોય તેમ લાગે છે.

રજપૂત રાજ્યની પડતી પ્રસંગે વિધર્મીના હાથે પણ નૂતન વસાહતની સ્થાપના ગુર્જરપતિ **સિદ્ધરાજ જયસિંહે** વનદુર્ગ તરીકે-છાવણી તરીકે પસંદ કરેલ જગ્યાએ થઈ; અને વિધર્મી છતાં **રાધનપુરના** નવાબની બેગમ શ્રીમતી **લાડણીબીબીએ** જાણે ભાવિમાં થનારા મહાપુરૂષની ભૂમિને સંસ્કારિત કરવાના સંકેત રૂપે કુનેહપૂર્વક પ્રજાની ચાહના મેળવી સુંદર રાજ્ય વ્યવસ્થા કરી મજબુત કિલ્લો બંધાવ્યો.

આ બધો પાંચમા આરામાં તરણ-તારણહાર તરીકે ભવ્યજીવોના હિતકારી આગમોના વારસાને સુરક્ષિત કરનારા પૂ. ચરિત્રનાયકશ્રી જેવા મહાપુરૂષ જે ભૂમિમાં ઉત્પન્ન થવાના, તે ભૂમિનો પુણ્ય-પ્રતાપ લાગે છે.

આવા **કપડવંજના** કેટલાક પ્રાચીન અવશેષોનો પરિચય ટુંકમાં આ પ્રમાણે છે—

આજે જ્યાં જનરલ હોસ્પીટલ, એસ. ટી. સ્ટેન્ડ વિગેરે સ્થાનો છે, ત્યાં મીઠા પાણીનું

તળાવ હતું, આથી ત્યાં આવેલો દરવાજો **મીઠા તળાવનો દરવાજો** કહેવાતો, આજે તે **મીઠા તળાવની ભાગોળ** કહેવાય છે.

આ દરવાજા નજીક લાડણી બીબીએ હવા ખાવા માટે પોતાના બાવિંદના નામથી **સરદાર બાગ** નામે સુંદર બગીચો બનાવડાવેલ, બેઠક માટે સુંદર મકાનો પણ બંધાવેલ, જેના અવશેષો હાલ પણ મળે છે, તેમજ આ જગ્યા **સરદાર બાગના** નામે આજે પણ પ્રસિદ્ધ છે.

વળી **સરખલીયા** દરવાજા પાસે **સરખલીયો કૂવો** તેના વિશિષ્ટ ગુણધર્મવાળા પાણીથી પ્રખ્યાત છે, કે જે કૂવો **કપડવંજના** શાહુકાર **શ્રી લખીદાસ** શેઠે બંધાવેલ છે.

આ પ્રમાણે **અંતિસરીયા** દરવાજા પાસે **બીડની**[1] **વાવ** નામની અતિ પ્રાચીન વાવ હતી, જેના થોડાક અવશેષો આજે પણ જોવા મળે છે.

આ વાવડીનું પાણી એવું વિશિષ્ટ–ગુણધર્મવાળું હતું કે તેમાં રેશમના અને સોના, ચાંદી, અંબરના જરીયાન કપડા બોળવા માત્રથી સુંદર અને સ્વચ્છ થઈ જતા.

જુની સબ રજીષ્ટ્રારની કચેરી આગળ **લાડણી** બીબીની કબર પણ હાલ મોજુદ છે.

સરકારી ગદીમાં બીબીને રહેવા માટેના જુના મકાનોના ખંડેરો તેમજ ત્યાં બનેલ નવા મકાનોના પાયામાંથી પુરાતન ઇમારતોના વિશાલ મજબૂત પાયાઓ મળે છે.

આજે નગરપાલિકાનું જ્યાં કાર્યાલય છે. તે જગ્યા "**હાથીખાના**" તરીકે ઓળખાતી હતી, જાણકારોના કહેવા પ્રમાણે લાડણીબીબીના લડાયક હાથીઓનું સૈન્ય અહીં રહેતું હતું.

કપડવંજની સુરક્ષા માટે લાડણીબીબીએ બંધાવેલ કિલ્લાની વધુ માવજત કરવા માટે **ગાયકવાડ** સરકારે ખાઇ ખોદાવેલ, તેમાં **નદી દરવાજે** અને **કોટની બારી** વચ્ચેની ખાઈ ખોદતાં ૭ ફૂટના **મોટા હનુમાનજી**ની મૂર્તિ ભૂગર્ભથી નિકળેલ, કે જે હાલ **સરખલીયા દરવાજે શેઠ મોઠાભાઈ ગુલાલચંદની ધર્મશાળામાં** દેહરૂં બંધાવી પ્રતિષ્ઠિત કરેલ છે.

૧ આ વાવ "રાણીવાવ" તરીકે પણ ઓળખાય છે **અંતિસરીયા** દરવાજા બહાર **હરિજનવાસ** આગળ આ વાવ (ખંડેરરૂપે) છે.

ઇતિહાસની નોંધ પ્રમાણે **સિદ્ધરાજ જયસિંહે** બંધાવેલ કુંડવાવ અને **બત્રીશ** વાવના બનેલ પત્થરોમાંથી આ વાવનું નિર્માણ થયાનું મનાય છે,

બનેલા પત્થરોમાંથી આ વાવના નિર્માણ ઉપરાંત **મહારાણીની** પ્રિયદાસી **સિંગારના** નામથી **સિંગારવાવ** પણ બંધાયેલ, કે જે હાલ જર્જરીત અવસ્થામાં **મ્યુનિ. હાઈસ્કૂલ** પાસે **વેગનાથ મહાદેવની** પછીતે છે.

આ પ્રમાણે ગુર્જરપતિ **સિદ્ધરાજ જયસિંહે કુંડવાવ** બંધાવી, ત્યારે ભૂગર્ભથી અનેક શિલ્પ–સ્થાપત્યના અવશેષો, વિવિધ દેવોની મૂર્તિઓ નિકળ્યાની નોંધ ઇતિહાસમાં મળે છે, પણ તે બધું કાલચક્રના પરિવર્તન સાથે અસ્ત–વ્યસ્ત થયું લાગે છે. માત્ર તેમાંની **શ્રી નારાયણદેવની** સુંદર પ્રતિમા દેસાઈ લોકોએ તે વખતના **મહારાજા મલ્હારરાવની** મહેરબાની–મદદથી બંધાવેલ મંદિરમાં પ્રતિષ્ઠિત કરેલી, જે આજે પણ મોજૂદ છે.

હાલના **કપડવંજનો** વસવાટ લાડણીબીબીની ચકોર બુદ્ધિ અને ઉંડી સમજણ પ્રમાણે વ્યવસ્થિત રીતે થયો હોય તેમ જણાય છે.

કેમકે કપડવંજમાં જ્ઞાતિવાર મહોલ્લાઓ, વાડાઓ અને પાડાઓ આજે પણ જોવા–જાણવા મળે છે, જેમાંના આજે કેટલાક નામ વિશેષરૂપે પ્રસિદ્ધ થઈ ગયા છે. જ્યારે કેટલાક મહોલ્લા અને વાડાઓ નામના જ રહેવા પામ્યા છે, તેમ છતાં તે બધા કપડવંજની ભૂતકાળની ભવ્ય યશોગાથા સૂચવી રહ્યા છે.

જેમકે–**સલાટવાડા, કાંટાવાળી** ખડકી છે, કે જ્યાં વૃદ્ધ પુરૂષોના કથન પ્રમાણે વેપારી મહાજનનો ઘી તોલવાનો કાંટો હતો, અને હજારો મણ ઘીનો તોલ થતો હતો.

આ ઉપરાંત વીસમી સદીના પ્રારંભે સંશોધક વિદ્વાનોએ પૂર્ણ અભ્યાસ–બળે એમ પણ તારવણ કાઢયું છે કે–હાલના કપડવંજની પશ્ચિમ દિશામાં ૧૧મી સદીમાં **શેઠ શ્રી ગોવર્ધને** બંધાવેલ ભવ્ય ભાવન જિનાલયના (કે જે હાલ મોટી મસ્જીદના રૂપમાં ફેરવાઈ ગયેલ છે) પાછલા ભાગે પશુ ચિકિત્સાલયની ઉત્તરે ડાઠ બંગલાની સામે **મહોર** નદીના કાંઠાના ટેકરાઓની લાલ માટીમાં સુવર્ણરજની બહુલતા છે.

આ વાત ભૂસ્તરશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રના અનુભવીઓની તપાસથી પણ પ્રમાણિત થયેલ છે.

કેટલાક જાણકાર અનુભવીઓના કહેવા પ્રમાણે વીસમી સદીના પૂર્વાર્ધમાં કેટલાક સાહસિક કારીગરોએ શોધન પ્રક્રિયાથી સોનું મેળવવાનો ઉદ્યમ પણ કરેલ, પરંતુ રાસાયણિક પ્રક્રિયામાં ઘણી મહેનત અને ખર્ચ વધુ આવતો હોઈ મોંઘુ પડવાને કારણે કારીગરોનો ઉત્સાહ ઠંડો થઈ ગયો.

એકંદરે આગમોના અખંડ અભ્યાસી બહુશ્રુત આચાર્ય ભગવંત પૂજ્ય **આગમોદ્ધારક-શ્રી**ના જન્મથી પાવન બની વિખ્યાત થયેલ કપડવંજની ભૂમિ સોનાની ખાણ તરીકે પણ કેટલાક **ઔદ્યોગિક** દૃષ્ટિબિંદુવાળાની નજરમાં રહેલ.

આ વસ્તુ પણ ચરિત્રનાયકશ્રીની અપૂર્વ વિશિષ્ટતા સૂચવે છે.



પ્રકરણ-૧૪

પુણ્યભૂમિ કપડવંજ

કેટલીએ સદીઓ પૂર્વથી **ગુજરાત જૈનધર્મની** વિવિધ પ્રવૃત્તિઓનું મુખ્ય ધામ બન્યું છે, **ખંભાત, સુરત, પાટણ, અમદાવાદ** વગેરે શહેરોમાં જૈનોની વસ્તી ઘણી સારી હતી, એ રીતે **અમદાવાદની** નજીક આવેલ **કપડવંજ** નગરીમાં પણ જૈનોની વસતિ નોંધપાત્ર હતી, એમ ઇતિહાસ પૂરવાર કરે છે.

બારમી સદીથી કપડવંજનો ઇતિહાસ કડીબદ્ધ મળે છે, પણ તે પૂર્વે કે જ્યારે કપડવંજ **મહોરનદીના** સામા કાંઠે **શાહના આરે** હતું, ત્યારે પણ જૈનોની ધાર્મિકતા, શ્રીમંતાઈ અને આબાદી સૂચવનારી કેટલીક વિશિષ્ટ કડીઓ સંશોધક પુણ્યાત્માઓને જડી આવેલ છે.

અર્થાત્-વિ. સં. ૧૧૩૯માં નવાંગી ટીકાકાર પૂ. મ. **શ્રી અભયદેવસૂરિજી મહારાજના** સ્વર્ગવાસની ઘટનાથી કપડવંજ ઇતિહાસમાં સુપ્રસિદ્ધ બન્યું છે જ, પણ વિ. સં. ૧૧૩૯ પૂર્વે રચાયેલ **શ્રી મહાવીર ચરિત્ર** (પ્રાકૃત)માં ગ્રંથકર્ત્તા પૂ. આ. **શ્રી. ગુણચંદ્રસૂરિજી મહારાજે** ગ્રંથરચના ક્યાં થઈ ? કોના આગ્રહથી થઈ ? કયા સંયોગોમાં થઇ ? વગેરે વાત ગ્રંથની પાછળ મોટી પ્રશસ્તિ દ્વારા સૂચવી છે, તેના આધારે કપડવંજ બારમી સદી પૂર્વે ધાર્મિક જાહોજલાલીથી સંપન્ન હતું. એમ—સ્પષ્ટ લાગે છે.

તેમાં મહત્વની વાત એ નોંધાએલ છે કે—

"શ્રી **વાયડગચ્છીય** આચાર્ય શ્રી. **જીવદેવસૂરિજીના** શિષ્ય આચાર્ય શ્રી **જિનદત્તસૂરીશ્વરજીના** ઉપદેશથી પ્રતિબોધને પામેલા અને **કપડવંજના** વાસી ધનકુબેર શ્રીમંત છતાં ધર્મપ્રેમી પુણ્યાત્મા શ્રી **ગોવર્ધન** નામના શેઠે વીતરાગ પ્રભુની ભક્તિ દ્વારા મોહના સંસ્કારોને ઢીલા કરવાના શુભ આશયથી અનર્ગલ લક્ષ્મી-ધનનો વ્યય કરી શ્રી **નંદીશ્વર દ્વીપના** આવન

દેવસરના જૂથના સંભારણારૂપે વાસુપૂજ્ય પ્રભુનું ભાવન દેવકુલિકાવાળું દેવવિમાન જેવું ભવ્ય જિનાલય બંધાવ્યું.[૧]"

આ વાતને જણાવનારા " **શ્રી મહાવીર ચરિત્ર** "ની પ્રશસ્તિના શ્લોકો નીચે મુજબ છે.

तेहिंतो पडिबुद्धो, वायडकुलजयपडायसन्निभो ।
कप्पडवाणिज्जपुरे, सेट्ठी गोवद्धणो आसी ॥

णंदीसरावलोयण – भव्वाण दंसणत्थं च ।
कारावियं सुतुंगं बावण्णजिणालयं जेण ॥

વધુમાં **પૂ. ગુણચંદ્ર** ગણી રચિત **"મહાવીર ચરિય"**ની ૮૦ શ્લોકોની વિસ્તૃત તે પ્રશસ્તિમાં આ પુણ્યવંત શ્રેષ્ઠીનો પરિચય ખૂબ સુંદર આપેલ છે, જેની ટુંક નોંધ આ પ્રમાણે છે.

૦ પૂ.આ.શ્રી **જીવદેવસૂરીશ્વરજી**ના શિષ્ય પૂ.આ. **જિનદત્તસૂરિ** મ.થી પ્રતિબોધ પામેલ **વાયડ** કુલદીપક શ્રી **ગોવર્ધન શેઠને સોઢા** નામની શ્રાવિકાની કુક્ષિએ ચાર પુત્રો થએલ. (૧) **અમ્મય** (૨) **સિદ્ધ** (૩) **જજ્જનાગ** (૪) **નન્નય**, ચારે પુત્રો ખૂબ ધર્મિષ્ઠ હતા.

૦ સંયમ લેવાના મનોરથ તીવ્ર હોવા છતાં શ્રી **ગોવર્ધન શેઠ** સંયોગવશ લઈ ન શક્યા, પણ અંતે **સંથારા દીક્ષા** લઈ આરાધનાપૂર્વક કાળ કરી દેવલોકે ગયા.

૦ **શ્રી ગોવર્ધન** શેઠના બે પુત્રો **અમ્મય** અને **સિદ્ધ** પણ અનેક ધર્મકાર્યો કરી સ્વર્ગવાસી થયા, ત્રીજો પુત્ર **જજ્જનાગ કપડવંજથી** સ્થળાંતર કરી **છત્રાવલી** (છત્રાલ) ગામે સ્થિર થયો.

૦ તેને **સુંદરી** નામે ભાર્યાથી **શિષ્ટ** અને **વીર** નામે બે પુત્રો થયા, જેઓએ ધર્મનાં ખૂબ કાર્યો કર્યાં. અનેક નાના–મોટા સંઘો કાઢ્યા.

---

૧ આ જિનાલય આજે કાળના પ્રબળ ઝપાટા અને ક્ષેત્રબળની ખામીથી નષ્ટ–ભ્રષ્ટ થઈ ગયું છે, કેટલાક જાણકાર અનુભવીઓ એમ કહે છે કે

"હાલના કપડવંજની પશ્ચિમે ઠેઠ ગામના પાદરે મહોરનદીના કાંઠે જુમામસ્જીદ પ્રાચીન સ્થાપત્યવાળી છે, તે ગોવર્ધન શેઠના નંદીશ્વરજી મંદિરનું સાંપ્રદાયિક ઝનૂનથી વિકૃત થયેલ રૂપાંતર છે."

ઘણી ઘણી મસ્જીદો મુસ્લીમયુગમાં મંદિરોના ધ્વંસની ઝનુની પ્રવૃત્તિના ફળરૂપે થોડા ફેરફાર સાથે આકાર પામતી હોવાના ઘેરણે મુજબ **જુમ્મા–મસ્જીદમાં** દેરાસરના ગભારા, ઘુંમટ વગેરે અવશેષોનાં રૂપાંતરો જોવા મળતાં હોવાથી ઉપરની વાતમાં તથ્ય લાગે છે.



૦ તમામ આગમોની પ્રતો લખાવી ભંડારોમાં સ્થાપી, પૂ.આ. **દેવભદ્રસૂરિ** મ૦ને વિનંતિ કરી પ્રાકૃતમાં "**વીર ચરિય**"ની રચના કરાવી.

૦ **વીર** શેઠને ધર્મનિષ્ઠ **યશોદેવ** નામે પુત્ર હતો, જેની ધર્મસ્નેહભરી પ્રાર્થનાથી તેમજ તે વખતના શ્રી **નન્નઠાકોર**ની વિનંતીથી **આ. દેવભદ્રસૂરિજી**એ પ્રાકૃતમાં સર્વાંગ સુંદર "**પાર્શ્વનાથ ચરિત્ર**"ની ભરૂચમાં રચના કરી.

૦ **શ્રી ગોવર્ધન** શેઠનો ચોથો પુત્ર **નન્નયશેઠ** કપડવંજમાંજ સ્થિર રહ્યો. તેને પોતાના ભાણેજ **યશોનાગ** ઉપર ખૂબ ધાર્મિક સ્નેહ હતો.

૦ **નન્નય** શેઠને **સાવિત્રી** ભાર્યાથી **ગોપાદિત્ય** અને **કપર્દી** નામે બે પુત્રો હતા, જેમાં **કપર્દી** શેઠે કપડવંજથી **શત્રુંજય** આદિ મહાતીર્થનો મોટો છ'રી" પાળતો સંઘ કાઢી શાસનની પ્રભાવના[1] કરેલ."

આ રીતે કપડવંજનો પુણ્યવાન **શ્રી ગોવર્ધન શેઠ** અને તેમના કુટુંબ–પરિવારની ઉદાત્ત ધાર્મિક ભાવનાથી ભરપૂર બારમી સદી પહેલાંનો અજ્ઞાત ઇતિહાસ **શ્રી મહાવીર ચરિત્ર** (પ્રાકૃત)ની પ્રશસ્તિના આધારે જાણવા મળે છે.

બારમી સદી પછી તો કપડવંજની યશોગરિમા વધારનારા ઘણા પ્રસંગો વ્યવસ્થિત રીતે જોવા–જાણવા મળે છે, જેમાં સૌથી વધુ મહત્ત્વની વાત નવાંગી ટીકાકાર પૂ. **આ. શ્રી. અભયદેવ સૂરીશ્વરજી** મ૦ની સ્વર્ગભૂમિ તરીકેની જગપ્રસિદ્ધ છે.

પૂ. આ. શ્રી. અભયદેવસૂરીશ્વરજી મ૦ આઠ પ્રભાવકમાંના પ્રાવચનિક પ્રભાવક હતા, કેમકે જ્યારે આપણાં આગમો અર્થ–ભાવાર્થને સમજાવનાર વ્યવસ્થિત ટીકાઓના અભાવે દુર્બોધ બનવા લાગ્યાં. ત્યારે આ મહાત્માએ અનેક જુદી જુદી વાચનાઓ મેળવી તેમને વ્યવસ્થિત બનાવી અસ્ત–વ્યસ્ત થયેલ કેટલાક પાઠોને મહા–પરિશ્રમે ગીતાર્થ મહાપુરૂષોની દોરવણી મુજબ શુદ્ધ કરી વીતરાગ પ્રભુની વાણીરૂપ દ્વાદશાંગી પૈકી **શ્રી આચારાંગસૂત્ર** અને **શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર** સિવાય બાકીના નવ **આગમો** ઉપર વૃત્તિઓ રચી આગમના પદાર્થો બાળજીવોને પણ સુબોધ બનાવ્યા.

---

[1] આ સંબંધી વધુ વિગત પૂ. ચરિત્રનાયક **આગમોદ્ધારકશ્રીના** સંસારી વડિલ બંધુ સ્વ. પૂ. પં. **શ્રી મણિવિજયજીમ.**ના પટ્ટધર શિષ્ય સ્વ. **આ.** શ્રી **વિજયકુમુદસૂરીશ્વરજી** મહારાજે ખંભાતની જુની તાડપત્રી ઉપરથી ખૂબ મહેનત કરી પ્રકાશિત કરેલ "**સિરિપાસનાહ ચરિય**"ની પ્રસ્તાવનામાં "**કપડવંજનો નિબંધ**" એ શીર્ષક તળે શ્રી **ગોવર્ધન** શેઠના ધાર્મિક કુટુંબની શાસન સેવાની આપેલ માહિતીમાં મળી આવે છે.



નવાંગી ટીકાનું આ મહા–ભગીરથ કાર્ય શ્રી **અભયદેવસૂરિજી** મહારાજાએ શાસનદેવીની સત્પ્રેરણા–સહાયથી પૂર્ણ કરેલ.

આ ઉપરાંત તેઓશ્રીએ બનાવેલ **પૂ. આ. શ્રી. હરિભદ્રસૂરિજીના પંચાશકની** ટીકાઓ, **શ્રી જિનભદ્રગણીકૃત** શ્રી **વિશેષાવશ્યક** ભાષ્ય ઉપરની ટીકા વગેરે મહત્વપૂર્ણ કૃતિઓ જૈન શાસનનો અણમોલ વારસો ગણાય છે.

આ સૂરિજીનો જન્મ **ધારાપુરી** નગરીમાં થયો હતો. તેઓશ્રીના પિતાજીનું નામ **મહીધર** અને માતાનું નામ **ધનદેવી** હતું.

સોળ વર્ષની વયે **શ્રી જિનેશ્વરદેવસૂરિજી** મહારાજ પાસે તેઓશ્રીએ સંયમનો સ્વીકાર કરી જીવન શાસનને સમર્પિત કર્યું.

પૂર્વ–કર્મયોગે તેઓશ્રીને કોઢરોગ થયેલ, છતાં પ્રભુશાસનની અપૂર્વ સમજણના કારણે સંયમની મર્યાદાઓને ખૂબ ચોકકસ રીતે વળગી રહી ભયંકર માંદગીમાં પણ સમભાવે ભોગવી લેવા રૂપે કાંઈપણ ચિકિત્સા કે ઉપચાર ન કરવાનો દૃઢ આગ્રહ તેઓશ્રીએ જાળવી રાખેલ.

છેવટે અનશન દ્વારા શરીરનો ત્યાગ કરી દેવાની હિંમત કેળવેલ, પણ ઔષધનું સેવન મનથી પણ ઇચ્છયું ન હતું.

આવી ધીરતા અને સંયમની દૃઢતાથી આકર્ષાયેલ શાસનદેવીએ સ્વપ્નમાં રોગ–નિવારણ તરીકે શાસનની પ્રભાવના વધારનારૂં સૂચન કર્યું કે–

"શેઢી નદીને કાંઠે આવેલ થામણા ગામ નજીક ખાખરાના ઝાડ નીચે ભૂમિમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની નીલવર્ણી પ્રતિમાજી છે, કે જેનો સહારો પ્રાચીનકાળમાં શ્રી નાગાર્જુન યોગીએ રસસિદ્ધિ કરવામાં લીધો હતો, તે પ્રતિમાજીને આપ જઈને પ્રગટ કરો, તેના અભિષેકના નવણ જળથી આપનો કોઢરોગ નષ્ટ થઈ જશે."

શાસનદેવીના સૂચનથી સૂરિજી ત્યાં પધાર્યા **"જયતિહુઅણ"** નામનું બત્રીસ ગાથાનું સ્તોત્ર બનાવી સ્તુતિ કરતાં પ્રતિમાજી પ્રગટ થયાં, આ પ્રતિમાજી હાલ **ખંભાતમાં સ્થંભન પાર્શ્વનાથ** નામે સુપ્રતિષ્ઠિત છે.

આવા શાસન–પ્રભાવક સૂરિજી જ્યારે કપડવંજ શહેર શાહને આરે **મહોરનદીના** સામા કાંઠે વસેલું હતું, તે સમયે આજે જ્યાં કપડવંજમાં વીશા નીમા **જૈન પંચનો** ઉપાશ્રય છે, તે સ્થળ ગીચ ઝાડીવાળું હોઈ ત્યાં આવી ધ્યાનસ્થ બની કાઉસગ્ગ કરતા હતા.

અણમોલ વારસો

અપ્રમત્ત સ્વાધ્યાયનિષ્ઠ શ્રમણોએ સંયમ સાધનામાંથી ફાજલ પડેલા સમયનો સદુપયોગ આધ્યાત્મિક વિકાસના પંથે વધી રહેલ મુમુક્ષુ પુણ્યાત્માઓને સાપેક્ષ રીતે ઉપયોગી થનાર વિવિધ સાહિત્યના સર્જન-સંકલનમાં કર્યો છે.

તેવા ગ્રંથરત્નો વર્ત્તમાન જૈન શ્રીસંઘનો અણમોલ વારસો છે.

ઝવેરાત કરતાં વધુ મૂલ્યાંકનની દૃષ્ટિથી તન-મન-ધનથી આ વારસાને સાચવી રાખવાની શ્રીસંઘની પવિત્ર ફરજ છે.

પ્રમાણે પં. હર્ષભૂષણ ગણીએ "**અંચલમતદલન પ્રકરણ**" ની રચના કપડવંજમાં કરી છે, તેમ સ્પષ્ટ જાણવા મળે છે[1]

આ પ્રમાણે કપડવંજમાં અનેક પુણ્યશાળી મહાનુભાવોએ આગમો, પ્રકરણો ચરિત્રો, રાશો વગેરેની પ્રતો લખી–લખાવી હશે, પણ હાલ નીચે મુજબની પ્રતોની નોંધ મળે છે,

(૧) **શ્રી ચંદનલાલ ચરિત્ર ચૌપાઈ–આની પ્રત વાચક હર્ષમંડન ગણીના શિષ્ય વાચક હર્ષમૂર્તિએ વિ. સં. ૧૫૬૬ આસો સુ.૨ના** દિવસે કપડવંજમાં **લખ્યાની** નોંધ મળે છે[2]

(૨) શ્રી **જૈનપ્રબંધ**–પ્રવર શાસન પ્રભાવક પૂ. ઉપા. **વિનયવિજયજી** મહારાજે આ ગ્રંથની રચના કપડવંજમાં કર્યાની નોંધ મળે છે

---

૧ આ ગ્રંથની પ્રાચીન પ્રત લા. દ. વિદ્યામંદિર, (નવરંગપુરા, અમદાવાદ ૯)ના વિશાળ હસ્તલિખિત પ્રતિ-સંગ્રહ (નં. ૨૨૪૫)માં છે. તેમાં ગ્રંથના પાછળના ભાગે નીચે મુજબ પ્રશસ્તિગત શ્લોકો છે.

अविधिमतविषौषधार्ह—
मेतत्प्रकरणमन्यगुणोपकारहेतुः ।
व्यरचि खं-वसु-देव-भू मिते ऽब्दे (१४८०)
पुरवरकर्पटवाणिजे वलासे ? ॥१॥
सुसाधवः साधु विशोध [य] न्तु,
शुद्धाशया ग्रन्थमम् च सम्यक् ।
जीयाच्चयं विबुधवाच्यमानः
श्लोकैः सहस्रेण विशिष्टमानः ॥२॥
इह किञ्चिदनागमं वचो,
यदनाभोगवशाद्विहोदितम् ।
तदनर्घ्यगुणास्पदबुधा मा-
ममर्षन्तु सहर्षभूषणाः ॥३॥

૨ આ પ્રત સંબંધી પ્રખર સાહિત્ય સંશોધક વિદ્વદ્વર્ય સદ્ગત શ્રી **મોહનલાલ દલીચંદ** દેશાઈએ જૈન ભાષાસાહિત્યના ગ્રંથોના સંકલન રૂપ ચાર ભાગમાં તૈયાર કરેલ :**જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧ પા. ૪૪)માં નીચે મુજબ પ્રશસ્તિ નોંધી છે.

સં. ૧૫૬૬ વર્ષે આશ્વિન માસે શુક્લપક્ષે દ્વિતીયાયાં તિથૌ ગુરુવાસરે હસ્તનક્ષત્રે શ્રી ભાવસાગર સૂરિવિજયરાજ્યે વા. શ્રી ગુણશેખર ગણીન્દ્ર શિષ્ય વા. શ્રી હર્ષનન્દન ગણીન્દ્ર શિષ્ય વા. શ્રી હર્ષમૂર્તિ ગણિ લિખિતા પરોપકારાય દત્તા (પં) આણંદ શ્રી (ગણિ) શિષ્યા (પં) સત્યશ્રી (ગણિ) વિલોકનાર્થે વાચ્યમાન ચિરંજીયાત્ શ્રી અંચલગચ્છે શ્રી કર્પટવાણિજ્ય (કપડવંજ) નગરે લિખિતા શુભં ભવતુ ॥



(૩) **શ્રી શીલદૂત મહાકાવ્ય**–આ મહાકાવ્યની રચના પૂ. આ. શ્રી **રત્નસિંહસૂરિના** શિષ્ય ઉપા. શ્રી. **ચારિત્ર સુંદર ગણીએ** વિ. સં. ૧૪૮૪માં ખંભાતમાં કવિશ્રેષ્ઠ શ્રી **કાલીદાસ મહાકવિ** રચિત પંચ–મહાકાવ્યમાં સર્વશ્રેષ્ઠ **શ્રીમેઘદૂત** મહાકાવ્યની ચતુર્થ–પાદ–સમસ્યા–પૂર્તિ રૂપે ૧૩૧ કાવ્યમાં શ્રી નેમિનાથ પ્રભુના રાજિમતીના પરિત્યાગની વાત બ્રહ્મચર્યવ્રતની શ્રેષ્ઠતા પ્રતિપાદન કરવા રૂપે અદ્‌ભુત રચના કરી છે, તેની વિ. સં. ૧૭૦૧ના આસો સુ. રના મંગળ દિને લખાએલ **કપડવંજના** નામોલ્લેખવાળી પ્રત આજે પણ ઉપલબ્ધ છે[1]

(૪) **સૌભાગ્યપંચમી કથા**—શ્રુતજ્ઞાનના મહત્ત્વને સમજાવનાર **શ્રીજ્ઞાનપંચમી**–પર્વના મહિમાવાળી આ પ્રત કપડવંજમાં **વિ. સં. ૧૭૯૯ પોષ વદ–૪ શુક્રવારે પૂ.પં.શ્રીસૌભાગ્યવિજયજી** મહારાજા ગણીવરના શિષ્ય **પૂ.પં.શ્રી અમીવિજયજી** મહારાજે લખી છે.

(૫) **શ્રી તીર્થમાળા**—તીર્થોની પ્રાચીનતા અને પ્રભાવશાલિતાનો પરિચય કરાવવામાં નિપુણ પૂ. પં. **શ્રી શીલવિજયજી**મ૦ ગણીએ ભારતનાં ચારે દિશાના તીર્થોની માહિતીથી ભરપૂર આ ગ્રંથમાં **કપડવંજ**નો ઉલ્લેખ કર્યો છે.[2]

(૬) **શ્રી ઢાળસાગર**— **વિ. સં. ૧૬૭૨માં** રચાએલ આ ગ્રંથની પ્રત **શ્રી જયસોમ ગણીએ** કપડવંજમાં લખ્યાની નોંધ મળે છે.[3]

---

૧ આ મહાકાવ્યની હસ્તલિખિત પ્રાચીન પ્રત શ્રી ડેક્કન કૉલેજ પૂનાના અતિપ્રાચીન ભંડોળા હસ્તલિખિત પ્રતિઓના સંગ્રહમાં સુરક્ષિત છે, તેમાં પાછળ પ્રશસ્તિ નીચે મુજબ છે.

"**पातिशाह श्री अकबर सूरेसहस्रनामाध्यापक–श्री शत्रुंजयतीर्थ–करमोचनाद्यनेकसुकृत–विधायक–महोपाध्याय–श्रीभानुचंद्रगणिशिष्याष्टोत्तर–शतावधान–साधनप्रमुदितपातिशाह–अकबर पातिशाह–जहांगीर प्रत्त 'खुशफहम' 'नादीरजवान' द्वितीयाभिधान महोपाध्याय श्री ५ सिद्धि चंद्रगणिशिष्येण मुनिसुबुद्धिचंद्रेण लिखितं काव्यमतद् ॥**

संवत १७०२ वर्षे आश्विन वदी द्वितीयायां श्री कर्पटवाणिज्यनगरे'

૨ "કપડવાણિજ્ય નિ સાણંદ, વામાસુત નિ આદિ જિણંદ।
વીરભગામથી આગલિ પાસ, શંખેશ્વરો પુરિ મનિ આસ ॥
—શીલવિ. મ. રચિત તીર્થમાળા.

૩ અનેક ઐતિહાસિક બાબતોથી ભરપૂર આ ગ્રંથની કપડવંજમાંથી મળી આવેલ પ્રતની પાછળ નીચે મુજબની પુષ્પિકા જોવા મળેલ છે.

"**વિ. સં. ૧૮૪૦ જેઠસુદ ૨ ગુરુવાસરે શ્રી ચિંતામણિ–પાર્શ્વનાથ–પ્રસાદાત્ શ્રી કપડવણજનગરે પં. મોહનસોમજી શિષ્ય જયસોમેન લિ.**"

(૭) **શ્રી નવપદ વચનિકા**–સકળ જિનશાસનના સારરૂપ પરમારાધ્ય **શ્રીસિદ્ધચક્ર ભગવંતની** આરાધના પ્રસંગે ધ્યાનમાં રાખવા લાયક વિશ્વના સર્વોત્કૃષ્ટ આરાધ્ય તત્ત્વરૂપ **શ્રી નવપદના** સંક્ષિપ્ત સ્વરૂપને સમજાવનાર આ ગ્રંથ **વિ. સં. ૧૮૪૮ ચૈત્ર વદ –૯ રવિવારે પં. શ્રી દીપવિજયજી મહારાજે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ દાદાના પસાયે કપડવંજમાં** લખ્યાની નોંધ મળે છે.[૧]

આ સિવાય છૂટક નોંધ રૂપે પણ જાણવા મળે છે કે—

૦ સત્તરમી સદીમાં વાચક **શાંતિકુશળજીએ ગોડી પાર્શ્વનાથ** પ્રભુના સ્તવન(ગા. ૧૨)માં **કપડવંજનો** ઉલ્લેખ કર્યો છે.

૦ એ મુજબ પ.પૂ.**શ્રી વિશાળરાજના** શિષ્ય મુનિ શ્રી **કીર્તિરાજ મહારાજે** રચેલ **તીર્થમાળા** (ગા. ૭૩)માં પણ આ શહેરનો ઉલ્લેખ મળે છે.

૦ વળી શ્રી **પાર્શ્વનાથ પ્રભુનાં** ૧૦૮ નામોમાં પણ **કપડવંજનું** નામ નોંધાએલ મળે તથા "**શ્રી તેજપાળનો વિજય**" આદિ ગ્રંથોમાં પણ **કપડવંજના** ઉલ્લેખો છે.

આ રીતે હસ્તલિખિત પ્રતોના વિશાળ–સંગ્રહમાં **કપડવંજના** ઉલ્લેખવાળી અનેક પ્રતોનો સંભવ છતાં ખીચડીનો દાણો દબાવવાની જેમ ઉપલબ્ધ–સામગ્રીના આધારે નમુનારૂપે ૭–૮ પ્રતોનો ઉલ્લેખ દર્શાવ્યો.

વળી પંદરમી સદીથી વીસમી સદીના પૂર્વભાગ સુધીના ઇતિહાસને દર્શાવનાર **કપડવંજના** જિનાલયોમાં વિરાજમાન પ્રતિમાજી પરના[૨] શિલાલેખોના આધારે એ વાત સ્પષ્ટપણે સાબિત થાય છે કે–

"વિક્રમની ચૌદમી સદીથી આજસુધી ધાર્મિક અને વ્યાવહારિક રીતે સમૃદ્ધિશાળી જૈનો કપડવંજના ગૌરવને દીપાવી રહ્યા છે.

વધુમાં "**સિરિપાસનાહ ચરિયં**"ની પ્રસ્તાવનામાં રજુ કરાએલ "**શ્રી કપડવંજ નિબંધ**"માં નીચે મુજબની નોંધ જોવા મળે છે.

---

૧ ઉપર જણાવેલી બધી હસ્તલિખિત પ્રતો **કપડવંજના પંચના** ઉપાશ્રયમાં હોવાનું અને હાલમાં "**શ્રી અભયદેવ સૂરીશ્વર જ્ઞાનમંદિર**" હસ્તક શ્રી સંઘના હસ્તલિખિત જ્ઞાનભંડારમાં સુરક્ષિત હોવાનું વિશ્વસ્ત રૂપે જાણવા મળે છે

૨ આ બધા શિલાલેખો ધર્મસ્નેહી પરમપૂજ્ય પં **પ્રવર શ્રી કંચનસાગરજી** મહારાજશ્રીએ જાતમહેનતથી નોંધીને વ્યવસ્થિત રીતે "**શ્રી અભયદેવ સૂરીશ્વરજી જ્ઞાનમંદિર**"માં **શ્રી જૈન કંચનકોશ** નામથી સંગૃહિત પોતાના સંગ્રહમાં સુરક્ષિતપણે મૂકેલ છે.

(૧) શ્રી **ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુના** દહેરાસરમાં ધાતુના સમવસરણ ઉપર **વિ, સં. ૧૪૮૮ જેઠ વદ–૨નો** શિલાલેખ છે.

(૨) શ્રી **ચિંતામણિ** દાદાના દહેરાસરમાં શ્રી **શાન્તિનાથ પ્રભુની** પંચતીર્થી ઉપર વિ. સં. ૧૫૦૧ જેઠ સુદ ૧૦નો લેખ છે.

(૩) **પાર્શ્વનાથ પ્રભુની** પ્રતિમાજી ઉપર વિ.સં. ૧૫૨૨ વૈશાખ માસમાં પ્રતિષ્ઠ કરાવ્યાનો લેખ મળે છે.

(૪) **હોળીચકલા** આગળ **લાંબીશેરી**ના નાકે **ઢાંકવાડીમાં** અતિ પ્રાચીન **શ્રીપંચના ઉપાશ્રય** સામે આવેલ શ્રી **શાંતિનાથ પ્રભુના** દહેરાસરમાં મૂળનાયક પ્રભુ ઉપર **વિ. સં. ૧૬૧૮ ફાગણ વદ–૨નો** લેખ છે.

(૫) **ઢાંકવાડીમાં** શ્રી **શાંતિનાથ** પ્રભુના જિનાલયની પાસે જ આવેલ **શ્રી માણેકશેઠાણી-એ** બંધાવેલ **શ્રી આદીશ્વર પ્રભુના** દહેરાસરમાં મૂળનાયક શ્રી **ઋષભદેવ પ્રભુના** મનોહર બિંબ ઉપર **વિ. સં. ૧૬૬૬ ફાગણ સુદ–૩નો** શિલાલેખ છે.

(૬) **દલાલવાડામાં શેઠ મીઠાભાઈ ગુલાલચંદ જૈન** ઉપાશ્રયની પછીતે અને પૂ. **ચરિત્રનાયકશ્રી**.ના પૂર્વજોએ બંધાવેલ[1] દેરાસર (કે જે પૂ. **ચરિત્રનાયકશ્રીના** સંસારી જન્મભૂમિના ઘરની સન્મુખ છે.)ના મૂળનાયક પ્રભુ ૧૨મા તીર્થંકર **શ્રી વાસુપૂજ્યપ્રભુના** નાનકડા પણ આહ્લાદક બિંબ ઉપર **વિ. સં. ૧૬૫૫ માગશર સુ. ૫ની** પ્રતિષ્ઠાનો લેખ છે.

(૭) **દલાલવાડાના** પશ્ચિમાભિમુખ–દ્વારની પાસે પૂ.સાધ્વીજી ભગવંતના ઉપાશ્રયની પછીતે શ્રી **ચૌમુખજીના** દેરાસરમાં મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી **અજિતનાથ પ્રભુના** પ્રતિમાજી ઉપર **વિ. સં. ૧૬૬૬ ફાગણ સુદ–૩ની** પ્રતિષ્ઠાનો લેખ છે.

ઉપરના બધા શિલાલેખોમાં **કપડવંજ**નો ઉલ્લેખ છે.

આ પ્રમાણે **કપડવંજ**નો સાહિત્યિક તેમજ ઐતિહાસિક મહત્વભર્યો પરિચય જણાવ્યો. હવે **કપડવંજની** ધર્મ–સંસ્કારથી સમૃદ્ધ આ ભૂમિમાં થએલા આ ધર્મનિષ્ઠ પુણ્યવંતા નરરત્નોનો પરિચય રજુ કરાય છે.

---

૧ આ દહેરાસરની પ્રતિષ્ઠા પૂ. **ચરિત્રનાયકશ્રી**ના જન્મનાજ વર્ષમાં = વિ. સં. ૧૯૩૧ના વૈશાખ સુ. ૧૦ના મંગળ મૂહૂર્તે થઇ છે–જેની ૧૦૦મી વર્ષગાંઠનો મહોત્સવ **કપડવંજ જૈનસંઘ** તરફથી તાજેતરમાં ઉજવવામાં આવ્યો હતો.

ઇતિહાસના મળી આવતા ઉલ્લેખો પ્રમાણે આ નગરી વિક્રમના ૧૧ મા સૈકાથી અનેક રીતે સમૃદ્ધિવાળી ઉત્તરોત્તર ચઢતી કળાએ હતી, પણ કાળચક્રના પરિવર્તનની અસર તળે વિક્રમની ૧૭–૧૮મી સદીમાં તેની ભવ્યતામાં ઓટ આવી હોય તેમ લાગે છે, તેમ છતાં **પૂ. ચરિત્રનાયકશ્રીના** જન્મકાળ પૂર્વેના સૈકામાં પૂ. ચરિત્રનાયકશ્રી જેવા શાસનને ઝળહળાવનાર મહાવિભૂતિરૂપ સૂર્યના આગમનની પહેલાં ઉષા પ્રગટવાની જેમ કુદરતી સંકેત પ્રમાણે **કપડવંજની** ભૂતકાલીન ગૌરવભરી સમૃદ્ધિનાં પગરણ થયાં હોય–એમ જણાય છે.

કેમકે **કપડવંજનો** છેલ્લી બે સદીનો ઇતિહાસ આવા વિશિષ્ટ ધર્મપ્રભાવક પુણ્યપુરૂષોની કારકીર્દીથી ભરેલો મળી આવે છે, જેમકે–**શેઠશ્રી ગુલાલચંદભાઈ, શેઠશ્રી લાલચંદભાઈ ગુલાલચંદ, શેઠ મીઠાભાઈ ગુલાલચંદ, શેઠશ્રી વૃજલાલ મોતીચંદ. ધર્મપ્રેમી શ્રી અમૃત શેઠાણી, ધર્મપ્રભાવિકા શ્રી માણેક શેઠાણી,** સાહિત્યસંશોધક **પાટણ, લીંબડી, જેસલમેર, અમદાવાદ** આદિ સ્થળના હસ્તલિખિત પ્રાચીન જ્ઞાનભંડારોનો અંતભર્યા શ્રમથી જીર્ણોદ્ધાર કરી વ્યવસ્થિત રૂપ આપનાર, બાલ્યવયદીક્ષિત **સ્વ. પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ** આદિ અનેક પુણ્ય પુરૂષો પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મથી દીપ્તિવંત થએલી પુણ્યભૂમિના ગૌરવને વધારનારા થયા છે.

(૧.) **શેઠશ્રી ગુલાલચંદભાઈ**—વ્યાવહારિક અને ધાર્મિક રીતે સાનુકૂળ વાતાવરણવાળી **કપડવંજની** પુણ્યભૂમિના તિલક સમા શેઠશ્રી **ગુલાલચંદભાઈ** ખૂબ જ વિશિષ્ટ પુણ્યાઈ ને વરેલા અને સુસંસ્કારસંપન્ન હતા, જેઓના સંસ્કારી–વારસાને ટકાવી ઉત્તરોત્તર વધારો કરનારા તેમના વારસદારોનો ઇતિહાસ **વીશા નીમા જ્ઞાતિના** ગૌરવમાં અનેરો વધારો કરે છે.

અઢારમી સદીના ઉત્તરાર્ધમાં થએલ **શ્રી ગુલાલચંદ શેઠે** અનેક ધર્મકાર્યો અને વ્યાવહારિક–સામાજિક કાર્યોથી ઉજ્જવલ યશકીર્તિ વધુ પ્રમાણમાં પ્રાપ્ત કરેલ કે જેની યાદી વિશાળ હોવા છતાં અવિસ્મરણીય રૂપે ઇતિહાસપ્રેમી શોધખોળ––રસિક વિદ્વાનો માટે આકર્ષક બની રહેલ છે.

આ પુણ્યવાન શેઠીઆના વારસાને દીપાવનાર બે પુત્રો થયા, **શેઠશ્રી લાલચંદ ભાઈ** તથા **શેઠશ્રી મીઠાભાઈ.**

આ બન્ને પુણ્યવાન વ્યક્તિઓએ પૂર્વ –પુણ્યના બળે વ્યાપારની કુનેહ, ન્યાયનીતિપરાયણતા અને વ્યવહારદક્ષતાના સુમેળથી ખૂબ જ લક્ષ્મીના કૃપાપાત્ર બની છૂટા હાથે ધર્મક્ષેત્રોમાં તેનો સદ્વ્યય કરી જનતાના માનસમાં જીવનની સફળતાનો રાહ અંકિત કરેલ.

(૨.) **શેઠશ્રી લાલચંદ ગુલાલચંદ**—ધાર્મિક અને વ્યાવહારિક કાર્યો વડે ચિરસ્મરણીય બનેલા આ શેઠશ્રીના કુંટુબના નામે ઓળખવા માટે આજે પણ **નીમા વૈશ્ય જ્ઞાતિ** ગૌરવવંતું અભિમાન ધરાવે છે.

આ સૌભાગ્યશાળી શેઠ વ્યાપારના વિવિધ ક્ષેત્રોમાં આગળ પડતો ભાગ લઈ લક્ષ્મીદેવીની કૃપાના સ્વતઃ ભાગીદાર બન્યા હતા.

કહેવાય છે કે–તે વખતે અફીણના ધીકતા વહેપારમાં પણ શેઠશ્રીએ ઝંપલાવ્યું હતું અને વરસ દહાડે ૧૪ લાખ પેટી અફીણ **લુણાવાડા, સંતરામપુર, કીસનગઢના** રસ્તે **રતલામ–ઉજ્જૈન** આદિ **માળવાના** વિવિધ કેન્દ્રોમાંથી આવતી–જતી.

મારવાડ, પંજાબ, ઉત્તરપ્રદેશ, બંગાળ, બિહારના વિવિધ કેન્દ્રોમાં શેઠશ્રીના હોંશિયાર, બાહોશ, કાર્યક્ષમ માણસો શેઠશ્રીની કુનેહભરી સૂચના મુજબ માલની લેવડ–દેવડ કરતા, કેટલાક મળી આવતા ઉલ્લેખ પ્રમાણે તો ઠેઠ **ચીન, જાવા, સુમાત્રા** આદિ વિદેશોમાં પણ માલ મોકલાવી ભારતની વ્યાપારી–પ્રતિષ્ઠામાં વધારો કરતા.

શ્રી લાલચંદ શેઠની કાપડ, અનાજ, ઝવેરાત અને શરાફીનું કામકાજ કરનારી અનેક પેઢીઓ ઉપરાંત એકલા અફીણ અંગેની નવ મોટી પેઢીઓ **માળવા, મેવાડ, ઉત્તરપ્રદેશ, પંજાબ** આદિ સ્થળોએ ધીકતી ચાલતી, જેમાં ૪૦૦ **માણસનો સ્ટાફ** કામ કરતો.

આ **નવ** પેઢી ઉપરાંત નવ **શાખા–પેઢીઓ** ચાલતી, પેટા શાખાઓનો પાર ન હતો, એકના ભાગ્યથી હજારોનું પાલન પોષણ થતું.

તે વખતે "**લાલ–ગુલાલ**" શુકનવંતા નામ તરીકે જનતાની જીભે રમતું થયેલ.

વળી આ પુણ્યાત્માએ **માળવદેશની** રાજધાની **રતલામમાં** પોતાની ધીકતી પેઢીનો બધો નફો રતલામમાં યાત્રાર્થે આવનારા સાધર્મિક બંધુઓને ધાર્મિક આરાધનાની અનુકૂળતા થઈ રહે તે શુભ આશયથી "**ગુજરાતી જૈન ધર્મશાળા**" તરીકે બંધાવવામાં અર્પેલ.

વળી આવનાર યાત્રાળુઓ ધર્મ–આરાધનાથી વંચિત ન રહે તે મંગલ ભાવનાથી **અજિતનાથ પ્રભુનું** ભાવન દેવકુલિકાવાળું ભવ્ય ઝરૂખાવાળા પ્રવેશદ્વારવાળું, ઉંચી બેઠકવાળું, સુંદર જિનાલય અને ધર્મક્રિયા કરવા માટે ધર્મશાળાનો દહેરાસર પાસેનો ભાગ ઉપાશ્રય તરીકે પોતાના ખર્ચે બંધાવી **રતલામ જૈન શ્રીસંઘને** સુંદર પ્રેરણાદાયી ધર્મના ધામ તરીકે સમર્પિત કરેલ.

આ ઉપરાંત પણ આ શ્રેષ્ઠિરત્ને દાન-પુણ્યનાં ઘણાં કામો કર્યાની છૂટક નોંધ મળે છે.

(૩) **મીઠાભાઈ ગુલાલચંદ- કપડવંજની** પુણ્ય ધરતી ઉપર થએલ અનેક ધર્માત્માઓ પૈકી પોતાની આગવી ત્યાગ-ભાવના, ધર્મશ્રદ્ધા, શાસન-પ્રભાવકતા આદિથી સ્વનામ ધન્ય બનેલ શેઠ **મીઠાભાઈ** અઢારમી સદીના ઝળહળતા જ્યોતિર્ધર શ્રાવક-શિરોમણિ હતા.

તેઓએ પૂર્વ-પુણ્યના ઉદયે મળેલ અઢળક લક્ષ્મીને છૂટે હાથે સાત ક્ષેત્રમાં ખર્ચવા સાથે **પાંજરાપોળ, પરબડી, સદાવ્રત** આદિ અનુકંપાદાનની અનેકવિધ પ્રવૃત્તિઓ આચરી **કપડવંજની** કીર્તિને યશકલગી પહેરાવેલ.

આ પુણ્યવાન શેઠે **શ્રી શત્રુંજય ગિરિરાજ** ઉપર **શેઠ બાલાભાઈની ટુંકમાં શ્રી વાસુપૂજ્ય સ્વામીનું** દહેરાસર બંધાવ્યું હતું.

આ પુણ્યાત્માના ધાર્મિક વારસાને સમૃદ્ધરીતે જાળવનાર શેઠ **કરમચંદ મીઠાભાઈની** ધર્મરંગથી રંગાએલ બન્ને પત્નીઓએ પતિના સ્વર્ગવાસ પછી નિઃસંતાન હોવાના કારણે દત્તક લેવાની વ્યાવહારિક પદ્ધતિને વિવેકબળે ફગાવી પોતાની સંપૂર્ણ લક્ષ્મીનો ધર્મમાર્ગે સદ્વ્યય કરવા માટે વિ.સં. ૧૯૦૨ તા. ૧૬-૩-૪૬ના રોજ સુંદર વ્યવસ્થા-પત્રક (વીલ ટ્રસ્ટ) બનાવી સામાજિક પરંપરામાં અપૂર્વ આદર્શ સ્થાપિત કરેલ.

આ ટ્રસ્ટ હસ્તક સાતક્ષેત્રની ભક્તિના વિવિધ પ્રકારો સાથે પરબડી, સદાવ્રત, જીવ-છોડામણ, આદિની સુંદર વ્યવસ્થાત્મક કાર્યોની યોજના કરવામાં આવેલ છે. વધુમાં મુંગા અને અસહાય પશુ-પક્ષીઓની માવજત માટે મોટા પાયા ઉપર પાંજરાપોળની મોટી સંસ્થા આજે પણ **મીઠાભાઈ** શેઠની અપૂર્વ ધાર્મિકતાનો પરિચય આપી રહેલ છે.

કપડવંજ જૈન શ્રીસંઘ અત્યારે જ્યાં ધર્મની સુંદર આરાધના કરી રહેલ છે, અને અનેક સાધુભગવંતોના ચાતુર્માસ થઈ રહેલ છે તે **મીઠાભાઈ ગુલાલચંદ** નામે ઓળખાતો ઉપાશ્રય શેઠશ્રીનું પોતાનું રહેણાકનું ઘર શ્રીસંઘને ધર્મ આરાધના માટે સોંપ્યાની મંગળ ભાવનાનું પ્રતિક છે.

ધર્મનિષ્ઠ આ શેઠીયાનું નામ આજે પણ શ્રીસંઘમાં મંગળરૂપ અને શુકનવંતું લેખાય છે જેથી આજે પણ શ્રીસંઘમાં સ્થાનિક કે બહારગામની નાની કે મોટી ટીપના પ્રસંગે સૌથી પહેલું **મીઠાભાઈ** શેઠનું નામ લખાય છે.

વળી મહત્ત્વની વાત એ છે કે-શ્રીસંઘના અનેક ધાર્મિક ખાતાંઓનો સુવ્યવસ્થિત વહિવટ ચલાવવા માટે પૂ. **ચરિત્રનાયકશ્રીએ** વિ.સં. ૧૯૬૦માં આ પુણ્યવાન

શેઠના નામના શુકનીયાળપણાને ધ્યાનમાં રાખી **મીઠાભાઈ કલ્યાણચંદ** નામની પેઢીની સ્થાપના કરી હતી, કે જે આજે શ્રીસંઘના અનેક ધાર્મિક કાર્યો કરવા ઉપરાંત સાત ક્ષેત્રની વિશાળ ધનસંપત્તિનો સુવ્યવસ્થિત વહિવટ ચલાવે છે.

(૪-૫) શેઠ **વજલાલ મોતીચંદ**—કપડવંજના ધર્મપ્રેમી શ્રાવકોમાં શેઠ **વજલાલભાઈ** તથા **મોતીચંદભાઈ** અનેક આત્મલક્ષી ધર્મકાર્યોથી અનોખી ભાત પાડતા હતા.

કપડવંજના નગરશેઠ શ્રી **અંબાઈદાસ** શેઠના સુપુત્ર **હીરજીભાઈ** શેઠને ત્રણ પુત્ર હતા. શેઠ **કરસનદાસ**, શેઠ **વૃંદાવનદાસ**, શેઠ **ગુલાલચંદદાસ**, આમાંના શેઠ **કરસનદાસભાઈને** બે સુપુત્રો હતા **વજલાલ** તથા શેઠ **મોતીચંદ**.

આ બન્ને ભાઇઓની વિશિષ્ટ ધર્મક્રિયાઓ અને શ્રી સંઘનાં દરેક ધર્મકાર્યો ખભેખભા મેળવીને ઉમંગપૂર્વક કરતા હોવાથી લોકજીભે **વજલાલ મોતીચંદ** નામ રૂઢ થઈ ગએલું.

આ પુણ્યવાન બન્ને ભાઇઓ શ્રીસંઘમાં અગ્રગણ્ય હોઈ બારમી સદીમાં **લાડણી બીબીએ** કરેલ **કપડવંજની** નવી વસાહત રૂપ આજના **કપડવંજની** સર્વ પ્રાચીન ધાર્મિક ઇમારત તરીકે પ્રખ્યાત **શ્રી પંચના ઉપાશ્રય** હસ્તક ચાલી રહેલ અનેક ધર્મકાર્યોના પ્રારંભનું શ્રેય તેમના ફાળે જાય છે.

આજે પણ તેઓશ્રીના નામની સાથે સંકળાયેલ ધાર્મિક પેઢી સુવ્યવસ્થિતપણે કામ કરી રહેલ છે.

(૬) **શ્રી અમૃત શેઠાણી** — કપડવંજની ધર્મભૂમિમાં વિશિષ્ટ ધર્મરંગથી રંગાએલ શ્રાવિકાઓનો ફાળો નોંધાએલો છે, તેના પ્રત્યક્ષ પુરાવા તરીકે **અમૃત શેઠાણીનું** નામ ચિર-સ્મરણીય રહેશે.

આ શેઠાણી **ગુલાલચંદ** શેઠના સુપુત્ર **લાલચંદ શેઠનાં** પુત્રવધૂ હતાં. **અમૃત શેઠાણીના** પતિ શેઠ શ્રી **નથ્થુભાઈ કપડવંજ** સંઘના અગ્રગણ્ય ધાર્મિક વ્યક્તિ તરીકે પ્રખ્યાત હતા, આ શેઠાણીએ અદ્‌ભુત ધર્મભાવનાથી પ્રેરાઈને શ્રી **અષ્ટાપદજીનું** દેવવિમાન જેવું સુંદર જિનાલય લાખો રૂપિયાના ખર્ચે બંધાવેલ.[1]

---

૧ જેનું વિગતવાર વર્ણન '**કપડવંજની ધાર્મિક સમૃદ્ધિ**'' નામના (૧૬મા) પ્રકરણમાં રોમાંચક રીતે આપેલું છે.

એ પ્રકરણમાં અષ્ટાપદજીનું દેરાસર ક્યારે અને કેવી રીતે **અમૃત શેઠાણીએ** બનાવ્યું ? તેનું સુંદર વર્ણન શ્રી **અષ્ટાપદજીના** દહેરાસરની પ્રતિષ્ઠા-રાસના આધારે આપવામાં આવેલ છે.

(૭) **શ્રી માણેક શેઠાણી**—કપડવંજની સંસ્કાર–ભૂમિના ગૌરવને વધારનાર આ પુણ્યવંતી શ્રાવિકાએ ઉદારતાથી અનેક ધર્મકાર્યો કરીને વિવેકબુદ્ધિ તેમજ શ્રદ્ધાલુતાનો અપૂર્વ પરિચય આપ્યો છે.

આ શેઠાણી **અમૃતશેઠાણી**નાં પુત્રવધૂ થાય. **નથ્થુભાઈ** શેઠને **શામળભાઈ ગીરધરભાઇ** અને **હાલચંદભાઈ**–ત્રણ પુત્રો હતા. તે પૈકી **શામળભાઈ**નાં સુપત્ની **શ્રી માણેક** શેઠાણી **કપડવંજ**ના વિશિષ્ટ ગૌરવરૂપ હતાં, તેઓએ સાત ક્ષેત્રમાં છૂટે હાથે વિવેકપૂર્વક અનર્ગળ પૈસો ખર્ચી પુણ્યાનુબંધી પુણ્યની વિશાળ રાશિ એકત્રિત કરેલ.

આ ધર્માત્મા શેઠાણીએ **ઢાંકવાડી**માં શ્રી શાન્તિનાથ પ્રભુના જિનાલયની પાસે **શ્રી આદીશ્વર પ્રભુ**નું સુંદર જિનાલય બંધાવેલ તેમજ **શ્રી શત્રુંજય ગિરિરાજ** ઉપર **વાઘણપોળ**માં સત્થંભીઆ દેરાસરની બાજુમાં સુંદર ભવ્ય જિનાલય બંધાવી જીવનને સાર્થક કર્યું હતું.

આ પુણ્યવતી શ્રી **માણેકશેઠાણી**ના નામનું ટ્રસ્ટ આજે પણ અનેક જાતનાં ધર્મકાર્યો કરી રહેલ છે.[1]

(૮) **સ્વર્ગસ્થશ્રી** પૂ.મુનિ શ્રી **પુણ્યવિજયજી મહારાજ**– કપડવંજની ધરતી ઉપર અનેક મહાપુરૂષો શાસન, સંઘ અને ભારતની શોભાને વધારનાર થયાની સાક્ષી ઇતિહાસ ભરે છે, એવા મહાપુરૂષો પૈકી **ચરિત્રનાયકશ્રી**નું સ્થાન જેમ અદ્વિતીય છે, તે રીતે સ્વનામધન્ય પૂ. મુનિશ્રી **પુણ્યવિજયજી** મહારાજનું નામ પણ વિશિષ્ટ છે.

આ પુણ્યવાન મહાપુરૂષનો ટુંક પરિચય નીચે મુજબ છે.

પૂ. મહારાજશ્રીનો જન્મ **કપડવંજ**માં સુશ્રાવકશ્રી **ડાહ્યાભાઈ**નાં સુપત્ની **માણેકબેન**ની કુક્ષિએ વિ. સં. ૧૯૫૨ના કારતક સુદ-પના રોજ થએલ, તેમનું સંસારી નામ **મણીલાલ** હતું.

ચૌદ વર્ષની કુમળી વયે પણ પૂર્વજન્મના વિશિષ્ટ સંસ્કારો અને માતાજી તરફથી વિશિષ્ટ રીતે ધાર્મિક સંસ્કારોની કેળવણીના પ્રતાપે વિ. સં. ૧૯૬૫ મહા વદી–પના દિવસે **છાણી(વડોદરા)** ગામે પૂ. મુનિશ્રી **ચતુરવિજયજી** મહારાજ પાસે ઉમંગભેર દીક્ષા સ્વીકારી.

એમનાં માતુશ્રીએ પણ પોતાના સંતાનને પ્રભુશાસનના ચરણે સહર્ષ સોંપી

૧ આ ટ્રસ્ટનો વિગતવાર પરિચય "કપડવંજની ધાર્મિકસમૃદ્ધિ" (પ્રક. ૧૬)માં આપવામાં આવેલ છે.

આત્મ–કલ્યાણ સાધવાની દૃષ્ટિએ એજ દિવસ પછી એટલે કે વિ. સં. ૧૯૬૫ મહા વદ–સાતમને દિવસે **પાલીતાણા**માં પૂ.શ્રી. **મોહનલાલજી** મહારાજના સમુદાયમાં દીક્ષા લીધી ને તેમનું નામ સાધ્વી **રત્નશ્રીજી** રાખ્યું.

મુનિશ્રી **પુણ્યવિજયજી** પોતાના દાદા ગુરૂ પ્રવર્તક શ્રીકાન્તિવિજય મહારાજજી જેવા જ્ઞાનવૃદ્ધ–સંયમી–મહાપુરૂષની નિશ્રામાં વધુ કાળ રહ્યા, પરિણામે સાધુજીવનના વિશિષ્ટ ઘડતર ઉપરાંત સરળતા, નિખાલસતા, ગુણગ્રાહીતા, સ્વાધ્યાય–પરાયણતા કર્ત્તવ્ય-નિષ્ઠા આદિ જીવનશુદ્ધિના મૌલિક ગુણોની કેળવણી સાથે પ્રાચીન હસ્તલિખિત પ્રતિઓ વાંચવાનો ખંતભર્યો અભ્યાસ–વિવિધ લિપિઓનો ઉકેલ તથા જ્ઞાનભંડારોમાં અસ્ત-વ્યસ્ત રૂપે પડેલ હસ્તલિખિત પ્રતોના સંગ્રહને સુવ્યવસ્થિત રીતે–સુરક્ષિત રીતે ગોઠવવાની હથોટી મેળવી અને દાદાગુરૂ અને ગુરૂદેવની દેખરેખતળે અનેક જ્ઞાન ભંડારોનું પડિલેહણ કર્યું, કેટલાય અપ્રકાશિત મહત્વપૂર્ણ ગ્રંથોને વ્યવસ્થિત રીતે સંપાદિત કરી છપાવવાની પ્રવૃત્તિમાં નિપુણતા મેળવી.

જેના પરિણામે પૂ. મહારાજશ્રીએ **પાટણ, ખંભાત, લીંબડી, અમદાવાદ**ના સેંકડો જ્ઞાનભંડારોમાંથી હજારો હસ્તલિખિત પ્રતિઓને અસ્ત–વ્યસ્ત દશામાંથી સરખી રીતે ગોઠવી પુનર્જીવન આપ્યું.

વળી **કુમારપાળ** મહારાજાના સ્વર્ગવાસ પછી ગુજરાતમાં ફેલાએલ રાજકીય અંધાધુંધીના કારણે તે વખતના દીર્ઘદર્શી શ્રમણસંઘે અગમચેતી વાપરી **જેસલમેર** જેવા દૂરના પ્રદેશમાં ઊંટો ઉપર **પાટણ**ના મહત્વભર્યા વિશાળ જ્ઞાનભંડારોને સ્થળાંતરિત કરેલા, અને **જેસલમેર શ્રીસંઘે** ઉધઈ, પાણી, શરદી, જીવાત આદિથી નુકસાન ન થાય તેવી રીતે સુરક્ષિતપણે રાખેલા, તે ભંડારોને છેલ્લે છેલ્લે પૂ. મુનિશ્રી **પુણ્યવિજયજી** મહારાજે વૃધ્ધાવસ્થામાં પણ લાંબો વિહાર એડી **જેસલમેર** જઈ બે વર્ષના લાંબા ગાળે પણ સમસ્ત જ્ઞાનભંડારનો વ્યવસ્થિત જીર્ણોદ્ધાર કર્યો.

આવાં બીજાં અનેક મહત્વભર્યા કાર્યોથી પૂ. મહારાજશ્રીનું નામ ઇતિહાસમાં અમર બની ગયું છે

પૂ. મહારાજશ્રીનો સ્વર્ગવાસ વિ. સં. ૨૦૨૭ના જેઠ વદ. ૬ તારીખ ૧૪–૬–૭૧ના સોમવારના રોજ **મુંબઈ (વાલકેશ્વર)**માં થયો.

વર્તમાનકાળમાં પણ **કપડવંજ**ના ભાઈ **વાડીલાલ મનસુખરામ**, શેઠ **બાબુભાઈ મણીભાઈ** શેઠ **મૂળજીભાઈ ભોગીલાલ** વગેરે બાહોશ નામાંકિત દેશ–વિદેશના વહેપારીઓ હોવા સાથે દાનધર્મપ્રવીણ અને ઉદાર–ચરિત મહાનુભાવો થયા છે.

આ સિવાય ધંધાના અનેક ક્ષેત્રોમાં પણ **નીમા વૈશ્યજ્ઞાતિ** ભાઇઓનો સારો ફાળો છે.

સ્વ. શેઠ શ્રી **ચીમનલાલ ડાહ્યાભાઈ (જયંત મેટલ વર્કસ–કારખાનાના માલિક)** જૈન પરંપરાના ચુસ્ત અનુરાગી હોઈ દાન, દયા, દાક્ષિણ્ય વગેરેમાં મોખરે સ્થાન પામેલા. આ રીતે બાટલીઓય કંપની મુંબઈના ભાગીદાર સ્વ. શેઠશ્રી **વાડીલાલ મનસુખરામ પારેખ** આદિ અનેક વ્યાપારીઓ જ્ઞાતિના ગૌરવ રૂપ બનેલા.

નાની પણ અતિ ભવ્ય આ નગરીમાં અનેક ધનાઢય શેઠીઆઓ અને બીજા કેટલાક માતબર વહોરા વગેરેની ભવ્ય ઇમારતો તેમજ બાગ–બગીચા વગેરેની સુંદર શોભાથી આજુબાજુના ઘણાખરા લોકો **કપડવંજને "નાની મુંબઈ"** તરીકે પણ પીછાણે છે.

વળી જિનશાસનની અદ્વિતીય છાયાવાળાં **રાધનપુર, ચાણસ્મા, ખંભાત, છાણી** આદિ ગામોની જેમ **કપડવંજ**ની ધરતી પણ વિશિષ્ટ રીતે ત્યાગ અને સંયમના માર્ગે પોતાના સંતાનોને ઉમંગભર આગળ ધપાવવા પ્રયત્નશીલ રહી છે.

આ **કપડવંજ**ની ભૂમિમાં જન્મેલા અનેક પુણ્યવંત નર–નારીઓએ ઉત્તમ ચારિત્ર ધર્મનો સ્વીકાર કરેલ છે.

તેમાં શ્રી **સોમાભાઈ ઝવેરલાલ** તથા **લલ્લુભાઇ કેવળદાસ** પાદશાહ જેવાએ તો પોતાનું આખું કુટુંબ વૃદ્ધથી તે બાલ સુધી સાધુ–સંસ્થાને અર્પણ કરેલ છે.

દીક્ષાના પૂનિત પંથે ધપેલા કે ધપવા ઇચ્છતા પુણ્યવાનોને કૌટુંબિક, આર્થિક કે રાજકીય કોઇપણ મુશ્કેલીમાંથી પાર ઉતરવાનું સામર્થ્ય ઉપર જણાવેલ **રાધનપુરાદિ** શહેરોની જેમ **કપડવંજ** પણ જિનશાસનના અભેદ્ય કિલ્લા રૂપે આપી રહ્યાના ઠગલાબંધ દાખલા વીસમી સદીના ઉત્તરાર્ધથી મળી રહે છે.

કપડવંજ શહેરમાં અનેક કુટુંબો પોતાના સમસ્ત પરિવાર સાથે પ્રભુશાસનને સમર્પિત થયાની વ્યવસ્થિત નોંધ પાછળના પરિશિષ્ટમાં વિગતવાર આપવામાં આવી છે.

શ્રી **ચિંતામણી પાર્શ્વનાથ**ના જિનાલયના વહીવટદાર ભાઈ **શંકરલાલ વીરચંદ** દોશી જેવા ધર્માનુરાગી અને શાસન ભડવીરને કેમ ભૂલી શકાય? જેઓશ્રી આપણા ચરિત્રનાયક **આનંદસાગર સૂરીશ્વરજી**ની પારમેશ્વરી પ્રવ્રજ્યામાં સંપૂર્ણ રીતે સહાયક બન્યા હતા.

પોતાના કલાપૂર્ણ વિશિષ્ટ સ્થાપત્યોથી અને અધ્યાત્મ અનુરાગી અનેક મહાપુરૂષોની જન્મભૂમિ તરીકે ભાગ્યશાળી બનેલું આ શહેર આજે પણ પ્રતિષ્ઠાને યથાવત્ સુરક્ષિત રાખે છે–તે એક સ્મરણીય હકીકત છે.





પ્રકરણ–૧૫

×આધુનિક દૃષ્ટિએ કપડવંજ

નડીયાદ–કપડવંજ નેરોગેજ રેલ્વેનું ટર્મીનસ સ્ટેશન **કપડવંજ** જાણે એક ખૂણામાં લાગે ! પણ **કપડવંજ** શહેર **અમદાવાદને** અડીને, **ડાકોરને** દાબીને, **નડીયાદને** નડીને, **વાડાશિનોરને** વળગીને, **મેવાડની** હદને મળીને, **પંચમહાલ** અને **સાબરકાંઠાથી** સહેજેય દૂર નહિ એવું સ્ટેટ ટ્રાન્સપોર્ટ સર્વીસનું ચારે બાજુ મુસાફરો કરવાનું મથક રૂપ ગરવી **ગુજરાતનું** ગરવું શહેર છે.

ભરૂચને ભુલાવે, **નડીયાદને** નવડાવે, **પેટલાદને** પાડે, **અંભાતને** ખૂંચે એવું સુંદર મનોહર શહેર છે.

કપડવંજની રેલગાડી, મેઈલગાડી કે ઓલગાડી નહિં ! પરંતુ સહેલગાડી તો ખરીજ, જાણે મોટો અજગર–વાસુકી આવતો હોય એમ લાગે, પણ કોઈનેય ગળે નહિ, ઝેરી નહિ, અને મુસાફરોને સહીસલામત લાવી કપડવંજની ભૂમિમાં નિરાંતે ઉતારે, જુની–જર્જરિત પણ જન–ઘેલી, ધીમી પણ ધંધાદેલી એ રેલગાડી સહેલગાડી રૂપે મુસાફરોને આનંદ આપનારી છે.

કપડવંજનું રેલ્વે સ્ટેશન બિલ્ડીંગ ઉતરતાં જાણે ટોપી કે પાઘડી અડકીને પડી જશે એમ લાગે, પણ નીચા નમવું પડતું નથી, ટોપી અડતી નથી, મુશ્કેલી નડતી નથી, શોભા ઘટતી નથી.

સ્ટેશન બહાર નીકળો અને જુઓ !

શહેરમાં જવાનો પહોળો રાજમાર્ગ લાઈટના થંભોથી તથા **કપડવંજની** લાલમાટીથી પાથરેલો સુંદર ગાલીચા જેવો શોભતો, આજુબાજુ સુશોભિત બંગલા, બે ધર્મશાળાઓ જે **અમદાવાદની રેવાબાઇ ધર્મશાળા** નહિં ! પણ મુસાફરોને વિસામો લેવા લાયક ખરી !

× આ પ્રકરણ ત્યાગ તપ–સંયમની ત્રિવેણીના કેન્દ્ર સમા આધ્યાત્મિક મહારૂપ તરીકે ચરિત્રનાયકની જીવનપ્રભાના મૌલિક તત્વો સાથે જરા વિસંગત છે, તેમ છતાં બાળજીવોની દૃષ્ટિએ વિનોદ અને માહિતીના સંકલન દૃષ્ટિથી "**આપણું કપડવંજ**" આદિના આધારે પ્રાય: લગભગ અક્ષરશ: લેવામાં આવ્યું છે.

નજીક એક **સંન્યાસાશ્રમ**–સાધુસંતોનું વિરામસ્થાન, શહેર તરફ જવાના રસ્તાની સામે રસ્તે **અડાયતા** છાત્રાલય શહેરની હોસ્ટેલોને હટાવે–ભૂલાવે તેવું **શ્રી ધીરૂભાઈ કાંટાવાળા અને શ્રી કાંતિલાલ તલાટી**ની સુંદર વ્યવસ્થાથી શોભતું, પછી **ગાંધી ઉદ્યાન** સુંદર પ્રવેશવાળું, શહેરની રોનકમાં અને મોજમજામાં ઓર વૃદ્ધિ કરે એવું રેડિયો, કુવારો અને લીલા ઘાસની ચાદર તથા ફુલછોડ, ઝાડ અને લીલોતરીથી ઓપતું ઠંડક ભર્યું વિશ્રાંતિસ્થાન.

દશ-બાર લાકડપીઠાં, ચાર–પાંચ રૂનાં જીનો, બોક્સાઈટનો સાઈડીંગ, મગફળીના તેલની મીલો, ગ્લાસ ફેકટરી, આઈસ ફેકટરીઓ. સોઈંગ, (લાકડું વહેરવાની) મીલો, જાતજાતની ઘંટીઓ, ભઠ્ઠીઓ, વખારો આદિ વેપાર–ધંધાથી ધમધમતું શહેર **ગોધરા**થી પણ ગરવું લાગે છે.


વળી **કપડવંજ**ની વિવિધમુખી મહત્તાને દર્શાવનારી **પ્રયાગરાજ ત્રિવેણી** સંગમ જેવો પ્રખ્યાત નહિં, પણ **કપડવંજ**ની જનતાને પાવનકારી **મહોર** અને **વરાંસી** નદીનો પવિત્ર સંગમ, શહેરને ફરતો ઐતિહાસિક કિલ્લો, **સિદ્ધરાજ જયસિંહ** અને ચૌધાઈ ઇતિહાસની યાદી આપનારા **અંતિસરી** અને નદી દરવાજા, સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ હિંદની યુવતિઓના શૃંગાર વગેરેની સજાવટ કરનાર કાચ અને આભલાના કારખાના, ફેકટરીઓ, આલીશાન મકાનોવાળી **વહોરાવાડ**, આગની ઉંચાઈથી ઓપતો **ચંચલબાઇ ટાવર**, પુરાણા ઇતિહાસના કીર્તિકળશ રૂપ ભવ્ય કલાસમૃદ્ધ **કુંડવાવ**, વિવિધ પ્રકારનાં કાપડ, કરીયાણું, લોખંડ, અદ્યતન યંત્રસામગ્રી આદિના લેવડદેવડના વેપાર–રોજગારથી ધમધમતા બજારોથી ઓપતો ભવ્ય રાજમાર્ગ, **કપડવંજ**ની મુખ્ય બજારના નાક સમાન જીવદયાની લાગણીને પોષનાર મૂંગા પંખીઓના વિશ્રામરૂપ ભવ્ય પરબડી, તથા જે પુણ્ય–પુરૂષના સ્વર્ગવાસથી **કપડવંજ** ઇતિહાસ પ્રસિદ્ધ બન્યું, તે નવાંગી વૃત્તિકાર પૂ. **આ શ્રી અભયદેવસૂરિના** નામ સાથે સંકળાયેલ ભવ્ય જ્ઞાન મંદિર, પ્રાચીન નયનરમ્ય–કલા–કારીગરીની મનોહર સમૃદ્ધિથી ઓપતા અનેક ભવ્ય વિશાલ **જૈનમંદિરો નીલકંઠ, મહાદેવ** આદિ પ્રાચીન અનેક દેવાલયો, બજાર વચ્ચે ભવ્ય શિલ્પકલાથી શોભતી **કડીયા મસ્જીદ**, અનેક શ્રીમંત શેઠીઆઓના ભવ્ય મહાલયો, મુંગાં, અસહાય પશુઓની જ નહીં પણ જીવ માત્રની દુઃખી હાલતમાં કર્તવ્ય તરીકે નિષ્ઠાપૂર્વક દુઃખ દૂર કરવાની પ્રેરણા આપનાર **પાંજરાપોળ**ની વિશાળ માતબર સંસ્થા, અનેક ધાર્મિક કાર્યોમાં વપરાતી શ્રી **નેમિનાથ પ્રભુ**ની વાડી અને ભવ્ય પ્રાચીન **નેમિનાથ પ્રભુનું સુંદર મંદિર, માણેક શેઠાણીની** વિશાળ ધર્મશાળા આદિ અનેક મહત્વનાં સ્થાનો **કપડવંજ**ની રોનકને વધારી રહ્યાં છે.

હવે **કપડવંજના** પ્રખ્યાત સાધુના ગોળા જોવા નથી મળતા ! પણ દેશ–પરદેશમાં **કપડવંજ**ની જનતાના કેટલાક ચકોર ડોળા તો જરૂર જોવા મળે છે, જેવા કે–

લોર્ડ કોલ્વીન કે કોઇ ગોરા મુત્સદ્દીને ભુલાવે તેવા **બ્રિટીશ** અમલના અણમોલ અમલદાર ભૂતપૂર્વ **પંજાબના ગવર્નર સર ચંદુલાલ ત્રિવેદી**, સ્વતંત્ર હિંદમાં **નહેરૂ-સરદારની** પસંદગી પામેલાં **લેડી કુસુમગૌરી**, આધુનિક જમાનાને વશવર્તી ગણાતાં **શ્રી કુસુમબેન દેસાઈ**, શ્રીમતી **કાન્તાબેન ત્રિવેદી**, શ્રી **ઇસાકભાઇ બંધુકવાળા**, શેઠશ્રી **જબીરભાઈ**, શ્રી **શંકરલાલ શાહ**, **'આપણું કપડવંજ'ના** તંત્રી **હરિહર ત્રિવેદી**, હાલ **અમદાવાદ** વસતા શ્રી **ચંદુલાલ પારેખ**, **શ્રી મોહિનીચંદ્ર**, શ્રી **રાજેન્દ્ર શાહ કવિ**, અને શ્રી **સોમાલાલ શાહ** (ચિત્રકાર), શ્રી **વી.સી. ત્રિવેદી**, શ્રી **એ. જી. મહંમદી**, શ્રી **ચીમનલાલ પારેખ**, **પ્રો.ધીરૂભાઇ પરીખ**, શ્રી **પ્રમોદરાય**, શ્રી **પ્રિયકાન્ત પરીખ**, શ્રી **રમણુલાલ કે. ત્રિવેદી**, શ્રી **ધીરૂભાઈ શાહ** (કાંટાવાળા), શ્રી **ચંદ્રકાન્ત મ૦ પરીખ**, શ્રી **સોમાભાઈ પુનમચંદ દોશી**, શ્રી **ચીમનલાલ ડાહ્યાભાઈ**, (જયંત મેટલ વર્કસવાળા), **જયંતિલાલ શંકરલાલ પાદશાહ**, શ્રી **હરિભાઈ ત્રિવેદી**, (પ્રભાત સીન્ડીકેટવાળા) શ્રી **જશુભાઈ ઇલેકટ્રીકવાળા**, શેઠશ્રી **વાડીલાલ મનસુખરામ** (બાટલીબોય કુ.વાળા), શ્રી **રમણુલાલ નગીનદાસ પરીખ** (દિલ્હીવાળા), પ્રખ્યાત ધારાશાસ્ત્રી શ્રી **નગીનદાસભાઈ ગાંધી** (ભૂતપૂર્વ ધારાસભ્ય), ભૂતપૂર્વ મ્યુનિસિપલ પ્રમુખ તથા ધારાસભ્ય શેઠશ્રી **કસ્તુરભાઈ પરીખ** વગેરે.

ભૂતકાળમાં પણ શ્રી **હરિભાઇ દેસાઈ** રહસ્ય મંત્રી તરીકે શ્રી. **મ. ગાંધીજી**ની સાથે દેશભરમાં ફર્યા હતા.

આવા અનેક વ્યાવહારિક, સામાજિક, કાર્યકર્તાઓની ઐહલૌકિક અને ભૌતિકવાદી નેતાગીરીની અપૂર્ણતા વ્યક્ત કરનારા આધ્યાત્મિક દૃષ્ટિએ સ્વ-પરના મહાન ઉચ્ચ કલ્યાણની સાધના કરનાર, સંઘ-શિરોમણિ અજોડ, શ્રુત-જ્યોતિર્ધર પૂ. **ચરિત્રનાયકશ્રી**ની જન્મભૂમિના કારણે **કપડવંજ** શહેર સઘળી વ્યાવહારિક વિશિષ્ટતા કરતાં વર્તમાન જગતમાં ધર્મપુરી અને તીર્થસ્વરૂપ તરીકે ભાવિકોના હૈયામાં અંકિત થઈ ગયેલ છે.









પ્રકરણ–૧૬

કપડવંજની ધાર્મિક સમૃદ્ધિ

અનેક મહાપુરૂષોનાં પાવન પગલાં અને વિશિષ્ટ ધાર્મિક સ્થાનોથી સભર શ્રી **કપડવંજ**ની યશોગાથા પૂર્વના મહાપુરૂષોએ ધર્મભાવનાથી સીંચેલી પુણ્યવેલડીના ફળ સ્વરૂપ જંગમ–સ્થાવર ધાર્મિક સંપત્તિના કારણે વધુ હતી–છે.

તેમાં સ્થાવર અને જંગમ એ બે પ્રકારની સંપદાઓમાં સ્થાવર સંપદા રૂપે ધર્મભાવનાના પ્રતીકરૂપ શિલ્પસમૃદ્ધ સ્થાપત્યોનું સ્થાન પ્રથમ આવે છે.

કપડવંજની ધરતીનું ગૌરવ ઇતિહાસમાં વિશિષ્ટ રીતે અગ્રસ્થાને છે, તેમાં આ ધરતી ઉપર જળવાઈ રહેલાં સ્મારકોનો મુખ્ય ફાળો જણાય છે.

ચૌલુક્યવંશના રાજાઓએ બનાવેલ શિલ્પસમૃદ્ધ **તોરણ, કુંડવાવ, બત્રીસકોઠાની વાવ, નીલકંઠ મહાદેવનું** મંદિર, **મહાલક્ષ્મી માતાજી, નારાયણ દેવની** મૂર્તિ, **કુંડ વાવના** જીર્ણોદ્ધાર વખતે મળી આવેલ કેટલાક શિલ્પોના અવશેષો, **ગાયકવાડ** સરકારના અમલ દરમિયાન શહેરના સંરક્ષણ અંગે કોટ બંધાવતાં બોદકામ વખતે મળી આવેલ **હનુમાન**-

જીની પ્રચંડ મૂર્ત્તિ, કિલ્લા અને પરકોટના દરવાજા, મસ્જિદનાં અંડેશા, પ્રાચીન દેવમંદિરો આદિ શિલ્પસમૃદ્ધ સ્થાપત્યો **કપડવંજના** ઇતિહાસ–પ્રસિદ્ધ ભૂતકાલીન ગૌરવગાથાના ભવ્ય પ્રતીક છે.

તેમાં પણ વિશિષ્ટ કોટિની ધાર્મિક ભાવનાના પ્રતીકરૂપ અતિ ગૌરવવંતાં સુપ્રસિદ્ધ જૈન મંદિરો અને તેમાં રહેલી પ્રાચીન ભવ્ય મૂર્તિઓ, ઉપાશ્રયો, પાઠશાળા વગેરે આ ભૂમિની પવિત્રતા અને ભૂતકાલની ભવ્યતાના મૂક સાક્ષીરૂપ છે, તેથી તે બધાંનો પરિચય ટૂંકમાં અહીં જણાવાય છે.

કપડવંજનાં જૈન મંદિરો :

વિશાલ ભવ્ય દેવવિમાન જેવા સુંદર આઠ જિનાલયો હાલ **કપડવંજમાં** શોભી રહ્યાં છે.

(૧) શ્રી **ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું**

(૨) ,, **અષ્ટાપદજીનું** (લાંબીશેરી)

(૩) ,, **શાંતિનાથજીનું** (ઢાંકવાડી)

(૪) ,, **આદીશ્વરજીનું (માણેક શેઠાણીએ બનાવેલ)**

(૫) ,, **ચૌમુખજીનું** (આંબિલ ખાતા પાસે)

(૬) ,, **વાસુપૂજ્ય સ્વામીનું** (મોટા ઉપાશ્રય પાછળ)

(૭) ,, **આદીશ્વર પ્રભુનું** (મોદી વાસમાં)

(૮) ,, **નેમિનાથ પ્રભુનું** (અંતિસરિયા દરવાજા બહાર)

આ બધાંનો ટુંક પરિચય આ પ્રમાણે છે—

(૧) શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ જૈન દહેરાસર :

કપડવંજમાં જૈન ધર્મની પુણ્યપતાકા લહેરાવતા ગગનચુંબી જૈનમંદિરોમાં **શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ** પ્રભુજીનું દહેરાસર અત્યંત મનોહર અને સુંદર છે.

જેમાં વિરાજમાન શ્રી **ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુજી**ની અતિ પ્રાચીન પ્રતિમાને જોતાં જાણકાર અનુભવીઓનું માનવું છે કે—

"આ પ્રતિમાજી અત્યંત પ્રાચીન જણાય છે, કેમકે પ્રતિમાજીનો દેખાવ, વિરલ ચિહ્નો, વિશિષ્ટ લક્ષણો, કોણી નીચેની સુવિશિષ્ટ આકૃતિ, કલામય કોતરણી તેમજ પાટલી ઉપર લેખ ન હોવા વગેરે કારણોથી આ પ્રતિમાજી શ્રી સંપ્રતિ મહારાજાનાં ભરાવેલાં પણ કદાચ હોય તેમ જણાય છે."

શ્રી પ્રતિમાજીનો પ્રાદુર્ભાવ ઘણાં વર્ષો પૂર્વે **અનાથાશ્રમના** નામથી ઓળખાતી જગ્યાના (હાલમાં જ્યાં લાયબ્રેરી છે) ખોદકામ કરતાં થયો હતો.

પછી તે પ્રતિમાજીને ત્યાંજ યથાયોગ્ય સ્થાન બનાવી બિરાજમાન કરેલ, કેમકે અત્યારે જે સ્થાનમાં દેરાસર છે, તે જમીન તે વખતે મુસ્લીમોના વસવાટ રૂપે હતી તેમ જણાય છે, જેના કારણ તરીકે આજે પણ દહેરાસરવાળી જગ્યાની ઓળખાણ લોકભાષામાં **"સૈયદના ચકલા"** તરીકે થઈ રહેલી છે.*

વર્તમાન દહેરાસરનો પાયો અઢારમી સદીમાં નંખાયાનો ઉલ્લેખ ઇતિહાસમાં સ્પષ્ટ રીતે મળે છે.

આ અનાથાશ્રમવાળી જગ્યામાં પરોણા રૂપે વિરાજમાન કરેલ શ્રી **ચિન્તામણિ પાર્શ્વનાથ** પ્રભુજીની નવા દહેરાસરમાં પ્રતિષ્ઠા અઢારમી સદીના ઉત્તરાર્ધના અંતિમ ચરણમાં મહા મહોત્સવ પૂર્વક ભાવભરી અનેક પૂજાઓ તથા **"ઉપદેશપ્રાસાદ"** જેવી મહાન્ કૃતિઓના કર્તા પૂજ્ય-

---

* આ દહેરાસરનું પુનર્નિર્માણ જીર્ણોદ્ધારદ્વારા જે સ્થાને થએલ છે તે અંગે કપડવંજના વૃદ્ધ પુરૂષોના મુખથી જાણવા મળે છે કે—

"મૂળનાયક પ્રભુની ચમત્કારિક પ્રતિમાજી **માણેકશેઠાણી** તરફથી બંધાતા **અનાથાશ્રમ** (હાલ પુસ્તકાલય)ના પાયામાંથી પ્રગટ થયા પછી તાત્કાલિક નાના પ્રમાણમાં ગભારો બનાવી પ્રભુજીને પધરાવેલ" જેના કે પ્રતીક રૂપે અનાથાશ્રમ (પુસ્તકાલય)ના મકાનના પશ્ચિમાભિમુખ દ્વારના આસપાસ દહેરાસરના દ્વારની જેમ ત્રાસમુખ-મંગલ ચૈત્યવાળો બારશાખ વગેરે ચિહ્નો જોવા મળે છે."

"પણ શ્રીસંઘના અગ્રગણ્ય વ્યક્તિઓના મનમાં પ્રભુજીની વિશાળ પ્રતિમાને અનુકૂળ અને ચતુર્વિધ શ્રીસંઘ સામુદાયિક રીતે સારો લાભ લઈ શકે તેવું વિશાળ જિનમંદિર બનાવવાની મંગળભાવના હોઈ તે વખતના શ્રી સંઘના અગ્રગણ્ય દીર્ઘદર્શી (**જીવણલાલ સુંદરલાલ શાહ, રતનજી ગોપાળજી, શાહ રામળદાસ રંગજીભાઈ, શંકરલાલ ભુરાભાઈના** વડવાઓ વગેરે) શ્રાદ્ધરત્નોએ એક પછી એક મુસલમાનોનાં મકાન વેચાતાં લઈ તેઓની વસતિ દૂર કરવા કુનેહ વાપરવા રૂપે એક કોટ બનાવી કાયમી રીતે તેઓ દ્વારા થતી આશાતના વારવા માટે સાવચેતી ભર્યું પગલું પણ ભરેલ."

વળી આ અંગે સબળ પુરાવો એ પણ છે કે—**શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુના** હાલ જીર્ણોદ્ધાર દ્વારા નવનિર્મિત દહેરાસરનો પાયો મૂલનાયક પ્રભુને કાયમ રાખી ખોદવામાં ૧૫થી ૧૬ ફુટ ઉંડે સુધી ભૂમિ-શોધન કરતાં હાડકાંનો મોટો જથ્થો મળેલ.

આ ઉપરથી મુસલમાનોની વસતિ અહીં પ્રથમથીજ હોવાનું અનુમાન વ્યાજબી લાગે છે.

પાદ **આચાર્ય દેવશ્રી વિજયલક્ષ્મી સૂરીશ્વરજી** મહારાજના વરદ હસ્તે થયાની શિષ્ટ પુરૂષોની શ્રદ્ધાપૂર્વક માન્યતા છે.

વિશિષ્ટ શુભ-મુહૂર્તમાં થયેલી આ પ્રતિષ્ઠાથી **કપડવંજના** જૈન શ્રીસંઘમાં ધાર્મિક, વ્યાવહારિક તેમજ સામાજિક ચઢતી કલા બીજના ચન્દ્રની પેઠે દિવસો દિવસ વધી હોવાની વાતો વૃદ્ધ-પુરૂષોના મુખોપમુખથી ચાલી આવતી આજે પણ માણસો દ્વારા સાંભળવા મળે છે.

સમયના વહેણ સાથે કેટલાક કાળ પછી સુજ્ઞ પુરુષોને એમ લાગ્યું કે– તપગચ્છના પ્રભાવક પૂ. **આ.શ્રી વિજયલક્ષ્મી સૂરીશ્વરજી મ**ના હાથે મંગળ મુહૂર્તે પ્રતિષ્ઠિત થયેલું આ દહેરાસર તે વખતની વિષમ સ્થિતિ હોવાના કારણે માપસરનું છતાં નાનું હોવાથી પર્વના દિવસોમાં ખૂબજ સાંકડું પડતું, પણ તે વખતે બીજું કંઈ શક્ય ન હતું, કેમકે પ્રતિમાજી પ્રગટ થયાં, ત્યારે મુસલમાનોની ભરચક વસ્તીવાળા પડોશમાંથી જે મકાનો તાત્કાલિક મળી શક્યાં તે ખરીદી લઈ દહેરાસરના રૂપમાં તે મકાનો ફેરવી આ દહેરાસર કાયમ કરેલ, છતાં શ્રીસંઘને આ વાત ખૂંચતી તો હતીજ.

કાળક્રમે શ્રી સંઘના પુણ્યે **કપડવંજના** સ્વનામધન્ય શેઠશ્રી **મીઠાભાઈ ગુલાલચંદે** પૈસા સામું ન જોઈ આગલી બાલી પડતર જમીનો તથા ઘરો મોં-માંગી કિંમતે વેચાતાં લઇ શ્રી સંઘની ધાર્મિક આરાધનાની મોટી અગવડ દૂર કરવા પ્રયત્ન કર્યો.

દહેરાસરજીનો જુનો જે ચોકનો ભાગ હતો ત્યાંથી તે ઠેઠ શ્રી **શંકરલાલ ભૂરાભાઈના** ઘર તરફના કરા સુધીનો ભાગ નવો બંધાવી દહેરાસરની વિશાલતા અને રોનકમાં વધારો કર્યો.

તેમજ વધુ લાભ લેવાની દૃષ્ટિએ જુના દહેરાસરનો જીર્ણોદ્ધાર કરાવી લગભગ **વિ. સં.**

---

૧ અહીં એક ઉપશ્રુતિ ખાસ નોંધવા જેવી છે કે,

પૂ. આ. શ્રી **વિજય લક્ષ્મીસૂરીશ્વરજી** મહારાજાએ એવી આર્ષવાણી ઉચ્ચારી હતી કે–**આ પ્રતિષ્ઠા જે મુહૂર્તે થઈ છે તે લગ્ન ઘડી એવી છે કે-શ્રી જૈનસંઘની સ્ત્રીઓ સોનાના બેડે પાણી ભરશે-એટલે કે-શ્રી જૈન સંઘની સુખ-સમૃદ્ધિ ચઢતી-કળાએ રહેશે.**

પરંતુ વિ. સં. ૧૯૮૦ લગભગ દહેરાસરના બારણાના ટોડલા ટૂંકી-બુદ્ધિવાળા કેટલાક તુચ્છમતિવાળાઓએ શોભાના નામે કપાવરાવ્યા, જેના પરિણામે સંઘમાં એક વર્ષમાં ૭૦ પુરૂષો અને સંખ્યાબંધ બાલકોનાં મરણ થયાં.

સુજ્ઞ વ્યક્તિઓની સલાહથી આ આશાતનાના નિવારણ માટે શાંતિસ્નાત્ર આદિની માંગલિક વિધિ થઇ અને તેજ કાપેલા ટોડલા ફરીથી ચાંદીથી **મઢીને સ્વ. શેઠશ્રી ચીમનલાલ ડાહ્યાભાઈ પરીખે** વિધિપૂર્વક ચઢાવ્યા પરિણામે તેઓ ધન-સમૃદ્ધ થયા, અને સંઘમાં રહેતા મુજબ શાંતિ થઈ."

૧૮૫૦માં શેઠશ્રી **મીઠાભાઈ ગુલાલચંદે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનું** દહેરાસર લાકડાની કોતરણીવાળું સુંદર નવીન ભવ્ય દેવવિમાન જેવું બનાવી દીધું.[૧]

તદુપરાંત પ્રભુભક્તિથી પ્રેરાઈ અસાર લક્ષ્મીનો લાભ લેવાની દૃષ્ટિએ તેમાં **શ્રી મલ્લિ-નાથજીનો** ગભારો અને ઉપર **શ્રી શાન્તિનાથજીનો,** ગભારો નવો બંધાવ્યો.

પણ કાળબળે તે લાકડાંની નકશીવાળું દહેરાસર જીર્ણ થવાથી **વિ. સં. ૨૦૦૮** માં **ગણિવર્ય સ્વ.પૂ.શ્રી લબ્ધિસાગર મહારાજશ્રીની પ્રેરણા અને સ્વ. શેઠ શ્રી પુનમચંદ પાનાચંદ શાહના** સત્પ્રયત્નથી **કપડવંજના શ્રી સંઘે** પાયાથી નવું દહેરાસર મૂલનાયકને કાયમ રાખી બનાવ્યું, અને પ્રદક્ષિણામાં વર્ણ પ્રમાણે ચોવીશ તીર્થંકરોની પ્રતિમાઓ અંજન-શલાકાની ભવ્ય વિધિ સાથે પધરાવી.

શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રભુના મંદિરના આ છેલ્લા જીર્ણોદ્ધાર પછી અભૂતપૂર્વ રીતે ભવ્ય ચૈત્ય-પ્રતિષ્ઠા-મહોત્સવ તેમજ અંજનશલાકા મહોત્સવ વિ. સં ૨૦૧૧ ના વૈ. વ. ૧૦ થી જેઠ સુધી ૬ સુધી આપણા **ચરિત્રનાયકશ્રીના પટ્ટધરશ્રી** ગચ્છાધિપતિ સ્વ. પૂજ્ય **આચાર્ય શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી** મ. ના વરદ હસ્તે લાખો રૂપિયાના સદ્વ્યય પૂર્વક ઉજવાયો હતો.

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું જિનાલય હકીકતમાં કપડવંજ શહેરના મધ્ય વિસ્તારમાં જૈનોની પ્રચુર વસ્તી વચ્ચે છેલ્લા જીર્ણોદ્ધાર પછી દેવવિમાન જેવું શોભી રહેલ છે.

દહેરાસરની બાંધણી સુંદર ઉંચી બેઠક ઉપર સફેદ દૂધ જેવી વિશુદ્ધ આરસની શિલા-ઓથી ચોપાસ મઢેલ અને શિલ્પકલા-વિશારદની વ્યવસ્થિત યોજનાના ભવ્ય આકાર રૂપે છે, જેથી ટુંકી જગ્યામાં પણ દહેરાસર અત્યંત વિશાલ અને ભવ્ય લાગે છે.

દહેરાસરનો રંગમંડપ અનેક ધાર્મિક જનોનો સમાવેશ કરી શકે તેવો વિશાલ બન્યો

---

૧. અત્યારે તો આખું દહેરાસર ભવ્ય સંગેમરમરની શ્વેત કલાત્મક શિલાઓથી દેવવિમાન જેવું થઈ ગયું છે, પણ પં. **મહાસુખરામ પ્રાણનાથ શ્રોત્રિય** લિખિત "**શ્રી વીશા નીમા વણિક જ્ઞાતિનો ઇતિહાસ** (પાનું ૩૧૭)માં નીચે મુજબ નોંધ છે.

"**અપૂર્વ ધર્મશ્રદ્ધા અને અખૂટ પ્રભુ-ભક્તિથી** પ્રેરાઇને સ્વ. **શેઠશ્રી મીઠાભાઈ ગુલાલચંદે** કુશલ કારીગરો પાસે તૈયાર કરાવેલ ભાત-ભાતની નકશી મેઘાડંબરી થાંભલા, કમાનો વગેરે કાષ્ઠ-શિલ્પની ભવ્ય કોતરણીવાળું કામ જોવા જેવું, ઘડીભર જોનારને થંભાવી દે તેવું હતું, કે જેને જીર્ણોદ્ધાર નિમિત્તે લાલ કાઢી નાખવામાં આવ્યું છે.

આ અંજન શલાકા પ્રતિષ્ઠા અંગેની સઘળી માહિતિ 'અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ અહેવાલ સં. ૨૦૧૧ વૈશાખ વદિ ૧૦ થી જેઠ સુદી ૬" નામની સચિત્ર પુસ્તિકા (અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે શ્રી સંઘ તરફથી પ્રકટ થયેલ)માં વિગતવાર છે.



છે, પૂજા, મહોત્સવ આદિ પ્રસંગે દહેરાસરમાં ધર્મપ્રેમીઓની ભરચક ભીડ હોવા છતાં ઠેઠ રસ્તા ઉપર ઉભી રહેલ વ્યક્તિ પણ પ્રભુજીના આહ્લાદક–મુખારવિંદનાં દર્શન કરી શકે તેવી અદ્‌ભુત વાસ્તુકલાના નમુના રૂપ દહેરાસરની બાંધણી ભલભલાને આશ્ચર્યચકિત કરી દે છે.

દહેરાસરમાં ગર્ભગૃહના પ્રવેશદ્વારો તથા સુંદર તોરણસમૃદ્ધ — દેવકુલિકાઓની વિશિષ્ટ સંયોજના દર્શન કરવા આવનારને ઘડીભર મુગ્ધ કરે તેવી છે.

રંગમંડપમાં ચારે બાજુ કલાત્મક ભારતના સુપ્રસિદ્ધ અનેક તીર્થોના આરસમાં કોતરેલા પટો તેમજ સુંદર રંગ–સામગ્રીથી ચિતરેલા પટો, શ્રી આગમપુરુષ અને શુદ્ધ ચાંદીમાં કોતરેલ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ વગેરેની ગોઠવણી ધર્મપ્રેમીઓના ધર્મપ્રેમ અને વીતરાગ પ્રભુની આદર્શ ભક્તિ બતાવવા સાથે દહેરાસરના વ્યવસ્થાપકોની સુંદર સંયોજના–શક્તિ અને દીર્ઘ-દર્શિતાનો સુંદર પરિચય પૂરો પાડે છે.

આ ઉપરાંત રંગમંડપના ઘુંમટમાં વાસ્તુકલાના શાસ્ત્ર પ્રમાણે વિવિધ ભાવભંગીમાં સોળ વિદ્યાદેવીઓ તેમજ શિલ્પકલાના નમુનાવાલી કેટલીક વિવિધ દેવીઓની શિલ્પ–સમૃદ્ધ મૂર્તિઓ કલારસિક પુણ્યાત્માઓને પણ આકર્ષી પ્રભુ–ભક્તિ પાછળ પુણ્યવાનોએ ખર્ચેલ ધનરાશિની અનુમોદના કરવાનો પ્રસંગ ઉપસ્થિત કરે છે.

વધુમાં રંગમંડપના ઘુંમટની દિવાલોમાં **શ્રી પાર્શ્વનાથ પ્રભુ**ના દશભવોનું સુંદર ચિત્રણ ઉત્કૃષ્ટ કોટિના ચિત્રકાર દ્વારા કરવામાં આવેલું છે, કે જેને બાલ જીવો ચિત્રકળા જોવાના બહાને પણ તાદૃશ જીવંત પ્રસંગના ઉઠાવવાળા અદ્‌ભુત–ચિત્રોના માધ્યમથી પરમાત્માના જીવનની લોકોત્તર અદ્‌ભુત વિશેષતાઓને પારખી પરમાત્મ-સ્વરૂપની સંવેદનાને સ્પર્શી શકે છે.

ઘુમ્મટના ટેકામાં રહેલ સ્તંભોના મથાળે તાજેતરમાં જયપુરથી આરસની સુંદર શિલ્પ–સમૃદ્ધ પ્રભુ–ભક્તિની વિવિધ મુદ્રાવાળી આઠ શાલભંજિકાઓ (પુતલીઓ) પધરાવી છે.

દહેરાસરમાં ભાવ–ભક્તિપૂર્વક પ્રભુની આરાધના કરનારા પુણ્યવાનોના માનસને સંસારની વિચારધારા તરફ જતું અટકાવવા દહેરાસરના વ્યવસ્થાપકોની કુનેહ સ્વરૂપ શિલ્પકલા અને ચિત્ર કલાના વિશિષ્ટ સંયોજન બળે જાત દેખરેખ પૂર્વક વ્યવસ્થિત સુંદરતા અને સ્વચ્છતાવાળું સ્વતઃ સર્જાતું વાતાવરણ ઉલ્લેખનીય જણાય છે.

તેમાં પણ **શ્રી જયંત મેટલ વર્કસ** તરફથી પ્રભુ–ભક્તિ નિમિત્તે દરેક ચિત્રપટો ઉપર ગેલ્વેનાઇઝ (વિશિષ્ટ પિત્તલ પોલીશ) કરેલી આકર્ષક સુંદર ફ્રેમની પટ્ટીઓની કલાત્મક સંયોજના દહેરાસરની શોભામાં અને આરાધક જીવોની ભાવશુદ્ધિમાં નોંધપાત્ર વધારો કરે છે.

આ દહેરાસરની નયનરમ્ય રમણીયતાના અદ્‌ભુત દર્શન કરવા આવનાર ભાવિક જીવોને ભક્તિ–વિભોર કરનાર દહેરાસરના મુખ્યદ્વારથી પ્રવેશ કરતાંજ જમણે હાથે સુંદર કલાત્મક ગુરુમંદિર

કપડવંજના નામને પોતાના જન્મ અને અનેક શ્રુતજ્ઞાનની ઉપાસના તેમજ શાસન-રક્ષા માટેના ભગીરથ પ્રયત્નોથી જનમાનસમાં સ્વતઃ અંકિત થઈ જનાર આપણા ચરિત્રનાયક પરમ પૂજ્ય **આગમોદ્ધારક-મહાપુરુષની** ભવ્ય કાયપ્રમાણ-મૂર્તિથી શોભી રહ્યું છે.

એકંદરે **કપડવંજની** ભવ્ય ધાર્મિક રોનક અહીંના ભવ્ય જિનાલયોમાં ઝલકી રહી છે, તે વાત આ જિનમંદિરોની યાત્રા કરનારને અનુભવ-સત્ય લાગે છે.

તેમાં પણ **શ્રી ચિંતામણિ દાદાની** પ્રશમરસ-ઝરતી અત્યંત ભાવવાહી પ્રતિમાજી અને આધ્યાત્મિક-શક્તિઓના વિકાસ માટે સુસંવાદી શાન્ત વાતાવરણમાં આધ્યાત્મિકતાનો ભવ્ય ઓપ આપનાર અનેક ધાર્મિક સામગ્રીથી સુસજ્જ દેવવિમાન જેવું **શ્રી ચિંતામણિ દાદાનું** ભવ્ય જિનાલય ધાર્મિક હૈયાંને **કપડવંજ** ફરી આવવા માટે ચુમ્બકીય રીતે ખેંચાણ ઉપજાવે છે-એ વાત નિઃશંક છે.

વળી આ દહેરાસરની અદ્‌ભુત વિશિષ્ટતા એ છે કે **કપડવંજના** આઠ જિનાલયોમાં વિરાજમાન પ્રતિમાજીઓના ઉપલબ્ધ શિલાલેખોમાં સૌથી વધુ પ્રાચીન શિલાલેખવાળું પંચધાતુનું સમવસરણ **શ્રી ચિંતામણિદાદાના** જિનાલયમાં સુરક્ષિત છે. જેના પર નીચે મુજબ શિલાલેખ વંચાય છે.

"संवत १४८८ वर्षे जेठ वदी २ नेमा-ज्ञातीय सं. सुदा (ता) भार्या माणेकदेवी पुत्र सं. गंगाकेन भार्या सुमति प्रमुख कुटुंब युतेन स्वश्रेयसे श्रीमद् वीर-समोसरणं कारापितं पू. तपा. श्री सोमसुन्दरसूरिभिः ॥"

શિલાલેખમાં **પ્રભુ મહાવીર પરમાત્માનું** સમવસરણ બનાવ્યાનો ઉલ્લેખ અને તે પણ નીમા જ્ઞાતીય **સંઘવી ગંગારામ શેઠનો** અત્યંત મહત્ત્વનો છે.

(૨) શ્રી અષ્ટાપદજીનું દહેરાસર

આ દહેરાસર **વીશા નીમા જ્ઞાતિના** અગ્રગણ્ય, સ્વનામધન્ય શ્રેષ્ઠી **શ્રી લાલચંદ ગુલાલચંદના** સુપુત્ર શેઠ **શ્રી નથ્થુભાઈનાં** સુપત્ની અને **કપડવંજની** ધાર્મિકતાને અનેરો ઓપ આપનાર અગ્રગણ્ય શેઠ **શ્રી ન્યાલચંદ નત્થુચંદનાં** માતુશ્રી **અમૃત શેઠાણીએ** આત્મશ્રેયાર્થે વીતરાગ-પ્રભુની ભક્તિ દ્વારા સંસારને ટૂંકો કરી નાખવા ઉદાત્ત-બુદ્ધિથી બંધાવ્યું હોવાનો ઉલ્લેખ તે વખતના ઐતિહાસિક પુસ્તકમાં મળે છે.

આ અંગેનો મહત્ત્વપૂર્ણ ઉલ્લેખ **શ્રી અષ્ટાપદ-બિમ્બ જિન પ્રતિષ્ઠા મહોત્સવ** નામે આ દહેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે રચાયેલ **લઘુરાસમાં** નીચે મુજબ મળે છે.

બાઈ અમૃત આણું દશું રે, ધારિયા ધરમનું કામ સલુણા ।
કારભારી બોલાવીયા રે, જે હુસેનભાઈ છે નામ સલુણા ॥
આવ્યા અમૃતબાઈ આંગણે રે, હરખીને હુસેનભાઈ સલુણા ।
વરણુવી કહી સહુ વારતા રે, દેરાસર તણી ત્યાંઇ સલુણા ॥
સગાં સંબંધી સહુને રે, તેડીને નિજ પાસ સલુણા ।
દેરાસર કરવા તણો રે, કહ્યો વિચાર તે ખાસ સલુણા ॥
વયણ બાઈનાં સાંભળી રે, સહુ કહેવા લાગ્યા ધન સલુણા ।
સુખે કરો જિન થાપના રે, પ્રભુજી થાય પ્રસન્ન સલુણા ॥
બાઈ કહે બેઠકનો માંડવો રે, ચૈત્ય બાંધો તે ઠામ સલુણા ।
આસપાસના ધામ જે રે, વેચાણ લેઓ દઈ દામ સલુણા ॥
સારૂં સારૂં કહી સહુ ગયા રે, બાઈ અમૃત છે બુદ્ધિવાન સલુણા ।
બાઈ અમૃત આણું દ શું રે, ધરિયો ધરમનો કામ સલુણા ॥

શ્રી અષ્ટાપદ પ્રતિષ્ઠા લઘુરાસ ઢાળ-૨ ગા. ૧,૨,૯,૧૦ ૧૧, ૧૨

અર્થાત્ "**પ્રતિષ્ઠા લઘુરાસની**" આ કડીઓમાં **શ્રી અમૃત શેઠાણીને** ઉદ્ભવેલ દહેરાસર બંધાવવાના ઉત્તમ વિચારને પોતાના મુખ્ય કારભારી **હુસેનમિયાં** તથા સઘળા સગાં-સંબંધીઓ સમક્ષ રજુ કર્યાનું અને બધાંની અનુમોદના સાથે દહેરાસરના ઠામની શરૂઆત કર્યાનું સૂચન છે.

વધુમાં દહેરાસર બંધાવવા માટેની જગ્યાની પસંદગીમાં પણ શેઠાણીએ પોતાની ચકોર બુદ્ધિ વાપર્યાની નોંધ ઉપરની કડીઓમાં મળે છે.

કેમકે શેઠાણીએ ધાર્મિક—સંસ્કારોના ઘડતરવાળી વિશિષ્ટદૃષ્ટિથી દીર્ઘદર્શિતા પૂર્વક **"પોતાના નાના-મોટા સહુ વર્તમાન અને ભાવી સંતાનો-પૈતૃક દહેરાસરની લોક-શ્રદ્ધાથી પણ વીતરાગ પરમાત્માની ભક્તિમાં નજીક લોય તો વધુ જોડાઈ શકે"** એવું વિચારી પોતાની હવેલીની બાજુમાંજ બેઠક તરીકે વપરાતી જગ્યાનો સદુપયોગ કરવાનું વિચાર્યું અને આસપાસનાં બધ લાગે તે મકાનો વ્યાજબી વળતર આપીને (કોઇનું મન દુભવીને કે શરમા-શરમથી કે પડાવી લેવાની દૃષ્ટિથી નહી) ખરીદી લેવાની વૃત્તિ-શેઠાણીના હૈયામાં શ્રીમંતાઇના છાકટાપણામાંથી ઉપજતી ભાવ-હિંસા ન કરવાના પવિત્ર સંસ્કારો સ્થિર-પણે સક્રિય હતા-એ વાતની મૂક સાક્ષી ભરે છે.

વળી ચરિત્રનાયક **પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ** જેવા જે ધરતીની માટીમાંથી

શાસનને સમર્પિત બની જીવન ધન્ય બનાવી ગયા, તે કપડવંજની પુણ્ય ધરતી પર અમરનામ કરી ગયેલ **અમૃતશેઠાણી**નો હવેલી પાસેજ દહેરાસર બંધાવવાનો નિર્ણય "આજના કેટલાક શ્રીમંતો ધનસમૃદ્ધિનો વધારો થતાં દહેરાસર, ઉપાશ્રય, સાધુ ભગવંતો અને સાધર્મિક–કલ્યાણમિત્રોના સહવાસથી દૂર આધ્યાત્મિક વાતાવરણથી શૂન્ય અને પૌદ્ગલિક ભાવપોષક અનેક વિકૃતિઓથી ભરપૂર વાતાવરણમાં ફ્લેટ કે બંગલો બાંધવાનું વલણ ધરાવી રહ્યા છે, તે સામે" ધર્મપ્રેમી શ્રાવકોએ પોતાના સંતાનોમાં ધાર્મિક સંસ્કારોની જાળવણી માટે ધર્મસ્થાનોની અને કલ્યાણમિત્રોની નિશ્રાવાળા વાતાવરણમાં રહેવું જરૂરી છે–એવી લાલણત્તી ધરે છે.

શ્રી અમૃત શેઠાણીએ **શ્રી અષ્ટાપદજી**ના જિનાલયને બંધાવવાના શુભવિચારને **'શુભસ્યાતિશીઘ્રમ્'** ન્યાયે તરતજ અમલમાં મુકવાનું વિચારી શુભ દિવસે ગામના પ્રતિષ્ઠિત પંડિત જોષીઓને બોલાવી ખનનવિધિ અને ખાતમુહૂર્ત્ત તેમજ શિલા સ્થાપવાના મંગળ દિવસો જોવડાવ્યા.

જૈન શાસનની રીતિએ આધ્યાત્મિક દૃષ્ટિએ તે મુહૂર્ત્તની ચકાસણી કરાવવા પોતાના ખાસ અંગત કુટુંબીઓ અને પોતાના વિશ્વાસુ મહેતાજીને **અમદાવાદ** (નાગોરીશાલા)માં બિરાજમાન **સાગર** શાખાના મહાન્ પ્રભાવક વિદ્વાન **પ. પૂ. પં. શ્રી [1]પદ્મસાગરજી** મહારાજ પાસે મોકલ્યા.

પૂ. **પંન્યાસશ્રી [2]પદ્મસાગર મ.શ્રીએ** શેઠાણીની ધાર્મિક ભાવનામાં દિવસો દિવસ ચઢતી કળા રહે તે માટે—

અમદાવાદ શહેરના પ્રતિષ્ઠિત છ જ્યોતિર્ધરોને બોલાવી તેમની સાથે વિવિધ દૃષ્ટિકોણથી દીર્ઘ વિચારણા કર્યા પછી **કપડવંજથી** આવેલ ભાઈઓને જણાવ્યું કે –

"દહેરાસરના ખાતમુહૂર્ત્ત અને શિલાસ્થાપન માટે વિ. સં. ૧૯૪૦ના વૈશાખ શુદ ૧૧નો દિવસ સર્વોત્તમ છે."

કપડવંજના ભાઈઓએ ગુરૂ આજ્ઞા(વચન)ને માથે ચઢાવી શુકનની ગાંઠ વાળી **કપડવંજ** આવી **અમૃત શેઠાણી**ને બધી વાત જણાવી દીધી.

---

૧ જેઓ શ્રી **અકબર** સમ્રાટ **પ્રતિબોધક** જગદ્ગુરૂ **પ.પૂ.આ. ૧૦૦૮ શ્રી હીરવિજય સૂરીશ્વરજી મ.**શ્રીના શિષ્ય, **સાગર** શાખાના આદ્ય મહાપુરૂષ **ઉપા. શ્રી સહજસાગરજી** મ. શ્રીની શિષ્ય પરંપરામાં છઠ્ઠી પેઢીએ અને ચરિત્રનાયકશ્રીના દીક્ષા ગુરુ પ. પૂ. **વાદીકેશરી** શ્રી **ઝવેરસાગરજી** મ. સા.ની ગુરુ પરંપરામાં પણ છઠ્ઠી પેઢીએ થયેલા છે. જેઓશ્રી તત્કાલીન જ્યોતિષશાસ્ત્રના જ્ઞાતા પુરુષોમાં અગ્રેસર હતા.

૨ ભાવીયોગ કેવો સુંદર સંકેતવાળો છે કે–**અમૃત શેઠાણી** નૂતન જિનાલયના ખાતમૂહૂર્ત અંગે તે વખતે સંવેગી પરંપરામાં ડેલાની પાટે તેમજ બીજા પણ ઘણા પ્રભાવક મહાપુરૂષો હતા, છતાં પૂ. ચરિત્રનાયકશ્રીના ભાવી ગૌરવ ભણે **સાગર** શાખાના મહાન વિસ્તરનાર પ્રતાપની અગ્રીમ નિશાની રૂપે **અમદાવાદમાં સાગર** શાખાના **પંન્યાસ પદ્મસાગરજી** મ. પાસે મોકલે છે, આ પણ એક સૂચક હકીકત લાગે છે.

અમૃત શેઠાણીએ પણ ગુરૂમહારાજના શુભ આશીર્વાદ અને પ્રેરણાથી ઉત્સાહિત બની તે મંગલ મુહૂર્ત્તે શ્રી **અષ્ટાપદજી**ના દહેરાસરનું ખાતમુહૂર્ત અને શિલા સ્થાપન પણ ચઢતે રંગે ભાવોલ્લાસ પૂર્વક ભવ્ય શાસન પ્રભાવના સાથે કર્યું.[1]

આ દહેરાસર બનત દેખરેખથી "**ધર્મના કામમાં ઢીલ કેવી**" તે ન્યાય પ્રમાણે **અમદાવાદના** પ્રખ્યાત **શ્રી છગનભાઈ કાશીરામ સોમપુરા**[2] જેવા ખૂબજ હોંશિયાર મિસ્ત્રી મારફત બે વરસના ટુંકા ગાળામાં ઝડપથી તૈયાર કરાવ્યું.

દહેરાસર શાસ્ત્રીય પદ્ધતિએ સુંદર કલાત્મક તૈયાર થયા પછી તેમાં પધરાવવા માટે પ્રતિમાજી અંગે તપાસ કરતાં '**શ્રી સિદ્ધાચલજી મહાતીર્થ ઉપર પ્રતિષ્ઠિત કરેલાં વધારાનાં**

---

૧ આ સંબંધી "પ્રતિષ્ઠા મહોત્સવ લઘુરાસ" માં નીચે મુજબ ઉલ્લેખ મળે છે.

"જ્યોતિષી ત્યાં તેડીયા રે, આવ્યા છે. બારને દ્વાર સલુણા ।
શેઠાણી કહે નિજ જોશીને રે, બાત મુહૂર્ત્ત જુઓ હાલ સલુણા ॥
જ્યોતિષ શાસ્ત્રમાં જોઇને રે, બોલ્યા જોશી રાજ સલુણા ।
વૈશાખ સુદ એકાદશી રે, મુહુરત છે. શુભ ખાસ સલુણા ॥
તહા વચન પ્રિય સાંભળીને, હરખ્યા છે. સહુ સાથ સલુણા ।
જિન શાસન જયકાર કર રે, જય બોલે જોડી હાથ સલુણા ॥
તે મુહૂર્ત્તને તપાસવા રે, ફરમાવ્યું અમૃત બાઈ સલુણા ।
ગોપાલને સંગ લઈને રે, આવ્યા છ. હાજીભાઈ સલુણા ॥
રાજનગરમાં આવીયા રે, જ્યાં છે મોટા વિદ્વાન સલુણા ।
શાસ્ત્ર સકલ જે જાણે રે, જેનું છે જગતમાં માન સલુણા ॥
નાગોરી શાળામાં વસ્યા રે, તપાગચ્છ પંન્યાસ સલુણા ।
પદ્મ સાગરજી મહારાજ રે, વાગીશવદને નિવાસ સલુણા ॥
વિક્રમ શક શત આગણી રે, છે ચાલીસની સાલ સલુણા ।
વૈશાખ સુદ એકાદશી રે, બાત કરો થઈ નિહાલ સલુણા ॥

—શ્રી અષ્ટાપદ પ્રતિષ્ઠા લઘુરાસ ઢા. ૨ ગા ૨૨૬ ૨૫ થી ૨૯, ૨૬

૨ આ સંબંધી "પ્રતિષ્ઠા રાસ" માં નીચે મુજબ નોંધ મળે છે.

અધિક હોંશિયાર અકકલ બુધવાન રે, છગન કાશીરામ સલૂણા ।
ચૈત્ય બાંધ્યું ચિત્તમાં ધરી રે, કીધું સુશોભિત કામ સલૂણા ॥
રાજનગરના છે રહીશ રે, સલાટમાં સિરદાર સલૂણા ।
દેરાસર બે જ વરસમાં રે, સરસ રૂડું કર્યું તૈયાર સલૂણા ॥

શ્રી અષ્ટાપદ પ્રતિષ્ઠા રાસ ઢા.–૨ ગા.–૩૯/૪૦

ઘણાં જિનબિમ્બો છે." એવી માહિતી મળી, એટલે **અમદાવાદના નગરશેઠ શ્રી પ્રેમાભાઈ, શેઠ શ્રી મનસુખભાઇ ભગુભાઈ, શેઠ શ્રી મગનલાલ સ્વરૂપચંદ, શેઠ શ્રી બાલાભાઇ** આદિ ધાર્મિક–અગ્રગણ્ય શ્રાવકોની દેખરેખ તળે કામ કરતી **શેઠ શ્રી આણંદજી કલ્યાણજી**ની પેઢીની ભલામણ મેળવી **શ્રી અમૃત શેઠાણી**એ પોતાના ભાઈ **શ્રી છગનલાલ ગાંધી** તથા **ભુરાભાઈ તારાચંદ, જેઠાલાલ** આદિ **કપડવંજના** અગ્રગણ્ય–શ્રાવકોને પ્રતિમાજી લાવવા માટે **પાલીતાણા** મોકલ્યા.

ત્યાંથી ૩૦ પ્રતિમાજી ભવ્ય મનહર મુખારવિંદવાળાં **શેઠ. આ. ક. ની પેઢી** મારફત મેળવી મહોત્સવપૂર્વક લાવીને **કપડવંજ**થી ૧૫ માઈલ દૂર **મહુધા** ગામે લાવીને પધરાવ્યાં.[1]

પછી **વિ. સં. ૧૯૪૨ના ચૈત્ર સુદ ૧૩** ના મંગળદિને ભવ્ય સમારોહ સાથે **શ્રી આણસૂર ગચ્છના શ્રીપૂજ્ય આચાર્ય શ્રી ગુણરત્નસૂરિ** મ.ની નિશ્રામાં **પાલીતાણાથી** લાવીને **મહુધામાં** પધરાવેલ તે ૩૦ જિન–બિમ્બોનો માંત્રિક વિધિવિધાન સાથે દબદબા પૂર્વક **કપડવંજ** નગરમાં પ્રવેશ કરાવ્યો અને **ઢાંકવાડીમાં શ્રી શાન્તિનાથપ્રભુના** જિનાલયમાં સઘળાં જિન–બિંબોને પરોણા દાખલ પધરાવ્યાં.[2]

ત્યાર પછી **શ્રી અમૃત શેઠાણી**એ–વિદ્વાન જોશીઓ પાસે જોવડાવેલ પ્રતિષ્ઠા–મુહૂર્ત તે વખતે **કપડવંજ** પધારેલા **શ્રીઆણસૂરગચ્છના** મહાન પ્રભાવક **શ્રી પૂજ્ય ગુણરત્ન સૂરીશ્વર મહારાજ** (જેમની નિશ્રામાં પ્રભુ–પ્રતિમાજીનો માંગલિક નગરપ્રવેશ થયેલ) ને તપાસવા વિનંતી કરી.

શ્રી પૂજ્યજીએ પણ બરોબર તપાસી **વૈશાખ શુદ ૧૧નું** પ્રતિષ્ઠા માટે[3] શુભ મુહૂર્ત જણાવ્યું, તેમજ પ્રતિષ્ઠા મહોત્સવ અંગે નીચે મુજબનો મંગળ કાર્યક્રમ જણાવ્યો.

- **વૈશાખ શુદ ૬ જળયાત્રા**
- **વૈશાખ શુદ ૭ કુંભ સ્થાપના, નવગ્રહ–દશદિગ્પાલાદિ પૂજન,**

---

૧ આ ઘટનાની વિગત "**શ્રી અષ્ટાપદ પ્રતિષ્ઠા લઘુરાસ**" (ઢાળ ૩, ગાથા ૧ થી ૨૪) માં વિસ્તારથી મળે છે.

૨ **પાલીતાણાથી** લવાયેલ પ્રતિમાજીઓના નગર પ્રવેશની ભવ્ય માંગલિક વિધિ અને તે વખતના દેશાચારના રીતરિવાજોના ઉલ્લેખવાળી ભપકાબંધ રથયાત્રા આદિનું–વિગતવાર વર્ણન. "**શ્રી અષ્ટાપદ પ્રતિષ્ઠા લઘુરાસ**" (ઢાળ. ૩ ગાથા ૨૫ થી ૩૭)માં અત્યંત ભાવવાહી સ્વરૂપમાં છે.

૩ **શ્રી અષ્ટાપદ પ્રતિષ્ઠા મહોત્સવ રાસ** (ઢાળ. ૫ ગાથા ૧ થી ૨૧) માં **શ્રી અમૃત શેઠાણી**ની ઉચ્ચકોટિની ધર્મભાવનાને ચઢતી કળાએ ટકાવી રાખવા માટે **શ્રી પૂજ્ય** મહારાજશ્રીએ મૂહૂર્ત સંબંધી નિર્ણય કેવી વિશિષ્ટ લાક્ષણિક શૈલીએ આપ્યો ? તેની વિગત રોમાંચક શૈલિમાં છે.

૦ વૈશાખ શુદ ૧૧ મંગળ પ્રતિષ્ઠા

એટલે પ્રથમ ધર્મોત્સાહવાળી **શ્રી અમૃત શેઠાણીએ** પ્રતિષ્ઠા–મહોત્સવમાં **શ્રીપૂજ્ય** મહારાજશ્રીને રોકાવા આગ્રહ કર્યો અને તેમની નિશ્રામાં પ્રતિષ્ઠા–મહોત્સવ કરી જિનભક્તિનો વિશિષ્ટ મહોત્સવપૂર્વક લાભ લેવાનો મંગળ નિર્ણય કર્યો.

ધર્મપ્રેમ અને પ્રભુભક્તિના રંગમાં અસ્થિમજ્જાનુગત રીતે રંગાયેલી **શ્રી અમૃત શેઠાણીએ શ્રીપૂજ્ય** મહારાજે આપેલ મંગળ પ્રતિષ્ઠા–મહોત્સવના શુભ મુહૂર્તોને હાર્દિક ભાવોલ્લાસપૂર્વક માથે ચઢાવી તે પ્રમાણે મહોત્સવની પૂર્વતૈયારી ચઢતે રંગે કરવા પોતાના મુખ્ય કાર્યકરોને ભલામણ કરી.

શ્રી અષ્ટાપદ દહેરાસર આગળ ભવ્ય મંગળ તોરણો, કલાત્મક વિશિષ્ટ મહામૂલી ચાંદરણીઓ, વિવિધરંગી ભપકાબંધ છતો અને અનેક નાની–મોટી ધ્વજા–પતાકાઓ, તેમજ વિવિધરંગી કાચના ગ્લાસ મુકીને મનમોહક રોશની કરી શકાય તેવા નાના–મોટા અનેક કલાત્મક ઝુમરો અને હજારો હાંડીઓથી સ્વર્ગથી ઉતરી આવેલા ભવ્ય દેવવિમાન જેવા વિશાલ મંડપમાં હજારો ધર્મપ્રેમી ભકતજનોની અપૂર્વ પ્રભુભક્તિના ઉલ્લાસમય વાતાવરણમાં શ્રીપૂજ્ય શ્રી **ગુણરત્ન સૂરીશ્વરજી મહારાજ**ની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવનો મંગળ પ્રારંભ થયો.

સહુ પ્રથમ મહોત્સવની મહામાંગલિકતા આત્મ–શાંતિની મૌલિક પ્રાપ્તિ રૂપે અનુભવાય તે માટે **મંગળ કુંભ સ્થાપના** કરવા માટે જરૂરી જળયાત્રાની માંત્રિક વિધિનો ભવ્ય મહોત્સવ **વૈશાખ સુદ ૬ ના** મંગળ દિવસે ઉજવાયો.×

વૈશાખ સુદ ૭ ના **મંગળ મુહૂર્તે** શુભ ચોઘડીયામાં મહોત્સવની માંગલિકતાને સાનુબંધ ટકાવી રાખવા માટે ચાર મા–બાપવાલી સૌભાગ્યવતી સ્ત્રીઓ સહિત વ્રતધારી નિયમબદ્ધ ધાર્મિક જીવનવાળા મહાભાગ પુરૂષોત્તમો પાસે **મંગળકુંભની** સ્થાપના વિવિધ વાજિંત્રોના મનોહર સરોદાઓ, તેમજ પુણ્યવાન ભાવિક ધર્મશ્રદ્ધાભરપુર સધવા–સ્ત્રીઓનાં મંગળ ગીતો અને શેઠાણીના હાથે થઇ રહેલ ધર્મકાર્યની સફળતાને સૂચવતા વિશિષ્ટ શકુનોના શુભ ત્રિવેણી સંગમ સાથે ધર્મોત્સાહ પૂર્વક થઇ.

ત્યાર બાદ શાસનની આરાધના કરનારા ભાવુક આત્માઓની ધર્મશ્રદ્ધાને સતેજ રાખનારા, તેમજ શાસન અને ધર્મના પ્રભાવ આડે આવનારા અવરોધોને દૂર કરવાની મંગળ સેવા કરનાર શાસનના અધિષ્ઠાયક–દેવદેવીઓના મુખ્ય અધિનાયક તરીકે **નવ ગ્રહો તથા દશ દિકૂપાલનું** આલેખન, અર્ચન, પૂજન, બલિદોકન, આહ્વાન, વિશિષ્ટ મુદ્રાઓ અને વિવિધરંગી સ્ફટીક, પ્રવાળ, માણેક, નીલમ, સોનું, ચાંદી, અક્કલબેર, ગોમેદક, આદિ રત્નોની પ્રતિષ્ઠિત માળાઓથી

+ **શ્રી અષ્ટાપદ પ્રતિષ્ઠા મહોત્સવ લઘુરાસ** (ઢાળ-૮ પ્રારંભના દુહા ૧ થી ૬ તથા ગાથા ૧ થી ૪૫) માં પ્રતિષ્ઠા મહોત્સવમાં ઉજવાયેલ જળયાત્રાની વિસ્તારથી વિગત છે.

જાપ આદિ અનુષ્ઠાનપૂર્વક મહોત્સવ સાથે વિશિષ્ટ ઉત્તમોત્તમ પૂજાસામગ્રી, ગંધસામગ્રી, કયાણક સામગ્રી, વસ્ત્રસામગ્રી, ઔષધિસામગ્રી આદિના સંયોજન રૂપે માંત્રિક વિધિએ મહાપૂજન થયું.[1]

પ્રતિષ્ઠા–મહોત્સવ પ્રસંગે **શ્રીપૂજ્ય મહારાજશ્રીની** દોરવણી અનુસાર ઉપર પ્રમાણેના મહત્ત્વના કાર્યક્રમો થવા ઉપરાંત પ્રતિષ્ઠા–મહોત્સવને અનુરૂપ **ચૈત્ય–પ્રતિષ્ઠા, આમલસાર પૂજન, સ્વર્ણકલશ–ધ્વજદંડ અભિષેક, દેવ–દેવી અભિષેક, બૃહદ્ ચૈત્યાભિષેક, ભવ્ય રથયાત્રા, સાધર્મિક–ભક્તિ** આદિ અનેક મંગલાનુષ્ઠાનો ધર્મોલ્લાસની વૃદ્ધિ સાથે કરવામાં આવ્યાં.

આ પ્રમાણે પ્રતિષ્ઠામહોત્સવ અંગે સઘળી શાસ્ત્રીય મર્યાદા પૂર્વકના વિધિ–વિધાનો યોગ્ય શુભ વેળાએ વિધિ પૂર્વક ધાર્મિક લોકોના ઉત્સાહને વધારનારી રીતે થયાં.

છેલ્લે **વિ. સં. ૧૯૪૨ વૈશાખ સુદ ૧૧ શુક્રવારે સવારે ૮॥** વાગે **મિથુન લગ્નમાં શ્રી અમૃત શેઠાણીએ શ્રીપૂજ્ય મહારાજના** વાસક્ષેપ સાથે ચઢતે રંગે મૂળ–નાયક તરીકે **શ્રી ઋષભદેવપ્રભુ** અને **શ્રી મહાવીર પ્રભુને** પૂર્વદિશાના મુખ્ય દ્વારની સન્મુખ પ્રતિષ્ઠિત કર્યા.

બાકીના ૨૨ જિન બિમ્બોમાંથી ૪–૮–અને ૧૦ જિનબિમ્બો દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તર બાજુના ગર્ભગૃહમાં **શ્રી અમૃત શેઠાણી**ના સંબંધીઓએ ઉલ્લાસ પૂર્વક પ્રતિષ્ઠિત કર્યાં.

આજ મંગળા વેળાએ પૂર્વાભિમુખ મુખ્ય ગર્ભગૃહની સન્મુખ દહેરાસરમાં **શ્રી પુંડરીક ગણધરની** જિન મુદ્રાવાળી સ્થાપના તથા અનન્ત લબ્ધિનિધાન પ્રથમ ગણધર **શ્રી ગૌતમ સ્વામીજી મહારાજની મનહર** પ્રવચન મુદ્રાવાળી સ્થાપના તથા તે દહેરાસરની નીચેના ભોંયરામાં વર્તમાનકાળે **જંબૂદ્વીપમાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્રના** ૯ મા **પુષ્કલાવતી** નામના વિજયમાં તીર્થંકરરૂપે વિચરતા બીજા **વિહરમાન પ્રભુ યુગમંધર**[2] **પ્રભુની** પ્રતિષ્ઠા અને મૂળ દેરાસરથી **વાયવ્ય** ખુણે સુંદર જિનાલયમાં **શ્રી શાંતિનાથ** પ્રભુ, શ્રી **ઋષભદેવ** સ્વામી, શ્રી **ચંદ્રપ્રભ** સ્વામી અને શ્રી **મહાવીર સ્વામીની** પ્રતિમાજીઓ સુંદર કલાત્મક

---

૧ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે થયેલ મંગળ કુંભ **સ્થાપના** અને માંત્રિક **નવગ્રહ દશ દિગ્પાલ** આદિ **પૂજન** સંબંધી દેશાચારના વર્ણન સાથે માંત્રિક ધાર્મિક અને લૌકિક રીતિ–રિવાજો આદિનો ઉલ્લેખ **પ્રતિષ્ઠા મહોત્સવ લઘુરાસ** (ઢાળ, ૯ ગાથા ૧ થી ૧૫)માં છે.

૨ **શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ લઘુરાસ** (ઢાળ ૧૦ ગાથા ૩૬)ના ઉલ્લેખ પ્રમાણે **શ્રી યુગમંધરપ્રભુની** પ્રતિષ્ઠાની વાત અહીં નોંધી છે. પણ લોકોક્તિપ્રમાણે ૨૦ **વિહરમાન** પ્રભુમાં સહુથી પ્રથમ અને ભરતક્ષેત્રના આરાધકોને વધુ પ્રેરણાદાયી **શ્રી સીમંધર સ્વામીજી** હોવાનું જાણવા મળ્યું છે.

લંછન કે લેપ આદિ સ્પષ્ટ દેખાય તેમ નથી.

સમવસરણમાં ચૌમુખજી રૂપે મંગળ પ્રતિષ્ઠા અનેક ધર્મપ્રેમી મહાનુભાવોએ શ્રી **અમૃત શેઠાણી**ની સૂચના મુજબ ઉત્સાહ પૂર્વક કરી.

મૂળ દેરાસરના ગગનચુમ્બી શિલ્પ-સમૃદ્ધ ભવ્ય શિખર ઉપર શેઠશ્રી **પ્રેમચંદ કેવળચંદે** પ્રતિષ્ઠાના મંગળ મુહૂર્તેજ ધ્વજારોપણ કરી જીવનને કૃતાર્થ બનાવ્યું.[1]

આ શુભ અવસરે શ્રી **અમૃત શેઠાણીએ** શ્રી **અષ્ટાપદજી** નૂતન જિનાલય આગળ બંધાવેલ ત્રિશાળ દેવવિમાન તુલ્ય મંડપમાં તપની વિશિષ્ટ આરાધનાના પ્રતીકરૂપે જ્ઞાન, દર્શન ચારિત્રના ઉપકરણો વગેરેની ભવ્ય સામગ્રી સાથે **ઉજમણાની** પણ ભવ્ય રચના પૂર્વક સ્થાપના કરેલ.[2]

આ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પ્રતિષ્ઠાના મંગળ કાર્યક્રમો માટે શ્રી **અષ્ટાપદજીના** નુતન દેરાસર આગળ સુંદર દેવવિમાન જેવા મંડપની બાંધણી સાથે આખા શહેરમાં પણ મુખ્ય મુખ્ય જગ્યાએ ધર્મ મહોત્સવની અનુમોદનાના શુભ હેતુથી વિવિધ પ્રકારની શોભા-સામગ્રીવાળા નાના મોટા અનેક મંડપો બંધાવેલા.

તેમાં પણ **સામ સૈયદના ચકલે, કડીયા મસ્જિદની** નજીક મુખ્ય વ્યાપાર કેન્દ્રની પાસે અત્યંત સુંદર મંડપ બંધાવેલ હતો, જેમાં દિવસે અને રાત્રે નિયત કરેલા સમયે શરણા-ઇના સૂરો મંગળમય વાતાવરણ સર્જતા હતા,

આ મંડપનો એક છેડો શ્રી **ચિન્તામણિ પાર્શ્વનાથ પ્રભુના** જિનાલય પાસે હતો, તેમજ આ મંડપના બન્ને બાજુના મુખ્ય દ્વાર ઉપર નાચતા મોર અને વિવિધ અંગમરોડવાળી નાની-મોટી દેવાંગનાઓની કલાત્મક સંયોજના બાળજીવોને ખૂબ આકર્ષી રહેલી હતી, તેમાં પણ રાત્રિના સમયે નાચી રહેલ મોરના પિંછાઓમાં તથા નાચી રહેલ દેવાંગનાઓના હાથ, મસ્તક, બલા વગેરે સ્થળે દીવાઓની કલાત્મક ગોઠવણી અનેક પુણ્યવાન જીવોને ધર્મ-મહોત્સવની અનુમોદનાની પ્રેરણા આપતી હતી.

---

૧ આ સંબંધી **પ્રતિષ્ઠા મહોત્સવલઘુરાસ** (ઢાળ ૧૦ ગાથા ૧થી ૫૫)માં પ્રતિષ્ઠા મહોત્સવની સઘળી ક્રમગીરીનું વિગતવાર રોમાંચક વર્ણન છે

૨ આ સંબંધી વિગતવાર વર્ણન **પ્રતિષ્ઠામહોત્સવ લઘુરાસ** (ઢાળ, ગાથા ૧ થી ૨૮) માં મળે છે. આ ઉજમણું કયા તપ નિમિત્તે કે શાનું હતું તેની નોંધ લઘુરાસમાં સ્પષ્ટ નથી, પણ નીચેની કડી પરથી **વીસસ્થાનકતપ** નિમિત્તનું લાગે છે.

"વીસ પિટકા વીસ પેટિયો, વીસ છે ફલવી તેહવી રે ।
ચૌપડી પુસ્તક રૂમાલ ધરિયાં, જુગતી જોવા જેવી રે ॥"

પ્રતિષ્ઠા મહોત્વ લઘુરાસ ઢાળ ૭ ગાથા ૨૨

આજ પ્રમાણે શ્રી **અષ્ટાપદજીના** નૂતન જિનાલયથી પૂર્વદિશામાં **કંસારાના મોટા ચકલા** સુધી અનેક રંગબેરંગી ચાંદનીઓ તથા નાનામોટા મંડપો વગેરેથી ધર્મપ્રેમી જનતાનું ધ્યાન ધર્મ-મહોત્સવ તરફ સ્વાભાવિક રીતે કેન્દ્રિત થઈ જાય તેવું દૃશ્ય હતું.

આજ પ્રમાણે નૂતન જિનાલયમાં પધરાવવા માટે **પાલીતાણાથી** લાવવામાં આવેલ જિનબિમ્બોને જ્યાં પરોણા દાખલ વિરાજમાન કરેલા-તે **શ્રી શાંતિનાથ જિનાલયની** આગળ અત્યંત મનમોહક આકર્ષક મંડપ બંધાવરાવેલ, જ્યાં દિવસ અને રાત પ્રભુભક્તિના અનેક કાર્યક્રમો થતા.[૧]

ધર્મનગરી રૂપ **શ્રી કપડવંજની** ધર્મશોભામાં અનેરો વધારો કરનાર દેવવિમાન તુલ્ય અદ્‌ભુત શિલ્પ-સમૃદ્ધ શ્રી **અષ્ટાપદ મહાતીર્થના** સ્મારક રૂપ આ આ નૂતન દહેરાસર ખરેખર ધાર્મિક જીવોની ભાવનાને શાસ્ત્રાભિમુખ બનાવવાનું અનેરું સાધન બન્યું હતું.

આ દહેરાસરના નિર્માણથી **કપડવંજ** શહેરની ધર્મભાવનાના સંસ્કારોને અત્યન્ત સમૃદ્ધ બનાવવામાં શ્રી **અમૃત શેઠાણીએ** અદ્વિતીય ફાળો નોંધાવેલ છે.

શેઠાણીએ-જિન ભક્તિના આદર્શને મુખ્ય રાખીને **પંચાશક** આદિ ગ્રંથોમાં બતાવેલ મર્યાદાઓનું વ્યવસ્થિત પાલન કરવા સાથે શિલ્પકલા અને વાસ્તુ કલાની દૃષ્ટિએ જોનમૂન ભવ્ય કોતરણીવાળા સ્તમ્ભો, મંડપો, શિખરો, દેવકુલિકાઓ, તેમજ રાજમાર્ગ ઉપર અત્યન્ત ઝીણી કારીગરીવાળી કુલવેલ-ક્રમાનો-આદિની મનોહર કોતરણીવાળા અનેક નાનામોટા ઝરૂખાઓ અને તેની આજુબાજુ પ્રભુ-ભક્તિમાં લીન બનવાના દૃશ્યવાળી અનેક અપ્સરાઓની સુંદર ગોઠવણી કરાવેલ, કે જેનું વર્ણન ગમે તેવા વિદ્વાન શાસ્ત્રજ્ઞ પણ સંપૂર્ણ રીતે કરી શકવા પોતાની અશક્તિ પ્રદર્શિત કરતા.[૨]

આવા અદ્‌ભુત જિનાલયના નિર્માણ પાછળ શ્રી **અમૃત શેઠાણીએ** "शुभस्य शीघ्रम्" ન્યાય પ્રમાણે શિલ્પકલાવિશારદ, વયોવૃદ્ધ-અનુભવી અનેક સોમપુરાઓને બોલાવી સુંદર નકશાઓ બનાવડાવી સોમપુરાઓના સૂચન પ્રમાણે તાત્કાલિક ઉત્તમ જાતિના પાષાણોની ગોઠવણ કરી

---

૧ **શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ લઘુરાસ** (ઢાળ, ગાથા ૪૧થી ૪૪)માં આ સંબંધી ઉલ્લેખ મળે છે.

૨ **શ્રી પ્રતિષ્ઠા મહોત્સવ લઘુરાસ** (ઢાળ ૬-ગાથા ૧ થી ૧૮)માં કવિએ લોકભાષામાં સુંદર રીતે આ સંબંધી વર્ણન કરેલ, વધુમાં દહેરાસરની ભવ્ય રચનાનો ટુંક પરિચય એટલે કે ગભારો, રંગમંડપ, પ્રદક્ષિણા, શણગારચોકી, મુખમંડપ તેમજ પ્રેક્ષામંડપ આદિનો પણ પરિચય આપ્યો છે. આપત્તિકાળે ઉપયોગમાં આવી શકે તેવા ભૂમિગૃહોની વાત પણ કવિએ રજુ કરી છે.

વળી દહેરાસરમાં દિવાલો ઉપર અને રંગમંડપના ઘુંમટમાં અનેક મનોહર રંગીન-ચિત્રોની પણ નોંધ લીધી છે.

જાત-દેખરેખ અને વિશિષ્ટ કાર્યાધિકારીની નિમણુક કરી ખૂબજ ઝડપથી દહેરાસરનું કામ ચલાવ્યું હોય-તેમ લાગે છે.

પરિણામે આજે જે જિનાલયના જીર્ણોદ્ધારમાં વર્ષો લાગે, તે જિનાલયનું શિલ્પ-સમૃદ્ધ નવનિર્માણ બે વર્ષના ટુંકા ગાળામાં કરાવ્યું, તે ખરેખર શેઠાણીના હૈયામાં વસેલી અદ્‌ભુત ધર્મ ભાવનાનો પરિચય કરાવે છે.

આ પ્રસંગે એક વાત એ પણ નોંધવા જેવી છે કે-જે દહેરાસરના જીર્ણોદ્ધારમાં આજે દશાધિક લક્ષ દ્રવ્યના વ્યયની સંભાવના છે, તે જિનાલયના નિર્માણમાં શેઠાણીની અદ્‌ભુત ધર્મ-ભાવના પ્રમાણે અનર્ગળ ધનવ્યય કરવાની તૈયારી છતાં તે સમયના બંધારણ પ્રમાણે માત્ર **બે લાખનો ખર્ચ થયેલ** કે જેની નોંધ **લઘુરાસમાં** નીચે મુજબ મળે છે.

"અમૃત બાઈએ જગતમાં અમર કર્યું નિજ નામ ।
દહેરાસરમાં દેખજો કર્યું બે લક્ષ કેરૂં કામ ॥

લઘુરાસ (ઢાલ ૧૩ પછી સાખી-૮)

શ્રી અમૃત શેઠાણીએ શ્રાવક જીવનની અપૂર્વ સફળતા મેળવવા માટે અત્યંત ઉપયોગી શ્રી વીતરાગ પ્રભુની ભક્તિના અંગ તરીકે **શ્રી અષ્ટાપદજી** નૂતન જિનાલયનું નવનિર્માણ કરી અત્યંત આત્મસંતોષ અનુભવ્યો હતો.

આ દહેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે ભવ્યાત્માઓના ભાવોલ્લાસ માટે પૂજા-શાંતિસ્નાત્ર, અષ્ટા-હ્નિકા મહોત્સવ આદિ પ્રસંગે ઉપયોગમાં લઈ શકાય તેવો મૂળનાયક પ્રભુની આગળ જરૂર પડે ગોઠવી શકાય એવી રચનાવાલો, ચાંદીનો ભવ્ય માંડવો **શ્રી અમૃત શેઠાણીએ સુરતના** પ્રખ્યાત કારીગર **શ્રી શીવલાલ પીતામ્બર**[1] પાસે વીશ હજારના ખર્ચે બનાવડાવેલ.

આ માંડવો શ્રી સંઘને સોંપી દઈ પ્રસંગે પ્રસંગે ધાર્મિક જનતાના ભાવોલ્લાસના વધા-રામાં ઉપયોગી થઇ શકે તેવી વિચારણા **શ્રી અમૃત શેઠાણીની** હતી, પરંતુ કેટલાક સુજ્ઞ પુરૂષોની એવી પણ સલાહ મળી કે "**અહીંનો સંઘ ધર્મપ્રેમથી રંગાયેલો છે. તેના ભાવોલ્લાસને વધારવા આ માંડવો જેટલો ઉપયોગી નહિં થાય, તેથી વધુ લાભ**

---

૧ આ કારીગર સંબંધી ટુંક માહિતી **પ્રતિષ્ઠા મહોત્સવ લઘુરાસ** (ઢાળ ૧૩ પછી સાખી નં. ૧૨ થી ૧૬)માં નીચે મુજબ નોંધાયેલી છે. "આ કારીગર આખા ગુજરાતમાં લાકડું, સોનું, તથા ચાંદીના કોતરકામ, જડતર કામ અને ઘડતર કામ માટે પ્રખ્યાત હતો."

"ભારત બહાર **વિલાયતમાં** પણ સુંદર ચાંદીના કોતરકામની આગવી શૈલિથી ખુશ થયેલાં **મહારાણી** વિક્ટોરિયા. પ્રિન્સ ઓફ વેલ્સ (લાલબાદશા) તથા **ઇન્ડિયામાં** તે વખતે **ભરૂચમાં** કલાકારોના પ્રદર્શનમાં **બ્રિટીશ ગવર્મેન્ટ** તરફથી કલાની કદર તરીકે જેને સોના-ચાંદીના મેડલ મળેલા."

ભારતવર્ષના જૈન શ્રી સંઘોના હૈયાના હાર સમાન તરણ–તારણહાર, સકલતીર્થ–શિરોમણિ, પરમપવિત્ર **શ્રી શત્રુંજય તીર્થાધિરાજ** ઉપર શ્રી **આદીશ્વરદાદાની** સમક્ષ આ માંડવો કાયમી ગોઠવવાથી મળશે કે જેથી **ભારતભર**ના સમસ્ત યાત્રાળુઓ ગિરિરાજ અને પ્રભુજીની યાત્રા દ્વારા જીવનની સફળતા મેળવવામાં ભાગ્યશાળી બની શકે."

શ્રી અમૃત શેઠાણીને પણ આ વાત ગમી ગઈ અને તે પ્રમાણે **શેઠ આ.કે.ની પેઢી–પાલીતાણા શ્રી સિદ્ધગિરિ મહાતીર્થ**ના મૂલનાયક **દાદા શ્રી ઋષભદેવ પ્રભુજી** આગળ કાયમી ગોઠવવા માટે ભેટ આપી દીધો.

જે માંડવો પેઢીના કાર્યવાહકોએ શેઠાણીની ભાવનાને અનુરૂપ મૂલનાયક પ્રભુ આગળ કાયમી ગોઠવેલ છે, આજે પણ એ માંડવો **શ્રી સિદ્ધગિરિની** યાત્રા કરવા માટે આવતા અનેક ભવ્ય જીવોને પરમાત્માની ભક્તિનો અપૂર્વ ઉત્સાહ પણ પ્રગટાવે છે.

આ સંબંધી નોંધ લઘુરાસમાં નીચે મુજબ છે.

" છતરી વીસ હજારની, ચાંદીનો ચળકાટ,
પાલીતાણે મોકલાવી તે, જેહની શોભા અપરંપાર।"

–લઘુરાસ ઢાલ ૧૩ પછી સાખી નં ૧૦

કપડવંજની ધાર્મિક રોનકમાં અનેક રીતે વધારો કરનાર **શ્રી અમૃત શેઠાણીએ શ્રી અષ્ટાપદજી** મહાતીર્થના સ્મારક તરીકે બંધાવેલ નૂતન–દહેરાસરની પ્રતિષ્ઠા જેવા ભવ્ય મહોત્સવપૂર્વક અનેરા ભાવોલ્લાસથી કરાવી હોય, તેમ અત્યારે મળી આવતા કેટલાક ઉલ્લેખોથી જાણવા મળે છે.

તે બધામાં મહત્વપૂર્ણ ઉલ્લેખ એ છે કે–શ્રી **અમૃત શેઠાણીએ** ઉદારદિલથી વીતરાગ પ્રભુની ભક્તિ અને શાસન–શોભામાં કરેલ અપાર ધનરાશિના વ્યયથી થયેલ ધર્મના જયજયકારથી પ્રેરાઈને **" જેશી ભૂરાભાઈ બેચરભાઈ દવે "** જેવા જૈનેતર ભાઈને પણ એવી પ્રેરણા જાગી કે આવો ભવ્ય મહોત્સવ ફરીથી કદાચ ન થાય અને ભવિષ્યની જનતાને પ્રેરણારૂપ બની રહે તે રૂપે આ મહોત્સવના કાયમી સંભારણા તરીકે તેમણે **" શ્રી અષ્ટાપદજી બિમ્બ પ્રતિષ્ઠા જિન મહોત્સવ "** નામથી **લઘુરાસ**ની ગૂંથણી અદ્ભુત રીતે કરી જે **લઘુરાસ**માં ૧૩ ઢાળો અને લગભગ ૫૦૦ ગાથાઓ છે.

આ **રાસમાં** શ્રી **અષ્ટાપદજીનું** દેવવિમાન જેવું ભવ્ય દહેરાસર અને તેને લગતી ખાત–મુહૂર્તથી માંડી ગર્ભગૃહમાં પ્રભુ–પ્રતિમા–પ્રવેશ–વિધિ સુધીની નાની–મોટી હકીકતો ભવ્ય રીતે વર્ણવાઈ છે.

તે ઉપરાંત શ્રી પ્રતિષ્ઠા–મહોત્સવ અંગે મુહૂર્ત જોવડાવવાથી માંડી શુભ લગ્નમાં તથા ઉત્તમ નવમાંશમાં પ્રભુજીની પ્રતિષ્ઠા સુધીની સઘળી બાબતો કાળજીપૂર્વક નોંધી છે.

રાસકાર શ્રી **જેશીએ** પોતાના રાસ (ઢાલ. ૬ ગાથા ૧ થી ૨૪) માં પોતાની નજર–નજર જોયેલ શ્રી **અષ્ટાપદ દહેરાસરમાં** એક એક કલાત્મક ગવાક્ષ, તોરણ, મુખમંડપ, રંગમંડપ ગર્ભગૃહ, કારીગરીવાળા થાંભલાઓ અને ઘુંમટમાં રહેલી ભવ્ય કલાત્મક પુતલીઓ આદિનું રોમાંચક અદ્‌ભુત વર્ણન કરેલ છે.

હકીકતમાં કલાકારીગરી અને શિલ્પની દૃષ્ટિએ **કપડવંજના** સઘળા જૈન મંદિરો કરતાં શ્રી **અષ્ટાપદજીનું** દહેરાસર ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

આજે પણ આ દહેરાસર બંધાવનાર શ્રી **અમૃત શેઠાણીના** વારસદાર **શેઠશ્રી બાબુભાઈ મણીભાઈ** આદિ વહીવટદારોએ દહેરાસરની શોભામાં કાળના ઘસારાથી આવેલ ઓટને યોગ્ય કલાત્મકરીતે સમારકામ અને પાકા રંગના વિશિષ્ટ ઉપયોગથી ખૂબ કાળજીપૂર્વક દૂર કરી દેવવિમાન જેવા પ્રાચીન સુંદર દૃશ્યને ફરી તાજું કર્યું છે.

એકંદર **કપડવંજની** ધાર્મિક સમૃદ્ધિની અદ્‌ભુત સામગ્રી રૂપ શ્રી **અષ્ટાપદજીનું** દહેરાસર ધર્મપ્રેમી ભાવિકોના હૈયામાં અંકિત થઈ જાય તેવું છે.

આ દહેરાસરના નિર્માણ સાથે **અમૃત શેઠાણીએ** જિનપ્રતિમાની જેમ જિનવાણીનું પણ અનેરું મહત્વ વિષમ કલિકાલમાં સમજી નાના રૂપમાં પણ આગમોની હસ્તલિખિત પ્રતિઓ વગેરેમાં વધારો કરી મહત્વની અનેક હસ્તલિખિત સામગ્રીથી ભરપૂર પોતાના પૂર્વજોના સંસ્કારને નવપલ્લવિત બનાવી **જ્ઞાનભંડારની** પણ સ્થાપના કરેલ

હાલમાં શ્રી **સંઘના** સહકારથી શ્રી **અભયદેવસૂરિ જૈન જ્ઞાનમંદિરની** સ્થાપના થઈ, એટલે આ દહેરાસરના વર્તમાન કાર્યવાહકોએ ચતુર્વિધ શ્રી સંઘ જ્ઞાનભંડારનો વધુ લાભ લે, અને જ્ઞાનભંડારની સુરક્ષા, સુવ્યવસ્થા વધુ સારી થાય, એ શુભ આશયથી આ જ્ઞાન ભંડાર શ્રી **અભયદેવસૂરિ જૈન જ્ઞાનમંદિરમાં** પધરાવેલ છે.

૩ શ્રી શાન્તિનાથ પ્રભુનું દહેરાસર

આ દહેરાસર **હોળીચકલામાં લાંબી શેરીના** નાકે **રૈયાગાંધીની** ખડકી સામે **ઢાંકવાડીમાં કપડવંજમાં** સર્વ પ્રાચીન સ્થળ તરીકે પ્રખ્યાત **પંચના જૈન ઉપાશ્રયની** સામે છે.

આ દહેરાસરના મૂલનાયક પ્રભુ **શ્રી શાંતિનાથ ભગવાન** અત્યન્ત સુંદર ભાવવાહી મુદ્રાવાળા છે.

જનશ્રુતિ અને ઇતિહાસના મળતા ઉલ્લેખોના આધારે **શાહના આરેથી** સ્થાન પલટો થઈ **કપડવંજની** નવી વસાહત થઇ, તે વખતે **સૌ પ્રથમ** આ દહેરાસરનું નિર્માણ થયું છે.

એટલે **કપડવંજના** વર્તમાન સઘળા જિનાલયો કરતાં આ જિનાલય વધુ પ્રાચીન છે.

મળતા ઉલ્લેખો પ્રમાણે આ દહેરાસરનો છેલ્લો જીર્ણોદ્ધાર **શેઠ શ્રી મીઠાભાઈ ગુલાલચંદના** મોટાભાઈ **શેઠ શ્રી હીરજી કરશનદાસના** સુપુત્ર **શેઠ શ્રી વૃજરાજ મોતીચંદે** કરાવી **વિ. સં. ૧૯૦૪ના વૈશાખ વદ ૬ના** પ્રતિષ્ઠા કરાવેલ.

આ દહેરાસરમાં કાચનું તથા સોનેરી કામ થાંભલાઓ ઉપર અને રંગમંડપની છતમાં અદ્‌ભુત છે, તેમાં પણ ખાસ કરીને રંગમંડપના મધ્યભાગે ઉપરની છતમાં સુંદર ૨૪ તીર્થંકરોના સોનેરી ચિત્રો, વિવિધ કલામૂર્તિઓ તેમજ રંગમંડપમાં ડાબી ભીંત ઉપર કાચમાં ૧૪ રાજલોકનું મનમોહક સુંદર દૃશ્ય અનેક વિગતોથી ભરપૂર તેમજ કલાકારીગરીના વિશિષ્ટ સંયોજનના નમૂના રૂપ છે.

આ દહેરાસરમાં સ્ફટિક તથા પન્ના (નીલમ)ની સુંદર કલાત્મક પ્રતિમાજીઓ છે.

આ દહેરાસરમાં પ્રાચીન ભૂમિગૃહ છે, જેમાં **શ્રી કલિકુંડ પાર્શ્વનાથ** પ્રભુજી વગેરેની પ્રાચીન પ્રભાવશાળી પ્રતિમાજીઓ છે.

તથા ભોંયરામાં જમણે શ્રી **સિદ્ધચક્રજીનું** સુંદર આરસપાષાણનું મોટું યંત્ર છે.

જેમાં વચ્ચેના **નવપદજીના** પ્રથમ વલયમાં ઉપરોલું અષ્ટદલ કમલનું ભવ્ય દૃશ્ય અને તેની પાંખડીઓમાં પરમેષ્ઠીઓની અદ્‌ભુત વર્ણ-મુદ્રા પ્રમાણેની નાની મૂર્તિઓ અને બાકીનું યંત્ર ઢળતા ક્રમે કમળની પાંખડીઓના વિશિષ્ટ દેખાવ સાથે સુંદર કોતરેલા મંત્રાક્ષરો અને ઉપર-નીચે કળશની આકૃતિ અને બેસણીના ભવ્ય દેખાવ વગેરેથી આરાધક આત્માઓને ખૂબજ આહ્લાદ ઉત્પન્ન કરાવે તેમ છે.

આ સિવાય ભોંયરામાં દીવાલો ઉપર સુંદર ચિત્રકામ તેમજ કાચના કલાત્મક કામરૂપે તીર્થોનાં તથા અનેક ધાર્મિક દૃશ્યોનાં ચિત્રો ઘણાં સુંદર છે.

શ્રી **શાંતિનાથ** પ્રભુના જિનાલયમાં જમણી દીવાલ ઉપર તથા ગોખલાઓમાં કાચનું અને રંગનું સુંદર સંયોજિત કાર્ય દર્શનાર્થીઓના મનને આકર્ષે છે.

૪ આદીશ્વર પ્રભુનું માણેક શેઠાણીનું દહેરાસર

આ દહેરાસર **ઢાંકવાડીમાં પંચના ઉપાશ્રયની** સામે સાધ્વીજીના ઉપાશ્રયની પાસે છે.

શ્રી શાંતિનાથ પ્રભુના દેહરાસર અને આ દહેરાસર વચ્ચે માત્ર ૧૫ × ૧૫ ફૂટના ચોકનું જ અંતર છે.



ભૂતકાળમાં આ બન્ને મંદિરો સ્વતંત્ર હતાં, પણ મુખ્ય પ્રવેશદ્વાર બન્નેનું એક હોઇ કાલક્રમે દહેરાસરની શોભા અને દેખાવમાં થતા સુધારાઓના પરિણામે આજે બંને દહેરાસર એક થઈ ગયાં છે.

ધર્મપ્રેમી વ્યવસ્થાપકોની વિશિષ્ટ સંયોજના અને પ્રેરક સાધુ-પુરૂષોની ઉચિત દોરવણીના ણળે બન્ને દહેરાસરોનું એકીકરણ વર્તમાનકાળે ખૂબજ ઉચિત અને ભાવવાહી લાગે છે, કેમકે દહેરાસરના મુખ્ય દ્વારથી પેસતાંજ ઉત્તર-દક્ષિણ લાંબી દીવાલો અને નાના-મોટા ગોખલાઓમાં સુંદર રંગકામ અને વિવિધરંગી કાચકલા તેમજ મીનાકારીથી બનેલા નયન-રમ્ય ચિત્રોની આર્ટ ગેલેરી જેવું દશ્ય બાળ-જીવોને મુગ્ધ કરે છે.

ચિત્રોની શોભાથી સુસજ્જ દીવાલો, ઝરૂખાઓ, ગોખલાઓ આદિ સાથે **શ્રી આદીશ્વર પ્રભુના** ગભારાની બારસાખ અને દરવાજા, આરસની ઝીણી કોતરણીથી ભરપૂર હોઈ દહેરાસરની શોભામાં ખૂબજ વધારો કરે છે.

ગભારામાં **શ્રી આદીશ્વર પ્રભુનું** સુંદર ૩૭ ઇંચનું બિમ્બ શાન્તરસ ઝરતી મુદ્રાવાળું અત્યંત સુંદર છે, આજુબાજુ પ્રમાણયુક્ત વિવિધ જિનબિંબોની સ્થાપના શોભામાં અનેરો વધારો કરે છે.

મૂલનાયક પ્રભુની ગાદીમાં નીચે મુજબ શિલાલેખ છે.

संवत् १६६६ वर्षे फागण सुद ३ शुक्रे कर्पटवाणिज्यवास्तव्य....श्रीमालीज्ञातीय शा. गोहीया....भार्या गंगादियुतेन शा. तारा कु....जलदे भा. मोहन....पुत्र जीवराज देवराज वणराज....जीवराजपुत्र शा. रतन स्वकुटुम्बयुतेन स्वश्रेयसे श्री आदिनाथबिम्बं कारापितं प्रतिष्ठितं श्री तपागच्छे भट्टारक कोटिकोटि सर्वश्री हीरविजयसूरी पट्टालंकार मुगटमणि.... सकल मंडलशाही श्री अकबरपूज्यशासन श्रीविजयसेनसूरीश्वर निर्देशकर श्री विजयदेवसूरिभिः ....कर्पटवाणिज्य सकलसंघस्य श्री

ઉપરના શિલાલેખમાં **કપડવંજનું** નામ તથા **શ્રીમાળી** જ્ઞાતિનો ઉલ્લેખ મહત્ત્વનો છે.

આજે કપડવંજમાં **શ્રીમાળી** જ્ઞાતિના કુટુંબ બહારથી આવીને વસેલા છે, પણ કોઈ સ્થાનિક એટલેકે પ્રાચીન રહેઠાણવાળા નથી, તેમ છતાં તે વખતના શ્રી સંઘમાં **શ્રીમાળી** જ્ઞાતિના ધર્મપ્રેમીનો મોટો ફાળો આ શિલાલેખથી જણાય છે.

આજે તો વીસા નીમા જ્ઞાતિનું વર્ચસ્વ સંખ્યાના બળે જણાય છે.

આ દહેરાસર **કપડવંજની** ગરિમાને વધુ ઓજસ્વી બનાવનાર તેમજ ધનને છૂટે હાથે

સન્માર્ગમાં ખર્ચી ઉચ્ચકોટિની ધાર્મિકતા શ્રીમંતાઈના સુમેળ જણાવનારી સ્વનામધન્ય **શ્રી માણેકશેઠાણીએ** આત્મશ્રેયાર્થે બંધાવેલ છે.

૫ પૂ. શ્રી અજિતનાથ પ્રભુનું ચૌમુખજીનું દેહરાસર

દલાલવાડામાં મી. ગુ. જૈન ઉપાશ્રયના પાછલા ભાગે તેમજ **દલાલવાડાના** પશ્ચિમ દરવાજે **જાટના ઉપાશ્રય** તરીકે પ્રખ્યાત સાધ્વીજીના ઉપાશ્રયની પાસે આ દહેરાસર સુંદર રમણીય કલાત્મક અપ્સરાઓ વગેરેના બાહ્ય દેખાવથી રાજમાર્ગથી પસાર થનારા ધાર્મિક વૃત્તિવાળા જીવોને આકર્ષે તેવું છે.

આ દહેરાસર લોકોક્તિ પ્રમાણે પોરવાડોનું મંદિર કહેવાય છે.

અત્યારે **કપડવંજમાં** પોરવાડોની વસ્તી લગભગ ૨૦૦ ઘરની છે. જેઓ ૫૦–૬૦ વર્ષ પૂર્વ જૈન ધર્મ પાળતા હતા, પણ કાલચક્રના પરિવર્તનને કારણે હાલ તેઓ બધા વૈષ્ણવ ધર્મ પાળે છે.

એટલે વર્તમાનમાં આ મંદિરની વ્યવસ્થા **વીશા નીમા** જ્ઞાતિના જૈન મહાજન હસ્તક છે.

આ દેહરાસરમાં સમવસરણના દેખાવ પ્રમાણે પ્રતિમાજીની સ્થાપના ચૌમુખજી તરીકે કરેલ છે. જેમાં મૂલનાયક તરીકે પૂર્વ સન્મુખ **શ્રી અજિતનાથ** પ્રભુજી છે.

જેના ઉપર **વિ.સં. ૧૬૬૬ ફાગણ સુદ ૩નો** શિલાલેખ[૧] છે. અને તેમાં **કપડવંજનો** ઉલ્લેખ છે.

આ દહેરાસરમાં અત્યારે ડાબે ત્રણ ગભારા અને જમણે બે ગભારા બનાવીને વિવિધ પ્રકારની મનોહર પ્રતિમાજીઓ પધરાવેલ છે.

ચૌમુખજીને ફરતી પ્રદક્ષિણા છે, તે પ્રદક્ષિણાના જમણે–ડાબે પણ સુન્દર કલાત્મક આરસની ઝીણી કોતરણીવાળી દેવકુલિકા, મંડપ આદિવાળા સુન્દર ગભારા છે.

પ્રદક્ષિણામાં ડાબી બાજુ ગભારાની પાછળના ભાગે સુંદર શિલ્પાકૃતિવાળી જિનમૂર્તિઓ ભાવિકોનું ધ્યાન ખેંચે તેવી છે.

જેમાં પણ રંગમંડપના ડાબી બાજુના વચલા ગભારામાં કલ્પવૃક્ષની કોતરણીવાળી શ્વેત

---

૧ શ્રી અજિતનાથ પ્રભુના બિમ્બ નીચે શિલાલેખ આ પ્રમાણે છે–

संवत् १६६६ वर्षे फागण सुद ३ शुके कर्पट वाणिज्य ..भार्या कमलावे पुत्र शा. शिवा भार्या देवकी नाम्ना स्वश्रेयसे श्री अजितनाथ बिम्बं...श्री विजयसेनसूरिनिर्देशात्...कर्पट-वाणिज्य सम्बंधी संघस्य च श्रीरस्तु ।

શ્રી વીશા નીમા વણિક જ્ઞાતિનો ઇતિહાસ પ્રકરણ ૧૪ પૃ. ૧૪૬

આરસની સુંદર જિનપ્રતિમા તથા પ્રદક્ષિણામાં જમણી બાજુના ગભારાની પાછળના ભાગે શ્યામ પાષાણની અદ્‌ભુત શિલ્પકલાવાળી મૂર્તિ કપડવંજની ધર્મશોભામાં અનેરો વધારો કરનારી છે.

સહુથી વધુ મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે–આ દહેરાસરની બરાબર સામે આપણા **ચરિત્ર-નાયક પૂ. આગમોદ્ધારકશ્રીનું** જન્મસ્થાન આવેલું છે.

અરેઅર સમવસરણ રૂપે વિરાજમાન **શ્રી અજિતનાથ** પ્રભુની મંગળદૃષ્ટિ **પૂજ્યશ્રીના** જન્મસ્થાન ઉપર સહજરૂપે સીધી પડતી હોઇ ચરિત્રનાયકશ્રીના પવિત્ર જીવન–ઘડતરના કાર્યને સહેલું બનાવ્યું હોય તેમ લાગે છે.

વધુમાં ઉલ્લેખનીય હકીકત એ પણ મળી આવે છે કે–પૂજ્ય **ચરિત્રનાયકશ્રીના** જન્મ દિવસથી ૨૪ દિવસ પૂર્વે અર્થાત્ **વિ.સં. ૧૯૩૧ના વૈશાખ સુદ ૬ના** રોજ આ દહેરાસરની પ્રતિષ્ઠા થઈ.

આ હકીકત પણ પૂજ્ય **ચરિત્રનાયકશ્રીના** ત્યાગ–વૈરાગ્યપૂર્ણ જીવનના ઘડતર માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ લાગે છે.

૬ શ્રી વાસુપૂજ્યસ્વામીનું દહેરાસર

કપડવંજ શહેરમાં ધાર્મિક લોકોથી ભરચક અને લગભગ જૈનોનીજ વસ્તીવાળા અતિ વિશાલ મોહલ્લા તરીકે પ્રખ્યાત **દલાલવાડામાં મો. ગુ. જૈન ઉપાશ્રયને** અડીને (વચ્ચે માત્ર એકજ ઘરના આંતરે) નાનકડું પણ અત્યંત ભવ્ય તેમજ દહેરાસરની બહારના મુખમંડપની સુંદર કોતરણીવાળા સ્તમ્ભો અને વિવિધ વસ્ત્રભૂષાની સજાવટવાળી પુતળીઓની કોતરણીથી રસ્તે જનારાને પણ આકર્ષે તેવું **શ્રી વાસુપૂજ્ય પ્રભુજીનું** જિનાલય પૂ. **ચરિત્રનાયકશ્રીના** જન્મસ્થાનથી પૂર્વમાં જન્મસ્થાનની પછીતની સામેજ શોભી રહેલ છે.

આ દહેરાસરના ઓટલા ઉપરથી સામે **ચોમુખજીના** દહેરાસરનો શિલ્પસમૃદ્ધ ભવ્ય કોતરણીવાળો બહારનો મુખમંડપ સ્પષ્ટ દેખાય છે.

આ બંને દહેરાસર વચ્ચે પૂ. શ્રીના જન્મસ્થાનનું ઘર છે, જાણેકે બંને જિનાલયોના વિશિષ્ટ ધાર્મિક પરમાણુઓ જન્મસ્થાન ઉપર વિશિષ્ટ પ્રભાવ ઉત્પન્ન કરી **ચરિત્રનાયકશ્રીના** વિશિષ્ટ ગુણોનું સર્જન સ્વાભાવિક રીતે કરી રહ્યા હોય!

આ દહેરાસરનું નિર્માણ પૂ. **ચરિત્રનાયકશ્રીના** કુટુમ્બીજનો તરફથી તેઓશ્રીની ચોથી પેઢીએ મૂલપુરૂષ તરીકે પ્રખ્યાત **શેઠશ્રી ભવાનીદાસ જીવણભાઈ ગાંધીના** સ્મરણાર્થે કરેલ છે.

આ દહેરાસરમાં મૂલનાયક તરીકે બારમા તીર્થંકર **શ્રી વાસુપૂજ્ય પ્રભુનું** નાનું છતાં ખૂબજ આલ્હાદક બિમ્બ છે.

જેના ઉપર **વિ. સં. ૧૬૫૫ના માગસર સુદ ૫ ગુરૂવારે શ્રી વિજયસેનસૂરિ મહારાજે** પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે.[૧]

અહીં મહત્વની અને ઉલ્લેખનીય બાબત એ છે કે–પૂ. **ચરિત્રનાયકશ્રી**ના કુટુંબીજનો તરફથી બંધાયેલા આ દહેરાસરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા **વિ. સં. ૧૯૩૧નો વૈશાખ સુદ ૬ના** મંગલ મુહૂર્તે થઇ છે.

ભાવીયોગે કુદરતી સંકેત પ્રમાણે પૂ. **ચરિત્રનાયક**શ્રીના જન્મથી ફક્ત ૨૪ દિવસ પૂર્વે થયેલી અને પૂ. **ચરિત્રનાયક**શ્રીના કુટુમ્બીઓએ ઉમંગભેર કરાવેલી આ પ્રતિષ્ઠા કંઇક રહસ્ય-ગર્ભિત જણાય છે.

વધુમાં સૂચક બાબત એ પણ જણાય છે કે–આજ મંગલ દિવસે ચોમુખજીના દહેરાસરે શ્રી અજિતનાથ પ્રભુ આદિ જિન બિંબોની પણ ગાદી નશીન કરવા રૂપે પ્રતિષ્ઠા થઈ છે.

આ બન્ને જિનમંદિરોના પ્રતિષ્ઠા મહોત્સવમાં પૂ. **ચરિત્રનાયક**શ્રીના પિતા **શેઠશ્રી મગનભાઈ ગાંધી** અને પૂ. ચરિત્રનાયકશ્રીનાં **માતુશ્રી જમનાબેને** ખૂબ ઉમંગભેર ભાગ લીધો હતો.

પૂ. **ચરિત્રનાયક**શ્રી આ વખતે ગર્ભાવસ્થામાં લગભગ છઠ્ઠાથી સાતમા મહિનાના વચગાળાના હતા, તેથી પ્રજનનશાસ્ત્રના મૌલિક સિદ્ધાંતો અને જ્ઞાનતંત્રના વિકાસના આધારે માતા દ્વારા કરાતા સારા–ખોટા કાર્યોની સાંસ્કારિક શુભ–અશુભ અસર પડવાના નિયમ પ્રમાણે પૂ. ચરિત્ર-નાયકશ્રીના આત્મા ઉપર ઉચ્ચકોટિના ત્યાગ–વૈરાગ્યથી ભરપૂર, વિશિષ્ટ ઘડતર કરનારા સંસ્કારોનું સર્જન થયું હોય તેમ લાગે છે.

૭ શ્રી ઋષભદેવ ભગવાનનું (મોદીઓનું) દહેરાસર

આ દહેરાસર **દલાલવાડાથી** ઉત્તર દિશામાં આવેલ **મોદીઓની ખડકીના** મધ્યભાગે આવેલ છે.

---

૧ શિલાલેખ નીચે મુજબ છે.

" **संवत् १६५५ मार्ग. सुदी ५ गुरु लघु शाखायां कपंटवाणिज्य वास्तव्य श्री श्रीमाली ज्ञातीय पू. अक्कानाला भार्या मकाड पुत्र रुपजी प्रमुख पंचपुत्रादि कुटुंबयुतेन स्वश्रेयसे वासु० बिम्ब का. पू०तपागच्छ भट्टारक श्री हीरविजयसूरिपट्टे मुगुट श्री विजयसेन सूरिभिः ॥**

श्री वीशा नीमा वणिकज्ञातिनो इतिहास प्रकरण १४, पृष्ठ १४५



આ દહેરાસર પ્રાચીન સુંદર કાષ્ઠ–શિલ્પની કોતરણીવાળું નમુનેદાર ઉંચી બેઠકવાળું હતું, પણ તે અતિ–જીર્ણ થવાથી શ્રીસંઘે નવેસરથી પાયો બાદ ઉત્તમ–પાષાણોથી નીચે ભોંયરાની ગોઠવણ સાથે દોઢ પુરૂષ જેવી ભવ્ય ઉંચી બેઠક ઉપર શિખરબદ્ધ ભવ્ય પ્રાસાદ બનાવરાવ્યો, અને **વિ. સં ૨૦૦૨ના માહ સુદ ૧૧ના** શુભ દિને પૂ. પ્રૌઢ પ્રતાપશાળી સ્વ. આચાર્ય–દેવ શ્રી **વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ**ના પ્રથમ શિષ્યરત્ન શાસનપ્રભાવક **સ્વ. પૂ. આ. વિજય દર્શનસૂરીશ્વરજી મ.**ના સાનિધ્યમાં **સ્વ. શ્રી કેશવલાલ સોમાભાઈએ** પુનઃ–પ્રતિષ્ઠાનો લાભ લીધેલ.

આ દહેરાસર દૂરથી દેવવિમાન જેવું મનોહર લાગે છે.

આ દહેરાસરમાં ભૂમિગૃહમાં પૂજ્ય **આગમોદ્ધારક**–આચાર્યદેવશ્રીના પ્રથમ શિષ્યરત્ન **સ્વ. પૂ. પંન્યાસ વિજયસાગરજી મ.** ગણીના શિષ્યરત્ન વિશિષ્ટ પ્રભાવશાળી **સ્વ. ગણીવર્ય શ્રી લબ્ધિસાગર મ. ના** ઉપદેશથી શ્રી સિદ્ધચક્ર–મહામંત્રનો સુન્દર ભવ્ય આરસનો પટ **શેઠ શ્રી જયન્તીલાલ શંકરલાલ આદિત્યલાલ પાદશાહના** સુપત્ની **શ્રી વિમળાબેને** (જેઓ હાલ સંયમી અવસ્થામાં સાધ્વીજી **વિપુલયશાશ્રીજી**ના નામથી સુંદર આરાધના કરી રહ્યા છે.) વિ. સં. **૨૦૧૧ જેઠ સુદ ૫**ના શુભદિને પૂ. ચરિત્રનાયક શ્રીના પટ્ટધર **પૂ. ગચ્છાધિપતિ સ્વ. આચાર્યદેવ શ્રી માણિક્યસાગર–સૂરીશ્વરજી** મહારાજના વરદહસ્તે પ્રતિષ્ઠિત કરી પધરાવ્યો છે.

શ્રી સિદ્ધચક્રજીનો આ પટ શિલ્પ–કલાની દૃષ્ટિએ અત્યન્ત મહત્ત્વનો છે, કેમકે વચલા **શ્રી નવપદજીના** વલયમાં ભવ્ય અષ્ટદલ–કમલની વિકસેલી પાંખડીઓની મોહક રચના સાથે તે પાંખડીઓમાં કલાત્મક રીતે પધરાવેલી પાંચે પરમેષ્ઠીઓની વર્ણ પ્રમાણે વિશિષ્ટ–મુદ્રાવાળી પ્રતિમાજીઓની અંજનશલાકા કરાવી રોજ પ્રક્ષાલ–પૂજા થઇ શકે તેવી વ્યવસ્થા સાથે ભવ્ય રીતે સ્થાપિત કરેલી છે.

બાકીનું આખું યંત્ર વલયોના ક્રમથી ભિન્ન–ભિન્ન પાષાણ–ખંડોની સુંદર સંયોજનાથી ઉતરતા ક્રમે યંત્ર બનાવવાની તાંત્રિક શૈલીને અનુસરવા સાથે શિલ્પકલાની અદ્‌ભુતતાવાળુ છે.

તે ઉપરાન્ત કળશના કંઠભાગે અને નીચે બેઠકના ભાગે નવનિધિ, નવગ્રહ તથા ચાર બાજુ દેવકુલિકાઓની ભવ્ય ગોઠવણી આદિની સુંદર કલાત્મક સ્થાપના કરી છે.

આખો યંત્ર સુંદર મરોડદાર કોતરેલા મંત્રાક્ષરોથી દેદીપ્યમાન લાગે છે, વધુમાં વિવિધ રંગોની મેળવણી અને કુલ વરસાવતા દેવદેવીઓ અને **શ્રીપાળ મહારાજા** તથા **મયણા–સુંદરીના** અદ્‌ભુત કલાત્મક પ્રસ્તરશિલ્પો યંત્રની શોભામાં અપૂર્વ વધારો કરે છે.

આખા યંત્ર ઉપર સુન્દર કાચ ફ્રેમ અને **જયન્ત મેટલ વર્કસની** કલાત્મક ગેલ્વેનાઇઝ્ડ

(વિશિષ્ટ પિત્તળ પાલિશ) કરેલી ચાંદી જેવી ચમકતી પટ્ટીઓની સંયોજના યંત્રની શોભામાં ખૂબ જ વધારો કરે છે.

વધુમાં આ **શ્રી સિદ્ધચક્રયંત્રની** બે બાજુના ગાળામાં **શ્રી શ્રીપાળચરિત્રના** બધા પ્રસંગો આરસ પર કોતરીને ઉપસાવેલ છે, અને સુંદર વિવિધ રંગોથી આકર્ષક બનાવી આરાધક દર્શનાર્થીઓના મનને **શ્રી સિદ્ધચક્રજી મહાયંત્ર** તરફ અપૂર્વ ભક્તિમાં તરબોળ બનાવવાનો સદ્પ્રયત્ન કરેલ છે.

તથા દરેક ચિત્રમાં તેના પરિચયની લખાણની પટીઓ ગમે તે દર્શન કરવા આવનારને શ્રી સિદ્ધચક્રજી-બૃહદ્યંત્રના આરસના પટીના લાક્ષણિક દર્શનથી ઉપજેલ ભાવોલ્લાસને વધુ સ્થિર કરવામાં **શ્રીપાળ ચરિત્રના** અદ્ભુત ભાવવાહી આ દશ્યો ખૂબ ઉપયોગી બની રહેલ છે.

પરિણામે ભોંયરાનું વાતાવરણ શ્રી નવપદજીના અદ્ભુત-મહિમાને સર્જનારૂં અનુભવાય છે.

આ પ્રમાણે ભોંયરામાં જમણી બાજુ વિવિધ પ્રકારના ધાર્મિક-ચિત્રો તથા જિનશાસનને સર્વસ્વનો ભોગ આપી ત્રિવિધે સમર્પિત બનેલ મહાપુરુષોના રોમાંચક પ્રસંગોવાળાં સુંદર દશ્યોની ગોઠવણીથી **કપડવંજમાં** દર્શનાર્થે આવેલ સામાન્ય ભાવુકજનને પણ આ દહેરાસરના ભોંયરામાં થોડીક ક્ષણો વીતાવવાથી અપૂર્વ ધાર્મિક ભાવનાનો વધારો અનુભવી શકવાની યથાર્થ પ્રતીતિ થઈ શકે છે.

૮ શ્રીનેમિનાથ પ્રભુનું (બહારની વાડીમાં) દહેરાસર

કપડવંજ શહેરના પૂર્વાભિમુખ **અંતિસરીયા** દરવાજા બહાર સ્ટેશનરોડ ઉપર હાઈસ્કુલ સામે તળાવ પાસે **જૈન સંઘ** હસ્તક મોટી વાડી છે.

જેમાં **શ્રી નેમિનાથ** પ્રભુનું સુંદર જિનાલય હોઈ **શ્રી નેમિનાથ પ્રભુની વાડી** તરીકે ઓળખાય છે.

શ્રીનેમિનાથ પ્રભુનું જિનાલય [1]સાખી ગોત્રના અને નગરશેઠના વંશજ **કરશનદાસ**

૧ **વીસા નીમા** જ્ઞાતિમાં વહીવંચાઓની જુની નોંધના આધારે ૪૧ ગોત્રોની માહિતી મળે છે, તેમાં સહુથી વધારે મહત્ત્વના ધાર્મિક-સામાજિક કાર્યોને કરનારા મહાપુરુષોથી શરૂ થયેલ **સાખી શાંખિક** ગોત્ર સહુ પ્રથમ આવે છે.

પૂ. **ચરિત્રનાયકશ્રી**ના શ્વસુર પક્ષનું આ ગોત્ર છે. **કપડવંજમાં** આવીને વસેલ **નીમા** જ્ઞાતિના કુટુંબોમાં આદ્ય પુરુષ તરીકે આ ગોત્રના શેઠ **શ્રી હીરજી અંબાઈદાસનું** નામ આવે છે.

જેમની ત્રીજી પેઢીએ થયેલ શેઠશ્રી **લલ્લુભાઈનાં** સુપત્ની તરીકે **રત્નગર્ભા** બાળુકશેઠાણી **કપડવંજની** ધાર્મિક અને સામાજિક સમૃદ્ધિમાં અત્યંત સ્મરણીય ફાળો આપનાર થયા.

આ રીતે પૂ. **ચરિત્રનાયકશ્રી**નો શ્વસુર પક્ષ પણ કેવા મહત્ત્વના ધર્મપ્રેમી સજ્જનોથી શોભિત છે ? તે સમજી શકાય છે.



હીરજીના સુપુત્ર **શેઠશ્રી મોતીચંદભાઈના** પુત્ર **શ્રી લલ્લુભાઈનાં** સુપત્ની **શેઠાણીશ્રી માણેકબાઈએ** વિ. સં. ૧૯૧૨માં બનાવડાવ્યું, અને વિ. સં. ૧૯૧૭માં ધામધૂમ-મહોત્સવથી પ્રતિષ્ઠા કરાવી.

કાલક્રમે જીર્ણ થયેલ આ દહેરાસરનો જીર્ણોદ્ધાર શ્રીસંઘ તરફથી વિ. સં. ૨૦૨૧માં થયો, તે દરમિયાન મૂલ ગભારામાં આરસ વગેરેના કામ કરતાં કારીગરો દ્વારા મૂલનાયક પ્રભુજી શરતચૂકથી ચલિત થવાના કારણે **વિ. સં. ૨૦૨૫ના મહા સુદ પુનમના** રોજ મંગળ વેળાએ પૂ. આગમોદ્ધારકશ્રીના પ્રથમવિનેય **સ્વ. પૂ.પં. શ્રી વિજયસાગરજી મ.**ના શિષ્યરત્ન **સ્વ. પૂ. ગણિવર્ય શ્રી લબ્ધિસાગરજી મ.**ના વાસક્ષેપથી પુનઃ પ્રતિષ્ઠા શ્રીસંઘે કરાવી.

શ્રી નેમિનાથ પ્રભુના જિનાલયની આસપાસ ફરતો મોટો ચોક છે, અને ડાબે પતરાની મોટી ઓસરી છે કે જેનો ઉપયોગ કાર્તિક સુદ પુનમના દિવસે શ્રી **સિદ્ધાચળ મહાતીર્થ**નો પટ બાંધવા માટે કરવામાં આવે છે, જગ્યાની વિશાળતા અને વિશિષ્ટ ગોઠવણી એવી અદ્‌ભુત છે કે સેંકડો દર્શનાર્થી છતાં દૂર ઉભેલો વ્યક્તિ પણ સહેલાઈથી ગિરિરાજના પટનાં દર્શન કરી શકે છે.

દહેરાસરની જમણે અને પાછળના ભાગે વિશાળ જગ્યા છે, જ્યાં શ્રીસંઘ-તરફથી પૂજા આદિ ભણાવવા માટે સુંદર મંડપ બનાવવાની યોજના વિચારાઈ રહી છે.

હાલમાં દહેરાસરની જમણી બાજુ નાનકડી પણ સુંદર ફુલવાડીની યોજના વ્યવસ્થાપકોએ કરી છે.

શ્રી **નેમિનાથ પ્રભુના** દહેરાસરની સામેના ભાગમાં પણ જગ્યાની ઘણી છૂટ છે, દહેરાસરના મુખ્ય પ્રવેશદ્વારની સામે **શ્રી જૈનસોસાયટી**ના રોડપર વાડીનું જુનું પ્રવેશદ્વાર છે.

અત્યારે હાલમાં વાડીમાં આવવા માટે મુખ્ય પ્રવેશદ્વાર સ્ટેશનરોડ ઉપર દહેરાસરની પશ્ચિમે વિશાળ રાજમહાલયના પ્રવેશદ્વાર જેવું મોટા તોતિંગ દરવાજાવાળું છે.

આ પ્રવેશદ્વારથી પેસતાં ડાબે **મરહૂમ શેઠાણી શ્રી માણેકબાઈની બંધાવેલ મોટી ધર્મશાળા** છે, કે જેનો ઉપયોગ શ્રીસંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય, નવકારશી, ઉપધાન, દીક્ષા, બહારગામથી આવનાર સાધર્મિકો અને છરી પાળતા સંઘના ઉતારા આદિ ધાર્મિક કાર્યોમાં થાય છે.

આ ધર્મશાળા બંધાવ્યાનો ઉલ્લેખ શ્રી **અષ્ટાપદજીના** દહેરાસરની **શ્રી અમૃત શેઠાણીએ**

કરાવેલ ભવ્ય પ્રતિષ્ઠા પ્રસંગની અનુમોદના રૂપે **જેશી ભુરાભાઈ બહેચરભાઈ** દવેએ રચેલ લઘુરાસમાં નીચે મુજબ છે :

" શેઠાણી માણેકબાઈ જેહ ત્યાં, તેણે બાંધ્યું ધરમનું ધામ ।
ધર્મશાલાએ રૂડી રસોઈ થતી, જમે સંઘના લોક તમામ ।।

પ્રતિષ્ઠા લઘુરાસ (ઢાળ-૨, ગાથા ૪૩)

આ પ્રમાણે **કપડવંજના** ભવ્ય ભાવોલ્લાસવર્દ્ધક-જિનાલયોના પરિચય પછી ધાર્મિક લોકોની સદ્‌ભાવનાને વધારનારા બીજા ધર્મસ્થાનોનો પણ ટુંક પરિચય ઉપયોગી લાગવાથી તેની ટુંક નોંધ અપાય છે.

ઉપાશ્રયો

(૧) **મી. ગુ. જૈન ઉપાશ્રય** (શ્રાવકોનો)

શ્રાવકોને ધર્મક્રિયા કરવા માટે દલાલવાડાના મધ્યભાગે **શેઠ મીઠાભાઈ ગુલાલચંદ** જૈન ઉપાશ્રય છે.

જે ઉપાશ્રય **કપડવંજના** ખ્યાતનામ ઉદારચરિત્ર દાનેશ્વરી **શેઠ મીઠાભાઈ ગુલાલચંદે** પોતાની સંપત્તિનું ધર્માર્થે-વીલ કરતી વખતે અનેક ધર્મકાર્યો પૈકી શ્રીસંઘને ધર્મ-ક્રિયાઓ માટે ઉપાશ્રય તરીકે વાપરવા સમર્પિત કરેલ પોતાનું રહેણાકનું મકાન હતું.

આ ઉપાશ્રયમાં અનેક પૂ. આચાર્ય ભગવંતો આદિના ચાતુર્માસ થયાં છે. **કપડવંજમાં** મુખ્ય ઉપાશ્રય આ ગણાય છે.

(૨) **બાટનો ઉપાશ્રય** (શ્રાવિકાઓનો)

શ્રાવિકાઓ માટે **શેઠ વ્રજલાલ હરિભાઈનો** ઉપાશ્રય **શ્રી ચૌમુખજીના** દહેરાસરની પાસે **દલાલવાડાના** પશ્ચિમ દરવાજે છે.

આ ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર શ્રી સંઘની ધાર્મિક સંસ્થાઓની દેખરેખ રાખનાર **શેઠ શ્રી મીઠાભાઈ કલ્યાણચંદની પેઢી** હસ્તે **સ્વ. શેઠ શ્રી પુનમચંદ પાનાચંદ દોશી** આદિ સદ્‌ગૃહસ્થોની દેખરેખમાં વિ. સં. ૨૦૧૮માં બે લાખ રૂપિયાના ખર્ચે થયો છે.

(૩) **પંચનો ઉપાશ્રય** (શ્રાવકોનો)

હોળી ચકલા પાસે **ઢાંકવાડીમાં શ્રી શાન્તિનાથ પ્રભુના જિનાલય** સામે "**પંચનો ઉપાશ્રય**" આ નામે ઓળખાતો શ્રાવકોનો ઉપાશ્રય છે.



આ ઉપાશ્રય **કપડવંજનો** [1]પ્રાચીન ઉપાશ્રય ગણાય છે, અહિં પણ પૂ. સાધુ ભગવંતોનાં ચાતુર્માસો થાય છે.

જનશ્રુતિ પ્રમાણે મહત્ત્વની એક વાત અહીં જાણવા મળે છે કે—

"આ (પંચના) ઉપાશ્રયમાં વિક્રમની અઢારમી સદીમાં થઈ ગયેલ **પૂ. ઉપા. શ્રી સકલચંદજી મહારાજ** કાયોત્સર્ગધ્યાને ઉભા હતા, ઉપાશ્રયની પાછળ રહેલ કુંભારવાડાના ગધેડા ન ભૂંકે ત્યાં સુધી કાયોત્સર્ગ–ધ્યાનમાં રહેવાનો અભિગ્રહ કરેલ.

બનવા જોગ તે રાત્રે ગમે તે કારણે ગધેડાં પ્રાતઃકાળે નિયત સમયે ભૂંકયાં નહિં, રોજ કરતાં મોડાં ભૂંકયાં, પૂ. ઉપા. મહારાજનો કાયોત્સર્ગ લંબાઇ ગયો, એ દરમ્યાન તેઓશ્રીએ તે સમયના સદુપયોગ રૂપે **સત્તરભેદી પૂજાની** રચના કરી."

આ વાત પ્રામાણિક વૃદ્ધપુરુષના મુખથી સાંભળી છે.

આ રીતે આ **પંચનો ઉપાશ્રય** ઐતિહાસિક મહત્ત્વ પણ ધરાવે છે.

(૪) શ્રાવિકાઓનો ઉપાશ્રય

આ પંચના ઉપાશ્રયની સામે જ શ્રી **શાન્તિનાથ પ્રભુના** જિનાલય અન્તર્ગત **માણેક શેઠાણીના શ્રી ઋષભદેવ** પ્રભુના જિનાલયને અડીને શ્રાવિકાઓનો ભવ્ય ઉપાશ્રય છે.

(૫) લહુડીપોસાળનો પ્રાચીન ઉપાશ્રય

પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મસ્થળની સામે **શ્રી ચૌમુખજીના** દહેરાસર પાસે શ્રાવિકાઓના ઉપાશ્રયની પાછળ લહુડી **પોસાળના** યતિજીનો પ્રાચીન ઉપાશ્રય છે.

જે ઉપાશ્રયના યતિજી મહોલ્લાના વૃદ્ધ પુરુષોના કથન પ્રમાણે ૮૦ થી ૯૦ વર્ષ પૂર્વે હતા, તેઓના જીવનની વિશિષ્ટ ચમત્કારિકતા તે વૃદ્ધપુરુષોના મુખેથી સાંભળ્યા પ્રમાણે નોંધેલ છે.

"તે યતિજી ખૂબ જ ક્રિયાપાત્ર અને ત્યાગી તપસ્વી હતા, સાથે જ મંત્ર–તંત્ર–યંત્રના અઠંગ જાણકાર હતા.

આ મંત્રાદિનો ઉપયોગ કોઇને કનડવા કે અંગત માન–પૂજા આદિ માટે કદી ન કરતા, સંઘમાં કોઇને ધર્મસંકટ આવ્યું હોય તો યતિજી સંકટ સમયની સાંકળ બની ભાવુક પુણ્યાત્માની મુશ્કેલી દૂર કરી ધર્મ–આરાધનાનો માર્ગ નિર્મળ કરતા.

---

[1] આ પંચનો ઉપાશ્રય જુનો મનાય છે, કેમકે આ ઉપાશ્રયમાં નીચેના ભાગે નવાંગી વૃત્તિકાર **શ્રી અભયદેવસૂરીશ્વર ભગવંતના** સ્વર્ગવાસની સ્મૃતિ નિમિત્તે **ચરણપાદુકાની** જુની દેરી છે

ઉપાશ્રયનો જીર્ણોદ્ધાર નવેસરથી થવા છતાં આ પ્રાચીન દેરી હતી, તેમજ રાખેલ છે.

મોગલ બાદશાહોના સમયથી યતિઓમાં ઘુસી ગયેલા સાતાગારવમાંથી ઉત્પન્ન થયેલ આચાર-શિથિલતા અને પરિગ્રહવૃત્તિની થોડી અસર યતિજી મહારાજમાં પણ હતી, તેથી યતિજી કામિનીનો પરિચય જરા પણ ન ધરાવતા, છતાં કંચનના વમળમાં ફસાઈ ગયેલ.

જેથી તે પૈસાનો વહીવટ ચલાવતા, પણ તે બધું ઉપાશ્રયના સમારકામ કે બહારથી આવેલ યતિઓના સત્કારાર્થે અગર તો બીજા દહેરાસરોના જીર્ણોદ્ધાર આદિ ધર્મક્રિયાઓમાં વાપરતા.

તે યતિજી બહારથી કોઈ ચીજ મંગાવતા અને તેની ઉઘરાણીએ દુકાનદાર કે માણસ આવે, અગર કોઈ પ્રસંગે કોઈ ચીજ લાવવી હોય, તો તે સમયે જેટલાં જરૂરી નાણાં હોય તેટલાં નાણાં (આના-પાઈ સુદ્ધાં) યતિજી પોતાની ગાદીનો એક છેડો અદ્ધર કરી તે વ્યક્તિને લઈ જવા કહેતા,

હકીકતમાં અરેખર તેટલાંજ નાણાં તેમાં એક પાઈ પણ ઓછી વધતી નહીં-તે રીતે ગાદીતળેથી મળી આવતાં.

કુતૂહલી ભક્તો યતિજીની ગેરહાજરીમાં તે ગાદીને વાળી-ઝુડીને સાફ કરવાના બહાને ઉપાડી ખંખેરીને પાથરતા, છતાં યતિજી તેના પર બેસે અને અચાનક કોઈ કામ આવી પડે, તેમાં નાણાંની જરૂર પડે, યતિજી ગાદીનો છેડો અદ્ધર કરે એટલે તે વખતે જરૂરી નાણાં ત્યાંથી મળી જતાં."

આને યોગની પરિભાષામાં **આસનસિદ્ધિ** કહેવાય છે. આવી યૌગિકશક્તિ વિરલ વિભૂતિઓ પાસે જ હોય, તે પણ મોટે ભાગે **આબુ, ગિરનાર** કે **હિમાલય** જેવામાં અહાલેક જગાવી પડી રહેનારા, ધૂણી ધખાવનાર બાવાઓ પાસે હોવાના ઉલ્લેખો મળે છે.

પણ જનસમૂહમાં રહેનારા, જનસંપર્કમાં સામાન્ય-સાધુ તરીકે જીવન જીવતા યતિજીમાં આ **આસનસિદ્ધિની** ચમત્કારિકતા અરેખર અદ્ભુત કહેવાય.

જો કે જિનશાસનની મર્યાદા પ્રમાણે મોહભાવને ઘટાડવાના સફળ ઉપાયરૂપ સાધુ-જીવનની શાસ્ત્રીય-સામાચારીના પાલનના પરિણામે નિર્મોહભાવના શિખરે ચઢેલ કોક શ્રમણ-ભગવંતને આવી સિદ્ધિની પ્રાપ્તિ સહજ છે, છતાં વિષમકાળે કાળના પ્રતાપે પુણ્યવાન આરાધકોને જિન શાસનની વિશિષ્ટ-મર્યાદાઓનું યથાર્થ પાલન જ્યારે દુર્લભ બનેલ છે, તેવા વર્તમાન-સમયને અનુલક્ષી આ વાત આશ્ચર્યભૂત ગણી શકાય,

નજરે જોયેલ વૃદ્ધ પુરુષો પાસેથી આ બધી સત્ય ઘટનાઓ સાંભળીને નોંધ એટલા માટે કરી છે કે-

પૂ. ચરિત્રનાયકશ્રીના **જન્મસ્થાનની** સામે જ આવા અતિવિરલ સિદ્ધિવાળા મહાત્મા આજથી ૮૦ થી ૯૦ વર્ષ પૂર્વે હતા, એટલે આવા મહાપુરુષની અમીદૃષ્ટિથી પરિપૂત **બનેલ** વાતાવરણની પણ કેવી પ્રભાવોત્પાદક અસર પૂ. **ચરિત્રનાયક**શ્રીના જીવનમાં પડી હશે ? તે તેઓશ્રીના અદ્‌ભુત શાસનપ્રભાવનાવર્દ્ધક પ્રસંગોથી જાણવા મળી શકે છે.

(૬) શ્રી **માણિભદ્રજીનું પ્રાચીનસ્થાન**

વિશિષ્ટ–ચમત્કારી–મહાપુરુષના સંભારણાવાળો આ ઉપાશ્રયમાં તેઓશ્રીની ઉપાસનાના પ્રતિક રૂપ તપાગચ્છના અધિષ્ઠાયક પ્રભાવશાળી **શ્રી માણિભદ્રજી**ની ચમત્કારિક સ્થાપના છે, જ્યાં આજે પણ ભાવિકો આવી વિવિધ બાધા–માનતા પૂર્તિ કરતા હોય છે.

(૭) **આયંબિલખાતું**

યતિજીના સ્વર્ગવાસ પછી ખાલી પડી રહેલ **લહુડી–પોસાળના** ઉપાશ્રયનો વહીવટ શ્રી સંઘ હસ્તક આવતાં ક્રિયાનિષ્ઠ, સરળપરિણામી, **સ્વ.પૂ. આચાર્ય** શ્રી **વિજય ભક્તિસુરીશ્વરજી** મ. શ્રીના ઉપદેશથી **વિ સં. ૧૯૯૪માં શ્રીવર્ધમાન–આયંબિલ તપખાતાની** સ્થાપના આ ઉપાશ્રયમાં કરવામાં આવી.

આ આયંબીલ–ખાતામાં આજ સુધીમાં હજારો આરાધકો શ્રી **વર્ધમાન તપ** આદિની છૂટક–લાંબી આરાધના સાથે નિરીહભાવના પ્રકૃષ્ટ સાધન રૂપ આયંબીલ તપની આરાધના માટે ઉજમાળ બન્યા છે.

(૮) **સાધર્મિક ભક્તિફંડ**

પર્વાધિરાજની આરાધના દરમ્યાન સાધર્મિક ભક્તિ અને સાધર્મિક વાત્સલ્યનાં સીમાતીત વર્ણનો સાંભળી જૈન સંઘમાં કોઈ આપણો સાધર્મિક ધર્મની આરાધનામાં આર્થિક મુશ્કેલીથી પાછો ન પડે તે શુભ આશયથી મોટી ધનરાશિ એકત્રિત કરી તેમાંથી દર અઠવાડિયે આયંબીલ ખાતાના મકાનમાં ચાલુ બજારથી ઓછા ભાવે અનાજ અને તેલની વહેંચણી શ્રી સંઘ તરફથી કરવામાં આવે છે.

(૯) **જૈન જ્ઞાનભંડાર**

શેઠ મીઠાભાઈ ગુલાલચંદ જૈન ઉપાશ્રયમાં વ્યાખ્યાન–હોલ સામેની ઓરડીમાં તથા ઉપાશ્રયના નીચેના વિશાળ ઓરડામાં **શ્રી સંઘ** તરફથી પ્રાચીન હસ્તલિખિત પ્રતો, મુદ્રિત પ્રતો અને પુસ્તકોનો વ્યવસ્થિત અત્યંત વિશાળ સુંદર સંગ્રહ સંખ્યાબંધ કબાટોમાં સુરક્ષિત છે.

આજ પ્રમાણે **પંચના ઉપાશ્રયે** પણ ઉપાશ્રયના નીચેના ભાગે ડાબા હાથે સુંદર સુરક્ષિત શાસ્ત્રસંગ્રહ છે.

(૧૦) ધાર્મિક પાઠશાળા

શેઠશ્રી શામળભાઈ નથ્થુભાઈના વંશજો તરફથી વર્ષોથી શ્રીસંઘમાં ધાર્મિક જ્ઞાન અને ક્રિયાઓમાં વૃદ્ધિ કરવાના શુભ આશયથી "**શેઠશ્રી શામળદાસ નથ્થુભાઈ જૈન ધાર્મિક પાઠશાળા**" સવાર બપોર અને રાતની ચાલુ હતી.

વિ. સં. ૨૦૧૦માં શેઠશ્રીના વંશજો તરફથી રૂા. ૧૧,૦૦૦. નિભાવફંડ માટે આપી **શેઠ શ્રી શામળદાસ નથ્થુભાઈ જૈન ધાર્મિક પાઠશાળાનો** આખો વહીવટ **શ્રી અભયદેવસૂરિ જૈન જ્ઞાનમંદિરને** સોંપ્યો ત્યારથી જ્ઞાનમંદિરમાં ચાલુ છે; આ જ્ઞાનમંદિરમાં જૈન ધાર્મિક પાઠશાળા સવાર, બપોર અને સાંજ વ્યવસ્થિત રીતે ચાલુ છે.

સવારે અને સાંજે છોકરા અને છોકરીઓ અભ્યાસ માટે આવે છે, બપોરે મોટી-ઉંમરની શ્રાવિકાઓ તથા સાધ્વીજી મહારાજાઓ ધાર્મિક અભ્યાસ અને સંસ્કૃતનો અભ્યાસ કરે છે.

પાઠશાળામાં બે પ્રતિક્રમણ સુધીનો પ્રાથમિક ધાર્મિક અભ્યાસ નાની ઉંમરના છોકરા-છોકરીઓને કરાવવા રૂપે શ્રી. **સરોજબેન રસિકલાલ શાહ** વિ. સં. ૨૦૧૦ થી એટલે કે જ્યારથી જ્ઞાનમંદિર થયું, ત્યારથી એકધારી સેવા આપી રહેલ છે, તથા બે-પ્રતિક્રમણથી ઉપરના પ્રકરણ કર્મગ્રંથ, તત્ત્વાર્થસૂત્ર આદિ ઉચ્ચ કક્ષાનો અભ્યાસ તથા પૂ.સાધુ-સાધ્વીજીઓને પ્રકરણ, કર્મગ્રંથ, સંસ્કૃત બે બુકનો અભ્યાસ તથા ચરિત્ર-વાંચન આદિ ધર્મપ્રેમી **શિક્ષકશ્રી હરગોવનદાસ સંપ્રીતચંદ શાહ** (સરીયદ-બનાસકાંઠાવાળા) વિ. સં. ૨૦૧૦ થી તન-મનથી ઉમંગપૂર્વક સમય અને શ્રમની પરવા કર્યા વિના ખંતથી કરાવી રહ્યા છે.

આ ઉપરાંત **શ્રીઅભયદેવસૂરિ જૈન જ્ઞાનમંદિરના** પુસ્તકોની લેવડ-દેવડનું તથા શ્રી સંઘના અનેક છૂટક મહત્ત્વપૂર્ણ કાર્યો પણ શ્રી હરગોવનભાઇ (ધાર્મિક શિક્ષક) ઉમંગથી કરી રહ્યા છે.

(૧૧) સંસ્કૃત પાઠશાળા

વિ. સં. ૨૦૧૦માં **શ્રી અભયદેવસૂરિ જૈન જ્ઞાનમંદિરની** સ્થાપના પછી જ્ઞાનમંદિરની પાસે જ ચતુર્વિધ શ્રીસંઘને ધાર્મિક તત્ત્વજ્ઞાનના વધુ ઉંડાણથી અભ્યાસ માટે ઉપયોગી થાય તે **શુભ** હેતુથી કરાતા સંસ્કૃત, પ્રાકૃત (વ્યાકરણ, ન્યાય, સાહિત્ય) આદિના અભ્યાસની કાશી મિથિલા બાજુના વિદ્વાન પંડિતને રોકી જ્ઞાનમંદિરના કાર્યવાહકો તરફથી અધ્યયનની સુવ્યવસ્થા કરવામાં આવી છે, તે મુજબ જ્ઞાનમંદિરના પ્રારંભથી પ્રખર મૈથિલ વિદ્વાન, ન્યાય, વ્યાકરણના પારંગતને પૂ.સાધુ-સાધ્વીના ન્યાય, વ્યાકરણ, સાહિત્યના ઉચ્ચ અભ્યાસ માટે રાખવામાં આવેલ. જેઓ વિ. સં. ૨૦૨૨ લગભગ તબિયતના કારણે છૂટા થયા.

વિ. સં. ૨૦૨૩ ના માગશર વદ–૭ થી ૨૦૨૮ના શ્રાવણ સુદ ૫ સુધી જૈન પંડિત **શ્રી ધીરજલાલ ધનજીભાઈ** (ભાભર–બનાસકાંઠાવાળા) મૈથિલ પંડિતની જગાએ રહી પૂ. સાધુ સાધ્વી-ઓને ન્યાય–વ્યાકરણનો ઉચ્ચ–અભ્યાસ કરાવતા હતા.

હાલમાં મૈથિલ–વિદ્વાન **પંડિત સદાનંદ પાઠક** (ન્યાય–વ્યાકરણ–સાહિત્યાચાર્ય) પૂ૦ સાધુ-સાધ્વીભગવંતોને ઉચ્ચ–કોટિનો અભ્યાસ કરાવી રહ્યા છે.

આજ–સુધીમાં અનેક પૂ૦ સાધુ–સાધ્વીજી ભગવંતોએ આનો લાભ લીધો છે, જે વર્તમાનમાં પણ ચાલુ છે.

(૧૨) જ્ઞાનમંદિર

શ્રીચૌમુખજીના દેરાસરની પાસે આવેલ **દલાલવાડા**ના પશ્ચિમાભિમુખ નિર્ગમદ્વાર સામે રાજમાર્ગની સામી બાજુ **શ્રીત્રિયવાહ** શ્રીજૈનસંઘના સહયોગથી **શેઠશ્રી વાડીલાલ મન-સુખરામ પારેખે** વિ. સં. ૨૦૧૦માં **"શ્રી અભયદેવસૂરિ જૈન જ્ઞાનમંદિર"**ની સ્થાપના કરી છે.

જ્યાં નીચેના બેઠક ખંડમાં વિ. સં. ૧૧૨૯માં કપડવંજમાં સ્વર્ગવાસ પામેલ નવાંગી વૃત્તિકાર **શ્રી અભયદેવસૂરિજી મ.**ના મહત્ત્વપૂર્ણ જીવન–પ્રસંગોના અદ્‌ભુત દૃશ્યોનાં સુંદર મોટાં તૈલચિત્રો છે.

તથા ઉપરના માળે અત્યંત–સમૃદ્ધ સુવિશાલ શાસ્ત્રસંગ્રહ જ્ઞાનભંડાર છે, જેમાં **સોનેરી તત્ત્વાર્થસૂત્ર, બારસાસૂત્ર** આદિ મહત્ત્વની અલભ્ય પ્રતો અને ૭૦૦ થી ૮૦૦ વર્ષ જુની હસ્તલિખિત–પ્રતોના બહોળા–સંગ્રહવાળો હસ્તલિખિત જ્ઞાનભંડાર છે.

વળી આગમ, સિદ્ધાંત, પ્રકરણો, ચરિત્રો ઉપદેશગ્રંથો, કથાઓ આદિ અનેક–વિષયોવાળી મુદ્રિત–પ્રતો અને પુસ્તકોનો હજારોની સંખ્યામાં સુંદર સંગ્રહ છે.

આ જ્ઞાનમંદિરમાં **પૂ. આગમોદ્ધારક આચાર્ય**–દેવશ્રીના સમુદાયના વિદ્વાન મુનિઓના બહોળા સમૃદ્ધ જ્ઞાનભંડારો પણ ચતુર્વિધ–શ્રીસંઘના લાભાર્થે સ્થાપવામાં આવેલ છે.

(૧૩) શેઠશ્રી મીઠાભાઈ કલ્યાણચંદની પેઢી

વિ. સં. ૧૯૬૦માં **પ.પૂ. આગમોદ્ધારકશ્રી**ના ઉપદેશ અને પ્રેરણાથી **કપડવંજ જૈન સંઘના** ધાર્મિક–ખાતાઓની દેણરેખ અને ધાર્મિક–વિવિધ સંસ્થાઓના નાણાકીય વહીવટનું કામ સુવ્યવસ્થિત રાખવા માટે **કપડવંજ**ના સ્વનામધન્ય ધર્મનિષ્ઠ **શેઠશ્રી મીઠાભાઈ**ના શુકનવંતા નામ સાથે જગત–માત્રના કલ્યાણની ક્ષમતા સૂચવનાર નામવાળી આ **પેઢી**ની સ્થાપના થઈ.

(૧૪) **શેઠ પાનાચંદ વજલાલની પેઢી**

કપડવંજની અગિયારમા સૈકા પછી થયેલ નવી વસાહતના કાળ જેટલા પ્રાચીન **શ્રી શાન્તિનાથ** પ્રભુના દેરાસરે તથા **પંચના ઉપાશ્રયે** આરાધના કરનાર પ્રાચીન જૈન–શ્રીસંઘ હસ્તે જે જે ધર્મકાર્યો થાય છે કે થઈ રહ્યા છે, તેનું વ્યવસ્થિત સંચાલન હાલમાં **શેઠ પાનાચંદ વજલાલની પેઢી**ના નામથી ચાલી રહ્યું છે.

આ પેઢીની સ્થાપના ૧૯મી સદીના પૂર્વાર્ધમાં થઇ હોય કે તે પછીના એકાદ દશકામાં થયું હોય, એમ વૃદ્ધ–પુરૂષો પાસેથી જાણવા મળે છે, ચોક્કસ સ્થાપના–તિથિની નોંધ મળતી નથી.

શ્રી **પંચના ઉપાશ્રયે** આરાધના કરનાર જૈન–શ્રીસંઘના તે વખતના મુખ્ય કાર્યકર્તારૂપે આગળ પડતો ભાગ લેનાર **શેઠશ્રી પાનાચંદ કુબેરદાસ શાહ** તથા **શેઠશ્રી વૃજલાલ તથા મોતીલાલ** કે (જેઓ **કપડવંજ**ની ધરતીના નરરત્ન, સૌભાગ્યશાળી શ્રી **ગુલાલચંદ** શેઠના ભત્રીજા થાય) આ ધર્મનિષ્ઠ ભાઇઓની ધાર્મિક–પ્રતિષ્ઠાને ચિરસ્થાયી બનાવવાના શુભ ઉદ્દેશ્યથી તે વખતના દીર્ઘદ્રર્શી–આગેવાનોએ સંયુક્ત–નામથી આ પેઢીની સ્થાપના કર્યાનું જુના-અનુભવી–વૃદ્ધ પુરૂષો કહે છે.

(૧૫) **શ્રી માણેક શેઠાણી ટ્રસ્ટ :**

કપડવંજના ધર્મસમૃદ્ધ શ્રીસંઘના મુખ્ય કાર્યકર તરીકે વિખ્યાત **પંચના** ઉપાશ્રયના મુખ્ય કાર્યકર શ્રી **વજલાલ મોતીચંદ**ની પનોતી આંધવએલર્ડામાંના **શેઠશ્રી મોતીચંદ** ભાઇના પુત્ર **લલ્લુભાઇ**નાં સુપત્ની ધર્મસંસ્કારસંપન્ન શ્રી **માણેકબહેને** વિવેકપૂર્વક અસાર લક્ષ્મીનો સદ્વ્યય પોતાના હાથે કરવા ઉપરાંત પોતાની સઘળી લક્ષ્મીનું **વિ.સં. ૧૯૩૨ જેઠ સુદ ૨** તા. ૨૫–૫ ૧૮૭૬ના રોજ વીલ લખી ટ્રસ્ટ બનાવ્યું.

આ ટ્રસ્ટ હસ્તે નીચે મુજબના સત્ કાર્યો થયાં છે–થાય છે.

શ્રી નેમિનાથ પ્રભુનું સુંદર જિનાલય **કપડવંજમાં (અંતિસરીયા** દરવાજા બહાર–તળાવ ઉપર) બંધાવ્યું.

૦ **પાલીતાણા**માં દાદાની ટૂંકની **હાથીપોળ** પાસે, **શ્રી કુમારપાળ મહારાજ**ના દહેરાસર સામે, **દિગમ્બર જૈન મંદિર** પાસે, સુંદર ભવ્ય મોટું દહેરાસર બંધાવ્યું.

૦ **નેમિનાથ પ્રભુના** દેરાસર પાસે (અંતિસરીયા દરવાજા બહાર–કપડવંજ) મોટી ધર્મશાળા બંધાવી.

જેમાં અનેક યાત્રા–સંઘોના ઉતારા **શ્રી ઉપધાન**–તપની આરાધના આદિ ધર્મકાર્યો તથા અનેક સામાજિક–કાર્યો થાય છે.

૦ અનેક આગમગ્રંથો, ધાર્મિક પુસ્તકો લહીયા પાસે લખાવ્યાં.

૦ **ઢાંકવાડીમાં શ્રી શાંતિનાથ પ્રભુના** દહેરાસર પાસે **શ્રી આદીશ્વર પ્રભુનું** દહેરાસર બંધાવ્યું.

૦ **ઢાંકવાડીમાં પંચના** ઉપાશ્રય પાસે **શ્રી શાંતિનાથજીના** દેરાસર સામે જ્ઞાતિ ભોજન માટે મોટી વાડી–ધર્મશાળા બંધાવી.

૦ વિશિષ્ટ પર્વના દિવસોમાં મીઠાઈની પ્રભાવના (કાયમી) થાય છે.

૦ ઉનાળામાં ઠંડા પાણીની પરબ

૦ ઢોરોને ઘાસચારો

૦ જીવદયા (કસાઈવાડેથી પશુઓ વગેરે છોડાવવાં)

૦ સદાવ્રત (ગરીબો અનાથો માટે પેટ પુરતું ભોજન)

(૧૬) **પાંજરાપોળ :**

જીવમાત્રની વિરાધનાથી બચવા માટે અનંત જ્ઞાનીઓએ નિર્દેશેલી વ્યાવહારિક–જયણાની મહત્તાને મૂર્ત સ્વરૂપ આપનારી, તથા મુંગા પશુ–પક્ષીઓના દુઃખદર્દને આત્મભાવે દૂર કરવાની મહત્ત્વની શુભ ભાવનાથી **પાંજરાપોળની** સ્થાપના **કપડવંજના** સ્વનામધન્ય પોતાના અનેક સુચરિત્રો, બહોળી સખાવતો તથા દહેરાસર, ઉપાશ્રય, પરબડી, ધર્મશાળા આદિ ધર્મસ્થાનો બંધાવી સુકૃતનું અપૂર્વ ભાથું બાંધી અમર બની જનારા, સ્વ. શેઠશ્રી **મીઠાભાઈ ગુલાલચંદના** વારસદાર શેઠાણીઓએ વિ. સં ૧૯૨૫માં ધર્મનિષ્ઠ **શેઠ મી.** ગુ.ના નામથી કરી તેના નિભાવ માટે પણ પાકી વ્યવસ્થા કાયમી આવક ઉભી કરીને કરી આપી.

આજે આ પાંજરાપોળ **કપડવંજની** આસપાસના પ્રદેશમાં દુષ્કાળ આદિના પ્રસંગે મૂક આશીર્વાદ સમી બની ગઇ છે.

(૧૭) **અનાથાશ્રમ–સદાવ્રતખાતું :**

સ્વનામધન્ય **શ્રી માણેક શેઠાણીએ** અનુકંપાદાનની પ્રધાનતાએ **દલાલવાડાના** ઉત્તર દિશાના મુખ્ય પ્રવેશદ્વારની સામે રાજમાર્ગ ઉપર નિરાધાર દીન–દુઃખીઓના આશ્રયસ્થાન રૂપે **અનાથાશ્રમ** બંધાવેલ છે.

આ મકાન હાલ વાચનાલય આદિની પ્રવૃત્તિઓમાં વપરાય છે, અહીં સ્વ. **માણેકશેઠાણી** તરફથી વિશિષ્ટ–તહેવારોના દિવસે ગરીબોને સદાવ્રત તરીકે કાચું–સીધું અપાય છે.

આ ઉપરથી જૈનશાસનને પામેલ પુણ્યાત્મા આત્મકલ્યાણાર્થે જે રીતે દહેરાસરો, ઉપાશ્રયો

આદિ ધર્મસ્થાનોના નિર્માણમાં છૂટે હાથે લક્ષ્મીનો સદ્વ્યય કરે છે, તે રીતે જિનશાસનની પ્રભાવનાના ઉદ્દેશથી અનુકંપાદાનની પ્રવૃત્તિઓમાં પણ મુક્તમનથી પ્રવર્તે છે.

આ વાત **કપડવંજ**ના વિવેકી શ્રીમંતોની વિવેકપૂર્ણ આદર્શ પ્રવૃત્તિઓથી સ્પષ્ટપણે સમજાય છે.

આ રીતે પુનિતનામધેય પરમાદરણીય પૂ૦ **ચરિત્રનાયકશ્રી**ના જન્મથી પાવન બનેલ **કપડવંજ**ની ધરતીના અણુ-પરમાણુમાં વણાઇ ગયેલ ધર્મ, સંસ્કૃતિ અને સદાચારના ઉદાત્ત મહિમાનો પરિચય જણાવ્યો.

આ ઉપરથી એમ સ્પષ્ટ પ્રતીત થાય છે કે-રત્નની ઉત્પત્તિ વિશિષ્ટ કોટિના અણુ-પરમાણુ સંપન્ન ક્ષેત્રમાં થવાની જેમ પૂ૦ **ચરિત્રનાયક** જેવા પરમોદાત્ત શાસનપ્રભાવક સ્વનામધન્ય પુણ્યાત્માનો જન્મ જે ધરતી પર થયો, તે ધરતી કેટલી પનોતી અને વિશિષ્ટ ધાર્મિક વાતાવરણથી સમૃદ્ધ હતી અને છે.

એકંદર પૂ. **ચરિત્રનાયકશ્રી**ના અનુમોદનીય જીવનકક્ષાના ઘડતરમાં આ ધરતીનો પણ સ્મરણીય ફાળો છે, એમ ધ્વનિત થાય છે.

—: મહાપુરૂષોનાં લક્ષણો :—

- જીવમાત્ર પ્રતિ વાત્સલ્ય.
- આદર્શ લોકોત્તર સમતા.
- ત્યાગ-વૈરાગ્યની વિશિષ્ટમાત્રા.
- સાદી, અર્થગંભીર મધુરભાષા.
- અપરાધી પ્રતિપણ ઉદારતા.
- વિચાર-આચારની એકતા.
- સ્વકલ્યાણની દૃઢનિષ્ઠા.
- પરકલ્યાણની તીવ્રકામના.
- વિવેકપૂર્વક ઉચિત વ્યવહાર,



શ્રી
વર્ધમાન–સ્વામિને નમ:



આગમ-વાચનાદાતા પ્રવર પ્રાવચનિક
શ્રી દેવસૂરતપાગચ્છ–સામાચારી–
સંરક્ષક
ધ્યાનસ્થ સ્વર્ગત પૂ.
....આગમોદ્ધારકશ્રીનું....
જી....વ....ન....ચ....રિ....ત્ર
ખંડ–૨ (પૂર્વાર્ધ)







પૂ. આગમોદ્ધારકશ્રી


જી....વ....ન....ચ....રિ.....ત્ર

ખંડ–૨

(પૂર્વાર્ધ)

વિ....ષ....યા....નુ....ક્ર....મ

(પ્રકરણ ૧ થી ૧૦)



પ્રકરણ	નામ	પાનું
૧	નીમાજ્ઞાતિનો પરિચય	૧૧૧ થી ૧૧૭
૨	પૂ. ચરિત્રનાયકશ્રીનો પવિત્ર પિતૃવંશ	૧૧૮ થી ૧૩૩
૩	(૧) પૂ. ચરિત્રનાયકશ્રીના મોટાભાઇનો જન્મ (૨) પૂ. ચરિત્રનાયકશ્રીની ગર્ભાવસ્થાની પુનિત અસરો	૧૩૪ થી ૧૩૬
૪	ચરિત્રનાયકશ્રીનો જન્મ અને આનંદ–વધામણાં	૧૫૪ થી ૧૬૬
૫	ચરિત્રનાયકશ્રીનું નામકરણ અને ધાર્મિક સંસ્કરણ	૧૬૭ થી ૧૭૩
૬	પૂ. ચરિત્રનાયકશ્રીના ભાવી–જીવનનું જ્યોતિષની દૃષ્ટિએ વિહંગાવલોકન	૧૭૪ થી ૨૧૩
૭	ચરિત્રનાયકશ્રીનો ધાર્મિક ઉછેર અને શૈશવકાળ	૨૧૪ થી ૨૧૮
૮	વિદ્યાભ્યાસ	૨૧૯ થી ૨૨૩
૯	બાલ્યજીવનની અદ્‌ભુત ઝાંખી	૨૨૪ થી ૨૩૦
૧૦	બાલ્યકાળની વિશિષ્ટ ઝાંખી	૨૩૧ થી ૨૩૫





પ્રકરણ-૧૫

પૂ. આગમોદ્ધારકશ્રીની જન્મજ્ઞાતિના કારણે
ગૌરવવંતી બનેલ

નીમાજ્ઞાતિનો પરિચય



યુગલિક કાળના અવસર્પણ પછી માનવોમાં પરસ્પર મમત્વ, વૈમનસ્ય, દ્વેષભાવ, આદિની ઉત્પત્તિ કાળબળે થઈ, એટલે આંતરિક સંસ્કાર-ધનની મૂડી વેરાવેખેર ન થવા પામે તે હેતુથી, એક સરખા આચરણવાળાના આંતરિક સંસ્કાર-ધનની મૂળરાશિને સુવ્યવસ્થિત રાખવાના શુભ આશયથી, યુગાદિ તીર્થંકર **શ્રીઋષભદેવ પ્રભુએ** પોતાના કલ્પ પ્રમાણે જ્ઞાતિઓની વ્યવસ્થા કરી-કે જે નિશ્ચયથી રાગ-દ્વેષની યથોચિત માત્રાના-પ્રમાણના આધારે અને વ્યવહારથી તે તે કાર્યોના આધારે કરવામાં આવેલ.

આ ઉપરથી જ્ઞાતિનો વ્યુત્પત્યર્થ આ પ્રમાણે થઈ શકે-

ज्ञायते अन्तरङ्गम् आत्मशुद्धयादिकमनया इति ज्ञातिः

એટલે માણસની પ્રવૃત્તિ મોટે ભાગે સંસ્કારોને આધીન હોવાથી પ્રવૃત્તિના માપકયંત્રથી સંસ્કારોના ધોરણ મુજબ તે તે પ્રવૃત્તિવાળાઓના યૂથને ઓળખવા રૂપે જ્ઞાતિની વ્યવસ્થા થઇ.

પછી તે જ્ઞાતિમાં ઉત્પન્ન થયા તેની જાતિ એટલે **जायते अस्याम् इति जातिः** એ વ્યુત્પત્યર્થના આધારે સરખા સંસ્કારવાળા જીવો જેમાં ઉત્પન્ન થાય તે જાતિ.

આ રીતે યુગલિક-કાળના અસ્ત વખતે માનવોના સંસ્કાર-જન્ય પ્રવૃત્તિવૈષમ્યથી વિકાસ-આત્મશુદ્ધિનો માર્ગ અવરોધાઈ ન જાય, તેથી કલ્પપ્રમાણે યુગાદિ પ્રભુએ વ્યાવહારિક રીતે આચરણ પ્રમાણે અને નૈશ્ચયિક રીતે તે તે સંસ્કારોના ધોરણ પ્રમાણે વર્ગીકરણ કરવારૂપે જ્ઞાતિ-જાતિની સ્થાપના કરી.

કાળક્રમે દીર્ઘદર્શી આગેવાનોએ તે તે પ્રસંગે તે તે જાતના સંસ્કારોના ધોરણની વિષમતા અટકાવવા માટે સમાન સંસ્કારવાળાને જુદા તારવી વિષમ કે અવ્યવસ્થિત આચરણવાળા બીજા જૂથને સ્વતંત્ર નવી જ્ઞાતિ રૂપે સ્થાપન કરવા દ્વારા મૂળમાનવીની સાંસ્કારિક પરંપરા વધુને વધુ શુદ્ધ-મૌલિક રૂપે જાળવી રાખવા ભગીરથ પ્રયત્ન કર્યો.

પરિણામે મૂળ ચાર વર્ણો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર રૂપે હતા, તેના પેટાભેદ તરીકે અનેક જ્ઞાતિઓ સેંકડોની સંખ્યામાં થઈ.

તેમાં વણિક જ્ઞાતિની શાખાઓ મુખ્ય રીતે ૮૪ થઈ કે જેની નાની-પેટાજ્ઞાતિઓ ગણતાં લગભગ ૧૧૫ની સંખ્યા સામાજિક-પરંપરાના વિદ્વાનો જણાવે છે.

મુખ્ય ૮૪ વણિક જ્ઞાતિઓની નામાવલી **સુલતાન મહમ્મદ** (ઈ.સ ૧૪૬૪થી ૧૫૧૧ સુધી)ના રાજ્ય સમયે અજ્ઞાત નામધેય વિદ્વાને રચેલ **કીર્તિલેખ** ગ્રંથમાં સળંગ મળે છે. તેમાં **નીમાજ્ઞાતિ**નું નામ પણ છે

આ ઉપરાંત **મહાજનવંશ-મુકતાવલી, મહાજન-વણિક-ગોત્રોત્પત્તિપ્રબંધ, ગુજરાતસર્વસંગ્રહ, વહીવંચાઓની વંશાવલી** આદિ ઐતિહાસિક ગ્રન્થોમાં પણ ૮૪ વણિકજ્ઞાતિની **નામાવલી**માં નીમાજ્ઞાતિનું નામ સાદર ઉલ્લેખાયેલું છે.[1]

નીમા જ્ઞાતિની ઉત્પત્તિ :

નીમા વણિક મહાજનનું ઉત્પત્તિસ્થાન જુના **ઇડર** રાજ્યમાં (હાલ સાબરકાંઠા જિલ્લામાં) **મોડાસા**ની પાસે **શામળાજી** તીર્થ (દેવ ગદાધર રાયનું પ્રાચીન સ્થલ) પાસેના **રૂદ્રપુરી (અપરનામ કલ્પગ્રામમાં** જે હાલ ખંડેર હાલત)માં છે."

આ વાત **સ્કંદપુરાણ** (અધ્યાય ૨૨-૨૫)માં વર્ણિત **રૂદ્રગયોપાખ્યાન** તેમજ **ગદાધરમાહાત્મ્ય** (અ. ૧૯, શ્લોક ૪૭-૪૮)માં નોંધાયેલ છે.

વધુમાં ત્યાં એવી નોંધ મળે છે કે "કલ્પગ્રામ નજીક **ઔદુંબરઋષિ**ના આશ્રમમાં અયોધ્યાના સત્યવાદી રાજા હરિશ્ચન્દ્રે પોતાના કુલગુરૂ વશિષ્ઠઋષિની સલાહથી તે વખતના સર્વ **ઋષિમુનિઓ** કરતાં વિશિષ્ટ તપસ્વી **ઔદુંબરઋષિ**ના સાન્નિધ્યે રાજસૂય યજ્ઞ કરવાનો સંકલ્પ કર્યો,

તે પ્રમાણે **અયોધ્યા**થી ચતુરંગસેના પુરોહિતો, કર્મકાંડી બ્રાહ્મણો, અનેક વેપારીઓ, ધાર્મિક પ્રજાજનો વગેરેને લઇ પ્રાચીન **રૂદ્રપુરી** (અપરનામ કલ્પગ્રામ-હાલનું શામળાજીતીર્થ) પાસેના મહાતપસ્વી **ઔદુંબરઋષિ**ના આશ્રમે રાજા હરિશ્ચન્દ્ર શુભ મુહૂર્તે આવી પહોંચ્યા.

---

[1] અમદાવાદમાં ભરાયેલ બીજી **સાહિત્યપરિષદમાં** જૈન વિદ્વાન અમરચંદ પરમારે "**જૈનોમાં પ્રચલિત જ્ઞાતિઓનું વિગ્દર્શન**" નિબંધ વિદ્વાનો સમક્ષ વાંચી સંભળાવેલ.

આ નિબંધ **જૈનકોન્ફરન્સ હેરલ્ડ**ના તે વખતના અંકમાં છપાયેલ છે.

તથા **આબુ** પર્વત ઉપર **લૂણવસહીની** પ્રતિષ્ઠા પ્રસંગે **મહામંત્રી વસ્તુપાલ તેજપાલે** વિ.સં ૧૨૭૫ લગભગમાં મોટું સંઘ જમણ કરેલ.

ઉપરના બન્ને સ્થળે વણિકની ૮૪ જ્ઞાતિઓના નામો જણાવતાં **નીમાવણિકનો** પણ સાદર ઉલ્લેખ કરેલ છે.

ઔદુંબરઋષિએ મહારાજા **હરિશ્ચન્દ્ર**ની ભાવનાનુસાર રાજસૂય જેવા મોટા યજ્ઞની વિધિ કરાવવાનું સ્વીકાર્યું.

તે માટે પોતાના શિષ્યોમાંથી વિદ્વાન અને કર્મકાંડમાં નિપુણ વેદપાઠી ૧૬ બ્રાહ્મણોની પસંદગી કરી, તેમના હસ્તે રાજસૂય જેવા મહાયજ્ઞનો પ્રારંભ સુદ ૧૨ ગુરૂવાર પુષ્યનક્ષત્ર, કર્કના ચન્દ્રમાં કરાવ્યો,

આ યજ્ઞની પૂર્ણાહૂતિ પ્રસંગે તે યજ્ઞમાં હોતા, ઉદ્‌ગાતા આદિ મહત્વપૂર્ણ સ્થાને બેસેલ ૧૬ ગોત્રના બ્રાહ્મણોને આવું મહાન કાર્ય નિર્વિઘ્ને કુશળતા પૂર્વક કરી આપી પોતાના ઉપર મહાન ઉપકાર કરનાર તરીકે સ્વીકારી તેઓને આજીવન કંઈ આજીવિકાની મુશ્કેલી ન પડે તે હેતુથી અયોધ્યાથી યજ્ઞની જરૂરી બધી સામગ્રી પુરી પાડવાની જવાબદારી અદા કરવા માટે લાવવામાં આવેલ વણિકોને કુલક્રમ-પરંપરાએ પેઢી દરપેઢી પાલન-પોષણ, સેવા કરવાની જવાબદારી સાથે દક્ષિણા તરીકે મહારાજા **હરિશ્ચન્દ્રે** આપ્યા,

મહારાજા હરિશ્ચન્દ્રે તે વણિકોના માથે આ ૧૬ ગોત્રવાળા બ્રાહ્મણોને વંશ-પરંપરાગત રીતે સેવા કરવા રૂપ નિયમોનો ભાર મુકયો, તે ઉપરથી તે વણિકનું જુથ **નિયમાવૈશ્ય** (નીમા વાણિયા) તરીકે ઓળખાવા લાગ્યું,

ઔદુંબર ઋષિએ મહારાજા **હરિશ્ચન્દ્ર**ની ભાવનાનુસાર પોતાના શિષ્યરૂપ ૧૬ ગોત્રના બ્રાહ્મણોની જવાબદારી ઉઠાવવા તત્પર થયેલ **નિયમા વૈશ્ય** વણિક જ્ઞાતિના વ્યાપાર-સમૃદ્ધિ, રહેણી-કરણી, પરિસ્થિતિ આદિનો વિચાર કરી તેમના પેટા વિભાગ બત્રીશ નક્કી કરી દીધા કે જે તેમનાં [૧]ગોત્ર કહેવાયાં.

આ ૩૨ ગોત્રોમાં અગિયારમું—**कच्छाश्चानयनम् કચ્છીયાણા** નામનું સૌભાગ્યવંતુ ગોત્ર છે. કે જે પૂ. **ચરિત્રનાયક**શ્રીના પિતૃપક્ષનું ગોત્ર છે.

આની નોંધ "**વીશા નીમા વણિક જ્ઞાતિનો ઇતિહાસ**" (પ્રક. ૧૨ પા. ૧૧૩) માં મળે છે.

નીમા જ્ઞાતિની મહત્તા

નીમા જ્ઞાતિ મૂળથી જ વિશિષ્ટ ગુણોના પગથાર પર ઉભેલી હોઈ કાળનો ઘસારો તેમનામાં રહેલ ગુણો પર ઘાર્યા કરતાં ઓછો લાગ્યો છે.

---

૧ નીમા વાણિયાના ૩૨ ગોત્ર તથા તેના કુળદેવ-દેવી આદિના પરિચયને દર્શાવનાર કોષ્ઠક જીવનચરિત્રના પાછળના ભાગે પરિશિષ્ટમાં અક્ષરશઃ આપેલ છે, જિજ્ઞાસુઓએ ત્યાંથી જોઈ લેવું.

વળી કાળબળે થયેલ ઉથલ-પાથલ અને બાહ્ય–અભ્યન્તર આક્રમણોથી બ્રાહ્મણવર્ણ સાથે સંબંધ તુટી જવા છતાં વૈશ્યવર્ણ તરીકે અંતરંગ સંબંધ ચાલુ રહેવાના કારણે સાહજિક રીતે વણિક મહાજન સાથેના સંપર્કના પરિણામે અહિંસા, પરોપકારવૃત્તિ, દાન આદિ ગુણોનો વિકાસ થવાથી વ્યાપાર, ધંધા કે આજીવિકાના કારણે તેઓ જ્યાં ગયા ત્યાંની બીજી જ્ઞાતિઓનો બહોળો સમુદાય હોવા છતાં દરેકની ચાહના મેળવી અલ્પસંખ્યક પણ **નીમા જ્ઞાતિના** શેઠીયાઓ આગેવાન તરીકે સ્વતઃ બનવા પામ્યા છે, પરિણામે તેઓ **નગરશેઠ** તરીકે પણ રહ્યા છે.

સામાન્ય લોક–વ્યવહારમાં તેઓની ઓળખાણ **નીમામહાજન** જેવા વિશિષ્ટ શબ્દથી પણ થવા પામી છે.

જેમકે–ધંધોરમાં વસતા **નીમાજ્ઞાતિ** બધા વૈષ્ણવ ધર્મી છતાં અને પોરવાડ, અગરવાલ, હુંમડ, શ્રીમાળી વગેરે વાણિયાઓની બીજી જ્ઞાતિઓની સંખ્યા વધુ છતાં નગરશેઠાઇ નીમા જ્ઞાતિમાં છે.

તે પ્રમાણે **ગુજરાતના** ૬ ગામો, **વાગડના** ૪ ગામો, અને **માળવાના** બીજા પણ જે જે ગામોમાં **નીમા** જ્ઞાતિની વસ્તી છે, ત્યાં નગરશેઠાઈ **નીમા** જ્ઞાતિને વરેલી છે.

વળી **મોડાસા, વીરપુર** જેવા ગામના બ્રાહ્મણોની ચોરાશીની પટેલાઈ **નીમાજ્ઞાતિના** ગોર રૂપે રહેલ **ઉદુમ્બર** બ્રાહ્મણોને ત્યાં છે.

આ વાત પણ **નીમાજ્ઞાતિની** વિશિષ્ટતાને સૂચવનારી છે.

નીમાજ્ઞાતિનું સ્થળાંતર

નીમા જ્ઞાતિની ઉત્પત્તિ **અયોધ્યાપતિ** રાજા **હરિશ્ચન્દ્ર** (સત્યવાદી)ના કાળમાં **કલ્પ-ગ્રામ** (હાલના **શામળાજી**)માં થઇ.

કાળબળે ગમે તે કારણે નગરીનો વિનાશ થયો, એટલે ત્યાંથી નજીકના **મોહનપુર (મોડાસા)**માં **કુલગુરૂ–ઉદુમ્બર** બ્રાહ્મણોની સાથે **નીમા** જ્ઞાતિએ સ્થળાંતર કર્યું હોય, એમ લાગે છે, તે સમયે આસપાસના નાનાં-મોટા ગામોમાં પણ કેટલાંક જુથો વસ્યાં.[1]

કાળબળે **મોહનપુર** (મોડાસા)નો પણ **માજુમ** નદીના જલપ્રલયથી બારમા સૈકાની આસપાસ વિનાશ થવાથી **નીમા** જ્ઞાતિએ નજીકના વ્યાપારી મથકરૂપે **કપડવંજ** અને

૧ જેમકે **કલ્પપુરીના હરસોલા** વાણીયાઓએ **હરસોલ** ગામ વસાવી ત્યાં મુકામ કર્યો, એવો ઇતિહાસમાં નોંધ મળે છે.

ચાંપાનેર જે પસંદ કર્યાં હોય તેમ લાગે છે, એટલે બારમા સૈકાની આસપાસ **કપડવંજમાં** નીમા-જ્ઞાતિનો વસવાટ થયો હોય, તે સંભવિત છે.

આ પ્રમાણે **કપડવંજમાં** નીમા જ્ઞાતિના આવી વસવા દરમ્યાન તે વખતના **ધોળકાના** મહારાજા **વીરધવલના મહામંત્રી વસ્તુપાલ-તેજપાલે આબુ** પર્વત ઉપર બંધાવેલ સુંદર ભવ્ય કલાત્મક જિનમંદિરોની પ્રતિષ્ઠા પ્રસંગે જનશ્રુતિ પ્રમાણે તે વખતે વાણીયાની ઉપસ્થિત સર્વ નાતોમાં વીશા-દશાના ભેદ પડયા, તે પ્રમાણે **નીમા** જ્ઞાતિમાં પણ વીશા-દશાના ભેદ પડયા.

કપડવંજ અને તેની આસપાસના ગામોમાં મોટા ભાગે **વીશા નીમાની** જ વસ્તી વધુ પ્રમાણમાં છે.

દશા નીમાની વસ્તી **માળવા, નિમાડ,** આદિ પ્રદેશમાં છે, તેમાં પણ નોંધવા પાત્ર એ હકીકત છે કે **"દશા નીમામાં કોઈપણ જૈનધર્મ પાળતા નથી".**

કપડવંજમાં વસવાટ કરનારા વીશા નીમા વણિક જ્ઞાતિના જ્ઞથ્થામાં સર્વ પ્રથમ[1] **રહીઆ ગાંધીના** વડવાઓ અને **દેવચંદ માધવજીના** વડવાઓ આવ્યાના ચોક્કસ પુરાવાઓ ઇતિહાસમાં મળી આવે છે.

દેવચંદ માધવજીના વડવાઓ **કપડવંજમાં ઢાંકવાડીમાં** આવીને વસેલા, તેમના વંશજોના હાલમાં જે મકાનો છે, તેની પાસે તે વખતના દીર્ઘદર્શી **વીશાનીમા** વણિકોએ ધર્મક્રિયા કરવા માટે **પંચના** ઉપાશ્રયના નામે સુંદર ધર્મસ્થાન બનાવી પોતાની ધર્મપ્રિયતાનો સચોટ પુરાવો દર્શાવ્યો છે.

કપડવંજમાં સ્થિર થયેલ **વીશાનીમા** વાણીયાઓએ તે વખતે રાજકીય ઉથલપાથલ દરમ્યાન થઇ ગયેલ અરાજકતા વધુ આગળ ન વધે તે કુનેહથી **રાધનપુરની લાહણીબીબીને** ગમે તે કારણે **રાધનપુરથી** હીજરત કરી દેશાવર જતી વખતે **કપડવંજમાં** આશ્વાસન અને યોગ્ય આર્થિક સહકારથી સ્થિર કરી રાજકીય અસ્થિરતાના કારણે **કપડવંજની** સંભવિત પડતીને અટકાવી દીધી.

આવી માનવંતી ધર્મનિષ્ઠ **વીશા-નીમા** જ્ઞાતિના **બત્રીસ** ગોત્રો પૈકીના **'કચ્છીયાણા'** ગોત્રમાં પૂ. **ચરિત્રનાયક**શ્રીનો સંસારપક્ષે જન્મ થયેલ.

× પૂ. ચરિત્રનાયક શ્રી જે **ગાંધી** કુલમાં દીપક તુલ્ય નિવડયા તે કુળના આદ્ય પુરુષ તરીકે આ મહાનુભાવ છે.

જેમના નામની ખડકી આજે પણ વિશાલ સમૃદ્ધ કુટુંબોથી ભરપૂર મોટા મહોલ્લા જેવી (ઢાંકવાડી સામે) હયાત છે.

પ્રકરણ–૧૬

પૂ.ચરિત્રનાયકશ્રીનો પવિત્ર પિતૃવંશ

(ચરિત્રનાયકશ્રીના કુળનો ટુંક ધાર્મિક પરિચય)

ભારતવર્ષમાં રસાળપ્રદેશ તરીકે પ્રખ્યાત **ગુજરાતના** ગૌરવવંતા ખેડા જિલ્લાના સમૃદ્ધ તાલુકાના પાટનગર રૂપ **કપડવંજ** શહેરમાં કાળચક્રના પરિવર્તન પ્રમાણે અભ્યુદય-ઉન્નતિના અનેક ચઢાવ–ઉતાર અનુભવી ઇતિહાસ અને વહીવંચાઓની નોંધ પ્રમાણે સત્યવાદી **મહારાજા હરિશ્ચંદ્રે** સ્થાપેલ **નીમા મહાજન** જ્ઞાતિના વૈશ્યો તેરમા સૈકા પછી સ્થિર થયા,

તે વખતે આ શહેરમાં લગભગ એકતાલીસ કુટુંબો વસવાટ માટે આવ્યાની નોંધ આધુનિક ઇતિહાસમાં મળે છે.

તે કુટુંબો બત્રીશ* ગોત્રોમાં વહેંચાયેલા હતા

* જેનાં નામ નીચે પ્રમાણે છે.

અનુ. નંબર	સંસ્કૃત નામ	લોક ભાષામાં નામ	અનુ. નંબર	સંસ્કૃત નામ	લોક ભાષામાં નામ
૧	ઘૃતાનયનક	ઘીઆણું	૧૭	કુઠક	કઠ
૨	શાંખિક	સાખી	૧૮	કૂરાનયનક	કૂટાણુક
૩	કુષ્ટાનક	કુઠેલાણા	૧૯	લિક્કાનયનક	ચિખલાણું
૪	ગુડાનયનક	ગુડાણુક	૨૦	દત્તાનયનક	દતાણું
૫	મધ્યાનયનક	મણીઆણા	૨૧	વિદ્રુમાનયન	ચિદુભાણુક
૬	દધ્યામયનક	દહિઆણા	૨૨	કટૂવાનયનક	કડુઆણા
૭	મહાનયનક	મહીઆણા	૨૩	વડવાનયનક	વડવાણું
૮	ન્યાયાનયનક	નૈયાણુક	૨૪	યાનાનયન	જાણાણુક
૯	રાયાનયનક	રહીયાણા	૨૫	જીરાનયનક	જીરાણું
૧૦	ગુર્વાનયનક	ગરીયાણા	૨૬	મંડનાનયનક	મંડઆણું
૧૧	હર્યાનયનક	હરીયાણા	૨૭	કચ્ચાનયનક	કચલાણું
૧૨	કમ્બલાનયનક	કંબલાણા	૨૮	માનાનયનક	મયાણુક
૧૩	ચમ્પકાનયનક	થંપાણુક	૨૯	ગુડધાનાનયન	ગુલધાણા
૧૪	માણિક્યાનયનક	માણિક્કાણા	૩૦	મચ્ચાનયનક	મંચઆણું
૧૫	કચ્છોપ્યાનયન	કચ્છીયાણા	૩૧	ખરિકાનયનક	ખરીઆણું
૧૬	વિધાનાનયન	વીડવાણા	૩૨	જીયાનયનક	જીયાણુક

આ ગોત્રોમાં સત્તરમું ગોત્ર **કચ્છીયાણુ** છે. જેનું સંસ્કૃત નામ **કચ્છાશ્વાનયન** છે.

આ ગોત્રવાળા વૈશ્યો સાહસવૃત્તિથી **કચ્છ** બાજુથી ઉંચી ઓલાદના સુંદર જાતિવંત ઘોડાઓ લાવી વેચનાર ઘોડાના વેપારી સોદાગરના જત્થારૂપે હશે, તે ઉપરથી પ્રસિદ્ધ **થયેલ કચ્છાશ્વાનયનમ્**[1] ઉપરથી લોકભાષામાં **કચ્છીયાણુ** થયું લાગે છે.

આ વેપારી ગોત્રમાં મૂળપુરૂષ તરીકે **ગાંધી જીવણદાસની** માનવંતી નોંધ ઇતિહાસ અને વહીવંચાઓના ચોપડામાં મળે છે.

તેઓ વેપારી હોવા સાથે મહાન ધાર્મિક પ્રવૃત્તિવાળા અને જૈન સાધુઓના સહવાસમાં ત્યાગ-ધર્મ તરફ લાગણીવાળા ઉત્તમ, સંસ્કારી શ્રાવકધર્મને પાલનારા હતા, તેવા સમર્થનો ઇતિહાસમાં સ્પષ્ટપણે છે.

તેમના પુત્ર **શેઠ ભવાનીદાસ ગાંધી** હતા, જેઓ ધાર્મિક-વૃત્તિના સરળ પરિણામી અને દાનધર્મમાં વિશેષપ્રવૃત્તિવાળા હતા.

તેમને ત્રણ પુત્રો હતા, **શેઠ શ્રી રતનચંદ ગાંધી, શેઠશ્રી રૂગનાથ ગાંધી, શેઠશ્રી ભક્તિદાસ ગાંધી,**

આ ત્રણે પુત્રો પિતાજીની વારસાગત ધાર્મિક ભાવનાને સવાઈ કરવા સાથે વિશિષ્ટ ધાર્મિક પ્રવૃત્તિઓ, વેપારી કુનેહ અને સામાજિક વિશિષ્ટ માતબર પ્રવૃત્તિઓથી જ્ઞાતિ અને સંઘના મોભાદાર અગ્રગણ્ય ગૃહસ્થો તરીકે પ્રખ્યાત થયેલા.

તેમાંથી પૂજ્ય ચરિત્રનાયકશ્રીના સંસાર પક્ષે પ્र-પિતામહ તરીકેના સૌભાગ્યના કારણે નામ પ્રમાણે ગુણવાળા **શ્રી રતનચંદભાઇને ભાઇચંદભાઈ** નામે વિશિષ્ટ ધર્મસંસ્કાર સંપન્ન જયણા-બુદ્ધિમાં ચકોર, ઉચ્ચ-ધર્માત્મા-તરીકે વિખ્યાત કુળદીપક પુત્ર થયા.

કપડવંજના વયોવૃદ્ધ વ્યક્તિઓની પરંપરામાં જળવાઈ રહેલ લોક ઇતિહાસમાં **"ભાઈ ચંદભાઈ રતનજી ગાંધી"** તરીકે ઓળખાતું આ કુટુંબ ધર્મ, ન્યાય, નીતિ, સામાજિક પ્રતિષ્ઠા આદિની આગવી રીતભાતના લીધે મહત્ત્વપૂર્ણ રીતે ખ્યાતિપ્રાપ્ત હતું,

મળી આવતી નોંધ પ્રમાણે **શેઠશ્રી ભાઇચંદભાઈ** વ્યાવહારિક રીતે સાધનસંપન્ન હોવા સાથે ધાર્મિક સંસ્કારોથી પણ સુસમૃદ્ધ હતા, **કપડવંજ** શ્રી સંઘમાં વિચારક ધર્મનિષ્ઠ, વિવેકી પરમ શ્રાવક તરીકે તેમની ગણના હતી.

તેઓશ્રી વિવિધ ધાર્મિક અનુષ્ઠાનોની પદ્ધતિસર આચરણામાં તથા બાળ જીવોને ધર્મ-

[1] જંગલઆદિ પાર કરવા માટે પૂરપાટ દોડી શકતા જાતિવંત ઘોડાનું મહત્વ વધુ છે, ભવરૂપ વનમાંથી પાર ઉતરવા માટે શ્રુતજ્ઞાન અને સંયમ-પાલનની સફળ વિશિષ્ટ સાધનાના ઉચ્ચ-આદર્શોને રજુ કરનાર પૂ. ચરિત્રનાયકશ્રીના ભાવી જન્મની ધાર્મિક મહત્તા પૂજ્યશ્રીના જન્મગોત્ર પરથી ધ્વનિત થાય છે.

માર્ગે પ્રેરણા દ્વારા જોડવામાં સુંદર સમજાવટ અને મીઠી વાણીથી ઓપતા અનેરા વ્યક્તિત્વવાળા હતા, ધર્મક્ષેત્રોની સુવ્યવસ્થા જાળવવા માટે **ભાઇચંદભાઈ** વહીવટી તંત્રના નિષ્ણાત, કાર્યદક્ષ, અજોડ વહીવટદાર હતા.

બરોબર ચરિત્ર–નાયકશ્રીમાં અપૂર્વ ઉત્તમ ધાર્મિક–સંસ્કારોનો વારસો **ભાઇચંદભાઈની** વિશિષ્ટ ધાર્મિક પ્રવૃત્તિઓથી ઉતર્યો હોય તેમ જણાય છે.

તેમના સુપત્નીનું નામ **કુંવરબહેન** હતું, તેઓ પણ "**अनुरूपो हि संयोगः**" કહેણી મુજબ ધર્મક્રિયાઓ અને ઉદાત્ત સંસ્કારોની સમૃદ્ધિવાળાં આદર્શ શ્રાવિકા હતાં.

વીતરાગ–પ્રભુની અષ્ટપ્રકારી પૂજા, સુપાત્ર દાન, સાધર્મિક ભક્તિ અને દીન–દુઃખી–અનાથની અનુકંપા અને નાના મોટા જીવોની જયણા પૂર્વકની જીવદયાના કાર્યોમાં આદર્શ દંપતી તરીકે બંને જણા ઉમંગભેર જોડાતાં અને જીવનનો લહાવો છૂટે હાથે લક્ષ્મીનો સદ્વ્યય કરી મેળવતાં,

આખા શહેરમાં આ જુગલજોડી આદર્શ ભાવનાઓ, વિશુદ્ધ વ્યવહાર, પ્રેમાળ સ્વભાવ, દુઃખીઓ પ્રતિ લાગણીશીલતા, અને વિશિષ્ટ ગુપ્તદાનની પ્રવૃત્તિ આદિથી શ્રીરામ–સીતાની જોડ તરીકે બિરદાવાતી હતી,

શ્રાવકજીવનની મર્યાદાઓને વિવેકપૂર્વક નભાવનારા **ભાઇચંદભાઈ** નિત્ય જિનપૂજા, ગુરૂવંદન, બે ટંક પ્રતિક્રમણ, યથાશક્તિ વ્રતનિયમ, પચ્ચક્ખાણ આદિ ધર્મ ક્રિયાઓ **કુંવરબહેનના** ધાર્મિક સહકારથી વ્યવસ્થિત રીતે કરી જીવન ધન્ય બનાવતા હતા,

આ રીતે પૂ. ચરિત્રનાયકશ્રીના ધાર્મિક ઉદાત્ત, સંસ્કારોનું વાવેતર કરવા તત્પર બનેલ **શેઠ ભાઇચંદભાઈ** તથા આદર્શ પતિવ્રતા શીળવતી **શ્રી કુંવરબહેનનું** વિશુદ્ધ સંસ્કારમય ધાર્મિક જીવન અનેક પુણ્યાત્માઓની અનુમોદનાને પાત્ર હતું.

શેઠ ભાઇચંદભાઈની વિશિષ્ટ ઉદાત્ત પ્રકૃતિ તથા ધર્મવિહૂણા અને દુઃખી જીવોને ધર્મ માર્ગે ચઢાવી ભાવ દયાના લક્ષ્ય સાથે કરાતી અનુપમ દ્રવ્યદયા બરોબર નામ પ્રમાણે ગુણની જાહેરાત કરતી કે "**ભાઇચંદ શેઠ હકીકતમાં સહુના ભાઈ તુલ્ય હતા.**"

શેઠાણી કુંવરબહેન પણ અનેક રીતે ધાર્મિક આચરણોની પ્રવૃત્તિ સાથે સ્વ–જ્ઞાતિ કે પર જ્ઞાતિમાં નિરાધાર–દુઃખી વિધવા મહિલાઓ કે મૂંગા પશુ–પંખીઓ આદિની હાર્દિક મમતા પૂર્વક ફરજ અદા કરવા રૂપે ગુપ્ત રીતે વિશિષ્ટ સહાય પહોંચાડી પોતાનું બીજું નામ * **મંછાબહેન** ધન્ય બનાવી રહ્યા હતા,

* **મંછા** એટલે ઇચ્છાઓ, સહુની ઇચ્છાઓને પૂર્ણ કરનાર હોઇ શેઠાણીનું બીજુ નામ **મંછાબહેન** સફળ ગણાતું.



આવા પુણ્યવાન દંપતિને બે પુત્ર રત્ન હતા* **તારાચંદ** અને **મગનલાલ**,

ધર્મનિષ્ઠ શ્રી **ભાઇચંદભાઇએ** બંને પુત્રોના લાલનપાલનમાં ધાર્મિક મર્યાદાઓ ગળથુથી-થીજ જાળવવા પ્રયત્ન કરેલ.

દહેરાસર લઇ જવા, પ્રભુજીના ચરણે ટીકી કરાવવી, પૂ. ગુરૂદેવશ્રી પાસે લઈ જઇ વંદન કરાવી વાસક્ષેપ નંખાવવો, પરબડીમાં ચણ નંખાવવી, રાત્રે પાણી પણ ન આપવું તેમજ જીવદયા–જયણાના સંસ્કારોનું સિંચન વગેરે બાબતોથી બંને પુત્રોનું ધાર્મિક ઘડતર સારા પ્રમાણમાં કરવા **ભાઇચંદ શેઠે** શ્રાવક તરીકે પૂરતું ધ્યાન આપ્યું હતું.

આજ રીતે શ્રાવિકા તરીકે આદર્શ વ્યવહારવાળી માતાએ પણ બાળકોમાં નાનપણથી જ પાપનો ડર, અશુભ સોબતથી દૂર રહેવાપણું, ધાર્મિકજ્ઞાન, સામાયિક, નવકારવાળી, આદિ ક્રિયાઓની ટેવ વગેરેથી બંન્ને જણાનું જીવન સંસ્કારમય બનાવવા પ્રયત્ન કરેલ.

યોગ્ય ઉંમર થતાં બંને જણાને વ્યાવહારિક શિક્ષણ આપવા સાથે ધાર્મિક જ્ઞાન પણ માતા–પિતાએ જ્ઞાની–ગુરૂ ભગવંતની દોરવણી મુજબ સારી રીતે આપ્યું.

પરિણામે બંને ભાઇઓ જુવાનીના ઉંબરે પગ મુકતાની સાથે બાલ્યવયથી મેળવેલ ધાર્મિક સંસ્કારોની ઝળહળતી છાયા જીવનમાં પ્રસરાવી શકયા હતા.

તેમાં પણ વરસાદના પાણીનું પાત્ર–ભૂમિ આધારે પરિણમન થવાની જેમ પૂર્વ જન્મની આરાધનાનાં સંસ્કારોની વધુ સંપત્તિ હોવાના કારણે **મગનભાઇમાં** માતા–પિતાના ધાર્મિક–સંસ્કારોનું સિંચન વધુ ફળદ્રુપ થયું.

પંચ પ્રતિક્રમણ સૂત્રોના સાર્થ અધ્યયન ઉપરાંત **જીવવિચારાદિ** પ્રકરણો અને **કર્મગ્રંથ** આદિના તાત્ત્વિક અધ્યયનમાં **મગનભાઈ** વધુ ઉંડા ઉતરી વિવેક–પૂર્વક સંસ્કારમય જીવન જીવવાની દૃષ્ટિ મેળવી શકયા,

હકીકતમાં છેલ્લી અઢી સદીમાં મહાપુરુષ તરીકે પ્રખ્યાત થનારા પુણ્યનામધેય પૂ. ચરિત્ર-નાયકશ્રી જેવા રત્નના ભાવિ જનક (પિતા) તરીકેનું સૌભાગ્ય મેળવવાનું હોઈ કુદરતી રીતે મગનભાઈને પુણ્યસંયોગે ધાર્મિક ઉદાત્તવૃત્તિના માતા–પિતા તરફથી અપૂર્વ ધર્મ–વાત્સલ્ય સાથે શુભ સંસ્કારોનું સિંચન સારૂં પરિણમ્યું.

---

* મળેલી નોંધ પ્રમાણે **શ્રી તારાચંદભાઇનો** જન્મ વિ.સં. ૧૮૯૬ પહેલાં થયાનું જાણવા મળે છે. પણ ચોકકસ સાલ મળી નથી.

જ્યારે પૂ. **ચરિત્રનાયકશ્રીના પિતાશ્રી મગનભાઇ**નો જન્મ વિ.સં. ૧૮૯૯માં થયાનું નિશ્ચિત રીતે જાણવા મળ્યું છે.

એકંદર બંને ભાઇઓએ પિતાજીની વ્યાવહારિક–ધાર્મિક પ્રવૃત્તિઓની જાણે વહેંચણી પૂર્વ–કર્મના નિર્માણાનુસાર કરી લીધી, **તારાચંદભાઈ**એ પિતાજીના વ્યાપારાદિ વ્યાવહારિક વારસાને સુયોગ્ય રીતે સંભાળ્યો, જ્યારે **મગનભાઈ**એ પિતાજીનો ધાર્મિક વારસો અપનાવ્યો. અને દિન પ્રતિદિન તેમાં વધારો કરવા લાગ્યા.

ખરેખર ભાવીમાં થનારા શ્રીઆગમોદ્ધારક જેવા મહાપુરૂષોના જીવનઘડતર માટે પૂર્વ-ભૂમિકાની કેળવણી જૈનશાસનની સફળ આરાધના દ્વારા કુદરત **મગનભાઈ** મારફત કરતી હોય! તેમ સુજ્ઞ–વિચારકોને લાગતું હતું.

પુણ્યાત્મા શ્રી **મગનભાઈ** શ્રાવકકુળને છાજે તેવા સુંદર આચાર–વિચારો અને વિશુદ્ધ વ્યવહારથી પિતાજીની ધર્મનિષ્ઠતાની કીર્તિમાં વધારો કરવા સફળ નિવડી રહ્યા હતા.

ધર્મનિષ્ઠ **મગનભાઈ** પૂર્વની આરાધનાના બળે મોહના વિષમ સંસ્કારોની જાગૃતિ કરનારી, ચાર દિવસની ચાંદની રૂપ જુવાનીની મોહમસ્ત કરનાર છાયાને પોતાના પરથી ટાળી શક્યા સમર્થ બન્યા હતા.

પરિણામે વીતરાગ–પ્રભુની સુંદર ભક્તિ, ત્યાગી સાધુ ભગવંતોની ઉપાસના, આત્મહિત-કર વીતરાગ–પ્રભુની વાણીનું શ્રવણ, વિવિધ ધાર્મિક–અનુષ્ઠાનો અને વિશિષ્ટ વ્રત–પચ્ચક્ખાણના આસેવનના પરિણામે મૂંડી રૂપે લાવેલ મોહનીય કર્મના ક્ષયોપશમમાં યશસ્વી વધારો કરેલ.

તેમાં વળી તે વખતના પ્રૌઢ પુણ્યપ્રતાપી, આગમ રહસ્યના જાણકાર, શાસનપ્રભાવક, મુનિ–શ્રેષ્ઠ **પૂ. શ્રી ઝવેરસાગરજી** મ. (પૂ. ચરિત્રનાયક શ્રીના ભાવી દીક્ષાગુરૂ)નો સંપર્ક વારંવાર મળવાથી **મગનભાઈ** જુવાનીના ઉંબરે પગ મુકતાં જ આદર્શ–શ્રાવકને છાજે એવી ભવની ભિલીષિકા અને ત્યાગ–સર્વ વિરતિની અપૂર્વ તમન્નાભરી ઝંખના મેળવી શક્યા હતા.

કપડવંજ ક્ષેત્ર ગુજરાતથી માળવા, મેવાડ જવાના ધોરી માર્ગપર આવેલ હોઇ મુનિ–પ્રવર આગમરહસ્યપારગામી **પૂ. શ્રી ઝવેરસાગરજી** મ. **લીંબડી** બાજુથી **ઇંદોર–ઉદયપુર** બાજુ અવારનવાર વિહારના પ્રસંગે જ્યારે જ્યારે કપડવંજ પધાર્યા ત્યારે ત્યારે તેઓશ્રીનો સૌથી વધુ સફળ સંપર્ક સાધનારા તરીકે **મગનભાઈ** હતા.

પાત્રમાં મુકેલી ચીજ યશસ્વી પરંપરા વધારે છે, એ સુજ્ઞ-પુરૂષોની મર્યાદા પ્રમાણે મુનિ-પુંગવ **પૂ. ઝવેરસાગરજી મ.** મગનભાઈમાં અથીંપણું અને શાસનની સફળ આરાધના માટેની પૂર્ણ પાત્રતા નિહાળી ખૂબજ ઉમંગથી સાત્વિકદૃષ્ટિના સુમેળ સાથે **"શ્રાવક જીવનની સફળતા સર્વવિરતિધર્મના સ્વીકારમાં જ છે,"** એ વાતને સુદૃઢ કરતા રહ્યા.



પ્રૌઢ પ્રતિભા અને આગમજ્ઞતાથી ઓપતા

પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મ.



પરિણામે **"સર્વવિરતિ વિના કર્મના બંધનોને ફગવી દેવાનો ભવ્ય પુરૂષાર્થ નથી"** એ ગુરૂમંત્રને વિવેક-બુદ્ધિ દ્વારા જીવનમાં સ્થિર કરી માતા-પિતાની મૂક-સંમતિ મેળવી બહારગામ જઈ પ્રભુશાસનના શરણે જાતને સોંપી દઈ સર્વવિરતિધારી બની આત્મ-કલ્યાણના પથિક બનવાની હામ ભીડી હતી,

પણ પૂર્વ-પુણ્યની નબળાઈ અને તે વખતની અલ્પસંખ્યક સંવેગી સાધુઓની વિષમ પરિસ્થિતિના કારણે કુટુંબીઓના ધમપછાડા અને અણસમજભર્યા ધાંધલથી દેવ-દુર્લભ લાગેલું સંયમ જતું કરીને ફરી પાછા સંસારના નરકાગારમાં આવવાની ફરજ પડેલ.

આમ છતાં ઘરે આવ્યા પછી કુટુંબીઓની અનેકવિધ કદર્થના છતાં વિષય-વિરાગની ભૂમિકાએ દૃઢપણે ટકી રહેવા **મગનભાઈ** મોહની કારમી નાગચૂડમાં ભીંસાતા સ્વજનોને હંફાવવા માટે જાતજાતની ધાર્મિક-વ્યાવહારિક રીતો અજમાવતા, પણ પૂર્વના અંતરાયથી તેમાં ધારી સફળતા ન મળી.

છેવટે વ્યવહારદૃષ્ટિથી મોહાધીન-કુટુંબીઓની ગમે તેવા વૈરાગીને પણ લગ્ન બંધનમાં બાંધી બળાત્કારે પણ સંસારમાં ગોંધી રાખવાની કૂટનીતિને નિષ્ફળ બનાવવા દૃઢ વૈરાગી **મગનભાઇએ** એવી યોજના ઘડી કાઢી કે-

સ્વજનોએ ઉભી કરેલ લગ્નવિધિની પૂર્વ તૈયારી રૂપે સગપણ માટે છોકરીના મા-બાપ તિલક વગેરે કરવા માટે આવે ત્યારે **મગનભાઈ** ધીર-ગંભીરભાવે સ્પષ્ટપણે પોતાના ભાવી શ્વશુરપક્ષના મહાનુભાવોને કહેતા કે-

"જુઓ! તમે જે વિધિ કરવા આવ્યા છો, તે વિધિ પૂજ્ય માતા-પિતાના વચનને ન ઉત્થાપવા તરીકે તમને કરવા દઉં! પણ મારી વાત સાંભળી લો! હું અવસરની રાહ જોઈ રહ્યો છું, જરાક અનુકૂળતા થતાં જ હું સંસારનો ત્યાગ કરી સાધુપણું લેવાનો છું, તેથી તમારે જે કરવું હોય તે સમજી-વિચારી કરજો."

ખરેખર ઉપરની ઘટના આજથી લગભગ ૨૧૦૦ વર્ષ પૂર્વે બનેલ **શ્રી વજ્રસ્વામીજી**ના પિતાજી **શ્રી ધનગિરિજી**ના જીવનપ્રસંગની સ્મૃતિ કરાવે છે, કેમકે શાસ્ત્રમાં નીચે મુજબની નોંધ મળે છે કે—

" **અવંતિ** દેશના **તુંબવન** નામના નગરમાં **ધન** નામે શેઠ હતા, તેમને **ધનગિરિ** નામે વિનયાદિ ગુણે શોભિત સંસ્કારસંપન્ન પુત્ર હતો, ધાર્મિક-સંસ્કારો અને તત્ત્વ-દૃષ્ટિથી સંપન્ન શ્રાવકકુળના આદર્શ સંસ્કારો **ધનગિરિજી**માં મૂર્ત્ત બન્યા હતા.

પરિણામે નાનપણથી જ તેઓ ત્યાગી-સાધુ મહારાજાઓના સંપર્કમાં આવી વીતરાગ-પ્રભુની વાણીનું શ્રવણ કરી વૈરાગ્ય-વાસિત બનેલ.

માતા–પિતાએ પોતાના મનોતા પુત્રને સંસારી મોહમાયામાં ફસાવવા બળાત્કારે પણ લગ્ન કરી દેવાનું વિચાર્યું.

એટલે **ધનગિરિજી**એ બીજો કોઇ ઉપાય ન દેખતાં સગપણ કરવા આવનાર ભાવી શ્વશુર-પક્ષના પરિવારને સ્પષ્ટપણે કહેતા કે–"હું **તુર્તમાં જ દીક્ષા લેવાનો છું, સંસારની ઉપા-ધિઓથી છુટવા મથી રહ્યો છું, તેથી તમે જોઈ વિચારીને કામ કરશો,** દીક્ષા લેવાની મારી પૂર્ણ તૈયારી છે. ટૂંક સમયમાં તે પંથે જવાનો અફર નિર્ણય છે."

આ સાંભળી વેવિશાળ કરવા આવનારાઓ વિચારમાં પડી જતા અને પોતાની દીકરીને આવા વૈરાગી અને દીક્ષા લેવા તૈયાર બેઠેલને આપવા ના–મરજી બતાવી પોતાની મેળે પાછા જતા.

પરંતુ તે જ ગામમાં ધર્મનિષ્ઠ સંસ્કારી **ધનપાલ** શેઠ હતા, તેમની પુત્રી **સુનંદા** વિનય–વિવેકસંપન્ન, જિનશાસનની આરાધનામાં માનનારી હતી, તે સ્વયં ચારિત્રના માર્ગે જવા ઇચ્છતી, પણ માતા–પિતાના મોહના કારણે તુર્ત માં લઇ શકે તેમ ન હતું

વળી ભવિષ્યમાં કોઈ એવો પતિ મળી જાય કે જે સંયમધર્મ માટે અનુકૂળ ન હોય તો વધુ ફસામણ થાય, તેથી **સુનંદાએ** પોતાના પિતાને સામેથી કહેવડાવ્યું કે "આજ સુધી સગપણ માટે આપના તરફથી થતા પ્રયત્નો મેં અવગણ્યા હતા, પણ મને જો તમારે પરણાવવી જ હોય તો **ધનગિરિજી** સાથે સંબંધ બાંધો, હું સ્વેચ્છાએ તેમને સ્વીકારીશ,"

આવું કહેવડાવવાથી **ધનપાલશેઠ** હર્ષિત બની તુર્ત શ્રીફળ, કંકુ, ચોખા લઇ **ધનગિરિજી**ના માતા-પિતા પાસે પહોંચ્યા, **ધનગિરિજી** સમક્ષ વાત મુકી એટલે **ધનગિરિજી**એ રાખેતા મુજબ લગ્ન પછી તુર્ત દીક્ષાની વાત સ્પષ્ટ જણાવી.

ધનપાલ શેઠે કહ્યું કે મને તેમાં કશો વાંધો નથી, કેમકે મારી દીકરી બીજા કોઇને પરણવા જ તૈયાર નથી, તમારા માટે તેણે સામેથી કહેવડાવ્યું છે, માટે તમારે જે કરવું હોય તે કરશો, પણ એકવાર અમને જવાબદારીમાંથી મુક્ત કરો !

હવે **ધનગિરિજી** ગૂંચમાં પડ્યા, સંસારીઓની મોહની ઘેલછા ઉતારનાર અમોઘ યુક્તિ **પણ** અહીં નાકામયાબ નિવડી, એટલે ભાવીયોગ પ્રબળ ધારી કમને પણ શ્રીફળ સ્વીકાર્યું.

બંને પક્ષ તરફથી ઉમંગભેર તૈયારીઓ થઈ, શુભ મુહૂર્તે **ધનગિરિજી**નાં **સુનંદા** સાથે લગ્ન થયાં.

સુનંદા પણ શ્રાવિકા હતી, **ધનગિરિજી** જેવા ત્યાગ–ભાવનામાં રંગાયેલ આદર્શ–પતિને મેળવી પોતાની જાતને ધન્ય માનવા લાગી.

થોડાક સમય પછી **ધનગિરિજી**એ સંયમ લેવા માટે તૈયારી કરવા માંડી, **સુનંદા**એ સાહજિક મોહવશ "મારૂં શું?" મને કોના ભરોસે મૂકો છો? આવા શબ્દબાણોથી **ધનગિરિજી**ના વૈરાગ્ય-કવચને ભેદી નાખ્યું.

લાચારીથી **ધનગિરિજી** સંસારમાં વિરકત ભાવે રહ્યા.

ભાવી-સંયોગવશ આવા પુણ્યશાળી ધર્માત્મા દંપતિની વિશિષ્ટ ધર્મભાવના મંગળમય વાતાવરણમાં દેવયોનિમાંથી ઉચ્ચકોટિનો આરાધક એક તિર્યકૃજૃંભકદેવ અનંત લબ્ધિનિધાન **પ્રથમગણધર શ્રી ગૌતમસ્વામીજી** મ. ના શ્રીમુખથી **અષ્ટાપદ** મહાતીર્થે **પુંડરીક કંડરીક**નું અધ્યયન સાંભળી વિષય-વિરાગની દૃઢતર કેળવણી કરી **સુનંદા**ની કુક્ષિમાં અવતર્યો.

થોડાક સમય પછી **ધનગિરિજી**એ સમય પારખી **સુનંદા**ની સંમતિ મેળવી **આર્યસિંહગિરિ સૂરિમ.** પાસે જઇ ઉમંગભેર સંયમ સ્વીકાર્યું.

આ રીતે **ધનગિરિ** જેવા વૈરાગી અને **સુનંદા** જેવી વિવેકસંપન્ન આદર્શ સ્ત્રી એમ બંનેના દાંપત્ય જીવનમાં ઉચ્ચતમ સંસ્કારોના કારણે વિષય-વાસનાની તીવ્રતા પેસવા ન પામી, પરંતુ વાસનાના આવેગના ઉછાળાને મર્યાદિતરૂપને સંતોષનારી સંયમી-લગ્નજીવનની આદર્શ-પદ્ધતિના પરિણામે ઇતિહાસમાં અજોડ, બાળવૈરાગી, મહાન્ શાસનપ્રભાવક, **વજ્ર સ્વામીજી મ.** જેવા નરરત્નનો જન્મ થયો."

શાસ્ત્ર અને ઇતિહાસમાં નોંધાયેલ આ ઘટના વીસમી સદીના પ્રથમ ચરણના ઉત્તરાર્ધમાં તીવ્ર-વૈરાગ્ય-સંપન્ન **મગનભાઇ**ના જીવનના અદ્‌ભુત પ્રસંગથી ફરી તાજી થઇને આજે પણ અનેક ભાવિકજનોને "**सव्वा कला धम्मकला जिणइ**" ની કહેતીની યથાર્થતા પ્રતીત કરાવે છે.

વૈરાગ્યમાં તરબોળ બની રહેલ **મગનભાઈ** હકીકતમાં આત્મભાવમાં લીન બનવા માટે લગ્નની ઝટપટને દૂર કરવા વેવિશાળ કરવા આવનારાઓને પોતાની દીક્ષા માટેની પૂર્ણ તૈયારી દર્શાવી હતાશ કરી વીલે મોઢે પાછા ફેરવતા.

પણ આખરે કુટુંબીજનોના વિવિધ પ્રયત્નોમાં છેલ્લો પ્રયત્ન ભાવી-નિયોગે સફળ થવા પામ્યો, જાણે **પૂ. ચરિત્રનાયકશ્રી** જેવા નરરત્નની શાસન-સંઘની ખૂટતી કડી જોડવા માટે કુદરતે ગોઠવણ કરી હોય, તેમ આજે પરિણામ ઉપરથી લાગે છે.

કપડવંજની પુણ્યભૂમિની મંગળ-અસર તળે ઉપજેલી વિવિધ ધાર્મિક-ભાવનાઓથી સંપન્ન **શેઠ શ્રી નત્થુભાઈ અંદરજી** (પૂ. ચરિત્રનાયકશ્રીના દાદા)એ લૌકિક રીતે સાહસ કર્યું કે ભલે! **મગનભાઈ** દીક્ષા લે! પણ મારે તો મારી દીકરી આપવી જ છે, આવો હઠાગ્રહ કરી કુટુંબી-જનોના સહકારથી પરાણે પણ **મગનભાઈ**ને ઘોડે ચઢાવી લગ્નગ્રંથિથી જોડી સંસારના કારાગારમાં કેદ કર્યા.

આમ ભાવીની પ્રબળતા મુજબ **જમનાબહેન** સાથે **મગનભાઈનાં** લગ્ન થવા પામ્યાં, કુદરતની અકળ કળાના આધારે **મગનભાઈની** ધાર્મિક ભાવનામાં ઓટ ન આવે તેવો **જમનાબહેનનો** યોગ ગોઠવાઈ ગયો.

છત્રીશના આંકની જેમ જો ગૃહલક્ષ્મી–પત્નીનો વૈચારિક–સહયોગ ન મળવા પામ્યો હોત તો **મગનભાઈની** જબરી ધાર્મિક–કસોટી થઈ જાત.

એટલે ભાવીમાં **ચરિત્રનાયકશ્રીની** માતા બનવાનું સૌભાગ્ય લખાવી લાવેલ પુણ્યવંતી **જમનાબહેને** સ્વાભાવિકરીતે ધર્મનિષ્ઠ અને **મગનભગત** તરીકે પ્રસિદ્ધ થયેલ પોતાના સ્વામીનાથની ધર્મભાવનાને જરા પણ આંચ ન આવે તેમ પતિવ્રતા–ધર્મની મર્યાદા પ્રમાણે પોતાનું જીવન કેળવી લીધું.

શ્રાવક તરીકેના આદર્શ–સંસ્કારોની જે ખોટ પોતાના સ્વામીનાથની દૃષ્ટિએ હતી, તેને ઓળખી સૌભાગ્યવંતા **જમનાબહેને મગનભાઈના** ભાવદયા–પૂર્ણ સહયોગથી ઝડપથી પૂર્ણ કરવા સક્રિય પ્રયત્ન કર્યો.

પરિણામે **પૂ. ચરિત્રનાયકશ્રી** જેવા વીશમી સદીના ઉજ્જવળ ઝળહળતા તેજસ્વી સિતારાને જન્મ આપી શકવાની યોગ્યતા **જમનાબહેને** ધર્મના વિવિધ અનુષ્ઠાનો, ત્યાગ–તપની સક્રિય સાધના, તત્ત્વજ્ઞાનનો ટૂંકો પણ નક્કર અભ્યાસ, વીતરાગ પ્રભુની–નિષ્ઠાપૂર્વકની ભક્તિ આદિ સદ્‌ગુણો દ્વારા મેળવી લીધી.

જેથી **મગનભાઈ** પણ ચારિત્રમોહનીયના પ્રબળ ઉદયથી સુયોગ્ય ધાર્મિક વિચારોને અપનાવી ઉચ્ચ ધાર્મિક–જીવનના પંથે પૂર્ણ સહકાર આપી શકનારી આદર્શ પત્નીને શ્રાવિકાના રૂપમાં મેળવી સંસારમાં ફસાવા છતાં યત્કિંચિત્ સંતોષની લાગણી અનુભવી શક્યા.

ગૃહસ્થ–જીવનની કેટલીક મહત્ત્વની જવાબદારીઓ માથે હોવા છતાં ધાર્મિક–સંસ્કારોને કેન્દ્રમાં રાખી **મગનભાઈ** દેવદર્શન, જિનપૂજા, ગુરૂવંદન, વીતરાગની વાણીનું શ્રવણ, વ્રત–નિયમ, પચ્ચક્ખાણ, પર્વ–દિનોમાં પૌષધ આદિમાં ઉમળકાભેર પ્રવર્તતા, જેથી લોકજીભે તેઓશ્રીની ઓળખાણ "**મગનભગત**" તરીકેની વધુ દૃઢ થવા પામી.

જમનાબહેન પણ સ્વામીનાથની ભાવનાને અનુસરવા સાથે આત્મહિતની સાધના થતી હોવાના ધ્યેયથી દરેક ધાર્મિક પ્રવૃત્તિઓમાં યથાશક્તિ ઉમંગથી ભાગ લેતાં, ઉપરાંત ઘરે સમય મળે ત્યારે સામાયિક કરી આસપાસના પડોશીઓને ભેગા કરી મહાપુરૂષોનાં ચરિત્રો, રાસો, સ્તવન–સજ્ઝાયોનું વાંચન–શ્રવણ કરી–કરાવી પરનિંદા–કુથલી આદિથી અજ્ઞાની જીવોને બચાવવાનું આદર્શ કાર્ય કરતાં.

આવા ઉચ્ચકોટિના આદર્શ–ત્યાગના પંથે વૃત્તિઓને વાળવાનું ઉદાત્ત કાર્ય કરનારા **મગનભાઈ** અને **જમનાબહેનનું** ધાર્મિક–જીવન અનેક ગુણગ્રાહી–પુણ્યાત્માઓને સંયમના પંથે ન જઈ શકવાની સ્થિતિમાં આદર્શ રૂપ બની ગયું હતું.

આ મુજબ **મગનભાઈ** ધાર્મિક–ક્ષેત્રમાં સફળતા મેળવવા સાથે વ્યાવહારિક રીતે પણ ન્યાય–નીતિ અને પ્રામાણિક શુદ્ધ–વ્યવહારનું ધોરણ જાળવી રાખવામાં પણ અચૂક સફળ નિવડ્યા હતા.

શરૂમાં તેઓએ પાઘડીઓ વણાવી તૈયાર કરી યોગ્ય–નફાના ધોરણે દેશવિદેશમાં શ્રીકાંધ મોકલી **પૂ. ચરિત્રનાયક**ના ભાવી પિતૃપદની સફળતા રૂપે લોકોના મસ્તકે પાઘડીઓ પહેરાવી તેઓની શોભા વધારવા સાથે **સંસારમાં પા ઘડીનો પણ વિશ્વાસ કરવા જેવો નથી,** ધર્મકાર્યમાં જ અપ્રમત્તપણે ખૂબ જ સાવચેતીથી ઝડપથી પ્રવર્તવાની મૂક હિતશિક્ષા આપી રહ્યા.

પુણ્યની પ્રબળતાએ પાઘડીના વ્યવસાયમાં સફળતા મળતાં શરાફી કામ પણ હૈયામાં દુઃખીઓના દુઃખને ધ્યાનમાં લઈ શરૂ કરેલ.

જેમાં પ્રામાણિક રીતે જરાપણ વ્યાજનો લોભ કર્યા વિના જરૂરીયાતવાળાને સમયસર સહાયક થવાની આદર્શ નીતિ અપનાવી હતી.

પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મ અગાઉ સૂર્યોદય પૂર્વે અરૂણોદય થવાની જેમ પુણ્યનો ઉદય વ્યવસ્થિત રીતે **મગનભાઈ**ના વ્યાવહારિક જીવનમાં ખીલવા માંડયો હતો.

કપડવંજથી પાંચ ગાઉ દૂર **દહીંઅપ** ગામ સાથે લેણદેણનો સંબંધ ત્યાંના ખેડૂતો સાથે થયેલ હોઈ તે આણા ગામના લોકોના માનીતા શેઠ તરીકે **મગનભાઈ** સહુના દિલમાં વસી ગયા હતા,

તેઓની વ્યવહારદક્ષતા નીતિમત્તા, બુદ્ધિમત્તા, દયાળુવૃત્તિ, અનુકંપાવૃત્તિ આદિ ગુણોથી **દહીંઅપ** ગામના તેઓ બે–તાજ ઠાકોર હતા,

તે ગામના સહુ જ્ઞાતિના હૈયાના સિંહાસને તેઓની દયાળુ શેઠ, પ્રામાણિક શાહુકાર તરીકેની પ્રતિષ્ઠા હતી.

આની સુવાસ **દહીંઅપ** ગામની આસપાસના ગામડાઓમાં ફેલાયેલ, જેથી બીજા ગામના ખેડૂતો વગેરે સામે પગલે **મગનભાઈ**ને ત્યાં નાણાંકીય લેવડ–દેવડનું કામ કરવા આવતા અને વગર ઉઘરાણીએ સમયસર સહુ **મગનભાઈ**ને ઘરબેઠે નાણાં પહોંચાડતા,

આમ **મગનભાઈ**ની અનોખી–ભાત પાડતી દયાભરી વ્યવહાર–દક્ષતાથી વ્યાવહારિક રીતે સારી કમાણી ઘરબેઠે થવા લાગી,

જાણે પૂ. **ચરિત્રનાયક શ્રી** જેવા મહાપુણ્યશાળી પધારવા પૂર્વે તેમની પૂર્વવ્યવસ્થા માટે **લક્ષ્મીદેવી**એ પગલાં કરી મહાપુરૂષને વધાવવાની પૂર્વ તૈયારી કરવા માંડી !

વળી ધર્મકળાના અભ્યાસથી સંસારી–વ્યવહારમાં પણ સુદક્ષ બનેલ **મગનભાઇ**એ ગૃહસ્થ જીવનને લગતી મર્યાદાને અપનાવી હતી કે "આવકનો અમુક ભાગ સુરક્ષિત નિધિ રૂપે રાખવો, અમુક ભાગ જ વ્યવહારૂ કાર્યોમાં મોભા પ્રમાણે રાખવો, બાકીનું ધર્મક્ષેત્રોમાં ખર્ચીને પાપસ્થાનકોના આસેવનથી ઉપાર્જાયેલી લક્ષ્મીનો સદુપયોગ કરવો."

દીર્ઘદ્રષ્ટા **મગનભાઇ દહીઅપ** ગામની આવકને સ્થિર–સંપત્તિ તરીકે અર્થાત્ સુરક્ષિત નિધિ રૂપે રાખતા, બીજા ગામડાંઓની આવક ઘર ખર્ચમાં વાપરતા અને પાથડીઓના ચાલુ વેપારની આવક ધર્મમાર્ગે વાપરવા પ્રયત્નશીલ રહેતા.

આ રીતે લક્ષ્મીની ચંચળતા કદાચ અંતરાયના ઉદયે કાર્યરૂપે પરિણત થાય તો પણ સુરક્ષિત–નિધિના આધારે ચિત્ત–સમાધિ જળવાઈ રહે અને ધર્મકાર્યોમાં ખર્ચાતી લક્ષ્મીના આધારે ઉપાર્જિત થતા વિશિષ્ટ–પુણ્યના બળથી તેવા અંતરાય કર્મના ઉદયને નિષ્ફળ પણ બનાવી શકવાની કુનેહ **મગનભાઇ**એ સંસારી–પ્રવૃત્તિઓની સામે આવી પડેલ જવાબદારીને હળવી કરવા વાપરી હતી.

એકંદર આજના પ્રખર અર્થશાસ્ત્રીની અદાથી **મગનભાઇ** શેઠ ભગત તરીકેની નામના વેદીયાવેડામાં ન ખપી જાય તેવી ચકોર–બુદ્ધિથી વ્યવહારૂ–પ્રવૃત્તિઓને આચરતા.

ધાર્મિક સંસ્કારો અને ક્રિયાઓની વિશુદ્ધ આચરણાથી જાગેલ પાપના ડરને લીધે ગામડીયાઓની અલ્પજ્ઞતા અને મુગ્ધતાનો ગેરલાભ ઉઠાવવા કદી વિચાર પણ ન કરતા, નિષ્કંક શુદ્ધ વ્યવહારની મર્યાદાઓ જાળવવા ખૂબ ચોકકસ બનેલ **મગનભાઇ** આવડો મોટો ગામડાંનો ધીરનાર–શાહુકારીનો વ્યવસાય, પાથડીઓના વેચાણ માટે દેશવિદેશ સાથે બહોળો સંબંધ છતાં ચોપડા ચીતરવાની કુટેવમાંથી પોતાની જાતને આબાદ બચાવી શકયા હતા.

તેઓએ માત્ર સામાન્ય નોંધ પૂરતો **છદ્મસ્થતાના** કારણે કોઇને ખોટો અન્યાય ન થઈ જાય તેટલા માટે એક ચોપડો અને એક બેઠી ખાતાવહી ટૂંક નોંધવાળી રાખી હતી.

ચોપડામાં કાળી સહીથી કાળા લખાણો ચિતરી આઘા–પાછી કરવાની ગામડીઆઓ પાસે બબ્બે–ત્રણવાર અંગુઠા છપાવી રકમની વ્યાજનું વ્યાજ વસુલ કરવાની અજ્ઞાનભરી વાણીયા ગતની અપ્રશસ્ત–પ્રવૃત્તિઓને સર્વથા તિલાંજલિ આપી હતી.

તેમનું મગજ એવું વિશિષ્ટ ધારણાશક્તિવાળું હતું, કે દરેકના હિસાબ–વ્યાજની ગણત્રી માલની લેવડ–દેવડનો થતો હિસાબ વગેરે ચોકકસપણે ગણી યાદ રાખતા, જેમાં પોતાને કે સામાને પણ અન્યાય ન થાય તેની પૂર્ણ કાળજી રાખતા.

તિથિવાર ધીરાયેલી રકમો, વ્યાજનો દર, જમા થઈ ગયેલ હપ્તા, બાકી રહેલી લેણી રકમ વગેરે બધું **મગનભાઈ** મોઢે જ રાખતા, અને તે મુજબ સહુના વિશ્વાસપાત્ર પણ બન્યા હતા.

આ રીતે **મગનભાઈ કપડવંજની** વેપારી–આલમમાં આદર્શ–પ્રતિષ્ઠિત શાહુકાર તરીકે અને પાકી–ચોકકસ ગણતરીવાળા વેપારી તરીકે મશહુર બન્યા હતા,

ધર્મક્રિયાઓની વિશિષ્ટ આચરણાથી મળેલું **ભગત** બિરૂદ વ્યવહારમાં પણ યથાર્થ રીતે સક્રિય બનાવી ધર્મવિમુખ આત્માઓને પણ શ્રાવકપણાથી વણિકવૃત્તિ પર કેવો વિજય મેળવી શકાય છે ? તેનું સચોટ ભાન કરાવ્યું હતું.

પોતાની આગવી–બુદ્ધિના પરિણામે વેપાર–વણજનું અને લેવડ–દેવડનું સઘળું કામ વ્યવસ્થિત રીતે ભૂલ વિના પતાવતા, હિસાબ ગણવામાં તો તે ભલભલા ગણિતશાસ્ત્રીઓને પણ શરમાવી દેતા.

બજારમાં બીજા વેપારીઓ પાસે હિસાબી–મતભેદ પ્રસંગે **મગનભાઈની** સલાહ–દોરવણી બંને પક્ષને સફળ માર્ગદર્શક નિવડતી.

એકંદરે "**નયત જેવી બરકત**" કુદરતી નિયમાનુસાર **મગનભાઈ** પોતે અણહકનો કોઈનો એક પૈસો પણ લેવા કે રાખવા ન માંગતા, તો ઘરાકો કે દેણદારો પણ **મગનભાઈના** પૈસા વગરભાગ્યે યથાયોગ્ય રીતે સમયસર આપવા ઉત્સુક રહેતા.

આ રીતે **મગનભાઈ** ધાર્મિક પ્રવૃત્તિઓમાં સવારના ચારથી બપોરના બાર સુધીનો સમય વીતાવતા, છતાં બજારમાં એકથી ચારના ટુંકા સમયમાં પણ પુણ્યબળે ઘણું કમાઈ લેતા.

અહીં ખાસ નોંધપાત્ર અને અચરજભરી હકીકત એ છે કે–ગુજરાતી નિશાળનું માત્ર સામાન્ય–શિક્ષણ મેળવેલ તેમ છતાં વ્યાજનું ગણિત અને લેવડ–દેવડના આંટી–ગુંટીભર્યા વહીવટને પણ સફળ રીતે ચલાવી શકતા, એ બરોબર ભાવીમાં મહાપુરુષ તરીકે થનારા **પૂ. ચરિત્રનાયકશ્રીના** અનોખા પદ–ચિન્હને અનુરૂપ પુણ્યબળની મંગળપ્રભા જણાય છે. !!!

કેમકે તેમની સાથે સારૂં ભણેલ ઉચ્ચ–શિક્ષણની ડિગ્રી મેળવેલ એક વૈષ્ણવ મિત્ર સરકારી નોકરીમાં માત્ર દોઢસો રૂપીયાજ મહિને મેળવતા હતા.

વળી અહીં ખાસ ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે જ્યાં સુખ હોય ! વૈભવનો વિલાસ હોય ! વ્યવહારૂ–શાંતિનો પ્રસાર હોય ! ત્યાં પરમાત્મા અને ધર્મપ્રત્યેનો અનુરાગ ઓછો થતો જોવા મળે છે, પરંતુ આ દંપતિમાં ભોગની વાસનાઓ પાછળ દેવદુર્લભ–માનવભવ વેડફી નાંખવાની મોહ–વૃત્તિ ન હતી, વિવિધ–ધર્મક્રિયાઓની આચરણા અને વિશુદ્ધ વિવેકવૃત્તિ બંનેને કર્તવ્યનિષ્ઠ બનાવી રહી હતી.

તેમાં પણ **મગનભાઈની** વ્યાવહારિક શક્તિ લોકદૃષ્ટિમાં જેટલી ખીલી હતી, તેથી વધુ તેઓ આંતરિક રીતે પૂર્ણ સભાન રહી ધાર્મિક-આચરણો દ્વારા જીવનને ધન્ય બનાવવા પ્રયત્નશીલ રહેતા.

તેમાં પણ તેઓ પોતાની જાતને ધર્મમય બનાવવા સાથે અવસરે બીજાઓને પણ ધર્મમાર્ગે જોડવાનો સફળ પ્રયત્ન કરતા.

કેમકે **મગનભાઈનો** કંઠ સારો-મધુર, બોલવાની સુંદર છટા, સંભળાવવાની અનોખી હોંશિયારી, મીઠી-મધુર ગંભીર ભાષા, અને શબ્દો ઉપર પ્રભુત્વ સારૂં હોઇ તેઓ અવાર-નવાર ઘરે-ઉપાશ્રયે અનુકુળતાએ રાસ, ચોપાઈ, ઢાળ આદિ વિવિધ ભાવવાહી ભાષા-સાહિત્ય તથા વૈરાગ્યવર્ધક અને ઉપદેશક સજ્ઝાયો વગેરે મર્મસ્પર્શી સુંદરશૈલિથી બોલતા, જેથી તેઓ પોતાના આત્માને તરબોળ કરવા સાથે બીજાઓને પણ મહાપુરૂષોના ઉદાત્ત-જીવનચરિત્રો તરફ આકર્ષી ધર્મભાવનાને વધારવાનું આદર્શ કાર્ય કરી શકતા.

આ રીતે **મગનભાઇ** ધાર્મિકરીતે આદર્શ શ્રાવક જીવન જીવવા સાથે વ્યાવહારિક રીતે સફળ ગૃહસ્થજીવનના વિરહ-સુમેળ સાથે વ્યવહારદક્ષામા રહેલ સ્થૂળ બુદ્ધિવાળા બાળજીવોને આદર્શસ્વરૂપ બની રહ્યા હતા.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીએ આ પ્રસંગને લગતી થોડી વિગતો **વિંશતિવિંશિકા** (પ્રથમવિંશિકા)ની ૩૦૦૦ શ્લોકપ્રમાણ ટીકાની સમાપ્તિ પ્રસંગે બનાવેલી **પ્રશસ્તિના** પદ્યોમાં કહ્યું છે કે-

"કપડવંજમાં મગનભાઈ નામે શ્રીમંત શ્રાવક હતા, જેઓ લક્ષ્મી અને સ્ત્રીમાં મગન ન હોઈ અરિહંત-ભગવંતોની આજ્ઞામાંજ મગન રહેતાં.

બાલપણાથીજ વિષય-વાસના પ્રત્યે તેઓ ઉદ્વિગ્ન બનેલા હતા છતાં માતા-પિતાના આગ્રહથી તેઓના ઉદ્વેગને ટાળવા માટે તેઓએ લગ્ન કર્યા હતાં. કેમકે તેઓ એમ માનતા હતા કે માતા-પિતાના ઉદ્વેગને ટાળવો, એ પણ તેમની સેવાનો માર્ગ છે.

જો કે તેઓ લગ્નગ્રંથિએ જોડાયા હતા, છતાં તેમના ધર્મરંગમાં કોઇપણ વાંધો આવ્યો ન હતો, કેમકે કસ્તુરીની સુગંધ કોઇ ઠેકાણે છુપાયેલી રહેતી નથી. તે મગનભાઇને પૂ. ભંવેરસાગરજી મ.ના વચનરૂપ અમૃતનું પાન કરેલું હોવાથી સંસારના બધા વિષયો ઝેર જેવા લાગતા, તેથીજ તેઓ સ્ત્રીવર્ગના હાવભાવોમાં ફસાયેલા નહીં! જો કે પોતાના માતા પિતાના ઉદ્વેગને દૂર કરવા માટે જ તેઓ સંસારમાં ટકી રહ્યા હતા, તોપણ જેમ સ્ત્રીઓના સંસર્ગમાં આવેલા મહર્ષિઓને પણ સંસારનું બંધન લાગ્યા વગર રહેતું નથી, તે જ રીતે તે પણ બંધનમાં આવી ગયા હતા, તેઓ પ્રવ્રજ્યાના મનોરથ રાખવા સાથે દ્રવ્યથી ઘરમાં રહેતા હતા." ૧



શ્રી મગનલાલભાઈ પૂજ્ય શ્રી અંબેરસાગરજી મહારાજના પરમ ભક્ત હતા. અને તેમના ઉપર એવી અગાધ શ્રદ્ધા હતી કે વારંવાર તેમના દર્શન-વંદન માટે સ્થળે સ્થળે તેઓ જતા હતા.

એકવાર પોતાની આવી ભાવના દર્શાવતો એક કાગળ **શ્રી મગનભાઈએ** પૂ. શ્રી અંબેરસાગરજી મ. ઉપર ઉદયપુર લખ્યો હતો, જેમાંની નીચેની પંક્તિઓ મનન કરવા યોગ્ય છે.

"લીખતમ આપના ચરણકમલની સેવાનો સદા ઈચ્છક મગન-ભાઈચંદની વંદના ૧૦૦૮ વાર ત્રિકાળ યથાયોગ્ય વખતે અંગીકાર કરશો.

આપના દર્શનની ઘણી ચાહના છે. તથા આપના ચરણની સેવાની ચાહના નિરંતર કરવાની વસ્તે છે, તે હવે તાકીદથી આવતી સાલમાં બનશે, એવી આશા છે, પછી તો કરમની પરંપરાની ખબર પડતી નથી.

---

૧ આ પદ્યોનું મૂળ આ પ્રમાણે છે.

इतश्च कर्पटद्रंगे, मग्नाभिख्या धनेश्वराः।
न रमायां न रामायां मग्नाः किन्त्वार्हतोदितौ ॥ १ ॥

आ-बाल्याद् विषयोद्विग्ना, आग्रहात् परिणिन्यिरे ।
पित्रुद्वेगनिरासाय, महत् सेवापदं हि तत् ॥ २ ॥

न च कस्तूरिकाऽऽमोदः, प्रच्छन्नस्तिष्ठति क्वचित् ।
धर्मरङ्गोऽपि तत्तेषां, क्षेत्रं नासोद नाशितुम् ॥ ३ ॥

卐 जयवीरोदितिसुधा-मग्नैस्तैर्विषयाः समे ।
विषवज्जज्ञिरे नाक्ता, भावैः रामाकृतैस्तकैः ॥ ४ ॥

उद्वेगपरिहारायाऽवात्सुस्ते तत्समीपगाः ।
रामासङ्गे महर्षीणामपि, स्याद् भवकृन्न किम् ? ॥ ५ ॥

ऊषुस्ते द्रव्यतो गेहे, परिव्रज्यामनोरथाः ।

"अधिकारविंशिका" पृ. १३६ टीका प्रशस्तिमांथी

卐 अहीं "जयवीर शब्द पू. अंबेरसागरजी म. माटे वपरायेलो छे.

ઘણા ઉદય અફળ જવાને લીધે ઘણો (ઉદ્વેગ) રહે છે, પણ આપ સરખા ગુરૂ ફરીફરીને મળવાના નથી, માટે કોઈ વાતનો વિચાર નહીં કરતાં રૂડા કારણે રૂડો લાભ થશે. એમ વિચારીનેજ વિચાર ગોઠવ્યો છે, તે વખત ઉપર જણાવીને આપ જ્યાં હશો એ જગાયાએ આવીશ તે જાણશો.....

અત્રે આપના પ્રસાદથી સુખશાતા છે. આપની સુખશાતાનો પત્ર કાલ દીને સાંજરે મલ્યો, તેથી આનંદ થયો છે, વલી સેવક ઉપર કીરપા લાવીને લખશોજી.

કેસરીયાજી મહારાજની ભગતી રૂડી રીતે ઘણા સમુદાયથી થઈ છે, તે જાણી ઘણો ખુશી થયો છું.

બીજું આપસાહેબ અતરે ચુમાસુ કરવાનો વિચાર જરૂર કરશો કે જેથી ઘણો લાભ થશે, ધરમનો ઉદ્યોત વિશેષે થશે.

તમારી પાસે બે મુનિમહારાજ કોણ છે? તેનો ઉત્તર તથા કેવા'ક બોધવાલા છે? તે આપ લખશો તેથી જાણીશું.

વીશેષ પરકારે કરીને અધ્યાત્મના સહિત સરળ ધર્મક્રિયા ફલવતી છે, માટે અપ્રમાદપણે જ્ઞાન વિશેષ ફલદાયી છે.

માટે એકાંત ક્રીયા-પક્ષીયાજીવોને તથા એકાંત જ્ઞાન-પક્ષીઆ જીવોને તાદૃશ ફલ થઈ શકતું નથી.

માટે જે કોઇ મુનિમહારાજ વહેવારમાં થીરતાવાન ન હોય તેને ગનાન (જ્ઞાન) સહીત ક્રિયા કરવામાં હીત થશે.

બાકી આ કાલે ઘણા જીવો વે'વારના (વ્યવહાર) રસીઆ છે, પણ કેટલાક તો વિશેષ ફલ પ્રાપ્તિ થાય, તેવી વાત સાંભલી પણ શકતા નથી.

માટે કેવા બોધવાળા છે? ને કેવા સંઘાડાના છે? તેનો ઉત્તર લખશોજી,"

ઉપરના પત્રમાં શ્રાદ્ધવર્ય શ્રી **અગનભાઈનો** અંતરંગ ધર્મપ્રેમ અને ચોમાસાનો લાભ આપવાની હાર્દિક ભાવના સ્પષ્ટ સમજાય છે.

સાથે જ મહત્ત્વની એક વાત પત્રના ઉત્તરાર્ધના લખાણથી એ પણ સમજાય છે કે–શ્રાવક શિરોમણિ **અગનભાઈ** અણસમજભરી શ્રદ્ધા કે દૃષ્ટિરાગથી દૂષિત શ્રદ્ધાવાળા ન હતા.

ઉપરના પત્રમાં પાછળની લીટીઓ તેમના હૈયામાં ધબકી રહેલ સમ્યગ્દર્શનના તેજથી ઓતપ્રોત ધર્મપ્રેમ અને શાસનનો અનુરાગ જણાવે છે.

"જે કોઈ મુનિમહારાજ વહેવારમાં થિરતાવાન ન હોય–

તેને જ્ઞાન સહિત ક્રિયા કરવામાં હિત થશે.”

આ શબ્દો **મગનભાઇના** હૈયામાં સાધુ-ભગવંતો પ્રતિ ઉંડો મમતાભર્યો ધર્મરાગ સૂચવે છે.

“બાકી આ કાળે ઘણા જીવો વેવાર (વ્યવહાર)ના રસીયા છે, પણ કેટલાક તો વિશેષ ફળ પ્રાપ્ત થાય, તેવી વાત સાંભળી પણ શકતા નથી.”

આજથી લગભગ ૧૦૦ વર્ષ પૂર્વે શાસનના સુદૃઢ-અનુરાગી **મગનભાઇ** તે વખતના આરાધકોમાંથી કેવો વિવેકભર્યો વિચારોનો નિતાર તારવીને યોગ્ય-ગુરૂમહારાજ આગળ પોતાનું હૈયું ઠાલવવારૂપે પોતાના શ્રાવકપણાની ઉજ્જવળતા મેળવવા મથામણ કરી રહ્યા છે! તે આ લખાણથી સ્પષ્ટ રીતે જણાય છે.

પૂ. ચરિત્રનાયકશ્રી છેલ્લી-સદીના મહાન આગમ-વ્યાખ્યાતા, ઉચ્ચ-કોટિના શાસન-સંરક્ષક, આદર્શ-શ્રુતાનુરાગી, **આગમજ્યોતિર્ધર** થવાના હોઇ આવા પુણ્યવાન-સુદૃઢ વિશુદ્ધ-શ્રદ્ધા-સંપન્નના સુપુત્ર તરીકે જન્મવાના હોઇ જાણે સૂર્યોદય પૂર્વે અરૂણોદય થતો હોય તેમ પૂ. ચરિત્રનાયકશ્રીના વ્યક્તિત્વને સક્રિય થવા માટે અનુકૂળ ઉદાત્ત-વિચાર-બીજોથી સંપન્ન ભૂમિકા **મગનભાઇમાં** ઘડાઇને તૈયાર હતી એમ લાગે છે. આ અનુમાનની યથાર્થતા ઉપરના પત્રની છેલ્લી લીટીઓથી આપણને સચોટ રીતે સમજાય છે.

આવા ધર્મ-સંસ્કાર સંપન્ન આદર્શ-શ્રાવક **શેઠ શ્રી મગનભાઇ** જ્ઞાની-સદ્ગુરૂઓની નિશ્રાએ યોગ્ય તાત્ત્વિક નિયમો-વ્યવહારનું પાલન ફરજરૂપે કરી રહ્યા હતા, તેની સીધી-આડકતરી અસર પૂ. ચરિત્રનાયકશ્રીના માતુશ્રી **જમનાબહેન** પર પણ વિશિષ્ટ રીતે પડી હતી.

પરિણામે તેઓ પણ શ્રાવિકા તરીકે પોતાના આદર્શ-વ્યવહારોને નભાવવા સાથે **મગનભાઇની** દરેક ધાર્મિક-વ્યાવહારિક પ્રવૃત્તિઓમાં ધાર્મિક-લક્ષ્યના પૂરક તરીકે સહયોગી બની રહેલ.

આવા આદર્શ-દંપતિરૂપ બંને મહાનુભાવો શ્રાવક-શ્રાવિકા તરીકેના ઉદાત્ત જીવન-વ્યવહારોથી કપડવંજની પુણ્ય-ધરતી પર આગમોના અણમોલ-વારસાને સુસમૃદ્ધ-સુરક્ષિત બનાવી-જાળવી રાખવાની વિશિષ્ટ-શક્તિવાળા મહાપુરૂષને જન્મવા માટેનું અનુકૂળ વાતાવરણ સર્જી રહ્યા હતા.



પ્રકરણ ૩



(૧) પૂ. ચરિત્રનાયકશ્રીના મોટાભાઈનો જન્મ

(૨) પૂ. ચરિત્રનાયકશ્રીની ગર્ભાવસ્થાની પુનિત અસરો



શ્રાવક-કુળના આદર્શ-સંસ્કાર-સંપન્ન માતા-પિતા સાહજિક રીતે એવા વાતાવરણને સર્જી શકે છે કે અજ્ઞાનમૂઢ અનેક પામર-આત્માઓનું કલ્યાણ કરી શકે તેવા મહાપુરૂષને સાનુકૂળ પૂર્વ-ભૂમિકા મળી આવે.

આવી મંગલકારી-પરિસ્થિતિમાંથી પસાર થઇ રહેલ **મગનભાઇ**ના ઘરે સૂર્યોદય પહેલાંના અરૂણોદયની જેમ અખંડ-સૌભાગ્યવંતી **શ્રી જમનાબાઇ**ની પુણ્યકુક્ષિથી **વિ. સં. ૧૯૨૯**ના **પોષ વદ પાંચમના** દિવસે સંસારી-દૃષ્ટિથી ગૃહસ્થાશ્રમના પનોતા-ફળરૂપે પુણ્યવાન-સંતાનની પ્રાપ્તિ થઈ.

આદર્શ-જીવન જીવી સહુના મનમાં અનેરી છાપ પાડનાર **મગનભાઇ**ને ત્યાં પનોતા પુત્ર રત્નનાં વધામણાં સમસ્ત-કુટુંબને આનંદના હિલોરા ઉપજાવનાર નિવડ્યાં, સહુના દિલમાં અનેરી પ્રસન્નતાની છોળો ઉછળી રહી.

ધાર્મિક-સંસ્કારસંપન્ન **મગનભાઇએ** અંતરથી વૈરાગી છતાં નાટકીયાના વેષ ભજવવાની જેમ ફરજ તરીકે પણ પ્રથમ પુત્રરત્નના જન્મોત્સવનો આનંદોત્સવ અનેરી રીતે ઉજવ્યો, પોતાના પાડોશીઓ, જ્ઞાતિબંધુઓ અને ઓળખીતા-ઈષ્ટમિત્રો ઉપરાંત વ્યાપારી-સંબંધવાળા સઘળા (જૈન-જૈનેતરો) ને આમંત્ર્યા, છૂટે-હાથે ધન-વ્યય કરી પુત્રરત્નના જન્મની ખુશાલીનો પ્રસંગ દીપાવ્યો.

જિનમંદિરોમાં ઠાઠથી પૂજા, સ્નાત્ર મહોત્સવ-અંગરચના આદિ કરાવી દીન-દુઃખી ગરીબોને પણ સંતુષ્ટ કર્યા.

આ રીતે જન્મોત્સવ પછી બારમે દિવસે જ્ઞાતિજનોને આમંત્રી બાળકના નામ પાડવાની વિધિ પ્રસંગે આખી જ્ઞાતિમાં સાકરના પડા વહેંચી, બાળકનું મુખ મણિ જેવું તેજસ્વી હોવાથી

તથા **જમનાબહેને** બાળકના ગર્ભમાં આવતાં **સ્વપ્નમાં ઝળહળતો મણિ જોયાની** વાત ઉપરથી સાંના આનંદોત્સવ વચ્ચે **"મણિલાલ"** એવું નામ પાડયું.

જે ઉપરથી "આ પુત્ર પ્રભુશાસનને સફળતા પૂર્વક પામી સર્વવિરતિના પંથે જઈ આત્મકલ્યાણની શ્રેણિએ જઈ સ્વનું જીવન ઉજાળવા સાથે કુળ-પરિવાર-જ્ઞાતિનું ગૌરવ વધારવા પૂર્વક સમસ્ત-પ્રાણીજગતમાં રહેલ અજ્ઞાનના અંધકારને પ્રભુશાસનની સફળ-આરાધના દ્વારા **મણિ**ની જેમ દૂર કરનારો થાય" આવો **મગનભાઈ**એ અર્થ તારવી આંતરિક-સંતોષ મેળવ્યો.

જમનાબાઇએ પણ હરખભેર પનોતા-પુત્રનું નામ હકીકતમાં **મણિ**ની જેમ તેજસ્વી અને હસમુખા ચહેરાના કારણે વધાવી લીધું.

યોગ્ય લાલન-પાલનની દરકાર સાથે શ્રાવક-જીવનના ઉત્તમ સંસ્કારો આપવાની નેમ **મગનભાઇ** રાખે તે પ્રમાણે **જમનાબહેન** પણ પોતાનું બાળક સુસંસ્કારી બને તેની વિશિષ્ટ દરકાર સેવતા.

એટલે કે દહેરાસરે લઇ જઇ જે-જે કરાવવા, ગુરૂમહારાજને પગે લગાડવા, શ્રી નવકાર-મહામંત્ર ગણાવવો આદિ પ્રવૃત્તિથી શુભ-સંસ્કારના બીજની વાવણી સફળ રીતે કરતા.

પૂર્વ-જન્મની સુંદર-આરાધનાના બળે શ્રાવકકુળની પ્રાપ્તિથી સુભગ બનેલ તે બાળક પણ **મણિની** જેમ તેજસ્વી મુખ-કાંતિથી માતા-પિતા અને સ્વજન-વર્ગના હૈયાને આનંદ-વિભોર કરતો, દેવદર્શન-ગુરૂવંદન-નવકારવાળી આદિની સાહજિક-પ્રવૃત્તિઓથી પોતાની ભાવિ ધાર્મિક જીવન-પદ્ધતિની પૂર્વભૂમિકાનાં દર્શન કરાવતો.

એકંદરે **મગનભાઇ** સંતાનના શરીર-વિકાસ સાથે તેના આત્મામાં પાંગરી રહેલી નિર્મળ ધાર્મિક-ભાવનાના વાતાવરણને નિહાળી સંતોષ અનુભવતા.

જમનાબાઈ એ પણ આ બાળકનું લાલન-પાલન કરતાં કેટલીય મંગળ-ભાવનાઓ ભાવી, તેમાં પોતાના જીવનનો ઉલ્લાસ જોયો હતો, પાડોશીઓ પણ **"મણિલાલ"**નું હસતું મ્હોં જોઈને તેને ઉમળકાભેર તેડીને વિવિધ લાડ લડાવતા, બાળકના મુખ પરના સાહજિક તેજના ચમકારાથી ઉજ્જવળ-ભાવિનો સંકેત નિહાળી સહુ અચરજ અનુભવતા.

ઘરનું વાતાવરણ સંસ્કારી હતું, તેની સાથે જ બાળકની શાંત-પ્રસન્ન મુખમુદ્રા અને મધુર-વાણીએ રસ પૂરી અનેરો આનંદ સર્જ્યો હતો, જાણે ભવિષ્યમાં એક મહા-પુરૂષ આ ઘરમાં આવવાના છે તે માટે પહેલેથી ઉચિત વ્યવસ્થા કરવા આવ્યો ન હોય !!!

આમ છતાં વૈરાગી આત્મા **મગનલાલને** એક બાજુ પુત્રજન્મનો હર્ષ અને બીજી બાજુ આ સંસારી-જંજાળમાંથી છુટવાનો વિચાર આવ્યા જ કરતો હતો, તેથી તેમણે ખૂબ ઊંડું, વિચારી **'જન્મેલ પુત્ર પુણ્યશાળી હોય તો મારા મનોરથ પૂરા થાય'** એમ માની જોષી પાસે તેના જન્માક્ષર કરાવ્યા.

જોષીએ ફળાદેશમાં ટૂંકપણે જણાવેલ કે-**"આ કુંડલીમાં ગ્રહો બહુ બળવાન છે, તેથી આ પુત્ર રાજા-મહારાજા બને અગર તેમને સ્પૃહણીય થવો જોઇએ"** આ સાંભળી **મગનભાઈ** ખુશ થયા.

તેઓની નિશ્ચિત ધારણા હતી કે **"મારો બાળક રાજા તો કયાંથી બને! પણ મહારાજા એટલે ઉત્તમ કોટિનો જૈન સાધુ તો થઈ શકશે."**

તેઓને લાગતુ હતું કે **"મારી જેવી પ્રવ્રજ્યાની ભાવના છે, તેવી ને તેથી પણ વધતી ભાવના મારા પુત્રની થશે."**

પણ–સાથે એમ થતું કે 'મોહની કારમી–ઘેલછા–તળે વર્તનારા–કુટુંબીઓની જાળમાંથી શે છૂટાશે?' છતાં સંતાનનું આશાસ્પદ ભાવી આશ્વાસન–રૂપ હતું.

આ બધી ગૂંચમાં **મગનભાઈ** કયારેક ખૂબ ગંભીર બની જતા! દહેરાસરમાં દેવાધિદેવ–પરમાત્મા આગળ અશ્રુપાતના અનુભવ સાથે વીતરાગ–પ્રભુની સ્તવના પછી આત્મ–જાગૃતિ કેળવવા પ્રભુ–પરમાત્માના આલંબને આત્મ–નિરીક્ષણના અવસરે સાહજિક–રીતે વૈરાગ્ય–ભાવમાં ગરક થઈ જતા.

છેવટે પરમાત્માને સમર્પિત બની રહેવાના સત્પ્રયત્ન સાથે વિધિસર સમર્પણ–ભાવ વ્યક્ત કરનારી વિશિષ્ટ–મુદ્રા સાથે પંચાગ–પ્રણિપાત કરી **"ભવો ભવ તુમ ચરણોની સેવા"** "ता देव दिज्ज बोहिं भवे भवे" આદિ શબ્દો ગંભીરપણે પ્રાર્થના રૂપે બોલી **"મોહના ક્ષયોપશમ માટે સફળ ઉપાયો સૂઝે"** તેવી અંતર–કામના વ્યક્ત કરતા.

આવી માનસિક–સ્થિતિમાં પણ પુણ્યશાળી **મગનભાઈને** ઊંડે ઊંડે અંતરની એવી દૃઢ શ્રદ્ધા હતી કે–**"વીતરાગ પ્રભુના શાસનની વિધિપૂર્વક સુનિર્મળ–આરાધનાબળે કંઈક યોગ્ય માર્ગ જરૂર નિકળશે જ!"**

૨. પૂ. ચરિત્રનાયકશ્રીની ગર્ભાવસ્થાની પુનિત–અસરો

વિશ્વવત્સલ–શ્રી અરિહંત–પરમાત્માએ પ્રરૂપેલ સર્વહિતકર–જિનશાસનની મંગળ–આરાધના દ્વારા ધન્ય–જીવન બનાવી રહેલ પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાશ્રીની અંતરના ઉમળકા સાથે સંસારના કારાવાસમાંથી છૂટવા માટેની મથામણ સાથે ધર્માનુષ્ઠાનોની મંગળ–આરાધનાના પવિત્ર વાતાવરણમાં વર્તમાનકાલીન–જિનશાસનના આરાધકોને માર્ગદર્શક–આગમોના વારસાની કાળબળે થયેલ દુર્દશાને શાસ્ત્રીયરીતે હઠાવવા ભગીરથ પ્રયત્ન કરનાર આ કાળના અનન્યસાધારણ અજોડ–અનેરા ઝળહળતા વ્યક્તિત્વથી ઓપતા પૂ. **ચરિત્રનાયકશ્રી** જેમની કુક્ષિએ ગર્ભાવસ્થા–રૂપે રહી જન્મ પામવાના—

—તે મંગળમયી માતાજીના શ્રાવક–કુળોચિત–સંસ્કારોની સામાન્ય છાયામાં સૂર્યોદય પહેલાંના અરૂણોદય પૂર્વે મ્હોં–આંખણીયા અજવાળાની જેમ ધર્મક્રિયાઓ પ્રતિ અંતરથી ભાવોલ્લાસ સાથે વલણથી વધારો થવા લાગ્યો.

ચાલુ ધર્મક્રિયાઓ **જમનાબહેન** ભગતની સાથે કરતા તો હતાજ! પણ ભાવી–મહાપુરૂષના જન્મની પૂર્વ–તૈયારી રૂપે ધર્મક્રિયાઓમાં ભાવોલ્લાસ સાથે જોડાવા લાગ્યા.

એવામાં વિ. સં ૧૯૩૦ની આસો મહિનાની ઓળીની આરાધના આવી. **પૂ. શ્રી ઝવેરસાગરજી** મ.ના પ્રેરણાદાયી પત્રોથી તે આરાધના ખૂબ ભાવોલ્લાસ સાથે થઈ, ધર્મના ચોળમજીઠ રંગથી રંગાયેલ **મગનભાઈની** અપૂર્વ ચઢતા–પરિણામની આરાધનામાં **જમનાબાઈ** પણ ખૂબ રંગાઈ ગયા.

આ. સુદ ૧૪ની **ચારિત્રપદની** આરાધનામાં **મગનભાઈની** હૈયાના તારના ઝણઝણાટવાળી, સંયમ–ગ્રહણની અપૂર્વ–તમન્નાવાળી આરાધનાની વિધિ દરમ્યાન કંઠની મધુરતા, શબ્દોચ્ચારણનું ઓજસભર્યું સૌષ્ઠવ અને સંવેગ–નિર્વેદ ભાવની છલકામણી રૂપ બંને આંખમાંથી વહેતી અશ્રુધારા સાથે **મગનભાઈની** ઉદાત્ત ભાવના સાથે થયેલ **"સંયમ શું રંગ લાગ્યો, રંગ લાગ્યો ચોલમજીઠ"** (**પૂ. પદ્મવિજયજી મ.**) **નવપદજીની** આઠમી ઢાળના સુમધુર ગુંજનથી **જમનાબાઈ** ખૂબ પ્રભાવિત બનેલ.

પરિણામે દેવદુર્લભ સંયમી–જીવનના પંથે જવાની પવિત્ર ફરજ શ્રાવક–શ્રાવિકા તરીકે દરેકની હોવા છતાં, તથા પોતાના પતિ એ પંથે જઈને સંસ્કારવશ પાછા આવ્યા છતાં, એ પંથે ચઢતા–પરિણામે જવા તૈયાર છતાં મોહઘેલછાભર્યા દુરાગ્રહથી 'મેં કેટલો અંતરાય બાંધ્યો?' 'કેટલું મોહનીય બાંધ્યું? આદિ ઊંડી–વિચારણામાં **જમનાબહેન** ગરક થઈ જઈ પશ્ચાત્તાપથી અંતરના મળને ધોવાનો સક્રિય પ્રયત્ન કરી શક્યાં.

જેના બળે પૂનમના દિવસે તપપદની આરાધનામાં **"ઇચ્છારોધે સંવરી, પરિણતિ સમતા યોગે રે"** પૂ. **ઉપા. યશોવિ. મ. ના** આ શબ્દોથી **જમનાબહેન** અંતરથી બબડી ઊઠ્યાં.

હકીકતમાં મોહની કારમી ઘેલછા – વાસના – ઇચ્છાઓના રવાડે મેં મારા સ્વામીનાથને ઉત્કૃષ્ટ–જીવનશુદ્ધિના પંથે જતા રોકી ખૂબજ અક્ષમ્ય ભૂલ કરી છે, પરમાત્મા સમક્ષ શાશ્વત ઓળીજીની આરાધનાના અંતિમ–દિવસે મહોત્સવ–પૂર્વક **શ્રી સિદ્ધચક્ર–ભગવંતના** સ્નાત્ર મહોત્સવ વખતે તન–મનની એકાગ્રતા સાથે પોતાના સ્વામીનાથની કરાતી ઉદાત્ત–વિશુદ્ધ ધર્મક્રિયાની ભારોભાર અનુમોદના **જમનાબહેને** કરી.

જમનાબહેનના વર્ષો–જુના માનસિક–ગજગ્રાહનું શમન થયું, સંયમની આરાધનાનું મહત્ત્વ સમજાયું, **જિનશાસનની આરાધના વિઘ્નોના નિગ્રહમાં છે,** એ વાતનું સ્પષ્ટ દર્શન થયું.

ત્યારપછી **જમનાબહેનનું** અજબ–કોટિનું હૃદય–પરિવર્તન થયું, **મગનભાઈની** દરેક ધાર્મિક પ્રવૃત્તિઓમાં આજ સુધી વ્યક્ત કરાતો માનસિક અણગમો, વાચિક છણકો અને શારીરિક અસહયોગ, હાર્દિક ભાવોલ્લાસ, વાચિક પ્રશંસા અને શારીરિક અનુકૂળતામાં પરિણમ્યો.

ધર્મનિષ્ઠ–**મગનભાઈએ** શ્રાવિકાના આકસ્મિક આ પરિવર્તનથી થતું અદ્‌ભુત કુતૂહલ ધર્મક્રિયાઓમાં છૂપાયેલ અદ્‌ભુત સામર્થ્ય, ક્ષાયોપશમિક–ભાવની ક્રિયાઓનું અચિંત્ય–બળ અને જિનશાસનની વિજયમાનતાના વિચારથી શમાવ્યું.

થોડાક દિવસો આ રીતે અદ્‌ભુત ઉચ્ચકોટિના ધાર્મિક આચાર–વિચાર અને વિશિષ્ટ વાતાવરણમાં પસાર થયા, અને લૌકિક અન્ય–દર્શનીઓની દૃષ્ટિએ મંત્ર–સાધના માટે અદ્‌ભુત વિશિષ્ટ

સામર્થ્યવાળી **કાળી આઠમના** નામથી ઓળખાતી **આસોવદ ૮** આસપાસની કોઈક મંગળ રાત્રિએ **જમનાબહેન** આસો-માસની ઓળીની આરાધનાથી મેળવેલ મંગળ દૃષ્ટિ-વિકાસના આધારે પૂ. સાધ્વીજી મ. ના ઉપાશ્રયે પ્રતિક્રમણ કરીને ઘરે આવ્યા પછી પ્રતિક્રમણ દરમ્યાન સાંભળેલ **"આઠ પ્રભાવક પ્રવચનના કહ્યા"** (પૂ. **ઉપા. યશોવિજયજી મ.** રચિત સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાય ઢાળ-૮), અર્થનું મનન કરવામાં લીન બની ગયાં.

સમય થયો, એટલે સ્વામીનાથ રોજ સંથારાપોરસી ભણાવી નવકાર મહામંત્રનું ધ્યાન ધરે તેથી તેમની સાથે સંથારા પોરસી ભણાવી પોતાના પલંગ પાસે આવી પુનઃ શાસનના પ્રભાવક કેવા હોય? અને હવે આ શાસનમાં વર્તમાન કાળે સાધુઓની સંખ્યા જ બુજ રહી છે. જે છે તેમાં પણ આગમના જાણકાર ખાસ કોઈ નહીં? આઠ પ્રભાવકમાં સૌથી પ્રથમ પ્રભાવક **પ્રાવચનિક** એટલે **"વર્તમાન શ્રુતનારે અર્થનો, જે પાર લહે ગુણખાણ"** એ લીટીના વિચારમાં **જમનાબહેન** ખૂબ ઊંડા ઉતરી ગયાં.

વર્તમાન-કાળના આગમો ભંડારોમાં હસ્તલિખિત પ્રતોરૂપે કેવી દુર્દશામાં છે? બધા આગમો મેળવવા જ દુર્લભ, તેને વાંચવા, તેના અર્થ સમજવા, તેના રહસ્યને મેળવવું, અને જગતના જીવોના હિતની દૃષ્ટિથી સાત્ત્વિક શૈલીએ રજૂઆત કરવી? આ બધું આજે કેવું દુર્લભ થયું છે?

પ્રાવચનિક પ્રભાવક હવે કોણ જાણે ક્યારે થશે? આમ વિચારમાં ન જાણે ક્યારે **જમનાબહેન** નિદ્રાવશ થઈ ગયાં, તેની ખબર તેમને ન રહી.

બરાબર **મધ્યરાત્રિનો** સમય કે જે તાંત્રિક-શક્તિવેત્તાઓની દૃષ્ટિએ **મહારાત્રિ** કહેવાય, વળી જે આધ્યાત્મિક-શક્તિઓના સૂત્રપાત માટેનો સર્વોત્તમ સમય કહેવાય તે થયો.

તે મધ્યરાત્રિના નીરવ-વાતાવરણમાં મંગળ-શુભ ચોઘડીયે **જમનાબહેન** ભર-નિદ્રામાંથી મધ્યમ નિદ્રામાં આવ્યાં અને માનસચક્ષુથી સ્વપ્નમાં આકાશમાંથી મદમસ્ત મનોહર આકૃતિવાળા હૃષ્ટ-પુષ્ટ સુંદર વૃષભને ઉતરતો અને પોતાના પોતાના મુખમાં પ્રવેશ કરતો જોયો.

તુર્ત નિદ્રાભંગ થયો, **જમનાબહેનના** આખા શરીરે રોમરાજિ વિકસ્વર થઈ, આખા શરીરમાં જાણે કંઈક શક્તિની સુષમા ફેલાઈ હોય, તેમ અપૂર્વ મીઠી ઝણઝણાટી અનુભવી, જાણે ગરીબ-ભિખારીને મહામૂલું નિધાન મળે ને જેવો સંતોષ થાય, તેથી વધુ અનહદ-સંતોષની લાગણી અનુભવવા લાગી.

સૂતી વખતે જે **પ્રાવચનિક**-પ્રભાવક સંબંધી વિચારધારાનો અજંપો હતો, તે હવે જાણે સાવ શમી ગયો, અવ્યક્ત રૂપે પણ જાણે પોતાને સમાધાન મળી ગયું.

જમનાબહેન ખૂબ ઉલ્લાસ સાથે જોયેલ સ્વપ્ન સંબંધી પુનઃ વિચારણા કરવા માંડયાં. સ્વપ્ન હજી નજર સામે ચિત્રપટની જેમ દેખાયું !

"આહાહા ? કેવો સુંદર વૃષભ ! કેવી એની મદમસ્તી ! કેવી વિશાળ એની ખૂંધ ! કેવું મનોહર તેનું મંગલકારી મુખ ! કેવી ઝીણી પણ પ્રેમાળ આંખો ! તેની આંખોમાં મદમસ્ત આખલાની મારકણ વૃત્તિના બદલે સૌમ્યતા કેવી ટપકતી ! અહાહા.... ....અદ્‌ભુત !!! કેવું સરસ .... સુંદર .... દ્રશ્ય !!"

આમ વિચારમાં અને 'આવું સુંદર સ્વપ્ન છે. તો હવે સૂવાય નહીં' એમ કરી નાના પ્રકારના છંદ–સ્તવનો વગેરે બોલી શ્રી નવકાર મહામંત્રનો જાપ કરી સવારના ૪ વાગે **મગનભાઈ** નિદ્રાત્યાગ કરી રાઈય - પ્રતિક્રમણ માટે સામાયિક લેવાની તૈયારી કરતા હતા, ત્યાં **જમનાબહેને** જઈ પતિદેવના ચરણોમાં માથું મુકી આનંદોદ્‌ગાર સાથે આવેલ સ્વપ્નની વાત કરી.

તેઓએ પણ ખૂબ આનંદ અનુભવ્યો, મોહના કીચડમાં ફસાઈ ગયેલ પોતાના જીવન રથને બહાર કાઢવા માટે ધોરી બળદ સમો કો'ક મહાન પુણ્યાત્મા જીવ ગર્ભમાં આવ્યો હોવાનું અનુમાન કરી **જમનાદેવીને** પુત્ર–પ્રાપ્તિના સંભવિત વધામણાં આપી પ્રસન્ન કર્યાં.

વધુમાં વ્યવહારદક્ષ અને સાધુઓની નિશ્રામાં રહી કેળવેલી ઉજ્જવલ–બુદ્ધિથી **મગનભાઈએ** કહ્યું કે "જેમ પૂર્વ દિશામાં સૂર્યના આગમનની પહેલાં ઉષાની લાલી પ્રસરાઈ જાય છે, અને તે જેમ સમસ્ત જીવોને સૂર્યદેવના આગમનનો સંદેશ આપતી હોય છે, તેમ મહાપુરૂષો જ્યારે ગર્ભમાં આવે છે, ત્યારે કેટલાક સંકેતો, સ્વપ્નો કે કો'ક વિચિત્ર ઘટનાઓ બનતી હોય છે,

તેથી વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર **શ્રી ઋષભદેવ** પ્રભુના લાંછન તરીકે અને તીર્થંકરોની મહત્તાને સૂચવતા ચ્યવન વખતે દેખાતા ચૌદ મહાસ્વપ્ન પૈકી પ્રથમ સ્વપ્ન રૂપે પ્રખ્યાત **વૃષભરાજ**ના તારા સ્વપ્નના નિમિત્ત ઉપરથી લાગે છે કે "**ખરેખર તારી કુક્ષિમાં કો'ક મહાન પુણ્યશાળી જીવ અવતર્યો છે.**"

આ પ્રમાણે **મગનભાઈએ જમનાબહેનને** સંભવિત અનુમાનબળે પુત્ર–પ્રાપ્તિની વાત જણાવવા સાથે તેની મહાપુરૂષ તરીકેની સ્વપ્ન ઉપરથી કરેલી રજુઆતથી ગર્ભિત રીતે **જમનાબહેનને** સૂચવી દીધું કે–

"તારા અને મારા મોહના કારમા બંધન છેદી શકે અને વિષયની વાસનાના કીચડમાં ફસાયેલ આપણા જીવન–રથને બહાર કાઢવા સમર્થ એવો પુણ્યશાળી જીવ અવતર્યો છે, તો હવે આસો મહિનાની ઓળીની આરાધના પછી તને જે મંગળદૃષ્ટિ પ્રાપ્ત થઈ છે, તેને અનુસારે ચઢતી–ભાવનાએ જિનશાસનની આરાધનામાં મન પરોવી ગર્ભમાં આવેલ બાળકના ઉદાત્ત સંસ્કારોનું જતન કરજે ! અને શ્રાવિકા તરીકેની ફરજમાં પાછી ન પડજે !!!"

સ્વપ્ન-દિવસના નવલા પ્રભાતે ધર્મનિષ્ઠ પતિદેવના શ્રીમુખથી વિશિષ્ટ-પુણ્યવાન-વ્યક્તિ ગર્ભમાં આવ્યાની સૂચના રૂપે મહામંગલકારી વૃષભના સ્વપ્નનો ફલાદેશ અને તેની માર્મિકતા સાંભળી મહાપાપના ઉદયે મળતા સ્ત્રીના અવતારમાં શ્રાવિકા રૂપે વિશિષ્ટ – મહાપુરૂષની માતા બનવાના સૌભાગ્યના વિચારથી **જમનાબહેન** ખૂબ પ્રસન્ન થયાં.

ગઈકાલે સાંજે દૈવસિક-પ્રતિક્રમણમાં આઠ-પ્રભાવકની સજઝાય સાંભળ્યા પછી પ્રથમ પ્રભાવક તરીકે વર્તમાન કાલે પતિત-પાવન જિનવાણીના રહસ્યાર્થને સમજી, તેના ગૂઢાર્થને બાળજીવોને સમજાવી મોહના ઉન્માર્ગથી બચાવનાર મહાપુરૂષની અંતર્દૃષ્ટિથી કરાતી શોધનો ઉકેલ જાણે મલી ગયો હોય, તેમ **જમનાબહેન** વૃષભના મંગલકારી સ્વપ્નને ખૂબ સારી રીતે વધાવી રાઈ-પડિક્કમણું કરી સર્વ પ્રથમ ઘરની પડખે આવેલ **શ્રી વાસુપૂજ્ય પ્રભુના** જિનાલયે, પછી ઘરની સામે રહેલ **શ્રી અજિતનાથ પ્રભુના** (ચૌમુખજી) દહેરાસરે દર્શન કરી **શ્રી ચિંતામણી દાદાના** દહેરે જઈ મંગલ-સ્વપ્નની વાત પ્રભુની આગળ વ્યક્ત કરી જિનશાસનની વર્તમાન પરિસ્થિતિમાં આગમિક ગંભીર અર્થોના જ્ઞાતા મહાપુરૂષની ખામી ઝટ દૂર થવાની મંગલ-કામનાપૂર્વક પરમ-પ્રભાવિક **શ્રી ચિંતામણી દાદા** આગળ **શ્રી નવકાર મહામંત્રનો** જાપ કર્યો.

ઘેર આવી સામાયિક કરી "**ભરહેસર-બાહુબલી**" ની સજઝાય ત્રણવાર ગણી **દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણનું** જીવનચરિત્ર વાંચવાની પ્રેરણા થઇ, તે વાંચી હૈયામાં આવા મહાપુરૂષની હાલમાં જરૂર છે કે જે વીતરાગ પરમાત્માના શ્રુતજ્ઞાનના ઝાંખા પડી રહેલ દીવાની વાટને સંકોરી તૈલપૂર્ત્તિ કરી જાજવલ્યમાન પ્રકાશ પાથરે, આદિ મંગલ-ભાવનાઓ ભાવી જીવનમાં ધન્યતાના અવર્ણનીય આનંદનો અનુભવ **જમનાબહેને** કર્યો.

ટૂંક-સમયમાં શાસનપતિ **પ્રભુ મહાવીર પરમાત્માના** નિર્વાણ કલ્યાણકની આરાધનાના અવસરે શ્રુતજ્ઞાનના પ્રતીક રૂપે દીપક પ્રગટાવવાની ક્રિયામાં **જમનાબહેનને** ખૂબજ રસ પડયો.

પ્રતિવર્ષ રાખેતા મુજબ ઘર આંગણે દીવા પ્રગટ કરવાની પદ્ધતિમાં આ વર્ષે જાણે ગર્ભસ્થ બાલકની પ્રેરણાથી કે ગમે તે કારણથી **જમનાબહેનને** આ દુઃષમકાલમાં ખરેખર મિથ્યાત્વાદિના ગહન અંધકારના પડલ ભેદી સન્માર્ગે આગળ ધપવા માટે કેવલજ્ઞાનીના વિરહે સ્વપરપ્રકાશક તરીકે શ્રુતજ્ઞાન જ પરમાલંબન રૂપ છે, આવી-આવી કેટલીક ઉદાત્ત ભાવનાઓ ભાવવા સાથે ઘીના દીવાઓ નવપદજીના ઘોરણે અને ક્રમાંક તરીકે નવની સંખ્યામાં પ્રગટ કર્યા.

પછી પાંચ પરમેષ્ઠીઓ જીવનની શુદ્ધિના કારણભૂત છે-એમ કરી નવ-નવની પાંચ શ્રેણિઓ ઘીના દીપકની કરી વચ્ચે સ્વસ્તિક કરી રૂપિયો, શ્રીફલ ચઢાવી ફરતા નવ નવ દીપકોની પાંચ પંક્તિઓ ગોઠવી અત્યંત ભાવોલ્લાસ મેળવ્યો.

અજાણતાં પણ **જમનાબહેને** વર્તમાનકાલે તરણ–તારણહાર તરીકે વિદ્યમાન ૪૫ આગમોની મૂક રીતે પણ આરાધના ગર્ભસ્થ જીવના પુણ્ય પ્રતાપે કરી મનમાં ઘુંટાતી આગમના વારસાને હવે જાળવી શકે એવો કોઈક–સંઘમાં પ્રગટે તો સારૂં – એ ભાવનાને મૂર્ત્ત સ્વરૂપ આપવાનો સાહજિક પ્રયત્ન કરી અવર્ણનીય આત્મ–સંતોષ મેળવ્યો.

દરવર્ષ કરતાં વધુ ઉમંગ સાથે દીવાલીની આરાધના આવી અનુપમ ભાવદીપક રૂપ શ્રુતજ્ઞાનનો પ્રકાશ ફેલાવવાની સ્ફુરણા સાથે કરી અને નવા વર્ષે **શ્રી ગૌતમ સ્વામીજી**ના કેવલજ્ઞાનના પ્રસંગથી મોહના બંધન છેદવાની વાતને જરૂરી સમજી, મોહના અંધકારને સંપુર્ણ રીતે હઠાવનાર શ્રુતજ્ઞાનના દીવાને અજવાલે વર્તમાન કાલે શાસનનો જય–જયકાર કરે તેવા મહાપુરૂષની કામના કરવા રૂપે શુભાશંસાની દિવ્ય–રેખાઓ હૈયામાં પાથરી.

ત્રણ દિવસ પછી વર્ષના પ્રારંભનું સૌભાગ્યપંચમી રૂપે ઓળખાતું શ્રુતજ્ઞાનની મહત્તાને આભારી–ગોપાલ જન–સાધારણના હૈયામાં વિસ્તારનારૂં મહાપર્વ આવ્યું, જે પ્રસંગે શ્રીસંઘ તરફથી જ્ઞાનની ઓરડી શણગારી શ્રી તીર્થંકર ભગવંતે જગતના પ્રાણીમાત્રના હિતાર્થે પ્રરૂપેલ દ્વાદશાંગ શ્રુતજ્ઞાનના કાલબળે વારસામાં થોડાક અવશેષો હાલમાં ૪૫ આગમરૂપે રહ્યા છે, તેની સુંદર ભાવવાહી સ્થાપના ઉપાશ્રયમાં કરવા આવેલ, ત્યાં જઈ **જમનાબહેને** ન જાણે કેમ! પણ દર વર્ષ કરતાં વધુ ઉમંગથી પૌષધ લેતાં પુર્વે સુંદર સુગંધી તાજું શુદ્ધ ગાયનું ઘી ઘરેથી લાવી પીત્તલની દીવીમાં પાંચ–બત્તીનો સુંદર દીવડો પ્રગટાવી જ્ઞાનની વિવિધ સ્તુતિઓ બોલી વિષમ કલિકાલમાં પરમાધાર સ્વરૂપ શ્રુતજ્ઞાનના વારસાની વર્તમાન કાલે પેટી–પટારામાં પુરાઈ રહેવાની અવસ્થાને વિચારી 'કોઈક પુણ્યવાન મહાપુરૂષ પૂર્વ–જન્મની વિશિષ્ટ આરાધનાના બળે ગીતાર્થ મહાપુરૂષની દોરવણી અને આજ્ઞા પ્રમાણે આ બધાને બહાર લાવી યોગ્ય અધિકારી પૂ. સાધુ–સાધ્વી ભગવંતોના હાથમાં આપી સ્વ–પર કલ્યાણકારી શ્રુતજ્ઞાનનો જયવંત ડંકો વગાડે–આવી આવી પરમોચ્ચ–ભાવનાઓ સાથે પાંચ ધાન્યની પાંચ ઢગલીઓ કરી જ્ઞાનના ઉપકરણ તરીકે પાટી, પેન, કાગળ, કલમ વિગેરે ચઢાવી ખૂબ ભાવપૂર્વક શ્રુતજ્ઞાનને વંદના કરી જીવનને ધન્ય–પાવન બનાવ્યાનો સંતોષ અનુભવ્યો.

પછી ધર્મનિષ્ઠ સ્વામિનાથના પગલે, કદી નહિં કરેલ છતાં વિશિષ્ટ ભાવોલ્લાસ સાથે ઉપાશ્રયે જઈ વિધિપૂર્વક આઠ પ્રહરનો પૌષધ અને ચૌવિહાર ઉપવાસ મૌનના અભિગ્રહ સાથે ઉચ્ચાર્યો.

જ્ઞાનપંચમીનું વ્યાખ્યાન અને દેવવંદનમાં ખૂબ ભાવોલ્લાસ સાથે ભાગ લઈ ઉભા–ઉભા ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી શ્રુતજ્ઞાનની વિશિષ્ટ આરાધના માટે શ્રુતજ્ઞાનના ૧૪ ભેદના પ્રતીક રૂપે ૧૪ લોગસ્સનો, દ્વાદશાંગીની અપેક્ષાએ ૧૨ લોગસ્સનો, અને ૪૫ આગમની અપેક્ષાએ ૪૫ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી અને જ્ઞાનપદની ૨૦ નવકારવાલી ગણી, હૈયામાં જાણે શ્રુતજ્ઞાનનો અનેરો ઉમંગનો દરિયો લહેરાઈ રહ્યો, અંતરંગ ખુશી આનંદની અજબ સ્ફૂર્તિ અનુભવી.

દશ દિવસ પછી કારતક પુનમના મંગલ દિને **કલિકાલસર્વજ્ઞ પૂ. આ. શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મ.** ના જન્મ દિવસે **જમનાબહેને** એવી મંગલ ભાવના ભાવી કે "આજના કાલે આવા સમર્થ આગમ પ્રભાવક મહાપુરૂષની જરૂર છે, હે! શાસનના અધિષ્ઠાયક દેવો! એવું કાંઈક કરો કે–આવા મહાપુરૂષના પગલાં આ ધરતી ઉપર થાય, અને ભાન ભૂલેલ જનતા શ્રુત-જ્ઞાનના ચીંધ્યા માર્ગે આવી ઉજ્જવલ જીવન–સાધના કરે."

આમ એક પછી એક ધર્મની આરાધનાના પ્રસંગોમાં **જમનાબહેન** ન જાણે કેમ સહુ કુટુંબીઓના અને ખુદ **મગનભાઈ**ના આશ્ચર્ય વચ્ચે દિન–પ્રતિદિન ખૂબ ઉમંગ સાથે સક્રિય ભાગ લેતાં અને નિર્મળ ભાવના આંદોલનો દ્વારા આત્મ–શક્તિનો અનેરો અનુભવ કરતાં.

સુશ્રાવક **મગનભાઈ** પણ સ્વપ્નાનુસારે પુણ્યવાન્ જીવ ગર્ભમાં આવ્યાની ઉદાત્ત ધારણાને અનુરૂપ અવારનવાર બપોરે–રાત્રે સમય મલતાં **જમનાબહેનને શ્રી જંબૂસ્વામીજી, શ્રી સ્થૂલ-ભદ્ર સ્વામીજી, શ્રી ધન્ના અણગાર, શ્રી ધન્ના–શાલિભદ્રજી** આદિ મહાપુરૂષોની સજ્ઝાયો સંભળાવતા.

વઢવાણમાં પરમાત્મા **મહાવીર પ્રભુના** નિર્વાણથી ૧૦૦૦ વર્ષના ગાળામાં ૪ વખત પડેલ બાર વર્ષના દુષ્કાલના પ્રસંગે તે તે વખતના શ્રુતધર મહાપુરૂષોએ મુખપાઠ ચાલ્યા આવતા આગમોના સંરક્ષણ માટે કરેલ ભગીરથ પ્રયત્નો રૂપ **આગમ–વાચનાના** પ્રસંગ–કથાનકો અવાર–નવાર સંભળાવી શ્રાવિકાના હૈયામાં ઘુંટાતી હવે આગમોના તાત્વિક વારસાને સમૃદ્ધ રીતે જાલવણી કરનાર કોણ! એ ગુંચનો જાણે–અજાણે પણ ઉકેલ રજુ કરતા.

ત્રીજા–ચોથા મહિનાની આસ–પાસ **જમનાબહેનને** ઉપાશ્રયમાં રહેલ પ્રાચીન હસ્તલિખિત આગમોની પ્રતોનું પડિલેહણ કરી વ્યવસ્થિતપણે પ્રમાર્જના પૂર્વક ગોઠવવાનો ભાવ જાગ્યો, અને પૂજ્ય સાધ્વીજી મ. ની દેખરેખ તળે તે ભાવના **મગનભાઈ** એ પૂર્ણ કરાવી.

વળી શ્રી ભગવતી સૂત્ર, શ્રી સુયગડાંગ સૂત્ર, શ્રી જીવાભિગમ સૂત્ર જેવા તાત્વિક અર્થ-ગહન આગમોની વાસક્ષેપ પૂજા, બહુમાનની ભાવના જાગી, તે પણ **મગનભાઈ**એ ગર્ભસ્થ બાલક-ના મનોગત ભાવોની અસરને ધ્યાનમાં રાખી ગુરૂ–મહારાજ પાસે લઈ જઈ રૂપા નાણાથી વાસ-ક્ષેપ પૂજા કરાવી પૂરી કરાવી.

પોષ વદ ૧૩ના મંગલ દિને આ યુગના આદિ તીર્થંકર અઢાર કોડાકોડી સાગરોપમના અજ્ઞાનના અંધકારને ઉલેચનાર, શાસનની ગરિમાને ભવ્યાત્માઓના માનસમાં સર્વ પ્રથમ સ્થાપનાર **શ્રી ઋષભદેવ** પરમાત્માના નિર્વાણ દિવસને અનુલક્ષી તેઓએ સ્થાપેલ આત્મ–કલ્યાણનો રાજમાર્ગ જગતના પ્રાણીઓને મેરૂ પર્વતની જેમ આધ્યાત્મિક શુદ્ધિ માટે માનદંડ રૂપ હોઈ જ્ઞાનીઓએ કરેલ મેરૂતેરસના નામાભિધાનના મર્મને યથોચિતરૂપે વિચારમાં ગરક બનેલ **જમનાબહેન** ઝબકીને

પણ આગમોના અર્થોની વ્યાખ્યાઓના સાચા માનદંડ રૂપે કોઁક મહાપુરૂષ જાણે આવી રહ્યા છે, તેવું કલ્પના–દૃશ્ય નિહાળી આનંદ–વિભોર બની જતાં.

આમ **જમનાબહેન** એક પછી એક આવતા પર્વના વિશિષ્ટ દિવસોમાં ચડીયાતા ભાવોલ્લાસ સાથે આરાધનામાં જોડાઇ જાણે કાંઇક મેળવી સમૃદ્ધ બનતા હોય તેવા ઉલ્લાસમાં અજબ રીતે પ્રસન્ન થઈ રહેતાં.

થોડા સમય પછી ફાગણ માસની ચોમાસીની અઠ્ઠાઈ આવતાં ધર્મનિષ્ઠ બનેલ **જમના-બહેન** ગર્ભસ્થ મહાપુરૂષના પ્રભાવે જયણામાં વધુ તત્પર બન્યાં.

મિથ્યાત્વના પર્વ તરીકે હોળી અંગેના **લૌકિક** રિવાજોને ફગવી દઈ ચોમાસીની અઠ્ઠાઇ દરમ્યાન **ચૌમુખજી**ના દહેરે, **શ્રીચિંતામણિદાદા**ના દહેરે, **શ્રીઅષ્ટાપદજી**ના દહેરે, **શ્રીવાસુપૂજ્યપ્રભુ**ના મંદિરે અવારનવાર સ્નાત્રપૂજા ઠાઠથી ભણાવતા, અને અવિરતિ પણ દેવો શુદ્ધસમ્યક્ત્વના બળે **શ્રીનંદીશ્વરદ્વીપમાં** જઇ ચારિત્ર–મોહના આવરણને ખસેડવાના ધ્યેયથી વીતરાગ પ્રભુની જે આદર્શ ભક્તિ ભવ્ય–ઉદાત્ત પૂજા–સામગ્રી લાવી કરે છે, તે બધું ધ્યાનમાં લઈ ભવ્ય ભાવોલ્લાસ સાથે ધર્મનિષ્ઠ **મગનભાઇ**ના યોગ્ય સહકારથી વિધિપૂર્વક સ્નાત્ર–મહોત્સવ કરી ભાવના ભાવતાં.

"હે પરમાત્મન્! આ ભીષણ સંસારમાં આપે સ્થાપેલ શાસનની આરાધના આપના વિરહે આપની પ્રતિમા અને આગમોના આધારે જ અમ જેવા આત્માઓ યથાશક્ય કરી શકે, જિનપૂજા તો સદ્‌ગુરૂએ દર્શાવેલ પદ્ધતિ પ્રમાણે યથાશક્ય કરીએ છીએ, પણ હે પ્રભો! આગમો તો પોથીઓમાં બંધાઇને પેટી–પટારામાં છે. કોક પુણ્યવાન પ્રાવચનિક પ્રભાવક થાય અને આ બધાં આગમોના નિગૂઢ તત્ત્વો સમજાવે! અમારા જેવા સંસારમાં ફસેલાઓનો ઉદ્ધાર કરે! એવું કંઇક થાય તો સારૂં!" આવી આવી ઘણી ભાવના અંતરના ઉમળકાથી **જમનાબહેન** ઘણી વાર કરતાં.

મગનભાઈ પણ **જમનાબહેન**માં છેલ્લા ૪'૬ મહિનાથી આગમિક ભક્તિ–બહુમાનની જન્મેલ ઘગશ નિહાળી ખુશ થતા અને એ સંબંધી **જમનાબહેનની** ભાવનાના શબ્દો સાંભળી વધુ સંતુષ્ટ થતા.

આખરે મારા હૈયાની ભાવના સંયમના પંથે જવાની છે, તેમાં પ્રબળ–અંતરાય રૂપ **જમનાબહેન** જો આ રીતે આગમિક–ભક્તિથી ઓતપ્રોત બની રહે તો મારો માર્ગ સરળ રહે, એમ વિચારી **મગનભાઈ** પણ આગમની મહત્તાને બતાવનાર અનેક સ્તવનો, પદો, સજ્ઝાયો, મધુર સૂરીલા કંઠે સંભળાવી **જમનાબહેનની** ભાવનાને બિરદાવતા.

ફાગણ ચોમાસીનો છઠ્ઠ કરી પૌષધની ભાવના **જમનાબહેનને** થઈ, **મગનભાઈ** તો દર ચૌદશે પૌષધ કરતા જ! **જમનાબહેનને** ઘણી વાર પૌષધની પ્રેરણા કરેલ, પરંતુ વિરતિના પંથે

આવવાનું **જમનાબહેન** પસંદ ન કરતાં, પણ ફાગણ ચોમાસીએ છઠ્ઠ કરી પૌષધ કરવાની વાત સાંભળી **મગનભાઈ**એ શુકનની ગાંઠ વાળી, કે "જરૂર ગર્ભસ્થ જીવ ઉચ્ચકોટિનો વિરતિના માર્ગને નિષ્કંટક બનાવી અનેક ભવ્યાત્માઓને ચારિત્રના પંથે લઈ જનાર પુણ્યાત્મા લાગે છે, કે જેથી સ્વતઃ ચોમાસી છઠ્ઠ કરી પૌષધ લેવા ઉદ્યત બન્યાં છે, **મગનભાઈ**એ ખૂબ સારી રીતે **જમનાબહેન**ની ભાવનાને પ્રોત્સાહિત કરી.

જમનાબહેને ચૌમાસીનો છટ્ઠ કરી પૂ. સાધ્વીશ્રી **સંયમશ્રી**, પૂ. સાધ્વી **ઉદ્યોતશ્રીજી** આદિની નિશ્રામાં પૌષધ કરી વ્યાખ્યાન–શ્રવણ, દેવવંદન, ચૌમાસી પ્રતિક્રમણ કરી જીવનમાં કંઈક અદ્‌ભુત સાર–નિધાન મલ્યું હોય તેવા સંતોષની લાગણી અનુભવી.

ફા. સુ. ૧૫ના દિવસે સામાન્યથી પૌષધવાળાની સંખ્યા જૂજ હોય છતાં ચૌદશના દિવસે **જમનાબહેને** પ્રેરણા કરી શ્રાવિકાઓને પૌષધ માટે તૈયાર કર્યાં, ભાવીયોગે ૪૫ની સંખ્યામાં પૂનમે પૌષધ થયા.

તે દિવસે પૂ. સાધ્વીશ્રી **ઉદ્યોતશ્રી** મ. ના મુખથી હોળીનું પર્વ શી રીતે થયું ? તેની આખી વાત **પર્વકથા–સંગ્રહ**માંથી સાંભળી **જમનાબહેનને** મનમાં એમ થયું કે–

"અરેરે ! જગતમાં વીતરાગ પરમાત્માએ દર્શાવેલ આગમોના વ્યવસ્થિત માર્ગદર્શન વિના જૈનેતરો અને આપણા જૈનકુળનાં બાલક–બાલિકાઓ તથા મોટેરાઓ પણ હોળીના ફટાણાનાં ગીત આદિમાં અને ધૂળેટીની ગંદી રમત વગેરેમાં કુતૂહલથી ભાગ લેતા હોય છે, કેટલાક હોળી પ્રગટાવવા જાય છે, કેટલાક શ્રદ્ધાથી તેની ભસ્મ માથે લગાડતા હોય છે."

"હે વીતરાગ પરમાત્મા ! આગમિક જ્ઞાનના પ્રકાશને પાથરનાર પુણ્યશાળી જીવ જો જગતમાં યોગ્ય રીતે તત્ત્વદૃષ્ટિ સમર્પે તો કેવું સારૂં થાય !"

"આ બિચારા અજ્ઞાની જીવો મિથ્યાત્વના કારમા ઉદયમાં કેવા સપડાઈ ગયા છે !"

હે પ્રભુ ! આ બધાને સદ્‌બુદ્ધિ થાઓ ! શ્રી વીતરાગના શાસનને બધા જીવો પ્રાપ્ત કરો ! સાચી દૃષ્ટિ મેળવી આગમિક જ્ઞાનને પચાવી જીવનને મંગલમય બનાવો !"

આદિ ભાવદયામાં આખો દિવસ પસાર થયો, રાત્રે પણ શાસનદેવને પ્રાર્થના કરી કે "આવા પુણ્યવાન મહાપુરૂષ હવે જો આ ધરતી પર પ્રગટે તો પ્રભુ–શાસનની સાચી ઓળખાણ જગતના જીવો મેળવી જીવન ધન્ય બનાવી શકે"

બીજે દિવસે પોતાની પ્રેરણાથી [પૂનમે પૌષધ કરી ન શકતા હોઈ] પૌષધ કરનારી ૪૫ બહેનોને **જમનાબહેને** પોતાના ઘરે આમંત્રી બધાને પારણું કરાવી શ્રીફળ અને ૧૧ રૂપિયો આપી જાણે પોતાની ભાવનાના અવ્યક્ત પડઘારૂપે ૪૫ આગમોના પ્રતીકરૂપ ૪૫ બહેનોને સન્માની પોતાની જાતને ધન્ય બનાવી.

થોડા સમય પછી ચૈત્રી ઓળી આવી, તે પ્રસંગે પૂ. પં. **શ્રી ઉદ્યોતવિજયજી** મ. ત્રણ ઠાણા સાથે વિહારક્રમે પધારેલ, શ્રી સંઘના આગ્રહથી તેઓ ચૈત્રી ઓળી કરાવવા રોકાયા.

તેમાં પૂ. શ્રી **નયવિજયજી** મ. ખૂબ સારા જ્ઞાની, શાસ્ત્રીય-પદાર્થોની સમજુતી આપનાર હતા.

જમનાબહેન સ્વામીનાથની સાથે નવપદની ઓળી તો દર વખત કરતાં, પણ આ વખત વિધિપૂર્વક અને વર્ણ પ્રમાણે ધાન્ય-એક જ દ્રવ્ય વાપરવાના અભિગ્રહ સાથે નવપદજીની ઓળી આરાધવા ભાવના જાગી.

તેમાં પૂ. **નયવિજયજી** મ. ના નવપદજીની ઓળીની ત્રણ દિવસ પૂર્વનાં વ્યાખ્યાનોથી **જમનાબહેન** ખૂબ પ્રભાવિત બન્યાં, સુ. ૭ થી ઓળીની આરાધના શરૂ થઈ.

સા.શ્રી **ઉદ્યોતશ્રી** મ. **જમનાબહેન**ની ભાવનાને પારખી તેમની ઉદાત્ત ભાવનાને ખૂબ સારી ઉત્તેજના આપતા પૂર્વક ધર્મક્રિયાઓનું અદ્‌ભુત રહસ્ય વારંવાર સમજાવતાં.

બીજી અનેક શ્રાવિકાઓની અપેક્ષાએ **જમનાબહેન** આ વખતે જ ક્રિયા સહિત ઓળીમાં જોડાયા છતાં તેઓની મંગળ ભાવના, ધીર-ગંભીર પ્રકૃતિ અને ગર્ભસ્થ બાળકની ઉદાત્ત પુણ્ય-પ્રતિભાથી વગર કહ્યે પણ સઘળી શ્રાવિકાઓનાં અગ્રસર નાયક બન્યાં, સહુએ **જમનાબહેન**ની નિશ્રામાં આરાધના કરવાનું નક્કી કર્યું.

રાત્રિસંથારો ઉપાશ્રયમાં જ રાખી સવારે ૪ વાગ્યાથી ક્રિયાની શરૂઆત **જમનાબહેન** ઉમંગભેર કરતાં-કરાવતાં.

જે દિવસે જે પદ હોય તેનો કાઉસ્સગ્ગ ઉભા ઉભા કરી મંદ-સ્વરે યોગ્ય સમયે રાઇપ્રતિક્રમણ કરી પડિલેહણ કરી દેવવંદન કરતાં.

પછી દહેરાસરે જઇ વીતરાગપ્રભુનું ભક્તિપૂર્વક ચૈત્યવંદન કરી શ્રી નવપદ-સિદ્ધચક્રજીની ત્રિગડામાં સ્થાપના કરી નવપદના જુદા જુદા વિશિષ્ટ ભાવવાહી અર્થ—ગંભીર હુહા બોલવા સાથે પ્રદક્ષિણા પૂર્વક વાસક્ષેપ પૂજા કરતાં.

પછી નવપદમાં સૌથી વધુ મહત્ત્વપૂર્ણ પ્રથમપદમાં બિરાજમાન શ્રી અરિહંત પરમાત્માની વિશિષ્ટ ભક્તિરૂપે નવપદની આરાધનાથી સુયોગ્ય આત્મિક-બળની કેળવણીના શુભ-આશયથી શ્રી **અજિતનાથપ્રભુ** (ચૌમુખજી)ના દહેરામાં મૂળનાયક પ્રભુ અને જુદા જુદા ગભારા સમક્ષ નવ ચૈત્યવંદન દરમ્યાન ભાવવાહી અંતરવેદનાને વ્યક્ત કરતાં પૂર્વાચાર્યકૃત પૂજાની ઢાળો-સ્તવનો આદિથી આનંદ-વિભોર બનતા.

કયારેક અનુકૂળ સમયે **શ્રી શાંતિનાથ** પ્રભુના દહેરે, **શ્રી અષ્ટાપદજીના** દહેરે,

શ્રી ચિંતામણિ દાદાના દહેરે, કયારેક **અંતિસરીયા દરવાજે માણેક શેઠાણીએ** બંધાવેલ **શ્રી નેમિનાથ પ્રભુના** દહેરે, એમ જુદા જુદા દહેરાસરોએ જઈ ભક્તિભાવ–પૂર્વક શ્રી નવપદની આરાધનાથી અંતરને ભીંજવી–વીતરાગ પરમાત્માની અપૂર્વ ભક્તિબળે વર્તમાન વિષમ–કળિકાળના પંજામાં ફસાયેલ આરાધક–પુણ્યાત્માઓને તાત્વિક–દૃષ્ટિની પ્રાપ્ત અને યોગ્ય આગમિક–પદાર્થોનું અવગાહન કરી સન્માર્ગની પ્રાપ્તિ કરાવનાર કોઁક પુણ્યશાળી મહાનુભાવ શ્રી સંઘનો અધિનાયક બને, એ ભાવના મૂકરૂપે પણ વ્યક્ત કરતાં.

શ્રી નવપદની આરાધના દરમ્યાન ત્રીજા આચાર્યપદની આરાધના વખતે **જમનાબહેને** વર્તમાનકાળે શાસનની ધુરાને આગમિક–જ્ઞાનની ગંભીરતા અને શ્રુતજ્ઞાનની વિશિષ્ટપરિણતિ–બળે પ્રાવચનિક પ્રભાવક તરીકે વહી શકે તેવા મહાપુરૂષ વર્તમાનકાળના જીવોને સુંદર માર્ગદર્શન આપે તેવી ભાવના ખૂબ ભાવી.

એ જ પ્રમાણે સાતમા દિવસની આરાધના પ્રસંગે સૂર્ય, ચંદ્ર, રત્નમણિ આદિના તેજથી પણ વધુ કિંમતી ઉપયોગી શ્રુતજ્ઞાન રૂપ જ્યોતને ઝળહળતી બનાવનાર કોઁક મહાપુરૂષ હવે આ જગતમાં પ્રભુશાસનને જલ્દી અજવાળે એવી મંગલ ભાવના ભાવી સમ્યગ્દૃષ્ટિ શાસનદેવોને શાસનની ઉજ્જવળ યશોગાથા વિસ્તારવા ધ્યાન આપવા માટેની વિનંતિ કરી.

છેલ્લા દિવસે પાંચકોડ મુનિ સાથે આ યુગની આદિમાં શ્રી શત્રુંજય પર્વત પર સર્વપ્રથમ મોક્ષે પધારનાર શ્રી પુંડરીક ગણધર ભગવંતના મુક્તિગમનની સાથે નવપદની આરાધનાથી નિબિડ–નિકાચિત કર્મોને તોડી શકવાની વિશિષ્ટ શક્તિને કેળવી આરાધના માટે નડી રહેલ અંતરાયકર્મ, મોહનીયકર્મ આદિના ક્ષયોપશમ માટે અપૂર્વ મનોબળ કેળવ્યું.

સાતમો મહીનો શરૂ થયો અને ગર્ભસ્થ જીવના વિશિષ્ટ આરાધક–અધ્યવસાયોની અસર **જમનાબહેનને** થવા માંડી.

મગનભાઈની જેમ **જમનાબહેન** પણ ઉપાશ્રયમાં બહેનોને ભેગી કરી જાણે કંઇ ઉંડી તાત્વિક વસ્તુ ચર્ચતાં હોય તેવી ગંભીરતાથી શ્રુતજ્ઞાનની, તેની પ્રભાવના કરાવનારા મહાપુરૂષોની, શાસનના ધુરંધર આઠ પ્રભાવકોની અને વર્તમાનકાળે આગમોની હસ્તલિખિત પ્રતો જ્ઞાનભંડારોમાં અ–પડિલેહણ સ્થિતિમાં કેવી પડી રહી છે? તેનો ખ્યાલ આપી આ બધાનો સરળ રીતે જીર્ણોદ્ધાર કરાવી શકાય તેવી મંગળ ભાવના વ્યક્ત કરતાં.

પ્રભાવક ચરિત્ર, પટ્ટાવલી સમુચ્ચય આદિ ગ્રંથોમાંથી આગમની ભક્તિ કરનારા મહાપુરૂષોની વાતો સાંભળવાની જિજ્ઞાસા પૂ. સાધ્વીજી મ. પાસેથી તથા **શ્રી મગનભાઈ પાસેથી** અવાર નવાર પૂરી કરતાં.

તે સાંભળી "અહો! આ મહાપુરૂષોએ તે તે પ્રસંગે ભવ્યજીવોને પરમોપકાર–સ્વરૂપ

જિનાગમોની સુરક્ષા માટે કેવા ભગીરથ પ્રયત્નો કર્યા !" આદિ હાર્દિક ઉલ્લાસથી અનુમોદના કરી અનેરો સંતોષ અનુભવતાં.

એમ કરતાં વૈશાખ મહિનો શરૂ થયો, **અખાત્રીજના** મંગળદિને પરમાત્મા **યુગાદિપ્રભુએ શ્રેયાંસકુમાર** દ્વારા આ **ભરતક્ષેત્રમાં** પ્રારંભ કરાવેલ દાન ધર્મની વાતના આધારે, એવી વિચાર સરણિ પર ચઢતા કે–

સુપાત્ર દાનની જેમ જ્ઞાનદાન પણ અપૂર્વકોટિનું ભવ્યજીવો માટે તરવાનું સાધન છે, એટલું જ નહીં પણ અપેક્ષાએ વિચારીએ તો જ્ઞાનદાન સિવાય બાકીના દાન આત્મકલ્યાણ સાથે સીધા સંબંધવાળા નથી. તેથી એવા કોઈ મહાનુભાવ જલ્દી પ્રકટે કે જે કાળબળે ઝાંખી પડેલ શ્રુતજ્ઞાનની પરંપરામાં વિશિષ્ટ રીતે પ્રાણ પૂરી અનાદિકાલીન ભવ–વાસનાના મૂળ ઉખેડવાની શક્તિ આગમિક–જ્ઞાનના અપૂર્વ તેજથી ભવ્ય–જીવોને સમર્પે.

આવી–આવી ઉદાત્ત ભાવનાઓથી **અક્ષયતૃતીયાના** પનોતા–પર્વની ઉલ્લાસભેર આરાધના કરી.

આ દરમ્યાન પૂ. ચરિત્રનાયકશ્રીની ચોથી પેઢીએ થયેલા ધર્મપુરૂષ **શેઠશ્રી ભવાનીદાસ જીવણભાઈ ગાંધીની** મંગલ સ્મૃતિ–અર્થે પૂ. ચરિત્રનાયકશ્રીના કુટુંબીજનો તરફથી પૂ. ચરિત્ર નાયકશ્રીના જન્મ–સ્થળની પડખેજ **શ્રી. મી. ગુ. ઉપાશ્રયને** અડીને **શ્રી વાસુપૂજ્ય પ્રભુનું** નાનું પણ દેવવિમાન જેવું સુંદર, શિલ્પકલા–સમૃદ્ધ જિનાલય બંધાવેલ, તેની * પ્રતિષ્ઠા તથા પૂ. ચરિત્રનાયકશ્રીના ઘરની સામે જ વીશાપોરવાડોએ બંધાવેલ **શ્રી અજિતનાથ પ્રભુના** ચૌમુખ જિનાલયની પ્રતિષ્ઠા અંગે ચૈત્ર વદ ૧૩ થી અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ થયેલ, જેમાં મંગલકુંભ–સ્થાપના, જવારારોપણ, નવગ્રહપૂજનાદિ, શાંતિસ્નાત્ર આદિ માંગલિક પ્રસંગોએ **જમનાબહેને** ઉમંગભેર લહાવો લીધેલ, વિવિધ મંગળગીતો ગાઈ વીતરાગ–પ્રભુના શાસનની પ્રભાવના થાય તેવી અંતરંગ ભાવનાઓની સુષમામાં ઉમંગભેર મહોત્સવના વિવિધ કાર્યક્રમોમાં થતા શારીરિક–શ્રમની પણ પરવા કરી ન હતી.

પૂ. ચરિત્ર–નાયકશ્રીના જન્મથી બરાબર ૮૪ દિવસ અગાઉ વિ. સં. ૧૯૩૧ વૈ. સુ. ૬ના મંગળ દિવસે પૂજ્ય ચરિત્રનાયકશ્રીના કુટુંબીજનોએ ખૂબ જ ઉમંગભેર **શ્રી વાસુપૂજ્ય પ્રભુનું** બિંબ પૈતૃક જિનાલયમાં પધરાવ્યું, તેમાં **જમનાબહેને** આનંદપૂર્વક ભાગ લીધેલ અને **શ્રી અજિતનાથ** પ્રભુના દહેરાસરે પણ તેજ દિવસે મંગળ પ્રતિષ્ઠા–પ્રસંગમાં ચઢતે પરિણામે ભાગ લઈ **જમનાબહેને** ગર્ભસ્થ–બાળકની મંગળ–ભાવનાના પરચાને સક્રિય સ્વરૂપ આપ્યું.

* લોકોક્તિ પ્રમાણે વીશાપોરવાડોનું બંધાવેલ આ દહેરાસર છે, જો કે આજે કપડવંજમાં વીશા-પોરવાડ જ્ઞાતિનો કોઈ જૈનધર્મ પાળતો નથી–એ કાળની બલિહારી છે.

પ્રતિષ્ઠા–મહોત્સવ પત્યા પછી સુ. ૮ ના પ્રતિક્રમણ પછી પૂ. સાધ્વીજી મ. સાથે શાસનના પ્રાણસમા આગમોની પુનિત–પ્રભાવકતાની વિચારણા પ્રસંગે જાણવા મળ્યું કે–

"આ પવિત્ર આગમોની રચનાની પુણ્યતિથિ વૈ. સુ. ૧૧ ની છે, તે દિવસે ચરમતીર્થંકર પ્રભુ **મહાવીર પરમાત્માએ** શાસનની સ્થાપના કરી અને ગણધરો દ્વારા દ્વાદશાંગીની રચના કરી."

આ વાત સાંભળી **જમનાબહેનને** કોણ જાણે કેમ ! એકેક દિવસની પવિત્ર–મહત્તાને ધ્યાનમાં લઈ તેનું આરાધન કરવા ઉમંગ જાગેલ.

પોતાના સ્વામીનાથને વાત કરી વૈ. સુ. ૧૦ **પ્રભુ મહાવીર** ભગવંતના કેવળજ્ઞાન દિવસ તરીકે પવિત્ર માની તે દિને આંબિલ કરી વૈ. સુ. ૧૧ શાસનની સ્થાપના દિને ઉપવાસ કરી **પ્રભુ મહાવીર** પરમાત્માની અષ્ટદ્રવ્યથી ભાવપૂર્વક પૂજા કરી સ્નાત્ર ભણાવી સુંદર અંગ–રચના સ્વહસ્તે કરી "**વિષમ–કળિકાળમાં શાસનનો વારસો પ્રભુ મહાવીરે કેવો સુંદર આપ્યો છે ! આગમોનો ખજાનો કેવો અણમોલ છે !**" વગેરે ઉદાત્ત–વિચારોથી પરમાત્મા પ્રતિ કૃતજ્ઞતા ભાવ યત્કિંચિત્ વ્યક્ત કર્યાનો સંતોષ માન્યો.

મગનભાઇને સાથે લઇ વિહારક્રમે પધારેલ પૂ. **મુનિશ્રી પ્રકાશવિજયજી** મ. પાસે જઇ આગમોની હસ્તલિખિત પ્રતિઓનું સોનેરી–રૂપેરી મુદ્રાઓથી પૂજન કરી બહુમાન પૂર્વક જ્ઞાનભક્તિ કરી.

પૂ. સાધ્વીજી મ. પાસે જઈ બપોરના સમયે અગિયાર ગણધરના ફોટાને પધરાવી અગિયાર ગણધરના દેવવંદન ઉલ્લાસભેર કર્યા.

સાંજના પૌષધ લઇ પ્રતિક્રમણમાં **શ્રી વજ્રસ્વામીજી**ની અદ્‌ભુત સજ્ઝાય સાંભળી પ્રતિક્રમણ પછી સંથારાપોરસી પૂર્વે **જમનાબહેન શ્રી વજ્રસ્વામીજી**ના નાની બાલ્યાવસ્થામાં પણ અદ્‌ભુત સંયમી–જીવનની વિચારણામાં ખોવાઈ ગયાં.

"આવા મહાપુરૂષોની આજે ખરેખર જરૂર છે, હે પ્રભુ ! આજે આગમોને પેટી–પટારામાંથી બહાર કાઢી યોગ્ય અધિકારી–જીવોના હાથમાં પહોંચાડનાર કોઇક પુણ્યવાન્ મહાપુરૂષ જન્મે તો શાસનનો ઉદ્યોત ખૂબ ફેલાય. !!!"

સંથારાપોરસી ભણાવ્યા પછી સંથારામાં સુવા છતાં ઉદાત્ત–વિચારધારામાં ઉંઘ જલ્દી ન આવી અને આવી તો કયારે આવી ! તે ખબર ન રહી અને મધ્યરાત્રે જાણે મધ્યમનિદ્રાએ **જમનાબહેનને** કોઇક ઢંઢોળીને કહેતું હોય કે–

"બહેન ! શાને આટલી ચિંતા કરો છો ? તેવું મહામૂલું રત્ન તમારી કુક્ષિમાં જ છે, તે

શાસનનું અદ્વિતીય અણમોલ રત્ન થશે! તમારી ભાવનાને સાકાર કરે તેવા આગમોના સમર્થ વ્યાખ્યાતા તમારા કૂખથી જન્મેલ મહાપુરૂષ થશે.''

આવો ભાસ થયો.

જમનાબહેન ઝબકીને જાગી ગયા, આસપાસ કંઇ ન દેખાયું–'સ્વપ્ન હતું કે સાચું!' મને શો ભાસ થયો!

થોડીવારે ફરી **જમનાબહેન** શાંતિથી નવકાર ગણી સૂઇ ગયાં.

પણ આ ભાસ થયા પછી **જમનાબહેનને** વારંવાર આગમોના પ્રભાવક કો'ક મહાપુરૂષ થાય, જલ્દી થાય, થશે કે નહીં! આદિ જે અજંપો હતો તે શમી ગયો

જો કે **જમનાબહેનને** પગતળે રેલો આવવાની જેમ પોતાનો પુત્ર સંસાર છોડી સાધુપણું લે તે રૂચ્યું નહીં, મોહના ઉદયની કારમી અસર જરા તેમને ગૂંચવતી રહી, પણ એકંદર આગમોના સંબંધમાં કો'ક મહાપુરૂષ હવે આ સંસારમાં પ્રગટ થવાની સંભાવનાથી **જમનાબહેન** આંતરિક રીતે પ્રસન્ન થયાં.

આ પછી **જમનાબહેન** લગભગ આઠમો મહિનો આવતો હોઇ પ્રવૃત્તિની દૃષ્ટિએ ધર્મમાં જરા મંદ પડ્યાં, પણ આંતરિક વિચારધારામાં–

''વિષમકાળ જિનબિંબ જિનાગમ
ભવિયણકું આધારા''
''મોહનું ઝેર નિવારણ મણિસમ
તુજ આગમ તુજ બિંબજી''
''મારે તો સુપમાથી દુઃષમો
અવસર પુણ્યનિધાનજી''
''ખિમાવિજય જિનબિંબ સદાગમ
પામ્યો પુણ્યનિધાનજી''

આદિ સ્તવનોની કડીઓ મગજમાં ખૂબ ગુંજતી રહેતી હોઇ પ્રભુશાસનના અદ્વિતીય મહિમાને ચમકાવનાર કો'ક મહાપુરૂષ હવે જાણે જગતમાં પ્રગટવાની તૈયારીમાં છે, તેના આનંદની સાથે અવસરે અવસરે આગમોનું બહુમાન-ભક્તિ–વિનય કરવા–કરાવવાના ભવ્ય મનોરથો થતા.

મગનભાઈ તે મનોરથોની પાછળ રહેલ ઉમંગને પારખી યથાયોગ્ય રીતે પૂરા કરવા સક્રિય પણ બનતા.

પરિશિષ્ટ પર્વ અને **હિમવંત થેરાવલી**ના ભાષાંતરમાંથી **પ્રભુ મહાવીર દેવ**

પરમાત્માના નિર્વાણ પછી ૧૦૦૦ વર્ષના ગાળામાં ત્રાટકેલા ભીષણ બારવર્ષીય દુષ્કાળોથી વેરવિખેર થવા પામેલ આગમિક વારસાને સુરક્ષિત રાખવા પુનિત–નામધેય ગીતાર્થ–મહાપુરૂષોએ કરેલ ભગીરથ પ્રયત્નોના ફળરૂપે છ વાચનાઓ થયાની વાત **જમનાબહેન મગનભાઈ** પાસે વારંવાર વાંચી સંભળાવવાનો આગ્રહ કરતાં.

મગનભાઈ પણ **જમનાબહેનની** આગમિક તીવ્રરૂચિ ઉપજવા પાછળ ગર્ભસ્થ જીવની ઉદાત્ત ભાવનાઓને કારણભૂત માની ઉમંગભેર સુંદર રોચક શબ્દોમાં અવારનવાર તેવા પ્રસંગો સંભળાવતા, જે સાંભળી **જમનાબહેન** ખૂબ પ્રસન્ન થતાં.

કાળક્રમે ગર્ભસ્થ–બાળકની ઉદાત્ત પુણ્યપ્રકૃતિબળે **મગનભાઇને** પાઘડીઓના વેપારમાં અને નાણાંની ધીરધારમાં થતી વ્યાજની આવકમાં તથા ઈજ્જત આબરૂમાં અતર્કિત વધારો થવા લાગ્યો.

જેઠ મહિનાની સુ. ૩ ના રોજ **પૂ. ઝવેરસાગરજી મ.**નો પત્ર **મગનભાઇને** મળ્યો.

જેમાં તેઓના અનેક આગમિક પ્રશ્નોના સમાધાન સાથે વર્તમાનકાળે આગમિકજ્ઞાનની અલ્પતા થવાથી તાત્વિક વિચાર–સરણિ શ્રી સંઘમાં નિસ્તેજ થવા માંડી છે, તે અંગે ઉલ્લેખ હતો.

"સાથે સાથે પુણ્યવાન્ વ્યક્તિના જન્મના ભણકારાની તેમાં નોંધ હતી, તેના કારણ તરીકે વિક્રમની ૧૯૩૧ ની સાલ, ગુરૂ–શનિ–મંગળના વિશિષ્ટ કેન્દ્રીયયોગ અને શુભ ગ્રહોના અંશાત્મકયોગની વાત જણાવેલ જે ઉપરથી શાસનનો અદ્વિતીય પ્રભાવ વધારનાર કોઈક પુણ્યાત્માના જન્મની સંભાવના જણાવેલ.

વધુમાં જણાવેલ કે પૂ. **આ. શ્રી. અભયદેવસૂરીશ્વર** પ્રણીત **શ્રી આગમ–અષ્ટોત્તરી ગ્રંથ** મળે તો મેળવીને સામાયિકમાં વાંચશો."

પૂ. ઝવેરસાગરજી મ.ના પરિચયથી દૃઢ શાસનાનુરાગી બનેલ **મગનભાઇએ** પૂ. ગુરૂદેવના વચનોને શકુનની ગ્રંથિ તરીકે હૃદયમાં અંકિત કરી **શ્રી આગમ અષ્ટોત્તરી ગ્રંથ** ભંડારમાંથી શોધી કાઢ્યો, પ્રાચીન હસ્તલિખિત તેની પ્રત વિ. સં. ૧૬૫૫ ની ટૂંકા–ટબાવાળી મેળવી ખૂબ રાજી થયા.

એ ગાળામાં વિહારક્રમે પધારેલા અને શ્રી સંઘના આગ્રહથી ચોમાસું બિરાજમાન થયેલા **પૂ. ઉદ્યોતવિજયજી મ.** (આદિ ઠા. ત્રણ)નો સંપર્ક સાધી પૂ. ગુરૂદેવની આજ્ઞા પ્રમાણે સામાયિક લઈ જ્ઞાની–ગુરૂના મુખથી પાઠ લેવારૂપે અર્થની ધારણા કરી.

જમનાબહેનને પણ ઘરે સામાયિક લેવડાવી જે. સુ. ૧૩ થી જેઠ વદ ૫ ના ગાળામાં **શ્રી આગમઅષ્ટોત્તરી ગ્રંથ** આખો ટબા–અર્થની સમજુતી સાથે સંભળાવ્યો.

જમનાબહેન તો આ સાંભળી ખૂબ જ પ્રમુદિત બન્યા.



જેઠ વદ ૮ ના પ્રતિક્રમણ પછી રાત્રે શુભ વિચારણા કરતાં સઘળા આગમોના નિચ્યંદ રૂપ ટૂંકાણમાં આખી દ્વાદશાંગીનો પરિચય જેમાં છે તેવા **શ્રી નંદીસૂત્ર** મૂળ (ચૂલિકા સૂત્ર) સાંભળવાની જિજ્ઞાસા થઈ.

મગનભાઇએ પૂ શ્રી **ઉદ્યોતવિજયજી** મ. ને વાત કરી, **પૂ. શ્રી ઉદ્યોત વિજયજી** મ. શ્રીએ શ્રી **નંદીસૂત્રના** સાત આયંબિલ કરેલ પણ વ્યાખ્યાશક્તિ માટે ક્ષયોપશમ ન હતો, તેથી મૂળ તેઓ વાંચતા અને **પૂ. નયવિજયજી મ.** તેનો ટૂંકો ભાવાર્થ કહેતા.

આ રીતે જેઠ વદ ૧૦ થી અષાડ સુ. ૧૦ સુધીના દિવસોમાં ૭૦૦ ગાથાનું મહામાંગલિક **શ્રી નંદીસૂત્ર** આખું અર્થ સાથે **જમનાબહેને મગનભાઈ** સાથે સામાયિક લઇ બપોરે ૩ થી ૪ ના ગાળામાં સાંભળ્યું, પરિણામે ખૂબ ઉલ્લાસ થયો.

ત્રણ દિવસ પછી ચૌમાસી ચૌદશ આવી, કુટુંબીઓનો ઇન્કાર છતાં **મગનભાઈની** હાર્દિક મૂક સંમતિ લેઈ **જમનાબહેને** ગર્ભસ્થ પુણ્યાત્માની મંગળભાવનાથી પ્રેરિત બની ચૌમાસીનો છઠ્ઠ કરી બે દિવસનો પૌષધ કર્યો.

ચૌમાસી દેવવંદન કર્યા. ૨૪ તીર્થંકર પરમાત્માના દેવવંદનમાં મોહના સંસ્કારોને સમૂળ-નાશ કરવા માટેની પ્રેરણાનાં અમૃત **જમનાબહેન** કલ્પનાથી મેળવતાં રહ્યાં અને ઉલ્લાસની લાગણી અનુભવી **"મોહના ક્ષયોપશમની વિશિષ્ટ ભૂમિકાએ લઇ જનારા વીતરાગ પ્રભુનાં આગમો ક્ષાયિકભાવે મોહને અસેડનારાં બને છે, માટે આ કાળમાં હકીકતમાં શ્રુતજ્ઞાનની ભક્તિ-ઉપાસના જીવનશુદ્ધિ માટે ખૂબ જરૂરી છે."**

આ વાતને મૂર્ત સ્વરૂપ આપનાર પુણ્યવાન જીવની માતા બનવાનું સૌભાગ્ય કદાચ મને મળે તેમ છે, એવી ખાત્રી વૃષભનું સ્વપ્ન, ગર્ભમાં બાળકના આવ્યા પછી પોતાની ઉત્તરોત્તર ચઢતી ધર્મની ભાવના, તેવા વિશિષ્ટ દોહદો, આગમની ભક્તિ કરવા માટેના વિવિધ મનોરથો આદિથી **જમનાબહેનને** થયેલી.

ચૌમાસીની મંગળ-આરાધના ઉમંગભેર કર્યા પછી શરીર જરા શિથિલ બન્યું.

ઉલટીઓ અને ઉબકા વધુ આવવા લાગ્યા, પણ શ્રીનવકાર-મહામંત્રનો જાપ અને **સમકિતના સડસઠ બોલની સજઝાય** તથા **પં-રૂપવિજયજી મ.** કૃત **પિસ્તાલીશ આગમની મોટીપૂજા** ના સ્વાધ્યાયમાં મન પરોવી **જમનાબહેન** શારીરિક-પીડાઓને શમાવવા લૌકિક દેશી ઉપચારોની વધુ પડતી તમન્ના રાખ્યા વિના ખૂબ જ પ્રસન્નતાથી પરિસ્થિતિને અનુરૂપ બની રહ્યાં.

મગનભાઈ પણ અવસરોચિત નવમા મહિને ગર્ભની પરિપકવ અવસ્થાને કારણે તેમજ શારીરિક-બંધારણની દૃષ્ટિએ થતા ફેરફારોને દેશી ગૈદ્યરાજની સલાહ પ્રમાણે પારખી યથાયોગ્ય

દેશી ઘરગથ્થુ વારસાગત ઘરડાં–ડોશીમાના વૈદાની પ્રામાણિક રીત પ્રમાણે ચૈાગ્ય સારવારમાં દત્તચિત્ત બન્યા.

પોતાના રોજિંદા ધાર્મિક–જીવનમાં ક્રિયાઓની આચરણામાં પસાર થતા પાંચથી–છ કલાક અને વ્યાપારાદિમાં જતા ત્રણથી ચાર કલાકને ગૌણ કરી ઉત્તમ–મહાસ્વપ્નથી સૂચિત ગર્ભસ્થ મહાપુરૂષની મહત્તાને ધ્યાનમાં રાખી સમયસૂચકતા વાપરી ઘરે સામાયિક કરી ધાર્મિક વાંચન કરતા.

અવસરે **જમનાબહેનની** ધર્મશ્રવણની ઇચ્છા પૂરી કરતા.

વ્યાપારાદિ કામ પણ ગૌણ બનાવેલ, ઘરે જ બધું પતાવી દેતા, તેમ છતાં ગર્ભસ્થ મહાપુરૂષના પ્રતાપે પુણ્યના ઉદયાનુસાર દુકાન ન ખોલવા છતાં ઘર–બેઠાં **મગનભાઇને** ધાર્યા કરતાં વધુ પ્રાપ્તિ થવા પામેલ.

આ રીતે અષાઢવદના દિવસો પસાર થઇ રહ્યા.

શરીરશાસ્ત્ર અને પ્રસૂતિશાસ્ત્રની દૃષ્ટિએ નવમા મહિનાના કારણે જમનાબહેનની પ્રકૃતિ સામાન્ય રીતે જેવી અને જેટલી કથળવી જોઇએ, તેટલી ગર્ભસ્થ મહાપુરૂષના પુણ્યપ્રતાપે તેમજ ગર્ભસ્થ બાળકની ઉદાત્ત પ્રકૃતિથી થવા પામેલ ધર્મ–મનોરથો અને તેની ક્રિયાઓની આચરણાઓના બળે બગડેલ નહીં.

આ વાત સંબંધી, સગા-વહાલાં, આડોશીપાડોશીઓના ધ્યાન પર આવેલ, તેથી પણ **જમનાબહેનનું** ગર્ભસ્થ બાળકની અનુમાનિત મહાપુરુષની જનેતા તરીકનું સંભાવિત સન્માન બધાના હૈયામાં વસી રહ્યું.

વ્યવહારૂ–દૃષ્ટિએ બધાને આશ્ચર્ય થતું, તેમાં પણ હૈયામાં ધર્મના સંસ્કાર ઉંડે સુધી નહીં વસેલાના મુખથી એવું પણ બોલાતું કે "હેં ! નવમો મહિનો અને પુરા દિવસ થવા આવ્યા તોય પાંચમા–છઠ્ઠા મહિનાનાં પણ લક્ષણ કે શરીરમાં થતા ફેરફારો ઉબકા, અરૂચિ, કટિશૂલ આદિ પ્રસૂતિકાળ સાથે સંકળાયેલાં દરદો નથી ! ભારે કહેવાય !

કંઇ ગોટાળો તો નહીં હોય ને ! ગર્ભ જામતો નહીં થઇ ગયો હોય ને ?"

આમ તો આપણે જોઇએ છીએ કે–પ્રથમના બે મહિનાની તો કંઈ સમજણ ન પડે, પણ ત્રીજે મહિને ગર્ભસ્થ–બાળકના શરીરનું બંધારણ ગોઠવાઇ જાય છે, ત્યારથી મોટે ભાગે માસિક–ધર્મ બંધ થવું, મોંમાં પાણી વળવું, અન્નની રૂચિનો ઘટાડો, ઉલટી જેવી મુંઝવણ, ખટાશવાળા પદાર્થો તરફની રૂચિ આદિ વરતાવવા લાગે છે.

ચોથે મહિને શરીરમાં ભારેપણું અનુભવાય છે, પાંચમે મહિને શરીરની કૃશતા થવા માંડે છે, છઠ્ઠે મહિને શરીરના રૂપરંગમાં ઝંખાશ આવવા લાગે છે. અને સાતમે મહિને તો ગર્ભિણીબાઇ કંઈ કામકાજ ન કરે તો પણ અત્યંત થાક અનુભવે છે.

પણ અજબ વાત છે કે **જમનાબહેન** ને ઠેઠ નવમા મહિનો જાય છે, છતાં હજી પૂજા કરે છે, સામાયિક–પ્રતિક્રમણ કરવા જાય છે, આઠમ–ચૌદશ ઉપવાસ–આંબિલ આદિ કરે છે, શરીરમાં કંઈ ગ્લાનિ–ફીકાશ કે થાક વગેરે વર્તાતો નથી ! શું કારણ હશે ?

ગર્ભના બદલે કંઈ નવું તૂત તો પેટમાં નહીં થયું હોય !"

આદિ–આદિ શંકા–કુશંકાઓના વમળમાં **જમનાબહેનને** તથા **મગનભાઈને** ફસાવવા અજ્ઞાન–મૂઢ સગાંવહાલાં મથતાં, પણ **ભગત** તરીકે વિખ્યાત અને ધર્મક્રિયાથી સુયોગ્ય વિવેક બુદ્ધિના પગથારે ઉભેલ **મગનભાઈ** અને ગર્ભસ્થ જીવના પુણ્ય–પ્રતાપે ઉદાત્ત સાત્ત્વિક પ્રકૃતિનાં બની ગયેલ **જમનાબહેન** એવા ઠંડા મિજાજથી કહેતાં કે–"શા માટે ચિંતા કરો છો ? આપણા જેવા કર્મ હશે–તેવું બનશે ! ધર્મની ક્રિયાઓની ભૂમિકા પર આવ્યા પછી શીદને ચિંતા કરવી ! શાસનદેવ સહુ સારૂં કરશે"


નવમા મહિનાના કારણે પ્રસવકાળ નજીક જાણી **મગનભાઈએ** કુલ–વૃદ્ધાઓની અને ઠરેલ–બુદ્ધિની સૂતિકાકર્મ–કરાવનારી પરિચારિકાઓની બાનગી સલાહ લીધેલી, તેઓએ કહેલ કે "કોક પુણ્યવાન જીવ ગર્ભમાં આવે તો તેની માતાને દુન્યવી રિવાજ પ્રમાણે શારીરિક અસરો કે ફેરફારો ન થાય, તેવું પણ જાણવા મળ્યું છે."


આ વાત જાણી લોકોની યદ્વા-તદ્વા વાતોથી **મગનભાઈ**ના માનસમાં ઘેરાયેલું, વાદળ વિખરાઈ ગયું અને ધર્મપ્રભાવે સહુ સારૂં થશે એ ભાવ સુદૃઢ થયો.





વર્ધમાન સ્વામિને નમઃ





પ્રકરણ–૪

ચરિત્રનાયકશ્રીનો જન્મ અને આનંદ–વધામણાં

હુંડીકતમાં પુણ્યવાન ઉદાત્ત સાત્ત્વિક પ્રકૃતિના–મહાપુરૂષો તે તે ક્ષેત્રના વિશિષ્ટ પુણ્યબળે જ્યારે યોગ્ય આત્મશક્તિના વિકાસના પગથારે સ્વ-પરનું અચૂક કલ્યાણ સાધી શકવાની ભૂમિકાએ જન્મતા હોય છે, ત્યારે મોહના કારમા–સંસ્કારોની ઘેલછાને હઠાવી વિશિષ્ટ કર્તવ્ય-નિષ્ઠા, લક્ષ્યજાગૃતિ આદિ સાત્ત્વિક જીવન–શક્તિઓને પોષણી માટે ફલદ્રૂપ–ભૂમિકાના સંપાદન માટે કુદરતી પરિબળો પણ સાહજિક રીતે ક્રિયાશીલ બનતા હોય છે.

પરિણામે સામાન્ય–માનવીઓની બુદ્ધિમાં ન ઉતરે તેવું કંઈક અનુભવાતું હોય છે.

એટલે પૂ. ચરિત્રનાયકશ્રી જ્યારે જન્મ્યા ત્યારની સામાન્યથી સ્થિતિ એવી હતી કે–

વિષમ–દુષમ આરાના અનિષ્ટતમ પ્રભાવના ફેલાવાથી તરણ–તારણહાર પૂજ્યતમ શ્રીજિન-આગમોની તાત્ત્વિક–દૃષ્ટિથી આરાધ્ય તરાકેની ઉપેક્ષા, શિથિલાચાર, સ્વચ્છંદતા, દુન્યવી માન-પાન અને સાધુપણાને કલંકરૂપ જનરંજનાર્થે અહંભાવ પોષવા માટે અમર્યાદિતરૂપે કરાયેલ મંત્ર, યંત્ર, તંત્ર, ચિકિત્સા, જ્યોતિષ આદિ જ્ઞાનના અણસમજભર્યા દુરૂપયોગને કારણે નિરંતરપ્રાયઃ બનેલી શ્રમણસંસ્થાના કારણે આગમિક–જ્ઞાનની પરંપરા ચારિત્રની નબળી મર્યાદાથી છિન્નભિન્ન બનેલ.

કેટલાક શાસનાનુરાગીઓએ ક્રિયા–ઉદ્ધાર કરી સંવેગી શાખારૂપે શાસનનો મૂળમાર્ગ ચારિત્રશુદ્ધિનો ટકાવી રાખ્યો, પણ તેમ કરવા જતાં આગમિક–જ્ઞાનની પરંપરાનો વારસો જતો

કરવો પડ્યો, તો તે મંજુર રાખીને પણ શાસનની મૂળભિત્તિ સ્વરૂપ આચાર માર્ગ કે–જે ખૂબ જ પ્રયત્ન અને જ્ઞાનીઓની નિશ્રા આદિની અપેક્ષાવાળો છે, તે ટકાવી રાખ્યો.

આગમિક–જ્ઞાનની પરંપરા તો મોહના ક્ષયોપશમવાળા વિશિષ્ટ–ચારિત્રસંપન્ન કોઈક મહાત્મા પૂર્વજન્મની આરાધનાના બળે ફરીથી મેળવી શકે, પણ ચારિત્રશુદ્ધિનો રાજમાર્ગ જોખમાઈ જાય તો શાસન–વિચ્છેદની અનિષ્ટ તક આવી પડે.

તેથી દીર્ઘદર્શી–સંવેગી મહાપુરૂષોએ કથવાતા મને પણ આગમિક–જ્ઞાનના વારસાને જતો કરી આચારમાર્ગ ટકાવવા કુનેહભરી દીર્ઘદૃષ્ટિ વાપરી તો ઓગણીસમી સદીના પ્રારંભે ૩૦ થી ૩૫ સાધુઓની જૂજ સંખ્યા પણ આજે વડવૃક્ષની જેમ હજારોની સંખ્યામાં પુનઃ આગમિક જ્ઞાનની સમૃદ્ધિ સાથે જયવંત બની છે.

આ બાજુ આગમિક–જ્ઞાનના વારસાવાળો વર્ગ પણ પોતાના શિથિલાચારથી સ્વતઃ કાળના ગર્ભમાં લુપ્ત થઈ ગયો.

કેટલાક મળી આવતા ઉલ્લેખ પ્રમાણે અઢારમી સદીના પૂર્વાર્ધના ઉત્તર ભાગમાં ૩૫૦૦ જેવી વિશાળ સંખ્યામાં તે વર્ગ હોવા છતાં કાળબળે શાસનની આચાર–પરંપરાને બિન વફાદાર થવાથી ઉધઈ લાગેલા લાકડાની જેમ ઝડપભરી કાળગતિને આધીન બની પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મ સમયના કાળે લગભગ નિઃશેષ–ક્ષીણપ્રાય–નિસ્તેજ થઈ જવા પામેલ.

પણ એકંદર આગમિકજ્ઞાનની પરંપરા લગભગ વેરવિખેર થવા પામી હતી.

આ રીતે સંયમ અને આચાર–નિષ્ઠાનું રક્ષણ કરવા જતાં આગમિક–જ્ઞાનની પરંપરાના વારસદાર વર્ગ સાથે વધુ પડતા શિથિલાચારના કારણે સાવ સંબંધ–વિચ્છેદ કમને પણ કરવો પડેલ, પરિણામે આગમિકજ્ઞાન અને તે માટે જરૂરી ભાષાકીય ઉચ્ચસ્તરનું જ્ઞાન દુરૂહ થવા પામેલ.

પરિણામે આગમો પેટી પટારા, કબાટ–ડાબડામાં અ–પ્રતિલેખિત અવસ્થામાં એમને એમ ધૂળ, જીવાત, આદિ દુર્દશાના ભોગ બની રહેલ, એથી કોઈક પૂર્વજન્મની વિશિષ્ટ શ્રુતજ્ઞાનની આરાધનાબળે વિશિષ્ટ ક્ષયોપશમથી એકલા હાથે ભગીરથ પુરૂષાર્થ કરનાર મહાપુરૂષની ખોટ સમજી વિચારક પુણ્યવાન્ આત્માઓને લાગતી.

ભાવીયોગે **ભારતના** નંદનવનસમા ગરવી **ગુજરાતના** ભવ્ય લલાટ પ્રદેશની જેમ શોભતા **ચરોતર** જિલ્લાના તિલકસમા **કપડવંજ** નગરના હૈયાસમા **દલાલવાડામાં** પૂર્વમાં **અષ્ટાપદજીનું** દહેરાસર, પશ્ચિમમાં **આદીશ્વર પ્રભુનું** દહેરાસર, ઉત્તરમાં **ચિંતામણિદાદાનું** અને દક્ષિણમાં શ્રી **અજિતનાથપ્રભુ** (ચૌમુખજી) નું જિનાલય, તથા પૂ. ચરિત્રનાયકશ્રીના વંશજોએ બંધાવી પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મ અગાઉ માત્ર ૬૯ દિવસ પૂર્વે જેની પ્રતિષ્ઠા મહોત્સવ પૂર્વક થયેલ તે જિનાલયની સામેના જ ઘરમાં આખા શ્રી સંઘમાં **ભગત** તરીકે

વિખ્યાત, ચુસ્ત ક્રિયાનિષ્ઠ, વિવેકી, ધાર્મિકજનોમાં અગ્રેસર અને સાગરશાખાના ઉદાત્ત પ્રભાવક–વાદીકેશરી–વિદ્વદ્ ધુરંધર પૂ. મુનિ શ્રી **ગુણસાગરજી** મ. ના સંપર્કથી આગમિક–જ્ઞાન, શાસનમર્યાદા, શાસ્ત્રીય રીત–રિવાજો આદિથી ગીતાર્થ શ્રાવકતુલ્ય શેઠ શ્રી **મગનભાઈ**ને ત્યાં શ્રાવિકા–જીવનના સુયોગ્ય સંસ્કારોથી વાસિત શ્રી **જમનાબહેન**ની કુક્ષિથી પૂ. ચરિત્રનાયક–શ્રીના જન્મનો સુયોગ કુદરતે જાણે ખૂબજ દેશ–કાળને અનુરૂપ ગોઠવાઈ ગયાનું આજે વિવેક–દૃષ્ટિથી વિચારતાં સમજાય છે.

ધર્માત્મા **મગનભાઈ** સંસારના વૈરાગ્યભાવથી સુવાસિત બની પૂ. **ગુણસાગરજી** મ.ના નિકટના પરિચયમાં રહી તાત્ત્વિકદૃષ્ટિની કેળવણીમાંથી જન્મેલ ભવનિર્વેદના ફળ સ્વરૂપ જિનશાસનની સફળ આરાધનાના ઉચ્ચ પ્રકાર રૂપ સર્વવિરતિના પંથે જવા માટેની તમન્નાવાળા હતા, અવરોધરૂપ શ્રાવિકાની વિચારધારા હતી. તે ગર્ભસ્થ ઉદાત્ત પુણ્યપ્રકૃતિવાળા જીવના પ્રભાવે છેલ્લા ૭–૮ મહિનાથી અવર્ણનીયરીતે પલટાયેલી જોઈ **મગનભાઈ**ને વૈરાગ્યના પંથે જવા માટેનો માર્ગ મોકળો થતો લાગ્યો.

આદર્શ આરાધક બનેલ **જમનાબહેન** પણ સ્વપ્નમાં ચૌદ મહાસ્વપ્નોમાંના બીજા સ્વપ્નરૂપ વૃષભને જોયા પછી દિન–પ્રતિદિન ઉત્તરોત્તર ધર્મની ભાવના, વિરતિના પંથે ધપવાની ઉદાત્ત પરિણતિ, આગમિક અપૂર્વ–ભક્તિ અંતરના ઉમળકા સાથે કરવાની તમન્ના આદિથી પોતાના ગર્ભમાં હમણાં હમણાં જાગેલી આગમધર મહાપુરૂષની જરૂરીયાતને પૂર્ણ કરનાર પુણ્યાત્મા આવ્યો હોય તેમ પાકી ધારણા થવાથી ખૂબ આનંદોલ્લાસમાં ગરક થઈ રહ્યા.

આવા આનંદોલ્લાસના અદ્‌ભુત વાતાવરણમાં અસાડ વદ ૮ લગભગ તબિયત જરા નરમ થતાં ઘરે **મગનભાઈ**એ જાણકાર બાઈઓની સેવા–શુશ્રુષાની પૂરતી સગવડ દેશી ઓસડની તકેદારી સાથે રાખી.

અસાડ વદ ૧૩ની રાત્રે **જમનાબહેન**ને ૧૦થી૧૨ના ગાળામાં પેટમાં જબ્બર ચૂંક જેવું થવા લાગ્યું, જાણકાર બાઈઓએ દેશી ઓસડના વિલેપન દ્વારા રાહત કરી.

આવા પ્રસંગે આપવાદિક માર્ગે **મગનભાઈ**એ **જમનાબહેન**ને દુવિહાર પચ્ચકખાણ કરવાની વાત સાંજના કરેલ, તદનુસાર રાત્રે દવાનો ઉકાળો લેવા માટે ગર્ભસ્થ મહાપુરૂષની માતા તરીકેના બહુમાનથી સૂચના કરી.

પણ ગર્ભસ્થ ઉદાત્ત પુણ્ય પ્રકૃતિશાળી–આત્માના પુણ્ય પ્રતાપે **જમનાબહેને** દૃઢતા પૂર્વક કહ્યું કે–

"દેવગુરૂ–કૃપાએ બધું ઠીક થશે, મેં તો સાંજે તિવિહારની જ ધારણા રાખી છે,

ચૌવિહારનો વિચાર હતો, પણ આવતી કાલની ચૌદશની આરાધનામાં વિક્ષેપ ન આવે તેથી તિવિહાર કરેલ છે, બને ત્યાં સુધી પાણી પણ નથી લેવું, દેવગુરૂ-કૃપાએ બધું ઠીક થશે."

એમ કરતાં શ્રી નવકાર મહામંત્રના સ્મરણમાં લીન થયાં, જાણકાર બાઈ ઓએ પેટ અને પેડુના ભાગે દેશી ઓસડીયાં ઘસીને લગાવ્યાં.

જમનાબહેન તો શ્રી નવકારના ધ્યાનમાં લીન બની નિદ્રાવશ થઇ ગયાં, લગભગ ૧૨ વાગે તેજસ્વી પ્રકાશપુંજમાંથી કો'ક દિવ્યપુરૂષે જમનાબહેનને સંબોધી કહ્યું કે—

"ભદ્રે ! ચિંતા ન કર ? તારી કુક્ષિએ વર્તમાનકાળે મહાન્ આગમધર મહાપુરૂષનો જન્મ ૨૪ કલાક પછીની મધ્યરાત્રિએ થનાર છે.

વિષમ કળિકાળમાં તેમના પ્રગટાવેલ આગમોની વ્યાખ્યાના દીપકના અજવાળે અનેક ભવ્યજીવોનું કલ્યાણ થશે, ખરેખર તમે રત્નકુક્ષિના સૌભાગ્યવંતા ભિરૂદ્રવાળાં છો, લો ! હવે તમારા પેટનો દુખાવો શમાવી દઉં છું, હવે કંઈપણ તમને તકલીફ નહીં થાય, આવતી કાલે પણ નિરાબાધપણે સરળતાથી તમે મહાપુરૂષને જન્મ આપશો." આવું કહી તે દેવ અદૃશ્ય થયો, થોડીવારે ઝબકીને **જમનાબહેન** જાગી ઉઠ્યાં.

જાણકાર બાઈઓ બેઠેલી, તેઓ કહે કે 'કાં બહેન ! ઝબકયા કેમ ? કેમ છે પેટમાં તમને ? હજી તો અમે એકવાર જ દવાનો લેપ લગાડયો છે, બીજી દવાઓ ભેળવીને હવે બીજો લેપ તૈયાર કર્યો છે ! પણ જરા તમારી આંખ મળી ગઈ એટલે અમે તમારી નિદ્રામાં ભંગ ન પડે એથી જરા થંભી ગયાં હતાં."

"હવે બોલો કેમ છે ? આ લેપ કાઢીને બીજો લગાડી દઈએ ને !"

"સુવાવડમાં છેલ્લા દિવસોમાં આવો દુખાવો લગભગ થાય જ છે, તમે પુણ્યશાળી છો કે ! તમને નવમા મહિના ઉપર પાંચ છ દિવસ થયા, હવે તો પ્રસવની તૈયારી છતાં તમને પહેલી જ વાર આ દુખાવો થયો, નહીં તો આઠમા-નવમા મહિનામાં વારંવાર આવા દુખાવા થાય જ ! કેટલીય દવાના ઉકાળા પીવા પડે અને પેટે થરના થર લગાડી રાખવા પડે."

"તમે ખરેખર પુણ્યશાળી છો ! પણ હવે બોલો ! કેમ છે તમને ? બીજો લેપ ચઢાવી એને ! કંઇ રાહત ખરી આ લેપથી ?"

સ્વપ્નમાં જોયેલ અદ્ભુત દૃશ્યની વાત પતિદેવ સિવાય બીજાને કહેવાય નહીં, પણ પેટનો દુખાવો સાવ અદૃશ્ય થયેલ તેથી પેલી ઉપચાર માટે તત્પર જાણકાર બાઈઓને **જમનાબહેને** કહ્યું કે—

"મને પેટમાં હવે જરાપણ દુઃખાવો નથી, માટે હવે લેપની જરૂર નથી.

"બાર વાગ્યા છે હવે તમે નિરાંતે સૂઈ જાઓ, મારે નવકારવાળી ગણવી છે, તે આ લેપ સાફ કરી લો ! હું હાથ–પગ ધોઈ નવકારવાળી ગણવા બેસું !"

પેલી બાઈઓ કહે કે-"ના બહેન ! ના ના ! એવું ન કરતાં, અત્યારે તમારે બેઠા થવાય જ નહીં, આ દુખાવો એમ મટી જાય એ ન બને, એતો રાતના બાર વાગવા આવ્યા છે, એટલે અમારી ચિંતા તમે કરો છો, અમને સુવાડી દેવા તમે કહો છો કે મને દુખાવો નથી !!!"

"આઠમા–નવમા મહિનામાં લગભગ ઘણીવાર હેરાન કરતો આ દુઃખાવો તમને નવમા મહીના પછીના છ–સાત દિવસ દરમ્યાન મોડો થયો તે એકદમ મટી જાય એ ન બને ! હજી તો ખરી દવાઓ હવે ઘુંટાઈને તૈયાર થઇ છે, લો આ લેપ સાફ કરી નાંખીયે, પણ તમે સૂતાં રહો, સૂતા-સૂતા તમે નવકાર ગણો. પણ દુઃખાવા માટેનો આ નવો લેપ લગાડવા દો ?

જમનાબહેન કહે કે–"ના ના ! હું બોટું નથી બોલતી, મને જરાપણ દુઃખાવો નથી, બધું શમી ગયું, તમને સુવાડવા બોટું બોલું છું–એમ નથી.

"હકીકતમાં ધર્મપસાયે નવકાર ગણતાં ગણતાં ઉંઘ આવી, તેમાં બધું દેવગુરૂ પસાયે મટી ગયું, આવા તરણતારણહાર ધર્મપ્રત્યે કૃતજ્ઞતા દાખવવા માટે હમણાં હાથ–પગ ધોઈ ૧૦૮ નવકાર તો ગણવાજ છે."

"તમે બધા આરામ કરો !"

એમ કહી **જમનાબહેન** પેટ પરના લેપને ભીના કપડાથી સાફ કરાવી બેઠા થઇ કપડાં બદલી હાથ–પગ ધોઈ ઘરમાં સામાયિકની ઓરડી હતી ત્યાં જઇ ઘીનો દીવો કરી પ્રભુના ફોટા સમક્ષ સ્વપ્નની વાત કરી એક બાજુ શાંતિથી નવકાર ગણવા માળા લઇ બેઠાં.

બે ના ટકોરા પડ્યા અને **મગનભાઈ** માત્રાની શંકા ટાળવા ઉઠ્યા, સામાયિકની રૂમમાંથી દીવાનું અજવાળું બહાર આવતું જોઇ કુતુહલથી માતું કરી પાછા ફરતાં હાથ–પગની શુદ્ધિ કરી શુદ્ધ ધોતીયું પહેરી ઓરડીમાં આવ્યા તો **જમનાબહેનને** નવકારવાળી ગણતાં જોઇ **મગનભાઈ જમનાબહેનની** આવી ઉત્કૃષ્ટ ધાર્મિક હૈયાસુઝ કે સુવાવડની તકલીફમાં દવાના ઉપચાર કરતાં પણ ભાવદયા રૂપ શ્રી નવકાર મહામંત્રના જાપ તરફ રાતના બે વાગે પ્રવૃત્તિ નિહાળી પોતાના ભાવી સંયમમાર્ગના પ્રયાણની વધુ સરળતા સમજી આનંદિત થયા.

જમનાબહેને ઈશારાથી **મગનભાઈ** ને બેસવા કહ્યું.

નવકારવાળી પૂરી થયેથી **જમનાબહેને** મંદસ્વરે પતિદેવને પેટના દુઃખાવાની તીવ્રતા, પરિચર્યા કરનારી બહેનોએ તૈયાર કરેલ દવાનો લેપ લગાડયાની, નવકાર ગણતાં ગણતાં ઉંઘ આવી ગયાની વાત જણાવી બારવાગે ઝબકીને જાગી જવાની વાત, તે દરમ્યાન સુંદર–તેજના

પુંજ વચ્ચે કોઁક દિવ્ય પુરૂષ આ પ્રમાણે કહી ગયો અને પેટનો દુઃખાવો સાવ અદૃશ્ય થઇ ગયો વગેરે વાત જણાવી.....”

મગનભાઈ પણ આ સાંભળી ગર્ભસ્થ-જીવની વિશિષ્ટ પુણ્યપ્રકૃતિથી આકર્ષાઇ કોઁક સમ્યગ્દૃષ્ટિ દેવ આ રીતે ભાવી-મહાપુરૂષની બહુમાનભરી પરિચર્યા માટે તત્પર છે, એ વાત અનુમાનથી નક્કી કરી ખૂબ આનંદિત બન્યા.

જમનાબહેનને પણ દૂંકમાં પોતાની ધારણા જણાવી આનંદિત કર્યાં.

અસાડ વદ ચૌદશનું પ્રભાત ઉગ્યું, ઉલ્લાસભેર **જમનાબહેને** બેઠાં બેઠાં પણ પતિ સાથે રાત્રિ-પ્રતિક્રમણ કરી શ્રી **વાસુપૂજ્ય પ્રભુના** દહેરે સંક્ષિપ્ત વિધિએ અષ્ટપ્રકારી પૂજા કરી લોક-વ્યવહાર જળવવા કોઁક ની નજર કે શબ્દ બેસી ન જાય તે ખાતર ઘરે પધારીમાં સૂતા-સૂતા ‘**આઠપ્રભાવક પ્રવચનના કહ્યા**” સજઝાય અર્થ સાથે ખૂબ ભાવોલ્લાસ સાથે વાંચી-વિચારી પતિદેવની આજ્ઞાથી આંબિલના બદલે એકાસણું કરી પકૂખી-પ્રતિક્રમણની તીવ્ર અભિલાષા થવાથી **મગનભાઇ**ના મુખથી બધા સૂત્રો સાંભળવા સાથે ઘરે ભાવપૂર્વક સામાયિક લઇને ટેકે બેસીને કર્યું.

રાત્રે જમનાબહેને **ચઉસરણ પયન્નો** અર્થ સાથે સાંભળવવાની ભાવના જણાવી એટલે ૯ થી ૧૧ **મગનભાઇ**ના મુખથી **ચઉસરણ પયન્નો** સાંભળ્યો, તે સાંભળતાં-સાંભળતાં **જમનાબહેન** નિદ્રાવશ થઇ ગયાં.

સવારે પાંચ વાગે ઉઠ્યાં, રાઇપ્રતિક્રમણ કરવા ભાવના હતી પણ **મગનભાઈ**એ અવસર અને પરિસ્થિતિ જોઇ **જમનાબહેનને** પથારીમાં જ પડી રહેવા સુચવ્યું.

અસાડવદ અમાસના મંગળ પ્રભાતે દિવાસાના લૌકિક પર્વના કારણે વ્યાપાર આદિ બંધ હોઈ સમયના સદુપયોગ માટે સંઘ તરફથી સવારે ઠાઠથી સ્નાત્ર ભણાવી ૯ થી ૧૨ બારવ્રતની પૂજા ઘરની સામે રહેલા શ્રી **અજિતનાથ પ્રભુના** દહેરે ભણાવેલ, તે આખી પૂજા **જમનાબહેન** સાંભળી ખૂબ આનંદિત-પ્રમુદિત બન્યાં.

બપોરે પતિદેવને વાત કરી શ્રી **વાસુપૂજ્ય** પ્રભુના દહેરે સ્નાત્રપૂજા પોતાના કુટુંબના બધા પાંચ થી પંદર વર્ષના છોકરા-છોકરીઓને ભેગા કરી રખાવી, સ્નાત્રીયા તરીકે રહેલ તે બધા છોકરા-છોકરીઓએ ખૂબ ભાવોલ્લાસથી ઠાઠથી સ્નાત્ર મહોત્સવના રૂપક સાથે સ્નાત્ર પૂજા ભણાવી.

જમનાબહેને પોતાના ઘરની સામેના ઓટલે ખાટલામાં રહીને પણ આખી પૂજા સાંભળી **બાલક-બાલિકાઓ**ની ભક્તિ નિહાળી ખૂબ આનંદિત બન્યાં.

પછી તે બધાને ૧ રૂપિયો શ્રીફળ અને પેંડાની પ્રભાવના કરી પોતાના ઘરે ચાર વાગે દૂધપાક-પુરી જમાડ્યા.

તે પૂજ્ય મહોત્સવમાં ૧૧ છોકરા ૧૨ છોકરીઓ, ૧૦ બહેનો, ૬ પુરૂષો ૪ સાધ્વીજી મહારાજ અને ૨ સાધુ મહારાજ ઉપસ્થિત હતા,

કુદરતી ભાવીયોગે આ બધાનો સરવાળો ૪૫ નો થયો, તેમાં વળી ૧૧ અંગ, ૧૨ ઉપાંગ ૧૦ પયન્ના, ૬ છેદ સૂત્ર, ૪ મૂળસૂત્ર, અને બે ચૂલિકા સૂત્રોનો પણ સંખ્યાની દૃષ્ટિએ ક્રમ જળવાઇ રહ્યો.

મગનભાઈ અને **જમનાબહેન** ૪૫નો આંકડો અને અંગ ઉપાંગ આદિની સંખ્યાનો મેળ મળી ગયેલો જોઇ ખૂબ આનંદિત બન્યાં.

આમ ધર્મારાધનામાં અસાડ વદ અમાસનો દિવસ દિવાસા તરીકે લોકો ઉજાણીના નામે હરવા–ફરવામાં, ખાવા-પીવામાં ઉજવે, જ્યારે પુણ્યશાળી વિવેકી–દંપતિએ જાણે ગર્ભસ્થ બાળકની પ્રેરણાથી અદ્‌ભુત જિનભક્તિ–મહોત્સવમાં અસાડ વદ અમાસનો આખો દિવસ ધર્મમય રીતે પસાર કર્યો, સાંજે **જમનાબહેને મગનભાઈ** મારફત **ચિંતામણિ દાદાના દહેરે** તથા **શ્રી અજિતનાથ પ્રભુના** દહેરે ચઢાવો લઈને પણ આરતિ–મંગળદીવાનો લાભ લેવા પ્રેરણા કરી તે અનુસાર **મગનભાઈએ** બંને જગ્યાએ ભાવપૂર્ણ ઉલ્લાસથી આરતિ–મંગળ દીવો ઉતાર્યો.

પછી **મગનભાઈ** પ્રતિક્રમણ કરવા ઉપાશ્રયે ગયા. **જમનાબહેન** નવકારના જાપમાં લીન બન્યાં, રાતના નવ વાગ્યા પછી સાહજિક શારીરિક વિકૃતિઓ પ્રસવપૂર્વેની શરૂ થવા લાગી જાણકાર બાઇઓએ યથાયોગ્ય ઉપચારો ચાલુ રાખ્યા.

મગનભાઈ પ્રતિક્રમણ કરી જ્ઞાન–ચર્ચા કરી સંથારાપોરસીના સમયે ઘરે આવ્યા.

જમનાબહેનની નાજુક સ્થિતિ જોઇ **મગનભાઈએ** પુછ્યું કે–કેમ છે? **જમનાબહેને** કહ્યું કે–સારૂં છે, તમે સંથારાપોરસી ભણાવીને આવ્યા? મારે સંથારાપોરસી સાંભળવી છે, **મગનભાઈએ** કહ્યું કે હું સંભળાવું!

પછી **મગનભાઇએ** મંદ–મધુરસ્વરે સંથારાપોરસી સંભળાવવા માંડી, **જમનાબહેન** તેના શ્રવણમાં તેવાં લીન થઇ ગયાં કે પ્રસવપૂર્વેની અસામાન્ય શારીરિક પીડાઓ વિસરી ગયાં, ખૂબ ઉલ્લાસભેર સંથારાપોરસી સાંભળી.

"जइ मे हुज्ज पमाओ" તથા "जं जं मणेण बद्धं"

બે ગાથાના શ્રવણમાં ખૂબ ભાવની એકાગ્રતા સાથે લીન થયેલાં.

સંથારાપોરસી પૂરી થયા પછી 'जइ मे हुज्ज पमाओ' ગાથાના ચિંતનમાંથી સુવાવડનો પ્રસંગ ઘણાને જોખમી–વિકૃતરૂપે બને છે, તેથી પાણી પહેલાં પાળની જેમ **પુણ્યપ્રકાશનું** સ્તવન સાંભળવાની ઇચ્છા **જમનાબહેનને** થઈ.

મગનભાઈએ ઉચ્ચસ્થાને પ્રભુ **મહાવીર**ના ફોટાને પધરાવી ઘીનો દીવો કરી ગહુંલી કરી ૧। રૂપિયો તથા શ્રીફળ **જમનાબહેન**ના હાથે મુકાવી રાત્રે ૧૦।। વાગે મંદ–મીઠા લહેકાબંધ સૂરોથી **પુણ્યપ્રકાશ**નું સ્તવન શરૂ કર્યું.

રાત્રિના નીરવ–શાંત વાતાવરણમાં શબ્દો ઘણે દૂર સુધી સંભળાય, તેથી આસપાસના પડોશી બધા સફાળા જાગી ઉઠ્યા અને ચમકયા, **મગનભાઈ**ને ત્યાં કોણ અચાનક વધુ પડતી માંદગીમાં ફસાયું ? **જમનાબહેન**ને દિવસો પૂરા થતા હોઈ તેમની તબિયત બગડવાનો સંભવ વિચારી કુટુંબીજનો ચિંતાતુર થઈ બધા ભેગા થઈ **મગનભાઈ**ને ત્યાં ખબર કાઢવા આવ્યા.

જમનાબહેન પથારીમાં સૂતા હતાં. સામે ઉચ્ચસ્થાને **પ્રભુમહાવીર** પરમાત્માના ફોટા સમક્ષ ગહુંલી અને ઘીનો દીવો પધરાવેલ, તે બધું જોઈ બધાએ **મગનભાઈ**ને પુછ્યું–કે **'કેમ ભગત ! જમનાબહેનને ઠીક નથી કે શું ?'**

મગનભાઈ બોલે તે પહેલાં જ **જમનાબહેન** સ્વસ્થતા પૂર્વક ધીમેથી બોલ્યા કે—

"મારી તબિયત તદ્દન સારી છે ! આ તો મને મંગળ–ભાવના જાગી છે કે સુવાવડના પ્રસંગે ક્યારેક પુણ્યની મંદતાએ અવનવું થવા પામે છે, તો પ્રથમથી ચેતવું સારૂં ! એટલે મેં પુણ્ય-પ્રકાશનું સ્તવન આંતરિક–પરિણતિની શુદ્ધિ માટે સાંભળવાનો આગ્રહ રાખેલ, તેથી ભગત સંભળાવે છે.

બાકી તમે ધારો છો તેવી ગંભીર સ્થિતિ મારી નથી."

મગનભાઈએ પણ કહ્યું કે—

"હવે આવ્યા છો ! તો બધા બેસો ને !"

આપણી એ માન્યતા બરાબર નથી કે–ઠેઠ છેલ્લી ઘડીએ શ્વાસ ધુંટાવા લાગે, મગજનું સમતોલપણું ન રહે, કોઈ દવા વગેરે લાગુ ન પડે, બધાને ખોટો રૂપિયો લાગે ત્યારે દોડાદોડ કરી ગુરૂમહારાજને બોલાવી **પુણ્યપ્રકાશ**નું સ્તવન સંભળાવવું એ પદ્ધતિ અજ્ઞાન–દશાનો નમૂનો છે"

"કેમકે શાસ્ત્રકારો તો જણાવે છે કે–**'तिकालमसंकिलेसे'** એટલે કે માનસિક દુર્ધ્યાન કે સંક્લેશ ન હોય ત્યારે પણ ત્રણ વખત આરાધનાની પરિણતિ કેળવવા આ આરાધના જ્ઞાની મહાપુરૂષોએ કરણીય જણાવી છે".

"આપણે નાહક ગભરાઈએ છીએ કે **'પુણ્ય–પ્રકાશનું સ્તવન એટલે જાણે મૃત્યુઘંટ!!!'** એવું નથી"

"શ્રાવિકાએ સંથારાપોરસી સાંભળી, ત્યારે **जइ मे हुज्ज पमाओ** ગાથાનો ભાવાર્થ તેના મગજમાં ઠસી ગયો, જ્યારે જ્યારે એવી સ્થિતિ હોય ત્યારે ત્યારે ખૂબ સાવચેત બની પૂર્વતૈયારી

કરવાની જરૂરિયાત મુજબ ભાવના થતાં **પુણ્યપ્રકાશનું** સ્તવન મંગળ–નિમિત્તે આરાધના કરવાની દૃષ્ટિએ સંભળાવાય છે"

"માટે તમે બધા પણ બેસો! કોને ક્યારે જવાનું છે? એ આપણે નિશ્ચિત જાણતા નથી. માટે આપણે સહુ શ્રાવિકાની મંગળ–ભાવનાના નિમિત્તે શાસનપતિ **શ્રી મહાવીર પરમાત્માના** આ સ્તવનને આરાધનાની ભૂમિકા ઘડનાર તરીકે ધ્યાનપૂર્વક સાંભળીએ, તેમાં આપણને લાભ જ છે."

મગનભાઈની વાત સાંભળી ખાતા પૂછવા આવેલ સઘળા સંબંધીજનો શાંતિથી મગનભાઇની આસપાસ બેસી ગયા.

થોડીવારમાં તો બીજા સગાં–વહાલાં પણ ઉપસ્થિત થયાં, **પુણ્યપ્રકાશનું** સ્તવન પુરું થવાની તૈયારીએ તો આખું ઘર ભરાઈ ગયું.

રાતનો શાંત વાતાવરણનો સમય, **મગનભાઈ**નો સુરીલો અવાજ અને **મગનભાઈ** તથા **જમનાબહેન**ની વિશિષ્ટ ધાર્મિકતાની ભવ્ય છાપ આદિ કારણથી સગા–વહાલા ઉપરાંત આસપાસના બીજાઓ પણ આવી પહોંચ્યા.

મગનભાઇ એ એકેક–કડીને વ્યવસ્થિત ભાર આપવા જેવી જગ્યાએ ભાર પૂર્વકના ઉચ્ચારણ સાથે જરૂર પડી ત્યાં ટૂંકમાં શુદ્ધ ગુજરાતીમાં સરળપણે બધા સમજે તેવી આરાધના માટે ભાવવર્ધક સમજણ પણ આપી.

એકંદર ઉપસ્થિત સહુ ભાઈ–બહેનો પોતાના હૈયામાં **પુણ્યપ્રકાશના** સ્તવનમાં આવો અને આટલો બધો ગંભીર ભાવાર્થ છે તે જાણી–સમજી, મૃત્યુ–ગાડીના સિગ્નલ રૂપની સમજણને અંબેરી ભવ્ય હર્ષોલ્લાસ સાથે રાતના લગભગ બાર વાગે વિખરાયા.

વિવેકી **મગનભાઈ** એ તાત્કાલિક વ્યવસ્થા કરી શ્રીફળ–૧। રૂપિયાની પ્રભાવના કરી સહુને સત્કાર્યા.

જમનાબહેને પણ પોતાની **પુણ્યપ્રકાશ** સ્તવન સાંભળવાની જિજ્ઞાસામાંથી આવી રીતે બધા સગા–વહાલા ઉપરાંત પાડોશીઓ બધા ભગતના મુખથી ભવ્ય રોમાંચક રીતે પાપોની આલોચનાના ભાવોલ્લાસને સંવેદવા સાથે **પુણ્યપ્રકાશ** સ્તવનની માર્મિક મહત્તા સમજી શકયા, તે બદલ ખૂબ હાર્દિક ઉલ્લાસ અનુભવ્યો.

બધાના ગયા પછી **મગનભાઈ** એ પરિચર્યા માટે રાખેલ જાણકાર ભાઈઓ તથા કુટુંબ વર્ગમાંથી પણ સમજુ–અનુભવી બહેનોને આજની રાત ભારે લાગતી હોઇ સાવચેત કરી યોગ્ય ધ્યાન રાખવા જણાવ્યું.

નવ મહિના ઉપર છ દિવસ થઈ ગયા, સાતમા દિવસની આજની રાત્રિ તેમાં અમાવાસ્યા જેવી વદ પક્ષની ભારેખમ ગણાતી રાત અને મહાપુરૂષો મોટે ભાગે નવ મહિના ઉપર છઠ્ઠી સાત

દિવસના ગાળામાં જન્મતા હોય છે. આઠમા દિવસનો સૂર્ય ઉગે નહીં તે પૂર્વે મહાપુરૂષો ધરાતળને પાવન કરવા આવી પહોંચે છે, એ ગણત્રીએ આજની રાત મહાપુરૂષોને પ્રકટ થવા માટેની મંગળ–રાત્રિ છતાં શ્રાવિકાને શારીરિક–વેદના પ્રસૂતિ–કાળે થવા ન પામે એ શુભ આશયથી **મગનભાઈ** એ પણ સામાયિકની ઓરડીમાં જઇ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ ઉવસગ્ગહરંના સ્મરણ સાથે ચાલુ કર્યું, સાથે જ શાસનની વર્તમાન–પરિસ્થિતિનો સાચો ઉકેલ કે'ક શાસન પ્રભાવક મહાપુરૂષના જન્મ સાથે સંકળાયેલ હોવાની વાતની સફળતાની ધન્ય ઘડી વૃષભ જેવા ઉત્તમ માંગલિક સ્વપ્નથી પોતાનાજ ઘરમાં આવી પહોંચ્યાનો ધર્મોલ્લાસ અનુભવ્યો.

આ બાજુ **જમનાબહેનને** ૧૨॥ વાગે એક આંચકી આવી, ઉલટી જેવું થવા માંડયું.

પરિચર્યા કરનારી જાણકાર બહેનો અને કુટુંબી બહેનોએ સુવાવડ વખતે વાયુની ગતિ નીચે તરફ રહે તો પ્રસવ સુખરૂપે થાય એટલે તુર્ત સૂંઠનો ઉકાળો અને દવાનો ઉકાળો તૈયાર કર્યો, પણ **જમનાબહેને** તિવિહારના પચ્ચક્ખાણના આધારે કંઈ ન લીધું.

શ્રાવિકા–બહેનો પરિસ્થિતિની ગંભીરતા સમજી **જમનાબહેનને** સમજાવવા લાગી કે "આપવાદિક રીતે વાંધો નહીં !" પણ **જમનાબહેને** ખૂબજ ધીરતા રાખી આપવાદિક માર્ગનો ઉપયોગ પચ્ચક્ખાણના ભંગમાં પરિણમે તેથી આવી સલાહ આપવા બદલ સખ્ત નારાજી દર્શાવી.

પરિચારિકા–બાઇઓએ ઓસડીયા વાટી છાતીની નીચેના ભાગે, પીઠમાં તથા માથા પર લેપ કર્યો,

થોડીવારે ઉલટીથી થતી મુંઝવણ શાંત થઈ.

પરિચારિકા બહેનોએ **જમનાબહેનને** પડખે સુવાડી મીઠા તેલની હલકી માલિશ કરી ડરજાના આજુ–બાજુ ભાગે કરી, સુગંધ–ચૂર્ણનું નસ્ય સુંઘાડયું, થોડીવારે હલકી નિદ્રા–તંદ્રામાં **જમનાબહેન** લીન થયા.

થોડીવારે અરિહંત–અરિહંત બોલવા સાથે **જમનાબહેન** જાગ્યા, પેટમાં–પેડુંમાં વેદના થવા માંડી, પરિચારિકાઓએ ઔષધિઓનો વાટેલ લેપ લગાડયો લગભગ અઢી–ત્રણના ગાળામાં પ્રસવની પૂર્વ તૈયારીરૂપ પ્રવહણ શરૂ થયું. એટલે પરિચારિકાઓએ પ્રસવની તૈયારી જાણી **જમનાબહેનને** પડખે ટેકો આપી પીઠ પર હલકી માલિશ કરી, ત્યાંતો **જમનાબહેન** થોડીવાર જાણે કંઇ અદૃશ્ય કોઈ ચીજ જોતાં હોય તેમ જરા વધુ અસ્વસ્થ જેવા લાગ્યા, શ્રાવિકાબહેનો અને પરિચારિકાઓ યોગ્ય સારવાર માટે સાવધ થયાં ત્યાં અચાનક **જમનાબહેન** તીણી ચીસ પાડી ઉઠયાં છતાં તુર્ત **णमो अरिहंताणं** બોલી અરિહંત, અરિહંત બોલવા લાગ્યા,

સહુએ ધ્યાન દઈને જોયું તો સુંદર અદ્‌ભુત તેજસ્વી બાળક અશુચિ વિંટળાયેલ સ્થિતિમાં છતાં મનોહર દેખાયું અને ઘડિયાળમાં જોયું તો ત્રણ ઉપર બરાબર સાડત્રીશ મિનિટ થયેલ.

તુર્તજ પરિચારિકાઓ **જમનાબહેનને** યોગ્ય ઉપચારોથી સ્વસ્થ કરવા માંડી અને શ્રાવિકા બહેનોએ મંગળ–થાળી ઘણુંઘણાટ વગાડી આખા મહોલ્લામાં મહાપુરૂષના જન્મના અવ્યક્ત હર્ષના સમાચાર ફેલાવ્યા.

મગનભાઈ સામાયિકની ઓરડીમાં પ્રસવકાલીન–વેદનાઓમાંથી શ્રાવિકા હેમખેમ પસાર થાય અને મહાપુરૂષનો જન્મ સવેળા થાય તે માટે શ્રી નવકાર મહામંત્ર અને વિઘ્નહર ઉવસગ્ગહરંનો જાપ કરતા હતા.

તેઓ થાળી સાંભળી જાપ પૂરો કરી સ્વસ્થ ચિત્તે શ્રાવિકાના ઓરડાની બહાર આવ્યા.

પરિચર્યા કરનારી અને શ્રાવિકાબહેનોએ મગનભાઈને વધામણી આપી કે કુલદીપકનો જન્મ થયો છે. શું તેનું લલાટ છે! મુખ પર તેજ અદ્‌ભુત છે! શું હસમુખો ચહેરો છે! ખરેખર તમે ખૂબજ ભાગ્યશાળી છો!

મગનભાઈ કહે કે એ બધી વાત સાચી! પણ તેના કાનમાં શ્રી નવકાર–મહામંત્ર સંભળાવ્યો કે નહીં?

શ્રાવિકાઓ કહે કે અશુચિ દૂર કરી તેના કાન–નાક વગેરે દ્વારોની શુદ્ધિ થઇ રહી છે. તે પુરી થયે તુર્ત સંભળાવીશું!

મગનભાઈએ વધામણી આપનાર પરિચર્યા કરનારી બાઈઓને સોનામહોર સાથે સુંદર પાંચ જાતના પકવાન્નનું એકેક બાખું બક્ષીસ તરીકે આપ્યું.

શ્રાવિકા–બહેનોને સુંદર કિંમતી સાડી પહેરામણી રૂપે તાત્કાલિક વધામણીના બહુમાન રૂપે બેનાયત કરી.

જમનાબહેન ઠેઠ કલાક પછી સ્વસ્થતા મેળવી કપડાં વગેરે બદલી બાળકને પોતાની પાસે સુવાડી માતૃત્વની સફળતારૂપ વાત્સલ્યભરી પંપાળવાની ક્રિયા સાથે બાળકના મસ્તક ઉપર હાથ ફેરવી માનસિક રીતે શ્રી નવકાર મહામંત્રના સ્મરણ સાથે શુભસ્વપ્ન સૂચિત હોઈ મહાપુરુષ તરીકે થવાની શુભ આશંસા કરી.

જ્યારે રાઇ–પ્રતિક્રમણનો સમય થયો, ત્યારે **મગનભાઇ** સહેજે **જમનાબહેનના** ઓરડા પાસે આવ્યા, ઓરડાની બહાર ઉભા રહી દૂરથી તબિયતના ખબર પૂછ્યા અને શ્રાવિકા તરીકે બાળકનું જતન કરવા ઈશારો કર્યો.

શ્રાવિકાએ પણ **મગનભાઈની** વાતને હાર્દિક રીતે આવકારી "ચિંતા ન કરશો! મારી કૂખે કો'ક મહાપુરૂષ અવતર્યા લાગે છે, એ વાત હવે મારા ધ્યાન પર છે," આદિ ટૂંકા શબ્દોથી **મગનભાઈને** ધૈર્ય–ધારણ કરાવી.

મગનભાઈ આ સાંભળી ખૂબ સ્વસ્થતાથી રાઇપ્રતિક્રમણ કરવા બેઠા, પછી સામાયિકમાં પ્રભુ મહાવીર ભગવંતના ફોટા સમક્ષ આજીજી–કાકલુદી સાથે ભાવના ભાવી કે–

"ભાષણ આ સંસારના કારાવાસથી હકીકતમાં અંતરથી નિર્વેદ-કંટાળો જાગ્યો છે !

હે પ્રભુ ! પરમાત્મન્ ! મારા સંયમના પંથે અવરોધ રૂપ કદાચ બને તો શ્રાવિકા મોહવશ બને !

જોકે કોઈક મહાપુરૂષ વૃષભના મહામાંગલિક સ્વપ્નથી તેની કૂખે આવ્યા પછી શ્રાવિકાના વિચારોમાં અજબ-પલટો આવ્યો છે, એટલે થોડું મન થાળે પડે છે.

એમ છતાં મહાપુરૂષના ગર્ભકાળમાં થયેલ વિચારોનું પરિવર્તન બાળકના વાત્સલ્ય પાછળથી મોહની ઘેલછા જો ડોકિયું કરે તો મારો માર્ગ ફરી વિષમ બની જાય !

માટે હે શાસનદેવ ! કંઈક એવી સદ્બુદ્ધિ આપજે ! એવું વાતાવરણ ઘરમાં રાખજે ! જેથી કે સંયમના માર્ગે જતાં અવરોધ ઉભો ન થાય !"—

—આદિ મંગળ-ભાવનાના પોષણ અર્થે શ્રી નમસ્કાર મહામંત્રની તથા ઉવસગ્ગહરંની નવકારવાળી ગણી.

જમનાબહેન પણ નવજાત શિશુનું મનહર મુખ જોઈ ઘડીકમાં મોહ તરફ અને નવજાત બાળકના ગર્ભકાળ વખતે હાર્દિક ભાવનાથી આચરેલ ધાર્મિક-ક્રિયાઓના બળે ઘડીકમાં વિવેક તરફ હીંચકાની જેમ ઝોલાં ખાતા મનની ચંચળ સ્થિતિમાં પણ આગમધર-પ્રાવચનિક-પ્રભાવકપુરૂષ તરીકે વૃષભના સ્વપ્નથી મળેલ સંકેત મુજબ કદાચ મારું બાળક મારી અને અનેક ધાર્મિક પુણ્યાત્માઓની આજની વિષમ પરિસ્થિતિના ઉકેલ રૂપે મંગલભાવનાના વિષયરૂપે મહાપુરૂષ તરીકે ભવિષ્યમાં થાય તે કલ્પનાના ઝબકારાથી **જમનાબહેન** મોહના સંસ્કારોની પકડમાંથી છૂટી બાળકની ભાવી-મહાપુરૂષ તરીકેની વિશિષ્ટતા તરફ આકર્ષાઈ રહ્યાં.

પ્રાતઃકાળે **મગનભાઈએ** પોતાના કુટુંબીઓ, ઈષ્ટજન, મિત્રવર્ગને પનોતાપુત્ર-જન્મના વધામણાં વિવિધ વિશિષ્ટ-સામગ્રીના ભેટણાં દ્વારા મોકલી આપ્યાં.

પોતાની સમસ્ત જ્ઞાતિમાં સાકરના પડા વહેંચ્યા, મહોલ્લાના ઈતર-જ્ઞાતિના પાડોશીઓને તેમજ ગામમાં-બહારમાં ઓળખીતા બધાના મ્હોં મીઠા કરાવી કોઈ અજ્ઞાત સંકેતથી પ્રથમ પુત્રના જન્મ કરતાં બીજા પુત્રના જન્મ વખતે વિશિષ્ટ રીતે વધામણા કર્યા.

પ્રાતઃકાળે **મગનભાઈએ** દૂરના કુટુંબીના ઘરે રહેવા-જમવાની, નહાવા-ધોવાની સગવડ કરી સુવાવડવાળા ઘરે આવવાની પણ જરૂર ન પડે તે રીતે વ્યવસ્થા કરી સૂતકની મર્યાદા જાળવવાની વ્યવસ્થા કરી.

પોતાના જીવનના પરમારાધ્ય, શ્રુતજ્ઞાનવારિધિ, આગમિક-પદાર્થોના અઠંગ જાણકાર **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** ને શ્રા. સુ. ૩ના મંગળ દિવસે **મગનભાઈએ** પત્ર લખ્યો.



જેમાં **જમનાબહેનની** માનસિક ભાવનાઓના પલટાની વાત, વૃષભના સ્વપ્નની વાત, **જમનાબાઈની** ધાર્મિક ઉત્તરોત્તર ચઢતી ભાવનાની વિગત, બાળકના જન્મપૂર્વેના સાત–આઠ મહિનાના એકેક ધાર્મિક પર્વની વિશિષ્ટ આરાધનાના ઉપજેલા **જમનાબાઈના** મનોરથો અને તે માટેની હાર્દિક–તમન્નાની વાત તેમજ આગમિકભક્તિ, શ્રુતાનુરાગ, પ્રાવચનિક–પ્રભાવક પુરૂષની ઝંખના અને વૈ. સુ. ૧૧ શાસન–સ્થાપના દિવસની કરેલી અપૂર્વ આરાધના, છેલ્લે છેલ્લે અસાડ સુદ ૧૪ ની કરેલી મંગળ આરાધના વગેરે વાતો લખી હૈયામાં ઉંડે ઉંડે વસેલ સંયમ લેવાની તમન્નાને સફળ બનાવવાના રૂપકમાં મારા સંયમના આવરણો કે અવરોધો બાળકની શુભ–ઉદાત્ત અસરોથી કદાચ હવે જરૂર ખસશે, એવી શક્યતાઓની આશંસા સાથે લખી જણાવી.

વધુમાં શાસનની વર્તમાન સ્થિતિ–પરિસ્થિતિના ઉકેલ માટે આપે જે મહાપુરૂષની જરૂરીયાત જણાવી તેવા મહાપુરૂષ તરીકે **જમનાબાઈની** કુક્ષિએ અવતરેલ પુણ્યવાન જીવ નિવડે એવા મંગળ આશીર્વાદની યાચના કરી.



મહાપુરૂષો કેવા !!!

- બીજાના દોષો કદી ન બોલે !
- બીજાના નાના પણ ગુણને મોટો કરી વર્ણવે !
- બીજાની ઉન્નતિથી સંતોષ ધારે !
- બીજાના દુઃખથી સ્વયં દુઃખિત બને !
- આત્મપ્રશંસા કદી પણ ન કરે !
- સન્માર્ગ–ન્યાય–નીતિનો માર્ગ કદી ન છોડે !
- અજ્ઞાનીના અનુચિત વર્ત્તન સામે ક્ષમા ધારે !

——શ્રી સિંદૂર પ્રકર ગા. ૬૪







પ્રકરણ ૫

ચરિત્રનાયકશ્રીનું નામકરણ અને ધાર્મિક સંસ્કરણ



ધર્મનિષ્ઠ **મગનભાઈએ** ધર્માનુકૂળ લૌકિક શિષ્ટમાન્ય–વ્યવહારને ધ્યાનમાં રાખી કુલવૃદ્ધાઓની દોરવણી પ્રમાણે નવજાત શિશુ અને તેની માતાને કુલાચારથી ચાલ્યા આવતા પ્રાથમિક સંસ્કારો વગેરેથી શુદ્ધ ઠરાવવા રૂપે બાર દિવસના સ્નાનથી પ્રાથમિક સૂતક દૂર કરવાની પદ્ધતિને અમલમાં મૂકી.

એટલે કે બારમે દિવસે જન્મ–સૂતકના મહાઅશૌચ–નિવારણ અંગેનું કુલવૃદ્ધાઓ અને વ્યવહારશુદ્ધિમાં નિપુણ–સ્વજનોની દોરવણી પ્રમાણે અનેક પ્રકારની અશુચિવારક તેમજ માનસિક–શુદ્ધિવર્ધક ઔષધિ વગેરે દ્રવ્યોથી મિશ્ર ગંધોદક, શુદ્ધોદક તથા ત્રણ, પાંચ સાત અને નવ નિવાણના જલથી દસોટ સ્નાન તરીકે ઓળખાતું પ્રથમ સ્નાન કરીને શુદ્ધ બનેલ **જમનાબહેન** પણ કુદરતી મળેલા કુરસદના સમયના સદુપયોગની દૃષ્ટિએ તેમજ સુવાવડ પ્રસંગના અશુભ કર્મોના બળને ઘટાડવાના લક્ષ્યથી શ્રી નવકાર–મહામંત્રનું માનસિક–સ્મરણ ઉચ્ચાર કર્યા વગર કરતા.

આ ઉપરાંત પર્વાધિરાજની મહત્તા, વિષય–કષાયની તીવ્રતા હટાવવા શ્રાવકકુળમાં ગળથૂંથીમાંજ ઘુંટાયેલી હોય, તેથી શ્રાવણ વદ પની પક્ષધરની તિથિએ **મગનભાઈએ** ખૂબ ભાવોલ્લાસ સાથે મોહના સંસ્કારોની વિષમતા ઘટાડવા અને આત્મશુદ્ધિ કેળવવાના ચઢતા પરિણામે અહોરાત્રિના પૌષધ સાથે ઉપવાસથી પર્વાધિરાજનું સ્વાગત કર્યું.

પૌષધ દરમ્યાન નવજાત બાળકની ભાવી મહાપુરૂષ તરીકેની કલ્પનાને નક્કર બનાવવાના શુભ–લક્ષ્યથી અગિયાર બાંધી માળા ગણી.

થોડા દિવસ પછી પર્વાધિરાજની પધરામણી થઈ, શ્રા. વદ ૧૨ના મંગળ અઠ્ઠાઇ-ધરના દિવસે **મગનભાઈએ** આઠ દિવસના પૌષધ માટે ઉપાશ્રયે પ્રયાણ કર્યું.

જમનાબહેને પણ વ્યાવહારિક-રીતિએ ૨૭મા દિવસનું ત્રીજું સ્નાન ગઇકાલેજ કરેલ હોઈ સૂતકના કારણે દહેરાસર ઉપાશ્રયમાં જવાની મર્યાદા ન હોઈ બને તેટલું વધુ શ્રી નવકાર-મહામંત્રનું માનસ-સ્મરણ અને ધાર્મિક-વિચારણા દ્વારા પર્વાધિરાજની આરાધના સફળ રીતે કરવા નિરધાર્યું, અને પર્વાધિરાજના દિવસોમાં નવજાત-બાળકના જીવનમાં વધુ સારા સંસ્કારો કેળવાય તેવી મંગળ-ભાવના **જમનાબહેનને** થઇ.

મગનભાઈને આ સમાચાર મળ્યા જેથી ખૂબ આત્મસંતોષ થયો કે—

"દેવદુર્લભ માનવજીવનની સફળતા સર્વવિરતિ ધર્મના સ્વીકારમાં *પૂ. ગુરૂદેવશ્રીએ જે સચોટ પણે સમજાવી છે, તે માટે અનુકૂળ વાતાવરણનું ઘડતર અરેખર દેવ-ગુરૂ કૃપાએ થઈ રહ્યું છે.

નવજાત બાળક ખરેખર કોઈ મહાપુરૂષનો જીવ લાગે છે, જેના ગર્ભકાળથી જ મારા વૈરાગ્ય-માર્ગમાં પ્રબળ અવરોધક શ્રાવિકાના માનસનો અજબ પલટો થવા પામ્યો છે.

હજી પણ તે શ્રાવિકા તરીકે બાળકમાં શુભ-સંસ્કારોના સિંચનના ઉદાત્ત માર્ગે જવા પ્રયત્નશીલ છે.

આ બધો અચિંત્ય-શક્તિસંપન્ન દેવ-ગુરૂની કૃપાનો વરદ પ્રતાપ છે."

એટલે **મગનભાઈએ** પણ વ્યવસ્થિત રીતે ચોસઠપ્રહરી પૌષધ, અઠ્ઠાઈધરનો ઉપવાસ વડા-કલ્પનો છઠ્ઠ અને સંવત્સરીનો અઠ્ઠમ કરી શાસનની સેવા માટે વિશિષ્ટ બળની કેળવણી અને નવજાત-શિશુના ધાર્મિક-ઘડતરની ઉદાત્ત મંગળ-કામના કરી.

આમ કરતાં ભાદરવા સુદ દશમના મંગળદિને કુલવૃદ્ધાઓએ મંગળ ઉબટન (ચણા કે મગના આટામાં સરસીયું તૈલ અને ગુલાબ જળ આદિ સુગંધી દ્રવ્યો નાંખી તૈયાર કરેલ સુગંધી વિલેપન) **જમનાબહેન** તથા નવજાત-શિશુના આખા શરીરે હલકી-માલીશ કરવા રૂપે લગાડી અશુચિ-વારણની છેલ્લી પ્રક્રિયાને અમલમાં મુકવારૂપે કુલાચાર પ્રમાણે ચાલીશ દિવસનું ચોથું સ્નાન મંગળકારી તીર્થોદક, નિર્વાણોદક, સંગમોદક આદિથી મિશ્ર શુદ્ધજળથી કરાવ્યું.

---

*પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાશ્રી **મગનભાઈ** ધર્મમાં ચુસ્ત, દઢશ્રાસનાનુરાગી, તત્વજ્ઞાની અને પ્રબળ વૈરાગી બની શકેલ તેમાં સૌથી વધુ ફાળો **મુનિવર્ય શ્રી ઝવેરસાગરજી મ.** (પૂ. ચરિત્રનાયકશ્રીના ભાવી ગુરૂ) જેવા સમર્થ આગમ ધુરંધર, વાદિવિજેતા, શાસન વિદ્વેષીઓને હંફાવવામાં શૂરવીર મહામુનિનો છે કે જેમના વારંવાર સંપર્ક, પત્રવ્યવહાર આદિથી મગનભાઈનું ધાર્મિકજીવન ઘડાયેલ કે જેના પરિણામે લોકોમાં "ભગત"ના ઉપનામથી તેઓ પ્રખ્યાત થયેલા.

અહીં પૂ. "**ગુરૂદેવ**" શબ્દથી તે પરોપકારીને **મગનભાઈએ** યાદ કર્યા છે.

પછી સુંદર વસ્ત્રાભૂષણો પહેરાવી જ્ઞાતિવૃદ્ધ અને વડિલ–સ્વજનોને પગે લગાડી આશીર્વાદ લેવા નવજાત શિશુ–તેડેલ **જમનાબહેનને** ઘરની આગળના ચોકમાં સુંદર સજાવેલ મંડપમાં ગાદી તકીયાવાળા તખ્ત પર બેઠેલા સ્વજનવર્ગ આગળ કુલવૃદ્ધાઓ મંગળ ગીત ગાવા સાથે લાવ્યા, વયોવૃદ્ધ અને ધર્મનિષ્ઠ જ્ઞાતિજનોએ બાળકને કુમળા ફૂલની જેમ ખોળામાં લીધો અને **જમનાબહેન** મર્યાદાપૂર્વક પગે લાગી કુલવૃદ્ધાઓની દોરવણી પ્રમાણે સ્ત્રીવર્ગમાં વડિલોને પગે લાગીને આશિષ લેવા માંડ્યા.

નવજાત શિશુ પ્રથમવાર આટલા–બધા લોકો વચ્ચે આવેલ છતાં બધાના આશ્ચર્ય વચ્ચે ક્ષોભ પામ્યા વગર બધાની સામે જોઇ મરક–મરક હસતો રહ્યો, જેથી બધા–સ્વજનોને ખૂબ વહાલ ઉપજ્યું, પરિણામે વાત્સલ્ય–ભાવનું પ્રદર્શન માથે ચૂમી અને ફુટડા ગાલ પર હાથ ફેરવવા દ્વારા સહુ કરવા લાગ્યા.

આ પ્રસંગે **મગનભાઇ**એ પોતાના કુલગૌરવને છાજે તે રીતે નિકટના સગા–વહાલા તથા વિશિષ્ટ–જ્ઞાતિજનોને બહુમાન પૂર્વક તેડ્યા હતા, કેમકે કુલાચાર પ્રમાણે આજે નામકરણ–વિધિ કરવાની હતી, આ નિમિત્તે જ્ઞાતિની વાડીમાં **મગનભાઇ**એ સઘળા કુટુંબીઓ–જ્ઞાતિજનો ઉપરાંત ધર્મનિષ્ઠ–પાડોશીઓ અને મેળ–મુલાકાતીઓને સત્કારવા સવારે નાસ્તો, બપોરે અને સાંજે પાંચ પકવાન મિઠાઇઓના જમણની ગોઠવણ કરેલ.

સવારના ચઢતે પહોરે **મગનભાઈ** મોટા તખત ઉપર ગાદી–તકીયા–ગાલીચા પથરાવી સહુ જ્ઞાતિવૃદ્ધો, સ્વજનો અને કુટુંબના વડિલોને યોગ્ય રીતે સત્કારવામાં અને ભાત–ભાતના બહુમાનના પ્રકારોથી સહુને યથાયોગ્ય બેસાડવાનો વિવેક દાખવવા માંડેલ,

નાસ્તા–પાણીની વિધિ ઉમંગભેર પત્યા બાદ **મગનભાઈ**એ સહુને યથાયોગ્ય પહેરામણી મુક્ત મનથી કરી, સ્ત્રીવર્ગમાં પણ ઘરેણાં–સાડી વગેરેની પહેરામણી **જમનાબહેને** ઉમંગપૂર્વક કરી.

નવજાત–શિશુને જ્ઞાતિવૃદ્ધો અને કુલવૃદ્ધાઓએ યોગ્ય લાડ લડાવી મંગળ–મુહૂર્તના અવસરે ફઈબાના ખોળામાં પધરાવ્યો.

પ્રથમવાર આટલા બધા માણસોની વચ્ચે અચાનક લાવવા તથા તેઓના અનેક પ્રકારના વાત્સલ્યપૂર્ણ–લાડભર્યા વિવિધ વ્યવહારો છતાં પણ ગભરૂ મનાતું તે નાનું બાળક જરાપણ ક્ષોભ ન પામ્યું, રડ્યું નહીં, બધાની સામે મરક–મરક હસતું રહ્યું, પિતૃપક્ષ–માતૃપક્ષની નાની મોટી અનેક બાઈઓના ખોળામાં, હાથમાં ફરવા છતાં કયાંય બાળકે અણગમો પ્રદર્શિત ન કર્યો.

નાની–વય–કુમળી વયમાં પણ આ નવજાત–શિશુ આવી ધીરતા–ગંભીરતા ધરાવે છે તે જોઇને અરેખર **મગનભગતના** ઘરે કોઇક યોગભ્રષ્ટ મહાપુરૂષ જ અવતર્યો લાગે છે, એમ સહુ વ્યક્ત–અવ્યક્ત સ્વરે આંખના ઇશારાથી સૂચવતા હતા.

બાળકના માતૃપક્ષની કુલવૃદ્ધાએ કહ્યું કે–"આજે ભાદરવા મહિનાની સુદ પક્ષની "**તીજ**

અને તેરસ વગર જોયું મુહૂર્ત્ત" કહે'તી પ્રમાણે શુભ તેરસ તિથિ છે, સાથે શુક્રવાર છે. સંસારીઓ માટે કુલપરંપરા, સંતાન–પ્રાપ્તિ, વંશ–વિસ્તાર આદિ માટે શુક્રવાર ઉત્તમ ગણાય, તેમાં વળી આજે સવારના ત્રણે ચોઘડીયા ચલ, લાભ, અમૃત, સારા અને યથોત્તર ચઢતા છે, અત્યારે નવ વાગ્યાનો સમય છે, ચઢતો પહોર છે અમૃત ચોઘડીયું શરૂ થયું છે, માટે હવે બાળકનું નામ પાડવાનું જટ કરો!!!"

જ્ઞાતિવૃદ્ધો અને કુળના વડીલોએ પણ આ વાતને સમર્થન આપ્યું,

ફઈબાએ પુછયું કે "કાં ભગત! બાળકના ગર્ભમાં આવ્યા પછી કંઈ વિશિષ્ટ ફેરફાર તમે અનુભવ્યો છે? તે સબંધી કંઈક કહો તો બાળકની વિશિષ્ટતાને સમજાવનાર સારૂં નામ શોધી શકાય, જે તેના જન્મના ચંદ્ર સાથે રાશિ મેળવાળું પણ હોય!"

મગનભાઈએ ટૂંકમાં બાળકના ગર્ભમાં આવ્યા પછી માતાની મનોભાવનામાં કલ્પનાતીત અણધાર્યો માનસિક–ફેરફાર અને ધાર્મિક–ક્રિયાઓમાં કષ્ટ–મુશ્કેલીના પ્રસંગે પણ દૃઢતા પૂર્વક પ્રવૃત્તિ આદિના વિગતવાર વર્ણન સાથે બાળકની જન્મકુંડળીમાં ચંદ્ર કર્કરાશિનો હોઈ હ અને હ ઉપર નામ શોધી કાઢવા જણાવ્યું.

ફઈબા પણ અધોથી પોણા કલાક થવા છતાં બાળક હજી ખિન્ન થયું નથી! મોઢું મરક મરક થયા કરે છે, અજાણી વ્યક્તિઓ સામે પણ નિર્ભીકતાથી જોઇ રહે છે, જોનારાને બાળકનું મુખ જોઈ ખૂબ આલ્હાદ ઉપજે છે, તેથી **ચંદ્ર** યાદ આવ્યો, અને સોનાની જેમ માતાની ભાવનાઓને રાગ–દ્વેષની મલિનતા ઘટાડનાર ધર્મની ક્રિયાઓમાં પરોવીને વધુ શુદ્ધ કરી, સુવાવડના આપત્તિકાળ અને દુઃખ વેદનાના સમયે પણ અગ્નિમાં શુદ્ધ થતા સોનાની જેમ આકરી કસોટીએ પણ ધર્મ અને શ્રી નવકારનું શરણ **જમનાબહેન** ટકાવી શક્યા.

આ વાતને નજર સામે રાખી કર્કરાશિ પ્રમાણે સ્વર્ણ ધાતુના પરિચાયક **હેમ**ની સાથે **ચંદ** જોડી **હેમચંદ** નામ ફઈબાએ જાહેર કર્યું, સહુ જ્ઞાતિજનો અને સગાવહાલાઓએ તે નામ વધાવી લીધું અને બાળકના મોંમાં ગોળની નાની કાંકરી મુકી સઘળા જ્ઞાતિજનો સગા–વહાલા સહુને ગોળ–ધાણા વહેચવા ઉપરાંત **મગનભાઈ**એ સહુ સ્વજનવર્ગને યથોચિત પહેરામણી આપ્યાની લેવડ–દેવડની વિધિ પતાવી.

આ રીતે પૂ. ચરિત્રનાયકશ્રીના નામકરણ અને વ્યાવહારિક સંસ્કારોની વિધિ ઉમંગભેર પતાવ્યા પછી પૂર્વના વિશિષ્ટ પુણ્યયોગે દેવદુર્લભ માનવજીવનને સફળતાની ઉચ્ચ–કક્ષાએ પહોંચાડનાર શ્રાવકકુળમાં થયેલ જન્મની વિશેષતા રૂપે **મગનભાઈ**એ **જમનાબહેન**ના સહકારથી બાલકમાં વિશિષ્ટ શુભ–સંસ્કારોની વૃદ્ધિ થાય તેવી ધાર્મિક મંગલ–ક્રિયાઓની શરૂઆત કરી.

સર્વપ્રથમ પૈતૃક દેરાસરે લઇ જઈ **વાસુપૂજ્ય** પ્રભુ આગળ ગહુંલી કરી પ્રભુના ચરણે

બાળકને નમાવી શ્રી **ચિંતામણી દાદાના** દહેરે લઇ જઈ ન્હવણ-જળનો ઉપયોગ બાળકના માથે-આંખે કરાવી ગહુંલી કરવા સાથે બાળકના હાથે ભંડારમાં સવા રૂપિયો નંખાવ્યો.

પછી ઉપાશ્રયે આવી ચાતુર્માસ બિરાજમાન પૂ. મુનિશ્રીના ચરણોમાં વંદના કરાવી શ્રી **આચારાંગસૂત્ર**ની પ્રત હતી, તેના પર સવાપાંચ રૂપિયાથી જ્ઞાનપૂજન કરાવી વાસક્ષેપ નંખાવ્યો, ગુરૂમહારાજને કહ્યું કે "**શાસનના ચરણે બાળક પોતાનું જીવન સમર્પિત કરે** તેવો વાસક્ષેપ નાંખો જેથી અમારા બધાનું કલ્યાણ થાય!!!"

ગુરૂદેવે પણ **શ્રીવર્ધમાનવિદ્યા** ગણવા સાથે વિધિપૂર્વક વાસક્ષેપ કર્યો, ગુરૂદેવે ગંભીર સ્વરે "**णित्थारगपारगा होह**" કહ્યું, ત્યારે **મગનભાઇ**એ બાળકના વતી **तहत्ति** બોલ્યા પછી ઘરે આવી પોતાના પરમારાધ્ય **પૂ. ઝવેરસાગરજી** મ. નું નાનું તૈલચિત્ર પોતાની ભાવનાને ચઢતી રાખવા ઘરમાં સામાયિકની ઓરડીમાં હતું. ત્યાં બાળકને લઇ જઇ **પૂ. ઝવેરસાગરજી** મ. ના ચિત્રનો બાળકના માથાથી સ્પર્શ કરાવી. "**દિકરા! આવા ગુરૂનું શરણ લઈ શાસનનો હીરલો બનજે!**" એવી ભાવના પૂર્વક સાત નવકાર મહામંત્ર ગણ્યા.

પછી **મગનભાઈ** જાણે કંઈક મહત્ત્વની વસ્તુ મેળવી હોય તેમ હાર્દિક રીતે ખૂબ પ્રસન્ન થયા.

વળી **મગનભાઈએ** મોહના સંસ્કારોને વ્યવસ્થિત રીતે કાબૂમાં લેવા શ્રી વીતરાગ પ્રભુની ભક્તિના વિશિષ્ટ કાર્યક્રમ રૂપે ઘરની સામેના શ્રી અજિતનાથ પ્રભુના દહેરે દસ વાગે ઠાઠથી સ્નાત્ર-મહોત્સવ ગોઠવ્યો.

જેમાં **મગનભાઈએ** અને **જમનાબહેને** બાળકના નિકટના સ્વજન-સંબંધીઓને તેડવા સાથે સ્નાત્ર-પૂજની પંચામૃત, કુસુમાંજલિ અને ફળ-નૈવેદ્ય વગેરેની ભવ્ય સામગ્રી એકત્રિત કરી, દસ વરસથી નીચેના બાલક-બાલિકાઓને સુંદર પૂજા-વસ્ત્રોમાં તૈયાર કરી શાસ્ત્રીય વિધિ પ્રમાણે કુસુમાંજલિ દિક્કુમારિકા મહોત્સવ તથા ચોસઠ ઇંદ્રોએ કરેલ મેરૂપર્વત પર જન્માભિષેક આદિની પદ્ધતિ જાળવવા સાથે સ્નાત્ર પૂજા ભવ્ય રીતે ભણાવી.

ત્યારબાદ દુહા, કાવ્ય અને મંત્ર બોલવા સાથે વિશિષ્ટ-સામગ્રીથી પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા કરી પછી પાંચ-દીવાની આરતી અને મંગળદીવો લૂણ ઉતારવાની વિશિષ્ટ ક્રિયા **જમના-બહેન** પાસે કરાવી સંસારના પરિભ્રમણમાંથી છૂટવાના ભાવસાથે ઉતાર્યો.

પછી બાળક **હેમચંદ**ને શુદ્ધ-વસ્ત્રો પહેરાવી પ્રભુ સમક્ષ લાવવામાં આવ્યો.

બાલકને **જમનાબહેન** ખોળામાં રાખી હાથમાં કળશની અખંડધારાથી શાંતિકળશની શરૂઆત કરી, **મગનભાઈએ** બાળક બરાબર સ્પષ્ટ રીતે સાંભળી શકે તેવા શુદ્ધોચ્ચારપૂર્વક **મોટી શાંતિ** બોલવાની શરૂઆત કરી.

તેમાં બાળક **હેમચંદ** પણ જાણે બધું સમજતો હોય તેમ જરા પણ ધાંધલ વિના શાંતિથી મોટી શાન્તિ સાંભળી રહ્યો.

છેલ્લે "**शान्तिपानीयं मस्तके दातव्यमिति**" પાઠ વખતે શાન્તિજળ બાળકના માથે લગાડયું તો બાળક પ્રસન્ન થઇને હસવા માંડયો.

બધા સ્વજનો અને સ્નાત્રીયાઓ માત્ર સવા મહિનાનું બાળક આવી રીતે ધીર-ગંભીર બની દહેરાસરમાં રહે તે જોઈ અચરિજ પામ્યા, સાથે મહાપુરૂષ-તરીકેના ભાવી એંધાણ રૂપે આ વાતને પારખી માનસિક-સંતોષ મેળવ્યો.

આ રીતે સ્નાત્ર-મહોત્સવ પત્યા પછી શ્રી ચિંતામણિ દાદાના દહેરે બપોરે શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ઠાઠથી હૃદયના ભાવોલ્લાસ સાથે નગારાં અને કાંસીજોડાની રમઝટ સાથે વિવિધ રાગ-રાગિણીઓ પૂર્વક ભણાવવામાં આવી, સહુને પેંડાની પ્રભાવના કરવામાં આવી.

બાળકના મોસાળ પક્ષે દાદા-મામા વગેરે **રૈયા ગાંધી**ની ખડકીમાં રહેતા, તેથી **મગનભાઈએ** શ્રી શાંતિનાથ પ્રભુજીના દહેરે (ઢાંકવાડીમાં) પણ બધા પ્રભુજીને સોના-ચાંદીના વરખ રૂપેરી-સોનેરી બાદલાની ભવ્યઘાટભરી અંગરચના, ઘીના સુંદર દીવાઓની સંયોજના સાથે કરાવી.

વળી **મગનભાઈ** વિવેકી શ્રાવક હોઈ બાળકમાં મોહના સંસ્કારો પ્રબળ ન બને તે હેતુ બર લાવવા **અંતસરીયા દરવાજે** માણેક શેઠાણીની ધર્મશાળામાં બાળબ્રહ્મચારી શ્રી **નેમિનાથ પ્રભુનું** દહેરાસર હતું, ત્યાં પોતાના પિતરાઈ ભાઇ અને બાળકની માશી વગેરે કુટુંબીઓ મારફત સ્નાત્ર-મહોત્સવ, અષ્ટપ્રકારી પૂજા તથા ભવ્ય અંગરચના કરાવી.

વ્યવહાર-દક્ષ **મગનભાઇએ** જ્ઞાતિની વાડીમાં બપોરે અને સાંજે જ્ઞાતિજનોને જમણવારમાં વિવિધ રીતે સન્માન પૂર્વક જમાડવા સાથે દેરાસરમાં ભણાવાતી મોટી પૂજાઓ અને ચૈતૃક દેરાસરે શ્રી **વાસુપૂજ્ય** પ્રભુને, ઘર સામે ચૌમુખજીના દહેરે, શ્રી અજિતનાથ પ્રભુને અને શ્રી ચિંતામણી દાદાના દહેરે સોનેરી રૂપેરી વરખ, બાદલા અને **જમનાબહેને** કુદરતી પિસ્તાલીશ પિસ્તાલીશ ગુલાબોની ભવ્ય અંગરચના કરાવવાના મનોરથ રૂપે વાડીઓમાંથી માણસ મોકલી તાજા સુંદર ગુલાબના ૪૫-૪૫ કુલો મંગાવી કરાવેલ ભવ્ય-આકર્ષક, પુષ્પોની અંગરચનાના દર્શન કરવા દ્વારા વીતરાગપ્રભુની વીતરાગતાની ભાવનાના હિલોરે ચઢવા **મગનભાઈ** આગ્રહપૂર્વક દેરાસરે તેડી જતા.

સહુ **મગનભાઈ**ની આવી વિવેકભરી ધર્મનિષ્ઠા, વ્યવહાર-કુલાચારનિપુણતા સાથે બાળકના ધાર્મિક સંસ્કારોની ભાવજત માટેની સુયોગ્ય-પ્રવૃત્તિની અનુમોદના સાથે વીતરાગ પરમાત્માની ભવ્ય અંગરચનાઓના દર્શનમાંથી અદ્‌ભુત ધાર્મિક-પ્રેરણા મેળવવા લાગ્યા.

આ રીતે ચાલીસમા દિવસે ચોથા સ્નાન પછીના વ્યાવહારિક-સૂતક નિવૃત્તિના કાર્યક્રમ પ્રસંગે ધાર્મિક વ્યવહારોને અપનાવી **મગનભાઈએ** અંતરંગ-વિવેકબુદ્ધિને સફલ કરી.

આ ઉપરાંત બાળકના જન્મોત્સવ નિમિત્તે વિરતિમાર્ગની ઉપબૃંહણા દ્વારા જીવનમાંથી મોહનીય કર્મને શિથિલ કરવાના શુભ ઈરાદાથી ભા. સુ. ૧૪ના પૌષધ કરનારા શ્રાવક–શ્રાવિકાઓનું શ્રીફળ અને સવા રૂપિયાથી બહુમાન કર્યું. અને પૂનમે પોતાના ઘર આંગણે નોતરી, ભક્તિભાવપૂર્વક જમાડી બાળક **હેમચંદને** ખોળામાં રાખી તેના હાથે જયણાના પ્રતીકરૂપ પૂંજણી તથા **જમનાબેનના** હાથે ચરવલાની પ્રભાવના કરાવી આત્મ–સંતોષ મેળવ્યો.

આ રીતે બાળક **હેમચંદની** ગર્ભાવસ્થાથી બનતા વિશિષ્ટ પ્રસંગોથી અનુમાનિત મહાપુરૂષ તરીકેની ભૂમિકાને અનુરૂપ વિશિષ્ટરીતે જન્મોત્સવ અને ધાર્મિક સંસ્કારોના સિંચનરૂપ વિવિધ ધર્મક્રિયાઓ દ્વારા બાલ્યજીવનના પ્રાથમિક ઘડતરનું કાર્ય **મગનભાઇએ** તત્વનિષ્ઠા અને વિશિષ્ટ ધર્મક્રિયાના આંતરિક વલણથી સ્વતઃ પ્રાપ્ત **થયેલ ભગત**ના ઉપનામની સફલતા થાય તે રીતે અને **જમનાબેન**ની શ્રાવિકા તરીકેના વિશિષ્ટ સહકારથી કુટુંબી સ્વજનવર્ગને પણ ઘડીભર ચકિત કરી ધર્મની વિશિષ્ટ અનુમોદના થાય તે રીતે અપૂર્વ ધર્મોત્સાહથી કર્યું.

મહાપુરૂષોનો અચિંત્ય પ્રભાવ

ઉત્તમ કોટિના મહાપુરૂષોના પ્રભાવે—

- ચિત્ત શાંતિની પ્રાપ્તિ
- વિવેકરત્નની પ્રાપ્તિ
- ધર્મનું પોષણ
- કુમતિનો નાશ
- દૃષ્ટિની નિર્મળતા
- ન્યાય–નીતિની ઉત્પત્તિ
- યશ–કીર્તિનો વધારો
- વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ
- મોહનો ઘટાડો
- કુસંસ્કારોની નિર્મળતા

—આદિ–આદિ જીવનશક્તિ વર્દ્ધક ગુણોની પ્રાપ્તિ થાય છે.

——સિંદૂર પ્રકર ગા. ૬૬



પ્રકરણ–૬

પૂ. ચરિત્રનાયકશ્રીના ભાવીજીવનનું જ્યોતિષ્યની દ્રષ્ટિએ વિહંગાવલોકન

જિનશાસનની અદ્વિતીય મહત્તાને ધ્યાનમાં રાખી, શ્રાવક કુલની અનુત્તર વિમાનના દેવો અને અસંખ્ય દેવોના અધિપતિ દેવેન્દ્રો દ્વારા પણ સ્પૃહણીયતાના કારણ તરીકે મોહના સંસ્કારોના ક્ષયોપશમને **મગનભાઈએ** જીવનના ધ્રુવતારકરૂપે બનાવેલ.

તે મુજબ લૌકિકદૃષ્ટિએ બીજા બાળકનો જન્મ બહુ મહત્વનો ન હોવા છતાં પ્રથમ બાળક કરતાં બીજા બાળકના ગર્ભકાળથી જ અણુકલ્પેલ બનેલ વિશિષ્ટ પ્રસંગોથી કોઈક મહાપુરુષ પૂર્વના ઉત્કૃષ્ટ પુણ્યયોગે પોતાના જીવનના આદર્શરૂપ ચારિત્રમોહના ક્ષયોપશમને સફળ રીતે વેગવંત બનાવવા આવેલ હોય તેમ **મગનભાઈએ** નિરધાર્યું.

તેથી જન્મોત્સવ વિગેરેમાં ખૂબ વિવેકપૂર્વક ધાર્મિક દૃષ્ટિકોણ મુખ્ય રાખી જીવનના પવિત્ર સંકલ્પરૂપ ચારિત્રમોહનો ક્ષયોપશમ સર્વ વિરતિરૂપે સફળપણે પ્રાપ્ત થવાનો શુભ આશય મુખ્ય રાખ્યો.

વધુમાં, આ સંબંધી વિશેષ માર્ગદર્શન મેળવવા માટે પોતાના તારક ગુરૂદેવ **શ્રી પૂ. મુનિ શ્રી અવેરસાગરજી મ.**–જેઓ તે વખતે શ્રમણસંઘમાં ધુરંધર આગમજ્ઞાતા અને શાસન વિદ્વેષીઓના આક્રમણને ખાળવા અપૂર્વ સામર્થ્યવાળા હતા–ને પત્રદ્વારા બાળકના જન્મ અને નામકરણ અંગે કરેલ ધાર્મિક વિધિ આદિ વાત જણાવવા સાથે બાળકના ગર્ભકાલ વખતે આવેલ પત્રમાં ઉલ્લેખાયેલ **વિ. સં. ૧૯૩૧માં શાસન પ્રભાવક મહાપુરુષના જન્મની** વાતની યાદી તાજી કરાવી.

વધુમાં બાળક **હેમચંદના** ગ્રહ–યોગો મારી ભાવનાને સફલ કરવામાં તેમજ શાસનને સમર્પિત થઇ શકવા માટે અનુકૂળ છે કે ? તે વાત શ્રાવકની મર્યાદામાં રહી વિવેકપૂર્વક પૂછાવી.

પૂ. **ઝવેરસાગરજી** મ. નો પત્ર અઠવાડીયા પછી આવ્યો. જેમાં જણાવેલ કે—

" જિનશાસનની મર્યાદા પ્રમાણે શ્રાવક કુલની સફલતા ખરેખર સર્વવિરતિધર્મની પ્રાપ્તિમાં છે, તે માટે તમારો ઉદાત્ત ભાવના અને તે અંગે નવજાત બાળકના ગ્રહયોગોની અનુકૂલતાના નિમિત્ત–કારણના સહકાર દ્વારા સર્વવિરતિને જલ્દી પ્રાપ્ત કરવાના મનોરથો અભિનંદનીય છે.

હકીકતમાં અભાસના જન્મેલ બાળકો શિષ્ટ-વ્યવહારના ધોરણ મુજબ વધુ પ્રભાવશાલી થાય છે.

તેમાં પણ તે દિવસે રવિવાર, પુષ્યનક્ષત્ર અને સિદ્ધિયોગ છે. આવા શુભયોગમાં થયેલ જન્મ બાળકની ભાવિ વિશિષ્ટ મહત્તા સૂચવે છે.

વધુમાં કર્કરાશિમાં ચંદ્રની સાથે સૂર્ય, બુધ અને શુક્રનો યોગ તથા મકરનો શનિ એટલે સપ્તમ–સ્થાને પૂર્ણ દૃષ્ટિવાળા ગ્રહના પરસ્પર પૂરક બળવાળો યોગ બાલકની અનેક જીવોને ઉપકારિતા તથા સંસારના ચાલુ ચાલે સ્વપરની ચાલવાની ક્ષમતા દૂર કરી શકે તેવો પ્રબલ યોગ જણાય છે.

વળી જ્યોતિષશાસ્ત્રના અંધારણ મુજબ એમ પણ જણાય છે કે–ઓગણીશ વર્ષનો શનિની મહા દશામાં ચતુર્થાંશ ભાગ વ્યતીત થયા પછી આ બાળકનો જન્મ થયો હોવાથી શાસનનો વિશિષ્ટ–પ્રભાવક થાય એ નિઃસંદેહ જણાય છે.

વધુ તો–કોઈ સારા જાણકાર–જ્યોતિષીનો સંપર્ક સાધી ગ્રહોની દૃષ્ટિ અને સ્થિતિ તથા ભાવગત મહત્વ આદિના ધોરણે બાળકના ભાવિ શુભાદયને જાણવા પ્રયત્ન માટે ધ્યાનમાં લેશો.

સાધુજીવનમાં ગૃહસ્થના સંસારીજીવનનો જ્યોતિષ આદિના માધ્યમથી સંપર્ક દોષાવહ બને છે. તેમ છતાં તમારી શાસનની તીવ્રનિષ્ઠા અને સંયમ–સ્વીકારની સુદૃઢ–ભાવનાના ધોરણે તમારી માનસિક–સ્થિતિના મહત્વને ધ્યાનમાં રાખી આપવાદિક ધોરણે બાળકની ભાવિ શાસન–પ્રભાવકતાને જણાવવા આટલું જણાવેલ છે તે ખાસ ધ્યાન રહે."

પરમોપકારી **પૂ. ગુરૂદેવશ્રીનો** પત્ર વાંચી રોમાંચિત બનેલ **મગનભાઈ** ઘડીભર બાલક **હેમચંદના** ભાવી વિશિષ્ટ–જીવનની કલ્પનાના આધારે જાણે સંસારના કારમા બંધન અત્યારે વણસી રહ્યા છે–તેવો અનુભવ કરી પોતાની જાતને ધન્ય માની રહ્યા.

પૂ. ગુરૂદેવશ્રીની સૂચના મુજબ સારા અનુભવી, ગણિતજ્ઞ–જ્યોતિષીનું માર્ગદર્શન મેળવવા માટે **ગાંધી**–કુટુંબના **નિયત** બાંધેલ જોષી મહારાજ–કે જેમની પાસે અવારનવાર લગ્નાદિના મુહૂર્તો જોવા રાખવાની કુલપરંપરા હતી–નો સંપર્ક સાધ્યો. સવાપાંચ રૂપિયા અને શ્રીફળ સામે ધરી નવજાત–બાળકના ભાવિની ચોક્કસ જાણકારી માટે જિજ્ઞાસા વ્યક્ત કરી.

પંડિતજીએ પણ બાળકનો જન્મ–સમય ચોક્કસ રીતે નોંધી, અઠવાડીયા પછી આવવા જણાવ્યું. પણ **મગનભાઈએ** બાળકના ભાવીનું સ્પષ્ટ ચિત્ર ચોક્કસ રીતે જાણવાના આશયથી ટપકું બનાવવાના બદલે વિગતવાર ગ્રહોના સ્પષ્ટીકરણ ગણિત આદિ સાથે મોટી જન્મપત્રી બનાવવા પંડિતજીને આગ્રહ કર્યો.

પંડિતજીએ તે માટે બાળકનો ચહેરો, હસ્તરેખા તથા શરીરના કેટલાક લક્ષણો જોવા ઇચ્છા દર્શાવી.

અનુકૂલ સમયે પંડિતજી પ્રથમથી કહેવરાવી, શુદ્ધ–સારા વસ્ત્રો પહેરી પ્રશસ્ત શકુન લેવા સાથે **મગનભાઇના** ઘરે આવ્યા.

વિવેકી **મગનભાઈ એ** ઘરના આગળના ભાગની સુસજ્જિત બેઠકમાં પંડિતજીને યોગ્ય આદર–સત્કાર સાથે ગાદી–તકિયાવાલા તખત ઉપર બેસાડી હાથમાં સવાપાંચ રૂપિયા અને શ્રીફળ આપી કંકુનું તિલક કરી બહુમાન કર્યું.

પછી **મગનભાઈ** ઘરમાં જઇ નાજુક વસ્ત્ર–આભૂષણોથી સુસજ્જ બાલક **હેમચંદ** અને તેની માતાને બેઠકખંડમાં લાવ્યા.

બોળામાં બાળક રાખેલ **જમનાબેનને** પંડિતજી પાસેની ઉંચી ઓટલી ઉપર ચાકળા ગાદી પથરાવી બેસાડ્યા.

પંડિતજીએ ધ્યાનપૂર્વક બાલકને નિહાળવા માંડયું, બાલક પણ હસમુખ પ્રસન્ન ચહેરે ખિલખિલાટ કરતું રહ્યું.

બાલકની જમણા–ડાબા હાથની મુઠીઓ **જમનાબેન** પાસે બોલાવી પ્રશસ્તરેખાદિ લક્ષણોને ધારીને નિહાળી રહેલ પંડિતજીના વદન ઉપર અવનવી આશ્ચર્ય–મિશ્રિત પ્રસન્નતા આનંદની રેખાઓ ઉપસી રહી.

મગનભાઈ આ બધું બારીકાઇથી જોઈ માનસિક સંતોષ મેળવતા રહ્યા કે–" પૂ. ગુરૂદેવના કથન પ્રમાણે પંડિતજીને પણ હકીકતમાં બાળક વિશિષ્ટકોટિનો લાગે છે."

થોડીવાર પંડિતજી ધ્યાનમગ્ન જેવી સ્થિતિમાં બાળકની સુંદર મુખાકૃતિ, સુકોમળ હાથની વિશિષ્ટ રેખાઓ અને ઘાટીલું ભવ્ય શરીર વિસ્મય–આનંદની મિશ્રિત લાગણીઓ સાથે નિહાળી ધન્યતા અનુભવી રહ્યા કે–"શાસ્ત્રમાં વર્ણવેલ પણ મોટે ભાગે પ્રત્યક્ષ જોવા ન મળતા વિશિષ્ટ લક્ષણોથી સંપન્ન આ બાલક હકીકતમાં મહાપુરુષનું ભાવિરૂપ લઈને આવ્યો છે!" આ ઉપરથી જન્માક્ષર માટેના આપેલ સમયની સાથે સંગત ગ્રહોની સ્થિતિ અંગે શરીરાકૃતિના સૂચક નિમિત્તોથી અમુક ધારણાઓ ચોક્કસ બનાવી.

વધુમાં જીવનમાં દુર્લભ પ્રશસ્ત–લક્ષણસંપન્ન જાતકરૂપે મહાપુરુષના દર્શનનો લાભ મળ્યાના આત્મસંતોષ સાથે પંડિતજી ઘરે જવા ઉભા થયા.

મગનભાઈ એ સુંદર ધોતીજોટો પંડિતજીને ભેટ ધરી યોગ્ય–સન્માન સાથે શેરીના નાકા સુધી વિદાયમાન આપ્યું.

તે દિવસે આસો સુદિ પાંચમ હોઇ લૌકિક રીતે તંત્રશાસ્ત્રની પદ્ધતિ પ્રમાણે મધ્યમ

નવરાત્રિનો મધ્યમ દિવસ એટલે ખૂબ જ શક્તિશાળી હોઇ **જમનાબેનને** નાહી-ધોઇ, બાળક **હેમચંદને** નવરાવી, શુદ્ધ વસ્ત્રો પહેરાવી **શ્રી વાસુપૂજ્ય પ્રભુના** પૈતૃક દેરાસરે પૂજા માટે લાવવા સૂચન કર્યું.

મગનભાઈએ પોતે નાહી-ધોઈ દેરાસરે જઈ વિધિ-ભક્તિપૂર્વક સ્નાત્ર ભણાવ્યું. તે દરમ્યાન **જમનાબેન** પણ બાળકને લઇ આવી ગયા.

મગનભાઈએ બાળકના હાથે સ્નાત્રના ત્રિગડામાં પધરાવેલ **શ્રી શાંતિનાથ પ્રભુની** અને મૂલનાયક **શ્રી વાસુપૂજ્ય પ્રભુની** જલ-ચંદન અને પુષ્પની પૂજા કરાવી. વીતરાગ-પ્રભુના શાસનની મર્યાદાનુસાર આંતરિક-આત્મશક્તિઓના વિકાસનું સુયોગ્યબળ બાળક મેળવી શકે, તે રીતે ભાવશુદ્ધિનું બળ વધારવા પ્રયત્ન કર્યો.

પછી આરતી-મંગળદીવો ઉતારી, **જમનાબહેન** પાસે બાળકના હાથનો સ્પર્શ કરાવવા સાથે શાંતિકળશ કરાવ્યો. છેલ્લે શાંતિકળશનું પાણી બાળકના માથે લગાડી આજના આસો સુદ પાંચમના લૌકિક રીતે નવરાત્રિના મહત્ત્વપૂર્ણ દિવસે વિશિષ્ટ આત્મ-શક્તિના સંચાર અર્થે બાળકને ખોળામાં રાખી તેના મસ્તક પર હાથ ફેરવવા સાથે ૨૭ નવકાર ગણ્યા.

પૂજા પછી ચૈત્યવંદન આદિની વિધિ દરમ્યાન બાળક નાની વયનું છતાં માતાની ગોદમાં ચૂપચાપ રોવાની કે અશુચિની પ્રવૃત્તિ વિના સ્વસ્થતાથી સૂઇ રહ્યું.

પૂજા પત્યા પછી **મગનભાઈ** ઉપાશ્રયે લઇ જઈ પૂ. ગુરૂદેવ-ભગવંત પાસે જ્ઞાન-પૂજાપૂર્વક બાળકને વાસક્ષેપ નંખાવ્યો.

મગનભાઈ ઘરે પહોંચ્યા અને પૂજા-વસ્ત્રો બદલી રહ્યા હતા, તે દરમ્યાન પંડિતજીને ત્યાંથી એક છોકરો બોલાવવા આવ્યો. એટલે મગનભાઇ "હમણાં જ બે-ત્રણ કલાક પૂર્વે જ પંડિતજી ગયા છે. તાત્કાલિક શા માટે બોલાવતા હશે?" એ ઉત્સુકતાથી યોગ્ય-વસ્ત્રો પહેરી પંડિતજીને ઘરે ગયા.

પંડિતજીએ **મગનભાઈ**ને આવકાર્યા કે "શેઠજી ! ખરા ભાગ્યશાળી છો તમે ! તમને એક આનંદ વધામણાં આપવાનાં છે કે-

"અત્યારે અહીં શુકલ-યજુર્વેદીય માધ્યંદિન-વાજસનેયી શાખાના **જ્યોતિષના** પ્રકાંડ જ્ઞાતા, કાશીના પંડિતોએ આપેલ **વિદ્યા-ચૂડામણિ** બિરુદથી શોભતા ધર્મગુરૂ **શામળાજીથી ડાકોર** જતાં અહીંના તેમના યજમાન બ્રાહ્મણોના આગ્રહથી બે-ત્રણ બાળકોને યજ્ઞોપવીત આપવા માટે ઉપનયન-સંસ્કાર કરાવવા જ્ઞાતિની વાડીમાં પધાર્યા છે."

તમારે ત્યાં અવતરેલ મારી દૃષ્ટિએ તો અદ્વિતીય-અસાધારણ મહાપુરુષ-બાળકના જન્મ સમયને અનુલક્ષી બનાવેલ જન્મકુંડળી અને ચલિતકુંડળી તથા ગ્રહોનું સ્પષ્ટીકરણ ટૂંકમાં તૈયાર

કર્યું, તે જોતાં તો મારું જ્ઞાન બધું વાપરવા છતાં ગ્રહોની સ્થિતિ, બળાબળતા અને દૃષ્ટિ વગેરેની મહત્તાનું ચોક્કસ ફળ સંપૂર્ણ રીતે કહેવા અસમર્થ બની રહ્યો છું."

"તો તમે જો સાથે આવો તો કાશીવાળા ધુરંધર જ્યોતિષી મહારાજ–જેઓ સ્વતઃ જાણેને બાળકના કે તમારા પુણ્ય–પ્રકર્ષથી આવી પહોંચેલાને રૂબરૂ મળી કુંડળી બતાવી યોગ્ય માર્ગદર્શન મેળવીએ ! બાકી ગણિત વગેરે તો પરમાત્માની કૃપાએ હું કરી આપીશ, પણ ઘર બેઠાં જાણે ભગવાને જ મોકલેલ કાશીના ધુરંધર–વિદ્વાન જ્યોતિષી મહારાજના જ્ઞાનનો લાભ મેળવીએ."

"આટલા માટે જ મેં તમને તાત્કાલિક બોલાવ્યા છે! કેમકે–સાંભળવા પ્રમાણે નવરાત્રિના છેલ્લા દિવસે તેઓ **ડાકોર** પહોંચવા ધારે છે. બીજી તેમની પ્રવૃત્તિઓમાં આપણી મુલાકાત ઢીલમાં ન પડે, માટે "**शुभस्य शीघ्रं**" ન્યાયે આજે બપોરે તેમને મળીએ!"

"હું હમણાં મારા સંબંધી મારફત ચોક્કસ સમય નક્કી કરી તમોને ઘરે ખબર આપું છું, અગર તમારા ઘરે જ આવું છું."

મગનભાઈ આ વાત સાંભળી પૂ. પરમારાધ્ય ગુરૂદેવ ભગવંતના સૂચન મુજબ જ્યોતિષ દ્વારા બાળકના ભાવિની સ્પષ્ટ રૂપરેખા જાણવાની જિજ્ઞાસામાં આ રીતે વિશિષ્ટ–સાધનોનો સંયોગ સ્વતઃ મળી રહેતો અનુભવી, પૂ. ગુરૂદેવશ્રીના સૂચનની ગંભીરતા બદલ પૂ. ગુરૂદેવશ્રી પ્રતિ બહુમાનની લાગણી અનુભવી.

મગનભાઇ ઘરે આવી, ઉપવાસ હોવાથી સામાયિક માટે ઉપાશ્રયે ગયા. ત્યાં **ઉપદેશ કલ્પલતા** નામે ગ્રંથ–જેમાં શ્રાવકનાં ૩૬ કર્તવ્યોનો અધિકાર વિગતવાર દૃષ્ટાંત સાથે છે–નું વાંચન કર્યું.

સામાયિક પુરૂં કરી ઘરે આવ્યા કે પંડિતજી આવ્યા અને કહ્યું કે "કાશીના જ્યોષી મહારાજે સાંજના ચાર વાગ્યા પૂર્વે આવવા જણાવ્યું છે, તો આપણે બે વાગે જઈએ!"

મગનભાઈએ કાશીના વિદ્વાન્ જ્યોતિષીનું બહુમાન કરવા સુંદર પીતાંબરની જોડી, સોનેરી કિનારીનો મહામૂલો ધોતીજોટો, શ્રીફળ અને એક સ્વર્ણ–મુદ્રા (ગિની), સુંદર–સુગંધી પુષ્પોનો હાર તથા વિવિધ પકવાનની છાબડી વગેરે માણસ પાસે લેવડાવી બરાબર બે વાગે ગાંધી કુટુંબના જોશી મહારાજ સાથે બ્રાહ્મણ–જ્ઞાતિની વાડીમાં કાશીથી પધારેલ મોટા જ્યોતિષી પાસે ઉપડતા–સૂરે રવાના થયા, સામે જ વાછરડી સાથે ગાય અને પાણીનું બેડું શકુન તરીકે નિહાળી પ્રસન્નતા સાથે બ્રાહ્મણજ્ઞાતિની વાડીએ પહોંચ્યા.

ત્યાં વાડીના મુખ્ય દ્વારથી જમણે વિશાલ ખંડમાં ગાદી–તકિયા ઉપર વ્યાઘ્રચર્મ **પાથરી** દ્વાદશપુંડ્ર (તિલક) ધારી પીતાંબર પહેરેલ કાશીના જ્યોતિષી મહારાજ બપોરના સમયે મુલાકાતીઓ ન હોઈ માળાથી જપ કરી રહ્યા હતા.

મગનભાઈ વિવેકપૂર્વક સ્થાનિક જોષી–પંડિતના નિર્દેશ મુજબ ફળ–નૈવેદ્ય સામે ધરી, પુષ્પની માળા પંડિતજીને ગળામાં પહેરાવી, શ્રીફળ અને સ્વર્ણમુદ્રા ભેટ તરીકે મૂકી એકબાજુ મર્યાદાસર બેસી રહ્યા.

સ્થાનિક જોષી–મહારાજે થોડીવાર ઔપચારિક કુશલ–ક્ષેમને લગતી વાતચીત કરી જિંદગીમાં ક્યારે નહિ અનુભવેલ વિશિષ્ટ ગ્રહયોગોના સંયોગવાળી જન્મકુંડલી રજુ કરી જણાવ્યું કે—

"સાથે આવેલ સ્થાનિક ધનલમૃદ્ધ–શ્રીમંત વ્યાપારીના ઘરે ટૂંક સમયપૂર્વે બાળકનો જન્મ થયેલ, તેના જન્મસમય પ્રમાણે જન્મકુંડલી બનાવી જન્મપત્રિકા વિગતવાર બનાવવાની શરૂઆત કરેલ, પણ શાસ્ત્રોમાં વાંચેલ છતાં મારી જિંદગીમાં કદી કોઈની કુંડલીમાં જોવા નહિ મળેલ વિશિષ્ટ ગ્રહોના દૃષ્ટિશુદ્ધ–યોગો આદિથી અનુમાનિત અપૂર્વ–ફળાદેશની ચોકસાઈ માટે આપની અગાધ જ્ઞાનરાશિનો લાભ લેવા સેવામાં હાજર થયા છીએ. તો અનુગ્રહ કરી આ કુંડલી ઉપરથી બાળકના ભાવિનું સ્પષ્ટ ચિત્ર જણાવવાની તસ્દી લેશો, એવી પ્રાર્થના છે."

કાશીના પંડિતની કુંડળી અને સૂર્યાદિ–સ્પષ્ટ ગ્રહોના ગણિતના આંકડા તથા કેન્દ્રમાં ચોથે અને સાતમે વિશિષ્ટ ગ્રહના યોગો તેમજ સવાંગ–ત્રિપાદ વિગેરે દૃષ્ટિની અસરોવાળી ગ્રહોની સ્થિતિ નિહાળી ઘડીભર ચકિતમુદ્રામાં ગજનિમીલિકા કરી ગંભીરમુદ્રાએ ધ્યાનસ્થ બની રહ્યા.

થોડીવારે રત્નાકરમાં ઊંડે ગોથું લગાવી મહામૂલા મોતી મેળવીને આવેલ મરજીવા કરતાં વધુ દેખાતા ઉત્સાહની મુદ્રાએ કાશીના પંડિતરાજ બોલ્યા કે—

"भैया! क्या कहें! कहते कुछ बनता नहीं! मेरी उम्र भगवानकी दयासे सित्तरकी करीब पहुंच रही है! हजारों जातकके जन्मांकर बनाये! हजारों कुंडली देखी! किंतु मैं अपनी नजरोंपर विश्वास करूं या नहीं! क्या कहुं!

ऐसी विशिष्ट कुंडली मैं पहलीवार देख रहा हूं!

धन्य है! गुजरातकी भूमिको! जोकि ऐसे नररत्नोंका अस्तित्व बनानेको प्रस्तुत है, जिनकी जीवन–प्रक्रिया द्वारा अनेक मार्गभ्रष्ट–अज्ञानमूढ–जीवोंको सही मार्गदर्शन मिलेगा!

मैं तो डाकोरजीके श्री रणछोडराय–भगवानका बडा आभारी रहुंगा! विशेषकर यहांके हमारे यजमानोंका भी मैं अहेसानमंद रहूंगा, जिन्होंने मुझे ऐसे अनूठे–बालककी प्रशस्त–कुंडलीका देखनेका स्वर्ण–अवसर प्राप्त कराया.

अच्छा हो! शास्त्रीजी! कि ऐसे जातकका भाग्यवंत चहेरा भी देखनेको मिल जाय!

शेठजीका मकान किधर है?"

स्थानिक पंडितजीએ કહ્યું કે—

"शास्त्रीजी! शेठ श्री **મગનભાઈ** અમારા શહેરના પ્રતિષ્ઠિત વ્યક્તિ છે અને તેઓ અમારા ઘરની પાસે જ દલાલવાડામાં રહે છે.

આપે જે ઇચ્છા પ્રગટ કરી તે માટે પ્રસન્નતાપૂર્વક શેઠજી તૈયાર છે, તેમ છતાં શેઠશ્રીની એવી ઇચ્છા છે કે–આ ખ્હાને આપ ઘરે જ પધારો તો આપ જેવા વિશિષ્ટ કર્મકાંડી–પવિત્ર તથા બ્રહ્મવંશ–શિરોમણિ શાસ્ત્રીજીના ચરણકમલ દ્વારા ઘર પવિત્ર થશે."

આજ રાત્રે **શ્રોત્રિયવાડમાં કરૂણાશંકર શ્રોત્રિયને** ત્યાં આપ જવાના છો, તેવું જાણ્યું છે. તો તેની સામે નજીકમાં જ શેઠનું મકાન છે, તો જરૂર ઘરે પધારવા મહેરબાની કરો. !!!

કાશીના શાસ્ત્રીજીએ કહ્યું કે—

बस ! बस ! तब तो ऐसा ही करेंगे! प्रभुकी लीला अपरंपार है ! क्या ! संजोग बिठाया ?

आज रातको श्रोत्रियजीके घर जानेसे पहले ही शेठजीके यहां आठ बजे भावी महापुरुष रुप प्रधानोत्तम जातकके दर्शनार्थ आउंगा.

उसके बाद ही ग्रहोंकी स्थिति, दृष्टि, भावप्रबलता आदिका निर्णय भगवत्कृपासे रात्रको शांतचित्तसे सोचकर करुंगा ! तो पंडितजी ! आप इस जातकके फलादेशके लिए कल बारह बजे आप मुझे मिलें ! कल दुपहरके बाद उपनयन संस्कारादिक बहुत काम है. और मुझे डाकोर भी जल्दी पहुंचना है !!!

मैं अपनी मतिअनुसार भगवान जैसा भी लिखवाएगा वैसा संक्षेपमें लिखकर रखुंगा.

આટલું કહીને કાશીના જ્યોષી મહારાજ **મગનભાઈ** સામે ભાવુકતાથી હાથ જોડી ઊભા થઇ અંદર ઓરડામાં ગયા.


મગનભાઈએ જતી વખતે સોનેરી–કિનારીનો ધોતીજોટો તથા પીતાંબર–જોડી આપવા વિચારેલ, પણ સાંજે પોતાના ઘરે આવનાર છે, ત્યારે ઠીક રહેશે, તેમ ધારી તે બધું લઇ ઘરે આવ્યા.

ઘરે આવી પોતાના સ્વજન–સંબંધીઓને કાશીના પંડિતરાજ નવજાત–બાળકના જન્મ-સમયના વિશિષ્ટ–ગ્રહયોગોના સ્પષ્ટ–ફલાદેશના નિર્ણય માટે સ્વયં જાતે ઘરે પધારવાના સમાચાર જણાવી પંડિતરાજના સ્વાગત અર્થે યોગ્ય–તૈયારી ઝડપથી શરૂ કરાવી.

ઘરની બહારના ભાગે સુંદર નાનો મંડપ બંધાવી, રેશમી સાડીઓથી શણગારી, કાચની હાંડીઓમાં રંગબેરંગી ગ્લાસમાં ખોપરેલ તેલની ભવ્ય–રોશનીનો ઝગમગાટ થઇ રહે તેવી વ્યવસ્થા કરી.

ઘરની આગળના ઓટલા ઉપર મોટી પાટ મૂકાવી, નવા ભરાવેલ ગાદી–તકિયા ગોઠવી ઉપર મખમલ–જરીના ગલીચા પાથરી તાજા સુગંધી ફૂલની માળાઓથી આસપાસનો ભાગ શણગાર્યો.

સુંદર–વસ્ત્રાભૂષણોથી સુસજ્જ થઇ જ્ઞાતિ, સ્વજન–વડીલોને આગળ રાખી **દલાલવાડાના** પાશ્ચિમાભિમુખ દરવાજા પાસે **શ્રોત્રિયવાડના** નાકે મુખ્ય–રાજમાર્ગ ઉપર કાશીના પંડિતરાજના સ્વાગત અર્થે સાંજના સાડાસાત પછી કંકુ, ચોખા, પુષ્પમાળા અને દેશી–વાજીંત્રની તૈયારી રાખી.



બરાબર આઠમાં પાંચ મિનિટ બાકી હતી, તે સમયે અનેક વરિષ્ઠ, ધુરંધર, વેદપાઠી, પીતાંબરધારી–બ્રાહ્મણોથી પરિવરેલા કાશીના પંડિતરાજ બે ઘોડાની બગ્ગીમાં શિખા–પુંડ્ર અને વેદ-શ્રુતિઓના સ્વરાભિનય સાથે ઉચ્ચારણવાળા પીતાંબરધારી ચાર બ્રાહ્મણ બટુ જાણે સાક્ષાત્ ચારવેદ બાલસ્વરૂપે હોય–ના મધ્યભાગે બિરાજેલા પધાર્યા.

બગ્ગી ઊભી રહેતાં જ સ્થાનિક જોષી મહારાજ કાશીના પંડિતરાજ સામે હાથ જોડી ઉપસ્થિત થયા.

કાશીના પંડિતરાજે કહ્યું કે—

कहिए! शुक्लाजी? (સ્થાનિક જોષીની અટક શુકલા હતી) चलें न भाई महापुरुषके दर्शनार्थ; यहीं है न शेठजीका घर?

સ્થાનિક જોષી મહારાજે કહ્યું કે—

"હા! હા! પધારો! જુઓ! આ જમણીબાજુ સ્વાગત સામગ્રી લઈને શેઠજી સપરિવાર આપની રાહ જોઈને જ ઊભા છે !!!"

કાશીના પંડિતરાજ બગ્ગીમાંથી બે પરિચારકોના બંને હાથ મૂકી ધીમેથી નીચે ઉતર્યા કે– **ભગનભાઈના** નિર્દેશાનુસાર સધવા સ્ત્રીઓએ કંકુવાળા ચોખાથી વધાવ્યા, અને વયોવૃદ્ધ–જ્ઞાતિ–વડીલના હાથે સુગંધી–ભરચક–પુષ્પોવાળી માળા પહેરાવી.

પછી દેશી–વાજિંત્રના ધમકારા સાથે ઘરે લઈ જઈ યોગ્ય–સ્વાગતપૂર્વક મંડપમાં સુસજ્જિત બેઠક ઉપર બેસાર્યા.

પૂર્વ–સૂચના મુજબ **જમનાબહેન** બાળક **હેમચંદને** વૈભવાનુરૂપ થોડા પણ કિંમતી વસ્ત્રાભૂષણથી સુસજ્જ કરી મંડપમાં મર્યાદાસર ગોઠવેલ–સ્ત્રીવર્ગની બેઠકના આગલા ભાગે ગાદી ચાકળાવાળી નાની માંચી ઉપર બેઠા.

સ્થાનિક–પંડિતજીએ ઉપસ્થિત સઘળા સાજનને ટૂંક શબ્દોમાં સંબોધ્યું કે–

"**કાશીના** મહાપ્રકાંડ વિદ્વાનોએ ભેટ કરેલ "**જ્યોતિષ ચૂડામણિ**"**ના** બિરૂદથી શોભતા ઉચ્ચકોટિના વિદ્વાન મહાપુરૂષ ભાગ્યયોગે **શામળાજીથી ડાકોર** જતાં જરૂરી–કારણથી ચાર દિવસ માટે અહીં રોકાઈ ગયા છે.

તેમાં **કપડવંજ** નહીં પણ **ગુજરાતની** પુણ્યભૂમિ, અરે ભૂલ્યો! **ભારતની** પુણ્યભૂમિના તિલકસમા અને કાળબળથી વિખરાતી કે ઝાંખી પડી રહેલ **આર્ય**–સંસ્કૃતિના આવરણોને ફરી ઝમેડવાની વિરાટ શક્તિવાળા પનોતા બાળકના જન્માક્ષર માટે **ભગનભાઈ** મારી પાસે આવેલ, પણ વિશિષ્ટ–ગ્રહયોગોની પ્રશસ્ત–સ્થિતિ વગેરેમાં મારૂં જ્ઞાન ટૂંકું પડતું લાગવાથી અચાનક ઘેર બેઠે ગંગાની જેમ પધારી ગયેલ પંડિતરાજનો સંપર્ક સાધ્યો.

તો કાશીના પંડિતરાજ પણ બાલકના જન્મ–સમયની કુંડળી જોઈ ચકિત–પ્રસન્ન થયેલ.

'આવા વિશિષ્ટ જાતકના પ્રત્યક્ષદર્શન એ જીવનનો લ્હાવો ગણાય, એમ કહી પંડિતજી સ્વયં તે બાળકને જોવા પધાર્યા છે, તે બદલ આપણે સૌ અગાધ–પાંડિત્ય સાથે શોભતી પંડિત-રાજની અપૂર્વ નમ્રતા અને ગુણદર્શિતાને અભિનંદીએ છીએ.'

હવે હું **મગનભાઈને** નમ્રભાવે સૂચન કરું છું કે–પ્રશસ્ત–લક્ષણ–સંપન્ન બાળકને પંડિતરાજ સામે ઉપસ્થિત કરે! સમયની મર્યાદા બહું ટૂંકી છે. પંડિતરાજને શ્રોત્રિયવાડમાં મહત્ત્વની સંસ્કારવિધિમાં તુરત ઉપસ્થિત થવાનું છે."

આટલું કહી સ્થાનિક–જોષીમહારાજ યોગ્ય સ્થાને બેઠા. **મગનભાઈ** પણ **જમનાબેન** પાસેથી બાળકને તેડી લાવી પંડિતરાજ સામે હાજર થયા.

પંડિતરાજે બાળકના તેજસ્વી છતાં સૌમ્ય ચહેરાને જોઈ ભાવાવેશમાં સહસા ઊભા થઈ બાળકને **મગનભાઈના** હાથમાંથી પોતાના ખોળામાં લઈ પોતાના આસને બેઠા.

પ્રૌઢવયના, મોટી દાઢીવાળા, અજાણ્યા વૃદ્ધ પુરૂષપાસે અચાનક જવા છતાં બાળક ક્ષોભ ન પામ્યો, પણ ખિલખિલાટ હસતું રહ્યું.

પંડિતજી બાળકની આ વિશિષ્ટતાને નિહાળી ખૂબ વિસ્મિત બન્યા.

પછી ધીમે ધીમે બાળકના શિખા–મસ્તક–લલાટ–ચક્ષુ–નાસિકા–કાન–વક્ષસ્થળ–બન્ને હાથની મુઠીઓ ખોલી નાજુક રેખાસંપન્ન હથેળીઓ અને પગના તળીઆં વિગેરે ધારીને જોઈ લીધાં પછી શરીરનો સ્પર્શ, મસ્તક ઉપરના કેશ, હસવા ટાણે બન્ને ગાલોમાં પડતા નાજૂક ખાંચા વગેરે બાહ્ય–લક્ષણોની પણ સમીક્ષા કરી.

થોડોક સમય બાળકને પંપાળી–રમાડી અત્યંત–પ્રસન્નવદને કાશીના પંડિતરાજે **મગનભાઈને** બાળક પાછો સોંપ્યો.

ખૂબ સ્વસ્થતાપૂર્વક પંડિતરાજ બોલ્યા કે–

"धन्य है इस धरतीको ! जहां हमारे परमाराध्य श्री शामळाजी, डाकोरजी एवं द्वारकाजी आदि पुण्यभूमिएँ हैं. साथ है ऐसे नररत्नोंकी जहां पैदाइश हो, इस धरतीको मेरा बारबार अभिनंदन है.

भगवानकी दया से मैंने अपनी जिंदगीमें हजारों व्यक्तिओंके जन्माक्षर बनाये एवं देखे किंतु झुकलाजीने आज दुपहरको दो बजे जो जन्मकुंडली बताइ. क्या कहूँ ? सच पूछो तो मैं उस कुंडलीको देखते ही चकरा गया था. मैं अपनी आंखोंपर विश्वास नहीं कर रहा था कि–ऐसी भी कुंडली क्या वर्तमान कालमें किसी जातककी हो ?

किंतु अब जातकको प्रत्यक्ष देखनेपर मुझे पूरा भरोसा हो गया कि–भगवानने—

यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत ! ।
अभ्युत्थानमधर्मस्य, तदात्मानं सृजाम्यहम् ॥

इन शब्दोंसे गीतामें जो प्रतिज्ञा–वचन दिया है ठीक उसीके अनुरुप भारतके अज्ञानमूढ लोगोंकी भ्रांति-

निवारणार्थ समय-समयपर उत्तम महापुरुषोंकी उत्पत्ति विश्वकल्याणार्थ होती ही है !

आज मैं अपने जीवनकी इस-धन्य घडीको कभी न भूलूंगा, कि-जीवनयात्राके पश्चार्द्धमें ऐसे भावी महापुरुष रुप लक्षण-संपन्न जातकका प्रत्यक्ष दर्शन किया !

अच्छा तो शेठजी ! बडे भाग्यशाली हैं आप ! भारतकी गरिमामें कालबलसे जो कमी आ रही है, उसकी पूर्ति आपके यहाँ अवतरित-संतानके-द्वारा होगी !

इस सौभाग्य बदल मैं आपका हार्दिक अभिनंदन करता हूँ !

रत्नकुक्षिधारिणी-मगलमयी-पुण्यजननी माता को भी मेरा मंगल आशीर्वाद है कि

वे विरल उत्तम-पवित्र बालकके यथोचित संस्कारोंके प्रयत्नके साथ महापुरुषके रुपमें जातकके विकासमें पुण्य योगदान सफल रुपमें देती रहें.

अच्छा, तो शुकलाजी ! चलें, अब काफी समय हो गया !

એમ કહી પંડિતરાજ ઊભા થવાની તૈયારી કરવા લાગ્યા, તે વખતે ઉચિતમર્યાદાને જાણનાર **મગનભાઇએ** સોનેરી કિનારીનો ધોતી જોડો તથા પીતાંબરની જોડ તેમજ સુંદર મોતી ગૂંથેલી એક માળા પંડિતજીને ભેટ ધરી.

કાશીના પંડિતરાજે સંકોચપૂર્વક સ્વીકારી, **મગનભાઈની** ઉદાર વિવેકબુદ્ધિની પ્રશંસા કરવાપૂર્વક વિદાય થયા.

મગનભાઈ સ્વજનવર્ગ સાથે દલાલવાડાના નાકા સુધી વિદાયમાન આપવા ગયા.

પાછા વળતાં સ્થાનિક-જ્યોતિષીને 'કાલે બાર વાગે કાશીના પંડિતરાજને મળી તેમનો લેખિત અભિપ્રાય મેળવી તેના ઉપરથી તમે વિગતવાર લખાણ તૈયાર કરી લેશો અને તૈયાર થાય એટલે મને કહેવડાવજો'-એમ કહી **મગનભાઈ એ** ઘરે આવી જમનાબહેન સાથે પ્રતિક્રમણ ઘરે કર્યું.

પછી પૂ. **ઝવેરસાગરજી** મ. નો પત્ર **જમનાબહેનને** વાંચી સંભળાવી સારા જ્યોતિષી પાસે બાળકના ભાવિની જાણકારી મેળવવાની પૂ. ગુરુદેવશ્રીની સૂચના પ્રમાણે 'ઘર બેઠે કાશીના મહાપ્રકાંડ જોશી મહારાજનો સમાગમ અને તે પણ ઘરે આવી બાળકનાં લક્ષણોનું યથાવત્ ચોકસાઈપૂર્વક નિરીક્ષણ કરી ગયા.'

આ બધો દેવગુરુનો પ્રતાપ છે. હકીકતમાં બાળક **હેમચંદ** કોઈક વિશિષ્ટ વ્યક્તિ લાગે છે. આદિ વાતો પછી સંથારાપોરસી ભણાવી.

મગનભાઈએ વિચાર્યું કે લૌકિક તંત્રશાસ્ત્રની રીતે મધ્યમ નવરાત્રિનો મધ્યમ. દિવસ ખરેખર આજે બાળકના ભાવિદર્શનની અનુકૂળતાની દૃષ્ટિએ સારો પસાર થયો. તો આજની આ બધી પ્રવૃત્તિ સરવાળે મોહના ક્ષયોપશમમાં સાનુકૂળરૂપે પરિણમે. એ શુભ આશયથી પાંચ બાંધી માળા ગણી સંથારો કર્યો.

બીજે દિવસે છઠ્ઠનો ક્ષય હોઈ શાશ્વતી શ્રી **નવપદની** આરાધના ચાલુ થતી હતી. તેથી **મગનભાઇએ** ઉપવાસ પર આંબેલ કરી નવપદજીની ઓળી વિધિપૂર્વક કરવાની શરૂઆત કરી.

જમનાબહેને પણ ઉપાશ્રયમાં જઇ ચૈત્રી ઓળીની માફક ક્રિયા સહિત ઓળી કરનારી બહેનો સાથે વિધિસહિત ઓળીની શરૂઆત કરી.

ઓળીના પ્રથમ દિવસે શાસનનાયક સર્વજીવ-હિતકારક **શ્રી અરિહંત**-પરમાત્માની આરાધના **મગનભાઈ** તથા **જમનાબહેન** ભાવોલ્લાસથી કરી.

હડહડતા-વિષમ કળિકાળમાં ઉત્કૃષ્ટ રીતે જીવનશુદ્ધિનો રાહ સમજવા અને યથાશક્તિ આચરવા મળ્યો છે, તે બદલ **શ્રી અરિહંત-પરમાત્માનો** શાસન-સ્થાપના દ્વારા મહાઉપકાર નજર સામે રાખ્યો.

બીજે દિવસે આઠમ જેવા પંચપર્વીના વિશિષ્ટ દિવસે આઠ કર્મોનો ક્ષય અને સિદ્ધના આઠ ગુણોથી ઉપાસનાના સુમેળવાળી આરાધના કરી, સઘળી ધર્મ આરાધનાના પ્રધાન લક્ષ્યરૂપ કર્મનિર્જરાના આશયને **શ્રી સિદ્ધપદની** આરાધના દ્વારા સ્પષ્ટ બનાવ્યો.

ત્રીજે દિવસે શ્રી **આચાર્ય પદની** આરાધનામાં શ્રી તીર્થંકર પરમાત્માએ સ્થાપિત સર્વહિતકર-માર્ગને વારસાગત ચલાવવા રૂપે મહાઉપકાર કરનારા પૂજ્ય-પુરૂષોની અદ્વિતીય -અસાધારણ મહત્તા ધ્યાનમાં રાખી આજે પણ આવા કોઇક સમર્થ શાસનપ્રભાવક, આગમજ્ઞાતા કાળબળે ઝાંખી પડેલ શાસન પ્રભાને સતેજ કરનાર પુણ્યાત્માની શુભ કામના દૃઢ કરી.

ત્યારપછી-લૌકિક દૃષ્ટિએ વિજયાદશમી તરીકે ઓળખાતી આસો સુદ દસમે **મગનભાઇએ** અંતરંગ અખૂટ જ્ઞાનાદિ-રત્નોના ખજાનાને દબાવી બેઠેલ રાગાદિની વાસનાઓના મૂળજનક મોહનીયકર્મને નવપદની આરાધનાના ક્રમે ચોથા દિવસે આવતી શ્રી **ઉપાધ્યાય પદની** આરાધના દ્વારા નિયંત્રિત કરવાની અપૂર્વ તૈયારી કરી.

જમનાબહેને પણ આગમધર-મહાપુરૂષની વર્તમાનકાળે ખાસ જરૂરિયાત અનુભવી શ્રી **ઉપાધ્યાય પદની** આરાધના દરમ્યાન અગિયાર અંગ, બાર ઉપાંગના જાણકાર અને ચરણકરણની આસેવનામાં નિષ્ઠ મહાપુરૂષની આશંસાપૂર્વક ખૂબ ઉમંગથી કરી.

વધુમાં દહેરાસરમાં **મગનભાઈ** સાથે સ્નાત્રપૂજા ઠાઠથી ભણાવ્યા પછી પૂ. પં. શ્રી **પદ્મ વિજયજી** મ. અને પૂ. ઉપા. શ્રી **યશોવિજયજી** મ. કૃત શ્રી **નવપદજીની** પૂજાની ચોથી ઢાળ **મગનભાઇના** ભાવવાહી સૂર સાથે હૈયાના તાર ભેળવી આગમધર-મહાપુરૂષની ઝંખનાને સાકાર બનવા માટે શુભઆશંસા કરી.

મગનભાઈ એ પણ વિજયાદશમીના દિને શ્રી **ઉપાધ્યાય-પદની** આરાધના દ્વારા મોહના સંસ્કારોને નાથી, વિકારી ભાવનાઓ પર વિજય મેળવવા રૂપે સફળ રીતે ચારિત્રમોહનો ક્ષયોપશમ મેળવવા આદર્શ પ્રેરણા-બળ મેળવ્યું.

પછી સુદિ અગિયારસ જેવી ષટ્પર્વીના મહત્વપૂર્ણ–મંગળદિને સાધુપદની સર્વ આરાધ્ય પદોની આધારશિલારૂપ આરાધના **મગનભાઈએ** ભાવોલ્લાસથી કરી સંયમી જીવન પામી શ્રાવક–જીવનની આદર્શ–સફળતા મેળવવા અદમ્ય–ઝંખના પરિપુષ્ટ કરી.

પાછળના ચાર દિવસોમાં આરાધ્ય–તત્વોની ઉપાસનાના આદર્શરૂપ આત્મિક–ગુણોના સફલ વિકાસ માટે જરૂરી સમ્યગ્દર્શનાદિ ચાર ઉત્તમ–પદાર્થોની ચઢતા–રંગે આરાધના જિનશાસનની અનન્ય–ઉપકારિતાને લક્ષ્યમાં રાખી કરી.

આ રીતે શ્રી **નવપદની** આરાધના ખૂબ ઉમંગથી ચઢતા–પરિણામે ધર્મોત્સાહપૂર્વક **મગનભાઈ** અને **જમનાબહેને** કરી.

તે દરમ્યાન બાળક **હેમચંદ** પિતાશ્રીના ખોળામાં વ્યાખ્યાન વખતે શાંત–સ્વસ્થચિત્તે સૂઈ રહી શ્રી નવપદ–મહિમાનું જાણે ધ્યાનપૂર્વક શ્રવણ કરતો હોય, તેવો ભાસ આપતો.

પૂજા વખતે દેરાસરમાં પણ ઘંટ–વાગે, ધૂપ ઉખેવાય, ફુલ ચડાવાય વિગેરે ક્રિયામાં દત્તચિત્ત બનતો.

બપોરે **જમનાબહેનના** ખોળામાં સૂઈને પણ શ્રાવિકાના ઉપાશ્રયે વંચાતા **શ્રીપાલ રાજાના** રાસને ધ્યાનપૂર્વક સાંભળવાનો અભિનય કરતો.

આ રીતે બાલક–**હેમચંદનું** ધાર્મિક–જીવનનું ઘડતર આદર્શ–સંસ્કારી મા–પિતાના ધાર્મિક–જીવનથી ઘડાવા લાગ્યું.

મગનભાઈને બાલક **હેમચંદના** ભાવી–જીવનની વિશિષ્ટતા જાણવાની તાલાવેલી પૂ. ગુરૂદેવની સૂચનાથી અવારનવાર જાગતી.

એક દિવસ સવારે પૂજા કરી ઘેર આવતાં રસ્તામાં પંડિતજી મળ્યા. **મગનભાઈએ** ઉત્સુકતાપૂર્વક પુછ્યું કે –"**કેમ પંડિતજી ! કયારે આવું ?**" પંડિતજીએ કહ્યું કે –"**અમારા** ભેજાનું દહીં થાય તેવું શાસ્ત્રોમાં વર્ણવેલ અઘરૂં ગણિત કર્યા વગર કાશીના પંડિતરાજે બતાવેલ વિશિષ્ટ ગ્રહયોગોની સંગતિ થાય તેમ નથી, તેથી તે બધું ગણિત કરી સરખી રીતે વ્યવસ્થિત ફળાદેશ તૈયાર કરવામાં હજી અઠવાડીયું થાય તેમ છે."

"કદાચિતમાં તમારૂં સંતાન સામાન્યકોટિનું નથી જ. કાશીના પંડિતરાજે ટુંકમાં સૂચવેલા ગ્રહયોગો આ વાતની સ્પષ્ટ સાક્ષી પૂરે છે"

"**ધીરજના ફળ મોઠાં હોય છે**" માટે તમારી દક્ષિણા કરતાં આ બહાને જુના ભણેલ શાસ્ત્રીય–ગણિતના વિષયને વ્યાવહારિક રીતે તાજો કરવાનો સરસ મોકો મને મળ્યો છે, તો **एक पंथ दो काज** પ્રમાણે તમારી જિજ્ઞાસાની તૃપ્તિ સાથે મારી જીંદગીમાં પ્રથમવાર આવી મહત્વની જન્મકુંડલીનું ગણિત કરવાનો પ્રસંગ અમારા જ્ઞાનને તાજું કરનાર બન્યો છે, તેથી તમે જરા ધીરજ ધરો. સરખી રીતે મારી શક્તિ પ્રમાણે નિઃશંક ગણિત કરી ફળાદેશ તૈયાર થતાં તમને તુરત ખબર આપીશ."

મગનભાઈએ કહ્યું કે—"સારું, સારું, પંડિતજી ! આ તો મનનો ઉત્પાતીઓ સ્વભાવ છે. બાકી તમે તમારે નિરાંતે શાંતિથી બધું ગણિત કરી, ચોક્કસ–પાકું–સ્પષ્ટ–ભાવિના સૂચનવાળો ફળાદેશ તૈયાર થાય ત્યારે જણાવશો."

થોડા દિવસ પછી આસો વદિ તેરસ–ધનતેરસના આગલા દિવસે સાંજના પાંચ વાગે **મગનભાઈને** દુકાન ઉપર પંડિતજીને ત્યાંથી એક વિદ્યાર્થી ચિઠ્ઠી આપી ગયો, જેમાં આવતી કાલે સવારે નવ વાગે બાળકના જન્માક્ષર અને ફળાદેશ લેવા આવવાનું સૂચન હતું.

મગનભાઈ આ વાંચી ખૂબ પ્રસન્ન થયા, આવતી કાલે બાળક–**હેમચંદનું** ભાવી જાણવા મળશે અને મારા જીવનની સર્વવિરતિ–સ્વીકારની મહેચ્છા પરિપૂર્ણ થાય, તેવા સુંદર–સંયોગોની જાણકારી મળશે, આદિ વિચાર–ધારામાં **મગનભાઈએ** રાત્રે પ્રતિક્રમણ પછી મંગલ–ભાવનાના ચિંતન સાથે **શ્રી નમસ્કાર–મહામંત્રનો** જાપ ત્રણ બાંધી માળારૂપે કર્યો.

સવારે વહેલાં ઊઠી, રાત્રિ–પ્રતિક્રમણ કરી, દેરાસરે જઈ, અષ્ટપ્રકારી–પૂજા સંક્ષિપ્ત–વિધિએ કરી, સાડા આઠ વાગે ઘરે આવ્યા. સારા–વસ્ત્રો પહેરી હાથમાં શ્રીફળ અને પાંચ–પકવાનની છાબ તથા સુંદર–ગુલાબનો હાર લઈ જોષી–મહારાજના ઘરે બરાબર નવ વાગે હાજર થયા.

પંડિતજી પણ નાહી–ધોઈ પૂજાની ઓરડીમાં માલા ગણી રહ્યા હતા, બેઠકમાં **મગનભાઈ** આવી ગયાના સમાચાર મેળવી પ્રસન્ન થયેલ જોષી મહારાજ પૂજાના વસ્ત્રો બદલી સ્વચ્છ–નિર્મળ વસ્ત્રો પહેરી બેઠકખંડમાં આવ્યા.

મગનભાઈએ શ્રીફળ તથા પકવાન્નની છાબ સામે ધરી ગુલાબનો હાર પંડિતજીના ગળામાં પહેરાવ્યો.

પંડિતજીએ **મગનભાઇને** યોગ્ય–આસને પૂર્વાભિમુખ બેસાડી થોડીવાર ઇષ્ટદેવનું ધ્યાન ધરવા કહ્યું.

પંડિતજી તે દરમ્યાન લાકડાની નાની પેટી લઈ આવ્યા. નાભિપ્રમાણ ઊંચા બાજોઠ ઉપર પધરાવી પુષ્પાંજલિ ચડાવી ધૂપ કરી બહુમાન સ્વરે કુંભકના પ્રયોગ સાથે ઉઘાડી.

મગનભાઈએ એકસો અગિયાર રૂપિઆ સામે ધરી બહુમાનપૂર્વક નતમસ્તકે અંજલિ ધરી, જેમાં પંડિતજીએ ગોળ–ભુંગળારૂપે આખી જન્મપત્રી, કાશીના પંડિતરાજે લખી આપેલ કાગળ તથા પોતે કુંડળીનો ટૂંકમાં નક્કી કરેલ ફળાદેશનો કાગળ, આ બધું જેમાં વ્યવસ્થિતપણે ગોઠવેલ તેવી રેશમી જરીયાન રૂમાલવાળી ચાંદીની થાળી મૂકી.

મગનભાઈએ તે બધું શિરોધાર્ય કરી સ્વીકારી લીધું, અને સોનાની નાની કંઠી પંડિતજીને ભેટ તરીકે ધરી.

પછી **મગનભાઈ** પાછા–પગે બેઠક–ખંડમાંથી નિકળી થેલીમાં સાથે લાવેલ ઉત્તરાસણુ નાંખી બહુમાન પૂર્વક તે થાળીને ઘરે લઇ જવા માટે પૂર્વ યોજના–પ્રમાણે પાણીથી ભરેલ બેડા ઉપર શ્રીફળવાળી ચાર કુમારિકા–કન્યાના શુકન સાથે પોતાના ઘરે આવ્યા અને સામાયિકની ઓરડીમાં તે થાળી પધરાવી, ઘીનો દીવો કરી નવસ્મરણુ ગણ્યા અને શ્રી નવકાર મહામંત્રની ત્રણ બાંધી–માળા ગણી.

બરાબર બાર ઉપર બત્રીસથી એકતાલીસ મિનિટના મંગલ–મુહૂર્તે પંડિતજીના આપેલ ફળાદેશના કાગળો અને જન્મપત્રીના ભુંગળાને ચાંદીની મોટી ડબ્બીમાં લીલું–રેશમી વસ્ત્ર પાથરી સવા અગિયાર રૂપિઆ રોકડા મૂકી ડબ્બી બંધ કરી નાભિપ્રમાણ ઊંચા પાટલા ઉપર કસુંબો પાથરી ઉર્ધ્વ–શ્વાસે ડબ્બી પધરાવી.

કાળી ચૌદસ, દિવાળી, બેસતું વર્ષ : એમ ત્રણ દિવસ અખંડ ઘીનો દીવો કરવાની પંડિતજીની સૂચના અનુસાર પ્રભુ **મહાવીર પરમાત્માનો** અને પૂ. ગુરૂદેવશ્રી **ઝવેરસાગરજી મ.નો ફોટો** ઉપર–નીચે પધરાવી. **"વીતરાગ પ્રભુના શાસનની સ્વ–પરહિતકારી શક્તિ બાલકમાં અવતરે"** એવા સંકલ્પ સાથે **જમનાબહેનના** હાથે અખંડ દીપક પ્રગટાવ્યો.

પછી **મગનભાઈએ** ત્રણ **નવકાર**, એકવીસ **उवसग्गहरं** અને સાતવાર **ॐ नमः पार्श्वनाथाय** સ્તોત્ર ગણી, પાછા પગે ઓરડીમાંથી બહાર નિકળી ઓરડીના બારણા આડા કર્યા અને બહાર ઊભા રહી સાત નવકાર ગણી બેઠકખંડમાં આવ્યા.

ત્યાં થોડીવાર **જમનાબેન** સાથે પંડિતજીનો ઉલ્લાસભર્યો ચહેરો અને તેમની જણાવેલ ત્રણ દિવસની **આ વિધિ**: આદિ ઉપરથી બાળકનું ભાવી ખૂબ જ ઉજ્જવળ હોવા સંબંધી વિચારણા કરી જમવા માટે ઉઠ્યા.

બપોરના સમયે શ્રાવિકા સાથે સામાયિકમાં **મગનભાઇએ** પ્રભુ **મહાવીર**–પરમાત્માની અંતિમ દેશનામાં જણાવાયેલ **પુણ્યપાલ** રાજાના આઠ સ્વપ્નના અધિકારની વાત **પર્વ–કથા સંગ્રહમાંથી** સંભળાવી વર્તમાન કાળે શાસનની સ્થિતિ ચિંતાજનક છતાં કાળબળની વિષમ તાને આભારી છે, તેથી પ્રભાવક–મહાપુરૂષ વિષમ–કાળની અસર ભુંસી નાખે તેવી મહેચ્છા સાથે નવજાત બાળકના અનુમાનિત મહત્વભર્યા લક્ષણોથી આપણને કદાચ તેવું સૌભાગ્ય પ્રાપ્ત થવાની વિચારણા **જમનાબહેનના** હૈયામાં સ્થિર કરી.

પરિણામે જાણે તુરત અસર થવા પામી હોય તેમ સામાયિક પાર્યા પછી **જમનાબેને મગનભાઈને** વાત કરી કે–**"દિવાળીના દિવસોમાં બાળક–હેમચંદને બધા દહેરે દર્શન કરાવી દરેક–દહેરે ગહુંલી કાઢી બાળકના હાથે શ્રીફળ અને સવા રૂપીઓ મૂકાવી સવાપાંચ રૂપીઆ ભંડારમાં બાળકના હાથે નંખાવવા–એવી મારી ભાવના છે.**

મગનભાઈએ તે વાતને ઉલ્લાસપૂર્વક વધાવી તે અંગેની ઘટિત વ્યવસ્થા કરાવી, કેમકે પોષી દિવાળીની આરાધના છઠ્ઠ કરી, પૌષધદ્વારા કરવાના હતા.

જમનાબહેનને પોતાની સહેલીઓ–બેનપણીઓ સાથે સવારના મંગલ–વાતાવરણમાં બધા દેહરે બાળકને દર્શન માટે લઈ જવાની વ્યવસ્થા ગોઠવી.

મગનભાઈએ વધુમાં **જમનાબહેન**નું ધ્યાન ખેંચ્યું કે– **"લૌકિકદૃષ્ટિએ સારા વસ્ત્રાભૂષણો પહેરી આમોદ–પ્રમોદનું મનાતું દિવાળીપર્વ હકીકતમાં તો શાસનપતિ શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ–કલ્યાણકની આરાધના રૂપ છે, જેનાથી જીવનમાં વિવેકનો પ્રકાશ પથરાય છે અને કેવળજ્ઞાની તીર્થંકર પરમાત્મારૂપ સૂર્યના વિરહે તેઓએ પ્રગટાવેલ–સ્થાપેલ શાસનરૂપ દીપકના અજવાળે જીવન શક્તિઓને કર્મનિર્જરાના લક્ષ્ય તરફ કેંદ્રિત કરવાની હોય છે—આ વાત ભૂલવા જેવી નથી."**

મગનભાઈએ આસો વદ ૧૪ના પરોઢિયે **જમનાબહેન** સાથે પ્રતિક્રમણ કર્યું. પછી ઉપાશ્રયે જઈ પૌષધ ગ્રહણ કર્યો, સાથે છઠ્ઠની તપશ્ચર્યાથી જીવનને આરંભ–સમારંભ અને સંસારી–વાતાવરણથી અળગું રાખવાની શ્રાવક–પણાની નેમને સફળ બનાવવા પ્રયત્ન કર્યો.

જમનાબહેને પણ સવારે બહેનપણીઓ સાથે ઉલ્લાસપૂર્વક બાળક–**હેમચંદને** બધા દેહરાસરે લઈ જઈ, દર્શન કરાવી, ગહુંલી ઉપર સવા રૂપિઓ તથા ભંડારમાં સવા પાંચ રૂપિઆ બાળકના હાથે ચડાવરાવી ત્રણ ખમાસમણ દેવરાવી શ્રાવકજીવનના સુસંસ્કારોથી સુવાસિત કર્યો.

છેલ્લે **માણેક શેઠાણીની** વાડીના શ્રી **નેમિનાથપ્રભુના** દહેરે તો બાળક **શ્રી નેમિનાથપ્રભુના** મનહર–બિંબ તરફ જાણે કશું જોતા હોય તેમ વારંવાર ટગર–ટગર જોવા લાગ્યો અને પાટલા ઉપર રહેલી નવકારવાળી તરફ વારંવાર હાથ પસારવા માંડયો.

જમનાબહેને બાળકની સાહજિક આ ક્રિયાને ભાવી પ્રશસ્ત–જીવનના ઈશારારૂપ સમજી બાળકના સંતોષાર્થે નવકારવાળી લઈ શ્રીનવકારના પ્રથમપદનો જાપ ઉચ્ચસ્વરે બાળક સાંભળે તેમ કર્યો અને બાળકનો હાથ નવકારવાળીને અડાડી રાખ્યો, જેથી બાલક ખૂબ પ્રસન્ન થયું હોય, તેમ તેના મુખના મલકાટથી સૌને લાગ્યું.

આ રીતે બધા દેહરે દર્શન કરાવી, ઘરે આવી પ્રાતઃકર્મ પતાવી, ઉપાશ્રયે વ્યાખ્યાન સમયે **જમનાબહેન** બાળકને લઈ આવ્યા. પોતાને સામાયિક કરવાનું હોઈ **મગનભાઈ** પાસે બાળકને બેસાડયો.

મગનભાઈએ બાળકને અનાનુપૂર્વીના ફોટા સામે જે–જે કરાવી પાસે સુવાડી દીધો, સુતાં–સુતાં પણ પૂ. મહારાજશ્રી સામે વચ્ચે–વચ્ચે ધારીને જોયા કરતો.

મગનભાઈ વચ્ચે-વચ્ચે બાળકના માથા ઉપર લૌકિકદૃષ્ટિથી વાત્સલ્ય પ્રદર્શિત કરવાની પ્રક્રિયાને આધ્યાત્મિક-સ્વરૂપ આપવારૂપે પ્રભુની વાણી બાળકના નિર્દોષ મગજ ઉપર બરાબર અંકિત થઇ રહે, તેવા ભાવ સાથે શ્રીનવકાર-મહામંત્રનો જાપ હાથ ફેરવવારૂપે કરતા.

અગિયાર વાગ્યે વ્યાખ્યાન પુરૂં થયું, ત્યાં સુધી બાળકે પેશાબ કે રડવાનું ન કર્યું. એ બરોબર મહાપુરૂષ તરીકેની નિશાની બાળકના સ્વજન-વર્ગના હૈયામાં બરાબર જચી ગઈ.

બપોરના સમયે બાળકના મામા બાળકને બજારમાં અને મોસાળ-પક્ષના કુટુંબીઓના ઘરે ફેરવી ઉપાશ્રયે **મગનભાઈ** પાસે લાવ્યા. **મગનભાઈ** તે વખતે પ્રભુ **મહાવીર** પરમાત્માના ચિત્ર સમક્ષ '**પ્રભુ મહાવીરના** શાસનની સફળ-આરાધનાના પ્રતીકરૂપે સર્વવિરતિનો પંથ વહેલામાં વહેલી તકે પ્રાપ્ત થાય' એવી મંગલ-ભાવનાથી શ્રીમહાવીર પરમાત્માનો જાપ કરી રહ્યા હતા.

બાળક-**હેમચંદને** પ્રભુ-**મહાવીરના** ચિત્ર સમક્ષ સૂવાડી, પ્રભુ-મહાવીરના વર્તમાન કાલીન-શાસનનો ધુરંધર આ બાલક નિવડે-એવા હાર્દિક-ભાવોની ગુંથણી કરી.

બાળકના મામા બાળકને ઉપાશ્રયમાં પૂ. સાધુ-ભગવંતોના ચારિત્રના ઉપકરણો અને ધાર્મિક-વાતાવરણને જગવનાર સુંદર ચિત્રોના દર્શન કરાવી સાધ્વીજી મહારાજના ઉપાશ્રયે જમનાબેન પાસે મૂકી આવ્યા.

અમાસના દિવસે બાળકના જન્મની ચોથી માસિક તિથિ હોઈ **જમનાબહેને** સવારે **શ્રી અજિતનાથ-પ્રભુના** દહેરે સ્નાત્ર ભણાવી, પ્રભુ **મહાવીર**-પરમાત્માના ગભારામાં બાળકના હાથે જાસૂદ, ગુલાબ, ચમેલી, ડમરો આદિ ફૂલો તથા તેના નાના-મોટા હારોથી ભવ્ય અંગરચના કરી-કરાવી શાંતિકલશ ર્ક્યા પછી બાળકને પૈતૃક-દેરાસરે લઇ જઇ શ્રી વાસુપૂજ્ય પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરી-કરાવી ઉપાશ્રયે લઈ જઈ પૂ. ગુરૂદેવ-સમક્ષ ગહુંલી કરી જ્ઞાન-પૂજા કરાવી વાસક્ષેપ નંખાવ્યો.

મગનભાઈએ પણ બાળકને પાસે રાખી તેના કાનમાં સાત-નવકારમંત્ર સંભળાવી મસ્તિષ્કના જ્ઞાનકેંદ્ર ઉપર હાથ ફેરવી વયવૃદ્ધિની સાથે પ્રભુ-શાસનની સમજણ યોગ્ય રીતે વિકાસ પામે તેવી મંગલકામના કરી

પછી **જમનાબહેન** ઘરે આવી બાલકની ચોથી માસિક-તિથિ અને દિવાળીનું ટાણું હોઈ સગા-વ્હાલાને નોતરી વિવિધ-પકવાન્ન આદિ સામગ્રીનું જમણ આપી-કુલાચારની મર્યાદાઓ જાળવી.

બાળકના મોસાળ પક્ષના સ્વજનોએ સુંદર ઝભલું-ટોપી અને નાજુક દેખાવડો મધુર ધ્વનિવાળો ઘુઘરો વિગેરે આપી બાળકને રમાડી વ્હાલ પ્રદર્શિત કર્યું.

બાળકના કાકા અને મામા વિગેરે સ્વજનોએ સાંજે ગોધુલિસમયે, ચોપડાપૂજન વખતે પુણ્યવાન મહાપુરૂષ તરીકે બાળકને ઘોડીયા–પારણામાં ઝુલાવે તેડી ગયા, અને જાતજાતના રમકડા વિગેરેથી તેના મનને સંતુષ્ટ કર્યું.

બધાયના આશ્ચર્ય વચ્ચે ચોપડાપૂજન વખતે બેઠા થવાનો પ્રયત્ન બાળકે કર્યો. બાલમનોવિજ્ઞાનને સમજી શકતા અનુભવી–કાકાએ પારણામાંથી તેડી બોળામાં લીધો. એટલે ખૂબ પ્રસન્નમુદ્રાએ ખિલખિલાટ કરતો તે બાળક ચોપડા–પૂજનની મંગલક્રિયાઓમાં જાણે સમજતો હોય તેમ પૂજન–ક્રિયા કરનારાઓની સામે તથા પૂજાદ્રવ્યો સામે ધારીને જોવા લાગ્યો અને પૂજાદ્રવ્યોને હાથમાં લેવા ધમપછાડા કરવા લાગ્યો.

સમજુ–કાકાએ ચંદનના છાંટણાં, ફુલ, અગરબત્તી, ચોખા વિગેરે તેના હાથમાં આપ્યા, તેથી બાળક સુપ્રસન્ન થઇ તે બધાનો ઉપયોગ પોતાની સમજણ મુજબ જાણે પૂજા કરતો હોય તેમ કરવા લાગ્યો.

ચોપડા–પૂજન થયા પછી વિવિધ–દીપકની ઝાકઝમાળ રોશની જોવા જાણે લાળાયિત બની જોવા જવાનો આગ્રહ કરતો હોય તેમ કરવા લાગ્યો.

એટલે બાળકને તેડી ચોપડાપૂજન પછી બજારની રોશની જોવા જવાની લૌકિક પ્રવૃત્તિના બદલે મામાને ન જાણે કેમ ભાવી મહાપુરૂષ–બાળકની અસરથી દહેરે દર્શન કરવા જવાના કુલાચારનું સ્મરણ થઇ આવ્યું.

એ પ્રમાણે સર્વપ્રથમ ઢાંકવાડીમાં શ્રી **શાંતિનાથ–પ્રભુના** દહેરે તથા શ્રી **માણેક શેઠાણીના શ્રી આદિનાથ–પ્રભુના** દહેરે, પછી શ્રી અષ્ટાપદજીના દહેરે થઈ, પ્રગટપ્રભાવી **શ્રી ચિંતામણિ દાદાના** દહેરે અને મોદીઓની ખડકીના શ્રી **આદીશ્વર–પ્રભુના** દહેરે જઈ બધેય બાળકને જે–જે કરાવી બાળકના અસ્પષ્ટ પણ આગ્રહથી બધાય ભંડારમાં રોકડનાણું બાળકના હાથે નંખાવી, ચામર અને ઘંટના ઉપયોગ દ્વારા બાલકને રીઝવ્યાપૂર્વક શ્રી **અજીત–નાથ–પ્રભુના** દહેરે થઇ છેલ્લે બાળકના પૈતૃક–દહેરે શ્રી વાસુપૂજ્ય–પ્રભુના દર્શન કરાવી પ્રતિક્રમણ કરી ઘરે આવી પહોંચેલ શ્રી **જમનાબહેનને** રાત્રે સાડા નવવાગે બાલકને સુપ્રત કર્યો. ત્યારે બાલક ખુશખુશાલ–પ્રસન્ન–સ્થિતિમાં હતું. બેથી ત્રણ કલાક બહાર ફરી આવવા છતાં બાલક કંટાળ્યું નહિ, પેશાબ આદિ કાંઇ અશુચિ થઇ નહિં, એ બધું જાણી **જમનાબહેન** અચરજ પામ્યા. બાળકને છાતીસરસો ચાંપી ચૈત્ય–ભાવજતપૂર્વક ઘોડિયા–પારણામાં સુવાડી દીધું.

રાત્રે શ્રી **મહાવીર પરમાત્માનું** ગણણું તથા દેવવંદન કર્યા પછી નિર્વાણ કલ્યાણકનું ગણણું ગણી રાઇ–પ્રતિક્રમણ કર્યું.

બહેલી પરોઢે શરૂ થતા વિ. સં. ૧૯૩૨ના નૂતનવર્ષના મંગળપ્રભાતે અનંતલબ્ધિનિધાન શ્રી **ગૌતમસ્વામીને** કેવલજ્ઞાન થયું હોઇ, તેના દેવવંદન કરી માંગલિક રૂપે સાત સ્મરણ તથા

શ્રી **ગૌતમસ્વામીનો** રાસ સાંભળવા સુંદર-વસ્ત્રો પહેરી બાલકને પણ શુદ્ધ-વસ્ત્રો, નાજૂક આભૂષણો પહેરાવી આસપાસના ત્રણ-ચાર દહેરે દર્શન કરી-કરાવી સાત વાગ્યે ઉપાશ્રયમાં **જમના-બહેન** આવી ગયા.

માંગલિક-શ્રવણ પછી પૂ. ગુરૂદેવની નૂતન-વર્ષની મંગલમયતા, જિનશાસનની આરાધનામાં અને જિનશાસનની આરાધના ત્યાગ-તપ-સંયમની ત્રિવેણીમાં હોવાની વાત સાંભળી **મગનભાઇએ** જેમ બને તેમ વધુ ઝડપથી સર્વવિરતિ-માર્ગના સ્વીકારની દિશામાં સુદૃઢ-પગલાં ભરવાનો સંકલ્પ કર્યો.

જમનાબહેને પણ આગમધર-મહાપુરૂષની સ્પષ્ટ જણાતી જરૂરિયાત શીઘ્ર પૂરી થાય તેવી મંગલ-ભાવના ભાવી જીવનને પ્રભુ-શાસનના પંથે ટકાવી રાખવા દૃઢ સંકલ્પ કર્યો.

મગનભાઇ પૌષધ પારી ઘરે આવ્યા, સામાયિકની ઓરડીમાં જઇ પંડિતજીને ત્યાંથી લાવેલ ભાવી, મહાપુરૂષ બાળકના મહત્વપૂર્ણ ફલાદેશના કાગળ વિગેરે સમક્ષ સૂચના મુજબ કરેલ અખંડ દીપક બરાબર ચાલુ છે ને ? તે તપાસી નૂતન-વર્ષની મંગલ-કામના રૂપે શાસન-નાયક શ્રી **મહાવીર પ્રભુ** અને પરમ-તારક **પૂ. ગુરૂદેવ શ્રી ઝવેરસાગરજી** મ. ના નાનકડા ચિત્ર સમક્ષ સંસારના કારમા બંધનોથી છૂટવાની તક વહેલામાં વહેલી મળે અને જન્મેલ બાળક શાસન-પ્રભાવક થઈ કુળ અજવાળે ! એ શુભ-આશયથી પાંચ બાંધી માળા અને એક **ઉવસગ્ગહરં**૰ ની નવકારવાળી ગણી.

પછી પ્રભુ-પૂજા અર્થે દેરાસરે જતાં એક કલાક પછી બાળકને લઇ સ્નાત્રપૂજાના શાંતિકલશ વખતે આવવાની સૂચના **જમનાબહેનને** કરી.

મગનભાઈએ શ્રી **અજિતનાથ-પ્રભુના** દહેરે, **શ્રી મહાવીર-પરમાત્માના** ગભારે ખૂબ-આવેલ્લાસ સાથે અષ્ટ-પ્રકારી પૂજા કરી ભક્તિપૂર્વક સ્નાત્ર ભણાવ્યું, તે દરમ્યાન **જમના-બહેન** પણ સ્નાન કરી પૂજના-વસ્ત્રો પહેરી, બાળકને લઇ શ્રી **અજિતનાથ-પ્રભુના** દહેરે આવ્યા.

મગનભાઇએ સ્નાત્ર-પછીની અષ્ટપ્રકારી-પૂજા **જમનાબહેન** અને બાળક પાસે પણ કરાવી, આરતી-મંગળ દીવો ઉતારી પ્રભુ-શાસનના અલૌકિક-પ્રકાશને જીવનમાં પાથરી ભવ-ભ્રમણની **શાન્તિ**=પીડા દૂર કરવાના મનોરથોને સફળ થવાની આદર્શ-પ્રક્રિયા અમલમાં મૂકી.

શાંતિકલશ વખતે બાળકને ખોળામાં રાખી **જમનાબહેનના** હાથમાં રહેલ કળશમાં **મગનભાઇએ** પ્રભુના **ન્હવણજલની** અખંડ-ધારા ત્રણ નવકાર અને મોટી-શાંતિના મધુર સ્વરે ઘોષણાત્મક ઉચ્ચાર સાથે કરી.

બાળક પણ તે વખતે મરક-મરક હસતું રહી **મગનભાઈના** ઉચ્ચારો તરફ તાકીને જોઈ રહ્યું.

शान्तिपानीयं मस्तके दातव्यमिति શબ્દો વખતે શાંતિજળ બાળકના માથે જરા છાંટયું, તે વખતે બાળક ખૂબ પ્રસન્ન થયો.

शिवमस्तु सर्वजगतःની ગાથા **મગનભાઇએ** ધીર-ગંભીર સ્વરે ત્રણ વાર બોલવા સાથે બાળકના મસ્તિષ્કમાં રહેલ ધારણા-શક્તિ અને નિર્ણય-શક્તિના કેન્દ્ર ઉપર જમણા હાથની તર્જની આંગળી ફેરવી મોહના આવરણોને ત્યાંથી ખસેડી **शिवमस्तु सर्वजगतः**ની મંગલકારિણી ઉદાત્ત-ભાવનાનું સ્થાપન કરવાનો અભિનય કર્યો.

છેલ્લે **जैनं जयति शासनम्**ના ઘોષ સાથે કાંસાની થાળીનો રણકારો સત્તાવીસ ડંકારૂપે થયો, ત્યારે બાળકે પણ પોતાના બન્ને હાથની મુઠીઓ હવામાં ઉછાળી જાણે પરમ-હર્ષ વ્યક્ત કર્યો.

પછી સાથીયા-સમક્ષ ચૈત્યવંદન કરી, બાળકના હાથે સવા રૂપિઓ ભંડારમાં નંખાવી **શ્રી ચિંતામણી-દાદાના** દહેરે બાળકને લઈ જઈ, દાદાને ભેટાવી, જમણા-અંગુઠે બાળક પાસે પૂજા કરાવી. પછી **શ્રીઅષ્ટાપદજીના** દહેરે લઈ જઈ ચાર, આઠ, દશ, અને બેના ક્રમે બિરાજમાન ચોવીસ-પ્રભુને પગે લગાડી બધેય સુંદર ફુલો બાળકના હાથે ચડાવરાવ્યા.

ત્યાર પછી મુખ્ય-ગર્ભગૃહની સામેની દહેરીમાં **શ્રી પુંડરીક-સ્વામીની** પાસે બિરાજમાન આદ્યગણધર શ્રી **ગૌતમસ્વામીના** દર્શન કરાવી નૂતન-વર્ષની મંગલમયતાને વધુ વ્યવસ્થિત રીતે સફલ કરવાના ઉદ્દેશ્યથી પૂજ્યશ્રીનો કેવલજ્ઞાનનો દિવસ આજે હોઈ બાળક પાસે પૂજા કરાવી સુગંધી-પુષ્પોની માળા ચઢાવી.

અનંત-લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીજીના ચરણ-સ્પર્શ દ્વારા બાળકમાં શાસન-સમર્પિતતા અને પોતામાં મોહના સંસ્કારોને છેદવાની પ્રબલ-શક્તિ પ્રગટે, એવી ભાવના હૈયામાં સુદૃઢપણે અંકિત કરી.

પછી નૂતનવર્ષની મંગલમયતા વિષય-વિકારોના નિગ્રહ દ્વારા શાસન-મર્યાદા પ્રમાણે પ્રગટે એ હેતુથી તેવા વિશિષ્ટ શુભ-અધ્યવસાયોની સફલ કેળવણી માટે બહારની વાડીમાં બિરાજમાન **શ્રી નેમિનાથપ્રભુના** દહેરે બાળકને લઈ જઈ, ત્યાં પણ ખૂબ ભાવપૂર્વક કસ્તુરી-મિશ્રિત ચંદનથી જમણે અંગુઠે બાળક પાસે પૂજા કરાવી ભાવોલ્લાસપૂર્વક ચૈત્યવંદન કરી, સવા રૂપિઓ બાળકના હાથે ભંડારમાં નંખાવી, વિષય-વાસનાનું બળ ઘટે, એવી મંગલ-પ્રાર્થના દત્ત-ચિત્તે કરી.

લગભગ બારવાગે **મગનભાઈ** બાળકને આધ્યાત્મિક-શક્તિના વિશિષ્ટ કેંદ્રરૂપ જિનાલયોમાં લઇ જઇ દર્શન-પૂજન-સ્તવનાદિ દ્વારા નૂતનવર્ષની સફલતા "શાસનની મર્યાદા પ્રમાણે જીવનને ત્યાગ-સર્વવિરતિના પંથે લઇ જવામાં જ છે."

એ વાત વિશિષ્ટ-ધર્મપ્રવૃત્તિઓથી સ્પષ્ટ કરી બાળકને પણ આજથી પાંચમો મહિનો શરૂ થાય છે તો "**પંચ ત્યાં પરમેશ્વર**" એટલે આ મહિનામાં પરમાત્મતત્ત્વની વિશિષ્ટ ઓળખાણ

કરી શકાય તેવા બીજકો બાળકમાં આવે–તેવી પવિત્રકામના હૈયામાં સ્થિર કરી વર્ષના પ્રારંભિક દિવસને ધન્ય બનાવ્યો.

બપોરે સામાયિક કરવા ઉપાશ્રયે ગયા, ત્યાં વિવેકી શ્રાવકો શ્રાવકજીવનની સફળતા કરનાર વિરતિ–ધર્મના યથાશક્ય પાલન અંગે વિચારણા કરી રહ્યા હતા.

મગનભાઈ ભગત નામને અનુરૂપ ધાર્મિક જીવન છતાં "**કર્યું એટલું કામ**" એ જિનશાસનની કહેતી પ્રમાણે વિશિષ્ટ–વિવેકપૂર્વક દેશવિરતિ જીવન અણીશુદ્ધ પાળવા છતાં વીતરાગ–પ્રભુ–નિર્દિષ્ટ સંયમ ધર્મની અપેક્ષાએ માત્ર સવા વિશ્વા–વસા જેટલું જ આરાધી શકાતું હોઈ બાકી રહેલ કર્તવ્યો તરફ તેમણે લક્ષ્ય–જાગૃતિ ખૂબ ચોક્કસપણે કરી હતી.

આ દૃષ્ટિએ **મગનભાઈએ** શ્રાવક–બંધુઓની ચર્ચામાં ભાગ લઇ શ્રાવકજીવનના **સૌથી** શ્રેષ્ઠ કર્તવ્યરૂપ સંયમ–દીક્ષાના સ્વીકાર સંબંધી વાત છેડી કે–

"**ભાઇઓ બીજા બધા કર્તવ્ય તો આપણે** કરીશું જ ! પણ શ્રાવકજીવનમાં આરંભ–સમારંભના ત્યાગનું વધુ મહત્વ છે, તે અંગે આજના નવલા વર્ષે કાંઇક દૃઢ સંકલ્પ કરવો ઘટે !

બોલો ! કોની કેટલી તૈયારી છે ?

મગનભાઈની વાત સાંભળી સૌ સ્તબ્ધ થઈ ગયા ! અને કહ્યું કે–"ભગતજી ! તમારે ઠીક છે. પૂર્વના પુણ્યોદયે કાંઇ ખાસ જંજાળ નથી, એટલે તમે સંસાર છોડી દીક્ષાના પંથે જઈ શકો ! પણ અમે બધા તો વાસનાઓના વમળમાં એવા ફસાયા છીએ કે–બાર ગાઉ સુધી નાંખી નજર પહોંચતી નથી.

શું કરીએ ? હીનભાગી છીએ.

એમ છતાં માયકાંગલી–વાતોથી છટકી જવા અમે નથી માંગતા. તમારી જેમ તાત્કાલિક નહીં, પણ દશ–પાંચ કે ત્રણ વર્ષની મર્યાદાનો અભિગ્રહ કરી શકાય."

મગનભાઈએ કહ્યું–" મહાનુભાવો ! "**ડુંગરા દૂરથી રળિયામણા**" લોકોએ સ્થાપેલ **ભગત** નામની મહત્તાથી તમે બધા ખાલી ભ્રમમાં છો ! બાકી મારે પણ હજુ નિકટ–ભવિષ્યમાં જંજાળ છોડી સંયમપંથે વિહરી શકાય, તેવા સંયોગો નથી જ !

હમણાં જન્મેલ–બાળક **હેમચંદના** પગલે કાંઇક આશા બંધાઈ છે, દિન–પ્રતિદિન ઘરનું વાતાવરણ સુધારા ઉપર છે.

એટલે તમે બધા સંયમ માટે કાંઇક સીમા નક્કી કરો ! હું પણ મારી પરિસ્થિતિ મુજબ મર્યાદા બાંધું !

ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ દશ વર્ષની સીમા રાખશો તો ઠીક ! હું ત્રણ વર્ષમાં સંસારથી છૂટવા ઇચ્છું છું, છતાં મારા સંયોગો મને મૂંઝવે છે, એટલે ત્રણ વર્ષની મર્યાદા પછી બે વિગઈઓનો ત્યાગ ધારું છું.

ચાલો ! તમે બધા તૈયાર છો ? તો મનમાં સૌ ધારી લ્યો અને ચાલો પૂ. મહારાજશ્રી પાસે ! વાસક્ષેપ નંખાવી નવલા-વર્ષને સફલ રીતે ઉજવવારૂપે સંસારથી છૂટવાનો સંકલ્પ દૃઢ કરીએ !!!"

મગનભાઈએ ઉપસ્થિત દશ-બાર શ્રાવકોના પરિવાર સાથે પૂ. મહારાજશ્રી પાસે જઇ વંદન કરી, જ્ઞાન-પૂજા કરી વાસક્ષેપ લઈ વિનંતિ કરી કે—

"સાહેબજી ! સંયમ માટે સહુએ મનમાં ધારણા કરી છે, તેનો ધારણા-અભિગ્રહ ઉચ્ચરાવો."

પૂ. મહારાજશ્રીએ પણ શ્રાવકોની વિવેકદર્શિતાની અનુમોદના સાથે ત્રણ નવકાર ગણી ધારણાભિગ્રહ ઉચ્ચરાવી ' **પુણ્યવાનો ! જે ઉમંગથી અભિગ્રહ લીધો છે, તેનાથી ચઢિયાતા-પરિણામે દેવગુરૂકૃપાએ તમે સૌ તે અભિગ્રહને પાર પમાડો ! એ મંગલકામના !!!**" કહી બધાને વાસક્ષેપ નાંખ્યો.

સૌએ **તહત્તિ** બોલવા સાથે જિનશાસનનો જયનાદ કર્યો.

સાંજના પ્રતિક્રમણમાં પૂ. મહારાજશ્રીએ ફરમાવેલ **ધન્ના-શાલિભદ્રની "રાજગૃહી નગરી મોઝારોજી"** થી શરૂ થતી રત્નકંબલના અધિકારવાળી અને તે નિમિત્તે **ધન્ના-શાલિભદ્રજીને** થયેલ વૈરાગ્ય વિગેરેના પ્રસંગવાળી સુંદર સજ્ઝાય સાંભળી **મગનભાઈ** એવા ભાવુક થઈ ગયા કે—

" મગધ-દેશના મહારાજાને દુર્લભ, ઉત્તમ-કોટિના વિષયભોગોની ઉત્કૃષ્ટ-સામગ્રી વચ્ચે વસેલા પણ પુણ્યાત્મા **શાલિભદ્રજી** પ્રભુ-શાસનની આવી સુંદર-આરાધના કરી શક્યા ! હું કેવો હતભાગી !.....પુરૂષાર્થહીન....બસ ! હવે તો **બાલક હેમચંદનું** ઘડતર એવું આદર્શ કરૂં ! જેથી ગળથુથીથી જ સંયમ અને પ્રભુશાસન તેના હૈયામાં સચોટ જામી જાય, તો તેના સહકારથી મારો પણ નિસ્તાર થઈ જાય "-આદિ વિચારધારામાં ખોવાઈ ગયેલા **મગનભાઈની** આંખોમાં કારતક સુદિ એકમ છતાં શ્રાવણ-ભાદરવો વરસી ગયો. **લઘુશાન્તિ** ના શ્રવણ દરમ્યાન **મગનભાઈને** બાલક-**હેમચંદની** પુણ્યાઈના ભરોસે ઘરપત થઇ.

ઘરે ગયા પછી **પૂ. ઝવેરસાગરજી** મ. ના તાત્વિક અને વૈરાગ્ય-ભરપૂર પત્રોનું વાંચન કરવા સાથે બાળક **હેમચંદના** ભાવી-જીવનની આગાહીવાળો પંડિતજીનો ફળાદેશ વાંચનની જિજ્ઞાસા પૂરી થવા માટે પંડિતજીનો આપેલો સમય આવતીકાલે સવારે ૧૧-૩૭ થી ૪૧ નો હવે ખૂબ નજીક છે, એમ સંતોષ માન્યો.

હકીકતમાં જીવનનો સર્વવિરતિના પંથે સફળ વળાંક બાળક-**હેમચંદની** મહાપુરૂષ તરીકેની કારકીર્દિના બળે થઈ જાય તો ઘણું સારૂં ! આદિ ભાવનાઓના ચિંતન સાથે **સંથારા-પોરસી** ભણાવી સૂઈ ગયા.



સવારે શ્રી **વાસુપૂજય સ્વામીના દહેરે** ઠાઠથી સ્નાત્ર ભણાવી, શાંતિકળશ કરી ચૈત્યવંદન દરમ્યાન "**પ્રભુજી ! મુજ ઝાલો અબ હાથ**" "**પાર ઉતારો હે ! જગનાથ !**" આદિ સ્તવનની પંક્તિઓ દ્વારા હૃદયને પ્રભુશાસનના સંયમની ભૂમિકાએ સ્થિર કરી, ગુરૂવંદન કરી, પચ્ચક્ખાણ પારી, વ્યાખ્યાન શ્રવણ માટે બાળક **હેમચંદને** તેડી **મગનભાઈ** ઉપાશ્રયે ગયા.

વ્યાખ્યાન દરમ્યાન શાસન-પ્રભાવક મહાપુરૂષોની આત્મસમર્પણ અને તિતિક્ષાપૂર્વક શાસનનિષ્ઠાની વાતના ઉલ્લેખથી **મગનભાઈનું** હૈયું ખૂબ જ પુલકિત થયું અને આવા તરણ-તારણહાર-શાસનના ચરણે જીવનના સમર્પણ વિના શ્રાવકજીવનની સફળતા નથી જ ! એ વાતનો દૃઢ નિર્ણય કર્યો.

સાથે બાળકના મસ્તક ઉપર જ્ઞાન-તંતુઓના પ્રધાન કેન્દ્ર અને અજ્ઞાત (લઘુ) મસ્તિષ્કના પ્રદેશ ઉપર પંપાળવારુપે જમણો હાથ ફેરવી શ્રી નવકાર-મહામંત્ર ગણી **મગનભાઈએ** બાલકના જીવનમાં શાસનનિષ્ઠા અને તેને લગતા અદ્‌ભુત સાત્વિક-ગુણો સફલ રીતે વિકાસ પામે તેવી શુભ આકાંક્ષા કરી.

વ્યાખ્યાન પછી પૂ. મહારાજશ્રી પાસે જ્ઞાનપૂજા પૂર્વક વાસક્ષેપ લઈ બાલકના જન્માક્ષરથી સૂચિત ફલાદેશ દ્વારા સર્વવિરતિ, જીવનનું લક્ષ્ય સફળ રીતે પાર પડે તેવા શુભભાવ સાથે કાશીના અને સ્થાનિક પંડિતજીએ લખી આપેલ ગણિત પરથી સ્પષ્ટ થતી આગાહીના કાગળો વાંચવાની તમન્ના માત્ર ઉર્મિનો ઉછાળો ન રહે ! પણ નક્કર જીવન-શુદ્ધિનું અંગ બને તેવો સંકલ્પ દૃઢ કર્યો.

બાલક-**હેમચંદના** હાથે પણ જ્ઞાનપૂજા કરાવી સુપુપ્ત રહેલ શાસન-પ્રભાવકતાના બીજકો સફળરીતે સક્રિય બને, એવી શુભ આશંસાપૂર્વક પૂ. મહારાજશ્રી પાસે બાલકના મસ્તકે વાસક્ષેપ નંખાવ્યો.

ઘરે આવી સવા અગિયાર વાગે સામાયિકની ઓરડીમાં જઈ એક બાંધી માળા શ્રી નવકાર મહામંત્રની ગણી શાસનપતિ શ્રી મહાવીર-પરમાત્માના ચિત્ર ઉપર વાસક્ષેપથી નવઅંગે પૂજન કરી પૂ. ગુરૂદેવ **શ્રી ઝવેરસાગરજી મ.**ના ચિત્રને સવિનય પગે લાગી સ્વસ્થ-ચિત્તે સાત નવકાર ગણ્યા.

પછી સામે પાટલા ઉપર પધરાવેલ, ચાંદીની થાળીમાં રહેલ બાળક-**હેમચંદની** જન્મ-પત્રિકાના ભૂંગળા ઉપર સાત નવકાર ગણી વાસક્ષેપ કર્યો.

ત્યારબાદ કાશીના પંડિતરાજે લખેલ પત્રના પરબીડિયા ઉપર અને સ્થાનિક-પંડિતજીએ લખી આપેલ ટૂંક ફલાદેશના પરબીડિયા ઉપર ત્રણ-ત્રણ નવકાર ગણી વાસક્ષેપ કરી સ્વસ્થપણે ફરીથી એકવીસ નવકાર ગણ્યા.

શ્રી નવકારનો જાપ પૂરો થવાની તૈયારીએ ઘરની સામેના **શ્રી અજિતનાથપ્રભુ**ના દહેરે મધ્યાન્હ–કાલીન અષ્ટપ્રકારી પૂજા કરી એકાસણું નિયમિત કરનારા **વીરચંદકાકા** (ઉંમર ૭૭ વર્ષ)ના રોજના ક્રમપ્રમાણે દ્રવ્યપૂજા પૂરી થયા પછી ચૈત્યવંદન શરૂ કરતાં પૂર્વે પ્રભુ–શાસનની મર્યાદા પ્રમાણે છ કાયના આરંભ–સમારંભના કૂટામાંથી છૂટવા માટેના અપૂર્વ સાધનરૂપ અને શ્રાવકોના પ્રધાન કર્તવ્યરૂપ અષ્ટપ્રકારી પૂજારૂપે દ્રવ્યસ્તવની સમાપ્તિના મંગલહર્ષની અભિવ્યક્તિરૂપે કરાતા સત્તાવીસ ઘંટનાદનું શ્રવણ થયું.

જેને કે–**ભગનભાઇએ** પોતાના જીવનની મહેચ્છાની પૂર્તિમાં બાલકના ભાવી જીવનની રૂપરેખા સહયોગી બનશે તેની સાક્ષીરૂપ જાણે અતર્કિતરૂપે યોગાનુયોગ સત્તાવીસની સંખ્યામાં થયેલ ઘંટનાદને પ્રશસ્ત શકુનરૂપે વધાવ્યો.

આ રીતે શુભસંકલ્પના ઘટનસાથે આકસ્મિક યોગવાળા જિનમંદિરના ઘંટનાદને **ભગનભાઇએ** પ્રશસ્ત–શકુન તરીકે સ્વીકારી દેવ–ગુરૂને નમસ્કાર કરી સર્વ–વિરતિના પંથે જવાની તમન્નાને પરિપૂર્ણ થવામાં પ્રેરક થવાના મંગલ અભિલાષ સાથે બાલક **હેમચંદ**ના ભાવીજીવન વિષે કાશીના પંડિતરાજે લખેલ કાગળને પરબીડિયામાંથી કાઢી વાંચવાની શરૂઆત કરી.

જેમાં શરૂઆતમાં પરમાત્માને નમસ્કાર કરી પરમાત્માની અકલ–અગમ લીલાના થોડા શબ્દોમાં ગુણ ગાયેલા કે કાશી જેવા પવિત્ર–ક્ષેત્રમાં જે વસ્તુ પ્રત્યક્ષ જોવા ન મળી તેવી મહા–ઉચ્ચકોટિના પ્રશસ્ત–ગ્રહોવાળી જન્મ કુંડળી અચાનક **શામળાજી**થી **ડાકોર**ની યાત્રાએ જતાં પ્રાસંગિક કારણસર અહીંના રોકાણ દરમ્યાન જોવા મળી, તેમજ ભાવી વિશિષ્ટ–મહાપુરૂષરૂપ, વિરલ લક્ષણ–સંપન્ન આગવા જાતકના દર્શનનો લાભ મળ્યો. આ બધું અકળ–અગોચર–અચિંત્ય ઈશ્વરલીલાનો વરદ પ્રતાપ છે!!! આદિ શ્રદ્ધાભર્યા અભિનંદન પછી જાતકના જન્મ–સમય તથા તે વખતના નક્ષત્ર, કરણ, યોગ આદિની વિશિષ્ટતાનો ઉલ્લેખ કરેલ.

કુંડલીગત વિશેષતાના અધિકારમાં ખાસ કરીને જણાવેલ કે—

"આ કુંડલી આપાતતઃ પણ ખૂબ જ ઉત્કૃષ્ટ અને વિરલ–ગ્રહયોગોના બળવાળી છે."

બૃહજ્જાતકકારના મત પ્રમાણે 'એક રાશિમાં ચાર ગ્રહો બલવાન હોય તો પ્રવ્રજ્યા–નૈરાશ્યયોગ થાય છે, તેમાં પણ ચાર ગ્રહોમાંથી સર્વાધિક પ્રબળ જે ગ્રહ હોય તે ગ્રહચારના આધારે પ્રવ્રજ્યા–યોગ વિશિષ્ટ રીતે પ્રબલ થાય.'

આ કુંડળીમાં ચંદ્ર સ્વગૃહી હોઈ બીજા ગ્રહોની અપેક્ષાએ વધુ પ્રબલ છે, તેના આધારે જ્યોતિષ–શાસ્ત્રની મૌલિક પદ્ધતિ પ્રમાણે ગણિત કરતાં એમ જણાય છે કે—'જાતકની નૈરાશ્ય–ભાવના આવેશમુક્ત–સમજણપૂર્વકની અને સૌમ્ય–કદાગ્રહવિનાની હોય.'

વળી કર્કનો ચંદ્ર સ્વગૃહી બનેલ છે, તેની સાથે સૂર્ય પણ મિત્રરૂપે છે, અને વધુ આશ્ચર્યકારી ઘટના એ છે કે– સૂર્યના મિત્રરૂપે બુધ પણ કેંદ્રમાં–પ્રથમ સ્થાને છે.

આ ઉપરાંત વૃશ્ચિકનો મંગલ પાંચમા સ્થાને સૂર્યના ઘરમાં સ્વગૃહી થઈને બેઠો છે.

બીજી એક મહત્તા આ કુંડલીની છે કે– **લગ્ન ઉપર સાતમા સ્થાને રહેલ શનિની સંપૂર્ણ દૃષ્ટિ છે. અને શનિગ્રહ જૈન-પ્રવ્રજ્યા નિર્ગ્રંથ-ત્યાગી દીક્ષાનો ગ્રહ હોઇ ચોક્કસપણે જાતક જૈન-શાસનમાં દીક્ષિત થાય** " તેમ સ્પષ્ટપણે લાગે છે.

વળી શનિની લગ્ન ઉપર સંપૂર્ણ દૃષ્ટિ અને લગ્નમાં અંશાત્મક ચાર ગ્રહોની પ્રબળ બનતી વિશિષ્ટ યુતિ રાજયોગનું નિર્માણ કરે છે.

આ માટે દૈવજ્ઞવલ્લભ ગ્રંથમાં સૂચન છે કે–

" સુરગુરુ–શશિ–હોરાસ્વાર્કિદૃષ્ટાસુ ધર્મે,
ગુરુરથનૃપતીનાં યોગજસ્તીર્થકૃત્ સ્યાત્ ॥"

આ ઉલ્લેખથી—'રાજા-મહારાજાઓના ગુરુ અને મહાન શાસન પ્રભાવક દિગંત વિસ્તૃત કીર્તિવાળો આ જાતક ચોક્કસ બને.

આવો યોગ મહર્ષિ બુદ્ધ અને ન્યાયદર્શનાચાર્ય મહર્ષિ કણાદની જન્મકુંડલીમાં પણ હતો.

આ કુંડલીમાં કેંદ્રમાં અને તે પણ લગ્નમાં, તેમાં પણ ચંદ્રના આધિપત્યવાળી રાશીમાં ચંદ્રની સાથે સૂર્ય, બુધ અને શુકનો અંશાત્મક દૃષ્ટિએ એવો વિલક્ષણયોગ બને છે કે જેના પરિણામે જાતક ભવિષ્યમાં ખૂબજ ઉત્કૃષ્ટ કોટિની ત્યાગ-ભાવનાવાળો, પરોપકારી અને બીજાનું ભલું કરવામાં જ માનનારો થાય–એમ નક્કરપણે વિચારતાં સમજાય છે.

આ સંબંધમાં જાતક-ચિંતામણિ માં એવો પણ ઉલ્લેખ મળે છે કે–

જન્મેશોઽન્યૈર્યદ્યદૃષ્ટોઽર્કપુત્રં,
પશ્યત્યાર્કિર્જન્મપં વા બલોનમ્ ।
દીક્ષાં પ્રાપ્નોત્યાર્કિ દ્રષ્કાણ સંસ્થે,
ભૌમાર્ક્યંશે સૌરદૃષ્ટે ચ ચન્દ્રે ॥

એટલે જાતકની વિશિષ્ટ વૈરાગ્યવૃત્તિ, ઉંડી-સમજણ, ગહન-તત્ત્વદૃષ્ટિ અને સ્વપર-કલ્યાણકારી વિશિષ્ટ-મહાપુરૂષ તરીકેની સંપૂર્ણ યોગ્યતા ચોક્કસપણે જણાય છે.

ચંદ્રના સ્વગૃહીપણાના કારણે જાતકના સ્વભાવના બંધારણ સંબંધી જ્યોતિષાચાર્ય શ્રી વરાહમિહિરે જાતક-પ્રકરણમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે–

" શાન્તાત્મા સુભગઃ પણ્ડિતો
મુનિધર્મ–સંસ્કૃતઃ પુષ્યે "

અર્થાત્ " પુષ્ય નક્ષત્રમાં જન્મેલ બાળક શાંત સ્વભાવી, સુંદર-ચહેરાવાળો, વિદ્યાવ્યાસંગી, શાસ્ત્રપારગામી, તલસ્પર્શી-જ્ઞાતા અને સંયમી-જીવનમાં પાવરધો બને છે."

શ્રી પૃથ્વીધરાચાર્ય પણ **દૈવજ્ઞચિંતામણિ** ગ્રંથમાં દેવગણી–નક્ષત્રમાં જન્મેલ જાતકના ફલાદેશ પ્રસંગે સ્પષ્ટ જણાવે છે કે–

"દેવગણી નક્ષત્રમાં જન્મેલ બાળક સત્યને વફાદાર, સ્પષ્ટભાષી, સદાચાર–નિષ્ઠ, પ્રભુભક્તિલીન, ઉદાર, લોક–કલ્યાણને સફલ રીતે કરનાર, પ્રભાવશાળી, કવિ, વિદ્યાવ્યાસંગી, સંઘર્ષોમાં પણ મેરૂની જેમ અડોલ અને સાહસિક થાય છે."

વધુ મહત્વની નોંધપાત્ર હકીકત એ છે કે–

'જે સમયે જાતકનો જન્મ થયો છે, તે સમય અતિ શ્રેષ્ઠ છે.'

પૂર્વના ઇતિહાસને તપાસતાં આવા મંગલસમયે જ જગતના દુઃખમગ્ન જીવોનો ઉદ્ધાર કરી શકનારા મહાપુરૂષોનો જન્મ થયાનું નોંધાએલ છે.

જેમકે–શ્રી **નામદેવ મહારાજ** જેવા સંતપુરૂષો, મહામહોપાધ્યાય **શ્રી મોરારીદાન** જેવા ધુરંધર વિદ્વાનો અને સમ્રાટ **ઔરંગઝેબ, મહારાણી વિકટોરિયા** તથા **સમ્રાટ અલેકઝાંડર** વિગેરે લોકખ્યાત રાજપુરૂષો આવા અને આને મળતા સમયમાં જન્મ્યાનું તેમની કુંડલી ઉપરથી જાણવા મળે છે.

વળી આ જાતકની કુંડલીમાં સાતમા સ્થાને કેંદ્રમાં લગ્નની બરાબર સામે સ્વગૃહી શનિની દિગ્બળ–સંપન્ન વિશિષ્ટ–સ્થિતિ **શશકયોગ** નામથી ઓળખાતો મહાપુરૂષ યોગ બતાવે છે.

આવો અત્યદ્ભુત, સર્વોત્તમ અને વિરલપણે જોવા મલતો યોગ ભૂતકાળમાં જૈનશાસનના ચરમ તીર્થંકર **શ્રી મહાવીર સ્વામી**–મર્યાદા–પુરૂષોત્તમ મહારાજા **શ્રી રામચંદ્રજી**, આદ્ય શંકરાચાર્ય, **શ્રી અવધૂતાનંદ–સરસ્વતીજી**, સમ્રાટ **વિક્રમાદિત્ય** અને પંચમ **જ્યોર્જ** આદિ ધાર્મિક–મહાપુરૂષો અને લૌકિક–મહાપુરૂષોની કુંડલીમાં જોવા મળે છે.

જેથી આ જાતક પણ વર્તમાનકાળે ઉપર જણાવેલ મહાપુરૂષોની જેમ અજ્ઞાન આવરણો હઠાવી, પ્રજાને સન્માર્ગ–નિષ્ઠ બનાવવામાં સફળતા મેળવી શકે, તેમ ચોક્કસ લાગે છે.

વળી કેંદ્રમાં ચોથા સ્થાને રહેલ ગુરૂ **કેસરીયોગનું** સર્જન કરે છે.

પરિણામે જાતક સત્યનિષ્ઠાને સુદૃઢપણે વળગી રહી વિરોધીઓ દ્વારા ઊભા કરાતા સંઘર્ષમાં પણ કેસરી–સિંહની જેમ નિર્ભીક રહી શાસ્ત્રાનુસાર સત્ય–બાબતોને અડોલપણે પ્રતિપાદન કરનાર બનશે.

આ સંબંધમાં જ્યોતિષ–જગતમાં સર્વ સાધારણ એક પ્રસિદ્ધ ઉક્તિ છે કે—

"किं कुर्वन्ति ग्रहाः सर्वे, यस्य केन्द्रे बृहस्पतिः ।
मत्तमातंगयूथानां, भिनत्त्येकोऽपि केसरी ॥"

"જેના કેંદ્રમાં અંશાત્મક રીતે પ્રબલ ગુરૂ હોય, તે જાતકને બીજા ગ્રહો વિપરીત-સ્થિતિમાં હોય તો ય શું ?

આવો જાતક એકલો પણ સિંહ જેમ મદમસ્ત-હાથીઓના ટોળાને ભેદી નાંખે, તેમ સત્ય તત્વને અડગપણે વળગી રહેનારો બની વિરોધીઓના પ્રયાસને નિષ્ફળ કરી શકે છે."

તેમજ મર્મજ્ઞ-જ્યોતિષીઓના અભિપ્રાય મુજબ કેંદ્રસ્થ ગુરૂ જાતકમાં વિવિધ-નવીનગ્રંથોની રચના કરવાની શક્તિનું અને શાસ્ત્રજ્ઞતાના બળે ભલભલા વ્યાવહારિક-ઐશ્વર્યશાળીઓ પર પણ પ્રભુત્વ મેળવી શકે-એવી શક્તિનું માર્મિક સૂચન કરે છે.

આવો યોગ ભૂતકાળમાં થયેલા દિલ્હીપતિ સમ્રાટ **પૃથ્વીરાજ ચૌહાણ, ભક્તવર શ્રીનામદેવ** આદિ ધર્મનિષ્ઠ મહાપુરૂષો અને તેજસ્વી-નરવીરોની જન્મકુંડળીમાં જોવા મળે છે.

વળી દૈવજ્ઞશિરોમણિ **શ્રી મહીધરાચાર્યે** પોતાના **જાતકવલ્લભ** ગ્રંથમાં મહત્વની વાત નોંધી છે કે-

"શુક્રો યસ્ય બુધો યસ્ય, યસ્ય કેન્દ્રે બૃહસ્પતિઃ
દશમોંઽગારકો યસ્ય, સ જાતકઃ કુલદીપકઃ ॥"

અર્થાત્-"જે જાતકને જન્મ-સમયે શુક્ર, બુધ અને ગુરૂ કેંદ્રમાં અંશાત્મક રીતે પ્રબલ હોય અને મંગલ દશમે હોય તે જાતક કુલદીપક=કુળની શોભા વધારનાર આદરણીય બને છે."

આ ઉપરાંત કુંડલીમાં ગ્રહોની ભાવગત બલાબલતાનો વિચાર કરતાં સ્પષ્ટ જણાય છે કે-

"શુભગ્રહોની ભાવગત-પ્રબલતાની અસરવાળી જન્મ-કુંડલીઓ ઘણી જોવા મળે છે, પણ ભાવ-સ્થાનની વિશિષ્ટતા તથા શુભગ્રહોની પ્રબલદૃષ્ટિ, પાપગ્રહોની મંદદૃષ્ટિના કારણે પાપગ્રહોની અશુભ-અસરને પણ થંભાવી દઈ મહાપુરૂષની જીવન-શક્તિઓને પ્રસરિત થવા માટે પાપગ્રહોને પણ અનુકુલ-દશામાં બનાવી લેનાર આ જન્મકુંડલી હકીકતમાં ઘડીભર મગજ-બુદ્ધિના ક્ષેત્રના સીમાડા ભૂંસી નાખી, કાળબલની વિષમતાને ન-ગણ્ય બનાવી, જગતના પ્રાણીમાત્રનું હિત સાધવા માટે તત્પર બનનારા મહાપુરૂષની છડી-નેકી પોકારનાર સ્પષ્ટપણે પ્રતીત થાય છે.

જે કે-નીચેની વિગત પરથી સુજ્ઞ-વાચકોને જરૂર સ્પષ્ટ થશે.

જ્યોતિર્વિત્-શિરોમણિ **શ્રી અંબિકાનંદન વ્યાસ** આદિ ભારતીય-વિદ્વાનોએ કુંડલીગત ભાવોની બળાબળતા અને ગ્રહોની દૃષ્ટિજન્ય શુભાશુભ-અસર વિગેરેનો વિચાર પોતાના ગ્રંથોમાં સારી રીતે કર્યો છે.

તેના આધારે અને **જાતકતત્ત્વ** નામના મહત્વપૂર્ણ ફલાદેશના ગ્રંથના આધારે નીચે મુજબ સ્પષ્ટ હકીકત સમજી શકાય છે.

"આ જાતકની કુંડલીમાં બુદ્ધિનું મહત્ત્વપૂર્ણ ગણાતું પંચમ સ્થાન પોતાના સ્વામી મંગળથી શોભી રહ્યું છે, તે એક અપૂર્વ ઘટના છે. સાથેજ પંચમભાવનો કારક ગ્રહ ગુરૂ પણ કેંદ્રમાં બિરાજે છે, એ પણ વિરલ સંયોગ છે

આવી વિશિષ્ટગ્રહોની ભાવગત-મહત્ત્વભરી સ્થિતિ જવલ્લે જ વિરલ-કુંડલીમાં જોવા મળે છે."

આ ગ્રહસ્થિતિ સ્પષ્ટ સૂચવે છે કે--

"આ જાતક ખૂબ જ પ્રકૃષ્ટ-બુદ્ધિવાળો અને અનેક-શાસ્ત્રોનો પારગામી બને, એટલું જ નહિં ! પણ શાસ્ત્રોના મૌલિક-સ્તરને સ્પર્શનારી બુદ્ધિ આ જાતકમાં ખૂબ વિકસિત બને."

વળી અંશાત્મક વિશિષ્ટ-સ્થિતિને લીધે સ્વગૃહી મંગળ જાતકમાં પ્રચંડ તર્કશક્તિ, ગહન પદાર્થોનું પણ ખૂબ જ છણાવટ સાથે અદ્‌ભુત વિવેચન કરવાની પ્રકાંડશક્તિ મૌલિક રીતે રહેલી સૂચવે છે.

આ ઉપરાંત જન્મ લગ્નમાં સ્વગૃહનો અધિષ્ઠાયક બનીને રહેલા ચંદ્ર સાથે સ્વગૃહી મંગલનો ત્રિકોણાત્મક-સંબંધ જાતકની મેધા-શક્તિની અપૂર્વ-વિસ્ફૂર્તિનો સૂચક છે.

જેના બળે કે-અ-દૃષ્ટ-અ-શ્રુતવાતોની પણ વિશિષ્ટ-સંગત કલ્પના-શક્તિદ્વારા અજબ સંકલના-બદ્ધ સુંદર રજૂઆત જાતક કરી શકે, જેનો કે અક્ષરશઃ ઉલ્લેખ પૂર્વના મહાપુરૂષોએ પોતાના ગ્રંથોમાં કરેલ હોવાના પ્રમાણો આ જાતકની કરેલી રજુઆતના ટેકારૂપે ઢગલાબંધ મળી રહે.

આ જ પ્રમાણે જન્મલગ્નમાં બિરાજેલ બુધગ્રહની સાથે સ્વગૃહી-મંગળની ત્રિકોણાત્મક સ્થિતિ ચિંતનપ્રધાન-તર્કશક્તિ અને વાસ્તવિકતાવાદને પોષક અભૂતપૂર્વ-કલ્પનાશક્તિનો સમન્વય જણાવે છે.

પરિણામે કેંદ્રસ્થ-સ્વગૃહી ચંદ્ર સાથે સ્વગૃહી-મંગલના ત્રિકોણ-યોગમાંથી કચારેક વિકૃતરૂપે જન્મતી સ્વચ્છંદ-કલ્પનાના યોગનું વારણ થઈ રહે છે.

આ પ્રમાણે લગ્નમાં કર્કનો બુધ અને શુક્ર જાતકના મસ્તિષ્કમાં નવ-નવીન શાસ્ત્રોનો સ્વપ્રતિભાબળે અભ્યાસ, જ્ઞાનની સ્થિરતા અને વિવિધ-પદાર્થોના સૂક્ષ્મતમ-રહસ્યોને શોધી દરેક વાતનો તાત્વિક-નિર્ણય કરવાની અજબ-શક્તિને મુક્ત-મનથી સંચારિત કરનાર નિવડશે, એમ સ્પષ્ટ જણાય છે ! ! !

વળી ચોથા સ્થાનનો અધિપતિ શુક્ર લગ્નમાં પોતાના મિત્ર બુધ ગ્રહની સાથે અંશાત્મક પ્રકૃષ્ટ-દશાએ સ્થિત થઇને **મણિકાંચનયોગનું** સર્જન કરી રહ્યો છે.

જેથી શાસ્ત્રજ્ઞતા સાથે બાળજીવો પણ શાસ્ત્રના ગહન પદાર્થો વ્યવસ્થિત રીતે સમજી શકે તે જાતની હિતબુદ્ધિનો પરમાર્થ દૃષ્ટિથી સદુપયોગ જાતક કરી શકે એમ દીવા જેવું લાગે છે.

આ ઉપરાંત દૈવજ્ઞ-ચૂડામણિ **શ્રીયુત પં. ગણેશદત્ત-શર્મા** વિરચિત **જાતક-ચિંતામણિ** ગ્રંથમાં ત્રીજા-અધ્યાયના સાતમા શ્લોકમાં મહત્વની વાત નોંધાયેલી છે કે-જેની રજુઆત કરતાં મને પોતાને પણ ખૂબ આનંદ થાય છે.

હકીકતમાં મહાપુરૂષ તરીકે આ જાતક થવાનો છે, એની પાકી ખાત્રી કરાવનારી આ બાબત **જાતક-ચિંતામણિ** ના ઉલ્લેખ સાથે અક્ષરશઃ મળતી આવે છે. તે એ છે કે—

" દ્વિતીય સ્થાનનો અધિપતિ સૂર્ય જાતકના જન્મસમયે કેંદ્રમાં અને તે પણ લગ્નમાં વળી શુભગ્રહદૃષ્ટ અને તત્વચિંતનની હથોટી ઉપજાવનાર બુધ ગ્રહ, શક્તિઓની વિશિષ્ટ-સીમાઓને પરિપુષ્ટ કરનાર શુક્ર ગ્રહ અને માનસિક રીતે અજબ ગંભીરતા આદિ ક્ષમતા ઉપજાવનાર સ્વગૃહી ચંદ્ર સાથે રહેવાથી એવી મહત્વપૂર્ણ-ભૂમિકાનું સર્જન કરી રહ્યો છે કે—

" ચોક્કસપણે આ જાતક ભવિષ્યમાં લોકદૃષ્ટિથી ખૂબ જ નાની વયમાં પણ સ્વ-બુદ્ધિ, સ્વ-પુરૂષાર્થ અને અજબ-પ્રતિભાવડે શાસ્ત્રોના અથાગ-દરિયાને અવગાહવાના પરિણામે શાસ્ત્ર-સમુદ્રમાં વર્ષોથી છુપાઈને રહેલા વિશિષ્ટ-જ્ઞાનીગમ્ય અને ગીતાર્થતા દ્વારા ઉપલભ્ય શ્રુતરત્નોને શોધીને દુનિયા સમક્ષ ભવ્ય રજુઆત કરવાની વિશિષ્ટ શક્તિસંપન્ન બની સાચા અર્થમાં રહસ્યવાદીપણું મેળવે, એમ ચોક્કસ લાગે છે!!!"

આ વાતનું સમર્થન આધ્યાત્મિક-વિજ્ઞાનના પાયાની ભૂમિકાને પ્રબલ બનાવનાર તેમજ યથોચિત-સાધનોના સહકારબળે મોહના સંસ્કારોની વિષમ-ભૂમિકાને પણ પલટાવી નાખનાર શનિગ્રહની લગ્નસ્થ ચારેય ગ્રહો ઉપર પડી રહેલ સંપૂર્ણ દૃષ્ટિથી સ્પષ્ટ રીતે થઈ રહ્યું છે.

અહિં વધુ નોંધપાત્ર બીના એક એ પણ છે કે—

"શનિગ્રહની સંપૂર્ણ દૃષ્ટિ કેન્દ્રસ્થ બુધ, શુક્ર, ચંદ્રના બળને પૂરક સૂર્ય ઉપર હોવાથી જાતક સામાન્ય, સાહિત્ય જેવા વિલાસી કે ન્યાયશાસ્ત્ર જેવા દુરૂહ શાસ્ત્રોનો પારગામી કે તત્વજ્ઞ બને એવું નહિં, પણ પ્રાણીમાત્રના હિતની સાધના જેનાથી થાય તેવા આધ્યાત્મિક-મૌલિક ગ્રંથોનો રહસ્યવેત્તા બને અને તેના ઉદ્ધાર-સંરક્ષણ આદિનું અનન્ય-સાધારણ કાર્ય કરી, સામાન્ય બાલ-જીવોનું શ્રુતજ્ઞાન પ્રતિ ભક્તિભાવ-ભર્યું વલણ થાય, તેવું સ્પષ્ટ જણાય છે.

આ વાત ખૂબ જ નોંધપાત્ર અને જાતકની અનન્ય-સાધારણ-વિશિષ્ટતા સૂચવે છે.

આ કુંડલીમાં બીજા પણ કેટલાક અસાધારણ યોગો ગ્રહોની સ્થાનગત-વિશિષ્ટ-સ્થિતિથી બની રહ્યા છે, તે આ પ્રમાણે—

બ્રહ્મયોગ = ગુરૂ અને શુક્ર ભાગ્યાધિપતિ તથા લાભેશના કેંદ્રમાં અને બુધ ગ્રહ જન્મ લગ્નેશના કેંદ્રમાં હોવાથી આ યોગ બનેલો છે.

આના પરિણામે જાતકમાં વિદ્યા-સંપત્તિનો પ્રબલ યોગ સફળરીતે વિકસે તેમ લાગે છે.

ત્રિલોચનયોગ–વિશિષ્ટ–સ્થાનોના અધિપતિ સૂર્ય, ચંદ્ર અને મંગળની પરસ્પર–સાપેક્ષ રીતે થતી ત્રિકોણાત્મક–સ્થિતિમાંથી આ યોગ પ્રસ્ફુટિત થતો જણાય છે.

જેના ફલરૂપે જાતકની શાસ્ત્રીય–જ્ઞાન મેળવવા માટેની અપૂર્વ તમન્ના, કઠોર–પરિશ્રમ, ભગીરથ–સાધના સફળતાના શિખરપર જતી કલ્પી શકાય છે.

આ સાથે આ યોગની વિશિષ્ટ–શુભ અસર જાતકની ઉદાત્ત–ભૂમિકાને કારણે એવી પણ પરિણમી શકે કે જેના લીધે કોઈનું કહ્યું માની લેવાની રાજસિક–વૃત્તિને સ્થાન ન મળે, પરંતુ સ્થિર–પ્રજ્ઞા, યોગ્ય–નિશ્રા, જ્ઞાનીઓના વચનપ્રતિ નિષ્ઠાભર્યો આદર અને વિવેકપૂર્ણ–વિનીતતાના સુમેળવાળી પ્રજ્ઞાના બળે ઉહાપોહપૂર્વક નાનામાં નાની વ્યક્તિની પણ વાત સ્વીકારવાની નિખાલસતા સંપૂર્ણ–રીતે વિકાસ પામે, એવું આ યોગના સર્જક ગ્રહોની સ્થિતિ ઉપરથી નિર્ણીત થાય છે.

પ્રેરકયોગ=જાતકની કુંડલીમાં દ્વિતીય–સ્થાનના સ્વામી બુધ અને ગુરૂની કેંદ્રિત સ્થિતિ તથા સહવર્તી–સૂર્યના કારણે નિપજતો **બુધાદિત્ય** યોગ આ યોગને ઉપજાવે છે.

જેના પરિણામે વ્યાખ્યા–કુશળતા, ગહન પદાર્થોને પણ વ્યવસ્થિત રજુ કરવાની શક્તિ તથા શાસ્ત્રીય–પદાર્થોની મૌલિક–ચિંતનાત્મક વૃત્તિનો સફળ સ્વામી જાતક બને તેમ લાગે છે.

પારિજાતકયોગ=લગ્નનો સ્વામી અને રાશિનો અધિપતિ બન્નેનો કેંદ્રમાં સમન્વય થવાથી બનતો જાતકના વિશિષ્ટ–ભાવીનો સૂચક આ યોગ છે.

જેના ફળરૂપે સંઘ અને ધર્મનિષ્ઠ જનતાનો અધિનાયક અને લોક-લાગણીથી સ્વતઃ સ્વીકારાયેલ નેતૃત્વને સફળ કરનાર આ જાતક બને તેમ લાગે છે.

ગજ-કેસરીયોગ=સ્વગૃહી–ચંદ્રના ઘરમાં કેન્દ્ર–લગ્નમાં પ્રબળ અંશાત્મક–સ્થિતિએ રહેલ ગુરૂ આ યોગનું નિર્માણ કરે છે.

જેના પરિણામે જાતક દીક્ષિત થયા પછી સંઘ–શાસનના પ્રત્યનીક બની અહંમન્યતા, તેજોદ્વેષ, જ્ઞાનનું અજીર્ણ અને અભિનિવેશ આદિ કાળબલથી ઉપજનારી ક્ષુદ્રતાના ફલસ્વરૂપ દુર્ગુણોની પકડમાં ભાનભૂલેલી સ્થિતિમાં શાસનની જીતકલ્પની મર્યાદા–સામાચારી આદિ સર્વ હિતકર–તત્વો સામે બંડ પોકારનાર વિરોધીઓ દ્વારા ઉભા કરાયેલ સંક્ષોભ–વિપ્લવ આદિ પ્રસંગે પણ પ્રાણના ભોગે પણ સિદ્ધાંત અને સત્ય માર્ગને વફાદાર બની રહે, તેમ સ્પષ્ટ ધ્વનિત થાય છે.

આ ઉપરાંત લગ્ન અને લગ્નેશ ચલરાશિના હોવાથી બનતો **સંચારયોગ**, બધા ગ્રહો કેન્દ્ર અને ત્રિકોણમાં જ સમાવિષ્ટ થયા હોવાથી ઉપજતો **કેસારયોગ** શુક્ર, લગ્નેશ અને બૃહસ્પતિની પરસ્પર બળાબળવાળી કેન્દ્રીય સ્થિતિથી થતો **મેરીયોગ** અને ચોથા તથા નવમા સ્થાનના સ્વામીની પરસ્પર કેન્દ્રીય સ્થિતિથી જણાતો **કાહલયોગ** આદિ સ્પષ્ટપણે જણાતા અને

જ્યોતિષની દૃષ્ટિએ મહત્વના ગણાતા પ્રકૃષ્ટ-યોગો જાતકની વિરલ-ઉત્તમતા પૂરવાર કરે છે.

એટલું જ નહિં, પણ જાતક પ્રૌઢ-અવસ્થાના મધ્યભાગના પૂર્વાર્ધમાં પહોંચતાં પૂર્વે વિલુપ્ત પ્રાયઃ બની રહેલ શાસ્ત્રીય-ગ્રંથોને જીર્ણ-શીર્ણદશાના કારણે અલભ્ય-સ્થિતિમાંથી યોગ્ય અધિકારી જીવોને ઉપયોગી-દશામાં લાવી પ્રાચીન-પરંપરાનું પુનરૂજ્જીવન કરી-મંગલકારી જીવન-સાધનાનો સફલ પુરસ્કર્તા બને તેમ ચોક્કસ જણાય છે.

વધુમાં નામશેષ બની રહેલ સાધુ-સંઘની પ્રખ્યાત-શાખાનો પુનરુદ્ધારક બની વિશાલ વટવૃક્ષની જેમ શિષ્ય-સંપદાના મંગલ-પરિવારનો સ્વામી આ જાતક બને, તથા ચંદ્ર સમાન નિર્મળ-યશોદેહને ચિરસ્થાયી બનાવનાર અને સદીઓથી નહીં બનેલ વિશિષ્ટ-શિલ્પકૃતિ અને અનન્ય-સાધારણ-ઉપયોગિતાથી સભર મંદિરોના નિર્માણ દ્વારા શાસન અને ધર્મની દિગંત વ્યાપી-કીર્તિનો સ્વામી આદિ વિશિષ્ટ-અલૌકિક-ગુણોના સફળ-વિકાસને સૂચવનારા વિરલતમ જોવા મળતા ઉત્તમ યોગો આ કુંડલીમાં છે, એ નિઃશંક હકીકત છે.

આ પ્રમાણે કાશીના પંડિતરાજે ટુંકમાં છતાં મુદ્દાસર બધી બાબતોના વિચાર સાથે વ્યવસ્થિત-ફળાદેશ જણાવી છેવટે જણાવેલ કે—

"आदित्याद्याः ग्रहाः सर्वे, तिष्ठन्ति कृतकुड्मलाः ।
भाग्यं यस्य प्रकृष्टं वै, धर्मेणाप्तं सदर्द्धिकम् ॥

અર્થાત્—"ધર્મ-પૂર્વજન્મમાં આચરેલ વિશિષ્ટ સત્કર્મો-થી સદા-હંમેશાં ઋદ્ધિ-સંપત્તિવાળું પ્રકૃષ્ટ ભાગ્ય જે જાતકનું હોય છે, તેની સામે બધા ગ્રહો હાથ જોડીને ઉભા રહે છે."

એટલે કે-મહાપુરૂષોની સેવામાં અધ્યાય ગ્રહો પોતાની શુભ અસરો પહોંચાડવાની વિશિષ્ટ સેવાનો લાભ લેવા માટે સ્વતઃ ઉપસ્થિત થઈ જતા હોય છે.

તેથી આ ફળાદેશ લખવાનો પ્રયાસ એ માત્ર ટુંક મતિવિલાસ કર્યો છે, છેવટે તો પરમાત્મા જગતપિતાએ જગતના ઉદ્ધારાર્થે મોકલેલ મહાપુરૂષ તો અનિર્વચનીય હોય છે. તેથી અંજલિથી દરિયો ઉલેચવાની જેમ મહાપુરૂષોની અદ્‌ભુત-શક્તિઓનું સંક્ષિપ્ત-વર્ણન પણ અશક્ય છે.

ફકત આ બ્હાને રસના પાવન થઈ અને હાર્દિક સંતોષ થયો કે આવા મહાપુરૂષ હવે જગતમાં આવી રહ્યા છે !!!

મારી ગણનાતીત-વંદનાંજલિ હો આવા મહાપુરૂષોને !!!

આ રીતે કાશીના પંડિતરાજના લખેલ અદ્‌ભુત ભાવ-ભક્તિભર્યા ફળાદેશને વાંચી **ભગનભાઈ** ઘડીભર હર્ષના અતિરેકથી ગદ્‌ગદ બની ગયા અને આ બધું યથાર્થરૂપે પરિણમે એવી મંગલ આશંસાથી એકવીશ નવકાર અને સાત **उवसग्गहरं०** ગણ્યા.

હકીકતમાં પૂજ્ય તારકવર્ય ગુરૂદેવશ્રીએ જે જાતનું સૂચન કર્યું, તે ખૂબ જ ઉપયોગી અને હેતુસરનું હતું.

વિષમ–કલિકાલમાં પ્રબલ–મોહની અસરતળે ભાન ભૂલી પથભ્રષ્ટ બની રહેલા પામર–જીવોને પરમાધાર–સ્વરૂપ શ્રી જિનશાસનની કાલ–બળે ઝાંખી પડી રહેલી છાયાને આત્મશક્તિના સફળ તેજના આધારે અને જ્ઞાન–સંયમ–તપના બળે સતેજ કરનાર મહાપુરૂષ હકીકતમાં મારા ઘરે જન્મ્યા છે, તે બદલ **મગનભાઈ** પોતાની જાતને ધન્ય–ગૌરવવંતી લેખી રહ્યા.

આ પછી ફરીથી સત્તાવીશ નવકાર ગણી ચાંદીની થાળીમાંથી સ્થાનિક–પંડિતજીએ લખી આપેલ ફળાદેશનો પત્ર વાંચવા માટે લીધો.

ત્રણ વાર **જિનશાસનની** જય બોલવા સાથે શાસનપતિ **શ્રી મહાવીર**–પરમાત્મા તથા **લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી**–ભગવંતનું સાતવાર સ્મરણ કરી તે પત્ર વાંચવાની શરૂઆત કરી.

તે પત્રમાં પ્રારંભે ઈષ્ટદેવને નમસ્કાર કરી જ્યોતિષશાસ્ત્રને ચક્ષુરૂપ જણાવી જાતક જે જાતના પૂર્વજન્મના શુભાશુભ–સંસ્કારો લઈને આવે છે, તે સંસ્કારોને સક્રિય બનવા માટે સહકારી સાધનરૂપ કાળની બળાબળતા જાણવાનો પ્રયત્ન ગુરૂકૃપાએ શાસ્ત્રના માધ્યમથી શરૂ કરવાની વાત હતી.

સૌ પ્રથમ સ્થૂલબુદ્ધિએ કુંડલીનું નિરીક્ષણ કરતાં જણાતી મહત્વની બાબતો નીચે મુજબ જણાવેલ.

"જાતકનો જન્મ **શાલિવાહન શાકે ૧૯૭૫** માં થયો છે. શાલિવાહનનું આ વર્ષ જ્યોતિષશાસ્ત્ર પ્રસિદ્ધ ૬૦ જાતના સંવત્સર પૈકી **શ્રીમુખ** નામનો સંવત્સર છે.

તેથી આ જાતક અઠંગ શાસ્ત્રજ્ઞ, તત્વજ્ઞ, સ્વજનવર્ગ–કુટુંબને વધુ પ્રિય, ઐશ્વર્યશાલી, પરમાત્માની ભક્તિમાં લીન બનનાર અને દિગંતવ્યાપી કીર્તિવાળો થાય, તેમ ચોકકસ લાગે છે.

વળી **વર્ષાઋતુમાં** જન્મ છે, તેથી એમ જણાય છે કે–"આત્મિક–શક્તિઓનો ભરપૂર વિકાસ કરનાર, રાજા–મહારાજાઓથી પૂજનીય, સૂક્ષ્મ–નિપુણ બુદ્ધિવાળો, મહાપ્રતાપી, ગહન–વિચારક અને વાયુ–પ્રકૃતિવાળો આ જાતક બને."

આ મુજબ **અષાડ** મહિનાનો જન્મ છે, તેથી જ્યોતિષશાસ્ત્ર વર્ણિત માસફલના આધારે–"આ જાતક જ્ઞાની–મહાપુરૂષો પ્રતિ આદર–સંપન્ન, વાણી–ચાતુર્ય અને ઓજસભરી ભાષાથી શોભતો, સ્વાભિમાની અને મંદાગ્નિની અસરવાળો થાય" તેમ જણાય છે.

તથા **કૃષ્ણપક્ષમાં** થયેલ જન્મ–"સ્વપુરૂષાર્થી, શીલ–સદાચારમાં દૃઢ, ચપળ, કોઈની પણ શેહ–શરમમાં ન આવે–" તેવો મહાપુરૂષ થવાની યોગ્યતા આ બાળકની સૂચવે છે.

આ રીતે મહિનાની છેલ્લી તિથિ **અમાવાસ્યામાં** જન્મ થયેલ હોઈ–" બાળકમાં બહારના ક્ષોભના નિમિત્તો ઘણા છતાં ચિત્તની અજબ સ્થિરતા, પોતાના લક્ષ્યની પૂર્તિ કરવા આડે આવતા વિઘ્નો–કષ્ટોની પરંપરાથી પણ નિર્ભયતા, સજ્જન–માન્યતા અને શારીરિક–બળની દૃષ્ટિએ દુર્બળતા " સાહજિકરીતે રહેવા સંભવ છે.

વળી **રાતના છેલ્લા પહોરે** જન્મે છે તેથી " સૂર્ય સમાન તેજસ્વી, સુંદર નેત્ર–જ્યોતિવાળો સર્વજન–વલ્લભ, બહુજનમાન્ય, અને વૈભવસંપન્ન આ જાતક થાય."

આ પ્રમાણે **રવિવારનો** જન્મ બાલકમાં શૂરવીરતા, મસ્તકના કેશની અલ્પતા, શ્યામમિશ્ર લાલાશ–પડતા શરીરની કાંતિ, ઉદાર પ્રકૃતિ, મહાબળ–વીર્ય તથા ઉત્સાહ ગળથૂથીમાંથી જ વિકસવા માંડે તેમ " લાગે છે.

બાળકનો જન્મ **પુષ્યનક્ષત્રના** બીજા ચરણમાં છે, તેનું ફળ શાસ્ત્રોમાં એમ જણાવાયું છે કે—

" દેવ, ગુરૂ, ધર્મ અને શાસ્ત્રો પ્રતિ વિનય, સ્વધર્મ–પોતાના કર્તવ્યોના પાલનમાં નિષ્ઠતા, લોકમાન્યતા, અનેક–વિદ્યાઓની પારગામિતા, સૌમ્ય–સ્વભાવ અને સુંદર–આકૃતિ આદિ વિશિષ્ટ ગુણો આ બાળકમાં પુનમના ચંદ્રની જેમ સોળે–કલાએ ખીલે છે."

આ રીતે જન્મ–સમયે વર્તતા **સિદ્ધિયોગથી** બાળકને ભાવિમાં હાથ ધરાતા સર્વ–કાર્યોમાં અનેક–વિઘ્નોની પરંપરાને મહાત કરીને પણ આદર્શ સિદ્ધિ–સફળતા મેળવી શકવાની ક્ષમતા પ્રાપ્ત થાય–તેમ લાગે છે.

વળી **ચતુષ્પાદ, કરણમાં** જન્મેલ આ બાળકમાં અપરિગ્રહવૃત્તિ ખૂબ જ વિકસે તેમ લાગે છે.

તેમજ આ કરણની અસરથી જણાતી કેટલીક મૌલિકતાઓ ધ્યાન ખેંચે તેવી છે.

આ બાળક શરીરની કે જાતની પણ પરવા કર્યા વિના સત્યમાર્ગ ઉપર અડોલપણ ઉભા રહેવાની વૃત્તિવાળો, વડીલોનો માન–મર્તબો યોગ્યરીતે જાળવી જાણે, તેવો વિવેકી અને પ્રાણીમાત્ર ઉપર હાર્દિક અનુકંપા–કરૂણા ધરાવનાર બનશે," તે આ કરણની વિશિષ્ટતારૂપ લાગે છે.

તેમજ **દેવગણમાં** જન્મેલ આ બાળક " પ્રવર–વક્તા, વ્યાખ્યાન–કલાકુશળ, હૈયાનો ભોળો, મહાબુદ્ધિશાળી, અલ્પ–આહારવાળો, ગુણોનો ભંડાર, અનન્ય–સાધારણ વિદ્વત્તાવાળો થવા સંભવ છે.

વળી **મેષયોનિના** જન્મને લીધે આ બાળકની સૌથી વધુ ધ્યાન ખેંચે તેવી અનન્ય–સાધારણ વિશિષ્ટતા જણાય છે કે—

" શાસ્ત્રસિદ્ધ અને મહાપુરૂષોએ ચિંધેલ ઉદાત્ત–પ્રશસ્ત માર્ગ ઉપર સદા ઉત્સાહપૂર્વક

આગળ ધપવા માટેનું અપૂર્વ જોમ જીવનની પાછલી સંધ્યાએ–અતિવૃદ્ધાવસ્થાએ–શારીરિક ક્ષીણતા થવા છતાં પણ ટકયું રહે" તેવી ચોગ્યતા આ જાતકની સ્પષ્ટ જણાય છે.

હવે કુંડલીની દૃષ્ટિએ જરાક ગંભીરતાથી વિચાર કરતાં સર્વ પ્રથમ તો **કર્ક લગ્ન જ** ખૂબ નોંધપાત્ર બીનારૂપ જણાય છે.

કેમકે–આ લગ્નની અસરતળે જન્મેલ બાલકમાં વિશિષ્ટરીતે સંસારીભોગો, ઐશ્વર્યની પ્રચુરતા, ધર્મનિષ્ઠતા, તત્ત્વગ્રાહીપણું, કદાગ્રહ શૂન્યતા, અનેક બાબતોની સારગ્રાહી જાણકારી, લોકપ્રિયતા અને બીજાને અદેખાઈ ઉપજાવનાર વિશિષ્ટ ભાગ્યસંપદા પ્રકૃષ્ટ રીતે વિકાસ પામે છે.

આ ઉપરાંત **લગ્નસ્થાનમાં** લગ્નાધિપતિ **ચંદ્ર**ની સાથે **સૂર્ય, બુધ** અને **શુક્ર**નો સંયોગ હકીકતમાં વિશિષ્ટ સ્થિતિનું નિર્માણ કરે છે. આ અંગે **માનસાગરી** માં ઉલ્લેખ છે કે—

" चंद्रार्क–बुध–शुक्राणां, संयोगे सुभगो नरः ।
विद्वांश्च राजमान्यश्च वाग्मी, च विमलो भवेत् ॥ "

એટલે " ચંદ્ર, સૂર્ય, બુધ અને શુક્રના સંયોગમાં જન્મેલ બાળક સૌભાગ્ય શાળી, વિદ્વાન, રાજમાન્ય, વાણીચતુર અને હૈયાનો નિર્મળ બને છે."

આ પ્રમાણે **જાતકપારિજાત** માં પણ જણાવ્યું છે કે—

"शुक्रेन्दु–भानु–शशिजैर्विमलो हि वाग्मी"

આ ઉપરાંત આ જાતકની કુંડલીની અપૂર્વ વિશેષતા એ છે કે—

"આ કુંડલીમાં ચંદ્ર સ્વગૃહી, મંગળ સ્વગૃહી, અને શનિ પણ સ્વગૃહી, તે ઉપરાંત કેંદ્રમાં અને તે પણ લગ્નમાં લગ્નાધિપતિ ચંદ્ર સાથે સૂર્ય, બુધ મિત્ર બનીને તથા શત્રુરૂપ મનાતો શુક્ર પણ સાથે આવીને બેઠા છે."

આવા સંયોગવાળી કુંડલી જાતકની સર્વોપરિ ભાગ્યવત્તા સૂચવે છે.

તેમ છતાં મહત્વની એક વાત જ્યોતિષશાસ્ત્રના દર્પણમાં જે સ્પષ્ટ દેખાઈ રહી છે તે વાત કદાચ બાળકની મહાપુરૂષ–તરીકેની મહત્તા સાંભળવા ઉત્સુક બનેલા મનને કદાચ અણગમતી લાગે તેવી છે.

પરંતુ મહાપુરૂષોની અદ્વિતીય મહત્તા એ બાબતમાં એવી છુપાયેલી છે કે–સામાન્યદૃષ્ટિએ અણગમતી દેખાતી એ વાત મહાપુરૂષોની અનન્ય–સાધારણ કેળવાયેલ આત્મશક્તિના ગૌરવને વધારનારી વિવેકબુદ્ધિથી સમજાય તેમ છે.

સાચો જ્યોતિષી લોક–હેરીમાં ન તણાતાં સારગર્ભિત–હકીકતને સ્વાનુભવમાં પોતાનું કર્તવ્ય અદા કર્યાનો સંતોષ માને છે.

તેથી સ્થૂલ બુદ્ધિથી અનુગમતી પણ મહાપુરૂષની અલૌકિક વિશિષ્ટતા ધરાવનારી એ વાત જ્યોતિષશાસ્ત્રના ધોરણે રજુ કરવી જરૂરી લાગે છે.

તે વાત એ છે કે—

"લગ્નાધિપતિ ચંદ્રની સાથે રહેલ સૂર્ય, બુધ, એ ત્રણેના શત્રુરૂપ મનાતો શુક્ર લગ્નમાં બેઠો છે. અને તે સાતમા સ્ત્રી–સ્થાનનો કારક ગ્રહ ગણાય છે.

વળી સાતમા સ્ત્રી–સ્થાનમાં પોતાની રાશિ–મકરરાશિનો સ્વગૃહી થઇ શનિદેવ બેઠા છે, અને બન્નેય ગ્રહો એકબીજાથી સાતમે હોઇ પરસ્પર સંપૂર્ણ–દૃષ્ટિથી જુએ છે."

આ સંબંધમાં કુંદલાંદર્પણ ગ્રંથમાં નોંધાયેલ છે કે—

"लग्नात् केन्द्र गते शुक्रे
तस्मात् कामगते शनौ ।
द्वादशैकोनविंशे च
विवाहः प्रायशो भवेत् ॥"

એટલે કે–"લગ્ન–કેંદ્રમાં રહેલ શુક્રથી શનિ સાતમે સ્થાને હોય તો તે જાતકનું સગપણ બારમે કે ઓગણીસમે વર્ષે પ્રાયઃ થાય."

આ શ્લોકના આધારે આ કુંડલીમાં લગ્નમાં શુક્ર છે અને તેની સામે સાતમે શનિ છે. તેથી આ જાતકનો પ્રેમજન્યા યોગ છતાં સંસારી દૃષ્ટિએ લગ્નયોગ પણ પ્રબળ બનતો લાગે છે. જેથી કે–"**બારમા વર્ષે સગપણ થઈ તેરમા વર્ષે લગ્ન થાય તેમ છે.**"

આમ છતાં પણ જ્યોતિષશાસ્ત્રની અટપટી–ગલીઓમાં ગુરૂકૃપાએ બુદ્ધિને ફેરવવા છતાં પણ જ્યોતિષશાસ્ત્રના અંધારણને લક્ષ્યમાં રાખી કુંડલીમાં રહેલ બીજા ગ્રહયોગોનો વિચા- કરતાં આનું વારણ પણ કુંડલીમાં સ્પષ્ટ પણે જોવા મળે છે. તે આ પ્રમાણે—

"શુક્ર અને ગુરૂ કેન્દ્રમાં છે અને તે પણ લગ્નમાં છે, અને શનિ સ્વગૃહી થઇને કેંદ્રમાં લગ્નથી બરાબર સાતમે છે અને લગ્ન ચરરાશિનું છે. તેથી એવો પ્રબલ–આધ્યાત્મિકયોગ ઉભો થાય છે. કે જેથી લગ્નયોગની અસર ઢીલી થઈ જાય."

આ સંબંધમાં કુંડલી-ભાવરહસ્ય ગ્રંથમાં નોંધ મળે છે કે—

केन्द्रगौ सित–देवेज्यौ
स्वोच्चे केन्द्रगतेऽर्कजे ।
चरलग्ने यदा जन्म
योगोऽयमवतारजः ॥

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે—

"જે જાતકની કુંડલીમાં શુક્ર અને ગુરુ કેંદ્રમાં હોય, શનિ પણ કેંદ્રમાં હોય, લગ્ન ચર રાશિમાં હોય, ત્યારે જાતક ઈશ્વરી–અંશાવતાર રૂપ ભવિષ્યમાં બની શકે, તેવો યોગ ઉભો થાય છે.

તેથી ઈશ્વરીય–વિશિષ્ટ–શક્તિનો અંશ લઈ જન્મી રહેલ બાળક ભવિષ્યમાં વિશિષ્ટ–કોટિનો કુળને અજવાળનાર અને જગતમાં પુણ્ય–કીર્તિની પ્રભા ફેલાવનારો થાય છે.

આ સંબંધી શાસ્ત્રીય–ઉલ્લેખ નીચે મુજબ જોવા મળે છે.—

"पुण्यश्लोकस्तीर्थचारी कलाज्ञः
कामासक्तः कालकर्ता जितात्मा
वेदान्तज्ञो वेदशास्त्राधिकारी
जातो राजश्री र्वघरोंऽशावतारे ।।"

અર્થાત્ ઉપર જણાવેલ અંશાવતાર–યોગમાં જન્મેલ જાતક પવિત્ર કીર્તિવાળો, વિવિધ તીર્થોનું પરિભ્રમણ કરી જીવન ધન્ય બનાવનાર, કલાઓનો જાણકાર, જીતેન્દ્રિય, વેદાંત–શાસ્ત્રનો પારગામી અને વેદાંતના તત્વોને પચાવી અદ્‌ભુત–આત્મલક્ષ્મીનો વિકાસ સાધનાર બને છે.

એટલે આ જાતકનું માનસ લગ્ન થવા છતાં ત્યાગની ભાવનાથી ખૂબ રંગાયેલ રહે.

તેથી જાતક લગ્નમાં રહેલ ચતુર્થહીની પ્રબલતાથી નાની ઉંમરે પણ અંતરંગ વિશિષ્ટ સંસ્કારોથી સંસારનો ત્યાગ કરી દીક્ષા લે, તેમ છતાં દુન્યવી–નિયમાનુસાર કયારેક ગ્રહો પોતાનો ભાવ ભજવે તેથી બળાત્કારથી પણ દીક્ષા છોડી સંસારમાં પાછા આવવું પડે, તેમ છતાં લાંબો કાળ સંસારમાં તેઓ રહે તેવા ગ્રહ–યોગો નથી.

કેમકે શનિ સાતમા સ્થાનનો માલિક હોવા સાથે આઠમા સ્થાનનો પણ રાશિની દૃષ્ટિએ માલિક હોવાથી સંસારની વાસનાઓ કદી પણ આ જાતકને સ્પર્શી શકે તેમ નથી.

એટલે સ્વ–પુરૂષાર્થના પરિણામે પૂર્વજન્મની યોગ–સાધનાના પ્રતાપે સંસાર છોડી ટુંકા ગાળામાં જ ફરીથી જીવનના પરમ–લક્ષ્યરૂપ આધ્યાત્મિક–સાધનાના પંથે આવી જ જાય.

વળી જ્યોતિષની દૃષ્ટિએ ચંદ્રથી પાંચમે સ્થાને એટલે કે પુત્ર–સ્થાનમાં મંગળ જન્મ સમયે રહેલ છે, તેથી જાતકનો સંસાર સફલરૂપે આગળ વધે તેવો યોગ નથી.

આ સંબંધમાં **માનસાગરી** માં ઉલ્લેખ છે. કે—

"चन्द्रात् पंचमगो भौमो
जन्मकाले यदा भवेत्
पुत्रहीनो नरः स्त्रीणां
लग्ने पतति निश्चितम् ।।"

પરંતુ **જ્યોતિષશાસ્ત્ર એ માત્ર નિમિત્તશાસ્ત્ર છે,** એટલે કે પૂર્વોપાર્જિત-શુભાશુભ કર્મોને ફલોન્મુખ થવા માટે સહકારી-નિમિત્તરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ-અને ભવ એ પાંચ સાધનો પૈકી કાલનો ઉપયોગ વ્યવસ્થિત રીતે કરી શકાય, તે માટે જ્યોતિષશાસ્ત્ર યોગ્ય-ગણિત દ્વારા વ્યવસ્થિત જાણકારી પૂરી પાડે છે.

આમ છતાં કર્મના ઉદયને સક્રિય બનવા માટે ઉદય કયી જાતનો છે ? તે નિર્ણીત થયા વિના બાહ્ય-નિમિત્તોના સહકારથી ઉદય સફળ થઈ જ જાય, એવું ધોરણ અનુભવથી જણાતું નથી.

એટલે જ્યોતિષશાસ્ત્રમાં દરેક-યોગોની સામે વિશિષ્ટ-સ્થિતિનું નિર્માણ રહેલું હોય છે કે જેના આધારે કર્મના ઉદયની પ્રબલતા હોય તો પણ તેને આત્મ શક્તિના વિશિષ્ટ સામર્થ્યથી રૂપાંતરિત પણ કરી શકાય.

એ રીતે કુંડલીના ભાવોની બળાબળતા અને ગ્રહોની સ્થિતિના વિચારની દૃષ્ટિએ ચંદ્રથી પાંચમે મંગળ અને સાતમે શનિના કારણે આ જાતક સંસારી-સુખથી વંચિત અને પુત્રહીન હોવાની સામે એક એવી પણ સ્થિતિ છે કે—

" મૂલ-કુંડલીના ગ્રહો ગણિતના બળે ચલિત-કુંડલીમાં સ્થાનફેર થઈ જાય છે. તે રીતે આ જાતકની ચલિત-કુંડલીમાં ચંદ્રથી મંગળ છઠ્ઠે એટલે કે ધનરાશિમાં આવી જાય છે. જેથી પુત્રયોગની હીનતાનું પરાવર્તન થઈ શનિની ઉચ્ચતા અને સ્વગૃહીપણાના કારણે તથા લગ્નમાં પ્રબળ ચાર-ગ્રહોની યુતિના કારણે જાતકની આધ્યાત્મિક-વિકાસની દશામાં દીક્ષિત થયા પછી ચાંદમા વર્ષથી શિષ્ય-પરિવારની ઉત્તરોત્તર-વૃદ્ધિ થવાનું ચોક્કસ જણાય છે.

આ અંગે પૂર્વે જણાવેલ અંશાવતાર-યોગનું સામર્થ્ય તથા [1]**સર્વાર્થચિંતામણિ**કારના મંતવ્ય મુજબ મહામુનિ-યોગનું ઘડતર કરનારા ગ્રહોનું સામર્થ્ય સક્રિય બનતું લાગે છે.

આ ઉપરાંત જ્યોતિષ-શાસ્ત્રપ્રસિદ્ધ **ગજ-કેસરીયોગ** નું સર્જન લગ્નમાં રહેલ ચંદ્રથી ચોથે સ્થાને ગુરૂ અને ગુરૂથી દશમે સ્થાને ચંદ્ર હોવાથી સ્પષ્ટપણે થઈ રહેલું દેખાય છે.

વળી ચંદ્ર અને ગુરૂ કેન્દ્રમાં હોવાથી ખૂબ શક્તિશાળી બન્યા છે. જેથી **રાજયોગ** નું નિર્માણ થવા પામ્યું છે.

આ બધા ઉપરથી જાતકની અનેક-શાસ્ત્રપારગામિતા, સૂક્ષ્મ-તત્વચિંતન કરી શકે તેવી

---

१ " कर्कादिस्थैर्ग्रहैः सर्वैर्गुरु-चन्द्रादिभिर्यदा ।
शून्यं तः परमोच्चस्थैर्मुनितुल्यो भवेन्नरः ॥ " (सर्वार्थ चिंतामणि)

અર્થાત્ જે જાતકની કુંડલીમાં કર્કથી મકરરાશિમાં બધા ગ્રહો રહેલા હોય અને તે ગ્રહો ઉચ્ચરાશિના અને સ્વગૃહી હોય તો તે જાતક સંસાર છોડી આદર્શત્યાગી અને મહામુનિ બને છે.

તીક્ષ્ણબુદ્ધિની પ્રતીતિ થાય છે, તે ઉપરાંત દુન્યવી માન-પાન, લોકપ્રશંસા, ભક્તોનો આદર વિપુલ પ્રમાણમાં મલવા છતાં નિરાસક્તભાવે પોતાની સંયમ-સાધના તથા લક્ષ્યપૂર્ત્તિમાં અવિરતપણે મચ્યા રહેવાની આસિયત જણાય છે.

વળી ગ્રહોની અંશાત્મક સ્થિતિના વિશિષ્ટ-પ્રભાવને લઈને એક અદ્‌ભુત સ્થિતિ જાણવા મળે છે કે—

"જાતકની મનોભાવનાને અનુરૂપ દરેક જાતની અનુકૂળ સામગ્રી વગર-માંગ્યે પણ સામે-પગલે રજુ થશે અને એ રીતે ભક્ત-ગણના સ્પૃહણીય તરીકે આ જાતક રાજયોગી જેવું જીવન જીવી શકે. આર્થિક ચિંતા કદી પણ ન કરવી પડે, જરૂર કરતાં વધુ સમયે-સમયે મળી રહે તેવા વિશિષ્ટ-યોગવાળી ગ્રહોની સ્થિતિ છે.

આ જાતકની નોંધપાત્ર બીજી વિશેષતા એ છે કે—

"પોતે કદી પણ પોતાના શિષ્યવર્ગની અને ભક્તગણની સ્વાર્થીય-સંબંધોમાંથી ઉપજતી-શરમમાં રહેશે નહિં. કદી પણ તેઓની પરવા સ્વાર્થ-પૂર્તિના ધોરણે કરવાની વાત આ જાતકને રૂચશે નહિં. આમ છતાં સ્થાન અને દૃષ્ટિની વિશેષતાને લઈ **શિષ્યવર્ગ અને ભક્તવર્ગ ગુરૂની આવી નિઃસ્પૃહતા હોવા છતાં પણ સામે-પગલે આવી ઈશારા ઉપર તન-મન અને ધન ન્યોછાવર કરવાની તત્પરતા ધરાવશે.**

આ કુંડલીમાં પંચમ-સ્થાને એટલે કે બુદ્ધિના સ્થાને મંગળ સ્વગૃહી થઈને બેઠો છે. આ પંચમભાવનો કારક-ગ્રહ ગુરૂ કેન્દ્રમાં લગ્નથી ચોથે છે.

આને લઈ જાતકમાં વિશિષ્ટ-પ્રતિભાની સ્ફુર્તિ અને શાસ્ત્રીય-પદાર્થોના ઉંડા-ચિંતનની હથોટી સહેલાઈથી વિકાસ પામશે.

પરંતુ બુદ્ધિના સ્થાનમાં બેઠેલ મંગલ કેંદ્રસ્થ-ગુરૂના સહકારથી જ્ઞાનોપાર્જન-કરવાની શક્તિ અને બુદ્ધિ તીવ્ર બનાવે છે. તેમ સાથે સાથે મંગળ પોતાના સ્વભાવ પ્રમાણે જાતકની પ્રકૃતિ ઉપર પણ ઘેરી અસર ઉપજાવે છે, કે "જેના પરિણામે સ્વભાવમાં સાહજિક-તંગદીલી રહેવા પામે તેથી તેમની આજ્ઞાનું પાલન નહિં કરનારને તેઓ સાંખી ન શકે. શિષ્ય સમુદાય કે ભક્તવર્ગ માંનો કોઈપણ જો શાસ્ત્રીય સૂચિત-મર્યાદાને વફાદાર ન રહે કે આજ્ઞાનું પાલન કરવામાં ઉપેક્ષા ધરાવે તો ગમે તેવા ચમરબંધીનો ત્યાગ કરવામાં કે ગમે તેવા ધનસમૃદ્ધ-શ્રીમંત સાથે પણ સંબંધ-વિચ્છેદ કરવામાં જરાપણ અચકાય નહીં," તેવી સ્વભાગવત અસર પાંચમા-સ્થાનમાં રહેલ મંગળથી જણાય છે.

વળી આ કુંડલીમાં નવમું ભાગ્ય-ધર્મસ્થાનનો તથા છઠ્ઠા રોગ-શત્રુસ્થાનનો **અધિપતિ** ગુરૂ કેન્દ્રમાં ચોથે રહેલ છે, જેથી આ જાતક અજાતશત્રુ બની રહે. **અંગત-વૃત્તિઓથી દુશ્મનાવટ જેવી ચીજ આ બાલકમાં હોવાનો સંભવ નથી.**

આ રીતે તત્વચિંતનનો કારક–ગ્રહ રાહુ નવમા ધર્મસ્થાનમાં મીનરાશિનો હોવાથી ખૂબ જ આધ્યાત્મિક–સંસ્કારો પ્રબલ બનાવે છે અને ઉંડુ તત્વચિંતન કરવાની ખાસીયત જન્માવે છે. તે ઉપરાંત નવમા સ્થાનમાં મીનરાશિનો રાહુ વિશિષ્ટરીતે ભુલાઈ ગયેલ ધર્મની મહત્વભરી બાબતોનો પુરસ્કર્તા બને અને સાધુ અને સંયમીઓની સ્વ–પરની ભેદરેખા સિવાય આદર્શ સેવાવૃત્તિમાં તત્પર બને.

આ ઉપરાંત* **માનસાગરી** ના નોંધ મુજબ ધર્મસ્થાનમાં રહેલ મીનરાશિનો રાહુ વિશિષ્ટ કોટિનું મંદિર બનાવનાર આ જાતક બને તેમ લાગે છે. તેમજ વિવિધ–તીર્થોની યાત્રા અંગેનું પરિભ્રમણ જાતકની જ્ઞાનવૃદ્ધિમાં સહાયક બને, તેમ લાગે છે.

આઠમા આયુષ્ય–સ્થાનમાં કોઇ ગ્રહ નથી, તેમ છતાં તેના અધિપતિ શનિ કેંદ્રમાં સાતમા સ્થાને મકરરાશિમાં સ્વ–ગૃહી થઇ રહેલ છે, તથા કેંદ્રમાં ચોથે રહેલો ગુરૂ પોતાથી પાંચમે આઠમા ભાવને શુભદૃષ્ટિથી જુએ છે, તેથી જાતક દીર્ઘાયુ થાય તેમ લાગે છે.

વિંશોત્તરી મહાદશામાં રાહુની અંતરદશા જાતકની પંચોતેર વર્ષની ઉંમરે લગભગ આવે ત્યારે અને શનિ અને ગુરૂ બારમા સ્થાને મિથુન–રાશિના થાય, ત્યારે જાતકનું આયુષ્ય પુરૂ થવાનો યોગ ઉભો થાય છે.

આ રીતે કુંડલીમાં પંચમ–સ્થાને રહેલો મંગળ ચલિત–ગણિતના આધારે છઠ્ઠા સ્થાને ધનરાશિમાં જાય છે, એટલે મંગળની મહાદશામાં ચલિત–મંગળની સાતમા–કુંડલીના બારમા સ્થાન ઉપર સંપૂર્ણ દૃષ્ટિ આવવાથી જાતકની પંચોતેર–વર્ષની ઉંમર પછી ઉત્પન્ન થનાર રિષ્ટયોગને આધારે છોતેરમું વર્ષ પુરું થાય, તે પહેલાં જાતક ભગવદ્ધામમાં પહોંચી જાય, તેમ જણાય છે.

વધુ તો આ સંબંધમાં મહાપુરૂષો માટે **ઈશ્વરેચ્છા વલીયસી** નો સિદ્ધાંત માન્ય રાખવો જરૂરી છે.

વળી આ કુંડલીમાં દશમસ્થાને કોઇ ગ્રહ નથી, પણ તેનો અધિપતિ મંગળ પંચમ–ભાવનો સ્વામી બની દશમભાવનો પણ માલિક બને છે. ચોથે રહેલ ગુરૂની આ સ્થાન ઉપર સંપૂર્ણ દૃષ્ટિ છે, અને લગ્નમાં રહેલ ચંદ્ર, સૂર્ય, બુધ અને શુક્રની પણ દૃષ્ટિ પડે છે.

આ ઉપરથી ફલિત થતા વિશિષ્ટ–યોગ પ્રમાણે આ જાતક સંઘમાં વિસરાઈ ગયેલી પ્રાચીન પરંપરાને પ્રસ્થાપિત કરી જનસમૂહદ્વારા સ્વતઃ પ્રાપ્ત થનાર વિશિષ્ટ–બિરૂદથી સંસારમાં ખૂબ જ માન–પ્રતિષ્ઠા અને સન્માન મેળવે.

---

*धर्माश्रिते चैव हि मीनराशौ करोति धर्मं विविधं नूलोके ।
सत्सेवयाऽऽरामतडागजानं तीर्थाटनेनार्थसुखैर्विचित्रैः ।। (मानसागरी)

નવમા ધર્મસ્થાનમાં મીનરાશિમાં આવેલ ગ્રહવાળો જાતક સંસારમાં વિવિધ–પ્રકારની ધર્મપ્રવૃત્તિઓ કરે, સાધુપુરૂષોની સેવા કરનારો બને, બગીચા, તળાવ–ઉપલક્ષણથી મંદિરો બંધાવે અને તીર્થયાત્રાથી વિશિષ્ટ સુખ–શાંતિ મેળવે.

આ ઉપરાંત આ જાતકની આગવી વિશિષ્ટતા પણ દશમ-સ્થાનની પ્રબલતાથી ફલિત થાય છે કે—

આ જાતક દેહત્યાગની છેલ્લી-ઘડી સુધી નવ-નવીન શાસ્ત્રીય-ગ્રંથોની રચના કરશે.

આ જાતક જ્ઞાનાર્જન કરવામાં પૂર્વના સંસ્કારોના બળે અલ્પ-સમય પુરતી ગુરૂની નિશ્રા મળવા છતાં આપબળે શાસ્ત્રીય-પરંપરાને પૂર્વજન્મની વિશિષ્ટ-શક્તિબળે કડીબદ્ધ મેળવી શાસ્ત્રોનો મર્મજ્ઞ પારગામી બનશે, જેથી કે સામાન્ય-જનતાને આ જાતક જન્મથી જ જાણે જ્ઞાની હોય એને સઘળું જ્ઞાન તેમનામાં સંપૂર્ણરીતે ભરેલું હોય તેવું લાગ્યા વિના નહીં રહે!

આના પરિણામે આ જાતક શાસ્ત્રીય-પદાર્થોનો સર્વ પ્રથમ પ્રવકતા અને મુખ્ય આચાર્ય તરીકે સંઘમાં જાહેર થાય.

આ અનન્ય-સાધારણ વિશેષતા જાતકની છે.

વળી આ જાતકને પૂર્વ-સંસ્કારોની વિશેષતાના આધારે **ધનસ્થાનનો** અધિપતિ સૂર્યને **લાભસ્થાનનો** અધિપતિ શુક્ર, તૃતીય-પરાક્રમસ્થાનનો અધિપતિ બુધ, તથા લગ્નસ્વામી ચંદ્ર આ બધાનો પુણ્ય-સહયોગ સાહજિક રીતે મળવાથી ધન-સંપદાની વગર-માંગ્યે પણ અનુકૂળતા ધાર્યા કરતાં પણ વધુ થઈ રહેવાનું ચોક્કસ સંભવ લાગે છે.

વધુમાં બારમા-**વ્યયસ્થાનનો** અધિપતિ **બુધ** શુભગ્રહ હોવાથી અને તે લગ્નાધિપતિની સાથે લગ્નમાં હોવાથી આપમેળે મળી આવતી ધનરાશિનો સદુપયોગ જાતકના હાથે થવાનું સ્પષ્ટ જણાય છે.

જ્યોતિષ-શાસ્ત્રના નિયમ પ્રમાણે કેન્દ્રમાં ચોથે રહેલો ગુરુ બારમા સ્થાનને સંપૂર્ણ-દૃષ્ટિથી જોઇ રહેલ છે, આ બાબત પણ મહત્વપૂર્ણ છે?

આના ફળ તરીકે જાતકની વૃત્તિ ધર્મ-ભાવનાથી રંગાયેલી અને મળેલ સામગ્રી મુક્ત-મનથી સદુપયોગની દિશામાં વાપરી જાણે.

વળી **માનચિન્તામણિ** અને **જાતકતત્વ** માં જણાવેલ ગ્રહોની ભાવગત બળાબળતા-વિચારને જોતાં મહત્વની વાત એ પણ જણાય છે કે—

"કોઈ પણ જાતકની કુંડળીમાં કેતુ ત્રીજે, છઠ્ઠે કે અગિયારમે હોય તો જાતકની ધર્મ-ભાવનાને સક્રિય બનવામાં અથવા શાસન-હિતકર પ્રવૃત્તિઓને અમલી બનાવવામાં આવનારા વિઘ્નો-અંતરાયો-જાતકની પુણ્યસંપદાના આધારે હઠાવવામાં સહયોગી બને છે."

છેલ્લે છેલ્લે આ જાતકની અપ્રતિહત આત્મશક્તિનો પરિચય આપનારી બાબત એ છે કે—

આધ્યાત્મિક-શુદ્ધિ એટલે અંતરંગ-સદ્વિચારોના ઘડતર માટે જરૂરી બળ પૂરનાર શનિ જાતકની કુંડળીમાં લગ્નથી સાતમે હોવા છતાં વિશિષ્ટ-ગણિતના આધારે ચલિત થઇને આઠમા સ્થાને પોતાની કુંભ-રાશિમાં આવે છે.

તે ગણિતજ્ઞોની માર્મિક-ધીષણાના આધારે મહાયોગાવતારી જાતક બને, એવી ધારણા ઉપજાવે છે.

"આના પરિણામે જાતક સ્વયં આચાર-સંપન્ન બનવા સાથે જગતના અનેક અજ્ઞાનમૂઢ પ્રાણીઓને સન્માર્ગનિષ્ઠ બનવાની સફળ પ્રેરણા માર્ગદર્શન આપનાર ધર્મધુરંધર-મહાપુરૂષ બને."

આ ઉપરાંત આ જાતકની **કુંભરાશિના શનિના** અંશાત્મક મેળવાયેલ વિશિષ્ટ-અસરના કારણે મનોભૂમિકા એટલી પ્રબળ અને સુદૃઢ-સંકલ્પવાળી બનવા સંભવ છે કે—

તેઓના પુણ્ય-કાર્યોમાં અવરોધ ઊભો કરનારા તેજોદ્વેષી ઊભી કરાતી જોખમભરી સ્થિતિમાં પણ આત્મસાધના સંયમનિષ્ઠ અને આત્મશક્તિના બંધારણ પર મુસ્તાક રહી શાસન-નિષ્ઠાને વફાદાર બની રહેવા પ્રયત્ન સતતપણે જારી રહે"

વધુમાં આ જાતકની કુંડલીમાં નવમા સ્થાને રહેલ રાહુ ઉપર તૃતીય **પરાક્રમસ્થાનમાં** રહેલ વિશિષ્ટ-કોટિનો હેતુ સંપૂર્ણ-દૃષ્ટિથી એવું બળ આપી રહેલ છે કે—

"જાતક આખી જિંદગી જે આત્મશુદ્ધિના પંથે જાતભોગ આપી વિશિષ્ટ સાધના કરી તેને અનુરુપ દેહત્યાગ કરવાના લગભગ સમયે આત્મશુદ્ધિના પ્રધાન-લક્ષ્યને નજર સામે રાખી શરીર, શિષ્ય સમુદાય અને ભક્તવર્ગ પ્રત્યે પણ ઉપેક્ષા કેળવી માત્ર આત્મસાધના ચિત્ત-સમાધિના બંધારણને જાળવી શરીર છોડવાના પ્રયત્નમાં સફળ બની શકે."

આવા સંસારના મોહમૂઢ-જીવોને સત્પંથે ચઢાવનાર મહાપુરુષોની પ્રકૃષ્ટ-આત્મશક્તિ આગળ ગ્રહોનું યથાસ્થિત ફળદાયકત્વ જણાવવા માટે ગમે તેવા ધુરંધર-શાસ્ત્રજ્ઞની પણ કુશાગ્રબુદ્ધિ અસમર્થ બની રહે.

પરમાત્માના અંશાવતારી જેવા મહાપુરુષો જગતના કલ્યાણાર્થે સમયે-સમયે ઉદ્ભવતા હોય છે, તેમાંના વિશિષ્ટ-મહાપુરુષરૂપ આ જાતકની યથાશક્ય-વિશિષ્ટતા અલ્પમતિ-અનુસાર જણાવવા તુચ્છ પ્રયત્ન કર્યો છે.

વધુ તો પરમાત્માની અકળ-અગોચર-લીલાને જાણવાની શક્તિ પામર-માનવીમાં કયાંથી હોય ? તેથી હાર્દિક-વંદનાંજલિ રજુ કરવા સાથે આવા ઉત્તમકોટિના મહાપુરુષની જીવન શક્તિઓને અભિનંદન આપવાપૂર્વક ધન્યતા અનુભવું છું."

આ રીતે સ્થાનિક પંડિતજીએ સૂચવેલ અલૌકિક-સૌભાગ્યશાળી-બાલકના અદ્ભુત ફળાદેશને વાંચી **મગનભાઇ** શાસનની વર્તમાન સ્થિતિના ઊકેલરૂપે પોતાના સંતાનનો ભાગ્યોદય પરિણમશે, એ વિચારણાએ રોમાંચિત બની શાસનદેવ પ્રતિ હાર્દિક પ્રાર્થના કરી કે " આવા વિશિષ્ટ મહાપુરુષના ઘડતર માટે જરૂરી સામગ્રી મેળવી શકું ! એવું બળ મને પ્રાપ્ત થાય."

છેવટે સત્તાવીશ નવકાર અને અગીયાર **उवसग्गहरं** ગણી ખૂબ જ પ્રમોદભર્યા-હૈયે સામાયિકની ઓરડીમાંથી બહાર આવી જમવાનો સમય થયો છતાં કદી નહીં અને આજે **મગનભાઈ** અત્યારે સામાયિકની ઓરડીમાં કઈ વિશિષ્ટ ધર્મભાવનામાં આરૂઢ થયા છે ? એ જાતની કુટુંબીઓની અજ્ઞતયી વચ્ચે સૌ કુટુંબીઓને બાળકના ભાવીના એંધાણરૂપ મહત્ત્વની કેટલીક બાબતો જણાવી સૌને પ્રસન્ન કર્યા.

卐



પ્રકરણ ૭

ચરિત્રનાયકશ્રીનો ધાર્મિક ઉછેર અને શૈશવકાળ

ધર્મનિષ્ઠ **મગનભાઈ** અને સંસ્કાર-સંપન્ન **જમનાબહેનની** સુયોગ્ય-દેખરેખ નીચે ચરિત્રનાયકશ્રીનું વ્યાવહારિક રીતે યોગ્ય-લાલન થવા સાથે ધાર્મિક-સંસ્કારોનું બીજારોપણ પણ યોગ્ય રીતે થવા લાગ્યું.

જમનાબહેન સવારે બાળકને ખોળામાં રાખી શ્રીનમસ્કાર-મહામંત્ર અને ચોવીશ તીર્થંકરોનાં નામ તથા **શ્રી ગૌતમસ્વામીજી** આદિ પુણ્યશાળી મહાપુરુષો તેમજ **સ્થૂલભદ્ર, જંબૂસ્વામી, વિજયશેઠ, ધન્ના-શાલિભદ્ર** આદિ ઉત્કૃષ્ટ-આત્મબળવાળા આદર્શ-પુરુષોના અવારનવાર નામ સંભળાવતાં.

ન્હવડાયા-ધોવડાયા પછી શુદ્ધ વસ્ત્ર પહેરાવી દેહરાસરે લઈ જઈ પ્રભુજીને જે-જે કરાવતા, ઘંટ, ચામર, ધૂપ આદિ દ્વારા બાળકના ચિત્તને પ્રસન્ન કરી પ્રભુ-ભક્તિનું લક્ષ્ય સ્થિર કરવા પ્રયત્ન કરતા.

ઉપાશ્રયે પૂજ્ય-મહારાજશ્રી પાસે લઈ જઈ વંદનની ક્રિયા, વાસક્ષેપ વિગેરેથી ત્યાગ-ભાવના બહુમાનની પ્રક્રિયાને સક્રિય બનાવતા.

મગનભાઈ પણ અવસરે પૂજનમાં સાથે લઇ જઈ વિશિષ્ટ રીતે સંસ્કારોનું સિંચન કરવાના ધ્યેયથી જમણા અંગૂઠે પૂજા આદિ કરાવતા.

પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મથી બે વર્ષ પહેલાં જન્મેલ **મણિલાલની** બાલ્યકાળની વિશિષ્ટ પ્રવૃત્તિઓ પૂ. ચરિત્રનાયકશ્રીના જીવન-ઘડતરમાં ખૂબ જ સહયોગી બની રહેતી.

જમનાબહેન તથા સ્વજન-સંબંધીઓ ગુલાબની કળી જેવા માસૂમ પ્રસન્ન-ચહેરાવાળા બંને બાળકોને લડવા-ઝઘડવાની વૃત્તિના બદલે પૂર્વજન્મના (કો'ક) વિશિષ્ટ-સંસ્કારોના બળે **અશ્વિનીકુમાર** (દેવ-વૈદ્ય)ની જોડીની જેમ વિવિધ આનંદજનક-બાળચેષ્ટાઓ તથા માતા-પિતાની વિશિષ્ટ ધર્મક્રિયાઓમાં સાહજિક બાલસુલભ-ક્રીડારૂપે પણ પ્રવૃત્તિથી ખૂબ જ આનંદિત બનતા.

કાળની વણથંભી ગતિના આધારે **મણિલાલ** ઘરમાંથી આંગણામાં જવાની ક્ષમતા મેળવી શકયા, તે વખતે **પૂ. ચરિત્રનાયકશ્રી** ઘોડિયા-પારણામાંથી ઘૂંટણભેર ઘરમાં અને માતાના ખોળામાં આવવાની ક્ષમતા મેળવી રહ્યા હતા, આ વખતે ચરિત્રનાયકશ્રી પોતાની જ્ઞાનેંદ્રિયોની પ્રવૃત્તિનો પ્રારંભ દેવ, ગુરૂ અને ધર્મના સાધનો દ્વારા કરી રહ્યા હતા.

મણિલાલ પણ કુદરતી- નેહાનુબંધથી દોરવાઈ નાના ભાઇ તરીકે નહિં પણ જાણે કો'ક વિશિષ્ટ-વ્યક્તિ સાથે અનુકૂલતાવાર્યા વ્યવહારનું સ્થાપન અણસમજભરી અવસ્થામાં પણ કરી શકયા, તે પણ ચરિત્રનાયકશ્રીના મહત્તાને આભારી જણાય છે.

ધીમે ધીમે ચરિત્રનાયકશ્રીની વયોવૃદ્ધિ સઘળા-સ્વજનોને પરમ-પ્રમોદનું કારણ બની રહી હતી.

વ્યાવહારિક રીતે પણ ચરિત્રનાયકશ્રીનું ગૌરવદન અને તેજસ્વી છતાં મનોહર આંખો સૌના હૈયાને પોતાના તરફ વાળવા સમર્થ બનતા. તેમ છતાં ચરિત્રનાયકશ્રીની આંખો પાછળ ઝબકતી પૂર્વજન્મની આરાધના દ્વારા કેળવાયેલ વિશિષ્ટ-આત્મશક્તિનાં દર્શન વિવેકી-સજ્જનોને થયા વગર રહેતા નહિં.

કાળક્રમે **બાળક હેમચંદ** ઘૂંટણભેર ઘરમાંથી આંગણા તરફ વધી શકયા, હવે **બાળક હેમચંદ** ઘરની દહેલી ઓળંગી બહાર પગ મૂકતો થયો, બારણાને ઓળંગતાંની સાથે જ **હેમચંદ**ની દૃષ્ટિ આસપાસમાં રહેલા મંદિરોનાં સ્વર્ણકલશો, ધ્વજદંડ અને તેની સાથે મંદ મંદ પવનની પ્રેરણાથી મધુર-સુમધુ ધ્વનિ કરતી ઘંટડીઓ ઉપર પડતી, તે ઘણી વાર જોઈ તે સંબંધમાં જાણે કાંઈ પૂર્વસ્મરણ ન કરતો હોય ? તેમ લાગતો.

જેમ જેમ ઘર-બહાર નિકળવાની તક મળતી ત્યારે **મણિલાલ** અને **હેમચંદ** બંને બહાર રમવા નિકળી પડતા, પણ એ રમવાનું સ્થળ બીજે કયાંય ન હોતું માત્ર દહેરાસર એ જ એમના રમવાનું કેન્દ્ર, સવાર હોય કે સાંજ! ઘરના કામમાં **જમનાબહેન** વળગે અને બંને ભાઈઓ દહેરાસરના આંગણાએ પહોંચે. ત્યાં દીવાલો ઉપર દોરાયેલા ફોટાઓ જુએ, ભગવાનની પ્રતિમાજી સામે બીજા શ્રાવકો જે વિવિધ પૂજા-ભક્તિ કરતા હોય તે તારક તાકી જોઇ રહે. અને હૈયાનો હર્ષોલ્લાસ અભિવ્યકત કરે.

મગનભાઈએ બંને બાળકોના માપનાં પૂજા-વસ્ત્રો તૈયાર કરાવી નાનકડા વાટવામાં

ચોખા, બદામ વગેરે ભરી ઉમંગપૂર્વક હાથમાં લેવડાવી પોતાની સાથે પૂજા કરાવવા લઈ જતા ત્યારે ઘણા અન્ય મા-બાપોને બાળકોના ધાર્મિક સંસ્કારોના ઘડતર માટે આદર્શ પ્રેરણા રૂપ બની રહેતા.

આ પ્રમાણે ઉપાશ્રયમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજ પાસે માતા-પિતાની સાથે ચરિત્ર-નાયકશ્રી મોટાભાઇની આંગળીએ ઉમંગભેર જઈ વિવિધ ચેષ્ટાઓથી અનેક રીતે પોતાની ભાવી-મહાપુરૂષ તરીકેની છાપ સમજુ-જનોના હૈયામાં ઉપસાવતા, શેરીમાં રમતા બંને ભાઇઓ નાના ગલુડિયાઓને ગરમત ખાતર પરેશાન કરતા ત્યારે ઉંમરના બીજા ભાઇબંધોને સમજાવી ગલુડિયાઓને તેની મા પાસે મુકાવડાવી દૂધ લાવી પીવડાવવાની પ્રવૃત્તિ કરી દુઃખી જીવો પ્રતિ હૈયામાં વસેલ કરૂણાભાવને અભિવ્યક્ત થવા દેતા.

મહોલ્લામાં ગોચરી માટે પધારેલ પૂ. સાધુ-સાધ્વી ભગવંતોને જોઇ બાલસુલભ-ચેષ્ટા-દ્વારા તેમજ કાલી-ઘેલી બોલી દ્વારા માતા-પિતાનું ધ્યાન ખેંચી વહોરાવવા માટે બોલાવી લાવવાની અજબ પ્રેરણા કરતા.

ઘરે પધારેલ પૂ. સાધુ-સાધ્વી ભગવંતોને ચરિત્રનાયકશ્રી મોટાભાઇના સહકારથી પોતાના હાથે વહોરાવવાની પ્રવૃત્તિ સફળ રીતે કરતા.

કોઇક પ્રસંગે પોતાના હાથે વહોરાવવાની પ્રવૃત્તિ તરફ કુટુંબીઓએ ઉપેક્ષા સેવી હોય તો રીસાળવા સ્વભાવની આસીયત પ્રકૃતિગત ન છતાં પણ તેનું પ્રદર્શન કરી સ્વજનોને વ્યવસ્થિત બોધપાઠ આપવાનો સાહજિક પ્રયત્ન થતો, કે જેથી બંને બાળકોના હાથે વહોરાવવાની મંગળ ક્રિયામાં કદી ઉપેક્ષા કરી ન શકતા.

આ પ્રમાણે મોટા-પર્વના દિવસોમાં તથા ઘરે સામાયિકની ઓરડીમાં અવારનવાર પિતાશ્રીએ લાવી આપેલ નાનો ચરવલો, નાની મુહપત્તી, નાનું કટાસણું લઈ પિતાશ્રીની સાથે બંને ભાઇઓ અણસમજ છતાં પણ કટાસણું પાથરી પિતાજીની જેમ સામાયિકની વિધિ અવ્યવસ્થિતપણે પણ કરી નાની નવકારવાળીથી શ્રી નવકાર-મહામંત્રનો જાપ કરતા.

કૌટુંબિક-રીતિએ પ્રતિષ્ઠિત જણાતા **ભગનભાઇને** ત્યાં તેજસ્વી મણિની જેમ ચમકતા **લલાટવાળો મણિલાલ** તથા જેનાથી બે વર્ષ નાના પૂ. ચરિત્ર નાયકશ્રી બીજની ચંદ્રકલાની જેમ પ્રતિદિન માતાપિતાના આનંદની વૃદ્ધિની સાથે આદર્શ લાલન-પાલનની પ્રક્રિયાથી સુવ્યવસ્થિત-પણે શારીરિક સુંદરતા અને અંગ-સૌષ્ઠવને પામી રહ્યા હતા.

માતા-પિતાનું હૈયું આ બંનેની જોડી જોઇ અપાર આનંદની લાગણીથી સભર થઇ જતું, પૂર્વના પુણ્યને યોગે ભોગસામગ્રીની અનુકૂળતા છતાં ચરિત્રનાયકશ્રીના જન્મ પછી અણધારી રીતે વેપાર ધંધામાં, માન-પ્રતિષ્ઠામાં અને કૌટુંબિક-સમૃદ્ધિમાં થઇ રહેલ ઉલ્લેખનીય વધારો માત-પિતાને બાળક-**હેમચંદ્ર**ની વિશિષ્ટ પુણ્ય-પ્રતિભાનો સૂચક લાગતો.

બંને બાળકોનાં મુખ ચંદ્ર જેવા આહલાદક, નેત્રોને ઠારનાર, હૈયાને હરખાવનાર, અંતરમાં આનંદ પમાડનાર અને મનને મોહ પમાડનાર હતા. તેમાં પણ બાળક **હેમચંદ** ક્રીડા–વિનોદ કરતાં કરતાં કયારેક ગંભીર બની ઈ જોનારને ઘડીભર ચિંતનાત્મક પોતાની દિવ્ય મુદ્રાથી એવો ભાસ ઉભો કરતો કે જાણે પૂર્વ–જન્મનો કોંક યોગભ્રષ્ટ તપસ્વી પોતાની અધુરી–સાધના પૂરી કરવાના બહાને અવતર્યો છે અને જગતના દુઃખી–જીવોના કલ્યાણાર્થે કંઈક ગંભીર યોજનાઓ વિચારી રહ્યો છે.

બાળક **હેમચંદ**નું હાસ્ય અને નયનતેજ ભલભલાને પ્રભાવિત કરનારું હતું. તેથી કામણગારા હેમચંદનું સુંદર મુખ જોઇ પાડોશીઓને પણ સહેજે રમાડવાની વૃત્તિ થઈ આવતી, પરિણામે પાડોશીઓ ઘરના કામકાજથી નિવૃત્ત થઇ **જમનાબહેનના** ઘરે આવી જાણે કાંક પરમનિધાન મેળવતા હોય તેવા ઉલ્લાસ સાથે બાળકને રમાડી જાતને ધન્ય માનતા. **જમનાબહેન** પણ બધાનો યોગ્ય આદર–સત્કાર કરવા પૂર્વક પોતાના બાળક પ્રતિ ઉમટતી તેઓની લાગણી ઓનું યોગ્ય અભિવાદન કરતા.

તપાવેલા સોનાની જેમ દેહની કંચનવર્ણી કાંતિ, નાની–નાની બંને ભુજાઓ, કોમળ–સુકોમલ આંગળીઓ, ભરાવદાર નાજુક પિંડીવાળા પગો, ચમકતી તેજસ્વી આંખો, સુંદર દેખાવડી નાસિકા અને રેશમ જેવા સુંવાળા વાંકડિયા કાળા વાળ આ બધું **હેમચંદના** કુદરતી–સુંદર અદ્‌ભુત સ્વરૂપને વધુ આકર્ષક બનાવતું હતું.

કયારેક બાળ–સ્વભાવ પ્રમાણે હેમચંદ છણુકો કરી—'बालानां रुदितं बलम्' ઉક્તિ પ્રમાણે રોવાની પ્રવૃત્તિ કરતો ત્યારે બાળકની સુભગતાથી મુગ્ધ બનેલ પાડોશની વહાલઘેલી બાઇઓ આવી જાત–જાતની મોહક વસ્તુઓ રજૂ કરી છાનો રાખવા પ્રયત્ન કરતી.

પરંતુ ઘણી વખતે તેમાં બાળકની આદર્શ–મનોવૃત્તિથી અપરિચિત પાડોશણોં સફળ ન થઈ શકતી. એટલે **જમનાબહેન** મદદે દોડી આવતાં અને કહેતાં,–"મારો લાડકવાયો સંસારી-તુચ્છ ચીજોના મોહમાં ફસાય તેવો નથી," એમ કરી બાળકને પોતાની પાસે લઇ પ્રભુભક્તિનું સ્તવન તેમજ શ્રાવકજીવનની સફળતાને સૂચક આદર્શ સજ્ઝાયની બે–ચાર કડીઓ સંભળાવે એટલે ટુંક સમયમાં બાળક પ્રસન્ન બની ખિલખિલાટ હસવા માંડતો.

આ પ્રસંગે **જમનાબહેન** કહેતા કે–"પારણામાં ઝુલતી અવસ્થામાં પણ ન જાણે કેમ આ બાળક કયારેક રડવાના અવસરે ઘુઘરા વિગેરેથી ખુશ ન થતો, પણ પ્રભુ–ભક્તિના આવા સ્તવનો સાંભળતાં જ પ્રસન્ન થઇ જતો, ત્યારની મારા લાડકવાયાની આ આસીયત થઈ ગઈ છે કે તેની રીસ ઉતારવા માટે પ્રભુભક્તિનાં ગીતો સંભળાવવા સિવાય બીજા કોઇ ઉપાયથી પ્રસન્ન થતો

નથી. અને આ રીતે ઘણી વખત કિલકારીઓ મારીને પણ આવાં ગીત સાંભળવાની તમન્ના વ્યક્ત કરતો હતો.”

આ રીતે એક બાજુ માતૃ–હૃદય બાળક–**હેમચંદની** વિવિધ–આલોચિત ધર્મચેષ્ટાઓ અને અને કાલી–ઘેલી શિશુકાલીન–પ્રવૃત્તિઓથી અનેરો આનંદ અનુભવતું અને બીજી બાજુ ધર્મના રંગમાં રંગાયેલું **મગનભાઈનું** હૈયું પોતાના ઘરમાં અવતરેલ પૂર્વજન્મની વિશિષ્ટ આરાધનાના બળે આત્મશક્તિના તેજને પ્રભુભક્તિ, ધર્મક્રિયા અને ઉદ્ધાત્ત–સંસ્કારોના વલણથી અભિવ્યક્ત કરનાર મહાપુરુષની બાલચેષ્ટાઓ જોઈ અનેરા થનગનાટથી સંકુલ થઈ જતું અને ભાવી ભવ્ય–ભાવનાઓનું ભવન ચણાતું રહેતું.



બાલ માનસનું ભવ્ય સંસ્કરણ

કુમળા ઝાડને વિશિષ્ટ રીતે યોગ્ય કેળવણી દ્વારા યોગ્ય રીતે રૂપ–રંગ–આકૃતિ આદિના વળાંકમાં વાળી શકાય છે. તેમ વ્યાવહારિક રીતે બાળમાનસની અવિકૃત–શુદ્ધ સ્વચ્છંદશાનો યથાયોગ્ય ખ્યાલ રાખી દેવ–ગુરૂ અને ધર્મના ભાવાત્મક સંસ્કારોને ઉપજાવનાર વિવિધ ઉદ્ધાત્ત–નિર્મળ ક્રિયાના આચરણોની વ્યવસ્થિત છાપ બાળકના કુમળા મસ્તિષ્ક ઉપર ઉપસાવવાથી વિશિષ્ટ જીવન શોધક સંસ્કારોનું સફળ ઘડતર સહજ– સુલભ બને છે.





પ્રકરણ ૮

વિદ્યાભ્યાસ



પૂર્વજન્મની ગુણ–સમૃદ્ધિ સાથે લઈ આવેલા આપણા ચરિત્રનાયક બાલ્યકાળથી જ પોતાના સદ્‌ગુણો અને વિનમ્રતાને લીધે સૌના પ્રીતિપાત્ર બનેલા હતા. કદી કલેશ–કંકાસ નહિ, ઝઘડો–ટંટો નહીં, કુદરતના નિયમાનુસાર બીજના ચંદ્રની જેમ પ્રતિદિન શરીરનો, ઇંદ્રિયોનો અને બુદ્ધિનો પણ વિકાસ થવા લાગ્યો. પ્રતિભા, વિનય, સૌજન્ય, સૌભાગ્ય વગેરે ગુણો પણ પ્રકટ થતા ગયા. પુણ્ય એવું નિર્મળ કે સમાન વયના બાળકો પણ ખૂબ ચાહના રાખે.

પૂર્વજન્મમાં કરેલી જ્ઞાનની આરાધનાના કારણે તેઓને ભણવા–ભણવાનો સહજ આદર, એટલે શાળામાં ભણતાં પહેલાં જ મોટાભાઇની સાથે માતા–પિતાદિના સહકારથી સહજ–વિનયથી તેમણે કેટલીક યોગ્યતા મેળવી લીધી. વગર ભણ્યે વૃદ્ધ જેવું ડહાપણ પ્રગટયું. વાત–વાતમાં પણ સૌને આશ્ચર્ય પમાડે તેવું બોલે, છતાં વિદ્યાભ્યાસ વગર ન ચાલે, એટલે યોગ્ય ઉંમરે નિશાળે બેસાડવાનું શુભ–મુહૂર્ત પૂછી શ્રી **મગનભાઈ**એ ગામઠી–નિશાળના ગુરૂજીને વિનંતિ કરી.

મહાસુદ પંચમ દિવસ વિદ્યા–પ્રાપ્તિ માટે બાલકોને ચંદ્રબળ આદિની દૃષ્ટિએ ઉત્તમ છે, એવું જ્યોતિષી દ્વારા જાણ્યા પછી તે દિવસે બાલક **હેમચંદને** નવડાવી–ધોવડાવી સારાં વસ્ત્ર પહેરાવી નાજુક–ઘાટવંતા કિંમતી ઘરેણાં પહેરાવી યોગ્ય સ્વજન–પરિવાર સાથે પ્રાથમિક–શિક્ષણ આપનારી નિશાળે બેસાડવા લઈ જવાની તૈયારી કરી કંકુનું તિલક કરી અને ચોખાથી વધાવી બાલકને લઈ **મગનભાઈ** સર્વપ્રથમ શ્રી **વાસુપૂજ્ય**–પ્રભુના પૈતૃક–દહેરાસરે લઈ ગયા અને ગહુંલી કરી બાલકના હાથે સવા રૂપીઓ ભંડારમાં નંખાવ્યો.

પછી ઉપાશ્રયે લઈ જઈ ગહુંલી કરી, ગુરૂવંદન કરાવી જ્ઞાન–પૂજા રોકડ–નાણાંથી કરી ગુરુ–મહારાજ પાસે વાસક્ષેપ નંખાવી મંગલિક સંભળાવવા વિનંતિ કરી.

ત્યાર બાદ મોહના સંસ્કારોને સજીવન કરનાર વ્યાવહારિક–શિક્ષણથી બાલકનું જીવન ભવિષ્યમાં વિષમ ન બને, તે શુભઆશયથી ગુરૂમહારાજના મુખથી સઘળા–આગમોના સારરૂપ **શ્રી નમસ્કાર–મહામંત્રનું** ઉચ્ચારણ બાલક પાસે કરાવડાવી જીવનની શક્તિઓના મંગલમય દ્વારને ખોલવાનો સત્‌પ્રયત્ન **મગનભાઈ**એ કર્યો.

પછી પ્રાથમિક-નિશાળે મહોત્સવ-પૂર્વક સ-પરિવાર બાલક-**હેમચંદને** લઈ **ભગનભાઈ** પહોંચ્યા,ત્યાં મુખ્ય-શિક્ષક અને અન્ય સહયોગી-શિક્ષકોના આદરમાન સાથે બાળકને યોગ્ય રીતે **બેસાડી સરસ્વતીદેવીના** ચિત્ર પર તાજા-ખીલેલા ગુલાબનો હાર ચડાવી ધૂપ-દીપ કરી શ્રીફળ **અને** રોકડ નાણું ભેટ ધર્યું.

પછી બાળક-**હેમચંદને સરસ્વતી**-માતાને પગે લગાડી તથા મુખ્ય-શિક્ષકને પગે લગાડી સહાધ્યાયીઓના બહુમાનરૂપે ગોળધાણા વહેંચાવડાવી બાળકના હાથે મુખ્ય-શિક્ષકને પાઘડી-શ્રીફળ અને રોકડ રકમ ભેટ આપી.

ત્યાર બાદ મુખ્યશિક્ષકે બાળક-**હેમચંદને** ચાંલ્લો કરી આશીર્વાદ આપ્યા.

પછી પાટી ઉપર એકડો લખી ઘુંટાવવાનો પ્રયત્ન હળવી રીતે શરૂ કરાવ્યો. **अल्पारम्भः क्षेमङ्करः** આ ઉક્તિ પ્રમાણે બાલમાનસને ઓળખી શકનારા શિક્ષકે તે દિવસનો કાર્યક્રમ પૂરો કરવાની તૈયારી કરી.

બાળકોમાં વિશિષ્ટ રીતે જ્ઞાનની સાથે સંસ્કારોનું ઘડતર સુયોગ્ય રીતે થઈ રહે, તે આશય ભારતીય-સંસ્કૃતિના પુરસ્કર્તાઓએ પ્રાથમિક-શિક્ષણની પદ્ધતિમાં અભિવ્યક્ત કરવાનો પ્રયાસ કર્યો છે, જેના પ્રતીકરૂપે પ્રાથમિક-શાળાઓમાંથી છૂટતા પહેલાં વિનોદાત્મક રીતે બાળ-વિસુલભ હળવી શૈલિમાં ધર્મશ્રદ્ધાનું સિંચન કરનારી આંક બોલાવવાની વિશિષ્ટ પદ્ધતિ અપનાવાતી હતી.

બાળક-**હેમચંદના** શાળા-પ્રવેશના નિમિત્તે વહેલી મળનારી રજાના આનંદને રોજના કાર્યક્રમ મુજબ છેલ્લે મનોરંજની હળવી પ્રક્રિયા રૂપ એકથી સો સુધીના આંક બોલવાની જુદી-જુદી પાટીઓ ઉમંગપૂર્વક સામુદાયિક બોલી વ્યક્ત કરવા માંડ્યા. [૧]

---

૧ કપડવંજના એક વયોવૃદ્ધ ભાઈ પાસેથી તે સમયની-સંસ્કારસભર એકથી સો સુધીના આંક બોલવાની વિવિધ પાટીઓમાંથી નીચે મુજબની છેલ્લી પાટ જાણવા મળી છે.-

"એકાણું એકાણું રામ, ગંગા વહુ ગોરાં,
બાણું બાણું રામ, હીરની દોરી,
ત્રાણું ત્રાણું રામ, પારણીએ પોઢ્યા,
ચોરાણું ચોરાણું રામ, ઠેકા દૈયા,
પંચાણું પંચાણું રામ, બાપના છૈયા,
છન્નું છન્નું રામ, નિશાળે બેસાડ્યા,
સત્તાણું સત્તાણું રામ, નિશાળે ઉઠાડ્યા,
અઠ્ઠાણું અઠ્ઠાણું રામ, ધંધે લાગ્યા
નવાણું નવાણું રામ, લક્ષ્મી કમાયા,
સોએ સોએ રામ, દસ હજારા."

આ પાટીમાં બાલસુલભ-શૈલીના હળવા શબ્દો પણ આર્ય સંસ્કૃતિના પાયાની વાતોનો આછો-પાતળો જીવન-રસ પૂરાયેલો સૂચવે છે.

ત્યાર પછી **મગનભાઈ એ** સઘળા છોકરાઓને વિવિધ મિઠાઇ તથા અભ્યાસયોગ્ય સાધનો મુક્ત–મનથી વહેંચી વિદ્યાર્થીઓના હૈયામાં વિદ્યાપ્રેમ સ્થિર કરવા પ્રયત્ન કર્યો.

ધીમે–ધીમે ચરિત્રનાયકશ્રી તે વખતના ધોરણ પ્રમાણે અપાતા જીવનોપયોગી તથા આદર્શ સંસ્કારોને ઉછેરવા જરૂરી માહિતીરૂપ ઘણી બાબતો અન્ય વિદ્યાર્થીઓ કરતાં વધુ ઝડપથી શીખવા માંડ્યા.

તે વખતની નિશાળોમાં સૌથી પહેલાં પાટી ઉપર બડીથી એકડો લખતાં શીખવતા અને તે પછી કક્કાવારી, આગળ ગયા પછી બારાખડી અને એકાથી ત્રીસ સુધીના આંક ભણાવવામાં આવતા.

વાંચવાની કળાના વિકાસ માટે સચિત્ર બાળપોથીઓ હતી, જેમાં મોટા અક્ષરથી વિવિધ વર્ણોની ઓળખાણ ચિત્ર સાથે આપવામાં આવતી.

સામાન્યથી પહેલા–ધોરણમાં પહેલી ચોપડી અગિયારી આંક, કંઇક લેખાં અને પલાખાં–મૌખિક–પ્રશ્નો પૂછવામાં આવતા.

બીજા–ધોરણમાં સાદું નામું, વ્યાજ અને વ્યાજના ઓખા, કાપી વ્યાજ એટલે કે વરસના છ દિવસ ઓછા લેખે મહિનાનો અડધો દિવસ કાપીને ગણાતું વ્યાજ, તોલના લેખા, બે–તાલા તોલ, પીસ્તાલા તોલ વિગેરે શિખવવામાં આવતાં.

તે સમયમાં ફીનું ધોરણ પણ જાણવા જેવું હતું.

દરરોજ રજાના સમયથી અર્ધા કલાક પહેલાં એક ઘંટડી વગાડવામાં આવતી અને કહેવાતું કે **'અખેત લેવા છૂટા છો'** એટલે બધા છોકરાઓ પોતાના દફ્તર ત્યાં જ રાખી પોતાના ઘરેથી શક્તિપ્રમાણે અનાજ લઈ આવતા, ઓછામાં ઓછું અર્ધો શેર અનાજ લાવતા.

આ ઉપરાંત એકડે એકાની સો આંક વિદ્યાર્થી પૂરા કરે ત્યારે ૧ રૂપીઓ અને પછી દર દસ આંકે એક રૂપીઓ લેવામાં આવતો.

અભ્યાસમાં સઘળા વિદ્યાર્થીઓને શિક્ષક યોગ્ય રીતે મીઠો, તીખો અને કડવો ઠપકો આપી આગળ વધારવાનો હાર્દિક પ્રયત્ન કરતા, તેમ છતાં ઉપેક્ષા ધરાવનાર વિદ્યાર્થીને નિશાળ છુટ્યા પછી પોતાના ઘરે સાથે લઈ જતા અને આપેલ અભ્યાસ સરખી રીતે કરાવરાવી ઘરે મોકલતા, જેનું કોઇ મહેનતાણું શિક્ષક કદી પણ માગતા નહિં પણ પોતાની ફરજ અદા કર્યાના સંતોષ સાથે વિદ્યાર્થીના હૈયામાં લાગણીનું રેખાચિત્ર ઊપસાવતા, નિશાળમાં શિક્ષક ગાદી પર બેસતા અને છોકરાઓ કંતાનના કોથળા ઉપર કે સણિયાની લાંબી પટી ઉપર બેસતા.

શિક્ષક વિદ્યાર્થીને ધ્યાનપૂર્વક ભણવાની વૃત્તિ ઉત્પન્ન કરાવવા પૂરતો અને રમતિયાળ સ્વભાવને કાબુમાં રાખવા બાલ–માનસને અનુરૂપ માત્ર દેખાવ પૂરતો ડર ઉત્પન્ન કરવા કોરડો–લાકડી પાસે રાખતા, પણ તેનો ઉપયોગ જવલ્લેજ થતો, નિષ્ઠાવાન–શિક્ષકો પોતાના હૈયામાં સ્થિર રહેલી,

કર્તવ્ય–જાગૃતિના બળે ઉપજતી હાર્દિક મમતા, પ્રેમાળ લાગણી અને મધુર ભાષાથી બાલ–માનસ ઉપર પ્રભુત્વ મેળવી સઘળા–નઘળા સૌ–વિદ્યાર્થીઓને વિદ્યાયાત્રામાં સફળતા પૂર્વક આગળ ધપાવી શકતા.

પાંચ વરસના આ અભ્યાસ–ક્રમને વ્યવસ્થિત–રીતિએ અનુસરમાં મુકનાર બાળકો પોતાના ભાવી વ્યાવહારિક–ક્ષેત્રમાં સફળતા પૂર્વક આર્થિક, નૈતિક અને સામાજિક ધોરણને જાળવી શકે તેવી ક્ષમતા મેળવી લેતા અને વિદ્યાર્થીઓ જિંદગીના છેડા સુધી મમતાભરી લાગણીથી જીવનના વ્યાવહારિક–ક્ષેત્રમાં યશસ્વીપણે ધપાવનાર શિક્ષાગુરૂનું હાર્દિક–બહુમાનની લાગણી વિસારતા નહિ અને પ્રસંગે–પ્રસંગે શિક્ષણ આપનાર વિદ્યાગુરૂનું યોગ્ય સન્માન કરવા ચુકતા નહિ.

આપણા **ચરિત્રનાયક** પણ આ રીતે ગામડી નિશાળમાં પગલા માંડી વિદ્યાર્જનમાં રસ પૂર્વક આગળ ધપવા માંડ્યા.

આ સાથે **મગનભાઈ** જીવન–નાવના સુકાન સમાન ધાર્મિક શિક્ષણની રોજ પૂરતી કાળજી રાખતા અને જીવનની પવિત્રતાની રક્ષા કરનારા સુસંસ્કારોનું સિંચન **જમનાબહેને** અવારનવાર વિવિધ રીતે કરતાં.

પરિણામે **ચરિત્રનાયકશ્રીએ** શાળામાં વિવેક, નમ્રતા અને ઉદ્યમની સાથોસાથ અભ્યાસમાં આગળ વધતાં જીવન–વિકાસમાં પણ પ્રશસ્ય વૃદ્ધિ મેળવવા માંડી.

ચરિત્રનાયકશ્રીની બુદ્ધિ તો કુશાગ્ર હતી જ, એટલે તેમણે થોડામાં ઘણું શીખી લેવાની હોંશિયારી અને કહ્યાગરો અને કામગરો સ્વભાવ આદિ વિકસિત આંતર્વૃત્તિઓથી શિક્ષકને પણ અતિ–પ્રિય થઈ પડ્યા.

સહુ તેમના પ્રત્યે શુભ લાગણી ધરાવવા લાગ્યા એક વખત શાળામાં શિક્ષકે વિદ્યાર્થીઓનું ધ્યાન દોર્યું કે "**સૂર્ય વિહોણો દિવસ અને ગણિત ભણ્યા સિવાયનો માનવ બંને સરખા છે.**" શિક્ષકની માર્મિક વાણી સાંભળી બાળક–**હેમચંદ**ના માનસમાં અજબ પલટો આવ્યો, ગણિત જેવા શુષ્ક વિષયને સરળતા પૂર્વક અપનાવી લેવા માંડ્યું.

આજ સુધી ઉપેક્ષિત બનેલો એ વિષય હવે ભણતરના મુખ્ય કેન્દ્રરૂપ બનાવીને તેનાં ઉંડાણમાં જવાનો ભગીરથ પ્રયત્ન આદર્યો, અઘરા દાખલા સૌ પ્રથમ ઉકેલવા માંડ્યા, આંટીઘુંટી–વાળી ગણિત–પ્રક્રિયાઓને પણ સહેલાઈથી સમજી અનેક વિદ્યાર્થીઓના આશ્વાસન રૂપ **ચરિત્રનાયકશ્રી** બની રહેવા લાગ્યા.

આ રીતે પોતાની અંતભરી મહેનત અને શિક્ષકોની માયાળુ લાગણી–બળે અલ્પસમયમાં પૂ. ચરિત્રનાયકશ્રીએ અન્ય વિદ્યાર્થીઓની અપેક્ષાએ વ્યાવહારિક શિક્ષણ સફળ રીતે મેળવી લીધું.

બાલક-**હેમચંદ**માં જ્ઞાનવૃદ્ધિની સાથે અંતરંગ વિશુદ્ધ-સંસ્કારોમાં પણ યોગ્ય વધારો થવા લાગ્યો, જેથી કે નિશાળમાં ભણવાની પ્રવૃત્તિ ઉપરાંત અવકાશના સમયે તોફાની છોકરાઓની વિષમ પ્રવૃત્તિઓમાં ભાગ ન લેતા, પરંતુ પોતાના અભ્યાસનું પુનરાવર્તન તથા નિર્દોષ રમત-ગમત દ્વારા સમય ગાળતા.

નિશાળમાંથી છૂટ્યા પછી પણ મોટાભાઇ **મણિલાલની** સાથે બીજા પણ પોતાના ભાઇબંધોને લઈ દહેરાસરે જઇ નાના પ્રકારની દર્શન-વંદનની ક્રિયાઓ કરી નવકારવાળી દ્વારા જીવન-શક્તિઓને વિકસિત કરવાની ક્રિયામાં અવ્યક્ત રીતે પણ પ્રવૃત્ત થતા.

આ રીતે કયારેક ઉપાશ્રયે જઇ પૂજ્ય મુનિ-મહારાજોને ભક્તિભરી વંદના કરી ગોચરી વહોરવા માટે પધારવા વિનંતિ કરતા, અગર બીજા કોઈ ચીંધેલા ધર્મકાર્યોમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેતા.

આ ઉપરાંત કયારેક પૂજ્ય મુનિમહારાજ પાસે કોઇક પ્રાસંગિક ધર્મચર્ચા ચાલતી હોય તો બાળક **હેમચંદ્ર** પોતાના ભાઇની સાથે ચૂપચાપ રસપૂર્વક સાંભળતા અને તેમાં કોઇક વાર ન સમજાય તો યાદ રાખી અવસરે ગુરૂ-મહારાજને અથવા બીજા મહારાજને પૂછી જિજ્ઞાસા સંતુષ્ટ કરતા.



બાલ્ય જીવનનું ઘડતર

મકાનના ચણતરમાં જેટલું મહત્વ પાયાનું છે, તેવું બલ્કે તેથી પણ વધુ મહત્ત્વ સંસ્કારી જીવનના વિકાસ માટે સુયોગ્ય રીતે બાલ્ય-જીવનનું શુભ આચરણો, ઉદાત્ત સંસ્કારો આદિથી ઘડતરનું છે.

મહાપુરૂષોને પૂર્વના પુણ્યબળે આવી અનુકૂળતા યથાયોગ્ય મળતી રહે છે.







પ્રકરણ ૯

બાલ્યજીવનની અદ્‌ભુત ઝાંખી

મહાપુરૂષો અવનિતલપર હંમેશાં પોતાના જીવન-દીપના ઓજસ્વી-પ્રકાશથી મોહગ્રસ્ત માનવોના પણ હૈયામાં અજવાળું પાથરતા હોય છે.

ભારતીય-સંસ્કૃતિની આ એક અદ્વિતીય મહત્તા છે કે— ૨ સદી-દોઢ સદીના ગાળે ધાર્મિક આધ્યાત્મિક અને નૈતિક બળની ચૈત્ય કેળવણીના દિવ્ય-પીયૂષનાં પાન કરાવનાર મહાપુરૂષ જગત સામે પ્રગટ થાય છે.

આપણા ચરિત્રનાયકશ્રી પણ આ રીતે પોતાની ભાવી અદ્વિતીય-મહત્તાના પુણ્યપ્રકાશને ફેલાવવાના પવિત્રતમ-પ્રકાશના અરૂણોદયની જેમ નાની અત્યંત નાની-બાલ્યવયમાં પણ અજબ કોટિની ધીરતા, સાહસિકતા, નિર્ભીકતા, ધાર્મિકતા, પરાર્થવૃત્તિતા, દુઃખીયાના દુઃખને દૂર કરવાની ખંતભરી પ્રવૃત્તિ આદિ પૂર્વજન્મની આરાધના-બળે કેળવીને લાવેલા સદ્‌ગુણોનો પ્રકાશ ફેલાવવા માંડેલ.

જો કે-પૂજ્ય ચરિત્રનાયકશ્રીના બાલ્યકાળની ઘટનાઓનો ક્રમિક-વ્યવસ્થિત સંદર્ભ પ્રયત્ન છતાં તે વખતના પ્રાચીન કોઈ ઉલ્લેખો કે વૃદ્ધ પુરૂષો ન મળવાથી મળી શકેલ નથી, તેમ છતાં વર્તમાન-કાલીન બાળજીવોના થોડા-ઘણા પુણ્યસંભાર-બળે ભાંગ્યા-તુટયા રૂપમાં અણસાર રૂપે મળેલ બે-ત્રણ ઉલ્લેખો મૌખિક સંભારણા અને ઘટનાઓના સંગ્રહસ્થાન રૂપ કૌટુમ્બિક પરંપરાઓની શ્રુતિમાંથી જડી આવ્યા છે.

સ્થાલી-પુલાક-ન્યાયે કે ખીચડીના દાણા પરથી સીઝવાની ક્રિયાના અનુમાને ઉચ્ચકોટિના

થવા સર્જાયેલ મહાપુરૂષના અનેરા–વ્યક્તિત્વને અજબ રીતે સચોટપણે ઓળખાવનાર આ પ્રસંગો હકીકતમાં પૂ. ચરિત્રનાયકશ્રીની અપૂર્વ–મહત્તાને સૂચવે છે.

કયારેક બાપુજી સાથે ફરવા જતાં અગર રાત્રે વાત નિકળતાં ઉપાશ્રયમાં સાંભળેલી વાતને ઊંડાણથી સમજવા જિજ્ઞાસાભરી રજુઆત કરતા.

મગનભાઇ પણ બાળકની ચાલુ જિજ્ઞાસાના બદલે આવી તાત્વિક અને ઊંડી સમજભરી વાતો જાણવાની ઉત્કંઠાથી ભાવિની કલ્પનાને નજર સામે રાખી બાળક સમજી શકે તેવી સ્પષ્ટ સમજણ આપતા.

માતુશ્રીની પાસે સંસારી–સંબંધીઓ મોહની ઘેલછાથી પરણવાની વાતો છેડતા, તો પૂર્વજન્મના શુભ–સંસ્કારોથી રંગાયેલા **હેમચંદભાઈ** છંછેડાઇ જઈ ઉગ્ર–વિરોધ કરતા અને જબ્બર પ્રતિકાર કરતા.

સહાધ્યાયી–વિદ્યાર્થીઓ સાથે નિર્દોષ રમત–ગમત કરવા છતાં અવસરે ધર્મ–ક્રિયાઓના સાહજિક–અનુરાગથી સહાધ્યાયીઓને પણ દેહરે–ઉપાશ્રયે પ્રેરણા કરી આવવાનું મન કરાવતા, તેમજ માતા–પિતા પાસેથી તથા વ્યાખ્યાનમાં કે રાત્રિના સમયે પૂ. મહારાજશ્રી પાસેથી સાંભળેલી મહાપુરુષોની નાની–મોટી ધર્મકથાઓ ટૂંકમાં પોતાની આગવી રસિલી–જોશીલી ભાષામાં રજુઆત કરી સહાધ્યાયીઓને ન્યાય, નીતિ, સદાચાર, ધર્મારાધન અને પ્રામાણિકતા આદિ ઉદાત્ત ગુણો મેળવવા પ્રેરણા આપતા.

આ રીતે વ્યાવહારિક–વિદ્યાભ્યાસ તથા અંતરંગ જીવન–ઘડતરની કેળવણી મેળવતા ચરિત્ર-નાયકશ્રી દસ વર્ષની વયે પહોંચ્યા તે વખતના પ્રામાણિકપણે જાણવા મળેલ બે પ્રસંગો નીચે મુજબ છે :–

૧ ગળાના દર્દનો પ્રસંગ—બાળક **હેમચંદને** નિશાળે બેસાડયા પછી પૂર્વજન્મની આરાધનાના બળે શરીર–સંપત્તિ સામાન્ય રીતે સારી હતી, કયારેક ગળ–ગુમડ કે નજીવાં–દર્દો દેખાતાં પણ ચાલુ–સામાન્ય ઉપચારોથી તુરત શમી જતા.

પરંતુ લગભગ નવથી દશ વર્ષના ગાળામાં **હેમચંદને** ગળામાં ડાબી બાજુ ઠાંક ગૂમડા જેવું થયું, શરૂઆતમાં સહન–શક્તિના આવેગથી થોડાક દિવસ કોઇને કશી વાત ન કરી, પણ એક દિવસ સવારે ઉઠતાં જ વેદના અસહ્ય બની અને દર્દે કાંઇક ઉગ્ર રૂપ લીધું, જેને લીધે શરીરમાં તાવ પણ ભરાણો.

જમનાબહેને ઘરગથ્થુ–ઉપચાર પ્રમાણે ઘઉંના લોટની પોટિશ બનાવી, સેક કરી, ગળે બાંધી દીધી, જેથી દર્દની ઉગ્રતા કાંઇક ઘટી, થયેલી ગાંઠ કઠણ હતી તે નરમ થઇ ગઇ, પરંતુ વેદનામાં ઘટાડો ન થયો, આસપાસના પાડોશીઓના કહેવા પ્રમાણે બીજા પણ વિવિધ ઉપચારો કર્યા.

આમ છ–સાત દિવસ થયા નિશાળે જવાનું પણ બંધ થયું. પરંતુ ઉપાશ્રયે સામાયિક માટે જવાની પ્રવૃત્તિ જોરદાર બની.

મગનભાઈ ધાર્મિક-પ્રવૃત્તિના વધુ હિમાયતી, હોઈ બાલકમાં આવી દર્દની વિષમ-સ્થિતિએ પણ સામાયિક કરવા માટેની તમન્નાથી અંતરંગ રીતે વધુ પ્રસન્ન થયા. દવા અને શારીરિક-દેખરેખનું કામ **જમનાબહેને** સ્વતઃ ઉપાડી લીધેલું હોઈ તે બાબતમાં **મગનભાઈ** વચ્ચે માથું ન મારતા.

એક વખત જમવા ટાણે ભગત તરીકે પ્રખ્યાત **મગનભાઈ** એ વ્યાખ્યાન પછી પણ દેવદર્શન અને સામાયિક આદિમાં ઘણું મોડું કરેલ હોઈ **જમનાબહેન** માનસિક રીતે કાંઈક અસ્વસ્થ થયેલ, તે દરમિયાન **હેમચંદભાઈ**ની ગળે લગાડવાની દવા તૈયાર કરેલી, પણ **હેમચંદભાઈ** 'બાપુજી હજી નથી આવ્યા તો દહેરામાં જઈ નવકારવાળી ગણું ?' એમ કરી ઘર સામેના **શ્રી અજીતનાથ-પ્રભુના** દહેરે નવકાર-મન્ત્રનો જાપ કરવા લાગ્યા.

આ વખતે ભગતની ધાર્મિક-પ્રવૃત્તિઓના અતિરેકને વિકૃત-રૂપે **જમનાબહેને** મગજમાં ગોઠવેલ, જેથી માનસિક-અસંતોષ ધુંધવાયો. અધૂરામાં પૂરું 'બાલક **હેમચંદ** પણ બાપના પગલે ભગત થતો જાય છે, એના ગળે લગાડવા દવા તૈયાર થઈ ગઈ છે, કોણ જાણે કયાં ગયો છે?' આદિ માનસિક ધુંધવામણમાં ભાન-ભૂલેલા **જમનાબહેને** "**ઓ હેમુ! ઓ હેમુ!**" એમ બૂમો પાડી અંતરના અસંતોષને અયોગ્ય રીતે વ્યક્ત કરવા પ્રયત્ન કર્યો.

માતૃભક્ત-**હેમચંદ** વાત્સલ્યભરી-માના મમતાના આવેશપણુને માન આપી વ્યાવહારિક રીતે જરૂરી-પ્રયોજન સિવાય માતા કદી આવી બેબાકળી ન થાય માટે કંઈ જરૂરી કામ હશે! એમ ધારી દહેરાસરમાંથી તુરત દોડતા ઘરે આવ્યા.

જમનાબેન ઓટલા ઉપર કપડાં સુકવતા હતા. **હેમચંદ** દોડતો ઘરે આવ્યો, એટલે **જમનાબેને** પણ ઘરમાં આવી **હેમચંદને** દવા માટે કયારથી રાહ જોવા બદલ ઠપકો આપતાં ભગતની ધાર્મિક-પ્રવૃત્તિના અતિરેક બદલ ધુંધવાતો પુણ્યપ્રકોપ તાંક એવી પળના કારણે કાલ-ઝાળ ગુસ્સારૂપે પરિણમ્યો.

જેથી બાળક **હેમચંદના** નાજુક ગાલ ઉપર જોરથી તમાચો મારી દીધો.

પરંતુ પુણ્યવાન-જીવોને અનિષ્ટ-પ્રક્રિયા પણ મંગળ રૂપે પરિણમે છે, તેથી **જમનાબહેનની** ગુસ્સા-ભરી પ્રવૃત્તિમાં મારેલ તમાચાથી બરાબર ગુમડા ઉપર એવી તીવ્ર અસર થઇ કે વિવિધ ઉપચારોથી પાકીને તૈયાર થયેલ પરૂ અને અશુદ્ધ લોહી વગેરેનો પિંડ ઝપાટાબંધ લોચા જેવું બહાર નીકળ્યું.

આવી ઉગ્ર-વેદના અને વિના અપરાધે જોરદાર તમાચો છતાં **ચરિત્રનાયકશ્રીએ** ઉદાત્ત-પ્રકૃતિના કારણે ઉંકારો પણ કર્યા વિના ધીરભાવે બધું સહન કર્યું.

હકીકતમાં ગુમડા પર કે પાકેલી જગ્યા ઉપર સામાન્ય રીતે અજાણતાં થઈ ગયેલ હાથનો સ્પર્શ પણ મહાપીડાકારક નિવડે, તો પછી ઈરાદાપૂર્વક સજ્જડ ધ્યેયથી આવેશમાં ભાનભૂલેલ દશામાં જોરદાર મારેલ તમાચો ભાવિયોગે દર્દનાક-જગ્યા ઉપર આવી રહે, ત્યારે કેટલી અસહ્ય પીડા થાય ?

ભલભલા ગજબનાક–સહનશક્તિવાળા મોટી–ઉંમરના માણસો પણ જે વખતે સહન–શક્તિની સીમા વટાવી, કષાય–ગુસ્સા–છણકા રૂપે પ્રબળ આવેશવશ બની જાય, તે પ્રસંગે પણ નાની–કુમળી વયે ચૂપચાપ વિના–અપરાધે થયેલ આકરી સજા–તે પણ ભયંકર પીડાજનક ગળા જેવી કોમળ જગ્યાએ થયેલ દર્દ ઉપર આઘાત રૂપે થાય, ત્યારે પોતાની ભૂલનો સ્વીકાર કરી માતૃહૃદયના અગાધ મમતા–વાત્સલ્યની મૂલવણીના આધારે જાતને કાબુમાં રાખવી અને ધીરજ ધરવી, એ ખરેખર ભાવીમાં મહાપુરૂષ થવાની પાત્રતાના પગરણ સક્રિય થવા રૂપની ઉદાત્ત–સાત્વિક ભૂમિકાનો પરિચય કરાવે છે.

આ રીતે આવેશવશ **જમનાબહેને** ભાવિયોગે અણધારી રીતે પાકી ગયેલ અસહ્ય–પીડાના સ્થાન રૂપ ગુમડા પર કરેલ આઘાતના પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રી અજબ–કોટિની સહનશીલતા, ધીરજ અને સ્વદોષ–દર્શનની લાગણીથી માતૃહૃદયના વાત્સલ્યની વિકૃતિને પણ સ્વનિમિત્તક ગણી ચૂપચાપ ગંભીર બની રહ્યા.

એટલે **જમનાબેન** તો "**હાલ રસોડામાં ! ગળે દવા લગાડી દઉં !**" એમ કહી આવેશ–મુક્ત દશામાં તુરત આવી જવાની પ્રક્રિયારૂપે રસોડામાં જઇ ઠરી ગયેલ દવાને ફરીથી સરખી રીતે હલાવી ગરમ કરવા લાગ્યા.

એટલામાં **મગનભાઈ** પણ આવી પહોંચ્યા અને બાળક **હેમચંદ** એક બાજુ ધીમા અશ્રુપાત સાથે ગળાના ગુમડામાંથી ધારાબદ્ધરૂપે વહી રહેલ લોહી–પરુ વગેરે અશુચિને કપડાથી લૂછી રહ્યા હતા.

મગનભાઈએ બાળક **હેમચંદના** આંખમાં આંસુ અને ગૂમડામાંથી વહી રહેલ અશુચિનો પ્રવાહ જોઈ, પૂર્વકાલીન ઘટનાનો કાંઇ ખ્યાલ ન હોઈ, એમ કલ્પના કરી કે "બાલકનું ગુમડું સ્વતઃ ફુટી ગયુ લાગે છે, અને તેની વેદના સહન ન થઇ શકવાથી **હેમચંદની** આંખમાંથી આંસુ નીકળી રહ્યાં છે, તેની બાને આ વાતની ખબર નથી લાગતી."

એટલે **મગનભાઈએ** રસોડામાં રહેલ **જમનાબહેનને** હાંક મારી કે—

"**હેમચંદનું** ગૂમડું પાકીને ફૂટી ગયું લાગે છે, લોહી–પરૂ વગેરે ખૂબ નીકળી રહ્યું છે! બાલક બોલી શકતું નથી, પણ આંખમાંથી વહેતા–આંસુ રૂપે વેદના વ્યક્ત થઈ રહી છે, તો લાવો રૂ અને ઉનું પાણી ! ઝટ ઝટ આવો ! આ બધું સાફ કરી દઉં ! રૂઝ લાવવાની દવા લગાડવી રહી, હવે બીજા ઉપચારની જરૂર નથી જણાતી."

જમનાબહેન રસોડામાં જ્યાં જ બાલક પર મમત્વ–વાત્સલ્યના કારણે આવેશમુક્ત લગભગ બની ગયેલ, ગૂમડાને પકવી ફોડનાર લેપ ફરીથી ગરમ કરી, તૈયાર કરવાની ખટપટમાં હતા, ત્યાં અચાનક **ભગતની** બૂમ અને ગૂમડું સ્વતઃ ફૂટી ગયાની તેમની વાત સાંભળી **જમનાબહેન** ચકિત થઈ સંભ્રમપૂર્વક દોડતા આવ્યા.

હેમચંદને જોતાં જ તેના ગાલ ઉપર તમાચાની અસર અને ભૂલમાં ગૂમડા ઉપર પોતાના હાથે આઘાત થઈ ગયો હોવાનું અનુમાન કરી પોતાની જ ભૂલથી માસુમ-બાલમાનસને ખરેખર મેં ખૂબ જ વ્યથિત કર્યું, તે બદલ **જમનાબહેન** શરમ-સંકોચ અનુભવવા લાગ્યાં.

બાળક-**હેમચંદ** પણ માતાની ભૂલની પ્રતિક્રિયા રૂપે ચહેરા કે દૃષ્ટિના વિકારોને ઉપજવા ન દઈ, સૌમ્યભાવે માતૃવદનને નિહાળી રહ્યા.

સામાન્ય-વાંકે આવેશવશ **જમનાબહેને** કરેલ પોતાની અઘટિત-પ્રવૃત્તિ બદલ મનમાં ખૂબ જ સમસમી રહ્યા, પણ સાથે જ બાલકની ધીરતા, ગંભીરતા, અજબ સહનશીલતા અને બાપા આગળ ફરિયાદ કરવા માટે ઊંકારો કે એક અક્ષર પણ ઉચ્ચારવાની પ્રવૃત્તિ નહીં, આ બધી બાબતોથી **જમનાબહેન** હકીકતમાં પોતાની કૂખે દિવ્ય-પ્રકૃતિ-સંપન્ન મહાપુરૂષ જન્મ્યા હોવાની વાતનો નિર્ણય મનોમન કરી ભાવી-મહાપુરુષની મક્કમતાને ધ્યાનમાં લઈ, બાલરૂપે પણ કોઈક પુણ્ય-પ્રકૃતિવાન સાત્વિક-મહાપુરૂષ તરીકે પોતાના બાળકને અભિનંદી રહ્યાં.

ચોગ્ય-ઉપચારથી તે ગૂમડાના અશુચિ-ભાગની શુદ્ધિ કરી, રૂઝ લાવનાર દવા લગાડી, **મગનભાઈએ** વ્યવસ્થિત પાટો બાંધી દીધો, અને બાલકની સ્વસ્થતા નિહાળી સંતોષ દાખવ્યો.

ટૂંક-સમયમાં તે દર્દ મૂળથી શાંત થઈ ગયું. રૂઝાઇ ગયેલ તે ઘાનું નિશાન પણ ગળા પર રહેવા ન પામ્યું.

આમ મહાપુરૂષની અદ્વિતીય પુણ્ય પ્રકૃતિના વિપાક રૂપે માતા તરફથી અનુચિત પગલું આવેશવશ તમાચા મારવાનું થયેલ છતાં ભયંકર ગુમડાના ત્રાસમાંથી છોડાવનારૂં બન્યું, આ એક મહાપુરૂષની અપૂર્વ મહત્તાનું સૂચક તત્ત્વ છે.

વળી મહાપુરૂષ તરીકેની વિશિષ્ટ-પાત્રતાની કેળવણીને પાયાના ધીરતા, સહનશીલતા, સ્વ-દોષદર્શન, વડીલો પ્રતિ આદર આદિ ગુણોની અદ્‌ભુત ગરિમાના દર્શન પણ આ પ્રસંગમાં થાય છે.

(૨) **સ્યુનિ. ના ફાનસનો પ્રસંગ** :- આવો જ એક બીજો પ્રસંગ લગભગ દશ વરસની વયે બનેલો વૃદ્ધ-જાણકાર અનુભવી-પુરુષો પાસેથી જાણવા મળેલ છે.

ભાઈ **મણિલાલ** અને બાળક **હેમચંદ** નિશાળેથી આવ્યા પછી સાંજના સમયે સરખે-સરખા ભાઇબંધ-દોસ્તો સાથે જાત-જાતની શારીરિક તથા બૌદ્ધિક શ્રમવાળી **પકડા-પાટી, ગેડી-દડો** તેમજ બીજી પણ અવનવી રમતો રમતા હતા.

તેમાં એક વખત એવું બન્યું કે—

પોતાનું ઘર જે પોળમાં હતું, તેના ત્રિભેટા ઉપર રાત્રે અંધારામાં જતા-આવતા લોકોને સગવડ મળી રહે તે માટે નગરપંચાયત તરફથી થાંભલા ઉપર ફાનસ મૂકેલ, જેમાં સાંજના સમયે રોજ માણસ આવી દીવો કરી જાય.

રમત દરમ્યાન હુંસા-તુંસીમાં ચઢેલ છોકરાઓ પરસ્પર દડો ફેંકી, હાથ પર ઝીલવાની રમત દરમ્યાન કોઁકના જોરદાર હાથના આઘાતથી ફેંકાયેલ દડો નગર-પંચાયતના પેલા ફાનસ સાથે અથડાયો. પરિણામે કાચના ભૂક્કા થઈ ગયા અને ફાનસનું લોખંડનું ચોકઠું વગેરે વેરવિખેર થઈ ગયું.

આ બનાવ બનતાં જ સઘળા બાળકો ભય-વિહ્વળ થઈ ગયા, કેમકે જાહેર-માર્ગની સલામતી અર્થે મૂકાયેલ ફાનસને થયેલ નુકસાનને આધારે સરકારી-માણસો પકડે, યોગ્ય સજા કરે આદિ ખ્યાલથી સહુ છોકરાઓ ઝટપટ કોઁક સરકારી પોલિસ આવી ચઢે તે ધાસ્તીથી આસપાસની ગલીઓમાં અને કેટલાક પોતાના ઘર તરફ નાસી છૂટયા.

બાલક **હેમચંદ** તો ત્યાં જ હતા, બાળકો બધા કયાં ગયા ? બાલક **હેમચંદ** એ વિચારમાં હતા કે—

"પોતે રમતનો દાવ લીધો ન હતો, દંડાને ફટકો માર્યો ન હતો, તેથી ફાનસ ફુટયું એ વાત સાચી ! છતાં પણ તેનો જવાબદાર હું તો નથી જ !" આમ વિચારમાં સહજભાવે ત્યાં ઉભા હતા.

એટલામાં પોલિસ દાદા-બાંકથી આવી ચઢયા અને પેલા ફાનસના ભૂક્કા થયેલા જોઇ સરકારી-તંત્રના કેટલાક મિજાજ-કર્મચારીઓની બાસિયતે પોલિસે બીજા કોઈને ત્યાં હાજર ન જોઇ **હેમચંદને** બાવડે પકડયો, અને તાડુકયા કે 'એય છોકરા ! આ ફાનસ તેં ફોડયું ? આવી બદમાશી કરે છે ?' એમ કહી દંડુકો ઉગામવા માંડયા.

ત્યાં સાહસિક-**હેમચંદે** નાની વયે પ્રથમ વાર જ પોલિસની આવી માથાભેર વર્તણુંક છતાં જરા પણ ગભરાયા વિના પોલિસનો ઉધડો લીધો, નિર્ભીકતાથી પડકાર ઠર્યો કે—

"શું છે ? શેની દાદાગીરી કરવા તૈયાર થયા છો ? તમે જોયું છે કે મેં આ ફાનસ ફોડયું છે ?" તમારી પાસે છે કાંઇ પૂરાવો ?'

બાલક છતાં પણ કોઁક જાણે ઓજસ્વી-પુરૂષ બોલતો હોય તેવી વજ્રનિર્ઘોષ જેવી ટંકારાત્મક-બોલીથી પોલિસ ડઘાઈ ગયો.

બાળકનો હાથ છોડી, દંડ ઉગામવાની તૈયારીને સંકેલી, મીઠાશથી બોલ્યો, 'ભાઇલા ! હું તો રસ્તેથી પસાર થતો હતો. મેં જોયું નથી, તે વાત સાચી, પણ આ ફાનસ હમણાં જ તુરતમાં ફુટયું જણાય છે, અને તું અહીં ઉભો છે, એટલે અંદાજથી તને પૂછયું.'

હેમચંદે કહ્યું કે—

'આંખે જોયા વગર કોઁના ઉપર આરોપ ચઢાવવો ઠીક નથી ! તમે તો ન્યાય-ખાતાના માણસ છો, પ્રજાના રક્ષણાર્થે ફરજ અદા કરવાને બદલે આમ દમદાટી વાપરો તે ઠીક નહીં.'

પોલિસે કહ્યું કે—'તારી એ વાત સાચી ! પણ કહે કે આ ફાનસ કેવી રીતે ફુટયું અને કોણે ફોડયું ?'

બાલક **હેમચંદ્ર** જરાય ગભરાયા વિના સ્પષ્ટપણે ધીરતા પૂર્વક કહ્યું કે—

'અમે અહીં આ પોળના અને આસપાસની બહકીના બાર–વીસ છોકરાઓ રમી રહ્યા હતા, તેમાં દડા–ફેંકની અમારી રમત ચાલુ હતી, બીજા છોકરાઓ દાવ આપી રહ્યા હતા, મારો દાવ હતો નહીં, એટલે દડો–ફેંકવાની પ્રક્રિયામાં જોરદાર ફટાકડા ફટાકડ લાગવાથી આ ફાનસ હાલમાં જ ફુટયું છે, તે હકીકત છે, પણ કોણે ફોડયું ? કોના હાથે ફુટયું ? તે મારી જાણ બહાર હોઈ હું કેમ કહી શકું કે કોણે તે ફોડયું ?'

એટલે પોલિસે કહ્યું–'એ બધા છોકરા ડરના માર્યા ભાગી ગયા તો તું કેમ નાસી ન ગયો?

બાલક હેમચંદ્રે નીડરતાથી કહ્યું–'મેં ફાનસ ફોડયું જ નથી, તો હું શા માટે નાસી જઉં ? મને શેનો ડર છે?'

બાલક–હેમચંદ્રની નીડરતા, સ્પષ્ટભાષિતા નિહાળી અંજાઈ ગયેલ પોલિસ કોઈ સાબિતી પૂરાવાના અભાવે 'અચ્છા! અચ્છા! શાબાશ! એમ કરી પોલિસ પોતાના રસ્તે પડયો અને પોલિસના ગયા પછી, ધીમે–ધીમે ફરી ભેગા થયેલા છોકરાઓ સાથે બાલક **હેમચંદ્ર** નિર્દોષ–રમત રમવા માંડયા.

બધા છોકરાઓએ પણ ગલીમાંથી, પોતાના ઘરના ઓટલેથી અને બારણા પાછળ સંતાઈને જોયું કે 'પોલિસદાદાએ **હેમચંદ્ર**ને પકડયો, દંડો ઉગામ્યો, તેમ છતાં નાની–વયના પણ **હેમચંદ્ર**માં ક્ષોભ પામ્યા વિના જડબાતોડ બોલવાની છટા અને પોલિસને પણ ઠંડોગાર કરી દેવાની ધીરજ વગેરે અદ્‌ભુત કોટિની હતી.'

તેથી રમવા માટે ભેગા થયેલા છોકરાઓ **હેમચંદ્ર**ની ગંભીરતા, ધીરતા અને સાહસિકતાના ભારોભાર વખાણ કરવા પૂર્વક પૂ. ચરિત્રનાયકશ્રીમાં કાંઇક અદ્‌ભુતતાના દર્શન કરી રહ્યા.+


આ પ્રસંગ પ્રભુ–મહાવીરના જીવનમાં આમલકી–ક્રીડાના પ્રસંગે પ્રભુની સાત્વિકતાની પરીક્ષા અર્થે **સૌધર્મેંદ્રની** પ્રશંસાથી છંછેડાયેલ દેવે ભયંકર–ભુજંગનું રૂપ ધારણ કરી છોકરાઓને બીવડાવવાનો કરેલ પ્રયત્ન અને ડરના માર્યા સૌ છોકરા ભાગી ગયેલા અને લઘુ–વયના પણ ધીર **વર્ધમાન** અડગપણે ત્યાં જ ઉભા રહેલ અને ધીરતા પૂર્વક ભયંકર તે સર્પને દોરડીની જેમ હાથથી ખેંચી એક બાજુ હડસેલી દેવાના શાસ્ત્રીય–પ્રસંગનો આભાસ ઉભો કરે છે.

આ રીતે મોટી ઉમરના લોકોમાં પણ પોલીસના નામે આકસ્મિક–ભયવૃત્તિનો થરથરાટ અનુભવાય, ત્યાં નાની–વયમાં પૂ. **ચરિત્રનાયકશ્રી** જરા પણ ક્ષોભ કે ધમકી ભર્યા પોલીસના વચનોથી ભય પામ્યા વિના નીડરપણે સત્ય હકીકતના સાચા પ્રતિપાદનની આગવી ધીરતા દાખવે, એ ખરેખર ભાવિ ધીર, ગંભીર, શાસનપ્રભાવક થવાની સુયોગ્ય–આસીયતના દર્શન રૂપ બાબત છે.

+ આ પ્રસંગનો ઉલ્લેખ શ્રી આગમોદ્ધારક–સ્તવ (શ્લોક સંખ્યા ૨૭) માં પણ મળે છે.

યો બૌ બાલ્યે ધૃતિમતિયુતો માર્ગદીપસ્ય મદ્ભુતે, નાભિવ્યેજે પુલિન્દ–સવિધે છદ્મતાં સત્યનિષ્ઠઃ !
ધર્માભ્યાસં વ્યવહૃતિકલાં દ્રાગ્ સમભ્યસ્ય ચિત્રં વાચાં પત્યુઃ પ્રતિ–લઘુતાં સ્વીય–બુદ્ધયા હિ વ્યધેજે ॥

△





પ્રકરણ-૧૦

બાલ્યકાળની વિશિષ્ટ ઝાંખી



વસ્તુ સ્થિતિના વિચારની દૃષ્ટિએ મહાપુરુષ-તરીકે થવાની યોગ્યતા ધરાવનાર બાળકોમાં સામાન્યથી અસાધારણ ગણાતા સદ્ગુણો વ્યવસ્થિત રીતે વિકાસોન્મુખ હોય છે.

મોરનાં ઈંડાંને કાંઈ ચીતરવાની જરૂર નથી હોતી ! સિંહના બચ્ચાને શૌર્ય-પરાક્રમનું શિક્ષણ આપવું નથી પડતું ! આ રીતે **ભગનભાઇ** જેવા વિવેકી, ધર્મચુસ્ત, ક્રિયાપાત્ર અને ધર્મલક્ષી જીવનના કારણે સાર્થક રીતે **ભગત** નામથી શોભતા શ્રાવક-રત્નની દેખરેખ અને તત્વ-નિષ્ઠાની સુમધુર છાયાતળે ઉછરી રહેલ પુણ્યપુરૂષ-**ચરિત્રનાયકશ્રી**માં ગયા ભવની આરાધના-બળે આત્મશુદ્ધિ અને શાસન-પ્રભાવનાને ઉપયોગી ઉદાત્ત-હિતકર ગુણોની સુયોગ્ય કેળવણી થવા પામે, તે સહજ છે.

કેમકે **ભગનભાઈ** દેવ-દુર્લભ શ્રાવક-જીવનની સંસ્કારિતાના ધોરણે નિરંતર ચકોર-દૃષ્ટિથી જ્ઞાત-અજ્ઞાતરૂપે પણ બાળકો પર પુરતી દેખરેખ રાખતા, જેથી બાળકોનો બાલ્યકાળ ભાવી સંસ્કારી-જીવનના પગથાર રૂપ બની રહે. શુભ-સંસ્કારનાં પાયાનું ઘડતર-ચણતર વ્યવસ્થિત-પણે થતું રહે, કદાગ્રહી, ધુની કે જિદ્દી સ્વભાવ દેખરેખ કે માર્ગદર્શનની વિકૃતિ રૂપે બાળકોમાં ઉપજે નહીં, કલ્પના અને ખોટી માન્યતાની ભૂમિકા ઉપર મિથ્યા-ભ્રમ, ભ્રાંતિ, કાયરપણું વગેરે જીવન-શક્તિના વિકાસનાં અવરોધક તત્વો પ્રસરે નહીં, અને જેવા-તેવા નૈતિક-ધોરણ-શૂન્ય અ-સદાચારી મિત્રોની પકડમાં ફસાય નહીં.

વળી કર્મશત્રુને પડકારી જેના મૂળ પાયા સમા મિથ્યાત્વ, અવિરતિ અને કષાયોને હંફાવી

સમૂળગા નષ્ટ કરનારી સર્વવિરતિના ધ્યેયને પોષક શ્રાવક-જીવનની આદર્શ કરણીઓને બાળકોમાં સંસ્કાર નાખવા રૂપે બાળ-સુલભ અવિધિ થવા છતાં પણ સ્વેચ્છાથી પ્રલોભનથી કે ધાકથી પણ સતતપણે ચાલુ રાખવાની **મંગનભાઈની** કુનેહભરી-વિવેકદૃષ્ટિથી **ચરિત્રનાયકશ્રીમાં** નાનપણથી જ ધર્મક્રિયાઓની રૂચિ વધુને વધુ કેળવાતી ગઇ.

પરિણામે જ્યારે-જ્યારે સમય મળે, ત્યારે ભાઇબંધોની પ્રેરણા રમવાની કે હરવા-ફરવાની હોવા છતાં મોટે ભાગે દહેરાસરમાં જઈ પ્રભુ સામે નવકારવા ગણવામાં, તેમ જ પ્રભુની વીતરાગ શાંતમુદ્રાને ધારી-તાકીને એકીટશે નિહાળવામાં ભાઇ **હેમચ**ંદને ખૂબ મજા આવતી. પૂર્વના પુણ્યયોગે આવી ધાર્મિક પ્રવૃત્તિઓમાં મોટાભાઈ **મણિલાલનો** પુણ્ય-સહયોગ મળી રહેતો.

આવી રીતે કયારેક બાપુજી સાથે દુકાન પર જતા તો ત્યાં કબુતરખાનામાં જુવાર નાખવાનું કામ વધુ પસંદ પડવાથી વગર પ્રેરણાએ પણ તે કામ ઉમંગપૂર્વક રોજ માટે ભાઇ **હેમચંદે** ઉપાડી લીધું.

આ પ્રમાણે દુકાને જતાં-આવતાં ગમે તે દીન-દુઃખીને ઘરેથી બાવાનું લાવી કે દુકાનેથી પૈસા લઇ બજારમાંથી સીંગ-ચણા વગેરે લાવી વહેંચવાનું **હેમચંદને** ખૂબ ગમતું, વધુમાં કયારેક મુકત-મનથી ક્ષુધાતુર-વ્યકિતઓને અવડાવી, ગાયોને ઘાસ નીરી, કૂતરા વગેરેને રોટલો નાંખી તે અતુલ આત્મ-સંતોષમાં રમતા.

કુળ-ક્રમ-પરંપરાથી ચૈતૃક-ધંધાના ક્ષેત્ર રૂપે મનાતા **હીરપ** ગામે બાપુજી સાથે કે ઓળખીતા ખેડૂતો સાથે મોટાભાઇ **મણિલાલને** લઇને જતા અને ગ્રામ્ય-જનોની મીઠી-મધુરી મહેમાનગીરી સ્વીકારતા.

વધુમાં પ્રાકૃતિક-સુષમાના મધુર દર્શન, કુદરતી ઝરણાં, નદી વગેરેની સુંદર બગોલો, કોતરો, વગેરેમાં નિર્ભીકપણે પગપાળા ફરવાનો આનંદ મેળવતા અને ઉભા-પાકથી સમૃદ્ધ-ખેતરોમાં પાકના રક્ષણાર્થે ઠેરઠેર ગોઠવેલા ચાંચીયા-પુરૂષો તેમજ ખેતરના ખૂણે કે વચ્ચે ઉભા કરાયેલ ઘાસના માંચડા પર બેસી ગોફણો દ્વારા પંખીને ઉડાડતા મથતા ખેડુતોને નિહાળી, ઘડી ભર બાલક-**હેમચંદ** અજ્ઞાત વિચાર-ક્ષેત્રમાં સરી જતા કે-

'સુંદર-તત્વોની સુરક્ષા માટે વિપરીત તત્વોનો પ્રતિકાર અને સુવ્યવસ્થિત સંઘ-રક્ષણ માટે હકીકતમાં ભગીરથ પ્રયત્નોની જરૂર છે,' જીવન માટે પણ આવું જ કાંઇક વિચારતાં બાલક **હેમચંદની** મુખ-મુદ્રા ખૂબ ગંભીર બની જતી.

મોટા ભાઈ **મણીલાલના** અડપલાં સાથે ઉચ્ચારાયેલા. 'અલ્યા **હેમચંદ**! શું આટલી બધી ઉંડાઈમાં ગરક થયો છે? હજી તો નાનો છે, તો શાના આવા ગંભીર વિચારો કરે છે?" આવાં વચનોથી **હેમચંદ**, વિચાર તન્દ્રામાંથી ઝબકીને જાગતા અને કયારેક બોલી ઉઠતા, કે "હેં



પ્રવર વાદી-વિજેતા-આગમજ્ઞ-ધુરંધર, તે વખતના શ્રમણ-સંઘના
અગ્રગણ્ય-ગીતાર્થોએ બહુમાનભર્યા-વિશેષણોથી અનેક
અલંકૃત પૂજ્યપાદ

મુનિ-શ્રેષ્ઠ શ્રી ઝવેરસાગરજી મહારાજ

(પૂ. ચરિત્ર-નાયકશ્રીના દીક્ષા-ગુરુ)

"गीतार्थसत्तमवराः जयवीर-सिंधु-
संज्ञाः सुवादकुशलाः गणिनः प्रसिद्धाः ।
वादे महेन्द्रपुरि त्रिस्तुतिका दयानं-
दारकाश्च यैरुदयपूर्नगरे निरस्ताः ॥"

—પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી-
પ્રણીત "વિશતિવિંશિકા"ની દીપિકા
વૃત્તિની પ્રશસ્તિમાંથી.

મણીલાલ ! આ જગતમાં જન્મીને શું કરવાનું ? આમ ને આમ કારમી મહેનત કરી આખી જિંદગી પૂરી કરી દેવાની ? બિચારાં આ પશુઓ !.....કાંઈ સમજણ કે વિવેક નથી, ઢસરડા કરીને મરી જાય છે, આ ખેડુતો પણ આમ જ કારમી વેઠ કરી રહ્યા છે ! આપણે શું કરવું ?" આવા વિચારો વારંવાર આવે છે.

નાના–બાળકની આવી અ ઈ–ગંભીર વાતો સાંભળી ઘડીભર આભો બની **મણીલાલ** પીઠ પંપાળી સાંત્વના આપતો કે–"ચાલ ! હમણાં એ બધું આપણે ઉપાશ્રય જઈ પૂ. મહારાજ સાહેબને પૂછીશું."

હેમચંદને એ વાત ગળે ઉતરતી, કે ઉપાશ્રયે જઈ પૂ. મહારાજશ્રી પાસે આ બાબત યોગ્ય માર્ગદર્શન મેળવવું જ !

એટલે બાલક **હેમચંદ્ર** નિશાળે જવાની વાર હોય કે રજા હોય, જ્યારે પણ સમય મળે, ત્યારે શેરીઓમાં રખડવાને બદલે મોટાભાઈ સાથે સીધો ઉપાશ્રયે પહોંચી જતો ! કયારેક એકલો પણ ઉપાશ્રયે જતો. ઉપાશ્રયમાં વ્યાખ્યાન ચાલતું હોય કે કોઈ ધર્મચર્ચા ચાલતી હોય તો તે ધ્યાનપૂર્વક સાંભળતો.

અવસર મેળવી નાના મ રાજ કે બીજા મહારાજને પૂછતો કે "મહારાજ ? ધર્મ કરીએ તેથી શું થાય ? આ જીવનમાં જન્મીને બરેબર શું કરવું ઘટે ? તમે આ સંસાર કેમ છોડયો ?...."વગેરે.

પછી પૂજ્ય મહારાજશ્રીની મધુર–મીઠી બાલ, સુલભ શૈલીમાં **મધુબિંદુ, છ–લેશ્યા, ધન્ના-શાલિભદ્રજી, જંબુસ્વામીજી, વજ્રસ્વામીજી, દશાર્ણભદ્ર** મહારાજા આદિ–મહાપુરૂષોના જીવન–વૃત્તાંતો સાંભળવાથી પોતાની તત્ત્વ–જિજ્ઞાસા તૃપ્ત કરતો અને મનમાં ગાંઠ વાળે જતો કે **"જીવનનો સારાંશ વ્યવહાર–કાળમાં જીવાતા જીવનમાં નથી, પણ મહાપુરૂષો જે રીતે જીવી ગયા અને આજે પણ ત્યાગી, તપસ્વી, સંયમી–મુનિઓ જે રીતે જીવન વીતાવે છે, તે રીતે જીવન જીવવામાં લાભ છે."**

આમ અવ્યક્તપણે પણ સાધુ–જીવન, ચારિત્ર–શુદ્ધ જીવન અને સંયમી–જીવન તરફ અંતરનું આકર્ષણ કેળવાતું ગયું.

ઘરમાં સામાયિકની ઓરડીમાં અવારનવાર બાપુજી સાથે વાસક્ષેપ–પૂજા અને નવકારવાળી ગણવા **હેમચંદ્ર** બેસતો. તેમાં એક દિવસ અચાનક **પૂ. ઝવેરસાગરજી** મ. ના નાનકડા ચિત્ર પર નજર પડી. પૂ. શ્રીની સુંદર પ્રતિભા અને ઓજસ્વી ચહેરાને જોઇ, આકર્ષાયેલો **હેમચંદ્ર** બાપુજીને પૂછવા લાગ્યો કે "બાપુજી, આ કયા મહારાજ છે ?"

ભગનભાઈએ ટૂંક પરિચય આપતાં કહ્યું કે "વર્તમાનકાળે શાસનમાં સિંહસમા પ્રખર વાદી–વિજેતા, આગમજ્ઞ–ધુરંધર પૂ. **ઝવેરસાગરજી** મ. છે. તેઓ આપણા ગુરુ છે! તેઓશ્રીની વરદ–કૃપાના પ્રતાપે જ ભયંકર સંસાર–દાવાનળમાં મીઠી–શીળી છાયા આ જિન શાસન–સુરતરુની આપણને મળી શકી છે. ભવ–ભયહરણ આ ગુરૂદેવના ચરણોમાં જેટલાં વંદન કરીએ, તેટલાં ઓછાં છે."

બાલક **હેમચંદ** આ સાંભળી કુદરતી જાણે પૂર્વ–ભવનો કાંઇ સંબંધ હોય, ઓળખતો હોય, તેમ એકીટશે ધારીને જોતો રહ્યો, અને પોતાના શિરછત્ર રૂપે મનોમન સ્વીકારી લઈ હાર્દિક–રીતે ભાવ–વિભોર બની રહ્યો.

પછી તો રોજ દહેરાસરે દર્શન પૂજન કરી ઉપાશ્રયે પૂ. ગુરૂ મહારાજને વંદન કરી, ઘરે આવી, સીધો સામાયિકની ઓરડીમાં બધા પ્રભુના ચિત્રોની બહુમાનપૂર્વક વાસક્ષેપ–પૂજા કરી ગુરુ **ગૌતમસ્વામીજી**ના ચિત્રને આદરપૂર્વક વંદન કરી **પૂ. ઝવેરસાગરજી** મ. ના ફોટાને ખૂબ ભાવોલ્લાસ સાથે બમાસમણ દઈ ઇચ્છકાર બોલવા સાથે સુખશાતા પૂછી અબ્ભુટ્ઠિઓ ના પાઠ સાથે નમ્રભાવે બમાવી હૈયામાં અવનવી પ્રેરણાનું બળ મેળવ્યાનો સંતોષ માનતો.

પર્વના દિવસોમાં બાપુજી સાથે એકાસણું, **આયંબિલ** કે ઉપવાસ કરી પૌષધ પણ કરવા જતો, જેમાં રાત્રિ–પૌષધમાં દંડાસણ આદિથી પૂંજવા–પ્રમાર્જવાની બાબત તેને ખૂબ સારી લાગતી. સંસારી–પ્રવૃત્તિઓમાં થતી અજયણા તરફ તેને ડંખ લાગવા માંડયો, પછી તો ઘરે પણ પૂંજણી, ફૂલઝાડુ, ઝીણી સાવરણી આદિનો ઉપયોગ યથાયોગ્ય કરી જયણાના આચરણથી **હેમચંદના** જીવનમાં અનેરી તૃપ્તિ થવા માંડી.

ધાર્મિક ક્રિયાઓમાં જરૂરી સૂત્રો, તથા તેની વિધિ વગેરે શ્રાવક–કુળમાં નાનપણથી ધર્મ–ક્રિયાના સંસ્કારોથી સ્વતઃ શીખાઈ જાય છે, તે મુજબ **હેમચંદના** જીવનમાં પણ બનેલ કે–સામાયિક, ચૈત્યવંદન–ગુરૂવંદન આદિ પ્રારંભિક વિધિઓ સૂત્ર સાથે ત્રણથી ચાર વર્ષની વયે ભણતાં–વાંચતાં આવડતું ન હતું, ત્યારે જ આવડી ગયેલ, આદર્શ શ્રાવક–શ્રાવિકા રૂપ મા–બાપના ધાર્મિક વલણથી બે પ્રતિક્રમણ, પૌષધ વિધિ, પૂજાવિધિ વગેરે ધાર્મિક જ્ઞાન આઠ વર્ષની વય થતાં સુધીમાં ઘરે–ઉપાશ્રયે બા–બાપુજી પાસે કે પૂજ્ય મહારાજશ્રી પાસે નિયમિત પાઠ લઈ ભાઇ **હેમચંદે** મેળવી લીધું.

આ ઉપરાંત **પંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, કર્મગ્રંથ, વૈરાગ્ય શતક, સિંદુરપ્રકર** આદિ વૈરાગ્ય–વાહી–ગ્રંથોનું અધ્યયન ચૌદ વર્ષની વય થવા દરમ્યાન પૂજ્ય પિતાજી પાસેથી, પૂ. મહારાજશ્રીના સંપર્કથી અને જાત મહેનતથી મેળવી લીધું.

એકંદર પૂ. **ચરિત્રનાયકશ્રીમાં** પૂર્વ–જન્મના શુભ–સંસ્કારોના બળે અદ્‌ભુત જીવન–શક્તિનો વહેતો જોરદાર પ્રવાહ, નાની વય છતાં મોટાઓની અદાથી વિવિધ ધર્મ–પ્રવૃત્તિઓ

કરવાનો ઉમંગ વડીલ બંધુ **મણિલાલને** પણ મંદ ગતિએ ચાલતા પોતાના જીવન પ્રવાહમાં કયારેક પૂરક બની રહેતો હોવાનો દિવ્ય અનુભવ થતો.

પરિણામે પૂ. **ચરિત્રનાયકશ્રીની** નાની વયમાં પણ આદર્શ રહેણી–કરણી તથા જીવન–સંસ્કારોની સક્રિયતાના બળે બીજા પણ ઘણા ધર્મપ્રેમી બાળકો મૂક પ્રેરણા મેળવતા.

વડીલ–બંધુ **મણિભાઈ ને** જીવનને લક્ષ્યગામી બનાવનાર **હેમચંદની** જીવનચર્યાથી એવું અલૌકિક દૃઢ વિચાર બળ મળી રહ્યું કે–સાંસ્કારિકતાના ધોરણે શરીર–વસ્ત્રની ખોટી ટાપટીપ, વેવલાઇ, આછકલાઈ, નકામા ફરવા–ફરવાના કે ખાવા–પીવાના શોખ અને અનુચિત દુર્વ્યસનોમાંથી પોતાની જાતને સફળપણે બચાવી શકયા.

આ રીતે જ્યેષ્ઠ–**મણિભાઇના** સહકાર અને પોતાની પૂર્વભવની આરાધનાના બળે પૂ. **ચરિત્રનાયકશ્રી** જે વયમાં સંસર્ગ–દોષ, યોગ્ય કેળવણીની ખામી અને વિકૃત વાતાવરણ આદિથી બાળકોનું કુમળું જીવન વિકૃત બને, તે વયમાં સાંસ્કૃતિક–પરંપરા મુજબ, આધ્યાત્મિક–સંસ્કારોનું ઘડતર અને નૈતિક જીવન–મૂલ્યોનું સક્રિય–જીવંત સ્વરૂપ આદર્શ જીવન–પ્રક્રિયા દ્વારા મેળવી રહ્યા હતા.

卐




શિક્ષણ અને કેળવણી

બાળકને પુસ્તકો દ્વારા મળતા શિક્ષણ કરતાં વાતાવરણ અને માતા–પિતાની દેખરેખમાંથી સાહજિક કે વિશિષ્ટ રૂપે મળતી પ્રેરણાઓ જીવનને યોગ્ય સ્વરૂપમાં કેળવવા ઉપયોગી થાય છે.

તેથી વિવેકી મા–બાપોએ શિક્ષણ કરતાં સંસ્કારોના ઘડતર માટે પૂરતું ધ્યાન આપવું જોઈએ.










પ્રકરણ-૧૧

પૂ. ચરિત્રનાયકશ્રીના સંયમ-પ્રેમનું ઘડતર



પૂ. ઝવેરસાગરજી મ. જેવા વિદ્વાન, આગમજ્ઞાતા, શાસન પ્રભાવક, સમર્થ-વ્યાખ્યાતાના સંપર્કથી સુયોગ્ય રીતે તત્ત્વદૃષ્ટિ અને શાસનાનુરાગની મૌલિક-કેળવણીને પામેલા **મગનભાઈ** પૂર્વ-જન્મની નિર્મળ આરાધના વડે બાલ્યકાળથી જ સંસારની વાસનાઓને અનિષ્ટતમ સમજી વૈરાગ્યના ઉદાત્ત પંથે જવા તમન્ના મેળવી શકયા હતા.

પરિણામે પૂ. **ઝવેરસાગરજી મ.** ની પ્રબળ-વૈરાગ્ય-પોષક જોશીલી વાણીથી અજ્ઞાતરૂપે[1] નાશી જઈ ને પણ સંયમના પંથે ચઢી જવાના મનોરથો બાલ્યકાળમાં સેવેલા, પણ સંસ્કારોની વિષમતાને લીધે માતા-પિતાએ સગપણ તુરતમાં કરવાની તૈયારી કરેલ તો સગપણ કરવા આવેલ સ્વજન-સંબંધીઓને **મગનભાઈ** સગપણનું શ્રીફળ લેવા સાથે સ્પષ્ટપણે ચેતવતા કે "**હું તુરતમાં દીક્ષા લેવાનો છું.**"*

---

૧ જનશ્રુતિ અને મોઢે ચાલી આવતી વૃદ્ધ-પુરુષોની વાતો પ્રમાણે તુરતા સમર્થન-વગરની પણ એક વાત આ પ્રસંગે **મગનભાઈના** હૈયાને પારખવા ઉપયોગી ધારી રજુ કરાય છે, કે-

"**મગનભાઇએ** પ્રબળ-પુરુષાર્થ કરવાના ઉત્સાહમાં પરણ્યા પછી પોતાના વચનાનુસાર ભાગી જઇને સંયમ સ્વીકારેલ, પણ શ્વસુર-પક્ષ અને બીજા સંબંધીઓની ઉગ્ર-ધમાલ આદિથી ન છૂટકે પરાણે ઘરે પાછા આવવું પડેલ."

આ પ્રસંગ **મગનભાઈના** હૈયામાં સંયમ-ધર્મનો તીવ્ર-રાગ સૂચવે છે.

સુજ્ઞ આપ્ત-પુરુષો પાસે સંગૃહીત **પૂ. ચરિત્રનાયકશ્રીના** જીવનની મહત્વની કડીઓમાં સ્થાન ન હોવાથી આ પ્રસંગને પાકું સમર્થન મળતું નથી. તેમ છતાં આ પ્રસંગ બનવાનો શકયતા હોવાથી કદાચ જ્ઞાનીની દૃષ્ટિએ બન્યો હોય તો **મગનભાઇની** સુદૃઢ-સાત્વિકતાનો સૂચક છે, તેથી વિશ્વાસપાત્ર નહીં છતાં પણ આ પ્રસંગ ટીપ્પણમાં નોંધ્યો છે.

* આ સંબંધી વિસ્તારથી હકીકત ખંડ-૨ પ્રકરણ-૨ (પૃષ્ઠ ૧૨૩થી ૧૨૫) માં જણાવાઈ છે.

श्री
वर्धमान-स्वामिने नमः



આગમસમ્રાટ્ આગમદિવાકર બહુશ્રુતશિરોમણિ
શ્રીજૈનઆગમમંદિરસંસ્થાપક આગમિક-વ્યાખ્યાકુશળ
શ્રમણસંઘને આગમિક-અભ્યાસ સુગમ કરનાર
છેલ્લા પંદર દિવસ સુધી અર્ધપદ્માસને
રહી શરીર વોસિરાવનાર
ધ્યાનસ્થ-સ્વર્ગત

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીનું

જી...વ...ન...ચ....રિ....ત્ર....

– ખંડ ૨ :–
(ઉત્તરાર્ધ)

પૂ. આગમોદ્ધારકશ્રી

જી....વ....ન....ચ....રિ...ત્ર ...

ખંડ–૨

(ઉત્તરાર્ધ)

વિ....ષ....યા....નુ....ક્ર....મ

[પ્રકરણ ૧૧ થી ૧૭]

પ્રકરણ	નામ	પાનું
૧૧	પૂ. ચરિત્રનાયકશ્રીના સંયમ–પ્રેમનું ઘડતર	૨૩૬ થી ૨૪૨
૧૨	પૂ. ચરિત્રનાયકશ્રીના વૈરાગ્યોત્પત્તિના કારણો	૨૪૩ થી ૨૫૧
૧૩	પૂ. ચરિત્રનાયકશ્રીના વૈરાગ્યની કસોટી	૨૫૨ થી ૨૫૬
૧૪	પૂ. ચરિત્રનાયકશ્રીના વૈરાગ્યનું વિશિષ્ટ ઘડતર	૨૫૭ થી ૨૬૪
૧૫	પૂ. ચરિત્રનાયકશ્રીની સંયમની પૂર્વ તૈયારી	૨૬૫ થી ૨૭૫
૧૬	જ્યેષ્ઠબંધુની દીક્ષા અને પૂ. ચરિત્રનાયકશ્રીનું મનોમંથન	૨૭૬ થી ૨૯૧
૧૭	સંયમ-પંથે પૂ. ચરિત્રનાયકશ્રીનો સાહસભર્યો પુરૂષાર્થ	૨૯૨ થી ૩૦૪

આમ છતાં ભાવીયોગે **જમનાબહેન** સાથે લગ્ન-બંધનથી જોડાવું પડયું, પણ અંતરથી **મગનભાઈ** ત્યાગ-વૈરાગ્યના પંથે જવાની તક હંમેશાં શોધી રહ્યા હતા.

બાહ્ય-દૃષ્ટિએ સંસારની ઉપાધિમાં ફસાવા છતાં જરૂર પૂરતું વેપાર-ધંધામાં લક્ષ્ય આપતા, મોટેભાગે તેઓ દહેરાસર-ઉપાશ્રયમાં ધાર્મિક-પ્રવૃત્તિઓમાં જ જીવનને જોડી રાખતા, તેથી લોક-જીભે તેઓ **ભગત**ના હુલામણા નામથી પ્રખ્યાત થયેલા.

પ્રસંગે-પ્રસંગે **પૂ. ઝવેરસાગરજી** મ. નો સંપર્ક રૂબરૂ વંદન કરવા જઈને અને પત્ર વ્યવહારથી પોતાની નિષ્ઠાને જાગૃત રાખવા સતતપણે ધરાવતા અને પોતાના અંતરમાં ભવ-ભય નિવારક, તારક-ગુરૂદેવ તરીકે પૂજ્યશ્રીને ધારી તેમની દોરવણી પ્રમાણે જીવન જીવવા પ્રયત્નશીલ રહેતા.

આના પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રીમાં ઉત્કટ-વૈરાગ્ય અને તીવ્ર-સંયમાભિલાષ જાગે તે લક્ષ્ય રાખી વિવિધ પ્રકારે વાર્તાલાપ અને તેવી રીતભાતનું આયોજન **મગનભાઈ** વારંવાર કરતા.

કયારેક રાત્રે પૂ. **ઝવેરસાગરજી** મ. ના આવેલ વિવિધ-પત્રોમાંથી કેટલાક મહત્વના પત્રો વાંચી સંસારની વિષમતા, જિનશાસનની ઉત્તમતા, કર્મોના ઉદયને નિષ્ફળ કરવા માટે તપ, નિયમ, સંયમની મહત્તા અને શ્રાવક કુળમાં આચરણીય-કર્તવ્યોનાં ફળરૂપ સર્વવિરતિની ઉપાદેયતા આદિ જીવન-ઘડતરની પાયાની બાબતો બંને બાળકોને બેસાડી વિવિધ દાખલા-દૃષ્ટાંતો સાથે સમજાવતા.

તેમાં **હેમચંદ** કયારેક તર્ક વિતર્ક જોરદાર કરતો કે-

"સંસારની રીતે કરાતી પુષ્કળ અજયણા-અસંયમ ભરી છ-કાયની વિરાધનાની પ્રવૃત્તિઓમાં ડગલે ને પગલે એવા વિષમ-અનિષ્ટતર કર્મોના બંધન થયે જાય તો તેમાંથી શે છુટકારો આવે ? બાંધેલા કર્મ તો ભોગવ્યે જ છુટકો થાય, તો બાંધેલ કર્મને ભોગવીને પૂરાં કરતાં કયારે આરો આવે ? અને એમ થતાં-થતાં જીવનયાત્રા સંકેલી લેવાનો ટુંકો વખત પૂરો થવા આવે તો કર્મનાં બંધનોને ફગવી દઈ સર્વવિરતિ તાત્કાલિક શી રીતે લેવાય ? એનો કાંઇ રસ્તો ખરો ?"

મગનભાઇ હેમચંદનો દલીલો પાછળ કામ કરતું પૂર્વ-જન્મની આરાધનાના બળથી રંગાયેલું માનસ પારખી ખૂબ હર્ષિત બની ધીમે રહીને હળવી શૈલીમાં તાત્વિક-ગંભીર વાતોને પણ મીઠાશથી સમજાવવા પ્રયત્ન કરતા.

"ભાઈ ! સંસારની પ્રવૃત્તિઓમાં અજયણા વધુ હોઈ ડગલે ને પગલે કર્મોનો ભાર વધે જાય એ વાત સાચી ! પરંતુ જોરદાર આંધી-પવનથી ઉડી આવેલ કચરો કે ધૂળ ગમે તેટલો ભેગો થયેલ હોય, પણ બારી-બારણાં બંધ કરી, અજવાળું રાખી યોગ્ય રીતે સાવરણી લઈ મહેનત કરવાથી બધો દૂર થઈ જાય છે."

"તેમ પ્રભુ શાસનની મર્યાદા મુજબ દેશવિરતિના મર્મને પારખી સુયોગ્ય વ્રત-નિયમ-

પચ્ચક્ખાણ દ્વારા આશ્રવના દ્વારોને બંધ કરી યોગ્ય રીતે જ્ઞાની–ગુરૂની નિશ્રામાં રહી વ્યવસ્થિત રીતે વિધિપૂર્વક ધર્મની આરાધના કરવામાં આવે તો તેનું સુયોગ્ય ફળ વિવેકી–પુણ્યશાળી સહજમાં અનુભવી શકે છે કે—

"વિધિપૂર્વક જ્ઞાનીની નિશ્રામાં આચરાયેલ ધર્મ-ક્રિયાના આધારે અંતરંગ-પાપ કરવાની-વૃત્તિઓ પલટાઈ જાય છે. પરિણામે ભોગના સંસ્કારોની ચીકાશના આધારે ટકનારા કર્મનાં અશુભ પુદ્ગલો આપોઆપ ખરી પડે છે."

આમ છતાં એક વાત ખાસ ધ્યાનમાં લેવા જેવી છે કે—

"સંસારમાં રહેલો ગૃહસ્થ પાપ–પ્રવૃત્તિ વખતે અંતર્દૃષ્ટિ જાગૃત ન રાખે અને નિર્ધ્વંસ પરિણામી થઈ જાય કે 'એમાં શું થયું ? આપણે તો સંસારી માણસ છીએ ! એ તો બધું ચાલે ! તો આ જાતની નિકૃષ્ટ–વિચારણાથી અંતરની વૃત્તિઓમાં પાપની હેયતાના સંસ્કારો સુદૃઢપણે સ્થાન ન પામે, જેથી ધર્મક્રિયાઓ વિવિધ રીતે આચરવા છતાં વૃત્તિઓનો પલટો અશક્ય બની જાય છે."

માટે જ કહ્યું છે કે—

"સમ્યગ્ દ્રષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ,
અંતરસે ન્યારો રહે, જ્યું ધાવ ખેલાવત બાળ"

અર્થાત્–આજીવિકાના હેતુથી ઘર સંસાર ચલાવવા માટે અનુકુળ પરિસ્થિતિના સર્જનના ઉદ્દેશથી લોકોના છોકરાં રમાડનાર કે સાચવનાર ધાવમાતાના અંતરમાં પોતાના ઠાણા–ઠદરૂપા બાળક ઉપર પણ જેવું હોય તેવું હેત લોકોના છોકરા પર ન હોય, એમ છતાં વ્યવહારથી પોતાના દીકરા કરતાં વધુ લાગણી દર્શાવવા સાથે લોકોનાં છોકરાં રમાડે.'

આ રીતે વિવેકીને સંસાર–પ્રવૃત્તિઓમાં સંજોગોવશ પ્રવર્તવું પડે તો પણ ક્યારે પ્રભુ–શાસનની સફળ આરાધના દ્વારા ચારિત્રમોહનો ક્ષયોપશમ કરી સંસારી–બંધનોથી અળગો થઈ પ્રભુ શાસનનું સંયમ પામી શકું ! આવા સુનિર્મળ ભાવો- અધ્યવસાયોથી અંતરની સુયોગ્ય કેળવણી કરી અંતર્દૃષ્ટિ જાગૃત રાખવા મથે છે.

વળી તેં કહ્યું કે "બાંધ્યાં કર્મ તો બધાં ભોગવવાં જ પડે ને ? વગેરે"
ભાઈલા ! અહીંજ જિનશાસનની ખરી મહત્તા છે.

"कृतकर्मक्षयो नास्ति कल्पकोटिशतैरपि !
अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभम् ॥"

આ વાક્ય નય–સાપેક્ષ રીતે ઘટાવવાનું છે

લોકોની સ્થૂલ–ધારણા પ્રમાણે કર્મસત્તાની સર્વોપરિતાનો ધ્વનિ આ શ્લોકમાંથી નિકળતો મનાય છે, પરંતુ હકીકતમાં આ વાક્ય એકાંગી – નયવિશેષનું છે અને જૈનેતર દર્શનોમાં આ વાક્ય બહુધા પ્રચલિત છે.

ખરી રીતે **જૈનદર્શનની** માર્મિક–ગંભીરતા ગુરૂગમથી નહીં સમજનારા પુણ્યવાનો ઘણી વાર આ શ્લોકને ખોટી રીતે રજુ કરતા હોય છે.

આપણે ત્યાં પણ **"બાંધેલા કર્મ નવિ છુટીયેજી", "કર્મ ન રાખે શર્મ", "ઇન્દ્રો, દેવેન્દ્રો, ચક્રીઓ પણ કર્મસત્તા સામે નાચીઝ છે."** આદિ કર્મસત્તાની પ્રબળતાને સૂચવનારા વાકયો ઔપદેશિક–ગ્રંથોમાં વારંવાર મળી આવે છે, પરંતુ તેની પાછળનું રહસ્ય ગીતાર્થ–મહાપુરુષો એમ જણાવે છે કે –

"આ વાકયો માત્ર બાલજીવોને કર્મ કરતાં સાવચેત કરવા માટે છે, કેમકે ઉદય વખતે કર્મ પ્રબળપણું આત્માને પરવશ બનાવે છે, માટે બાંધતી–વખતે સાવચેતી કેળવવાની જરૂર છે, આ જાતની ધારણા બાલજીવોના હૈયામાં ચોક્કસપણે ગોઠવવા માટે આ બધા નય–સાપેક્ષ વાકયો છે, અન્યથા પ્રભુશાસનની લોકોત્તર–મહત્તાનો અપલાપ થાય."

"જિનશાસનના પગથારમાં જ વિરૂપ–વિષમ કર્મસત્તા સામે જેહાદ પોકારી શ્રી અરિહંત પ્રભુની આજ્ઞાના સ્વીકાર રૂપે ધર્મ–મહાસત્તાની પ્રબળતા રહેલી છે."

"કર્મસત્તાનું જોર ત્યાં લાગી ચાલે કે જ્યાં લગી આ જીવે ધર્મ–મહાસત્તાનો સ્વીકાર નિષ્ઠાપૂર્વક ન કર્યો હોય!!!"

"માટે **ભાઈ હેમચંદ્ર**! એવી માય–કાંગલી કાયરપણાની જિનશાસનની અણસમજ–ભરેલી વાતો ઉપર લક્ષ ન આપીશ!!!"

"સિંહના બચ્ચાને બકરાના ટોળામાં ઉછેર થવાથી બધાની સાથે બેં–બેં કરવાની ભલે ટેવ પડી જાય! પણ અવસર આવ્યે સિંહની ગર્જના સાંભળી ચમકેલ સિંહનું બચ્ચું વહેતી નદીના પાણીમાં પોતાનું સ્વરૂપ સામે પડકાર કરતા સિંહ જેવું નિહાળી બેં–બેં ને પડતું મૂકી પ્રબળ ગર્જના સાથે કુદકા મારી પોતાના મૂળ સ્વરૂપે પહોંચી જાય છે."

"તેમ આપણા આત્માએ અજ્ઞાન આદિ સંસ્કારોને લઇને અનંત જ્ઞાનાદિ–ગુણોના મૂળભૂત સ્વરૂપને વિસરી જઇ શરીર, બુદ્ધિ, ઇંદ્રિયો અને મનના તથા રાગાદિ ઔદયિક–ભાવોના વિવિધ સ્વરૂપે વિકારી–ભાવોને પોતાનું સ્વરૂપ માની બકરી જેવી અસહાય દશા માન્યતા–બળે સ્વીકારી લીધી છે."

"તે વખતની સ્થિતિમાં **"शक्ति मरोडे जीवकी उदये कर्म बलवान्"** ન્યાય અનુસાર

સંસારી જીવો કર્મના ઉદય–વિપાક વખતે અંતરંગ પરિણામ કે શક્તિની સુયોગ્ય–કેળવણીના અભાવે સાવ નિઃસહાય પરવશ બની જાય તે સહજ છે."

"આથી લોક ભાષામાં જન–માનસમાં એવું રૂઢ થઈ ગયું કે **"कर्मसत्ता हि बलीयसी"** **"कर्मणो गहना गतिः"** "अप्रतिहता हि कर्मणां गतिः" આદિ."

"પણ હકીકતમાં જેમ સિંહના કિશોરને કેસરી-સિંહની ગર્જના સાંભળી સ્વરૂપ–ભાન થયું, તેમ મુમુક્ષુ–પુણ્યાત્માને જ્ઞાની ગીતાર્થ–ગુરૂરૂપ સિંહની આત્મતત્વ–પરિચાયક, નયસાપેક્ષ–શાસ્ત્રીય દેશના રૂપ ગર્જનાથી અજ્ઞાન–મિથ્યાત્વથી ઉપજેલી ગાઢ સ્વરૂપ–વિસ્મૃતિ રૂપ ભાવ–નિદ્રામાંથી ઝબકીને જાગી શાસ્ત્ર–તત્વ ચિંતના, પરિશીલન બળે અખંડ ટંકોત્કીર્ણ શુદ્ધ સ્વ–સ્વરૂપનું ભાન થયેથી હુંકાર માત્રથી જ પ્રબળ કર્મસત્તા રૂપ મદમસ્ત હાથીઓ પણ ત્રાસી ઉઠે !!!"

એટલે મૂળ વાત એ કે –"જિનશાસનની મર્યાદા અનુસાર આપણામાં ગીતાર્થનિશ્રાએ સુવ્યવસ્થિત વિધિપૂર્વક ધર્મક્રિયાઓનો આચરણા વડે પરિકર્મિત માનસના સહયોગથી આત્મતત્વ–બોધક–તત્વોનું નય–સાપેક્ષ જ્ઞાન વિકસે તો "કર્મ નિકાચિત પણ ક્ષય થાયે" **"णिकाइयाणं पि कम्माणं तवसा झोसणं होज्जा"** આદિ શાસ્ત્રીય ટંકશાળી–વાક્યોથી તીવ્ર–રસથી સધળા કરણોની અસર જેમાં ન થાય તેવા અનપવર્તનીય મનાતા નિકાચિત કર્મોને પણ તોડવાની શક્તિ આત્મામાં મૌલિક રૂપે રહેલી છે, તેની યથાર્થ પ્રતીતિ થાય."

આ કારણથી જ **શ્રી દશવૈકાલિક સૂત્ર** (ચૂલિકા ૧ સૂત્ર ૨) માં જણાવ્યું છે કે–

"પૂર્વે બાંધેલા અશુભ કર્મો – કે જેનું પ્રતિક્રમણ–આલોચના આદિ નથી કરેલ–નો છુટકારો નથી, ભોગવ્યા સિવાય કે તપશ્ચર્યાથી ક્ષોણ–રસક્ષય કરી બે–વા સિવાય."

"માટે **બેટા હેમુ**! તારી જિજ્ઞાસા ખુબ સ્તુત્ય છે, વિરતિની પ્રાપ્તિ માટેની તારી ઇચ્છાને તીવ્ર–તમન્ના રૂપ બનવામાં અવરોધ રૂપ લૌકિક–વિચારધારાનો અસારતા પૂજ્ય ગુરૂ ભગવંતે સમજાવેલ જિનશાસનની તત્ત્વશૈલીના આધારે યથામતિ સમજાવવા પ્રયત્ન કર્યો છે, વધુ તો કયારેક કોઈ જ્ઞાની યોગ્ય ગીતાર્થ ગુરુ મહારાજ પાસે લઈ જઈ સમજાવીશ."

ઉપરની વાતચીત પછી **હેમચંદ**ના માનસમાં છેલ્લા બાર–છ મહિનાથી ઘોળાતી વાતનો સહજ ઉકેલ મળી ગયો.

હેમચંદભાઈને પ્રભુપૂજા, સામાયિક અને શ્રી નવકારના જાપ વખતે સંસારની ભીષણતા અજયણાભર્યા વિષમ આરંભ–સમારંભોની પ્રક્રિયામાં અટવાઈ રહેલ જીવન અને મોહની ઘેલછાને પોષક વિવિધ વ્યવહારૂ પ્રવૃત્તિઓમાંથી પ્રભુ શાસનની મર્યાદા પ્રમાણે શી રીતે જીવનનો નિસ્તાર થશે ? આદિ વિચારો છેલ્લા દોઢ–બે મહિનાથી ખૂબ ઘોળાતા હતા.

પૂ.
ચરિત્રનાયકશ્રીના
દીક્ષાગુરૂ



સાગર શાખના
અદ્વિતીય
જ્યોતિર્ધર





સમર્થ
આગમજ્ઞ

પ્રાતઃસ્મરણીય
શાસનપ્રભાવક
મહાપુરૂષ

વાદીધુરંધર

પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મહારાજ

પ્રભુએ આંતર–શુદ્ધિ માટે જે જાતનું જીવન વિરતિની ભૂમિકાએ નિર્દેશ્યું છે, તે રીતે જીવવા માટે આ સંસારની પ્રવૃત્તિઓમાંથી બંધાતા કર્મો કેવો મોટો અવરોધ ઉભો કરે છે?" આદિ ગિભીષિકાભર્યા વિચારો મગજમાં ઘમરોળ મચાવતા.

પણ વિવેકી–આદર્શ–શ્રાવકરત્ન તરીકે પૂ. બાપુજીની હૃદયંગમ–સરસ સમજાવટભરી તાત્વિક–પદાર્થોને સમજાવવાની શૈલિથી થતી અવારનવાર વિચાર–ગોષ્ઠી આદિથી **હેમચંદભાઈ** ૧૦ થી ૧૪ વર્ષના ગાળામાં પ્રભુશાસનના સંયમના પંથ પ્રત્યે પોતાના માનસને વાળવાને સમર્થ બની શક્યા.

શ્રી **મગનભાઈ** આદર્શ વિવેકશીલતાના ફળ રૂપે પોતાના સંતાનોમાં પ્રભુશાસનની વફાદારી અને સંયમનિષ્ઠા ઉપજાવવા તાત્વિક–રીતે શ્રાવકકુળની સફળતા મેળવી શક્યા, તેના કારણરૂપ આદર્શ વિચાર–સરણિનું પ્રતિબિંબ પાડનારા એ વખતના **મગનભાઈ**ના સ્વ–હસ્તાક્ષરના લખેલા બે પત્રો મળી આવ્યા છે તે અહીં અક્ષરશ : રજુ કરાય છે.

"સ્વસ્તી શ્રી પારસજિન પ્રણુચ્ય શ્રીમતી તત્રશ્રી ઉદેપુરનગરે અનેકવિધ સંજમના પાલક, દુવીધ ધરમરૂપ તારણ, ત્રણ રતનના ધારક, ચાર કષાય ના જીપક, પંચમહાવતના પાલણહાર, છકાયના–ના–? સાત ભય જીપણ, આઠ મદના જીપક, નવવીધ બ્રહ્મ ગુપતી ધારક, દશવીધ જતી ધરમના પાલક, અગીયાર અંગના જાણુ, બાર ઉપાંગના જાણુ, તેર કાઠીયાના નીવારક, ચઉદવી ગુણ જાણ, દીનદીન સ્વપરને આત્મ ગુણના દાતાર, દમી, ક્ષમી, શાંત, દાંત, ત્યાગી, વૈરાગી, સૌભાગી, સક –પંડીત–શિરોમણી, પ્રવર પંડીતજી, જિનશાસનભાસ્કર ઇત્યાદિ અનેક ઉપમા લાયક શ્રીશ્રીશ્રી ૧૦૦૮ શ્રી ૨ નેમહારાજ શ્રી ઝવેરસાગરજી જોગ કપડવંજથી લખીતીંગ આપના ચરણુ-કમળની સેવાનો સદા ઇચ્છક મગનલાલ ભાઇચંદની વંદના ૧૦૦૮ વાર તીકાલ યથાયોગ વખતે અંગીકાર કરશો.

આપના દર્શનની ઘણી ચાહના છે, તથા આપના ચરણુ–સેવાની ચાહના નીરંતર કરવાની વરતે છે, તે હવે તાકીદથી આવતી સાલમાં બનશે, એ આશા છે, પછી તો કરમના પરપંચની ખબર પડતી નથી. ઘણા ઉદય અકૂળ જવાને લીધે ઘણો જેર રહે છે, પણ આપ સરખા ગુરૂ ફરી ફરીને મળવાના નથી, માટે કોઈ વાતનો વિચાર નહીં કરતાં રૂડા કારણે લાભ થશે એમ વીચારીને જે વીચાર ગોઠવ્યો છે, તે વખત ઉપર જણાવીને આપ જ્યાં હશો ત્યે જગીરાએ આવીશ–તે જાણુશો....." ૧૯૪૩ના શ્રાવણ સુદ ૮ ના મંગળ

આ પત્રમાં **મગનભાઈ**ની આદર્શ ગુરૂ ભક્તિ તેમજ વિવેકનિષ્ઠાનો સ્પષ્ટ પરિચય મળે છે.

વધુમાં સંયમ પ્રતિ તીવ્ર લાગણી દર્શાવતા કેટલાક વાક્યો ધ્યાનખેંચે તેવા છે જેમ કે–

"આપના ચરણુની સેવાની ચાહના નીરંતર કરવાની વરતે છે, તે હવે તાકીદથી આવતી સાલમાં બનશે × × × + "

"ઘણા ઉદય અકૂળ જવાને લીધે ઘણો જેર રહે છે"

"..... કરમના પરપંચની ખબર પડતી નથી ....."

વળી **મગનભાઈ** વ્યવહારી–પ્રવૃત્તિઓમાંથી છુટવા માટેના ઉધામા ગુરુકૃપાએ અવાર–નવાર કરી રહેલા–એ આ પત્ર ઉપરથી જણાય છે.

એકંદર આ પત્ર મગનભાઈની મનોદશાનું સ્પષ્ટ ચિત્ર પુરું પાડે છે.

આવો એક બીજો પત્ર નીચે મુજબ મળી આવ્યો છે.

"સ્વસ્તીશ્રી પારસ્વજીન પ્રણમ્ય શ્રીમતી તત્રશ્રી ઉદેપુર નગરે અનેકવિધ સંજમના પાલક, દુવીધ ધરમ પ્રરૂપક તરણે મુપ્તે ગુપ્ત, ચાર કષાયના જીપક, પંચમહાવરતના પાલણહાર, ૭ કાયના રક્ષક, સાત ભયનીવારક, આઠ મદના જીપક, નવનીઆણુ વરજીત, દશવીધ જતી ધરમના પાલણહાર, અગીયાર અંગના જાણુ, બાર ઉપાંગના જાણુ, તેર કાઠીયા નીવારક, ચઉદવીદ્યા ગુણજાણુ, પંદર પ્રમાદ નીવારક, સોળ કષાયના જીપક, સત્તર ભેદે સંજમના પાલણહાર, કુમતાંધકાર–તરણી, જિનશાસન–નભોમણી, નકલપંડિત–શીરોમણી, પરવર પંડિત, પરમ ઉપગારી, પરમહીતકારી, ચારિત્રપાત્ર ચૂડામણી–કલીકાલ સર્વજ્ઞ ઈત્યાદિક અનેક શુભોપમા સાથે બીરાજમાન શ્રીમ્રીશ્રી ૧૦૦૮ શ્રી મુની મહારાજ **ઝવેરસાગરજી** સાહેબજી વગેરે સરવે મુની મહારાજ જોગ **કપડવંજથી** લી. આપના ચરણ–કમળની સેવાનો સદા ઇચ્છક **શંકરલાલ વીરચંદ** તથા **મગનલાલ ભાઈચંદ**ની વંદના દન પરતે ૧૦૦૮ ત્રીકાલ યથાયોગ્ય અવસરે અંગીકાર કરશોજી

અત્ર આપના પ્રસાદથી સુખશાતા છે, આપની સુખશાતાનો પત્ર કાલ દીને સાંજરે મળ્યો, તેથી આનંદ થયો છે, વલી સેવક ઉપર કીરપા લાવીને લખશોજી, કેશરીયાજી મહારાજની ભગતી રૂડી રીતે ઘણા સમુદાયથી થઈ છે, તે જાણી ઘણો ખુશી થયો છું, બીજું આપ સાહેબ અતરે ચોમાસું કરવાનો વીચાર જરૂર કરશો કે જેથી ઘણો લાભ થશે કે ધરમનો ઉદ્યોત વીશેશે થશે × × × × × × × × × × × ×

વીશેશ પરકારે કરીને અપ્યાતમના સહીત સરવ ધર્મકીયા ફલવતી છે, માટે અપ્રમાદપણે જ્ઞાન વીશેશ ફલદાયી છે, માટે એકાંત કીયા–પક્ષીયા–જીવોને તથા એકાંત જ્ઞાન પક્ષીયા જીવોને તાદશ ફલ થઇ શકતું નથી, માટે જે કોઇ મુનીમહારાજ વેહેવારમાં થોરતાવાન ન હોય, તેને જ્ઞાન સહીત કીયા કરવામાં હીત થશે. બાકી આ કાલે ઘણા જીવો વેવારના રસીયા છે, પણ કેટલાક તો પારીણામ ફલ પ્રાપ્ત થાય, તેવી વાત સાંભળી પણ શકતા નથી. × × × × × × × × × × × × × × × × × ×

સં ૧૯૪૪ના ચઈતર સુદ ૬ રવિવાર

આ પત્રમાં **મગનભાઈ**એ પૂજ્ય શ્રી **ઝવેરસાગરજી** મહારાજને હૃદયના ઉમળકાથી વિવિધ ઉપમાઓની રજુઆત કરી શાસન અંગે પૂજ્યશ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓને બીરદાવી છે

તદુપરાંત **કપડવંજ** પધારવા માટે 'ઘણો લાભ થશે' એમ લખી પોતાની સંયમી–જીવન સ્વીકારવા માટેની તમન્નાને મૂર્ત સ્વરૂપ આપવાની તૈયારી ગર્ભિત રીતે સૂચવી છે.

વળી ઉપરના પત્રમાં છેલ્લે અધ્યાત્મ અને ધર્મકિયા વચ્ચે અણસમજથી કેટલાકો તરફથી ઉભી કરાતી ભેદરેખાનો સ્ફોટ ગુરુ–ચરણોમાં વિનીત–ભાવે એવી મેળવેલ આદર્શ તત્ત્વ–દૃષ્ટિવડે સારી રીતે રજુ કરેલ છે, કે જેમાં નય–સાપેક્ષતા અને પ્રભુશાસનની ઊંડી સમજણ અગત્ય રીતે પણ ધ્વનિત થાય છે.



પ્રકરણ-૧૨

પૂ. ચરિત્રનાયકશ્રીના વૈરાગ્યોત્પત્તિના કારણો

પરમ-મંગલકારી શ્રી જિનશાસનના સફળ આરાધક, આદર્શ સંસ્કાર-સંપન્ન, ધર્મનિષ્ઠ શ્રાવક-જીવનની જવાબદારીને સક્રિય રીતે અદા કરનાર, આદર્શ-માતાપિતાના સંસ્કાર-શુદ્ધિના લક્ષ્ય સાથે ઉત્તમ જીવન-ઉછેરની પ્રક્રિયાથી તથા ખાસ કરીને તે વખતના ઉચ્ચ-કોટિના આગમજ્ઞ-પ્રવર, શાસન-પ્રભાવક, સિદ્ધાન્ત-ધુરંધર, પૂ. **શ્રી ઝવેરસાગરજી** મ. ના વારંવાર પ્રત્યક્ષ અને પત્ર-વ્યવહાર આદિથી સંપર્કમાં રહી વિશુદ્ધ-નિર્મળ જીવન-દૃષ્ટિ મેળવનાર અને સંસારી-મોહમાયાના વાતાવરણથી અલગ રહેવાની કઠોર-સાધનાને ધર્મક્રિયાઓના વ્યવસ્થિત આસેવનથી પલટાવી હકીકતમાં 'ભગત' નામને સફળ બનાવનાર શ્રાદ્ધરત્ન શ્રી **ભગનભાઈની** વિવેકપૂર્ણ તાત્ત્વિક-દૃષ્ટિ બળે જીવન-ઘડતરની વ્યવસ્થિત-દેખરેખના કારણે પૂ. ચરિત્રનાયકશ્રીની દશ વર્ષની વયથી જ પૂર્વજન્મની આરાધના બળે કેળવાયેલ ચારિત્રમોહનો ક્ષયોપશમ વિવિધ ધર્મક્રિયાઓના શૈશવ-કાળથી જ યથાવત્ આચરણરૂપે ઘડાયેલ દર્શન-મોહના ક્ષયોપશમના સહકાર સાથે વિકસવા પામેલ.

જેથી કે પૂ. ચરિત્રનાયકશ્રી બારથી ચૌદ વર્ષના ગાળામાં મોટી-વયના પ્રૌઢ-ઉંમરે પહોંચેલા આરાધકોને પણ દુર્લભ તાત્ત્વિક-વિચારણાની ભૂમિકાએ ગૂઢ-તત્ત્વોની નમણાપેક્ષ ચકડ મેળવવા સાથે જિનશાસનની હથોટી હસ્તગત કરી પહોંચેલ.

પરિણામે—

" સંસાર—

દુઃખ સ્વરૂપ છે !

દુઃખ ફલક છે !!

દુઃખની પરંપરાવાળો છે ! ! !

તેના ઉચ્છેદ માટે—

પરમ-હિતકારી આપ્તતમ,

વીતરાગ, સર્વજ્ઞ ભગવંતોએ

પ્રરૂપેલ સર્વવિરતિમાર્ગનો

સુદૃઢ ભાવોલ્લાસ સાથે સ્વીકાર —

—એ જ એક અચૂક ઉપાય છે ! ! !"

આ વાત હૈયામાં જચી ગયેલી.

વ્યવહાર-દૃષ્ટિથી પિતા હોવા ઉપરાંત, કલ્યાણકામી-આદર્શ-હિતચિંતક તરીકે **મગનભાઈ**ની અવારનવાર **મણીલાલ** અને પૂ. ચરિત્રનાયકશ્રીને આ વાતની માર્મિકતા વિવિધ રીતે સમજાવવાની સફળ-હથોટીએ પણ પૂ. ચરિત્રનાયકશ્રીના વિચાર-ઘડતરની ઉદાત્ત-ભૂમિકા સર્જવામાં ભાગ ભજવેલો. આ ઉપરાંત કેટલાક વ્યાવહારિક-પ્રસંગો પણ પૂ. ચરિત્રનાયકશ્રીના વૈરાગ્યને સુદૃઢ બનાવવામાં સહયોગી નીવડ્યા, જે નીચે મુજબ છે.

મગનભાઈનું ઘર વ્યવહાર-દૃષ્ટિથી માતબર, સુખી, શ્રીમંત-સમૃદ્ધ હોવાથી સામાજિક રીતે અનેરી માન-પ્રતિષ્ઠાવાળું ગણાતું, તેથી લૌકિક રીતે લગ્નના લ્હાવા લેવાની ઘેલી માન્યતાને વશ બનેલ **જમનાબેન** આદિ અનેક સ્વજન-વર્ગે મોટા દીકરા **મણિલાલ**નું વેવિશાળ શેઠ શ્રી **મુળજીભાઈ**ના સુપુત્રી શ્રી **મહાકુંવરબેન** સાથે વિ. સં. ૧૯૪૨ના મહા સુદ ત્રીજના રોજ ઉત્સાહ પૂર્વક કરેલ અને તે જ વર્ષના ચૈત્ર સુદી ૧૫ના રોજ કુલાચાર-પ્રમાણે વ્યવસ્થિત રીતે સામાજિક-દૃષ્ટિએ યથોચિત લેખાતી શોભા-આડંબર સાથે લગ્ન પણ કરાવી દીધેલ.

આ પ્રસંગે પિતા હોવા છતાં **મગનભાઈ**એ શ્રાવક તરીકે પોતાના બાળકને જે હિતશિક્ષા આપેલ અને **મણિભાઈ**એ પણ તેનો વિવેકભર્યો જે જવાબ આપેલ, તે પૂ. ચરિત્રનાયકશ્રીના માનસ ઉપર ગંભીર રીતે અસર ઉપજાવી ગયેલ.

મગનભાઈએ પોતાની આંતરિક ઇચ્છા નહીં છતાં, લોક-વ્યવહારથી મોટા-દીકરાના લગ્ન-પ્રસંગને વ્યવસ્થિત-રીતિએ ઉજવવા વિવિધ પ્રયત્નો કરેલા, પરંતુ અંદરથી પ્રભુશાસનની પક્કડ મજબૂત હોઈ, પોતાનું બાળક સંસારના વિષમ-માર્ગે જઈ રહે, તે ગમતું ન હોઈ વેવિશાળ પછી લગ્નના થોડા દિવસ અગાઉ પ્રસંગ પામી રાત્રિના સમયે એકાંતમાં પિતા અને શ્રાવક

તરીકેની જવાબદારી ધ્યાનમાં રાખી સન્માર્ગ તરફ પોતાના–સંતાનની દૃષ્ટિ કાયમ રહે, તે આશયથી ઉદાત્ત–મધુર શૈલીમાં હિતશિક્ષા રૂપે જણાવેલ કે—

" ભાઇલા ! આ સંસાર લાકડાનો લાડવા જેવો છે, ખાય તે પસ્તાય ! ન ખાય તેને અભરખો રહે, કે કેવોક હશે ? "

" આ કીચડમાં પડવા જેવું નથી.—આદિ....આદિ "

મણિભાઈએ પણ પિતાજીની એકાંત–હિતકર વાણીનો જરાપણ પ્રતિકાર કર્યા વિના અમૃતના ઘૂંટડાની જેમ ઉલ્લાસપૂર્વક સાંભળી નમ્રભાવે કહ્યું કે–" **બાપુજી** ! આપ કહો છો તેમ જ છે, પણ માતાનો મોહ મને સતાવી રહ્યો છે, તેમજ મારો અંતરાત્મા પણ ન જાણે ભારે–કરમી છે કે શું ? જાણી–જોઇને દીવો હાથમાં લઈ કૂવે–પડવા જેવી આ સ્થિતિમાંથી કૂદકો મારી પ્રભુ–શાસનના પંથે જવા હજુ વીર્યોલ્લાસ જાગતો નથી !!!"

"પિતાજી ! આપે મહાકૃપા કરી કે મને વિષમ–વાસનાઓના વમળની ફસામણી–ટાણે ચેતવ્યો....!!! આ રીતે સમયે–સમયે ચેતવતા રહેશો. ટકોર મારતા રહેશો તો જરૂર આપની હિતકર–લાગણીના બળે જીવનમાં રોપાયેલ પ્રભુ–શાસનના સંયમને ગ્રહણ કરવાની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા સફળતાપૂર્વક ધપી શકીશ."

પૂ. ચરિત્રનાયકશ્રીના માનસ પર પૂ. પિતાજી અને મોટાભાઈના શબ્દોએ જાદુઇ અસર કરેલ.

મણિભાઈ આ જાતના પોતાના વિચારોના ઘડતરમાં સફળ થઈ શક્યા કે જેના પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રી જેવા આરાધક–યોગ્ય આત્માને પણ વિવેક–બુદ્ધિની જાગૃતિ અને વૈરાગ્યની કેળવણીમાં પરોક્ષરીતે પણ સહાયક નિવડ્યા. તેની પાછળ **મણિભાઈની** પોતાની મૌલિક–યોગ્યતાનો ફાળો પણ મહત્ત્વ ભર્યો જણાય છે.

કેમકે **મણિભાઈ** બાલ્યાવસ્થાથી સાહજિક રીતે વિનય, વિવેક અને સદાચારના ઉન્નત–પંથે પૂર્વ–જન્મના શુભ–સંસ્કારોના બળાડે વિહરનારા આદર્શ–સંતાન તરીકે કુટુંબી–વર્ગમાં પ્રસિદ્ધ થયેલ.

મળી–આવતી નોંધ પ્રમાણે **મણિભાઈની** પાંચ વર્ષની વયમાં બનેલ સુમધુર એક પ્રસંગ તેઓની ઉજ્જવળ–આંતરિક–પરિણતિની ખાતરી કરાવે તેમ છે.

આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાં મુસાફરી માટેના સાધનો ટાંચા હોઇ તીર્થ–યાત્રા માટે ખૂબ જ મુશ્કેલી હતી, એમ છતાં પણ આજના અવનવા સગવડભર્યા–સાધનોના યુગમાં ટકાવી ન શકાતી શ્રદ્ધાનું સ્તર તે વખતે ધાર્મિકો–યાત્રાળુઓના હૈયામાં અજબ–કોટિનું ઉચ્ચતમ રહેવા પામતું.

પરિણામે અનેક અજાણતાં પેઠીને પણ લાગેલો ત્રણ-ચોકડીનો મલાજો પ્રમાણે જીવનને ઢાળીને તીર્થ-યાત્રા દ્વારા વિશિષ્ટ-રીતે આરાધક-ભાવનું પોષણ કરતા.

આ રીતે પૂ. ચરિત્રનાયકશ્રીની વય લગભગ ત્રણ વર્ષની અને **મણિભાઈની** વય પાંચ વર્ષની હતી, ત્યારે કુલાચાર અને લૌકિક-વૃત્તિમાં પણ શ્રાવક-કુળના વિશિષ્ટ-આદર્શને નજર સામે રાખી પુણ્યવતી **શ્રી જમનાબેને મણિલાલની** બાબરી ઉતારવા માટે કોઈ કુળદેવી કે **લૌકિક**-દેવના સ્થાનકમાં જઈ મિથ્યાત્વનું અજાણપણે પોષણ ન થઈ જાય, એ **આશયથી પક્ક પંથ, દો કાજ** કહેતી પ્રમાણે પરમપાવન-તીર્થાધિરાજ **શ્રી સિદ્ધાચલ**-મહાતીર્થની યાત્રા કરી તે પાવનભૂમિમાં લૌકિક-વિધિ કરવાની આદર્શ-વિચારણા બાબરી ઉતારવાની **લૌકિક** ક્રિયા પણ બાળકમાં ધર્મ-સંસ્કારોને સીંચનારી બને એ આશયથી **મગનભાઈ** સમક્ષ વ્યક્ત કરી.

મગનભાઈ આ સાંભળી ખૂબ પ્રસન્ન થયા અને વિચારવા લાગ્યા કે—"સંસ્કારોની વેલછાને બદલે શ્રાવિકા તરીકે પોતાની પત્નીનું આવું સુયોગ્ય-વર્તન હકીકતમાં તેની કુક્ષિએ શ્રેષ્ઠ-સ્વપ્નથી સૂચિત મહાપુરુષના જન્મના કારણે પલટાયેલી વિચારધારાનું આ પરિણામ છે."

"**ઘણું સારું થયું** ! આવી આદર્શ વિચારણા ભવિષ્યમાં મારી સર્વવિરતિની સાધનામાં સહયોગી નિવડશે અને એ જ રીતે શ્રાવિકા અવરોધક ન પણ બને" આદિ વિચાર-ધારાથી **મગનભાઈ** પુલકિત બની ગયા, પણ સંજોગવશ **મગનભાઈ** સાથે જઈ શકે તેમ ન હતું. એટલે યાત્રા-અંગેની બધી-જાતની તૈયારી કરાવી **જમનાબેનને** નાનકડા **મણિલાલની** સાથે **શ્રી સિદ્ધગિરિના** પંથે ભાવભરી વિદાય આપી.

તે વખતે મુસાફરી-માટેના પૂરતાં સાધનો ન હોવાથી **પાલીતાણા** જવા માટે સ્થલ માર્ગે ગાડા ઊંટ, આદિ સાધન દ્વારા **સુરત** પહોંચવું પડતું, ત્યાંથી દરિયા-રસ્તે **ઘોઘા** કે **ભાવનગર** વહાણમાં જવું પડતું, પછી **ભાવનગર** થી **પાલીતાણા** ગાડા રસ્તે જવાતું.

આ દરમ્યાન **જમનાબેન સુરતથી** દરિયા રસ્તે **ઘોઘા** પહોંચવા માટે વહાણમાં બેસવા ધક્કા ઉપરથી મછવામાં ચઢતાં, ધ્યાન ન રહેવાથી **મણિલાલની** સાથે પોતે પડી ગયેલા, જેમાં **જમનાબેનને** પગના નળા ઉપર વધુ-પડતું વાગેલ.

આ પ્રસંગે **મણિલાલ** પાંચ વર્ષની લઘુ-વયના માને માની આંગળિયે પોતે પણ પડી ગયેલ તથા પોતાને કમર અને પીઠમાં મૂઢ માર વાગેલ તેમ છતાં પોતાની વેદના ભૂલી જઈ માતૃ-ભક્તિથી પ્રેરાઇ તુરત વહાણવટીઓ પાસેથી વહેતું લોહી બંધ કરવાની દવા અને પાટા-પીંડીનું સાધન મેળવી લાવી પોતાની બાને પગમાં થઈ રહેલ વધુ પડતી વેદનામાંથી રાહત આપવા વિવિધ પ્રવૃત્તિ કરી અપૂર્વ સમય-સૂચકતા અને અંતરંગ કોઠા-સૂઝનાં દર્શન કરાવેલ.

ઘોઘા પહોંચવા સુધી દરિયાની ચાલુ મુસાફરીએ પોતાની પીઠ અને કમરની વેદના માટે

સામાન્ય-ઉપચારોથી પતાવી માતાજીની સારવારમાં શંકર કરવાથી માંડી પાટા બાંધી, ઘાને ચાંઈ કરી મલમ લગાડવા વગેરેની વિવિધ-કામગીરીઓ ઉમંગ સાથે અદા કરતા.

ઘોઘા પહોંચ્યા પછી સારા-વૈદ્ય પાસે જઈ ખાવાની-લગાડવાની દવાનો પ્રબંધ કરી **ભાવનગર** અને **પાલીતાણા**ના સરકારી-દવાખાનમાં બાને લઈ જરા પણ ક્ષોભ પામ્યા સિવાય ડૉક્ટર પાસે તપાસ કરાવી, કેસ કઢાવી ડ્રેસીંગ કરાવવા લઈ જતા, આ ઉપરાંત રોજ દવાખાને જઈ કેસ રી-ન્યુ કરાવી પીવાની દવા પણ લઈ આવતા.

પાલીતાણાથી કપડવંજ આવ્યા પછી પણ **જમનાબેન**ને પગના નળા ઉપર વાગવાથી થયેલ તકલીફ બેથી અઢી મહીનાના ગાળા સુધી ચાલેલ. તે પ્રસંગે **મણિલાલે** બીજા અનેક સેવા કરનારા હોવા છતાં પોતાની બાની સેવા-ભક્તિનો અપૂર્વ લાભ મારે જ લેવો, એવા આશયથી ઉમંગથી રોજ સરકારી-દવાખાને જઈ ખાવાની-લગાડવાની દવા કેસ કઢાવવા સાથે લઈ આવતા.

પાંચ વર્ષની અતિ-લઘુવયે પણ **મણિલાલ**ની માતૃ-ભક્તિથી થતી સાહજિક-કુશળતા ભરી પ્રવૃત્તિઓથી સ્વજન-વર્ગને તેમજ ખુદ **જમનાબહેનને** પણ આનંદની લાગણી સાથે વિસ્મયથી ચકિતતા અનુભવાતી.

આ રીતે **મણિભાઈ** વ્યાવહારિક-ઉચિત પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર કોઈની દોરવણી વિના પણ સફળ રીતે પ્રવર્ત્તતા, તે મુજબ મૌલિક-યોગ્યતા બળે વિવિધ ધર્મ-ક્રિયાઓમાં પણ ઉલ્લાસભેર જોડાતા, પણ તેમાં ચારેક વય અને સંજોગોની પરિસ્થિતિથી ઢીલાશ અનુભવતા, તે તેવા પ્રસંગે પૂર્વ-જન્મની પ્રબળ-આરાધના પ્રતાપે ચોકસાઈપૂર્વક ધીરજ અને સંયમ સાથે વિશુદ્ધ ધર્મ-ક્રિયાઓમાં સાથે જોડવાની પૂ. ચરિત્રનાયકશ્રીની આદર્શ પ્રવૃત્તિ મોટાભાઈ છતાં **મણિલાલ**ના જીવનના ઘડતરમાં અમૂલ્ય ફાળો આપતી.

પૂ. ચરિત્રનાયકશ્રી લઘુવયે પૂ. **આનંદઘનજી**, પૂ. **યશોવિજય મ.**, પૂ. **દેવચંદ્રજી મ.** ના સ્તવનોને ખૂબ ભક્તિ-ભાવથી દેરાસરમાં, ઘરે, ઉપાશ્રયે, અવસરે જાઈને મોટાભાઈને સંસાર તરફ ઔદાસીન્ય કેળવાય, તેવું વાતાવરણ સહજમાં ખડું કરતા ! ! !

ધાર્મિક-અભ્યાસમાં પણ એક-બીજા પરસ્પર સ્પર્ધા કરી ઘરે પિતાજી પાસે પાઠ લેવા ઉપરાંત રજા આદિના દિવસોમાં ઉપાશ્રયે પૂ. મહારાજશ્રી પાસે ગાથાઓ લઈ મુખ-પાઠ કરી ચડસા-ચડસી ઉપરા-ઉપરી સામાયિક કરી ધર્મ-ક્રિયાના સૂત્રો ઉપરાંત પ્રકરણ, કર્મગ્રંથ, તત્ત્વાર્થ સૂત્ર તેમજ સંસ્કૃત માર્ગોપદેશિકા, અમરકોશ અને સારસ્વત-વ્યાકરણ આદિના બહોળા જ્ઞાનને પ્રાપ્ત કરાવવામાં પૂ. ચરિત્ર નાયકશ્રી મોટાભાઈને પ્રેરણારૂપ બનતા.

જૂના સંગ્રહમાંથી જડી આવેલા વિવિધ-પત્રોના જથ્થામાંથી પૂ. શ્રી **ઝવેરસાગરજી** મ. ઉપરનો આવો એક પત્ર મળી આવ્યો છે, જેમાં **મણિભાઈ**નો વિશિષ્ટ-અભ્યાસ ઝળકી રહ્યો છે.

આ બધાના પ્રેરણા-સ્રોત તરીકે પૂ. ચરિત્રનાયકશ્રી રહ્યા હોય, તેમ સમર્થક-નકકર પુરાવા પરથી પ્રતીત થાય છે.

"xxxxx **મણીલાલ મગનલાલની** વંદના. દન પરતે ૧૦૮ વાર ત્રીકાળ યથાયોગ અવસરે અંગીકાર કરશોજી.

હું મારગોપદેશીકાના પાઠ ૨૮ ભણ્યો છું, તથા અમર-કોશના શ્લોક અસે મુળ પાઠ કર્યા છે, તથા સારસ્વતનો અરધ ગઈકાલ દીને શરૂઆત કર્યો છે, આ આપને જણાવા સારૂં લખ્યું છે.

ધરમસ્નેહ વિશેષ રાખશો. આપ ચોમાસું કરવાનો વિચાર અતરે જરૂર રાખશો. એ જ વિનંતિ...xxxxxx સં. ૧૯૪૪ ના ચઈતર સુદ ૬"

જો કે આ પત્ર **મણિભાઇ**ના જીવનના પાયાનું પાકું ઘડતર થયા પછીનો છે, એમ છતાં તે સમયની દૃષ્ટિએ અતિ-અદ્‌ભુત ઉચ્ચ-જ્ઞાનાભ્યાસની વિશાલ-ભૂમિકાના સર્જન ઉપરથી તેના પાયામાં પૂ. ચરિત્રનાયકશ્રીએ રેડેલ પ્રેરણાનું વજન-બળ અનુમાનિત થાય છે.

એકંદરે **મણિભાઇ**ના ધાર્મિક-વ્યાવહારિક, આધ્યાત્મિક અને નૈતિક જીવનના ઘડતરમાં પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ રૂપે પૂ. ચરિત્રનાયકશ્રીએ ખૂબ જ ફાળો આપ્યો હોવાનું તે વખતના મળી આવેલ નકકર-પુરાવાઓથી સમજાય છે.

એમાં વળી કુદરતી-સંકેત પ્રમાણે ભાવિયોગે વિ. સં **૧૯૪૩**ના **આસો સુદ ૧૨**ના રોજ ખૂબ જ ટૂંકી નજીવી-માંદગી ભોગવી આયુષ્યની દોર જ જાણે અલ્પ હોય તેમ **મહાકુંવરબેન**નો સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો અને **મણિભાઈ** વિધુર બન્યા.

આ પ્રસંગે લાગણીવશ બનેલ મોટાભાઈની ડોલી ઉકેલ વિવેકબુદ્ધિના સદને ટકાવી રાખવા **મગનભાઇ**એ પિતા-તરીકેની આશ્વાસન આપવાની ફરજ ઉપરાંત શ્રાવક તરીકે સચોટ દાખલા-દૃષ્ટાંત દ્વારા સંસારનું આગવું રોમાંચક ચિત્ર કલાકોના કલાકો સુધી **મણિલાલ**ને પાસે બેસાડી સમજાવવા રૂપે પોતાનું આદર્શ-કર્તવ્ય અદા કરેલ.

આના પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રીનો પણ સૂતેલ આત્મા જાગૃત થવા લાગ્યો અને પિતાજીની વેધક, જોશીલી અને માર્મિક ભાષાની ઉદાત્ત-શૈલીમાં રજુ થયેલ સંસારના નગ્ન-ચિત્રને નજર સામે લાવી શકયા અને જીવનનો રાહ ચોક્કસપણે શોધી શકયા.

વળી મોટાભાઇની મોહ-વિકલ દશા પરમ-હિતકારી આદર્શ શ્રાવક-રત્ન **મગનભાઈ**ની ઓજસ્વિની હિતકર-વૈરાગ્યભરી વાણીથી પલટાઇ ગઇ, તેમ જ્યાં શ્રીમંત-કુળના નબીરા હોઇ દિવાળી લગભગ પ્રતિષ્ઠિત-કુટુંબોમાંથી ઘર બેઠે ફરી પરણવા માટે સુયોગ્ય-કન્યાઓના માતા-પિતા તરફથી દબાણ **જમનાબેન** અને મામા વગેરે સ્વજન-વર્ગ મારફત **મણિભાઇ** ઉપર આવવા લાગ્યું.



પણ તે અવસરે **મગનભાઈ**ના હિતકર તાત્વિક-ઉપદેશ અને નાના છતાં આધ્યાત્મિક દૃષ્ટિએ અંતરના વધુ-ઉઘાડવાળા ભાઈ **હેમચંદ**ની ભવ્ય-ધાર્મિક પ્રેરણા વડે કેળવાયેલ વિવેક બુદ્ધિની સરાણ ઉપર સુદૃઢ થવા પામેલ વૈરાગ્ય-બળે **મણિભાઇ** સંસારી-સુખને મધ-ચોપડેલ તલવારની ધાર ચાટવા સમું સચોટ રીતે વર્ણવી પોતાની પરિપક્વ વિરાગ-દશાનું સાચું સાહજિક દર્શન કરાવતા.

આ ઉપરથી પૂ. ચરિત્રનાયકશ્રીના અંતરમાં વિવિધ-રીતે સંસારના કારાવાસની પ્રતીતિ વધુ સુદૃઢ બનવા પામતી.

આ ઉપરાંત વીતરાગ-પ્રભુની પૂજા વખતે સર્વ પ્રથમ કરાતી **જલપૂજાનું** રહસ્ય બાપુજી પાસેથી અને જ્ઞાની-ગુરૂ મહારાજ પાસેથી જાણવા મળ્યું કે—

"સંસાર રૂપ મહેલના સ્નાનાર્થે પાયા તરીકે **કાચું પાણી, અગ્નિ,** અને **સ્ત્રી**માંથી સૌથી વધુ અગત્યના કાચા પાણીનો વપરાશ સર્વથા છુટી જાય, તેવા આદર્શ સંયમી-જીવનનો કરાર જાણે પ્રભુ-પૂજા વખતે પ્રભુના દિવ્ય-શક્તિ નિધાનરૂપ નવ અંગ ઉપર સંસારની વાસનાઓના સર્વ-ત્યાગના સંકલ્પના બળરૂપે **જલપૂજા** દ્વારા વિવેકીએ કેળવવાનું હોય છે."

આ જાણ્યા પછી પૂ. ચરિત્રનાયકશ્રીને વીતરાગ-પ્રભુની અષ્ટ-પ્રકારી પૂજા પૈકી જલપૂજા ખૂબજ પ્રેરણાદાયી લાગતી અને ઉલ્લાસપૂર્વક જલપૂજાની વિધિ આચરી સંસારના કેદખાનામાંથી છૂટવાના ભાવને સુદૃઢ બનાવી શકતા.

આ પ્રમાણે સામાયિકમાં શાસ્ત્રવાચન-શ્રવણમાં, પૂ. ત્યાગી-સંયમી સાધુ-ભગવંતોના સંપર્કમાં અને પૂ. પિતાજી સાથેની ધાર્મિક વાર્તા-ગોષ્ઠીમાં સંસારની અસારતા પ્રત્યક્ષ રીતે પૂ. ચરિત્રનાયકશ્રી અનુભવી તેમાંથી છૂટવા માટે તત્પરતા કેળવવા યોગ્ય-ગવેષણાના પંથે બુદ્ધિ-માનસને વાળવા પ્રયત્ન કરવા લાગ્યા.

આમ છતાં ધર્મભાવના અને ધર્માચરણથી રંગાયેલ **ભાઈ હેમચંદ** ઘણીવાર સંસારની અટપટી-વ્યાવહારિક-જંજાળોમાં સામાણીના, તથા તેના વિરસ-વિપાકની વિચારણામાં ગૂંચવાઈ જતા, જેનો ઉકેલ પૂ. પિતાજીની પાસેથી અવસરે મેળવવા પ્રયત્ન કરતા, તેમ છતાં તત્ત્વજ્ઞાનની કેટલીક વાતોની **મૌલિક**-સમજૂતી નાની-ઉંમરના કારણે યોગ્ય-રીતે ન મેળવી શકવાથી ક્યારેક મનમાં ખૂબ અકળ-વિકળ દશા અનુભવતા.

એટલે સામાયિકની ઓરડીમાં રહેલ પૂ. બાપુજીના ગુરૂજીના ચિત્રમાં જણાતી અદ્‌ભુત મુખાકૃતિ અને તેમાંથી ઝળકતી જ્ઞાનની અપૂર્વ-પ્રતિભાથી આકર્ષાઈ "બાપુજીના ગુરૂજી તે મારા પણ ગુરૂજી" એમ કરી પૂ. **ઝવેર સાગરજી** મ. પ્રતિ હાર્દિક-લાગણીના બળે હૈયાના ભાવોને શાંત કરવા ચિત્રની સામે બહુમાનપૂર્વક ભક્તિ-વંદના કરી આલેખિત-ભાષામાં યોગ્ય-માર્ગ-દર્શન મેળવવાની ચેષ્ટા કરતા.

પુરવણી નિ. સં. ૧૯૯૧ના મહા મહિને પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ઉદેપુર (મેવાડ) તરફ વિહાર કરતાં **કપડવંજ** પધારેલા, ત્યારે પૂ. બાપુજી સાથે દર્શન, વંદન, વ્યાખ્યાન–શ્રવણનો લાભ મળ્યો હતો અને મન પર તેમના વ્યક્તિત્વની અને સચોટ ઉપદેશની એવી ગંભીર છાપ પડેલી, જેથી કે હૈયાના ભાવોને પત્ર દ્વારા પૂ. શ્રી સમક્ષ રજૂ કરવા ભાઈ **હેમચંદ** પ્રવર્તેલા, અને પરમ–કરુણા–સંપન્ન આગમિક–પદાર્થોને પચાવી યથાર્થ–ગીતાર્થતાને વરેલા **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** પાસેથી પોતાની તાત્ત્વિક રીતે અણસમજભરી છતાં વ્યાવહારિક–રીતે તરણ–તારણહાર તરીકે સ્વીકારેલ પૂ. ગુરુભગવંત પાસેથી મનમાં ગૂંચવાતી બાબતોનો યોગ્ય ઉકેલ મેળવવા સફળ પ્રયત્ન કરતા.*

---

* જુના સંગ્રહમાંથી પૂ. ચરિત્રનાયકશ્રીએ **પૂ. ઝવેરસાગરજી** મ. ઉપર લખેલ આવા બે પત્રો મળી આવ્યા છે.

(૧) "**સ્વસ્તિશ્રી પાર્શ્વજિન** પ્રણમ્ય શ્રીમતિ મહાશુભસ્થાને શ્રી **ઉદયપુર** નગરે સર્વોપમાલાયક, મહામુનિરાજ, મારા કુટુંબના તારણહાર, શિરછત્ર, પૂ. **ઝવેરસાગરજી** મ. ની પવિત્ર સેવામાં —

લી. ચરણસેવક **હેમચંદ મગનલાલની** ૧૦૦૮ વાર દિન પ્રતે વંદના અવધારશોજી.

આપશ્રીના શરીરે શાતા હશે, અહીં ધર્મપસાયે અને આપ જેવા ગુરુમહારાજના પ્રતાપે ક્ષેમકુશળ છે.

વિ. આપના મુખારવિંદના દર્શન બે વર્ષ પૂર્વે અહીં થયેલ, તે પૂર્વે પણ બાપુજીની સામાયિકની ઓરડીમાં આપના ચિત્રમાં ઝળકતી અપૂર્વ–વદનપ્રતિભાથી નાનપણથી જ આકર્ષણ થયેલ, પણ પ્રત્યક્ષ દર્શન કર્યા પછી તેમજ કેશરીસિંહની ગર્જના જેવી ઉદાત્ત–ગંભીર આપની સુમધુર ધર્મદેશના સાંભળ્યા પછી તો જીવ આપનામાં જ રમે છે, આપ જેવા તારકગુરુદેવશ્રીના સતત સમાગમમાં રહેવાની તીવ્ર તમન્ના છે.

મારા બાપુજી અવારનવાર આપના અનેકવિધ ઉપદેશામૃત–ભરપૂર પત્રો વગેરેના આધારે આપની તાત્ત્વિક વાણી–સુધાના મીઠા–મધુર ઘુંટડા પીવડાવે છે.

દેવોને પણ દુર્લભ આ માનવ જીવનની સફળતા આપ જેવા સદ્‌ગુરુના ચરણોમાં બેસી સંસારના છકાયના આરંભ–સમારંભના કૂટામાંથી છુટી વિશિષ્ટ રીતે સંયમી–જીવન કેળવી સર્વ–જીવોને અભયદાન આપનારી જીવનચર્યામાં છે.

હે તરણતારણહાર ! કૃપાળુ ગુરો ! કંઈક એવું માર્ગદર્શન બતાવો ! સંસારના કારમા બંધનો મને ન સતાવે ! દેવ-ગુરુકૃપાએ જલ્દીથી હું પ્રભુશાસનના સંયમના પંથે ધપી જાઉં !

મારા મોટા ભાઈના લગ્ન થઈ ગયાં છે. મારા પણ વેવિશાળ થવાની તૈયારીઓ ચાલુ છે, બાપુજી તો મારા જીવનને પ્રભુશાસનના પંથે ધપાવવા માટે ખૂબ સહયોગ આપે છે. પણ માતાજી ખૂબ ધર્મિષ્ઠ–આરાધક છતાં મને સંસારના કારાવાસમાંથી છોડાવનારી દીક્ષા માટે ખૂબ જ કંતરાજી દર્શાવે છે.

સાંભળ્યા મુજબ તુર્તમાં વેવિશાળ કરી લગ્નની બેડીમાં મને જકડી દેવાની યોજના માતાજીએ ગોઠવેલ છે.

(પૃ. ૨૫૦નું ટિપ્પણ ચાલુ)

તેથી મારા પાપનો ઉદય હશે ! અને હું સંસારના બંધનમાં ન ફસાઉં ! તેવો કોઈ માર્ગ બતાવશો !!!

માતા–પિતાને પરમારાધ્ય ગણી તેઓની આજ્ઞા શિરોધાર્ય કરવી એમ સામાન્યથી કહેવાય, પણ આ રીતે મોહના પાશમાં ફસાવવા માટેની થતી તેઓની પ્રવૃત્તિને આવકારવી ? કે શું કરવું ? તે મૂંઝ છે !!!

આપશ્રી યોગ્ય માર્ગદર્શન જરૂર આપશોજી ! મારે બીજી પણ કેટલીક વાતો–" આત્મા સંસારમાં કઈ રીતે, શા માટે કર્મ બાંધે છે ! કર્મ જો આપણને દુઃખી કરતું હોય તો દુઃખ આપનાર તે કર્મને આપણે બાંધીએ જ કેમ ?" વગેરે મૂંઝવણભરી બાબતો પૂછવી છે, કે જે ફરીથી કયારેક પત્રમાં લખી જણાવીશ.

હાલ તો આપ મારા જીવનના ઉદ્ધારક બની લગ્ન–જીવનના લપસણીયા–પંથે જવાના બદલે સંયમના ઉદાત્ત અને એકાંત–હિતકર રાજમાર્ગ પર આવી શકાય, તેવો કોઈ સફળ–ઉપાય જણાવવા તસ્દી લેશો.

આપનો હું ભવોભવ ઋણી રહીશ.

આપના સંયમની, જ્ઞાન–ક્રિયાની ભૂરિ–ભૂરિ અનુમોદના સાથે અલ્પમતી મારાથી કંઈ અજુગતું પત્રમાં લખાયું હોય કે અવિવેક થયો હોય તો તે બદલ વારંવાર ક્ષમા માંગું છું, અને સાથે આપના દર્શનની તીવ્ર અભિલાષા–ઝંખના ધરાવતો આપના પત્રની પ્રતીક્ષા સાથે વિરમું છું."

સં ૧૯૮૩ માગશર સુદ ૬ લી **હેમચંદ મગનલાલની** ૧૦૦૮ વાર વંદના "

(૨) " xxxxx આપને એક પત્ર થોડા દિ' પૂર્વે લખેલ તે મળ્યો હશે.

વિ. આ દરમ્યાન આપશ્રીનો મારા જેવાને પ્રભુશાસનના પંથે વાળવા ઉપયોગી–હિતશિક્ષા આપતો પત્ર પૂ. બાપુજીદ્વારા મળ્યો, વાંચી ખૂબ આનંદ થયો.

માગ. સુ. ૭ ના રોજ લખેલ પત્રમાં મારી હૈયાની વેદના હાલવી છે, તે અંગે કૃપા કરી યોગ્ય માર્ગદર્શન આપશો.

વળી ખાસ નમ્ર વિનંતિ કે આ સંસારની પ્રવૃત્તિઓમાં ડગલે–પગલે અજયણા–જીવહિંસા આદિ અનેક પાપો કરવા પડે છે, આમાંથી છૂટાય કઈ રીતે !

આપના સંપર્કથી અને પૂ. બાપુજીની હિતકર–પ્રેરણાથી સંયમપંથે જવાની ઉત્સુકતા ઉપજી છે, પણ તેનું મૂર્તસ્વરૂપ મેળવવા દિશાસૂઝ નથી.

યોગ્ય માર્ગદર્શન આપશોજી આપ તો જાણકાર છો. સેવક યોગ્ય શિક્ષામણના બે બોલ જરૂર લખી મોકલવા તસ્દી લેશોજી xxxxx સં. ૧૯૪૩ ના માહ સુ. ૩ "

આ પત્રો પૂ. ચરિત્રનાયકશ્રી બાર–વર્ષની નાની વયે પણ કેવો વિવેકબુદ્ધિ ! કાગળ લખવાની છટા કેવી અદ્ભુત ! પૂ. ગુરૂદેવ પ્રતિ વિનયભરી કેવી ઉદાત્ત લાગણી ? વગેરે જણાવવા સાથે અંતરમાં ઘુંટાતી ભવવાસ–વિષમતા અને સંયમ–સ્વીકાર માટેની કેળવાતી તમન્નાનાં વિરલ–દર્શન કરાવે છે.



પ્રકરણ-૧૩

પૂ. ચરિત્રનાયકશ્રીના વૈરાગ્યની કસોટી

મંગળકારી **શ્રી** વીતરાગ પરમાત્માના શાસનની માર્મિકતાને પારખી યથાયોગ્ય રીતે જીવનને તેની છત્રછાયા તળે લાવવા મથી રહેલા **શ્રી ભગનભાઇ ભગત**ની લાક્ષણિક વિવિધ ધર્મપ્રવૃત્તિઓથી પૂ. ચરિત્રનાયકશ્રી એવા ઉત્કટ વૈરાગ્યની ભૂમિકાએ પહોંચેલા કે ટૂંક સમયમાં જ સંસારના વમળમાંથી બહાર નીકળવા ફૂદકો મારી શકત ! વળી ભાગ્યયોગની પ્રબળતાથી પુણ્યવતી **શ્રી જમનાબહેન**ના આદર્શ-શ્રાવિકા તરીકેના સંસ્કારો પૂ. ચરિત્રનાયકશ્રીના ગર્ભકાળથી વિકાસોન્મુખદિશામાં આગેકૂચ કરી રહ્યા હતા, પણ પૂ. ચરિત્રનાયકશ્રીના વય-વિકાસની સાથે અંતરંગ અશુભ મોહના દબાયેલા સંસ્કારો ફરીથી માથાભેર થઈ માતૃવાત્સલ્ય, લૌકિક રીતે પુત્રને સુખી કરવાની કલ્પના અને સ્વજન વર્ગના વિવિધમુખી દબાણ આદિથી **હેમચંદભાઈને** આંખની કીકી અને કાળજાની કોર જેમ સાચવવાના વિચારોમાંથી વિકૃત ભૂમિકાનું સર્જન કરી રહ્યા.

તેના પરિણામે **જમનાબહેન** લાડીલા **હેમુને** સુંદર રૂપવતી, ગૌરાંગ-સુકોમળ, કુલીન-કન્યા સાથે પરણાવી શ્રીમંતાઇના ફળ રૂપે વિવિધ વિષય-વાસનાના ઉપભોગમાં પોતાનો પુત્ર ગળાડૂબ રહે-આદિ ભાવનાઓને પરવશ બન્યાં.

ભગનભાઇ ભગત જમનાબહેનની વિચાર-વિક્રિયાને પારખી માનસિક રીતે અસંતુષ્ટ બન્યા કે "મારી સંયમ સાધના માટેની ભાવી સ્વપ્ન-સૃષ્ટિની કલ્પના કદાચ શૂન્યરૂપ ન લઇ લે !"

ખૂબ જ અંતરંગ-ભાવ-જાગૃતિ સાથે **મગનભાઇ** પ્રભુ-પૂજામાં, વીતરાગ-પ્રભુની ભક્તિમાં અને શ્રી નવકાર મહામંત્રના જાપમાં તલ્લીન થઇ રહ્યા કે **"મારા મોહના આવરણો દૂર ખસવામાં શ્રાવિકા અવરોધક ન બને! શ્રાવિકાનું પણ તેમાં કલ્યાણ નથી"**

"ગમે તેમ કરી શ્રાવિકા મારા સંયમી-જીવનના મનોરથોની પૂર્તિમાં સહયોગી કદાચ ન બને તો પણ અવરોધક ન બને!" એવી મંગળભાવના **મગનભાઈ** ખૂબ જ હાર્દિક તમન્ના સાથે સદ્દઢ રીતે ભાવી રહ્યા.

જમનાબહેન હવે કયારેક **મગનભાઇને** છંછેડાઇને કહેતાં કે -"છોકરાઓને ત્યારે ને ત્યારે -'સંસાર અસાર છે!' 'વિષયો ઝેર જેવા છે!' 'પરણવું એટલે બંધનમાં ફસાવું!' 'સંયમ-દીક્ષા લેવામાં જ આ જીવનનો સાર છે' ....આદિ સુફીયાણી વાતો કયાં સુધી કહેશો!

"છોકરાઓને વ્યવહારૂ જીવન જીવતાં શીખવો! પરણી-લગ્ન કરી વહુઓના મ્હોં જોઇ મને હવે ઘરપત લેવા દો! આમ એકલા વૈરાગ્યના ઉપદેશોથી બાળકોને બાવા બનાવી દેવા છે કે શું?....."

આદિ આદિ વાક્યોથી વડે **જમનાબહેન** શ્રાવિકા-તરીકેની ફરજમાંથી ધીરે ધીરે મોહની વિકળતા તરફ ધપી રહ્યાનું સૂચન કરવા લાગ્યા.

મગનભાઈ પ્રથમથી જ કૌટુંબિક જવાબદારીમાં બહું ઊંડું માથું મારતા જ નહીં, એટલે સાહજિક ઔદાસીન્ય કેળવી **મગનભાઇએ જમનાબહેનને** કહ્યું કે—

"આપણે આ સંસારના કીચડમાં ફસાઈ ગયા પણ માસૂમ આ બાળકોને આપણે જાણીને વિષય, વાસનાની સળગતી ભઠ્ઠીમાં ઉતારવાની કાં ઉતાવળ કરીએ!"

જરા! શ્રાવિકા તરીકે તારી કૂખે જન્મેલ સંતાનના ભાવી હિતનો તો વિચાર કર! હજી બાળકો કાચી વયના છે! શાં ઉતાવળ છે?" વગેરે.

જમનાબહેને આ સાંભળી મનમાં ગાંઠ વાળી કે "ભગત તો આખરે વેદીયા જ રહેવાના!' તે કંઈ સંસારની જવાબદારી સમજે તેમ નથી લાગતું! માટે બીજા સ્વજન-વર્ગનો સહકાર લઇ સારા-સારા ઘરોમાંથી કંકણ આવે છે તો **મણીલાલને** જેમ સમયસર પરણાવી ઘરની શોભા વધારી, તેમ લાડીલા **હેમચંદને** પણ સુંદર-રૂપવંતી આનદાન કન્યા સાથે પરણાવી મારા હૈયાના કોડ અરમાન પૂરા કરી લઉં! ભગતના ભરોસે કંઇ દિ'વળે તેમ નથી."

પછી **જમનાબહેને** સ્વજન વર્ગના સહકારને સાધી **હેમચંદનાં** વેવિશાળ કરવા ખટપટ શરૂ કરી.

ભાઇ **હેમચંદને** આ વાતની જાણ થતાં જ માતાજીને પગે લાગી નમ્ર ભાવે આરજુ કરી કે—

—"બા ! આપ તો મારા હિતેચ્છુ–વડિલ છો, હું તો આપનો સેવક છું, આપની આજ્ઞા શિરોધાર્ય કરવી તેમાં જ મારૂં કલ્યાણ છે.

પણ વ્યવહારની પ્રધાનતાએ તો સંસારી–જીવન અનેક–ભવની પરંપરા વધારનાર નીવડે છે ! આદર્શ–શ્રાવકકુળની પ્રાપ્તિ અને જિનશાસનની સફળ આરાધના માટેની તૈયારી પૂર્વના પ્રબળ–પુણ્યયોગે મળી છે, તો આંતરિક–આત્મશુદ્ધિના લક્ષ્યને નજર સામે રાખી ત્યાગ–વૈરાગ્યના પંથે જીવનને સફળ બનાવવાના રાહે મને જવા દો ને બા !"

"આપના જેવી આદર્શ–શ્રાવિકાની કૂખે જન્મ લઇને જન્મ-મરણના ફેરા ટાળવાની સફળ કૂંચીરૂપ ત્યાગધર્મ–સર્વવિરતિનો અંગીકાર ન કરી શકું તો મારૂં જીવતર લેખે ન ગણાય બા ! ઉતાવળ ન કર ! મને મારા હિતના પંથે જવા દેવા માટે અંતરના આશિષ આપ !" વગેરે કાકલુદી ભરી વિનંતિ નમ્રભાવે કરી.

જમનાબહેને વળતાં કહ્યું કે –"બેટા ! હેમુ ! તારી વાતો બધી સાચી ! પણ તું હજી કાચી વયનો અને કુમળી બુદ્ધિનો છે, તારા બાપુજીની વાતોથી તું ભરમા મા ! એ તો ભગત છે. દુનિયાદારીમાં કંઇ રસ લેવા તૈયાર જ નથી ! એમના હિસાબે તું અત્યારથી સાધુ થવાની ઘેલછામાં કાં પડ્યો છે ?"

"સાધુપણું એ કંઈ છોકરાના ખેલ નથી ! ખાંડાની ધાર પર ચાલવાની અખંડ નેમ જાળવવાની જેમ પ્રભુ આજ્ઞાને જીવનમાં સક્રિય બનાવવા અંગેનાં તત્પરતા ભલભલા પ્રૌઢવય–વાળા પણ ન કેળવી શકે તેવું સાધુપણું કાચા પારાની જેમ પચ્ચાવવું–નભાવવું, ખાંડાના ખેલ છે બાપુ !" આદિ.

હેમચંદભાઈએ બાની વાતો સાંભળી અવસર વિચારી ગમ ખાઈ તે વખતે વાત જવા દીધી,

થોડા દિવસ રહીને ફરીથી પોતાના (મામાના છોકરા) ભાઇ સાથે બાને સંદેશો પહોંચાડ્યો કે –"હું સંસારની કેદમાં ફસાવા નથી માંગતો, વ્યવહારના બંધનો ફગવી દઈ અંતરની શુદ્ધિ માટે પ્રભુશાસનના સંયમના પંથે હું તો ચાલ્યો જવાનો છું." આદિ.

વેવિશાળની વાતો જ્યાંથી આવતી ત્યાં પણ ભાઈ **હેમચંદે** લાગતા–વળગતા દ્વારા બાપુજીના મૂક–સહકારથી કહેવડાવી દીધું કે –"તમે જોઇ–સમજીને પૂરો વિચાર કરીને પગલું ભરજો ! હું સંસારથી છૂટી ટુંક–સમયમાં પ્રભુશાસનની દીક્ષાના હિતકારી–પંથે જવાનો છું ! તે વાત ચોકઠેસ જાણજો."

આમ બધી બાજુ ભાઇ **હેમચંદે** પોતાની વાત ફેલાવી દીધી, કે જેથી સ્વજન વર્ગમાં ઉહાપોહ પણ જાગ્યો કે—

"ભલું પૂછો ! આ તો ભગતના દીકરા છે ! ભગત અંદરખાનેથી સંમત લાગે છે, વેવિશાળની વાતમાં ભગત તો કંઇ ભાગ લેતા નથી ! ભગતના મૂંગા–સહકારથી જ આવું નાનું ગાભરૂં–બચ્ચું પણ આવી હિંમતથી–રૂઆબથી સંસાર છોડવાની વાત રજુ કરે છે ! તે ખીલાના જોરે વાછરડાના કુદકાંની જેમ ભગતની પ્રેરણા અંદરખાને હશે જ !"

પણ વળી કોઈ કહેતું કે "એતો કાચી વયના સગીર–ઉંમરના બાળકોને જેવું શીખવાડો તેવું બોલે અને વર્તે ! પણ આ સંસારની મોહક–માયાનો વાયરો જરા વાય ! એટલે જુઓને ! ભલભલાના છક્કા છૂટી જાય તો આ નાનું માસુમ બચ્ચું શા વિસાતમાં ?"

"માટે હવે બહુ લાંબું ખેંચ્યા વિના ઝટપટ વેવિશાળનું કરો ને ? ગળે જોતરૂં નાંખી દ્યો ! એટલે એની મેળે ગોધાના ઉધમાત ઠંડા પડે, તેમ બાળકની કાચી–બુદ્ધિના ઉત્પાત ઠંડા થઈ જશે"

એટલે **જમનાબહેને** સ્વજનવર્ગના સહકારથી **કપડવંજ** નિવાસી, સુખી–સમૃદ્ધ અને શ્રીમંત તરીકે પ્રખ્યાત **શા. રાયચંદ શાંતિદાસ**નાં સુપુત્રી **માણેકબહેન** સાથે વૈ. સુ. ૩ ના ધામધૂમથી ભાઇ **હેમચંદના** તેમની ઇચ્છા–વિરૂદ્ધ પણ જેમતેમ સમજાવી–પટાવી નાની–વયના કારણે માતૃવાત્સલ્યના પ્રવાહમાં ખેંચી ધામધૂમથી વેવિશાળ કર્યાં અને વૈશાખ સુ. ૭ ના લગ્ન પણ મહોત્સવપૂર્વક સુંદર કુલીન રૂપવંતી–કન્યા સાથે કુલાચાર અને જ્ઞાતિના રીત–રિવાજ તથા કુટુંબના મોભા પ્રમાણે મુક્તમનથી હોંશે હોંશે લગ્ન કરાવી પોતાની વ્યાવહારિક ફરજ અદા કર્યાનો સંતોષ માન્યો.

આ બધી બાબતમાં **મગનભાઇ 'ભગત'** તરીકે શરૂઆતમાં તટસ્થ રહ્યા, પણ છેવટે ઘરના વડિલ તરીકે અને પુણ્યવાન્ પોતાનો પુત્ર પ્રભુશાસનના પંથે જવાની યોગ્યતા ધરાવતો છતાં પૂર્વ તૈયારીની બાબીએ કદાચ સંસારી–જીવનમાં પગલા માંડતો હોય તો તેમાં પણ કુલાચારની મર્યાદા પ્રેમાણે રંગરાગ અને મોહક–વાતાવરણને ઉપજાવનાર લગ્ન–પ્રસંગે કરાતી અનેક–પ્રવૃત્તિઓમાં જીવનનું લક્ષ્ય ચૂકી ન જાય તે શુભ આશયથી **જમનાબહેને** ગોઠવીને નક્કી કરેલા લગ્ન પ્રસંગે અથ થી **ઇતિ** સુધી દરેક સામાજિક–કૌટુંબિક પ્રવૃત્તિઓમાં ખર્ચ સામે ન જોતાં સામાજિક–બંધારણના પાયામાં રહેલ નીતિ અને સદાચારના તત્ત્વોની પરખ સાથે પોતાના પુત્રને વિષયોના ઉન્માદથી ઉપસ્થિત ભયંકર–અનર્થકારી અસત્–પ્રવૃત્તિઓમાંથી બચવાની માર્મિક–પ્રેરણા આપવાના લક્ષ્યની સાથે ઉમંગથી ભાગ લીધો.

જ્ઞાતિ અને સમાજની દૃષ્ટિએ **મગનભાઈએ** આ પ્રસંગે પિતા તરીકે બધી જવાબદારી

અદા કરવાની સાથે સાથે શ્રાવક તરીકે પણ લગ્નની અનેકવિધ-પ્રવૃત્તિઓમાં ગૂઢપણે છૂપાયેલ આર્યસંસ્કૃતિના બીજકો તરફ ભાઈ **હેમચંદ**નું ધ્યાન ખેંચી પરંપરાએ આર્યસંસ્કૃતિ-ત્યાગમાર્ગ તરફ જ જીવનનો વળાંક વાળવાનું લક્ષ્ય દોરી વિવેકપૂર્વક જીવન જીવવા માટેની હિતકર-શિક્ષાઓ ભાઇ **હેમચંદને** લગ્ન પ્રસંગે પણ **મગનભાઈએ** આપેલ.

જેના પરિણામે ભાઈ **હેમચંદને** લગ્ન જેવા એકાંત ભોગ-વિલાસના પ્રતીક રૂપ અને મોહની ઘેલછા ભર્યા પ્રસંગે પણ સમવયસ્ક ભાઇબંધ-દોસ્તોની વિવિધ વિષયોત્તેજક-પ્રેરણાઓ છતાં ઉન્માર્ગ તરફ પોતાની વૃત્તિઓને જતી અટકાવી શકેલા.

આ રીતે ભાઇ **હેમચંદ** ભવિષ્યના વિશિષ્ટ-ઉત્તમ કોટિના મહાપુરૂષ બનવાની લાયકાત ધરાવતા છતાં કર્મના સંસ્કારોના દબાણથી પાંજરે પડેલ સિંહની જેમ લગ્નના બંધનમાં દેખીતી રીતે ફસાયા છતાં અંતરથી ખૂબ જાગૃત હતા.

અવાર-નવાર પત્ની તરફથી, માતાજી તરફથી, બીજા સ્વજનવર્ગ તરફથી છેવટે શ્વસુર પક્ષ તરફથી પણ મીઠા, તીખા અને કડવા શબ્દોથી સંસારની પ્રવૃત્તિઓમાં જોડાવા, દુકાને બેસવા, પૈસા કમાવા અમન-ચમન કે મોજશોખ ભર્યું જીવન જીવવા ટકોરો થતી.

પણ તત્ત્વદૃષ્ટિને વરેલા ભાઈ **હેમચંદ** સહુની વાતો શાંતિથી સાંભળી લેતા, મનમાં ભાવદયા ચિંતવતા કે—"બિચારા ! માત્ર સંસારી રીતે જ આ બધા વાતો કરે છે ! અંતરંગ આત્મશુદ્ધિના લક્ષ્યથી શ્રાવકકુળની મહત્તાને નજર સામે રાખી કર્ત્તવ્યનિષ્ઠાના માર્ગ તરફ કોઇની નજર જતી નથી ! શું થાય ! કર્માધીન સૌ જીવો છે !"

"આટલુંય સારૂં છે કે સહરાના રણમાં મીઠી વીરડીની જેમ પૂ. બાપુજી શિરછત્ર રૂપે સંસારની મોહમાયાથી અળગા થવાની હિતકારી બાબતની રજુઆત કરી તે પંથે આગળ ધપવા મને વિવિધ પ્રેરણા અને સફળ ઉપાયો સૂચવે છે."

"કે જેથી કાચી વય-સમજણનો ગેરલાભ લઈ ભવની દિશામાં મારૂં જીવન જવા પામતું નથી ! આટલો પણ મારો તીવ્ર પુણ્યોદય છે."

"હવે તો ગમે તેમ કરી સંસારના બંધનો વળગ્યા છતાં કમળમાં કેદ થયેલ ભમરાની જેમ વાસનાનાં વળગણ ફગાવી દેવાની આંતરિક-શૂરવીરતા દેવ-ગુરૂકૃપાએ શીઘ્ર પ્રાપ્ત થાય ! તે ઇચ્છનીય છે."

"તત્ત્વનિષ્ઠા અને વિવેકભરી સમજણ સાથે કરાતા મંગળ સંકલ્પો પૂર્ણ થવામાં શાસનદેવ જરૂર સહયોગી બનશે જ !"

卐



પ્રકરણ-૧૪

પૂ ચરિત્રનાયકશ્રીના વૈરાગ્યનું વિશિષ્ટ ઘડતર

વીતરાગ-પ્રભુના શાસનની અપૂર્વ-નિષ્ઠા અને તાત્ત્વિક-સમજણ પિતાજી પાસેથી અને સાધુ-ભગવંતોના ઉપદેશાદિથી પૂર્વપુણ્યયોગે સહજરૂપે મેળવીને પ્રબળ વિવેક-સંપન્ન બનેલા પૂ. ચરિત્રનાયકશ્રી પૂર્વભવની પ્રબળ-આરાધનાબળે જન્મ-જાત વૈરાગી છતાં સાહજિક રીતે એક પછી એક એવા વિશિષ્ટ-કારણોનો સહયોગ મેળવતા રહ્યા કે જેના પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રીનો વૈરાગ્ય વધુ સુદૃઢરીતે કેળવાતો ગયો.

પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રી પૂ. પિતાજી દ્વારા સતત ધર્મજાગૃતિ મેળવવા છતાં જોઈએ તેવી વૈરાગ્યની ભૂમિકા માતૃવાત્સલ્યના મધુરા પ્રવાહના ખોટા ખેંચાણથી સુદૃઢ ન કેળવી શકવાથી ભાવી-નિયોગે લગ્નના બંધનમાં ફસાયા છતાં અંદરની તત્ત્વદૃષ્ટિ અને સંસારની વિષમતાની સમજણ ટકાવી શકયા હતા.

જેથી વેવિશાળ અને લગ્ન પ્રસંગે અપૂર્વ આત્મખેમ સૂચવતા ભવનિર્વેદ-નીતરતા વેધક શબ્દોથી વ્હાલી માતાજી તથા શ્વસુર પક્ષ આદિ સર્વ સ્વજનવર્ગ સમક્ષ પણ પોતાના અંતરમાં રમી રહેલ વૈરાગ્ય-ભાવને પ્રકટ કરી શકયા હતા.

મગનભાઈ તો આ સાંભળી ખૂબ જ હર્ષિત થયેલ, પણ વ્યવહાર-કુલાચાર, લૌકિક પ્રતિષ્ઠા આદિના દબાણને પરવશ બની વધુ કંઈ બોલી નહીં શકેલ, માત્ર સમય મેળવી એકાંતમાં

કહેલ કે "ભાઈ ! આ તો સંસાર છે, પોતે પડે અને બીજાને પાડે ! જગતની ચાલે ચાલવામાં તો આત્માનું નિકંદન જ નિકળે ! પણ શું થાય ! મારી જ મોહ-પરવશતા પ્રબલ છે, જાણવા-સમજવા છતાં આ કીચડમાંથી બહાર નિકળી શકતો નથી, તમને બંનેને સદ્‌ગુરૂએ સંબોધેલ જીવન-શુદ્ધિનો હિતકર સર્વવિરતિનો માર્ગ ચીંધવાની મારી ફરજ મેં અદા કરી છે, પણ મારા ટાંટીયા જ ઢીલા હોઇ હું વધુ દબાણથી તમને પ્રેરણા આપી નથી શકતો."

"તેમ છતાં અંતરંગ-આત્મહિતની સાધનાના માર્ગે તમારી પ્રબળ તૈયારી જે દિ' થાય તે દિ' સઘળી રીતે તમને સહાયક થવા તૈયાર છું !"

હાલ તો તમારા માનસ પર માતાનો મોહ માતૃપ્રેમના રૂપે કબજો જમાવીને બેઠેલ છે, એટલે અંદરથી પ્રબળ-વીર્યોલ્લાસ કે દિવ્ય-પુરૂષાર્થની સ્ફૂર્તિ ન આવે ત્યાં સુધી નાટકીયાના ખેલમાં વેષ-પાઠ ભજવવાની જેમ અંતરમાં સન્માર્ગની પ્રતીતિ કાયમ રાખવા સાથે બળતા હૃદયે હૈયાની કમજોરીને નજરમાં રાખી "**समय वर्ते सावधान**" બની ચાલો! બીજો શો ઉપાય ! ! !

"મારે તો તમોને ગમે તે રીતે સંસારના દાવાનળથી અળગાજ રાખવા વિચાર હતો અને છે, પણ **મણિલાલ** માતૃપ્રેમના નામે મોહ-વાસનાના બેંચાણમાં બેંચાઈ સંસારના કારાગારમાં ફસાયો."

"હવે તું પણ અંતરના પ્રબળ-પુરૂષાર્થની જાગૃતિ તાત્કાલિક ન મેળવી શકવાના કારણે ભડભડતી વિષયની આગ તરફ જવા માતૃપ્રેમથી દોરવાઇ તૈયાર થયો છે, પણ હૈયામાં વિવેકનો દીવો જાળવી રાખજે ! ન-છુટકે વૃત્તિઓની પરાધીનતા લેવી પડે ! પણ કર્ત્તવ્યનિષ્ઠા ચૂકતો નહીં ! શ્રાવક-જીવનના લક્ષ્ય-બિંદુ રૂપ સર્વવિરતિની તારકતા ભૂલતો નહીં ! વધુ શું કહું ! હું તો વળગણાંની વિટંબણામાં ફસાયેલ છું, તમોને દુન્યવી-વળગણાંથી સાવચેત કરૂ છું, આદિ...."

પૂ. ચરિત્રનાયકશ્રી પણ છેલ્લા છ-સાત મહિનાથી તારક-શ્રુતજ્ઞાનની મહત્તા, શ્રાવકજીવનની વિરતિમય જીવનમાં સફળતા, દેવદુર્લભ-માનવજીવનની સંસારી-વાસનાઓમાં થતી વેડફામણ આદિ પૂ. સદ્‌ગુરૂઓના સહવાસ-શાસ્ત્રશ્રવણ અને બાપુજી સાથેની તત્ત્વચર્ચા આદિથી સમજાયેલ હોઈ વેવિશાળ અને લગ્નની વાતો જ્યારથી કાને અથડાઈ ત્યારથી હૈયામાં વિચારોનું તુમુલ દ્વન્દ્વ અનુભવી રહ્યા હતા.

પરંતુ અપરિપકવ-વયના કારણે ગત-જન્મની આરાધનાના સંસ્કારોની પ્રબળતાને પૂ. ચરિત્રનાયકશ્રી ઝીલી ન શકયા અને બાપુજી દ્વારા હિતકર-સાધુધર્મને અમલમાં મુકવાની વાત ગળા સુધી ફોવા છતાં ન જાણેકેમ! હેમચંદભાઈ પોતે પણ ચકિત બની રહ્યા-કે જાણે કોઈ શક્તિ દબાવીને પરવશ બનાવતી હોય, તેમ કઠપુતલીના ખેલમાં દોરીથી ચાલતા પુતળાની જેમ

માતાજીના પ્રેમાળ શબ્દો અને હરખઘેલા ચહેરાની સામે કંઈ ન બોલી શકવા અને વેવીશાળ તથા લગ્નની વિધિમાં યંત્રવત્ જોડાઈ ગયા.

વેવિશાળ અને લગ્નના દિવસોમાં રોજ રાત્રે તેમજ એકાંતમાં અને પ્રભુપૂજા વખતે તેમનું અંતર કકળી ઉઠતું, ભારે અશ્રુપાત કરતા અને માનસિક-નિર્બળતા ખંખેરવા માટેના પ્રયત્નો મેળવવા ધમપછાડા કરતા, પણ સંસ્કારવશ તેમાં સફળતા ન મળતી.

એટલે પૂ. ચરિત્રનાયકશ્રી સાક્ષીભાવે અંદર મોહના તત્ત્વો અને ગતજન્મની આરાધના બળે મેળવેલ વિવેક-દૃષ્ટિ વચ્ચે ચાલતા ધમસાણને જોઈ રહેતા, અને અંતરના પોતાના પુરૂષાર્થ દ્વારા મોહના સંસ્કારોને ડામવાની અશક્તિને નિહાળી કિંકર્ત્તવ્ય-વિમૂઢ બની જતા!

કયારેક પ્રભુને ખૂબ આજીજીપૂર્વક પ્રાર્થના કરતા "હે પ્રભો! વીતરાગ! પરમાત્મા! મારા ભવભ્રમણને ઘટાડવા માનવદેહ, આદર્શ-શ્રાવકકુળ, તત્ત્વદૃષ્ટિસંપન્ન-વિવેકી પિતા, જિનશાસનની પ્રાપ્તિ આદિ અનુકૂળ સઘળી સામગ્રી છતાં મારૂં દિનમાન વર્તમાનકાળે સંસાર-વધારનારૂં ચાલી રહ્યું છે, હે કૃપાળો! અંતરથી મોહના સંસ્કારોને નાથવા પ્રબળ-પુરૂષાર્થની પ્રાપ્તિ થાય, એવું બળ મળે તો બેડો પાર થાય! આદિ"

આ ઉપરાંત પ્રભુ વીતરાગ-પરમાત્માને શરણાગત-મુદ્રાએ સમર્પણ-ભાવથી પંચાંગ-પ્રણિપાત કરી સતત વહેતી અશ્રુની ધારા સાથે કાલાવાલા પૂર્વક વિનવતા, પણ ભાવીયોગે વિ. સં. ૧૯૪૩ ના વૈ. સુ. ૭ ના રોજ સંસારના બંધનો પૂ. ચરિત્રનાયકશ્રીને ભમરાને કમળની કેદની જેમ પણ જકડી રહ્યા.

એકંદરે વેવીશાળ-લગ્નનો પ્રસંગ મોહની વાસનાને વધારનારો છતાં આ પ્રસંગે તાત્ત્વિક-વિચારણા, વીતરાગ-પ્રભુની ભક્તિમાં એકાગ્રતા, અનેક મોહઘેલા-કુટુંબીઓની સંસારમાં ફસાવનારી વાકજાળ, હિતેચ્છુ પૂ. બાપુજીની સચોટ તાત્ત્વિક હિતશિક્ષા આદિ નિમિત્તો પૂ. ચરિત્રનાયકશ્રીને પોતાના અંદરના વિવેકના દૃષ્ટિકોણને વધુ વ્યવસ્થિત કરવાની તક મળેલી, એટલે પુણ્યવાનને અનિષ્ટ-સંયોગો પણ હિતકર નિવડવાની જેમ મોહજન્ય-વાસના-વર્ધક લગ્ન આદિ સંસારી-ક્રિયાઓના અવસરે પણ હેમચંદભાઈ પોતાના જન્મજાત-વૈરાગ્યના બળને વધુ સારી રીતે કેળવી શકયા.

આ પણ એક મહાપુરુષની આગવી નિશાની છે.

આ રીતે પોતે અનિચ્છાએ સંસારના કારાવાસમાં ફસાયા છતાં અંતરાત્માની જાગૃત-દશાના બળે પૂ. ચરિત્રનાયકશ્રી અંતરના પુરૂષાર્થની યોગ્ય-કેળવણી માટે નક્કર-ઉપાયોની શોધમાં ચિંતાતુર રહેતા.

અવસરે-અવસરે પૂ. પિતાજીની બોધક-જોશીલી પ્રબળ ઉત્સાહ-પ્રેરક વાણીથી હેમચંદ-ભાઈના જીવનમાં અંતરથી પ્રકાશ ઝબુકતો, પણ તેને પકડી યોગ્ય-રસ્તે જીવન વાળવા જેટલી

ક્ષમતા મેળવી ન હોવાથી ફાળ-ચૂહ્યા વાંદરાની જેમ ખિન્ન બનતા, તેમ છતાં દીનભાવ લાવ્યા વિના પુરૂષાર્થ ફોરવવામાં પાછા ન પડતા.

એમાં વળી જ્યેષ્ઠ-બંધુની વિધુર-અવસ્થાનો પ્રસંગ, તે વખતની બાપુજીની તાત્વિક-હિતકર શિખામણ અને ફરીથી વેવિશાળ કરી લગ્ન માટેની વાતનો વિવેકી-સંયમપ્રેમી જ્યેષ્ઠ-બંધુનો નિખાલસ ઇન્કાર આદિથી પૂ. ચરિત્રનાયકશ્રીના વૈરાગ્યમાં દિનપ્રતિદિન વધારો થવા લાગ્યો.

આ પ્રમાણે ગડમથલ દરમ્યાન વિ. સં. ૧૯૪૪ની ફાગણ ચોમાસીની પૌષધ સાથેની આરાધનામાં ચોમાસી દેવવંદન દરમ્યાન શ્રી નેમિનાથપ્રભુના દેવવંદનમાં સ્તવન તરીકે—

"નિરખો નેમિ જિણંદને—અરિહંતાજી,
રાજીમતી કર્યો ત્યાગ—ભગવંતાજી"

—ની કડી તથા દેવવંદન પછી બોલાતા પાંચ-તીર્થના સ્તવન પૈકી **"તોરણથી રથ ફેરી ચાલ્યા પ્રીતમજી"** સ્તવનના નિમિત્તો બંને ભાઈઓ ખૂબ જ વિચાર-મગ્ન થઈ ગયા.

મણિલાલ તો એટલા બધા વિચારમૂઢ થઇ ગયા કે દેવવંદનના અંગ તરીકે પાંચ સ્તવનો પૂરા થયા ત્યાં સુધી બોબાકળા જેવા રહ્યા.

દેવવંદન પછી ભાઈ **હેમચંદે** જ્યેષ્ઠ-બંધુની વિચાર-સરણિને પારખી એક બાજુ મોટા ભાઈને લઈ જઇ વિચાર-નિદ્રામાંથી જગાડી કર્તવ્યનિષ્ઠ બનવા અનુરોધ કર્યો.

મણિલાલ કહે કે "ભાઈ! હું કેવો હીનભાગી છું! મારે સંસારનું બંધન કુદરતી રીતે હઠી ગયું છે, તાત્વિક-શ્રેષ્ઠ વિચાર-સરણીવાળા પૂ. પિતાજીની મીઠી પ્રેરણા, તારા જેવા વિવેકી-ભાઇનો સહકાર—આ બધું છતાં આ સંસારના કીચડમાંથી નિકળવા હું કંઈ પુરૂષાર્થ નથી ફરતો!"

"ધન્ય છે નેમિનાથ પ્રભુને! કે **"તોરણ આવી રથ ફેરી ચાલ્યા"** જમવાને થાળ પીરસાએલ અને ઉભા થઇ ઉપવાસના પચ્ચક્ખાણ કરનારની જેમ સામી-છાતીએ વિષયોને મહાત કર્યા, હું તો કેવો નમાલો કે પીરસાયેલી થાળી છીનવાઇ ગઈ, છતાં મૂઢતાવશ સુઝતું નથી કે **"ભલું થયું ભાંગી જંજાળ"** ભાઇ **હેમચંદ**! મને તો આજે ખૂબ જ લાગી આવે છે, તારા માટે તો હજી વ્યવહારથી બંધન ઉભું છે! પણ વિશિષ્ટ-જાગૃતિના સાધનો છતાં મારી આત્મશક્તિ કેમ જાગૃત થતી નથી? બસ! હવે દૃઢ નિર્ધાર કર્યો જ છૂટકો!!!!!

વદ એકમે પૌષધ પારી ઘરે જઈ પૂજ્ય-માતાજી વગેરે સ્વજન-વર્ગને સ્પષ્ટ જણાવી દેવા વિચાર છે કે-"મારે આત્મ-કલ્યાણ માટે ગુરૂદેવના ચરણોમાં જીવન સમર્પિત કરી દેવું છે!"

હેમચંદે કહ્યું કે "મોટાભાઈ! ખૂબ જ આનંદની વાત છે કે આપના હૈયામાં ઊંડે-ઊંડે વસેલ પણ વૈરાગ્ય આવા નિમિત્તને પામી આ રીતે ઉત્કૃષ્ટ-ભાવને પામે છે."

"પૂજ્ય-પિતાજી તો આ વાત સાંભળી હરખઘેલા થઈ જશે! તેઓ ખરેખર કોઈક ઉચ્ચ-કોટિના પુણ્યાત્મા છે, સંસારમાં રહ્યા છતા અંતરથી સાવ નિર્લેપ-દશા જાળવી શ્રાવક તરીકેની ફરજરૂપે પરમાત્માના શાસનને અનુરૂપ જીવન જીવવા પોતાના સંતાનોને આદર્શ-પ્રેરણા સતત આપે છે.

"એમના પુણ્ય-પ્રતાપેજ આપણા જીવનમાં નાની વયે પણ પ્રભુ-શાસનની થોડી સમજણ અને વૈરાગ્ય-વાસના પ્રગટ થવા પામી છે."

"તમારો દીક્ષા માટેનો નિર્ણય મારા માટે પણ એક અદ્‌ભુત પ્રેરણાનો જોરદાર-ધક્કો બની રહેશે."

"સવાલ માત્ર એક પૂજ્ય માતાજીનો છે! પૂજ્ય-પિતાજીએ ઘોંટી ઘોંટીને પીવડાવેલ તાત્ત્વિક-વિચારોના જોરથી બીજા સ્વજનવર્ગને તો હંફાવી શકાય, પણ પૂજ્ય-માતાજીના વાત્સલ્ય સામે બોળડી બંધ થઈ જાય છે."

મણિલાલે કહ્યું કે "**હેમચંદ! વાત તારી સાચી! પણ આખરે તત્ત્વદૃષ્ટિના સહારા વિના વૃત્તિઓના વમળમાંથી નિકળાય નહીં!!!**"

"એક-જન્મના માતા-પુત્રના સંબંધો કે સંસારી રીતે અદ્‌ભુત કહેવાતું માતૃવાત્સલ્ય પણ વ્યવહારની ભૂમિકાએજ મહત્ત્વપૂર્ણ છે."

"માતાના અનંત ઉપકારનો બદલો આપણા જીવનને પ્રભુશાસનની મર્યાદામાં ગોઠવી પૂજ્ય માતાજીને પણ શાસનની સફળ આરાધનામાં અગ્રેસર બનાવવા દ્વારા ખરેખર વળી શકે."

"આ સિવાય માતા-પિતાના ઉપકારનો બદલો વ્યવહારૂ-લાગે ઉપાય કરવા છતાં વળે તેમ નથી!!!"

"એટલે મોહની વિવશતાના લીધે કદાચ હાલમાં માતાજીને આપણી વાત ન ગમે! મોહવશ માતા અશ્રુપાત પણ કરે! પણ તત્ત્વદૃષ્ટિથી હૈયું જરા કઠણ રાખી લક્ષ્યગામી-દૃષ્ટિથી જીવન-શુદ્ધિના હિતકર-પંથે જવા માટે સત્‌પ્રયત્ન કરવો ઘટે!!!

હેમચંદે કહ્યું કે "વાહ! વાહ! હકીકતમાં ખરેખર મારા જ્યેષ્ઠ-બંધુ તરીકે તમોએ ખૂબજ યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. હું ક્યારનો ગુંચવાતો હતો, પણ મને આજે સ્પષ્ટ થયું કે વ્યવહારમાં અમુક-કક્ષાની જે ફરજો તો જીવન-શુદ્ધિના તાત્ત્વિક-હિતકર પંથે ગૌણ પણ બની જાય છે. આદિ."

અસાડ સુદ પૂનમે વ્યાખ્યાન પછી બપોરના ઉચિત સમયે બંને ભાઈઓએ પૂ. પિતાજી સમક્ષ એકાંતમાં સંયમ-અંગેની દૃઢ-મનોભાવના દર્શાવી, **હેમચંદભાઈએ** પણ સ્પષ્ટ રીતે એકરાર કર્યો કે "માતૃવાત્સલ્યથી ખોટી રીતે દોરવાઈ હું લગ્નની બેડીમાં ફસાયો."

"વડિલ-બંધુએ કાલે જેવી સમજ પાડી તેવી સમજ જો મને પ્રથમથી મળી હોત તો.... ખૈર....ભાવી...કોઇનો વાંક નથી....મારા પાપનો ઉદય! પણ હવે સ્પષ્ટ માર્ગદર્શન મળ્યું છે, જ્યેષ્ઠ-બંધુ તો પાકી તૈયારી કરી સર્વવિરતિના માર્ગે ઉપડે છે, હું પણ ટૂંક-સમયમાં આપના પવિત્ર સહયોગ-બળે એ પુનિત પંથે મક્કમપણે જવાનો દૃઢ નિર્ણય કરું છું."

ભગનભાઈ તો આ સાંભળી ખૂબજ પ્રસન્ન થયા, બંને ભાઇઓને ખોળામાં લઈ છાતી-સરસા ચાંપી 'શ્રાવક-કુળને દીપાવનારા તમે બંને છેવટે નિવડ્યા ખરા!' એમ કહી ખૂબજ અંતર-ના આશિષ આપ્યા, સાથે કહ્યું કે "લાગણીના અતિરેકમાં કરાતાં કાર્યો કયારેક વણસી જાય છે, તમારી ઉંમર હજી નાની છે, પીઢ વય નથી, અનુભવની ખામી છે, માટે બાલચેષ્ટાની જેમ કંઈ અવિચારી પગલું ન ભરશો."

"જે કાર્યક્રમ નક્કી કરો, તે મારી દેખરેખ નીચે રાખશો! મારે વ્યાવહારિક રીતે પિતા તરીકેની લોકલાજ કે દેખાવની ફરજ અદા કરવી પડે તે જુદી વાત છે, બાકી હું તમારા બંનેના આત્મ-હિતના સાધન માટે સર્વથા તત્પર છું, એટલે અંદરખાને તમોને પૂરેપૂરો સહયોગ આપીશ, એટલે તમો છોકરા-મતમાં ખપી જાય તેવી અવિચારી કોઈ પ્રવૃત્તિ ન કરશો." આદિ.

બંને જણાએ પૂજ્ય પિતાજીના ચરણે સ્પર્શ કરી પવિત્ર-રજને માથે અડાડી કહ્યું કે— "પિતાજી! આપે સૂચન કર્યું તે સાવ યથાર્થ છે."

"અમારી અણસમજમાં ધર્મ-શાસનની વગોવણી થાય તેવી અઘકચરી-ક્ષુદ્ર પ્રવૃત્તિઓ ન થવા પામે તે અંગે આપની અગમચેતી ખૂબ જ ઉપયોગી છે."

"અમે અમારી જાતને ધન્ય-ભાગી અને વડ-ભાગી માનીએ છીએ! કે પૂર્વ-પુણ્યના પ્રકૃષ્ટ-ઉદયે આપ જેવા એકાંત-હિતબુદ્ધિ ધરાવનારા આદર્શ-શ્રાવકરૂપ પિતા મલ્યા છે!"

"અન્યથા પૂર્વની આરાધનાના બળે નાની-વયમાં પ્રભુશાસનની દીક્ષા લેવા માટે તૈયાર થનારા બાળકોની ભાવનાને હડસેલી જાત-જાતના પ્રતિરોધો મોહ-ઘેલછાવશ માતા-પિતા ઉભા કરતા હોય છે, તેના બદલે અમારી અણસમજભરી-ઉંમરથી જ આપે સંસારની ભયાનકતા, વિરતિ-ધર્મની મહત્તા, શ્રાવક-કુળની સફળતાનું રહસ્ય વિગેરે ગળથૂથી રૂપે ઘુંટી-ઘુંટીને પીવડાવી શુભ-સંસ્કારો એવા ભરપટ્ટે નાંખ્યા, કે જેના ફળસ્વરૂપે જરા-સમજણી વય થતાં આપોઆપ અંદરથી પ્રભુશાસનની સફળ આરાધના રૂપ સંયમના પંથે જવાની ભાવના અમોને ઉપજી છે, હકીકતમાં આપ જેવા પૂ. પિતાજી તો ભવોભવમાં મળવા દુર્લભ છે!"

"એટલે પૂ. પિતાજી! આપના માર્ગદર્શન મુજબ જ અમો આ સંસારના કારાગારથી છૂટવા મથામણ કરીશું."

મગનભાઇને વિ. સં. ૧૯૪૪ની ફાગણ-ચૌમાસીની આરાધના દર વર્ષ કરતાં વધુ સચોટ રીતે સફળ થયાનો અનહદ આનંદ થયો.

વિ. સં. ૧૯૨૪માં તારંક-ગુરૂદેવ **શ્રી ઝવેરસાગરજી** મ. ચાતુર્માસ કરેલ અને ચાતુર્માસ દરમ્યાન **પન્નવણા સૂત્ર** અને **ભવભાવના ગ્રંથ**નું વાંચન વ્યાખ્યાનમાં થયેલ, તે વખતના વિવિધ-પ્રશ્નોત્તરો દ્વારા એવી તત્ત્વદૃષ્ટિ ઘડાયેલ કે જેના પરિણામે લગ્ન-પૂર્વે સંસાર છોડી ત્યાગના પંથે જવાની પ્રકૃષ્ટ ભાવના કાળચક્રના ઘસારાથી જરા મંદ પડેલ-તે ફરી સતેજ થયેલ.

વળી તે ચૌમાસામાં પર્વાધિરાજની આરાધનાના ત્રીજા દિવસે 'વિરતિ પૂર્વક પર્વાધિરાજની આરાધના આત્મશુદ્ધિનું બળ વધુ અર્પે છે' એ બાબત ઉપર **પૂ. ઝવેરસાગરજી** મ. શ્રીએ તાત્ત્વિક-શૈલિથી સંયમ-ધર્મનો ઉદાત્ત-મહિમા જે વર્ણવેલ-તે સાંભળી **મગનભાઇએ** દૃઢ નિર્ધાર કરેલ કે-"**યેન-કેન ઉપાયે પણ હવે આ સંસારથી નિકળ્યે જ છુટકો !**"

"**સંથારે જ શરીર છોડવું છે ! સંયમ ધર્મના સ્વીકાર વિના જીવન વૃથા છે.**" એવા દૃઢ-સંકલ્પ સાથે બાસઠ પ્રહરી-પૌષધ પાળતી વખતે **પૂ. ઝવેરસાગરજી મ.** પાસે ત્રણ વિગઈ-ત્યાગનો અભિગ્રહ અમુક વર્ષ પછી દીક્ષા ન લેવાય ત્યાં સુધીનો સ્વીકારેલ.

ત્યાર પછી **પૂ. ઝવેરસાગરજી મ.** સાથે પત્ર વ્યવહાર, વિવિધ ધર્માનુષ્ઠાનો, અવારનવાર **કપડવંજ** પધારતા પૂ. મુનિ-ભગવંતોનો સહવાસ આદિ દ્વારા સંયમ-નિષ્ઠાની ઉત્તરોત્તર કેળવણી મજબૂત થતી ગયેલી.

પરંતુ ભાવી-નિયોગે વ્યાવહારિક રીતે ચાર-પગમાંથી છ પગવાળી અને આઠ-પગવાળી સ્થિતિનું સર્જન થતાં ઘેરી-ચિંતાના વમળમાં **મગનભાઇ** ફસાયેલા.

પણ સંતાનોના ગર્ભકાળ દરમ્યાન અનુભવેલ વિવિધ અસરો તથા જન્માક્ષરના ફળાદેશોથી કંઇક હૂંફ આવેલ.

તેમ છતાં શ્રાવિકાના મોહની પ્રબળતાથી મગનભાઇને **સંયમધર્મ રૂપ દિલ્હી** બહુ દૂર લાગતું હતું, તેમ છતાં "**લાખ નિરાશામાં એક અમર આશા**"ની કહેની પ્રમાણે જન્માક્ષરના વર્ણવેલ ઉત્તમ-ગ્રહયોગોથી સૂચિત ગતજન્મની વિશિષ્ટ-આરાધનાનું બળ લઇને આવેલ સંતાનોની યોગ્ય ધાર્મિક-કેળવણીના પરિણામે કદાચ મારો જીવનરથ સંસારની કાંજી યુક્ત ગારામાંથી બહાર આવી જાય તે આશાએ-પરમ શ્રદ્ધાએ શ્રાવિકાના-કુટુંબીઓનાં મહેણાં સાંભળીને તેઓની નારાજી-અનિચ્છાની પરવા કર્યા વિના **મગનભાઇએ** આદર્શ-શ્રાવક તરીકે અને પોતાની ચારિત્ર-ગ્રહણ કરવાની અભીપ્સાને મૂર્તિમંત બનાવવાના સ્વાર્થ-પૂર્તિરૂપે બાળકોના

ભાવી–હિતરૂપ પરમાર્થને નજર સામે રાખી દૂરગામી–દૃષ્ટિથી ઉદાત્ત–સંસ્કારો, તત્ત્વદૃષ્ટિ અને નિર્મળ વિવેક–બુદ્ધિનું ઘડતર કરવા અથાગ શ્રમ કર્યો હતો.

આ બધાના પરિણામરૂપે વિ. સં. ૧૯૪૪ની ફાગણ–ચોમાસીની છઠ્ઠ સાથે પૌષધની આરાધનામાં પોતાની સાથે બંને બાળકો પણ આયંબિલ–એકાસણું કરી પૌષધમાં હતા અને ઉદાત્ત–વિચારસરણિ પર બંને બાળકો આપમેળે કૂદકો મારી શ્રેષ્ઠ–જીવનપંથને વળગી રહેવાના અદ્‌ભુત–પુરૂષાર્થના મંડાણની દૃઢ પ્રતિજ્ઞા પિતૃ–ચરણે હાથ મુકીને કરી.

આ જોઈ **મગનભાઈનું** હૈયું ગજ–ગજ ઉછળી રહ્યું.

દેવ–ગુરૂની અચિંત્ય–અસીમ–કરૂણાનો પરચો નિહાળી ગદ્‌ગદ્‌ બની રહ્યા.

આ રીતે "**લૌકિકદૃષ્ટિથી** મહામિથ્યાત્વ અને અનેક પાપાચાર સર્જતી દ્રવ્યથી અને ભાવથી મહાભયંકર–અનર્થો ઉપજાવનારી હોલી આજે પૂર્વના કોઈક પુણ્યના ઉદયથી દિવાળીરૂપ નિવડી"—એમ **મગનભાઈ**એ આદર્શ–વિવેકબુદ્ધિથી અર્થઘટન કર્યું.

બંને ભાઈઓને પૂનમની રાત્રે ચંદ્રની સુમધુર–શીતળ ચાંદનીમાં બેસાડી વિવિધ હિતકર–માર્મિક–સૂચનો તથા શી રીતે સંયમના પંથે તમારે જવું ? કયા ઉપાયો પ્રાથમિક લેવા ? માતાજીને અનુકૂળ બનાવવા શું કરવું ? તેમાં હું કેવી રીતે સહયોગી થઈશ ? વગેરે ભાવી–કાર્યક્રમની યોજનાઓ ટૂંકમાં સમજાવી પોતાની કુનેહ–ભરી રીતે બંને બાળકોને માર્ગસ્થ બની રહેવાની સાવચેતી આપી આદર્શ શ્રાવક–પિતા તરીકેની ફરજ અદા કરી.

બંને ભાઈઓ આજ સુધી નહીં અનુભવેલ અવર્ણનીય–આનંદની લહેરીઓમાં આળોટતા સંથારા–પોરસી ભણાવી મોડી રાતે સૂઈ ગયા.

શ્રાવક જીવનની મહત્તા

દેવ–દુર્લભ માનવ–જીવનમાં વિષમ કર્મોનાં બંધનોને જ્ઞાની–ગુરૂની નિશ્રાએ સર્વવિરતિ ધર્મના પાલનદ્વારા ફગવી દેવાનું મહત્ત્વ શ્રાવક–કુળના આદર્શ–ઉદાત્ત સંસ્કારોથી સમજાય છે.

તેથી શ્રાવકજીવન સર્વોત્કૃષ્ટ છે.



પ્રકરણ-૧૫

પૂ. ચરિત્રનાયકશ્રીની સંયમની પૂર્વ તૈયારી

મંગલકારી-જિનશાસનની મર્યાદા પ્રમાણે સંયમ-ધર્મની તમન્ના સાથે પૂ. ચરિત્રનાયકશ્રી પિંજરે-પડેલ પોપટની જેમ દેખીતી રીતે સંસારી-બંધનમાં લય દ્વારા ફસાયા છતાં જ્યેષ્ઠ બંધુ અને પૂ. પિતાશ્રીના મંગલ-સહકારથી ધર્મ-ક્રિયાઓની વિધિપૂર્વક-આચરણા અને વીતરાગ-પ્રભુની આદર્શ-ભક્તિ દ્વારા વૈરાગ્યની વિશિષ્ટ-કેળવણીના પંથે ધપી રહ્યા હતા.

મગનભાઈ પોતાના સંતાનોની વિવિધ ધર્મ-પ્રવૃત્તિઓમાં બાલસુલભ-ઘેલછાભરી પ્રવૃત્તિ છતાં તાત્ત્વિક-માર્ગે ધપાવનારી અંતરંગ-ભાવનાઓ નિહાળી ખૂબ સંતોષ અનુભવતા.

પ્રાસંગિક હિતકર-સૂચનો દ્વારા સંતાનોને યોગ્ય-રીતે પ્રભુ-શાસનના પંથે ધપવા આદર્શ પ્રેરણા આપતા.

વિ. સં. ૧૯૪૪ની અષાઢ-ચોમાસીની આરાધના દરમ્યાન બન્ને ભાઈઓએ સંયમના પુનિત-માર્ગે મક્કમતાપૂર્વક પગલાં માંડવાના પ્રતીક રૂપે ઘરમાં પૂ. માતાજી આદિ સ્વજન-વર્ગ સામે ધીરતાપૂર્વક સંયમ સ્વીકારવાની વાત જાહેર કરી.

તેથી **મગનભાઈ** ખૂબ જ પ્રમુદિત બન્યા, સ્વજન-વર્ગની વિવિધ શબ્દ-છલોની જાલમાંથી છટકવા માટેની ગૂઢ પ્રેરણાઓ બન્ને સંતાનોને પોતે અવાર-નવાર ખાનગીમાં આપતા.

વધુમાં પોતાના તારક ગુરુદેવશ્રી **ઝવેરસાગરજી** મ.ના અવાર-નવાર વૈરાગ્ય-ભરપૂર ઔપદેશિક-પત્રો આવતા, તેનાથી પણ **મગનભાઈ** પોતાના બાલકોને ખૂબ વ્યવસ્થિત રીતે વૈરાગ્યના પંથે સ્થિર કરતા.

આ અરસામાં બન્ને બાલકોના મોસાલ પક્ષે **વર્ષીતપ** જેવી મહાઉત્કૃષ્ટ-તપસ્યાના આરાધક બે પુણ્યવાનોના **અક્ષયતૃતીયા**ના પારણાના પ્રસંગ ઉપર **શ્રી સિદ્ધગિરિ-પાલીતાણા** જવાનો પ્રસંગ ઉભો થયો, જેમાં **જમનાબહેન** સંજોગવશ જઈ શકે તેમ ન હતા, એટલે **મગનભાઈ**ને જવું પડે તેમ થયું, બન્ને બાલકો ગિરિરાજની યાત્રાર્થે છેલ્લા બે-ત્રણ વર્ષથી સમજણી-અવસ્થા થઇ ત્યારથી યાત્રા અને તે પણ પૂ. પિતાશ્રીની નિશ્રામાં થાય તેમ ઝંખતા હતા.

વધુ આનંદની વાત એ હતી કે પૂ. તારક ગુરુદેવશ્રી **લીંબડી**માં બિરાજમાન હતા, તો ગિરિરાજની યાત્રા કરી વળતાં **લીંબડી** પૂ. ગુરુદેવશ્રીના ચરણોમાં બેસી આંતરિક-વિચારો રજૂ કરી તે અંગે યોગ્ય-માર્ગદર્શન **જમનાબહેન**ની કુદરતી-હાજરી હોઈ વધુ સારી રીતે મેળવી શકાય !

એટલે **મગનભાઇ**એ આ તકને સોનેરી-અવસર તરીકે ઝડપી બન્ને-બાલકોને બાનગીમાં ગિરિરાજની યાત્રા દ્વારા પ્રબલ પુણ્યનું ભાથું મેળવી ચારિત્ર-મોહના આવરણોને તોડવાનું બલ કેળવી તારક પૂ. ગુરુદેવશ્રી **ઝવેરસાગરજી મ.** પાસે જઇ સુયોગ્ય-માર્ગદર્શન મેળવવાનો અપૂર્વ લાભ મલશે વિગેરે વાતો સમજાવી યોગ્ય રીતે તૈયાર કર્યા.


મગનભાઈ બન્ને બાલકો સાથે ચૈત્ર વદ ૧૧ના મંગલ મુહૂર્તે રવાના થઇ સુરત પહોંચ્યા. ત્યાંથી દરિયારસ્તે **ઘોઘા** થઇ **ભાવનગર** પહોંચ્યા. ત્યાંથી વૈ. શુ. ૧ના મંગળ પ્રભાતે **પાલીતાણા** પહોંચ્યા.

ખૂબ ભાવથી ચઢતા-પરિણામે બન્ને-બાળકોને ગિરિરાજના અદ્‌ભુત-મહિમાને સમજાવવા સાથે વૈ. શુ. ૨ ના રોજ **શ્રી સિદ્ધગિરિ દાદાની** યાત્રા ઉલ્લાસભેર કરાવી, ખૂબ હરખાતા હૈયે સંયમ-પ્રાપ્તિના આદર્શ મનોરથોને પરિપૂર્ણ કરવાના મંગલ-સંકલ્પવાલા **મગનભાઇ**એ બન્ને બાલકો સાથે અષ્ટપ્રકારી પૂજા કરી. ભાવવાહી-સ્તવન બોલવાપૂર્વક ચૈત્યવંદન કર્યું અને આત્મશુદ્ધિના ધ્યેયને પહોંચી વળવા **શ્રી નવકાર મહામંત્ર**નો જાપ કર્યો.

વધુમાં શ્રી વીતરાગ-પ્રભુએ સંબોધેલ સર્વવિરતિના સર્વ-હિતકર-માર્ગે ચાલવાનું અપૂર્વ-બળ મેળવવાના સંકલ્પ સાથે **સમર્પણ**-મુદ્રાએ દાદાના ચરણે પંચાંગ-પ્રણિપાત વંદના કરી.

પૂ. ચરિત્રનાયકશ્રીએ દાદા સમક્ષ ખૂબ જ ભાવોલ્લાસ સાથે સંયમ-ધર્મની પ્રાપ્તિના મનોરથોને પરિપૂર્ણ થવા માટે અંતરથી અંતરાય-કર્મને હટાવવા અપૂર્વ આત્મ-પુરુષાર્થ માટેની શુભ-આશંસા કરી.

મણિલાલે પણ પૂ. ચરિત્રનાયકશ્રીની ચઢતી મંગલ-ભાવનાઓ સાથે કરાતી અપૂર્વ પ્રભુ-ભક્તિમાં સહયોગ આપ્યો અને સંયમ-ધર્મના પથે વહોલામાં વહેલી તકે જઇ જીવન સફલ કરવાની તમન્નાને સક્રિય થવા માટે હાર્દિક રીતે શાસનદેવને આજીજી કરી.



ચરિત્રનાયકશ્રી મોટાભાઈ સાથે
પિતાજીની સંમતિથી
તરણતારણહાર શ્રી ગિરિરાજની તળેટીમાં
સંયમ લેવાની પ્રતિજ્ઞા લઈ રહ્યા છે. (પૃ. ૨૬૭)

ભગનભાઈ બન્ને બાલકોની સંયમ-ધર્મની અભીપ્સાને ભક્તિભર્યા શબ્દો અને વિવિધ ભાવભંગી દ્વારા વ્યક્ત થતી નિહાળી ખૂબ જ આત્મસંતોષ સાથે પોતાની હીનભાગિતાના વિચારને ખંખેરી આવા આદર્શ-બાલકોના પિતારૂપે સાંપડેલ પોતાના વિરલ-સૌભાગ્યને બિરદાવી રહ્યા.

નાની-વયના પણ પોતાના બાલકોની ચઢતી સંયમની ભાવનાને નિહાળી પિતા તરીકેની વ્યાવહારિક ફરજરૂપે પણ બાલકોને સંયમ-ધર્મની પ્રાપ્તિમાં હું સઘળી રીતે અનુકૂલ ઉપાયો યોજી શકું-એવી મંગલ પ્રાર્થના સાથે **'દાલ ભેગી ઢોકળી ચઢવાની'** જેમ મારા પણ ચારિત્રમોહના આવરણો ખસે તેવી દૃઢ-પરિણતિની કેળવણી કરી.

આ રીતે ખૂબ ઉમંગ સાથે **શ્રી સિદ્ધગિરિ દાદાની** પૂજા-ભક્તિ કરી ગિરિરાજના પુનિત-સ્પર્શે પોતાના સંયમાચારક કર્મો હઠી જાય તેવા સંકલ્પ-બલ સાથે **ઘેટીની પાગે, રોહિશાલાની પાગે, શ્રી શત્રુંજી નદીની પાગે** જઈ ભાવોલ્લાસ સાથે પુનઃ ચઢી દાદાની યાત્રા કરી.

અક્ષયતૃતીયાના મંગલ-દિવસે શ્રી **ઋષભદેવ**-પ્રભુની ઉત્કૃષ્ટ સાધુતાની ચરમ-સીમા રૂપ નિર્દોષ-એષણીય આહાર-પ્રાપ્તિના અભાવે ચૌદ મહિના સુધી ચૌવિહાર ઉપવાસ કરવાની સંયમની વફાદારી રૂપ પ્રકૃષ્ટ-આત્મશક્તિ બિરદાવવા સાથે **'આવું આત્મબળ અમોને પણ પ્રાપ્ત થાય'** આદિ નિર્મલ વિચારધારા સાથે **શ્રી સિદ્ધગિર દાદાની** સેવા પૂજા કરી.

બપોરના સમયે **વર્ષીતપ** જેવા મહા ઉત્કૃષ્ટ-તપસ્યાના આરાધકોના સામુદાયિક-પારણાં વિવિધ ધર્મપ્રેમી-ગુણાનુરાગી દેશો-દેશના ભાવિકોની અદ્‌ભુત-ભક્તિવાલા ઉલ્લાસમય વાતાવરણમાં થતાં નિહાળી બધા-તપસ્વીઓના મંગલકારી દર્શન કરી પોતાની જાતને ધન્ય-કૃતાર્થ બનાવી.

પૂ. ચરિત્રનાયકશ્રીએ તપસ્વીઓનું બહુમાનભર્યું પારણાનું મંગલકારી અદ્‌ભુત દૃશ્ય નિહાળી જીવન-શક્તિઓના સફલ વિકાસની કુંચીરૂપે તપ-ધર્મને ઓળખી સંયમની પ્રાપ્તિ અંગે વિરતિમાં જ રહેવા માટે "બેરણાથી ઓછું પચ્ચક્ખાણ ન કરવું," "વિગઇઓમાં ચાર વિગઇથી વધુ ન વાપરવી" આદિ આદર્શ પ્રતિજ્ઞાઓ મનોમન સ્વીકારી, પૂ. પિતાશ્રીની અનુમતિ મેળવી પૂ. સાધુ-ભગવંત પાસે ધારણા-અભિગ્રહ લીધો.

મણિલાલે તો દીક્ષા નિમિત્તે છ વિગઇઓનો સદંતર ત્યાગ કરવાના ઉત્કૃષ્ટ-પરિણામોને પૂ. બાપુજી-સમક્ષ પ્રગટ કર્યા. **ભગનભાઈની** સંમતિ મળવાથી વૈ. સુ. ૩ ની મંગલ-સંધ્યાએ **ગિરિરાજની** તલેટીએ જઈ **ગિરિરાજને** સ્પર્શવા પૂર્વક વયોવૃદ્ધ સંયમી-તપસ્વી એક મહામુનિ પાસે ધારણા-અભિગ્રહ સ્વીકાર્યો.

ભગનભાઈ તો બન્ને બાલકોની આવી ચઢતી ભાવના નિહાળી 'તાત્ત્વિક-સમજણ છતાં પોતે હજી આવી સુદૃઢ તૈયારી નથી કેળવી શક્યા' તે **બદલ** પશ્ચાત્તાપ સાથે ઉલ્લાસ પૂર્વક દીક્ષા ન લેવાય ત્યાં સુધી "ભૂમિસંથારો, બ્રહ્મચર્ય તથા પગરખાંના ત્યાગ"નો સુદૃઢ સંકલ્પ કર્યો.

આ પછી સંયમધર્મ–પ્રાપ્તિના મંગલ–મનોરથોને સક્રિય બનાવવા તથા તે અંગે લીધેલ અભિગ્રહોને વધુ શક્તિશાલી બનાવવા **ગિરિરાજના** અંગભૂત **શ્રી કદમ્બગિરિ, શ્રી હસ્તગિરિ, શ્રી તાલધ્વજગિરિ** આદિ તીર્થોની ભાવભરી સ્પર્શના કરી.

પારણા–પ્રસંગે આવેલ બીજા બધા સ્વજન–વર્ગને સીધા કપડવંજ બાજુ રવાના કરી પારણા પ્રસંગે **લીંબડીથી** આવેલ સો માણસોનો સંગાથ શોધી કાઢી તેઓના પંદર–વીસ ગાડાંઓ વૈ. સુ. ૫.ના મંગલ પ્રભાતે **લીંબડી** તરફ રવાના થયાં, તેમની સાથે **મગનભાઇએ** પણ પોતાના બન્ને સંતાનોને લઈ તીર્થયાત્રાના ઉલ્લાસ સાથે ગુરુ–યાત્રાના ઉમંગને ભેળવી **લીંબડી** તરફ પ્રયાણ કર્યું.

ચોથા દિવસે સવારે આઠથી નવ વાગવાના અવસરે **લીંબડી** પહોંચી ગયા, **મગનભાઇ** દહેરાસરે દર્શન કરી પોતાના તારક ગુરુદેવ શ્રી **ઝવેરસાગરજી મ.** પાસે પહોંચ્યા, બન્ને બાલકોને પણ પૂ. શ્રીના ચરણે મસ્તક ઝુકાવી વંદના સાથે વરદ–વાત્સલ્ય નંખાવી હાથ મુકાવ્યો.

પૂજ્યશ્રી વ્યાખ્યાને બેઠા એટલે **મગનભાઇએ** બન્ને બાલકો સાથે સામાયિક લીધું, વ્યાખ્યાન દરમ્યાન દોઢ કલાક સુધી જીવના અનાદિકાલીન–ભ્રમણના કારણભૂત કર્મોના બંધનો અને તેમાંથી છોડાવનાર પ્રભુશાસનની સંયમ–ધર્મ સ્વીકારવા કરેલ સફલ–આરાધનાની વાત એકીટસે ઉત્કટ–ભાવશુદ્ધિ પૂર્વક સાંભળી, પછી બન્ને બાલકો સાથે પ્રભુ–પૂજા કરી સુદ આઠમ હોવાથી પોતે આયંબિલ કર્યું અને બન્ને બાલકોને બેસણું કરાવ્યું.

બપોરના સમયે એકાંત મેળવી **મગનભાઇએ** આંખમાં આંસુ લાવી પોતાની સંયમ–સ્વીકાર માટેની નિર્બલતા દર્શાવી બન્ને બાલકો પ્રભુશાસન માટે સમર્પિત બનવા સ્વતઃ તૈયાર થયા છે–આ વાત જણાવી, 'આ ઉદાત્ત–પુણ્યકાર્યથી મારું મોહનીયકર્મ તુટે અને વહેલામાં વહેલું મને સંયમ મળે તેવી મારી ભાવનાના આપ પૂરક બનો!' વિગેરે વાત રજુ કરી.

પૂ. ઝવેરસાગરજી મહારાજશ્રીએ આગમાનુસારી ગાઢ–ગંભીરતા પૂર્વક બન્ને બાલકોને એક બાજુ બેસાડી તેમના અંતરને ચકાસી જોયાં, જેમાં પૂજ્યશ્રીને સુદૃઢ પ્રતીતિ થઇ કે–"પૂર્વજન્મની વિશિષ્ટ–આરાધનાના સંસ્કારોના બળે પૂ. ચરિત્રનાયકશ્રીના વૈરાગ્યના પાયામાં તાત્વિક–સમજણ વધુ મજબુત છે, જેના સમર્થક–પુરાવારૂપે નાની વય છતાં ઉંમરલાયકને છાજે તેવી સ્થિર–ગંભીર રીતે વાતની રજુઆત, તથા સંયમધર્મની પકડ, કુટુંબીઓના મોહ–જાળની આદર્શ પરખ આદિ તેમની વાતચીત દરમ્યાન સ્પષ્ટ તરવરતું, **માણેકલાલની** વૈરાગ્ય ભાવના નક્કર લાગી, તેમ છતાં વિધુર–અવસ્થા તુરતમાં થયેલ હોઇ હજી થોડો સમય વૈરાગ્ય માટે ફાળવવો જરૂરી માન્યો.

બન્ને–બાલકોની વાત જાણ્યા પછી પૂ. **ઝવેરસાગરજી મ.**એ **મગનભાઇને** બોલાવ્યા, પૂછ્યું કે "**શો વિચાર છે? બન્ને જણા ઘુંઘરા બાંધી તૈયાર બેઠા છે.**"

મગનભાઈ એ કહ્યું કે "એતો હવે આપ જાણો! મેં તો મારી ફરજ અદા કરવા રૂપે ઘરવાળા, શ્રાવિકા આદિના ઉગ્ર વિરોધ વચ્ચે સુયોગ્ય-કેળવણી દ્વારા બન્ને બાલકોને જિનશાસનના ચરણે ધરવા આપની પાસે લાવ્યો છું." હવે આપ જાણો.

પૂ. ઝવેરસાગરજીમ. એ કહ્યું કે "આજનો દિવસ રહો! રાત્રે યોગ્ય તપાસ કરી કાલે સવારે નિર્ણય કરીશું."

મગનભાઈ અને પૂ. ચરિત્રનાયકશ્રી પૂજ્યશ્રીની આવી આશ્વાસન-ભરી વાણી સાંભળી ખૂબ પ્રસન્ન થયા, **મણીભાઈને** લાગણીવશ તમન્ના વધુ ઉત્કટ હોઈ મનમાં જચ્યા લાગ્યું કે 'પૂજ્યશ્રીએ જલ્દી નિર્ણય કેમ ન આપ્યો?'

બન્ને બાલકોને સાંજનું બિયાસણું કરાવ્યા પછી બધા દહેરાસરે દર્શન કરી મોટા દેહેરે ભાવપૂર્વક ચઢાવો લઈ આરતી-મંગલ-દીવો બન્ને બાલકો પાસે ઉતરાવ્યો.

પછી પૂજ્યશ્રી પાસે પ્રતિક્રમણ કર્યું રાત્રે વિશ્રામણા કરતાં પૂજ્યશ્રીના અગાધ જ્ઞાનસાગરમાંથી થોડી અદ્‌ભુત વાનગીઓ મેળવી.

પૂ. **ઝવેરસાગરજીમ.શ્રીએ મણિલાલ** અને **પૂ. ચરિત્રનાયકશ્રીને** જુદા-જુદા પોતાની પાસે બોલાવી તેઓના અંતરની પરીક્ષા કરી, જેમાં પૂ. ચરિત્રનાયકશ્રીના હૈયાનો રણકાર સાંભળી પૂજ્યશ્રી ચકિત થઈ ગયેલા, યોગ્ય સમયે **મગનભાઈ** સાથે બન્ને બાલકો ઉપાશ્રયમાંજ સંથારા પર સૂઈ ગયા.

સવારે યોગ્ય-અવસરે પૂજ્યશ્રીએ **મગનભાઈને** એકાંતમાં બોલાવી કહ્યું કે-"**મારે મણિલાલ સાથે લેણું નથી, તેનો આત્મવિકાસ બીજા કોઈ સુયોગ્ય સાધુ ભગવંતની નિશ્રામાં થાય તેમ છે! પણ હેમચંદના ગ્રહયોગો અને તેની પ્રકૃતિ મારા જીવનના અધુરા અરમાનોની પૂર્તિ દ્વારા અપૂર્વ શાસન-પ્રભાવના કરનારા હોઈ મારી સાથે તેના સંયમી-જીવનનો દુકો સંબંધ છતાં શાસન માટે ખૂબજ લાભદાયી બને તેમ લાગે છે, પણ તેની ઉંમર હજી સગીર છે? માટે થોડા સમય પછી તેને દીક્ષા આપી શકું!!!**"

મગનભાઈ આ સાંભળી જરા ગૂંચમાં પડ્યા, પણ ગુરૂવચન તહત્તિ કરી શ્રદ્ધા-વિશ્વાસ સાથે પૂજ્યશ્રીનું વચન માથે ચઢાવ્યું.

બન્ને બાલકોને "**હજી આપણા અંતરાયનો ઉદય છે**" વિગેરે વાતો દ્વારા સમજાવી-પટાવી વૈ. સુ. ૯ સાંજે **અમદાવાદ** તરફ પ્રયાણ કર્યું, વૈ. સુ. ૧૦ સાંજે **અમદાવાદ** આવી પહોંચ્યા અને વૈ. સુ. ૧૧ સવારે **કપડવંજ** પહોંચ્યા.

બન્ને ભાઈઓ રસ્તામાં અંદરોઅંદર વાત કરતા, કે "પૂજ્યશ્રીએ ન-જાણે બાપુજીને શું

કહ્યું હશે ? બાપુજી તો આપણને દીક્ષાના પંથે ચઢાવવા પૂ. ગુરુદેવ પાસે લઈને આવ્યા હતા, ન જાણે કેમ બાપુજીએ ભીનું સંકેલવાની જેમ વાત સાવ ઢીલી મુકી દીધી ? આપણને ઘરે લઇ જવા ઝટપટ ઉતાવળ કેમ કરી ? કાંઇ સમજ પડતી નથી ! પણ બાપુજી ખૂબજ સમજુ ગંભીર અને સ્થિર બુદ્ધિવાળા છે, તેથી તેઓ જે કરે તે સમજી-વિચારીનેજ કરે એમાં આપણું હિત હશે જ !" આદિ

બન્ને ભાઇઓએ રસ્તામાં જાતજાતના તર્ક-વિતર્ક ઉંમર પ્રમાણે મગજને કસી કરી જોયા ! પણ સંતોષજનક તર્ક બેસતો ન આવ્યો.

છેવટે "**આપણા ભાગ્યની બ્રામી**" એમ કરી બન્ને ભાઇઓએ મિથ્યાસંતોષ મેળવ્યો.

ઘેર પહોંચ્યા પછી **મગનભાઈ** અને બન્ને ભાઇઓને નવા પ્રત્યાઘાતી-વાતાવરણનો અનુભવ થયો, કેમકે "**વાત તો વાયુવેગે ફેલાય**"ની જેમ **પાલીતાણાથી** અણાત્રીજના પારણા પછી સ્વજનવર્ગની સાથે સીધા **કપડવંજ** ન આવતાં બન્ને બાલકોને લઈ **લીંબડી પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મ.ને** વંદન કરવા-ગયાના સમાચારથી **જમનાબહેન** આદિ સ્વજનવર્ગના હૈયામાં શંકાનાં વમળ ઉઠેલા કે "**ભગત આખરે બન્ને બાલકોને દીક્ષા અપાવવાજ લીંબડી ગયા લાગે છે.**" આદિ....

જમનાબહેને પોતાના ભાઇઓ તથા વેવાઈ વિગેરેને આ સમાચાર જણાવી આ સંબંધી તાત્કાલિક-ઉપાયો યોજવા તૈયારી કરાવેલ, મુસાફરી માટેના ઝડપી અને સલામત-ભર્યા સાધનોની બાબતથી ભગતના સાળા અને વેવાઈ-પક્ષના કુટુંબીઓ રાજસિક-શક્તિથી ઉગ્ર બની ગમે તેમ કરીને પણ બન્ને બાલકોને પાછા લાવવા તથા દીક્ષા અપાવવા તૈયાર થયેલ ભગતની ખબર લઇ નાંખવા તૈયાર થયેલા.

પણ ભાવીયોગે વૈ. સુ. ૧૧ના સવારે દશ વાગે ભગત બન્ને છોકરાઓને લઈ ઘરે પાછા આવી ગયા, એટલે કુટુંબીઓને રાહત થઈ અને ભગતના સાળા અને વેવાઈ પક્ષના સંબંધીઓમાં આવેલ ઉગ્રતા ઠંડી પડી, પણ **જમનાબહેનનો** ફફડાટ ન શમ્યો, તેમને એમ લાગતું કે-"**ભગત કાંઇને કાંઈ ગોઠવણ કરીને જ આવ્યા હશે ! ભરોસે રહેવા જેવું તો નથીજ !**"

એટલે **જમનાબહેને** અને ભગતના સાળા તથા વેવાઈ પક્ષવાળાઓએ **લીંબડી** જઇ શું કરી આવ્યા ? એ વાત ભગત પાસેથી કઢાવવા ઘણી મથામણ કરી, બન્ને છોકરાઓને જાતજાતની વાતોથી પટાવવા પ્રયત્ન કરી જોયો, પણ કશું ખાસ જાણવા મલ્યું નહિ એટલે **વાતમાં કાંઈ ભરમ છે** એમ સહુને લાગ્યું.

તે કારણથી ઘરમાં અને સ્વજન-વર્ગમાં થોડા દિવસ ખૂબ ધુંધવાયેલું વાતાવરણ રહ્યું.

છોકરાઓને પણ ખૂબ સહેવું પડ્યું, તેમ છતાં પૂ. ચારિત્રનાયકશ્રીની ધરપતભરી–શીખામણોથી અને **મગનભાઈ**ના હાર્દિક–આશ્વાસનોથી "**સોનાનેજ કસોટીએ ચઢવું પડે કે આગમાં પડવું પડે**" એ વાતને નજર સામે રાખી સંયમ–પ્રાપ્તિ માટે પૂર્વ–ભૂમિકાનું ઘડતર કરવાની આ તક મલી છે! એમ સમજી બન્ને ભાઇઓ કુટુંબીઓની તથા વાત્સલ્યમૂર્તિ છતાં મોહઘેલી માતાજીની મોહવશ કરાતી વિવિધ–પજવણીઓને ખમી રહ્યા.

ચોમાસાની શરૂઆતમાં **મણિલાલ**ને જોરદાર તાવ આવ્યો, ગલામાં શરદીની તકલીફ વધુ થઇ, તાત્કાલિક દવા–ઉપચારોથી રાહત થઇ, પણ શરીરમાં અશક્તિનું પ્રમાણ વધી ગયું, **મણિલાલ**ને ભય લાગ્યો કે "મને મોંઘેરા માનવ–શરીરનો સંયમ–પાલન દ્વારા સદુપયોગ કરવાની તક મળે તે પૂર્વે "શરીરં રોગમંદિરં"ની કહેતી પ્રમાણે રોગો આ શરીર ઉપર જો કબજો વધુ જમાવી બેસે તો મારે સંયમ–ચારિત્રનો લાભ શી રીતે મેળવવો?" આ સંબંધી ચિંતા–વિચારમાં શક્તિની વાપ્તિ અને યોગ્ય પથ્ય–પોષક આહાર લેવા છતાં શરીર બરાબર વળ્યું નહિ.

પર્યુષણ પ્રસંગે **મણિલાલે** પૂ. ચરિત્રનાયકશ્રીને ખરેખરા દિલથી કહ્યું કે–"**ભાઇ!** શું હું શ્રાવકકુલના ઉચ્ચતમ સંસ્કાર પૂર્વના પુણ્યયોગે મેળવી તેની સફલતારૂપ સર્વવિરતિ ચારિત્ર ધર્મથી આમ ને આમ વંચિત જ રહી રોગોના ઘેરાવમાં અસહાય બની રહીશ?..." આદિ.

પૂ. ચરિત્રનાયક શ્રીએ કહ્યું કે "**વહિલ બંધુ!** તમે તો સમજુ છો! બાપુજીની દોરવણી પ્રમાણે તમે યોગ્ય રીતે પુરૂષાર્થ કરી રહ્યા છો! આ શરીરની ઉપાધિઓ આગન્તુક છે, નાહક ઢીલા ન થાઓ! પવાધિરાજની આરાધના કર્મોનું બલ ઘટાડનારી છે, ખૂબ જ ઉમંગથી આરાધના કરો! હું તમારી સેવા–ભક્તિ કરવા તૈયાર છું! પૂ. બાપુજી પાસેથી યોગ્ય–માર્ગદર્શન આપણે મેળવીશું જ! તમે નાહિંમત ન થાઓ!"

આ વાતચીત **જમનાબહેન** સાંભળી ગયા અને ઘરમાં રોકકળ મચાવી મૂકી "હાય! હાય! ભગતે આ શું માંડ્યું છે? મારા બન્ને બાલકોને સાધુ બનાવી દેવાની પેરવી ગોઠવી છે" આદિ આદિ અનેકવિધ બાબતોની રજુઆત કરતા પૂર્વક રડારોળ કરી મુકી.

આના પરિણામે **પજુસણ** દરમ્યાન ઘરનું વાતાવરણ ખૂબ કલુષિત બની રહ્યું.

મગનભાઈએ બન્ને બાલકોને "**મૌનં સર્વાર્થ–સાધનં**" નો ગુરૂમંત્ર શિખવાડી **આપણા કામથી કામ** રાખી આગી કોઇની સાથે જીભાજોડ કે માથાકૂટમાં ન ઉતરવાની ભલામણ કરેલ.

પરિણામે થોડા દિવસમાં બધું વાતાવરણ થાલે પડી ગયું, પણ **મગનભાઈને** લાગ્યું કે—"સીધા માણસોની આ દુનિયા નથી! "**જેવા માણસ તેવી વાત**" ની જેમ લક્ષ્ય–સિદ્ધિ માટે મારે **જગતમાંથી** દેખાવ ખાતર પણ જરા **સંસારી** બનવું પડશે!"

મારા આત્મહિત માટે તેા મારે સંસારી–વળગણાં ફગવી દેવા માટે ભગીરથ પુરૂષાર્થ કરવેા પડે તેમ છે, પણ આ માસૂમ–બચ્ચાં તેા વળગણાના ફંદાથી રહિત છે ! નાહક તેઓ બિચારા પાકી–સમજણી–વયની ખામીથી મારી દોરવણીના ભરોંસે સંસારમાં ફસ્યા રહે ! તે વ્યાજબી નથી, માટે મારે કાંક નાટક કરવું પડશે. ”

“ સંસાર જ એવેા વિચિત્ર છે કે–ન–છુટકે પણ નાટકીયા ચાલે ચાલવું જ પડે ! નહિં તેા સંસારની ભ્રામક–માયાજાળમાંથી સારા–માણસેાને પણ છુટકારેા ન મળે. ”

લગભગ આસેા મહિને શરદીના તાવનેા ફરીથી હુમલેા **મણિલાલને** આવતાં **મગનભાઈ એ** એ તક ઝડપીને ઘરમાં વાતાવરણ એવું ઉભું કર્યું કે—“ **મણિલાલને** અહીંના હવા–પાણી માફક નથી, તેા થેાડા દિવસ હવા–ફેર કરાવવાથી તબિયતમાં ઝડપી સુધારેા થશે, અહિંના વૈદ્યની દવા ઘણી કરી, હજી કંઈ ઠેકાણું પડતું નથી, માટે **અમદાવાદ** એની દાદીમાને ત્યાં મેાકલીએ ! સાંભળ્યું છે કે, **અમદાવાદમાં મથુરા** બાજુના કાંક સંન્યાસી દેશી–દવાના સારા જાણકાર આવ્યા છે, **મણિલાલની** હજી નાની ઉંમર છે, અત્યારથી ચેાગ્ય સારવાર ન કરાય તેા મહારેાગ ઘર ઘાલી જાય, તેથી **મણિલાલને અમદાવાદ** મેાકલવાની જરૂર છે.”...આદિ.

મણિલાલને તેા બાપુજીની આ વાત સાંભળી મનમાં ફડાટ થયેા કે—“બાપુજી મારા શરીરની વાત પર જાતે ધ્યાન આપી દવા માટે મને **અમદાવાદ** મેાકલવાની પેરવી કરે છે, આ શું ? મારે તેા સંયમ–દીક્ષાના પંથે જવું છે, તેમાં પૂ. બાપુજીનેા સહકાર મેળવવેા છે, ને આ શું ? કેાઇ મારા પાપનેા ઉદય જાગ્યેા કે–પૂ. બાપુજી પણ મારા સંયમ ગ્રહણ બાબત કાંઈ પેરવી કરવાના બદલે શારીરિક–ચિંતામાં લેાક–દૃષ્ટિએ ભળી ભગત તરીકે માથું ન મારનારા પણ કેમ આવી વાતમાં રસ લે છે ?” આદિ.

પૂ. ચરિત્રનાયકશ્રી સમક્ષ **મણિભાઈએ** પેાતાની મનેાવ્યથા રજુ કરી કે–“ બાપુજી પણ શું મને સંયમમાં સહાયક હવે નહિં નિવડે ? બીજા કુટુંબીઓની જેમ બાપુજી પણ મારા શરીરની દરકાર કરતા થયા અને દવા માટે **અમદાવાદ** મેાકલવાની વાત રજુ કરી રહ્યા છે, શું મને હવે સંયમની પ્રાપ્તિ નહિં થાય ? એક બાપુજીનેા આધાર હતેા તે પણ મારા કમ-ભાગ્યે ટળી ગયાની શંકા થાય છે....શું થશે ?”

પૂ. ચરિત્રનાયકશ્રી વયમાં નાના છતાં જ્યેષ્ઠબંધુ કરતાં વધુ ગંભીર અને સ્થિર–પ્રજ્ઞાવાળા હેાઈ આશ્વાસન આપતાં બેાલ્યા કે—

“ ભાઈ ! નાહક ગભરાઓ છેા તમે ! પાણીમાંથી આગ ઉઠે કદી ! પણ પૂ. બાપુજી માટે તમારી કલ્પના યથાર્થ નથી ! શું તેઓની આજ સુધી હૈયાના ઉંડાણથી સંસારની

ભયાનકતાને સમજાવનાર અને સંયમધર્મની સચોટ અસર ઉપજાવનાર નિખાલસ વાણી ભૂલી ગયા આપણે ?"

"આપણને નાનપણથી ઠોકી-ઠોકીને સંસારથી અળગા રાખવા અને પ્રભુ-શાસનના પંથે ધપાવવા રાત-દિવસ ચીવટ ધરાવનાર પૂ. બાપુજી શરીરની દરકારમાં જ અટવાઈ જાય એ કદી ન બને ! જરૂર આની પાછળ કોઈ ભેદ હશે જ !"

આપણે રાત્રે પગ દબાવવા જઈશું ! ત્યારે અવસર મેળવી પૂછી જોઈશું ! પૂરી વાત જાણ્યા વિના મનના તરંગોના ડોલામણથી મુંઝાવું નહિ !"

પૂ. ચરિત્રનાયકશ્રીએ વડિલ-બંધુને ધરપત આપી તેથી **મણિભાઈ** જરા સ્વસ્થ બન્યા.

આસો વદ પાંચમની રાત્રે પૂ. ચરિત્રનાયકશ્રી પૂ. બાપુજીની પરિચર્યા-પગ દબાવવા રૂપે કરી રહ્યા હતા, **મણિભાઈ** જરા અસ્વસ્થ હોઈ પાસે જ પથારીમાં સૂતા હતા, ઊંઘ આવતી ન હતી, શારીરિક-અસ્વસ્થતા કરતાં સંયમ માટેની તમન્નામાંથી ઉપજેલી માનસિક-અસ્વસ્થતા વધુ સતાવતી હતી.

એટલામાં બટક-બોલા **હેમચંદની** પૂ. બાપુજીની સાથેની આડી-અવળી વાતોમાંથી પોતાને ગમતી-વાત તરફ વાતનો વળાંક લાવવાની તરકીબ નિહાળી મનોમન **મણિલાલ** પૂ. ચરિત્રનાયકશ્રીની આગવી-કુશલતા બદલ અભિનંદન આપી રહ્યા.

પૂ. ચરિત્રનાયકશ્રીએ ધીમે રહીને અવસર જોઈ વાત છેડી કે-"**બાપુજી** ! આપ તો પાકટ-ઉંમરના અનુભવી અને અમારા જીવનના સાચા રખેવાળ હિતેચ્છુ છો ! આપના ગંભીર-સ્વભાવને અનુરૂપ-વર્તનોની અમારે મન ખૂબ જ કિંમત છતાં તુચ્છ-સ્વભાવી ક્ષુદ્રમન કયારેક ટૂંકી સમજને લઈ ફિતુર ઉભા કરે છે, તેથી નમ્ર-ભાવે મારે એ પૂછવું છે કે "**લીંબડી**થી આવ્યા પછી પ્રબલ-વરસાદની જેમ ધોધમાર વહેતી આપની વૈરાગ્યની ધારાનો ઉપદેશ કાં ઠંડો થઈ ગયો છે ? ઘરનું વાતાવરણ બળભાગલું છે ખરું ! તેમ છતાં આપના ઉપદેશ અને શિખામણોના ટેકે અમ-બાલકોનું હૈયું સંસારના વિકારી-ભાવો સામે ટકી શકે ! પણ આપ હાલમાં સાવ ઉદાસીન ભાવે લીન બની અમોને યોગ્ય શિખામણ કાં આપતા નથી ? એમાંય વળી હમણાં-હમણાં જ્યેષ્ઠ-બંધુની શારીરિક-સ્થિતિની નબળાઈને વધુ મહત્ત્વ આપી આપ કદી આવી વાતોમાં માથું ન મારો, છતાં તેમની દવા લાવવા **અમદાવાદ** દાદીમાને ત્યાં મોકલી દેશી-દવાની તજવીજ આદિ ખટપટમાં આપ કેમ પ્રવર્ત્યા છો ?"

"વડિલ-બંધુને તો સંયમની પ્રબલ ઉત્સુકતા છે ! શરીર તો સંયમ-સ્વીકારના પ્રતાપે સારૂં થઈ જશે એમ ગણતરીમાં છે પણ તેઓ શારીરિક-સ્થિતિ સુધારવા અંગેના આપના અવનવા વળાંકને નિહાળી હતાશ થવા થઈ ગયા છે, કે શું બાપુજી પણ બીજા-સ્વજન-વર્ગની જેમ મારી દીક્ષા બાબત સાનુકૂલ આપવાના બદલે દવા અને તબિયતની ખટપટમાં ભળી ગયા કે ?" આદિ...

"આપના અંતરમાં શું રમી રહ્યું છે ? તે અમારા ટૂંકી-બુદ્ધિથી પરખાતું નથી ! એટલે આપના પર અવિશ્વાસ એ મહા-ભયંકર ગુન્હો છતાં અચાનક થઈ જવા પામે છે, તેથી જ્યેષ્ઠ-બંધુના માનસિક-સંતાપને જોઈ યોગ્ય ઉકેલ માટે આપની સમક્ષ આ વાત રજુ કરવાની તક બે-ચાર દિવસથી મેળવવાની પેરવીમાં હતો, આજે અવસર મળેથી નમ્રભાવે વાત રજુ કરવા હિંમત કરી છે !"

મગનભાઈ આ સાંભળી જરા સ્વસ્થ બની બેઠા અને ખૂબ પ્રસન્ન-મુદ્રાએ પૂ. ચરિત્ર. નાયકશ્રીને પાસે બેસાડી માથું અને બરડાને પંપાળવા પૂર્વક બોલ્યા કે-"**બેટા હેમુ** ! ખરેખર ! તારી નિખાલસતા, વિનય અને બોલવાની તેમજ વાત રજુ કરવાની રીત-ભાત, તારી નાની ઉંમર છતાં અજબ વિવેકભરી છટા આદિ દેખી મારૂ હૈયું ગજ-ગજ ઉછળે છે !"

"બેટા ! શું તને એમ લાગે છે કે-મારી વિચારધારા પલટાઈ હશે ? મારા વિષમ-પાપનો તીવ્ર ઉદય છે, કે-હું પ્રભુ-શાસનના સર્વસ્વરૂપ અને શ્રાવક-જીવનની સફલતા રૂપ સર્વવિરતિના પંથે જઈ શકતો નથી ! પણ પુણ્યયોગે તમો બંને ગત-જન્મની આરાધનાના બળે સંસારની મોહ-માયાથી અલિપ્ત રહી ચારિત્ર ગ્રહણ કરવા તૈયાર થયા છો ! તો તમોને સઘળી રીતે સહકાર ન આપું ! અને હું પણ કુટુંબીઓની જેમ મોહની ઘેલછા રૂપ માત્ર શારીરિક-ભાવજત અને દેવા વગેરેની દરકારને વધુ પડતું મહત્વ આપું ! તેવું તો પૂ. જિન-ગુરુના પ્રતાપે મારા જીવનમાં બનવા ન પામે !

પણ દુનિયાની કહેવત છે કે "**જેવાની સાથે તેવા થઈએ તો ગામ વચ્ચે રહીએ**" "**વાંકે લાકડે વાંકો વહેર**" એટલે તમો બંનેને પ્રભુ-શાસનના પંથે સફલતા પૂર્વક ચઢાવવા **ઉંટની ચાલે ચાલ મેલવવાની** જેમ જરા સંસારી જીવોને સાનુકૂળ બનાવવા માટે "**જે પાણીએ મગ સીઝે તે રીતે સીઝવવા**"ની વ્યવહારૂ નીતિનો આશ્રય લઈ **મણિલાલની** તબિયત હકીકતમાં નરમ છે જ, તો તે ચીજનો લાભ લઈ તેમાંથી સંયમ-ગ્રહણ જેવું મહા ઉચ્ચકોટિનું ફળ મેળવી શકાય, તેવી બાજી ગોઠવી છે".

હેમચંદ્રે નમ્રતાથી કહ્યું કે—"બાપુજી ! એ તો મને ચોક્કસ ખાત્રી છે કે-આપની અંતરની લાગણી સંતાનોના આત્મકલ્યાણ તરફ વધુ છે ! પણ મારી ટૂંકી-બુદ્ધિથી ન કળી શકાય તેવી બાબત પૂછવાની હિંમત ન થતાં ગમ્મતમાં આ રીતે પૂછવાની ધૃષ્ટતા કરી બેઠો છું ! તે બદલ ક્ષમા યાચું છું !"

મગનભાઈએ કહ્યું કે-"ના ! ના ! **બેટા હેમુ** ! જરા પણ વાંધો નથી ! તારા અંતરમાં જિનશાસનની અપૂર્વ-પ્રભાવના કરવાની જે નિગૂઢ-શક્તિઓ રહેલી છે ! જે સમય આવ્યે આપણા જિનશાસનને ઝળઝળાટ કરી મુકશે ! કે જે તો ખાત્રી જ્યોતિષીના ફળાદેશ કરતાં પૂ. તારક ગુરૂદેવશ્રીના મુખથી જાણેલી તારામાં છુપાયેલી શક્તિઓ ખરેખર મને આનંદ-વિભોર કરી દે છે ! એટલે તારા વ્યવહારથી મને જરાપણ દુઃખ નથી થયું !"

"પણ ! તારા માટે થોડો કાળક્ષેપ પૂ. તારક-ગુરૂદેવના આદેશ-મુજબ કરવો જરૂરી છે ! પરંતુ **મણિલાલ** માટે હવે વિલંબ કરવો ઉચિત નથી, તેમજ તેની તમન્ના સંયમ તરફ દિન-પ્રતિ-દિન તીવ્ર થતી જાય છે, તો તેની ભાવનાને જલ્દી સક્રિય-રૂપ આપવા મારી આ એક ગોઠવણ છે કે શરીરની માંદગી કે જે હકીકતમાં ખોટી નથી, તેનો લાભ લઈ આપણું કામ સરળ બનાવી લેવું !

કેમકે વારંવાર શરદી-તાવના હુમલા તથા અપચો, વાયુ વગેરેની તકલીફ **મણિલાલને** ઘણી રહે છે, તે અંગે યોગ્ય ઉપચારો ઘણા કર્યા, પણ ધારી અસર થઈ નથી, તેથી, તેનો લાભ લઈ મેં એક વ્યવસ્થિત યોજના ઘડી કાઢી છે-તેમાં શરીરની સુખાકારિતાના હિસાબે કોઈ સ્વજન વર્ગ આડે નહિ આવે, એટે **મણિલાલને** તારી સાથે સારા વૈદ્યને બતાવવા અને દવા કરાવવાના બહાને **અમદાવાદ** મોકલું !

ત્યાં મારા પરમતારક **ગુરૂદેવશ્રીએ** પત્રથી પાકી વ્યવસ્થા કરી છે કે સંવેગી-શાખામાં પોતાના વિશાળ-પરિવાર સાથે સંયમ-દીક્ષા સ્વીકારી અજ્ઞાન-મૂઢ અનેક જીવોને સન્માર્ગ-રસિક બનાવનાર **પૂ. શ્રી બુદ્ધિવિજયજી (પૂ. બુટેરાયજી) મ.** ના પ્રભાવક અનેક-શિષ્યો પૈકી જ્ઞાન-સંયમ અને તપની ત્રિવેણીના સુભગ-સંયોગથી પરમાદરણીય, શાસ્ત્રોના અઠંગ જાણકાર **પૂ. શ્રી નીતિવિજયજી મ.** પાસે **મણિલાલનું** કામ પતી જાય, તેથી મારી દેખાવમાં અસંગત પણ મૂળ-લક્ષ્યની સિદ્ધિ માટે વ્યવસ્થિત ગોઠવણ છે, ગોલ ! બરાબર છે ને ?"

આ સાંભળી નજીકમાં જ પથારી કરી સૂઈ રહેલા પણ માનસિક-અસ્વસ્થતાથી ઊંઘવા નહીં પામેલ **મણિલાલ** ખૂબ સ્વસ્થ-પ્રસન્ન થઈ ગયા અને પૂ. બાપુજીના ચરણોમાં માથું મૂકી "હકીકતમાં આ સંસારના કારાગારથી છોડાવનાર આવા પિતાજી ભવોભવ મલજો" એમ કહી ખૂબ જ ભાવથી નમી પડયા.

પૂ. ચરિત્રનાયકશ્રી પણ પૂ. પિતાજીની ચકોરબુદ્ધિ અને અજબ કુનેહભરી વિવેકબુદ્ધિ બદલ ખૂબ પ્રમુદિત બની વડિલ-બંધુનુ કામ થતું નિહાળી આનંદિત તો બન્યા, પણ પોતા માટે હજી કાળક્ષેપ કેટલો ? અને ક્યાં રહ્યો ?' એમ પૂ. બાપુજીને પૂછવા વિચાર થયો, પણ 'નાના મોંઢાએ આવું બધું ન બોલાય !' એમ કરી વિનયની મર્યાદાને વશ રહી પૂ. બાપુજીના ચરણે ભક્તિપૂર્વક સ્પર્શ કરવા સાથે નમસ્કાર કરી સૂવા માટે જ્યેષ્ઠ-બંધુ પાસે ગયા.

આ વાતચીત પછી **મણિભાઈએ** 'શરીરની અસ્વસ્થતાના ઓઠા તળે' સંસારથી વહેલો છુટકારો મળશે' એમ ધારી શરીરની અસ્વસ્થતા વધુ દેખાડવા માંડી.

મગનભાઈએ પણ **જમનાબહેનને** સમજાવી-પટાવી **મણિલાલને** સારા વૈદ્યને બતાવી દવા કરાવવા પોતાના આડતીયા પર પાકી ભલામણ લખી પૂ. ચરિત્રનાયકશ્રી સાથે દાદીમાના ઘરે **અમદાવાદ** મોકલવાનું નક્કી કરાવ્યું.



પ્રકરણ–૧૬

જ્યેષ્ઠ બંધુની દીક્ષા અને પૂ. ચરિત્રનાયકશ્રીનું મનોમંથન

"પુણ્યવાન–મહાપુરુષોને અનુકૂલ–સામગ્રી સાહજિક રીતે પ્રાપ્ત થાય છે" આ નિયમ હકીકતમાં પૂ. ચરિત્રનાયકશ્રી માટે સફળ થઈ રહ્યો, કેમકે–

આદર્શ સંસ્કાર–સંપન્ન પિતાજીની હાર્દિક હોંસવણી અને પૂર્વજન્મની વિશિષ્ટ આરાધનાના સંસ્કારોને પાંગરવા માટે અનુકૂલ આરાધનાની સામગ્રી આદિ બળે વિકાસ પામી રહેલ સંયમની ભાવના સફળતાની કક્ષાએ પહોંચવા વિશિષ્ટ આકાર લઈ રહી.

એટલે કે વ્યાવહારિક રીતે સ્વજનવર્ગ અને પૂ. માતાજીનો ઉગ્ર પ્રતિરોધ છતાં જ્યેષ્ઠ–બંધુની દીક્ષાનો પ્રસંગ અને તે માટે દીર્ઘદર્શી પૂ. પિતાજીની કુનેહભરી સમજણ પ્રમાણે શારીરિક અસ્વસ્થતાને આગલ કરી સ્વજનવર્ગના વિરોધની ચૂંચને સહેલાઈથી ઉકેલી સંયમ લેવા માટે મોકળા થયેલ રસ્તા પર યોગ્ય સહયોગીરૂપે વડીલ બંધુ સાથે પોતાને જવાની પૂ. બાપુજી દ્વારા થયેલ સાહજિક ગોઠવણ પૂ. ચરિત્રનાયકશ્રીના મનને આનંદ-વિભોર કરી રહી.

મગનભાઈએ પૂ. તારક ગુરુદેવ શ્રી **ઝવેરસાગરજી મ.** સાથે પત્રવ્યવહાર દરમ્યાન **મણિલાલ** માટે સંયમ ગ્રહણ કરવાના સ્થાન તરીકે **અમદાવાદ** બિરાજતા **પૂ. શ્રી નીતિ–વિજયજી મ.** નું સૂચન ગુરુ–આજ્ઞા "**તહત્તિ**" કરી વધાવી લીધું અને હૃદયમાં ધરપત પણ થઈ કે–

"તપગચ્છની સંવેગી શાખાના ધુરંધર પ્રભાવક પૂ. પં. **શ્રી મણિવિજયજી મ.** "દાદા"ની નિશ્રામાં **પૂ. શ્રી બુટેરાયજી મ.** જેવા ઉગ્ર સંયમી, તપસ્વી, ધુરંધર, સંયમ–ઋષી, ભવભીરૂ મહાપુરૂષે મિથ્યાત્વને ફગાવી દેવાનો અનન્ય–સાધારણ પુરૂષાર્થ કર્યો અને પૂજ્ય **બુદ્ધિવિજયજી** મ. તરીકે જિનશાસનના આરાધક બન્યા, વળી જે પૂજ્યશ્રીના આવા ભવ્ય સિંહ–પુરૂષાર્થના નિમિત્તે **પૂ. શ્રી. આત્મારામજી** મ. આદિ દિગ્ગજ–વિદ્વાન અને ઢુંઢક શાખાના સ્તંભ જેવા અઢાર મહામુનિઓએ પણ જે પૂજ્યશ્રીનું શરણ સ્વીકાર્યું. તે **પૂ. બુદ્ધિવિજયજી** મ. (બુટેરાયજી મ.)ના પ્રભાવશાળી અનેક શિષ્યો પૈકી ગંભીર, પ્રૌઢ–સંયમી અને પ્રભાવક* **પૂ. મુનિ શ્રી નીતિ વિજયજી મ.** ની નિશ્રા એટલે હકીકતમાં મારા સંતાનને હિતકર સંયમના પંથે ધપવામાં ખૂબ જ આદર્શ–પ્રેરક ગુરુદેવનું શરણું મળ્યું ગણાશે."

વિક્રમ સં. ૧૯૪૫ના ચોમાસા દરમિયાન પૂ. ચરિત્રનાયકશ્રીએ પૂ. પિતાશ્રીની તાત્વિક દોરવણી તળે સંયમની ઉત્કટ અભિલાષાને સફળ બનાવવા પૂ. ગુરુદેવશ્રી પાસેથી પત્ર દ્વારા મેળવેલ માર્ગદર્શનરૂપે મોહનીય કર્મના આવરણોને ખસેડવા કરેલ સાત દિવસની આરાધના દરમ્યાન આયંબિલ કરી રોજના ત્રણ હજાર શ્રી નવકાર મહામંત્રનો જાપ અને શ્રી નવકાર ગણવા સાથે બહારની વાડીમાં પ્રભુ શ્રી **નેમિનાથને** શ્વેત–સુગંધી ત્રણસો પુષ્પ ચઢાવી રાત્રે સૂતી વખતે પૂ. ગુરૂદેવશ્રીએ આપેલ મંત્રનો જાપ શ્રાવણ મહિનામાં સુદ ત્રીજથી દશમ સુધી કરીને જ્યેષ્ઠ–બંધુના સહકારથી ખૂબ જ વિશુદ્ધ–પરિણામની ધારા મેળવી સંયમ અંગે સુદૃઢ ભાવના વિકસાવેલી.

તેની સફળતા પૂ. પિતાશ્રીના કુનેહથી જ્યેષ્ઠ–બંધુની શારીરિક–પ્રકૃતિની અસ્વસ્થતાને આગળ કરી **અમદાવાદ** પૂ. તારક–ગુરુદેવશ્રીએ સૂચવેલ ગુરુભગવંતના ચરણોમાં જવાની તક મેળવવા રૂપે થશે." આદિ વિચારધારાથી પૂ. ચરિત્રનાયકશ્રીએ ખૂબ પ્રસન્નતા અનુભવી.

કુદરતી–ઘટના ક્રમ પ્રમાણે **મણિલાલને** આસો મહિનાથી લાગુ પડેલ તાવ, શરદી, ઉધરસ અને કમ્મરના દુઃખાવાને હઠાવવા **જમનાબહેન** આદિ સ્વજનવર્ગના નાનાવિધ ઉપચારોની

---

* પૂ. **શ્રી બુદ્ધિવિજયજી** મ. (બુટેરાયજી મ.)ના પ્રભાવશાળી અનેક શિષ્યો–પ્રશિષ્યો પૈકી સાત મુખ્ય શિષ્યો હતા.

૧ પૂ. શ્રી મુક્તિ વિજયજી મ. (મૂળચંદજી મ.)
૨ પૂ. શ્રી વૃદ્ધિ વિજયજી મ. (વૃદ્ધિચંદજી મ.)
૩ પૂ. શ્રી નીતિ વિજયજી મ.
૪ પૂ. પં. માણેક વિજયજી મ.
૫ પૂ. શ્રી મોતી વિજયજી મ.
૬ પૂ. શ્રી વિજયાનંદસૂરિજી મ. (પૂ. શ્રી આત્મારામજી મ.)
૭ પૂ. તપસ્વી શ્રી ખાંતિ વિજયજી મ. "દાદા"

સારવાર છતાં ધારી સફળતા ન મળવાથી **મગનભાઈએ** વિ. સ. ૧૯૪૬ના **માગસર મહિને નડિયાદ** ગણાની દવા ચાલુ કરાવી, તેની પણ અસ ખરાબર ન થવાથી પોષ સુદ ૭ના શ્રાવિકાને વાત કરી દવા માટે **મણિલાલને અમદાવાદ** ાકલવાનું ઘરમેળે નક્કી કર્યું.

પછી ક્રમુસ્તાં ઉતરેથી ઉતરાણના બે-ત્રણ દિવસ પ ા સઘળા સ્વજનવર્ગને ભેગો કરી **મણિલાલ**ની શારીરિક--સ્થિતિ છેલ્લા ચાર છ મહિનાથી શ દી, તાવ; આદિથી ખૂબ કથળી હોવાથી તથા તે માટે અહીંના તથા **મહુધા, ચુણેલ, ન ડીયાદના** વૈદ્યોની દવા વિગેરેના ભરચક કરાવેલ ઉપચારો છતાં શરીર ખૂબ ક્ષીણ થવા પામ્યું છે, સરખી રીતે દવાની જરૂર છે, આદિ વાતની વ્યવસ્થિત **મગનભાઈએ** રજુઆત કરી.

અમદાવાદ સારા વૈદ્યની દેખરેખમાં દવા કર વા માટે યોગ્ય દિવસે અમદાવાદ મોકલવાની વાત પર ભાર મૂકી સઘળાની સંમતિ લેવડાવી.

મહા સુ. ૧ ના મંગળ દિને જિનમંદિરે સ્નાત્રપૂજા ભણાવી વિધિપૂર્વક અષ્ટપ્રકારી–પૂજા કરાવી બંને બાળકોને **મગનભાઈએ** હાથમાં શ્રીફળ અને **જમનાબહેન** પાસે કંકુનું તિલક કરાવી ઉપર ચોખા ચોડાવી શુકન તરીકે ગોળની લાપસી ખવડાવી ઉમંગભેર સ્વજન–વર્ગની ભાવ-ભરી વિદાય સાથે **શુભ** ચોઘડિયામાં તૈયાર કર્યા.

પ્રયાણ વખતે ઘરમાં સામાયિકની ઓરડીમાં પ્રભુજીના ાટા આગળ ઘીનો દીવો કરી ૨૭ વાર શ્રીનવકાર મહામંત્ર ગણાવી નિર્વિઘ્ને વ્યવહારદૃષ્ટિથી દવા કરાવવા **અમદાવાદ** જવા પાછળ ભાવરોગની રામબાણ દવા રૂપે સંયમના સ્વીકાર અંગે ા બળ મળે તેવી શુભ–આશંસા પૂ. ગુરૂદેવના ચિત્ર સમક્ષ ચરણ–સ્પર્શ કરવા સાથે પૂ. **ચરિત્રનાયકશ્રી અને મણિલાલે** સુદૃઢ રીતે કરી.

મગનભાઈએ પણ હૈયાના આશિષ આપ્યા, બન્ને ભાઇઓ ઉપડતા સૂરે હાથમાં શ્રીફળ લઈ ઘરેથી નીકળી પૈતૃક–દેહરે દર્શન કરી પૂ. ચરિત્રનાયકશ્રીએ ભાવપૂર્વક સાથિયો તથા શ્રીફળ ચઢાવ્યું અને **મણિલાલે** પૂ. ચરિત્રનાયકશ્રીની સૂચના મુજબ **ચિંતામણી દાદાના** દેહરે નંદ્યાવર્તનો મોટો સ્વસ્તિક કરી તેના પર ૧૧ રૂપિયા સા શ્રીફળ ચઢાવ્યું.

પછી ખૂબ ભાવપૂર્વક સ્તવના કરી જીવનને પાવન અને ધન્ય બનાવનાર સર્વવિરતિના પંથે સફળ પ્રયાણની સુંદર કામના સાથે બંને ભાઇઓ મ ા આવેલ સ્વજન–વર્ગની ભાવભરી વિદાય સાથે પૂ. બાપુજી અને પૂ. માતાજીના ચરણે સ્પર્શ દ્વારા શુભ આશિષ લઈ ગામડેથી મંગાવેલ પવનવેગી ગાંઠણી પર સાત નવકાર ગણી સવાર થયા.

કપડવંજના સીમાડા, **વરાંસી** નદીના કોતરો, **આતરસુબાની** સીમ, **સાબરમતીના** ઓઘા વગેરે અડપથી પસાર કરી સૂરજ માથે આવતાં પૂર્વે તો **અજમાવત** કોટ વટાવી **બહિયલ** થઈ **દહેગામની** ભાગોળે આવી પહોંચ્યા.

ત્યાં થોડો વિશ્રામ કરી નારતા પાણીથી પતાવી વહેલામાં વહેલી તકે પૂ. ગુરૂદેવના ચરણોમાં પહોંચી જવાની અદમ્ય-ઉત્સુકતાથી બન્ને ભાઇઓએ પરસેવે રેબઝેબ થવા છતાં સંયમના ઉમંગ-ઉત્સાહથી પ્રસન્ન વદને ત્રણથી ચારના ગાળામાં **અમદાવાદમાં** પ્રવેશ કર્યો અને **ડોશીવાડાની પોળમાં વિદ્યાશાળામાં** બિરાજતા **પૂ. નીતિવિજય મ.** પાસે પૂ બાપુજીની સૂચના પ્રમાણે બાપુજીએ લખી આપેલ પત્ર સાથે પહોંચવા તજવીજ કરી.

પૂ. ચરિત્રનાયકશ્રીની સમયજ્ઞતાથી ઊંટવાળાને **કાળુપુર** દરવાજા નાકે જ ભાડું ચૂકવી રવાના કરી દીધો, જેથી **કપડવંજમાં** પૂ. મહારાજશ્રી પાસે પહોંચ્યાના સમાચાર કેલાય નહિ.

ઉપરાંત પૂ. ચરિત્રનાયકશ્રીએ વડિલબંધુને સૂચન કર્યું કે "મહત્વના કામ માટે જઈએ છીએ તો પૂ. ગુરૂદેવ પાસે ખાલી હાથે કેમ જવું? બજારમાંથી માંગલિક તરીકે શ્રીફળ લઈ લઇએ?" મણિલાલને પણ એ વાત યથોચિત લાગી.

કાળુપુરથી વિદ્યાશાળા આવવાના માર્ગ પરથી એક દુકાને તપાસ કરી તો પાંચ-દશ શ્રીફળમાંથી સારૂં પાણીવાળું એક જ શ્રીફળ મળ્યું, આસપાસની બીજી દુકાનોમાં તપાસ કરી પણ બનવા-કાળ કંઈ મેળ ન આવ્યો.

બન્ને ભાઇઓ અમદાવાદ શહેરમાં એકલા પહેલી જ વાર આવેલ હોઈ "**અજાણ્યા -આંધળા બરોબર**" કહેવત પ્રમાણે કયાંક **કાળુપુરમાંથી** બીજે રસ્તે ચઢી જઈશું તો ફરી પાછા ઠેકાણે આવતાં મોડું થશે, વળી સાયંકાલ થવા આવ્યો છે, પૂ. મહારાજશ્રી પાસે મોડા જવું તે ઠીક નહીં, જેમ બને તેમ વહેલામાં વહેલા પહોંચવાની ગણત્રીએ સારૂં જોઇએ તેવું પાણીદાર શ્રીફળ એક જ નંગ મળ્યું તો તેમાં સંતોષ માની ઝટપટ **ડોશીવાડાની પોળે** આવ્યા.

સામે એક શ્રાવકભાઈ મળ્યા, તેમને પ્રણામ કરી **વિદ્યાશાળા કયાં?** એમ પૂછ્યું. એટલે પેલા ભાઇએ પરસેવે રેબઝેબ બન્ને બાળકોને જોઈ કયાંક દૂરથી પૂ. મહારાજશ્રી પાસે વાંદવા આવતા લાગે છે, એમ ધારી અચાનક સાધર્મિક-ભક્તિનો લાભ મળશે એમ વિચારી બહુમાનપૂર્વક બંને ભાઇઓને વિદ્યાશાળામાં પૂ. **નીતિવિજયજી મ.** પાસે લઈ જઇ પોતે થોડીવારમાં જમવા માટે બોલાવવા આવે છે-એમ કહી પેલા ભાઈ ઘરે ગયા.

મણિલાલ અને પૂ. ચરિત્રનાયકશ્રીએ **પૂ. નીતિવિજયજી મ.**શ્રી આગળ પાટલા પર ચોખાનો સાથિયો કરી, શ્રીફળ ચઢાવી ભાવભરી વંદના કરી બહુમાનપૂર્વક સુખશાંતિ પૂછી, વિનયપૂર્વક પરિચય કરી. પૂ. મહારાજશ્રીએ **કયાંથી આવ્યા છો? કેમ આવ્યા છો?** વગેરે ઔપચારિક વાત કરી.

મણિલાલે ટુંકમાં વિગત કહી, પૂ. ચરિત્રનાયકશ્રીએ બાપુજીએ લખી આપેલ પત્ર રજુ કર્યો, પૂ. મહારાજશ્રીએ વાંચ્યો, આખી વિગતનો ખ્યાલ આવ્યો, **પૂ. ઝવેરસાગરજી**

મ.ના હીંમડાથી પત્ર આવેલ, તેના અનુસંધાનમાં પુણ્યવાન ભાવુક **મણિલાલને** મુમુક્ષુ તરીકે ઓળખી પ્રસન્નતા વ્યક્ત કરી.

પૂ. મહારાજશ્રીએ કહ્યું કે "**સારી વાત છે! પુણ્યવાન છો તમે!**" આદર્શ સંસ્કારી પિતા મહા-પુણ્યયોગે તમને મળ્યા છે! કે આટલી નાની વયમાં સંસારથી અળગા થવાની ભાવનાને વિકસાવી, આકરા સંયમના પંથે સ્વેચ્છાએ જવા તમોએ મનોદશા વિકસાવી છે, તે બદલ તમો ખરેખર ધન્યવાદને પાત્ર છો!"

"તમારી ભાવનાને યોગ્ય આવકાર જરૂર અપાશે, ત્યાં તમે અહીં રહો! શાસ્ત્રવિધિ પ્રમાણે યોગ્ય તપાસ પછી તમારી ભાવના પરિપૂર્ણ કરવા પ્રયત્નશીલ બનીશ."

પૂ. શ્રીનો પ્રથમ-પરિચયે પણ નિખાલસ ખુલાસો સાંભળી બન્ને ભાઇઓ ખૂબ રાજી થયા, પૂર્વ પરિચય કંઈ નહિ છતાં **પૂ. ઝવેરસાગરજી મ.** અને **બાપુજીના** પત્ર ઉપરથી સાહજિક-આત્મીયતા દર્શાવવા સાથે કેવી નિષ્કપટ વાતો હૈયાની સરળતા જણાવનારી પૂ. શ્રીએ કહી? તે બદલ બન્ને ભાઇઓને ખૂબ આનંદ થયો.

સમય થયો એટલે પેલા શ્રાવક સાધર્મિક-ભક્તિનો લાભ લેવા માટે બન્ને ભાઇઓને બોલાવવા આવ્યા, આદરપૂર્વક સાથે લઈ જઈ ભાવપૂર્વક જગાડી વાત્સલ્યપૂર્વક બેસાડી સામાન્ય પરિચય મેળવ્યો.

બંનેને દીક્ષાથી જાણી શ્રાવકભાઇને ખૂબ આનંદ થયો, પુણ્યવાન-આત્માઓની અપૂર્વ ભક્તિનો અચાનક લાભ મળ્યો, બંને ભાઈઓને આગ્રહપૂર્વક રહો ત્યાં સુધી મને જ લાભ દેજો-એમ આગ્રહ કરી કંઈ પણ કામ હોય તો નિઃસંકોચ જણાવવા વિનંતિ કરી.

બંને ભાઈઓ ઉપાશ્રયે આવી પૂ ગુરુદેવશ્રી સાથે પ્રતિક્રમણ કરી પૂ. મહારાજશ્રીના પગ દબાવવાની સેવા-ભક્તિ કરી જાતને કૃતાર્થ બનાવી. પ્રાસંગિક અનેક વાતો પૂજ્યશ્રી સાથે વિનય-વિવેક પૂર્વક બંને ભાઈઓએ કરી.

પૂ. મહારાજશ્રીએ વાતચીત દરમ્યાન બંને ભાઈઓના અંતરની નમ્રતા, નિખાલસતા તેમજ મુમુક્ષુતાની ચકાસણી યોગ્ય રીતે કરી જોઈ.

યોગ્ય અવસરે પૂ. મહારાજશ્રીની સૂચનાનુસાર ઉપાશ્રયમાં જ સંથારા પર સૂઈ ગયા.

સવારે રાઈ-પ્રતિક્રમણ કર્યું. શ્રી નવકાર મહામંત્રનો જાપ કર્યો, દહેરાસરે દર્શન કરી, પૂ. ગુરૂદેવશ્રીને વંદન કરી પેલા શ્રાવક ભાઇ બોલાવવા આવ્યા એટલે તેમની સાથે જઈ ન્હાઈ-ધોઇ **પ્રભુ મહાવીર** પરમાત્માના **રીંચીરોડ** પરના દહેરાસરમાં પૂજા કરી.

નવકારસી પચ્ચક્ખાણ પારી પૂ. શ્રીના વ્યાખ્યાનમાં આવી બેઠા, વ્યાખ્યાન દરમિયાન સંસારના વિષમ સ્વરૂપની સમજુતી સાથે સંયમ-ધર્મની મહત્તાનો સુંદર ખ્યાલ શ્રી **ધન્યકુમારના** જીવન પ્રસંગો દ્વારા મેળવ્યો.

બન્ને ભાઈઓએ પૂજ્યશ્રીની વેધક સચોટ વૈરાગ્યની પકડવાળી દેશના સાંભળી વૈરાગ્ય-ભાવનાને સુદૃઢ કરી

બપોરે સામાયિક લઈને બંને ભાઈઓ **અધ્યાત્મકલ્પદ્રુમ** વાંચી સંસારની વિરૂપતાનો પરસ્પર વિચાર કરતા હતા, દરમ્યાન પૂજ્યશ્રીએ બંનેને પાસે બોલાવી **મણિલાલને ઉપદેશ-માળાનો** ટબો તથા **પૂ. ચરિત્રનાયકશ્રીને પ્રશમરતિનો** ટબો વાંચવા આપ્યો, તેમાંની અમુક ગાથાઓ સૂચવી ત્યાંથી વાંચવાની સૂચના કરી.

બંને ભાઈઓને મનગમતા મળેલા ભોજનની જેમ ગુરુઆજ્ઞાને તહત્તિ કરી ચઢતે રંગે સ્વાધ્યાયમાં લીન બન્યા, સામાયિક પુરું થયું તો બીજું, ત્રીજું, એમ ચાર વાગ્યા સુધી સ્વાધ્યાય માટે ત્રણ સામાયિક કર્યાં.

પૂ. ગુરુદેવે પણ ચકોરદૃષ્ટિથી બંનેના મુખ પર સ્વાધ્યાય દરમ્યાન પલટાતા અવનવા ભાવો-વિચારોની નોંધ કરી બંનેની ભૂમિકા અને તત્ત્વદૃષ્ટિના ઘડતરની ચકાસણી કરી.

ત્રણ સામાયિક જેટલા લાંબા ગાળા સુધી એકધારી રસાસ્વાદવૃત્તિ પૂર્વક કરાવેલ સ્વાધ્યાય પરથી બંનેની મુમુક્ષુતાનો ભાગ્ય નિર્ણય કરી પૂજ્યશ્રીએ સ્વાધ્યાય-વિરામ માટે સૂચન કર્યું, એટલે પૂજ્યશ્રીને બંને પુસ્તક સાદર પરત કરી સામાયિક પારી અલૌકિક-તાત્ત્વિક વિચારણાના આનંદને વાગોળી રહ્યા.

પૂજ્યશ્રીની ચકાસણીમાં આપણી સફળતાના ટકા વધુ પ્રમાણમાં મેળવી શકીએ, તેવી મંગળ ભાવના બંને ભાઈઓના દિલમાં રમી રહી.

સાંજે પેલા વિવેકી-શ્રાવક સાથે ધર્મપુરી સમા **રાજનગરના** તિલકસમા **ઝવેરીવાડનાં** ભવ્ય, પ્રાચીન, વિશાળ જિનાલયોનાં દર્શન કરી બંને ભાઈઓએ **અમદાવાદના** નગરશેઠના વંશજોની પુનિત ધર્મભાવના અને પ્રભુભક્તિની ગુણાનુરાગ-દૃષ્ટિથી ખૂબ અનુમોદના કરી.

ભોંયરામાં સ્થાપિત ભવ્ય-વિશાલ જિનબિંબો સમક્ષ પૂ. ચરિત્રનાયકશ્રી તો એવા તન્મય થઈ ગયેલા કે-સમય-સંજોગો સાનુકૂળ હોત તો વીતરાગ-પ્રભુની અપૂર્વ શાંત રસ-ઝરતી મુદ્રામાંથી અખૂટ રીતે વહેતી આત્મિક-શુદ્ધિ ધારાના પ્રવાહમાં કલાકો સુધી ડૂબી રહેત.

તેમ છતાં થોડો થોડો સમય દરેક ભવ્ય જિનબિંબો સમક્ષ સ્વસ્થ-ચિત્તે શ્રી નવકારના જાપ સાથે પ્રભુ-ભક્તિમાં લીન બનવાનો સત્ પ્રયત્ન પૂ. ચરિત્રનાયકશ્રીએ કર્યો.

આમ કરતાં દોઢથી બે કલાક પસાર થઈ ગયા છતાં ખબર ન પડી.

યોગ્ય-સમયે **વિદ્યાશાળાએ** જઈ પૂજ્યશ્રીનું પ્રતિક્રમણ શરૂ થઈ ગયેલ, પણ બંને ભાઈઓ સામાયિક લઈ પ્રતિક્રમણમાં છ-આવશ્યક સુધીમાં સામેલ થઈ ગયા.

તે દિવસે **પૂજ્યશ્રી નીતિવિજયજી મ.** સુદ બીજને ઉદ્દેશીને બાર-ભાવનામાંથી **અશરણ ભાવના**ની સજઝાય બોલેલા, જે સાંભળી બંને ભાઈઓ ખૂબ જ ઉત્કટ સંવેગ-વૈરાગ્યની વિચાર-ધારામાં ઝીલવા લાગેલા.

પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રી એવી ચઢતી પરિણામની ધારાએ ચઢયા કે-

"આવા ભીષણ સંસારના કારાવાસથી છોડાવનાર પ્રભુ-વીતરાગનું આ શાસન છે, આ શાસનની ક્રિયાઓ યથાવત્ ગુરુગમથી આચરતાં ગમે તેવા વિષમ-કર્મોના બંધનો પણ ક્ષીણરસવાળા થઇ નિરવશેષ બની જાય છે."

આવા નિર્મલ-પરિણામોથી ઉપજેલ-ઉલ્લાસ સાથે તેમણે **લઘુ-શાંતિ**નો આદેશ માગ્યો, પૂ. મહારાજશ્રીએ આપ્યો, એટલે પૂ. ચરિત્રનાયકશ્રીના હાર્દિક-ઉલ્લાસના મિશ્રણથી દૂધમાં બાંડ ભળવાની જેમ કંઠની મધુરતામાં, બોલવાની ઘાટીમાં, ઉચ્ચાર-શૈલિમાં વધુ ઝમક આવી, માંડલીમાં રહેલ અન્ય-સાધુઓ તથા પ્રતિક્રમણ કરવા આવેલ શ્રાવકોને અનેરું આકર્ષણ થયું, સહુએ આવા નાના-બાળકમાં આદર્શ-સંસ્કારો ઘડનારા શ્રાવક માતા-પિતાની હાર્દિક અનુમોદના સાથે નાની ઉંમર છતાં ધર્મના અદ્‌ભુત રંગે રંગાએલ તે બાળ-શ્રાવકને સહુએ અનેરા ધર્મોલ્લાસ સાથે બિરદાવ્યો.

પ્રતિક્રમણ પછી સહુની જિજ્ઞાસા વધી પડી, ટૂંક પરિચય પૂ. મહારાજશ્રી પાસેથી મેળવી સહુએ જિનશાસનની જયવંતતાનો અનુભવ કર્યો.

તે રાત્રે પણ બંને ભાઈઓએ પૂ. મહારાજશ્રીની પરિચર્યા દરમ્યાન અનેક ધાર્મિક-બાબતોની ચૂંચો ઉકેલી, પૂ. ચરિત્રનાયકશ્રીએ સંસારી-જીવનના ડગલે-પગલે અજયણા અસંયમ ભર્યા વ્યવહારોમાંથી છૂટવા માટે સદ્‌ગુરુના ચરણે જીવનના ઘડતર અંગે શી શી તૈયારીઓ જરૂરી? એ વાત સમજવા પ્રયત્ન કર્યો.

પૂ. **ચરિત્રનાયકશ્રી**ની **મણિલાલ** કરતાં ઉંમર નાની અને પૂ. **ઝવેરસાગરજી મ.** ના અને **મગનભાઇ**ના પત્રમાં મણિલાલને દીક્ષિત બનાવવા માટેની ભલામણ છતાં તેમની તત્ત્વદૃષ્ટિ, ગુણગ્રાહિતા, સંયમ-ધર્મની ઉત્સુકતા અને વિનીતતા તરફ **પૂ. નીતિવિજયજી મ.** અજબ આકર્ષણ અનુભવી રહ્યા.

યોગ્ય-અવસરે બંને ભાઈઓએ સંથારા પોરસી ભણાવી સૂવાની તૈયારી કરી, નિદ્રા ન આવી તે દરમ્યાન પરસ્પર બંને-ભાઈઓએ પૂ. મહારાજશ્રીની ઉદાત્ત ધીર, ગંભીર, પ્રકૃતિ બાબત તથા સંયમધર્મ-પ્રવૃત્તિ અંગે આપણી પાત્રતા પૂ. મહારાજશ્રી કેટલી આંકે છે? આદિ વાતો કરી.

સવારે યોગ્ય-સમયે ઉઠી રાઈ-પ્રતિક્રમણ કરી અજ્ઞાત કોઈક શક્તિથી પ્રેરાઇ બંને ભાઈઓને બે-ત્રણ સામાયિક કરવાનો ઉલ્લાસ થયો.

તે મુજબ સામાયિક લઈ જાપ-સ્વાધ્યાયમાં લીન હતા, ત્યાં **પૂ. નીતિવિજયજી મ.** પોતાના પરિવાર સાથે દહેરે દર્શન કરી પધાર્યા, બંને ભાઈઓને બોલાવ્યા, એટલે હરખભેર બંને ભાઈઓ ચરવલાથી પ્રમાર્જનાપૂર્વક પૂ. મહારાજશ્રી પાસે ગયા, વંદના કરી બેઠા.

પૂ. મહારાજશ્રીએ કહ્યું કે "તમારી ચર્યા-રહેણીકરણી તેમજ વિચારધારા યથાયોગ્ય મારા ક્ષયોપશમ પ્રમાણે ચકાસી જોઈ છે, એકંદર તમો બંને પુણ્યાત્મા સંયમ-ધર્મને યોગ્ય છો-એમ મને લાગે છે. હવે સવાલ એટલો જ છે કે..."

"સંયમ-ધર્મની પ્રાપ્તિનો પ્રકાર કયો લેવો ? વ્યવહારથી તમો બંનેની ઉંમર નાની ! તેથી હાલનું રાજકીય વાતાવરણ, વિદેશીઓની હકુમત આદિથી ધર્મની અપભ્રાજના થાય ! તેવું કોઇ નિમિત્ત અજાણમાં પણ ઉભું ન થાય ! તેની તકેદારી રાખવી જરૂરી છે."

"તમો બંને હકીકતમાં સ્વેચ્છાએ ઘરેથી પિતાની સંમતિપૂર્વક પિતાજીનો પત્ર લઈ દીક્ષા ગ્રહણ કરવા જ આવ્યા છો, તે હકીકત છે. પણ લોકવ્યવહાર અને શાસનની રીતે પણ માતા-પિતા અને સગા-વહાલાની સંમતિ વિના નાની ઉંમરના તમોને દીક્ષા આપવામાં ભાવીયોગે કદાચ વિષમતા ઉભી થાય તો શાસનની હીલના થવા પામે, તેથી **"સાપ મરે નહીં, લાઠી ભાંગે નહીં"** એવો મધ્યમ ઉપાય તમારી ભાવના સફળ થાય અને વાતાવરણ ડોળાય નહીં તેવો વિચારી રાખ્યો છે, તે મુજબ મને લાગે છે કે તમોને ચાલવામાં વાંધો નહીં હોય ! બોલો ? શી ભાવના છે !"

બંને ભાઈઓએ પૂ. મહારાજશ્રીના ચરણે હાથ મૂકીને નમ્રભાવે કહ્યું કે "**પૂજ્ય શ્રી** ! અમો તો સંસારના કારાવાસથી છૂટવા માટે આપના શરણે આવ્યા છીએ ! આપને જે ઉચિત લાગે તે ઉપાય સૂચવો ! અને આપની આજ્ઞા સહર્ષ વધાવીશું !"

પૂ. નીતિવિજયજી મ. વયોવૃદ્ધ, પાકટ ઉંમરના દીર્ઘ અનુભવી હતા, પત્રમાં લખેલ વાત જાહેર કરવી ન હતી કે "તમારા પત્રમાં ફક્ત **મણિલાલને** દીક્ષા માટે સૂચન છે, એમ કરવા જતાં નાહક સંક્લેશ થાય, એટલે પૂ. મહારાજશ્રીએ ધીમે રહીને વાતની રજુઆત એવી ઠરેલ બુદ્ધિપૂર્વક કરી કે, જેમાં ખોટું ન લાગે અને સમયોચિત કર્તવ્યની મહત્તા સમજી જવાય."

પૂ. મહારાજશ્રીએ કહ્યું કે-"સારૂં ! તમે હવે સામાયિક પત્યા પછી પ્રભુ-પૂજા કરી નિવૃત્ત થઈ બપોરે મને મળજો, બધી વાત સ્પષ્ટ તમને કહીશ ! તમારા મનને સંપાદન કરવા મારી બધી તૈયારી છે, તેમ કરતાં આપણા કરતાં શાસન મહત્ત્વની ચીજ છે ! આપણી ઉતાવળથી શાસનને કંઈ ધક્કો ન લાગે ! તેથી સમયોચિત-કર્તવ્યની વાત તમોને બપોરે કહીશ !"

બંને ભાઈઓ પૂ. મહારાજશ્રી પાસેથી સ્થાને આવી બાકી રહેલ સામાયિકના સમયને સંયમ-સ્વીકાર માટે પૂ. મહારાજશ્રીએ અમોને પાત્ર ગણ્યા-એના અપૂર્વ સંતોષ સાથે

"શાસનને ધક્કો લાગે"...."સમયોચિત કર્તવ્ય"...."મધ્યમ ઉપાય" આદિ શબ્દો દ્વારા પૂ. મહારાજશ્રી શું જણાવવા માગે છે ? એના ઘરવરાટ સાથે પૂરો કર્યો.

સામાયિક દરમ્યાન રોજના સમય પ્રમાણે પેલા શ્રાવક ભાઈ પૂજા–નવકારશી માટે આવી ગયેલ, પણ સામાયિકને કેટલી વાર છે ? એટલું પૂછીને પાછા ગયેલ, તેઓ સમયસર હાજર થયા, બંને જણાને ઘરે લઈ જઈ આગ્રહપૂર્વક નવકારશી કરાવી. ન્હવડાવી પૂજા માટે **નિશા પોળના** નાકે **શ્રી જગવલ્લભ પાર્શ્વનાથના** દહેરે અને **શ્રી સીમંધર સ્વામીના** પ્રાચીન દેહરે લઈ ગયા.

બંને ભાઈઓએ પૂ. મહારાજશ્રીએ આજે મંગળ–વધામણું આપ્યા છે, તેથી તેમજ સંયમ–પ્રાપ્તિ માટે લાંબા કાળની ભાવના સાકાર બને તેવું લાગવાથી ઉપજેલો હરખ શંકાના વમળોમાં અટવાઈ જતો હોઈ **શ્રી જગવલ્લભદાદાની** અને વર્તમાનકાળે વિચરતા અંતર્યામી કેવળજ્ઞાની **શ્રી સીમંધર પ્રભુની** નવાંગે પૂજા દ્વારા વિશિષ્ટ- ભાવોલ્લાસ સાથે ચૈત્ય ઉકેલ મેળવાય, તેવી શુભ આશંસા દૃઢ કરી.

પૂજા પછી શ્રાવકભાઈની નિર્વ્યાજ સાધર્મિક-ભક્તિની ખૂબ હાર્દિક અનુમોદના સાથે જમી-પરવારી બપોરે પૂ. મહારાજશ્રીએ ખુલાસાવાર વાત કરવાના સંતને ધ્યાનમાં રાખી વહેલાસર ઉપાશ્રયે આવી બંને ભાઈઓએ સામાયિક લીધું અને શ્રી નવકાર-મહામંત્રનો જાપ કરવા લાગ્યા.

પૂ **શ્રી નીતિવિજયજી મહારાજે** પણ વાપર્યા પછી થોડોક આરામ કરી સાધુઓને વાચના આપી અઢીથી ત્રણના ગાળામાં બંને ભાઈઓને પોતાની પાસે બોલાવ્યા.

બંને ભાઈઓ પણ જાપ પૂરો કરી હરખભેર ચરવળાથી પૂંજવા સાથે કટાસણું પાથરી વિનીત મુદ્રાએ પૂ. **શ્રી નીતિવિજયજી** મ. પાસે ફેટાવંદન કરી બેઠા.

પૂ. શ્રી નીતિવિજયજી મ.એ પ્રથમ બંનેને માંગલિક સંભળાવ્યું. વાસક્ષેપ નાંખ્યો. પછી વાત કરી કે–

"જુઓ ! સંસારી માણસો જે રીતે વિચારે, તે રીતે અમે નથી વિચારતા ! અમારે તો સંઘ–શાસનની મર્યાદાનો યોગ્ય વિચાર કરી પગલું ભરવું પડે ! અહીંના સંઘના આગેવાનો સાથે પરામર્શ કરતાં તારણ એ નિકળ્યું છે કે–"**મણિલાલને** માહ સુ. ૫ મે સત્તર વર્ષ પૂરાં થાય છે, અને અઢારમું શરૂ થાય, એટલે કુટુંબીઓની રજની ખાસ જરૂર નહિં, તેમજ સરકારી–કાયદાની દૃષ્ટિએ સગીરપણું મટી જઈ કાયદેસર ઉંમરલાયક થયા ગણાય."

"વળી **મણિલાલનાં** પત્ની સ્વર્ગત થયાં હોવાથી વિરોધ–પક્ષનું વાતાવરણ ખાસ નથી. નિકટના કુટુંબીવર્ગમાં પિતા તો સંમત છે જ ! માતા ધર્મિષ્ઠ છે ! બીજા કોઈ ખાસ વિરોધ કરે તેમ નથી."

માટે શાસન-સંઘની મર્યાદાની દૃષ્ટિએ **મણિલાલને** માહ સુદ છઠના મંગળ-દિને દીક્ષા આપવી ઉચિત છે !"

"તે પણ લોક વ્યવહાર અને શહેરના વાતાવરણમાં વિદેશી શાસન-તંત્રની ગૂંચ ઉભી ન થાય માટે અહીંથી ૨૫/૩૦ માઈલ દૂરના ગામે દીક્ષાનો વિચાર ગોઠવ્યો છે."

ભાઈ હેમચંદ ! તારા મુખ પર હાલમાં વિષાદની રેખાઓ ઉપસતી જોઈ રહ્યો છું, પણ ભાઈ "**ધીરજના ફળ મીઠાં**" તારામાં અદ્‌ભુત-ઉદાત્ત આત્મશક્તિઓ સુષુપ્તપણે રહેલી મારી જ્ઞાન-ચક્ષુથી દેખાય છે ! તારાથી શાસન અને ધર્મને ખૂબ જ વિશિષ્ટ લાભ થવાના એંધાણ તારા ચહેરા પર નિકળતી તેજ-રેખા અને હાથની રેખાથી સ્પષ્ટ જણાય છે.

"પણ "**ઉતાવળે આંબા ન પાકે !**" શું કરૂ ? એક તો તારી ઉંમર સગીર ! કેમકે આજે તારી ઉંમર ચૌદ વર્ષ, છ મહિના અને ત્રણ દિવસની છે !"

"વળી પરણેતર સ્ત્રી ઘરમાં મોજુદ છે, તેમજ શ્વસુર-પક્ષવાળા સાંભળવા પ્રમાણે ધર્મ-નિરપેક્ષ બની ખૂબ ઉગ્ર પગલું ભરે-તેવું જાણવા મળ્યું છે."

"તેથી "**વ્યાજના લોભમાં મૂળ ખોઈ બેસવાની**" જેમ તારી દીક્ષાના નિમિત્તે શાસન-હીલના, નાહક ડોળાણ અને ધમાલ થાય, તે ઉચિત નહીં !"

"તેથી તારા માટે હજી થોડી વાર છે, ના કહેતાં મારો જીવ ચાલતો નથી ! પણ શું કરૂં ? અત્યારનું આ વિદેશી શાસન વિચિત્ર છે. તેની અડફેટે ચઢી જઈએ તો શાસન-ધર્મની અપભ્રાજના ઘણી થાય !"

"માટે તું સમજુ અને શાણો છે !"

"જ્યેષ્ઠ-બંધુની દીક્ષામાં તું સહયોગી થા ! દેવ-ગુરૂ કૃપાએ એ દિવસ પણ જલ્દી આવશે કે તું પણ આ પંથે આવી શકીશ !"

આ સાંભળી જ્ઞાનીના જ્ઞાનમાં ઝબકતા સંસારના ઘટના-ચક્રમાં જેમ સારૂં-બોટું બંને એક સાથે જાણવા મળે ! તેમ **પૂ. નીતિવિજયજી મ.** ના સમજાવટભર્યા ખુલાસાથી એકી સાથે બંને મુમુક્ષુઓના હૈયામાં વિરોધી જુદી-જુદી અસરો થઈ.

જ્યેષ્ઠબંધુ દીક્ષા પ્રાપ્ત થવાના હર્ષ-અતિરેકથી ખૂબ પ્રમુદિત બન્યા, ત્યારે **હેમચંદભાઈને** દીક્ષા તુર્તમાં ન મળવાના વિચારથી બેહદની લાગણી હૈયાને વલોવી રહી.

કર્મ-નિયંત્રિત સંસારની આ વિચિત્રતા છે. !

પણ વિનય-વિવેકની મર્યાદાને વરેલા ભાવી-મહાપુરૂષરૂપે થવા સર્જાયેલ **પૂ. ચરિત્ર-નાયકશ્રી** હજી તીવ્ર-અંતરાયનો ઉદય કે ઠેઠ મ્હોં-આગળ કોળીયો આવીને સરકી જાય છે,

એમ મન મનાવી કર્તવ્યનિષ્ઠા અને ગુરુઆજ્ઞાનો સ્વીકાર કરવાની આંતરિક તૈયારીના આધારે **પૂ. નીતિવિજયજી મ.** ના ચરણોમાં મસ્તક નમાવી આજ્ઞા શિરોધાર્ય કરી.

સંસારના કારાગારથી હજી છૂટકારો મળવામાં વિલંબ થશે–તે બદલ ગરમ આંસુના બે બિંદુથી ગુરુચરણને પખાળી અમદાવાદ જેવા મોટા શહેરમાં આવ્યા ત્યારે ઘણી તપાસ કરવા છતાં, મોં–માગ્યા દામ આપવાની તૈયારી છતાં શ્રીફળ એકજ મળેલ. તે પણ એક સૂચક શકુન તરીકે પૂ. ચરિત્રનાયકશ્રીને હવે લાગ્યું.

પૂ. ચરિત્રનાયકશ્રી દીક્ષા માટે કદાચ જિદ્દ પકડશે તો તેનો જવાબ આપવો ? એની ગૂંચ **પૂ. શ્રી નીતિવિજયજી મ.** ના હૈયામાં હતી, પણ ચારિત્રગ્રહણ કરવા પૂર્વે જરૂરી વિનય–વિવેકની મર્યાદાના બળે સમર્પિતભાવની નિશાનીરૂપે **હેમચંદ્રમાં** વય નાની છતાં વિશિષ્ટ રીતે ગુરુઆજ્ઞા સ્વીકારની વૃત્તિ વિકસેલી જોઈ ખૂબ આનંદ થયો.

સાંજે **પૂ. શ્રી નીતિવિજયજી મ.** શ્રીએ પોતાના વ્યવહારથી, સમયચતુર, વયોવૃદ્ધ **મુનિશ્રી દીપવિજયજી મ.** ને બોલાવીને કહ્યું કે—

"નવદીક્ષિત મુનિશ્રી **વીરવિજયજી** મ.ના સંસારી–સંબંધીઓનો ત્રાસ અને શાસનહીલના વારંવાર થાય છે, તેથી થોડાક સ્થાનફેર અને કાલક્ષેપથી જરૂર છે !

વળી **કપડવંજથી** ભાવિક શ્રાવકકુળના સંસ્કારોથી શોભતા **મણિભાઈની** દીક્ષાનું કામ પણ શહેરથી દૂર ગામડામાં સારી રીતે શાસન–શોભા સાથે થાય ! જેથી **કપડવંજ** સમાચાર મોડા પહોંચે–આદિ દૂરગામી દૃષ્ટિકોણથી નવદીક્ષિત મુનિને સાથે લઈ તમો આજે સાંજે **અંજાત** બાજુ વિહાર કરો !"

તેમજ મુમુક્ષુ **મણિલાલને** સાથે લઇ જાઓ ! માહ સુ. ૬ નો દિવસ શ્રેષ્ઠ છે ! તો રસ્તાના કોઈક સારા ગામે વિધિપૂર્વક દીક્ષા આપી દેશો !

હાલમાં તે બાજુ ગામડામાં રહેશો, જેથી નવદીક્ષિતોના સંબંધીઓ **રાધનપુરથી** કે **કપડવંજથી** આવી શાસન–હીલના ન કરી શકે !

પૂ. ચરિત્રનાયકશ્રી પૂ. **શ્રી નીતિવિજયજી** મ. ની સમયસૂચક–વેધક–લક્ષ્યગામી દૃષ્ટિથી જ્યેષ્ઠ–બંધુનું કામ થતું નિહાળી પોતાની અંતરથી શુભ–કામના વડીલ બંધુ સામે વ્યક્ત કરી, પણ સાથે પોતાની મંદભાગ્યતાના વિચારોથી હૈયું ભરાઈ આવતાં ડુસકાંભેર અશ્રુપાત કરી હૈયું હળવું કર્યું, તેમ છતાં મંગળકારી સંયમ–ધર્મના પંથે જઈ રહેલ વડિલબંધુને શકુન–ફેર ન થાય માટે પુનઃ સ્વસ્થ થઈ વડિલબંધુને પ્રશસ્ત–શબ્દોથી બિરદાવી હાર્દિક અનુમોદના કરી.

પૂ. નીતિવિજયજી મહારાજે મણિલાલને ફરીથી બોલાવી બધી વાત સમજાવી કે—

"અત્યારે બે સાધુ **અંજાત** તરફ વિહાર કરે છે, તમે તેમની સાથે જાઓ, મહા સુ. ૬નો

દિવસ શ્રેષ્ઠ છે, તમને તે દિવસે ચૈત્ય-સ્થળે વિધિપૂર્વક દીક્ષા આપશે" વગેરે અવસરોચિત બધી વાત સમજાવી.

મણિભાઇએ પૂ. મહારાજશ્રીના ચરણોમાં હરખભેર મસ્તક ઝુકાવી જ્ઞાન પૂજન કરી વાસક્ષેપ નંખાવ્યો.

પૂ. ચરિત્રનાયકશ્રીએ પણ પૂ. મહારાજશ્રી પાસે આવી વાસક્ષેપ નંખાવી જ્યેષ્ઠબંધુ સાથે જવા અને દીક્ષામાં ભાગ લેવા માટે પૂ. મહારાજશ્રીની અનુમતિ માંગી. પૂ. મહારાજશ્રીએ પણ અનુમતિ આપી.

પૂ. મહારાજશ્રીની આજ્ઞાથી વિહાર કરી રહેલ પ. પૂ. **મુનિ શ્રી દીપવિજયજી** મ. સાથે જવા બંને ભાઈઓ તૈયાર થઇ ગયા.

માહ સુ. ૩ ના સાંજે ૪-૨૭ મિનિટના મંગલમુહૂર્તે પૂ. મહારાજશ્રીના વરદ-આશીર્વાદ સાથે મંગલ પ્રયાણ કર્યું.

સવાર-સાંજ વિહાર કરતા સુદ પાંચમ સવારે **કાસીન્દ્રા** ગામે પહોંચ્યા. વિવેકી-શ્રાવકોએ **પૂ. દીપ વિજયજી** મ. ને વ્યાખ્યાન માટે વિનંતિ કરી, એક ભાઇએ બપોરે પંચકલ્યાણુકની પૂજા ભણાવવાના વિચારથી આગ્રહપૂર્વક રોકયા.

પૂ. ગુરૂદેવશ્રીની સૂચના પ્રમાણે માહ સુ. ૬ ના મંગલ-મુહૂર્તને સાચવી **મણિલાલની** દીક્ષાનું કામ ઉત્સાહી ધર્મપ્રેમી શ્રાવકોવાળા આ ગામમાં પતાવાય તો ઠીક ! એમ ધારી પૂ. વયોવૃદ્ધ અને સમયના પારખુ શ્રી **દીપવિજયજી** મ. શ્રીએ વ્યાખ્યાન પછી ગામના ચાર-પાંચ અગ્રગણ્ય શ્રાવકોને બોલાવી સાથે આવેલ મુમુક્ષુ-ભાઇનો ટુંક પરિચય, તેમના પિતાએ દીક્ષા માટે મોકલ્યાનો પત્ર, સાથે નાના ભાઇ દીક્ષા અપાવવા આવ્યા છે, ઉંમર ૧૬ વર્ષ ઉપરની છે, વિગેરે વાતો સમજાવી.

સંઘના આગેવાનો 'સંઘના બીજા-ભાઇઓને પૂછી નક્કી કરી હમણાં આવીએ છીએ' એમ કહી હરખભેર ગયા.

થોડી વારે સંઘના દશ-બાર આગેવાન શ્રાવકો પૂ. મહારાજશ્રી પાસે આવ્યા ને 'અમારા આંગણે પુણ્યવાન જીવ સંસાર-સમુદ્રથી પાર ઉતારનારી, ભવભય-હારિણી, ભાગવતી દીક્ષા સ્વીકારે તે અમારાં અહોભાગ્ય છે.'

'આવા પુણ્યશાળી નરરત્નોનાં પગલાં અમારા આંગણે કયાંથી ?' આદિ શબ્દોથી હૈયાનો ઉલ્લાસ શ્રીસંઘે વ્યક્ત કર્યો.

અને તુર્ત દીક્ષાર્થી **મણિલાલને** શ્રી સંઘે બહુમાન પૂર્વક ઢોલ-ત્રાંસા વગાડવા સાથે સંઘના આગેવાનના હાથે કંકુનું તિલક કરાવી હાથમાં શ્રીફળ અને સવાઅગિયાર રૂપિયા આપી

ફૂલની માળા પહેરાવી વાજતે-ગાજતે ગગનભેદી શાસનના જયનાદના પડછંદ-ઘોષ સાથે ઘરે-ઘર બહુમાનપૂર્વક જમાડી સંયમ-ધર્મનું ગૌરવ જાળવવા લઈ ગયા.

સાથે પૂ. ચરિત્રનાયકશ્રી પણ જ્યેષ્ઠબંધુના નિર્દેશ મુજબ 'વડીલબંધુ તો પાર ઉતરી ગયા, પણ હું ક્યારે ભવભયહારિણી દીક્ષા મેળવવા સૌભાગ્યશાળી થઈશ ? છતાં મંગળ-પ્રસંગને વધાવી લેવાની સમય-સૂચકતાથી ઉમંગભેર સાથે જોડાયા.

નાના છતાં ધર્મશ્રદ્ધાથી સભર ૫૦ થી ૬૦ ઘરના કાસિંદ્રા ગામમાં બે થી ત્રણ કલાકમાં તો ઉત્સાહી-યુવકોએ આખું ગામ શણગારી, વિવિધ ચંદરવા, રંગ-બેરંગી ચાંદણીયો, ધજા-પતાકા આદિથી શણગારી દીધું.

ઉલ્લાસભેર શ્રાવિકાઓનાં જૂથનાં જૂથ દહેરાસર-ઉપાશ્રયના ચોકમાં દીક્ષાર્થી ભાઇની નાની વયમાં સંસાર છોડી ઉત્કટ તપ-ત્યાગ-સંયમના પંથે જવાની તમન્નાને અનુમોદવારૂપે વિવિધ ગાણાં-જોડકણાં દ્વારા હાર્દિક ઉલ્લાસ વ્યક્ત કરવા માંડયાં.

શ્રીસંઘના કાર્યદક્ષ-શ્રાવકોએ તાબડતોબ વ્યવસ્થા કરી ધામધૂમથી વરસીદાનનો વરઘોડો સંઘના અગ્રગણ્ય-શેઠના ઘરેથી કાઢવાની પાકી ગોઠવણ કરી.

મણિભાઈ અને પૂ. ચરિત્રનાયકશ્રી માહ સુ. ૫ ના રાત્રે પ્રતિક્રમણ પછી ઉપાશ્રયમાંની એક ઓરડીમાં થોડી વાર માટે ભેગા થયા.

મણિભાઇએ પ્રાણ કરતાં વહાલા નાના બંધુની અનેકવિધ સહયોગી-નીતિથી પોતાના જીવન-ઘડતરમાં મળેલ અનેકવિધ અમૂલ્ય ફાળા બદલ કૃતજ્ઞતા દર્શાવવા તથા અજ્ઞાનતાથી થયેલ વિષમ-વર્ત્તનો બદલ ક્ષમા માગવા બે શબ્દો કહ્યા.

પૂ. ચરિત્રનાયકશ્રી ખૂબ ગંભીર બની રહ્યા, હૈયું તો ભેવું ભરાઇ ગયું કે "**પૂજ્ય વડિલબંધુ તો ચાલ્યા, હું રહ્યો આ જંજાલમાં !**" આદિ વિચારોના ઘમસાણથી પૂ. ચરિત્રનાયકશ્રી ખૂબ ગંભીર બની રહ્યા.

બંને હાથ જોડી અને અનુમોદના-ધન્યવાદ વ્યક્ત કરતી બંને આંખની અશ્રુધાર સાથે વડિલબંધુને "**पंथानः सन्तु ते शिवाः**" નો ભાવ ટૂંક-શબ્દોમાં વ્યક્ત કરી છૂટા પડયા.

મણિલાલને દીક્ષાર્થી તરીકે શ્રીસંઘના આકી રહેલ અનેક ઘરોમાં પગલાં કરાવી તિલક કરી બહુમાન રૂપે યોગ્ય સત્કારમાં રાતના બાર વાગ્યા.

પૂ. ચરિત્રનાયકશ્રી પણ પોતાના ભાવી-જીવનની રૂપરેખા અંગે ગંભીર-વિચારધારામાં ડૂબેલ છતાં મોટાભાઇ સાથે પોતાની ફરજના ભાનમાંથી જરાપણ ચૂક્યા વિના યંત્રવત્ ઉચિત-પ્રવૃત્તિ બધી આચરતા રહ્યા.

ઉપાશ્રયે ૧૨॥ વાગે રાત્રે આવી સંથારો પાથરી બંને સૂઇ ગયા.

મણિલાલ તો શારીરિક-શ્રમના લીધે થોડી-વારમાં ઉંઘી ગયા ! પણ પૂ. ચરિત્રનાયકશ્રી દૂંક-સમયમાં મોટા-ભાઇનો બનારો વિરહ અને "ધાર્મિક-જીવનમાં અને સંયમ-પામવાના પંથે આજ સુધી બભાથી બધો મિલાવી હકીકતમાં સાચા ભાઇ તરીકે સહયોગી દૂંક-સમયમાં ગણત્રીના કલાકોમાં હવે ઇષ્ટ-સ્થે પહોંચી જશે, પછી હું એકલો-એકલો વિષમ આ ભીષણ સંસારના કારાગારમાંથી શી રીતે છૂટીશ ?" આદિ વિચારોના દ્વન્દ્વમાં ઉંધ ખોઈ બેઠા, પૂ. ચરિત્રનાયકશ્રીને "**ઉજજડ-મારવાડમાં કેરડાની કે લીંબડાની છાયા મળી આવે**" કે "**આરા-પટમાં મીઠા-પાણીની વીરડી મળી આવે**" તેમ પરમપૂજ્ય આદર્શ-પિતાજી અને પૂ. **અંબરસાગરજી** મ. જેવા સમર્થ-ગુરૂજીનો એકમાત્ર સહારો આશાજનક લાગ્યો.

હકીકતમાં પૂ. ચરિત્રનાયકશ્રી આ બે પુણ્યવાનોના ભરોસે પોતાની ભાવી-જીવનની રૂપરેખા હિતકર નિવડશે, એ શ્રદ્ધા-હૂંફથી લગભગ દોઢ વાગે નિદ્રાધીન થયા.

સવારે ચાર-વાગે **મણિલાલ** સંયમી-જીવન મેળવવાની ઉત્સુકતામાં પૂર્વ-તૈયારી કરવા જાગૃત થઈ ગયા.

પૂ. ચરિત્રનાયકશ્રી પણ જાગ્યા, સાથે રાઇ-પ્રતિક્રમણ કર્યું, સંયમ-બ્રહ્મચર્યની આરાધના ચઢતા-પરિણામે બંને ભાઈઓએ સત્તર અને અઢાર લોગસ્સના કાઉસ્સગ્ગ કરવા દ્વારા કરી, અને શ્રી નમસ્કાર-મહામંત્રનો જાપ મોહના સંસ્કારોને નાથી પ્રભુ-આજ્ઞા મુજબ જીવનનું ઘડતર કરવાના સંકલ્પથી કર્યો.

પછી **પૂ. દીપવિજય** જી. ને વંદના કરી પ્રભુ-પૂજા માટે સ્નાનાદિ કરી પૂજાના શુદ્ધ વસ્ત્રો પહેરી બન્ને ભાઈઓ શ્રી **શાન્તિનાથ** પ્રભુના જિનાલયે ગયા.

ત્યાં ભાવપૂર્વક સ્નાત્ર ભણાવી ભાવશુદ્ધિપૂર્વક અષ્ટપ્રકારી-પૂજા કરી આરતી-મંગળદીવો અને શાંતિકળશ કરી ભાવોલ્લાસ સાથે ચૈત્યવંદન કર્યું, પછી ગુરૂમહારાજ પાસે આવી વાસક્ષેપ લઈ તૈયાર થયા, ત્યાં શ્રી સંઘના આગેવાન-શ્રાવકોએ સુંદર-વસ્ત્રો અને કિંમતી-આભૂષણો પહેરવા વિનંતિ કરી.

પૂ. મહારાજશ્રીની સંમતિથી શાસન-પ્રભાવનાના ધ્યેયથી **મણિભાઇ** ભપકાદાર વસ્ત્રાભરણ પહેરી ફરી વાસક્ષેપ લઇ હાથમાં પોસ ભરી શ્રીફળ લઇ ગાજતે-વાજતે જિનમંદિરે દર્શન કરી શ્રીસંઘના આગેવાનના ઘરે શણગારેલ ચાર-ઘોડાની બગીમાં દીક્ષાર્થી તરીકે બેઠા, અને સામેની બેઠકમાં હાર્દિક-સંકોચ સાથે પૂ ચરિત્રનાયકશ્રી બેઠા.

પૂ. ચરિત્રનાયકશ્રીના મનમા સંસારની વિષમતા, માનસિક-ધૃતિબળની ખામી, સ્વજનવર્ગની મોહ-વિવશતા આદિના વિચારોનો ધમાચકડી ચાલી રહી હતી, સંયમને મેળવવા કરાયેલ પ્રયત્નો પૈકી લીંબડીની જેમ આ વખતે પણ પોતા માટે નિષ્ફળતા ખૂંચી રહી હતી, તેમ છતાં પૂ.

ગુરૂદેવશ્રીના હૈયામાં જે મમતાભરી શાસનની મર્યાદાઓના ખ્યાલપૂર્વક દીર્ઘદૃષ્ટિ હોય તેનું માન જાળવવું જરૂરી છે, "**ઉતાવળ ઘણી વાર કામ ડોળી નાંખે છે**" માટે 'પૂ. બાપુજી જેવા તત્ત્વદૃષ્ટિ-સંપન્ન, એકાંતહિત-બુદ્ધિ રાખનાર શિરછત્ર માથે છે' તો નિરાશ થવાની જરૂર નથી, એમ મનને સાન્ત્વન આપી રહ્યા હતા.

મંગળ-મુહૂર્તે વરસીદાનનો વરઘોડો ધામધૂમથી ભવ્ય શાસન-પ્રભાવના પૂર્વક ચાલુ થયો, આખા ગામમાં ફરી પ્રથમથી કરેલ ગોઠવણ મુજબ ગામ-બહાર આંબાના ઝાડ નીચે ગોઠવાયેલ દીક્ષા-મંડપમાં સમયસર ઉતર્યો.

વરઘોડેથી ઉતરીને આવેલ **મણિભાઇએ** જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ લઈ ચઢતે-રંગે નાણને એકેક નવકાર ગણવા સાથે ત્રણ પ્રદક્ષિણા દીધી.

મંગળવેળાએ દીક્ષાની વિધિ શરૂ થઈ, પૂ ચરિત્રનાયકશ્રી એક બાજુ સૂનમૂન બેસી રહી શ્રીનવકારનો જાપ કરી રહ્યા.

મણિભાઇના સંબંધી તરીકે પૂ. ચરિત્રનાયકશ્રી જ હાજર હતા, એટલે યોગ્ય-અવસરે દીક્ષાની છાબડીમાંથી પૂ. ચરિત્રનાયકશ્રી દ્વારા રજોહરણ (ઓઘો) પૂ. **દીપવિજય** મ. શ્રીએ વહોરી શ્રીવર્ધમાન-વિદ્યા આદિથી અભિમંત્રી ઇશાન-ખૂણા સમક્ષ **મણિભાઈને** ઉભા રાખી ધર્મપ્રેમી લોકોના પ્રચંડ-જયઘોષ સાથે **મણિભાઈને** ઓઘો આપ્યો. તે મેળવતાં જ **મણિભાઈ** એવા અંતરના હર્ષ અને હૈયાના ઉમળકાથી નાચ્યા કે-જાણે સ્વર્ગનું રાજ્ય મળ્યું !

પૂ. ચરિત્રનાયકશ્રીની આંખોમાંથી એકબાજુ જ્યેષ્ઠબંધુ પ્રભુશાસનના પંથે જીવન સમર્પિત કરી ધન્ય બની ગયાના હર્ષના, બીજી બાજુ 'હું રહી ગયો ! કયારે મને આવા મંગળ-અવસરની પ્રાપ્તિ થશે ?' એ શોકનાં આંસુનાં બે-ચાર બૂંદ ટપકી રહ્યાં. પછી ન્હાવા લઈ ગયા.

સંયમનો વેશ પહેરી મંડપમાં જ્યેષ્ઠબંધુ આવ્યા, ત્યારે તેમના મુખ પર અદ્‌ભુત સૌમ્યતા જોઇ અનેક ભાવિકોનાં હૈયાં ઉછળી રહ્યાં, અને મસ્તક નમી ગયાં.

પછી દ્વિબંધની ક્રિયા વખતે પૂ. **નીતિવિજય** મ. નું નામ ગુરૂદેવ તરીકે તથા નવ-દીક્ષિતનું નામ **મુનિ શ્રી મણિવિજયજી** એમ જાહેરાત થઇ, જે સાંભળી સકળ શ્રીસંઘે ઉમંગભેર નૂતન-દીક્ષિતનું નામ જયધ્વનિઓથી આવકાર્યું.

પછી હિતશિક્ષા વખતે **પૂ. દીપવિજય** મ. શ્રીએ સંસારની છ-કાયના આરંભ-સમારંભની વિષમતા અને તેમાંથી છોડાવનાર પ્રભુશાસનના જયણામય સંયમ-ધર્મનું મહત્ત્વ, ગુરૂઆજ્ઞાની પ્રધાનતા આદિ જણાવી 'જેવા ચઢતે પરિણામે સંયમ મેળવ્યું છે, તેવા પરિણામોના ટકાવ માટે જાગૃત રહેવા'ની ટકોર સાથે વ્યાખ્યાન પુરૂ કર્યું.

પછી વાજતે-ગાજતે ઠહેરાસરે દર્શન કરી ઉપાશ્રયે નૂતન-દીક્ષિત મુનિને લઈને આવ્યા,

નૂતન-દીક્ષિત મુનિના ચરણોમાં પૂ. ચરિત્રનાયકશ્રીએ મસ્તક ઝુકાવ્યું અને "જાણ્યે-અજાણ્યે જે કંઈ મારી ભૂલ થઇ હોય , સઘળા બદલ "मिच्छा मि दुक्कडं" દઈ હવે "હું આપના વિના એકલો અટૂલો પડયો તેમ છતાં પૂજ્ય બાપુજીના સહકારથી વહેલામાં વહેલો પ્રભુશાસનના સંયમના પંથે જીવનને લાવવા ાયત્નકરીશ." તેવી મંગલ ભાવના વ્યક્ત કરી.

નવદીક્ષિત-શ્રી **મણિવિજયજી** મ.શ્રીએ પણ આશ્વાસનના શબ્દોથી પૂ. ચરિત્રનાયકશ્રીની ભાવનાને મજબૂત કરી '**દેવ-ગુરૂ-કૃપાએ તમે તુર્ત જિનશાસનને સમર્પિત થાઓ**' એવી શુભ કામના કરી.

પછી પૂ. ચરિત્રનાયકશ્રી ૪મી-પરવારી વિદાય લેવા **પૂ. શ્રી દીપવિજયજી** મ. પાસે આવ્યા, જ્ઞાનપૂજા કરી વાસક્ષેપ ંખાવ્યો, **પૂ. મણિવિજયજી** મ. પાસે ઘડીક-વાર બેસી પ્રભુ શાસનની સર્વવિરતિ જલ્દી સ્વી ારવાના સુદૃઢ-સંકલ્પ સાથે માંગલિક સાંભળી માલ લેવા માટે અમદાવાદ જનાર એક ભાઇના બળદગાડામાં અમદાવાદ તરફ રવાના થયા.

સર્વવિરતિ-ધર્મની મહત્તા

વિશ્વ-વત્સલ, સર્વહિતકારી, તીર્થંકરપ્રભુ શ્રી વીતરાગ-પરમાત્માએ જગતના સૂક્ષ્મ-બાદર કોઇપણ જીવની હિંસા ન થાય, જયણાનું વિશુદ્ધ પાલન થાય તેવો સર્વવિરતિનો એકાંત હિતકર આત્મ-કલ્યાણનો માર્ગ ઉપદેશ્યો છે.

ખરેખર હકીકતમાં આ માર્ગને સફળપણે અપનાવવાથી જીવનશુદ્ધિ સહજરૂપે મેળવાય છે.

આથી જ જ્ઞાની-ભગવંતોએ શ્રાવક-કુળમાં રત્નત્રયીની આરાધના માટે સાહજિકરીતે સર્વવિરતિના સ્વીકારને સર્વ-શ્રેષ્ઠ મહત્ત્વ આપ્યું છે.

આ દૃષ્ટિકોણથી અતુલ ભૌતિક સુખની ભરપૂર-સામગ્રીમાં રહેલ શ્રી અનુત્તર વિમાનના દેવો પણ શ્રાવક-જીવનની નિરંતર ઝંખના કરતા હોય છે.



પ્રકરણ-૧૭

સંયમપંથે પૂ. ચરિત્રનાયકશ્રીનો સાહસભર્યો પુરૂષાર્થ

પૂ. ચરિત્રનાયકશ્રીએ જ્યેષ્ઠ-બંધુની દીક્ષાનો પ્રસંગ પતાવી **અમદાવાદ** દાદીમાને ત્યાં આવી ઘોળાતા માનસિક-ઉદ્વેગને ટાળવા મહા સુદ આઠમના દિને **ઝવેરીવાડના** ભવ્ય-જિન બિંબોની ભાવભરી પૂજા કરી મન હળવું કર્યું, તેમજ સંયમ-ધર્મની સરળ પ્રાપ્તિ માટે વિશિષ્ટ-ઉપાયોની સૂઝ મેળવવા માનસિક-બળની કેળવણી કરી.

પૂ. નીતિવિજયજી મહારાજ પાસે જઈ યોગ્ય-હિતશિક્ષા મેળવી શ્રીવીતરાગ-પ્રભુની ભક્તિ, સ્વાધ્યાય, શ્રી નવકાર-મહામંત્રનો જાપ આદિ સાધનો દ્વારા મોહનીયના ક્ષયોપશમ માટેની પ્રેરણા મેળવી.

તાજેતરમાં મહિમાવંત બનેલ **ભોયણી**-તીર્થના સાચા-દેવ તરીકે વિખ્યાત થયેલ શ્રી **મલ્લિનાથ**-પ્રભુના આલંબને વધુ પ્રેરણા મેળવવા જોગાનુજોગ મહા સુદ દશમના પ્રતિષ્ઠાદિન-વર્ષગાંઠના દિવસે અનેક ધર્મપ્રેમી ભાવિક-પુણ્યાત્માઓના ધર્મપ્રેમ ભર્યા સામુદાયિક-મેળાપ પ્રસંગે દાદીમાની સાથે પૂ. ચરિત્રનાયકશ્રી સંયમ-ગ્રહણના દિવસે જ કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની વિશિષ્ટતા-વાળા ઓગણીશમા તીર્થંકર શ્રી **મલ્લિનાથ**-પ્રભુની અપૂર્વ સંયમ-સાધનાના આદર્શને સામે રાખી અદ્‌ભુત સંયમી-જીવન મેળવવાની તમન્ના સાથે **ભોયણી** તીર્થે આવ્યા.

અંતરના ખૂબ ભાવોલ્લાસ સાથે 'ચારિત્રમોહનું આવરણ ખસે, સંયમની પ્રાપ્તિ જલદી થાય' એ સંકલ્પની સિદ્ધિ અર્થે વિધિપૂર્વક પ્રશસ્ત-ઉત્તમ દ્રવ્ય-સામગ્રી મેળવી સ્નાત્ર-પૂજા

ભણાવી, અષ્ટપ્રકારી પૂજા વિધિપૂર્વક કરી, પછી આરતી-મંગળદીવો કરી, શાંતિકળશ દ્વારા વિષય-કષાયના તાપની શાંતિ સાથે પ્રભુશાસનના સંયમની પ્રાપ્તિ અંગે ભાવના સુદૃઢ કરી.

વધુમાં ઉલ્લાસપૂર્વક ચૈત્યવંદન કરી વિશિષ્ટ સ્તવનો દ્વારા પ્રભુના ગુણગાનથી હૈયાને ભક્તિ-સભર બનાવી ધન્યતા અનુભવી.

આ પ્રસંગે પધારેલા પૂજ્ય સાધુ-ભગવંતોનો સંપર્ક સાધી મનમાં ઘોળાતા વિચારોના સંઘર્ષમાંથી વિવેક-બુદ્ધિના આધારે તીર્થભૂમિના પવિત્ર-વાતાવરણના બળે એવો દૃઢ સંકલ્પ કર્યો કે-

"**અહીંથી ઘરે જઈ** પૂ. **બાપુજી** સમક્ષ બધી વાતની રજુઆત સાથે મનોવ્યથા જણાવી તેઓશ્રીના માર્ગદર્શન મુજબ ઘરબમ-પ્રયત્નો કરી, પૂ ગુરૂદેવશ્રીના ચરણોમાં લીંબડી જઈ તાત્કાલિક સંયમ સ્વીકારવો."

દાદીમા સાથે **અમદાવાદ** પાઠ્યા આવી મહા સુદ અગિયારશના રોજ પૂ. **શ્રી નીતિવિજયજી** મહારાજનો વાસક્ષેપ લઈ **કપડવંજ** માલ ભરીને જતા વેપારીનો સંગાથ મેળવી સુદ તેરશના મંગળ પ્રભાતે પૂ. ચરિત્રનાયકશ્રી **કપડવંજ** પહોંચી ગયા.

સુદ એકમના ગયા પછી કાંઈ સમાચાર ન હોવાથી વિહ્વળ બની ઉઠેલ **જમનાબહેન** આદિ સ્વજન-વર્ગ પૂ. ચરિત્રનાયકશ્રીને એકલા ઘરે આવેલા જોઈ કુતૂહલ-જિજ્ઞાસા સાથે પુછ્યું, : "**મણિલાલ** ક્યાં ? તેની તબિયત કેમ છે ?"

પૂ. ચરિત્રનાયકશ્રીએ "**સૂર્યને છુપાવવાની બાલિશ-ચેષ્ટાની જેમ સત્ય-હકીકતને છુપાવ્યે હવે શો અર્થ** ?" એમ ધારી નિડરતા-પૂર્વક **મણિલાલ**ની તબિયત સારીના સમાચાર સાથે દીક્ષાના સમાચાર દૃઢતાપૂર્વક જણાવ્યા.

તે સાંભળી સહુ કુટુંબીઓ આશ્ચર્યમાં ગરક થઈ ગયા, **જમનાબહેને** તો **મગનભાઈનો** ઉધડો લઈ નાંખ્યો કે "**શું ધાર્યું છે તમે ? આવું કપટ ! અમને બધાને અંધારામાં રાખ્યા ?**" **આદિ.**

બીજા સ્વજન-વર્ગે પણ મોહની ઘેલછાવશ જેમ આવે તેમ બોલવા માંડ્યું, એટલે પૂ. ચરિત્રનાયકશ્રીએ સૌનો ઉકળાટ-ઉભરો શાબ્દિક રીતે નિકળ્યા પછી ધીમેથી કહ્યું કે—

"સાચો પિતા તો પોતાના સંતાનને દુઃખદાયી-સંસારના કૂવામાંથી ગમે તે પ્રયત્ન કરી બહાર જ કાઢે ! તમે સૌ સીધી રીતે સંમત ન થાવ, એટલે દવા કરાવવાના નામે તમારા સહુની ગર્ભિત સંમતિ પૂ. બાપુજીએ મેળવેલી જ"

"વળી **મણિલાલ**ની તબિયત અંગે દવાની વાત સદંતર ખોટી તો હતી જ નહીં, પરંતુ વિવેકી-બાપુજીએ દ્રવ્યદવા કરતાં, ભાવદવા રામબાણ રૂપે શારીરિક રોગો ઉપરાંત

આત્માના કર્મરોગને પણ દૂર કરે. એ હેતુથી સંયમના પંથે **મણિભાઈ**ને જવા દેવાની તજવીજ કરી."

"હકીકતમાં વડીલબંધુ જેવા રવાના થયા, તેવાજ સંયમ-પ્રાપ્તિના અપૂર્વ-ભાવોલ્લાસથી માનસિક-રીતે ખૂબ પ્રસન્ન બન્યા હોઈ, શરીરની રોગજન્ય અસ્વસ્થતા તેઓની ખૂબ જ ઓછી થઈ ગયેલી, તાવ, શરદી, ઉધરસ, કેડનો દુઃખાવો આદિ કોઈ તકલીફ અહીંથી નિકળ્યા પછી થવા પામી ન હતી."

"આમ દ્રવ્ય-ભાવ રોગને મૂળમાંથી કાઢનાર ભાવદયા રૂપ સંયમ શ્રેષ્ઠ ઉપાય હોઈ તે અંગે પૂ. પરમોપકારી સાચા હિતેચ્છુ બાપુજીએ તમારા બધાયની હરખભેર વિદાય દેવાના બહાને અપાવી, અમોને અહીંથી મોકલેલ અને ભાગ્યયોગે વડીલબંધુને પૂ. સદ્‌ગુરૂની સફળ નિશ્રા સાંપડી ગઈ, પરિણામે પ્રભુશાસનના પંથે સંયમી તરીકે આગેકૂચ કરવા પણ માંડી."

"હું અભાગીયો ! કે સંસારની ઝંઝટોને લીધે પુણ્યની બાજીથી નદી કે કૂવાના કાંઠે જઈ તરસ્યો જ પાછો આવ્યો."

આ પ્રમાણે પૂ. ચરિત્રનાયકશ્રીએ મોહની કારમી-ભ્રમણામાં મશગૂલ બનેલ સ્વજન-વર્ગને શાંતિથી ધીરતા પૂર્વક સત્ય-હકીકતની રજુઆત દ્વારા સાંત્વના આપી.

સહુ પૂ. ચરિત્રનાયકશ્રીની નાની વય છતાં ધીર-ગંભીરપણે ડહાપણભરી-વાતોની બેઘડક વ્યવસ્થિત-રજુઆતથી પ્રભાવિત બની મણિભાઇની દીક્ષાની અનુમોદના સાથે વિખરાયા.

આમ પૂ. ચરિત્રનાયકશ્રીએ કુટુંબીઓના વિરોધી - વાતાવરણને મીઠી જીભ અને ગંભીર પ્રકૃતિના બળે આસાનીથી પલટાવી શમાવી દીધું.

ફકત **જમનાબહેન** મોહની ઘેલછા અને માતૃ-વાત્સલ્યના વિકૃત-મિશ્રણથી શાંત ન થયાં. તેમનો ધુંધવાટ જબરો હતો, પૂ. ચરિત્રનાયકશ્રીએ સમય પારખી માતાજીની મર્યાદા જાળવવાની દૃષ્ટિએ મૌન ધારણ કર્યું.

જમનાબહેને મગનભાઈને જાતજાતના તીખા-કડવા શબ્દો સંભળાવવા સાથે ભારે રોકકળ-ધમાલ કરી મૂકી.

કુટુંબીજનોએ સમજાવવાના ઘણા પ્રયત્નો કર્યા અને આશ્વાસન આપ્યું કે—

"ઉંમર લાયક છોકરો વિધુર થયા પછી ઘણા પ્રયત્નો છતાં પરણવા તૈયાર હતો નહીં અને ચઢતે રંગે વૈરાગ્ય-વાસિત બની પ્રભુશાસનના પંથે આત્મ કલ્યાણ સાધવા ગયો છે, સારી જ વાત છે ને? તમારી કૂખ ઉજળશે ! હવે શા માટે નાહક ધમાલ કરો છો ? આદિ...." આમ છતાં મહા સુદ ૧૫ સુધી ખૂબ ધમાલ ચાલી, પછી **જમનાબહેન** બધાના દબાણ-સમજાવટના હિસાબે કાંઇક બહારથી નરમ પડ્યાં. પણ અંદરથી ધુંધવાણ શમી નહીં.

મગનભાઈને અને પૂ. ચરિત્રનાયકશ્રીને **જમનાબહેને** ઘણીવાર વિવિધ રીતે પૂછ્યું કે **"મણિલાલે દીક્ષા લીધી એ વાત તો જાણી ! પણ તે હાલ ક્યાં છે !"**

મગનભાઇએ અને પૂ. ચરિત્રનાયકશ્રીએ અવસર વિચારી **મૌનં સર્વાર્થ-સાધનં** રાખેલ, પણ પ્રાસંગિક-વાતચીત દરમ્યા- **અમદાવાદથી ખંભાતના** રસ્તે કોક ગામે દીક્ષા થયાની વાત **જમનાબહેને** જાણી, એટલે પોતાના ભાઇઓ મારફત **અમદાવાદથી ખંભાત** બાજુના રસ્તાના ગામોની તપાસ કે અહીં દીક્ષા કોઈની થઈ છે ? આદિ માહિતી મેળવવા રૂપે કરાવતાં **"કાસિંદ્રા** ગામે દીક્ષા થઇ -ને હજી મહારાજ ત્યાં જ છે," એ વાતના સમાચાર પાકે-પાયે મેળવ્યા.

પછી **જમનાબહેન** પોત-ના ભાઈને સાથે લઈ **'મણિલાલે** દીક્ષા પૂછ્યા વિના કેમ લીધી ?' આદિ ધમધમાટ સાથે **અમદાવાદ** થઇ **કાસિંદ્રા** પહોંચ્યાં.

જતાંવેંત **જમનાબહેને** ખૂબ ધમાલ કરી, લોક ઘણું ભેગું થયું, પણ સમય-ચતુર વયોવૃદ્ધ-અનુભવી **દીપવિજયજી** મ.શ્રીએ કુનેહ વાપરી **જમનાબહેનનો** ઉભરો ઠંડો પડવા દઈ ધીમે રહીને સહુને સમજાવ્યું.

"કુખડવંજ જેવી પુણ્ય-ભારતીના તમે રત્નકુક્ષિ છો ! તમારા કુળને અજવાળનાર પુણ્યાત્માએ પ્રભુશાસનના પંથે નાની વયે ઉમંગભેર પ્રસ્થાન કર્યું છે ! તે બદલ તમે ગૌરવવંતા છો ! ધન્ય છે, તમને !" આદિ સાંત્વના-વચનોથી **જમનાબહેન** જરા ઠંડા પડ્યા, વધારામાં પૂ. **મણિવિજયજી** મ. શ્રીએ પણ પૂ. મહારાજશ્રીના ઇશારાથી આજ્ઞા મેળવી રૂબરૂ આવી ધીમે રહીને કહ્યું કે-

"શ્રાવક-કુળમાં જન્મ પામવાની સાર્થકતા જ સર્વવિરતિ લઈ મોહના બંધનોને ફગાવી કર્મના ફંદામાંથી છૂટવા પ્રયત્ન કરવામાં છે, તમારી પુણ્ય-કુક્ષિએ જન્મ લઈ પૂ બાપુજીની દોરવણી પ્રમાણે સફળતાપૂર્વક ત્યાગના પંથે ચઢી શક્યો છું, તેની તમારે અનુમોદના કરવી ઘટે ! તમે સમજુ છો ! હવે નાહક ધમાલ કરી ધર્મ-શાસનની હીલના થાય તેવું કાં કરો છો !" વગેરે સાંભળી આખરે **જમનાબહેન** ધાર્મિક-કુટુંબના હોઈ મોહના આવેશથી મુક્ત બન્યા અને **પૂ. શ્રી મણિવિજયજી મ.** ને અંતરના આશીર્વાદ આપ્યા કે **"જેવું લીધું છે તેથી વધુ ચઢતા-ભાવે જીવન અજવાળજે !"**

પછી પૂ. મહારાજશ્રીને તથા શ્રીસંઘને ખમાવી નમ્રભાવે સંઘના આગેવાનોને કહ્યું કે-

"દીક્ષામાં જે ખર્ચ થયો હોય તેનો આંકડો આપો ! તમે પુણ્યવાનોએ લહાવો લીધો ? શાસન-પ્રભાવના કરી ! મારું કામ તમે વગર-ઓળખાણે પણ પતાવ્યું ! તે બદલ તમારા ધર્મપ્રેમની ખૂબ અનુમોદના !' પણ તેમાં જે ખર્ચ થયો હોય તે મને જણાવો ! અને ઓઢવાનો એક કપડો લાવી આપો ! હું દીક્ષિત થયેલ સંતાનને ઓઢાડી તેની સંયમ-સાધનાની અનુમોદના કરું."

સંઘના આગેવાનોએ ઓઢવાનો કપડો તુર્ત લાવી આપ્યો કે જે **જમનાબહેને** ખૂબ ભાવોલ્લાસથી **પૂ. શ્રી મણિવિજયજી** મ. ને ઓઢાડયો અને દીક્ષામાં થયેલ ખર્ચનો આંકડો તો "આવો સુંદર લાભ અમોને ક્યાંથી ? અમારા વિશિષ્ટ-પુણ્યનો આવો ઉદય અને અમે તમારી પાસેથી પૈસા લઇએ !" એમ કરી **જમનાબહેનનો** ઘણો આગ્રહ છતાં ખર્ચનો આંકડો ન આપ્યો અને સંઘના આગેવાનોએ **જમનાબહેનની** ભક્તિ કરી.

જમનાબહેન અમદાવાદ થઇ **કપડવંજ** આવ્યા. **મગનભાઈને** બધી વાત કરી, **મણિલાલની** નાજુક-તબિયતે પણ સંયમ માટેની તમન્ના તથા સંયમપાલન માટેની તૈયારીના મુક્તકંઠે **જમનાબહેને** કુટુંબીઓ સમક્ષ વખાણ કર્યા.

પણ ઊંડે-ઊંડે **મગનભાઇની** દોરવણી મુજબ **મણિલાલ** છટકી ગયા, તેમ તેના કરતાં વધુ લાડીલો **હેમચંદ** ક્યાંક છટકી ન જાય ! તે માટે **જમનાબહેન** સામ-દામ આદિ નીતિ અજમાવવા લાગ્યા.

હેમચંદને બીજુ કંઈ કહેવાની હિંમત ધર્મમર્યાદાના બહુમાનવંતા **જમનાબહેન** ન કરી શક્યા, એટલે **માણેકબહેને** સારા-સારા દાગીના આપી પાસે બેસાડી મીઠા-મધુરા વચનોથી મન જીતી તેની મારફત **હેમચંદને** સંસારમાંથી ન છટકવા દેવા માટેની પેરવી શરૂ કરી.

પૂ. ચરિત્રનાયકશ્રી પોતાની પત્નીના મુખથી પોતાને ફસાવનાર વિવિધ અટપટી-વાતોથી 'મોહઘેલી માતાએ ખરેખર મને સંસારમાં ફસાવવા આ છટકું ગોઠવ્યું લાગે છે,' એમ ધારી અનુકૂળ-પ્રતિકૂળ ઉપસર્ગોમાં પણ પૂ. બાપુજીએ નિર્દેશેલ સંયમ-માર્ગની કેડી ચૂકાઇ ન જવાય, તેની તકેદારી સાથે પૂ. બાપુજી આગળ બધી વાત રજુ કરી યોગ્ય માર્ગદર્શન મેળવતા.

માણેકબહેન તરફથી જાતજાતના હરવા-ફરવા, સંસારી-પદાર્થોના ભોગવિલાસની અનુકૂળતા આદિના મોહક-વાતાવરણની જાળ પૂ. ચરિત્રનાયકશ્રીની જીવનચર્યાની આસપાસ ગૂંથાવા લાગી.

પરંતુ વિવેકપૂર્વક વૈરાગ્ય-નિષ્ઠામાં પાવરધા બનેલ પૂ. ચરિત્રનાયકશ્રી પૂ. બાપુજીના હિતકર-સૂચનોમાંથી મળી આવતા-માર્ગદર્શન પ્રમાણે જીવનમાં પ્રભુ-શાસનના પંથે સફળ-રીતે લઈ જવા ઉદાત્ત-મથામણ કરી રહ્યા હતા.

પૂ. ચરિત્રનાયકશ્રી બાલ્યાવસ્થામાંથી તરૂણાવસ્થા તરફની અર્ધપક્વ-ઉંમરના કારણે વિચારોમાં સાહજિક આવતી ઢીલાશને પૂર્વજન્મની ઉદાત્ત-આરાધનાબળે મોહના સંસ્કારોના વિશિષ્ટ-ક્ષયોપશમના આધારે દૂર હડસેલી મેરૂ પર્વતની જેમ અડોળ ધીર-ગંભીર સર્વવિરતિ-સ્વીકારની તમન્ના અપૂર્વ રીતે કેળવી શક્યા હતા.

બરોબર કહ્યું છે કે-

"सहस्रेभ्यः सहस्रेभ्यः कश्चिदुत्थाय वीर्यवान् ।
भिनत्ति वासनाजालं, पंजरं केशरी यथा ॥"

એટલે "હજારો-હજારો રોમાંથી કોઈક અપૂર્વ વીર્યોલ્લાસની જાગૃતિવાળો પુણ્યવાન કેશરી-સિંહ પાંજરાને તોડે, તેમ વાસના જાળને ભેદી નાંખે છે."

"**अश्मांसि बहुविघ्नानि**" જગ-પ્રસિદ્ધ કહેતી પ્રમાણે પૂ. ચરિત્રનાયકશ્રી ઉદાત્ત-જીવનદૃષ્ટિના બળે દૂરગામી દૃષ્ટિથી આત્મકલ્યાણના પરમોચ્ચ ધ્યેયથી અતિ-નાની વયે પણ સદ્‌ગુરુ-સંપર્ક અને પૂ. બાપુજીની હિતકર પ્રેરણા આદિ બળે સર્વવિરતિના પંથે જવાનો નિર્ણય ગહન-વિચારણા અને મનોમંથનના બળે જેમ જેમ દૃઢ બનાવવા લાગ્યા, તેમ તેમ વાત્સલ્યઘેલી માતા મોહની દોરવણી તળે સ્નેહની સરવાણી દર્શાવતા કુટુંબીઓ અને વ્યાવહારિક રીતે પરણેતર રૂપે પ્રેમ-પ્રવાહના કેન્દ્ર રૂપ સુપત્ની **માણેકબહેન** તરફથી અવારનવાર વિવિધ રીતે પ્રલોભનો પજવણી, માર્મિક-ટોણાં અને મીઠા-ઉપાલંભ આદિથી પૂ. ચરિત્રનાયકશ્રીના માનસને સંસારાભિમુખ બનાવવાનો તેમની રીતે ભગીરથ પ્રયત્ન કરવા છતાં પૂ. ચરિત્રનાયકશ્રીની ઉદાત્ત-ધીર ગંભીર પ્રકૃતિ, તત્ત્વનિષ્ઠા અને કલ્યાણકામી આદર્શ-શ્રાવકરૂપ પિતાજીની દોરવણી આદિબળે સુદૃઢ થયેલ નિર્ણયને ઢીલો પાડવા માતા **માણેકબહેન** આદિ કુટુંબીવર્ગના પ્રયત્નો લગભગ અ-સફળ બની રહ્યા.

કયારેક નોધારાના આધાર સમા લાડીલા **હેમચંદને** પાસે બેસાડી **જમનાબહેન** ખૂબ મમતાભરી હેતાળ વૃત્તિ દર્શાવવા સાથે પીઠ પંપાળી મીઠા-મધુરા વચનોથી સમજાવવાની ચેષ્ટા કરતા.

નવી ઉંમર અને સ્થિતિ-સંયોગના કારણે પ્રેમમાં દીવાની બનેલ **માણેકબહેન** પણ યોગ્ય-અવસર મેળવી પૂ. ચરિત્રનાયકશ્રીની પાસે હાવભાવ-પૂર્વક બેસી પ્રેમના કાચા સૂતરના તાંતણે સ્વામીનાથને પરણેતરના હક્ક રૂપે બાંધવા જતજાતની ચેષ્ટાઓ દ્વારા મથામણ કરતી.

પણ દરેક પ્રસંગમા હિતકર-મધુર વચનોથી સંસારની ભયંકર-વિષમતાઓનું તાદૃશ્ય રોમાંચકારી શબ્દ-ચિત્ર વર્ણવી "પરમ પુણ્યે પ્રાપ્ત થયેલ જિનશાસનની યથાર્થ આરાધના રૂપ સર્વવિરતિની સુશકયતા શ્રાવકકુળમાં દીક્ષા ગ્રહણ દ્વારા જ થઇ શકે," વગેરે વાતો સમજાવી તે પંથે પોતાની જાતને લઈ જવાનો દૃઢનિર્ણય પૂ. ચરિત્રનાયકશ્રી વિનીત-ભાવે પણ મક્કમતા પૂર્વક રજુ કરતા.

જેથી મોહપરવશ-માતાજી, જીવન-સંગિની બનેલ સુપત્ની આદિ સઘળા કુટુંબીજનોની મોહચેષ્ટાને પૂ. ચરિત્રનાયકશ્રી પૂર્વજન્મની આરાધના બળે વિશિષ્ટ-રીતે મોહના સંસ્કારોના

ક્ષયોપશમથી પરિકર્મિત બનેલ ભાવશુદ્ધિમાં રેશમની ગાંઠ ઉપર તેલના ટીપાંની જેમ પૂ. હિતકર-બાપુજીની આદર્શ-દોરવણીનું બળ મળવાથી પત્થર ઉપર પાણીની જેમ નિષ્ફળ કરી શકયા હતા.

આ રીતે કુટુંબીઓ અને સ્નેહવત્સલ-માતાજી અને પ્રેમવેલી-સુધાની આદિ તરફથી સ્નેહ-પ્રેમના અતિરેકમાંથી વિવેકની ગેરહાજરીમાં ઉપજતી ઘેલછાના પરિણામે પૂ. ચરિત્ર-નાયકશ્રીને સંસારી ભોગ-વિલાસના પંથે ખેંચીને પણ લઈ જવાના વિવિધ-પ્રયત્નો થઈ રહ્યા હતા, તેમ છતાં વિશિષ્ટ-વિવેકના પાયા પર ઘડાયેલી વૈરાગ્ય-ભાવનાના બળે પૂ. ચરિત્રનાયકશ્રી અડોલપણે ટકી રહી દિન-પ્રતિદિન આત્મશુદ્ધિના પંથે મક્કમપણે આગળ વધવા સક્રિય પ્રયત્નો કરી રહ્યા હતા.

જેના પ્રતિક રૂપે તે વખતનો તેઓશ્રીના હાથનો લખેલ પત્ર નીચે મુજબનો મળી આવ્યો છે.

જે પત્રમાં પૂ. ચરિત્રનાયકશ્રીના હૈયામાં ધબકી રહેલ અપૂર્વ વૈરાગ્યભાવના સુમધુર દર્શન થાય છે.

"મારા ઉપર મહેરબાની કરનાર, મારા ઉપર ઉપકાર કરનાર, મારી અરજ ચિત્તમાં ધરનાર, મુની મહારાજ સાહેબજી ઝવેર સાગરજી સાહેબજી મુ. લીમડી.

એતાન શ્રી કપડવણજથી લી. આપનો સેવક હીમચંદ મગનલાલની વંદણા દન પ્રતે ૧૦૦૮ વાર માન આદર સત્કાર કરી અવધારશોજી.

વિશેષ વિનંતી એ છે કે જે મારે આપની પાસે દીક્ષા અંગીકાર કરવા અંગે આવવું છે, માટે શુભ મુહૂર્ત જોવરાવીને લખી જણાવશોજી, તથા તે દિવસે ત્યાં પરભાતે આવી જવાય તેવી ગોઠવણ કરવા માટે માણસને મને તેડવા સારૂ ઉપર લખ્યા પ્રમાણે આવી શકે તેવી રીતે મોકલાજી. અમો તેની ખર્ચાના પૈસા અત્રેથી આપીશું.

મારૂં કામ થયેથી મારા પિતાજી પણ અત્રેથી બધું સમેટી તમામ પૈસા શુભ ખાતે છોડી કોઠને ભળાવીને તે પણ જોડલે દીક્ષા અંગીકાર કરવા આપની પાસે આવશે.

કારણ કે મારા ભાઈ મણીલાલે મહા સુદ દસમના દીવસે નીતીવિજયજી મહારાજની પાસે અંગીકાર કરી છે, તે આપ સાહેબજીને જણવા સારૂં લખવું થયું છે.

મારી ઉમર વર્ષ ૧૪½ અંકે સાડા ચૌદ વર્ષની છે. તેથી કાચી ઉમરની હરકત ન આવા બદલે તજવીજ કરશો; કારણ કે મારા સસરાના તરફથી કાંઈપણ પીંછો લઈ શકે નહિં. બીજું મારા પિતાજી તરફથી કાંઈપણ અડચણ નથી. માટે બનતી ત્વરાએ કોશીષ રાખશોજી

આ કાગળનો ઉત્તર સર્વે રીતની સાડ કરીને હીમચંદ મગનલાલના નામથી જરૂર ના કવરમાં લખશોજી જેવી રીતે હાથો હાથ પહોંચે. બીજા કોઠએ ફોડવો નહિ. કે. સામ સૌયદને ચકલે છૂટી ટેકરાની જગો સામે મેડ પહોંચે; એવી રીતે કરશોજી એટલે અમોને પહોંચશેજી. થોડુ લખું ઘણું કરીને વાંચશોજી. તાકીદથી ઉત્તર આપશોજી.

ઉપર લખેલી મારી નમ્રતાપૂર્વક અરજ મનમાં અવધારશોજી, એ જ વિનંતી.

સંવત ૧૯૪૬ ના માગ. વદ ૮ ને વાર બુધ. લી. **હીમચંદ મગનલાલ**ની ૧૦૦૮ વંદના માન આદર સત્કાર સહિત અવધારશો જી.

તે માણસ પણ અત્રે આવે મેડે આવીને મલે તેમ ગોઠવણ કરશોજી. કોઇને પૂછવું ન પડે તેમ બતાવશોજી. એજ વિનંતી. કાગળનો જવાબ તાકીદથી લખશોજી.

લી. **શંકરલાલ વીરચંદ**ની વંદણા અવધારશોજી, આ કાગળનો જવાબ તમારા પોતાના હાથનો મુરત તાકીદની સાથે લખજો. પુરેપુરું સરનામું નીચે મુજબ કરજો.

ગાંધી હીમચંદ મગનલાલ કપડવણજ. ઠેકાણું. દોશી શંકરલાલ વીરચંદની દુકાને. હાથો હાથ પહોંચે. બીજાએ ફોડવો નહિ."

આ પત્રમાં પૂ. ચરિત્રનાયકશ્રીના હૈયામાં ગૂંજતી સંયમ-ધર્મની તીવ્ર તમન્નાનાં દર્શન થાય છે, ઉપસંત વહેલામાં વહેલી તકે આવતા યોગ્ય-મુહૂર્તે ચારિત્ર ગ્રહણ કરવાની તત્પરતા દર્શાવી છે.

વળી નાની ઉંમર છતાં વિશિષ્ટ આગવી ચકોર-બુદ્ધિ અને નિપુણતાનાં દર્શન પણ આ પત્રમાં થાય છે, કેમકે—

"દીક્ષા નિમિત્તે કોઇ બિક-અનુકૂળતાની ઓછાશ, બરાબર ગણત્રી કરીને ૧૪મા વર્ષની કાચી વયની વાત, તેમજ તેડવા માટે માણસ આવે અગર પત્ર લખો તો તે પણ યોગ્ય સાવચેતી પૂર્વક તેની આછી રૂપરેખા આદિ બાબતો પૂ. ચરિત્રનાયકશ્રીના અગમચેતી-ભર્યા વ્યવહારૂ-માનસને સૂચવે છે."

"વળી મોટાભાઈની દીક્ષાની વાત રજુ કરી પોતાની પણ સંયમના પંથે આવવાની તમન્નાના પ્રતીક રૂપે વહેલામાં વહેલું સારૂં મુહૂર્ત પુછાવ્યું છે, એ પણ પૂ. ચરિત્રનાયકશ્રીની અપૂર્વ સંયમનિષ્ઠા સૂચવે છે."

આ પત્રમાં સાહજિક રીતે વ્યક્ત થયેલ પૂ. ચરિત્રનાયકશ્રીના મનની ઉદાત્ત ભાવનાએ **પૂ. ઝવેરસાગરજી મ.** ના માનસ પર ગંભીર અસર ઉપજાવી લાગે છે.

પરિણામે **શંકરલાલ વીરચંદભાઈ**ના સરનામે આવેલ પત્ર દ્વારા ફા. સુ. ૩ નું મંગલ મુહૂર્ત જણાવી "હકીકતમાં બનેભર જો પ્રભુ-શાસનના સંયમના પંથે જવાની ઉત્કટ – પ્રબળ ભાવના હોય તો કશો પણ વિચાર કર્યા વિના જલ્દીથી આવી જવા" ની વાત પૂજ્યશ્રીએ ભાર-પૂર્વક જણાવેલ.

પૂ. ચરિત્રનાયકશ્રીએ માહ વદ ૧૧ સાંજે આ પત્ર મેળવી ભાવ-જીવનના નવા શ્વાસોચ્છ્વાસ જાણે મેળવ્યા હોય, એવો અવર્ણનીય આનંદ અનુભવ્યો.

પૂ. બાપુજીને તે પત્ર વંચાવી યોગ્ય માર્ગદર્શન મેળવ્યું, "शुभस्य शीघ्रं" ન્યાયે પૂ. બાપુજીની સલાહ પ્રમાણે તાત્કાલિક તૈયારી કરી.

મગનભાઇએ દીર્ઘદૃષ્ટિ વાપરી પોતે સાથે ન જતાં પોતાના ધર્મમિત્ર અને **પૂ. ઝવેરસાગરજી મ.** ના ગાઢ પરિચયમાં આવેલ ભાઇ **શ્રી શંકરલાલ વીરચંદભાઇ**ને એકાંતમાં બોલાવી પૂજ્યશ્રીનો પત્ર વંચાવી સમયસૂચકતા વાપરી "તમારે અજ્ઞાત રીતે અહીંથી આજે જ રાત્રે પૂ. ચરિત્રનાયકશ્રીને લઇ પૂ. ગુરૂદેવશ્રીની સેવામાં સત્વર પહોંચી જવા" માટેની પ્રેરણા કરી*

શંકરલાલ વીરચંદ એટલે કપડવંજ શ્રીસંઘમાં માતબર, ચુસ્ત-ધાર્મિક અને પ્રભુશાસનના અનિહડ અનુરાગી તત્ત્વ-દૃષ્ટિવાળા, વર્ષોથી પૂ. ત્યાગી-સાધુભગવંતોના પરિચયમાં રહી **પૂ. ઝવેરસાગરજી મ.** ના વિશેષ સંપર્કમાં રહેનાર સુશ્રાવક હતા.×

---

* મળી આવેલ પ્રાચીન પત્ર-સંગ્રહમાંથી નીચેનો પત્ર શ્રાદ્ધરત્ન શ્રી **શંકરલાલ વીરચંદ** જેવા પુણ્યાત્માના હૈયાનું સ્પષ્ટ ચિત્ર પુરૂં પાડે છે.

આવા તો પત્રો બીજા અનેક છે. જેમાંના કેટલાક **મગનભાઇના**, કપડવંજ-શ્રીસંઘના અને બીજી વ્યક્તિઓ સાથેના સંયુક્ત પત્રોમાં લખાણ રૂપે છે, પણ તે બધામાં સૌથી મહત્ત્વનો આ પત્ર છે, કેમ કે આમાં **શંકરભાઇએ** તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસાની તૃપ્તિ માટે ઉત્કટ તમન્ના દર્શાવી છે.

આ પત્ર કપડવંજના અગ્રગણ્ય **શ્રી મગનલાલ ભાઇચંદ, શ્રી શંકરલાલ પાનાચંદ, શ્રી મનસુખભાઇ હીરાચંદ, શ્રી લાલજી.....મલજી, શ્રી દલસુખભાઇ પ્રેમચંદ, શ્રી કુબેરદાસ પ્રભુદાસ શ્રી ઘરમચંદ....., ગાંધી કરમચંદ.....**આદિ શ્રાવકોએ સંયુક્તપણે લખેલ મોટો પત્ર છે, જેમાં અનેક તાત્ત્વિક – ધાર્મિક બાબતો ગુંથાયેલ છે

જેની કે આખો અક્ષરશઃ નકલ પરિશિષ્ટમાં આપી છે.

તેમાં **શંકરલાલ વીરચંદભાઇએ** સ્વહસ્તાક્ષરમાં નીચેની વિગત જણાવી છે.

"×××××× બીજું મ્હારે આપની પાસે ભણવા આવવું છે, તેની સવડ ઉદેપુરમાં બેસશેકે ? શી રીતે.....મન ખુશી થાય તે પરમાણે લઈને ખાવાપીવાનું.....બને તેવું હોય તેવી તજવીજ કરીને મહેરબાની સાથે લખશો. વલી આપનું રહેવું ત્યાં કેટલા વખત સુધી થશે તેનો ઉત્તર જણાવશો, એટલે મારે આપની પાસે આવવાની ગોઠવણ કરૂં !

વળી આપને ભણાવવાનું ફુરસદ મળે તેમ હશે, તે પણ જણાવશો, મારે નવતત્ત્વ વગેરે પ્રકરણ ભણવાના છે, તે જાણવું ને કાગદ પોંચેથી તાકીદથી ખુલાસાવાર જવાબ લખશો. એવી આશા રાખું છું. લી. **સેવક શંકરલાલ વીરચંદની વંદના વિ. સં. ૧૯૪૩ શ્રાવણ સુદ ૮ મંગળવાર**"

આવું જ મહત્ત્વપૂર્ણ લખાણ શંકરભાઇના હાથનું લખેલ **શેઠશ્રી મગનલાલ ભાઇચંદ, કરમચંદ વીરચંદભાઇ** સાથે લખેલ સંયુક્ત પત્રમાં નીચે મુજબ મળે છે.

"×××××× લી. **શંકરલાલ વીરચંદની** વંદના, બીજું આપ જરૂર ચોમાસા પર અત્રે પધારજો. એવો વિચાર રાખશો, પછી જો આપનું બાજે ઠેકાણે થાય તો પણ લખી જણાવશો

જેઓ હાર્દિક રીતે પ્રભુ-શાસનની આરાધનાના સાર રૂપે શ્રાવકકુળના જન્મની સફળતાના પાયા સમાન સર્વવિરતિના માર્ગની એકાંત-હિતકરતાને હૈયામાં સ્થિર કરી સંયોગાધીન પોતે એ માર્ગે હાલમાં જઇ શકે તેમ ન હોઈ દૃઢ-શ્રધ્ધાળુ ભગત તરીકે પંકાયેલા અસ્થિમજ્જાનુગત ધર્મના રંગે રંગાયેલા **મગનભાઈની** આદર્શ-વિવેકબુદ્ધિ નીચે કેળવાયેલ પુણ્યાત્માને પ્રભુશાસનની આરાધનાના સર્વશ્રેષ્ઠ સર્વવિરતિના પંથે જવા માટે પૂર્વજન્મની આરાધનાના બળે ભાવ-તમન્ના જાગી છે, તેને સફળ રીતે પરિપૂર્ણ કરવા જેવું આ જગતમાં પવિત્ર કયું કાર્ય હોઈ શકે! એવું **શંકરલાલ વીરચંદભાઈ** હૈયાથી માનતા, એટલે મગનભાઇની વાત **શંકરભાઈ**એ તુર્તજ હરખભેર સ્વીકારી.

પૂ ચરિત્રનાયકશ્રીએ માહ વદ અગિયારશ રાત્રે પ્રતિક્રમણ પછી પૂ. બાપુજી પાસે બેસી જરૂરી-સૂચનાઓ ધ્યાનમાં લીધી, યોગ્ય-તૈયારી **મગનભાઈ**એ કરાવી, **શંકરભાઈ**ને પણ વ્યવસ્થિત રીતે તૈયારી કરવા સૂચવ્યું અને મંગળવાર હોઇ રાત્રે ચોથું ચોઘડીયું લાભનું અને પાંચમું અમૃત ચોઘડીયું હોઇ તે દરમ્યાન **शुभस्य शीघ्रं** ન્યાયે **મગનભાઈ**એ **શંકરભાઈ** સાથે પોતાના લાડીલા **હેમુ**ને જીવનસિધ્ધિના આદર્શ પંથે સફળતાપૂર્વક ધપાવવા માંગલિક રૂપે **શ્રી ગૌતમસ્વામીજી**નું અષ્ટક સંભળાવીને શ્રી નવકાર અને ઉવસગ્ગહરં. ૨૭ વાર જાપ પૂર્વક હાર્દિક ઉમળકા સાથે માથે હાથ મુકી ૧૧-૩૭ મિનિટે અજ્ઞાતપણે કોઇને ખબર ન પડે તેમ ઘેરથી રવાના કર્યા.

સમયસૂચકતા અને **મગનભાઈ**ની મેળવેલ દોરવણી પ્રમાણે **શંકરભાઈ** પૂ. ચરિત્ર-નાયકશ્રીને પોતાના ઘરે લઈ જઇ થોડોક સમય ઘરની અંદરના ઓરડામાં રાખી બાર ઉપર તેવીસ

મારે આપનો વિરહ છે, તે ઘણો દુઃખદાયી છે, તમારી પાસે આવવાનું નકકી કર્યું છે;

આ કાળમાં તમારા જેવા ગુરૂ મહારાજ મળવા કઠણ છે.

મારે અભ્યાસ આતમ-ઓળખાણનો કરવો છે. તથા શાસ્ત્ર ભણવાનો પણ ઉદ્યમ કરવો છે, પણ અત્રે સંસારની જંજાળમાં બની શકતું નથી, જો આપ સાહેબ મને બાર મહિના તમારી પાસે અગર વધારે રહેતાં પણ જો બોધ કરાવો તો હું પરમ ઉપકાર તમારો માનીશ.

આ સંસાર અસાર છે, પણ મને બોધ વગર, તેથી વિશેષ ઓળખાણ નથી થતી, વારતે જો મારા તુચ્છ-બુદ્ધિના ઉપર આપ કૃપા કરીને અને બોધ કરાવો

xxxxxxxx મને અધ્યાત્મ સહિત જ્ઞાનનો બોધ કરવા ઉપર ઘણી જ પ્રીતિ છે, તેવો બોધ કરાવવાનો આપ સરસ જણો છો, માટે આવો જોગ ફરીથી નહીં મળે, માટે જવાબ કૃપા કરી લખશો,

હું આપનો કાગળ આવવાથી ઘણો જ ખુશી થયો છું; મને જ્ઞાન ભણવા પ્રીતિ છે, પણ કરમ અંતરાય પાડે છે, તે તમારો વિરહ કયારે ટળશે? આપ જેવા ગુરૂ મળ્યા છતાં જો જ્ઞાનનો બોધ નહીં થાય તો પછી કોણ કરાવશે? xxxxxxxx સં. ૧૯૪૪ ના ચૈતર સુદ ૬ xxxx"

મિનીટ પછીના મંગલકારી વિજય મુહૂર્તે સઘળા નિદ્રાધીન થયા પછી સાત નવકાર ગણી ઉપડતા-સૂરે શાસનદેવની જય બોલવા સાથે ઉત્સાહભેર ઘરેથી નિકળ્યા.

ઉભી-બજારે સોપો પડેલ, શહેરને ફરતા કોટના દરવાજા બંધ થયેલ, કોટવાળના ચોકીદારો આલબેલ પોકારી પોતાની ફરજ બજાવી રહ્યા હતા.

ધર્મની મંગળ-લાગણીવાળા **શંકરભાઇએ** શહેરના દરવાજા ખોલાવવા જતાં વાત ફુટી જવાના ડરથી શહેરમાંથી વરસાદના પાણીના નિકાસ અર્થે પ્રાચીન સમયની મોટી ખાળ-(કે જેમાંથી બેસીને માણસ સુખેથી પસાર થઇ શકે) ના રસ્તે શહેર બહાર નીકળી જવાનું પસંદ કર્યું, તેમ કરવા જતાં દુર્ગંધનો ત્રાસ તેમજ કપડા બગડવાનો સંભવ તજી સંસારના ભયંકર કીચડમાંથી બહાર નિકળવાના પ્રતીકરૂપે વરસાદના પાણીના ભુગદ્વામાંથી પસાર થવાની પ્રક્રિયાને હરખભેર વધાવી લીધી.

આ ટાણે સંયમગ્રહણ અને ચારિત્ર-પ્રાપ્તિના અનેરા ધર્મોલ્લાહભર્યા આનંદની લાગણીની છોળોમાં ખૂબ જ ભાવાવેશમાં મસ્ત બની ગયેલ. પૂ. ચરિત્રનાયકશ્રીને પોતાની કાયા નાની હોઇ નિકળવામાં ખાસ તકલીફ પડી નહીં, માત્ર અવ્યવસ્થિત નાળાની ઉંચી-નીચી કીચડ-માટી, કચરા આદિથી ત્રાસદાયક કેડી પર થઇને અંધારી રાતે **શંકરભાઇ**ના સમય-સૂચકતા વાપરી સાથે લીધેલ મીણબત્તીના ઝાંખા અજવાળે સાચવી-સાચવીને **શંકરભાઇ**ની પાછળ ધીમા સાવચેતી-ભર્યા પગલાંથી પસાર થતાં વીતેલી દશ મિનિટ જાણે હકીકતમાં ખરેખર પાંચ ઇન્દ્રિયો, ચાર કષાય અને મનના પાયા પર ગોઠવાયેલ સંસારની પકડમાંથી છૂટવાની સફળ મથામણ કરી રહ્યાનો અનેરો આનંદ અનુભવી હેમખેમ **કપડવંજ** શહેરની બહાર **વાહોર** નદીમાં થઇને આડ રસ્તેથી મુખ્ય માર્ગ પર આવી પહોંચ્યા.

જ્યાં પૂર્વ યોજના પ્રમાણે વિશ્વાસુ **ભગાજી** નામનો સાંઢણીવાળો સુંદર બે બેઠક ગોઠવીને તયાર ઉભો હતો, ત્યાં **શંકરભાઇની** આંગળીએ પૂ. ચરિત્રનાયકશ્રી પહોંચ્યા.

ઇશારાથી ચૂપચૂપપણે જરાય અવાજ વિના સાંઢણીને નીચે બેસાડી ત્રણ નવકાર ગણવા સાથે પૂ. ચરિત્રનાયકશ્રીને સવારની પાછળ બેસાડી પોતે પણ સાત નવકાર ગણી. "**न हि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात! गच्छति**" "**હરિને ભજતાં હજી કોઇની લાજ ગઈ નથી જાણી રે**" "**सत्यने पक्षे देवो पण हाजराहजुर छे**" આદિ લોકોક્તિ પ્રમાણે **શંકરભાઇએ** હિંમતભેર જીવનને ધન્ય બનાવનાર સંયમના પંથે પૂ. ચરિત્રનાયકશ્રીને વળાવવાનું સૌભાગ્ય પોતાને સાંપડયું છે, તો કસ્તુરીની દલાલીમા ગુમાવવાનું શું ? એમ કરી હિંમતથી શાસનદેવનો જય બોલાવવા સાથે ઇશારાથી ભગાભાઇને સાંઢણીને આગળ ધપાવવા સૂચના કરી.

સાંઢણી ચલાવનાર અને પોતાની વચ્ચે પૂ. ચરિત્રનાયશ્રીને રાખી અંધારાના ઠારણે પૂરપાટ જતી સાંઢણી પરથી ગબડી જવાના ભયને ટાળવા **શંકરભાઈ**એ તજવીજ કરી.

ભાગ્યયોગે સાથે લાવેલ મીણબત્તીના જરુર પડે ત્યારે આંખા પણ અજવાળામાં સાબરમતીના ભયપ્રદ–બીહામણા વેધાઓમાંથી હેમખેમ પસાર થઇ સવારનું મ્હોં આંખણીયું થવા ટાણે પૂર્વ–દિશાનું આકાશ લાલ થાય તે ટાઈમે લગભગ **અમદાવાદ**ની ભાગોળે પહોંચી ગયા.

ત્યાં અમદાવાદ બહાર સાંઢણી સવારને ઠરાવ્યા કરતાં દોઢા પૈસા અને બક્ષીશના પાંચ રૂપિયા આપી વિદાય કર્યો અને હરખભેર **શંકરભાઈ** પૂ. ચરિત્રનાયકશ્રીને સાથે લઈ મંગલરૂપે દેવદર્શન, ગુરુવંદના, માંગલિક શ્રવણ, જ્ઞાનપૂજન આદિ કરવાના શુભ ઈરાદાએ **ગોમતીપુર થઈ રાજપુરના શામળા પાર્શ્વનાથ**નાં દર્શન કરી ગહુંલી કરી હરખભેર ૧૧ રૂપિયો–શ્રીફળ પૂ. ચરિત્રનાયકશ્રીના હાથે ચઢાવી સંયમ માટેની મંગલયાત્રા નિર્વિઘ્ને થવાનો સંકલ્પ દઢ કર્યો.

પછી રીચીરોડના પ્રભુ મહાવીર ભગવંતની પ્રશમરસ–ઝરતી ભવ્ય પ્રતિમાજી સમક્ષ હરખભેર દર્શન–ચૈત્યવંદન કરી ઉમંગભેર વિદ્યાશાળાએ જઈ પૂ. **શ્રી નીતિવિજયજી મ.** પાસે પહોંચ્યા.

પૂ. શ્રી નીતિવિજયજી મ. શ્રીએ પૂ. ચરિત્રનાયકશ્રીને ઓળખ્યા, પાસે બેસાડી બધી વાત પૂછી, ઉપકારી ગુરુદેવશ્રી આગળ કંઈ છાનું ન હોય એટલે શંકરભાઈના ઈશારાથી પૂ. ચરિત્રનાયકશ્રીએ સંક્ષેપમાં બધી વાત કરી, **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.**નો પત્ર પણ બતાવ્યો.

પૂ. શ્રી નીતિવિજયજી મ. ખૂબ પ્રસન્ન થયા. જ્યોતિષની દૃષ્ટિએ કુમારયોગ–રાજયોગ હોઈ તુર્ત જ સૂરિમંત્ર–વર્ધમાન વિદ્યાથી અભિમંત્રિત વાસક્ષેપ પૂ. ચરિત્રનાયકશ્રીના મસ્તકે કરી હાર્દિક શુભાશંસા સાથે વરદ આશીર્વાદ આપ્યા.

પછી **જગવલ્લભ પાર્શ્વનાથ** અને **ઝવેરીવાડના ચિંતામણિ પાર્શ્વનાથપ્રભુ** અને **શ્રી આદીશ્વર પ્રભુ, શ્રી અજિતનાથ, શ્રી સંભવનાથ** પ્રભુના વિશાળ શાંતરસ–ઝરતા બિંબોની ઉલ્લાસપૂર્વક યાત્રા કરી સંયમ માટેની મંગળયાત્રા નિર્વિઘ્ને થવાની મંગળકામના કરી અમૃત ચોઘડીયામાં હરખભેર **અમદાવાદથી ધંધુકા** સાંઢણી મારફત સાંજના પાંચ વાગે લગભગ પહોંચી ગયા, કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી **હેમચંદ્રાચાર્ય મ.** ની જન્મભૂમિ તરીકે **ધંધુકા**ની પાવનભૂમિનાં ઉપાશ્રયે જઈ રાત્રિવાસ કર્યો. દહેરાસરનાં દર્શન કર્યાં, સાધર્મિક ભક્તિનો લાભ લેવા ઉત્સુક બનેલ સ્થાનિક–શ્રાવકોની ભક્તિ સ્વીકારી.

શંકરભાઈ અન્તરમાં જઈ તપાસ કરી સાંઢણીનું નક્કી કરી આવ્યા. સવારે પહેલા શુભ ચોઘડિયામાં લીંબડી પહોંચી જવાના ઈરાદે વહેલી પરોઢે ચાર વાગે સાત નવકાર ગણી પ્રસ્થાન કર્યું.

માહ વદ ૧૩ ગુરૂવારના પ્રથમ શુભ ચોઘડિયે ઉમંગભેર **લીંબડી** પહોંચી ગયા. ગામ બહાર ભોગાવાના કાંઠે સાંઢણી-વાળાને ઠરાવેલ પૈસા અને યોગ્ય બક્ષીશ આપી વિદાય કર્યો.

શંકરભાઇએ પૂ. ચરિત્રનાયકશ્રીને ભોગાવાના સામા કાંઠે લઇ જઇ ગામમાં પેસતાં પૂર્વે **સાત નવકાર, ત્રણ ઉવસગ્ગહરં** અને શ્રી **ગૌતમ-સ્વામીજી**નું નામ ઉમંગભેર લેવા પૂર્વક ઉપડતા સૂરે સાત ડગલાં મુકાવી **લીંબડી**માં પ્રવેશ કરાવ્યો.

મોટા દહેરાસરે જઈ શ્રી **શાંતિનાથ** પ્રભુનાં દર્શન કરી વિષય-કષાયના તાપને શમાવનાર સર્વવિરતિ-ચારિત્રની શુભપ્રાપ્તિના સફળ સંકલ્પ સાથે પૂ ચરિત્રનાયકશ્રી ચૈત્યવંદન કરી **શંકરભાઈ**ની નિશ્રાએ વિનીતભાવપૂર્વક જૈન ઉપાશ્રય તરીકે ઓળખાતી **પૂરીબાઈ જૈન ધર્મ-શાળા**ના પ્રવેશ-દ્વારે ત્રણ નવકાર ગણી અપૂર્વ ભાવોલ્લાસ સાથે દાદરો ચઢી પૂ. તારક ગુરૂદેવશ્રી **ઝવેરસાગરજી મ.** પાસે પહોંચ્યા.

વિવેકી **શંકરભાઈ**એ પાટલો લાવી ગહુંલી કરી ૧૦ રૂપિયો અને શ્રીફળ પૂ. ચરિત્રનાયકશ્રી પાસે મુકાવી વિધિપૂર્વક વંદના કરી સુખશાતા પૂછી.

શંકરભાઇને તથા પૂ. **ચરિત્રનાયકશ્રી**ને પૂ. શ્રી **ઝવેરસાગરજી મ.** શ્રીએ ઓળખી કાઢયા, અને યોગ્ય રીતે આવકાર આપ્યો.


મગનભાઇ-ભગતનો ભક્તિભાવથી તરબોળ પત્ર **શંકરભાઇ**એ રજુ કર્યો.

પૂ. ઝવેરસાગરજી મ. શ્રીના ઇશારાથી ઉપસ્થિત વિવેકી-શ્રાવકો નાસ્તાપાણી અને સેવાપૂજા માટે આગ્રહ-ભક્તિભાવપૂર્વક પૂ. ચરિત્રનાયકશ્રી અને **શંકરભાઈ**ને લઈ ગયા.

આ રીતે પૂ. ચરિત્રનાયકશ્રી સંયમગ્રહણ માટેની લાંબા સમયની તમન્નાને પૂર્ણસ્વરૂપ આપવા પૂ. બાપુજીની ગોઠવણ પ્રમાણે નિર્વિઘ્ને તારક ગુરૂદેવશ્રીના ચરણોમાં પહોંચી ગયા.

હવે અહીં મહત્વની બાબત એ છે કે **બહુમૂલ્ય હીરો કે નંગ સોનાની વીંટીમાં જ વધુ શોભે**-એ લોકરૂચિ મુજબ પૂર્વજન્મનું વિશિષ્ટ-આરાધનાનું બળ લઈ શાસનના વિશિષ્ટ પ્રભાવક બનેલા અને આરાધનાના ભાવ પ્રાણ-સમા આલંબનોના કાળબળે વેરવિખેર થયેલ વિશિષ્ટ-વારસાને વ્યવસ્થિત-સ્વરૂપ આપવાનું મહાભગીરથ કાર્ય એકલે હાથે કરનાર મહાપુરૂષને કેવા અદ્વિતીય-ઓજસ્વી, શાસનના મૌલિકતત્ત્વોથી સભર, તારક પ્રૌઢજ્ઞાની-ગીતાર્થ ગુરૂભગવંતની નિશ્રા સફળ-રીતે મળી ? તે વસ્તુ પણ ખૂબ જ ગંભીર-ભાવથી અહીં વિચારવા જેવી છે.

તેથી પૂ. ચરિત્રનાયકશ્રી જેવા નંગની બહુમૂલ્યતાને ઓળખાવી વિશિષ્ટ રીતે ચમકાવનાર મહાન શાસનપ્રભાવક પૂ. શ્રી **ઝવેરસાગરજી મ.**શ્રીનો અદ્‌ભુત પ્રસિદ્ધપ્રાય ઐતિહાસિક પરિચય સાગરશાખાના પ્રભાવપૂર્ણ મહાપુરૂષોની ઓળખાણ સાથે આપવો અહીં પ્રસંગોચિત મનાય છે.



श्री वर्धमान स्वामिने नमः

આગમોના સૂક્ષ્મ તાત્ત્વિક પદાર્થોને
સરળશૈલિમાં સમજાવનાર
આગમિક પ્રૌઢવ્યાખ્યાતા
શાસનપ્રભાવક શાસન સંરક્ષક વાદિમૂર્ધન્ય
ગીતાર્થ સાર્વભૌમ પ્રાવચનિક શિરોમણિ
ધ્યાનસ્થ–સ્વર્ગત
પૂ. આગમોદ્ધારકશ્રીનું

જી.....વ.....ન.....ચ.....રિ.....ત્ર

—: ખંડ ૩ :—

પૂ. આગમોદ્ધારકશ્રી


જી...વ....ન....ચ....રિ....ત્ર

ખંડ–૩

વિ....ષ....યા....નુ....ક્ર... મ

[પ્રકરણ ૧૮ થી ૨૪]

પ્રકરણ	નામ	પાનું
૧૮	પૂ. ચરિત્રનાયકશ્રીની વૈરાગ્યભાવનાને સફળબનાવનાર ગુરૂ ભગવંતની પરંપરા–પટ્ટાવલી	૩૦૫ થી ૩૧૧
૧૯	સાગર–શાખાના અધિનાયક પૂ. આ. શ્રીવિજયહીરસૂરીશ્વરજી મ. નો સંક્ષિપ્ત–પરિચય	૩૧૨ થી ૩૧૬
૨૦	સાગર–નામવાળા શાસન–પ્રભાવક પુણ્ય પુરૂષો	૩૧૭ થી ૩૩૯
૨૧	પૂ. ચરિત્રનાયકશ્રીના જીવનને તેજસ્વી ઓપ આપનાર સાગરશાખાની ક્રમિક–પટ્ટાવલીના મહાપુરૂષો	૩૪૦ થી ૩૫૪
૨૨	પૂ. ચરિત્રનાયકશ્રીના વ્યકિતત્વને ચમકાવનારી સાગર-શાખાના અધિનાયકોથી પ્રભાવિત અમદાવાદ–નગરશેઠના વંશજોની પુ....ણ્ય...ગા...થા...	૩૫૫ થી ૩૬૧
૨૩	સાગર–શાખાના તેજસ્વી તારકરૂપ પૂ. મુનિશ્રી મયાસાગરજી મ. તથા શેઠ હઠીભાઈની વાડીની પ્રતિષ્ઠાનો ભવ્ય પ્રસંગ	૩૬૨ થો ૩૭૪
૨૪	શ્રમણ પરંપરામાં શ્રમણવર્ગની ૧૮ શાખા પૈકી સાગર-શાખાની સ્વતંત્ર અસ્મિતા પ્રકટાવનાર મ....હા...પુ...રૂ....ષો....	૩૭૫ થી ૩૭૬



પ્રકરણ–૧૮

પૂ. ચરિત્રનાયકશ્રીની વૈરાગ્ય-ભાવનાને સફળ બનાવનાર ગુરુ–ભગવંતની પરંપરા–પટ્ટાવલી

પૂ. ચરિત્રનાયકશ્રી જન્મ–જાત સાહજિક–વૈરાગ્યભાવના પ્રબળ–સંસ્કારોથી વાસિત બની પૂ. પિતાજીની તાત્ત્વિક–દૃષ્ટિથી ઘડાયેલ આદર્શ–વિવેકબુદ્ધિથી અપૂર્વ–વૈરાગ્યરંગમાં રંગાયેલ બન્યા, કે–જેના પરિણામે વર્તમાન–શાસનના સફળ કર્ણધાર, શ્રુતજ્ઞાનના અજોડ પારગામી અને પ્રવર શાસન–પ્રભાવક બની શકયા, પણ આ કાર્યમાં જે પુણ્ય–પુરુષની નિશ્રામાં સંયમ સ્વીકારી અદ્‌ભુત પ્રેરણાનું બળ મેળવ્યું તે સુગૃહીત–નામધેય પૂ. **મુનિ શ્રી જવેરસાગરજી** મ. જેવા અસાધારણ પ્રતિભા–શક્તિ, અતિગહન આગમિક–પદાર્થોનું તલસ્પર્શી–જ્ઞાન, વિશિષ્ટ સંયમ, પ્રભાવશાલિતા આદિ ગુણ–સંપન્ન મહાપુરુષની નિશ્રાનો પણ મહત્ત્વભર્યો પુણ્યપ્રતાપ છે.

તે પૂજ્ય પુરુષ પ્રભુ **મહાવીરની** પરંપરામાં કેવું અદ્વિતીય સ્થાન ધરાવે છે ! તેમજ તેઓના પૂર્વગામી કયા કયા મહાપુરુષો થઈ ગયા, તે બધું જાણવા–વિચારવાથી પૂ. ચરિત્રનાયકશ્રીમાં પૂર્વજન્મની આરાધનાના બળે મેળવેલ વિશિષ્ટ શ્રાવક–કુળના આદર્શ–સંસ્કારોના ઘડતરમાંથી ઉપજેલ તત્ત્વદૃષ્ટિ અને વિવેકબુદ્ધિની કેળવણીના પરિણામે શાસનનું ગૌરવવંતુ અપૂર્વ ઝમીર કેવી રીતે વારસાગત મળ્યું ? તે વાત સ્પષ્ટ સમજાશે !

તેથી ચરમ તીર્થંકર **પ્રભુ મહાવીર**–પરમાત્માના શાસનની પટ્ટાવલી–ગુરુપરંપરાના સંક્ષિપ્ત–પરિચયની પૂર્વ ભૂમિકાવાળો **સાગર** શાખાની સ્વતંત્ર ગુરૂપરંપરાનો સંક્ષિપ્ત નિર્દેશ કરી વર્તમાન **સાગર**–શાખાના પ્રભાવશાળી આદ્યપુરુષ રૂપ **જગદ્‌ગુરુ પૂ. આ. શ્રી વિજય હીરસૂરીશ્વરજી** મ. નો ટૂંક પરિચય જણાવાશે, પછી તેમના સમયથી શ્રમણ–સંઘની ૧૮ શાખાઓ પૈકી સ્વતંત્ર–શાખારૂપે વિસ્તરેલ **સાગર**–શાખાના પ્રાચીન–અર્વાચીન પ્રભાવક–પુરુષોની માહિતીની રજૂઆત જિજ્ઞાસુઓને ઉપયોગી થાય રજૂ કરાશે.

પ્રભુ મહાવીરની પટ્ટપરંપરા

(ટૂંકપરિચય)

દરેક તીર્થંકરોના જેટલા ગણધરો હોય, તેટલા ગણો–ગચ્છો હોય છે, પરંતુ ચરમ તીર્થપતિ **શ્રી મહાવીર પ્રભુના** ગણધરો ૧૧ હતા, છતાં તેમના ગણોની સંખ્યા નવની હતી કેમકે **"એક વાચનાવાળા યતિ–સમુદાયને ગણ કહેવાય છે."**

એટલેકે **પ્રભુ મહાવીરના** ૧૧ ગણધરો પૈકી આઠમા–નવમા ગણધરો સંયુક્ત રૂપે સાડા ત્રણસો સાધુઓને વાચના આપતા હતા, તેમજ દશમા ને અગિયારમા ગણધરો પણ સંયુક્ત રીતે સાડા ત્રણસો સાધુઓને વાચના આપતા હતા.

આ ઉપરથી **પ્રભુ મહાવીરના** ૧૧ ગણધરો છતાં છેલ્લા ચાર–ગણધરોની સંયુક્ત વાચનાના કારણે ગણની સંખ્યા નવની હતી, એમ સ્પષ્ટ થાય છે.

આમ છતાં **પ્રભુ શ્રી મહાવીરના** નિર્વાણ પછી **પંચમ ગણધર શ્રી સુધર્મા સ્વામીજીનું** શાસન–સંચાલકપણું અસ્તિત્વમાં રહ્યું, તેથી તેમનો જ ગણ ચાલુ રહ્યો, બાકીના ગણધરોના ગણો પૂ. **શ્રી સુધર્માસ્વામીજીના** ગણમાં ભળી ગયા.

પૂ. શ્રી **સુધર્માસ્વામીજીની** પરંપરામાં અનેક સમર્થ–પ્રભાવક આચાર્યો, યુગપ્રધાનો થયા છે કે જેનો પરિચય પટ્ટાવલીઓના સંગ્રહ–ગ્રંથમાંથી વિગતવાર મળે છે.

જૈન–સંઘમાં શ્વેતાંબર શાખામાં ૮૪ ગચ્છો હોવાની માન્યતા પ્રચલિત છે, કેટલાક વિદ્વાનોના જણાવ્યા પ્રમાણે **"પૂ. આ. વજ્રસ્વામીજીના** શિષ્ય પૂ. **આ. વજ્રસેનસૂરિ** મ. ના ચાર શિષ્યો **ચંદ્ર, નાગેન્દ્ર, નિર્વૃતિ અને વિદ્યાધર** દ્વારા દરેકના એકવીસ–એકવીસ એમ ૮૪ ગચ્છો પ્રવર્ત્યા" એમ પ્રાચીન ગ્રંથોમાં નોંધ મળે છે.

વળી કેટલાક વિદ્વાનો એમ પણ જણાવે છે કે "વિ. સં. ૯૯૪ માં પૂ. આ. શ્રી **ઉદ્યોતનસૂરિએ** ૮૪ શિષ્યોને આચાર્યપદ આપવા દ્વારા ૮૪ ગચ્છોની સ્થાપના કરી."

આ ઉપરાંત જુદી–જુદી પટ્ટાવલીઓ અને પ્રતિમાજીઓ પરના જૂના શિલાલેખો પરથી

વર્ત્તમાન શ્રમણ સંઘના મૂળ પુરુષ

શાસન–નાયક



પંચમગણુધર

* શ્રી સુધર્માસ્વામિજી *

ઐતિહાસિક દૃષ્ટિએ તૈયાર થતી નોંધના આધારે ગચ્છોના વિવિધ નામોની સંખ્યા ૯૯ સુધી પહોંચે એમ લાગે છે.

આ બધા ગચ્છોમાં **તપાગચ્છ** એ કોઈ સ્વતંત્ર ગચ્છ નથી, કેમકે તેની સામાચારી શાસ્ત્રીય પરંપરા અને જીતકલ્પથી જુદી નથી, કે જેવી બીજા ગચ્છોમાં જોવા મળે છે, તેથી બીજા બધા ગચ્છો પોતપોતાની સ્વતંત્ર-સામાચારીથી મૂળ શાખામાંથી જુદા પડ્યા, એમ સામાચારી-ભેદથી કહી શકાય.

એટલે પૂ. **શ્રી સુધર્મા સ્વામીજી** મ. ની પરંપરાએ ચાલ્યા-આવતા **મૌલિક-સંઘને** ઓળખવા માટે **'તપાગચ્છ'** એ નામ કાળક્રમે રૂઢ થયું.

વળી આ નામ કેવી રીતે થયું ? તે માટે ઇતિહાસમાં એવી નોંધ મળે છે કે-

"વિષમ-કલિકાળના બળે સંયમી-જીવનમાં પેસી ગયેલી શિથિલતા દૂર કરવા માટે **પ્રભુ મહાવીરથી** ચુંમાલીસમી પાટે થયેલા **પૂ. આ. શ્રી જગત્ચંદ્રસૂરીશ્વરજી** મહારાજશ્રીએ **ચૈત્રવાલ** ગચ્છના પૂ. આ. શ્રી **દેવભદ્ર સૂરીશ્વરજીનો** સહાયતાથી ક્રિયોદ્ધાર કરેલ."

"પૂ. આ. શ્રી જગત્ચંદ્ર સૂરીશ્વરજી મહારાજશ્રીએ **વિ. સં. ૧૨૮૫માં** આચાર્ય-પદવીના દિવસથી જ યાવજ્જીવ આયંબિલ તપ પ્રારંભેલ."

"આ ઉત્કૃષ્ટ-તપના પ્રભાવથી આકર્ષાયેલા **ચિત્તોડના મહારાણાએ** આદર-સન્માન પૂર્વક તેડાવી રાજ્યસભામાં બહુમાનપૂર્વક **"તપા"** બિરૂદ આપ્યું. ત્યારથી **વડગચ્છનું** નામ **'તપાગચ્છ'** એવું જાહેરમાં શરૂ થયું."卐

卐 પંચમ ગણધર **શ્રી સુધર્માસ્વામીજી**થી ચાલી-આવતી મૌલિક-શાસનપરંપરા પૂજ્ય આચાર્ય **શ્રી જગત્ચંદ્રસૂરીશ્વરજી** મહારાજશ્રીની વર્ષોના ઉગ્ર તપશ્ચર્યાથી આકર્ષાયેલ **મેવાડના મહારાણાએ** આપેલ "તપા" બિરૂદથી **"તપાગચ્છ"** એ નામથી ઓળખાવા લાગી.

પણ હકીકતમાં તે મૂળ પરંપરા "તપા" વિશેષણથી ઓળખાતા પહેલાં નીચે મુજબના નામોથી સમયે-સમયે વિશિષ્ટ પ્રસંગ-વિશેષથી ઓળખાતી આવી છે, તે આ પ્રમાણે—

૧ **નિર્ગ્રંથગચ્છ** – પૂ. **સુધર્માસ્વામીજી**થી ૮મી પાટ સુધી.
૨ **કોટિગચ્છ** – ચૌદમી પાટ સુધી.
૩ **ચંદ્રગચ્છ** – પંદરમી પાટ.
૪ **વનવાસીગચ્છ**– સોળથી બત્રીશમી પાટ સુધી.
૫ **વડગચ્છ** – છત્રીશમીથી તેંતાલીશમી પાટ સુધી.
૬ **તપાગચ્છ** – ૪૪મી પાટે થયેલ પૂ. આ. શ્રી **જગત્ચંદ્રસૂરિજી. મ.** થી.

આ સંબંધી હકીકત પૂ. **ઉપા શ્રી યશોવિજયજી મ.** રચિત **શ્રી સીમંધર સ્વામીના** (૩૫૦ ગાથાનું) **સ્તવન** (ઢાળ ૧૬ ગા. ૧૯ થી ૨૨) માં છે.

આ તપાગચ્છની ક્રમિક પટ્ટાવલી ચરમ તીર્થંકર **પ્રભુ મહાવીર સ્વામી**જીના પંચમ ગણધર **શ્રી સુધર્માસ્વામી**જીની ગુરૂ-પરંપરા રૂપે આ પ્રમાણે છે;

तपागच्छनी मौलिक गुरु-परंपरा-पट्टावली

१ श्री सुधर्मास्वामीजी महाराज
२ ,, जंबूस्वामीजी महाराज
३ ,, प्रभवस्वामीजी महाराज
४ ,, शय्यंभवसूरीश्वरजी म.
५ ,, यशोभद्रसूरीश्वरजी म.
६ ,, संभूतिविजयसूरिजी म., अने श्री भद्रबाहुस्वामीजी म.
७ ,, स्थूलभद्रसूरीश्वरजी म.
८ ,, आर्य महागिरिजी म., अने आर्य सुहस्तिसूरीश्वरजी म.
९ ,, सुस्थितसूरीश्वरजी म. अने श्री सुप्रतिबद्धसूरीश्वरजी म.*
१० ,, इंद्रदिन्नसूरीश्वरजी म.
११ ,, दिन्नसूरीश्वरजी म.
१२ ,, सिंहगिरिसूरीश्वरजी म.
१३ ,, वज्रस्वामीजी म.
१४ ,, वज्रसेनसूरीश्वरजी म.
१५ ,, चंद्रसूरीश्वरजी म.
१६ ,, सामंतभद्रसूरीश्वरजी म.
१७ ,, वृद्धदेवसूरीश्वरजी म.
१८ ,, प्रद्योतनसूरीश्वरजी म.
१९ ,, मानदेवसूरीश्वरजी म.
२० ,, मानतुंगसूरीश्वरजी म.
२१ ,, वीरसूरीश्वरजी म.
२२ ,, जयदेवसूरीश्वरजी म.
२३ ,, देवानंदसूरीश्वरजी म.

* આ બંને સૂરીશ્વરોએ સૂરિમંત્રનો ૧ ક્રોડ જપ કર્યો હતો તેથી નિગ્રંથગચ્છનું નામ કોટિગચ્છ થયેલ.

૨૪ ,, વિક્રમસૂરીશ્વરજી મ.
૨૫ ,, નરસિંહસૂરીશ્વરજી મ.
૨૬ ,, સમુદ્રસૂરીશ્વરજી મ.
૨૭ ,, માનદેવસૂરીશ્વરજી મ.
૨૮ ,, વિબુધપ્રભસૂરીશ્વરજી મ.
૨૯ ,, જયાનંદસૂરીશ્વરજી મ.
૩૦ ,, રવિપ્રભસૂરીશ્વરજી મ.
૩૧ ,, યશોદેવસૂરીશ્વરજી મ.
૩૨ ,, પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મ.
૩૩ ,, માનદેવસૂરીશ્વરજી મ.
૩૪ ,, વિમલચંદ્રસૂરીશ્વરજી મ.
૩૫ ,, ઉદ્યોતનસૂરીશ્વરજી મ.*
૩૬ ,, સર્વદેવસૂરીશ્વરજી મ.
૩૭ ,, દેવસૂરીશ્વરજી મ.
૩૮ ,, સર્વદેવસૂરીશ્વરજી મ.
૩૯ ,, યશોભદ્રસૂરીશ્વરજી મ.
૪૦ ,, મુનિચંદ્રસૂરીશ્વરજી મ.
૪૧ ,, અજિતદેવસૂરીશ્વરજી મ.
૪૨ ,, વિજયસિંહસૂસીશ્વરજી મ.
૪૩ ,, સોમપ્રભસૂરીશ્વરજી મ.
૪૪ ,, જગતચંદ્રસૂરીશ્વરજી મ.×
૪૫ ,, દેવેન્દ્રસૂરીશ્વરજી મ.
૪૬ ,, ધર્મઘોષસૂરીશ્વરજી મ.
૪૭ ,, સોમપ્રભસૂરીશ્વરજી મ.
૪૮ ,, સોમતિલકસૂરીશ્વરજી મ.
૪૯ ,, દેવસુંદરસૂરીશ્વરજી મ.

---

*આ સૂરીશ્વરે વિ. સં. ૯૯૪માં વડ-વૃક્ષની છાયામાં આઠ શિષ્યોને આચાર્ય-પદ આપવાથી "વનવાસીગચ્છ"નું નામ "વડગચ્છ" થયેલ.

× આ સૂરીશ્વરે વિ. સં. ૧૨૮૫માં ચિત્તોડના મહારાણા દ્વારા વર્ષોની આયંબિલ આદિ ઉગ્ર તપશ્ચર્યાના બહુમાન રૂપે "તપા" બિરૂદ મેળવ્યું હોવાથી "વડગચ્છ"નું "તપાગચ્છ" નામ જનસાધારણમાં પ્રચલિત થયું.

૫૦ ,, સોમસુંદરસૂરીશ્વરજી મ.
૫૧ ,, મુનિસુંદરસૂરીશ્વરજી મ.
૫૨ ,, રત્નશેખરસૂરીશ્વરજી મ.
૫૩ ,, લક્ષ્મીસાગરસૂરીશ્વરજી મ.
૫૪ ,, સુમતિસાધુસૂરીશ્વરજી મ.
૫૫ ,, હેમવિમળસૂરીશ્વરજી મ.
૫૬ ,, આનંદવિમળસૂરીશ્વરજી મ.
૫૭ ,, વિજયદાનસૂરીશ્વરજી મ.
૫૮ ,, હીરવિજયસૂરીશ્વરજી મ.

અત્યારના વર્તમાન સમસ્ત શ્રમણ–સમુદાયના પ્રાયઃ મા–પુરૂષ તરીકે **જગદ્‌ગુરૂ પૂ. આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી મ.** છે.

એટલે ચરમતીર્થંકર, શાસનનાયક **શ્રી મહાવીર**–રમાત્માથી અદ્યાવનમી પાટ સુધી સળંગ પટ્ટાવલી વર્તમાનકાળના બધા પૂ. સાધુભગવંતોને એકસરખી રીતે આદરણીય–માનનીય છે.

તેથી વિષમ–દુષમઆરાના વિલક્ષણ–વિપરીત પ્રભાવવાળા કાલમાં પણ અનેક ભાલ–જીવોને શાસનનો હિતકારી માર્ગ રજુ કરનારા વિશાળ શ્રમણ સમુદાયનું આધિપત્ય મેળવવાનું ગૌરવ ધરાવનાર જગદ્‌ગુરૂ **પૂ. આ. શ્રી વિજયહીરસૂરીશ્વર** જી ભગવંતના એકછત્રી–શાસન તળે શ્રમણ–સમુદાયની **વિજય, સાગર, ચંદ્ર, વિમલ, રત્ન, રૂચિ, નિધાન, કલશ** આદિ મુખ્ય ૧૮ શાખાઓ (ગુરૂસમુદાયની એળખાણ ૩૫) અને અનેક પેટા–શાખાઓ હતી. તેમાંથી હાલમાં વિદ્યમાન સમસ્ત શ્રમણસમુદાયનો **વિજય, સાગર, વિમલ** અને **ચંદ્ર** એ ચાર શાખામાં પ્રાયઃ સમાવેશ થઇ જાય છે.

તેમાં પણ પૂ. ચરિત્રનાયકશ્રી **સાગરશાખાના** આદ્વતીય જ્યોતિર્ધર, શાસનપ્રભાવક, વાદીવિજેતા, શ્રમણગણશિરોમણિ **પૂ. શ્રી ઝવેરસાગર** જી મ. ના શિષ્ય હોઈ જગદ્‌ગુરૂ **પૂ. આ. શ્રી વિજયહીર સૂરીશ્વરજી** મ. થી પૂ. ઝવેરસાગરજી મ. સુધીની ગુરૂપરંપરાનો ક્રમ જાણવો ઉપયોગી–જરૂરી હોઇ તે પરંપરા રજુ કરાય છે.



શ્રમણ-સમુદાયની ૧૮ શાખાઓ પૈકી સાગર શાખાની પટ્ટાવલી

૫૮ જગદ્‌ગુરુ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયહીરસૂરીશ્વરજી મ.

					૫૯
આ. શ્રીવિજય સેનસૂરિ મ.	ઉપાધ્યાયશ્રી કીર્ત્તિ વિ.મ.ગણી	ઉપાધ્યાયશ્રી કલ્યાણ વિ.મ.ગણી	ઉપાધ્યાય શ્રી કનક વિ.મ.ગણી	ઉપાધ્યાય શ્રી સહજસાગરજીમ.ગણી	



૬૦ ઉપાધ્યાય શ્રી જયસાગરજી મ. ગણી

૬૧ ઉપાધ્યાય શ્રી ન્યાયસાગરજી મ. ગણી

૬૨ મુનિશ્રી જીતસાગરજી મ.

૬૩ મુનિશ્રી માનસાગરજી મ.

૬૪ મુનિશ્રી મયગલસાગરજી મ.

૬૫ મુનિશ્રી પદ્મસાગરજી મ.

૬૬ મુનિશ્રી સ્વરૂપસાગરજીમ.

૬૭ મુનિશ્રી નાણસાગરજી મ.

૬૮ મુનિશ્રી મયાસાગરજી મ.

૬૯ મુનિશ્રી ગૌતમસાગરજી મ.	મુનિશ્રી નેમસાગરજી મ.
૭૦ મુનિશ્રી ઝવેરસાગરજી મ.	મુનિશ્રી રવિસાગરજી મ.
૭૧ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી	મુનિશ્રી સુખસાગરજી મ.
	પૂ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજી મ.

પ્રકરણ-૧૯




સાગર-શાખાના અભિનાયક પૂ. આ. શ્રી વિજયહીર સૂરીશ્વરજી મ. નો સંક્ષિપ્ત પરિચય



વર્ત્તમાનકાળના પ્રાયઃ સમસ્ત શ્રમણસમુદાયના મૂળપુરુષ તરીકે પ્રખ્યાત અને વિષમ-કાળબળે સંયમનું બળ વધારવા માટેના પ્રતિકૂળ સંયોગોમાં પણ આરાધક-પુણ્યાત્માઓના પુણ્યબળે કે તેઓની પૂર્વ-ભવની વિશિષ્ટ-આરાધના બળે પાંચમાઆરાની વિષમતર મોહના સંસ્કારોની શ્યામલતાભરી પરિસ્થિતિઓમાં પણ લપસણીયા-માર્ગે ધીરતા પૂર્વક મક્કમ ડગલું ભરનારા વીર પુરુષની જેમ અદ્ભુત-આત્મશક્તિના વિકાસને કેળવી વિશિષ્ટ આણીશુદ્ધ-સંયમનું પાલન, અપૂર્વ આત્મદમન, વિશિષ્ટ-ઇન્દ્રિયજય આદિથી વર્ત્તમાનકાળના મુમુક્ષુ-આરાધકો માટે ખૂબ જ મહત્ત્વના પ્રેરણા-સ્રોતસમા જગદ્ગુરુ પૂ. આચાર્યદેવશ્રી વિજયહીરસૂરીશ્વરજી મ. થી જ **સાગર-શાખાનું** સ્વતન્ત્ર અસ્તિત્વ જણાતું હોઈ આનુવંશિક ક્રમે પણ પૂ. **ચરિત્રનાયકશ્રીમાં** ઉતરી આવેલ વિશિષ્ટ સદ્ગુણોના બળે શાસનરક્ષાનું અજોડ ગાંભીર, અપૂર્વ શ્રુતભક્તિ આદિ વિશેષતાઓના રહસ્યને સમજવા ઉપયોગી થઈ પડે, તે શુભ-આશયથી પૂ. આ. શ્રી વિજય **હીરસૂરીશ્વરજી** મહારાજનું જીવનચરિત્ર **શ્રીહીરસૌભાગ્ય મહાકાવ્ય, જગદ્ગુરુ કાવ્ય** આદિ પ્રામાણિક ગ્રંથોના આધારે ટૂંકમાં પણ અહિં આલેખવુ ઉચિત લાગે છે.

"જગદ્ગુરુ પૂ. આ. **શ્રી હીરવિજયસૂરીશ્વરજી** મ.નો જન્મ **શ્રી સોમસુંદરસૂરીશ્વરજી** જેવા પ્રભાવક-પુરૂષની જન્મભૂમિ તરીકે પ્રખ્યાતિ પામેલ **પાલણપુર**માં વિ. સં. ૧૫૮૩ના

મોગલ-સમ્રાટ-અકબર બાદશાહ-પ્રતિબોધક



જગદ્‌ગુરુ પૂ. આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ
(જેમનાથી સાગર-શાતા સ્વતંત્ર રીતને અસ્તિત્વમાં આવી)

માગશર સુદ નવમીના દિવસે **ખીમેસરા** ગોત્રીય અને ઓસવાલ વંશીય **કુરાંશાહ**ને ત્યાં થયો હતો, તેમની માતાનું નામ **નાથીબાઈ** હતું.

સૂરીશ્વરજીનું જન્મ નામ હીરજી રાખવામાં આવ્યું હતું. **હીરજી**ના જન્મ પહેલાં **નાથીબાઈ**એ **સંઘજી**, **સૂરજી** અને **શ્રીપાલ** નામના ત્રણ પુત્રો તેમજ **રંભા**, **રાણી**, **વિમલા** નામની ત્રણ પુત્રીઓ એમ છ સંતાનોને જન્મ આપ્યો હતો.

હીરજી જેવા પુણ્યવંત-પુત્રના જન્મથી **કુંરાશાહ**ના ભાગ્યે પ્રબળ સ્વરૂપ ધારણ કર્યું. અને "**પુત્રના લક્ષણ પારણામાંથી જણાય**" એ કહેવત અનુસાર **હીરજી** બાલ્યાવસ્થાથી તેજસ્વી, લક્ષણવાન અને સ્નેહાળ સ્વભાવનો બન્યો.

અનુક્રમે વૃદ્ધિ પામતાં પાંચ-વર્ષની વયે **કુંરાશાહે હીરજી**ને વ્યાવહારિક-જ્ઞાનની પ્રાપ્તિ માટે શાળાએ મૂક્યો, અને ધાર્મિક જ્ઞાન મેળવવા સાધુ-સંસર્ગમાં રાખી યોગ્ય કેળવણી આપવા માંડી.

તીક્ષ્ણ-બુદ્ધિ, એકાગ્ર મન અને જ્ઞાન-પિપાસાને કારણે માત્ર બાર વર્ષની ઉંમરે જ **હીરજી** ધાર્મિક જીવનમાં પૂર્ણ તત્પર બન્યો. તેના ધાર્મિક આચાર-વિચાર અને રહેણી-કરણી ઉપરથી કુટુંબીજનોને જણાયું કે '**હીરજી** તેજસ્વી ને વિદ્વાન સંત થશે.'

કુદરતને પણ કંઈક એમ જ ગમતું હશે, ભાગ્યયોગે થોડો સમય વીત્યો, તેવામાં **હીરજી**ના માતા-પિતા સ્વર્ગવાસી થયા.

સજ્જન-પુરૂષો ગમે તેના પ્રસંગમાંથી પણ બોધ લે છે, તેમ **હીરજી**ને આ બનાવથી સંસારની અસારતા તેમજ અનિત્યતાનું ભાન થયું, તેમનો વિરક્તભાવ વૃદ્ધિ પામ્યો.

બાદ **હીરજી**ની બે બહેનો **વિમળા** અને **રાણી** જે પાટણ રહેતી હતી, તે **પાલનપુર** આવીને **હીરજી**ને પાટણ તેડી ગઈ.

પાટણમાં આ વખતે **પ્રભુ મહાવીરની** ૫૬ મી પાટે આવેલા ક્રિયોદ્ધારક પૂ. આ. **શ્રીઆનંદવિમળ સૂરીશ્વર**જી મ. ના પટ્ટધર પૂ. આ. **શ્રીવિજયદાનસૂરીશ્વર**જી બિરાજતા હતા, **હીરજી** હંમેશાં વંદન કરવા અને વ્યાખ્યાન-શ્રવણ નિમિત્તે ઉપાશ્રયે જવા લાગ્યો.

પૂ. આ. શ્રી **વિજયદાનસૂરીશ્વરજીમ.ના** ઉપદેશે તેના કોમળ-હૃદયપટ ઉપર અસર કરી, અને **હીરજી**એ દીક્ષા લેવાનો મનમાં જ નિરધાર કરી નાંખ્યો, પ્રસંગ સાધી બહેનને પણ પોતાનો અભિપ્રાય જણાવ્યો.

બહેન સમજુ અને શાણી હતી. "**પ્રાણી માત્રના કલ્યાણની ઉંચી હદ એ દીક્ષા છે**" એમ તે જાણતી હતી, તેથી તેણે દીક્ષા લેવાનો નિષેધ ન કર્યો, તેમજ મોહવશતાને લીધે ખુલ્લા શબ્દોમાં અનુમતિ પણ ન આપી શકી, પરંતુ છેવટે બહેનને સમજાવી.

વિ. સં. ૧૫૯૬ના કાર્તિકવદ ૨ ને સોમવારના દિવસે હીરજીએ પ્રવ્રજ્યા ગ્રહણ કરી અને તેમનું "હીરહર્ષ" એવું નામ રાખવામાં આવ્યું.

હીરજીની સાથે બીજા આઠ જણાએ દીક્ષા લીધી. ધીમે-ધીમે શાસ્ત્રાભ્યાસ કરતાં તેઓ સંયમ-ધર્મમાં પ્રવીણ બન્યા.

હવે ગુરૂને તેમને ન્યાયશાસ્ત્રમાં પ્રવીણ કરવાની ભાવના થઈ. આધુનિક-સમયમાં જેમ ન્યાય શાસ્ત્ર માટે બંગાળ અને વ્યાકરણ માટે કાશીને કેન્દ્ર સ્થાન માનવામાં આવે છે, તેવી રીતે તે સમયે દક્ષિણમાં ન્યાયશાસ્ત્રના વિચક્ષણ વિદ્વાનો રહેતા હતા.

ગુરૂઆજ્ઞાથી પૂ. મુનિ શ્રી **ધર્મસાગરજી મ.** અને પૂ. શ્રી **રાજવિમળજી મ.** ને સાથે લઈને પૂ. **હીરહર્ષમુનિ દેવગિરિ** (દૌલતાબાદ) ગયા.

ત્યાં કેટલોક કાળ રહી "**ચિંતામણિ**" વિગેરે ન્યાયશાસ્ત્રના કઠિનમાં કઠિન ગ્રંથોનો અભ્યાસ કર્યો.

અભ્યાસ કરી આવ્યા બાદ તેમની શક્તિ તેમજ યોગ્યતા જોઈ **વિ. સં. ૧૬૦૭ માં નાડલાઇ (મારવાડ) માં પંડિતપદ અને વિ. સં. ૧૬૦૮** માં તે જ નગરમાં **વાચક ઉપાધ્યાય** પદ આપ્યું.

બાદ **વિ. સં. ૧૬૧૦ માં શિરોહીમાં ચાંગામાતાએ** કરાવેલ **મહોત્સવપૂર્વક આચાર્યપદ** પ્રદાન કરવામાં આવ્યું અને તેમનું **શ્રી વિજયહીરસૂરિ** એવું નામ સ્થાપવામાં આવ્યું.

આચાર્ય પદવી પછી તેઓ વિહાર કરી **પાટણ** આવ્યા અને તે પ્રસંગે **સુબા શેર-ખાનના** મંત્રી **ભણસાલી સમરથે** અતુલ દ્રવ્ય વાપર્યું.

વિ. સં. ૧૬૨૨ માં વૈશાખ સુદ ૧૨ ના રોજ ઉત્તર ગુજરાતમાં **મહેસાણા** પાસે **વડાવલી** (ચાણસ્માથી ૫ મા.)માં ગુરૂ મહારાજશ્રી **પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વરનો** સ્વર્ગવાસ થતાં તેમના માથે ગચ્છની સાર-સંભાળની મહત્ત્વપૂર્ણ જવાબદારી આવી.

સૂરિજી પૂર્વજન્મની પ્રબળ-આરાધનાના બળે વિશિષ્ટ કોટિના જ્ઞાન-સંયમ-તપની ત્રિવેણીનો સુંદર સમન્વયાત્મક સુયોગ સાધી શાસનની અપૂર્વ પ્રભાવનાના કાર્યોમાં યશસ્વી બની અનેક ભવ્યાત્માઓને દીક્ષા, અંજનશલાકા પ્રતિષ્ઠા, છરી પાળતા તીર્થયાત્રા-સંઘો આદિ મહત્ત્વનાં કાર્યો ઉપરાંત તેઓ શાસનની સુરક્ષાના કાર્યમાં બાહ્ય-અભ્યંતર આક્રમણોને ખાળવામાં પણ પૂર્ણ સફળ નિવડ્યા હતા.

વિક્રમની સોળમી-શતાબ્દીમાં ભારતમાં અને ખાસ કરીને ગુજરાત-પ્રાંતમાં ફેલાયેલી અરાજકતાનું જે સામ્રાજ્ય જામ્યું હતું, તેમાં **પૂ. આ. શ્રી વિજયહીરસૂરીશ્વરજી** મ. ને પણ કેટલાક કષ્ટદાયક-પ્રસંગોમાંથી પસાર થવું પડ્યું હતું.

શ્રી જગદ્‌ગુરૂ-કાવ્ય આદિ ગ્રંથોમાં જળવાઈ રહેલી **અંભાત, બોરસદ, કુણગેર, અમદાવાદ** વગેરે કેટલાય નગરોમાં પૂ. આચાર્ય ભગવંત પર વીતેલા ત્રાસ-જુલ્મની હકીકતો તે સમયની વિચિત્ર-પરિસ્થિતિ ની જાણ કરાવે છે.

આ સૂરીશ્વરજીએ પોતાના સંવેગી-જીવનમાં ઘણા-ઘણા આશ્ચર્ય-પમાડનારાં કાર્યો કર્યાં હતાં.

તેમાં સૌથી મહત્ત્વનું કામ મોગલ સમ્રાટ્ **અકબર બાદશાહને** પ્રતિબોધ કરી તેની મારફત જુદા જુદા સ્થળે **અમારિ-પડહ** વગડાવ્યો અને પ્રભુ-શાસનની શોભા વધારી હતી.

ચંપા નામની શ્રાવિકાના ૬ મહિનાના ઉપવાસના બહુમાનાર્થે તેમને પાલખીમાં બેસાડી દહેરે દર્શન કરવા આડંબરથી લઈ જવાના પ્રસંગે મોગલ-સમ્રાટ્ **અકબર બાદશાહે** પોતાના મંત્રીઓ મારફત **ચંપા** શ્રાવિકાને આદરપૂર્વક બોલાવીને તપશ્ચર્યાને લગતી હકીકત પૂછી, ત્યારે **ચંપા** શ્રાવિકાએ દેવ-ગુરૂનો અને વર્તમાનકાલીન પોતાના ગુરૂ **શ્રી વિજયહીરસૂરીશ્વરજી** મ. નો પ્રભાવ કહી સંભળાવ્યો.

તેથી **માનુ કલ્યાણ** અને **થાનસિંગ રામજી** નામના જૈન-ગૃહસ્થોને બોલાવી સૂરીશ્વરજીને પધારવા માટે વિનંતિ-પત્ર લખ્યો, સૂરીશ્વરજીએ શાસનની સેવા માટે સમયનું બળાબળ જોઈ મોગલ-સમ્રાટ **બાદશાહ અકબરના** આમંત્રણને ધ્યાનમાં રાખી તે તરફ વિહાર કર્યો.

અમદાવાદ, પાટણ, પાલનપુર, આબુ થઈ **શિરોહીમાં** શ્રી **કુંથુનાથ પ્રભુના** દહેરાસરની પ્રતિષ્ઠા કરાવી **જોધપુર-સાંગાનેર-આગ્રા** થઈ તેઓ **ફતેહપુર-સિકરીથી** ૭ માઈલ દૂર **અલિરામાબાદ** આવી પહોંચ્યા.

વિ. સં. ૧૬૩૯ના જ્યેષ્ઠવદી ૧૨ ના દિવસે સૂરિજીએ અપૂર્વ સ્વાગત સાથે **ફતેહપુરમાં** પ્રવેશ કર્યો.

જ્યેષ્ઠ વદી ૧૩ ના દિવસે બાદશાહ સાથે સૂરિજીની પહેલવહેલી મુલાકાત થઈ અને બાદશાહે પોતાના મિત્રમંડળ સાથે ઉભા થઈ સૂરિજીનું સ્વાગત કર્યું, પછી કેટલોક ઉપદેશ સાંભળ્યો, જેના પરિણામે બાદશાહ ભક્તિભાવમાં ગુલતાન બની તેમની વિદ્વત્તા પ્રત્યે બહુમાન ધરાવતો થયો.

પછી **પૂ. આ. શ્રી હીરસૂરીશ્વરજી** મ. ના સંપર્કમાં રહીને ક્રૂરતા, નિષ્ઠુરતા, હિંસા-પરાયણતા આદિ દુર્ગુણોને આઘા કરી દયા-કરૂણાના સંસ્કારોથી ખૂબ જ ભાવિત બન્યો.

પૂ. આચાર્યશ્રીના ઉપદેશથી પ્રભાવિત બની સમ્રાટ્ અકબરે ભેટ સ્વરૂપે બીજી કોઈ વસ્તુ જૈન સાધુપણાની રીતે ન સ્વીકારતા સૂરિ-ભગવંતના ચરણોમાં આચાર્યદેવશ્રીને ઇષ્ટ અભયદાનની

ઘોષણા રૂપ પર્વાધિરાજ **શ્રી પર્યુષણા મહાપર્વના** ૮ દિવસ અને બે-બે દિવસ આગળ-પાછળ ઉમેરી બાર દિવસનું અમારિ-પટ્ટક ભેટ ધર્યું.

સૂરિજીની આજ્ઞાથી **બાદશાહની** ધર્મ જિજ્ઞાસાને સંતોષતા રહેલ **પૂ. શ્રી. શાંતિચંદ્ર વાચકે** વિવિધ હૃદયંગમ-ધર્મોપદેશ દ્વારા જ્ઞાનામૃતનું પાન કરાવી વર્ષમાં ૬ મહિના જીવહિંસા બંધીના ફરમાનો બાદશાહ પાસેથી મેળવી ગુરૂચરણે ભેટ ધર્યાં

પૂ. આચાર્યદેવશ્રીની પ્રતિભા, વિદ્વત્તા, અપૂર્વ-ત્યાગ, વિશિષ્ટ સંયમ, માર્મિક-ધર્મોપદેશ, ઇત્યાદિથી આકર્ષાઇને **મોગલ સમ્રાટ અકબરે શ્રી સિદ્ધાચલ મહાતીર્થ**, શ્રી ગિરનારજી, **શ્રી કેશરીયાજી, શ્રી આબુજી, શ્રી સમેતશિખરજી** વગેરે તીર્થો **જૈન 'વેતામ્બર શ્રી સંઘની** માલિકીનાં ઠરાવી તે બાબત પરવાના કરી આપેલ.

આવા અનેક અનન્ય-સાધારણ વિશિષ્ટ અનુમોદનીય કાર્યોથી સૂરિજીને **જગદ્ગુરૂનું** વિશેષણ પ્રાપ્ત થયેલ.

આવા પુણ્યપ્રભાવક સૂરિજી **વિ. સં. ૧૬૫૨ ભાદરવા સુદિ ૧૧ ની** રાત્રે સમાધિપૂર્વક **ઉના** (સૌરાષ્ટ્ર)માં સ્વર્ગવાસ પામ્યા.


પૂ. આચાર્યશ્રીના પુણ્યશરીરનો જ્યાં અગ્નિ સંસ્કાર કરેલ. તે સ્થાને સૂરિજીના ગુણગ્રાહી ભક્તિવંત શ્રીસંઘે સુંદર દેરી બનાવી તેમાં પૂ. આચાર્ય દેવની પાદુકા સ્થાપન કરેલ.

કે જે આજે પણ ભવ્યાત્માઓને પૂજ્ય આચાર્ય દેવના ગુણોની ગરિમાનું સ્મરણ કરાવતી સૂરિજીના અમર-કીર્તિદેહનું ઘડતર કરી રહી છે.

મહાપુરુષોની પુણ્ય-છાયા

સંસારના ત્રિવિધ-તાપથી અકળાઇ રહેલા સંસારી-જીવોને વિશુદ્ધ-જીવન અને ભાવ-વાત્સલ્યથી શોભતા મહાપુરુષો ઘોર-ઘણત રણમાં એકલા-અટૂલા રઝળતા મુસાફરને વૃક્ષની શીતળ-છાયાની જેમ અંતરંગ અપૂર્વ-શાન્તિ આપનારા હોય છે.

તેથી જ ઉપકારી જ્ઞાની-ભગવંતોએ પવિત્ર પુરુષોના સંપર્કમાં રહેવાની ભારપૂર્વક ભલામણ કરી છે.



પ્રકરણ–૨૦

સાગર નામવાળા શાસન–પ્રભાવક પુણ્ય–પુરુષો

પૂ. જગદ્‌ગુરુ આ. શ્રી હીરવિજય–સૂરીશ્વરજી મ. થી સ્વતંત્ર–શાખા રૂપે શરૂ થયેલ **સાગર–શાખાના** સમર્થ પ્રભાવક પુણ્ય–પુરુષોનો પરિચય આપતા પૂર્વે મળી આવતી માહિતી મુજબ શ્રમણ–સમુદાયમાં **વિજય, વિમળ, ચન્દ્ર, રૂચિ, નિધાન, સાગર, કળશ, રત્ન, પ્રમોદ** આદિ અઢાર પ્રકારનાં નામો પ્રાપ્ત થતાં હોઇ પૂ. આ. **શ્રી હીરવિજય સૂરીશ્વરજી** મ. શ્રી પૂર્વે થયેલ સાગર–નામવાળા કેટલાક વિશિષ્ટ પુણ્ય–પુરૂષોનો પરિચય આ પ્રકરણમાં અપાય છે.

શાસન–માન્ય તપાગચ્છની **મૌલિક**–પરંપરાને ભિરદાવનારા અનેક મહાપુરૂષો થઈ ગયાની નોંધ પટ્ટાવલી–આદિના ઇતિહાસને તપાસતાં જણાય છે.

પરંતુ પૂ. ચરિત્રનાયકશ્રી સંયમી–જીવન દરમ્યાન **શાસન**ની ધગશ અને વિશિષ્ટ શ્રુતાનુરાગ આદિ બળે જે રીતે અજોડ શાસન–પ્રભાવક બની શકયા, તેમાં **સાગર**–શાખાના ઉદાત્ત–જ્યોતિર્ધર–મહાપુરૂષોનાં વિશિષ્ટ જીવનતત્ત્વોનો પણ ફાળો જણાય છે.

કેમકે પૂ. ચરિત્રનાયકશ્રી તપાગચ્છની **સાગર**–શાખાના તેજસ્વી–સૂર્યસમા હોઇ પૂ. ચરિત્રનાયકશ્રીમાં **સાગર**–શાખાના પ્રભાવક–મહાપુરૂષોની છાયા આવે, એ સંભવિત છે.

તેથી તેવા શાસનપ્રભાવક **સાગર**–શાખીય કેટલાક સૂરિ–ભગવંતો, પદસ્થ–મુનિવરો અને ઉજ્જવલ–ક્રિયાપાત્ર સુવિહિત–મુનિવરોનો જરૂરી ટૂંક પરિચય અહીં અપાય છે.

શ્રી જ્ઞાનસાગર સૂરિ :

શ્રી સોમતિલક–સૂરિની પાટે આવેલા **શ્રી દેવસુંદરસૂરિના** શિષ્ય **શ્રી જ્ઞાન–સાગરજી** મહારાજનો જન્મ વિ. સં. ૧૪૦૫ માં થયો હતો.

તેઓએ વિ. સં. ૧૪૧૭ માં બાર વર્ષની વયે દીક્ષા અને વિ. સં. ૧૪૪૧ માં આચાર્ય પદ પ્રાપ્ત કર્યું હતું, **સાગર**-શાખાના પ્રભાવક-પુરુષોમાં તેઓનું સ્થાન સૌથી આગવું છે.

તેઓએ વિ. સં. ૧૪૪૦ માં શ્રી **આવશ્યક સૂત્ર** પર અવચૂરિ, વિ. સં. ૧૪૪૧ માં **શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર** પર અવચૂરિ તેમજ **શ્રી ઓઘનિર્યુક્તિ** પર અવચૂરિ રચી હતી.

આ ઉપરાંત શ્રી **મુનિસુવ્રત સ્તવ** અને ઘનૌ (?) (ઘોઘા) મંડન શ્રી **નવખંડા પાર્શ્વનાથ સ્તવ** રચ્યાં હતાં.

વળી **ગુર્વાવલીના** આધારે તેઓનો વિ. સં. ૧૪૬૦ માં સ્વર્ગવાસ થયો હતો. અને કાળધર્મ પામીને તેઓ ચોથા દેવલોકમાં દેવપણે ઉપજ્યા હતા.

શ્રી લક્ષ્મીસાગરસૂરિ :

પ્રભુ મહાવીરની ત્રેપનમી પાટે પૂ. આ. **શ્રી રત્નશેખરસૂરિ** મ. ના પટ્ટપ્રભાવક **શ્રી લક્ષ્મીસાગરસૂરિ** થયા.

તેમનો જન્મ **ઉમતા** ગામે વિ. સં. ૧૪૬૪ માં ભાદરવા વદિ બીજે થયેલ, અને વિ. સં. ૧૪૭૦ માં **પાટણમાં** દીક્ષા, વિ. સં. ૧૪૭૯ માં વાણી પદ, વિ. સં. ૧૪૯૬ માં **રાણકપુર** તીર્થે પંન્યાસપદ, વિ. સં. ૧૫૦૧ માં **શ્રી મુંડસ્થલ*** -**મુંગથલા**-(**આબુરોડ પાસે**) તીર્થે વાચકપદ, અને ઓજસ્વી શાસન-પ્રભાવનાની શક્તિ જોઈ વિ સં. ૧૫૦૮ માં **શ્રી મજ્જાપદ્ર (મજેરા-મેવાડ)** માં પૂ. આ. શ્રી **રત્નશેખરસૂરીશ્વરજી** મ. તથા પૂ. **શ્રી ઉદયનંદીસૂરીશ્વર** મ. શ્રીએ શાસન-પ્રભાવના સાથે આડંબર પૂર્વક આચાર્ય પદવી આપેલ

---

* આ તીર્થ ખૂબ જ પ્રાચીન અને મહત્ત્વપૂર્ણ છે, ચરમતીર્થપતિ **શ્રી મહાવીર દેવ** પરમાત્મા છદ્મસ્થાવસ્થામાં અહીં પધાર્યાની અનુશ્રુતિ છે.

તે કારણથી પ્રભુના મોટાભાઈ **શ્રી નંદિવર્ધન મહારાજા**એ અહીં સ્મારકચિન્હ તરીકે મંદિર બંધાવ્યાની અનુશ્રુતિને પુષ્ટ કરનાર ઉલ્લેખો પણ મળેલ છે.

હાલમાં આ તીર્થમાં શ્વેતપાષાણની કાયોત્સર્ગ ધ્યાનમુદ્રાની **પ્રભુ મહાવીર પરમાત્માની** ભવ્ય પ્રતિમાજી છે.

કેટલાક વર્ષોથી અજ્ઞાત અને ખંડેર જેવી બિસ્માર હાલતમાં રહેલ આ તીર્થનો જીર્ણોદ્ધાર ઇતિહાસપ્રેમી શ્રાદ્ધવર્ય વિદ્વદ્રત્ન રત્ન **શ્રી અચલમલજી મોદી શિરોહીવાળાએ** ખૂબ ખંત રાખી તનતોડ પરિશ્રમ ઉઠાવી કરાવ્યો છે.

આ તીર્થ **આબુરોડથી** ૧૦ માઈલ ઉપર **રેવદર-જીરાવલાજી**ના રોડ પર આવેલ છે.

તેઓશ્રીની શાસન-સંઘની વ્યવસ્થાની કુશલ-કાર્યક્ષમતા નિહાળી **શ્રી દેવગિરિ (દૌલતાબાદ મહારાષ્ટ્ર)** નિવાસી **શ્રેષ્ઠી** શ્રી **મહાદેવભાઇના** કરેલ મહોત્સવ પૂર્વક **ઇડરના શ્રીસંઘે** વિ. સં. ૧૫૧૭ માં ગચ્છનાયક પદે પૂજ્યશ્રીને સ્થાપ્યા.

પૂ. આચાર્યશ્રીએ ભારે તપ-મહેનતથી અજ્ઞાનમૂઢ-જનતાને ધર્મમાં સ્થિર કરવા ખૂબ ઉદ્યમ કર્યો હતો, તેઓ શાન્ત દાન્ત, સરળ સ્વભાવી, મહાન્ આગમોના જ્ઞાતા તથા ધર્મનો ઉદ્યોત વધારનારા હતા.

તેમણે ગચ્છનાયક થયા પછી **ખંભાતમાં શ્રી રત્નમંડન** અને **શ્રી સોમદેવસૂરિ** સાથે ગચ્છમેળ કર્યો હતો, એટલે જુદા જુદા પક્ષ બંધાઈ ગયા હતા, તેને એકમેક કરવા માટે સારો પ્રયત્ન કર્યો.

તેમનું વિહારક્ષેત્ર ગુજરાત ઉપરાંત **મરુધરદેશ** તથા **માળવદેશ** પણ હતો, તેને પરિણામે તે આજુના ઘણા શ્રીમંત શ્રાવકો તેમના ઉપર ભક્તિ-બહુમાનવાળા હતા અને તેઓએ તેમના દ્વારા પ્રતિષ્ઠાદિ શુભ કાર્યો કરાવ્યાં હતાં.

ડુંગરપુરના ઉકેશ જ્ઞાતિના શાહ **સાલ્હે** ૧૨૦ મણ પીત્તળની જિનમૂર્તિ કરાવી તેની અન્ય જિનબિંબો સાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

દક્ષિણમાં આવેલ **દેવગિરિના શાહ મહાદેવે** શત્રુંજયની યાત્રા કર્યા બાદ **લાટપલ્લી** વિગેરે સ્થાનોમાં પૂજ્યશ્રીના બંને **વાચક, મહત્તરા** પદનો પુષ્કળ-દ્રવ્યના વ્યયપૂર્વક મહોત્સવ કર્યો હતો.

માંડવગઢ વાસી સંઘપતિ **ચંદ્રસાધુએ (ચંદાશાહે)** ૭૨ કાષ્ઠમય જિનાલયો અને ધાતુના ૨૪ જિનના પટ્ટો કરાવીને તેની પ્રતિષ્ઠા ગુરુ મહારાજ દ્વારા કરાવી હતી.

આ ઉપરાંત વિ. સં. ૧૫૩૩ માં **અકબરી (પુર)** ના **ઉકેશવંશી સોની ઈશ્વર** અને **પતા** નામના બંને ભાઇઓએ ઇડરના **ભાણરાજાએ** દુર્ગ પર કરાવેલ જિનમંદિર કરતાં પણ ઉત્તુંગ જિનપ્રાસાદ કરાવી શ્રી **અજિતનાથ** પ્રભુના બિંબ સાથે અનેક પ્રતિમાઓની શ્રી **લક્ષ્મીસાગરસૂરિ** દ્વારા પ્રતિષ્ઠા કરાવી હતી.

તેમણે વિ. સં. ૧૫૨૨ માં **ગચ્છપરિધાપનિકા** મહોત્સવ કરી ઘણા સાધુઓને આચાર્ય પદ, વાચક પદ, પંડિત પદ વિગેરે પદો અર્પણ કર્યાં હતાં.

'**ગુરુગુણરત્નાકર**' કાવ્યમાં જણાવ્યું છે કે —

"**શ્રી લક્ષ્મીસાગરસૂરિ**ની નિશ્રામાં **શ્રી સુધાનંદસૂરિ** આદિ નવ આચાર્યો, **મહોપાધ્યાય શ્રી મહીસમુદ્ર**જી આદિ પંદર ઉપાધ્યાયો અને **હજારો મુનિવરો** હતા."

આ ઉપરાંત પોતપોતાના નામને છેડે **મૂર્ત્તિ, આનંદ, પ્રમોદ, નંદી, રત્ન, મંડન નંદન, વર્ધન, લાભ, વિજય ધર્મ, સોમ, હેમ, પ્રેમ, ઉદય સાગર, માણિક્ય, જય, વિજય, સુંદર, ચંદ્ર, ચારિત્ર, સમુદ્ર, શેખર, વિમલ** વિગેરે નિશાની વાળા હજારો સાધુઓ તેમની આજ્ઞામાં હતા.

વળી **લાવણ્ય સમય** જે એક સારા જૈન-કવિ થઇ ગયા છે અને જેમનો વિ. સં. ૧૫૨૧ માં **અમદાવાદ**માં જન્મ થયો હતો, તેમણે વિ. સં. ૧૫૨૯માં **પાટણ**માં **શ્રી લક્ષ્મીસાગર સૂરિ** પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી.

શ્રી લક્ષ્મીસાગરસૂરિએ 'વસ્તુપાળરાસ' રચ્યાની નોંધ મળે છે. શાસનની શોભા વધારી તેમજ ગચ્છભેદ મિટાવવા અથાગ પરિશ્રમ સેવી વિ. સં. ૧૫૪૭માં હાડોતી દેશના **સુમાણુલી** ગામે સ્વર્ગવાસી થયા.

ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજ :—

મોગલ-સમ્રાટ્ **અકબર**ના દરબારમાં અનુપમ આદર-સત્કાર પ્રાપ્ત કરનાર **જગદ્‌ગુરુ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી** મ. ના શાસનકાળ દરમ્યાન જે અસાધારણ પ્રખર-પંડિતો થઇ ગયા છે, તેઓમાં **ઉપાધ્યાયશ્રી ધર્મસાગરજી મહારાજ**નું નામ મોખરે છે.

ઉપા. શ્રી ધર્મસાગરજી મ. જાતે ઓસવાલ હતા, અને **લાડોલ** તેમનું જન્મ સ્થાન હતું.

તેમણે પોતાના મોસાળ **મહેસાણા**માં વિ. સં. ૧૫૯૧માં સોળ વર્ષની વયે દીક્ષા અંગીકાર કરી હતી.

શ્રી વિજયદાનસૂરિ પાસે શાસ્ત્રાભ્યાસ કર્યા બાદ **શ્રી વિજયહીરસૂરિજી**ની સાથે ન્યાયનો અભ્યાસ કરવા **દેવગિરિ** ગયા હતા, તેમની પ્રજ્ઞા અતિ-પ્રકૃષ્ટ હતી. તેમના જીવનના કેટલાક પ્રસંગો **'ખરતરતપા-ચર્ચા'** નામની એક ત્રુટક-પ્રતને આધારે મળી આવે છે.

તેમાં **શ્રી પં. હીરહર્ષને** આચાર્યપદ આપવાની સલાહ આપનાર, કેટલાય શ્રાવકોની શાસ્ત્રશંકાઓનું સમાધાન કરનાર, **બીકાનેર**માં વાદ કરી દેવા શ્રાવક વડે પ્રરૂપિત **નાગોરી લુંકાગચ્છ**ની પ્રરૂપણા અંગે શાસ્ત્રીય યથાર્થ પ્રરૂપણા કરનાર, સર્વ મત-ગચ્છોની સામાચારી તપાસી **તપાગચ્છની** સર્વોત્તમતા સિદ્ધ કરનાર, **શ્રી માળદેવની** રાજસભામાં સન્માનિત, **'શ્રી અભય દેવસૂરિ ખરતર નથી'** આ વાતને સાબિત કરનાર તરીકે તેમની ઘણી બાબતો જોવાથી તેઓની વિદ્વત્તા, શાસન-રક્ષાની દક્ષતા અને પ્રખર વાદ-વિજેતા તરીકેની પ્રખ્યાતિ તરી આવે છે.

આ પ્રમાણે પૂ. ઉપા. **ધર્મસાગરજી** મ. અંગેની સામાન્ય હકીકત વિચારી, પણ ઐતિહાસિક મળી આવતા નોંધપાત્ર–ઉલ્લેખો પ્રમાણે નીચે મુજબ વિશેષ વિગતો જાણવા મળે છે.

ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.

શાસનનાયક શ્રીમહાવીર–પ્રભુના શાસન–ગગનમાં તપાગચ્છની પટ્ટ–પરંપરામાં તેમજ તેને સહાયક શાખા–પરંપરામાં ઘણા સૂરિપુંગવો, પદસ્થ–મુનિભગવંતો તેમજ વિશિષ્ટ શ્રમણ ભગવંતો, અખંડ આત્મતેજ, ત્યાગ–તપ–સંયમની સાધનાના અજબ નૂર અને જ્ઞાનના તેજસ્વી પ્રકાશ આદિથી ઝળહળી ગયા છે.

તેમાં વિક્રમની સોળમી સદીમાં કાળબળની ગજબનાક અસર તળે આંધાધૂંધીભર્યા સમયમાં ગચ્છભેદની પકડમાં, મૂળભૂત શાસનને વિસરી પોતપોતાની આચાર્ય–પરંપરા અને તેના મંતવ્યોને પ્રાણભૂત ગણી તેની સુરક્ષા માટે કદાગ્રહ, વાક્છળ, દુર્વિદગ્ધતા, અસૂયા, મત્સર, આક્ષેપ–પ્રતિક્ષેપ આદિ નિકૃષ્ટ–કોટિના સાધનોથી મરણિયા–પ્રયાસ કરનાર શાસન–પ્રત્યનીકો સામે એકલે હાથે શાસ્ત્ર–સિદ્ધાંતના મર્મ ઝઝુમનારા, સ્વતંત્ર અસ્તિત્વને નહિ પામેલી છતાં તેજસ્વી મહાપુરુષોથી જુદી તરી આવતી **સાગર શાખાના** અદ્‌ભુત વ્યક્તિત્વને ઉપસાવનાર, મહાતાર્કિક, દિગ્ગજ–વિદ્વાન, વાદિવિજેતા, શાસન–ધુરંધર પૂ. મહામહોપાધ્યાય શ્રી **ધર્મસાગરજી** મહારાજશ્રી શાસન–પ્રભાવક મહાપુરુષોમાં સૌ કોઈ વધુ મોખરે, અનન્યસાધારણ–અદ્વિતીય–અક્ષયનિધાનભૂત–પ્રતિભા, શાસનાનુસારી તર્કશૈલિ અને સત્ય પ્રતિપાદન કરવાની નિર્ભીકતા આદિ અદ્‌ભુત–ગુણોથી અવિસ્મરણીય રીતે આજે પણ સોળમી–સદીના ઇતિહાસના પાનાઓ પર તેજસ્વીપણે ચમકી રહ્યા છે.

તેમનું ટૂંકું જીવન અને તેમના અદ્‌ભુતતર શાસનહિતકર–કાર્યોનો સંક્ષિપ્ત પરિચય અહીં રજુ કરાય છે.

આ મહાપુરૂષનો જન્મ **લાડોલ**માં વિ. સં. ૧૫૭૯માં **ઓશવાલ** કુળમાં થયેલ અને સોળ વર્ષની ચડતી વયે પોતાના મોસાળ **મહેસાણા**માં વિ સં. ૧૫૯૫માં **તપાગચ્છ**ના શુદ્ધ સંવિગ્ન પક્ષી, ક્રિયોદ્ધારકકારક, ઉગ્ર–તપસ્વી પૂ. આ. શ્રી **આનંદવિમલ સૂરીશ્વરજી મ.**ની પાટે આવેલ પૂ. આ. શ્રી **વિજયદાન સૂરીશ્વરજી** મ. પાસે ભાવોલ્લાસ સાથે ચારિત્ર ગ્રહણ કરેલ.

ટૂંક સમયમાં પ્રાથમિક અભ્યાસ કરી આગમિક અને વ્યાકરણ, તર્કશાસ્ત્ર આદિ ગ્રંથનો અભ્યાસ ઝડપથી કરી લીધો, તેઓશ્રીની પ્રખર ધિષણા અને અપૂર્વ બુદ્ધિ–વૈભવથી પ્રસન્ન થયેલ પૂ. આ. શ્રી વિજયદાન સૂરીશ્વરજી મ. શ્રીએ પૂ. શ્રી **ધર્મસાગરજી** મ.ને પૂ. શ્રી. **હીરહર્ષજી** (જગદ્‌ગુરૂ પૂ. આ. શ્રી. **વિજયહીર સૂરીશ્વરજી**)મ. તથા પૂ. શ્રી. **રાજ વિમળજી** સાથે ન્યાયશાસ્ત્રના મૌલિક ગ્રંથોના અભ્યાસ માટે **દેવગિરિ (દોલતાબાદ)** મોકલ્યા.

ત્રણ વર્ષ ત્યાં રહી ન્યાયશાસ્ત્રનું ગહન અધ્યયન કર્યું, પછી વિહાર કરી **નાડલાઈ**(રાજ.)માં બિરાજતા પૂ. ગુરૂદેવ શ્રી પૂ. આ. શ્રી વિજયદાન–સૂરીશ્વરજી મ. પાસે શ્રી હીરહર્ષજી અને શ્રી રાજવિમલજી વહેલા પહોંચી ગયા, પૂ. શ્રી **ધર્મસાગર**જી મ. વ્યવહાર–ચતુરતાથી જાણી–જોઇને પાછળ રોકાઈ રહ્યા.

પૂ. આ. શ્રી વિજયદાનસૂરીશ્વર ભગવંતે ઉત્સુકતાથી પૂછયું કે–" શ્રી **ધર્મસાગર**જી કયાં ?" **શ્રી રાજવિમલજી**એ કહ્યું કે–'તેઓ પાછળ છે, પછી આવશે.' પૂ. આ. શ્રીએ કહ્યું કે 'એ બરાબર નથી.' એટલે પૂ. આ. શ્રીની સંમતિથી શ્રીહીરહર્ષજીએ પત્ર લખી પૂ. શ્રી ધર્મસાગરજી મ.ને તેડાવ્યા.

એટલે **શ્રી સિંહવિમલજી** સાથે પૂ. શ્રી **ધર્મસાગર**જી મ. શ્રીએ નાડલાઈ તરફ વિહાર કર્યો. પાંચ ગાઉ ઉપરના છેલ્લા ગામથી વિહાર કરતાં દુર્ગાના સ્વરશકુન થયાં, તેને શુભ માની બન્ને આગળ વધ્યા, એટલામાં શકુનશાસ્ત્રના જાણકાર ભાટે કહ્યું કે– " મહારાજ, તમારા બેમાંથી જે મોટા છે, તેમને ગુરૂ મહારાજ ખૂબ આદરપૂર્વક સારી પદવીથી નવાજશે. અને બીજા નાના–મહારાજનું અપમાન થશે." એમ આ દુર્ગા (દેવી ચકલી) પોતાના વિશિષ્ટ સૂરો દ્વારા જણાવે છે.

નાડલાઈ પહોંચ્યા પછી પૂ. શ્રી **ધર્મસાગર**જી મ. અને **સિંહવિમલજી** પૂ. આ. શ્રીને વંદન કરવા માંડયા, ત્યારે **સિંહવિમલજી**ને પૂ. આચાર્યદેવે વંદન માટે રોકયા, છેવટે શ્રી સંઘ અને પૂ. **ધર્મસાગર**જી મ.ના અનુનયથી વંદન માટે છૂટ આપી.

ત્યાર પછી પૂ. આચાર્યદેવ સકળ સંઘ સાથે વાજતે-ગાજતે દહેરાસર પધાર્યા. ત્યાં શુભ મુહૂર્ત જાણી પુષ્ય નક્ષત્રના ઉત્તમ યોગે પૂ. શ્રી **ધર્મસાગર**જી મ., પૂ. શ્રી હીરહર્ષજી મ., પૂ. શ્રી **રાજવિમલજી** મ.ને ઉપાધ્યાય પદવી વિ. સં. ૧૬૦૮ મહા સુદ પાંચમના વિજય મુહૂર્તે આપી.

પછી શ્રીસંઘની વિનંતિથી યોગ્ય શિષ્યને આચાર્ય પદવી આપવાની વાત ઉપસ્થિત થતાં પૂ. આચાર્યદેવશ્રીની પોતાની ઇચ્છા **રાજવિમલજી**ને આચાર્ય પદ દેવાની છતાં શુદ્ધ, ક્રિયાનિષ્ઠ, શાસ્ત્રજ્ઞ પૂ. ઉપાધ્યાય શ્રી **ધર્મસાગર** મ.ની સલાહ લીધી, કે 'આચાર્ય પદ કોને આપશું ? તમને શું લાગે છે ?'

એટલે પરમ ગંભીર, શાસ્ત્રદૃષ્ટિવાળા ગીતાર્થ ભગવંત પૂ. ઉપા. શ્રી **ધર્મસાગર**જી મ. શાસન અને સંઘના અધિનાયક થવાની યોગ્યતા પૂ. ઉપા. હીરહર્ષજીમાં વધુ હોવાનું જણાવી આચાર્ય–પદવી માટે તેમનું નામ ભારપૂર્વક સૂચવ્યું.

"ખરેખર મહાપુરૂષો અદલ ઈન્સાફ તોલવામાં જરા પણ વ્યક્તિગત સ્વાર્થ કે કોઇની શરમને વશ બનતા નથી."

પોતે પૂ. ઉપા. શ્રી **હીરહર્ષજી** કરતાં વયમાં, વિદ્વત્તામાં અને પૂ. આ. શ્રીની પ્રીતિ-પાત્રતામાં આગળ પડતું સ્થાન ભોગવનાર છતાં સંઘ-શાસનના સંચાલનમાં સરખી રીતે સફળ થવા ન દેનાર પોતાની અમુક ઉણપોનો સ્પષ્ટ ખ્યાલ રાખી, પોતાની પદ-લાલસાના સંયમપૂર્વક શ્રી ઉપા. **રાજવિમલજી** મ. અને બીજી યોગ્યતાઓ છતાં પ્રકૃતિદોષ અને અધિનાયક તરીકેની યોગ્યતાના બીજકો ન હોઈ તેમની પણ સિફારીશ ન કરી.

હકીકતમાં જે યથાર્થ હતું તે વાસ્તવલક્ષી-દૃષ્ટિકોણથી રજુ કરવાની નૈતિક હિંમત ખરેખર પૂ. ઉપા. શ્રી **ધર્મસાગરજી** મ. ના અદ્‌ભુત વ્યક્તિત્વની ગરિમાને વ્યક્ત કરે છે.

આવા અનોખા-તરવરતા-વિશિષ્ટ વ્યક્તિત્વવાળા પૂ. શ્રી ઉપા. ભગવંત આજીવન પોતાની નૈતિક-હિંમત દ્વારા માનાપમાન, કે સમુદાય કે વ્યક્તિવિશેષની અંગતમણીમાં અંજાયા વિના ધનુષ્યના ટંકારની જેમ અવસરે-અવસરે શાસ્ત્રવિરૂદ્ધ, કે સામાચારી-વિરૂદ્ધ પ્રરુપણાઓને પડકારનાર હતા.

પ્રભુશાસનની મૂળ-સામાચારીને પૂર્ણપણે, સ્વ-પર ને વફાદાર રાખવા તેઓશ્રીએ કરેલા ભરચક પ્રયત્નો તેઓશ્રીના રચેલ પ્રવચનપરીક્ષા (જેનું બીજું નામ कुपक्षकौशिकसहस्रकिरण = પ્રભુશાસનની મૂળ-મર્યાદાને અ-માન્ય કરનારા જે કુપક્ષો તે રૂપ કૌશિક = ઘુવડ, તે માટે સહસ્રકિરણ = સૂર્ય સમાન) ગ્રંથ, શ્રી ગુરુતત્ત્વવિનિશ્ચય, સર્વજ્ઞશતક આદિ ગ્રંથો આજે પણ સાક્ષી ભરી રહ્યા છે, જેના આધારે આજે જિનશાસનને મળી, હૈયા-શૂરા વિદ્વાનો પૂ. ઉપા. શ્રીના હૈયામાં વસેલ શાસન-ગરિમાની પ્રશંસા કર્યા વિના રહી શકતા નથી.

વિષમકાળના પ્રભાવથી સોળમી સદીના ઉત્તરાર્ધમાં, શ્રમણસંઘમાં કષાયના બીજકોએ દેખાવ દેવા માંડયો હતો, તેમ છતાં પૂ. ઉપા. શ્રી સમુદાયગત કે વ્યક્તિગત બાબતને લઈ થતા વિચાર-સંઘર્ષ, મનભેદ, કે મતભેદથી સદા અળગા રહેતા, તે બાબત પોતાના વડીલો જે કહે તે પ્રમાણે કરી દૂંકુ પતાવતા.

પણ શાસ્ત્રીય-મર્યાદા, પ્રભુશાસનની શુદ્ધ સામાચારી કે સૈદ્ધાન્તિક કોઈ બાબતમાં ગમે તેવો સામે ચમરબંધી, ધુરંધર કે પ્રતિષ્ઠિત વ્યક્તિ હોય તો તેની પણ શેહ-શરમમાં દબાયા વિના તેમજ વ્યક્તિગત-અપમાનના કડવા ઘૂંટડા સહેલાઈથી ઉતારીને પણ પ્રભુશાસનની મૂળભૂત પાયાની સર્વહિતકર વાતને જરાપણ અવળી રીતે રજુ થવા ન દેતા અને તેવી રજુઆત કરનારાઓની તેઓ શાસ્ત્ર-સિદ્ધાંતોના પાઠો, તદનુસારી અકાટય-તર્કભરી દલીલોનો વરસાદ વરસાવી ખરેખરી ખબર લઈ લેતા.

જેથી સામો જવાબ આપી શકવાની તૈયારીના અભાવે પૂ. ઉપા. શ્રીના હૈયામાં ઠાંસીને ભરેલ શાસનની દાઝના કારણે વ્યક્તિવિશેષે કે પ્રસંગવિશેષે ક્યારેક કઠોરાભાસી શબ્દપ્રયોગો કે પ્રકૃતિની તીવ્રતા આદિની કટુ સમાલોચના અવળી રીતે રજુ કરી પૂ. ઉપા. શ્રીના અપ્રતિકાર્ય–મહત્તાને ઝાંખી પાડવા બાલિશ પ્રયત્નો કરતા, પણ સૂરજ સામે ધૂળ ઉડાવવાની જેમ આખરે તેઓ હતપ્રભ બની રહેતા.

આજે તેવા વિરોધી–પક્ષતરફથી ઉપજાવેલ પૂ. ઉપા. શ્રી ભગવંતની સચોટ પ્રતિપાદન કરવાની નિર્ભીક–વૃત્તિની વિકૃત રજુઆતરૂપે મનઘડંત કિંવદન્તીઓ કે તેવા આભિનિવેશિક લખાણો મળે છે ખરાં ! પણ પૂ. ઉપા.શ્રીભગવંતના હૈયામાં રહેલ શાસનાનુરાગની સુદૃઢ છાપને ઓળખી શકવાના પ્રામાણિક મળી આવતા તથ્યપૂર્ણ બાબતોને સૂચવતા પ્રમાણો–ઉલ્લેખો, આદિના આધારે એમ સ્પષ્ટ જણાય છે કે—

સામાન્યથી મોહઘેલી દુનિયાનો એવો સનાતન રિવાજ પ્રાયઃ વર્ષોના ઇતિહાસને તપાસતાં જણાઇ આવે છે કે—


" દુનિયાના રવાડાને તાબે ન થનાર અને સત્ય વસ્તુના પ્રતિપાદન માટે ઊંડી ખોજ અને ગવેષણા બળે જગતના જીવોને માર્ગસ્થ કરવા માટે સાત્વિક–ઝૂંબેશ ઉપાડવા, કે તનતોડ પ્રયત્ન કરવા તત્પર બનતા મહાપુરૂષોની સંસારના અજ્ઞાન–ગાઢ જીવો " રેવતી નક્ષત્રના વરસાદથી ગાંડા થએલાઓ પોતાની જમાતમાં જે ન ભળે તે ગાંડો " એ ન્યાયે મહાપુરુષોની મહત્તાને ગંભીરતાથી વિચારવાની અક્ષમતાને લીધે અપમાન, તિરસ્કાર, કટુ સમાલોચના, વ્યક્તિગત આક્ષેપ–પ્રતિક્ષેપ આદિ પથરાઓથી જ પૂજા કરતા હોય છે.

આવા મહાપુરૂષોના સ્વર્ગવાસ પછી કાળબળે વિરોધનો વંટોળ શમ્યેથી, તેઓની તાત્વિક તાત્ત્વિક ઓળખાણ થયેથી, તેમની મૂર્તિઓ પધરાવી પછી તેનું ફૂલની માળાઓથી બહુમાન કરે છે.

આ અનાદિસિદ્ધ સનાતન નિયમ છે ! ફેંકાએલ અનેક પથરાઓમાંથી કાળબળે રહી જવા પામેલ કોઇક પથરા વેરવિખેર રૂપે કોઇકને જડી આવે તો તેનાથી પૂ. ઉપા. શ્રીનું મૂલ્યાંકન ઓછું ન થાય !!! "


આટલી પ્રાસંગિક વિચારણા પૂ. ઉપા. શ્રીના વ્યક્તિત્વની સાચી માહિતીની રજુઆત માટે કરી છે.

આવા મહા પ્રભાવશાળી પૂ. ઉપા. ભગવંતની વાણીમાં પણ એવું અજબ ઓજસ હતું કે જેના પરિણામે તેઓશ્રીના **મેડતા**ના ચોમાસા દરમ્યાન **કલ્યાણ મંત્રી** અને **સહસ્રમલ્લ** મંત્રી વચ્ચેના વર્ષો જુના અતિઉગ્ર–વિખવાદને મૂળમાંથી સાફ કરી અપૂર્વ ક્ષમાભાવ અને સાધર્મિક



અમદાવાદના નગરશેઠના
વંશજોવર ઓજસ્વી
પ્રતિભા પાડનાર
પૂ. મુનિશ્રી મયાસાગરજી મ.
(પૃ. ૩૨૫)

સાગર-શાખાના
વિશિષ્ટ સંયમી તપસ્વી
ક્રિયાપાત્ર
પૂ. મુનિ શ્રી રવિસાગરજી મ.
(પૃ. ૩૩૩)



ભક્તિના ઉદાહરણને સર્જી તેઓશ્રી આજે પણ ઇતિહાસના પૃષ્ઠોમાં સોનેરી પ્રકાશરૂપે ચમકી રહ્યા છે.

આવા ધુરંધર, ક્રિયાપાત્ર, પ્રવચન-પ્રભાવક, પૂ. ઉપા. ભગવંતે તાત્વિક-શૈલિથી નીચે મુજબના ગ્રંથોની રચના કરી હતી.

(૧) શ્રી કલ્પસૂત્ર-કિરણાવલી
(૨) શ્રી પ્રવચનપરીક્ષા
(કુપક્ષ-કૌશિક સહસ્રકિરણ)
સ્વોપજ્ઞ-ટીકાસાથે
(૩) શ્રી પર્યુષણાશતક
(૪) શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ટીકા
(૫) શ્રી તપાગચ્છ-પટ્ટાવલી
(૬) શ્રી તત્ત્વતરંગિણીવૃત્તિ
(૭) શ્રી ઇર્યાપથિકીષટ્ત્રિંશિકા
(૮) શ્રી સર્વજ્ઞશતક સ્વોપજ્ઞવૃત્તિ
(૯) શ્રી ઔષ્ટ્રિકમતોત્સૂત્રદીપિકા

આવા પુણ્યનામધેય, પ્રવર-પ્રાતઃસ્મરણિક પૂ. શ્રી. ઉપાધ્યાય ભગવંતનો વિ. સં. ૧૬૫૩ કારતક સુ. ને પના દિવસે ખંભાત નગરમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો હતો.

શ્રી મયાસાગરજી મહારાજ

વર્તમાન શ્રમણ-સંઘમાં અનેકો ભાત પાડનારી સાગર-શાખાના અજોડ શાસનપ્રભાવક પુણ્યપુરુષ તરીકે પ્રખ્યાતિ પામેલ શ્રી **મયાસાગરજી** મહારાજ **જોધપુર** (રાજસ્થાન)ના નામાંકિત **માનમલજી** નામે શ્રાવક હતા.

તે વખતે સંવેગી સાધુઓની સંખ્યા બુજ હોઈ શિથિલાચારનો અંતકાળ નજીક હોઈ ક્રીડીઓને મરવા ટાણે પાંખો આવે તેમ ખૂબ અમર્યાદિતપણે શિથિલાચાર વધી રહેલો, તેમ છતાં પાંચ આંગળી સરખી ન હોય તેથી ખૂણે-ખાંચરે કયાંક ગાઢ અંધકારમાં પણ ટમટમી રહેલ નાનકડા દીવડાની જેમ કયાંક એવા યોગ્ય-આચારસંપન્ન અને શાસનની મર્મિક-પરિભાષાને ધ્યાનમાં રાખનારા તેમજ અંદરથી શિથિલાચાર બદલ બળાપો રાખવા છતાં અવસરને માન આપી નભાવી લેવાની વૃત્તિવાળા સારા મહાનુભાવ યતિઓ પણ હતા.

તેવા વયોવૃદ્ધ મુનિશ્રી **કુશળસાગરજી** મ.ના સાંનિધ્યને મેળવી જુવાનીના ઉંબરે પગ મૂકતાં જ માનમલજીએ સંસારની બેડીઓ ફગવી, ઉમંગ-ઉત્સાહ પૂર્વક યતિદીક્ષા સ્વીકારેલ અને **મયાસાગરજી** નામ સ્થાપ્યું.

પૂ. ગુરૂદેવશ્રી પાસેથી વિનયપૂર્વક યથાયોગ્ય સાધુ-સામાચારી અને વિશુદ્ધ-જીવન અંગેની પ્રેરણાનું પાન કરી ભવભીરૂ, સંવિગ્ન-પાક્ષિકતુલ્ય બનેલ **મયાસાગરજી**ને ગુરૂ મહારાજે પોતાની

વૃદ્ધાવસ્થામાં ચાકરી કરનાર એક વિનીત શિષ્યની જરૂર છતાં આત્મ-કલ્યાણદૃષ્ટિની મુખ્યતાએ વિવેક અને સમજણના સદુપયોગ પૂર્વક હલકર્મીપણાના આધારે પોતાની શિથિલતાના એકરાર સાથે કોઈ સારા-શુદ્ધ-સંવેગી ગુરૂની નિશ્રા સ્વીકારી જીવનને ધન્ય બનાવી લેવા પ્રેરણા કરેલ.

પરિણામે સાગર-શાખાના તે વખતના વિશુદ્ધ, ક્રિયાપાત્ર અને ધર્મોપદેશ દ્વારા મારવાડ, મેવાડ જેવા પ્રદેશમાં પણ અપૂર્વ શાસન-પ્રભાવના કરનાર પૂ. મુનિશ્રી **નાણુસાગરજી** મ. પોતાના શિષ્ય મુનિશ્રી **નિધાનસાગરજી** મ, સાથે વિહારક્રમે વિચરતાં **જોધપુર** પધાર્યા. પ્રાયઃ વિ. સં. ૧૮૬૯નું ચાતુર્માસ કર્યું.

ચાતકની જેમ સદ્‌ગુરૂની ઉત્કંઠિતપણે પ્રતીક્ષા કરનારા શ્રી **મયાસાગરજી** યતિએ પોતાના વૃદ્ધ-ગુરૂની અનુમતિ મેળવી તેઓશ્રીની વૈયાવચ્ચનું કામ સરસ રીતે પતાવી ફાજલ પડતા સમયમાં ચાતુર્માસ દરમ્યાન વિનય, નમ્રતા, નિખાલસતા આદિ ગુણોથી આકર્ષિત બનેલ પૂ. મુનિશ્રી **નાણુસાગરજી** મ.ના હૈયામાં અપૂર્વ સ્થાન મેળવ્યું, અને સાધુસામાચારી શ્રી **આવશ્યકસૂત્ર**, શ્રી **દશવૈકાલિકસૂત્ર** આદિનું પ્રાથમિક-જ્ઞાન મેળવી જીવનને ધન્ય બનાવ્યું.

છેવટે ચાતુર્માસની સમાપ્તિએ વિ. સં. ૧૮૭૦ના કારતક વદ ૧૦ના મંગળદિને શ્રી **નાણસાગરજી** મ.ની વિશુદ્ધ ક્રિયા, સંવેગભરી દેશના અને ઉદાત્ત જીવનચર્યા આદિથી આકર્ષાઈ જીવનનૈયાના સફળ-સુકાની તરીકેનો દૃઢ સંકલ્પ કરી **મયાસાગરજી** યતિએ પોતાના ગુરૂની વૃદ્ધાવસ્થામાં સેવાચાકરી બરોબર થાય તેનો પાકો પ્રબંધ કરી ભવભીરૂ, સંવિગ્ન-પક્ષપાતી ગુરૂદેવની હાર્દિક સંમતિથી ઉલ્લાસભેર નાણુ સમક્ષ સંવેગી-દીક્ષા સ્વીકારી

પૂ. ગુરૂદેવની નિશ્રામાં યોગવહન કરી વડીદીક્ષા, સાત આયંબિલ આદિ શાસ્ત્રીય-વિધિનું પાલન કરી. દૂધમાં સાકર ભળે તેમ પોતાના ગુરૂભાઈ પૂ. મુનિશ્રી **નિધાનસાગરજી** મ. સાથે એકરૂપ બની ગુરૂનિશ્રાએ જીવનશુદ્ધિના તત્વોને સક્રિયપણે સમજવા સાથે પૂ. ગુરૂદેવ સાથે વિહાર કરવા લાગ્યા.


ગુરૂચરણોમાં વિનય-નમ્રતાથી બેસી આગમિક-જ્ઞાન ગાઢ સંપાદન કર્યું. પરિણામે પૂ. મુનિશ્રી **મયાસાગરજી** મ. સ્વભાવે ખૂબજ શાંત, ગંભીર અને ગુણગ્રાહી બની રહ્યા.

એઓએ **ગુજરાત, મારવાડ, મેવાડ** આદિ પ્રદેશોમાં કઠોર-સાધુચર્યાના પાલન સાથે શુદ્ધ ઉપદેશ દ્વારા અનેક ભવ્યજીવોને ધર્માભિમુખ બનાવેલ.

તેઓ પ્રાયઃ દરરોજ એકાસણું વિગઈઓ સિવાયનો રૂક્ષ-નીરસ-આહાર નિર્દોષપણે મળ્યો હોય તેનાથી કરતા.

વિશુદ્ધ ક્રિયાપાત્ર

ઉગ્ર-ચારિત્રી



શાસનો-
દ્યોતકારક

નિર્મલ સંયમ-
મૂર્તિ

પૂ. મુનિશ્રી નેમસાગરજી મ.

સાગર-શાખાના તેજસ્વી
મહાપુરુષ
પૂ. મુનિશ્રી નેમસાગરજી મ.

[પૃ. ૩૨૮]

તેઓનો વધુ ધર્મોપકાર **સાણંદ, ગોધાવી, વિજાપુર, માણસા, પેથાપુર, મહેસાણા, માંડલ, વિરમગામ,** અને **રામપુરા** આદિના શ્રી સંઘો ઉપર થયેલ.

આજે પણ તે ઉપકારની અનુમોદના કર્ણોપકર્ણ સંભળાય છે.

માણસાના વયોવૃદ્ધ શ્રાવક શાહ **વહાલચંદ વસ્તાચંદ** તથા **રામપુરાના** શેઠ **અમૃતલાલ (અમથાલાલ) ગુલાબચંદ** આદિ અગ્રગણ્ય શ્રાવકો પૂ. મયાસાગરજી મ.ની તાત્ત્વિક દેશનાથી ખૂબ જ્ઞાનસમૃદ્ધ બન્યા હતા, તે કાળના શિથિલાચારી યતિઓ દ્વારા જે-તે કરાતી પ્રવૃત્તિઓ સામે આ શ્રાવકો શાસ્ત્રજ્ઞાન-બળે અડીખમ ઉભા રહી અનેક પુણ્યાત્માઓને ઉન્માર્ગથી બચાવતા.

ઇતિહાસમાં એવી પણ નોંધ મળે છે કે—

"વિ. સં. ૧૯૦૬માં માણસામાં શેઠ મોતીચંદ કૃષ્ણાજીની ધર્મશાળામાં પૂ. મયાસાગરજી મ. ચાતુર્માસ કરેલ, ત્યારે રામપુરાના શેઠ અમૃતલાલ (અમથાલાલ) ગુલાબચંદે ખાસ તત્વજ્ઞાનના વધુ અભ્યાસ માટે ગુરુનિશ્રામાં ચાતુર્માસ ગાળ્યું હતું."

કેવો અજોડ ગૃહસ્થ-શ્રાવકોનો તત્વજ્ઞાન પ્રેમ ! અને કેવી પૂ. મયાસાગરજી મ. ની અનુપમ તાત્વિક દેશનાશક્તિ ! ! !

વળી પૂ. મયાસાગરજી મ. શ્રીએ અમદાવાદના શેઠશ્રી સુરજમલભાઈ નગરશેઠ શ્રી હેમાભાઈ વગેરેને શિથિલાચારી યતિઓના બાહ્ય-ફટાટોપ અને દોર-દમામથી થતી અંજામણી-અસરને સન્માર્ગના ઉપદેશ દ્વારા દૂર કરી શાસન, ધર્મ અને ચારિત્ર-શુદ્ધિના મૌલિક-તત્ત્વો સમજાવી પ્રભુશાસનના સુદૃઢ અનુરાગી બનાવેલ.

વળી અમદાવાદની ધર્મશોભાની અભિવૃદ્ધિમાં ચાર ચાંદ લગાડનાર, દર્શનમાત્રથી જીવનને ધન્ય-પાવન બનાવનાર, શિલ્પકળા-સમૃદ્ધ, નલિનીગુલ્મવિમાનના ભવ્ય દેખાવરૂપ, ભારત-વિખ્યાત શ્રી હઠીભાઈની વાડીના ભવ્ય-જિનાલયની પ્રતિષ્ઠા તેમજ અંજનશલાકા આદિનો મહોત્સવ જ્યોતિષ મંત્ર, યંત્ર, તંત્રના અનેક ચમત્કારોથી જનતાને આકર્ષનારા પ્રભાવશાળી શ્રીપૂજ્યો-યતિઓ ઘણા હોવા છતાં પૂ. મયાસાગરજી મ. ના પૂર્વ-પરિચયથી તાત્ત્વિક-ભૂમિકાએ સદ્‌ગુરુની નિશ્રાનું રહસ્ય સમજેલ શેઠાણી શ્રી રૂક્ષ્મણીબેનને અને શ્રી. હરકોર શેઠાણીએ નગરશેઠ દ્વારા આગ્રહભરી વિનંતિ કરાવી મારવાડ જેવા દૂર પ્રદેશમાં વિચરી રહેલ પૂ. મયાસાગરજી મ. શ્રીને ભાવભર્યા-ઉલ્લાસપૂર્વક તેડાવી તેઓશ્રીએ નિર્દેશેલ શાસ્ત્રીય-મર્યાદાઓના વફાદારી સાથે પાલનપૂર્વક તેઓશ્રીની નિશ્રામાં કરાવેલ.

આવી વિવિધ શાસનોદ્યોતની સ્વ-પર કલ્યાણકારી પ્રવૃત્તિઓથી જીવનને ધન્ય બનાવી વિ. સં. ૧૯૦૭માં અમદાવાદમાં સમાધિપૂર્વક કાલધર્મ પામી મૃત્યુને પણ ધન્ય બનાવ્યું.

શ્રી નેમિસાગરજી મહારાજ

સાગર–શાખાના અદ્વિતીય–તિલકસમા અપૂર્વ, ઉત્કૃષ્ટ સંયમનિષ્ઠા, શ્રુતભક્તિ અને શાસન-પ્રભાવના આદિથી ઝળહળતા અનન્ય–સાધારણ વ્યક્તિત્વવાળા પૂ. શ્રી નેમિસાગરજી મ. પાલી–મારવાડના રહીશ નગરાજજી નામે આદર્શ શ્રાવક જીવન જીવનારા બારવ્રતધારી ઉત્કૃષ્ટ ત્યાગી વિવેકી શ્રાવક હતા.

ન્યાય, નીતિ અને પ્રામાણિકતાના સુમેળવાળી વ્યવહાર–બુદ્ધિ તેઓએ જીવનમાં ખૂબ જ સમજણપૂર્વક વણી હતી.

માર્ગાનુસારીના પ્રથમ ગુણને જીવનમાં સંપૂર્ણપણે સક્રિય બનાવવા માટે તેઓ દૃઢનિષ્ઠ હતા.

તેઓ બાલપણથી જ ત્યાગભાવનાથી રંગાએલા, છતાં વિષમ કર્મના ઉદયે સંસારના બંધનોમાં ફસાએલ, પણ પુખ્ત–વય આવતાં પૂર્વે જુવાનીના મધ્યભાગે ૩૫ થી ૪૦ વર્ષની વયે વિવેકપૂર્વક સંસારની જંજાળને આટોપી સઘળી પાકી વ્યવસ્થા કરી મારવા માં કોઈ સારા સંવેગી–સાધુઓનો સહવાસ યોગ્ય રીતે મળી શકતો ન હોઈ પોતાની સાથે ૨ મુક રકમ લઈ અમદાવાદ જેવી ધર્મપુરીમાં આવ્યા અને હઠીભાઈ શેઠની વાડીમાં ઉતારો કરી ધર્મધ્યાન કરવા સાથે યોગ્ય સારા ક્રિયાપાત્ર અને શુદ્ધપ્રરૂપક સંવેગી–મુનિ ભગવંતની ગવેષણા કરવા લાગ્યા.

ત્યાં હઠીભાઈ શેઠની દ્વિતીય પત્ની (નગરશેઠ હેમાભાઈના સુપુત્રી) શ્રી. રૂક્મણીબહેને પોતાના સ્વર્ગસ્થ પતિની ધર્મભાવનાને અનુરૂપ દેવવિમાન જેવા વિશાળ જિનમંદિરમાં ભવ્ય મહોત્સવપૂર્વક અંજનશલાકા પ્રતિષ્ઠા આદિ જે મહાપુરૂષના વરદહસ્તે કરાવેલ, તે મહાપુરૂષનો સમાગમ થતાં મારવાડી શેઠ શ્રી નગરાજજી મેઘ જોઈ મોર નાચી ઉઠે તેમ પૂ. મુનિશ્રી મયા-સાગરજી મ.ની ઉત્કૃષ્ટ સંયમક્રિયા અને તાત્ત્વિક શાસ્ત્રીય–દેશના આદિથી રંજિત બની તેઓ શ્રીના ચરણોમાં જીવન સમર્પિત કરવાનો શુભ સંકલ્પ કર્યો.

વિ. સં. ૧૯૦૩ના ફાગણ માસની પાંચમના મંગળ દિવસે ઉમંગ–ઉલ્લાસભેર પાલી મારવાડના સ્વનામધન્ય શ્રી નગરાજજી શેઠે પૂ. મયાસાગરજી મ.ના ચરણોમાં સર્વવિરતિ ચારિત્ર સ્વીકારી મુનિશ્રી નેમિસાગરજી મ. તરીકે જાહેર થયા.

પૂ. શ્રી નેમિસાગરજી મ. "ભાવતું'તું ને વૈદે કીધું" નીતિ પ્રમાણે ગૃહસ્થ–જીવનમાંજ જે ઉત્કૃષ્ટ–વિશુદ્ધ–સંયમી જીવન જીવવાના મનોરથો સેવેલા, તેના અનુરૂપ ૭૦ વર્ષ જેવી અતિ વૃદ્ધ ઉંમરે પણ એકાસણાં, નિર્દોષ ગોચરી, રસકસ વિનાનો–વિગઈ વિનાનો આહાર વાપરનારા વિશુદ્ધ–સંયમક્રિયાવાળા ગુરૂ–મહારાજની નિશ્રા મળવાથી ખૂબ જ આનંદિત બનેલા, પરિણામે

પૂ. ગુરૂદેવના ચરણોમાં ઉમળકાભેર બેસી સાધુજીવનની સામાચારીને જાણવા સાથે આગમિક પરંપરાઓ, તત્ત્વજ્ઞાનની ગૂઢ બાબતો વિગેરે ગુરૂકૃપાથી રહસ્યરૂપે ટૂંક સમયમાં મેળવી લીધું.

પૂ. ગુરૂદેવશ્રી ખાસ કરી સાધુ માટે બનાવેલ મકાન-ઉપાશ્રયમાં ઉતરતા ન હતા, પૂ. ગુરૂદેવશ્રીએ જ્યાં જ્યાં વિહાર કર્યો ત્યાં ત્યાં ધર્મશાળા વગેરેમાં ઉતરતા.

અમદાવાદમાં નગરશેઠ જેવા પૂ. ગુરૂદેવશ્રીના ભક્ત હતા, છતાં તેઓ સુરજમલ શેઠના ડેલામાં ઉતરતા- કે જે હાલમાં આંબલીપોળનો સાગર-ગચ્છનો ઉપાશ્રય કહેવાય છે.

આવા વિશુદ્ધ ક્રિયાપાત્ર ગુરૂદેવના વિ. સં. ૧૯૦૭ના અમદાવાદમાં સ્વર્ગવાસ પછી પૂ. શ્રી નેમિસાગરજી મ. પૂ. ગુરૂદેવશ્રીથી સવાયા વિશુદ્ધ-ચારિત્રપાલનમાં આગળ વધવા લાગ્યા.

જાણવા મળેલ છે કે પેથાપુરમાં પૂ. શ્રી નેમિસાગરજી મ. પાસેથી તત્વજ્ઞાન અને વિશુદ્ધ ક્રિયાઓના મર્મને સમજી શકે, તેવા વૃદ્ધિચંદ્રજી પારેખ નામે અગ્રગણ્ય શ્રાવક હતા, આ ઉપરાંત હકમચંદ શેઠ, નાનચંદ માણેકચંદ આદિ પેથાપુરના ધર્મનિષ્ઠ-શ્રાવકો પૂજ્યશ્રીના સંપર્કથી તત્ત્વજ્ઞાનની સ્પષ્ટ સમજણ સાથે ધર્મમાર્ગના ધોરી નિવડેલા.

પોતાના ગુરૂભગવંતના પગલે ચાલી શિથિલાચારી યતિઓના અડંગાને સમજણપૂર્વક મંડન શૈલિથી ભાવિકોના હૈયામાંથી ખંખેરવા ભગીરથ પ્રયત્નો કરેલા.

ઇતિહાસના પાનાં બોલે છે કે—પૂ. શ્રી નેમિસાગરજી મ.ની કઠોર સંયમ-સાધના, ગંભીર તાત્વિક દેશના, વિશિષ્ટ જીવનચર્યા આદિથી અમદાવાદ જેવા શહેરમાં પણ ખૂબ ધમાચકડી મચેલ, પરંતુ સમજુ અને વિવેકી ગણાતા નગરશેઠ જેવા ધોરી શ્રાવકો પૂજ્યશ્રીની મંડનાત્મક શૈલિથી શુદ્ધ-સાધુધર્મને ઓળખી શિથિલાચારના ભ્રામક-પ્રભાવને ખંખેરી સત્યના પક્ષે ઉભા રહ્યા હતા.

કાળબળે માનવ-સ્વભાવની ખાસીયતમાં વધુ વિકૃતિ આવવાથી શિથિલાચારી તે વખતના શ્રીપૂજ્યો-યતિઓએ ભારે ઝૂંબેશ ઉપાડી અમુક-વર્ગને ઉશ્કેરી અમદાવાદ શ્રીસંઘમાં તડ પાડવાની ધૃષ્ટતા કરેલ.

આમ છતાં પૂ શ્રી નેમિસાગરજી મ. અડોલપણે-ગંભીરપણે પોતાની સાધુચર્યાના મૌન ઉપદેશ વડે લોકમાનસમાં સત્ય સાધુ-માર્ગની પ્રાણ-પ્રતિષ્ઠા કરી પ્રભુશાસનના બે-નમૂન પહેરેગીર-ચોકીદાર બની ગયા હતા.

પૂ. શ્રી નેમિસાગરજી મ.ના જીવનની કેટલીક વિશિષ્ટતાઓ ૮૦-૯૦ વર્ષના વયોવૃદ્ધ શ્રાવકો તથા વિદ્વાન સાધુઓના પારંપરિક અનુભવ-સત્યરૂપે જળવાઈ રહેલ અનુશ્રુતિ દ્વારા જાણવા મળે છે કે-

૦ પૂ. શ્રી નેમિસાગરજી મ. પોતાના ગુરૂદેવના પગલે ચાલી સાધુ માટે બંધાવેલ ઉપાશ્રયમાં ઉતરતા ન. હતા.

૦ પૂ. શ્રી નેમિસાગરજી મ.ની ઉત્કૃષ્ટ–સાધુચર્યા અને વિશિષ્ટ–ઉપદેશથી પ્રભાવિત બની શેઠાણીશ્રી રૂક્ષ્મણીબહેને ભક્તિભાવથી અમદાવાદમાં પાંજરાપોળ–જૈન ઉપાશ્રયનું તથા પેથાપુર, વિજાપુર આદિ સ્થળે ધર્મશાળાઓનું પૂ. ગુરૂદેવશ્રીને સુખપૂર્વક સંયમ પાલન થાય તેવા ભાવથી નિર્માણ કરેલ, પણ પૂ. શ્રીનેમિસાગરજી મ. શ્રીએ પાંજરાપોળ–ઉપાશ્રયમાં પગ સુદ્ધાં નહિ મૂકેલ, પણ જ્યારે–જ્યારે અમદાવાદ પધારતા, ત્યારે ત્યારે નગરશેઠના ભાઈ સુરજમલ શેઠની દુકાનમાં–ડહેલામાં પૂ. શ્રી મયાસાગરજી મ.ની જેમ ઉતરતા અને ચોમાસુ પણ ત્યાં કરતા.

- તેઓ દરરોજ એકાસણું કરતા.
- છઠ્ઠ–અઠ્ઠમના પારણે પણ એકાસણું કરતા
- ગોચરીમાં પણ દોષરહિત–ગોચરીની ગવેષણા ખૂબ ઝીણવટથી કરતા.
- વિગઇઓ સદંતર ન વાપરતા.
- કોઈની પાસે શરીરની શુશ્રૂષા (દબાવવું વગેરે) ન કરાવતા.
- તેઓશ્રી રાંધેલા ભાત પર ચાર આંગળ પાણી તરે એવું આયંબીલ ઘણીવખત કરતા. આવા આયંબીલ–તપના તેઓ જબ્બર હિમાયતી હતા.
- તેઓશ્રી ઇંટનું ઓશીકું કરતા.
- જરૂર પડે ત્યારે પાટ, પાટલા, કથરોટ, તપેલું આદિ વાસણ વગેરે ચીજો પણ ગૃહસ્થના ઘરેથી જાતે ઉપાડીને લાવતા.
- ગૃહસ્થો પાસે પોતાનું કાંઈ પણ કામ ન કરાવતા.
- મુખ આગળ મુહપત્તિ રાખી બોલવામાં તેઓ પાકા ઉપયોગવાળા હતા.
- તેઓ અમદાવાદ પધારે કે ચોમાસું કરે ત્યારે કારણ પ્રસંગે સાબરમતી નદી ઉતરવી પડે તો શ્રીઆચારાંગસૂત્રમાં જણાવેલ શાસ્ત્રીય રીતિ–નીતિ પ્રમાણે ખૂબ જ જયણાપૂર્વક ઉતરતાં એક કલાક થતો.
- તેઓ નવકલ્પી–વિહારની મર્યાદા સંપૂર્ણપણે જાળવતા.
- પાછલી–અવસ્થામાં તેઓ અતિવૃદ્ધાવસ્થા થવા છતાં પણ પ્રતિક્રમણાદિ–ધર્મક્રિયાઓ સતત ઉપયોગ સાથે મુદ્રા જાળવવા પૂર્વક ઉભા ઉભા કરતા અને વિશુદ્ધ રીતે પ્રતિક્રમણ કરવામાં તેઓને અઢીથી ત્રણ કલાક થતા.

આવા પુણ્યનામધેય આ મહાપુરૂષ અરેખર સાગર–શાખામાં અજોડ, અદ્વિતીય, સંયમનિષ્ઠ અને વિશિષ્ટ–ઉદાત્ત–ચારિત્રને પાળનારા થયેલ, જેના પરિણામે સાગર–શાખામાં મોહના સંસ્કારોને ભેદી આગમોના ગહ–નિગૂઢ પરમ–સત્યોને તારવી જગતની સામે એકલે–હાથે રજુ કરનાર યથાર્થ નામધારી પૂજ્યશ્રી **આગમોદ્ધારક** રૂપે પૂ. **ચરિત્રનાયકશ્રી** નીવડી શકયા, તે બધામાં આવા ઉત્કૃષ્ટ, સંયમી ક્રિયાપાત્ર મહામુનિઓનો અજોડ ફાળો જણાય છે.

આવા અનન્યસાધારણ વિશિષ્ટ ગુણ–સંપદાથી શોભતા પૂ. શ્રી **નેમિસાગરજી મ.**ની તે વખતના પૂ. શ્રી **વીરવિજયજી મ.**, પૂ. શ્રી **મણિવિજયજી મ.**, પૂ. શ્રી **અમર–વિજયજી મ**, પૂ. શ્રી **ઉદ્યોત વિજયજી મ.** વગેરે સંવેગી–શાખાના વિશિષ્ટ–મહાપુરુષો પ્રસંગ આવ્યે મુક્તકંઠે પ્રશંસા કરી ઉદાત્ત–ગુણાનુરાગ વ્યક્ત કરતા હતા.

પૂ. શ્રી નેમિસાગરજી મ. વ્યવહાર–જીવનમાં ધર્મના પ્રાણરૂપ જયણાને અગ્રપદ આપવાનો સતત ઉપદેશ આપી ચૂલા ઉપર ચંદરવો, પૂંજવા–પ્રમાર્જવા માટે પૂંજણી અને ઝીણી સાવરણી આદિના સક્રિય ઉપદેશ દ્વારા શ્રાવકજીવનમાં જયણાને મહત્ત્વપૂર્ણ રીતે સ્થાપિત કરતા.

આ રીતે અજ્ઞાનદશાથી ભક્ષ્યાભક્ષ્યનો વિવેક મંદ થવાથી બોળ–અથાણાંનો રિવાજ, હોકો–તમાકુની ચલમ આદિ અનિષ્ટ પ્રવૃત્તિઓ પણ પૂજ્યશ્રી **નેમિસાગરજી** મ.શ્રીએ શ્રાવકોના ઘરોમાંથી દૂર હઠાવવા ભગીરથ પ્રયત્ન કરેલ.

આવા ક્રિયાનિષ્ઠ, આદર્શસંયમી, પૂ. શ્રી. **નેમિસાગરજી** મ. ની અદ્‌ભુત સંયમચર્યાથી અમદાવાદના અનેક શ્રીમંત કુટુંબો પણ ધર્માભિમુખ બન્યા હતા.

ઐતિહાસિક નોંધના આધારે જાણવા મળે છે કે—

"નગરશેઠ શ્રી **પ્રેમાભાઈ હેમાભાઈ** તથા શેઠશ્રી **દલપતભાઈ ભગુભાઈએ** ભયંકર આરંભ–સમારંભના ઉપાદાનરૂપ કાપડની મીલ ન કરવાની પ્રતિજ્ઞા પૂ. શ્રી. **નેમિસાગરજી** મ. પાસે લીધેલ."

"જેશીંગભાઈની વાડીવાળા શેઠ **મગનલાલ મુળચંદભાઈ** તથા શેઠશ્રી **જેશીંગભાઈ હઠીસીંગ** તો પૂજ્યશ્રીની આદર્શ–સંયમચર્યા નિહાળી હરખભેર અવારનવાર બોલી ઉઠતા કે "વર્તમાન કાળે હડહડતા–પાંચમા આરામાં આવી વિશુદ્ધક્રિયા અને શાસ્ત્ર–સામાચારીનું વફાદારી પૂર્વક પાલન કરનાર આ મહામુનિ છે."

શેઠશ્રી **દલપતભાઈ ભગુભાઈ** પૂ. મહારાજશ્રીના ગુણાનુરાગી ભક્ત હતા. લોકજ્યોતિ એમ કહે છે કે–"નરોડામાં પદ્માવતીની આરાધના દ્વારા પૂ. **નેમિસાગરજી** મ. ના મંગલ આશિર્વાદથી વીસ લાખના આસામી થયા હતા."

શેઠશ્રી **દલપતભાઈ ભગુભાઈની** માતા શ્રી. **હરકોર શેઠાણી** પણ ગુણાનુરાગથી વિશુદ્ધ સંયમી તરીકે પૂજ્યશ્રી તરફ અંતરથી ભક્તિવાળાં બન્યાં હતાં.

પૂજ્યશ્રીના વિશુદ્ધ નિર્મળ સંયમ પાલનની તેજસ્વી છાયા તળે પાલનપુર, મહેસાણા, પ્રાંતિજ, ઈડર, વડાલી, વડનગર, ઉંઝા, વિસનગર, ખેરાળુ, ચાણસ્મા, પાટણ, વિજાપુર, માણસા, પેથાપુર, અમદાવાદ, વિરમગામ, ગોધાવી, સાણંદ, માંડલ, રાધનપુર, વસો, રામપુરા, સમી, મુંજપુર, પાટડી, ભાવનગર, પાલીતણા, ઘોઘા આદિ ગામોના સંઘો અપૂર્વ–કોટિની ધર્મજાગૃતિ મેળવી શકયા હતા.

પૂજ્યશ્રીના કડક આચારપાલન અને સચોટ-ઉપદેશથી તે વખતના શ્રીપૂજ્યો-યતિઓએ પોતાના વારસા–હકકના ધોરણે પૂજ્યશ્રીની પ્રરૂપણા અને આચરણાને ખોટી ઠરાવવા ઝુંબેશ ચલાવેલી.

અમદાવાદ શ્રીસંઘમાં ભારે સંઘર્ષ ઉભો થયેલ, યતિવર્ગે શાસ્ત્રપાઠોના હથિયારો સજી જબ્બર આક્રમણ કરેલ, તે વખતે પણ પૂજ્યશ્રીએ અડગપણે, ગંભીરતાથી, ગીતાર્થપણાને અનુસરતા જડબાતોડ ખુલાસા કરી બધાની બોલતી બંધ કરેલ.

તેમ છતાં લોકોમાં વિચાર–સંઘર્ષ યતિઓ તરફથી ચાલુ હતો, જેથી અમદાવાદમાં લગભગ બે પક્ષનું નિર્માણ થઈ ગયેલ.

આ દરમ્યાન શેઠશ્રી હઠીભાઈની વાડીમાં ચિદાનંદ–સ્વરોદયના કર્તા પૂ. મુનિશ્રી **કપુર-વિજયજી** મ. પધારેલા.

તે વખતે બંને પક્ષના કેટલાક સમજુ ગણાતા વર્ગે, તેમજ કેટલાક કુતૂહલીવર્ગે સમૂહરૂપે લેગા થઈ વાડીમાં મોટે ભાગે ધ્યાનસ્થ રહેતા પૂ. મુનિશ્રી **કપુરવિજયજી** મ. ને પૂછયું કે– પૂ. શ્રી. **નેમિસાગરજી** મ. કહે છે, આચરે છે, તે બાબત અને શ્રીપૂજ્યો જે કહે છે તે બાબત આપનું શું મંતવ્ય છે ?"

પૂ. શ્રી. **કપુરવિજયજી** મ. શ્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહેલ કે "પૂ. શ્રી. **નેમિસાગરજી** મ. જે કહી રહ્યા છે, તથા આચરી રહ્યા છે, તે શાસ્ત્રસંમત અને યથાર્થ છે. શ્રીપૂજ્યો–યતિઓ જે કહે છે, તે અસાર છે, કાળબળથી ઉપજેલ શિથિલાચારને ઢાંકવા માટેનાં ફાંફાં છે."

આ સાંભળી યતિવર્ગની તરફેણ કરનારાની સંખ્યા ઘટી ગઈ અને અમદાવાદમાં સંવેગી–સાધુઓની પ્રતિષ્ઠામાં અનેરો વધારો થયો.

આવા મહા શાસનપ્રભાવક–વિશુદ્ધ સંયમી અને શુદ્ધ માર્ગપ્રરૂપક પૂ. શ્રી. **નેમિસાગરજી** મ. પેથાપુરમાં વિ. સં. ૧૯૧૩ની ચોમાસીના વ્યાખ્યાનમાં અનુપયોગથી કાંઈક ભળતું બોલી

ગયા, તે ઉપરથી ઉપસ્થિત શ્રાવકોને કહ્યું કે—

"હવે દૂંક સમયમાં મા શરીર છૂટી જાય તેમ લાગે છે" પછી તેઓ વિહારક્રમે શ્રી શંખેશ્વર તીર્થે યાત્રાર્થે પધારી પાછા વળતાં મુજપુરમાં ચૈત્રવદ પાંચમ દિને પૂ. મુનિશ્રી **રવિસાગરજી** મ. આદિ શિષ્યોને વિવેકપૂર્વક શાસ્ત્રીય રીતે સંયમી-જીવન ગાળવા અને આગમની શુદ્ધ મર્યાદા જાળવવાની પાકી ભલામણ કરી શ્રીનમસ્કાર-મહામંત્રના જાપ સાથે સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા.

આવા મહાધુરંધર, જ્ઞાનનિષ્ઠ, આદર્શત્યાગી, તપસ્વી, વિશુદ્ધ-સંયમી પુણ્યાત્માની ત્રીજી પેઢીએ પૂ. ચરિત્રનાયકશ્રી પૂજ્યશ્રીના વિશિષ્ટ-ગુણોની છાયા મેળવી વર્તમાનકાળના આરાધક જીવો માટે આદર્શ-પ્રેરણાદાતા-મહાપુરૂષ નીવડયા.

પૂ. મુનિશ્રી રવિસાગરજી મ.

ચરમ તીર્થંકર પ્રભુ મહાવીર પરમાત્માના અદ્વિતીય-અલૌકિક શાસનના વારસાને સર્વાંગ-સમૃદ્ધપણે જાળવી સૂર્યની જેમ ઝળહળી રહેલ શ્રી **તપાગચ્છની** પરંપરામાં સાગર-શાખાના વિશિષ્ટ-ત્યાગી પ્રભાવશાળી પુરૂષ તરીકેની ખ્યાતિ પામેલ આ મહાપુરૂષનો જન્મ વિ. સં. ૧૮૭૬માં પાલી મારવાડમા **રઘુનાથભાઈ** નામના શ્રાવકને ત્યાં શ્રી **માણેકબહેનની** પવિત્ર કુક્ષિથી થયેલ. તેઓશ્રીનું સંસારી નામ **રવચંદજી** હતું.

માતા-પિતાએ પ્રથમ સંતાન તરીકે રવચંદને ખૂબ હેતથી લાડમાં ઉછેરેલ. સાત-આઠ વર્ષની ઉંમરે ગામઠી-શાળાનાં મહેતાજી પાસે વ્યાવહારિક-શિક્ષણ, ભાષા-જ્ઞાન, ગણિત વગેરેનું મેળવ્યું. સાથે જ માતા-પિતાની દેખરેખ તળે સામાયિક-પ્રતિક્રમણાદિકના સૂત્રો શીખી દેવદર્શન, પ્રભુપૂજા આદિમાં પણ કુશળતા મેળવી.

પંદર-સોળ વર્ષની વયે પૈતૃક-શાહુકારીના વ્યવસાયમાં દક્ષતાપૂર્વક જોડાયા, ખાનદાન ઘરની કુલીન કન્યા સાથે લગ્ન પણ થયાં.

રવચંદભાઈના માતા-પિતા પૂજ્યશ્રી **નેમિસાગરજી** મ.ના પરિચિત હોઈ તેઓમાં ધર્મ-સંસ્કારો સારા હતા, એટલે **રવચંદને** વ્યવસાય ભણાવી તેઓ ધર્મધ્યાનમાં મગ્ન રહેવા લાગ્યા.

પણ **રવચંદભાઈને** એમ લાગ્યું કે આ ક્ષેત્ર દ્રવ્યથી-વ્યવસાયમાં વધુ સફળતા અપાવે તેવું નથી, તેમજ ભાવથી-કોઈ સંવેગી-સાધુ ભગવંતના દર્શન, વંદન કે વીતરાગ-પ્રભુની વાણીના શ્રવણની કોઈ તક મેળવી આપે તેવું નથી, તેથી વ્યવસાય સાથે વિશિષ્ટ રીતે આત્મ-કલ્યાણ સાધી શકવાના ઈરાદે માતા-પિતા અને પત્નીને સાથે લઈ શુભ મુહૂર્તે રવચંદભાઈ

રાજનગર અમદાવાદ આવ્યા, ત્યાં ઝવેરીવાડ–નિશા પોળમાં રહેવા લાગ્યા.

ભાગ્યયોગે પૂ. શ્રી **નેમિસાગરજી મ.**નો સમાગમ થયો. તેઓશ્રીના પરિચયથી માતા-પિતાની ધર્મભાવના વધુ ખીલી. સાથે પૂ. શ્રી **નેમિસાગરજી** મ.ની સચોટ, અર્થગંભીર, વૈરાગ્યપ્રધાન દેશનાનું અવારનવાર શ્રવણ કરવાના પરિણામે **શ્રી રવચંદભાઈ**નો પણ અંદરનો સૂતેલો આત્મા જાગી ઉઠ્યો અને "દેવદુર્લભ માનવ–જીવનને પામી સંસારના પરિભ્રમણને હઠાવવા પ્રબળ–પુરૂષાર્થ રૂપ સર્વવિરતિ ચારિત્ર અંગીકાર ન કરી શકાય તો જીવન ધૂળ છે." વગેરે ઊંડી તાત્વિક–વિચારણાના બળે વૈરાગ્યને સુદૃઢ બનાવી પૂ. ગુરૂદેવનો સંપર્ક સાધી ચોગ્ય પ્રેરણા મેળવી.

પરંતુ પૂજ્ય–**ગુરૂદેવે** ટકોર મારી તપાસ કરી કે–"સંસારના દુઃખના કે કમાવાની માથાકૂટના માત્ર ત્રાસથી દીક્ષા લેવી છે કે હકીકતમાં સંયમની મહત્તા સમજાઈ છે? આ ઉપરાંત ઉલટસુલટ કેટલાય પ્રશ્નો પૂછી મોહગર્ભિત, દુઃખગર્ભિત અને જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું સ્વરૂપ વિવેચનપૂર્વક સમજાવી પૂ. શ્રી **નેમિસાગરજી મ.શ્રીએ રવચંદભાઈ**ની મુમુક્ષુતાની પાકી ખાત્રી કરી જોઈ, જવાબના શબ્દોમાં સમજણપૂર્વકના વૈરાગ્યનો રણકાર સાંભળી પૂ. શ્રી **નેમિસાગરજી** મ. ખૂબ પ્રસન્ન થયા, અને માથે હાથ મૂકી 'વહેલામાં વહેલી તકે તમે સંયમ પંથે આવો' અંતરના આશીષ આપ્યા.

રવચંદભાઇએ અવસર મેળવી ઘરે વાત કરી જોઈ, પણ માતા–પિતાને એક જ સંતાન હોઈ મોહની ઘેલછા વધુ પ્રબળ બની, **રવચંદભાઈ**ની દશા ગૂંચવણભરી થઈ.

છેવટે મોહની ઘેલછાભર્યા સંસારી–દબાણને વશ થઈ તાત્વિક–સમજણને દબાવી ન દેવાય એમ વિચારીએ પૂ. **ગુરૂદેવશ્રી**ની સલાહ પ્રમાણે વિ.સં. ૧૯૦૭ના માગશર સુદી અગિયારસ–મૌન એકાદશીના પવિત્ર મંગળ દિવસે સાધુનો વેષ પોતાની મેળે પહેરી પોતાના ઘરમાં જ **રવચંદભાઇ** મૌન ધારણ કરીને બેસી ગયા.

આ બનાવથી ઘણા જૈનો ભેગા થયા, પૂ. મુનિશ્રી **નેમિસાગરજી** મ.ના ભક્તિરાગી શ્રી **રૂક્ષ્મણી શેઠાણી, શ્રી સુરજમલ શેઠ**, વગેરે શ્રીસંઘના આગેવાનો પણ આવ્યા, તેમના માતા–પિતાના તેઓ એક જ પુત્ર હોઈ હકીકતમાં વૈરાગ્યનો રંગ કેવો છે? તે વિવિધ પ્રશ્નોત્તર દ્વારા ચકાસી માતા–પિતાને સમજાવી ધામધૂમ પૂર્વક શ્રી **રવચંદભાઇને** સાધુવેશમાં પૂ. શ્રી **નેમિસાગરજી** મ. પાસે લાવ્યા.

પૂ. શ્રી **નેમિસાગરજી** મ. શ્રીએ ફરીથી જાહેરમાં પ્રશ્નો દ્વારા વૈરાગ્ય રંગને ચકાસી, માતા–પિતાની સંમતિ મેળવી દીક્ષાની વિધિ નાણ સમક્ષ કરાવી મુનિશ્રી **રવિસાગરજી** નામથી તેમને પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા

પછી વિહાર-ક્રમે લીંબડી પધારતાં ત્યાં ધામધૂમથી તેઓશ્રીની વડીદીક્ષા થઈ.

પૂ. શ્રી **રવિસાગરજી** મ. હસ્તકમાં પોતાના ગુરૂ મહારાજના પગલે-પગલે વિશિષ્ટ સંયમ, ઉત્કૃષ્ટ ત્યાગ, અદ્‌ભુત-તપશ્ચર્યા અને વિશુદ્ધ-પ્રરૂપણાના અઠંગ હિમાયતી હતા.

પરિણામે સાણંદ, વિરમગામ, અમદાવાદ, વિજાપુર, પેથાપુર, માણસા, મહેસાણા, પાટણ, પાલનપુર આદિ ગામોમાં ચોમાસા કરી સ્થાનિક શ્રી સંઘોમાં અનેક જાતના કલુષિત વાતાવરણને ધર્મોપદેશ અને માર્મિક સમજાવટથી દૂર કરવામાં સફળ થયા હતા.

વિશેષ કરીને સાણંદ, વિજાપુર, પેથાપુર અને મહેસાણાના શ્રીસંઘમાં અનેરી ધર્મછાયા ઉપજાવવાનું ભગીરથ કાર્ય પૂ. શ્રીએ કરેલ.

પૂ. શ્રી **રવિસાગરજી** મ. ની નિશ્રામાં શ્રી સિદ્ધાચળજી મહાતીર્થ શ્રી આબુજી અને શ્રી ભોયણી મહાતીર્થ આદિના છ'રી પાળતા અનેક સંઘો શાસન-પ્રભાવના પૂર્વક નિકળેલા.

પૂ. શ્રી **રવિસાગરજી** મહારાજની ક્રિયા-રસિકતાના પરિણામે વિ. સં. ૧૯૧૪માં પાંજરા-પોળમાં શેઠશ્રી દલપતભાઈ ભગુભાઈની માતુશ્રીને તથા હઠીભાઈની વાડીવાળા શ્રી રૂક્ષ્મણી શેઠાણીને શાસ્ત્રીય-મર્યાદાપૂર્વક ઉપધાન કરવા-કરાવવાની ભાવના જાગેલ, તે પૂજ્યશ્રીએ સુવિહિત-સામાચારી પ્રમાણે યથાયોગ્ય રીતે પરિપૂર્ણ કરેલ.

આ ઉપરાંત વિ.સં. ૧૯૨૪, ૧૯૩૩, ૧૯૪૬માં મહેસાણા વિ.સં. ૧૯૩૫માં પાલનપુર વિ.સં. ૧૯૩૬માં માણસા, વિ.સં. ૧૯૩૭માં પાટણ અને વિ.સં. ૧૯૪૨માં સાણંદ આદિ સ્થળે શ્રી ઉપધાનતપ જેવી શ્રાવક-જીવનની મહામંગલકારી, ઉચ્ચતમ આરાધનાઓ સામુદાયિક રીતે સેંકડો આરાધકોને સારા પ્રમાણમાં કરાવેલ.

પૂ. મુનિશ્રી **રવિસાગરજી** મ. સ્વભાવે શાંત, અનુભવી, વૈરાગી, ઠીંગણા ઘાટના, ત્યાગી, શરીરે મજબૂત, વ્યવહારે ચતુર, ધાર્મિક-ક્રિયાઓમાં ચુસ્ત, સંવેગી અને શુદ્ધ ધર્મોપદેશક તરીકે ઘણા ભાવિકોના આદર પાત્ર હતા.

તે વખતના સમર્થ શાસનપ્રભાવક, ધુરંધર પૂ. શ્રી **આત્મારામજી** મ. તથા શ્રી **મોહનલાલજી** મ. અવારનવાર પૂજ્યશ્રીની નિર્મલ ચારિત્ર સાધનાની ખૂબ અનુમોદના કરતા.

પૂ. શ્રી **રવિસાગરજી** મ. શ્રીએ ૪૭ વર્ષના સંયમ પર્યાય દરમ્યાન વિરમગામ, સાણંદ, અમદાવાદ, પ્રાંતિજ, ઈડર, માણસા, વિજાપુર, પેથાપુર, મહેસાણા, પાટણ અને પાલનપુર વગેરે સંઘોમાં કાળ પ્રભાવે બનવા પામેલા દેવદ્રવ્યના ગોટાળા દૂર કરાવ્યા હતા.

તે વખતની સંવેગી-શાખાના મહા-ધુરંધર શાસન-પ્રભાવકો પૂ. શ્રી **બુટેરાયજી** મ.,

પૂ. શ્રી વૃદ્ધિચંદ્રજી મ., પૂ. શ્રી **વિજયાનંદસૂરીશ્વરજી** મ. (**આત્મારામજી** મ.), પૂ. શ્રી મૂળચંદજી મ., પૂ. શ્રી **ગુમાનવિજયજી** મ., પૂ. શ્રી **રત્નવિજયજી** મ., પૂ. પં. શ્રી **સિદ્ધિવિજયજી** મ., પૂ. પં. શ્રી **પ્રતાપવિજયજી** મ., પૂ. પં. શ્રી **દયાવિમળજી** મ., પૂ. શ્રી **ભ્રાતૃચંદ્રજી** મ., પૂ. શ્રી **નીતિવિજયજી** મ., પૂ શ્રી. **અમૃતવિમલજી** મ., આદિ અનેક મહાપુરુષો અનેક વખત પૂ. શ્રી. **રવિસાગરજી** મ.ની ઉત્કૃષ્ટ ચારિત્રક્રિયા, નિર્મલ, વિશુદ્ધ સંયમી-જીવનની મુક્ત-કંઠે પ્રશંસા કરતા.

આ ઉપરાંત કેટલાક સુજ્ઞ-વિદ્વાનોના મંતવ્ય પ્રમાણે ત્રિસ્તુતિક-સંપ્રદાયના પ્રણેતા અને તે સંપ્રદાયના મુખ્ય આચાર્ય, પ્રકાંડ-વિદ્વાન પૂ. આ. શ્રી **વિજયરાજેન્દ્રસૂરીશ્વરજી** મ. શ્રીએ અથવા તે વખતના શિથિલાચારી બની ગએલા વિશાળ સંખ્યક યતિઓના તથા વ્યાવહારિક રીતિએ શ્રી સંઘના અધિનાયક ગણાતા શ્રી પૂજ્યશ્રી **વિજય રાજેન્દ્રસુરીશ્વરજી** મ. એ પણ પ્રસંગોપાત પૂ. શ્રી **રવિસાગરજી** મ.ના ઉત્કૃષ્ટ ચારિત્રની અનુમોદના કરેલ.

સંવેગી શાખામાં તે વખતે મહા-પ્રભાવક નિવડેલા પ. શ્રી **આત્મારામજી** મ.; પૂ. શ્રી **રવિસાગરજી** મ.ના ખાસ દર્શનાર્થે મહેસાણા પધાર્યા હતા અને સાંભળ્યા કરતાં પણ વધુ નિર્મળ-ઉત્કૃષ્ટ ચારિત્ર-પાલનની પદ્ધતિ, અતિવૃદ્ધ-વયે પણ જયણાભરી પદ્ધતિ પૂ. કિની નિહાળી પ્રમોદ-ભાવનાથી ઉલ્લસિત બની ગુણાનુરાગભરી સ્તવના કરી હતી.

આ રીતે સાંભળવા પ્રમાણે તે વખતના ક્રિયાનિષ્ઠ, તપસ્વી, પ્રભાવક પૂ. શ્રી **મોહનલાલજી** મ. યાત્રાર્થે લોયણી તીર્થે પધારેલ. ત્યાંથી પ. શ્રી **રવિસાગરજી** મ.ની આદર્શ સંયમ પદ્ધતિના ગુણ-ગાનથી આકર્ષાઈ ખાસ તેઓશ્રીની અપૂર્વ સંયમ-પ્રતિભાના દર્શન કરી આનંદ વિભોર બન્યા હતા.

આ રીતે વર્તમાન શ્રમણ સંઘમાં સૌથી વધુ દીક્ષા-પર્યાય અને ઉમ્મર મેળવનાર વયોવૃદ્ધ સંઘ-સ્થવિર પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મ. (તે વખતે પન્યાસ-પદવીથી વિભૂષિત હતા) પણ પૂ શ્રી **રવિસાગરજી** મ.ની ઉત્કૃષ્ટ સંયમ-નિષ્ઠાના બહુમાનથી તેમની અતિવૃદ્ધાવસ્થાથી ક્ષીણ થતી કાયાના કારણે કયારે દીવો બૂઝાઈ જાય તે ન કહેવાય એટલે અવસર મેળવી વિ.સં. ૧૯૫૪ના ફાગણ મહિને ખાસ તેમના દર્શન કરવા માટે મહેસાણા પધાર્યા હતા.

આ ઉપરાંત તર્કશાસ્ત્રના જ્ઞાતા, મહાવિદ્વાન અને શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા મહેસાણાની સ્થાપનામાં અજોડ, આદર્શ, પ્રેરણા આપનાર પંન્યાસ મુનિશ્રી **દાનવિજયજી** મ. પણ પૂ. શ્રી **રવિસાગરજી** મ. ઉપર પ્રગાઢ શ્રદ્ધા અને ભક્તિપૂર્ણ આદરભાવ ધરાવતા હતા.

આવા મહાસંવેગી, ક્રિયાપાત્ર, વિશુદ્ધ સંયમી પૂ. મુનિશ્રી **રવિસાગરજી** મ. માં અદ્‌ભુત સંયમસાધના-બળે ઉપજેલ વિશિષ્ટ શક્તિઓના સંબંધમાં 'શ્રી અધ્યાત્મ જ્ઞાન

પ્રસારક મંડળ' પ્રકાશિત 'શ્રી તપાગચ્છ-સાગર-શાખા પટ્ટાવલી' અને 'શ્રી સુખસાગર-ગુરૂગીતા' (લે. પૂ. આ શ્રી બુદ્ધિસાગર-**સૂરીશ્વરજી** મ.) ગ્રંથ (પા. ૮૭)માં નીચે મુજબની બે ઘટનાઓ નોંધાએલ છે.

"સાણંદમાં વિ. સં. ૧૯૮૦માં પૂ. શ્રી. **રવિસાગરજી** મ. હતા, ત્યારે એક વખત **પૂ. શ્રીપદ્મપ્રભ-સ્વામીના** દેરાસરે દર્શન કરવા પધાર્યા, પ્રભુના મુખારવિંદના દર્શન કરતાં પૂજ્યશ્રીને એમ લાગ્યું કે દહેરાસરમાં કાંઈક અશુચિ થયેલ છે, આશાતના થયેલ છે, શ્રાવકોને યોગ્ય સૂચના કરી પૂજ્યશ્રી ઉપાશ્રયે પધાર્યા.

પૂજ્યશ્રીના વચનમાં આદરવાળા વિવેકી-શ્રાવકોએ તુરત દહેરાસરમાં ચોપાસ ઝીણવટથી તપાસ કરી, ઘણા પ્રયત્ને પણ ક્યાંય કંઈ અશુચિ ન લાગતાં પૂજ્યશ્રી પાસે આવ્યા, પૂજ્યશ્રીએ કહ્યું કે-'ભાઈ, બરાબર તપાસ કરો.' એટલે પૂજ્યશ્રીની વાતને મહત્ત્વભરી રીતે આવકારનારા શ્રાવકોએ દહેરાસરમાં ચીવટથી તપાસ આદરી, તો છેવટે દહેરાસરના શિખરના ચાલતા-સમારકામ દરમ્યાન મજૂરી કરવા આવેલ એક રખારણ કામ દરમ્યાન રજસ્વલા થયેલ, પૈસાના લોભે એ કામ કરતી રહી, વિવેકી-શ્રાવકોએ યોગ્ય મજૂરનતાણાના પૈસા આપી, સમજાવી તેણીને ઘરે મોકલી અને આખા દહેરાસરને દૂધ, ગંગાજળ આદિથી ઉપરથી નીચે સુધી ધોવરાવી પવિત્ર કર્યું."

આવી હતી પૂજ્યશ્રી **રવિસાગરજી** મ.ની અદ્‌ભુત અગાધ શક્તિ !!!

આ પ્રમાણે પૂજ્યશ્રી **રવિસાગરજી** મ.ના જીવનની અપૂર્વ શક્તિને જણાવનાર બીજી ઘટના નીચે મુજબ છે.

"પૂજ્યશ્રી **રવિસાગરજી** મ.શ્રીએ વૃદ્ધાવસ્થાના કારણે પાછળના છ ચોમાસા મહેસાણામાં કરેલ, તે દરમ્યાન એક વખતે સાણંદના રહીશ મહેતા હઠીસીંગ જેમલદાસ વરસાદની વધુ પડતી ખેંચથી દુકાળના ઊભા થયેલ ભય સામે વેપારી-દૃષ્ટિએ વધુ નફો મેળવી લેવાની લાલચથી અનાજનો સંગ્રહ કરવા દેશાવરમાં ખરીદી માટે જઈ રહ્યા હતા.

પૂજ્યશ્રી **રવિસાગરજી** મ ઉપર ભક્તિભાવ હોઈ વંદનાર્થે ઉતરી ઉપાશ્રયે બપોરના સમયે આવ્યા.

પૂજ્યશ્રીએ ધર્મકાર્યની નિરાબાધતાના સમાચાર પૂછી-'ચોમાસામાં કઈ બાજુ જવા નીકળ્યા છો ?' એમ સાહજિકતાથી પૂછતાં શ્રાવકે બધી વાત કરી અને વધુમાં કહ્યું કે 'અનાજની મોટા પ્રમાણમાં ખરીદીના કાર્યમાં સફળતા મળે એટલે માંગલિક-શ્રવણ કરવા અને આપના વંદનાર્થે અહીં ઉતરી ગયો, હવે રાતની ગાડીમાં આગળ જવા ભાવના છે.'

પૂજ્યશ્રીએ કહ્યું કે– 'મહાનુભાવ! ધર્મની સીઝન સમી ચોમાસાની ઋતુમાં વેપાર અંગે આવી દોડધામ કરવી વ્યાજબી નથી, છતાં આજની રાત અહીં રહી જાઓ.'

પૂજ્યશ્રીના વચન ઉપર બહુમાન ધરાવી હડીસીંગ મહેતા પૂજ્યશ્રીની નિશ્રામાં 'પ્રતિક્રમણનો લાભ મળશે'–એમ ધારી રાત રોકાઈ ગયા.

રાત્રે પહેલા–પહોરની સમાપ્તિએ આછા–આકાશમાં ઝાંખા–ઝાંખુક કરતા હજારો–તારાઓના મન–મોહક પ્રકાશ વખતે મહિનાઓથી વાદળાઓનું નામ નિશાન નહિ છતાં અચાનક ઈશાન ખૂણામાંથી નાનકડું વાદળું ઉઠયું અને પાણીમાં તેલના ટીપાની જેમ ચોપાસ ફેલાઇ ગયું, પરિણામે તારાઓ બધા અદશ્ય થઈ ગયા. સૂસવાટાબંધ–પવનના ઝપાટાથી આખું આકાશ કાળું–ડિબાંગ થઈ ગયું, સાથે વિજળીઓના ચમકારા આંખને આંજી દે તેવા થવા લાગ્યા, અને લગભગ મધ્યરાત્રે કડેડાટી બોલાવતો વરસાદ ગર્જના સાથે ધોધમાર શરૂ થયો, સવાર સુધી એકધારો વરસાદ વરસી મહિનાઓથી તરસી જમીનને ઠંડીગાર–નવપલ્લવિત કરી દીધી.

સવારે **હડીસીંગ મહેતા** પૂ. **ગુરૂદેવશ્રી**ના ચરણોમાં ભક્તિભર્યા–હૈયાથી નમી પડયા. ગુરૂ–વચન માન્ય ન કર્યું હોત અને દેશાવરથી અનાજ મોંઘા ભાવે આવ્યા હોત તો કેવો ફસાઈ જાત? આદિ વિચાર–ધારામાં ગરક બનેલ **હડીસીંગ મહેતા** પૂ. **ગુરૂદેવશ્રીને** વંદન કરી પાછા સાણંદ ગયા."

વળી પૂ. **શ્રી રવિસાગરજી** મ. માં ગંભીરતા, રાગ–દ્વેષથી અલિપ્તતા અને ધર્મ–અને ધર્મશાસનના કાર્યો માટે બધું ગૌણ કરી દેવાની વૃત્તિનાં દર્શન નીચેના પ્રસંગમાં થાય છે.

"વિ.સં. ૧૯૪૨માં પૂ. **શ્રી રવિસાગરજી** મ. શ્રીએ સાણંદમાં ચોમાસુ કર્યું, તે વખતે કાળ–પ્રભાવથી શ્રીસંઘમાં જબ્બર વિચાર–ભેદના કારણે બે પક્ષ પડી ગએલ, જેને લઈ એક–બીજા કયારેય ધર્મ–કાર્યમાં પણ ભેગા ન થતા.

પણ ચોમાસા–દરમ્યાન શ્રાવક–જીવનમાં મોહના સંસ્કારોના ઘટાડા માટે વિવિધ–તપોમાં સર્વ–શ્રેષ્ઠ શ્રીશ્રુતજ્ઞાનની આરાધના રૂપ શ્રી **ઉપધાન**–તપની મહત્તા પર પ્રકાશ પાથરતાં બંને પક્ષ તરફથી ઉપધાન કરાવનાર પુણ્યશાળીઓ તૈયાર થયા.

પૂજ્યશ્રી **રવિસાગરજી** મ. શ્રીએ ખૂબ પ્રયત્નો કરી બન્ને–પક્ષને સમજાવી સામુદાયિક–ઉપધાન કરાવવા પ્રેરણા કરી, પણ ભાવિ–યોગે નક્કર–પરિણામ ન આવ્યું.

એટલે અજ્ઞાન–દશાના ગજ–ગ્રાહમાં ધાર્મિક–ક્રિયા બંધ રહે તે વ્યાજબી નહી, તેથી પૂ. શ્રી **રવિસાગરજી** મહારાજે વિચારોનું ઔદાર્ય દાખવી સાત્વિક–પ્રકૃતિબળે બંને પક્ષના આગેવાનોને જુદા–જુદા રસોડાની છૂટ આપીને પણ ઉપધાન તપની આરાધના માટે લાભ લેવા તૈયાર થયેલ–મહાનુભાવોની ભાવના સફળ કરવા કહ્યું.

આ રીતે ઉલ્લાસપૂર્વક શરૂ થયેલ શ્રીઉપધાન-તપમાં નાના-મોટા થઈ ૧૦૦ની સંખ્યામાં આરાધકો જોડાયા, સૌએ શાંતિથી ધર્મક્રિયા, વ્યાખ્યાન-વાણીશ્રવણ, સાધર્મિક-ભક્તિ આદિનો અપૂર્વ લાભ લીધો.

છેલ્લે માળારોપણ-પ્રસંગે પોષ સુદ દસમથી પોષ વદ ત્રીજ સુધીનો ભવ્ય-અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો.

પૂજ્યશ્રીની દેશના દ્વારા બન્ને પક્ષના કદાગ્રહી-ભાઈઓનાં હૈયાં પણ હળવાં થયાં, અને માળા પહેરાવવાના પ્રસંગને અનુલક્ષી થઈ રહેલ મહોત્સવ દરમ્યાન સૌએ પક્ષ-ભેદ વિસરી ઉમંગપૂર્વક ભાગ લીધો, રથયાત્રા, સાધર્મિક-વાત્સલ્ય નવકારશીના જમણો દ્વારા ખૂબ શાસન-પ્રભાવના થઈ.''

આવા હતા પ્રકૃતિ-ગંભીર, ધીર, સ્થિર-પ્રજ્ઞ અને સાત્વિક-પ્રકૃતિના પૂ. શ્રી **રવિસાગરજી મહારાજ** !!!

આવા મહા-સંયમી, ક્રિયાપાત્ર પૂ. મુનિશ્રી **રવિસાગરજી** મ.શ્રીએ વિ. સં ૧૯૪૮ થી ૧૯૫૩ સુધીન દીક્ષા-પર્યાયના છેલ્લાં છ ચોમાસાં શરીર-દુર્બળતા, વૃદ્ધાવસ્થાના કારણે મહેસાણામાં કર્યા અને સ્થિરવાસ રહ્યા. છતાં સંયમની જયણા, ક્રિયાપાલનની ચોકસાઈ, સાધુ-મર્યાદાનું જ્વલંત ભાન વગેરેથી ઘણા મહાત્મા-મુનિભગવંતોના આદર્શ પ્રેરણાસ્રોત સમા બની રહ્યા હતા.

છેવટે વિ.સં. ૧૯૫૪ના જેઠ વદ ૧૧ સવારે સાડા છ વાગ્યાના સુમારે અમૃત-સિદ્ધિ યોગમાં શ્રી અરિહંત-પ્રભુનું સ્મરણ અને શ્રી નમસ્કાર-મહામંત્રના ચતુર્વિધ-શ્રીસંઘના સામુદાયિક-ઘોષ સાથે નશ્વર-દેહનો ત્યાગ કરી સ્વર્ગલોક તરફ સંચરી ગયા.

જીવન શક્તિના દિવ્ય સ્રોતસમા મહાપુરૂષો

સંસારની સપાટીએ જીવન-શક્તિના આછા પરિચય વિના જીવનારા ઘણા હોય છે, પણ સંસારના ઉંડાણમાં જવા છતાં પૂર્વ જન્મની આરાધના બળે જીવન-શક્તિના દિવ્ય-સ્રોતને વહેતો રાખી અજ્ઞાન-મૂઢ અનેક-જીવોને દીવાદાંડીની જેમ માર્ગદર્શન આપનારા મહાપુરૂષો વિરલા હોય છે.

આવા મહાપુરૂષોથી સમુદ્રની જેમ ખારો છતાં સંસાર રત્નાકર કહેવાય છે, અને સંસારી-જીવોને યોગ્ય માર્ગદર્શન આપનારા આવા વિરલ-મહાપુરૂષોથી સંસારની સાપેક્ષ સુ-સારતા આંશિક રીતે ઘટાવાય છે.



પ્રકરણ–૨૧

પૂ. ચરિત્રનાયકશ્રીના જીવનને તેજસ્વી–ઓપ આપનાર સાગર–શાખાની ક્રમિક–પટ્ટાવલીના મહાપુરૂષો



શાસન–નાયક **શ્રી વર્ધમાન–મહાવીર–પ્રભુ**ના શાસનમાં યથોત્તર–ક્રમિક પટ્ટ–પરંપરામાં **જગદ્‌ગુરૂ** તરીકે વિખ્યાત થયેલ મહાપ્રભાવક **પૂ. આ. શ્રી વિજયહીર–સૂરીશ્વરજી** મ.થી *–**સાગર** શાખા સ્વતંત્ર–શાખારૂપે મહાપુરૂષોથી સમૃદ્ધ બનતી રહી.

એટલે કે મોગલ–સમ્રાટ **અકબર–બાદશાહ**–પ્રતિબોધક, પ્રવર–શાસન–પ્રભાવક **પૂ. આ. શ્રી વિજય–હીરસૂરીશ્વરજી** મ. થી ક્રમિક રીતે શરૂ થયેલ **સાગર**–શાખાના ચૌદમા–પટ્ટધર તરીકે **તપગચ્છ**–ગગનમાં પ્રવર–તેજસ્વી–જ્યોતિપુંજરૂપે પ્રકાશમાન, આગમજ્ઞ–ધુરંધર, વાદી–વિજેતા, ઓજસ્વિની–દેશના–દક્ષ, પૂ. સ્વ. **શ્રી ઝવેર સાગરજી મ.** ના અદ્વિતીય–પટ્ટધર તરીકે થઈ **પૂ. ચરિત્રનાયકશ્રી** શાસનના અપૂર્વ ઝળહળતા રત્ન–સમા નિવડ્યા.

આથી હવે **જગદ્‌ગુરૂ પૂ. આ. શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ.**થી શરૂ થયેલ **સાગરની** સ્વતંત્ર શાખાના મહાપુરૂષોનો ક્રમિક પરિચય આપવામાં આવે છે.

(૧) **પૂ. ઉપા. શ્રી સહજસાગરજી મ.** :–


જગદ્‌ગુરૂ **પૂ. આ. શ્રી વિજય–હીરસૂરીશ્વરજી મ.** ના અનેક પ્રભાવક–શિષ્યો પૈકી **પૂ. ઉપા. સહજસાગરજી મ.** આગમ–જ્ઞતા અને વિશિષ્ટ આગમિક–પ્રવચનશક્તિથી તત્ત્વજ્ઞ અને બાળજીવોને શાસનના માર્મિક રહસ્યોને સમજાવનારા અદ્વિતીય મહાપુરૂષ હતા.

---

* પૂર્વે **શ્રમણસંઘમાં વિજય, વિમલ, ચંદ્ર–સાગર, મુનિ, રત્ન, કળશ, નિધાન, રૂચિ** આદિ ૫૮ શાખાવાળા હલ્લારોનો સંખ્યામાં મુનિઓ હતા અને **પ્રભુ મહાવીર** પરમાત્માની ક્રમિક–પટ્ટપરંપરામાં પણ ત્રેપનમાં પાટે પૂ આ. **શ્રી લક્ષ્મીસાગરસૂરિજી** મ. અદ્વિતીય–શાસન પ્રભાવક, **સાગર** નામાંકિત આચાર્યદેવ થયા છે, પણ જગદ્‌ગુરૂ પૂ **આ. શ્રી વિજય હીર સૂરીશ્વરજી** મ. પછી **સાગર** શાખા સ્વતંત્રરૂપે સમૃદ્ધિભર્યો વિકાસ પામી રહી, એ પ્રમાણસિદ્ધ સ્પષ્ટ હકીકત છે.

સાગર-શાખાના

પ્રભાવક તેજસ્વી જ્યોતિર્ધર સુવિહિત-ક્રિયાપાત્ર



પૂ. ઉપાધ્યાય શ્રી સહજસાગરજી મ.

પૂ. ઉપાધ્યાય શ્રી સહજસાગરજી મહારાજ

(પૃ. ૩૪૦)

તે વખતે દિલ્હીમાં શાસનકર્તા બાદશાહ **સમ્રાટ્ જહાંગીર**ના વખતે **અમદાવાદના** નગરશેઠ-વંશના આદ્ય પુરૂષ **શ્રી શાંતિદાસ ઝવેરીને** ધર્મોપદેશ દ્વારા શ્રાવક-જીવન તરફ વાળનાર આ મહાપુરૂષ હતા.

જનશ્રુતિ અને મળી આવતા કેટલાક પ્રામાણિક-ઉલ્લેખો પ્રમાણે **શ્રી શાંતિદાસ શેઠની** ઉદાત્ત ધાર્મિક-ભાવનાને શાસનોપયોગી બનાવવા માટે **પૂ. ઉપા. શ્રી સહજસાગરજી મ. શ્રીએ** જ્યોતિષના અસાધારણ જ્ઞાનબળે વિશિષ્ટ નક્ષત્ર-ગ્રહના યોગને તારવી **"શ્રાવણથી ચૈત્ર, ચૈત્રથી આસો અને આસોથી ફરી શ્રાવણ"** એમ **ત્રિરાવૃત્તિક મંત્ર-સાધન-પ્રક્રિયાની** ઊંડી માર્મિક-વિધિના અનુષ્ઠાન પ્રમાણે **શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથ** ના દિવ્ય-શક્તિશાળી મહામંત્ર (મતાંતરે-અઢાર અક્ષરના વિસહર મહામંત્ર)ની સાધના **શ્રી શાંતિદાસ શેઠ** પાસે કરી-કરાવી. તે વખતે દેશબળે શાસન પર આવી રહેલ અણધારી-આફતોના નિવારણ માટે પૂ. ઉપા૦શ્રી **સહજસાગરજી મ. શ્રીએ શ્રી શાંતિદાસ શેઠ** મારફત ખૂબ જ સક્રિય-સફળ ઉપાયો અમલમાં મુકેલા.

પૂ. ઉપાધ્યાયશ્રીના વરદ-આશિષથી પુણ્ય-સમૃદ્ધ બનેલા **શ્રી શાંતિદાસ શેઠ** પણ ઝવેરાતના વ્યવસાયના પ્રસંગે દિલ્હી જવાનું થતાં દેવ-ગુરૂની વરદ-કૃપાથી **સમ્રાટ્ જહાંગીર**ની આકરી-પરીક્ષામાંથી પસાર થઈ બાદશાહના માનીતા ઝવેરી તરીકે થઈ શકેલા, એમ ઇતિહાસ બોલે છે.

કાળ-ગર્ભમાં છિન્ન-ભિન્ન થયેલ ઇતિહાસના કેટલાક જડી આવતા અવશેષો પરથી **સાગર-શાખાના** વર્તમાનકાલીન સ્વરૂપ ના આદ્ય **મહાપુરૂષરૂપ પૂ. ઉપા. સહજસાગરજી મ.ના** સંબંધમાં આટલું જાણવા મળ્યું છે.

પરંતુ **સ્થાલી-પુલાક** ન્યાયે (બીચડીનો એક દાણો દબાવી હાંડલીની બીચડી સીઝી ગયાના વ્યવહારની જેમ) ઉપરના વર્ણન પરથી પૂ. **ઉપા.શ્રી સહજસાગરજી મ.** હકીકતમાં અજોડ શાસન પ્રભાવનાના ઘણા કાર્યો કરનારા હશે-એમ સ્પષ્ટ અનુમાન થાય છે.

આ મહાપુરુષની પાટે ત્રણ મહાપુરૂષો થઈ ગયા. જેઓના જીવન કે પરિચયની કોઈ માહિતી પ્રયત્ન કરવા છતાં મળી શકી નથી.

૨. પૂ. ઉપા. **શ્રી જયસાગરજી મ.**

૩. પૂ. ગણી **શ્રી જ્ઞાનસાગરજી મ.**

૪. પૂ. ગણી **શ્રી માનસાગરજી મ.**

(૫) **પૂ. મુનિ શ્રી મયગલ સાગરજી મ.**

પૂ. ગણીશ્રી માનસાગરજી મ. વિહાર-ક્રમે વિચરતા **વિસનગર** (મહેસાણા) પધાર્યા, ત્યાં વિ. સં. ૧૭૮૦માં (પ્રાયઃ)માં ચાતુર્માસ કરેલ.

ચાતુર્માસ દરમ્યાન અનેક ધર્મક્રાર્યો થયેલ, પૂજ્યશ્રીએ શ્રી **આચારાંગ** સૂત્ર અને **અંબડ ચરિત્રની** વૈરાગ્ય-વાહિની દેશના દ્વારા અનેક ભવ્ય-જીવોને ધર્મમાર્ગમાં સ્થિર કરેલ.

તેમાં **શાહ મંગળદાસ વીરચંદ** નામે શ્રાવક પૂ. મહારાજશ્રીની દેશના-શક્તિ અને સંયમ-આચાર-નિષ્ઠાથી ખૂબ પ્રભાવિત બની ધન-સમૃદ્ધિ, વૈભવ, કુટુંબ આદિ છતાં વૈરાગ્ય-વાસિત બની પૂ. ગુરૂદેવશ્રીના ચરણોમાં ધામધૂમથી **માઘ.** સુ. ૬ના મંગળ દિવસે પરમ-પવિત્ર સંયમ સ્વીકારી જીવન ધન્ય બનાવ્યું.

તેમનું નામ **પૂ. ગણી શ્રી માનસાગરજી મ.** શ્રીએ **શ્રી મયગલસાગરજી મ.** રાખ્યું.

પછી પૂ. ગણી શ્રી **માનસાગરજી મ.** વિ. સં. ૧૭૮૮ લગભગ **સોજત** ગામે ચાતુર્માસમાં ભાદરવા વદ ૧૦ના રોજ સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા.


ગુરૂ-મહારાજના સ્વર્ગવાસ પછી પૂ. **મુનિ શ્રી મયગલ સાગરજી** મ. ચોમાસા પછી **જોધપુર** બાજુ થઈ **નાગોર** પધાર્યા, ત્યાં વિ. સં. ૧૭૯૰નું ચોમાસું કર્યું.

પૂ. **મુનિ શ્રી મયગલ સાગરજી** મ.ની વિદ્વત્તાભરી વૈરાગ્ય-ભરપૂર દેશના સાંભળી અનેક ભવ્યજીવો વિવિધ ધર્મક્રિયામાં જોડાયા.

આ પ્રસંગે **અમદાવાદથી** વ્યાપાર પ્રસંગે તેમજ ય ાર્થે નીકળેલા **શ્રી પ્રેમચંદભાઇ કરશનદાસ શાહ** સ-કુટુંબ કારતક વદમાં **નાગોર** આવ્યા, પૂ. ગુરૂદેવશ્રીની દેશના અને સંયમી-વૃત્તિ જોઈ પ્રભાવિત બની ઘણા વખતથી સંયમ લેવાની ભાવના યોગ્ય જ્ઞાની-ગુરૂની નિશ્રાના અભાવે અધૂરી રહેલ, તેથી અવસર જાણી ગુરૂદેવને વિનંતિ કરી, ધામધૂમથી **માગ. સુ. ૩** ના પવિત્ર દિને સંયમ ગ્રહણ કર્યું. તેમનું નામ **પૂ. મુનિ શ્રી પદ્મસાગરજી** મ. રાખ્યું.

(૬) **પૂ. શ્રી પદ્મસાગરજી મ.**

પૂર્વજન્મની વિશિષ્ટ આરાધના અને પૂ. ગુરૂદેવશ્રીની વિશેષ-કૃપા બંનેનો સુયોગ થવાથી **પૂ. શ્રી પદ્મસાગરજી** મ. પૂ. ગુરૂદેવશ્રી પાસેથી તેમજ **આગમશાખાના** તે વખતના અનેક મુનિઓ તેમજ બીજા પણ સંવેગીશાખાના મુનિઓ પાસેથી વિનયપૂર્વક આગમોનો ઊંડાણથી અભ્યાસ કરી આનુષંગિક શાસનપ્રભાવનામાં ઉપયોગી નિવડે, તેથી જ્યોતિષનો મુહૂર્ત વિભાગ અને તેના ગ્રહ-ચારનો સૂક્ષ્મ અભ્યાસ કરી તે સંબંધી ખૂબ જ ઊંડાણથી જાણકારી મેળવી.



પૂ. મુનિશ્રી. પદ્મસાગરજી મ. પૂ. મુનિશ્રી મંગલસાગરજી મ

સાગર-શાખાના
સ્વતંત્ર-અસ્તિત્વમાં મહત્ત્વનો ફાળો
નોંધાવનારી
શાસ્ત્રજ્ઞાન, ક્રિયાશુદ્ધિ અને શાસન-પ્રભાવનામાં અજોડ
ગુરુ-શિષ્યની બેલડી

(પૃ. ૩૪૨)



જેથી તે વખતે પૂ. **શ્રી મયગલસાગરજી** મ. અને પૂ. **શ્રી પદ્મસાગરજી** મ. બંને ગુરૂ-શિષ્યની બેલડી આગમજ્ઞ તેમજ ધર્મકાર્યો માટે સચોટ-મુહૂર્ત આપનાર તરીકે જૈન શ્રીસંઘમાં વિખ્યાત થઈ.

સાગર-શાખાના વિશિષ્ટ-પ્રભાવકરૂપ અજોડગુરુ-શિષ્યની આ જોડીએ **અમદાવાદ, સાણંદ, રામપુરા, વિરમગામ, માંડલ, રાધનપુર, હીસા, પાલનપુર, વીજાપુર, મહેસાણા, પાટણ** આદિ શહેરોમાં તેમજ મારવાડમાં **પાલી, સોજત, જોધપુર, નાગોર**-આદિ સ્થળે અપૂર્વ શાસન-પ્રભાવનાનો ડંકો વગાડેલ, એમ તે વખતના કેટલાક છુટા-છવાયા મળી આવતા ઉલ્લેખોથી સમજાય છે.

એક વખતે આ ગુરૂ-શિષ્યની જોડી **અમદાવાદમાં** બિરાજમાન હતી, ત્યારે **ઉદયપુરથી શ્રી સિદ્ધગિરિની** યાત્રાર્થે આવેલ અગ્રગણ્ય શેઠીઆઓએ પૂ. શ્રી **પદ્મસાગર**જી મ. ની તાત્ત્વિક-દેશના સાંભળી '**મેવાડ** જેવા પ્રદેશમાં આવા મહામુનિના પગલાં થાય તો કાળબળે ઓછો પડેલ ધર્મોદ્યોત વધુ તેજસ્વી થાય!' તેવું ધારી "**કેશરીયાજી** મહાતીર્થની યાત્રાર્થે અને **મેવાડ** જેવા સંવેગી સાધુના સહવાસ શૂન્ય પ્રદેશમાં વધુ ધર્મોદ્યોત થશે, માટે પધારો!" તેવી આગ્રહભરી વિનંતિ કરી.

વિ. સં. ૧૭૯૬ નું ચોમાસું **અમદાવાદ** કરી શિયાળામાં **પ્રાંતીજ, હિંમતનગર, મોડાસા, શામળાજી** થઈ **ડુંગરપુર** પધાર્યા, ત્યાં **ઉદયપુરનો** શ્રીસંઘ વંદનાર્થે તેમજ વિનંતિ માટે આવ્યો. પછી **કેશરીયાજી** પધાર્યા, ત્યાં ભાવોલ્લાસપૂર્વક યાત્રા કરી.

ઉદયપુરના શ્રીસંઘને સમાચાર મળતાં જ શાસન-પ્રભાવક, આગમિક-તત્ત્વોના અજોડ વિદ્વાન તરીકે પ્રખ્યાત **પૂ. પદ્મસાગર**જી મ. ની કીર્તિથી આકર્ષાઈ **ઉદયપુરના** શ્રીસંઘમાં અને **મેવાડ** પ્રદેશમાં ધર્મ-જાગૃતિ વધુ આવે તે હેતુથી **કેશરિયાજી** જઈ ચોમાસા માટેના આગ્રહ પૂર્વક ગુરૂ-શિષ્યની જોડીને વિનંતિ કરી **ઉદયપુર** લઈ આવ્યા.

શાસનપ્રભાવના-પૂર્વક ભવ્યધૂમથી નગરપ્રવેશ થયો તે વખતે શ્રીસંઘને ધર્મ-આરાધના માટે વ્યવસ્થિત સ્થાન ન હોઈ અન્ય-દર્શનીના ઝોરા (જ્ઞાતિની વાડીમાં) પૂજ્યશ્રીને ઉતાર્યા.

પૂજ્યશ્રીની આગમાનુસારી તાત્ત્વિક-વાણીથી લોકોમાં જાગૃતિ-ધર્મોત્સાહ ઘણો આવ્યો. વિવિધ-પ્રકારની તપશ્ચર્યાઓ થઈ, શ્રીસંઘને ધર્મધ્યાન માટે વ્યવસ્થિત સ્થાન-ઉપાશ્રયની જરૂરિયાત ધાર્મિક-પ્રજાના હૈયામાં સ્થિર થવા પામી.

પરિણામે શ્રીસંઘ તરફથી પૂજ્યશ્રી બિરાજમાન હતા, તે જ ઝોરાને ખરીદવા પાકે-પાયે વિચારણા ચાલુ હતી, ત્યાં **અમદાવાદથી** વ્યાપાર-નિમિત્તે આવેલ **શ્રાવક શ્રી ઝવેરચંદ શાહ** ધર્મ-ભાવનાથી વીતરાગ-પ્રભુની વાણીનું શ્રવણ અને ગુરૂ-નિશ્રાએ પ્રતિક્રમણ કરવાના

હિસાબે **પૂજ્ય શ્રી મયગલ-સાગરજી** મ. ના સંપર્કમાં આવ્યા, અને "ધર્મ-આરાધના કરનાર પુણ્યાત્મા બીજા આત્માઓને ધર્મક્રિયા કરવાની આદર્શ-વ્યવસ્થામાં ભાગ લેનાર અનંત-પુણ્યનું ભાથું બાંધે છે." એ વાત સચોટ સમજીને પૂ. મહારાજશ્રીના વસવાટથી જ્ઞાન-ધ્યાનના, સ્વાધ્યાયના અને સંયમના વાતાવરણથી પવિત્ર બનેલ તે ઠેકાણા માટે શ્રીસંઘ-પાસે પોતાને લાભ આપવાની આજીજી-કાકલુદી પૂર્વક વિનંતી કરી કે—

"આરાધનાના આ પવિત્ર સ્થળને કાયમી-ધર્મસ્થાનરૂપે બનાવવાનો લાભ મને મળે તો સારૂં !!!"

શ્રી સંઘે પણ પૂજ્યશ્રીની દોરવણી મુજબ સાધર્મિકપણાના વિશિષ્ટ-સ્નેહના પ્રતીક રૂપે આદેશ આપ્યો, એટલે ધર્માનુરાગી **શ્રી ઝવેરભાઈએ** શ્રીસંઘ-હસ્તે તે ઠેકાણું ખરીદાવી તેના રોકડા પૈસા આપી પાકો દસ્તાવેજ કરાવી શ્રીસંઘને સમર્પિત કરી પોતાની જાતને ધન્ય બનાવી.

વિ. સં. ૧૮૦૧માં નૂતન-વર્ષે તે ઠેકાણાને ધર્મ-સ્થાન રૂપે યોગ્ય ફેરફાર સાથે ફેરવી **પૂજ્યશ્રી પદ્મ-સાગરજી** મ. ના મંગલ-વાસક્ષેપ સાથે શ્રીસંઘે ધર્મક્રિયા કરવા માટે ઉપાશ્રય તરીકે વાપરવાનું મંગલાચરણ કર્યું.*

ત્યારબાદ શેષ-કાળમાં મેવાડમાં નાના-મોટા ગામોમાં કષ્ટ સહન કરીને પણ વિચરી ધર્મોપદેશ દઈ લોકોને વીતરાગ-પ્રભુના દર્શન વંદન, પૂજનરૂપ શ્રાવકના કર્તવ્યમાં સ્થિર કર્યા, ઘણી જગ્યાએ દહેરાસરમાં થતી આશાતનાઓ દૂર કરાવી.

ચાતુર્માસ માટે **ઉદયપુર**-શ્રીસંઘનો વધુ આગ્રહ હોવા વિ. સં. ૧૮૦૧નું ચોમાસું શ્રીસંઘમાં ધર્મકાર્યો દ્વારા શાસનોદ્યોતનો વધુ લાભ જોઈ **ઉદયપુર**માં કર્યું.

શેષ-કાળમાં મેવાડના પ્રદેશમાં વિચરી પ્રભુ-શાસનનો ત્યાગ-તપ-સંયમનો ઘેરી-માર્ગ દર્શાવવા સાથે શ્રાવકના કર્તવ્ય તરીકે વીતરાગ-પ્રભુની દર્શન-વંદન-પૂજા આદિ પ્રવૃત્તિનો જોરદાર પ્રચાર કરી પુનઃ વિ. સં. ૧૮૦૨-૧૮૦૩ અને ૧૮૦૪ના ચોમાસાં તે વખતની પરિસ્થિતિના આધારે શ્રીસંઘના ધાર્મિક-બંધારણને દૃઢ કરવાના શુભ ઇરાદાથી **ઉદયપુરમાં** જ કર્યાં.

તેથીજ **ઉદયપુરની** ધાર્મિક ઇતિહાસને દર્શાવનાર પુસ્તકમાં નોંધ છે કે—

"ઉદયપુરમાં સંવેગી-પરંપરાને માન્ય રાખનાર-વર્ગની શ્રદ્ધાને ડગમગતી બચાવવા પૂ. પદ્મસાગરજી મ શ્રીએ આગમિક-મર્યાદા પ્રમાણે ધર્મોપકારની દૃષ્ટિએ પાંચ ચોમાસાં કર્યાં."

આ વર્ષ દરમ્યાન (ચોક્કસ માહિતી પ્રાપ્ત નથી થઇ) **કેસરિયાજીની** યાત્રાર્થે આવેલ **સંગ્રામગઢ** (રાજસ્થાન) વાસી **સુગનચંદજીએ** પૂ. મુનિશ્રી **પદ્મસાગરજી** મ. ની

* જેનું કે રૂપાંતર થઇ આજે **શ્રીગોડી-પાર્શ્વનાથજીના** દેરાસર પાસે ભવ્ય ઉપાશ્રય રૂપે અનેક ભવ્યાત્માઓને પ્રેરણા આપી રહ્યો છે.

વૈરાગ્યભરી–દેશના સાંભળી પતિત–પાવની દીક્ષા સ્વીકારી તેમનું નામ **મુનિ શ્રી સુજ્ઞાનસાગરજી** રાખ્યું.

વિ. સં. ૧૮૦૫ના ચોમાસામાં **મહારાણા શ્રી ભાવસિંહના** શાસન–કાળે **ઉદયપુરના** ધર્મનિષ્ઠ શેઠશ્રી **સુશ્રાવક શાહ ભીખાચંદ પોરવાડની** ભાવના પૂજ્યશ્રીના ઉપદેશથી પ્રભુ–ભક્તિ માટે દહેરાસર બનાવવાની થયેલી.

તે માટે સારી જગ્યાની તપાસ કરવામાં ધાર્યા કરતાં વધુ કાળક્ષેપ થયો, અને ભાવિની પ્રબળતાએ આકસ્મિક–રીતે તેમના શરીરનો અંત વિ. સં. ૧૯૦૫ આસો વદ ૭ ના રોજ થઇ ગયો, જેથી **ઉદયપુરનાં** શ્રીસંઘમાં એક ધર્મિષ્ઠ–ભાવનાશીલ સુશ્રાવકની ખોટ પડવાથી ખળભળાટ મચી ગયો, પણ **"ભાવી આગળ નિરૂપાય"** !!!

આમ છતાં પૂજ્ય મહારાજશ્રીએ સ્વર્ગત થયેલ શાહ ભીખાજી પોરવાડનાં સુપત્ની શ્રી છબલબહેનને વ્યાવહારિક–વિધિનો પત્યા પછી વિ. સં. ૧૮૦૬ના પૌષદશમી પ્રસંગે દહેરે દર્શન કરી વળતાં તેઓશ્રીના કુટુંબીઓની વિનંતિથી ઘરે જઈ યોગ્ય ધર્મોપદેશ આપ્યો.

"વિવેકી ધર્મનિષ્ઠ અને સંઘના અગ્રગણ્ય–પુણ્યાત્માનો શોક બહુ ન કરાય." વળી તેમનાં અધૂરાં–સ્વપ્ન પૂરા કરવાની પ્રવૃત્તિ પર ભાર દેવા સાથે પૂ. શ્રી પદ્મસાગરજી મહારાજે શ્રાવિકાના હૈયામાંથી લૌકિક–વ્યવહારની શોક મર્યાદા શિષ્ટ–પુરૂષોને માન્ય પદ્ધતિથી પાળવા છતાં ભીખા–શેઠની જિન–મંદિર બંધાવવાની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા પ્રોત્સાહિત કર્યા.

પરિણામે કુટુંબીઓ સાથે પરામર્શ કરી વિધિપૂર્વક માહ મહિનાની સુદ ત્રીજના મંગળ દિને પૂ. શ્રી પદ્મસાગરજી મ. પાસે છબલબહેને કુટુંબીજનોને મોકલી આપ માર્ગદર્શન આપો! તે રીતે શ્રાવકની ભાવનાને અનુરૂપ જિનમંદિર બનાવવાની મંગળ ભાવના વ્યક્ત કરી.

"શુભસ્ય શીઘ્રં" "શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ।" વગેરે સુભાષિતોના આધારે કુટુંબીજનોએ પૂજ્યશ્રીને સાથે લઈ જઈ સ્વરૂપ–સાગર નામના વિશાળ–જળાશયના કિનારે ચોગાનના નામે વિખ્યાત–હકીકતમાં ખૂબ જ વિશાળ મેદાન રૂપ ભૂમિની પરીક્ષા માટે પધારવા વિનંતિ કરી.

પૂ. શ્રી પદ્મસાગરજી મ. સંઘના આગેવાનોને સાથે રાખી સ્વરૂપ–સાગરના કિનારે જમીન જોવા પધાર્યા.

પૂજ્ય–મહારાજશ્રીએ નિપુણ–શિલ્પી દ્વારા માપની દોરી મેળવી જિનાલય માટેની જમીનનું સૂચન કર્યું.

છબલબહેન અને તેના કુટુંબીઓએ બે દિવસમાં તે જમીનના માલિકને મળી જિનાલય સાથે ભવિષ્યમાં ધર્મશાળા આદિ ધર્મસ્થાનો બનાવવાની અગમચેતીભરી દીર્ઘદૃષ્ટિ વાપરી થોડી

સરકારી–જમીન પણ તેમાં ભેળવી વિશાળ પ્રમાણમાં જમીન ખરીદી.

માહ સુ. ૫ના દિવસે પૂ. શ્રી પદ્મસાગરજી મ.ની નિશ્રામાં તેઓએ સૂચવેલ દિશામાં યોગ્ય મુહૂર્તે ખનન–વિધિ કરી ભૂમિ–શુદ્ધિનું કામ શરૂ કર્યું.

ફા. સુ. ૭ના શુભ–દિને પાતાળ–પાણી સુધી ઊંડા જઈ ભૂમિ–શુદ્ધિ કરી ખાત–પૂજન, શિલા–સ્થાપન આદિ વિધિ છબલબહેને કુમારિકા અને દીયર–દેરાણીના હાથે પૂ. શ્રી પદ્મસાગરજી મ.ના મંગળ–વાસક્ષેપ સાથે કરાવી.

"ધર્મના કામમાં ઢીલ નહીં" ધારી સેંકડો મજુરો અને પંદર–વીસ સારા નિપુણ કારીગરો રાખી પૈસા સામે ન જોતાં સારામાં સારી દહેરાસરને અનુરૂપ સામગ્રી ભેગી કરી સુંદર ગર્ભગૃહ, નવ ચોકીનો ઉત્તુંગ રંગમંડપ, શિખર, ઘુમટો, ત્રણ શણગાર–ચોકીવાળું દેવ–વિમાન જેવું જિનાલય દોઢ મહિનાના ટૂંકા ગાળામાં તૈયાર કરાવી પૂ. શ્રી પદ્મસાગરજી મ. પાસે મુહૂર્ત જોવડાવી વિ. સં. ૧૮૦૬ના વૈશાખ સુદ ૧૫ના મંગળ દિને શ્રી શાંતિનાથજી પ્રભુની પરિકર સાથે અંજનશલાકા કરાવી પ્રતિષ્ઠા–ધામધૂમથી કરાવી.

આ પ્રસંગે બીજા પણ અનેક–જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી.

મૂળનાયકજીનું શ્વેત બિંબ ૨૧ ઇંચ ઊંચું અને ૧૬ ઇંચ પહોળું છે, તેનું પરિકર ૩૨ ઇંચ ઊંચું, ૨૬ ઇંચ પહોળું છે. તેમાં અધું પરિકર શ્વેતવર્ણું છે. અધું પીતવર્ણું છે.

આમ હોવાનું કારણ એ હોઈ શકે કે– તાત્કાલિક જરૂરિયાત અને ટૂંકા સમયમાં તૈયાર કરવાની દૃષ્ટિએ હાથવગો જે પાષાણ મળ્યો, તેનો ઉપયોગ કર્યો હોય, તેમ લાગે છે.

આ રીતે સુશ્રાવિકા શ્રી છબલબહેને અને તેના કુટુંબીજનોએ સ્વ. શેઠશ્રી ભીખાચંદજી જેવા સંઘ–માન્ય શ્રાવકની અંતિમ ઇચ્છા સારી રીતે પૂરી કરી.

ઉપરાંત છબલબહેને દહેરાસરની પાસે ગામ બહાર જિનાલય હોઈ આવનાર આરાધક પુણ્યાત્માને ઉપયોગી થાય, તે હેતુથી તેમજ ભવિષ્યમાં તીર્થ–સ્વરૂપ આ જિનાલય થાય તો તે પ્રસંગે ઉપયોગી થાય, તેમ વિચારી સુંદર નાની ધર્મશાળા પણ બંધાવી.

પૂ. શ્રી પદ્મસાગરજી મ. શ્રીએ આ જિનાલયની પ્રતિષ્ઠા કરાવવા ઉપરાંત ચોમાસામાં નાગોરથી પોતાના પુસ્તકો વગેરે મંગાવી શ્રીસંઘ હસ્તે જ્ઞાનભંડાર નવા–ઉપાશ્રયમાં સ્થાપન કર્યો.

૭(અ) પૂ. મુનિ શ્રી સ્વરૂપસાગરજી મ.

પૂ. શ્રી પદ્મસાગરજી મ. વિ. સંવત ૧૮૦૭ના માગ. સુદી ૩ના રોજ નાગોર (મારવાડ)ના પૂર્વ પરિચિત શ્રી સાંકળાજી ભગત નામે વિવેકી શ્રાવકને ખુબજ ધામધૂમથી દીક્ષા આપી તેમનું નામ મુનિ **શ્રી સ્વરૂપ–સાગરજી** રાખ્યું.

પછી પ્રથમ શિષ્ય સુજ્ઞાન–સાગરજી મ. ને ઉદયપુર શ્રી–સંઘમાં ધર્મધ્યાનની વૃદ્ધિ રહે અને દહેરાસર ઉપાશ્રય–જ્ઞાનભંડાર આદિની સુવ્યવસ્થા રહે, તે અંગે પૂરતી ધર્મોપદેશ ભરી પ્રેરણા આપતા રહેવાની પાકી ભલામણ કરી. પૂ. પદ્મસાગરજી મ. પોતાને આ બાજુ ઘણા વર્ષ થયા હોઇ દ્વિતીય શિષ્ય શ્રી સ્વરૂપસાગરજીને સાથે લઈ મારવાડ તરફ પધારી ગયા.

૭(અ) પૂ. મુનિશ્રી સુજ્ઞાનસાગરજી મ.

"ગુરુ કરતાં ચેલા સવાયા"ની કહેતી પ્રમાણે પૂ. મુનિશ્રી સુજ્ઞાનસાગરજી મ.શ્રીએ ઉદયપુર શ્રીસંઘમાં ધર્મજાગૃતિનું પ્રમાણ ઘણું વધાર્યું.

શેષકાળમાં આસપાસના ગામોમાં ધર્મોપદેશ દ્વારા લોકોને ધર્માભિમુખ કરી ચાતુર્માસ મોટા–ભાગે ઉદયપુરમાં કરતા.

વિ. સં. ૧૮૧૫ના વર્ષમાં ગુજરાતથી કેસરીયાજીની યાત્રાએ આવેલ શેઠશ્રી કપુરચંદ શાહ ઉદયપુર યાત્રાર્થે અને પૂજ્યશ્રીના દર્શનાર્થે આવેલ.

પૂજ્યશ્રીની તાત્ત્વિક–દેશના અને તીર્થંકર–પ્રભુની આદર્શ–ભક્તિના કર્તવ્ય ઉપરના વ્યાખ્યાનોથી પ્રભાવિત બની થોડા દિવસ સ્થિરતા કરી.

તે દરમ્યાન પૂ. શ્રીની ધાર્મિક દેશનાથી પ્રભાવિત થયેલી સુંદર જિનબિંબ ભરાવી વિશાળ જિનાલય બંધાવવાની ભાવના પૂ. ગુરૂદેવશ્રી આગળ વ્યક્ત કરી.

પરિણામે પૂ. મહારાજશ્રીએ આવતી ચોવીશીના પ્રથમ–તીર્થંકર શ્રી પદ્મનાભ–પ્રભુ (શ્રેણિક મહારાજાના જીવ)ની પ્રતિમા ક્યાંય નથી તેનો લાભ લેવાની પ્રેરણા કરી, શ્રી કપુરચંદ શેઠે ઉલ્લાસપૂર્વક પૂ. ગુરૂદેવની યાચનાને શિરોધાર્ય કરી.

પૂજ્યશ્રીએ પણ પોતાના ગુરૂદેવે સરૂપ–સાગરના કિનારે ચૌગાનની જે જગ્યા બક્ષીદી શ્રી શાંતિનાથ પ્રભુનું જિનાલય બનાવડાવેલ, ત્યાં જ તેની આસપાસની જગ્યા મહારાણા શ્રી અરિસિંહજી મ.ના શાસનકાળમાં વિશાળ–પ્રમાણમાં લેવડાવી શુભ મુહૂર્ત વગેરે કરાવી કપુરચંદ શેઠ મારફત "ધર્મના કાર્ય જેટલાં જલ્દી થાય તેટલું સારૂં" એ રીતે ઝડપભેર કામ સોમપુરી કારીગરોની દેખરેખ તળે શરૂ કરાવ્યું.

પૂ. ગુરૂદેવશ્રીની પ્રેરણાથી ધર્મપ્રેમી શ્રી કપુરચંદ શેઠે લક્ષ્મીનો લ્હાવો મેળવવાની દૃષ્ટિએ આખા ભારતમાં ક્યાંય નથી, તેવી આવતી–ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભપ્રભુજીનું અદ્‌ભુત વિશાળ–બિંબ પધરાવી તદનુરૂપ વિશાળ ગભારા, રંગમંડપ, નવચોકીવાળું ભવ્ય દેવવિમાન જેવું વિશાળ જિન મંદિર બાંધવાની ઝડપભેર પ્રવૃત્તિઓ ચાલુ કરી.

આમ છતાં ધર્મપ્રેમી શેઠ શ્રી કપુરચંદ ભાઈનાં સુપત્ની સુશ્રાવિકા શ્રી જડાવબહેનની શારીરિક–સ્થિતિ વિવિધ–રોગોની કથળેલી હોઈ "शरीरं क्षणभंगुरं" "श्रेयांसि बहुविघ्नानि" આદિ

સુભાષિતોને ધ્યાનમાં લઈ પરિકર સાથે ૧૧ કુટતા વિશાળ જિનબિંબ અને તદનુરૂપ ભવ્ય દહેરાસર તૈયાર થતાં સહેજે સમય વધુ લાગે તે વિચારી ભાવી-નિયોગે 'કદાચ મારૂં શરીર રોગોની ટક્કર ન ઝીલી શકે અને કંઈક થઈ જાય તો પ્રભુ-પ્રતિષ્ઠાના મહત્ત્વના લાભથી વંચિત રહેવું પડે' માટે પૂ. ગુરૂદેવશ્રી અને કપુરચંદ શેઠની સંમતિ લઈ વિ. સં. ૧૮૧૭ના વૈ. સુ. ૧૦ના મંગળ મુહૂર્ત "હાથે તે સાથે" મુજબ પોતાના હાથે લક્ષ્મીનો સદ્વ્યય કરી-શાસન પ્રભાવના પૂર્વક અંજનશલાકા-મહોત્સવ કરી ધામધૂમથી નીચે મુજબના જિનબિંબોની પ્રાણ-પ્રતિષ્ઠાનો લ્હાવો લીધો.

(૧) શ્રી અજિતનાથ પ્રભુ-શ્વેતવર્ણ ઉંચાઈ ૬૩ ઇંચ
પહોળાઈ ૫૩ ,,
પરિકર-ઉંચાઈ ૧૦૧ ,,
પહોળાઈ ૮૧ ,,

(૨) શ્રી ઋષભદેવપ્રભુ-શ્વેતવર્ણ ઉંચાઈ ૬૧ ઇંચ
પહોળાઈ ૪૮ ,,
પરિકર-ઉંચાઈ ૮૫ ,,
પહોળાઈ ૬૫ ,,

(૩-૪-૫) શ્રી ઋષભદેવપ્રભુ-શ્વેતવર્ણ (ત્રણ પ્રતિમાજી) ઉંચાઈ ૫૧ ઇંચ
પહોળાઈ ૪૩ ,,
પરિકર-ઉંચાઈ ૮૧ ,,
પહોળાઈ ૬૫ ,,

(૬) શ્રી શાંતિનાથપ્રભુ-શ્વેતવર્ણ, ઉંચાઈ ૨૧ ઇંચની

આ પ્રતિમાજી અત્યંત સુંદર ભાવવાહી નયનરમ્ય છે. આની પ્રતિષ્ઠા* સિસારવા ગામે મૂળનાયકપણે થયેલ છે.

આ રીતે શેઠાણી શ્રી જડાવબહેને શ્રાવિકાપણાને અનુરૂપ પોતાના હાથે લાભ લેવાની દૃષ્ટિએ અંજનશલાકા આદિનો પ્રસંગ ઉજવ્યો, તો ભાવીયોગે 'यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी'ना નિયમ પ્રમાણે અંજન-શલાકા-મહોત્સવ પછી શેઠાણીના શરીરમાં રોગોના વળતાં પાણી થયા,

* આ ગામ ઉદયપુરથી પશ્ચિમે ત્રણ માઈલ ઉપર છે.
કાર્તિક-પૂર્ણિમાએ ત્યાં શ્રી સિદ્ધાચલ-મહાતીર્થનો પટ્ટ બંધાય છે, અને ઉદયપુરનો સકળ-શ્રીસંઘ ઉત્સાહપૂર્વક યાત્રાએ આવે છે, પૂજા, રથયાત્રા, સાધર્મિક-વાત્સલ્ય ભારે ઠાઠથી થાય છે.

દવાના અનેક ઉપચારો છતાં વર્ષોથી જે સ્વાસ્થ્ય દિન-પ્રતિદિન દુર્લભ થઈ રહેલ, તે ધર્મ-પ્રભાવે અ-તર્કિત રીતે ઝડપથી આવવા લાગ્યું.

થોડા દિવસોમાં તો શેઠાણી સર્વથા રોગ-મુક્ત થઈ ગયા.

સુશ્રાવક શ્રી કપુરચંદ-શેઠે પણ ધર્મનો આવો જવલંત-પ્રભાવ જોઈ ખૂબ ભાવોલ્લાસથી **પૂ. શ્રી સુજ્ઞાનસાગરજી મ.**ની દોરવણી પ્રમાણે ભવ્ય-વિશાળ જિનમંદિરના નિર્માણના કાર્યમાં ઉમંગભેર ભાવોલ્લાસથી દત્તચિત્ત બની રહ્યા.

દહેરાસરના નિર્માણની સાથોસાથ **પૂ. શ્રી સુજ્ઞાન સાગરજી મ.** અને **જડાવબહેન** અને તેમના સંતાનોની ધર્મ-ભાવના વૃદ્ધિગત રહે તે મુજબ **બૃહદ્-ધારણા-યંત્ર** દ્વારા તપાસ કરતાં **શ્રી પદ્મપ્રભુજી, શ્રી શાંતિનાથ, શ્રી મહાવીર સ્વામી, શ્રી શીતલનાથ પ્રભુ** આદિ પ્રભુજીના નામો અનુકૂળ ભાસ્યા-પણ પૂ. શ્રી **સુજ્ઞાન સાગરજી મ. શ્રી** એ જિનમંદિર બંધાવવાની શરૂઆત વખતે વિચારાયેલ આવતી-ચોવીશીના પ્રથમ-તીર્થંકર શ્રી પદ્મનાભ-પ્રભુનું ભવ્ય વિશાળ-જિનબિંબ ભરાવવું ઉચિત લાગ્યું.

કેમકે આખા ભારતવર્ષમાં **શ્રી પદ્મનાભ**-તીર્થંકર-પ્રભુનું જિનાલય નથી, વળી **શ્રેણિક** મહારાજ ગાઢ-અવિરતિના ઉદયમાં પણ શ્રીવીતરાગ પરમાત્મા શાસન-નાયક **શ્રી વર્ધમાન સ્વામી-મહાવીર પ્રભુની** અવિહડશ્રદ્ધાપૂર્વકની અજોડ-ભક્તિબળે અસ્થિ-મજ્જાનુગત-પ્રભુ-ભક્તિ દ્વારા તીર્થંકરપદ ઉપાર્જિત કરી શકયા?"

તેથી પ્રભુ-શાસનના અદ્વિતીય-મહિમાને વ્યક્ત કરવાના પ્રતીકરૂપે **શ્રી પદ્મનાભ પ્રભુનું** ભવ્ય ભાવવાહી-બિંબ સાત હાથની કાયાના પ્રમાણને અનુરૂપ ભરાવવાનું સમયોચિત જણાયાથી તે રીતે **શ્રી કપુરચંદ શેઠ** અને શ્રી **જડાવબહેનને** તે બિંબ ભરાવવા પ્રેરણા આપી.

તદ્નુસાર શિલ્પકલા-નિપુણ અનુભવી-કારીગરોને બોલાવી અનર્ગળ દાન આપવા દ્વારા કારીગરોના ભાવોલ્લાસને વધારી પૂ. ગુરૂદેવની દોરવણી-દેખરેખતળે કારીગરોને ન્હવડાવી-ધોવડાવી શુદ્ધ-ભૂમિ પર ચોના મંગલ દીપક અને વિશુદ્ધ-સુગંધમય-વાતાવરણમાં ઉત્તમ-કોટિના આરસના પાષાણમાંથી અદ્ભુત આલ્હાદદાયક-જિનબિંબ ભરાવવાનું કામ શરૂ કરાવ્યું.

કારીગરોએ પણ ટૂંકે સમયમાં પૂ. શ્રી **સુજ્ઞાન-સાગરજી મ.**ની શાસ્ત્રીય-દેખરેખ પ્રમાણે **જંબૂદ્વીપના** શાશ્વત. ચૈત્યોની સંખ્યાને અનુરૂપ **૯૫ ઇંચની ઉંચાઇવાળા** અને **૮૧ ઇંચ પહોળાઈ** વાળા **શ્રીપદ્મનાભ પ્રભુનું** સુંદર ભાવવાહી બિંબ તૈયાર કરી દીધું.

જેનું કે પરિકર પણ શ્વેત-આરસના ઉત્તમ-પાષાણમાંથી **૧૩૫ ઇંચ** ઊંચુ અને **૧૦૩ ઇંચ પહોળુ** સાથોસાથ તૈયાર થઈ રહ્યું.

આની સાથે ભાવોલ્લાસની વૃદ્ધિ થવાથી પુરૂષાદાનીય **શ્રી પાર્શ્વનાથ-પ્રભુનું** સુંદર શ્વેતબિંબ તૈયાર કરાવેલ, જેનું કે પ્રમાણ આ પ્રમાણે :

ઊંચાઈ – ૬૯ ઈંચ
પહોળાઇ – ૫૭ ,,
પરિકર ઊંચાઈ – ૧૦૧ ,,
પહોળાઇ – ૮૧ ,,

આવા અદ્‌ભુત વિશાળ ભવ્ય-પ્રતિમાજીને અનુરૂપ દેરાસર પણ **સિંહનિષદ્યા**-આકારનું, **છ ચોકીના** ગભારાવાળું, **નવ ચોકીના** રંગ મંડપવાળું, **પાંચ શિખરવાળું** અદ્‌ભુત દેવવિમાન તૈયાર થયું.

પ્રતિમાજીને બિરાજમાન કરવા માટેનું પબાસણ પણ શ્વેત-આરસના શિલ્પાની કોતરણીવાળા **અનેક રૂપકામથી** સભર-પાષાણ દ્વારા બનાવડાવ્યું.

વિ. સં. ૧૮૧૯ ના મહા સુદ ૫ ના મંગળ મુહૂર્ત **કપુરચંદ શેઠે** સમસ્ત કુટુંબ પરિવાર સાથે ચઢતા-ઉમંગે ભાવોલ્લાસ સાથે **પૂ. સુજ્ઞાન સાગરજી મ.**ના હાથે અંજનશલાકા કરાવી પ્રતિષ્ઠિત કર્યા.

આ પ્રસંગે પ્રથમ શેઠાણીએ કરાવેલ પ્રાણ-પ્રતિષ્ઠામાં પ્રતિષ્ઠિત **શ્રી અજિતનાથ-પ્રભુની** પ્રતિમા મૂળનાયકજીના જમણા હાથે સ્થાપન કર્યા.

ડાબા હાથે **શ્રી પાર્શ્વનાથ-પ્રભુને** સ્થાપન કર્યા, ગભારામાં ઉત્તર અને દક્ષિણની દિવાલોમાં મોટા બે **ખત્તક**-ગોખલામાં **શ્રી ઋષભદેવ-પ્રભુના** ચાર જિનબિંબો-જે કે પૂર્વ પ્રતિષ્ઠિત કરાવેલ તે-બિરાજમાન કર્યા.

આ રીતે **કપુરચંદ શેઠે** યાત્રાર્થે આવેલ-તેમાંથી ક્ષેત્ર-સ્પર્શના અને ભૂમિના નિમિત્તની પ્રબળતાથી ગુજરાતના રહેવાસી છતાં લક્ષ્મીનો લહાવો મેવાડની ધરતી પર **પૂ સુજ્ઞાન સાગરજી મ.**ની પ્રેરણાથી ચઢતે રંગે-લીધો.

આવી વિશાળ જિનમૂર્તિના અંજનશલાકા-મહોત્સવ પ્રસંગે વિશિષ્ટ-આમંત્રણથી પધારેલા મહારાણા **શ્રી અરિસિંહજીએ ગુજરાતના શેઠે અહીં મારે ત્યાં આવા સુંદર દેવ-વિમાન જેવા જિનાલય લાખોના ખર્ચે બનાવી** તેની ખૂબ અનુમોદના સાથે દહેરાસરની પાછલી-જમીન ધર્મકાર્ય માટે ભેટ સ્વરૂપે આપવાની ઉદારતા દાખવી.

જેના પર **કપુરચંદ શેઠે** યાત્રાર્થે આવનાર સાધર્મિક-બંધુઓ માટેની નાની ધર્મશાળા બંધાવી, દહેરા સરની આગલી જમીન પણ મહારાણાશ્રીએ ભેટ કરી, એટલે આગળ અજવા-

જાની મોકળાશ રહે, તે રીતનો ખુલ્લો રંગમંડપ અને નગારખાનાવાળો ભવ્ય કમાનદાર–દરવાજો બનાવડાવી દેરાસરને અત્યંત સુંદર–દર્શનીય બનાવી દીધું.

કપુરચંદ શેઠે દેરાસરની સાથે બીજી પણ સગવડો સાધર્મિકો માટે કરી આપી, એટલે કે **શ્રી પદ્મનાભ પ્રભુ** અને **શ્રી શાંતિનાથ પ્રભુના** મંદિરોની વચલી ખાલી–જગ્યામાં **વિશ્રામગૃહ** જેવું સારા અધિકારી કે શેઠીયાઓ માટે આરામ કરવાની જગ્યા બનાવી આપી.

તેમજ **શ્રી શાંતિનાથ પ્રભુના** દેરાસરની જમણે નાનકડો ઉપાશ્રય પણ બનાવી દીધો અને દેરાસર આદિ સર્વ–ધર્મ–સ્થળોની સુરક્ષાર્થે ફરતો પાકો કોટ ચણાવી દીધો.

સુજ્ઞાનસાગરજીએ પોતાના ગુરૂદેવે સ્થાપેલ જ્ઞાનભંડારને સંસારી–જન્મભૂમિ **સંગ્રામ-ગઢ** માં રહેલ પુસ્તકો વગેરે મંગાવી સમૃદ્ધ કર્યો.

વિ. સં. ૧૮૨૨ લગભગ **પાટણથી** ધર્મયાત્રા અને સાચા જ્ઞાની–ગુરૂની નિશ્રાની શોધમાં નિકળેલ **સુશ્રાવક શ્રી ભગુભાઈ કેશરીયા**જી થઈ આવતી–ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી **પદ્મનાભ–પ્રભુના** દર્શનાર્થે **ઉદયપુર** આવતાં **પૂ. સુજ્ઞાનસાગરજી** મ.ના ઉપદેશ, સંયમ, ક્રિયા આદિથી પ્રભાવિત બની નિશ્રા સ્વીકારવા તૈયારી દર્શાવી, શ્રીસંઘે પણ આવો લાભ કયાંથી? એમ કહી ખૂબ સારી રીતે ધામધૂમથી ચોગાનના દેરાસરના વિશાળ પટાંગણમાં દીક્ષા અપાવી તેમનું નામ **ભાવસાગરજી** સ્થાપ્યું.

આ પ્રસંગે ઉદયપુરના **માણેકબહેનને** વિશુદ્ધ સંયમ–પંથે જવાની પ્રેરણા થતાં તેમની પણ દીક્ષા થઈ. તેમનું નામ **શ્રી મયણાશ્રીજી** રાખ્યું.

આ બાજુ પૂ. **સુજ્ઞાનસાગરજી** મ.ના ગુરૂ **શ્રી પદ્મસાગરજી** મ., **મુનિ સરૂપ-સાગરજી** મ. સાથે મારવાડ બાજુ વિહાર કર તેમનો સ્વર્ગવાસ **વિ. સં. ૧૮૨૫ અષાડ સુદ ૧૧**ના રોજ **મેડતા**માં સમાધિપૂર્વક થયો.

મુનિશ્રી **સરૂપસાગરજી**એ **હરસોલ**ના રહેનાર **નેણમલજી**ને ઉપદેશ આપી દીક્ષા આપી શ્રી **નાણસાગરજી** નામ આપી તેની સાથે મારવાડમાં વિચરતા હતા.

વિ. સં. ૧૮૩૬ના પોષ સુદ ૩ના પ્રાતઃકાળે **પાલી**–મુકામે શ્રી **સરૂપસાગરજી** મ.નો પણ સ્વર્ગવાસ થયો.

ત્યાર પછી શ્રી **નાણસાગરજી** મ. ગુજરાત બાજુ પધાર્યા અને **દમણ** (સુરત)ના નગીન-દાસ નામે શ્રાવકને બુઝવી દીક્ષા આપી, **મુનિ નિધાનસાગરજી** નામ આપી વિચરવા લાગ્યા.

જોધપુરના **મયાચંદજી** નામના યતિનો પરિચય થતાં તેમને શુદ્ધ સંયમ અને શાસ્ત્રની સામાચારી સમજાવતાં શુદ્ધ–સંયમની પ્રાપ્તિ કરવાનો ભાવ જાગતાં ધામધૂમથી દીક્ષા આપી. તેમનું નામ **મયાસાગરજી** રાખ્યું.

આ બાજુઉદયપુરમાં ઘણા ધાર્મિક કાર્યો કરાવી શ્રીસંઘને ધર્મમાં સ્થિર રાખનાર પૂ. મુનિ શ્રી **સુજ્ઞાનસાગરજી** મ. **વિ. સં. ૧૮૩૮ના શ્રા. સુ. ૫** રાત્રે પ્રતિક્રમણ પછી સંથારા પોરસી ભણાવતાં સમાધિપૂર્વક કાળ કર્યો.

પૂ. મુનિશ્રી ભાવસાગરજી મ.

શ્રી **ભાવસાગરજી** મ. પૂ. ગુરૂદેવની પરંપરાને જાળવી રાખી ઉદયપુરના શ્રીસંઘને ધર્મ-માર્ગે આગળ વધારવા વિશિષ્ટ-પ્રેરણા અવારનવાર આપવા લાગ્યા.

શ્રી **ભાવસાગરજી** મ.ની ભાષામાં મીઠાશ અવસરોચિત-શબ્દોનું પ્રભુત્વ ઘણું હતું.

તે કારણે મહારાણા શ્રી **ભીમસિંહજી** અવારનવાર બાગાનના મંદિરમાં પૂ. **ભાવ-સાગરજી** મ. સાથે જ્ઞાન ગોષ્ઠી કરવા આવતા.

મુનિ ભાવસાગરજી મ.ની ઉપદેશ-દક્ષતા, મિષ્ટ-ભાષિતા, નિસ્પૃહતા, નિખાલસતા આદિથી આકર્ષાઈ **મહારાણા**એ સ્વયં જાતે ગામમાં ઉપાશ્રય પાસે સરકારી **હાથીનું ઠાણ** (જુના જમાનાની હાથી બાંધવાની જગ્યા) હતું, તે દેરાસર બનાવવા અંગે ભેટ આપ્યું.

પૂ. **ભાવસાગરજી** મ.શ્રીએ શ્રીસંઘને પ્રેરણા કરી અને બહારગામથી પણ સારો ફાળો એકઠો કરાવી ઉંચી બેઠક ઉપર ૭૦ ફૂટ ઉંચું શિખરવાળું ભવ્ય નાના દેવવિમાન જેવું જિનાલય ટૂંક સમયમાં તૈયાર કરાવ્યું.

તેમાં આખા ભારતવર્ષમાં ક્યાંય નહીં એવું અદ્‌ભૂત ૧૦૦૮ ફણાવાળું શ્વેત અત્યંત મનોહર શ્રી **પાર્શ્વનાથ પ્રભુનું** બિંબ જે કે ૭૩ ઈંચ ઊંચું અને ૩૯ ઈંચ પહોળું છે.

આ બિંબની વિશિષ્ટતા એ છે કે,—

શ્રી મૂલનાયક પ્રભુ બે બાજુના કાઉસ્સગ્ગીયા, પરિકરમાંના બે પદ્માસનસ્થ પ્રતિમાજી, ૧૦૦૮ ફણા તથા ભવ્ય કલાત્મક-પરિકરની ગાદીવાળું પબાસણ.

આ બધું એક જ અખંડ-પાષાણનું છે તેમજ ઠેઠ નીચે નાગની મોટી-સ્પષ્ટપણે આકૃતિ દર્શાવેલ છે.

આવા વિશિષ્ટ અનોખા-જિન-મંદિરની **વિ. સં. ૧૮૪૭ વૈશાખ સુદ ૧૦** (દશમ)ના પ્રતિષ્ઠાના મંગળ દિવસે પૂ. **મુનિ શ્રી ભાવસાગરજી** મ.ના હાથે અંજનશલાકા ઘણા પ્રતિ-માજીઓની થઈ.

શ્રી **સહસ્રફણા પાર્શ્વનાથ** પ્રભુ તથા**શ્રી સુવિધિનાથ પ્રભુ** અને **શ્રી સંભવનાથ પ્રભુ**ની શ્યામ-પાષાણની ભવ્ય મનમોહક મુદ્રાવાળી પ્રતિમાજી તથા દેરાસરની પ્રદક્ષિણામાં ડાબે સુંદર દેરીમાં **શ્રી નંદીશ્વરદ્વીપ** સુંદર શ્વેત-પટની સ્થાપના થઈ.

આગળ ઉપર ચાલુ

આ રીતે વિ. સં. ૧૮૫૬ના વૈશાખ સુદ ૩ (ત્રીજ)ના રોજ પ્રદક્ષિણામાં જમણે ઢેરીમાં **શ્રી ચક્રેશ્વરી** (શાસનદેવી)ની સ્થાપના તેમજ મૂળ-મંદિર સામે મુખ્ય-પ્રવેશદ્વારની બંને બાજુ નાના શિખરબદ્ધ-જિનાલય બનાવી તેમાં સુંદર જિન-બિંબોની પ્રતિષ્ઠા થઈ, અને પ્રવેશદ્વાર ઉપર નોબતખાનું બનાવી ઉપર ઘુમટીવાળી છત્રી બનાવી સુંદર પ્રવેશદ્વાર બનાવ્યું, બંને બાજુ ચોતરા પર પત્થરના સુંદર-કલાત્મક હાથી બનાવી રાજમાર્ગ પરથી પસાર થનાર ભાવુક-પુણ્યાત્માને જિન-મંદિરના દર્શન કરવાનો ભાવ જગાડવાની સફલ ગોઠવણ કરી.

વળી પૂ. ગુરૂદેવશ્રીના વખતમાં સ્થાપિત થયેલ ઉપાશ્રયના ઉપલા-ભાગે જ્ઞાનભંડારની પાસેની રૂમમાં વિ. સં. ૧૮૪૬માં સ્ફટિક-રત્નનું **શ્રી પાર્શ્વનાથ-પ્રભુનું** સુંદર જિન-બિંબ **પાટણના** એક શ્રાવક ભાઈ પાસેથી મેળવી પરોણા દાખલ પધરાવેલ, તે પ્રભુજીને યોગ્ય પબાસણ આદિ બનાવવા સાથે **વિ. સં. ૧૮૫૬ના વૈશાખ સુદ ૩** (ત્રીજ)ના મંગળ દિવસે કાયમી પ્રતિષ્ઠા કરી શ્રી **ગોડીજી-પાર્શ્વનાથ-મંદિરની** સ્થાપના કરી.

વિ. સં. ૧૮૬૦માં બીકાનેરથી પ્રાચીન-જ્ઞાનભંડારને સુરક્ષિતપણે લાવી જ્ઞાન-ભંડારને સુ-સમૃદ્ધ કર્યો.

વિ. સં. ૧૮૭૭ના કાર્તક વદ ૦)) (અમાસ)ની રાત્રિએ પ્રભુ **મહાવીર-પરમાત્માનું** ગણણું ગણતાં જ આયુષ્ય પૂર્ણ થયેથી **પૂજ્ય ભાવસાગરજી** મ. કાળધર્મ પામ્યા.

૯. પૂ. મુનિશ્રી નાણસાગરજી મ.

વિ. સં. ૧૮૮૩માં પૂ. મુનિ શ્રી નાણસાગરજી મ. પોતાના બે શિષ્યો [મુનિ **નિધાન સાગરજી** મ., પૂ **મયાસાગરજી મ.**] સાથે ગુજરાત-બાજુથી વિહાર કરી **ઉદયપુર** પધાર્યા.

શ્રી નાણસાગરજી મ. શ્રીએ પોતાના પૂર્વ-ગુરૂઓની પ્રેરણા આપવાની પદ્ધતિને ચાલુ રાખી ઉદયપુરના શ્રીસંઘને ઉપદેશ આપી **ગોડીજીનું મંદિર, શ્રી ચોગાનના** બે જિનાલયો અને **ધર્મશાળાનો** જીર્ણોદ્ધાર કરાવ્યો.

પાટણ, અમદાવાદ, સુરત, દમણ, પાલીતાણા આદિ સ્થળોથી સુંદર પ્રાચીન આગમ-ગ્રંથો વિ.નો વિશાળ-જ્ઞાનભંડાર મંગાવડાવી સુરક્ષિતપણે પૂ. ગુરૂદેવના સ્થાપેલ જ્ઞાનભંડારને સુ-સમૃદ્ધ બનાવ્યો.

વિ. સં. ૧૮૭૭ના ભાદરવા વદ ૧૪ના પક્ષી-પ્રતિક્રમણમાં પૂ. શ્રી **નાણસાગરજી** મ. શ્રી **અજિત-શાંતિ** સ્તવન બોલતાં-બોલતાં જ કાળધર્મ પામ્યા.

૧૦. પૂ. મુનિશ્રી નિધાનસાગરજી મ.

પછી પૂ. **મુનિશ્રી નિધાનસાગરજી** મ. તથા **મુનિશ્રી મયાસાગરજી** મ. પૂ. ગુરૂદેવે બનાવેલ ધર્મની વાડીને યોગ્ય ઉપદેશ-પ્રેરણા દ્વારા સિંચી તાજી કરતા રહ્યા.

પાલી, પીપાડ, મિરજાપુર આદિ ગામોથી અનેક પુસ્તકો–પ્રતો મંગાવી જ્ઞાનભંડારને સુ–સમૃદ્ધ કર્યો.

વિ. સં. ૧૮૯૩માં પૂ. મુનિશ્રી મયાસાગરજીએ મારવાડ–તરફ વિહાર કર્યો, ત્યાંથી તેઓ ગુજરાત તરફ પધારી ગયા.

પૂ. મુનિશ્રી નિધાનસાગરજી મ. પોતાની કાયા અશક્ત થવા લાગી અને પોતાના ગુરૂભાઈઓ કે તેમનો શિષ્ય–પરિવાર કોઇ દેખરેખ માટે આવે તેમ ન હોઇ **વિ. સં. ૧૯૧૪માં** શ્રીસંઘના ધર્મનિષ્ઠ–આગેવાન શ્રાવક **શાહ કિસનચંદજી ચપડોદ** આદિને બોલાવીને ભલામણ કરી કે—

"અમારા સાધુઓ ગુજરાત તરફ છે, તેઓ હાલ આવી શકે તેમ નથી, મારૂં શરીર હવે થાકયું છે, માટે તમે આ બધા ધર્મ–સ્થાનોની દેખરેખ–તપાસ કરો !!! ધર્મબુદ્ધિએ ધર્મસ્થાનોની દેખરેખ–વહીવટ આત્માની શુદ્ધિનું કારણ છે. તેથી ગુજરાત બાજુથી અમારા સાધુઓ આવે તે દરમિયાન તમે શ્રાવકપણાની ફરજરૂપે આ ધર્મસ્થાનોની દેખરેખ રાખો."

સુશ્રાવક શ્રી કિસનજી ચપડોદ, ટેકચંદ કોઠારીને સાથે રાખી પૂ. મહારાજશ્રીની આજ્ઞા પ્રમાણે શ્રી સહસ્રફણાજી, શ્રી યોગાનના મંદિરો, ગોડીજી ઉપાશ્રય, ધર્મશાળા, ગોડીજી જ્ઞાન-ભંડાર વિ. ની દેખરેખ રાખવા માંડયા.

જેઠ સુદ ૧૧ના રોજ પૂ. મુનિશ્રી નિધાનસાગરજી મ. સમાધિ–પૂર્વક સ્વર્ગવાસ પામ્યા.

મહાપુરૂષ કોણ ?

જન્મથી બાલ્યાવસ્થાની રહેણી–કરણીથી પૂર્વ–જન્મની વિશિષ્ટ ક્ષાયોપશમિક–આરાધનાના બળે અપૂર્વ આત્મ–શક્તિના ચમકારાથી વિકારી–વાસનાઓના વાતાવરણની અસરમાં અંજાયા વિના અનન્ય–સાધારણ વિશિષ્ટ ઉદાત્ત જીવન–માર્ગથી બુદા તરી આવનારા મહાપુરૂષો જગતને રાગ–દ્વેષ–મોહના ત્રિ–ભેટે સર્વ–જીવોને હિતકારી–રાજમાર્ગનું નિર્દેશન કરી શકે છે.

ટૂંકમાં મનની દોરવણીને ગૌણ કરી શ્રી અરિહંત–પરમાત્માની આજ્ઞા પ્રમાણે જીવનની પ્રક્રિયાઓને ગોઠવનારા મહાપુરૂષો હકીકતમાં સંસારને સદા કાળ માટે જીવન–જાગૃતિની અ–મિટ પ્રેરણા આપતા હોય છે.



રાજનગર–અમદાવાદના
નગરશેઠ–વંશના
આદ્યપુરૂષ



શ્રી શાંતિદાસ ઝવેરી

(પૃ. ૩૫૫)





પ્રકરણ ૨૨

ચરિત્ર-નાયકશ્રીના વ્યક્તિત્વને ચમકાવનારી સાગર-શાખાના અધિનાયકોથી પ્રભાવિત અમદાવાદ નગરશેઠના વંશજોની પુ....ણ્ય....ગા....થા....



આ બાજુ ધર્મ-પુરી તરીકે વિખ્યાત શ્રી રાજનગર (અમદાવાદ)નું નગર-શેઠનું કુટુંબ ખૂબજ ધર્મનિષ્ઠ-વિવેકી તરીકે આદર્શ ગણાતું, તે કુટુંબની ધર્મ-ભાવનાને પોષનારા (પૂ. ચરિત્રનાયકશ્રી તપાગચ્છની જે સાગર-શાખાના મહાન પ્રભાવક નિવડ્યા, તે) સાગર-શાખાના વિશિષ્ટ-જ્યોતિર્ધર મહાપુરૂષો હતા. (જેની વિગત આગળ આવશે). પણ તે નગરશેઠ-કુટુંબના આદ્ય-પુરૂષ સ્વનામ-ધન્ય શ્રી શાન્તિદાસ-શેઠ સંબંધી ઐતિહાસિક સબલ-પ્રમાણોના આધારે જાણવા મળે છે કે—

દિલ્હીના તખ્ત પર મોગલ સલ્તનતના શાસનકાળે અજબ-ગજબના બાદશાહો થઈ ગયા, તેમાં **સમ્રાટ-જહાંગીરનું** શાસન ભારે દોર-દમામવાળું નિવડેલ.

તે સમ્રાટ જહાંગીરના રાજ્યકાળમાં થએલ એક ઘટના ઇતિહાસના પાને નોંધાએલ છે કે—

"રાજા, વાજાં ને વાંદરાં, ત્રણેને જેમ પ્રેરણા આપો તેવા ચાલે" એ કહેતી મુજબ તેમજ **"રાજાને કાન હોય પણ સાન નહિ"** લોકોક્તિના આધારે સમ્રાટ-જહાંગીરને એક વખત એવો તરંગી નુસ્ખો ઉઠ્યો કે **"મારી કિંમત કેટલી?"** અને દરબારમાં બધાની સમક્ષ આ પ્રશ્ન રજુ કરી સાબિત કરવા માટેના પ્રમાણો સાથે તેનો ખુલાસો માગ્યો.

આખી સભા સ્તબ્ધ થઈ ગઇ. રાજસત્તાના સિંહાસન પર બેઠેલ અને મોગલાઈની ઝનૂની-કારમી-અસરવાળા તરંગી-બાદશાહને **"આપની કિંમત અણમોલ"** એમ કહેવા-માત્રથી સંતોષ ન થાય, સાબિત કરવાની તૈયારી ન હોય તો ગર્દન મારી નાખે! એટલે ભલ-ભલા નીતિજ્ઞો, વિદ્વાનો અને વ્યવહાર-કુશળ સમજુ-લોકો પણ ભોંઠા પડ્યા.

પોતાની સભાના વિદ્વાનો આ ખુલાસો ન કરી શકે તો પોતાની પણ નામોશી કહેવાય! એ વિચારણાથી અહંકારના પડળમાંથી નિકળતી ધુંધવામણ બાદશાહની આંખોમાં રોષની લાગણી રૂપે પ્રગટ થવા માંડી, પરિણામે સભા-જનો ગભરાઈ ગયા હતા.

એટલામાં **મારવાડ**–બાજુના ઉત્તમ ક્ષત્રિય–કુળમાં જન્મેલ અને શિકારના પ્રસંગે ત્યાગી–સાધુ ભગવંતના ઉપદેશામૃતથી 'અબોલ–નિરપરાધી જીવોને મારવામાં ક્ષાત્રવટ શી? અન્યાયભરી–નીતિ સામે દુર્બળોને રક્ષણ આપવામાં સાચી ક્ષાત્રવટ છે,' એમ સમજી શિકારાદિનો ત્યાગ કરી ઉદાત્ત–જીવનચર્યા તરફ વળેલ પુણ્યવાનના સંતાન, પૂર્વના પુણ્યે–બળે ઝવેરાત પારખવાની વિશિષ્ટ–દૃષ્ટિ મેળવી ઊંચા ભારે–ઝવેરાતનો વ્યવસાય સ્વીકારી નિર્દોષ–જીવન જીવનાર **શ્રી શાન્તિદાસ શેઠ** પોતાના પરિચિત બીજા ઝવેરી–મિત્રોની સાથે કુતૂહલ–વૃત્તિથી **સમ્રાટ્ જહાંગીરના** દરબારમાં આવીને બેઠા હતા.

ત્યાં બાદશાહના રમુજ–ભર્યા પ્રશ્ને વિષમ–સ્થિતિ ઉભી કર્યાનું નિહાળી **શ્રી શાન્તિદાસ** શેઠે પોતાના સ્નેહી–ઝવેરી મિત્રને વાત કરી કે–'**શું? આવા નજીવા પ્રશ્નમાં આખી સભા ચૂપ થઈ ગઈ?**'

એટલે તકનો લાભ લઈ બાદશાહના હૈયામાં સ્થાન પ્રાપ્ત કરી ધંધાકીય–દૃષ્ટિએ ઝવેરાતનો વ્યવસાય શાહી–ઘરાણામાં ફેલાવી અર્થ–લાભ અને રાજ–સન્માન મેળવવાના બેવડા–લાભને ધ્યાનમાં રાખી **દિલ્હી**ના સ્થાનિક–ઝવેરીઓએ બાદશાહ–સમક્ષ **શ્રી શાન્તિદાસ–શેઠને** રજુ કરી યોગ્ય–ખુલાસો આપવાની અરજ કરી.

એટલે બાદશાહે તીણી નજર કરી **શ્રી શાન્તિદાસ**–શેઠના અજાણ્યા–ચહેરાને પણ પ્રૌઢ પ્રતિભાવન્તો નિહાળી ચકિત બની પૂછ્યું કે "**આ કોણ?**" એટલે ઝવેરીઓએ કહ્યું કે "**ગુજરાતના પાટનગર–(રાજનગર) અમદાવાદના પ્રખ્યાત ઝવેરી શ્રી શાન્તિદાસ–શેઠ વ્યવસાયાર્થે અહીં અમારે ત્યાં પધારેલા છે.**"

"આજે સહજ–ભાવે અમારી સાથે રાજ–સભામાં પધાર્યા અને તેઓના કહેવા મુજબ **આવા નજીવા–સવાલમાં બધા કેમ ગૂંચાયા?**" એ વાતનો ખુલાસો અમને પૂછી રહ્યા હતા, એટલે અમે આપની હજુરમાં તેઓને લઈને આવ્યા છીએ."

બાદશાહે સ્મિતપૂર્વક પાનનું બીડું અપાવી સન્માન કરી પૂછ્યું કે "**બોલો! મારા પ્રશ્નનો ખુલાસો શો?**" એટલે **સાગર–શાખાના** પ્રભાવશાળી **પૂ. ઉપાધ્યાય શ્રી સહજસાગરજી મ** ના વરદ–વાસક્ષેપથી અવનવી–પ્રતિભાથી શોભતા **શ્રી શાન્તિદાસ–શેઠ** બેધડક બોલ્યા કે હજુર! જહાંપનાહ! આપકે સવાલકા જવાબ કહકે બતાઉં? યા કરકે દિખાઉં?"

બાદશાહે કહ્યું કે "નહીં! નહીં! મેરા જવાબ યદિ તજુર્બેસે નહી કરકે દિખાઓ તો બહુત અચ્છી બાત હૈ"

પોતે પોતાની પાસેનો મોતી તોલવાનો કાંટો કાઢી એક પલ્લામાં એક રતિ નાંખી બીજું પલ્લું ખાલી રાખ્યું, તો રતિવાળું પલ્લું નીચે બેસી ગયું.

બાદશાહે કહ્યું કે સાફ સમજાઓ! क्या कहा आपने!"



શ્રી શાન્તિદાસ-શેઠે કહ્યું કે "હજુર ! હમારે ઔર આપકે બીચ એક રતિ = ભાગ્ય = તકદીરકા ફરક હૈ ! તો આપકી કિંમત હમસે એક રતિ જ્યાદા હૈ'

"યદિ આપકા તકદીર સિકંદર ન હોતા તો આપ ઉસ પાયતખ્ત પર ઔર હમલોગ યહાં નીચે ક્યોં ?"

બોલવાની છટા અને માર્મિક-શબ્દોની વિશિષ્ટ-શૈલિથી **બાદશાહ** ખૂબ પ્રસન્ન થયો અને જુવાનીના તરવરાટવાળા હસમુખ-ચહેરાવાળા શ્રી શાન્તિદાસ-શેઠ પર ફીદા થઈ તેમનો પોતાનો માનીતો-ઝવેરી બનાવી લીધો.

સમ્રાટ-જહાંગીર પછી **બાદશાહ શાહજહાં** ઝવેરાતના અદમ્ય-શોખને પોષવા સાડા છ કરોડના ઝવેરાતથી મઢેલ સુંદર કલાત્મક ખુલ્લા-પીંછાંવાળા મોરના આકારના **મયૂરાસન** તરીકે ઓળખાતા ભવ્ય **સ્વર્ણ-સિંહાસન** પર બેસી રાજકચેરીમાં અદલ ઈન્સાફ તોળતો,

આ ઉપરાંત શાહી ખજાનામાં **પણ** ૬ થી ૭ કરોડનું ઝવેરાત ખરીદેલ.

આ બધા ઝવેરાતની ખરીદી શ્રી શાન્તિદાસ-શેઠ મારફત કરેલ.

બાદશાહના-મામા એના પ્રામાણિક ઉલ્લેખો પણ આજે મળે છે કે "**બાદશાહ શાહજહાં ઝવેરાતનો એટલો બધો રસિક હતો કે તે પોતાના શરીર પર વિવિધ આભૂષણો આદિ રૂપે બે કરોડનું ઝવેરાત પહેરતો.**"

આ ઉપરાંત "ખુદાની બંદગી કરવા માટે નમાજ પછી પરમાત્માનું નામ લેવા માટેની બે માળાઓ ૨૦ લાખની કિંમતના ઝવેરાતની રાખતો."

આવા સોળે કળાએ દીપી ચહેલ ભાગ્યના સ્વામી શ્રી શાન્તિદાસ-શેઠના પાંચ પુત્રો હતા.

શેઠ ધનજી, શેઠ રતનજી. શેઠ લક્ષ્મીચંદ, શેઠ માણેકચંદ, શેઠ હેમચંદ.

પણ આમાંથી શ્રી માણેકચંદ-શેઠનો વંશ સુરતમાં અને શ્રી લક્ષ્મીચંદ-શેઠનો વંશ રાજનગર-અમદાવાદમાં સ્થિર થયો.

શ્રી લક્ષ્મીચંદ શેઠના પુત્ર શ્રી ખુશાલચંદ શેઠે વારસા-ગત મેળવેલ ઉદારતા, હિંમત, સમય-સૂચકતા આદિ ગુણોના બળે શ્રી સંઘની અનેક મૂંઝો ઉકેલવા ઉપરાંત સમસ્ત **અમદાવાદની** પ્રજાને પણ ભારે આફતમાંથી બચાવ્યાનો દાખલો ઇતિહાસના પાને સુવર્ણાક્ષરોમાં અંકિત છે તે આ મુજબ :-

"જ્યારે **મરાઠા**-લશ્કર **અમદાવાદ** પર લૂંટ-ફાટ કરવા માટે ધસી આવ્યું, ત્યારે શ્રી ખુશાલચંદ શેઠ નગર-શેઠ તરીકે સમસ્ત પ્રજાના જાન-માલની રક્ષણ કરવાની પોતાની ફરજ ધ્યાનમાં લઈ સામે-પગલે સાક્ષાત યમની પ્રતિમૂર્તિ સમા કરડા-મિજાજના **મરાઠા સેનાપતિ** પાસે ખડિયામાં ખાંપણ રાખી હિંમતભેર ગએલ અને વાટાઘાટ દરમિયાન "**તમારે જોઇએ**

તેટલું ધન રોકડ રકમ, ઝવેરાત વગેરે હું આપું ! પણ મારી પ્રજાને લૂંટી હેરાન ન કરવી" એમ સમજાવી રંજાડ કે લૂંટફાટ કરવા દીધા સિવાય કુનેહથી પાછો વાળ્યો હતો."

આ રીતે આખા અમદાવાદની સમૃદ્ધિ અને પ્રજાના જાન-માલનું રક્ષણ કરીને પોતાની નગરશેઠાઈને ચાર-ચાંદ લગાડનાર શ્રી ખુશાલચંદ શેઠનાં સાગર-શાખાના મહાપ્રભાવક પૂ. ઉપા. શ્રી સહજસાગરજી મ. ના શિષ્ય પૂ. ઉપા. શ્રી જયસાગરજી મ. ના શિષ્ય પૂ. ઉપા શ્રી ન્યાયસાગરજી મ. આદિ મુનિ-ભગવંતોએ કરેલ ધર્મના સંસ્કારોના ઊંડા-સિંચનના ફળ રૂપે કેળવાએલ વિશિષ્ટ અજબ હિંમત અને કર્તવ્ય-નિષ્ઠાના બહુમાન તરીકે અમદાવાદની હિંદુ-મુસ્લીમ સમસ્ત-પ્રજાએ સ્વેચ્છાપૂર્વક એવો ઠરાવ દસ્તાવેજ રૂપે લખીને શેઠશ્રીના ચરણે કૃતજ્ઞતાપૂર્વક ધર્યો કે-

"અમદાવાદ શહેરમાં કાંટા પર જેટલો માલ તોલાય, તે માલ ઉપર સેંકડે ૧ ટકો શેઠને ભેટ ધરવો."

આ ઉપરાંત **પૂનાની પેશ્વા** સરકાર અને **વડોદરાની ગાયકવાડ** સરકાર પણ શેઠની નિરભિમાનિતા, પ્રજા-વત્સલતા, ન્યાય-પરાયણતા, ઉદારતા આદિથી આકર્ષાઈ બહુમાનપૂર્વક પાલખી, છત્ર અને વાર્ષિક રોકડ રકમ વર્ષાસન રૂપે ભેટ પ્રતિવર્ષ મોકલી શેઠનું ગૌરવ જાળવતી.

આવા ખુશાલચંદ શેઠની ગાદીએ શ્રી નથુશા શેઠે વિવિધ ધર્મકાર્યો અને સમાજ-જ્ઞાતિનાં તેમજ લોકહિતનાં ઉદાત્ત કાર્યો કરી નગરશેઠાઈ દીપાવી.

તેમના પુત્ર શ્રી વખતચંદ શેઠ પણ વારસા-ગત ધર્મના સંસ્કારોને સાગર-શાખાના પરંપરાનુક્રમે ચાલ્યા આવતા પૂ. શ્રી જીતસાગરજી મ., પૂ. શ્રી. મયગલ સાગરજી મ., પૂ. શ્રી પદ્મ સાગરજી મ. આદિના પ્રભાવશાળી ધર્મોપદેશથી સુ-સમૃદ્ધ બનાવી ખૂબ પ્રતાપી બની ધર્મનાં વિશિષ્ટ કાર્યો કરી યશસ્વી અને કીર્તિ-કળાથી શોભિત બન્યા હતા.

તે વખતની સત્તાની સાઠમારીના અ-સ્થિર કાળમાં અમદાવાદની સ્થાનિક-પ્રજાને અવસરે-અવસરે અનેક રીતે રાજદ્વારી અંધાધૂંધીમયી આક્રમણ અને ભયોમાંથી બચાવી લીધેલ.

જેનો એક દાખલો ઇતિહાસમાં નોંધાએલ છે. કે-

"એક વખતે અંગ્રેજ-સેનાપતિ **ગોડાર્ડે** કોઈક નજીવા કારણસર કોઈક વિદ્વેષીના ભરમાવવાથી આખું શહેર લૂંટી લેવાનો હુકમ કરેલ.

શ્રી **વખતચંદશેઠને** આ વાતની જાણ થતાં જ તુર્ત **અંગ્રેજ સેનાપતિને** મળી બાહોશીથી સામ-દામની નીતિ વાપરીને સમજાવી હુકમ પાછો ખેંચાવી આખા-**અમદાવાદને** ભયંકર-ઉપદ્રવમાંથી બચાવી લીધેલ."



આવા પુણ્યનામધેય શ્રી **વખતચંદ શેઠ**ની અપૂર્વ જાહોજલાલી એટલી બધી હતી કે તે વખતના નાના-મોટા દેશી-રજવાડાઓ નાણાંભીડ વખતે **"સંકટ સમયની સાંકળ"**ની જેમ પોતાના ગામો ગીરવે મૂકી નાણાં મેળવી શાન ટકાવતા.

ઇતિહાસમાં એવું પણ જાણવા મળે છે કે–

"કાઠીયાવાડના **ગોહીલ** રજપૂતોના વડા **પાલીતાણા**ના દરબારે નાણા-ભીંસમાં આવી જવાથી પાલીતાણા શ્રી **વખતચંદ** શેઠને ત્યાં ગીરવે મૂકી દીધેલું."

ઈસ. ૧૮૨૦માં **કર્નલ વોકરે** કરેલ સેટલમેંટ પહેલાં શ્રી **વખતચંદ શેઠ અમદાવાદ** બેઠાં પણ તરણ-તારણહાર ગિરિરાજ **શ્રી સિદ્ધાચળ-મહાતીર્થ**ના સફળ વહીવટ બાહોશ કાર્યકરો દ્વારા ચલાવતા હતા.

આ શેઠશ્રીએ જીવનની સફળતા-ધન્યતા મેળવવા **ઝવેરીવાડમાં વાઘણપોળના** નાકે જ અદ્‌ભુત અનેક-તીર્થોની રચનાવાળું દેવ-વિમાન જેવું **શ્રી અજિતનાથ પ્રભુનું** દેરાસર ૪૦ હજારના ખર્ચે બંધાવેલ, જે આજે પણ અનેક ભવ્યાત્માઓને આલ્હાદ અને સમ્યકત્વ-શુદ્ધિનું કારણભૂત નિવડી રહ્યું છે.

આવા ધર્મનિષ્ઠ **શેઠશ્રી વખતચંદ-શેઠને** સાત દીકરાઓ હતા. પણ કાળબળે તેમાંથી શ્રી **હેમાભાઇ** અને **શ્રી મોતીભાઈ** બે દીકરા પ્રભાવશાળી અને વારસાગત-સમૃદ્ધિને જાળવનારા નિવડયા.

આ રીતે શ્રી શાન્તિદાસ શેઠથી શરૂ થયેલ નગરશેઠાઈ સાથે ધર્મપ્રભાવકતા ઉત્તરોત્તર વધતી વધતી ચોથી પેઢીએ થયેલ **શ્રી હેમાભાઈ** શેઠમાં તે વખતના કાળની વિષમ પરિસ્થિતિમાં પણ સોળે કળાએ ખીલી ઉઠી હતી.

તે વખતે કાળબળે શિથિલાચારી થઈ ગએલ મુનિઓની વિષમ આચરણાથી સંવેગી-સાધુઓની કડક સંયમ પાલન કરવાની વૃત્તિ સતેજ થવા પામી હતી.

શ્રીસંઘની કરોડરજ્જુસમા નગરશેઠના કુટુંબમાં શ્રી શાન્તિદાસ શેઠના વખતથી સંવેગી પરંપરામાં વર્તમાનકાલીન સાગર-શાખાના આદ્ય-પુરૂષ પૂ. ઉપા. શ્રી સહજસાગરજી મ. ના વખતથી ઉચ્ચ-કોટિના ત્યાગ-તપ-સંયમના નિર્મળ વારિનું સિંચન ત્યાગી જીવનની અપૂર્વ-પ્રતિભાથી સતત્ ચાલુ રહેલ.

તેના પરિણામે સાગર-શાખાના સાધુઓની પરંપરામાં યથોત્તર પટ્ટ-ક્રમે આવતા ત્યાગી-પુંગવોનો પરિચય નગરશેઠના કુટુંબમાં વધુ પ્રભાવશાળી રહ્યો.

ફલ–સ્વરૂપે *શ્રી શાંતિદાસ શેઠથી ચોથી પેઢીએ થયેલ શ્રી હેમાભાઇ શેઠે પોતાના પૂર્વ–પુરૂષોના પગલે–પગલે વિશિષ્ટ–ધર્મકાર્યો શ્રીસંઘના સર્વ–હિતકારી અનેક–પ્રશ્નોના સફળ ઉકેલ કરવા સાથે જીવદયા, જનહિત અને પરોપકારી–કાર્યોમાં ભાગ લઈ જૈનત્વની ઘેરી છાપ લોક–માનસમાં અંકિત કરેલ.

વળી નગરશેઠ હેમાભાઇએ ઉદાત્ત–ધર્મી–વૃત્તિના વિકાસના બળે તરણ–તારણહાર પવિત્રતમ શ્રી શત્રુંજય ગિરિરાજના નાના–મોટા અનેક દેરાસરોના જીર્ણોદ્ધાર કરાવવા સાથે સાડા–ત્રણ લાખ રૂપિયા ખરચી દેવવિમાન જેવી ભવ્ય મોટી ટૂંક શ્રી **સિદ્ધાચલ- મહાતીર્થે** અપૂર્વ ભાવોલ્લાસ સાથે બંધાવી હતી.

આવા ધર્મનિષ્ઠ, વિવેકી તેમજ દીર્ઘ–દર્શી શ્રી હેમાભાઈની ઉદાત્ત ધાર્મિક–ભાવના કર્તવ્યોથી ઓપતું નગરશેઠનું ધર્મ–વાસિત કુટુંબ કાળબળે વધુ પ્રમાણમાં ફેલાઈ રહેલ શિથિલાચારી–

* **શ્રી શાન્તિદાસ શેઠથી** શરૂ થયેલ નગરશેઠની વંશાવલી નીચે મુજબ છે.

ઝવેરી
શ્રી શાન્તિદાસ શેઠ
↓
શ્રી લક્ષ્મીચંદ શેઠ
↓
શ્રી ખુશાલચંદ શેઠ
↓
શ્રી નત્થુશાહ શેઠ
↓
શ્રી વખતચંદ શેઠ
↓

શ્રી હેમાભાઈ શેઠ	શ્રી મોતીચંદ શેઠ
↓	↓
શ્રી પ્રેમાભાઈ શેઠ	શ્રી ફતેભાઈ શેઠ
↓	↓
શ્રી મણીભાઈ શેઠ	શ્રી ભગુભાઈ શેઠ
↓	↓
શ્રી કસ્તુરભાઈ શેઠ	શ્રી દલપતભાઈ શેઠ
	↓
	શ્રી લાલભાઈ શેઠ
	↓
	શ્રી કસ્તુરભાઈ શેઠ

યતિઓની ચારિત્રની શિથિલતાથી ઉભગી તે વખતના સંવેગી–શાખાના થોડા પણ વિશુદ્ધ ક્રિયાપાત્ર સુવિહિત–મુનિવરોના નિર્મળ–ચારિત્રને જોઈ તેઓ પ્રતિ ગુણાનુરાગ બળે પક્ષપાતી બનેલ.

તેમાં પણ રજપૂત–કુળની શિકાર આદિ અશુભ–પ્રવૃત્તિઓમાંથી પાછા ફરી પૂર્વજોએ સદ્‌ગુરૂ–યોગે મેળવેલ અ–હિંસાના માર્ગને પોષક ઉદાત્ત–સંસ્કારોના વારસાથી સુ–સમૃદ્ધ પોતાના વંશના આદ્યપુરૂષ શ્રી શાંતિદાસ શેઠને ધર્મોપદેશ દ્વારા શ્રાવક–ધર્મમાં સ્થિર કરનાર વર્તમાન કાલીન સાગર–શાખાના આદ્યપુરૂષ તરીકે મનાતા પૂ. ઉપા. શ્રી સહજસાગરજી મ.ની પરંપરાએ પટ્ટાનુક્રમે સાગર–શાખીય–મહાપુરૂષોની ઉદાત્ત–ધર્મપ્રેરણાની મધુર–સ્મૃતિને તાજી રાખી વર્તમાનકાળે સાગર–શાખાના મહાન–પ્રભાવક શુદ્ધ–ચારિત્રી ક્રિયાનિષ્ઠ–સાધુભગવંતોનો પ્રત્યક્ષ રીતે વધુ લાભ મેળવવાના શુભ આશયથી મારવાડ બાજુ વિચરી રહેલ પૂ. મુનિ શ્રી મયાસાગરજી મ.ને વારંવાર ભક્તિભર્યા–વિજ્ઞપ્તિપત્રો દ્વારા આગ્રહભરી વિનંતી ગુજરાત બાજુ પધારવા નગરશેઠ–કુટુંબના મુખ્ય પુરૂષ શ્રી હેમાભાઈએ કરી.



સદ્‌ગૃહસ્થોની શોભા

વિવેક–સંપન્ન આદર્શ શ્રાવક જીવનની મર્યાદાને જાળવી રાખવા માટે સદ્‌ગૃહસ્થોએ આદર્શ જીવન–પદ્ધતિનું ઉચિત જ્ઞાન જ્ઞાની–ગુરૂઓની નિશ્રામાં મેળવવાથી જીવનની ધન્યતા અનુભવી શકાય છે.

જીવનની શોભા કર્તવ્યનિષ્ઠા અને મર્યાદાઓના પાલનથી મૌલિક રીતે કેળવાય છે.

વિવેકી–શ્રાવક સદ્‌ગૃહસ્થ તરીકે વ્યવહારમાં ત્યારે જ જીવી શકે, કે જ્યારે જીવનના આદર્શની વ્યવહારૂ–પદ્ધતિઓને જ્ઞાની–ગુરૂની દોરવણી પ્રમાણે સમજી, વિચારી અમલમાં મુકવાની તત્પરતા કેળવાય.

પ્રાચીન–કાળના મહાપુરૂષોની મહાપુરૂષ તરીકેની આદર્શ ભૂમિકાનું લક્ષ્ય આ પાંચમા આરામાં પણ પ્રભુ–શાસનના આરાધક પુણ્યવાનો નભાવી યથોચિત પણે સફળતા મેળવે છે.

ખરેખર સદ્‌ગૃહસ્થોએ જીવનને શોભાવવા માટે આ વાત લક્ષ્યમાં રાખવી જરૂરી છે.

પ્રકરણ-૨૬

સાગર-શાખાના તેજસ્વી-તારકરૂપ પૂ. મુનિશ્રી મયાસાગરજી મ. તથા શેઠ હઠીભાઇની વાડીની પ્રતિષ્ઠાનો ભવ્ય-પ્રસંગ

પૂ. ચરિત્ર-નાયકશ્રીની જીવન-પ્રક્રિયાને ઉદાત્ત અને શાસનોપયોગી બનાવવામાં પરોક્ષ-રીતે અ-વિસ્મરણીય ફાળો આપનારા પૂ. મુનિશ્રી મયાસાગરજી મ.ના વિશિષ્ટ જીવન-પ્રસંગો પૂ. ચરિત્ર-નાયકશ્રીની અદ્‌ભુત જીવન-શક્તિઓના બીજરૂપે જાણવા જરૂરી હોઈ અહીં રજુ કરાય છે.

સાગર-શાખાના તેજસ્વી-તારક સમા **પૂ. મુનિશ્રી મયાસાગરજી** મ.ને વિ સં. ૧૮૮૩માં નગરશેઠે શિથિલાચારીઓના ઘોર-દમામથી નબળી પડી રહેલ ધર્મ-શ્રદ્ધાને સ્થિર કરવા ખૂબ જ ભાવપૂર્વક રાજનગરના આંગણે બહુમાન સાથે પધરાવી વિવિધ ધર્મ-ક્રિયાઓ દ્વારા ખૂબ શાસન પ્રભાવના કરેલ-કરાવેલ, પણ તે વખતે પૂ. શ્રી મયાસાગરજી મ. કારણવશ વધુ સ્થિરતા નહિ કરી શકેલ, અને મેવાડ બાજુ પધારી ગએલ, બની તે વાતને ૧૩-૧૪ વર્ષ વીતી જતાં કાળબળે ધર્મ-પ્રકાશનું વાતાવરણ ઝાંખું પડેલ તેને સતેજ કરવા માટે સ્થિરતા-પૂર્વક પધારવા આગ્રહભરી વિનંતિઓ નગરશેઠે વિ. સં. ૧૮૯૭માં ખૂબ કરી હતી.

જેથી પૂ. શ્રી મયાસાગરજી મ. શ્રીએ વિ. સં. ૧૮૯૭નું ચોમાસું પાલી (મારવાડ)માં વીતાવી ગુજરાત-તરફ ક્ષેત્ર-સ્પર્શના-જન્ય વધુ લાભની ધારણાએ વિહાર લંબાવ્યો.

જો કે પૂ. શ્રી મયાસાગરજી મ.ને ગુજરાત બાજુ પધારવામાં નગરશેઠ હેમાભાઇએ પોતાને, પોતાના કુટુંબને તથા ગુજરાતની પ્રજાને સદ્ધર્મની પ્રેરણા મેળવવાની વધુ તમન્નાથી આગ્રહ કારણભૂત હતો, પણ સાથે જ બીજું પણ શાસન-પ્રભાવનાનું મહત્વનું કારણ હતું, તે એ કે-

"રાજનગરમાં નગર-શેઠના કુટુંબની જેમ ધન-સમૃદ્ધિ અને શ્રીમંતાઈમાં ખ્યાતિપાત્ર શેઠશ્રી હઠીસિંહ-કેસરીસિંહનું કુટુંબ પણ ખૂબ આગળ પડતું હતું.

અમદાવાદના સાહસી-વેપારીઓમાં શેઠ શ્રી હઠીસિંહ મોખરે હતા. મુંબઈના શાહ-સોદાગર, દેશ-દેશાવરમાં પ્રખ્યાત-આંટવાળા શ્રી **મોતી-શાહ શેઠની અમીચંદ-સાકરચંદના નામથી માલની અમદાવાદની** પેઢીના શેઠ શ્રી **હઠીસિંહ** આડતિયા હતા. તેમાં તેઓ પોતાની કુનેહ ભરી ચકોર કે, અઢીળુ વગેરેના ઘણા સાહસભર્યા-સોદાઓ કરી પોતાની આગવી





સાગર-શાખાના વિશિષ્ઠ જ્યોતિર્ધર
ક્રિયાપાત્ર સુવિહિત સંવિગ્ન
પૂ. મુનિશ્રી મયાસાગરજી મ. હસ્તે
બહારલી વાડીના ભવ્ય જિનમંદિરની
ધામધૂમ સાથે પ્રતિષ્ઠા કરાવનાર
સ્વ-નામધન્ય શેઠશ્રી હઠીસિંહ કેશરીભાઈ
અમદાવાદ. (પૃ. ૩૬૨)

વ્યાપાર-કુશળતા દ્વારા કરોડો રૂપીઆની સંપત્તિ, બુલંદ-ભાગ્યના સિતારાથી ઓપતા હઠીભાઈ શેઠે મેળવેલી હતી.

તેમ છતાં ધર્મનો રંગ વધુ પ્રમાણમાં યોગ્ય-સહયોગી વિના તેમજ જ્ઞાની-ગુરૂના સંપર્કના અભાવે હઠીભાઈ શેઠના જીવનમાં ખીલી ન રહ્યો હોવાનું જાણી શ્રાવક-તરીકે વિવેકપૂર્ણ ભાવ-દયાથી લબલૂટ-સંપત્તિની છોળોમાં લાખેણો-મનુષ્યભવ શેઠ હારી ન જાય તેવું વિચારી નગરશેઠ હેમાભાઈએ સમય-સૂચકતા વાપરી દીર્ઘદૃષ્ટિથી પોતાની દીકરી **રૂક્ષ્મણીના** શુભ લગ્ન **હઠીસંગ** શેઠ સાથે કરી વ્યાવહારિક-સંબંધ સ્થાપી તેના માધ્યમથી કુટુંબમાં ધર્મભાવના વધારવા સત્ પ્રયત્ન કર્યો હતો.

નગરશેઠ શ્રી હેમાભાઈની ધારણા પ્રમાણે હઠીસંગ-શેઠના જીવનમાં ધાર્મિક-સંસ્કારો સુદૃઢ-રીતે પ્રગટ થવા માંડ્યા, જેથી કે ધંધાકીય ગળાડૂબ-પ્રવૃત્તિ છતાં પણ અર્ધાંગિની બનેલ શ્રાવિકાના મીઠાં સૂચનો અને માર્મિક-પ્રેરણાઓથી પ્રભુ-દર્શન અને વીતરાગ-પ્રભુની અષ્ટ પ્રકારની પૂજા, શ્રી નવકારનો જાપ, કયારેક સામાયિક આદિ ધર્મ-ક્રિયાઓની આચરણા સાથે રાત્રિ-ભોજન, અભક્ષ્ય-ભોજન આદિના ત્યાગદ્વારા હઠીસંગ શેઠનું ધાર્મિક-જીવન-ઘડાવા પામ્યું.

ઉપરાંત જીવન-શુદ્ધિ માટેની શ્રાવકોચિત-કર્તવ્યોની નિષ્ઠાનો વિકાસ શેઠાણીની દોરવણી મુજબ ક્રિયાપાત્ર-સંવેગી-સાધુઓના સમાગમમાં અવારનવાર આવવાથી હઠીસંગ શેઠ ધર્મ-માર્ગે અંતરંગ-રુચિવાળા પણ થયા.

ભાવિની અકળ-ગતિના ન્યાયે શેઠાણી રૂક્ષ્મણીબહેનની આંખે ન કળી શકાય તેવો વ્યાધિ થયો, ઘણા-ઘણા ઉપચારો કરવા છતાં મટ્યો નહિ, છેવટે આંખોનું તેજ ગયું.

હઠીસંગ શેઠે પોતાના વ્યાવહારિક-જીવનને ધર્મ-માર્ગે વાળી આદર્શ-પત્ની તરીકેની ફરજ બજાવનાર શેઠાણીના દર્દના નિવારણ માટે કૃતજ્ઞતાપૂર્વક ભરચક પ્રયત્નો કરેલા, તેમ છતાં ભાવીની પ્રબલતાએ શેઠાણીની આંખોનું તેજ જવાથી શેઠ ખૂબજ ચિન્તિત બનેલા, પરંતુ શેઠાણી દ્વારા મળેલી ધર્મની સૂઝથી કંઈક સ્વસ્થ બન્યા હતા.

નગરશેઠે હઠીભાઈની ચઢતી-જુવાનીમાં આવી વિષમ ઘટના થવાથી યોગ્ય-ભાવીનો વિચાર કરી પોતાની બીજી દીકરી પ્રસન્નકુંવરીને ઠાઠપૂર્વક શેઠ સાથે પરણાવી.

પરંતુ કુદરતી અકળ-ગતિ મુજબ ટૂંક સમયમાં પોતાની બીજી દીકરી પ્રસન્નકુંવરી સ્વર્ગસ્થ થતાં નગરશેઠ ભારે વિમાસણમાં મૂકાએલ.

ટૂંક સમય બાદ શેઠાણી રૂક્ષ્મણીબહેનના સિંચેલ ધર્મ-સંસ્કારોના આધારે તેમજ વિષમ અન્તરાય-કર્મને બસેડવાને ઈરાદે શેઠાણીની પ્રેરણાથી કુટુંબ-પરિવાર સાથે ઠાઠથી હઠીસંગ શેઠ શ્રી સિદ્ધાચળ-મહાતીર્થની યાત્રાર્થે ગયા, ત્યારે ઘોઘાની યાત્રા-પ્રસંગે ભાવી-નિયોગે કુદરતી

આપોઆપ બધો મેળ પડી જવાથી શેઠ લલ્લુભાઇ દેવચંદભાઇની લક્ષ્મણવન્તા–સુપુત્રી **શ્રી હરકુંવરને** શેઠાણીની સંમતિ અને દોરવણી મુજબ હઠીસંગ શેઠ પરણ્યા.

યાત્રાનું કામ પતાવી અમદાવાદ પાછા આવ્યા બાદ રૂક્ષ્મણી–શેઠાણીને વડિલ તરીકે સ્વીકારી શ્રી હરકોર–શેઠાણીએ વ્યાવહારિક આખુ તંત્ર સુ–વ્યવસ્થિતપણે શેઠશ્રીની સંમતિ મુજબ સંભાળી લીધું, કાલક્રમે શેઠના અંગત–જીવનમાં અનેરો–સાથ ધાર્મિક–સંસ્કારોની જાળવણી સાથે આપનારી નવી શેઠાણીએ ઉદાત્ત–સાત્ત્વિક પ્રકૃતિના આધારે શેઠશ્રીના નાના–મોટાં દરેક કાર્યોમાં સલાહ–સેવા–લાયકપણું સાહજિક–રીતે મેળવ્યું.

પરિણામે તે વખતના વિષમ વ્યાપારી–સંયોગોમાં પણ શેઠને નવાં–શેઠાણીની માર્મિક દોરવણી કયારેક ખૂબ સહ્યા નિવડતી, અને આગવી–સૂઝભરી વ્યવહાર–કુશળતાના બળે નવાં શેઠાણી શેઠના જીવનમાં અગત્યનાં માર્ગ–દર્શક નિવડેલાં, આમાં નગરશેઠ હેમાભાઇના આદર્શ–સંસ્કારોથી સભર સુ–યોગ્ય–દૃષ્ટિવાળા રૂક્ષ્મણી–શેઠાણીનો પણ યોગ્ય–સહકાર નવાં–શેઠાણીને ઘણો ઉપયોગી નિવડેલ.

લોકોક્તિ–પ્રમાણે નવાં શેઠાણી ઉત્તમ–કોટિની પદ્મિની–સ્ત્રી હોઇ તેમના પગલે અને તેમની વિશિષ્ટ–દોરવણીના આધારે હઠીસંગ–શેઠના ઘરમાં લક્ષ્મી અને ધર્મ–ભાવના બીજના ચંદ્રની કળાની જેમ ઉત્તરોત્તર વધતી ગઇ.

જેના પરિણામે બન્ને–શેઠાણીઓની પ્રેરણાથી **દિલ્હી–દરવાજા બહાર** મુખ્ય–માર્ગ ઉપર વિશાળ જગ્યા ખરીદી શ્રી **નલિનીગુલ્મ વિમાન** જેવું **ભવ્ય. ત્રણ–ચોવીસીની અપેક્ષાએ ૭૨ દેવ કુલિકાવાળું શિલ્પ–સમૃદ્ધ મનોહર શ્રી ધર્મનાથ–પ્રભુનું ભવ્ય જિનાલય બાર–લાખના ખર્ચે બંધાવ્યું.**

આ પુનિત–કાર્ય કરવાની ભાવના સૌ પ્રથમ જગાડનાર શેઠાણી શ્રી રૂક્ષ્મણીબહેને તે **વખતના વિશુદ્ધ ક્રિયાપાત્ર પૂ. મુનિશ્રી મયાસાગર મહારાજ મ.** પ્રત્યેના વિશિષ્ટ ભક્તિ–ભાવથી પ્રેરાઇ હરકોર–શેઠાણીને દેરાસરની પ્રતિષ્ઠા આદિ માંગલિક–કાર્યોમાં તે વખતના વિદ્યમાન સંવેગી–સાધુઓમાં શુદ્ધ–ક્રિયાનિષ્ઠ ચારિત્રપાત્ર–મહામુનિ તરીકે પ્રખ્યાત પૂ. **મુનિશ્રી મયાસાગરજી મ.** ના વરદ–વાસક્ષેપની મહત્તા સમજાવી, હઠીસંગ–શેઠને નગરશેઠ પાસે મોકલવા ગોઠવણ કરી.

ધર્માનુરાગી હઠીસંગ–શેઠે પણ પુણ્ય–પ્રતિભાથી દીપતાં શેઠાણીની પ્રેરણાને યથોચિત સમજી નગરશેઠ હેમાભાઇ પાસે જઇ વાતની રજુઆત કરી કે––

" મહાન–પુણ્યના યોગે લક્ષ્મીનો લ્હાવો લેવારૂપ આવું વિશાળ ભવ્ય–જિનાલય તૈયાર થયું છે, તો આ જિનાલયની પ્રતિષ્ઠા તેમજ જિન–બિંબોની

પ્રાણ-પ્રતિષ્ઠા વિશિષ્ટ-ત્યાગી તપસ્વી-સંયમી પુણ્યાત્માની નિશ્રામાં થાય તો સોનામાં સુગંધ જેવું ગણાય.''

''ઘરમાંથી બન્ને શેઠાણીઓની ઇચ્છા પૂ. શ્રી મયાસાગરજી મ., (જેઓ કે હાલ પાલી (મારવાડ) બાજુ વિચારી રહ્યા છે, તેઓ)ના હાથે પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવવાની છે. મને પણ એ વાત ઠીક લાગે છે.''

''તો હું આ બાબત અનુભવી નથી, તેથી આપ તેઓશ્રીને આ પ્રસંગે પધારવા બહુમાન પૂર્વક વિનંતિ કરી આ પ્રસંગ તેઓશ્રીની નિશ્રામાં ઉજવાય તેવું કરવા હું આપને નમ્રતા પૂર્વક પ્રાર્થું છું.''

હઠીસંગ શેઠની ઉદાત્ત-ધાર્મિક ભાવનાને નિહાળી અત્યંત-પ્રસન્ન થએલા નગરશેઠ શ્રી હેમાભાઈએ ''**ભાવતું તું ને વૈદ્યે કીધું**''ની જેમ રાજનગરની ધાર્મિક-પ્રજા અને સહકુટુંબ પોતાને વિશિષ્ટ ધાર્મિક-પ્રેરણા મેળવવાના ઈરાદે પૂ. શ્રી મયાસાગરજી મ. ને ગુજરાત બાજુ પધારવાની મહિનાઓથી ચાલુ વિનંતિઓને સફળ થવા માટે પ્રબળ સફળ-નિમિત્ત મળ્યાના સંતોષભર્યા ઉમંગ સાથે વિવેકી-શ્રાવકોને રૂબરૂ મોકલી ગુજરાત બાજુ વિહાર કરવાની વાતને ત્રણ-ચોવીસીના અપેક્ષાએ ૭૨ દેહરીવાળા વિશાળ ભવ્ય-જિનાલયની પ્રતિષ્ઠાના વિશિષ્ટ-લાભને નજરમાં રાખી સ્વીકારવા માટે ભક્તિભર્યો આગ્રહ કર્યો.

પરિણામે ક્ષેત્ર-સ્પર્શનાના યોગે ગુજરાત-બાજુ આવવા ભાવના દર્શાવી.

વિ. સં. ૧૮૯૮ અને ૧૮૯૯ના ચાતુર્માસ વચગાળાના ક્ષેત્રોમાં કરી વિ. સં. ૧૯૦૦ના મહા મહિને રાજનગર-અમદાવાદમાં પૂ. શ્રી મયાસાગરજી મ. પધાર્યા.

નગરશેઠ શ્રી હેમાભાઈ તથા બહારલી-વાડીવાળા શેઠશ્રી હઠીભાઈએ ખૂબ ભાવોલ્લાસ સાથે આડંબર શેઠ પૂર્વક પૂ. શ્રી મયાસાગરજી મ.નો નગર-પ્રવેશ કરાવ્યો.

એઓશ્રીની ત્યાગ-વૈરાગ્યભરી જીવન-ચર્યા સાથે ધાર્મિક-સુંદર ઉપદેશ-પ્રણાલિથી રાજનગરની જનતામાં ધાર્મિક-ઉત્સાહની અવર્ણનીય ભરતી આવી.

પૂ. મયાસાગરજી મ.ના વિશાળ શાસ્ત્રીય-જ્ઞાન અને ઉંડા-અનુભવનો લાભ તૈયાર થઈ રહેલ વિશાળ-જિનમંદિરના નિર્માણમાં શાસ્ત્રીય-બાબતોની ચોકસાઈ નગરશેઠે, હઠીસંગ શેઠે તથા શ્રી રૂકમણી શેઠાણી અને શ્રી હરકોર શેઠાણીએ રૂબરૂ પુછવા દ્વારા તેમજ બે-ચાર વાર વાડીમાં લઈ જઈ રૂબરૂ નિરીક્ષણ કરાવવા દ્વારા કરાવી લીધી.

સં. ૧૯૦૦ના ચાતુર્માસમાં પૂ. શ્રી મયાસાગરજી મ.શ્રીએ શ્રાવકોચિત-કર્તવ્યના વિગતવાર વિવેચનમાં ખૂબ વિવિધ પ્રેરણાઓ આપી સુંદર આલ્હાદક-જિનાલયો માટેના સુંદર આરસ

પાષાણ વિધિપૂર્વક લવરાવી હોંશિયાર-શિલ્પીઓને ખૂબ જ ભાવોલ્લાસ વધતો રહે, તેવી ઉદાત્ત-પ્રેરણા પૂજ્યશ્રીએ ઢેરાસર બંધાવનારા મહા-પુણ્યશાળી આત્માઓના કર્તવ્યના વિવેચન દરમ્યાન વિશિષ્ટ રીતે આપી.

શેઠ શ્રી હઠીસિંહભાઈ કોટી-પાટીમાં દીપી ઉઠતા-રેખાંકનો જેમ પૂ. શ્રી મયાસાગરજી મ. ની પ્રેરણા મુજબ કર્તવ્યનું પાલન કરવા તત્પર બન્યા, તેમાં બન્ને-શેઠાણીઓના હૈયામાં ગાઢ રીતે રહેલ ધર્મ-રંગે વિશેષ કરીને સાથ પૂર્યો.

તે મુજબ સં. **૧૯૦૧ના માગશર સુદી ૭ના મંગળદિને જયપુર, આરાસણ, મકરાણા,** આદિ સ્થળોમાંથી ઉત્તમ-કોટિના આરસ-પાષાણની કુશળ-શિલ્પીઓની પસંદગી પ્રમાણે ખરીદી કરાવી બહુમાન પૂર્વક મંગળ-શકુન આદિના સાજ સાથે ધામધૂમથી **રાજનગર** લાવી વાડીમાં યોગ્ય-સ્થળે આદરપૂર્વક પધરાવ્યા.

ત્યા બાદ પૂ. ગુરૂદેવના મંગલ-વાસક્ષેપ સાથે **માગશર સુદ ૧૩ના અમૃત** ચોઘડિયે મૂર્તિ-કળાનિપુણ બાહોશ-કારીગરોને નવરાવી-ધોવરાવી સુંદર-રેશમી પૂજા-વસ્ત્રો પહેરાવી સ-ધવા સ્ત્રીઓના મંગળ-ગીત સાથે શેઠાણીઓએ કરેલ પૂજાવિધિ પછી ધૂપ-દીપ સાથે પ્રતિમાજીઓનું નિર્માણ-કાર્ય મહોત્સવ-પૂર્વક શરૂ કરાવ્યું.

ચૈતર સુદી ૧૫ લગભગ મૂળનાયક સાથે ૨૫૦ લગભગ નાની-મોટી પ્રતિમાજીઓ સુંદર આલ્હાદક-મુદ્રાવાળી તૈયાર થઈ ગઈ.

શેઠશ્રીની ઇચ્છા "शुभस्य शीघ्रम्" મુજબ તુરતમાં વૈશાખ કે જેઠમાં આવતા સારા-મુહુર્તે અંજન-શલાકા કરાવી પ્રતિષ્ઠા-મહોત્સવ ઉજવવાની હતી.

પરંતુ अ-कला हि कर्मणां गतिः મુજબ ૭૨ દેહરી, બે માળ અને ભૂમિગૃહ આદિથી ઘણું વિશાળ જિનમંદિર પ્રતિષ્ઠા-યોગ્ય તૈયાર ન થઈ શકવાના કારણે ઘણી ઉતાવળ છતાં શેઠશ્રી પોતાની મંગલ-ભાવના સાકાર ન કરી શકયા.

બનવાકાળ એવું બન્યું કે જેઠ-મહિનાની શરૂઆતમાં શેઠશ્રી હઠીસંગભાઈની વયોવૃદ્ધ માતાજી સૂરજબહેન માંદાં થયાં. હોંશિયાર વૈદ્યો અને તે વખતના કવોલીફાઇડ (Qualified) હોંશિયાર-ડોકટરોની યથોચિત સારવાર છતાં વયો-વૃદ્ધતાના કારણે કાયા અતિ જીર્ણ થવાથી તીવ્ર-શક્તિવાળાં ઔષધોએ પણ પ્રમાણમાં અસર ખૂબ ઓછી કરી, અશાડ-વદમાં કાયા અતિ-ક્ષીણ થએથી ડોશી-માની માંદગી ગંભીર થતી ગઈ.

શેઠશ્રી હઠીભાઈ **"ધર્મના કામમાં સો વિઘન"** મુજબ પ્રતિષ્ઠાના મંગલ-અવસરને વહેલો પતાવવામાં આકસ્મિક માતાજીની ગંભીર-માંદગીથી ખૂબ ખિન્ન બન્યા, અને વ્યવહારુ

રીતે દેરાસર અંગેનું કામ વહેલું પુરૂં થાય, તે રીતે કામ ઝડપથી ચલાવવા માંડયું, પણ કુદરતને કંઈ જુદું જ કરવું મંજુર હોઈ શેઠશ્રીને શ્રાવણ વદ-૧ના ગોઝારા દિવસે ઉપલા હોઠ ઉપર નાનકડી ફોલ્લી થઇ, યોગ્ય ઉપચાર કરવા છતાં ભાવિ-યોગે ફોલ્લી વકરી ગઈ અને અને શેઠશ્રી ગંભીર-માંદગીના બિછાને પટકાઈ ગયા.

અને શેઠશ્રી વિ. સં. ૧૯૦૧ શ્રાવણ વદ ૫ શુક્રવારે ફાની-દુનિયાનો ત્યાગ કરી અણધારી રીતે કાળધર્મ પામ્યા.

આખા-અમદાવાદમાં શોકની ઘેરી છાયા ફરી વળી, આખા-અમદાવાદમાં હિંદુ-મુસ્લિમ દરેક પ્રજાએ વેપાર-ધંધા બંધ રાખી ત્રણ દિવસ સ્વેચ્છાથી શોક પાળ્યો.

ભાવીની વિચિત્રતાથી ભાદરવા વદ પ્રારંભે (પ્રાયઃ ભા. વ. ૫ છે.) શેઠશ્રીના માતુશ્રીનો પણ જીવન-દીપ બુઝાઇ ગયો.

બન્ને શેઠાણીઓએ શેઠશ્રીની મંગલ-ભાવનાને નજર સામે રાખી હિંમત હાર્યા વિના પાપના તીવ્ર ઉદયને હઠાવવા ધર્મનું બળ વધારવું ઉચિત સમજી લોક-વ્યવહારથી બાર-મહિનાનો ખૂણો છતાં વહેલામાં વહેલા મુહૂર્તની તપાસ આદરી.

પૂજ્ય શ્રી મયાસાગરજી મ. શેઠશ્રીના સ્વર્ગવાસ આદિ આકસ્મિક-ઘટનાઓથી વિહ્વલ બનેલ શેઠશ્રીના કુટુંબને યોગ્ય-ધર્મોપદેશની પ્રેરણા આપવા માટે તેમજ બન્ને શેઠાણીઓની સમજણ પૂર્વકની ધીરતાભરી વૃત્તિના અનુમોદનરૂપ દેરાસરના શાસ્ત્રીય-બાંધકામમાં અ-વ્યવસ્થા ન થાય તે હેતુથી વિ. **સં. ૧૯૦૨નું ચોમાસું**, સાધુતાની મર્યાદાની દૃષ્ટિએ ઉચિત નહિ છતાં પણ નગરશેઠ હેમાભાઈની સમય-સૂચકતાભરી હાર્દિક-વિનંતિ તથા બન્ને શેઠાણીઓના પ્રતિષ્ઠા કરાવવાના અંતરંગ આગ્રહથી રાજનગર-અમદાવાદમાં સામાચારી મુજબ ઉપાશ્રય-બદલો કરી ધર્મપ્રભાવનાના ઉદ્દેશથી કર્યું.

શેઠાણીઓએ વ્યાવહારિક-રીતરિવાજ પ્રમાણે શોક-નિવારણની વિધિ કરી દેરાસરના કામમાં જાત-દેખરેખથી ઝડપ વધારી અને કારીગરો વધારી ટુંકી સમય-મર્યાદામાં પણ વધુ પૈસા આપીને વિ. સં. ૧૯૦૩ના માગશર વદમાં પ્રતિષ્ઠા-યોગ્ય કામ તૈયાર કરાવી લીધું.

પૂ. શ્રી **મયાસાગરજી મ. શ્રીને** કંમૂર્ત્તા ઉતર્યા બાદ યોગ્ય વિનય-મર્યાદા જાળવી શેઠાણીઓએ અંજનશલાકા અને પ્રતિષ્ઠા મંગલ-મુહૂર્તો વિ. સં. ૧૯૦૩ના મહા વદ-પથી મહા વદ-૧૧ સુધીનાં મેળવ્યા.

શેઠાણીઓએ નગરશેઠ હેમાભાઈ અને ધર્મપ્રેમી-કુટુંબીજનોના સહકારથી અંજનશલાકા અને પ્રતિષ્ઠા અંગેના મહોત્સવની ઝડપી તૈયારીઓ શરૂ કરી.

એક વખત વ્યાખ્યાનમાં પૂ. **મયાસાગરજી** મ. શ્રીએ શ્રાવક-ધર્મની આરાધનાના અધિકારમાં ફરમાવ્યું કે-"**નિર્મળ-નિરતિચારપણે શ્રાવકના બાર-વ્રતોનું પાલન ગૃહસ્થ કરે તો તે દેવોને પણ પૂજ્ય છે.**"

આ સાંભળી વ્યાખ્યાન પછી શ્રી રૂકમણી શેઠાણીએ પૂ. ગુરૂ મ. ને પૂછ્યું કે—

" સાહેબ! વર્તમાન-કાળે આવા કોઈ ભાગ્યશાળી-પુણ્યાત્મા હોય તો જણાવવા કૃપા કરો! જેથી કે તે પુણ્ય-નામધેય ભાગ્યશાળીનાં દર્શન-વંદન બહુમાન કરી જીવન ધન્ય બનાવીએ."

પૂ. શ્રી મયાસાગરજી મ. કહ્યું કે "મદ્રે! બહુરત્ના વસુંધરા,' તે-તે વખતમાં અપેક્ષાએ વિશિષ્ટ-વ્યક્તિઓ હોય જ.

"પ્રભુનું શાસન પાંચમા આરાના છેડા સુધી હજી ૧૮૫૦૦ વરસ સુધી જયવન્ત રહેવાનું છે, પુણ્યવાન વિવેકી આરાધક વગર શાસન હોય ખરૂં? ભલે! કાળ-બળે સંખ્યાની દૃષ્ટિએ વિરલતા કે તરતમતા સંભવિત હોય, તેમ છતાં સર્વથા આરાધક-પુણ્યાત્માઓથી શૂન્ય-કાળ હજી આવ્યો !!!"

"જુઓ, શેઠાણી! **પાલી** (મારવાડ)માં એવા પુણ્યશાળી બાર-વ્રતધારી શ્રાવક છે, જેમનું નામ **શ્રી નગરાજજી-સંઘવી** છે, તેઓ યથાશક્ય અપ્રમત્તતા-સાવચેતી ધરાવી બાર-વ્રતોનું સુંદર રીતે નિરતિચાર-પાલન કરી રહ્યા છે."

વધુમાં ખાસ નોંધપાત્ર હકીકત એ છે કે "ધર્મની આરાધનાના મૂળ પાયા રૂપ ન્યાયોપાર્જનને ખૂબ ચોકસાઈથી વળગી રહી ગમે તેવા વિષમ કે લલચામણા સંજોગમાં પણ અન્યાય અનીતિ કે અણહક્કના પૈસાને જાણે-અજાણે પણ ઘરમાં ન આવવા દેવા ઉપર વધુ લક્ષ્ય આપનારા તે મહાનુભાવ છે."

આ સાંભળી શેઠાણીશ્રી **રૂક્મણીબહેન** તથા **હરકોરશેઠાણી** મનોમન તે પુણ્યવાન શ્રાવકને અભિનંદી રહ્યા.

થોડા દિવસ પછી **પગથીઆ**ના ઉપાશ્રયે બિરાજતા તે વખતના પ્રભાવશાળી **શ્રીપૂજ્ય આ. શ્રી વિજય-જિનચંદ્રસૂરિ મ.** પાસે કાર્ય-પ્રસંગે જવાનું થતાં **શ્રી હરકોર-શેઠાણી**એ શ્રીપૂજ્યજીને પૂછ્યું કે—

"**અંજનશલાકા-પ્રતિષ્ઠા આદિના વિધિ-વિધાનમાં માન્ત્રિક-ક્રિયાઓ વિવેક-સંપન્ન સુ-દક્ષ ધર્મનિષ્ઠ-સુશ્રાવકના હાથે કરાવવી ઠીક લાગે છે, કેમ કે સંવેગી-સાધુઓ માત્ર મંત્રોચ્ચાર કે વાસક્ષેપ કરી શકે! તો આપની નજરમાં કોઈ તેવા પુણ્યવાન શ્રાવક છે ખરા! કે જેના હાથે આપણા નવ-નિર્મિત શ્રી**

ધર્મનાથપ્રભુના વિશાળ-જિનાલયમાં પધરાવવા માટે ભરાવેલ ત્રણ-ચોવીશીના બહોંતેર પ્રતિમાજી આદિ જિન-બિંબોને અંજનશલાકાની માંત્રિક-વિધિથી *પૂજનીય કરવા માટેની મહત્વપૂર્ણ-ક્રિયાઓ કરાવી શકાય ?"*

તરણ-તારણહાર પરમ-પવિત્ર મહાતીર્થ શ્રી સિદ્ધાચલજી ઉપર કાગડાઓની આશાતના દૂર કરવા જેટલી પ્રબળ મંત્ર-શક્તિ ધરાવનાર શ્રી પૂ. આ. શ્રી **વિજયજિનચંદ્ર સૂરીશ્વરજી** મ. ગંભીરભાવે કહ્યું કે—

'શેઠાણીજી ! ગાઢ-અંધકારમાં પણ નાની ટમટમતી મીણબત્તી પણ યોગ્ય માર્ગદર્શન આપી શકે છે.' આ વિષમ-કાલમાં વાસ્તવિક ધર્મ-આરાધના કરનારાઓની સંખ્યા ગુણાનુરાગ-દૃષ્ટિથી જોતાં એવા મહાપુરૂષો પણ જડી આવે છે કે જેઓના પાવન-દર્શનથી જીવન ધન્ય બની જાય !

આવા વિશિષ્ટ-ઉચ્ચ ધર્મક્રિયાના તત્વને પચાવનાર મહાપુરૂષ પાલી (મારવાડ)ના સ્વ-નામધન્ય શેઠશ્રી નગરાજજી સંઘવી છે. જેમના કે હાથે તમારા નૂતન-દેરાસરની પ્રતિષ્ઠા અને અંજનશલાકા આદિની માન્ત્રિક-ક્રિયાઓ કરાવવામાં વધુ લાભ છે.

પૂ. શ્રી **મયાસાગરજી** મ. જેવા ત્યાગી-ક્રિયાનિષ્ઠ મુનિભગવંત અને શિથિલાચારી છતાં શાસન-પ્રભાવના અને દર્શન-શુદ્ધિના મહત્વના કાર્યને કરવામાં અગ્રેસર અને તે વખતે સમસ્ત-શ્રીસંઘ ઉપર જેમની હાક વાગતી તે યતિઓના અગ્રગણ્ય નાયક **શ્રીપૂજ્ય** મહારાજ બન્નેએ એક-મતે જેમની ધાર્મિકતાને મુક્ત-કંઠે બિરદાવી તે મહા-પુણ્યવંતા શ્રાવકરત્નને પાલીથી શ્રી હરકોર શેઠાણીએ ધર્મપ્રેમી વિવેકી-શ્રાવકો દ્વારા બહુમાનપૂર્વક પ્રતિષ્ઠા-મહોત્સવ પ્રસંગે ભાવભર્યું આમંત્રણ આપ્યું.

શેઠશ્રી નગરાજજીને પણ તાજેતરમાં પાલી ચોમાસું રહેલ પૂ. શ્રી મયાસાગરજી મ.ની સુંદર શાસ્ત્રીય-વિશુદ્ધ પ્રરૂપણા અને ઉચિત-નિર્દોષ સંયમ-પાલનની તત્પરતા નિહાળી નાનપણથી ઘડાયેલ પણ યોગ્ય-સહકારવિના વિકાસ નહિ પામેલી વૈરાગ્યભાવના પ્રબળ બનેલી, પણ યોગ્ય જ્ઞાની-ગુરૂની નિશ્રા અને પ્રેરણાના અભાવે સંયમ-ગ્રહણ કરવાની તમન્ના સુષુપ્ત રહેલી, પણ પૂ. શ્રી મયાસાગરજી મ.ના ચાતુર્માસ પછી પૂજ્યશ્રીની નિશ્રાએ જીવનને સોંપી દેવાના નિર્ણયાનુસાર સંસારી-પ્રવૃત્તિઓ સમેટવા માંડી અને ટૂંક સમયમાં સંયમ-ગ્રહણ કરવાનું નિરધારેલું.

એમાં **"ભાવતું 'તું અને વૈદે કીધું"**ની જેમ હરકોર શેઠાણી તરફથી નૂતન-દેરાસરની પ્રતિષ્ઠા-પ્રસંગે આવવાનું ભાવભર્યું આમંત્રણ મળ્યું, એટલે શ્રી નગરાજજી શેઠ ઘરે પાછા નહિ ફરવાના સંકલ્પ સાથે અમુક રકમ સાથે લઈ તેનું દાન-પુણ્ય કરી વહેલામાં વહેલી તકે પૂ. શ્રી મયાસાગરજી મ. જેવા તારક-જ્ઞાની ગુરૂના ચરણોમાં જીવન સોંપી દેવાના ઉમંગ સાથે

રાજનગર–અમદાવાદ પધાર્યાં અને કોઇનું પણ માન–સન્માન જમવા–જમાડવાની આગ્રહભરી નીતિ આદિ રૂપે અણુહક્કનું ગૃહસ્થ–જીવનમાં વપરાઈ ન જાય તેની સાવચેતી રાખી, શેઠ પાનાચંદભાઈની વાડીમાં ઉતારો રાખ્યો અને પોતાના પૈસા રસોઇઓ રાખી બધી વ્યવસ્થા પણ હરકોર શેઠાણીના ખાસ આમંત્રણથી પોતે આવેલા છતાં તેઓ તરફથી બહોળા–પ્રમાણમાં અપાતી સગવડોને પણ અણુહક્કની ધારી સ્વીકારી નહિ.

પૂ. શ્રી મયાસાગરજી મ.ની દેખરેખ તળે શરૂ થયેલ નૂતન–જિનમંદિરની પ્રતિષ્ઠા અંગેના મહોત્સવોની નાની–મોટી દરેક ધાર્મિક તથા માન્ત્રિક–ક્રિયાઓમાં બન્ને શેઠાણીઓના આગ્રહથી તેમજ પૂ. શ્રી મયાસાગરજી મ.ની સંમતિથી દરેક–જાતની બુદ્ધિપૂર્વક ભાગ લેતા.

માન્ત્રિક–ક્રિયાઓમાં ગૃહસ્થોચિત સઘળી બાબતો બાંધણા, વિવેક અને સમજણપૂર્વક આદર્શ રીતે પૂરી કરતા, પરિણામે પ્રતિષ્ઠા–અંગેનું ઓજસભર્યું ભવ્ય–વાતાવરણ સર્જાવા પામેલ.

આ દરમિયાન નીચે મુજબની ઘટના ભાવિ–યોગે થવા પામેલ.

એક વખત શ્રી નગરાજજી શેઠ અંજનશલાકા–અંગેની પૂર્વ તૈયારીઓ કરી વચગાળાના મળેલ સમયમાં બપોરે સામયિક લઈને બેઠા, તેમાં જાપ પછી આત્મ–ચિંતન દરમિયાન માનસિક સ્થિરતા ડોલાવા માંડી, કયારેય નહિ ને આજે ખાસ કોઇ તેવા પ્રબળ દેખીતા–કારણ વિના માનસિક–અસ્થિરતા કેમ? એ અંગે શેઠશ્રીએ ખૂબ ચચરાટ અનુભવ્યો. ઊંડી વિચારણા છતાં પણ મનની ડામાડોળ–સ્થિતિનું કોઇ કારણ ન જડયું.

સામાયિક પછી રસોઇયાને બોલાવી પૂછયું કે "ભાઇ, રસોઇમાં ચીજ–વસ્તુની ખરીદીમાં કાંઇ ગરબડ થઈ છે ખરી? અણુહક્કનું કાંઇ જાણે–અજાણે આવેલ છે ખરૂં?" રસોઇયાએ ના પાડી પણ શ્રી નગરાજજી શેઠે કહ્યું કે "ભઈલા! તું બરાબર યાદ કર! આ સામાયિકમાં વિચારોની ઘટમાળ–સંકલ્પોની જંજાળ ન જાણે કયાંથી ભૂતાવળની જેમ એવી વળગી છે કે મારું સામાયિક આખું ડહોળાઇ ગયું. મેં મારી જાતને બરાબર ઝીણવટથી તપાસી છે, મને મારા હાથે કાંઈ વિપરીતાચરણ જડયું નથી! રસોઈ બનાવવામાં ચૂલો સળગાવવાથી માંડી ઝીણી–મોટી બધી પ્રવૃત્તિઓને એક વાર ઝીણવટથી યાદ કરી લે! કાં'ક–કશામાં ગરબડ થઈ હોવી જોઇએ!!!

કારણ વિના કાર્ય થાય નહિ! મારા સામાયિકનું ડહોળાણ આજે આટલું બધું કેમ થયું? એ શોધવું જરૂરી છે.'

એટલે રસોઇઆએ ગંભીરતા–પૂર્વક ઝીણી–ઝીણી એકે એક વિગતને તપાસવા માંડી, એમાં તેને યાદ આવ્યું કે "**આજે રાત્રે અચાનક થયેલ માવઠાના વરસાદથી પલળી ગએલ**

લાકડાંથી ચૂલો સળગતો ન હોઈ ચૂલો સળગાવવા માટે રસ્તામાં પડી રહેલ છાણાંના કટકાને લઈ પાડોશીના ચૂલામાંથી તેને પૂછ્યા વગર સળગાવી તેનાથી ચૂલો સળગાવી રસોઈ આજે બનાવેલ.”

શ્રી નગરાજ શેઠ આ સાંભળી આભા-સ્તબ્ધ બની ગયા અને રસોઈયાને મીઠો ઠપકો આપ્યો કે “**ભાઈલા! નાની કાંકરી ઘડો ફોડે**” તેમ આ નજીવી લાગતી ક્ષતિએ પણ મારું અણમોલ-સામાયિક પણ આજે હોળી નાંખ્યું.”

પછી તેઓ પૂ. શ્રી **મયાસાગરજી** મ. પાસે જઈ આલોચના કરી યોગ્ય-પ્રાયશ્ચિત્તની માંગણી કરી, પૂજ્યશ્રીએ પણ શેઠશ્રીની આદર્શ-જાગૃતિને બિરદાવી યોગ્ય પ્રાયશ્ચિત્ત આપ્યું.

શેઠાણીઓએ પણ આ વાતને જાણી વિષમ-કલિકાલમાં પણ આવી વિરલ-ધર્મજાગૃતિવાળા-મહાપુરૂષને પૂ. ગુરૂ-ભગવન્તોએ કરેલ સૂચના-મુજબ ભાવપૂર્વક આમંત્રી તેમના વરદ-હસ્તે નૂતન દેરાસરની પ્રતિષ્ઠા અંગેની માંત્રિક-ક્રિયાઓ કરાવી પૂર્ણ-સંતોષ સાથે શેઠશ્રીની અપૂર્વ નીતિ-પરાયણ-અને આદર્શ શુદ્ધ-જીવન જીવવાની તમન્નાને મનોમન અભિનંદી રહ્યાં.

આવા મહા-પુણ્યવંત **શ્રી નગરાજ શેઠ** જેવા વિશિષ્ટ ધાર્મિક-સંસ્કાર-સંપન્ન આદર્શ શ્રાવક મારફત બધી માંત્રિક-ક્રિયાઓ કરાવી **પૂ. શ્રી મયાસાગરજી** મ. શ્રીએ **હઠીભાઈની વાડીના** ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા તેમજ સેંકડો જિનબિંબોની અંજનશલાકા બન્ને શેઠાણીઓ અને **નગરશેઠ હેમાભાઈના** તન-મનથી ઉલ્લાસભેર કરેલ લાખેણા દ્રવ્ય-વ્યય અને, મહા મહોત્સવ પૂર્વક **વિ. સં. ૧૯ ઉના મહા વદ-પના** રોજ સ્થિર-લગ્નમાં કરી અને **મહા વદ-૧૧ના** રોજ **ઉત્તમ-નવગાંશમાં** બધા જિનબિંબોને માંત્રિક-વિધિપૂર્વક ત્રણ ગભારા, ભૂમિગૃહ, ઉપલા માળે તેમજ બાજુ ચોવિશીની અપેક્ષાએ બનાવેલ પ્રદક્ષિણાની ૭૨ દહેરીઓમાં ભવ્ય આડંબર અને શાસન-પ્રભાવના સાથે ગાદીનશીન-પ્રતિષ્ઠિત કર્યા.

આ પ્રતિષ્ઠા-મહોત્સવ દરમ્યાન વિષમ-કલિકાલના પ્રભાવથી સંહારક-મહામારી (પ્લેગ)નો ઉપદ્રવ થયાનુ જાણવા મળે છે, તેમ છતાં **સ્વર્ગસ્થ હઠીસંગ-શેઠની** ભાવનાને અનુરૂપ બન્ને શેઠાણીઓ તથા **નગરશેઠ શ્રી હેમાભાઈએ** પ્રતિષ્ઠા-મહોત્સવની ઉજવણી ખૂબ ભવ્ય-રીતે કરેલ.

આ પ્રતિષ્ઠા-મહોત્સવ પૂર્ણતાં જ તુરત **પાલીના સંઘવીશ્રી નગરાજજી** શેઠે પોતાની મંગલ-ધારણા મુજબ વિશુદ્ધ સંયમી-ગીતાર્થ-ગુરૂની નિશ્રા મળી જવાથી અને ઘરેથી નીકળતાં લીધેલા પૈસા પુરા થાય એટલે તુરત સંયમ લઈ લેવાના અભિગ્રહ મુજબ **વિ. સં. ૧૯૦૩ના ફાગણ સુદ-પના** સવારે વાજતે ગાજતે પધારે ભવ્ય આડંબરપૂર્વક વરસીદાન દઈને પૂ. શ્રી. **મયાસાગરજી મ.** નાં ચરણોમાં ઉલ્લાસભેર આત્મસમર્પણ કરી દીક્ષા સ્વીકારી જીવન ધન્ય-કૃતાર્થ બનાવ્યું. જેમનું નામ **પૂ. શ્રી નેમિસાગરજી મ.** સ્થાપવામાં આવ્યું.

વિશુદ્ધ-સંયમ-ક્રિયાના આદર્શ-લક્ષ્યવાળા પૂ. શ્રી નેમિસાગરજી મ. શ્રીએ અતિ-વૃદ્ધ અવસ્થાથી ક્ષીણ-શક્તિવાળા બનેલ પોતાના ગુરૂદેવશ્રી **પૂ. શ્રી મયાસાગરજી** મ. ની ખૂબ સેવા-ભક્તિ કરવા માંડી.

પૂ. ગુરૂદેવે **વિ. સં. ૧૯૦૮ના વૈશાખ સુદ-૧** ના દિવસે **ઔરંગાબાદ** (દક્ષિણ મહારાષ્ટ્ર)ના રહેનારા **શ્રી ગણુપતચંદજી મારવાડી** જેઓ કે મોટી-મારવાડથી ધંધાર્થે જઈ વસેલા તેઓ લગ્ન-પ્રસંગે દેશમાં થઈ **શ્રી સિદ્ધગિરિ**-મહાતીર્થની યાત્રા કરી પાછા વળતાં નવ-નિર્મિત દેવ-વિમાન જેવું ત્રણ-ચોવીશીના જિન-બિંબોથી અધિષ્ઠિત **શ્રી હઠીસંગ કેસરી-સંગની વાડીના** જિનાલયના દર્શનાર્થે **અમદાવાદ** આવ્યા, ત્યાં નવનિર્મિત-જિનાલયના દર્શન-વંદન કરી ધન્ય-પાવન બન્યા.

નજીકમાં રહેલ **પૂ. શ્રી મયાસાગરજી** મ. ની અતિ-વૃદ્ધાવસ્થાએ પણ સૂક્ષ્મ-ઉપયોગ પૂર્વક સંયમની જયણાઓનું પાલન નિહાળી તેઓશ્રીના સંપર્કમાં બે-ચાર દિવસ રહેવાનું વિચાર્યું.

તે પ્રમાણે અવારનવાર વ્યાખ્યાન, ધર્મોપદેશ તત્વ-ચર્ચા આદિથી આ વિષમ-કાળમાં ચારેબાજુ-ચોપાસ શિથિલાચારી-યતિઓના એક-છત્ર સામ્રાજ્ય છતાં પણ **ખારા દરિયામાં મીઠી વીરડીની** જેમ શાસનની જયવંતતાના પ્રતિકરૂપ આવા મહાપુરૂષો હજી આ ધરતીને પાવન કરી રહ્યા છે, તે બદલ ગુણાનુરાગભળે ખૂબ પ્રમોદભાવ અનુભવ્યો.

વધુમાં **ગણુપતચંદ શેઠે** વિચાર્યું કે-

"દેવ-દુર્લભ શ્રાવક-જીવન આદિ ધર્મારાધનાની સામગ્રી મળ્યા પછી વિષમ-કર્મોના બંધનમાંથી છૂટકારો મેળવવા માટે ગીતાર્થ-સુસાધુઓની નિશ્રા દેશમાં કે ધંધાર્થે વસવાટ કરેલા **મહારાષ્ટ્રમાં** મલતી નથી અને આમ ને આમ બકરીના ગળે લટકતા-આંચળની જેમ જીવન વ્યર્થ જઈ રહ્યું છે, માટે મહા-પુણ્યયોગે દેશમાંથી તીર્થયાત્રા નિમિત્ત અહીં આવતાં સઘળી-યાત્રાઓમાં શિરોમણીરૂપ **સંયમયાત્રા** માટે યોગ્ય માર્ગદર્શન, જીવનની ઉદાત્ત રહેણી-કરણી અને વિશુદ્ધ જીવનચર્યા દ્વારા મૂંગી પણ સચોટ પ્રેરણા આપનાર આવા તારક જ્ઞાની-ગીતાર્થ ગુરૂ ભગવંત મળ્યા છે, તો આવી વિરલ-તકનો લાભ લઈ લઉં!!!"

૧૩. પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ.

આમ વિચારી કુટુંબીઓને સમજાવી **શ્રી ગણુપતચંદ શેઠે** ઉમંગપૂર્વક મહોત્સવ સાથે **પ્રભુ-મહાવીરના** કેવલજ્ઞાન-કલ્યાણક દિવસે ઠાઠમાઠથી **હઠીભાઈ શેઠની** વાડીમાં નૂતન-જિનાલયના પ્રાંગણમાં શણગારેલ ભવ્ય-મંડપમાં ઉલ્લાસભેર સંયમ ગ્રહણ કર્યું. અને પૂ. શ્રી મયાસાગરજી મ. શ્રીએ તેમનું નામ **મુનિ ગૌતમસાગર**જી સ્થાપ્યું.

આ **પૂ. શ્રી ગૌતમસાગરજી મ.** આપણા ચરિત્ર–નાયકશ્રીના દાદા–ગુરૂ થાય. કેમકે પૂ. શ્રી ગૌતમસાગરજી મ. ના શિષ્ય **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.** પૂ. શ્રી ચરિત્રનાયકશ્રીના ગુરૂદેવ થાય.

૧૪. પૂજ્યશ્રી નેમિસાગરજી મ.

સંયમ–રંગમાં ચઢતી કળાએ રમી રહેલા **પૂ. શ્રી નેમિસાગરજી મ. શ્રીએ** પોતાના નવા ગુરૂભાઈ સાથે સંયમનું તકેદારી પૂર્વક પાલન, વિવિધ–શાસ્ત્રોનો અભ્યાસ અને શાસ્ત્ર–શુદ્ધ નિર્મળ સાધુ–જીવનની સામાચારીની વફાદારી જાળવવા સાથે પૂ. ગુરૂદેવશ્રીની વિનય–વૈયાવચ્ચ ભક્તિ આદિમાં ઉલટભેર પ્રવૃત્તિ રાખી જીવનને વિનય–વિવેક ગુણથી દીપાવવા ભવ્ય પુરૂષાર્થ કર્યો.

કાળક્રમે પૂ. ગુરૂદેવશ્રીની દિન–પ્રતિદિન કાર્યશક્તિ ક્ષીણ થયાના પરિણામે રાજનગર–અમદાવાદના જુદા–જુદા મહોલ્લાઓના ઉપાશ્રયનો સ્થાન–પલટો કરી સંયમ–મર્યાદા જાળવતાં **વિ. સં. ૧૯૦૭માં ચઈતર વદ**–૩ના રોજ **પૂ. શ્રી નેમિસાગરજી મ., પૂ. શ્રી ગૌતમસાગરજી મ.** તથા **રાજનગર**–શ્રીસંઘના અગ્રગણ્ય–શ્રાવકોના મુખથી **શ્રી નવકાર–મહામંત્રનું** શ્રવણ કરતાં–કરતાં **પૂ. શ્રી મયાસાગરજી મ.** ૭૦ વર્ષની પાકટ વયે **અમદાવાદમાં જ** સમાધિ પૂર્વક કાળધર્મ પામ્યા.

પૂ. શ્રી નેમિસાગરજી મ. ના મુખ્ય–શ્રાવક તરીકે **પાલીના શેઠ રઘાજી** પોતાના પુત્ર **શ્રી રવચંદજી** આદિ કુટુંબ સાથે આજીવિકાર્થે **અમદાવાદ** (ઝવેરીવાડ–નીશાપોળ)માં રહેતા હતા, પૂ. શ્રીની ઉદ્ધાત્ત–ઓજસભરી ધર્મદેશનાથી બાવીસ વર્ષના તરવરીઆ જુવાન શ્રી રવચંદભાઈ વૈરાગ્યરંગે રંગાયા અને માતા–પિતાની સંમતિ માટે ઘણા પ્રયત્ન છતાં સફળતા ન મળવાથી **વિ. સં. ૧૯૦૭ના માગશર સુદ–૧૧** મૌન–એકાદશીના પવિત્ર દિવસે પોતાની મેળે સાધુનો વેશ પહેરી લીધો.

ત્યારબાદ શ્રીસંઘના આગેવાનોની સમજાવટથી માતા–પિતાએ પણ હાર્દિક–સંમતિ આપી એટલે ધામધૂમથી પૂ. શ્રી **નેમિસાગરજી** મ. પાસે દીક્ષા લીધી અને તેમનું નામ શ્રી **રવિસાગરજી** મ. પડ્યું.

આ પૂ. શ્રી રવિસાગરજી મ. પૂ. શ્રી નેમિસાગરજી મ. ના મુખ્ય શિષ્ય હતા.

આ ઉપરાંત પૂ. શ્રી નેમિસાગરજી મ. ની નિશ્રામાં એઓશ્રીના ગુરૂભાઈ અને શિષ્ય–પ્રશિષ્ય તરીકે પૂ. શ્રી **ગૌતમસાગરજી** મ., પૂ. શ્રી **ધર્મસાગરજી** મ., પૂ. શ્રી **કપૂરસાગરજી** મ., પૂ. શ્રી **વિવેકસાગરજી** મ. આદિ મુનિઓ આદર્શ–સંયમમૂર્તિ તરીકે અનેક ભવ્ય–જીવોને ધર્મ–સન્મુખ કરી રહ્યા હતા.

વિ. સં. ૧૯૧૧ના ચૈત્ર વદ-૫ ના રોજ પૂ. શ્રી નેમિસાગરજી મ. **શંખેશ્વર મહાતીર્થની** યાત્રા કરી પાછા ફરતાં **મુંજપુર** ગામે પૂ. શ્રી રવિસાગરજી મ. આદિદ્વારા ભવ્ય-નિર્યામણા કરવા સાથે શ્રી નમસ્કાર-મહામંત્રના સ્મરણપૂર્વક સમાધિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા.

ત્યારબાદ **વિ. સં. ૧૯૧૧નું** ચાતુર્માસ પૂજ્યશ્રી ચરિત્રનાયકશ્રીના દાદાગુરૂ પૂ. શ્રી **ગૌતમસાગરજી મહારાજે** પૂ. શ્રી રવિસાગરજી મ. સાથે કર્યું ત્યારબાદ પૂ. શ્રી ગૌતમસાગરજી મ. ક્ષેત્રસ્પર્શનાએ વિહાર કરતાં કરતાં **વિ. સં. ૧૯૧૨નું** ચાતુર્માસ **મહેસાણામાં** શિથિલાચારી-યતિઓની વિષમ-પ્રવૃત્તિઓથી મંદ પડેલી શ્રીસંઘની ધર્મ-ભાવનાને સતેજ કરવા ધર્મપ્રેમી-આગેવાનોની આગ્રહભરી-વિનંતિથી કર્યું.

ચાતુર્માસ દરમિયાન સંયમાનુકૂલ યથોચિત-ધર્મપ્રેરણા અને તદનુસારી સંયમી-જીવન આદિથી ધર્મપ્રેમી જનતા તથા બાળજીવોની ધર્મશ્રદ્ધા સુદૃઢ બની પામી.

૧૩. પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મ.


ભાવિ-યોગે ચાતુર્માસ દરમિયાન **શ્રી ઝવેરચંદજી** નામના ચઢતી-જુવાનીના ધર્મોત્સાહભર્યા યુવા શ્રાવકને પૂ. શ્રી ગૌતમસાગરજી મ. ની દેશનાથી એવો ચોળ-મજીઠ ધર્મનો રંગ ચઢ્યો કે-


"શ્રાવક-જીવનની આરાધના સાધુ-જીવનની અપેક્ષાએ ન-ગણ્ય હોઈ પ્રભુ-શાસનની થયેલી વિશિષ્ટ-ઓળખાણના બળે સર્વવિરતિ-ચારિત્રના પંથે જવા કમર કસી."

કુટુંબીજોને સમજાવી શ્રીસંઘ અને પૂ. શ્રી ગૌતમસાગરજી મ. ની સંમતિ-સૂચનાનુસાર ભવ્ય મહોત્સવ પૂર્વક **વિ. સં. ૧૯૧૩ના માગશર સુદ-૧૧ના** મંગલ દિવસે ધામધુમથી પ્રભુ-શાસનના પુનિતપંથે આત્મ-સમર્પણ કરવા રૂપ સર્વવિરતિ-ચારિત્રનો ઉમંગથી સ્વીકાર કર્યો.

પૂ. ચરિત્ર-નાયકશ્રીના સંયમી-જીવનના કર્ણધાર બની જિનશાસનના ગગનમાં આ અદ્‌ભુત તેજસ્વી ઝળહળતા-સૂર્યસમા **પૂ. ચરિત્રનાયકશ્રીના** વ્યક્તિત્વના ઘડતરમાં જરૂરી મૌલિક-ગુણો-તત્ત્વોનો સફળ-સંપર્ક ગુરૂ-ચરણોમાં બેસી પૂર્વના મહાપુરૂષોને આદર્શ રૂપે રાખી કરવાનો વિશિષ્ટ પ્રયત્ન પૂ. **મુનિશ્રી ઝવેરસાગરજી** મ. શ્રીએ વિશિષ્ટ રીતે કરવા માંડ્યો.




પૂ.આચાર્યશ્રી બુધ્ધિસાગર સૂરીશ્વરજી મ.
પૂ.મુનિશ્રી સુખસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી ગૌતમસાગરજી મહારાજ
પૂ.આચાર્યશ્રી આગમોધ્ધારક આનંદસાગર સૂરીશ્વરજી મ.
પૂ.મુનિશ્રી ઝવેરસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી રવિસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી ભાવસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી નેમસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી નાગસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી સ્વરૂપસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી પદ્મસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી સુજ્ઞાનસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી નિધાનસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી મયગલસાગરજી મહારાજ
પૂ.મુનિશ્રી મયાસાગરજી મહારાજ
પૂ.ઉપાધ્યાય શ્રી જયસાગરજી મહારાજ
પૂ.ગણીશ્રી જીતસાગરજી મહારાજ
પૂ.ગણીશ્રી માનસાગરજી મહારાજ
પૂ.ઉપાધ્યાય શ્રી સહજસાગરજી મહારાજ
જગત્‌ગુરુ પૂ.આચાર્યશ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજ
ઉસરે
સાગરશાખા ગુરુપરંપરા વૃક્ષ





શ્રી વર્ધમાન સ્વામિને નમઃ



પ્રકરણ ૨૪

શ્રમણ-પરંપરામાં શ્રમણવર્ગની ૧૮ શાખા પૈકી સાગર-શાખાની સ્વતંત્ર અસ્મિતા પ્રકટાવનાર મ....હા....પુ....રુ....ષો....



[નોંધ : પ્રસ્તુત-પુસ્તક (પૃ૦ ૩૧૧)મા ૧૮મા પ્રકરણ તરીકે અપાયેલ **પટ્ટાવલી**ના અધિકારમાં સાગર-શાખાના શ્રમણ-સમુદાયની ગુરુ-પરંપરા જણાવી છે.

પણ તે છપાયા પછી કેટલાક પ્રામાણિક-ઉલ્લેખોના આધારે મળી આવેલ કેટલાક મહત્ત્વના મહાપુરુષોનો નામોલ્લેખ રહી જવા પામેલ, તેથી તે **પટ્ટાવલી** અહીં ફરીથી સુધારા સાથે ટૂંકમાં રજૂ કરાય છે. સં.]

વર્તમાન શ્રમણ-સંઘના અધિનાયક જગદ્‌ગુરુ પૂ. આ. **શ્રી વિજયહીરસૂરીશ્વર જી મ.** શ્રીના અનેક પટ્ટપ્રભાવક શિષ્યો પૈકી—

પૂ આચાર્ય **શ્રી વિજયસેન સૂરીશ્વરજી મ.** (૨) પૂ. ઉપાધ્યાય **શ્રી કીર્તિવિજયજી મ. ગણી,** (૩) પૂ. ઉપાધ્યાય **શ્રી કલ્યાણવિજયજી મ. ગણી,** (૪) પૂ. ઉપાધ્યાય **શ્રી કનકવિજયજી મ ગણી,** (૫) પૂ ઉપાધ્યાય **શ્રી સહજસાગરજી મ. ગણી. આદિ આદિ**—મુખ્ય શાસન-પ્રભાવક શિષ્યો થયા.

તેમાં (૧) પૂ **ઉપા. સહજસાગરજી મ. ગણી** અદ્વિતીય-વિદ્વાન શાસન પ્રભાવક-થયા, તેમજ અમદાવાદના નગરશેઠના વંશના મૂળપુરુષ **શ્રી શાંતિદાસ ઝવેરીને** પ્રભુ-શાસનમાં લાવનાર તરીકે મહાપ્રતાપી પુરુષ થયા પછી તેમની પાટે—

૨. પૂ. ઉપા. **શ્રી જયસાગરજી મ.** ૩. પૂ. **ગણીશ્રી જીતસાગરજી મ.** ૪. પૂ. **ગણીશ્રી માનસાગરજી મ.**

આ ત્રણ પૂજ્યશ્રી વિવિધ રીતે શાસન-ઉદ્યોત કરનારા થયા પછી—

૫. પૂ. **મુનિશ્રી ભયગલસાગરજી મ.** ૬. પૂ. **મુનિશ્રી પદ્મસાગરજી મ.**

ગુરુશિષ્યની જોડલે આ બેલડી વિવિધ રીતે સુંદર ધર્મોપદેશ દ્વારા અનેક ભવ્ય-જીવોને ધર્મપ્રદેશમાં સ્થિર કરવા સાથે શ્રીસંઘમાં ધર્મજાગૃતિની વૃદ્ધિ માટે જ્યોતિષના સચોટ જ્ઞાનથી પસંદ કરેલ વિશિષ્ટ-મુહૂર્તોમાં અનેક ધર્મકાર્યો કરાવવામાં પ્રવીણ તેમજ આગમિક-મહત્ત્વ વાતોની ગૂંચ ઉકેલવામાં પણ કુશળ હતી

આ બેલડીએ વિશેષ કરીને ઉદયપુરમાં સર્વપ્રથમ ચાતુર્માસ કરી શાસન-પ્રભાવના સાથે શ્રીસંઘને ધર્મક્રિયા કરવા માટે ઉચિત-સ્થાનરૂપે ઉપાશ્રયની જબ્બર ખામીને સુંદર રીતે દૂર કરી.

આ ઉપરાંત **ચોગાનના** વર્તમાન દહેરાસરનું મંડાણ આ બેલડીના શુભ-હસ્તે થયેલ, **શ્રી શાંતિનાથ** પ્રભુનું જિનાલય વગેરે ધર્મસ્થાનો તથા ગોડીજી જૈન ઉપાશ્રય, ગોડીજી જૈન જ્ઞાનભંડાર આદિની મંગળ-સ્થાપના પણ આ ગુરુ-શિષ્યની જોડીના મંગળ-હસ્તે થયેલ.

૭. પૂ. મુનિ શ્રી સ્વરૂપસાગરજી મ. ૮. પૂ. મુનિ શ્રી સુજ્ઞાનસાગરજી મ.

આ બંને ગુરુ-ભાઈઓ ખૂબ જ શાસન-પ્રભાવક વિવિધ-ધર્મકાર્યો દ્વારા શ્રી સંઘમાં અનેરી ધર્મજાગૃતિ ફેલાવનારા બનેલા.

જેમાં વિશિષ્ટ કરીને પૂ. મુનિ **શ્રી સુજ્ઞાનસાગરજી મ.** ના ઉપદેશથી ભાવી-ચોવિશીના પ્રથમ-તીર્થંકર **શ્રી પદ્મનાભ પ્રભુ** આદિના સુવિશાળ જિનબિંબોવાળા મોટા જિનાલયોની સ્થાપના થઈ.

૯. પૂ. મુનિ શ્રી ભાવસાગરજી મ.

જેઓશ્રીએ **ઉદયપુરમાં** સરકારી-હાથીઠાણાની જગ્યા શ્રીસંઘ પાસે લેવડાવી આખા ભારતમાં અદ્વિતીય ૧૦૦૮ ફણાવાળું શ્રી સહસ્રફણા-પાર્શ્વનાથ પ્રભુનું ૭૩ ઈંચનું મોટું જિનબિંબ પધરાવી સુંદર ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા કરાવી, બીજા પણ અનેક જિનબિંબો-તીર્થપટોની તથા શ્રી ગોડી-પાર્શ્વનાથ પ્રભુના જિનાલયની સ્થાપના કરી **ઉદયપુર** શ્રી સંઘના ધર્મ-સૌભાગ્યની અપૂર્વ વૃદ્ધિ કરેલ.

૧૦. પૂ. મુનિ શ્રી નાણસાગરજી મ.

જેઓએ ઉદયપુર-ચૌગાનના દહેરાસરોનો, ગોડીજીના દહેરાસરનો તથા ધર્મશાળા-ઉપાશ્રય આદિનો જીર્ણોદ્ધાર કરાવી જ્ઞાનભંડાર ખૂબ સમૃદ્ધ કર્યો.

૧૧. પૂ. મુનિ શ્રી નિધાનસાગરજી મ.

વિશિષ્ટ ઉદાત્ત ક્રિયાપાત્ર સુવિહિત-ત્યાગી-તપસ્વી આ મુનિરાજે જોધપુરના શિથિલાચારી યતિવર્ગમાં ઉછરેલ પણ પુણ્યશાળી મયાચંદ નામના ગૃહસ્થ (જેઓએ યતિદીક્ષા પણ લીધેલ)ને ખુબરી શાસન-મર્યાદા પ્રમાણે ખૂબ વિશિષ્ટ સંયમી અને અપૂર્વ શાસન પ્રભાવક બનાવવા સુયોગ્ય કેળવણી આપી.

૧૨. પૂ. મુનિ શ્રી મયાસાગરજી મ

જોધપુરના પૂર્વાવસ્થાના યતિ હોવા છતાં પૂ. મુનિ શ્રી **નિધાનસાગરજી મ.** ની ઉચ્ચક્રિયા ત્યાગ-તપ અને શાસ્ત્રીય-પ્રરૂપણાના સુંદર ઉપયોગથી પ્રભાવિત બની શાસનને જીવન સમર્પિત કરનારા મહાપુરુષ ૭૮ વર્ષની પાકી વય સુધી સંયમની જયણામાં જરા પણ ઢીલા પડયા સિવાય નિર્મળ ચારિત્ર દ્વારા અમદાવાદની હઠીભાઈ શેઠની વાડીની મંગળ-પ્રતિષ્ઠા કરનારા આ મહાપુરુષના સમાગમથી અમદાવાદના નગરશેઠના વંશમાં ધર્મના સંસ્કારો ગાઢ રીતે સીંચાવા પામેલ.

આ પૂ મુનિશ્રી મયાસાગરજી મ. થી બે પરંપરા થવા પામી.

પૂ મુનિ શ્રી મયાસાગરજી મ.

૧૩. પૂ. મુનિશ્રી નેમિસાગરજી મ.	૧૩. પૂ. મુનિશ્રી ગૌતમસાગરજી મ.
૧૪. પૂ. મુનિશ્રી રવિસાગરજી મ.	૧૪. પૂ. મુનિશ્રી ઝવેરસાગરજી મ.
૧૫. પૂ. મુનિશ્રી સુખસાગરજી મ.	૧૫. પૂ. આ. શ્રી આગમોદ્ધારક આચાર્યશ્રી
૧૬. પૂ. આ. બુદ્ધિસાગરસૂરિજી મ.	આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ



આગમોના અનેક અભ્યાસી, સૂક્ષ્મ – તત્ત્વવિવેચક

શૈલાણા નરેશ પ્રતિબોધક, આગમવાચનાદાતા

શૈલ–તામ્રપત્રોત્કીર્ણાગમમંદિર સંસ્થા-સંસ્થાપક

શ્રી દેવસૂર–તપાગચ્છ સામાચારી સંરક્ષક

આગમોદ્ધારક

卐

આચાર્યદેવશ્રી

આનંદસાગરસૂરીશ્વર ભગવંતના

જીવન પ્રસંગોને અનેક રીતે સમર્થક અવાંતર ઉપયોગી વિષયોના સંકલનરૂપ






પ...રિ...શિ...ષ્ટ...સં...ગ્ર...હ







પૂ. આગમોદ્ધારકશ્રી આચાર્યદેવશ્રીના

અદ્વિતીય અનન્ય સાધારણ કથાના પૂરક
અનેક અદ્‌ભુત વિગતોથી ભરપૂર

પરિશિષ્ટો ૧ થી ૮

* * *

પરિશિષ્ટ–૧

○ ભારતીય મંદિરોના વિવિધ અંગ-તોરણ–
લે. હરિપ્રસાદ સોમપુરા ૧–૪

પરિશિષ્ટ–૨

○ કપડવંજની પ્રાચીન ઐતિહાસિક વિગતોનો ઉતારો ૫–૧૨
○ કપડવંજની ઐતિહાસિક માહિતી ૧૩–૧૪

પરિશિષ્ટ–૩

○ પૂ. ચરિત્રનાયકશ્રીની જન્મભૂમિના
દીક્ષિત–પુણ્યાત્માઓની નામાવલી ૧૫–૧૭
○ શેઠ શ્રી શિવાભાઈના ધાર્મિક–કુટુંબનો
સંક્ષિપ્ત પરિચય ૧૮–૨૦
○ શેઠ શ્રી શિવાભાઈના કુટુંબનું વંશવૃક્ષ ૨૧

પરિશિષ્ટ–૪

○ કપડવંજના ધર્મસ્થાનો અને ધાર્મિક વ્યક્તિઓનો
ટૂંક પરિચય (ઉતારો) ૨૨–૩૪

પરિશિષ્ટ–૫

○ કપડવંજની પુણ્ય-ધરાના
કેટલાક મહાનુભાવોની વંશાવલિઓ ૩૫–૩૭
○ નીમા જ્ઞાતિના ૩૨ ગોત્રોની વિસ્તૃતનોંધ ૩૮–૪૫

પરિશિષ્ટ–૬


○ પૂ. ચરિત્રનાયકશ્રીના જીવન ચરિત્રમાં
ઉપયોગી જૂના કાગળોના મૂળ ઉતારાઓ ૪૬–૫૪

પરિશિષ્ટ–૭

○ શ્રી અજિતનાથપ્રભુ–જિનાલય
(ઓસવાળ–વાયણપોળ–અમદાવાદ)ના શિલાલેખનો ઉતારો ૫૫

પરિશિષ્ટ–૮

○ શેઠ હઠીભાઈની વાડીના
શિલાલેખનો ઉતારો ૫૬–૫૮



ભરતક્ષેત્રના છ ખંડો સાથે આર્યાવર્ત્તનું દૃશ્ય (પૃ. ૧)

ભારત-પ્રેરિત → ધર્મ-પ્રધાન ચાર પુરુષાર્થનો સર્વ-ધ

In 1492 America was discovered and next year
Pope Alexander VI issud his famous inter cetera
Bull distributing the lands and Seas out side Europe
equally Between. Portugal and Spain

The Rulls of Indian States — R. K. RANDIVE

એલેકઝાંડર ૬ ઠ્ઠા પોપનું વિશ્વ વહેંચણીનું બુલ

૧૯૪૯

ઈંગ્લેન્ડમાં ઈન્ડિયા-લીગ સમક્ષ તા. ૬-૫-૫૦ ના રોજ પં. નહેરુ એ કરેલા ભાષણમાંથી :-

"અને અવિચ્છિન્ન રીતે અમને જણાવ્યું કે ૧૫ મી કે ૧૬મી સદીના ધર્મગુરુ પાસેથી અમને ગોવાના હકકો મળ્યા છે. એમણે કહેલી સાલ મને બરાબર યાદ નથી .....


એ વખતના ઉદાર પોપે અર્ધું વિશ્વ સ્પેનને અને અર્ધું વિશ્વ પોર્ટુગલને ભેટમાં આપ્યું હતું, મારે એ કબૂલ કરવું જોઈએ કે આ મુદ્દા ઉપર દલીલ કરી શકયો નહી."

"શાંતિમય માર્ગેજ અમે આ પ્રશ્ન ઉકેલવા માગીએ છીએ." (જન્મભૂમિ તા.૫-૫-૫૦)


૧૯૫૨

"ભારતના કાયદેસરના હેતુઓનો અમે આદર કરીએ
" આ પ્રદેશોમાં પોર્ટુગીઝ-પ્રજાની હાજરી ૪૫૦ વર્ષ જ
એનો રંગ સામાન્ય ઈતિહાસ છે. અને પૂર્વ અને પ
વચ્ચે સાંકળ સમાન બની રહ્યો છે. અને જ્યાં સુધી
રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે સહઅસ્તિત્વનો સિધ્ધાંત પ્રવર્તે છે
ત્યાં સુધી એ સાંકળ તમામ રાષ્ટ્રોને, ધર્મોને, અને સ
સમાન તકો પુરી પાડશે"

* ભારતનો — [પોર્ટુગલના વિદેશ-પ્રધાન મિ. નોગીરાએ (તા
[લિસ્બનથી) જાહેરાવેલા હેગની અદાલતના
આવકારમાંથી — (મુંબઈ સમાચાર તા. ૧



આર્ય-સંસ્કૃતિને ધરમૂળથી ફેરવનારા વિદેશી



ભરતક્ષેત્રના છ ખંડો સાથે આર્યાવર્ત્તનું દૃશ્ય (પૃ. ૧)

ભારત-પ્રેરિત → ધર્મ-પ્રધાન ચાર પુરુષાર્થનો સર્વ-

In 1492 America was discovered and next year Pope Alexander VI issud his famous inter cetera Bull distributing the lands and Seas out side Europe equally Between. Portugal and Spain

The Rulls of Indian States — R. K. RANDI

એલેકઝાંડર ૬ ઠ્ઠા પોપનું વિશ્વ વહેંચણીનું બુલ

ઈંગ્લેન્ડમાં ઈન્ડિયા-લીગ સમક્ષ તા. ૬-૫-૬૦ ના રોજ પં. નહેરુ એ કરેલા ભાષણમાંથી :-

"અને અવિચ્છિન્ન રીતે અમને જણાવ્યું કે ૧૫ મી કે ૧૬મી સદીના ધર્મગુરુ પાસેથી અમને ગોવાના હકકો મળ્યા છે. એમણે કહેલી સાલ મને બરાબર યાદ નથી .....

એ વખતના ઉદાર પોપે અર્ધું વિશ્વ સ્પેનને અને અર્ધું વિશ્વ પોર્ટુગલને ભેટમાં આપ્યું હતું, મારે એ કબૂલ કરવું જોઈએ કે આ મુદ્દા ઉપર દલીલ કરી શકયો નહી."


"શાંતિમય માર્ગેજ અમે આ પ્રશ્ન ઉકેલવા માગીએ છીએ." (જન્મભૂમિ તા.૫-૫-૬૦)

૧૯૫૨

"ભારતના કાયદેસરના હેતુઓનો અમે આદર કરીએ

" આ પ્રદેશોમાં પોર્ટુગીઝ-પ્રજાની હાજરી ૪૫૦ વર્ષ એનો એક સામાન્ય ઈતિહાસ છે. અને પૂર્વ અને વચ્ચે સાંકળ સમાન બની રહ્યો છે. અને જ્યાં રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે સહઅસ્તિત્વનો સિધ્ધાંત પ્રવર્તે ત્યાં સુધી એ સાંકળ તમામ રાષ્ટ્રોને, ધર્મોને, અને સમાન તકો પુરી પાડશે"

* ભારતમાં — [પોર્ટુગલના વિદેશ-પ્રધાન મિ. નોગીરાએ લિસ્બનથી) જણાવેલા હેગની અદાલત આવકારમાંથી — (મુંબઈ સમાચાર તા




આર્ય-સંસ્કૃતિને ધરમૂળથી ફેરવનારા વિદેશ

ા વિશ્વવ્યાપક થયેલી અને સર્વ-કલ્યાણકર અહિંસક-મહાસંસ્કૃતિ


ાધુનિક-પ્રગતિનું રહસ્ય

ge 36



નો પરિચય

આર્યાવર્ત્ત
નું
આધુનિક સ્વરૂપ



કાળ–બળથી
સંક્ષિપ્ત
મનાતું
આર્યાવર્ત્ત
(પૃ. ૧)





પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મની આસપાસ
ભારતનું દૃશ્ય (૬)



સંવેગી–શાખાના પરંપરાગત પ્રભાવશાલી
મહાપુરૂષ
પૂ. પં. શ્રી રૂપવિજયજી મહારાજ
(પૃ. ૯)

પ્રતિમા-પ્રમાણ

પ્રતિમા-પ્રમાણ



(પૂ. બુટેરાયજી મહારાજ)
પૂ. પં. શ્રી બુદ્ધિવિજયજી મહારાજ (પૃ. ૯)




પૂ. શ્રી આત્મારામજી મહારાજ (પૃ. ૯)



(પૂ. શ્રી મૂળચંદજી મહારાજ)
પૂ. શ્રી મુક્તિવિજયજી મહારાજ (પૃ. ૯)



(પૂ. શ્રી વૃદ્ધિચન્દ્રજી મહારાજ)
પૂ. પં. શ્રી વૃદ્ધિવિજયજી મહારાજ (પૃ. ૯)




પૂ. શ્રી મોહનલાલજી મહારાજ (પૃ. ૯)



પૂ. પં. શ્રી હેતવિજયજી મહારાજ (પૃ. ૯)

પૂજ્ય ચરિત્રનાયકશ્રીના ગુરૂદેવ
શાસનકેશરી આગમજ્ઞ ધુરંધર
પૂજ્યપાદ
પ્રબળ વાદીવિજેતા પૂ. મુનિ
શ્રી ઝવેરસાગરજી મહારાજ




વર્ત્તમાન-આર્યાવર્ત્તની રોનક ચમકાવનાર




(પૃ. ૧૪)

શ્રી કળિકાળ-સર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ	પરમાર્હત રાજર્ષિ શ્રી કુમારપાળ મહારાજા



પ્રાચીન-ગુજરાતના સ્વરૂપવાળા ભારતનું દૃશ્ય (પૃ. ૧૧ થી ૧૬)



અર્વાચીન ગુજરાત-રાજ્યનું ૧૯ જિલ્લા-સાથેનું સુંદર દૃશ્ય (પૃ. ૨૮-૨૯)

ગુજરાત રાજ્યની સંક્ષિપ્ત-માહિતી

* ક્ષેત્રફળ-૧,૧૬,૯૩૧ ચોરસ માઈલ
* જિલ્લા-ઓગણીશ (૧૯)
* તાલુકા-૧૮૫
* ગામ-૧૯૦૧૭
* શહેરો-૧૭૫
* બંદરો-૫૨
* હવાઈ મથકો-૧૬
* જન સંખ્યા-૨,૬૬૬૦,૨૦૯

● ગુ...જ....રા....ત....ની....મ....હ....ત્તા ●

૧૮ દેશના માલિક ગૂર્જરપતિ શ્રી કુમારપાળ-મહારાજના


અ...હિં...સા...ધ્વ...જ...ને

અન્ય દેશો કરતાં વધુ પ્રમાણમાં ફરકાવી જાણનાર


ગુ...જ...રા...ત

ખરેખર નોંધપાત્ર રહ્યું છે.

● ● ● ●



પૂ. ચરિત્રનાયકશ્રીની જન્મભૂમિરૂપે ધન્ય બનેલ ખેડાજિલ્લાનું ૧૦ તાલુકા–સાથેનું દૃશ્ય
(પૃ. ૩૦–૩૧)



નવાંગી-ટીકાકાર પૂ. આ. શ્રી અભયદેવસૂરીશ્વરજી-ભગવંતની સ્વર્ગ-ભૂમિ અને પૂ. ચરિત્ર-નાયકશ્રીની જન્મ-ભૂમિ તરીકે મહાપુરૂષો દ્વારા અભિનંદનીય કપડવંજ-તાલુકાનું દૃશ્ય (પૃ. ૪૦)





કાળચક્રના પરિવર્તનના આધારે જેના પૂર્વ-કાંઠે હાલનું કપડવંજ શહેર છે.
તે
કપડવંજના પાદરે વહેતી મહોર નદી (પૃ. ૪૧)




જે નદીના પશ્ચિમકાંઠે જુનું શહેર કપડવંજ હતું. (પૃ. ૪૧)

કપડવંજની ભૂમિની રાસાયણિક-મહત્તાના અવશેષોથી ભરપુર ભેખડોવાળી વરાંસી નદી







વરાંસી-નદીનું એક દૃશ્ય (પૃ. ૪૨)



કપડવંજની પ્રાચીન શિલ્પસમૃદ્ધિના પ્રતીક-રૂપ ૩૨ કોઠાની વાવ.
જેનું કે નિર્માણ ગૂર્જરપતિ સિદ્ધરાજ જયસિંહે કરાવેલ. (પૃ. ૫૧)



કપડવંજના ગૌરવસમા, બેનમૂન-તોરણથી સુપ્રસિદ્ધ, કુંડવાવનું પાર્શ્વદૃશ્ય.
જે કે ગૂર્જરપતિ સિદ્ધરાજ-જયસિંહની કલગી રૂપ છે. (પૃ. ૫૧ થી ૫૫)



શિલ્પકળાના અજોડ નમુનારૂપ
કુંડવાવનું સન્મુખ દૃશ્ય
[મધ્યભાગ] (પૃ. ૫૩)




ગુજરાતના જગ-વિખ્યાત
૧૬ તોરણો પૈકી અદ્‌ભુત
અને
કપડવંજની અપૂર્વ-શાનરૂપ
ઝીણી-કોતરણીવાળા ભવ્ય-
તોરણનું સન્મુખ દશ્ય
(પૃ. ૫૪-૫૫)






મીઠા-તલાવનો દરવાજો
કપડવંજ (પૃ. ૫૬)






અંતિસરીયેા દરવાજો કપડવંજ (પૃ. ૫૭)



નદી દરવાજો કપડવંજ (પૃ. ૫૭)




કચેરી દરવાજો કપડવંજ
(પૃ. ૫૭)



વિક્રમની ૧૧મી સદીનું ગોવર્ધન-શેઠનું બંધાવેલ ભાવન-જિનાલયનું રૂપાંતરરૂપે વર્ત્તમાનમાં જુમા-મસ્જિદ કપડવંજ (અંદરનું દૃશ્ય) (પૃ. ૫૮)



કપડવંજની પશ્ચિમ દિશાએ પ્રાચીન ભાવન જિનાલયના ભગ્નાવશેષ રૂપ જુમામસ્જીદ-કપડવંજનું બહારથી દૃશ્ય (પૃ. ૫૮)



કપડવંજના સ્વનામધન્ય શ્રી ગોવર્ધન-શેઠની અપૂર્વ પ્રભુ ભક્તિના નમુનારૂપ-જિનમંદિરના સ્મારક રૂપ જુમામસ્જીદની ભવ્ય કોતરણી. (પૃ. ૫૮)



અસાતાના ઉદયથી થયેલ ભયંકર
કુષ્ઠરોગની
ચિકિત્સા ન કરવાના ઘોરણે
અનશન કરવા દૃઢ-સંકલ્પી બનેલ
પૂ. આ. શ્રી અભયદેવ સૂરીશ્વરજી
મ. ને શાસનદેવી દ્વારા નવાંગી
ટીકારચના અને રોગ નિવારણનું
દિવ્ય સૂચન (પૃ. ૬૨)






નવાંગીટીકા-રચનાનું દૃશ્ય

સેઢી નદી કિનારે સ્થંભન-
પાર્શ્વપ્રભુનું પ્રાકટય
(પૃ. ૬૨)

卐



નવાંગીટીકાકાર
પૂ. આ. શ્રી અભયદેવ સૂરીશ્વર
ભગવંતના કપડવંજમાં સ્વર્ગવાસનું
દૃશ્ય (પૃ. ૬૩)








કપડવંજ-ઢાંકવાડીના પ્રાચીનતમ
શ્રી પંચના ઉપાશ્રયમાં જળવાયેલી
પૂ. આ. શ્રી અભયદેવ-સૂરીશ્વર
ભગવંતની ચરણપાદુકા હેરી
(પૃ. ૬૩)


પૂ. આ. શ્રી અભયદેવ સૂરીશ્વર
ભગવંતના જીવનવૃત્તના
સંક્ષિપ્ત આલેખનને લગતી

શ્રી અભયદેવ સૂરીશ્વર
જ્ઞાનમંદિરમાં પધરાવેલ
ઇતિહાસ પટ્ટિકા (પૃ. ૬૧ થી ૬૩)





(પૃ. ૬૯)
કપડવંજના સ્વનામધન્ય શેઠશ્રી લાલચંદ ગુલાલચંદે બંધાવેલ શ્રી ગુજરાતી જૈનમંદિર-રતલામ (સન્મુખ દશ્ય)



ગુજરાતી જૈનમંદિર રતલામના બાવન જિનાલય-પ્રદક્ષિણાનું દશ્ય (પૃ. ૬૯)



શેઠ લાલચંદ ગુલાલચંદ કપડવંજવાળાએ બંધાવેલ ગુજરાતી જૈન ઉપાશ્રય રતલામનું સન્મુખ દશ્ય (પૃ. ૬૯)



ગુજરાતી જૈન ઉપાશ્રય રતલામનું (અંદરનું-વ્યાખ્યાન-ખંડનું) દશ્ય (પૃ. ૬૯)



કપડવંજના ઉદાર ચરિત
શેઠશ્રી લાલચંદ ગુલાલચંદના
અપૂર્વ ધર્મપ્રેમના પ્રતીકરૂપ

શ્રી ગુજરાતી જૈનધર્મશાળા
રતલામનું સન્મુખ દૃશ્ય
(પૃ. ૬૯)





જેઓ કપડવંજના પનોતા નરરત્ન
હોવા સાથે બાલ્યાવસ્થામાં
દીક્ષા લઈ હસ્તલિખિત-પ્રતોની
સુવ્યવસ્થા અને સંશોધનક્ષેત્રે
અનન્ય-સાધારણ સફળ હથોટી
મેળવી શકયા. તે સ્વ. પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ (પૃ. ૭૨)




કલાસમૃદ્ધ કુંડવાવ પાસે કપડવંજની
વ્યાવહારિક શોભા-પ્રતિષ્ઠારૂપ
ચંચળબાઈ ટાવર (પૃ. ૭૬)




પ્રાચીન ભારતીય કાષ્ઠ-શિલ્પ-સમૃદ્ધિની
વાનગીરૂપ મારવટના ટેકણીયાનું કાષ્ઠશિલ્પ
કપડવંજ (પૃ. ૭૬)



પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મથી પવિત્ર અને અનેક-ધર્મસ્થાનોથી સમૃદ્ધ દલાલવાડાનું વિહંગમ દૃશ્ય



પ્રાચીન ઐતિહાસિક અનેક મહાપુરૂષોની ગૌરવભૂમિ કપડવંજ શહેરનું વિહંગમ દૃશ્ય (પૃ. ૭૬)




પ્રાચીન કપડવંજની ભૂમિના અવશેષોને પખાળતી
નાની પણ જલ–સમૃદ્ધ અને રાસાયણિક વસ્તુ–સભર મહોર-વરાંસી નદીના
સંગમનું દૃશ્ય (નડીયાદ રોડ–કપડવંજ) (પૃ. ૭૬)



શ્રી કપડવંજના ગૌરવસમા પ્રાચીન શ્રી ચિંતામણિ જિનાલયના જીર્ણોદ્ધારરૂપે નવનિર્મિત શ્રી ચિંતામણિ પાર્શ્વ-નાથ જિનાલય-કપડવંજનું સન્મુખ દૃશ્ય (પૃ. ૭૯ થી ૮૯)




પ્રકટ-પ્રભાવી શ્રી ચિંતામણિ-પાર્શ્વનાથ પ્રભુનું અતિપ્રાચીન મનોહર બિંબ (પૃ. ૭૯)



પૂ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. પછી
શ્રમણ-સંઘના અજોડ-અદ્વિતીય શ્રુતજ્ઞાનના જ્યોતિર્ધર,
આગમિક-ગહન તાત્ત્વિક-પદાર્થોના અનુપમ-વ્યાખ્યાતા,
જેમના જન્મદ્વારા કપડવંજની ગરિમાને ચાર-ચાંદ લાગેલ
તે આગમ સમ્રાટ્ પૂજ્ય આગમોદ્ધારકશ્રીના નશ્વર દેહને
યશો-દેહદ્વારા સ્થિર રાખવાના પ્રતિકરૂપે
કપડવંજના શ્રીસંઘે ગુરૂમંદિરમાં વિરાજમાન કરેલ
પૂ. આગમોદ્ધારકશ્રીની કાયપ્રમાણ મૂર્તિ (પૃ. ૮૩)






કપડવંજના સ્વનામધન્ય
શ્રી અમૃત શેઠાણીએ બંધાવેલ
શ્રી અષ્ટાપદજી દહેરાસરનું
લાંબી શેરી-રાજમાર્ગ પરનું
શિલ્પ-કોતરણીથી સમૃદ્ધ
પ્રવેશદ્વાર
(પૃ. ૮૪ થી ૯૫)



શ્રી અષ્ટાપદજીના દહેરાસરને
બંધાવનાર નગરશેઠની ખડકી
બાજુથી શ્રી અષ્ટાપદજી
દહેરાસરનું પ્રવેશદ્વાર
(પૃ. ૮૫-૮૬)






અત્યંત ભવ્ય દેવવિમાન જેવા શ્રી અષ્ટાપદજીના દહેરાસરના પૂર્વદિશાના મૂળનાયકરૂપ શ્રી ઋષભદેવ પ્રભુ

શ્રી અષ્ટાપદ-મહાતીર્થે ભરત મહારાજાએ પધરાવેલ ૪, ૮, ૧૦, ૨ જિન-બિંબોના ચતુર્મુખ-પ્રતિષ્ઠાના પ્રતીકરૂપ શ્રી મહાવીર સ્વામી (પૃ. ૯૦)



શ્રી અષ્ટાપદજી-દહેરાસરના મુખ્ય-ગર્ભગૃહનું શિલ્પ-સમૃદ્ધ-તોરણ સાથે પ્રવેશદ્વાર (પૃ. ૯૨)



શ્રી અષ્ટાપદજીના દહેરાસરની પાછળ જમણે (વાયવ્ય ખૂણે) સમવસરણ-ચૈત્ય મંદિરમાં પ્રાચીન શિલ્પના નમૂનારૂપ સુંદર સમેતશિખર મહાતીર્થનો પટ (પૃ. ૯૧)



હોલીચકલે-ઢાંકવાડીમાં સ્થિત શ્રી શાંતિનાથ-
પ્રભુજીના પ્રાચીન-જિનાલયનું સન્મુખ દૃશ્ય
(પૃ. ૯૫)




પ્રશમ-રસ-ઝરતા સુંદર ભાવવાહી
શ્રી શાંતિનાથ પ્રભુ
(પૃ. ૯૫)



કપડવંજના વર્તમાન જિનાલયોમાં સૌથી પ્રાચીન ભવ્ય-કલાત્મક અનેક-ચિત્રોની સાજ-સજ્જાથી
શોભતા સોનેરી છાપું કાચકામ અને સોનેરી ૨૪ તીર્થંકરોના ચિત્રકામથી શોભતા
શ્રી શાંતિનાથ-જિનાલયના ભવ્ય-રંગમંડપનું દૃશ્ય (પૃ. ૯૬)




શ્રી શાંતિનાથ પ્રભુના જિનાલયમાં ભૂમિગૃહમાં બિરાજમાન અત્યંત સુંદર શ્રી કલિકુંડ પાર્શ્વનાથ પ્રભુ (પૃ. ૯૬)




માણેક શેઠાણીએ બંધાવેલ શ્રી આદીશ્વર પ્રભુ જિનાલયનું પ્રવેશદ્વાર (પૃ. ૯૬)



શ્રી ઋષભદેવ પ્રભુ (માણેક શેઠાણીના દેહેરાસરના મૂળનાયક) (પૃ. ૯૭)



માણેક શેઠાણીએ બંધાવેલ જિનાલયના રંગમંડપનું દૃશ્ય (પૃ. ૯૬)




શ્રી અજિતનાથપ્રભુના જિનાલયનું સન્મુખ દૃશ્ય (પૃ. ૯૮)



મૂળનાયકશ્રી અજિતનાથ ભગવાન (પૃ. ૯૮)




શ્રી વાસુપૂજ્યપ્રભુનું જિનાલય (પૃ. ૯૯)




મૂળનાયકશ્રી વાસુપૂજ્યપ્રભુ (પૃ. ૧૦૦) →




શ્રી વાસુપૂજ્ય પ્રભુના જિનાલયના
રંગમંડપનું દૃશ્ય (પૃ. ૧૦૦)




શ્રીઆદીશ્વરપ્રભુનું ઉંચી બેઠકવાળું જિનાલય (પૃ.૧૦૦)→



મોદીવાડના દહેરાસરના મૂળનાયક (પૃ. ૧૦૧)





બહારની વાડીનું શ્રી નેમિનાથપ્રભુનું જિનાલય (પૃ. ૧૦૨)



મૂળનાયક શ્રી નેમિનાથપ્રભુ (પૃ. ૧૦૩)



કપડવંજના સ્વનામધન્ય
શેઠશ્રી ભીઠાલાલ ગુલાલચંદે
શ્રી સંઘને અર્પણ કરેલ
દલાલવાડાના ગૌરવસમો
મી. ગુ. જૈન ઉપાશ્રય
(શ્રાવકોનો ઉપાશ્રય)
(પૃ. ૧૦૪)



કલાલવાડાના દક્ષિણ દ્વારે શોભતો
શેઠશ્રી વ્રજલાલ હરિભાઈના નામે
ઓળખાતો
શ્રાવિકાઓનો ઉપાશ્રય (પૃ. ૧૦૪)

પૂ. આ. શ્રી અભયદેવસૂરીશ્વરજી
મ. તથા પૂ. ઉપા. શ્રી સકલચંદ્રજી
મ. આદિના પગલાંથી પવિત્ર
પંચનો ઉપાશ્રય
(શ્રાવકોનો)
(પૃ. ૧૦૪–૧૦૫)





માણેક શેઠાણીના શ્રી ઋષભદેવ પ્રભુના જિનાલયને અડીને રહેલ શ્રી શ્રાવિકાઓનો ઉપાશ્રય (પૃ. ૧૦૫)



જ્યાં શ્રી વર્ધમાન જૈન આયંબીલ ખાતું ચાલે છે તે શ્રી લહુડી પોસાળ તપાગચ્છનો જુનો ઉપાશ્રય (પૃ. ૧૦૬)





આસનસિદ્ધિની લબ્ધિવાળા, મહા-ચમત્કારી, જિનશાસન-પ્રભાવક યતિવર્યના હાથે પ્રતિષ્ઠિત તપાગચ્છના અધિષ્ઠાયક, યક્ષનિકાયના ઇન્દ્ર શ્રી માણિભદ્રજી (પ્રાચીન) (પૃ. ૧૦૭)

નવાંગી-ટીકાકાર પૂ. આ. શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસના પ્રતીકરૂપે તેઓશ્રીની ચરણ પાદુકા-દહેરી પંચનો જૈન ઉપાશ્રય (પૃ. ૬૩)






નવાંગી–વૃત્તિકાર પૂ. આ. શ્રી
અભયદેવસૂરીશ્વર જૈન જ્ઞાનમંદિરનું
પ્રવેશદ્વાર
(પૃ. ૧૦૯)

પૂ. આગમોદ્ધારકશ્રીએ
વિ. સં. ૧૯૬૦માં સ્થાપેલ
વિવિધ ધર્મક્ષેત્રોનો વહીવટ કરનાર
શેઠશ્રી મીઠાભાઈ
કલ્યાણચંદની પેઢી
(પૃ. ૧૦૯)





સરખલીઆ દરવાજે
શેઠશ્રી મીઠાભાઈ
ગુલાલચંદ તરફથી
બંધાવેલ
સાર્વજનિક ધર્મશાળા
(પૃ. ૧૧૧)



કાપડ બજારમાં આવેલ શેઠ મી.
ક. પેઢી સામે મી. ગુ. ટ્રસ્ટ તરફથી
પંખીઓને અનાજ નાંખવા રૂપે
શેઠ મીઠાભાઇની પરબડી
(પૃ. ૧૧૧)


ચિત્ર ૮૫






પૂ. ચરિત્ર-નાયકશ્રીના ગર્ભકાળ દરમ્યાન જન્મથી ૮૪ દિવસ પૂર્વે માતા-પિતાના હસ્તે દહેરાસરની પ્રતિષ્ઠાની થયેલ મંગળ-વિધિનું દશ્ય (પૃ. ૧૪૭)

ચિત્ર ૮૬






સુવાવડ થવાના નિકટ-કાળે થતી વેદના પ્રસંગે પૂ. ચરિત્રનાયકશ્રીના ધર્મનિષ્ઠ-પિતાજી પુણ્ય-પ્રકાશનું સ્તવન આદિ સંભળાવી આરાધના કરાવી રહ્યા છે. (પૃ. ૧૬૧)



વિ. સં. ૧૯૩૧ની અષાઢ વદ ૦))ની મંગળ રાત્રિએ પ્રશસ્ત ગ્રહયોગમાં
પૂ. ચરિત્ર-નાયકશ્રીનો મંગલ-જન્મ. (પૃ. ૧૬૭)

ચિત્ર ૯૦



પૂ. ચરિત્ર-નાયકશ્રીની ઉદાત્ત જન્મ-કુંડળીનો ટૂંક ફલાદેશ
કાશીના મહાપંડિત તથા કપડવંજના જોષી મ. શુકલજી
પિતાજી-મગનભાઈને સંભળાવે છે.

(પૃ. ૧૭૫)




પૂ. ચરિત્રનાયકશ્રી જ્યાં જન્મ્યા, તે કપડવંજના
સંસારી-ઘરનું સન્મુખ દૃશ્ય

ચિત્ર ૮૮

卐 શ્રીવર્ધમાન સ્વામિને ન ઃ 卐

સ્વસ્તિશ્રી વિક્રમ સં૧૯૩૧ શાલિ વાહન શાકે
૧૭૯૬ વર્ષે આષાઢ માસે કૃષ્ણપક્ષે પવિત્રદશ-
અમાવાસ્યાતિથૌ રવિવાસરે પુષ્ય નક્ષત્રે સિધ્ધિ-
યોગે ચતુષ્પાદ કરણે નિશા-અંત્ય યામે ૩-૩૭
સમયે કર્કરાશિસ્થ ચંદ્રે ઇષ્વાસ ૧૮૭૫ વર્ષાયં
ઓગષ્ટમાસ પ્રથમતારિકાયાં પ્રશસ્યોત્ત મ-શુભલગ્નવેલાય
પુનિત-ભાગધેયસ્ય બાલકસ્ય જન્મ.

❀ પૂ. ચરિત્રનાયકશ્રીની જન્મકુંડળી ❀




🪔 સૂર્યાદિસ્પષ્ટ ગ્રહસારણી 🪔

સૂર્ય	ચંદ્ર	મંગલ	બુધ	ગુરૂ	શુક્ર	શનિ	રાહુ	કેતુ
૩	૩	૭	૩	૬	૩	૯	૧૧	૫
૧૬	૯	૨૮	૨	૪	૩	૨૬	૧૮	૧૮
૭	૪૬	૫૨	૪૯	૨૬	૩૪	૨૦	૫૫	૫૫
૨૪	૫૫	૩૦	૨૧	૩૭	૫૧	૧૪	૨૯	૨૯

ચિત્ર ૯૯

ચિત્ર ૯૧




પૂ. ચરિત્ર-નાયકશ્રીના શૈશવકાળ પછી ધાર્મિક ઉછેરનું દૃશ્ય. પિતાજી સાથે બંને બાળકો પૂજા-વિધિમાં પ્રવર્ત્તી રહ્યા છે. (પૃ. ૨૧૫)

ચિત્ર ૯૨




પિતાજી સાથે ધાર્મિક-ક્રિયાઓમાં પૂ. ચરિત્રનાયકશ્રીનું જ્યેષ્ઠ-બંધુ સાથે સહયોગી વર્ત્તન (પૃ ૨૧૬)



પૂ. ચરિત્ર–નાયકશ્રીની જન્મગત ગંભીરતા–ધીરતાના પરિચયરૂપ ગુમડાવાળા ગાલે માતાના તમાચાનો પ્રસંગ (પૃ. ૨૨૪)

ચિત્ર ૯૪




પૂ. ચરિત્રનાયકશ્રીની નિર્ભીકતા-સાહસિકતાના પરિચય રૂપે સ્યુનિ.ના ફ્રાનસનો પ્રસંગ (પૃ. ૨૨૮)



પૂ. ચરિત્રનાયકના પિતાશ્રી
મગનભાઈ ભગતની દુકાન
પૂ. ચરિત્રનાયકશ્રી દુકાન પર અનુકંપાદાન તથા ઉચિત દાનની
પ્રવૃત્તિઓ કરી રહ્યાનું ચિત્રમાં દેખાય છે. (પૃ. ૨૩૨)

ચિત્ર ૯૬



પૂ. ચરિત્રનાયકશ્રીના કુટુંબીજનો
વચ્ચે માતાપિતા અને ડાબે ચરિત્રનાયકશ્રી તથા જમણે
તેઓશ્રીના જ્યેષ્ઠ બંધુ શ્રી મણિભાઈ [પૃ. ૨૩૬]

ચિત્ર ૯૭



પૂ. ચરિત્રનાયકશ્રી સગપણ કરવા આવનારાઓને તથા માતા-પિતા સમક્ષ દીક્ષાના સંકલ્પની જાહેરાત કરે છે. (પૃ. ૨૫૪)


ચિત્ર ૯૮





પૂ ચરિત્રનાયકશ્રીમાં ધાર્મિક ઉદાત્ત સંસ્કારોના ઘડતરનું દૃશ્ય

પિતાજી ધાર્મિક વાંચન સાથે આદર્શ-શ્રાવક તરીકે બંને બાળકોને હિતશિક્ષા આપે છે. (પૃ. ૨૩૭)



ચિત્ર ૯૯

આ ચિત્રમાં ચાર દૃશ્યો છે

* જેમાં સૌથી મથાળે પૂ. ચરિત્રનાયકશ્રીના મોટાભાઇના પત્નીના સ્વર્ગવાસનું દૃશ્ય છે (પૃ. ૨૪૮)
* નીચે નાના બે ચિત્રો તથા ડાબે એક ચિત્ર છે, તેમાં નીચેના બે ચિત્રોમાં ડાબે વૈરાગ્યવાસિત મણિભાઈને પિતાજી યોગ્ય હિતશિક્ષા આપી રહ્યા છે [પૃ. ૨૫૮]

જમણે–પૂ. ચરિત્રનાયકશ્રી મોટાભાઈ મણિલાલને વૈરાગ્યવાસનામાં દૃઢ કરનારી પ્રેરણા આપી રહ્યા છે
છેલ્લે જમણે ચિત્રમાં [પૃ. ૨૬૧]

માતાજીની મોહઘેલી વાતોનો મણિભાઈ ફરીથી પરણવાના સ્પષ્ટ ઈન્કારથી પ્રતિકાર કરે છે.
[પૃ. ૨૪૯]

ચિત્ર ૧૦૦




પૂ. ચરિત્રનાયકશ્રીના ટેકાથી જ્યેષ્ઠબંધુનો પિતાશ્રી પાસે સંયમ માટે એકરાર (પૃ. ૨૬૩)

ચિત્ર ૧૦૧





પિતાશ્રીની મૂકસંમતિથી જ્યેષ્ઠબંધુની દવા કરાવવાના બહાને બંને ભાઈઓની દીક્ષા માટે કપડવંજથી વિદાય (પૃ. ૨૭૮)




જૈન વિદ્યાશાળા–અમદાવાદનું બાહ્ય દૃશ્ય. (પૃ. ૨૭૯)



વિદ્યાશાળામાં પૂ. શ્રી નીતિ વિ. મ.ને પૂ. ચરિત્રનાયકશ્રી પિતાજીનો પત્ર આપે છે. (પૃ. ૨૭૯)




ચિત્ર ૧૦૪




વિદ્યાશાળામાં બંને ભાઈઓની પૂ. શ્રી નીતિ વિ. મ. સાથે દીક્ષા અંગે વાતચીત (પૃ. ૨૮૧–૨૮૫)

ચિત્ર ૧૦૫



કાસિંદ્રા ગામે પૂ. ચરિત્રનાયકશ્રીના મોટાભાઈની ધામધૂમથી દીક્ષાનું દૃશ્ય (પૃ. ૨૮૭ થી ૨૯૧)





ચિત્ર ૧૦૬

વિદ્વદ્વર્ય પૂ. મુનિશ્રી પદ્મસાગરજી
મ. દ્વારા સ્થાપિત
સાગર-શાખીય જૈન ઉપાશ્રય
(ગોડીજીના મંદિર પાસે)
જેનું નવ-નિર્માણ હાલમાં થયું છે.
(પૃ. ૧૦૬)

ચિત્ર ૧૦૭

સાગર-શાખીય-મુનિગણની
કીર્તિગાથારૂપ
ઉદયપુર (ચૌગાન)નો ભવ્ય
પંક્તિબદ્ધ-જિનાલયોનું
સન્મુખ-દૃશ્ય
(પૃ. ૩૪૫)






ઉદયપુરની પૂર્વભાગેાળે
સરૂપ-સાગરના કિનારે
ચૌગાનના ભવ્ય જિનાલયેાના સમૂહનું
રમણીય પ્રવેશદ્વાર
(પૃ. ૩૪૫)




ચિત્ર ૧૦૯

ઉદયપુર ચૌગાનના
દહેરાસરેામાં
સર્વ-પ્રથમ બનેલ
દહેરાસરના મૂળનાયક
શ્રી શાંતિનાથ પ્રભુનું
સુંદર ત્રિગડું
(પૃ. ૩૪૬)









ચિત્ર ૧૧૦

ઉદયપુર–ચૌગાનના દહેરાસરમાં પ્રતિષ્ઠિત
શ્રી અજિતનાથ પ્રભુની ૬૩ ઇંચની
ભવ્ય પ્રતિમાજી (પૃ. ૩૪૮)



ચિત્ર ૧૧૧

ઉદયપુર ચૌગાનના દહેરાસરે બિરાજમાન
શ્રી ઋષભદેવપ્રભુજી ૬૧ ઇંચની
ભવ્ય પ્રતિમાજી (પૃ. ૩૪૮)




ચિત્ર ૧૧૨

ઉદયપુર ચૌગાનના દહેરાસરમાં બિરાજમાન
શ્રી ઋષભદેવપ્રભુની ૫૧ ઇંચની
ભવ્ય પ્રતિમાજી (પૃ. ૩૪૯)




ચિત્ર ૧૧૩




ચૌગાનના દહેરાસરમાં પ્રતિષ્ઠિત
શ્રી ઋષભદેવપ્રભુની ૫૧ ઇંચની
સુંદર પ્રતિમાજી (પૃ. ૩૪૯)

ચિત્ર ૧૧૪



ચૌગાનના દહેરાસરે પ્રતિષ્ઠિત
શ્રી ઋષભદેવપ્રભુની ૫૧ ઇંચની
ભવ્ય પ્રતિમાજી (પૃ. ૩૪૮)


ચિત્ર ૧૧૫ (અ)




ચૌગાનના દહેરાસરના મૂળનાયક
આવતી ચોવીસીના પ્રથમ તીર્થંકર
શ્રી પદ્મનાભ પ્રભુની ૧૩૫ ઇંચ ઊંચા પરિકર સાથે
૯૫ ઇંચ ઊંચી પ્રતિમાજી (પૃ. ૩૪૯)



ચિત્ર ૧૧૫ (આ)



ચૌગાનના દહેરાસરે પ્રતિષ્ઠિત
શ્રી પાર્શ્વનાથપ્રભુની ૬૯ ઇંચ ઊંચી ભવ્ય પ્રતિમાજી
(પૃ. ૩૫૦)




ઉદયપુર ચૌગાનના
શ્રી પદ્મનાભ પ્રભુના દહેરે
મેડા ઉપર
સુંદર શ્યામ ચૌમુખ જિન-બિંબોની
ભવ્ય સ્થાપના
(પૃ. ૩૫૦)

ચિત્ર ૧૧૭




શ્રી ઉદયપુર
ચૌગાનના દહેરાસરમાં
શ્રી શાંતિનાથ પ્રભુના
દહેરાસર પાસેના
દહેસરના મૂળનાયક
શ્રી મહાવીરપ્રભુ
આદિનું ત્રિગડું

ચિત્ર ૧૧૮




આખા ભારતવર્ષમાં અદ્વિતીય
૭૩ ઇંચનું અદ્‌ભુત સહસ્રફણા **શ્રી** પાર્શ્વનાથપ્રભુનું સુંદરબિંબ
[પૃ. ૩૫૨]




શ્રી સહસ્રફણા-પાર્શ્વનાથ
જિનાલય-ઉદયપુરનું
અંદરનું દૃશ્ય [પૃ. ૩૫૨]

ચિત્ર ૧૨૦



શ્રી સહસ્રફેણા પાર્શ્વનાથ જિનાલય ઉદેપુરનું
બાહ્ય દૃશ્ય (પૃ. ૩૫૩)



સાગરશાખીય જૈનના ઉપાશ્રય પાસે
ભવ્ય આલ્હાદક શ્રી ગોડી પાર્શ્વનાથજીના દહેરાસરના
મૂળનાયકજી (પૃ. ૩૫૩)






ચિત્ર ૧૨૨




કપડવંજની ધાર્મિક-પ્રવૃત્તિઓના
ધબકતા હૈયાસમા અનેક ધર્મસ્થાનોથી
ભરપૂર હલાલવાડાનું પ્રવેશ દ્વાર



દલાલવાડાના પશ્ચિમ દરવાજે શ્રી અજિતનાથ પ્રભુના દહેરાસરનું બાહ્ય દૃશ્ય (પૃ. ૯૮)

ચિત્ર ૧૨૪





માણેક શેઠાણીએ બંધાવેલ અનાથાશ્રમ પુસ્તકાલયનું દૃશ્ય જ્યાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ પ્રાચીન સમયમાં બિરાજમાન હતા (પૃ. ૧૧૧)




શેઠ મીઠાભાઈ ગુલાબચંદ ટ્રસ્ટની પાંજરાપોળનું દૃશ્ય
(પૃ. ૧૧૧)

ચિત્ર ૧૨૫



શ્રી નેમિનાથની વાડીમાં માણેક શેઠાણીની ધર્મશાળા
(બાહ્ય દૃશ્ય) (પૃ. ૧૧૦)



ચિત્ર ૧૩૦

(પૃ. ૧૨૩ થી ૧૨૫)



શ્રી વજ્રસ્વામીજી–મહારાજના પ્રસંગો

આ ચિત્રમાં ત્રણ વિભાગ છે.

ડાબે–ઉપર–વજ્રસ્વામીજીના સંસારી–પિતાજી ધનગિરિજી સગપણ–વખતે પોતાના દીક્ષાના વિચારો મક્કમપણે જાહેર કરે છે.

જમણે–ઉપર–જન્મજાત–વૈરાગી વજ્રકુમાર જાતિ–સ્મરણ જ્ઞાનથી દૃઢ–વૈરાગી બની છ મહિના સુધી સતત રૂદનબળે માતાને કંટાળો ઉપજાવે છે.

પરિણામે ગોચરીએ પધારેલ શ્રી ધનગિરિમુનિને માતાજી કંટાળી બાળક સોંપી દે છે.

જમણે–નીચે–ગુરૂ–આજ્ઞાથી લાવેલ બાળક સાધ્વીજી મ.ના ઉપાશ્રયે રાખેલ છે.

પારણામાં સૂતેલ બાળક સાધ્વીઓના મુખથી થતા સ્વાધ્યાયને સાંભળીને ત્રણ–વર્ષની વયે અગિયાર–અંગના જાણકાર બને છે.

વચ્ચે–માતાએ બાળકને પાછું મેળવવા રાજદરબારે ફરિયાદ કરી.

રાજાએ 'જે બોલાવે અને જેની પાસે જાય તેનું બાળક' એવો ફેંસલો આપ્યો.

માતાની ઘણી વિનવણી છતાં બાળક ગુરૂ–મહારાજના ઓઘાને સહર્ષ સ્વીકાર કરે છે.

–પૃ. ૧૨૩ થી ૧૨૫




પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાશ્રી
શ્રી મગનભાઇ 'ભગત'



પૂ. ચરિત્રનાયકશ્રીના માતાજી
શ્રી જમનાબહેન





પૂ. ચરિત્રનાયકશ્રી જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે માતાજીએ જોયેલ વૃષભનું દૃશ્ય. (પૃ. ૧૩૯)





આગમ જ્યોતિર્ધર

卐

શાસન પ્રભાવક

આગમ–વાચનદાતા, બહુશ્રુત સૂરિપુરંદર

આગમમંદિર–સંસ્થાપક

પૂ. આગમોદ્ધારક

આચાર્યદેવશ્રીના જીવનચરિત્રના વિવિધ પ્રસંગોને સમજાવનાર



ચિ...ત્રા...વ...લી





પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવશ્રીની
પ્રાકૃત–ગુજરાતી–મરાઠી–સંસ્કૃત–હિંદી–અંગ્રેજી
છ ભાષાની સુંદર–સ્તુતિ.

सिद्धद्दौ भाणुदंगे वरसुयभवणा शैलताभ्रागमोना,
स्थाप्या जैनागमाचा निरवधि–प्रसरा साठीं केले सुयत्ना,
पक्षं पद्मं श्रिता ये हिततनुममता आखरी कालमें भी:
ऐसे श्रीसागरानंदमुनिपति जिन्हें

MOST GAIN ACCLOMATION

પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ–પ્રશસ્તિ

योऽदत्तागमवाचनां प्रशमिनां येनोद्धृता आगमा:,
ज्ञानं यस्य समग्रशास्त्रविषयं चारित्रमत्युज्ज्वलम् ।
यो राजप्रतिबोधकृन्मुनिवर: सिद्धान्तसंशोधक:,
श्री आनन्दपयोनिधिर्विजयते सोऽयं हि सूरीश्वर: ॥

પૂ. ધ્યાનસ્થ સ્વર્ગત આગમોદ્ધારકશ્રી સ્તુતિ

दायं दायं मुनिजनगणं शास्त्र-सिद्धान्तयुक्ती-
वेदं वेदं सकलसमयं त्यक्तमोहादिदोषः ।
हायं हायं कुमतकपटं विश्वमान्यप्रभावः,
ध्येयं ध्येयं चरणकमलं सागरानन्दसूरेः ॥









સુગૃહીત-નામધેય, આગમધર, પ્રૌઢ-વ્યાખ્યાતા તત્ત્વ-વિવેચક, આગમોદ્ધારક પૂ. આચાર્યદેવ-શ્રીના જીવનચરિત્ર અંગે પ્રાસંગિક આપેલ વિવિધ-ચિત્રોની ટૂંક માહિતી



ચિત્ર ૧ :-પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મ-સ્થળના પરિચયના પ્રસંગે શાસ્ત્રીય કેટલીક માહિતી વર્તમાન કાળે ભૂલાઇ જવાના કારણે શબ્દની સમાનતાથી ઉભી થવા પામેલ સમજ-ફેરના ગોટાળાને દૂર કરવા માટે હળવા પ્રયાસ રૂપે આ ચિત્ર છે.

આ ચિત્રમાં શાસ્ત્ર-દૃષ્ટિએ **જંબૂદ્વીપ**ના દક્ષિણ છેડે અર્ધ-ચંદ્રાકારે આવેલ **ભરતક્ષેત્ર** અને તેના શાસ્ત્ર-વર્ણિત છ-ખંડોનું યથાશક્ય તાદૃશ-નિદર્શન કરાવવા પ્રયત્ન કર્યો છે.

શાસ્ત્ર-વર્ણિત તે-તે પદાર્થોનું માપ આ નકશામાં સ્કેલથી ચોક્કસપણે નથી, તેમ છતાં જોનારાને આછો ખ્યાલ આવી શકે, તેવી રીતનો સ્થૂલ-સ્કેલ રાખી ચિત્રમાં પદાર્થો ગોઠવવામાં આવ્યા છે.

આ ચિત્રમાં **વૈતાઢય-પર્વત** પછીનો જે **"દક્ષિણ-ભરતક્ષેત્ર"**ના નામથી વિભાગ બતાવ્યો છે, તે વિભાગમાં બે બાજુ દર્શાવેલ **ગંગા** અને **સિંધુ** નદીના વચગાળાનો જે ભાગ તે **મધ્યખંડ** રૂપે દર્શાવ્યો છે.

હકીકતમાં આ **મધ્યખંડ** પણ ઘણો લાંબો-પહોળો છે, જેમાં ફકત સાડાપચીસ (૨૫॥) દેશો **"આર્યાવર્ત"** શબ્દથી ઓળખાય છે, જેનો સામાન્ય-આભાસ નાનાં-મોટાં આકૃતિ-ચિત્રો દ્વારા **મધ્ય-ખંડમાં** દર્શાવેલ છે.

"મધ્ય-ખંડ" એ શબ્દની નજીક કેન્દ્રમાં ચોરસની અંદર ગોળ મીંડું કરેલ છે તે **શ્રી જંબૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ** આદિ ગ્રંથોમાં જણાવાયેલ **વૈતાઢય-પર્વત** અને **જંબૂદ્વીપની જગતી** બંને બાજુથી ૧૧૪ યોજન ૧૧/૧૯ દૂર રહેલ (મધ્ય-ખંડનું) **મધ્ય-કેન્દ્ર** દર્શાવ્યું છે.



તે **મધ્ય**-કેન્દ્રથી ડાબી બાજુ નીચે અર્ધચંદ્રાકારે વિશાળ-દરિયા વચ્ચે નાના-મોટા દ્વીપોનો સમૂહ દર્શાવ્યો છે, તે આપણે રહીએ છીએ તે ૮૦૦૦ માઈલના વ્યાસવાળી **વર્તમાન પૃથ્વી-વર્તમાન જગતનો નિર્દેશ કર્યો છે.**

આજે શાસ્ત્રીય-જ્ઞાનની ગહનતા નહિ સમજી શકનારા કેટલાક ધુરંધર-વિદ્વાન પંડિતો પણ **"આર્યાવર્ત"** શબ્દને ખૂબ જ ટૂંકા અર્થમાં ઘટાવી શાસ્ત્ર-વર્ણિત વિશિષ્ટ **સમ-દ્વીપ જંબૂ-દ્વીપ, લવણ-સમુદ્ર, ભરત-ખંડ** આદિ મહત્વના પદાર્થોને પણ કૂપ-મંડૂક ન્યાયે મારી-મચડીને જે-તે સ્થળોને તેવાં નામ આપી સરણાવવાની અજ્ઞાન-ભરી ધૃષ્ટતા કરી રહ્યા છે.

હકીકતમાં આપણે અત્યારે જે પૃથ્વીના અતિ-ક્ષુદ્ર ૮૦૦૦ માઈલના નાના-વિભાગમાં રહીએ છીએ, તેનાથી પૂર્વમાં ઈશાન-ખૂણે અને ઉત્તરનાં ખૂબ જ વિસ્તારવાળી પૃથ્વી રહેલી છે, તે વાતને માન્યા સિવાય છૂટકો નથી.

તેમ માનતાં કોઈ જાતની શાસ્ત્રીય-માન્યતાઓને ઠોકાવવાની કે પાટા-ફેર રજુ કરવાની જરૂરિયાત ઉભી થતી નથી.

કાળ-ચક્રની વિષમ-અસરથી ઈ. સ.ની ચૌથી સદી લગભગથી વર્તમાન-જગતનો સંપર્ક આ ચિત્રમાં દેખાતા બીજા દેશો અને વિભાગો સાથે ન રહેવાના પરિણામે આપણે દુનિયા-દુનિયાના વાસી થઇ ગયા.

પણ હકીકતમાં **આર્યાવર્ત** એટલે (૨૫૫) **સાડી-પચ્ચીસ-આર્ય-દેશોનો સમૂહ.** તેનું શાસ્ત્રીય-દૃષ્ટિએ પણ ખૂબ વિશિષ્ટ માહાત્મ્ય અંકાયેલું હતું અને છે, કેમ કે તીર્થંકરો, ગણધરો ચક્રવર્ત્તીઓ આદિ શલાકાપુરૂષ તરીકે પ્રખ્યાત મહા-પુરૂષોના જન્મ-વિહાર આદિ આ ભૂમિમાં જ હોઈ **આર્યાવર્ત** વિશિષ્ટ-મહત્વનો અનાદિ-કાળથી મનાતો આવ્યો છે.

કાળબળે આજે તે **આર્યાવર્ત**ની ભૂમિ પરસ્પર-વ્યવહારની દૃષ્ટિએ છિન્ન-ભિન્ન થઈ ગઈ છે, તે રીતે પૂ. ચરિત્ર-નાયકશ્રી વર્તમાન-જગતના એક બૃહત્-ભાગરૂપ **ઓશિયા**ના તિલકસમા **ભારતવર્ષ**ના મહાગૌરવશાળી **ગુજરાત**ના ગરવા **ખેડા**-જિલ્લાના સૌભાગ્યવંતા **કપડવંજ** શહેરમાં જન્મ્યા છતાં પણ પ્રાચીન-**આર્યાવર્ત**ની ચાલી આવતી સાંસ્કારિક-મહત્તાના અનુ-સંધાનવાળી ભૂમિ સાથે પરોક્ષ રીતે પણ સંબંધવાળા હતા એમ તેઓશ્રીના અદ્ભુત સર્વતો-મુખી-વ્યક્તિત્વના વિકાસથી ચોક્કસ સમજાય છે.

ચિત્ર ૨ :- પૂ. ચરિત્રનાયકશ્રી જે અરસામાં જન્મ્યા, તે કાળ ભારતવર્ષની પ્રજા માટે ખૂબ કપરો કાળ હતો, તેથી તેવા પ્રસંગે તે વિષમ-પ્રાય સ્થિતિના ઉકેલ માટે અવસરોચિત જાણે ફુદરતી પૂ. ચરિત્રનાયકશ્રીનો જન્મ થઈ રહ્યાનું સમજાય છે.

તે વખતે ભારતીય-સંસ્કૃતિને જોરદાર આંચકો આપી અવળી-દિશામાં વળાંક આપવાની કૂટનીતિ મુજબ કૃત્રિમ-રીતે ખોટી-ઉશ્કેરણીથી પોતાની સ્વાર્થ-સિદ્ધિ માટે ઉભા કરાએલ ઈ. સ. ૧૭૫૭ અને ૧૮૫૭ના વિપ્લવ પછી સ્મશાન-તુલ્ય નિષ્ક્રિયતાના ઝેરવાળી દેખીતી શાંતિ વિદેશી-બ્રિટિશરોએ પ્રવર્તાવેલ રાજ્ય-શાસન તરફથી ઊંદરીઆ-કૂંકણનીતિની રૂઈએ દેખાતી હતી.

પણ ન્યાય, સત્ય અને આર્ય-સંસ્કૃતિ ખાતર ભેખ લેનાર અને તે માટે પ્રાણ, સંપત્તિ, સ્વ-માન આદિ સર્વસ્વને ફૂંકવી નારા મહાનુભાવોને આડકતરી રીતે કચડી નાખવાની નીતિ પડદા પાછળ રહેલ પૉલિસીના નામે ભયંકર-કૂટનીતિ ચલાવનારા વિદેશી-સૂત્રધારોની દોરવણી પ્રમાણે ચાલી રહેલ.

જેના પુરાવા ઐતિહાસિક-આંકડા વગેરે આ ચિત્રમાં રજુ કરવામાં આવેલ છે.

આ ચિત્ર ભારતીય-સંસ્કૃતિના અડંગ સાચા હિમાયતી, પ્રભુ-શાસનના અવિહડ-રાગી, અનન્ય-સાધારણ શાસન-નિષ્ઠા, તત્વદૃષ્ટિ અને જિનશાસનની વફાદારીમાં અજોડ સ્વ-નામ-ધન્ય શ્રાદ્ધ-રત્ન સ્વ. પંડિત-રત્ન **શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ રાજકોટવાળા**ના ઐતિહાસિક ઉંડા સંશોધન-પૂર્ણ અભ્યાસના ફળરૂપે છે.

કે જેઓ શાસનના અસ્થિ-મજ્જાનુગત સુદૃઢ-રાગથી રંગાએલ હોઈ ૮૨ વર્ષની જીંદગીમાં છેલ્લાં પચાસ વર્ષ દરમ્યાન દિવસ અને રાત એક ક્ષણ માટે પણ શાસનને ભૂલ્યા નથી.

વળી પોતાના શરીરની, સંપત્તિની, કુટુંબની અને લોકોના માનાપમાનની કશાની પરવા કર્યા વિના ઘરનું ગાડીભાડું ખરચીને, કયારેક પ્રસંગની કટોકટીને અનુરૂપ રાતોરાત સ્પેશીઅલ ટેક્સી કરીને પણ શાસનના સમર્થ ધુરંધર-આચાર્ય ભગવંતો કે શ્રીસંઘના અગ્રગણ્ય-પ્રતિષ્ઠિત આગેવાનો સમક્ષ વ્યક્તિગત માન સન્માનને ગૌણ કરીને પણ ઉચિત વિવેક-વિનયપૂર્વક થઈ રહેલ અનિચ્છનીય-બાબતને અટકાવવા યોગ્ય રીતે ધ્યાન ખેંચતા.

તેમજ આખા જૈન-સંઘમાં કયાંક પ્રત્યક્ષ-રીતે ક્ષણજીવી-લાભોની વણઝાર દેખાતા છતાં પણ દૂરગામી-દૃષ્ટિથી પ્રભુશાસનને નક્કો પહોંચાડનારી થતી પ્રવૃત્તિને અટકાવવા યથાશક્ય તનતોડ-મહેનત દ્વારા સતત જેઓ ઝઝુમતા.

આટલું જ નહિ પણ આજના ગંદા રાજકારણ [જેને કે હકીકતમાં રાજકારણ જ ન કહેવાય કેમ કે આજનું રાજકારણ વિદેશીઓએ ઘડી આપેલ ચોકઠામાં ગોઠવેલ કાર્યક્રમ પ્રમાણે જ કરવાનું એટલે આજનું રાજકારણ હકીકતમાં રાજનીતિના બંધારણને અનુકૂળ નહિ તેમ છતાં] ના

ભારતના વહીવટદારો કે વર્ત્તમાન વિશ્વના પોતપોતાની રીતે રાજ્યશાસન ચલાવનારા કુટનીતિજ્ઞ રાજપુરૂષો જે કાંઈ બોલે–પ્રચારે, કુનેહભર્યા દાવપેચ રાજકીય–સ્વાર્થની રીતે ગોઠવે.

તે બધાય પરથી કુદરતી–અદ્રશ્યસરૂપ વેધક–અન્તર્દૃષ્ટિના બળે તે–તે રાજકારણીઓના હૈયામાં રમતી વાતને તેમજ તેઓએ લોકોને ભ્રમણામાં રાખવા અવળી દિશામાં પણ ફેંકેલા પાસાઓ વિદેશીઓની મેલી મુરાદ બર લાવવા કેવી રીતે સક્રિય બનશે ?

આ બધું કડીબદ્ધ સમજી–વિચારી તેના પ્રતિકાર રૂપે રાત્રે બાર કે બે વાગ્યા હોય તો પણ ઉંઘે નહિ અને આ કુટનીતિને ખુલ્લી પાડવા કઈ રીતનું લખાણ કે તાર–ટપાલ કરવી તેની ગડભાંગમાં જ અત્યંત ગહન વિચાર–મુદ્રામાં ડૂબી જતા. અને તે વિચાર–સરણિને અમલમાં મુકવાનો યોગ્ય–ઉપાય સ્ફુરી આવતાં હરબહેર રાત્રિના ગહન અંધકારમાં પણ લખતી વખતે કાગળ ઉપર બે થી ત્રણ ઇંચનું તેજ વર્તુળ પડે તેવી ઓટોમેટીક–બેટરીવાળી બોલપેન હાથમાં લઈ લખવા માંડે. કાગળની થપ્પીઓ ઉપર થપ્પી થએ જાય. કેટલાય ઘા કાગળ લખાઈને ઠગલો થતા જાય. સવારના સાડાસાત–આઠ થવા આવે તો પણ રાતના દોઢ કે બે વાગ્યાથી શરૂ થએલ પ્રતિકારના લખાણનું કાર્ય અટકે નહિ!!!

આવા મહા ભગીરથ–પુરૂષાર્થદ્વારા વિદેશી–તંત્રવાહકે મારફત દૂરગામી–દૃષ્ટિથી આર્ય–મહાસંસ્કૃતિને ધરમૂળથી પલટાવી નાંખનારા કુ–ચક્રોની ગતિ–વિધિના ગર્ભિત–આશયવાળા દ્વિઅર્થી–અનેકાર્થી ભાષણોના અંતરંગ–હાર્દને ઓળખી રપષ્ટ રીતે ઝાટકણી સૌમ્ય–ભાષામાં કરે.

વધુમાં ભારતવર્ષની પ્રજાની જીવનદોરી સમી આર્ય–મહાસંસ્કૃતિને ગુંગળાવી ખતમ કરી નાંખવાની વિદેશી–તંત્રની પેરવી કે જે છેલ્લા બે હજાર વર્ષ થી તથા છસો–સાતસો વરસથી તો ઉઘાડી રીતે ચાલી રહી છે, તે બધું, પ્રાચીન ઐતિહાસિક વિગતો અને રાજકીય–બાબતોના છડે–ચોક ઉલ્લેખ સાથે ઉઘાડું પાડે.

આવા લોહીના અણુએ અણુએ ભારતીય–પ્રજાના પ્રાણરૂપ આર્ય–મહાસંસ્કૃતિના રક્ષણનું અપૂર્વ ખમીર ધરાવનાર, સ્વ–નામધન્ય પંડિત–રત્ન શ્રી પ્રભુદાસભાઈ એ આજથી લગભગ પંદરેક વર્ષ પહેલાં વિદેશીઓએ પાથરેલ કુટનીતિની માયાજાળની સ્પષ્ટ પ્રતીતિરૂપ કેટલાક મળી આવેલા નક્કર–પ્રમાણોના આધારે પોતાના હાથે જાતમહેનતથી આ ચિત્રનું પ્રાથમિક ઘડતર કરેલું.

તેના ઉપરથી પંડિતશ્રીની સંજય–દૃષ્ટિથી ભારત અને વિદેશોના ભાવિ–ચિત્રની રૂપરેખા ભૂતકાલીન નક્કર કડીબદ્ધ–દાખલાઓથી સાંભળી અત્યંત પ્રભાવિત થએલ કોલેજના વિનયન–વિભાગના (આર્ટ્સ વિભાગના) ત્રીજા વર્ષમાં ભણતી ૨૦ વર્ષની એક કોલેજીઅન બહેને ઉમંગથી પંડિતશ્રીની વિચાર–ધારાને ટૂંકમાં સમજી પંડિતશ્રીના દોરેલ કાચા રેખાચિત્ર ઉપરથી ૨૦" × ૨૪"ની સાઈઝના નકશો બનાવી આપેલ.

તે નકશા ઉપરથી મારી પોતાની અંગત–જાણકારી માટે એક ભાઈ પાસે બનાવી રાખેલ નકશા ઉપરથી પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મ–કાળની ગંભીરતા દર્શાવવા તથા ચિત્રમાં જણાવેલ આવી કૂટનીતિમાં પાવરધા–વિદેશીઓની ભયંકર પકડમાંથી ભાવીમાં શ્રી જિનશાસનને બચાવનાર પૂ. ચરિત્રનાયકશ્રી થવાના છે, તે પ્રસંગૌચિત્યના આધારે સારા આર્ટિસ્ટ પાસે નવેસરથી વ્યવસ્થિત રીતે આ ચિત્ર તૈયાર કરાવી વાચકોના માનસ ઉપર મહાપુરૂષોની વિશિષ્ટ–આત્મશક્તિ કેવા વિષમ–દેશ–કાળની પરિસ્થિતિ ઉપર વિજયી નિવડે છે? તે દર્શાવવા આ ચિત્ર અહીં રજુ કર્યું છે.

આ ચિત્ર સમજવા માટે નરસંગ સુધી તટસ્થ રીતે તથાકથિત આજના ગંદા રાજકારણ (!)નો પણ ઊંડાણથી અભ્યાસ કરવો પડે. એમ કરવા જતાં આપણું માનસ કયાંક વિદેશીઓની કૂટનીતિને સમર્થક કોઈક વિચારધારામાં અટવાઈ જાય, એ પણ એક જોખમ છે.

હકીકતમાં આ નકશા ઉપર સ્વ. પં. શ્રી **પ્રભુદાસભાઈ એ** કાંઈક પ્રકાશ પાથરવારૂપે લખ્યું હોત તો ટૂંકમાં સાચી પરિભાષા સમજી શકાત.

પણ ભારતીય–પ્રજાના દુર્ભાગ્યે પંડિતજીને આખી જીંદગીમાં યોગ્ય સહયોગ લગભગ મળ્યો નહિ. અને કૂતરાને રોટલો નાખવાની જેમ કેટલાકોની પોતાના વાજીંત્રરૂપે કે આશ્રિતરૂપે બનાવવાના બદ–ઈરાદાથી હજારો નહિ પણ લાખ–લાખ રૂપીયા જેવી ઓફરને પણ સ્વ–માન અને સાંસ્કૃતિક–ખુમારીના બળે ઠોકરાવનાર પંડિતશ્રી પોતાની–રીતે કોઈના આશ્રય કે સહારાની શોધ, યાચના, ભીખ કે પરવાહના પંથે પગલું પણ ભર્યા વિના પોતાની મસ્તીથી જીંદગીની છેલ્લી પળ સુધી કાગળ અને કલમ દ્વારા ઝુઝતા રહ્યા.

એટલે વિષમ–પ્રસંગોથી અનુકૂળતા ન મળવાના કારણે આ ચિત્ર ઉપર તેઓશ્રી તરફથી લખાયું હોય, એવું જાણમાં નથી

તેથી આ ચિત્રનો સમસ્ત ભાવાર્થ સમજાવવો ગજા–બહારની ચીજ છે.

ટૂંકમાં વર્ષોથી પંડિતજીના વિચારોને પદ્ધતિપૂર્વક સમજવા માટેના અનુકૂળ–સંયોગો ન મળવાથી હું પોતે પણ વ્યવસ્થિત રીતે સમજી શકયો નથી, તેમ છતાં કર્ણોપકર્ણરીતે તેમજ કયારેક છૂટક થયેલ વાર્તાલાપ આદિ ઉપરથી જે સમજી શકયો છું તેના આધારે ટૂંક પરિચય લખું છું.

ચિત્ર પરિચય– ચિત્રમાં મથાળે ઉપરના શીર્ષકમાં **"ભારત–પ્રેરિત"** એવું મોટા અક્ષરોમાં લખેલ છે, તેની સામે **"ધર્મપ્રધાન ચાર પુરૂષાર્થની.....અહિંસક મહાસંસ્કૃતિ"** આ શબ્દો આર્ય–મહાસંસ્કૃતિના પરિચય માટે મૂકેલ છે.

વળી ચિત્રના મથાળે જમણે **"આધુનિક–પ્રગતિનું રહસ્ય"** એ મોટા અક્ષરે ચિત્રનું

મુખ્ય શીર્ષક મૂક્યું છે, તેની સમજુતી રૂપે ચિત્રમાં નીચે ડાબે "**આર્યસંસ્કૃતિ....ને..... વિદેશી તંત્રનો પરિચય**"એ લખાણ છે.

આટલી વાત વાંચકોએ સ્થિર-માનસથી સમજી-વિચારી આ ચિત્રને વિગતથી સમજવા માટે તે તે કંડિકાઓને વાંચવા સમજવા પ્રયત્ન કરવો.

સૌ પ્રથમ ડાબે ચિત્રના મથાળે—

"ઇ. સ. ૧૪૯૨માં છઠ્ઠા પોપ ધર્મગુરૂએ સમસ્ત-જગત પર જાણે પોતાની જ સત્તા હોય, તેમ અર્ધું સ્પેનને અને અર્ધું પોર્ટુગલને એમ આખા વર્તમાન-જગતની વહેંચણી કરી આપતું જે **બુલ** :-જાહેરનામું જાહેર કરેલ તે અક્ષરશઃ રજુ કર્યું છે."

"પછી તેના સમર્થનમાં ગુજરાતીમાં ડાબે કોલમમાં તા. ૬-૫-૬૦ના રોજ ઇંગ્લેંડમાં ઇન્ડીયા-લીગ સમક્ષ પંડિત નહેરૂએ આપેલ ભાષણનો ફકરો રજુ કર્યો છે."

જેમાં ધર્મગુરૂ છઠ્ઠા પોપે આખા વર્તમાન-જગતની વચ્ચે સ્પેન-પોર્ટુગલ વચ્ચે કરેલ વહેંચણી વાળા બુલનો ઉલ્લેખ છે.

આ પછી બીજી-કોલમમાં પોર્ટુગલના વિદેશ-પ્રધાન શ્રી. **નોગીરાએ** તા-૧૩-૪-૬૦ના રોજ **લીસ્બન** મુકામે **હેગની** અદાલતમાં ચૂકાદાને આવકારવારૂપે કરેલ ભાષણનો ફકરો રજુ કર્યો છે.

જે કે ઉપર જણાવેલ **બુલના** મૌલિક-હેતુઓને સ્પષ્ટ કરનાર છે.

આ રીતે ઈ સ. ૧૪૯૨થી ભારતીય-પ્રજાની રગરગમાં વણાએલ આર્ય-મહાસંસ્કૃતિને ઘરમૂળથી પલટાવવા-તેમાં વિકૃતિઓ લાવવા તીક્ષ્ણ અણીદાર ભાલાની જેમ ચિત્રમાં જમણે "**લોખંડી ચોકઠું**" એ શબ્દવાળો ભાલા રૂપે આકાર જાણે સ્ટીલ-પોલાદનું મજબૂત ચોકઠું તૈયાર કરવાના પૂર્વરૂપ તરીકેનો ભારતીય-પ્રજાની છાતીમાં કુડ કપટભર્યા નિર્મમ-માનસથી જાણે ખોસ્યો હોય, તેવું દૃશ્ય જણાવેલ છે.

કે જે જતે દહાડે ક્રમબદ્ધ ગોઠવાયેલ યોજનાઓના પૂરાબળે ધીમે ધીમે ભારતીય-પ્રજાના શ્વાસરૂપ આર્ય-મહાસંસ્કૃતિનો પ્રાણ રૂંધાઈ જાય, તેવા જબ્બર વજ્રની જેમ દુર્ભેદ્ય ચોકઠારૂપે પરિણમતો ગયો.

પરિણામે આજે આ સહુના અનુભવની વાત છે કે-

આપણા અહીંના કાળી ચામડીના ! પણ વિદેશીઓની કેળવણી પ્રમાણે ઉછરેલા વિદેશીઓના માનસપુત્ર સમા ભારતના શાસકવર્ગના ઉચ્ચ-પદાધિકારીઓ પણ ઊંડું વિચાર્યા-સમજ્યા કે

જણ્યા વિના વિદેશીઓએ ગોઠવેલ ક્રમબદ્ધ-યોજનાઓમાં જાણે-અજાણે પણ ઉમંગભેર સક્રિય સહયોગ-ટેકો આપી આર્ય-મહાસંસ્કૃતિને વેર-વિખેર કરી નાખવાની વિદેશીઓની મુરાદને બર લાવી રહ્યા છે.

જેમકે-ઈ. સ. ૧૯૪૭માં ભારતમાંથી વિદેશીઓને સત્તાના પદ ઉપરથી ખસી ચાલ્યા જવાનું ૫૦૦ વર્ષ પહેલાં કૂટનીતિજ્ઞ બાહોશ મુત્સદ્દીઓએ તૈયાર કરેલ યોજના-પત્રકમાં નિશ્ચિત કાર્યક્રમ તરીકે હતું.

કેમકે ઈ. સ. ૧૯૪૭ પછી આર્ય-મહાસંસ્કૃતિના પાયાઓને સડાવી ગળાવી-નાંખનારી શિક્ષણ-પદ્ધતિ, રહેણી-કરણી અને રાજકીય-ધાર્મિક વાદી-જીવનચર્યા તથા તદનુરૂપ વિચાર-સરણીનું મૌલિક ઘડતર આદિ યોજનાઓથી લગભગ પૂર્વભૂમિકાનું ઘડતર કરવાનું કાર્ય પતવા પછી વિદેશીઓને ખસી જવાની ખાસ જરૂર મુત્સદ્દીઓએ ગોઠવેલ યોજનાઓને સફળ બનાવવા માટે હતી.

કારણ કે ઈ. સ. ૧૯૪૭ પછી વિદેશી-શાસનકર્તાઓએ કુનેહપૂર્વક આર્ય-સંસ્કૃતિના ઘરમૂળથી ફેરફાર માટે જે ભયંકર કુરંગો ચાંપવાની હતી, તે જો વિદેશીઓ સત્તાના સિંહાસન પર બેસીને અમલમાં લાવત તો આ ભારતમાંથી આર્ય-સંસ્કૃતિ-પ્રેમી નાયકો ભારતના ખૂણે-ખાંચરેથી પણ આગળ આવી ઈ. સ. ૧૭૫૭ અને ૧૮૫૭ના રાજકીય-સ્વાર્થના હેતુસર વિદેશીઓએ જતે જ પોતાની અમુક વેળી મુરાદ બર લાવવા કૃત્રિમ રીતે ઉભા કરેલ વિપ્લવો કરતાં કંઈ ગુણો મોટો ભયંકર વિદ્રોહ મૌલિક જુરસાવાળો ઉભો કરી મૂકત કે જેના પરિણામે વિદેશીઓના પાયા મૂળથી ઉખડી જાત અને છેલ્લા ૫૦૦ વર્ષથી ગોઠવેલ ભેદી-જાળોનાં ગૂંચળાં અને તેને લગતી યોજનાઓ બધું ધૂળમાં મળી જાત.

તેથી આજ સુધી વિદેશીઓ જે યોજનાઓ ઘડી અને ક્રમ-બદ્ધ રીતે અમલમાં મૂકતા ગયા અને તેનાં પરિણામો તેઓની ધારણા પ્રમાણે આવતા ગયાં એટલે વિદેશીઓએ મુત્સદ્દીઓની ગોઠવણ પ્રમાણે આર્ય-સંસ્કૃતિના મૌલિક-તત્વોને મૂળમાંથી ઉખેડનાર કે સર્વાંગીણ રીતે વિકૃત કરનાર યોજનાઓરૂપી ભયંકર કુરંગો ઠેકાણે-ઠેકાણે વિવિધ રૂપે ગોઠવેલી કે જે ભારત-વર્ષની ઉદ્દાત્ત સર્વ-હિતકર આર્ય-મહાસંસ્કૃતિને મૂળમાંથી હચમચાવી નાંખે તેવી ભેદી-માયાજાળ રૂપે ગોઠવાયેલ કે જેને અમુક-અમુક ટાઈમે જરાક બહારના તેવા સંયોગોને પામી માત્ર દીવાસળી ચાંપવાની જેમ વિકૃત રીતે ધડાધડ ફુટી નિકળે !!!

આ માટે કૂટનીતિજ્ઞ-વિદેશીઓએ યોજના પ્રમાણે નેવું વરસના ગાળામાં બધી પૂર્વ-ગોઠવણ કરીને સત્તાના સિંહાસનથી ઉતરી જવાની વાતને તથા-કથિત **સ્વરાજ્ય**ના લેબલ નીચે હવે પછી સંસ્કૃતિઘાતક ભયંકર-કાર્યવાહીના અંગરૂપ ઘડીને તૈયાર રાખેલા ૪૦૨ કાયદાઓનો પોર્ટફોલિયો સોંપવારૂપે શાસન-તંત્ર તેઓએ ઘડી આપેલ બંધારણ પ્રમાણે ચલાવવાની રૂએ દેખીતી રીતે **આઝાદી** આપવાની નાટકીય ઢબે વ્યવસ્થા કરી.

પરિણામે આપણા કહેવાતા દેશનેતાઓ વિદેશીઓએ આપેલ સ્વરાજ્યને કોંગ્રેસની વરસોની લડતની મહાન-સિદ્ધિરૂપે ભલે બિરદાવે! પણ નાના બાળકને રમવા માટે અપાતા ઘૂઘરાની જેમ હકીકતમાં વિદેશીઓએ ગોઠવેલી યોજના પ્રમાણે બાકી રહેલ સંસ્કૃતિ-વિનાશનું મહાકાર્ય આડે હાથે ભારતીયો મારફત કરાવવા માટે ઉપરથી દેખીતા-વિરોધ, ઉગ્ર-દમનનાં કડક પગલાં રાખવા છતાં અંદરથી આડકતરી રીતે ઠેકાણે ઠેકાણે **પ્રજામંડળ, ક્ષત્રિયપરિષદ કોંગ્રેસ** જેવી સંસ્થાઓને આગળ લાવવા-વધારવામાં સહયોગ દ્વારા વેલ.

સાથે સાથે ભારતીય-પ્રજાના વિદેશીઓની યોજના પ્રમાણે કાર્યક્ષમતા ધરાવનાર વિશિષ્ટ-શક્તિશાળીઓ સામે ઉગ્ર દમન-નીતિ આદિ દ્વારા જનતાનું ધ્યાન કેન્દ્રિત કરી કૃત્રિમ રીતે તેઓને આગેવાનો બનાવી અમારી યોજનાઓને સરળી રીતે પાર પાડે તે માટે તેઓને ગોઠવાએલી યોજનાઓની સારા-નરસાપણાને વિચારવાની તક ન મળે અને અંદરોઅંદર ભિન્ન-ભિન્ન વિચાર-ધારાઓના પુરસ્કારમાંથી ઉભા થતા વિચાર-સંઘર્ષમાં જ આગેવાનો ગૂંચવાઈ રહે, જેથી ભારતના ખૂણે-ખાંચરે રહેલ થોડા-ઘણા ભારતીય-સંસ્કૃતિના પુરસ્કર્તાઓ આગળ આવી કયાંક નવસર્જનના નાદને બંધ કરી સંસ્કૃતિ-રક્ષાના કામમાં ફાવી ન જાય, તેથી **કોંગ્રેસની** સામે **મુસ્લીમ-લીગ, સામ્યવાદી, સમાજવાદી, રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘ** આદિ અનેક વિરોધી-પરિબળોના વિચાર-સંઘર્ષમાંથી જ શાસનકર્તાઓ બચી ન આવી શકે-તેવી ગોઠવણ કરેલ.

બીજી બાજુ જતાં-જતાં પણ પોતાના ગોઠવેલા સાથીદારોને આપણા દેશ-નેતાઓના વહીવટી-તંત્રમાં મદદ કરવાના દેખાવ રૂપે પ્રાઈવેટ-સેક્રેટરી રૂપે રાખી તેઓ મારફત વિદેશી-શાસકોએ વારસાગત આપેલ ૪૦૨ કાયદાના પોર્ટફોલિયામાંથી સમય, સ્થિતિ, તક અને અવસરની મર્યાદા પ્રમાણે એક પછી એક કાયદાઓ થોડા ઘણા સીલેકટ કમેટિ, ત્રણવાર વાંચન આદિ નાટકીય રીત-રસમોને અદા કરવા સાથે આપણા દેશ-બાંધવોના સાથ-સિક્કા સાથે પાસ થતા ગયા.

જેથી પાર્લામેન્ટમાં રજુ થવાના દેખાવ સાથે તે કાયદાઓ પૂર્વ-યોજિત ભિન્ન-ભિન્ન વિચાર-ધારાના પક્ષવાદના તણખા ઉપર વિદેશીઓના પ્યાદારૂપે કામ કરતા બહુનાયકોની થોડી હોા-હાની બાહ્ય દેખાવવાળી ધમાલ સાથે ભારતીય-પ્રજાના પ્રાણસમી આર્ય-સંસ્કૃતિને ગૂંગળાવી નાખનાર તરીકે ભારતીય-પ્રજાની છાતી ઉપર ભયંકર વજ્રપ્રહારની જેમ ઠોકાતા ગયા.

આ સિવાય ચિત્રના મધ્ય-ભાગે **સ્પેન-પોર્ટુગલના** બે હિસ્સા બતાવી **પોર્ટુગલોના** માધ્યમે વિદેશી-તંત્રવાહકોએ આર્ય-પ્રજાના મહાનિધાનરૂપ સર્વ-હિતકર મહા-સંસ્કૃતિના મૌલિક-તત્ત્વોને આ-મૂળ-ચૂલ ડહોળી નાખવાની કૂટનીતિને નજર-સામે રાખી અનેક કાવાદાવા છલ-પ્રપંચ આદિથી દૂષિત બનેલ કુનેહના વિવિધ-પદ્ધતિઓ અપનાવી રાજકીય-વર્તુલોના

દેખાવમાં આકસ્મિક પણ હકીકતમાં પૂર્વ-નિયોજિત નાના-મોટા ફેરફારો કાળની અકળ-ગતિના આધારે થતા રહ્યા, તે બધા દર્શાવ્યા છે.

ઇ.સ. ૧૯૪૭માં રાજકીય-ક્રાંતિના નામે **'સ્વરાજ્ય'**ની છાપવાળું વિદેશી-કૂટનીતિઓના સક્રિય-તત્ત્વોથી ભરપૂર પોકેટ ભેટમાં બક્ષી વિદેશી તંત્ર-વાહકોએ નામનો મોહ જતો કરી પોતાનું કામ પોતાથી સવાયું કરી શકનારા પોતાના માનસ-પુત્રો કાળી-ચામડીના વિદેશીઓ દ્વારા થવાનું નક્કી જાણી **ભારતમાંથી ઇ. સ. ૧૯૪૭માં વિદાય થવાનું પસંદ કર્યું'.**

તેમ છતાં ચિત્રમાં જણાવાએલ ઈ. સ. ૧૯૪૮, ૧૯૫૦, ૧૯૫૫, ૧૯૫૬, ૧૯૫૭ અને ૧૯૬૦માં બનેલી ઘટનાઓ સ્પષ્ટ બતાવી આપે છે કે-

વિદેશીઓની કૂટ-પ્રપંચભરી નીતિના પાયા કેટલા ઉંડા અને વ્યવસ્થિત હતા ? કે તેઓના ગયા પછી પણ તેઓએ ગોઠવેલ સુરંગોની ભેદી-જાળમાં ભારતીય-પ્રજા અટવાતી રહી અને મન-ધાર્યા વિવિધ નક્કર-પરિણામો લાવવા માટે ઠેક-ઠેકાણે પદ્ધતિપૂર્વક ગોઠવાયેલા ટાઈમ-બોમ્બો પણ યથા-સમયે બરાબર ફૂટતા રહી ભારતીય-પ્રજાના પ્રાણસમી આર્ય-સંસ્કૃતિના કુરચાણ ચ વિનાશનો રાજમાર્ગ તૈયાર થઈ રહ્યાનું ચિત્રમાં દર્શાવેલ વિવિધ ઘટનાઓ સ્પષ્ટ રીતે જણાવે છે.

ચિત્ર ૩ :-'' જેવો દેશ તેવો વેશ '' એ સૂક્તિના આધારે પ્રસંગ વિચારીને વર્તી લેવાની આપણા દીર્ઘદર્શી ભારતીય-સંસ્કૃતિના પુરસ્કર્તાઓએ કૂટનીતિમાં પાવરધા વિદેશી-સલ્તનતના ધડવૈયાઓની પાથરેલી મિથ્યા ભ્રામક-જાળમાં શાસ્ત્રની વાતોને એકાંગી રજુ કરતા રહેવાથી નવી પેઢી વધુ સહેલાઈથી ફસાઈ જવાનું જોખમ વિચારી આપત્કાલીન-સ્થિતિના આધારે ભારતવર્ષની જગત-ગુરૂતાની ગરિમા ટકાવી રાખવા **''આર્યાવર્ત''** શબ્દને સાપેક્ષ-રીતે ટૂંકાણમાં વાપરવાનું સમજણપૂર્વકનું સાહસ કરવું પડ્યું હોય, તેમ ભારતના સોળમી-સદીના પછીના અંધાધૂંધીભર્યા-ઇતિહાસના સમીક્ષાત્મક અવલોકનથી સમજાય તેમ છે.

આ રીતે પ્રસંગવશ ઉભા કરાએલ **આર્યાવર્ત્તનું** સંક્ષિપ્ત-ચિત્ર ભારતવર્ષની સંસ્કૃતિગત-નિર્મળતાને લક્ષ્યમાં રાખી ભાવી-પેઢીને તેના કેન્દ્રમાં સ્થિર રાખવા માટે અહીં રજુ કરેલ છે.

હકીકતમાં તો ચિત્ર નં-૧માં **આયવર્તની** જે વ્યાખ્યા જણાવી છે, તેજ વાસ્તવિક રીતે ધ્યાનમાં રાખવા જેવી છે.

ચિત્ર ૪ :-પૂ. ચરિત્રનાયકશ્રીનો જન્મ જે અરસામાં થયો તે વખતે ભારે-મુત્સદ્દી બ્રિટિશરોએ **વાંદરા-બિલાડીના** ન્યાયે ભારતમાં ઠીક-ઠીક પગ-પેસારો કરી લીધેલ.

તે વખતના **ભારતના** નકશાનું સમગ્ર ચિત્ર દેશી રજવાડાઓ અને બ્રિટિશરોના શાસનની ભેદ-રેખાવાળું અહીં બતાવેલ છે.



જેમાં ટપકાંવાળું બ્રિટીશરોનું શાસન લગભગ આખા ભારતમાં કીડીઆરાની જેમ વ્યાપકપણે ફેલાઈને રહેલ દેખાય છે, વચ્ચે-વચ્ચે કોરી જગા રૂપે રજવાડાઓના છ-સાત વિભાગો ચારે બાજુથી બ્રિટીશરોની કુનેહભરી-જાળમાં જાણે ફસાઈ ગયા હોય, તેમ દેખાય છે.

ટૂંકમાં પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મ વખતે આખા-ભારતમાં રાજકીય-દૃષ્ટિએ પ્રજા ગૂંગળામણ ભરી સ્થિતિમાં જાણે કોઈક વિશિષ્ટ પ્રભાવશાળી મહાપુરૂષની રાહ જોતી હોય તેમ લાગે છે.

ચિત્ર ૫ :- પૂ. ચરિત્રનાયકશ્રીનો જન્મ જે અરસામાં થયો, તે વખતે કાળબળે બાદશાહી-જમાનામાં સંયમની કટ્ટરતા અને તપની તીવ્રતામાં વિદ્વત્તા અને લૌકિક-જનરંજનકારી જ્યોતિષ-વૈદ્યક મંત્ર-યંત્ર-તંત્ર આદિ દ્વારા ઢીલાશ થવાના કારણે વિક્રમની ૧૭મી સદીના ઉત્તરાર્ધથી શિથિલાચારી-યતિઓની વ્યાપક-અસર તળે આખો જૈન શ્રીસંઘ આવી ગએલ.

તેમ છતાં શાસનની વફાદારી શાસનના મૂળભૂત-આરાધ્ય-તત્ત્વોની સારવાર આદિ મૌલિક-બાબતોનું સંરક્ષણ પ્રાણના ભોગે પણ સંયમમાં જીવન-શુદ્ધિના ધોરણોથી ઢીલા છતાં યતિ-વર્ગના નાયક શ્રીપૂજ્યોની ઓજસ્વી-કુનેહભરી દોર-દમામવાળી શાસન-નીતિથી અભૂતપૂર્વ રીતે થવા પામ્યું.

ભાવીયોગે જો શ્રીપૂજ્યો અને યતિવર્ગની ઓજસભરી-નીતિથી શાસનના સાત-ક્ષેત્રોના મૌલિક-પાયા સ્થિર રહી શકયા ન હોત તો આજે શાસનની અવિચ્છિન્ન-પ્રણાલિકા પ્રમાણે મૌલિક-તત્ત્વોનો વારસો આરાધક-પુણ્યાત્માઓને સાંપડયો ન હોત

આમ છતાં શાસનના મહત્ત્વના આચાર-શુદ્ધિના અંગ ઉપર કાળ-બળે દુર્લક્ષ્ય થવાથી બાળ-જીવોમાં આચાર-નિષ્ઠાની પ્રેરણા આપનાર સુસાધુઓની દોરવણી વિના જૈનશાસન બીજીરીતે નિસ્તેજ-ફીકકું થવા પામેલ.

આ પરિસ્થિતિનો દૂરગામી-દૃષ્ટિથી કેટલાક શાસનના હિત-ચિંતક ગીતાર્થ-શ્રમણ ભગવંતોએ તે વખતના શાસન-નાયક શ્રીપૂજ્ય આચાર્ય-ભગવંતોની ભવ-ભીરૂતાની ખાતરી કરાવનાર અને સંવિગ્ન-પાક્ષિકતાની ઉચ્ચ કોટિએ રહેલ માનસની પ્રતીતિ કરાવના સંમતિ મેળવી **સંવેગી-પરંપરાના** નામે **ક્રિયોદ્ધાર** રૂપે **પૂ. પંન્યાસશ્રી સત્યવિજયજી ગણી મ.** આદિના નેતૃત્વમાં શાસનની આચાર નિષ્ઠાના તેજસ્વી-સ્વરૂપને જાળવી રાખવા પ્રશસ્ય-પ્રયત્ન કરેલ.

તે-પરંપરાના અનેક વિશિષ્ટ-મહાપુરૂષોએ વ્યાવહારિક અનેક વિષમ-પરિસ્થિતિઓનો પણ સામી-છાતીએ, હસતે-મુખે સામનો કરી મંડનાત્મક શૈલિથી પોતાની આચાર-નિષ્ઠા વધારવાના ધ્યેયમાં એકનિષ્ઠ બની વિરોધીઓનો ઉગ્ર-આંદોલનોને પણ નિષ્ફળ બનાવી સંખ્યાના બળે થોડા હોવા છતાં પણ અનંત તીર્થંકર-પરમાત્માઓની પ્રરૂપેલી ઉદાત્ત આચાર-સરણિના સુદૃઢ નિષ્ઠા-પૂર્વકના વિશિષ્ટ-પાલનબળે અંધારી કાજળઘેરી-અમાસની રાત્રે ચમકી રહેલ વિશિષ્ટ તેજસ્વી-

તારાઓના સમૂહની જેમ સમગ્ર જૈન-શ્રીસંઘમાં **સંવેગી પરંપરા રૂપે** અનોખું સ્થાન મેળવ્યું હતું

તે શાખાના અનેક મહાપુરૂષો પૈકી છેલ્લે-છેલ્લે વિશિષ્ટ બહુમુખી-પ્રભાવકશક્તિના બળે **સંવેગી-પરંપરાને** ચિરંજીવ અને સમૃદ્ધ બનાવનાર અનેક-મહાપુરૂષોના પુરોગામી **પૂ. પંન્યાસશ્રી રૂપવિજયજી મહારાજ અમદાવાદની** મુખ્ય-પરંપરાના અધિનાયક તરીકે અનેક ભવ્ય-આત્માઓની ધાર્મિક-પ્રેરણાનાં અમીપાન કરાવતા હતા.

પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મ-કાળની આસપાસ આ મહાપુરૂષનો વિશિષ્ટ વ્યાપક-પ્રભાવ હોઈ તેમનું કૃતજ્ઞતા-પૂર્વક સ્મરણ કરવાના દૃષ્ટિકોણથી દુર્લભ-પ્રાયઃ તેઓશ્રીનું ચિત્ર અહીં રજુ કર્યું છે.

ચિત્ર ૬ :-વિષમ-કલિકાળના કારમા-પંજા તળે સમસ્ત-પ્રજાની કફોડામણીનો ગેરલાભ ઉઠાવનાર અનેક તક-સાધુ તત્વો સામે પ્રાણના જોખમે પણ જેહાદ પોકારી સન્માર્ગ-નિષ્ઠાને ટકાવનાર જિનશાસનના વિરલ-મહાપુરૂષો પૈકી છેલ્લા અગ્રણ્ય-પ્રધાન પૂ. શ્રમણ-સંઘ-નાયક **પૂ. આચાર્યશ્રી વિજયદેવ-સૂરીશ્વરજી મહારાજ** વર્તમાન શ્રમણસંઘના તમામ-સાધુઓની સર્વ-હિતકારી સામાચારીના આદ્ય-પુરૂષ તરીકે હોઈ તેમજ ભવિષ્યમાં પૂ. ચરિત્ર-નાયકશ્રી **શ્રીદેવસૂર-તપાગચ્છ-સામાચારીના** અણીશુદ્ધ-સંરક્ષણ માટે સર્વસ્વ આપનાર થવાના હોઈ મૂળપુરૂષ તરીકે આ મહાપુરૂષનું ચિત્ર **ખંભાતના** જિનાલયમાં સુરક્ષિત વિશાળ ભવ્ય-ગુરૂમૂર્તિના આધારે અહીં રજુ કરવામાં આવ્યું છે.

ચિત્ર :-૭ પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મ-વખતે **સંવેગી-પરંપરાનો** વિકાસ સંખ્યા-બળની દૃષ્ટિએ વિશિષ્ટ-રીતે કાળબળે થયો પામેલ, તેમાં વિશુદ્ધ-સંયમ, અપૂર્વ-શાસનનિષ્ઠા, અને ઉદાત્ત-સાધુતા આદિ અનેરા અલૌકિક-ગુણોથી અનોખી ભાત પાડનાર પ્રખ્યાત **પૂ. પંન્યાસશ્રી મણિવિજયજી મહારાજ** જેઓ કે વર્તમાન શ્રમણ-સંઘના સમસ્ત સાધુઓના લગભગ મૂળ-પુરૂષ તરીકે પ્રખ્યાત હોઈ **'દાદા'ના** પવિત્ર-ઉપનામથી ઓળખાતા હતા.

તે મહાપુરૂષનો પરિચય પૂ. ચરિત્ર-નાયકશ્રીના જીવન-વિકાસની સંપૂર્ણ જાણકારીમાં ઉપયોગી હોઈ અહીં તે મહાપુરૂષનું ચિત્ર રજુ કરવામાં આવ્યું છે.

ચિત્ર ૮ :-પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મ-કાળ સમયે જિન-શાસનના આકાશમાં કાળબળે આવેલી અંધપને હઠાવવા ભગીરથ આત્મ-પુરૂષાર્થ કરનારા મહાપુરૂષો કાળચક્રની ચઢતી-પડતીના ઘોરણે યથોત્તર આત્મશુદ્ધિના બળે ચમકવાની પ્રક્રિયામાં આગળ વધી રહ્યા હતા, તેવા મહાપુરૂષ પૈકી મહાન યોગીરાજ તરીકે પ્રખ્યાત, સરળતા અને ભદ્રિકતાના સુમેળથી પુણ્યશાળી યોથા-

આરાનો પુણ્યવંતી વ્યક્તિની સ્મૃતિ કરાવનાર ઉચ્ચ-કોટિના ભવભીરૂ, તત્વજ્ઞ-મહાપુરૂષ તરીકે **પૂ. પંન્યાસ શ્રી બુદ્ધિ-વિજયજી મહારાજ** થયેલા.

જેઓ સંસાર-પક્ષે **પંજાબ** જેવા સુ-સાધુના સંપર્કથી રહિત પ્રદેશમાં જન્મેલ હોઈ **સ્થાનકવાસી**-સંપ્રદાયના સંસ્કારોમાં ઉછરી પૂર્વની આરાધનાના બળે સંસારની વાસનાઓથી અળગા થઈ જેમણે **વિ. સં. ૧૮૮૮માં ઢુંઢક-દીક્ષા** પચીસ-વરસની ચઢતી-જુવાનીમાં સ્વીકારી હતી.

પણ ગત-જન્મની કોઈક શુભ સંસ્કારી-આરાધનાના બળે સત્યનિષ્ઠા-તત્વજિજ્ઞાસા ઉપજી અને **શ્રી મૂળચંદજી મ.** તથા **શ્રી પ્રેમચંદજી મ** ના સહયોગથી વિ. સં. ૧૯૦૩માં ઢુંઢક-મતની શાસ્ત્ર-વિરૂદ્ધ માન્યતાઓને ફગાવી સત્ય-નિષ્ઠાપૂર્વક શુદ્ધ શાસ્ત્રાનુસારી-વાતોનો પ્રચાર કરેલ.

વિ. સં. ૧૯૦૮માં શ્રી વૃદ્ધિચંદ્રજી મ૦ની દીક્ષા પછી મહાપ્રતાપી આ ત્રિપુટી તરણ-તારણહાર **શ્રી સિદ્ધાચળ-મહાતીર્થ**ની ભાવપૂર્વક યાત્રા વિ. સં. **૧૯૧૧**માં કરી **ભાવ-નગર** ચાતુર્માસ કરેલ.

પછી **વિ. સં. ૧૯૧૨માં અમદાવાદમાં** પૂ. **પંન્યાસ શ્રી મણિવિજયજી મ૦** 'દાદા'ની નિશ્રા સ્વીકારી શુદ્ધ સંવેગી-દીક્ષા સ્વીકારી, **શ્રી મૂળચંદજી મ. અને શ્રી વૃદ્ધિ-ચંદજી મ.** બન્ને એમના શિષ્ય તરીકે થયા.

આ ઉપરાંત વિ. સં. ૧૯૩૨માં પૂ. **શ્રી આત્મારામજી મ.** ૧૮ સ્થાનકવાસી સાધુઓ સાથે પૂ. **શ્રી મૂળચંદજી મ.**ની નિશ્રામાં સંવેગી-દીક્ષા સ્વીકારી પૂ. **પન્યાસશ્રી બુદ્ધિ-વિજયજી** મ (શ્રી **બુટેરાયજી મહારાજ**)ના શિષ્ય થયેલા.

આ મહાપુરૂષની વિશુદ્ધ ચારિત્ર-ક્રિયા અને અપૂર્વ સંયમ-નિષ્ઠાબળે તેઓશ્રીના શિષ્યોની સંખ્યા ૩૫ (પાંત્રીશ) જેટલી થયેલ.

આવા વિશિષ્ટ-મહાપુરૂષ પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મ-વર્ષો જિન શાસનમાં પરોક્ષ રીતે અપૂર્વ આત્મ-તેજ ફેલાવી રહેલ હોઈ તેઓશ્રીનું ચિત્ર વાચકોના માનસ પર મહાપુરૂષોની અસરની પ્રભાવકતા સમજાવવા રજુ કર્યું છે.

ચિત્ર ૬ :-પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મ વખતે અનેક મહાપુરૂષો સંયમ, ત્યાગ, તપ અને શાસનની વફાદારી તેમજ અપૂર્વ પ્રભાવના આદિ વિશિષ્ટ-ગુણોથી એક એક કરતાં વિરલ-વિભૂતિ સમાન સંવેગી-શ્રેણીમાં આરોહક જીવોના પુણ્ય-બળે પ્રગટ થઈ રહ્યા હતા.

તેમાંના વિશિષ્ટ શાસન-પ્રભાવક તરીકે અને અનેક મુનિ-ભગવંતોના શિરછત્ર રૂપ તથા આચાર્ય-ભગવંતના છત્રીસ ગુણો પૈકી સૌથી પ્રથમ "**પ્રતિરૂપ**" (એટલે કે સુંદર-આકર્ષક



ચહેરાવાળા) ગુણથી ઓપતા અને તે વખતના શાસન-ધુરંધર મહાપુરૂષોએ **"સંમતિ, ગણી, મુક્તિરાજા"** શબ્દોથી જેમનો તે વખતની શાસનની પરંપરાની દૃષ્ટિએ આચાર્યપદ ન છતાં અને સંવેગી-શાખાની પરંપરાનુસાર ગણી-પન્યાસ પદથી વિભૂષિત હોવા છતાં સંવેગી-પરંપરામાં સમસ્ત સંયમી-સાધુઓના **ધર્મરાજા** તરીકે નવાજ્યા છે.

તેમજ પૂજ્ય ચરિત્ર-નાયકશ્રીના ગુરૂદેવશ્રીએ જેમની શીતળ-છાયામાં ઝીણવટભર્યો આગમાભ્યાસ કરી વિવિધ શાસન-પ્રભાવનાનાં કાર્યો કરેલાં અને જેમની પટ્ટ-પરંપરાએ આવેલ પૂ. આચાર્ય **શ્રી વિજયકમળ-સૂરીશ્વરજી મહારાજશ્રીએ** પૂ. ચરિત્ર-નાયકશ્રીને **વિ. સં. ૧૯૭૪ના વૈશાખ સુદ-૧૦ના** મંગળ-દિને **સુરત** શહેરમાં શ્રીસંઘના અનેરા-ઉલ્લાસ વચ્ચે ભવ્ય શાસન-પ્રભાવના પૂર્વક **આચાર્ય-પદવી આપેલ.**

તે પુણ્ય-નામધેય **પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મહારાજ** (શ્રી મૂળચંદજી મહારાજ)નું આ ચિત્ર છે.

ચિત્રમાં ભવ્ય-મુખાકૃતિ અને નેત્રમાં ઝળકી રહેલ અપૂર્વ-પ્રભાવકતાનાં સાહજિક-દર્શન બરોબર અદ્‌ભુત જણાય છે.

આ પૂજ્યશ્રીનો વિ. સં. ૧૮૮૭માં **શિયાલકોટ** (પંજાબ)માં **ઓશવાલ**-જ્ઞાતિમાં જન્મ થએલ, પૂજ્યશ્રીના પિતાનું નામ **શેઠશ્રી સુખચંદજી** શાહ તથા માતાનું નામ **શ્રી બકોરબાઇ** હતું. તેઓશ્રીનું સંસારી નામ **શ્રી મુળચંદભાઇ** હતું.

ચૌદ વર્ષની ચઢતી-વયે સંવેગી-સાધુઓનો પરિચય ન હોઈ કુળ-સંસ્કાર પ્રમાણે ઢુંઢક-મતની પ્રબળ-અસર તળે સંસારી મોહ-માયાથી પૂર્વ-જન્મની આરાધના-બળે વૈરાગ્યના બળે છૂટવા પામી. **વિ, સં. ૧૯૦૨માં શ્રી બુટેરાયજી મહારાજ** પાસે સ્થાનકવાસી-દીક્ષા સ્વીકાર કરી.

પણ પોતાના ગુરૂદેવને ૨૫ વર્ષની તરૂણ-વયે ઢુંઢક દીક્ષા લીધા પછી પૂર્વ-જન્મની વિશિષ્ટ-આરાધનાબળે સ્થાપના-નિક્ષેપાની પ્રામાણિકતા અને મૂર્તિપૂજાની શાસ્ત્રીયતા ધીમે-ધીમે સમજાયાથી **વિ. સં. ૧૯૦૩માં** પોતાના ભક્તિભર્યા સહયોગથી **ઢુંઢક-મતની** કદાગ્રહભરી માન્યતાના ત્યાગ માટે પૂ. ગુરૂદેવશ્રીની પડખે રહ્યા.

આવા મહાપ્રતાપી સત્યનિષ્ઠ-પૂજ્યશ્રીની નિશ્રામાં સંવેગી શાખામાં તે વખતે અલ્પ-માત્રામાં સાધુઓ છતાં પણ વર્તમાન-કાળે લગભગ ૩૫૦ પુણ્યવાન શ્રમણ-ભગવંતો અપૂર્વ રીતે સંયમ પાળી રહ્યા છે.

પૂ. ચરિત્ર-નાયકશ્રીના જીવનમાં સંયમ, ત્યાગ અને શાસન-પ્રભાવનાની ત્રિવેણીના થએલા સંગમમાં કારણરૂપ અનેક મહાપુરૂષોના ફાળા પૈકી વિશિષ્ટ-રીતે ભદ્રિકતા, નિખાલસતા, ગુણાનુરાગ આદિ વિશેષતાઓથી અપૂર્વ ફાળો નોંધાવનાર મહાપુરૂષનું આ ચિત્ર છે.

ચિત્ર ૧૦ :-આ મહાપુરૂષનો જન્મ **પંજાબના લાહોર** જિલ્લાના **રામનગર** શહેરમાં **વિ. સં. ૧૯૯૦**ના **પોષ સુ. ૧૧**ના રોજ **ઓશવાળ**-કુલમાં થએલ પૂજ્યશ્રીના પિતાનું નામ **શેઠશ્રી ધર્મજશભાઇ** અને માતાનું નામ **કૃષ્ણાદેવી** હતું, પૂજ્યશ્રીનું સંસાર નામ **કૃપારામ** હતું.


સ્થાનકવાસી મતના સંસ્કારોમાં ઉછરેલા **કૃપારામભાઇ** પંદર વર્ષની વયે પૂર્વ-જન્મના શુભ-સંસ્કારોના બળે **વિ સં. ૧૯૦૫**માં દીક્ષા લેવા અજ્ઞાતપણે ઘેરથી ચાલી નિકળ્યા.

તે વખતે **પંજાબમાં** વિદ્વત્તા, સંયમ અને પ્રતિભાની દૃષ્ટિએ વધુ તેજસ્વી **પૂજ્યશ્રી બુટેરાયજી મ.**ની નિશ્રા તેઓશ્રીએ સ્વીકારી, છેવટે યોગ્ય પાત્રતા અને વૃત્તિઓના નિયંત્રણ આદિની યોગ્યતા તપાસી **વિ. સં. ૧૯૦૮**ના **અષાઢ સુ. ૧૩**ના દિવસે દિલ્હી-શહેરમાં **પૂ. શ્રી બુટેરાયજી મહારાજશ્રીએ કૃપારામભાઇને** દીક્ષા આપી અને **શ્રી વૃદ્ધિચંદ્રજી** એવું નામ રાખ્યું.

ત્યાર પછી પૂ. શ્રી ગુરૂદેવ અને મોટા ગુરૂભાઈ **શ્રી મૂળચંદજી** મહારાજની હોરવણી તળે ઢુંઢક-મતની કદાગ્રહભરી-વાસનાઓને તિલાંજલિ આપી ને ગુરૂદેવશ્રી અને મોટા ગુરૂભાઈ સાથે પોતે પણ શાસ્ત્રીય-મર્યાદા પ્રમાણે ઢુંઢક-મતની માન્યતાઓની પોકળતા શાસ્ત્રીય-ઢબે અવસરે-અવસરે યોગ્ય-અધિકારી જીવો સમક્ષ વ્યક્ત કરતા હતા.

છેવટે પૂ. શ્રી **બુટેરાયજી** મહારાજની સાથે **વિ. સં. ૧૯૧૧**માં તરણ-તારણહાર ગિરિરાજ **શ્રી સિદ્ધાચળ**-મહાતીર્થની પવિત્ર-યાત્રા કરી **ભાવનગર** ચાતુર્માસ કરી **વિ. સં. ૧૯૧૨માં અમદાવાદમાં** સંવેગી-શાખાના અધિનાયક **પૂ. પં. શ્રી મણિવિજયજી મ.** "દાદા"ના ચરણોમાં વિશુદ્ધ ચઢતા-પરિણામે સંવેગી-દીક્ષા સ્વીકારી જીવન ધન્ય પાવન બનાવ્યું.

પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મ વખતે એટલે કે તેઓશ્રીના જન્મના એક વર્ષ પછી **વિ. સં. ૧૯૩૨ના મહા સુ. ૬** ના મંગળ દિવસે **અમદાવાદ** શહેરમાં ચરિત્રપાત્ર **પૂ. શ્રી બુદ્ધિવિજયજી** (પૂ.શ્રી બુટેરાયજી મ.)ની પુણ્ય નિશ્રામાં **પંજાબ** દેશથી વિશુદ્ધ-શ્રદ્ધાબળે સંવેગભાવ અને તત્વદૃષ્ટિના સુયોગ્ય મેળવાળા **પૂ. શ્રી આત્મારામજી મ.** (જેઓ કે તે વખતમાં ઢુંઢક-સંપ્રદાયમાં પ્રચંડ-તેજસ્વી સૂર્ય જેવા વિદ્વત્તા અને પ્રૌઢ પ્રતિભાથી શોભતા હતા) પોતાના ૧૫ શિષ્યો સાથે ઢુંઢક-મતની કુવાસના છોડી પરમ ત્યાગ-કોટિની સંવેગી પરંપરામાં આત્મ-સમર્પણ કરવા પૂર્વક જીવન-શુદ્ધિ કરનારી પારમેશ્વરી ભાગવતી પ્રવ્રજ્યા સ્વીકારી હતી.



ચિત્ર ૧૧ :–આ મહાપુરૂષનો જન્મ **વિ. સં. ૧૮૯૨**ના **ચૈત્ર સુ. ૧** ગુરૂવારના રોજ **પંજાબમાં જેલમ** નદીના કિનારે **કલરા** નામના ગામમાં થયો હતો. પૂજ્યશ્રીની જ્ઞાતિ **દિવાનકુળના અદીધરા કપુર બ્રહ્મક્ષત્રિય** હતી. પૂજ્યશ્રીના પિતાનું નામ **ગણેશચંદ્ર** હતું અને તેઓ વંશાનુગત ચાલી–આવતી સરકારી–ફોજદારીની નોકરીમાં શૂરવીરતાથી ખૂબ પ્રખ્યાત શ્રેષ્ઠ–સરદાર તરીકે પંકાયેલા હતા. પૂજ્યશ્રીની માતાનું નામ શ્રી **રૂપાંદેવી**. પૂજ્યશ્રીનું નામ **દિપ્તીસિંહ** (દીત્તો) હતું પૂજ્યશ્રીનો પૈતૃક ધર્મ **શીખ** સંપ્રદાયનો હતો.

પૂજ્યશ્રીના પિતાશ્રી સારી–વિશિષ્ટ–મહત્વાકાંક્ષાઓને લઇને તેમજ આગવી સ્વ–માન–વૃત્તિના કારણે રાજકીય–અન્યાય સામે બળવો પોકારી ફોજદારમાંથી બહારવટીઆ થયા

રાજશાસનના દમન–ચક્રમાં ફસાઈને **આગ્રા**ના કિલ્લામાં કેદ થયા, અને ગોળીનું નિશાન બનાવી સરકારે તે કાંટાને દૂર કર્યો.

આવા સંસારી–દૃષ્ટિએ મહાપ્રતાપી, શૂરવીર, સ્વમાની–ક્ષત્રિય પિતાના પુત્ર તરીકે હોવા છતાં પૂજ્યશ્રી પૂર્વ–જન્મની આરાધના–બળે પોતાની શક્તિઓને સંસારની વાસનાઓના પોષણના ઉન્માર્ગે વાળવાને બદલે પોતાના આશ્રય–દાતા શેઠશ્રી **જોધમલજી** જૈનના સુસંસ્કારોથી ધર્મના માર્ગ તરફ તેમનું સાહજિક વલણ થયું

પરિણામે **વિ. સં. ૧૯૧૦**ના **માગસર સુ.** ૩ના દિવસે **માલેરકોટડા** (પંજાબ)માં **અઢાર** વર્ષની ચઢતી–જુવાનીમાં સ્થાનકવાસી–દીક્ષા ગ્રહણ કરી અને તેઓનું **શ્રી આત્મા–રામજી** નામ થયું.

તેઓશ્રીની ધારણા–શક્તિ અપૂર્વ હતી. **રોજના ૩૦૦ શ્લોક સહેલાઇથી મુખપાઠ કરતા હતા.** સાંપ્રદાયિક તમામ શાસ્ત્રો ટૂંક સમયમાં તેમણે બુદ્ધિગત કરી લીધાં. તેમ છતાં તેમની જ્ઞાન–પિપાસા તૃપ્ત ન થઈ. વિવિધ–પ્રયત્નો કરી અવનવા–સાધનો મેળવી જ્ઞાનાર્જનની દિશામાં સતત ખંતમયી–શ્રમ કરતાં તેઓશ્રીની બુદ્ધિ ઉપરનું આવરણ ખસવા પામ્યું અને તત્વદૃષ્ટિનો ઉઘાડ થયો. કે જે ની સ્થાનકવાસી–સંપ્રદાયની રૂઢિ–ગત માન્યતાઓ પોકળ જણાઈ. સત્ય–સિદ્ધાંતોને શાસ્ત્ર–વાક્યોના મન ઘડંત રજુઆતથી વિકૃત કરવાની ચાલી આવતી નીતિ બદલ તેઓને ભારે ઘૃણા ઉપજી.

તેથી વિવેક અને તત્વદૃષ્ટિથી જાગ્રત બનેલ આંતરાત્માએ સાંપ્રદાયિક–કવચના આવરણને ભેદવા જેહાદ પોકારી અને બહુમાની–આફતોના ધસારાથી પણ ક્ષોભ પામ્યા વિના **વિ. સં. ૧૯૩૧**માં ૨૦ સાધુઓ સાથે સંપ્રદાયની દૂષિત–વાડાબંધીની દિવાલો ભેદી અળગા થયા અને પંજાબમાં સ્થાનકવાસી–સાધુના વેષમાં રહીને પણ શાસ્ત્રીય–સત્ય તત્વોની નિર્ભેળ પ્રરૂપણા અ–જ્ઞાની–જીવોને માર્ગ–સન્મુખ કરવા પ્રયત્ન કર્યો.

વિ. સં. ૧૯૩૧ના વૈશાખ મહિને વીતરાગ-પ્રભુની પ્રશમ-ઝરતી પ્રાચીન-પ્રતિમાજીઓના આલ્હાદકારી-દર્શન અને તારણ-તારણહાર શ્રી સિદ્ધાચળ-મહાતીર્થ, શ્રી ગિરનારતીર્થ આદિ-પુણ્યભૂમિની સ્પર્શનાના ધ્યેયથી ઉગ્ર-વિહાર કરી સૌરાષ્ટ્રના તિલકસમા શ્રી શત્રુંજય-મહાતીર્થની ભાવોલ્લાસભરી-યાત્રા કરી જીવન ધન્ય-પાવન બનાવ્યું.

પછી **વિ. સં. ૧૯૩૨માં** તે વખતની સંવેગી-પરંપરામાં સમર્થ પ્રભાવશાળી પૂ. પંન્યાસ શ્રી બુદ્ધિવિજયજી મહારાજ (શ્રી બુટેરાયજી મ.) નો ડંકો વાગતો હોઇ તેઓશ્રીની નિશ્રામાં શુદ્ધ સંવેગી-દીક્ષા જે ગરસામાં તેઓએ સ્વીકારી, તે સમયે પૂ. ચરિત્ર-નાયકશ્રી આઠ-મહિનાના નાના બાળક તરીકે પારણે ઝુલી રહ્યા છતાં ભાવી-મહાપુરૂષ તરીકેની વિશિષ્ટ આત્મશક્તિઓની ગ્રાહકતાની અ-પૂર્વતાને લીધે શાસનમાં થઈ રહેલ ધર્મોદ્યોતકારી આવા-પ્રસંગોની આધ્યાત્મિક-અસરને વિશિષ્ટ રીતે ઝીલી રહ્યા.

ચિત્ર ૧૨ :-પૂ. ચરિત્ર-નાયકશ્રી જે વર્ષમાં જન્મ્યા તે ૬૮ વર્ષના **ફા. સુ. ૮ દિને** જે-પૂજ્યશ્રીએ વિશિષ્ટ દોર-દમામવાળી યતિ તરીકેની વિશિષ્ટ ગૌરવ-ભરી-પ્રતિષ્ઠા અને અનેક ભક્ત-મંડળદ્વારા થતો વિશિષ્ટ આદર-સત્કાર આદિ અનર્ગલ-પ્રલોભનોની વણઝારને અપૂર્વ આત્મ-બળે થંભાવી સ્વતઃ-ઉપજેલી અપૂર્વ-પ્રૌઢ વિવેક-બુદ્ધિબળે **અજમેર**-શહેરમાં વર્તમાન-ચોવીશીના ત્રીજા તીર્થંકર **શ્રી સંભવનાથપ્રભુની** સમક્ષ આત્મ-શુદ્ધિના પ્રબળ-ઇરાદાથી શુદ્ધસંવેગી-પરંપરાનો સ્વીકાર કરી વિશુદ્ધ-સંયમપથે મંગળ-પ્રસ્થાન કરેલ તે પૂજ્યશ્રીનું આ ચિત્ર છે.

ભાવી-યોગે પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મ લગભગના સમયે આપ-મેળે સ્વ-પુરૂષાર્થથી શુદ્ધસંવેગી-પરંપરા અપનાવનાર મહાપુરૂષના ઉદ્ભાત્ત-પુરૂષાર્થથી જાણે એમ સૂચિત થાય છે કે-

"મહાપુરૂષો પૂર્વ-જન્મની આરાધનાના બળે વિશિષ્ટ-આત્મ-શક્તિની કેળવણીના આધારે બાહ્ય સાધન-સામગ્રીના સહકારની ઝાઝી અપેક્ષા રાખ્યા વિના આપ-બળેજ જગતના પ્રાણીઓને હિતકર-માર્ગે વાળનારા બને છે."

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે-

પૂ. ચરિત્ર-નાયકશ્રી અત્યંત નાની-વયે પણ વિશિષ્ટ આત્મ-શુદ્ધિના લક્ષ્યને મેળવી તદનુરૂપ તીવ્ર તમન્ના-ભર્યા પુરૂષાર્થ-દ્વારા સંયમના પંથે આવા નવ-દશ મહિનાના અતિ ટુંકા સમય-પૂરતી ગુરૂની છત્ર-છાયા મેળવવા છતાં ગુરૂ-કૃપા અને આત્મ-પુરૂષાર્થના સુભગ-મિલનથી એકલે-હાથે તે વખતના વિષમ-વાતાવરણમાં પણ જુના ભંડારોના પેટી-પટારાઓમાં સડી-ગળી રહેલા અત્યંત-શોચનીય દુર્દશાએ પહોંચેલ શ્રુત-જ્ઞાનના વારસાને ઉકેલી કઠોર-શ્રમ અને વ્યવસ્થિત-અભ્યાસની કર્મઠતાથી સકલ-શ્રીસંઘની સમક્ષ આગમોની ગંભીર અર્થાનુસંધાનપૂર્વક સામુદાયિક-વાચના સેંકડો સાધુ-સાધ્વી ભગવંતોને મહિનાઓ સુધી સાત વખત વિશાલ કાર્યક્રમરૂપે

આપી અને બધા આગમો શુદ્ધ-રીતે છપાવી શ્રમણ-સંઘની સેવામાં રજુ કર્યાં. વધુમાં આગમિક-શાસ્ત્રપાઠો કાળના ઘસારાથી પલટાઇ જવા ન પામે તે શુભઆશયથી આરસની ભવ્ય શિલાઓ અને ઉંચી-કોટિના તામ્રપત્રો ઉપર કોતરાવી આગમ-સાહિત્યને ચિરંજીવ બનાવ્યું. પરિણામે ધર્મપ્રેમી-જનતાના હૈયામાંથી સાહજિકરીતે પ્રગટેલ **'આગમોદ્ધારક'** એવા હુલામણા વિશેષણથી સુશોભિત બન્યા.

આવા પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મથી લગભગ પાંચ-મહિના પૂર્વે જૈન શ્રમણ-સંઘની સંવેગી-પરંપરામાં વિશિષ્ટ જ્યોતિર્ધર-મહાપુરૂષનો સ્વતઃ આત્મબળે થયેલ પ્રવેશ ખૂબ જ સૂચક જણાય છે.

આ મહાપુરૂષનો જન્મ વિ. સં. ૧૮૮૭ વૈ. સુ. ૬ના શુભદિને ઉત્તર-પ્રદેશમાં મથુરાથી ૨૦ માઇલ દૂર ચારપુર નામના ગામમાં બ્રાહ્મણકુલમાં થયેલ, તેમના સંસારી પિતાનું નામ **બાદરમલ** અને માતાનું નામ **સુંદરબાઈ** હતું, તેમજ પૂજ્યશ્રીનું નામ **મોહનજી** હતું.

મોહનજીને ભાવી-યોગે પૂર્વ-જન્મના શુભકર્મના ઉદયથી તે બાજુ વિચરતા-યતિઓનો પરિચય બચપણથી વધુ થવા લાગ્યો, સાત-વર્ષની અત્યંત નાની-વયથી તેઓ યતિઓની સેવા-શુશ્રુષામાં જોડાઇ ગયેલ અને મોટે-ભાગે ઉપાશ્રયમાં જ રહેવા લાગ્યા.

તેમના પિતાશ્રીએ તેમની ભંગાવૃત્તિ અને યતિજી મહારાજ તરફથી બાળકના વિશિષ્ટ ભાવીને જાણી પોતાનું સંતાન કુળદીપક બને તે આશયથી વિ. સં. ૧૮૯૬ માગસર સુ. ૬ના મંગલ-દિને પૂર્વ-પરિચિત યતિવર્ય શ્રી રૂપચંદજી મહારાજના ચરણોમાં **મોહનજીને** નવ વર્ષની નાની વયમાં પણ ઉજ્વળ-ભાવિની આશાએ સોંપી દીધો.

યોગ્ય-અભ્યાસ અને જીવન-ઘડતરની પ્રક્રિયા પછી વિ. સં. ૧૯૦૩ માગસર વદી ૧૦ના મંગલદિવસે શ્રી મક્ષીજી તીર્થે (ઉજ્જૈન પાસે) શ્રી પાર્શ્વનાથ-પ્રભુના સાન્નિધ્યે ધામધૂમથી યતિદીક્ષા આપી રૂપચંદજી યતિજીએ તેમને પોતાના શિષ્ય બનાવ્યા.

ત્યાર પછી પૂ. ગુરૂદેવ સાથે તેમણે પૂર્વ-દેશના તીર્થોની યાત્રા માટે **બિહાર, બંગાળ, ઉત્તરપ્રદેશ** તરફ વિહાર કર્યો, તે બાજુ ઘણા વર્ષ વિચર્યા.

વિ. સં. ૧૯૧૦માં ગુરૂદેવના સ્વર્ગવાસ-પછી તેઓ એક વખત **કલકત્તા** શહેરમાં ઉપાશ્રયમાં બિરાજમાન હતા. તે વખતે એક વિવેકી શાસ્ત્રજ્ઞ-વ્રતધારી શ્રાવકે પાસે આવી વંદન કરવાને બદલે માત્ર પ્રણામ કર્યા. તેથી પૂજ્યશ્રીને કુતુહલ થયું. શ્રાવક પાસેથી યોગ્ય ખુલાસો મળતાં **'સાચું સાધુપણું ત્યાગ વૈરાગ્યમાં સમાયેલું છે, આદર્શ સંયમ વિના સાધુપણું અસાર છે'** એ વાત જચી ગઈ.

ભવભીરૂપણાથી મનોમંથન શરૂ થયું કે-"**યતિપણામાં આ બધો વૈભવ, સંસારી**

રીત-રિવાજવાળી જીવનચર્યા-છત્ર, ચામર, પાલખી આદિ બાહ્ય આડંબર....આ બધું શું સાધુને શોભે અરૂ ?"

"શ્રી દશવૈકાલિક, શ્રી ઉત્તરાધ્યયન અને શ્રી આચારાંગ આદિ સૂત્રોમાં જણાવાયેલ સાધુપણાના જઘન્ય-કક્ષાના આચારોની મર્યાદારૂપ પાંચ-સમિતિ ત્રણ-ગુપ્તિનું પાલન કર્યા વિના આત્મકલ્યાણ શી રીતે થશે ?" આદિ

આ વિચાર-મંથનના પ્રતાપે શાસ્ત્રોનું અવગાહન કરી સત્ય-માર્ગનો નિર્ણય થતાં ભક્ત-મંડળી અને વ્યાવહારિક-પ્રતિષ્ઠાના આવરણોને ઉલ્લાસભર્યા અંતરંગ-વિશુદ્ધ-પરિણામોના બળે તોડી પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મના વર્ષમાં જન્મથી પાંચ મહિના લગભગ અગાઉ આપબળે **અજમેર** શહેરમાં શ્રી સંભવનાથની નિશ્રામાં સંવેગી-માર્ગ સ્વીકાર્યો.

આ મહાપુરૂષે મારવાડ, ગુજરાત, આદિ પ્રદેશમાં વિચરી વિવિધ ધર્મોપકાર કરી. વિ. સં. ૧૯૬૩ના ચૈત્ર વદિ ૧૨ના રોજ **સુરત** મુકામે ૭૬ વર્ષની ઉંમરે શરીર-ત્યાગ કર્યો.

ચિત્ર ૧૩ : આ મહાપુરૂષ શ્રી મહાવીર-પ્રભુની પટ્ટ-પરંપરામાં છપ્પનમી પાટે થયેલ સુવિહિત, ક્રિયાનિષ્ઠ, ધુરંધર, શાસન પ્રભાવક પરમ-તપસ્વી ક્રિયોદ્ધારક પૂ. **શ્રી આનંદવિમલ** સૂરીશ્વરજી મ.ના પટ્ટધર પૂ. શ્રી **વિજયદાન સૂરીશ્વરના** પટ્ટપ્રભાવક જગદ્‌ગુરૂ **શ્રી વિજયહીર સૂરીશ્વરજી** મ.ના અનેક-શિષ્યો પૈકી પૂ. **શ્રી તિલકવિજયજી મ.** હતા. તેમની શિષ્ય-પટ્ટાવલીમાં બારમી પાટે થયા.

આ પૂજ્યશ્રીનો વધુ પરિચય અન્ય-સ્થળેથી જોઈ લેવા ભલામણ છે.

આ પૂ. શ્રીએ પૂ. ચરિત્રનાયકશ્રીને વડી-દીક્ષાના યોગ વહન કરાવી **વિ. સં. ૧૯૪૭**ના **જેઠ સુદ ૧૦ વડીદીક્ષા લીંબડીમાં પૂ. ઝવેરસાગરજી** મ.ની વિનંતિને ધ્યાનમાં લઈ આપેલ.

આ પૂજ્યશ્રીના પટ્ટ-પ્રભાવક તરીકે પૂ. **આ શ્રી વિજય હિમાચલ સૂરીશ્વરજી મ.** વિશિષ્ટ શાસન-પ્રભાવક સમર્થ **આચાર્ય** ભગવંત હાલમાં મોજુદ છે.

આ રીતે પૂ. ચરિત્ર-નાયકશ્રીને વડી દીક્ષા આપનાર તરીકે અને પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મ વખતે આવા મહાપુરૂષો વિશિષ્ટ જીવન-શુદ્ધિના માર્ગ નિખાલસતાપૂર્વક વધનારા શાસનમાં માંગલિક વાતાવરણ સર્જી રહ્યા હતા.

એ આશયથી આ મહાપુરૂષનું ચિત્ર અહીં રજુ કરેલ છે.

ચિત્ર ૧૪ :-પૂ. ચરિત્ર-નાયકશ્રીના પૈતૃક-વંશમાં ઉંડાણ સુધી ધર્મ-શ્રદ્ધાના વિશિષ્ટ સંસ્કારો સીંચનાર તથા પૂ. ચરિત્ર-નાયકશ્રીના જીવનમાં ત્યાગ, તપ તથા સંયમના ઘડતરના વિશિષ્ટ ફાળા સાથે આગમોની ગંભીરતા, અદ્વિતીય મહત્તાને મૌલિકરૂપે જીવનના ધ્રુવતારકરૂપે બનાવનાર

મહાપ્રભાવક, વાદીવિજેતા, સમર્થ-આગમજ્ઞ **પૂ. શ્રી ઝવેરસાગરજી મ.**નું આ ચિત્ર પૂ. ચરિત્ર-નાયકશ્રીના દીક્ષા-ગુરૂ તરીકે અહીં રજુ કર્યું છે.

પૂજ્યશ્રીનો પરિચય પ્રયત્ન કરવા છતાં મળેલ નથી, પણ વૃદ્ધ-પુરૂષો પાસેથી મળેલા કેટલાક ઉલ્લેખો પ્રમાણે જાણવા મળે છે કે-

પૂજ્યશ્રી **મહેસાણા**ના વતની હતા. ઝવેરચંદ તેમનું નામ હતું, **વિ. સં. ૧૮૯૩**માં પ્રાયઃ જન્મ થયેલ અને ૨૦ વર્ષની ભર જુવાનીમાં પૂજ્યશ્રીએ સાગર-શાખાના મહાપ્રભાવક પૂ. શ્રી મયાસાગરજી મ.ના શિષ્ય પૂ૦ મુનિ શ્રી ગૌતમસાગરજી મ.ના હસ્તે **વિ. સં. ૧૯૧૩**ના **માગ. સુ. ૧૧**ના મંગળ દિવસે દીક્ષા ગ્રહણ કરેલ.

પછી ઢુંઢક-સમયમાં પૂ૦ ગુરૂદેવના સ્વર્ગવાસ પછી આગમાભ્યાસ વધુ કરવાના દૃષ્ટિકોણથી **પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મ. ગણી** (પૂ.શ્રી મૂલચંદજી મ.)ની નિશ્રાએ રહ્યા.

સંયમી-જીવનના ઘણા વર્ષો સુધી **પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મ.** ની નિશ્રામાં ગાળી તેઓશ્રીનો અપૂર્વ ધર્મ-સ્નેહ સંપાદન કરેલ.

પૂર્વની વિશિષ્ટ-આરાધનાથી સચોટ મેળવેલ પ્રતિભા-તર્ક શક્તિ વડે આગમિક-રહસ્યોને પચાવી, શાસનમાં સમર્થ-આગમજ્ઞ તરીકે વિખ્યાત થયેલ. એટલું જ નહિ, પણ વિશિષ્ટ આગમિક-જ્ઞાતા અને શાસનના પ્રભાવક તરીકે તે વખતના ધુરંધર આચાર્ય-ભગવંતોએ પણ વિવિધ રીતે તેમને બિરદાવેલ.

પૂજ્યશ્રીના ધર્મોપકાર વિશેષ કરીને **લીંબડી, કપડવંજ** તથા **ઉદયપુર**માં વધુ ચાતુર્માસ અને અવારનવાર વિહાર સ્પર્શનાને હિસાબે થયેલ છે.

લીંબડી-ના વયોવૃદ્ધોને આ પંક્તિના લેખકે એવું બોલતા સાંભળ્યા છે કે-

"જો નરકેસરી-સિંહ સમા ઓજસ્વી અને સાગર-શાખાના પ્રભાવક મુનિપુંગવ **શ્રી ઝવેર-સાગરજી મ.** ન હોત તો ઢુંઢક-ગચ્છની ઘેરી-છાયાતળે ફસાયેલ લીંબડીનો જૈન શ્રીસંઘ ઉજ્જ્વળ આરાધનાના પંથે આજે ન હોત!"

આજ રીતે ઉદયપુરના વયોવૃદ્ધોને પણ ઘણીવાર એવું બોલતા સાંભળ્યા છે કે-

"પૂ. **ઝવેરસાગર મ.**ની પ્રૌઢ અને પ્રૌઢ-પ્રતિભા ન મળી હોત તેમજ ઉપરા-ઉપરી ચાતુર્માસ ઉદયપુરમાં ન થયા હોત તો તે વખતે **આર્યસમાજના** સ્થાપક **શ્રી દયાનંદ-સરસ્વતીની** કુતર્ક-જાળમાં અટવાઈ અમારો શ્રીસંઘ અને અહીંની સ્થાનિક પ્રજા ઉન્માર્ગ-ગામી થયેલ હોત."

આ રીતે **ઇન્દોર, રતલામ** આદિ માલવાના ક્ષેત્રોમાં પણ જબ્બર શાસન-રક્ષાના પ્રભાવક કાર્યો પૂજ્યશ્રીની ઓજસ્વિની-વાણી અને પ્રચંડ કાર્ય-શક્તિથી થયેલ, આજે પણ ત્યાંના

અનુભવી–વ્યક્તિઓ પ્રસંગ આવ્યે ગદ્‌ગદ કૃતજ્ઞતા વ્યક્ત કરવાપૂર્વક બોલી ઉઠે છે.

આવા મહાપ્રતાપી વરદ–હસ્તવાળા પ્રૌઢ–શાસનપ્રભાવક પૂ. ગુરૂદેવશ્રીના મંગળ–આશિષથી પૂ. ચરિત્ર–નાયકશ્રી મહાન શાસન–પ્રભાવક બનવા સાથે આગમોના મર્મજ્ઞ, તલસ્પર્શી–અભ્યાસી બની શક્યા, તે હેતુથી આ મહાપુરૂષનું ચિત્ર અહીં ભક્તિભાવથી રજુ કર્યું છે.

ચિત્ર ૧૫ :–પૂ. ચરિત્ર–નાયકશ્રી જે પ્રદેશમાં જન્મ્યા, તે **ખેડા** જિલ્લો ગુજરાતની ગરવી–ભૂમિનો વિશિષ્ટ સંસ્કારી–ભાગ હોઈ ગુજરાતની ધરતીની પાવનકારી વિશિષ્ટતાઓને દર્શાવવા ચરિત્ર–ગ્રંથના આલેખનમાં ચોથા પ્રકરણ તરીકે ટૂંકમાં પણ મહત્ત્વની વિગતોથી સભર લખાએલ, **"સંસ્કારભૂમિ ગુજરાત"** નામ પ્રમાણે આદર્શ, ઉદા૦, આધ્યાત્મિક અને વિશિષ્ટ–વ્યક્તિ–ત્વના સંસ્કારોનું ઘડતર કરનાર અનેક મહાપુરૂષો પૈકી દરેક–રીતે સૌથી વધુ સક્રિય–ફાળો નોંધાવનાર કલિકાલ–સર્વજ્ઞ તરીકે વિખ્યાત **પૂ. આ૦ શ્રી હેમચંદ્રાચાર્ય** મ. અને તેમની દેશના–દોરવણી પ્રમાણે આખા–જીવનની કાયા–પલટ કરી ! શિષ્ટ–ધાર્મિક તરીકે જીવન જીવનાર પરમાર્હત શ્રી **કુમારપાળ–મહારાજાના** અતિદુર્લભ–તાડપત્રીય ૮૦૦ વર્ષ જુના ચિત્રને રજુ કરી એમ જણાવવા પ્રયત્ન થયો છે કે—

"**ગુજરાત**ની અદ્વિતીયભરી સાંસ્કારિક–સમૃદ્ધિવાળી વર્તમાનકાલીન–પરિસ્થિતિના ઘડવૈયા તરીકે આ મહાપુરૂષો દ્વારા સીંચાએલ અદ્‌ભુત જીવન–તત્ત્વો ! પમરાટ ધરતીના પવિત્ર–રજકણોમાં એવો ઉંડાણ સુધી ફેલાયેલ છે કે આઠ સદીના લાંબા–ગાળે પણ પૂ. ચરિત્રનાયકશ્રી જેવા વિશિષ્ટ આગમ–જ્યોતિર્ધર–મહાપુરૂષનો જન્મ આ ધરતી પર થયો છે."

આ દૃષ્ટિકોણથી પૂ. શ્રી **હેમચંદ્રાચાર્ય મ.** અને શ્રી **કુમારપાળ મહારાજનું** દુર્લભ તાડપત્રીય–ચિત્ર અહીં રજુ કર્યું છે.

ચિત્ર ૧૬ :–પૂ. ચરિત્ર–નાયકશ્રી જે અરસામાં જન્મ્યા તે વખતે પ્રાયઃ આજની વર્તમાન–પરિસ્થિતિના લીધે સંકોચાયેલ **આર્યાવર્ત** તરીકે **ભારત–વર્ષની** કામ–ચલાઉ ઓળખાણ હતી, તેમાં દરેક પ્રાંતવાર સો દેશો કેવી રીતે વ્યવસ્થિત ગોઠવાયા હતા ? તે દર્શાવવા આ નકશો આધુનિક છતાં રજુ કર્યો છે.

કેમકે– બ્રિટીશ શાસન પૂ. ચરિત્ર–નાયકશ્રીના જન્મ વખતે જે શરૂઆતની સ્થિતિમાં હતું, તેમાં અને ઈ.સ. ૧૯૩૫ (વિ. સં. ૧૦૯૧)ના આ નકશામાં આઝો કોઈ ફેરફાર નથી. પણ પૂ. ચરિત્ર–નાયકશ્રીના જન્મ વખતે સામાન્ય પ્રાંતીય–રેખાઓના ફેરફાર સિવાય મોટે ભાગે કામચલાઉ **આર્યાવર્તના** શબ્દથી ઓળખાતા ભારત–વર્ષનો નકશો આ રીતનો હતો.

એ દર્શાવી તેમાં પશ્ચિમના ખૂણે **મુંબઈનો** જે પ્રાંત બતાવેલ છે, તેના અંતર્ગતવિભાગ

તરીકે **ખેડા** જિલ્લાના તાલુકાના પાટનગર રૂપ **કપડવંજ** શહેરમાં પૂ. ચરિત્ર-નાયકશ્રીનો જન્મ થયેલ.

તે જાણે એમ સૂચવે છે કે–

કાળના બળથી હુંડા-અવસર્પિણીના **મહા-વિષમ ભસ્મરાશિ** ગ્રહના પ્રભાવે લગભગ અસ્તાચળે પહોંચેલ આગમિક-વારસાના વિરલ થવા માંડેલ અસ્તિત્વને શૂન્યમાંથી પુનઃસર્જિત કરવા માટે એક મહાપુરૂષનો જન્મ પૂર્વ-દિશા સન્મુખ થતો હોઈ જાણે જૈન-શ્રીસંઘનો ઉદય-કાળ હવે નજીક છે.

બીજીવાર આ નકશો **ગુર્જરાત** શબ્દથી આજે ઓળખાતો પ્રદેશ **મુંબઈ**-ઇલાકા તરીકે ગણાતો, એટલે આગળ પર જણાવાતા **નવા ગુજરાત**-રાજ્યની પૂર્વભૂમિકા દર્શાવવા તરીકે પણ ઇતિહાસની દૃષ્ટિએ તુલના કરવા ઉપયોગી લાગવાથી અહીં રજુ કર્યું છે.

ચિત્ર નં. ૧૭

ચિત્ર ૧૭માં દર્શાવેલ **ભારતવર્ષ**ના નકશામાં દેખાતા **મુંબઈ**-ઇલાકાનું કેટલાક ઘટાડા-વધારા સાથે રૂપાંતર થઈને નવનિર્મિત-આકારને પામેલ **ગુજરાત**-રાજ્યનું આધુનિક ચિત્ર વાચકોના ધ્યાન પર લાવવા માં અને છેલ્લામાં છેલ્લી માહિતીથી સભર છઠ્ઠા પ્રકરણને વ્યવ-સ્થિત સમજવા આ નકશો રજુ કર્યો છે.

આધુનિક-પરિભાષા પ્રમાણે લગભગ ૨૦ થી ૨૫ અક્ષાંશ અને ૬૮ થી ૭૫ રેખાંશમાં ફેલાયેલ નવા **ગુજરાત**-રાજ્યના લગભગ મધ્યભાગે શોભતા **અમદાવાદ**-જિલ્લાને અડીને રહેલ **ખેડા** જિલ્લામાં પૂ. ચરિત્ર-નાયકશ્રીનો જન્મ લગભગ **મધ્ય-ગુજરાત**માં થયો ગણી શકાય.

તેથી **દેહલી-દીપકન્યાયે** આખા (અભિનવ) **ગુજરાત** (સૌરાષ્ટ્ર)માં પૂજ્યશ્રી ચરિત્ર-નાયકની અપૂર્વ તેજ-પ્રતિભા ફેલાયાનું ગર્ભિત સૂચન થાય છે.

ચિત્ર નં. ૧૮

પૂ. ચરિત્ર-નાયકશ્રીનો જન્મ **ગુજરાત**ના ઓગણીશ-જિલ્લા પૈકી તેરમા જિલ્લા તરીકે પ્રખ્યાત **ખેડા**-જિલ્લામાં થયેલ છે, તેનો નવ-નિર્મિત **ગુજરાત**-રાજ્યના છેલ્લામાં છેલ્લો પરિવર્ધિત સંસ્કરણવાળો આ નકશો માહિતીની માત્રા વધે તે હેતુથી અહીં રજુ કર્યો છે.

આ જિલ્લાની વિશિષ્ટતા એ છે કે–

આ જિલ્લાની પૂર્વમાં લગભગ આખો કિનારો **મહીસાગર** જેવી મહાનદીથી સુરક્ષિત છે. જ્યારે પશ્ચિમમાં અર્ધા ઉપરનો કિનારો **સાબરમતી**-મહાનદીથી સુરક્ષિત છે.

આ રીતે આ જિલ્લો ભારતની બે મહાનદીઓથી પૂર્વ-પશ્ચિમે સુરક્ષિત પવિત્ર હોઈ કુદરતી-વિશિષ્ટતા ધરાવતો જણાય છે.

વધુમાં આ જિલ્લાની દક્ષિણે **ખંભાત**નો અખાત પણ ચરણોને ધોતો ન હોય, તેમ આ જિલ્લાની પૂર્વમાંથી સતત વિશાળ-સ્વરૂપ લઈ વહેતી **મહીસાગર** નદીનું ખંભાતના અખાતની સાથે પવિત્ર મિલન, તે જ રીતે પશ્ચિમ બાજુ પણ **સાબરમતી**નું ખંભાતના અખાત સાથે પવિત્ર મિલન થઈ આ જિલ્લાનો દક્ષિણ વિભાગ પણ મહત્વ-પૂર્ણ બની જાય છે.

આવા વિશિષ્ટ આ જિલ્લાના સર્વોચ્ચ ઉત્તર-બાજુનો ભાગે **કપડવંજ** તાલુકો જાણે નવાંગી-ટીકાકાર પૂ. આ. શ્રી **અભયદેવ-સૂરીશ્વર** ભગવંતની સ્વર્ગભૂમિ, ધર્મનિષ્ઠ શ્રી **ગોવર્ધન શેઠ**ની ધર્મભૂમિ અને વીસમી સદીના મહાન અદ્વિતીય જ્યોતિર્ધર, આગમોના નષ્ટ થઈ રહેલ વારસાને સુરક્ષિત કરવાના પુણ્ય-ભગીરથ કાર્ય દ્વારા આખા વિશ્વમાં **કપડવંજ**નું નામ રોશન કરનાર પૂ. ચરિત્ર-નાયકની જન્મભૂમિ તરીકે કુદરતે જ **કપડવંજ** તાલુકાને જિલ્લાના સર્વોપરી મુકુટસ્થાને બિરાજમાન કરેલ હોય, એમ નકશાના સૂક્ષ્મ -નિરીક્ષણ પરથી સહેજે સમજાય છે.


ચિત્ર નં. ૧૯

પૂ. ચરિત્ર-નાયકશ્રીના જન્મથી પાવન અને ધન્ય બનેલ **કપડવંજ** શહેર **ગુજરાત** રાજ્યના ઓગણીસ જિલ્લા પૈકી **ખેડા** જિલ્લાના દસ તાલુકા પૈકી ચોથા **કપડવંજ** તાલુકાનું પાટનગર છે.

નકશાને ધ્યાન-પૂર્વક જોતાં સ્પષ્ટ સમજાય છે કે- પૂ. સ્વ. આ. **શ્રી અભયદેવ સૂરિ મ.**, પૂ. **શ્રી સકલચંદ્રજી મ.**, શેઠ **શ્રી ગોવર્ધન** અને તેમનો પરિવાર તેમજ આખા ભારતવર્ષમાં શોધ્યા ન જડે તેવા એક નહીં અનેક ઘર, કુટુંબો કે જેમાંથી શ્રેકડાંધ પુનિત-પુણ્યાત્માઓએ સંયમ-માર્ગે મંગળ-પ્રયાણ કર્યું હોય.

આ બધી મહત્વપૂર્ણ આગવી-વિશિષ્ટતાઓમાં અપૂર્વ કલગી સમાન આખા શ્રમણસંઘના કાળ-પ્રભાવથી ઝાંખા પડેલ ગૌરવને ઝળહળાટ ચમકાવનાર, આગમોના અખંડ-અભ્યાસી, પૂ. ચરિત્ર-નાયકશ્રીની જન્મભૂમિથી જાણે **કપડવંજ** બરોબર ગૌરવપૂર્ણ બન્યું હોઈ કુદરતે પણ તાલુકાના બરાબર મધ્યભાગે **કપડવંજ** શહેરને સ્થાન આપ્યું લાગે છે.

ચિત્ર ૨૦ :-પુણ્ય-પાવન અનેક મહાપુરૂષોના જીવન-કર્તવ્યોથી પવિત્ર બનેલ કપડવંજની પ્રાચીન સમૃદ્ધ-વસ્તી જે નદીના પૂર્વકાંઠે વર્ષોથી હતી, તેમજ સિરિ મહાવીર ચરિયંની પ્રશસ્તિમાં કપડવંજની મહામહિમશાળી પ્રાચીન વસાહતનું વર્ણન જે નદીના પૂર્વકાંઠે અગિયારમી સદી પૂર્વે અતિ-પ્રાચીનકાળમાં હોવાનું જણાવેલ, તેવી પ્રાચીન મહત્વપૂર્ણ **મહોર** નદીનું દૃશ્ય આ ચિત્રમાં દર્શાવાયું છે.



નદીનો પટ ભલે નાનો હોય! પણ તેમાં કુદરતી શ્યામ પાષાણોથી નાની-મોટી શિલા-પટ્ટિકાઓના ગંભીર દૃશ્યથી જોશીલા જળ-પ્રવાહથી ઘસમસાટ વહેનારી આ નદી હજાર-હજાર વર્ષ વીતી જવા છતાં પણ પોતાની ભવ્યતાને જાળવી રહી છે.

સાહિત્યિક રીતે વિચારીએ તો નદીનું નામ **મહોર** એટલે માથાના મોડ તરીકે વપરાતા પ્રાચીન કાલીન-વસ્ત્રાભૂષણની સર્વાંગીણ-શોભામાં અદ્વિતીય વધારો કરનાર વિશિષ્ટ-અલંકારના અર્થના સૂચક તરીકે ગણી આ નદી પોતાના પૂર્વ કિનારે મહા-ધાર્મિક ધન-સમૃદ્ધ શ્રીમંતો અને ઉચ્ચ-પવિત્ર જીવન જીવનારા વિશિષ્ટ ધાર્મિક-મહાપુરૂષો કે જેઓ જનશ્રુતિ અને સ્કંદ પુરાણના આધારે ત્રેતાયુગના મહાધાર્મિક સત્યવાદી **મહારાજા હરિશ્ચંદ્રના** વખતના ધાર્મિક-કુળના વંશજ-તેવાઓથી સભર કપડવંજ શહેરની પ્રાચીન-વસાહત પોતાના પૂર્વ કિનારે ધરાવતી.

તેથી પ્રમાણમાં કે દેખાવમાં નાની લાગતી પણ આ નદી નામ પ્રમાણે સઘળી નદીઓના માથાઓના મોડ બરોબર **મહોર**=મુગટ જેવી છે.

આ નદી હાલના કપડવંજથી અમદાવાદ ભણી જતાં ટૂંકા પગ-રસ્તા (કે જે હાલ પાકી સડક રૂપે બનેલ છે.)ના મથાળે છે. અનેક પુણ્યાત્માઓ આ નદીને પાવન કરી ટૂંકા રસ્તે અમદાવાદ જેવા વિશિષ્ટ-ધર્મનગર સાથે સંબંધ ધરાવતા આવ્યા છે.


ચિત્ર ૨૧ :- કપડવંજની ભૂસ્તરીય રચનાના અવશેષોના સંગ્રહવાળી તેમજ કપડવંજથી અમદાવાદના ટૂંકા પગરસ્તે **મહોર** નદી પછી તુર્ત આવતી આ નદી નામ પ્રમાણે **વર**=શ્રેષ્ઠ **અંશ**=ભાગવાળી અકીક, લાલ રંગના જે સ્વેટ, લેટેરાઇટ અને લોખંડના મહત્વના રજકણોથી વ્યાપ્ત કાપવાળી ખળખળ વહેતી **વરાંશી** નદીનું આ દૃશ્ય છે.

પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મથી ધન્ય બનેલ આ ધરતીની ભૂસ્તર-શાસ્ત્રીય-દૃષ્ટિએ પણ મહત્વપૂર્ણ રાસાયણિક, ખનિજ-તત્વોના અવશેષોથી ભરપૂર આ નદી અને તેની આસપાસનો પ્રદેશ પૂ. ચરિત્રનાયકશ્રીની જન્મભૂમિની અદ્વિતીય મહત્તાને દર્શાવે છે.

ચિત્ર ૨૨ :- **કપડવંજના** સાંસ્કૃતિક ઇતિહાસને મૂકપણે કહેનારી પ્રાચીન સ્થાપત્ય-કળાના નમૂના રૂપ જગવિખ્યાત ૩૨ કોઠાની સુંદર વાવનું સન્મુખ-દૃશ્ય આ ચિત્રમાં છે.

આના સંબંધમાં ઇતિહાસ એમ બોલે છે કે—

"ગુર્જરપતિ **સિદ્ધરાજ-જયસિંહે** ભૂમિગત વિશેષતા ધ્યાન પર લઈ **માળવા** તરફના આક્રમણને ખાળવા વનદુર્ગ તરીકે અહીં અનામત સૈન્યની છાવણી જ્યારે સ્થાપેલ, ત્યારે ગુર્જર મહારાજા સિદ્ધરાજના અંગરક્ષક (મતાંતરે-ભીમ નામના વૃદ્ધ ચારણ) કુષ્ઠ રોગના ભયંકર ત્રાસથી કંટાળીને અહીંના તળાવમાં નહાવા પડેલ! ભાવીયોગે ચમત્કારી રીતે તેનો કોઢ રોગ ચાલ્યો



ગયો, કાયા સુંદર થઈ ગઈ. પુરોહિતની દોરવણી પ્રમાણે તળાવમાંથી **નીલકંઠ મહાદેવને** પ્રગટ કરી સિદ્ધરાજ જયસિંહે ભવ્ય મંદિર બંધાવી તેમાં સ્થાપના કરી અને તળાવને ઓદાવી સુંદર કારીગરીવાળી બત્રીસ કોઠાની વાવ બંધાવી.

પૂ. ચરિત્રનાયકશ્રી ભાવિમાં જ્યાં જન્મવાના હતા, ત્યાં લગભગ ૯૦૦ વર્ષ પૂર્વે આ પવિત્ર ધરાના બહુમાન રૂપે કલાત્મક સ્થાપત્યની કુદરતી સ્થાપના અને ચમત્કારોનું સર્જન આ બધું વિશિષ્ટ ગુહ્ય સંકેત સૂચવે છે.

ચિત્રમાં વાવના ત્રણ મજલા તથા પાર્શ્વભાગની કલાત્મક બીંતો, સ્થંભો વગેરે જણાય છે.

ચિત્ર ૨૩ :- વર્તમાન કપડવંજના લગભગ મધ્યભાગે ટાવરની પાછળના ભાગે કપડવંજની પ્રાચીન-ગરિમાના અદ્‌ભુત-વારસાને સૂચવનાર વિશિષ્ટ કલાત્મક ભવ્ય **કુંડવાવ** નામે ચોરસ વાપિકા છે.

તેના એક પડખેથી બડપેલ ભવ્ય બેનમૂન તોરણ જ્યાં સુંદર રીતે બાઝે છે તે ભાગ અને આખો દક્ષિણ બાજુનો ભાગ ભવ્ય રીતે આ દૃશ્યમાં દેખાય છે.

આ કુંડવાવનું નિર્માણ પણ ગુર્જરપતિ શ્રી સિદ્ધરાજે વનદુર્ગ તરીકે આ પ્રદેશની મહત્તા સમજી પોતાના અનામત સૈન્યને તથા પથિકોને પાણી સંબંધી મુશ્કેલી ન પડે તે આશયથી સામાન્ય કક્ષાના માનવી કે નાની વયનું બાળક પણ ઠેઠ અંદર ઉતરી પાણીનો ઉપયોગ કરી શકે તેવી સુંદર પગથીઆની રચનાવાળી આ વાવ કુંડ અને વાવડી બંનેના મિશ્રણવાળી સુંદર કલાત્મક ભવ્ય ગુજરાતના પ્રસિદ્ધ તેર તોરણો પૈકી અત્યંત સુંદર તોરણથી શોભતી કુંડવાવ નામથી પ્રખ્યાત છે.

આમાં ચિત્રના મથાળે મધ્યભાગે સુંદર તોરણ બેનમુન શિલ્પવાળું દેખાય છે.

ચિત્ર ૨૪ :- ઉપર જણાવેલ કુંડવાવના મધ્યભાગને દર્શાવતું આ ચિત્ર છે.

જેમાં કુંડવાવનો મધ્યભાગ તથા આસપાસ સુંદર કુલગુંથણી જેવી પગથીઆની હારમાળા અદ્‌ભુત દેખાય છે.

ચિત્ર ૨૫ :- સમસ્ત ગુજરાતમાં શિલ્પકળાના ભવ્ય પ્રસ્તારરૂપ પાષાણને સજીવ દર્શાવનારી વિશિષ્ટ કંડારવાની અદ્‌ભુત-કળાના ભવ્ય-પ્રતીકરૂપ જગ-વિખ્યાત તોરણ કપડવંજના મધ્યભાગે રહેલ કુંડવાવમાં ટાવરની પાછળ જમણી બાજુ દક્ષિણ દિશામાં કાળના જબ્બર ઝપાટાઓને ખમીને અડોલ અણનમ ઉભેલ આ તોરણ હકીકતમાં પૂ. ચરિત્રનાયકશ્રીની અદ્વિતીય અનન્ય-સાધારણ પ્રતિભા અને શાસન પ્રભાવકતાના મૂક-પ્રતીકરૂપ શોભી રહ્યું છે.

આ અંગે વધુ માહિતી ચરિત્ર-ગ્રંથમાં **બારમા પ્રકરણ** (પા. ૫૨ થી ૫૫)માં વર્ણવાયેલ છે.

પરિશિષ્ટમાં પ્રખ્યાત-શિલ્પી **સોમપુરા શ્રી હરિભાઈ**નો આ તોરણની કલાત્મકતા પર પ્રકાશ પાથરનાર લેખ પણ રજુ કર્યો છે, વિશેષાર્થીઓએ તેમાંથી વધુ જોઈ લેવું.

ચિત્ર ૨૬ :- કાળચક્રના પરિવર્તનથી જેનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું છે, તેવો નામશેષ થયેલ આ દરવાજો માત્ર ચિત્રમાં જ છે, કપડવંજની ધરતી પર આજે નથી.

ગુર્જરપતિ-સિદ્ધરાજે વનદુર્ગ તરીકે પસંદ કરેલ અત્યારના કપડવંજની ભૂમિ પર સત્તરમી સદીના પ્રારંભે રાધનપુરના નવાબની બેગમ લાડણી બીબીએ રોષયાત્રા દરમ્યાન આ ભૂમિના પ્રતાપે અહીંના મહાજનની વિનંતિથી રોષનું શમન કરી નૂતન રાજ્ય-વ્યવસ્થા સ્થાપી કિલ્લો બનાવી વસવાટ કરેલ.

તે વખતે હાલની જનરલ હોસ્પીટલ અને એસ. ટી. સ્ટેન્ડ આગળ મીઠા-પાણીનું મોટું તળાવ હતું, તેથી ત્યાંના કિલ્લાના મુખ્યદ્વારને **મીઠા તળાવનો દરવાજો** એ નામ સાર્થક રીતે અપાયેલ.

ચિત્ર ૨૭ :-**કપડવંજની** પૂર્વ ભાગોળે આ દરવાજો છે. તેના અવશેષરૂપ બે બાજુના ભીંતડા છે. ઉપરની કમાન અને દરવાજાનું તોતીંગ દશ્ય કાળના ગર્ભમાં છુપાઈ ગયું છે.

ચિત્ર ૨૮ :-આ દરવાજો **કપડવંજની** પશ્ચિમ ભાગોળે **કપડવંજથી અમદાવાદના** ટૂંકા રસ્તે **મહોર** નદી બાજુના રસ્તે આવેલ.

હાલ નજીવા અવશેષો તેના જણાય છે.

ચિત્ર ૨૯ :-આ દરવાજો હાલ અસ્તિત્વમાં નથી, પણ પ્રાચીન-કાળમાં કચેરીબાજુ જવાના રસ્તાના મુખ્ય દ્વાર તરીકે આ દરવાજો હશે.

આજે **લાડણી-બીબીના** વખતમાં બંધાવેલ કિલ્લાના મુખ્ય-દ્વાર રૂપ આનું અસ્તિત્વ અનુભવીઓના કથન મુજબ આજના **કપડવંજની** નવી-વસાહતના પશ્ચિમ-ઉત્તરભાગે હતું.

આજે તો બધું કાળ-ગર્ભમાં લુપ્ત છે, તેમ છતાં આજથી છ-સાત દશકા પહેલાં અસ્તિત્વ ધરાવતા આ દરવાજાનું ચિત્ર સંશોધનના શ્રમના ફળરૂપે મળી આવેલ છે.

ચિત્ર :-૩૦-૩૧-૩૨ :-શાહના આરાના સામા-કાંઠે વસેલ આજનું નવું **કપડવંજ** વસ્યા પૂર્વે એટલે કે લગભગ ૮ થી ૯ સદીઓ પૂર્વે પ્રાચીન **કપડવંજ** જ્યારે **શાહના આરાની** નજીક હતું.

તે વખતે જહોજલાલીની ભવ્ય ટોચે બિરાજમાન **કપડવંજ** શહેરના પનોતા ગૌરવસમા ધનકુબેર, ધર્મનિષ્ઠ શ્રેષ્ઠી **શ્રી ગોર્વધન શેઠે**—

—**વાયડ ગચ્છીય** પૂ. આ. **શ્રી જીવદેવ**-સૂરિના શિષ્ય આ. **શ્રી જિનદત્ત**-સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી તે વખતના **કપડવંજની** પાદરે વહેતી **મહોર** નદીના સામા કિનારે ભવ્ય-ઊંચી નાનકડી ટેકરીપર તીર્થ-સ્વરૂપ બની રહે અને આવનાર બે-ઘડી સંસારી-વાતાવરણથી અળગો રહી પરમાત્માની ભક્તિદ્વારા પોતાની જાતને રાગ-દ્વેષના વાતાવરણ કે સંસ્કારોથી અળગો કરી શકે તે શુભ-આશયથી—

—**શ્રી નંદીશ્વરદ્વીપના** એક દિશાના તેર અને ચાર દિશાના મળી બાવન શાશ્વતા-ચૈત્યોના પ્રતીક રૂપે શ્રી **વાસુપૂજ્ય પ્રભુનું** અત્યંત ભવ્ય મનમોહક દેવ-વિમાન જેવું બાવન-દેરીવાળું **જિનાલય** બંધાવેલ.

તેના કાળના ઝપાટામાં થયેલ વિવિધ-પરિવર્તનોમાંથી હાલમાં **જુમા મસ્જીદ** તરીકે ઓળખાતા પ્રાચીન-સ્થાપત્યના અવશેષરૂપ તે પ્રાચીન-વિશાળ જિનમંદિરના એકાદ ભાગની નયનરમ્ય-શિલ્પ સમૃદ્ધ વિશિષ્ટ-બાંધણીના ભવ્ય દર્શન આ ત્રણ ચિત્રોમાં થાય છે.

ચિત્ર ૩૩-૩૪-૩૫ :-**કપડવંજના** નામને સોનેરી-અક્ષરોથી ઇતિહાસના પૃષ્ઠોમાં આલેખનારી નવાંગી-ટીકાના રચયિતા પૂ. **આ. શ્રી અભયદેવ સૂરીશ્વરજી** મ. ના સ્વર્ગવાસની ઘટના અહીંની પુણ્ય-ધરતી પર થયેલ.

તે સમર્થ ગીતાર્થ-ધુરંધર નવાંગી-ટીકાકાર પૂ. **આ૦ શ્રી અભયદેવ-સૂરીશ્વરજી** મ. ના નામને ભાવી-પ્રજાના માનસમાં સ્થિર રાખવા **કપડવંજ** જૈન શ્રીસંઘે શેઠ **વાડીલાલ મનસુખરામ પારેખ** (બાટલી બોયની કંપનીવાળાના) સહયોગથી **દલાલવાડાના** પશ્ચિમાભિમુખદ્વારની સામે **રાજમાર્ગ પર શ્રાવિયવાડના** નાકે **શ્રી અભયદેવ સૂરીશ્વર જૈનજ્ઞાન-મંદિર** અને **શ્રી અભયદેવ સૂરીશ્વર-સંસ્કૃત પાઠશાળા** સ્થાપેલ છે.

તે **જ્ઞાનમંદિરમાં** પૂ. સ્વ. આ. શ્રી **અભયદેવ સૂરીશ્વરજી** મ. ના નવાંગી-ટીકાની રચના-સંદર્ભને જણાવતા સુંદર આદમકદ મોટા ચિત્રો, ચિત્રકાર **શ્રી જયંતિ ઝવેરી** પાસે અત્યંત-શાંત, સૌમ્ય, ઠંડા રંગોમાં બનાવી મુખ્યખંડમાં ચારેબાજુ દીવાલ પર પધરાવેલ છે, તેમાંના ત્રણ ચિત્રોના ફોટા અહીં રજુ કર્યા છે.

ચિત્ર ૩૩ :-શાસન-ધુરંધર, આગમોના ગૂઢજ્ઞાતા **શ્રી અભયદેવ-સૂરીશ્વરજી** મ. શ્રી વિગઈઓનો ત્યાગ અને લૂખા-સૂકા આહારથી શરીરને માત્ર ટકાવવાનું લક્ષ્ય આદિથી આગમાનુસારી અતિ-ઉત્કૃષ્ટ સંયમી-જીવન, જીવી રહ્યા હતા.

અસાતાના ઉદયે પિત્ત-જ્વરમાંથી ભયંકર કોઢ-રોગ થયો, તેમ છતાં ધીરતા રાખી કંઈપણ ચિકિત્સા ન કરાવવાના દૃઢ-સંકલ્પના આધારે વેદના સમભાવે સહન કરવા લાગ્યા.

છેવટે શરીર વોસિરાવી દઈને સાગારિક-અનશનની તૈયારી કરી, ત્યારે રાત્રે શાસનદેવીએ આવી સૂતરની ૯ આંટીઓ ઉકેલવાનું દ્રશ્ય જણાવી પૂ. આચાર્યદેવશ્રીને સાવધ કર્યા કે—

"પૂજ્યશ્રી! આપ જેવા ધુરંધર શાસન-નાયક અત્યારથી સ્વ-કલ્યાણની ઉચ્ચકોટિ-યાત્રામાં જઈ સાગારિક-અનશનની ભૂમિકાએ જવાનો વિચાર કરો છો!

શાસનની વર્તમાન પરિસ્થિતિ કેવી વિષમ છે! શ્રી **આચારાંગ** અને શ્રી **સૂત્રકૃતાંગ** સિવાય બાકીના આપણા શ્રીસંઘના પ્રાભુસ્વરૂપ નવ આગમો પર વિવેચન માટે ગીતાર્થ-પુરૂષોની ટીકાનો આધાર જ નથી રહેવા પામ્યો! કાળના ગર્ભમાં બધું વિલુપ્ત થયું!

આપની ઉંમર હજી ઘણી છે! નવ આગમો પર આપે ટીકા રચવાની છે! સ્વસ્થ થાઓ! આમ શું સ્વ-કલ્યાણની ભૂમિકાએ જવા ઉતાવળા થયા છો?"

પૂ. આચાર્યદેવે કહ્યું કે, "ભદ્રે! વાત તમારી બરાબર! મારા જેવાના એ ભાગ્ય કયાંથી કે શ્રી વીતરાગપ્રભુની વાણીની વિવેચના કરવાનું સૌભાગ્ય મળે!"

"હાલ તો ભયંકર-દુષ્ટ રોગથી શરીર જીર્ણ થઈ ગયું છે, તમે સૂતરની કોકડીઓ ઉકેલવાની વાત કરો છો, પણ આંગળાઓમાં ચૈતન્ય જ નથી."

આ સંબંધી દૃશ્ય ચિત્રમાં જણાવે છે.

ચિત્ર ૩૪ :-આ ચિત્રમાં બે દૃશ્ય છે. તેમાં વધુ મહત્ત્વનું જમણે દૃશ્ય છે.

શાસનદેવીની સૂચનાથી **સેઢી**-નદીના કિનારે **પલાશ** (ખાખરા)ના વનમાં **નાગાર્જુન**-યોગીએ તે જિનબિંબના સાન્નિધ્યથી પારાને સ્થંભિત કરેલ, તેથી શ્રી **સ્થંભન પાર્શ્વનાથ** તરીકે ભૂગર્ભમાં રહેલ પ્રભુજીને શ્રી સંઘ સાથે પૂ. આ. **શ્રી અભયદેવ સૂરિ મ.** શ્રીએ જયતિહુયણ. સ્તોત્રની રચના કરી જમીનમાંથી પ્રકટ કર્યા,

શ્રી સંઘે ઠાઠથી કરેલ સ્નાત્ર મહોત્સવના ન્હવણ-જળના છંટકાવથી પૂ. આ. શ્રી **અભયદેવ સૂરિ મ.** રોગમુક્ત બન્યા.

ડાબી બાજુના દૃશ્યમાં પૂ. આ. **શ્રી અભયદેવ સૂરિ મ.** ગીતાર્થોની સંમતિપૂર્વક **શ્રી આચારાંગ સૂત્ર** અને **શ્રી સૂત્રકૃતાંગ** સૂત્ર સિવાયના બાકીના નવ આગમો પર બાળ-જીવોપયોગી સુંદર ટીકા રચવાનું ભગીરથ મંગળ-કાર્ય કરી રહ્યા છે.

ચિત્ર ૩૫ :-નવાંગી-ટીકાકાર પૂ. આ. **શ્રી અભયદેવ સૂરીશ્વર** ભગવંતના સ્વર્ગવાસનું દૃશ્ય છે.

કપડવંજની સોહામણી ધરતી પર આવા મહાન પુણ્યશાળી આચાર્યદેવનો સ્વર્ગવાસ થવાથી તેઓના આત્મિક-તત્ત્વોના પવિત્ર-રજકણથી વ્યાપ્ત પુણ્ય-પાવન શરીર-પિંડના રજ-કણો અહીંની ધરતીમાં સુરક્ષિત રહી અનેક-પુણ્યાત્માઓને ઉદાત્ત-પ્રેરણા આપી રહ્યા છે.

ચિત્ર ૩૬ :-પૂ. આ. શ્રી **અભયદેવ-સૂરીશ્વર** ભગવંતનો સ્વર્ગવાસ **કપડવંજની શાહના આરાની** આ બાજુ અગિયારમી સદી લગભગ નવી વસાહત થઈ, ત્યારનો પ્રાચીન જૈન ઉપાશ્રય (**હોળી ચકલા**-ઢાંકવાડીમાં પંચના ઉપાશ્રય તરીકે પ્રખ્યાત) માં થયેલ.

તે ઉપાશ્રયમાં પ્રાચીન-સમયની ખૂબ જ કાળજીપૂર્વક જાળવી રાખેલ પૂ. આચાર્યદેવ-શ્રીની પાદુકાવાળી સ્મારક રૂપે નાનકડી-દેરીનું દ્રશ્ય આ ચિત્રમાં દેખાય છે.

ચિત્ર ૩૭ :-**કપડવંજના** નામને રોશન કરનાર પૂ. **આ. શ્રી અભયદેવ-સૂરીશ્વર ભગવંતના** પુણ્ય-જીવનનો ટૂંક પરિચય શ્રીજ્ઞાનમંદિરના મંગળ-સ્થાપન પ્રસંગે સાહિત્ય સંશોધક **વિદ્વદ્વર્ય પૂ. સ્વ. મુનિ શ્રી પુણ્યવિજયજી મ.** પાસે તૈયાર કરાવી પધરાવેલ આ શિલાપટ્ટિકામાં છે.

ચિત્ર ૩૮ :-કપડવંજના સ્વનામધન્ય શેઠ શ્રી લાલચંદ ગુલાલચંદે અફીણ આદિના વેપાર અર્થે રતલામ પેઢી રાખેલ.

ઉત્કૃષ્ટ-ધર્મપ્રેમથી પ્રેરાઈ **રતલામની** જે આવક થઈ, તે બધી ત્યાં જ ભાવિકોને હિતાર્થે ખર્ચવા ઉદાર ભાવના કેળવેલ

જેના પરિણામે સુંદર ભાવન-જિનાલય બહારથી રાજમહેલ જેવા ભવ્ય દ્રશ્યવાળું **શ્રી અજિતનાથ પ્રભુનું** ઊંચી પીઠિકાપર ભવ્ય દહેરાસર બંધાવેલ.

જે હાલ પણ ગુજરાતીઓનું જૈન મંદિર કહેવાય છે, તેનું આ દ્રશ્ય છે.

ચિત્ર ૩૯ :-**કપડવંજના શેઠ શ્રી લાલચંદ ગુલાલચંદ** ભાઈએ **રતલામમાં** બંધાવેલ જિનાલયની ભાવન-જિનાલયની પ્રદક્ષિણાનું દ્રશ્ય.

ચિત્ર ૪૦ :-શેઠ શ્રી **લાલચંદ ગુલાલચંદે** જિન-મંદિરની સાથોસાથ પાસે જ બહારગામથી આવનાર સાધર્મિકો પણ ધર્મક્રિયાની આરાધનાનો વધુ ને વધુ લાભ લે તે પુણ્ય-આશયથી બંધાવેલ ગુજરાતી જૈન-ઉપાશ્રયનું બહારથી સન્મુખ દ્રશ્ય.

ચિત્ર ૪૧ :-ઉપરોક્ત ઉપાશ્રયના વિશાળ વ્યાખ્યાન-હોલનું સન્મુખ દ્રશ્ય.

ચિત્ર ૪૨ :-

પૂ. ચરિત્રનાયકશ્રીની જન્મભૂમિના પનોતા-રત્નસમા ઉદારચરિત **શેઠ શ્રી લાલચંદ ગુલાલચંદ ભાઈએ રતલામ** જેવા સ્વજનવિહીન પ્રદેશમાં પણ પુણ્યબળે વ્યાપારની ધમધોકાર

ચાલતી પેઢીના નફાને **કપડવંજ** લઈ જવાના બદલે રતલામમાં જ પોતાના જેવા બહારગામથી વ્યાપારાદિના કારણે આવેલ સાધર્મિકોના ઉતરવા–રહેવાની સગવડ રહે અને અહીં રહેનારા વિદેશથી આવેલ પુણ્યવાન–સાધર્મિકોની ભાવભક્તિ રૂપ દહેરાસર અને ઉપાશ્રયના કરેલ નિર્માણની મંગલ સફળતા મળી રહે, તે માટે દ્રવ્યભક્તિ કરવાની મંગલ–ભાવનાથી ભવ્ય–સ્વરૂપમાં બનાવેલ **ગુજરાતી જૈન ધર્મશાળાનું** સન્મુખ પ્રવેશ–દૃશ્ય આ ચિત્રમાં દેખાય છે.

ચિત્ર ૪૩ :–

પૂ. ચરિત્રનાયકશ્રી વર્તમાનકાળે આગમિક–જ્ઞાનના જીવંત–મૂર્તિસમા જે મંગલ–ધરતીના પુણ્ય–પરમાણુઓથી બની શકયા, તે જ ધરતી પર જન્મ લઈ પૂ. ચરિત્રનાયકશ્રી સાથે સંસાર પક્ષે ભાણેજ તરીકેનો મંગલ–સંબંધ મેળવી અત્યંત નાની ઉંમરે પ્રભુ–શાસનના સંયમને મેળવી વિવિધ–મુખી વિદ્યાભ્યાસ કરી પુરાતન લિપિઓ અને ભાષાઓનો તેમજ લેખન–પદ્ધતિઓનો સર્વાંગીણ અભ્યાસ એકલે હાથે કઠોર–શ્રમપૂર્વક કરી આખા ભારતમાં નહિ પણ વિદેશમાં પણ અનેક તલસ્પર્શી–વિદ્વાનો અને પ્રાચીન સાહિત્ય–સંશોધકો સાથે ગાઢ–સંપર્ક સાધી અનેક નામના મેળવેલી.

તે સાહિત્ય–સંશોધક, પુરાતન જ્ઞાનભંડારોના જીર્ણોદ્ધારમાં સાંગોપાંગ નિષ્ણાત, પરમ પૂ. વિદ્વદ્વર્ય **મુનિરત્ન શ્રી સ્વર્ગસ્થ શ્રી પુણ્યવિજયજી** મહારાજનું આગમિક–સાહિત્યની ખોજ–મુદ્રાએ સમીક્ષા કરી રહ્યાનું આ ચિત્ર છે.

ચિત્ર ૪૪ :–

પૂ. ચરિત્રનાયકશ્રીની પનોતી જન્મભૂમિ રૂપ અર્વાચીન–**કપડવંજ**ની શોભામાં અનેરો વધારો કરનાર **ચંચલબાઈ ટાવર** નામે ઓળખાતું ભવ્ય ઉત્તમ પાંચ માળનું કીર્તિ–સ્થંભાકારે ઉત્તુંગ મકાન કે જેના ઉપર ચારે બાજુ વિશાળ ઘડીયાળના કાંટા સમયે–સમયે કાળની ઝડપનું સ્થૂલ દર્શન કરાવી રહ્યા છે.

વિક્રમની અગિયારમી સદીના શિલ્પકલા–ભરપૂર મંગલ–તોરણથી શોભતા ચોરસ કુંડાકારે વાવડીઓના પ્રાચીન સ્વરૂપને જાળવી રાખનાર **કપડવંજના** પ્રખ્યાત **કુંડ–વાવ** નામના સ્થાપત્યની અડોઅડ રહેલ આ ટાવર **અમદાવાદ, નડીયાદ, ડાકોર, મોડાસા,** આદિ વિવિધ–દિશાઓમાં જતા રાજમાર્ગોના ત્રિભેટે તેમજ ગાંધીમેદાન, મ્યુનિસિપાલિટી તથા જનરલ હોસ્પીટલની નજીકમાં, શાક માર્કેટ, વેપારી બજારો અને બહુમુખી વ્યવસાય કરનારી અનેક વેપારી–પેઢીઓની નજીક હોઈ **કપડવંજની** અભ્યંતર–શોભા તરફ જાણે નગર–દેવતા ઊંચો હાથ કરી જનતાનું ધ્યાન ખેંચી રહ્યો છે.

આવા વિશિષ્ટ–ટાવરનું વ્યાવહારિક–શોભાના અંગ તરીકે આ ચિત્ર છે.

ચિત્ર ૪૫ :–

ભારતવર્ષની પ્રાચીનતમ–સંસ્કૃતિના વિવિધ અંગો પૈકી કાષ્ટ–શિલ્પકલા તે તે વખતના કલાકુશળ–શિલ્પીઓએ ખૂબ વિકસાવી છે.

જેમાંના અપૂર્વ કાષ્ટ–શિલ્પની સમૃદ્ધિનાં દર્શન **અમદાવાદ, પાટણ, ખંભાત**ના જૂના જિનાલયોમાં તે તે વિશિષ્ટ–પ્રસંગો અને થાંભલા, કમાન આદિની કોતરણી રૂપે જોવા મળે છે.

જિનાલયો ઉપરાંત ઘણાખરા રહેણાકના મકાનોમાં પણ તે તે વખતના સંસ્કૃતિપ્રેમી ધનિકોએ ભારતવર્ષની આગવી કલાને બારી–બારણાં, ઝરૂખા, છાજલીઓ, ટેકણીયા આદિ રૂપે ઉદ્ધાર મનથી કંડારાવી પોતાની કલા–રસિકતા અમર કરી છે.

આવા એક અત્યંત કલા–સમૃદ્ધ ઝરૂખાના ટેકણીયાનું દૃશ્ય આ ચિત્રમાં જણાય છે.

જેમાં નીચે સુંદર કલાત્મક–બેસણી ઉપર કંડારેલ કુલવેલની પૃષ્ઠ ભૂમિકાએ ઢોલક વગાડનારી ગંધર્વ કન્યા અને તેના ઉપર ગ્રાસમુખ, વાનરમુખ અને મકરમુખના મિશ્રણવાળી શિલ્પકલામય અદ્‌ભુત કોતરણી ભારતીય વિશિષ્ટ–કલાત્મક અસ્મિતાનું મૂક–દર્શન કરાવે છે.

ચિત્ર ૪૬ :–

ગરવી ગુજરાતના રમણીય–ફલરૂપ **ચરોતર** પ્રાંતને અડીને રહેલ **ખેડા** જિલ્લાના મુખ્ય નગરરૂપ **કપડવંજ**ની ધાર્મિક અસ્મિતાને ટકાવનાર ધર્મસાધનાના થડકારા–ઘબકારાના મુખ્ય કેન્દ્રરૂપ **દલાલવાડા**નું વિહંગમ દૃશ્ય આ ચિત્રમાં દેખાય છે.

દલાલવાડામાં અને તેની આસપાસ ચારે દિશામાં શ્રી વીતરાગ પ્રભુના આઠ જિનાલયો, ધર્મ આરાધના માટેના શ્રાવક–શ્રાવિકાઓના ચાર ઉપાશ્રયો આદિ અનેક ધર્મસ્થાનો ઉપરાંત ધર્મપ્રેમી ભાવિક–શ્રાવકોના જથ્થાબંધ ઘરવાળા મહોલ્લાઓ ધર્મપ્રેમથી ગૂંજી રહ્યા છે.

ચિત્ર ૪૭ :–

પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મપૂર્વે પણ પૂ. આ. **શ્રી અભયદેવસૂરીશ્વર ભગવંત**ની સ્વર્ગભૂમિ તરીકે તેમજ **ગોવર્ધન શેઠ** જેવા ધર્મનિષ્ઠ શ્રીમંત ધર્મારાધકોની કર્મભૂમિરૂપ શ્રી **કપડવંજ** શહેરની કાલચક્રની વણથંભી પરિવર્તન ગતિના આધારે જૂની વસાહત–કે જે **મહોર** નદીના સામા કાંઠે હતી–ની ભૂમિનું પુણ્ય–બળ ઘટી રહેલ, તે અવસરે ગૂર્જરપતિ **સિદ્ધરાજ જયસિંહે** માલવપતિ સાથેના વારસાગત આવ્યા આવતા રાજનૈતિક, વૈમનસ્યના પ્રતીકરૂપે એક–બીજાની નબળી તકોના આધારે કરાતા આક્રમણો સામે આત્મરક્ષારૂપ વનદુર્ગનો આશ્રય લઈ અનામત લશ્કર માલવા–ગુજરાતના મથક પર રવાના કરવા માટે વસાવેલ નવી–વસાહતનું કાલબળે બીજની ચંદ્રકલાની જેમ વધી રહેલ અને લૌકિક દૃષ્ટિએ વ્યાવહારિક ઐશ્વર્ય–વિભૂતિનાં



મથાળે પહોંચેલ વર્તમાનકાલીન **કપડવંજ**ના વિહંગમ દૃશ્યરૂપ આ ચિત્રમાં વિવિધ કલાત્મક ઉત્તુંગ હવેલીઓ, સુંદર રાજમાર્ગો, વિવિધ ધર્મસ્થાનો આદિનું સામૂહિક-દર્શન થાય છે.

ચિત્ર ૪૮ :-

શ્રી અભયદેવસૂરિ મ.ના સ્વર્ગવાસ પૂર્વે સમૃદ્ધિની છોળોથી સભર **કપડવંજ**ની પ્રાચીન વસાહત જે નદીના સામા કાંઠે તે **મહોર** નદી અને **કપડવંજ-અમદાવાદ**ના ટૂંકા પગરસ્તે અનેક ભૂસ્તરશાસ્ત્રીય-વિશિષ્ટ-રાસાયણિક દ્રવ્યોથી સભર કાંઠાવાળી **વરાસી** નદીના પશ્ચિમ-દક્ષિણાભિમુખ પ્રવાહના મિલન સ્થાનરૂપ ભવ્ય **સંગમ** નામે પંકાતું સ્થળ-કે જે **કપડવંજ-નડિયાદ**ના રોડ પર **કપડવંજ**થી દક્ષિણ-પશ્ચિમ બાજુના પાદરમાં જ ૧॥ માઈલ પર આવેલ છે.

તે સ્થળ પર વર્ત્તમાન-રાજ્યતંત્રે બાંધેલ વિરાટકાય મોટા પૂલ-જેના પરથી કે એક મોટી પેસેંજર-બસ પસાર થઈ રહી છે-સાથે બંને નદીના વિશાળ-સંગમનું અદ્‌ભુત દૃશ્ય આ ચિત્રમાં દેખાય છે. કે જે ઘડીભર **અલાહાબાદ**ના ત્રિવેણી સંગમની સ્થૂળ ઝાંખી કરાવે છે.

ચિત્ર ૪૯ :-

વર્ત્તમાન **કપડવંજ**ની ધાર્મિક-સમૃદ્ધિના અનેરા ગૌરવને છલોછલ ભરી દેનાર ચમત્કારી **શ્રી ચિંતામણી-દાદા**ના નવનિર્મિત-જિનાલયનુ ભવ્ય પ્રવેશદ્વાર આ દૃશ્યમાં દેખાય છે.

જે **અંતિસરીયા** દરવાજાથી **કડીયા મસ્જીદ** તરફ જઈ રહેલ રાજમાર્ગ પર જમણે **શામસૌયદના ચકલા** પાસે રચાયેલ ભવ્ય દેવ-વિમાનની સ્મૃતિ કરાવી રહેલ છે.


ચિત્ર ૫૦ :-

પૂ. ચરિત્રનાયકશ્રીના મંગલ જન્મથી પાવન બનેલ **દલાલવાડા**ની સામે જ દેવવિમાન જેવા દીપતા જીર્ણોદ્ધાર દ્વારા ભવ્યતમ-જિનાલયના મૂળનાયક પ્રભુ શ્રી **ચિંતામણિ પાર્શ્વનાથ** દાદાનું ભક્તિભાવવર્ધક બિંબ આ ચિત્રમાં દેખાય છે.

જેમની આ જિનાલયમાં પ્રતિષ્ઠા **પૂ. આ. શ્રી વિજયલક્ષ્મી સૂરીશ્વરજી મ.**ના પુણ્ય-હસ્તે થયેલ છે.

ચિત્ર : ૫૧

જે પૂ. ચરિત્રનાયકશ્રીના પનોતા-નામથી આખા ભારતમાં મશહૂર બનેલ કપડવંજની પાવન-ધરતીના યશોગાન ફેલાયેલ છે.



તે પૂ. ચરિત્રનાયકશ્રીની આગમોદ્ધારક અને બહુશ્રુત, ગીતાર્થ–શિરોમણિ તરીકે જૈન શ્રીસંઘમાં થયેલ વિખ્યાત અમર–કીર્તિને ભાવિ–પ્રજાના માનસમાં સ્થિર કરવા તેમજ કૃતજ્ઞતા ભાવને વ્યક્ત કરવા કપડવંજ જૈન શ્રીસંઘે ગુરૂમંદિરમાં દેહ–પ્રમાણ–આગમોદ્ધારક આચાર્ય–દેવશ્રીની ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠિત કરી છે.

પૂ. **આગમોદ્ધારકશ્રી**ના **સર્વપ્રથમ શિષ્ય** પૂ૦ સ્વ. **શ્રી વિજય–સાગરજી** મ.ના શિષ્યરત્ન પૂ. સ્વ. **શ્રી લબ્ધિસાગરજી** મ. ગણીના શુભ પ્રયત્ન અને અથાગ અંતરી–પ્રેરણાથી વિ. સ. ૨૦૦૭માં **શ્રી ચિંતામણી–દાદા**ના જુના જિનાલયમે ઉતરાવી મૂળનાયકને તે સ્થાને કાયમ રાખી પાયાથી ભૂમિશુદ્ધિ આદિ કરાવી ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં સુંદર દેવવિમાન જેવું ભવ્ય આરસનું નવું જિનાલય બનાવ્યું.

પછી વિ. સં. ૨૦૧૦માં પૂ. સ્વ. ગચ્છાધિપતિ પૂ. આ. શ્રી **માણેકસાગર–સૂરીશ્વર ભગવંતના** મંગળ–વરદ વાસક્ષેપથી ચૈત્યની પુનઃ પ્રતિષ્ઠા અને અંજનશલાકા પ્રસંગે પ્રદક્ષિણામાં ચોવિશીની સ્થાપના આદિ થઇ.

તે પ્રસંગે જૈન શ્રીસંઘે સાગર–સમુદાયરૂપ વિશાળ વડવૃક્ષસમા વર્તમાનકાલીન વિસ્તારના મૂળબીજ સમા પૂ. **આગમોદ્ધારકશ્રી**ની પ્રવચન–મુદ્રાએ સુંદર દેહ–પ્રમાણ વિવિધ રંગના તેજસ્વી ઓપથી શોભતી આરસની પ્રતિમાજી બનાવી જિનાલયના મુખ્યદ્વાર સામે જ ગુરૂમંદિરની એક સુંદર દેરીમાં પ્રતિષ્ઠિત કરી.

તે ગુરૂમંદિરની દેરીમાં પ્રતિષ્ઠિત પૂ. ચરિત્રનાયકશ્રીની સુંદર કલા–કૃતિમય પ્રતિમાજીના મંગળ–દર્શન આ ચિત્રમાં થાય છે.

ચિત્ર ૫૨ :–

ધર્મપુરી શ્રી **કપડવંજ**ના અનેક પ્રખ્યાત જિનાલયો કોતરણી રચના–શિલ્પકલા અને પ્રાચીન વિશિષ્ટ બાંધણીથી આગવું સ્થાન ધરાવનાર શ્રી **અષ્ટાપદજી**ના દહેરાસરના લાંબી–શેરી બાજુના મુખ્ય પ્રવેશદ્વાર બાજુ શિલ્પની બે–નમૂન–અદ્‌ભુતરૂપ ભવ્ય કોતરણીવાળા સ્તંભ–ઝરૂખા આદિ ભવ્ય રાજમહેલની અનુકૃતિરૂપ દેખાતા જિનાલયના બહિરંગ–મનહર સ્વરૂપનાં દર્શન આ ચિત્રમાં થાય છે.

ચિત્ર ૫૩ :

શ્રી **અષ્ટાપદજી**ના દહેરાસરને નગરશેઠ **નત્થુશા**ના સુપત્ની શ્રાવિકા શ્રી **અમૃત શેઠાણી**એ બંધાવી નામ અમર કરેલ, –તે નગરશેઠની ખડકીમાં નગરશેઠની હવેલી બાજુ પાછળનું જે ભવ્ય પ્રવેશદ્વાર તેનું સુંદર દશ્ય આ ચિત્રમાં દેખાય છે.

ચિત્ર ૫૪ :-

કપડવંજના શ્રાવિકારત્ન સ્વનામધન્ય ધર્મ-ભક્તિના રંગથી ભરેલ શ્રી **અમૃત શેઠાણીએ સાગર**-શાખાના તે વખતના પ્રભાવક પૂ. શ્રી **પદ્મસાગરજી** મ.ના નિર્દેશાનુસાર તેઓશ્રીની પ્રેરણા-તળે છૂટે-હાથે લક્ષ્મીનો વ્યય કરી ૨-૪-૮-૧૦ના ક્રમથી જિનબિંબોને પધરાવી તાદૃશ્ય ચિત્ર ઉભું કરવાના મંગલ-સંકલ્પથી **અષ્ટાપદજીનું** જિનાલય બાંધ્યું હતું.

તેના મૂળનાયક બે પ્રભુ પૂર્વસન્મુખ ગભારે બિરાજમાન થયેલા આ દૃશ્યમાં દેખાય છે.

ચિત્ર ૫૫ :

શ્રી અષ્ટાપદજીના દહેરાસરની શિલ્પકલા તેમજ કોતરણીવાળું બાંધકામ હકીકતમાં કપડવંજના અન્ય-જિનમંદિરો કરતાં મહત્વપૂર્ણ આગવું-સ્થાન ધરાવે છે.

તેનું આછું દર્શન કરાવનાર પૂર્વાભિમુખ પ્રથમ ગર્ભગૃહના કલાત્મક બારશાખ અને દ્વાર તથા મંગળ-તોરણ વગેરે આ દૃશ્યમાં થાય છે.

જે જોઈ ધર્મપ્રેમી-ભાવિકોના હૈયા શેઠાણીનાં હૈયામાં ધબકી રહેલ અપૂર્વ-ધર્મરાગથી સભર બની સાહજિક-ગુણાનુરાગ તરફ વળી રહે છે.

ચિત્ર ૫૬ :

જે જિનાલયની અભૂતપૂર્વ-પ્રતિષ્ઠાના મંગળ-યશોગાન આજે પણ જૈનેતર કવિ દ્વારા રાસરૂપે ધર્મપ્રેમી-આત્માઓનાં હૈયાને ધર્મપ્રેમની અનેરી મસ્તીના હિલોરે ચઢાવી દે છે, તે **અષ્ટાપદજી**ના જિનાલયની ભવ્ય-કલાના દર્શન કરાવનાર અનેક સ્થાપત્યો આદિ પૈકી સમવસરણરૂપે ચતુર્મુખ-જિનબિંબની સ્થાપનારૂપ ભવ્ય **સમવસરણ-ચૈત્યનું** દૃશ્ય મૂળ દહેરાસરની પાછળ જમણે (વાયવ્ય ખૂણે) જોવા મળે છે.

તે સમવસરણ-ચૈત્યમાં વર્તમાન તીર્થપટોની શૈલિ કરતાં વિશિષ્ટ આગવી-શૈલિથી બનાવાયેલ **શ્રી સમેત શિખર**-મહાતીર્થનો ભવ્ય પટ, તેની આગળ સુંદર ઝીણી ફૂલવેલની કંડારણી આદિવાળા સ્થંભ સાથે આ ચિત્રમાં જોવા મળે છે.

આવા કલાત્મક-તીર્થપટો આજના સગવડીયા અને કલાદૃષ્ટિના ઘટાડાવાળા-યુગમાં ધર્મપ્રેમીઓને ખૂબ જ મૂક-પ્રેરણા આપી રહ્યા છે.

ચિત્ર ૫૭ :

વિક્રમની અગિયારમી સદી લગભગ વસેલી કપડવંજની નવી વસાહતમાં સૌથી પ્રાચીન જિનાલયરૂપ **શ્રી શાંતિનાથ** પ્રભુનું જિનાલય હોળી ચકલે ઢાંકવાડીમાં છે.

તે જિનાલયનું પ્રવેશદ્વાર આ ચિત્રમાં દેખાય છે કે જે બહારથી અતિ સામાન્ય કે ઘર દહેરાસર જેવો ભાસ કરાવનાર છતાં ગાજવા કરતાં વરસવામાં માનનારા સુ-જનોના હૈયાની પ્રતીતિ કરાવનારૂં છે.

ચિત્ર ૫૮ :

પૂ. ચરિત્રનાયકશ્રીની જન્મભૂમિરૂપ કપડવંજના વર્તમાન લીન સર્વ-જિનાલયોની અપેક્ષાએ સર્વ પ્રથમ જે પ્રભુની ચૈત્ય, પ્રતિષ્ઠારૂપે મંગલ સ્થાપના થઇ, તે શ્રી **શાંતિનાથ પ્રભુ** (મૂળ નાયક)નું મહામંગલકારી દર્શન આ ચિત્રમાં થાય છે.

ચિત્ર ૫૯ :

બહારથી અતિસામાન્ય લાગતા સર્વ-પ્રાચીન શ્રી **શાંતિનાથ પ્રભુ**ના જિનાલયના રંગ-મંડપનું આ દૃશ્ય છે.

જ્યાં સુંદર સોનેરી ચિત્રકામ, સોનેરી છત, કાષ્ઠશિલ્પના અદ્‌ભુત બે-નમૂન વાનગી વગેરે કપડવંજના કોઇ જિનાલયમાં જોવા ન મળે તેવી અદ્‌ભુત મનોહર કલા-સમૃદ્ધિથી ભરચક શ્રી **શાંતિનાથ પ્રભુના** જિનાલયના રંગમંડપનું આછું દર્શન આ ચિત્રમાં થાય છે.

ચિત્ર ૬૦ :-

કપડવંજના સર્વપ્રાચીન-જિનાલય તરીકે ખ્યાત શ્રી શાંતિનાથ-પ્રભુના જિનાલયના ભૂમિ-ગૃહમાં બિરાજમાન પ્રભાવસંપન્ન શ્રી **કલિકુંડ-પાર્શ્વનાથ** પ્રભુના શ્યામ-બિંબનું આ ચિત્ર છે.

આખા કપડવંજમાં ભૂમિગૃહમાં જિનબિંબની સ્થાપના માત્ર આ દહેરાસરમાં જ છે.

રમણીય ધ્યાન-યોગ્ય બિંબની પ્રાસાદિકતા, ભૂમિગૃહની બાંધણી વિગેરે એવી અદ્‌ભુત છે કે પુણ્યવાન આત્મા ભૂમિગૃહમાં આવતાં જ સાંસારિક-ઝંઝટોમાંથી સહજભાવે મુક્તિ મેળવી લે છે.

ચિત્ર ૬૧ :-

કપડવંજની ધરતીનું સર્વાધિક મહત્વ પુણ્યશાળી-ધર્મપ્રેમી નરરત્નોને તૈયાર કરવા અંગે છે. તે રીતે કપડવંજના બહુકાળ-જુના પ્રખ્યાત ધાર્મિક-ગૌરવને આજની વીસમી-સદીમાં પણ જાળવી રાખનાર ધર્મપ્રેમી શ્રી **માણેક શેઠાણી**એ અનેક ધાર્મિક અને વિશિષ્ઠ રીતે પરોપકારી પરમાર્થના કાર્યો કર્યા છે.

તે માણેક શેઠાણીએ આત્મકલ્યાણ-અર્થે પ્રાચીનતમ શ્રી **શાંતિનાથ પ્રભુ**ના જિનાલયની પાસે જ આ અવસર્પિણીના આદ્ય તીર્થંકર શ્રી **આદિશ્વરદાદા**ના અસીમ ઉપકારોને યાદ કરી શ્રી **ઋષભદેવ** પ્રભુનું બહુ જ કલાત્મક જિનાલય બંધાવ્યું.

તેનું પ્રવેશદ્વાર આ ચૈત્યમાં દેખાય છે.

ચિત્ર ૬૨ :-

શ્રી **માણેક શેઠાણીએ** મહા-મહોત્સવપૂર્વક પધરાવેલ શ્રી **ઋષભદેવ પ્રભુ**ના શ્વેત નયન મનોહર સુંદર બિંબના દર્શન આ ચિત્રમાં થાય છે.

ચિત્ર ૬૩ :

શ્રી માણેક શેઠાણીએ "ધર્મકાર્યમાં વપરાતી લક્ષ્મી તે બરોબર ગૃહસ્થો માટે જીવન-શુદ્ધિનો પાયો છે," એમ સમજી આત્મ-શ્રેયાર્થે બંધાવેલ જિનાલયના ગર્ભગૃહમાં અને બારસાળ ઉપર દરવાજાઓમાં સુંદર અદ્‌ભુત કોતરણી કરાવી, અપૂર્વ ધર્મપ્રેમ દર્શાવ્યો છે.

તે જિનાલયના રંગમંડપનું સુંદર દૃશ્ય આ ચિત્રમાં જોવા મળે છે.

ચિત્ર ૬૪ :-

પૂ. ચરિત્રનાયકશ્રીનો જન્મ જે ઘરમાં થયો, તે ઘરની સામે જ દલાલવાડાના દક્ષિણ બાજુના દ્વાર પાસે પોરવાડોએ બંધાવેલ ચૌમુખજીનું દહેરાસર છે, જ્યાં મૂળનાયક શ્રી **અજિત-નાથ પ્રભુજી** છે. તેથી શ્રી **અજિતનાથ પ્રભુજી**નું દહેરાસર પણ કહેવાય છે.

તે દહેરાસરની બહારની ઊભી બેઠક અને તેના ઉપર સુંદર શિલ્પકલા-સમૃદ્ધ તોરણવાળા સ્તંભોની હારમાળાવાળું પ્રવેશદ્વાર આ ચિત્રમાં દેખાય છે.

ચિત્ર ૬૫ :-

કપડવંજની ધરતીના જૂના-ઇતિહાસના આધારે પોરવાડો જૈન ધર્મના ઉપાસક હતા, એમ જણાય છે, આજે તો કપડવંજમાં એક પણ પોરવાડ જૈનધર્મી નથી, તેમ છતાં ભૂતકાળની ગૌરવવન્તી તે વાતને જાળવી રાખનાર ચૌમુખજીના જિનાલય તરીકે ઓળખાતા શ્રી અજિતનાથ પ્રભુના દહેરાસરમાં (જે દહેરાસર જન-સાધારણમાં **પોરવાડોના દહેરાસર** તરીકે ઓળખાય છે.) સમવસરણની કલ્પનાએ ચતુર્મુખ જિનબિંબો ચાર-દિશામાં બિરાજમાન છે.

તેમાં પૂર્વાભિમુખ ગર્ભગૃહમાં મૂલનાયકરૂપે શ્રી **અજિતનાથ-પ્રભુ**ની સ્થાપના છે, તેનું સુંદર દૃશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૬૬ :

પૂ. ચરિત્રનાયકશ્રીના વંશજોએ ચોથી પેઢીએ મૂળ-પુરૂષ તરીકે થયેલ પુણ્યવાન શેઠ શ્રી **ભવાનીદાસ જીવણચંદ ગાંધી**ના સ્મરણાર્થે ટૂંકી જગ્યામાં પણ નાનકડું **શ્રી વાસુપૂજ્ય સ્વામી**નું મનોહર શિલ્પકલા-સમૃદ્ધ જિનાલય બંધાવેલ.

જેની રમણીય કલાત્મક શાલભંજિકાઓથી શોભતા કલાત્મક-સ્થંભોવાળી દહેરાસરની બહારની દીર્ઘિકા આ ચિત્રમાં દેખાય છે.

જેના આગલા ભાગે પૂ. ચરિત્રનાયકશ્રીના વંશજ અને તેઓશ્રીની ત્રીજી–ચોથી પેઢીએ મળી જતા ધર્મપ્રેમી અને વર્તમાન શ્રીસંઘના અગ્રગણ્ય ધર્મનિષ્ઠ મહાપુણ્યશાળી શ્રી **રમણલાલ જેચંદભાઇ**ના જ્યેષ્ઠ પુત્ર ચંદ્રકાન્તભાઈ થાંભલાને અંકોડીને સાહજિક રીતે ઉભેલા.

તેઓ પણ આ ચિત્રમાં ઝડપાઈ ગયેલા દેખાય છે.

ચિત્ર ૬૭ :–

પૂ. ચરિત્રનાયકશ્રીના વંશજો તરફથી આત્મ–શ્રેયાર્થે તથા કુટુંબના આત્મકલ્યાણાર્થે ભાવોલ્લાસથી બંધાવેલ **શ્રી વાસુપૂજ્ય–પ્રભુ** જિનાલયના મૂલનાયક શ્રી **વાસુપૂજ્ય–પ્રભુ** આદિ ત્રણ તીર્થંકર–પ્રભુની પ્રતિમાજીનું ભવ્ય ત્રિગડું આ ચિત્રમાં દેખાય છે.

જેની પ્રતિષ્ઠા પૂ. ચરિત્રનાયકશ્રી ગર્ભકાળમાં હતા, તે વખતે જન્મથી ૮૪ દિવસ પૂર્વે થયેલ, જેમાં પૂ. ચરિત્રનાયકશ્રીના માતા–પિતાએ ખૂબ ભાવ–ઉલ્લાસથી ભાગ લીધો હતો.

ચિત્ર ૬૮ :–

પૂ. ચરિત્રનાયકશ્રીના વંશજોએ બંધાવેલ શ્રી વાસુપૂજ્ય–પ્રભુ જિનાલયના નાના પણ સુંદર ગર્ભગૃહનું રંગમંડપમાંથી લીધેલું દૃશ્ય આ ચિત્રમાં છે.

જેમાં ગર્ભગૃહમાં બિરાજમાન પાષાણની પાંચ જિન પ્રતિમાઓ તથા કેટલીક ધાતુ–મૂર્તિઓની વ્યવસ્થિત ગોઠવણી દેખાય છે.

સ્નાત્ર માટેનું સુંદર ત્રિગડું પબાસણ આગળ વ્યવસ્થિત રીતે ગોઠવેલું નાનું પણ દેખાવડું અને ગર્ભગૃહના કલાત્મક બારણાં ચિત્રમાં દેખાય છે.

ચિત્ર ૬૯ :–

ધર્મવૃત્તિ, ધનિકતા અને સંસ્કારિતાના શુભ ત્રિવેણી–સંગમવાળી કપડવંજની ધાર્મિક રંગે રંગાયેલ જૈન પ્રજાના અદ્‌ભુત-ભાવોને વ્યક્ત કરનાર અનેક–જિનાલયો પૈકી **મોદીઓના મહોલ્લામાં** જમીનથી ૮–૧૦ ફૂટ ઉંચી ઉભણી બેઠક પર શ્રી **આદીશ્વર**–પ્રભુના સુંદર જિનાલયનો જે કે કલાત્મક રીતે આરસ વગેરેથી મઠારેલ બહિર્ભાગ આ ચિત્રમાં દેખાય છે.

ચિત્ર ૭૦ :–

કપડવંજના **મોદીવાડના** દેરાસરના મૂલનાયક પ્રભુ **શ્રીઋષભદેવ–પ્રભુનું** અદ્‌ભુત સુંદર મનોહર શ્વેત–બિંબ આ ચિત્રમાં દેખાય છે.

ચિત્ર ૭૧ :

મોદીવાડના ઉંચી બેઠકવાળા દેરાસરના ભૂમિગૃહમાં પૂ. ચરિત્રનાયકશ્રીના પ્રથમ શિષ્ય **પૂ. પં. શ્રી વિજયસાગરજી મ.**ના શિષ્યરત્ન અને કપડવંજની ધાર્મિક–પ્રતિષ્ઠાની વર્તમાન



કાલીન અપૂર્વ-વૃદ્ધિમાં અનન્ય સાધારણ ફાળો આપનાર પૂ. સ્વ. **ગણિવર્ય શ્રી લબ્ધિ-સાગરજી મ.**ના ઉપદેશથી વ્યાપાર-ક્ષેત્રે તેમજ ઉદ્ધાર-સખાવતના ક્ષેત્રે કપડવંજના નામને રોશન કરનાર જયંત મેટલ વર્કસ વાળા શેઠશ્રી **જયંતીલાલ શંકરલાલ આદિત્યલાલ પાદશાહના** સુપુત્રી **શ્રી વિમળાબેને** (જેઓ હાલ સંયમી-અવસ્થામાં **સાધ્વીજી વિપુલ યશાશ્રીજી**ના નામથી સુંદર આરાધના કરી રહ્યા છે.) અનેરા ધર્મોલ્લાસથી આખા ભારતવર્ષમાં જોવા ન મળે તેવું અદ્ભુત કલા-કારીગરીવાળું અત્યંત ભાવવાહી ઉપસેલ આકૃતિવાળા, બે-નમૂન શ્રી **સિદ્ધચક્રયંત્ર**ના આરસના પટની સ્થાપનાનું આ ચિત્ર છે.

જેની કે સ્થાપના **વિ. સં. ૨૦૧૧ જેઠ સુદી ૫**ના શુભ દિને પૂ. સ્વ. **ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી** મ.ના વરદહસ્તે થયેલ છે.

આ ઉપરાંત આ પટની બંને બાજુ **શ્રીપાલ** ચરિત્રના વિવિધ-પ્રસંગો આરસમાં ઉપસાવી સુંદર ઓઇલ-પેઇન્ટ કરાવી કાચથી મઢી શ્રી નવપદની આરાધના કરનારાઓને ભાવોલ્લાસ માટેનું અદ્ભુત વાતાવરણ સર્જ્યું છે.

ચિત્ર ૭૨ :-

પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મથી પાવન બનેલ કપડવંજની ધર્મ-ગરિમાના અદ્ભુત દર્શન કરાવનાર **અંતિસરીયા દરવાજા** બહાર સ્ટેશનરોડ પર તળાવ કિનારે છે, જ્યાં **માણેક શેઠાણી**ની મોટી ધર્મશાળા છે, ત્યાં શ્રી **નેમિનાથ પ્રભુનું** સુંદર દેરાસર છે, તેના બહિ-ર્ભાગનું દૃશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૭૩ :-


કપડવંજની બહારલીવાડીના શ્રી **નેમિનાથ પ્રભુ** જિનાલયના શ્રી નેમિનાથ પ્રભુનું આ ચિત્ર છે.

જેની પુનઃ પ્રતિષ્ઠા જીર્ણોદ્ધાર પછી **વિ. સં. ૨૦૨૫**ના **પોષ સુદી પુનમ**ના રોજ પૂ. સ્વ. **લબ્ધિસાગરજી ગણિવર**ના વરદ વાસક્ષેપથી થયેલ છે.

ચિત્ર ૭૪ :-

ધર્મભૂમિ, અને સંસ્કારભૂમિરૂપ કપડવંજની ધાર્મિક-પ્રજા જ્યાં હાલમાં સામાયિક-પ્રતિક્રમણ-વ્યાખ્યાન આદિ ધર્મક્રિયાઓ પૂજ્ય-ગુરૂદેવોની નિશ્રામાં સામૂહિક-રૂપે કરે છે,

તે **મીઠાભાઈ ગુલાબચંદ** જૈન ઉપાશ્રય (શ્રાવકોનો)ના **દલાલવાડા**ના પૂર્વાભિમુખ દ્વારથી પેસતાં જ દેખાતા સુંદર અગ્રભાગનું દૃશ્ય આ ચિત્રમાં છે.



ચિત્ર ૭૫ :–

દલાલવાડાના દક્ષિણ દરવાજા પાસે શ્રાવિકાઓને ધર્મક્રિયા કરવા માટે શેઠશ્રી **વૃજલાલ હરિભાઈના** નામથી અને લોકભાષામાં **જાટના ઉપાશ્રય** તરીકે ઓળખાતા ધર્મસ્થાનનું દૂરથી ઝડપેલું દૃશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૭૬ :–

અગિયારમી સદીમાં કપડવંજની થયેલી **મહોર** નદીની આ બાજુ વર્તમાન કપડવંજ રૂપે વિકસેલ નવી–વસાહતની સ્થાપનાકાળે સર્વ–પ્રથમ ધાર્મિક–સ્થાન તરીકે **બનેલ શ્રી શાંતિ-નાથ-જિનાલય**ની સ્થાપના સાથે પંચના ઉપાશ્રય તરીકે ઓળખાતા પ્રાચીનતમ–ઉપાશ્રયની સ્થાપના થયેલ.

તે ઉપાશ્રયનું બહારના ભાગથી ઝડપેલું દૃશ્ય આ ચિત્રમાં છે.

આ ઉપાશ્રયમાં નવાંગી–ટીકાકાર આચાર્ય દેવશ્રી **અભયદેવ–સૂરીશ્વરજી મ.** સ્વર્ગવાસ પામ્યા હોવાનું વૃદ્ધ–પુરૂષોદ્વારા કહેવાય છે.

જેની પ્રતીતિ શ્રી **અભયદેવ–સૂરીશ્વરજી મ.**ના પગલાંવાળી પ્રાચીનતમ સ્થાપના રૂપે નાની પણ સુંદર દેરીથી થાય છે.

આ ઉપાશ્રયમાં પાદુકાની દેરી પાસે **શ્રી માણિભદ્રજીની** પુરાતન સ્થાપના ઉપાશ્રયની પ્રાચીનતા પૂરવાર કરે છે.

સત્તરભેદી પૂજાના રચયિતા ઉપાધ્યાય શ્રી **સકલચંદ્રજી મ.** પણ આ ઉપાશ્રયમાં કાઉસ્સગ્ગ ધ્યાને બિરાજતા. તેવું પ્રામાણિક પુરૂષો પાસેથી જાણવા મળે છે.


આવા પનોતા પ્રાચીનતમ ધર્મસ્થાનનું આ ચિત્ર છે.

ચિત્ર ૭૭ :–

કપડવંજ (ઢાંકવાડી)માં પ્રાચીનતમ દેખાતા **પંચના ઉપાશ્રય**ની સામે જ **માણેક** શેઠાણીના જિનાલયને અડીને શ્રાવિકાઓને ધર્મક્રિયા કરવા માટેના ઉપાશ્રયનું દૂરથી ઝડપેલ દૃશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૭૮ :–

લહુડી પોસાલના ઉપાશ્રય તરીકે ઓળખાતા પ્રાચીન ધર્મસ્થાનનું આ ચિત્ર છે, જ્યાં કે હાલમાં સ્વ. પૂ. આ. શ્રી **વિજયભક્તિ–સૂરીશ્વરજી** મ.ના ઉપદેશથી શરૂ થયેલ શ્રી **વર્ધમાન આયંબિય ખાતું** શ્રીસંઘ તરફથી ચાલે છે.



જે ઉપાશ્રયમાં આસન-સિદ્ધિવાળા ચમત્કારી મહાપુરૂષ આજથી ૬૦-૭૦ વર્ષ પૂર્વે બિરાજતા, જ્યાં શ્રી મણિભદ્રજીની ચમત્કારી સ્થાપના પણ છે, તે મંગળ સ્થાનનું અહીં દશ્ય દેખાય છે.

ચિત્ર ૭૯ :-

તપાગચ્છની લહુડી પોસાળના ઉપાશ્રય તરીકે ઓળખાતા મંગળ-ધામમાં શ્રીસંઘની શાંતિ અને ધર્મીજનોની ચિત્તની સમાધિ માટે-જેમણે સામે પગલે ચાલી તપાગચ્છાધિપતિ **શ્રી આનંદ વિમળ સૂરીશ્વરજી મ.**ને પોતે સેવા આપવાની પ્રાર્થના કરેલ.

ત્યારથી શ્રી **તપગચ્છ**ના અધિષ્ઠાયક રૂપે મનાતા શ્રી **માણિભદ્રજી** (જેઓ વ્યંતર નિકાયના દક્ષિણ બાજુના મહર્ધિક ઈન્દ્ર છે.) એવા શ્રી **માણિભદ્રની** મંગળ-સ્થાપના આસન-સિદ્ધિના અજબ ચમત્કારી અને મંત્રશક્તિના નિષ્ણાત યતિવર્યશ્રીએ ઉપાશ્રયમાં ધર્મક્રિયા માટે આવનારા ધર્મીજનોની ધર્મભાવનાની નિરાબાધતાના દૃષ્ટિકોણથી કરેલ,

તેની સ્થાપના આ ચિત્રમાં જોવા મળે છે.

ચિત્ર ૮૦ :-

કપડવંજની ધરાને ઇતિહાસમાં સ્વર્ણાક્ષરોથી મહત્વપૂર્ણ બનાવનાર નવાંગી-ટીકાકાર પૂ. આ. શ્રી **અભયદેવ-સૂરીશ્વરજી મ.**ના સ્વર્ગવાસના પુનિત સંભારણા તરીકે પ્રાચીનકાળથી સ્થાપિત કરેલ પવિત્ર પાદુકાવાળા દેહરી (જે કે **પંચના ઉપાશ્રયમાં** નીચેના ભાગે સુરક્ષિત છે,)નું દશ્ય આ ચિત્રમાં છે.


ચિત્ર ૮૧ :-

પૂ. ચરિત્રનાયકશ્રીએ જે કપડવંજની પનોતી-ધરતીના યશોગાનમાં પોતાની જન્મભૂમિ દ્વારા વધારો કર્યો, તે ધરતીના ચિરકાલીન-ગૌરવના અમર પ્રતિક તરીકે, તેમજ નવાંગી-ટીકાકાર આચાર્ય શ્રી **અભયદેવ-સૂરીશ્વરજી મ.**ની સ્વર્ગભૂમિ તરીકેના ગૌરવને ચિરસ્થાયી બનાવવાના મંગલ-ઉદ્દેશ્યથી શ્રીસંઘે **કપડવંજના** ધનકુબેર મહર્ધિક શેઠશ્રી **વાડીલાલ મનસુખરામ પારેખ** (બાટલીબોય કું. વાળા)ના સહયોગથી ભવ્ય-દર્શનીય **જ્ઞાનમંદિરની** સ્થાપના નવાંગી ટીકાકાર પૂ. આચાર્યદેવશ્રીના નામથી કરી.

તે જ્ઞાનમંદિરના કલાત્મક-પ્રવેશદ્વાર સાથે બાહ્ય-ભાગનું દશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૮૨ :-

પૂ. ચરિત્રનાયકશ્રીએ દીક્ષા પછી વિ. સં. ૧૯૬૦માં શ્રીસંઘના સાત-ક્ષેત્રોના નાણાંઓની દુર્વ્યવસ્થા અટકાવવા "વહીવટ સૌ-સૌની પાસે ભલે રહે! પણ નાણાં બધા વ્યક્તિગત ઘરમાં



રાખે, તેના કરતાં શ્રીસંઘની પેઢીમાં રહે તો વહિવટદારનું ભવિષ્ય ઉજ્વળ રહે," આવી અગમચેતી ભરી દીર્ઘદૃષ્ટિ વાપરી **શેઠ મીઠાભાઈ કલ્યાણચંદના** નામથી ધર્મ-દ્રવ્યના નાણાંની સુરક્ષા માટે **પેઢીની** સ્થાપના કરેલ.

તે **પેઢીના શાહ કાંતિલાલ ચુનીલાલ દોશીના** સ્મરણાર્થે **મોતીબહેન સાંકળચંદ હેમચંદ** તથા તેમના સુપુત્રો તરફથી બનાવડાવેલ નવ-નિર્મિત મકાનનું દૃશ્ય આ ચિત્રમાં છે.

તે પેઢીના નવા મકાનના ઉપલા-માળે બહારગામથી પધારનાર યાત્રાળુ કે ધર્મપ્રેમીઓના સ્વાગત-સત્કારાર્થે "**કેશવકાન્ત અતિથિગૃહ**" નામે "**યાત્રિક વિશ્રામગૃહ**" છે.

આ વિશ્રામગૃહ **ગાંધી કાંતિલાલ વાડીલાલ** તથા **ગાંધી કેશવલાલ વાડીલાલ** હ: **હલસુખભાઈ** મીલવાળા તરફથી તેઓએ સંપૂર્ણ ખર્ચ આપવાની ઉદારતા પૂર્વક વ્રત દેખરેખ-પૂર્વક બંધાવી શ્રીસંઘને ભેટ કરેલ છે.

ચિત્ર ૮૩ :-

ધર્મપ્રધાન-જીવન જીવીને જગતને ઉચ્ચ આદર્શ પુરો પાડનાર, મહામના, ઉદાર-ચરિત શેઠશ્રી **મીઠાભાઈ ગુલાલચંદભાઈના** નામથી ઉપાશ્રય આદિ ધાર્મિક-સ્થળો બનાવવાના લાભ સાથે પરબડી, ધર્મશાળા વગેરે જનહિતના પણ કાર્યો તેમના કુટુંબીઓએ બનાવેલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવેલ છે.

તેવા પરોપકારી-શેઠની કીર્તિગાથાને સૂચવનારી ધર્મશાળાના અર્હિભાગનું આ દૃશ્ય છે.

ચિત્ર ૮૪ :-

કપડવંજના ધર્મદ્રવ્યની મંગલ-વ્યવસ્થા માટે રચાયેલ **શેઠ મીઠાભાઈ કલ્યાણચંદની** પેઢી સામે કાપડ-બજારના નાકે પંખી-ઘરરૂપે **પરબડી** છે. તેનું દૃશ્ય આ ચિત્રમાં છે.

જેનું કે નિર્માણ **શેઠ મીઠાભાઇ ગુલાલચંદ ટ્રસ્ટ** તરફથી થયેલ છે, અને અહીં ટ્રસ્ટ તરફથી પંખીઓને અનાજ રોજ નિયમિત નંખાય છે.

ચિત્ર ૮૫ :

મહાપુરૂષો જ્યારે માતાના ગર્ભમાં પધારે, તે સમયથી કુટુંબમાં ધર્મભાવના દિન-પ્રતિદિન ક્રમશઃ વધતી રહે છે, ખાસ કરીને માતાજી ધર્મભાવનાથી વધુ રંગાય છે.

તે મુજબ પૂ. ચરિત્રનાયકશ્રી જ્યારથી ગર્ભમાં પધાર્યા ત્યારથી **ભગતજી**ની ભાવનાને અનુરૂપ કુટુંબમાં પણ વિવિધ-ધર્મક્રિયાઓ કરવા-કરાવવાના પ્રસંગોથી ધર્મભાવના વધવા લાગી.

માતાજીની ધાર્મિક-ક્રિયાઓમાં જરા રૂચિ ઓછી હતી, તેમ છતાં પૂ. ચરિત્રનાયકશ્રીના ગર્ભમાં આવ્યા પછી વગર-પ્રેરણાએ ચૈત્રી-ઓળીની સુંદર વિધિપૂર્વક આરાધના આદિ રૂપે સ્વતઃ ઉપજેલ મંગળમય-ભાવનાઓ ધર્મારાધનરૂપે સક્રિય બનવા પામેલ.

આ રીતે મંગળમય ધર્મક્રિયાઓના વાતાવરણમાં ગર્ભસ્થ-જીવને ધર્મના પવિત્ર સંસ્કારોનુ સિંચન ચાલુ હતું, તે બધામાં શિરોમણિરૂપ બનેલ ઘટનાનું દૃશ્ય આ ચિત્રમાં છે.

પૂ. ચરિત્રનાયકશ્રીના ગર્ભકાળ દરમ્યાન લગભગ સાતમે મહિને જન્મગૃહની સામે જ પોરવાડોએ બંધાવેલ **શ્રી અજિતનાથ-પ્રભુ**ના દહેરાસરે ચૈ. વ. ૧૩થી પ્રતિષ્ઠા-મહોત્સવની શરૂઆત થયેલ

તેમાં તથા પૂ. ચરિત્રનાયકશ્રીના કુટુંબીઓએ બંધાવેલ **શ્રી વાસુપૂજ્ય-પ્રભુ**ના દહેરાસરની મંગળ-પ્રતિષ્ઠા મહોત્સવ અંગે સઘળા માંત્રિક વિધિ-વિધાનોમાં **ભગત** તરીકે પ્રખ્યાત **ભગનભાઈ** સુવિશુદ્ધ નિર્મળ-જીવન તથા વિવિધ ધર્મક્રિયાઓ કરનારા અને તત્ત્વદૃષ્ટિવાળા હોઈ પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજીનો શ્રીસંઘ તરફથી મહત્ત્વપૂર્ણ સ્થાન સાહજિક રીતે મળેલ.

તેથી ચરિત્રનાયકશ્રીના પિતાજી-માતાજી બંનેએ દેરાસરોના મૂળનાયક પ્રભુજી આદિ જિનબિંબોને ગાદીનશીન કરવાની મંગળક્રિયાઓમાં મહત્વપૂર્ણ ભાગ લીધો હતો.

આ રીતે મહામહિમાશાળી પૂ. ચરિત્રનાયકશ્રીના ભાવીજીવનમાં થનારા મહા-ઉચ્ચ કોટિના શ્રુતપ્રભાવક તરીકે થનારા વિકાસના બીજરૂપે મહાન-ઉપકારી વીતરાગ-પરમાત્મા શ્રી તીર્થંકરદેવ-પરમાત્માની પ્રતિષ્ઠા અંગેના સઘળા વિધિ-વિધાનોમાં ભાગ લેવા રૂપે માતાજીએ ખૂબ ઉદાત્ત જીવન-શુદ્ધિના શક્તિશાળી વાતાવરણના સર્જનનો લાભ મેળવ્યો.

ચિત્ર ૮૬ :-

ધર્મી-કુટુંબની વિશિષ્ટતાએ છે કે,

"વિષમ કર્મના ઉદયે અસાતાની પરિસ્થિતિ ઉપજે, ત્યારે પણ ઔષધોપચારરૂપ દ્રવ્ય-ઉપચાર વ્યાવહારિક રીતે કરવા છતાં મોહનીય-કર્મની તીવ્રતા ઘટાડનાર શ્રી વીતરાગ-પરમાત્માએ નિર્દેશેલ શાસનાનુસારી વિવિધ-ધર્મકાર્યોના નિષ્કર્ષરૂપે ચિત્ત-સમાધિ ટકાવનાર આરાધના કરવા રૂપ ભાવ-ઉપચારની મહત્તા વધુ હોય છે.

આ રીતે પૂ. ચરિત્રનાયકશ્રીની માતાજીને સુવાવડ-નજીકના સમયે સાહજિક-રીતે થતી વિવિધ આકસ્મિક-વેદનાઓ વખતે બાહ્ય-ઉપચાર સૂતિકા-કર્મનિપુણ દાયણો દ્વારા ચાલુ છતાં અસાડ વદ ૦)) રાત્રે પ્રતિક્રમણ પછી પેટમાં થઈ રહેલ વિચિત્ર-વેદનામાં વિહ્વલ થઈ જવા છતાં પણ ગર્ભસ્થ-પુણ્યાત્માની અસરથી ધાર્મિક-આરાધના તરફ **જમનાબહેન**નું સાહજિક-વલણ થયેલ હોઈ **ભગનભાઈ ભગતને** કહી અંતરંગ ચિત્ત-સમાધિ ભાળવવા આરાધનાનું સ્તવન (પુણ્ય પ્રકાશનું સ્તવન) સાંભળવા ઇચ્છા પ્રદર્શિત કરેલ.

તે મુજબ **ભગત ભગનભાઈ** (પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજી) વિધિપૂર્વક **પ્રભુ મહાવીર પરમાત્મા**ના ચિત્રને સન્મુખ પધરાવી ઘીનો દીવો, ધૂપ વગેરે કરી ગહુંલી કરી તેના

રક્ષા છે તેનું દૃશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૮૭ :–

સૂર્યોદય પૂર્વે અરૂણોદય થવાની જેમ પૂ. ચરિત્રનાયકશ્રી જે રાત્રે ગર્ભકાળ પૂરો કરી જન્મ પામવાના હતા, તે રાત્રિના જન્મસમયની અગાઉ ચારથી પાંચ કલાક પૂર્વે શારીરિક–વેદનાઓની કારમી અસર તળે પણ માતાજી સુશ્રાવિકા તરીકે ભગતની મંગળ–ભાવનાના પુણ્ય સહકારથી ચાર શરણાં, પાપોની આલોચના, ક્ષમાપના, સુકૃતોની અનુમોદના વગેરે કરી, ખૂબ ઉચ્ચકોટિના મંગળ–અધ્યવસાયોની ભૂમિકાએ વિચારધારાને લઈ જવા પામેલ.

તેવા પવિત્ર વાતાવરણના મંગલ–સહયોગવાળી લૌકિક–રીતે **દિવસાના**ના તહેવારની વિશિષ્ટ રાત્રિના મધ્યભાગે પંચમ–કાળની વિષમતાથી નષ્ટ–પ્રાયઃ થઈ ગયેલ આગમિક–વારસાના સુરક્ષાર્થે પૂર્વજન્મની શ્રુતજ્ઞાનની વિશિષ્ટ–આરાધનાના બળને ઉદાત્ત રીતે વધુ પ્રમાણમાં લઈ આવનાર મહાપુરૂષની જરૂરીયાતની પૂર્તિ કુદરતી રીતે થઈ રહી હોય, તેમ અમાસની કાજલ–ઘેરી રાત્રિમાં મહા–તેજસ્વી મહાપુરૂષ તરીકે પૂ. ચરિત્રનાયકશ્રીનો **વિ. સં. ૧૯૩૧ અષાડ વદ ૦**))ની મંગળ–રાત્રિના મધ્યભાગે મંગળકારી જન્મ થયાનું દૃશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૮૮ :–

પૂ. ચરિત્રનાયકશ્રી **કપડવંજ**માં જે ઘરમાં જન્મેલા તે ઘરનું સંપૂર્ણ દૃશ્ય આ ચિત્રમાં છે.

પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મગૃહના શુભ–પરમાણુઓને વ્યવસ્થિત રીતે કેન્દ્રિત કરવાના આશયથી **પૂ. આગમોદ્ધારક** આચાર્યદેવ શ્રી (પૂ. ચરિત્રનાયકશ્રી)ના બાળશિષ્યરત્ન **પૂ. પં. શ્રી સૂર્યોદય સાગરજી મ.**ના ઉપદેશ–પ્રેરણાથી **પૂ. આગમોદ્ધારક**શ્રી પ્રતિ પૂજ્યભાવ અને શ્રદ્ધાભક્તિવાળા મહાનુભાવો તરફથી સ્મારક–ટ્રસ્ટ બનાવી જન્મસ્થાનરૂપ સંસારી–ઘરને ખરીદી વિશિષ્ટ–પ્રેરણાદાયી સ્મારક બનાવવાનું વિચારણા હેઠળ છે.

ચિત્ર ૮૯ :–

પૂ. ચરિત્રનાયકશ્રીનો જન્મ જે રાત્રિ અમાવાસ્યાની કાજળ ઘેરી છતાં શાસન–નાયક પ્રભુ **મહાવીર–પરમાત્મા**ના નિર્વાણથી જેમ મંગળકારી બની, તેમ વર્તમાન–કાળના સમર્થ **આગમ–જ્યોતિર્ધર** તરીકે અનેક–પુણ્યવાનોના હૈયામાં શ્રુતજ્ઞાન–ભક્તિ ઉપજાવી શ્રુતજ્ઞાનના આદાન–પ્રદાનની પુનિત–ક્રિયાના ઊંડા મૂળ નાખ્યા, તે મહાપુરૂષના જન્મ સમયે જ્યોતિષશાસ્ત્રની દૃષ્ટિએ ગ્રહોની અંશાત્મક સ્થિતિ કેવી હતી? પરસ્પર સ્થાનગત–પ્રબળતા કેવી હતી? વગેરે જાણવા–સમજવા જ્યોતિષ્ય–શાસ્ત્રની પદ્ધતિએ જન્મકુંડલી અને તેના ગ્રહોની સારણી (સંક્ષેપમાં) રજુ કરેલ છે.



ચિત્ર ૯૦ :–

વિશિષ્ટ–ગ્રહયોગમાં થયેલ પૂ ચરિત્રનાયકશ્રીના પનોતા–જન્મની જ્યોતિષ્યની દૃષ્ટિએ વિશિષ્ટતાને સમજાવનાર જન્મકુંડલીના સચોટ ફલાદેશની રજૂઆત **મગનભાઇ ભગત** સમક્ષ **કપડવંજ**ના જ્યોતિષ્યના ધુરંધર–વિદ્વાન સ્થાનિક પંડિતજી **શ્રી શુકલાજી** તેમજ ભાવી–યોગે **કાશી**ના મહાન ઉચ્ચકોટિના જ્યોતિષના પારંગત પધારેલ પંડિતજી સંયુક્ત રીતે કહી રહ્યાનું દેખાય છે.

'અરેખર! મહાપુરૂષો અદ્વિતીય અસાધારણ પુણ્ય–પ્રતિભાસંપન્ન હોય છે, જેથી કે દુનિયાની મહત્વપૂર્ણ ચીજો સ્વતઃ ખેંચાઇને સામે–પગલે આવી મળે છે.'

પૂ. ચરિત્રનાયકશ્રીની અદ્‌ભુત–ગ્રહયોગવાળી જન્મકુંડલીના ફલાદેશની ગંભીર વ્યાખ્યા **કાશીના** પ્રકાંડ જ્યોતિષી પણ કરતાં અચકાતા, તેવી કુંડલીનો ફલાદેશ સ્થાનિક–જોશી મહારાજ શી રીતે કરી શકત!

પરંતુ મહાપુરૂષોની દિવ્ય–લોકોત્તર પુણ્યસંપદાથી **કાશીના** મહાધુરંધર પંડિતજી અન્ય–કાર્યાર્થે પણ સ્વતઃ ખેંચાઇને કુદરતી રીતે તે જ અરસામાં **કપડવંજ** આવી પહોંચ્યા અને પૂ. ચરિત્રનાયકશ્રીની જન્મકુંડલીનો વ્યવસ્થિત અભ્યાસ કરી સ્થાનિક–પંડિતજી કરતાં વધુ સચોટ અને મહત્વપૂર્ણ રીતે ગ્રહયોગોની પ્રબળતા પર પ્રકાશ પાથરી શકયા.

આ બધું મહાપુરૂષોની અદ્વિતીય અનન્ય–સાધારણ પુણ્ય–પ્રતિભાથી જ થવા પામ્યું, એમ ઊંડું વિચારતાં સહેજે સમજાય છે.


ચિત્ર ૯૧ :–

પૂ. ચરિત્રનાયકશ્રી ભવિષ્યમાં શાસનને સંપૂર્ણ–વફાદાર બની શક્યા, તેની પાછળ કામ કરી રહેલ પૂર્વજન્મના સુવિશુદ્ધ–ધર્મારાધનાના સંસ્કારોને સજીવ બનાવી પ્રગતિશીલ બનાવનાર ઉત્તમ માતા–પિતા, આદર્શ શ્રાવકકુળ અને તદનુરૂપ ઉચિતરીતે ધર્મના સંસ્કારો સીંચવાની કાળજી વગેરે બાબતો હોય છે.

આ ચિત્રમાં આ વાત સ્પષ્ટ થતી લાગે છે.

પૂ. ચરિત્રનાયકશ્રી તથા તેમના જ્યેષ્ઠબંધુને પિતાજી **મગનભાઈ** નાનકડી પૂજાની જોડ પહેરાવી પોતાની સાથે જિનમંદિરે લઈ જઈ પ્રભુ–પરમાત્માની પૂજા જેવા વીતરાગતાના બહુમાન અને મોહના સંસ્કારોને નિર્મૂળ કરનારા શ્રાવકના ઉત્તમોત્તમ કર્તવ્યના પંથે દોરી રહ્યા છે.

આ ઉપરથી પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજીમાં રહેલ આદર્શ શ્રાવકોચિત–મર્યાદાનું જાગૃત–ભાન અનુમાની શકાય છે.



ચિત્ર ૯૨ :–

આ ચિત્રમાં પૂ. ચરિત્રનાયકશ્રી જ્યેષ્ઠબંધુ સાથે પિતાજીની દોરવણી પ્રમાણે ઘરમાં ધાર્મિક–ક્રિયા કરવાના ખંડમાં જ્યાં કે પિતાજી ભાવ–ભક્તિપૂર્વક જપ–સ્મરણાદિ કરે છે, ત્યાં સ્વાભાવિક રીતે આવીને તે તે ધર્મક્રિયાઓમાં અંતરંગ–સંસ્કારોની પ્રેરણાથી બાળસુલભ–અનુકરણ–વૃત્તિના આધારે જોડાઈ જાય છે.

"વાતાવરણ અને બાહ્ય પરિસ્થિતિ બાળકોને ખૂબ જ પ્રેરણાપદ બને છે. એટલે ધાર્મિક–સંસ્કારો સંતાનમાં ઉતારવાની ઈચ્છા ધરાવનાર માતા–પિતાએ સ્વાભાવિક રીતે પોતાની જાતને ધર્મની આરાધનામાં પળોટી લેવી જોઈએ. જેથી વગર–કહ્યે પણ બાળકોના કોરા માનસ પર ઊંડી છાપ પડે અને તેના એવા ગાઢ સંસ્કાર પડે, જેથી તે બાળકો ધર્મક્રિયાના આચરણોમાં સુદૃઢ રીતે ઓતપ્રોત બની જાય !"

પૂ. ચરિત્રનાયકશ્રી પિતાજીની ધાર્મિક–વૃત્તિઓ અને તદનુરૂપ જીવનના બળે અત્યંત નાની–વયથી ધર્મની આરાધનાના પંથે વળવા માંડેલા.

ચિત્ર ૯૩ :–

પૂ. ચરિત્રનાયકશ્રીમાં પિતાજીના ધાર્મિક–જીવનથી પૂજા–સામાયિક આદિ ધર્મક્રિયાઓમાં સક્રિયપણે આગળ વધવાના સફળ સંયોગોએ એવું સુંદર કામ કર્યું કે જેનાથી ગત–જન્મની વિશિષ્ટ–આરાધના બળે સાહજિક–રીતે કેળવાયેલ ધીરતા, ગંભીરતા, વિનય, મર્યાદાશીલતા, આનદાની, આદિ ગુણો સાનુબંધ રીતે વિકસવા પામેલા.

તેના સચોટ દાખલારૂપે અત્યંત નાની–વયે પણ માતાજીના આક્રોશભર્યા તમાચા મારવાના પ્રસંગે દાખવેલ અજબ ઉમંગ, ધીરતા, વિનીતતા અને મર્યાદાશીલતાનો ઉદાત્ત–પરિચય આ દૃશ્યમાં જોવા મળે છે.

ચિત્ર ૯૪ :–

"સંસ્કારી માતા–પિતાના યોગ્ય–ઉછેર તળે ઉછરતા સંતાનો ધાર્મિક-વ્યાવહારિક બંને રીતે શુભ–સંસ્કારોની ભૂમિકાને સુયોગ્ય રીતે જીવનમાં સુદૃઢ કરનારા બને છે."

પૂ. ચરિત્રનાયકશ્રી પણ આ રીતે જ અંતરંગ જીવનશક્તિઓના સફળ–વિકાસના પંથે પોતે ડગલાં ભરી રહ્યાની પ્રતીતિ જેમ માતાજીના આક્રોશભર્યા તમાચા મારવા સુધીના વર્ત્તન પ્રસંગે થઈ, તેમ વ્યાવહારિક–જીવનમાં પણ પૂ. ચરિત્રનાયકશ્રી કેવા ધીર–ગંભીર અને સાત્ત્વિક પ્રકૃતિના હતા ? તેની પ્રતીતિ કરાવનાર સ્યુનિસિપાલિટીના કાનસ તુટવાના પ્રસંગનું અવિકલ દૃશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર દર્શન :-

કપડવંજ **શ્રીસંઘના** અગ્રગણ્ય શ્રાવક, ધાર્મિક–વ્યક્તિઓમાં જાણકારી અને ક્રિયા–ચુસ્તતાથી મોખરે રહેતા **શ્રી મગનભાઇ ભગત** (જેઓ પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજી થાય)–ની દુકાન, પેઢીનું દૃશ્ય આ ચિત્રમાં છે.

દુકાનના પગથારે બહારના ઓટલાપરની બેઠકમાં **મગનભાઈ ભગત** પ્રસન્નમુદ્રાએ બેઠેલા છે.

શ્રી યોગશાસ્ત્ર આદિ ગ્રંથોમાં વર્ણવ્યા મુજબ શ્રાવકની દિનચર્યા પ્રમાણે જીવન ગાળતા **શ્રી મગનભાઈ ભગત** પૂર્વજન્મ–સંચિત પુણ્ય અને ધર્મ–કર્મના વિશ્વાસે વિશ્વાસુ–માણસોના ભરોંસે પેઢીનો કારભાર રાખી પોતે નિશ્ચિંતપણે ધર્મ–ક્રિયાઓમાં, સંઘના અને લોકહિતના ધાર્મિક–પારમાર્થિક કાર્યોમાં સમય ગાળતા.

કયારેક અવસર મળે ત્યારે દુકાન પર કલાક–બે કલાક માટે બપોરના બે કે ત્રણ પછીના ગાળામાં આવતા.

ચિત્રમાં દુકાનના અંદરના ભાગનું દૃશ્ય દેખાય છે, તે મુજબ તિજોરી પાસે મુનીમજી–મહેતાજી, વાણોતરો અને ગામડાના લોકો સાથે શેઠની સાખ પ્રમાણે ઉચિત વાતચિત કરી ન્યાય–નીતિપૂર્વક પ્રામાણિકપણે પાઘડીઓના મુખ્ય વ્યવસાય ઉપરાંત લેણ–દેણ આદિ શાહુકારી કામકાજ પણ ખૂબજ સમજણ અને વ્યવહાર–શુદ્ધિ પૂર્વક ભગતની દોરવણી પ્રમાણે ચલાવતા.

ભગત કયારેક બપોરના ગાળામાં આવી લોભ કે વ્યવહારૂ–ધોરણના નામે છદ્મસ્થતાવશ મહેતાજી આદિ દ્વારા થઈ જતી શરતચૂકથી પણ દૂરગામી દૃષ્ટિના ધોરણે અન્યાય–અનીતિના પગરણ ન થવા પામે, તેની સંપૂર્ણ કાળજી રાખતા.

તે વખતે પ્રસંગોચિત દીન–દુઃખિયાઓને અનુકમ્પા–દાન પણ ભગતજી મુક્ત–મનથી કરતા.

આ ઉપરથી પૂ. ચરિત્રનાયકશ્રીના માનસ પર એવી છાપ પડી ગયેલ કે–

દશેક વર્ષની અવસ્થાથી પૂ. ચરિત્રનાયકશ્રી રોજ કયારેક સવારે, કયારેક બપોરે, કયારેક સાંજે અનુકૂળતા–પ્રમાણે દુકાને આવી મહેતાજી પાસેથી રોકડ રકમ, છૂટા પૈસા, અનાજ વગેરે મેળવી દીન–દુઃખીઓને જરૂર પ્રમાણે છૂટે–હાથે આપતા.

ઉમ્મર નાની છતાં દીન–દુઃખીઓની સાચી–પરિસ્થિતિનો ખ્યાલ સ્પષ્ટપણે મેળવી સહુને જરૂર પ્રમાણે આપતા, કોઇ તેમાં બનતા સુધી પૂ. ચરિત્રનાયકશ્રી પાસેથી અનુચિતપણે કે દુરૂપયોગ થાય તે રીતે મેળવી શકતા નહિ.




ચિત્રમાં જમણે દેખાય છે કે ઓટલા ઉપર વિવિધ આપવા-લાયક વસ્તુઓની ટોપલીઓ પાસે રાખી જરૂર-પ્રમાણે સહુને આપી યાચકોના મૂક આશીર્વાદ પૂ. ચરિત્રનાયકશ્રી મેળવી રહ્યા છે.

વિરામાસન પર બેઠેલા પૂ. ચરિત્રનાયકશ્રીના પિતાજી **મગનભાઈ ભગત** પણ પૂ. ચરિત્ર-નાયકશ્રીની આવી દ્રવ્યદયા-જન્ય પરોપકારની વૃત્તિ અને તે પાછળ ધબકતી હૈયાની લાગણી જોઈ અંતરથી ખૂબ આનંદિત થતા.

મહેતાજીને પણ બાનગીમાં કહી રાખતા કે-" **હેમચંદની** મનોદશાને ધક્કો લાગે તેવી રીત-ભાત ન રાખશો! માંગે તે પ્રમાણે તમે આપશો! અલબત્ત છોકરમતમાં દુરૂપયોગ ન થાય તેની કાળજી જરૂર રાખશો!"

આ રીતે પૂ. ચરિત્રનાયકશ્રી પિતાજીની ધાર્મિકતા અને વ્યવહાર-શુદ્ધિભર્યા આચારનિષ્ઠા વાળા જીવનની મૂક-અસરતળે નાનપણથી જ દુઃખી-જીવોના દુઃખ હળવા કરવાની દિશામાં પગલાં સ્વતઃ માંડી શક્યા હતાં.

જેના કે પરિણામે પૂ. ચરિત્રનાયકશ્રીના ભાવી-જીવનમાં ઓતપ્રોત બનવા પામેલી ભાવદયાના પાયામાં દ્રવ્યદયાની પ્રધાન-ભૂમિકા નાનપણથી કેળવાતી ગઈ.

વધુમાં તે દ્રવ્યદયાની ભૂમિકામાં તત્ત્વજ્ઞાન અને પ્રભુ-શાસનની તાત્વિક-સમજણ ભળતાં જ પૂર્વજન્મની આરાધનાના બળે ભાવદયા વિશિષ્ઠ રીતે સ્વતઃ પ્રગટવા માંડી.

જેના કે વિકાસના બળે ધીરતાપૂર્વક સંયમ-પ્રાપ્તિ અને ભગીરથ-પુરૂષાર્થ દ્વારા આગમોનું શુદ્ધિકરણ, સંકલન, મુદ્રણ આદિ કરાવી સામુદાયિક મોટી સાત વાચનાઓ આપી આખા શ્રમણ-સંઘમાં આગમોનો અભ્યાસ સુગમ બનાવી દીધો.


છેવટે સંપ્રદાયના અભિનિવેશવશ તે આગમોના પાઠોના પાઠો પ્રક્ષેપના નામે ઉડવા ન પામે, તે માટે **પાલીતાણામાં** આરસની શિલાઓ ઉપર અને **સુરતમાં** તામ્રપત્ર ઉપર બધા આગમો કોતરાવી જિનશાસનના પુણ્ય-આરાધકો પ્રતિ પોતાની અખૂટ ભાવદયા ચરિતાર્થ કરી.

આવા મહાન પુણ્યવાન પૂ. ચરિત્રનાયકશ્રીના બાળપણમાં ભાવ-દયાને પ્રગટ કરી શકે તેવી દ્રવ્યદયાની-ભૂમિકાનું સર્જન કેવી રીતે થયું ? તેનું મૂર્ત-દર્શન આ ચિત્રમાં થાય છે.

ચિત્ર ૯૬ :-

પૂ. ચરિત્રનાયકશ્રીના કુટુંબનો સંક્ષિપ્ત પરિચય આ ચિત્રમાં છે.

વચ્ચે પુણ્યવતી માતાજી તથા ડાબે ચરિત્રનાયકશ્રી તથા જમણે પૂ. ચરિત્રનાયકશ્રીના વડિલબંધુ શ્રી **મણિભાઈ** શ્રાવકના ઉચિતવેશમાં દેખાય છે.



વિવેકી શ્રાવકોએ પોતાના સંતાનોને શ્રાવકપણું અને માર્ગાનુસારીને અનુરૂપ વેશ–પરિધાન તરફ રૂચિકર–પદ્ધતિથી વાળવાની ખાસ પ્રવૃત્તિ કરવી ઘટે.

ચિત્ર ૯૭ :–

પૂ. ચરિત્રનાયકશ્રી પૂર્વજન્મની આરાધનાના બળે તેમજ આદર્શ–પિતારૂપ **શ્રી ભગનલાઇ ભગત** દ્વારા અવારનવાર સામાયિકમાં, બપોરે વાંચનમાં અને રાત્રે ધર્મ–ચર્ચામાં વિવિધ તાત્ત્વિક–સમજણ મળવાના પરિણામે નાની–વયના પણ પૂ. ચરિત્રનાયકશ્રી વૈરાગ્યની ઉદાત્ત–ભૂમિકા તરફ વળવા માંડ્યા હતા.

પરિણામે ટૂંકમાં એટલી તો પાકી સમજણ થઇ ગયેલ કે–

"લગ્નના બંધનમાં ફસાયા પછી તો કોશેટાના કીડાની જેમ સંસારની જાળમાંથી છટકવું મુશ્કેલ છે, તેથી પુણ્યની ખામીએ અનુકૂળ–સંયોગો ન મળે અને સંસાર–ત્યાગરૂપ દીક્ષા કે ચારિત્ર મેળું લઇ શકાય તેમ છતાં પાણી પહેલાં પાળ બનાવવાની જેમ મોહના સંસ્કારોનું પ્રબળ આક્રમણ થવા ન પામે, તે માટે પ્રાચીન–કાળની મહત્ત્વપૂર્ણ ભારતીય–સાંસ્કૃતિક–પરંપરાના ધોરણે નાની વયમાં જ સગપણ–વિવાહ થઇ યોગ્ય–ઉમ્મરે લગ્ન કરી દેવાના માતાજીના અભિપ્રાયને ચતુરાઇથી પારખી એકાંતમાં માતાજીને પગે લાગી સંસારથી છૂટવાની ભાવના જણાવી મહેરબાની કરી લગ્નના બંધનમાં ન ફસાવવા વિનંતી કરેલ."


તેમ છતાં મોહવશ માતાજીએ તેને છોકરમત સમજી પોતાના કર્તવ્યની ઘેલછાભરી ધૂનમાં **ભગતની** અંતરંગ ઇચ્છા નહિં છતાં કુટુંબીઓને આગળ કરી પૂ. ચરિત્રનાયકશ્રીની બાર વર્ષની વયે સગપણની વાતો શરૂ કરી.

અવસરે કન્યાપક્ષવાળા મૂરતિયાને જોવા ઘરે આવે, પસંદ પડે એટલે જોષીના આપેલ મુહુર્તે ચરિત્રનાયકશ્રીને રૂબરૂ બોલાવે, ત્યારે સિંહને પાંજરામાં પુરવાની રીતિ સમજી જઇ પૂ. ચરિત્રનાયકશ્રી વિનય–મર્યાદાપૂર્વક પૂ. પિતાશ્રીની મુખાકૃતિ પરથી મૂક સંમતિ જાણી સ્પષ્ટપણે પોતાના ભાવી શ્વસુર–સાસૂ વગેરેને બેધડક કહેતા કે–

"મારી માતાજીની ઇચ્છા પ્રમાણે તમારૂં શ્રીફળ હું લઈ લઉં છું, પણ એક વાત ચોક્કસ ધ્યાનમાં લેશો કે–**અનુકૂળ–સમયે વહેલામાં વહેલી તકે હું દીક્ષા લેવાનો છું, આ સમજીને આગળ પગલું ભરજો!**"

એટલે પેલા સંસારના વાતાવરણમાં રંગાયેલ વેવિશાળ કરવા આવેલ સંબંધીઓ તો નાનકડા **હેમચંદની** ધીરતાભરી વાત સાંભળીને ડધાઈ જતા અને માતાજી પણ ચકિત થઈ જતી.

ચિત્રમાં માતાની વિહ્વલતા અને ભગત (પિતાજી)ની ધીર–ગંભીરતાના દર્શન થાય છે.



ચિત્ર ૬૮ :–

પૂ. ચરિત્રનાયકશ્રીના આદર્શ–શ્રાવકરૂપ પિતાજી **મગનભાઇ ભગત** મહાપુણ્યના યોગે શ્રાવક–કુળમાં અવતરેલા પોતાના સંતાનોને પ્રભુશાસનના સફળ આરાધક બનાવવા માટે પ્રસંગે પ્રસંગે સામાયિક કે ધર્મચર્ચાના અવસરે વિવિધ દાખલા દૃષ્ટાંતોથી ધાર્મિક વાંચનને રસીલું બનાવતા હતાં.

તેથી બાળકોની ધાર્મિકવૃત્તિને સતેજ કરી આરાધનાના માર્ગે તેઓના જીવનને વાળવા અવારનવાર પ્રયાસ કરતા હતા.

તેનું દૃશ્ય આ ચિત્રમાં છે.

જેમાં ડાબે સફેદ પહેરણવાળા પૂ. ચરિત્રનાયકશ્રીના વડિલબંધુ **મણિભાઈ** વિચારમુદ્રામાં તથા લીટીવાળા પહેરણમાં પૂ. ચરિત્રનાયકશ્રી ગંભીરમુદ્રામાં જણાય છે.

ચિત્ર ૬૯ :–

આ ચિત્ર પૂ. ચરિત્રનાયકશ્રીના જીવનની કાયાપલટ કરતા અનેક પ્રસંગો જણાવનારૂં છે.

આ ચિત્રમાં ચાર વિભાગો છે.

ઉપરના ભાગે—

પૂ. ચરિત્રનાયકશ્રીના વડિલબંધુ **મણિભાઇ**ના પત્ની શ્રી **મહાકોરબહેન**ના સ્વર્ગવાસ વખતનું દૃશ્ય છે.

જેનાથી પૂ. ચરિત્રનાયકશ્રી તથા તેમના જ્યેષ્ઠ બંધુએ વૈરાગ્યની આદર્શ પ્રણાલી મેળવી હતી.

નીચે ડાબી બાજુ –

પૂ. ચરિત્રનાયકશ્રીની પ્રેરણાથી દૃઢ–સંસ્કારી બનેલ જ્યેષ્ઠ–બંધુ **મણિભાઇ** પિતાજી પાસેથી અપૂર્વ–તત્વજ્ઞાનભર્યા ચિંતનનો લાભ મેળવી રહ્યા છે.

તેની પાસે –

બંને ભાઈઓ અંતરની વાતો કરી રહ્યા છે, જેમાં સન્મુખ બેઠેલ પૂ. ચરિત્રનાયકશ્રી જ્યેષ્ઠબંધુ **મણિલાલ**ની મુંઝવણનો ઉકેલ પોતાની આગવી સચોટ નિશ્ચયાત્મક–શૈલિથી રજુ કરી રહ્યા છે.

છેલ્લે ચિત્રમાં જમણે —

પૂ. ચરિત્રનાયકશ્રીના પ્રગાઢ-નિષ્ઠાવાળા વિચારોથી તથા પૂ. પિતાશ્રીની માર્મિક-પ્રેરણાથી સુદૃઢ-રીતે વૈરાગ્યથી રંગાયેલ **મણિભાઇ** માતાજીની ફરીથી પરણવાની વાતને મક્કમતા પૂર્વક ઇન્કારી રહ્યા છે, સાથે સાથે વૈરાગ્યના પથે જવાના પોતાના નિર્ણયને જણાવી રહ્યા છે.

ચિત્ર ૧૦૦ :-

પૂ. ચરિત્રનાયકશ્રીની ઇચ્છા નહીં, પૂ. પિતાજીની સંમતિ નહીં, તેમ છતાં **જમનાબહેને** પૂ. ચરિત્રનાયકશ્રીને આખરે સ્નેહ-વાત્સલ્ય-મમતાના પાશમાં બાંધી કુટુંબીઓના સહકારથી સગપણ નક્કી કરી તાત્કાલિક-લગ્ન લેવડાવી પૂ. ચરિત્રનાયકશ્રીને સંસારની બેડીમાં ફસાવી દીધેલ.

પૂ. ચરિત્રનાયકશ્રી જાતે પણ માતૃવાત્સલ્ય આગળ કંઈ બોલી ન શકતા, પણ આખરે સંસાર તેમને કારાવાસ કરતાં ભયંકર ભાસવા લાગ્યો, પૂ. પિતાજી-સમક્ષ મનોવેદના વ્યક્ત કરતા, પિતાજી યોગ્ય-આશ્વાસન આપતા, થયેલી-ભૂલનું પરિમાર્જન કરવાના ઉપાયો સૂચવતા.

એ અરસામાં વડિલબંધુ **શ્રી મણિભાઇના** પત્નીનો સ્વર્ગવાસ થતાં તેમજ ત્યાર પછી **મણિભાઇને** ફરી-પરણાવવાના ચક્રો શરૂ થતાં **મણિભાઇએ** કડકાઇથી 'પોતે નહીં જ પરણે' એમ કહી સંયમ-માર્ગે જવાનો પોતાનો નિર્ણય જણાવ્યો.

આ નિમિત્તે પૂ. ચરિત્રનાયકશ્રી પણ જરા ધીર-ગંભીરપણે ભાવનાને સતેજ કરવા લાગ્યા. પણ વ્યવહારૂ-બુદ્ધિની નિપુણતાના પ્રભાવે ગુંચવાડામાં ફસાતા ગયા.

છેવટે એમ લાગ્યું કે "પિતા જ વ્યવહારકુશળ અને આદર્શ-શ્રાવક છે, તેઓની દોરવણી વિના આ સંસાર-જાળમાંથી આપણા છોકરમતભર્યા બાલિશ-પ્રયત્નોથી નહીં છુટાય."

એટલે **વિ. સં. ૧૯૪૪ના ફાગણ-ચોમાસી**ની પૌષધ-સહિત આરાધના-પ્રસંગે પિતાજી પાસે એકાંતમાં બેસી બંને બંધુઓએ પિતાજીના ચરણે હાથ મુકી સંસારથી છૂટવાનો પોતાનો અંતરંગ-નિર્ણય જણાવ્યો અને 'આપ અમને માર્ગદર્શન આપો તે પ્રમાણે અમો વર્તીશું.' એવી અંતરંગ તૈયારી બંને બંધુઓએ વ્યક્ત કરી.

તે વખતનું દૃશ્ય આ ચિત્રમા છે.

ચિત્ર ૧૦૧ :-

પૂ. પિતાશ્રીની પ્રેરણા-સૂચનાનુસાર પૂ. ચરિત્રનાયકશ્રીએ વડિલ-બંધુના સહકારથી સંસારથી છૂટવા માટેની સફળ-તૈયારીઓ કરવા માંડી.

પરિણામે પિતાજી સાથે વર્ષીતપના પારણા પ્રસંગે **શ્રીસિદ્ધગિરિતીર્થે** જઈ ગિરિરાજની તળેટીએ દીક્ષાનો દૃઢ અભિગ્રહ કરી પાછા વળતાં લીંબડી **પૂ. ઝવેરસાગરજી મ.** પાસે

ગયેલ, પણ સ જાગવશ પૂ. ઝવેરસાગરજી મ.શ્રીએ બંનેમાંથી એકને દીક્ષા ના આપી, પિતાજી સાથે બંને ભાઇઓ ઘરે પાછા આવ્યા.

પિતાજી આગળ પૂ. ચરિત્રનાયકશ્રી અંતરની વેદના વ્યક્ત કરતા. પિતાજી કહેતા કે- **'ધીરજના ફળ મીઠાં'** 'હું પ્રયત્નમાં છું', પિતાજીએ **પૂ. ઝવેરસાગરજી મ.**ને પત્રો લખી બધી વાત પાકે-પાયે ગોઠવી.

પૂ. ચરિત્રનાયકશ્રીને વડીલ-બંધુની નરમ તબિયત અને ઘણાં સ્થાનિક-ઉપચારો છતાં શરીરની સુખાકારિતા ન થઈ, એ વાતને આગળ કરી કુટુંબીઓની સંમતિપૂર્વક દવા કરાવવા **અમદાવાદ** મોકલવાનું ઠરાવ્યું.

પૂ. ચરિત્રનાયકશ્રીને એકાંતમાં બધી વાત સમજાવી કે-

"અમદાવાદ વિદ્યાશાળાના ઉપાશ્રયે બિરાજતા પૂ. **નીતિવિજયજી મ.** પાસે જવાનું, અને તેમના પર પોતે પત્ર લખી આપશે."

"કદાચ કારણવશ તને દીક્ષા ન આપે તો પણ એક વાર રસ્તો ખુલ્લો થવા દેવો. તું જરા ધીરજ રાખ! વડિલ-બંધુને સંયમ- પ્રાપ્તિમાં સઘળી-રીતે સહાયક થજે"-

-વગેરે પાકી હિત-શિક્ષા આપી કુટુંબીજનો પાસે દવા કરાવવાના બહાને પાકી **સંમતિ** અપાવી યોગ્ય-મુહૂર્તે સારા શકુને **અમદાવાદ** તરફ જવાની તૈયારીનું દૃશ્ય આ ચિત્રમાં છે.

વધુમાં ચિત્રને ધારીને જોતાં ડાબે બંને-ભાઇઓને લઈ જવા માટે ભાડે નક્કી કરાયેલ સાંઢણીનું વાહન તૈયાર દેખાય છે.

જમણે બંને ભાઇઓ માતા-પિતાના પગે લાગી આશીર્વાદ મેળવી રહ્યા છે.

કુટુંબીજનો પણ બંને ભાઇઓને શુભકામનાપૂર્વક વિદાય આપી રહ્યા છે.

ચિત્ર ૧૦૨ :-

પૂ. ચરિત્રનાયકશ્રી પિતાજીએ ગોઠવી આપેલ પદ્ધતિ પ્રમાણે સંસારથી છૂટવાના ઉમંગ સાથે **કપડવંજ**થી ટૂંકા-રસ્તે **અમદાવાદ** સાંઢણી મારફત આવી શહેર-બહારથી સાંઢણીને વિદાય કરી બંને ભાઇઓ **કાળુપુર** થઈ પૂછતાં પૂછતાં-**દોશીવાડાની પોળ**માં તે વખતે સંવેગી સાધુઓના મથકરૂપ **વિદ્યાશાળા** નામે જૈન ઉપાશ્રયની નજીક આવ્યા અને વિદ્યાશાળાના પગથીયા બંને ભાઈ ચઢે છે, તેનું દૃશ્ય આ ચિત્રમાં છે.

તે વખતની વિદ્યાશાળાની વિશાળતા દર્શાવનાર તેના બહિર્ભાગનો દેખાવ ચિત્રમાં સ્પષ્ટ-પણે દેખાય છે.



ચિત્ર ૧૦૩ :–

પૂ. ચરિત્રનાયકશ્રી ઉમંગભેર **નિઝામપુરા**ના ઉપાશ્રયે વડિલ–બંધુ સાથે પહોંચી ઉપર જઈ વ્યાખ્યાનખંડ પાસેની ઓરડીમાં વિરાજતા શાસન-પ્રભાવક વિદ્વદ્વર્ય પૂ. **શ્રી નીતિવિજયજી મ.** (જેઓ શ્રી **આત્મારામજી** મ.ના ગુરુભાઈ અને પૂ. શ્રી **બુટેરાયજી મ.**ના પૂજ્ય સાત શિષ્યો પૈકી હતા.) પાસે જઈ વિધિપૂર્વક ગહુંલી કરી વંદના કરી સુખ–શાતા પૂછી તે દૃશ્ય ચિત્રમાં દેખાય છે.

વધુમાં પૂ. ચરિત્રનાયકશ્રી પોતે **કપડવંજ**થી આવતા હોવાની વાત કરી પિતાજીનો પત્ર પૂજ્યશ્રીને આપે છે તે દૃશ્ય પણ ચિત્રમાં દેખાય છે.

ચિત્ર ૧૦૪ :–

પૂ. શ્રી નીતિવિજયજી મ. ખૂબ વ્યવહાર–ચતુર હતા, વૈરાગ્ય–પ્રધાન દેશનામાં તેઓ નિપુણ હતા.

તેમણે **ભગનભાઈ** ભગતનો પત્ર વાંચ્યો, તેમાંની વિગત અને **પૂ. ઝવેરસાગરજી મ.**ના પોતા ઉપરના પત્રની વિગત મળી આવી.

એટલે બપોરે વ્યાખ્યાન–ખંડમાં પૂ. શ્રી નીતિવિજયજી મ. બંને ભાઈઓને પાસે બોલાવી બધી રીતે ચકાસી જોયા–તપાસ્યા.

પૂ. શ્રી નીતિવિજયજી મ.ને પત્રમાં પૂ. શ્રી **ઝવેરસાગરજી મ.શ્રીએ મણિલાલની** દીક્ષા માટેની વાત લખેલ, પણ વાતચીત દરમ્યાન ચરિત્રનાયકશ્રીના વૈરાગ્ય અને ઊંડી સમજણના રણકારભર્યા ટૂંકા પણ માર્મિક–વાક્યો સાંભળી ચકિત થયેલ.

બે–ચાર દિવસ રહેવાની વાત કરી બંને ભાઈઓને આશ્વાસન આપ્યું.

ચિત્રમાં બંને–ભાઈઓ સાથેની વાતચીતનું દૃશ્ય સ્પષ્ટ દેખાય છે.

ચિત્ર ૧૦૫ :–


પૂ. શ્રી **નીતિવિજયજી** મ. તાત્ત્વિક દૃષ્ટિએ બંને ભાઈઓના માનસનો ટૂંક સમયમાં અભ્યાસ કરી યોગ્ય નિર્ણય લીધો કે–

"પૂ. ચરિત્રનાયકની વય હજી ખૂબ જ નાની છે, કાયદેસર પણ કુટુંબીઓ ના બાલિગ તરીકે તેને ગણાવી જૈન સાધુ પર અપહરણનો કેસ લાગુ કરે.

વળી તે પરણેલ છે, એટલે તેના સાસરીયા તરફની પણ ધમાલ કે શાસન–હીલનાનું કારણ બને."

"એટલે સગીર–વયના **મણિભાઇ** વિધુર હોવાથી બીજી કોઈ–ઉપાધિથી રહિત હોઈ તેમને સંયમ આપવા માટેની પોતાની તૈયારી બતાવી.

તે પણ **અમદાવાદ** જેવામાં કદાચ કંઈ લફરું થાય, એટલે પૂ. મુનિ **શ્રી દીપવિજયજી મ. સાથે ખંભાત** તરફ વિહાર કરાવી રસ્તામાં ગમે–તે ગામે દીક્ષા આપવી ઠીક છે."



એ પછી બંને ભાઈઓને ટૂંકમાં સમજણ પાડી પૂ. **મુનિશ્રીદીપવિજયજી મ.** ને દીક્ષા આપવાના મુહૂર્તો જણાવી **અમદાવાદથી** વિહાર કર્યો.

કાસિંદ્રા મુકામે પૂ. મુનિશ્રી **દીપવિજયજી મ.**ને યોગ્ય લાગવાથી શ્રીસંઘને વાત કરી.

શ્રીસંઘે ઉમંગભેર વાત વધાવી લીધી અને ખૂબ ઠાઠથી વરસીદાન અપાવડાવી ગામ-બહાર વડના ઝાડ નીચે દીક્ષા અપાવી, તેનું દૃશ્ય આ ચિત્રમાં છે.

ચિત્રને વધુ બારીકાઈથી જોતાં વચ્ચે નાણું છે, જે પર ધાતુની ચાર પ્રતિમાજી છે. ડાબે પૂ. મુનિ શ્રી **દીપવિજયજી મ**૦ વગેરે મુનિ મંડળ, જમણે શ્રાવિકા વર્ગ છે, ચિત્રના આગલા ભાગે શ્રાવક-વર્ગ અને પાછલા ભાગે પૂ. શ્રી સાધ્વીજી મહારાજો છે.

ચિત્રના આગલા ભાગે નાણાની આ બાજુ **મણિભાઈ** પૂ. મુનિશ્રી ઓઘો આપી રહ્યાનું દેખાય છે, દીક્ષાર્થીની પાછળ બે ઘાઘરીવાળા વચ્ચે પૂ. ચરિત્રનાયકશ્રી ભક્તિ-વિહ્વલ અવસ્થામાં દેખાય છે.

ચિત્ર ૧૦૬ :-

જગદ્‌ગુરૂ પૂ. આ **શ્રી વિજયહીર સૂરીશ્વરજી મ.** શ્રી સ્વતંત્ર-શાખારૂપે અસ્તિત્વ પામેલ **સાગર-શાખાની** છઠ્ઠી પાટે બિરાજતા વિદ્વદ્વર્ય, આગમજ્ઞ-ધુરંધર, વ્યાખ્યાન-નિપુણ **પૂ. મુનિ શ્રી પદ્મસાગરજી મ.** શ્રીએ વિ. સં. ૧૮૦૦માં **ઉદયપુરમાં** શ્રીસંઘને સામુદાયિક-રીતે ધર્મ-આરાધના માટેનું સ્વતંત્ર સ્થાનક ન હોઈ જ્ઞાતિ-મહોરા નાતની વાડીમાં ચાતુર્માસ કરેલ

ચાતુર્માસ-દરમ્યાન **શ્રેષ્ઠિવર્ય શ્રી ઝવેરચંદ શાહ અમદાવાદથી** વ્યાપાર-પ્રસંગે આવેલ અને પૂ. **શ્રી પદ્મસાગરજી મ.**નું વ્યાખ્યાન સાંભળી મુગ્ધ બનેલ, વ્યાપારનું કામ ટૂંકમાં દિવસમાં પતવા છતાં પણ શ્રી વીતરાગ-પ્રભુની મંગલવાણી શ્રવણની અભીપ્સાને રોકી ન શકયા, ધર્મધ્યાન, નિમિત્તે **શેઠ શ્રી ઝવેરભાઈએ** સ્થિરતા કરી.

પ્રાસંગિક **પૂ. શ્રી પદ્મસાગરજી મહારાજે** શ્રીસંઘને ધર્મધ્યાન કરવા માટે એક ધર્મસ્થાન હોવાથી વાતને કેંદ્રમાં રાખી ઘણા દાખલા-દૃષ્ટાંતો-દલીલોથી સચોટપણે પ્રવચનધારા ચલાવી.

પરિણામે શ્રી સંઘના અગ્રગણ્ય-ધાર્મિક ગૃહસ્થોએ તાત્કાલિક ભેગા થઈ શ્રીસંઘ-તરફથી ધર્મસ્થાન બનાવવા નિર્ણય લીધો, કુદરતી સંજોગે પૂ. મહારાજશ્રી જ્યાં બિરાજમાન હતા તે ન્યાતીન્હોરા જ ખરીદવાના અનુકૂળ-સંયોગો થયા.

શ્રીસંઘ તરફથી મ્હોં-માંગી કિંમત આપીને તૈયાર થયું મકાન ધર્મધ્યાન માટે આરંભ-સમારંભ કર્યા વિના મળી રહેતું હોય તો સોના જેવું ધારી તે ન્યાતીન્હોરાને ખરીદવાનું નક્કી થયું, કિંમત નક્કી થઈ, લખાણ થઈ ગયું.

અમદાવાદથી આવેલ **ઝવેરભાઈ શેઠને** ભાવોલ્લાસ થયો કે–

"**અમદાવાદ** જેવામાં મને દહેરાસર કે ઉપાશ્રય બનાવવાનો કોઈ અવસર મળે કે કેમ ! તે શંકાસ્પદ છે.

જ્યારે અહીં ઘર–બેઠે ગંગા છે. આખા શ્રીસંઘને ધર્મધ્યાન કરવા માટે એક ધર્મસ્થાનની જરૂર તો દીવા જેવી છે, તે મા પૂજ્ય–મહારાજશ્રીની સતત પ્રેરણા છે, તે મુજબ અહીંનો શ્રીસંઘ પૂજ્ય મહારાજશ્રી બિરાજમાન છે, તે ન્હોરાને જ ખરીદી ઉપાશ્રયરૂપે કરવાનું શ્રીસંઘે વિચાર્યું છે.

તો આ લાભ હું લઉં તો !"

પૂજ્ય **શ્રી પદ્મસાગર**જી મ. ને વાત કરી, પૂજ્યશ્રીએ શ્રીસંઘના આગેવાનોને બોલાવી વાત કરી કે–

"તમે તો સ્થાનિક–સંઘના અનેક કાર્યો કરો જ છો ! પણ બહારથી આવેલ આ પુણ્યવાનની ભાવનાની કદર તમારે કરવી ઘટે !

સાધર્મિક ભક્તિનો આ ઉત્તમ પ્રકાર છે.

શ્રીસંઘે પ્રથમ તો જરા સંકોચ અનુભવ્યો કે–

"બહાર ગામના દર્શનાર્થે આવેલ–સાધર્મિકના પૈસે અમારૂં કામ થાય તેમાં અમારા સંઘની શી શોભા ?"

પણ છેવટે પૂ. **શ્રી** પદ્મસાગરજી મ. ની ધાર્મિક–નીતિ મુજબની ઉદાત્ત–પ્રેરણા અને **અમદાવાદના શેઠ શ્રી ઝવેરભાઈની** હાર્દિક–ધર્મભાવનાના બળે શ્રીસંઘે તે ન્હોરાની ખરીદી માટે નક્કી કરેલ પૈસાનો લાભ અમદાવાદના **શેઠશ્રી ઝવેરભાઈને** આપ્યો.

પૂ. શ્રી પદ્મ સાગરજી મ. વિ. સં. ૧૮૦૧ના નવલા વર્ષે કા. સુ. ના મંગલ પ્રભાતે માંગલિક અને સાત–સ્મરણ બાદ **શ્રી ગૌતમ સ્વામીના** રાસનું વાંચન કરી તે જ્ઞાતિ–ન્હોરાને **ઉદયપુર** શ્રીસંઘના ધર્મસ્થાન–ઉપાશ્રય તરીકે સ્થાપ્યો.

જે કે હાલમાં **શ્રી** ગોડીજી મ. ના દહેરાસરની પાસે **સાગરશાખીય** મુનિ–ભગવંતોની બેઠક રૂપે ગણાય છે.

શ્રીસંઘ તરફથી હાલમાં આ ઉપાશ્રયનું નવનિર્માણ થયું છે. તેનું દશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર નં. ૧૦૭ :–

ઉદયપુરના શ્રી સંઘમાં વિ. સં. ૧૮૦૦ ના પૂ. શ્રી **પદ્મસાગરજી મ.**ના ચાતુર્માસથી ધર્મજાગૃતિ ખૂબ આવી.

તેમાં પૂ. **શ્રી. પદ્મસાગરજી મ.**ના ઉપદેશથી શ્રીસંઘને સામૂહિક–રીતે ધર્મક્રિયા કરવા માટે ઉપાશ્રયની સ્થાપના થઇ.

પછી અવારનવાર **સાગર**-શાખીય-મુનિ-ભગવંતોના ચાતુર્માસ થતા રહ્યા, વિવિધ ધર્મપ્રેરણાઓ મળતી રહી, પરિણામે શ્રીસંઘમાં અનેરા-ધર્મોલ્લાસની વૃદ્ધિ થવા માંડી.

તે પ્રમાણે **વિ. સં. ૧૮૦૫ના પૂ. શ્રી. પદ્મસાગરજી મ.ના** ચોમાસામાં **મહારાણા શ્રી ભાવસિંહજીના** શાસનકાળે શ્રીસંઘના અગ્રગણ્ય **શાહ ભીખાચંદ** પોરવાડની જિનાલય-બંધાવવાની ઉત્કટ ભાવના થઈ.

પણ ભાવીયોગે **ભીખા શેઠ** અચાનક સ્વર્ગસ્થ થયા, છતાં તેમના સુપત્ની **છબલ બહેને પૂ. શ્રી. પદ્મસાગરજી મ. શ્રી ના** ઉપદેશથી શોક ખંખેરી દીધા. પતિદેવની ઈચ્છાનુસાર પૂ. મહારાજશ્રીની પ્રેરણાથી **ચૌગાન** તરીકે ઓળખાતી વિશાળ જમીન-જે કે **સરૂપસાગર** નામના મોટા જલાશય કિનારે હતી-દહેરાસર બનાવવા ખરીદી.

આટલા બીજમાંથી પાંગરેલ ધર્મની ભાવનાના ફળરૂપે વિશાળ ધર્મસ્થાનો રૂપ વટવૃક્ષની ઉત્પત્તિ થઈ છે. એટલે કે-**ઉદયપુરના ચૌગાન** વિભાગમાં અનેક જિનાલયો-ધર્મશાળા વગેરેનું નિર્માણ થવા લાગ્યું.

તેનું રેખા-ચિત્ર આ દૃશ્યમાં છે.

જેમાં ત્રણ જિનાલયો, ત્રણ ગુરૂમંદિરો (નાના) અને એક ધર્મશાળા આદિ ધર્મ-સ્થાનોનું રેખાંકન દેખાય છે.

ચિત્ર નં. ૧૦૮ :-


આવતી-ચોવિશીના પ્રથમ તીર્થંકર **શ્રી પદ્મનાભ-પ્રભુની** વિશાળ-મૂર્તિથી પ્રખ્યાત બનેલ **ઉદયપુરના ચૌગાનના** દહેરાસરોના દર્શનાર્થે આવનાર ધર્મપ્રેમી-યાત્રિકોના અનેરા આકર્ષણ રૂપ **સરૂપસાગર, ફતેસાગર,** નામે વિરાટ જલાશયો તરફ જતા રોડ પર અનેરું ધ્યાન ખેંચનાર અને **રાજમાર્ગ** પર ભવ્ય કલાત્મક-પ્રવેશદ્વારનું આ ચિત્ર છે.

ચિત્ર-૧૦૯ :-

પૂ. **શ્રી પદ્મસાગરજી મ.ના વિ સં. ૧૮૦૫ના** ચોમાસામાં શ્રાવક-જીવનના આદર્શ-કર્તવ્યોને સંબોધતા સચોટ પ્રવચનોથી **શાહ ભીખાજી પોરવાડને** ભવ્ય જિનાલય બંધાવી અસાર-લક્ષ્મીનો સદ્વ્યય કરવા ભાવના થયેલ.

પણ ભાવીયોગે તેમનું આકસ્મિક-નિધન થતાં તેમની ઈચ્છાનો માન આપી તેમના સુપત્ની **શ્રી છબલબહેને પૂ. શ્રી પદ્મસાગરજી મ.ની** મંગલ નિશ્રા-પ્રેરણા મુજબ **સરૂપસાગરના** કિનારે **ચૌગાન** તરીકે ઓળખાતી જમીન ખરીદી **વિ. સં. ૧૮૦૬ના ફા. સુ. ૭** ખાત-મુહૂર્ત કરી **વૈશાખ સુ. ૧૫ના** મંગળ દિને નવનિર્મિત **શ્રી શાંતિનાથ-પ્રભુજી** (પરિકર સાથે) આદિ જિનબિંબોની અંજનશલાકા-મહોત્સવપૂર્વક મંગળ પ્રતિષ્ઠા કરી.

તે **શ્રી શાંતિનાથ પ્રભુજી**ના ત્રિગડાનું સુંદર દૃશ્ય આ ચિત્રમાં છે.



ચિત્ર ૧૧૦ થી ૧૧૫ :-

સાગર-શાખાની સાતમી પાટે આવેલા પૂ. મુનિ **શ્રી સુજ્ઞાન-સાગરજી મ. વિ. સં. ૧૮૧૫**ના ચોમાસામાં શ્રાવક-જીવનના મંગળ-કર્તવ્યોનું સંબોધન કરતાં "ગૃહસ્થે સાત ક્ષેત્રની ભક્તિ તન-મન-ધનથી કરવી જોઈએ" વગેરે સમજાવેલ.

પરિણામે **કેશરીયાજી**ની યાત્રાએ આવેલ **શેઠ કપુરચંદ શાહ** સપરિવાર **ઉદયપુર**ના ચૈત્યો-જિનાલયોમાં દર્શનાર્થે આવેલ.

ત્યાં **પૂ. સુજ્ઞાનસાગરજી મ.**ના પદ્ધતિપૂર્વકના ઉપદેશથી પ્રભાવિત બની વ્યાખ્યાન-શ્રવણ કરવાના હિસાબે રોકાયા હતા.

તેમને **પૂ. સુજ્ઞાનસાગરજી મ.**ના સાત-ક્ષેત્રોની ભક્તિના ઉપદેશને સાંભળી નૂતન જિનાલય બનાવી, નૂતન-જિનપ્રતિમાજી પ્રતિષ્ઠિત કરાવવાની મંગળ ભાવના જાગી.

પૂ. મહારાજશ્રીને વાત કરી, પૂ. મહારાજશ્રીએ પોતાના ગુરુદેવના ઉપદેશથી **સરૂપસાગર**ના કિનારે **ચૌગાન**ની જમીનમાં **શ્રી શાંતિનાથ પ્રભુનું** જિનાલય બંધાયેલ, ત્યાં વિશાળ જમીન હોઈ **કપુરચંદ શેઠ**ને જગ્યા બતાવી, યોગ્ય મંગલ-મુહૂર્તે ખાત-મુહૂર્ત પણ થયું.

પૂ. સુજ્ઞાનસાગરજી મ. કપુરચંદ શેઠને આવતી-ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી **પદ્મનાભ પ્રભુ**ની આખા ભારતમાં ક્યાંય પ્રતિમાજી નથી, તેથી તે પ્રતિમાજી ભરાવવા પ્રેરણા કરી.

તે પણ કાય-પ્રમાણના ધોરણે ૯૫ ઈંચ ઉંચી બેઠી પ્રતિમાજી અદ્વિતીય, સુંદર, મનહર-મુદ્રામાં તૈયાર કરાવવા પ્રેરણા કરી.

કપુરચંદ શેઠે પણ ગુરુ-આજ્ઞા તહત્તિ કરી તદનુરૂપ ગર્ભગૃહ, રંગમંડપ, શણગાર ચોકી આદિવાળા વિશાળ જિનમંદિર બંધાવવા માંડયું.

બીજી બાજુ વિશાળ જિનબિંબો ભરાવવા માંડયા.

શ્રી **પદ્મનાભ પ્રભુ**ની ૯૫ ઈંચ ઉંચી મૂર્તિ ભરાવવા સાથે બીજા પણ વિશાળ-જિન-બિંબો ભરાવ્યા અને **શ્રી પદ્મનાભ પ્રભુ**ના દહેરે પ્રતિષ્ઠિત કર્યા.

તેમનાં દશ્યો આ ચિત્રોમાં છે.


ચિત્ર ૧૧૬ :-

શ્રી પદ્મનાભ-પ્રભુના જિનાલયમાં મેડા ઉપર સુંદર શ્યામ-ચતુર્મુખ રાા ફુટના જિનબિંબોની સમવસરણાકાર સ્થાપના પૂ. ચરિત્રનાયકશ્રીના ગુરુદેવ **શ્રી પૂ. મુનિ શ્રી અવેરસાગરજી મ.**શ્રીએ કરાવેલ, તેનું દશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૧૧૭ :-

ચૌગાનના દહેરાસરોમાં સર્વપ્રથમ બનેલ **શ્રી શાંતિનાથ પ્રભુ**ના દહેરાસની પાસે **શ્રી મહાવીર પ્રભુનું** જિનાલય નાનું પણ સુંદર છે. કોણે અને કયારે બંધાવ્યું ? તેની વિગત મળી નથી.

ત્યાંના મૂળનાયક શ્રી **મહાવીર પ્રભુ** આદિ સુંદર વેત-મનોહર જિનબિંબોનું ત્રિગડું આ ચિત્રમાં દેખાય છે.



ચિત્ર ૧૧૮ :-

સાગર-શાખાની આઠમી પાટે આવેલ પૂ. મુનિશ્રી **ભાવસાગરજી મ. મહારાણા શ્રી ભીમસિંહજી**ના શાસનકાળે પોતાની મિષ્ટ ભાષા, હિતકર-ધર્મોપદેશકલા અને જિનશાસન-પ્રભાવનાની સુદક્ષતાથી મહારાણાને આકર્ષી તેમની મારફત ગામમાં પોતાના પૂર્વ-ગુરુઓએ સ્થાપેલ ઉપાશ્રયની પાસેની સરકારી હાથી-બાંધવાની વેરાન પડેલ જગ્યા શ્રીસંઘના કાર્યવાહકોને ભેટ અપાવી.

તે જગ્યાએ સુંદર એક જિનાલય બંધાવી તેમાં આખા ભારતમાં ન હોય તેવું અદ્‌ભુત શ્વેત સંગેમરમર આરસનું **સહસ્રફણા પાર્શ્વનાથ**નું અતિ અદ્‌ભુત ૭૨ ઈંચનું જિનબિંબ ભરાવી અંજનશલાકા મહોત્સવપૂર્વક પધરાવ્યું.

તે મનોહર નયનરમ્ય જિનબિંબ આ ચિત્રમાં દેખાય છે.

ચિત્ર ૧૧૯ :-

પૂ. મુનિશ્રી ભાવસાગરજી મ.ના ઉપદેશથી નવનિર્મિત **શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ** જિનાલયનું ઉત્તુંગ શિખર, રંગમંડપ અને પ્રેક્ષામંડપ સાથેનું દૂરથી ઝડપાયેલું દશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૧૨૦ :-

શ્રી **સહસ્રફણા પાર્શ્વનાથ** પ્રભુના જિનાલયની આસપાસ પૂ. મુનિશ્રી **ભાવસાગરજીએ** ડાબે **ચક્રેશ્વરી** દેવીની દેવકુલિકા, જમણે શ્રી **નંદીશ્વરદ્વીપ**ના સુંદર-કોતરણીવાળા પટની દેવકુલિકા તેમજ જિનાલયના અગ્રભાગે સન્મુખમાં બે બાજુ શિખરબદ્ધ નાના જિનાલયો દેવકુલિકારૂપે બનાવડાવી આવનાર ભાવુકને વધુ ધર્મોલ્લાસ જાગે તેવી ગોઠવણ કરી છે.

વધુમાં દેરાસરના પ્રવેશદ્વાર આગળ ઉપર નોબતખાનું સુંદર દેરી-ઝરુખા જેવું બનવી બે બાજુ ઉત્તુંગ વિશાળ હાથીઓ જીવિત જેવા કાય-પ્રમાણ મુકાવી તે જતાં પણ ગમે તે ધર્મપ્રેમી આત્માને સહજ રીતે જિનાલયના દર્શન કરવા પ્રેરણા મળે તેવું ભવ્ય દશ્ય તૈયાર કરાવ્યું.

શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુના અતિઅદ્‌ભુત તે પ્રવેશ-દ્વારનું સુંદર દશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૧૨૧ :-

સાગર-શાખાની બેઠકરૂપ અને સાગર-શાખાના પૂ. મુનિશ્રી **પદ્મસાગરજી મ.**ના મંગળ ઉપદેશથી સ્થપાયેલ ઉપાશ્રય કે જે હાલ **ગોઢીજીનો ઉપાશ્રય** કહેવાય છે, તે કહેવડાવવા પાછળ મૂળ કારણ રૂપે વિ. સં. ૧૮૪૩માં **પૂ. મુનિશ્રી ભાવસાગરજીએ** સ્ફટિકરત્નના શ્રી **ગોઢી-પાર્શ્વનાથ પ્રભુ**ના મનોહર જિનબિંબને એક શ્રાવક પાસેથી લઈ ઉપાશ્રયની પાસે એક રૂમમાં ગૃહચૈત્ય તરીકે પરોણા દાખલ પધરાવેલા.

યોગ્ય-સંયોગોની અનુકૂળતા થયેથી નાનકડું સુંદર જિનાલય બનાવી પૂ. મુનિશ્રી **ભાવસાગરજી મ. વિ. સં. ૧૮૫૬**ના વૈશાખ સુ. ૩ના મંગળ દિને પ્રતિષ્ઠિત કરેલ શ્રી **ગોઢી પાર્શ્વનાથ પ્રભુજી** ચિત્રમાં દેખાય છે.

પૂ. આગમોદ્ધારકશ્રીના જીવન–ચરિત્રના લખાણને વધુ
ચોક્કસાઈથી સમજવા માટે જરૂરી–ચિત્રાવલીની
પૂર્તિના ચિત્રોનો પરિચય

[જીવન–ચરિત્રના આલેખન પછી મુદ્રણ–વખતે સ્મૃતિદોષ અને તથાવિધ–સંજોગોની વિષમતાએ રહી–જવા પામેલ ચિત્રો–ફોટાઓના બ્લોક વિગેરેમાં વિલંબ થવાથી પાછળથી કેટલાક જરૂરી–ચિત્રોના બ્લોકો બનાવી ચિત્રાવલીની પૂર્તિરૂપે જે ચિત્રો મૂકયા છે, તે ચિત્રોનો પરિચય અહીં રજુ કર્યો છે. સં.]

ચિત્ર ૧૨૨ :–પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મથી પાવન બનેલ કપડવંજના ધાર્મિક–ગૌરવને સમૃદ્ધ–રીતે જાળવનાર અનેક–ધર્મસ્થાનોથી સભર શ્રી **દલાલવાડા**નો મહોલ્લો હકીકતમાં કપડવંજના નાકની જેમ મહત્વનો છે, તે દલાલવાડાના ઉત્તરાભિમુખ વિશાલ દરવાજાનું દૃશ્ય ચિત્રમાં દેખાય છે.

અંતિસરીયા દરવાજે થી કઠીયા–**મરજીદ** તરફ જતા માર્ગ પર **શ્રી ચિંતામણિ દાદા**ના દહેરાસર નજીક ઢાળે **દલાલવાડાનુ** આ ભવ્ય પ્રવેશદ્વાર જાણે ધર્મરાજાના રાજગઢ–રાજમહેલમાં પેસતાં હોઈએ એવા ભાવની સ્ફૂર્ત્તિ ધર્મપ્રેમી–પુણ્યાત્માને કરાવે છે.

ચિત્ર ૧૨૩ :–દલાલવાડાના દક્ષિણાભિમુખ–દરવાજા પાસે પોરવાડોએ બંધાવેલ **શ્રી અજિતનાથ**–પ્રભુના ચૌમુખ જિનાલયના મહારના ભાગની શિલ્પકળા–સમૃદ્ધ દીર્ઘિકાનું મનોહર દૃશ્ય.

ચિત્ર ૧૨૪ :–માણેક–શેઠાણી ના અનુકંપાદાનની વ્યાવહારિક મહત્તા સમજી–વિચારી અનાથાશ્રમ–સદાવ્રત જે મકાનમાં શરૂ કરેલ હતું, તેનું ટ્રસ્ટ તરફથી નાના–રૂપમાં પણ સંચાલન જ્યાંથી થાય છે, તે મકાનમાં હાલ પુસ્તકાલય–વાંચનાલય ચાલે છે.

તે પુસ્તકાલયનું બાહ્ય–દૃશ્ય ચિત્રમાં દેખાય છે, પુસ્તકાલયના દ્વાર ઉપર તેના ગ્રંથપાલ વિગેરે કાર્યકર્તાઓ ઉભા રહેલા દેખાય છે.

ચિત્ર ૧૨૫ :– કપડવંજની ધરતીના પનોતા રત્નસમા આદર્શ–શ્રીમંત–ગૃહસ્થ પરોપકારી **શેઠ મીઠાચંદ ગુલાલચંદ**ભાઇના નામથી બનેલ ટ્રસ્ટ મારફત અનેક ધાર્મિક–કાર્યો વર્ષ દરમ્યાન થાય છે, તે મુજબ મૂંગા–જીવોના હિતાર્થે ટ્રસ્ટ તરફથી વિશાલ–પાયા પર ડાકોર બાજુ જતા હાઇવે–રાજમાર્ગ ઉપર રેલ્વે–લાઇનની જમણે મોટી–જમીન ખરીદી, મકાનો બંધાવી આદર્શ–રીતે કામ કરતી પાંજરાપોળનું દૂરથી ઝડપેલું ચિત્ર દૃશ્યમાં દેખાય છે.

ચિત્ર ૧૨૬ :– સરખલીઆ દરવાજે શેઠશ્રી **મીઠાભાઈ ગુલાલચંદ ટ્રસ્ટ** તરફથી બંધાયેલ સાર્વજનિક–ધર્મશાળાનું વિશાળ દૃશ્ય ચિત્રમાં દેખાય છે.

[તા.ક. શરત–ચૂકથી ચિત્ર ૮૬ના પરિચયમાં શેઠ મી. ગુ. ટ્રસ્ટ તરફથી બંધાયેલ ધર્મશાળાનો ઉલ્લેખ કર્યો છે, પણ તે પ્રમાદજન્ય ભૂલ છે.

હસ્તકમાં ત્યાં "શ્રી નેમિનાથ પ્રભુની વાડીમાં ભા[illegible]ફ-શેઠાણીની ધર્મશાળા" એ લખાણ જોઈએ. વિવેકી-વાચકોને યથાયોગ્ય-સુધારીને વાંચવા ન[illegible] વિજ્ઞપ્તિ છે.]

ચિત્ર ૧૨૭ :-પૂ. ચરિત્રનાયકશ્રીના સંસારી-પિત[illegible]જી **મગનભાઈ ભગત**નું આ ચિત્ર છે. કપડવંજ જૈન-શ્રીસંઘમાં અગ્રગણ્ય ધાર્મિક-વ્યક્તિ[illegible] તરીકે તત્વજ્ઞાન-નિષ્ઠા અને ક્રિયા-પરાયણતાથી પ્રસિદ્ધ **મગનભાઈ** હુલામણા "**ભગત**" નામથી જનમાનસના હૈયામાં અનેરું સ્થાન મેળવી શકયા હતા.

આવા પુણ્યશ્લોક ઉચ્ચ-કોટિનું ધાર્મિક જ્ઞાન અને [illegible]ક્રિયાના સુમેળવાળી અદ્ભુત જીવન-ચર્યાવાળા **શ્રી મગનભાઈ** પૂ. ચરિત્રનાયકશ્રીના આદર્શ [illegible]પિતાજી હતા.

ચિત્ર ૧૨૮ :- પૂ. ચરિત્રનાયકશ્રી જેમની કુખે જ[illegible]યા તે **જમનાબહેન**નું આ ચિત્ર છે. સંસ્કારી-માતાની અનોખી કૂખે જન્મ લેનારા મહા[illegible]ષો તથાવિધ મંગળ-વાતાવરણ આદિ નિમિત્તોને સ્વતઃ ઝડપી અદ્વિતીય-અસાધારણ રીતે [illegible]વન-શક્તિઓનો સફળ વિકાસ સાધી પોતાની જનેતાને **રત્નકુક્ષિ**ના ઉપનામથી નિવાજી [illegible]

આવા એક અપ્રતિમ-સૌભાગ્યશાલિની પૂ. ચરિત્ર[illegible]કશ્રીની માતાનું ચિત્ર અહિં રજુ કરી, પૂ. ચરિત્રનાયકશ્રીમાં ઉતરેલ ધાર્મિક-સંસ્કારોના વારસાના [illegible]મૂળસ્રોતનો મહિમા પ્રદર્શિત કર્યો છે.

ચિત્ર ૧૨૯ :-વિષમકાળની વ્યાપક-અસર તળે [illegible]નશાસનના પ્રાણ-સર્વસ્વભૂત જિના-ગમોની પઠન-પાઠનની પ્રણાલિ લગભગ અસ્ત થવા પ[illegible]લ, તે અવસરે પૂ. ચરિત્રનાયકશ્રી. શાસનની વિજયવંતતાના મૂક-સાક્ષીરૂપે પુણ્યવતી **જમન**[illegible]**બહેન**ની મંગલ-કુક્ષિએ ગર્ભાવસ્થામાં પધાર્યા, ત્યારે સૂર્યોદય-પૂર્વે અરુણોદયની જેમ તીર્થંકર-[illegible]ા કે ચક્રવર્તી આદિ શલાકા-પુરૂષોના ગર્ભસંક્રમણ વખતે તેમની માતાજીને ગજ-વૃષભાદિ [illegible]ક મહા-સ્વપ્નોના દર્શન થાય છે, તે રીતે પૂ. ચરિત્રનાયકશ્રી અજ્ઞાન-ભોંડના વિષમ-કીચડમાં [illegible]ાઈ ગયેલ ભવ્ય-જીવોના આરાધના રથને બહાર ખેંચી કાઢવાના રૂપકને સમજવા રૂપ **વૃષભ**[illegible]સ્વપ્ન **જમનાબહેન**ને આવેલ, તે પ્રસંગનું દૃશ્ય આ ચિત્રમાં છે.

ચિત્ર ૧૩૦ :- પૂ. ચરિત્રનાયકશ્રીના ઉચ્ચતમ-સ[illegible]કારોના ઘડતર માટે અપૂર્વ જીવન-શક્તિનો સોત વહેવડાવનાર **મગનભાઈ ભગત**ની ઉચ્ચ [illegible]જીવન-પ્રક્રિયાને ઓળખાવનાર તેમના સગપણ-વિવાહના પ્રસંગની લાક્ષણિકતા સમજવા માટે [illegible]શ્રી **વજ્રસ્વામી**જીના પિતાજી **શ્રી ધનગિરિજી** મ.ના સંસારી-જીવનના લગ્ન-પ્રસંગની વા[illegible]ઓ અને તેના આધારે **શ્રી વજ્રસ્વા-મીજી**ના જન્મ-જાત વૈરાગ્ય આદિ ગુણોને સમજાવનાર [illegible]ા ચિત્ર છે.

આ ચિત્રમાં ચાર ભાગ છે.--ડાબે ઉપરના ભાગે--

શ્રી ધનગિરિ મહારાજ માતા-પિતાના આગ્રહથી [illegible]સારાવસ્થામાં પ્રવેશ કરવાના અવસરે સગપણ કરવા આવનારા ભાવી-શ્વસુરવર્ગના સંબંધીઓ સમક્ષ સ્પષ્ટ જણાવતાં કે- "**હું દીક્ષા લેવાનો છું, સગપણનું શ્રીફળ સમજી વિચારીને આપજો.**"



આમ છતાં પૂર્વજન્મના ઋણાનુબંધથી પૂર્વજન્મની આરાધના-બળે પ્રબલ વૈરાગ્યવાસિત શ્રી **સુનંદાકુમારીએ**- **"લાલે! મારા પતિ લગ્ન પછી દીક્ષા લે! મારે પણ તે બહાને સંયમ-પ્રાપ્તિ સુલભ થશે."** એમ કહી માતા-પિતાની અનિચ્છા છતાં પોતે **ધનગિરિ** સાથે લગ્ન-માટેની તૈયારી બતાવી.

પરિણામે બંને જન્મજાત-વૈરાગ્યસંપન્ન છતાં કર્મના સંસ્કારોને તોડવાના પુરૂષાર્થની સંજોગવશ-ખામીના કારણે લગ્ન-ગ્રંથિથી જોડાયા. ભાવીયોગે **સુનંદા**ને ગર્ભ રહ્યો અને **ધનગિરિજી** ટુંક સમયમાં આ. **સિંહગિરિજી** મ. પાસે સંયમી બન્યા.

ચિત્રમાં જમણે ઉપરના ભાગે-

બાળકના જન્મ-સમયે ઘરમાં કોઈ પુરૂષ ન હોઈ જોઇએ તેવા ઉમંગ-ઠાઠથી જન્મોત્સવ ન થઇ શકવાથી **સુનંદા** અને તેની સહેલીઓ વાતચીતમાં વ્યાવહારિક ધોરણે બોલી ઊઠી કે **'આના બાપે દીક્ષા ન લીધી હોત તો આજે કેવો સરસ જન્મોત્સવ થાત!'**

નવજાત-બાલકના કર્ણ પર **દીક્ષા** શબ્દ પડતાં જ ગત-ભવના શુભ-સંસ્કારો જાગૃત થયા.

નવજાત-શિશુ પૂર્વજન્મનાં **તિર્યકૃજૃંભક**-દેવના ભવમાં ચ્યવનકાળ જ્યારે સમીપ હતો, ત્યારે શ્રી **અષ્ટાપદજી**ની યાત્રાએ ગયેલ, ત્યાં પૂ. અનંત-લબ્ધિ-નિધાન પ્રથમ-ગણધર શ્રી **ગૌતમ સ્વામીજી** મ.ના શ્રીમુખથી **પુંડરીક-કંડરીક** અધ્યયનના શ્રવણદ્વારા વિષય-વિરાગની ભૂમિકા સુદૃઢ કરેલ. માતા તથા સહેલીઓના મુખથી જન્મોત્સવ સંબંધી વાતચીત દરમ્યાન પિતાજીની દીક્ષા સંયમ-ચારિત્રની વાત વારંવાર સાંભળવાથી નવજાત-શિશુને **જાતિસ્મરણ જ્ઞાન** થયું.

પરિણામે પૂજ્યશ્રી **ગૌતમ-સ્વામીજી** મ.ના સ્વમુખથી સાંભળેલ સંસારની રોમાંચક વિષમતાને સાંભળી કેળવેલ-વૈરાગ્યની ભૂમિકા તાજી થઇ, ફલતઃ આ જન્મમાં વહેલામાં વહેલી દીક્ષા મળે તો સંસારના કીચડથી સાવ નિર્લેપ રહેવાય, એવા શુભ-અધ્યવસાયથી વયના વિકાસની ખામીએ બીજો કોઇ બોલવા વિગેરેનો સંયોગ અનુકૂળ ન હોઇ માતાને કંટાળો ઉપજાવવા "बालानां रूदितं बलं" સૂક્તિ પ્રમાણે એકધારૂં-રુદન ચાલુ રાખી વિવિધ કડવા-ઔષધના પાન, માર-ઝુડ આદિને સહન કરીને પણ નવજાત-શિશુએ છ મહિનામાં માતાને ત્રાસ પમાડી તોબા પોકારાવી.

વિહાર-ક્રમે આ. **સિંહગિરિજી** મ. પુનઃ પધાર્યા, **શ્રી ધનગિરિજી** ગોચરી જતા હતા, પૂ. આચાર્યદેવે કહ્યું કે-' **આજે ગોચરીમાં સચિત્ત મળે તો ચમકશો નહિ.**' ગુરુ-આજ્ઞા તહત્તિ કરી **ધનગિરિજી** બીજા સાધુઓ સાથે ભિક્ષા ગોચરીની ગવેષણા કરતાં કરતાં સાહજિક રીતે **સુનંદા**ના ઘરે આવ્યા. **સુનંદા ધનગિરિ મુનિને** જોતાં જ રાજી થઈ, **'આમણે દીક્ષા લઈ નાહક મને આ-બાળકની પલોજણમાં ફસાવી મારી'** એવું વિચારવા લાગી. સાહેલીઓ દ્વારા ગોચરી વહોરાવ્યા પછી **સુનંદા**એ કંટાળાની તીવ્રતા સાથે **ધનગિરિ-મુનિને** કહ્યું કે **"લઈ જાઓ તમારૂં આ લફરૂં! હું તો હેરાન-પરેશાન થઈ ગઇ"** ધનગિરિ

મુનિએ પૂ. ગુરુદેવશ્રીના વચનને યાદ કરી લઈ જવાની તૈયા કરી. ધનગિરિ મુનિએ સુનંદાને કહ્યું કે–'ભદ્રે! આપ્યા પછી પાછું નહિ લેવાય! સમજી વિચારીને કરજે!'

સુનંદાએ કંટાળાવશ કહ્યું કે 'લઈ જાઓ મહારા ! આને તમે સંભાળો! હું તો કંટાળી-થાકી!' છેવટે ધનગિરિજીએ પાડોશીઓ ને સહેલીઓને સાક્ષી રાખી પાછું નહિં–આપવાની શરતે નવજાત–શિશુને ઝોળીમાં લીધો. મા **દૃશ્ય જમણી–બાજુના ઉપરના ચિત્રમાં દેખાય છે. ચિત્રમાં જમણે નીચેના** ભાગે–

ધનગિરિજીની ઝોળીમાં આવતાં જ બાળક તદ્દન ચૂપ થઈ ું, કેમકે સંયમ પ્રાપ્ત કરવાના સફળ–ઉપાયરૂપે માતાની પક્કડમાંથી છુટવા બનાવટી–રૂદનનો ાય આજે સફળ બન્યો હતો.

તે નવજાત શિશુનું પૂ. ગુરુદેવે **વજ્ર** એવું નામ આપી ાલ્ય–ઉછેર માટે સાધ્વીજીમ.ના ઉપાશ્રયમાં રખાવેલ, ત્યાં શ્રાવિકાઓ તેને વિવિધ રીતે ાન ાન–સ્નાનાદિ કરાવી ઘોડીયામાં ઝુલાવે. આ પ્રસંગે પૂ. સાધ્વીજી મહારાજાઓ અગ્યાર–અંગનો સ્વાધ્યાય કરે, તે ઘોડીયા–પારણામાં ઝુલતા–**વજ્રકુમાર**ે ત્રણ–વર્ષની વય થતાં બુધીમાં અગ્યાર–અં ના પાઠી બની ગયા.

ચિત્રમાં વચલા ભાગે–

માતા **સુનંદાને** પુત્ર–વાત્સલ્યના અતિરેકથી પોતાનો પુત્ર પાછો મેળવવા તમન્ના જાગી.

મહાજનને વાત કરી, તો આચાર્ય ભગવંતે કહ્યું કે–'શ પતી વણતો પાછો નહીં માંગું આવી કબુલાત કરેલ, પાડોશીઓ સાક્ષી તરીકે છે.' છેવટે માતાએ રાજદરબારમાં ફરીયાદ કરી કે "**મારો દીકરો સાધુઓ પાછો આપતા નથી.**"

રાજાએ બધી વિગત જાણી, મુંચવાયો, છેવટે "રાજસભા ાં માતા અને સાધુઓ બાળકને પોતાની તરફ બોલાવે જે બાજુ જાય તેમનો તે બાલક!' એવો ફેંસલો આપ્યો.

રાજસભામાં વચ્ચે નાનું બાલક તે **વજ્રકુમાર** છે, તેની પાછળ જમણે તેની માતા વિવિધ રમકડાં અને ખાવાની સામગ્રી લઈને બેઠી છે, પ્રથમ માતાજી તક આપી ઘણી મથામણ રમકડા આદિ બતાવી માતાએ કરી, પણ બાળકે તેની સામું પ ું જોયું નહિ!

છેવટે રાજાએ પૂ. આચાર્યમ.ને તક આપી રાજ–સભામાં ાગે સાધુઓ બેઠેલા દેખાય છે. **શ્રી ધનગિરિજીએ** ઉભા થઈ ઓઘો બતાવ્યો કે 'લેવો છે!' "ગયા ભવના અપૂર્વ ઉત્કૃષ્ટ–સંસ્કારોના બળે જન્મતાંજ જેણે દીક્ષા માટે છ–છ મહિના રાત રૂદન કરી માતાને કંટાળો ઉપજાવેલ, તેમજ ઘોડીયા–પારણામાં સૂતાં પણ પૂ. સાધ્વીજીમ.ના મુખથી જેમણે અગ્યાર–અંગનું જ્ઞાન મેળવ્યું, તેવા પુણ્યવાન આત્મા ભલે! વયથી નાના બાળક હ ાં પણ ઉદાત્ત–પ્રકૃતિનો વિશિષ્ટ તેમનો આત્મા માતાના મોહ–ઘેલા વચનો કે રમકડાં વિગેરે મોહ સાધનોમાં શી રીતે ફસાય?"

ધનગિરિ–મુનિએ ઓઘો બતાવ્યો, એટલે **વજ્રકુમાર** સંસારના વિષમ–બંધનોમાંથી છોડાવનાર પરમોચ્ચ–સાધનરૂપ તેને ઉમંગભેર દોડીને ઝડપી લે ો.

આવા મહાપુરુષના જીવનપ્રસંગને સમજાવતું આ ચિત્ર .

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

પરિશિષ્ટ–૧

પૂ. ચરિત્ર–નાયકશ્રી જે ભૂમિમાં સ્થૂલ–ભૌતિક–દેહે જન્મ્યા, તે ભૂમિના અનન્ય–સાધારણ મહત્વ તરીકે કલાત્મક શિલ્પ–વિદ્યાની અનેરી–સમૃદ્ધિવાળું ભવ્ય તોરણ આદિ મહત્ત્વપૂર્ણ વિગતો પ્રકરણ–૧૨ (પૃ. ૫૨ થી ૧૫)માં નોંધી છે.

તેમાં તોરણ અંગે શિલ્પની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વની વિગતો પર વધુ પ્રકાશ પાથરતો લેખ **સોમપુરા મિસ્ત્રી શ્રી હરિપ્રસાદભાઈ**નો જિજ્ઞાસુઓના હિતાર્થે અહીં રજૂ કર્યો છે.

જે કે લેખ **અમદાવાદથી** પ્રકટ થતા "**કુમાર**" માસિક (વર્ષ ૫૩ અં. ૯ સપ્ટે. ૭૬ પા. ૩૨૬) માં પ્રકટ થયેલ, તેમાંથી સાભાર ઉદ્ધૃત કરી અહીં રજૂ કર્યો છે.

ભારતીય મંદિરોનાં વિવિધ અંગ

લેખક : **હરિપ્રસાદ સોમપુરા**

તોરણ

ભારતીય સ્થાપત્યમાં **ગુજરાતના** તોરણો દેશમાં જ નહિ વિદેશમાંય અનોખાં ગણાય છે. **સોલંકીયુગ** દરમિયાન ગુજરાતભરમાં આવા સંખ્યાબંધ તોરણો બંધાયાં હતાં, પણ એમાંથી આજ સુધી ટકી શકેલાં તોરણોમાં **વડનગરનું** તોરણ મુખ્ય છે, એ પછી એની બરોબરી કરી શકે એવું, પણ એનાથી થોડું નાના કદનું એક તોરણ **દેલમાલમાં** છે, ને એક બીજું તોરણ **કપડવંજમાં** છે, પણ તેનું શિલ્પ કંઈક ઉતરતી–કક્ષાનું છે.

રૂદ્રમહાલયનું તોરણ **વડનગરના** તોરણ જેટલી ઉંચાઈ ધરાવે છે, પણ બંનેનું શિલ્પ ભિન્ન હોવાથી એ બેની સરખામણી થઇ શકે તેમ નથી, **વડનગર**–શ્રેણીમાં બીજા બે તોરણોનાં ભગ્ન–અવશેષો **મોઢેરાના** સૂર્યમંદિર પાસે ઉભાં છે.

તદુપરાંત **શામળાજી**માં **હરિશ્ચન્દ્રની** ચોરીનું તોરણ, **આસોડા–દેવડાનાં** બે નાના ભગ્ન તોરણો, **મહેસાણા** પાસે **અંબોજ** અને **ધોળકાના મલાવ** તળાવનાં ભગ્ન–તોરણો **વિજયનગરનાં** પાળોનાં જંગલોમાં **સૂર્યમંદિરનું તોરણ**.

આ બધા તોરણોની સૃષ્ટિમાં **વડનગરનું** તોરણ ઉત્કૃષ્ટ ગણી શકાય તેવું છે.

'ગુજરાતનો ભવ્ય ભૂતકાળ' (પૃષ્ઠ ૨૨૫)માં ડૉ **હરિલાલ ગોદાની** ઉપર્યુક્ત વાત નોંધતાં લખે છે કે–

"દુનિયાના શિલ્પના ઈતિહાસમાં ગુજરાતનાં તોરણો એક આગવું અંગ છે, આવાં તોરણો જયસ્તંભ અથવા તો કીર્તિસ્તંભ તરીકે બંધાએલા પણ હોવા જોઇએ"

ગુજરાત બહાર **સાંચીનો** સ્તૂપ જ્યાં છે, ત્યાં બે સ્તંભો ઉપર ભિન્ન–આકારશૈલિ ધરાવતું એક પ્રવેશદ્વાર છે. એને **'ત્રિતાલ તોરણ'** કહે છે. આકા પ્રમાણે આ તોરણોને વિવિધ નામ આપવામાં આવ્યાં છે. **સાંચીનો** અવશેષ ત્રણ આડા પાટથી આવૃત હોવાના કારણે એને **ત્રિતાલ તોરણ** કહ્યું લાગે છે.

ગુજરાત–રાજસ્થાનમાં ત્રણ પ્રકારનાં તોરણો જોવા મળે છે. **'ઈલિકા' 'ગવાલુકા'** અને **'લિંડોલક'** (આંદોલક પ્રકારનું), તોરણ બહુધા દેવસ્થાનની ચોકીઓમાં, મંડપમાં કે પ્રવેશદ્વારે જોવા મળે છે. ગુજરાતમાં ત્રણેય પ્રકારનાં તોરણ રેતિયા પત્થર (સેન્ડ સ્ટોન)માંથી કંડારાયા છે. કેટલીક જગ્યાએ **પોરબંદરના** ચૂનાયુક્ત પથ્થર (લાઇમ સ્ટોન)માંથી પણ આવાં તોરણો કંડારાયા છે, બહુધા **પ્રાંગધ્રા** કે **હિંમતનગરના** પથ્થરમાંથી આવા તોરણો કંડારવાનો રિવાજ છે.

કયારેક **તિવરી** કે **જોધપુરી** લાલ પથ્થરમાંથી પણ આવા તોરણો કંડરાય છે.

રાજસ્થાનમાં મોટે ભાગે આરસમાંથી જ તોરણો કંડારવાનો રિવાજ છે, આરસમાં કંડારેલા તોરણો એ પથ્થરની કુમાશને કારણે સુંદર લાગે છે. એને સફેદ રંગ ઝીણા પોગળમાં થએલી બારીક નકશીથી ઓર સોહે છે, એટલે જ **આબુ દેલવાડાનાં** અને **કુંભારીઆજીના** મંદિરનાં તોરણો વિશેષ સૌંદર્યયુક્ત લાગે છે, સેન્ડ સ્ટોનના પોગન (પથ્થરનાં ઠણો) મોટા હોવાના કારણે એમાં સૂક્ષ્મ કંડારણ ઘણું મુશ્કેલ બને છે, ઉપરાંત તેને આરસ જેવો ચળકાટયુક્ત ઓપ આપી શકાતો નથી, માધ્યમ (પથ્થર)ની આવી મર્યાદા છતાં આજે દેશ–વિદેશમાં ગુજરાતનાં તોરણો પ્રસિદ્ધ છે, તે તેનાં કળા–કૌશલ્યના કારણે જ.

સાદી રીતે જ કહેવું હોય તો કહી શકાય કે બે સ્તંભો ઉપર એક છજ્જું હોય, એના ઉપર કલાત્મક ગેબલ હોય અને છજ્જાની નીચે બે સ્તંભોને જોડતી અર્ધગોળાકાર રચના એ તોરણ હોય.

આવાં તોરણો ગામ કે મંદિરના પ્રવેશદ્વાર તરીકે બાંધવામાં આવે, મંદિરના મંડપ કે ચોકીનાં તોરણોમાં છજાનું કામ પણ કરે, એની ઉપર કલાત્મક ગેબલ ન હોય, તેથી બે સ્તંભો માંથી પ્રગટ થતું તોરણ પાટને અડી જાય ને ત્યાંજ તેની સમાપ્તિ થાય.

પરંતુ પ્રત્યેક્યારૂપ તોરણમાં છજાનો ઉપરનો અલંકૃત હિસ્સો હોય જ. તે જ! તેની શોભા છે, મંદિરના પ્રવેશદ્વારે આવા છજા યુક્ત ગેબલવાળા તોરણો હોય છે. સોમનાથના નવા મંદિરનું પ્રવેશદ્વાર આવા **હિંડોલક** પ્રકારના તોરણથી સોહે છે. ત્યાં છજા ઉપરના મધ્ય ગેબલમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશની મૂર્તિઓ કંડારવામાં આવી છે.

મંડપમાં કે ચોકીઓમાં આવું **હિંડોલક** પ્રકારનું તોરણ હોય, તો પણ તેને ગેબલ કે છજું ન હોય, કારણ કે મંદિરનો પાટ અહીં તોરણના મધ્યભાગને સ્પર્શે છે. આબુ-દેલવાડામાં **ઈલિકા** અને **હિંડોલક** પ્રકારના તોરણો વિશેષ જોવા મળે છે, **ગવાલુકાયુક્ત** તોરણ તદ્દન સાદું હોય છે, તેથી તેને મંદિરની ચોકીઓમાં કંડારવામાં આવે છે, **મુંબઈમાં કોંગ્સ સર્કલના જૈન** મંદિરની ચોકી આવા **ગવાલુકાયુક્ત** તોરણવાળી છે.

આ ત્રણેય પ્રકારના તોરણો **મકરમુખમાંથી** જ પ્રગટ થતાં કંડારવામાં આવે છે. **ઈલિકા** તોરણ પાટના મધ્યભાગ સુધી ક્રમશઃ ઉંચે ચઢતું જાય છે જ્યારે **હિન્ડોલક** પ્રકારનું તોરણ સાગરના તરંગની જેમ ઉંચા-નીચા લઈને મધ્યભાગને સ્પર્શે છે, પણ **ગવાલુકા** તોરણ અર્ધ-ગોળાકાર સ્વરૂપે મધ્યભાગને જઈ મળે છે. આ તોરણમાં એની ભિન્ન પ્રકારની સાદગીભરી અલંકૃતિ જોવા મળે છે.

આ તોરણો મંદિરના મંડપના સ્તંભોને પાટને જોડતી અલંકૃતિરૂપે કંડારવામાં આવે છે, જ્યારે **ગેબલયુક્ત** તોરણો મંદિરના પ્રવેશદ્વાર તરીકે કંડારવામાં આવે છે. એમાં બહુધા અતિ-અલંકૃત એવું **હિંડોલક** પ્રકારનું તોરણ જ કંડારાય છે. ક્યારેક એમાં **ઈલિકા** પ્રકાર પણ પ્રયોજાય પણ **ગવાલુકા** તો કવચિત્ જ.

ગેબલયુક્ત તોરણમાં સ્તંભ અને તોરણની અલંકૃતિ તો બહુધા એની એજ રહે છે, પરંતુ ગેબલ ઉપરની શિલ્પાકૃતિઓમા ફેરફાર જોવા મળે છે. જેમ કે સોમનાથ મંદિરમાં ગેબલમા મધ્યભાગે **શિવ** કંડાર્યા છે (કારણકે તે શિવ મંદિર છે) અને શિવની આજુબાજુ **બ્રહ્મા** અને વિષ્ણુ છે. જો બ્રહ્માનું મંદિર હોય તો મધ્યભાગે બ્રહ્મા અને આજુબાજુ શિવ અને વિષ્ણુ આવે, તેમજ સ્તંભની ઉપર સરસ્વતી-સાવિત્રી આવે. એવીજ રીતે લક્ષ્મીનારાયણના મંદિરમાં તેને લગતા દેવો જ ગેબલમાં કંડારાય.

આમ મંદિરમાં પ્રવેશમાં જ ખબર પડી જાય કે તે કોનું મંદિર છે? કોઇ કારણોસર મંદિરનો નાશ થઇ ગયો હોય તો પ્રવેશદ્વાર મારફતે ખબર પડી જાય કે તે કોનું મંદિર હતું? આમ, ગેબલ એ એક દેવ-પ્રતીક બની રહે છે.

ગેબલની શિલ્પાકૃતિ સિવાય સમગ્ર તોરણમાં કોઈ બાહ્ય ફેરફાર જોવા મળતો નથી. આકારની દૃષ્ટિએ તો સામાન્ય જનને એમજ લાગવાનું કે બે સ્તંભો વચ્ચે એક તોરણ છજાને જોડાએલું છે, પણ સૂક્ષ્મતાથી જોનારને તેના આંતરિક–શોભનના ફેરફાર તુરત નજરે ચઢી આવશે.

મકરમુખમાંથી પ્રગટતા તોરણની બાહ્ય–બાજુએ સાંગના કે નૃત્યાંગનાઓનાં સ્વરૂપો કંડરાય છે. આમ દેવમંદિરમાં ગેબલ વિનાનાં તોરણો મંદિરના મંડપમાં ને ગેબલયુક્ત તોરણો મંદિરના પ્રવેશદ્વારે કે પ્રવેશચોકીઓમાં હોય છે. તેમજ આવાં ગેબલયુક્ત તોરણો ગામ કે નગરના પ્રવેશદ્વારે કંડારવાનો ઘણા પ્રાચીનકાળે રિવાજ હતો. વળી આવાં તોરણો અન્ય સ્થાપત્યોમાં જેમકે વાવ-કૂવા, કુંડ ઉપર કે ગામના ચોરે, કિલ્લાના પ્રવેશદ્વારે યા રાજમહાલયે પણ કંડારવામાં આવતાં. આધુનિક જમાનામાં ગેબલયુક્ત તોરણો, મોટા મકાનના કંપાઉન્ડમાં, સરકારી મકાનોમાં કે રાજમાર્ગે પ્રવેશદ્વાર રૂપે કંડારવા જોઈએ. એથી શહેર કે મકાનની શોભા વધે. એના ગેબલમાં જે તે સ્થાનનું સૂચક શિલ્પ મૂકી શકાય.

ભારતીય શિલ્પકળા સંસ્કૃતિનું અંગ છે

પ્રાચીનકાળથી ભારતીય પ્રજાએ પુરૂષની બોંતેર કળામાં શિલ્પકળાને પણ વ્યવસ્થિત રીતે વિકસાવેલ છે.

માનસિક–ભાવોનું વ્યક્તીકરણ આ કળાના માધ્યમથી થતું આવ્યું છે.

આધ્યાત્મિક કે ભૌતિક વાતાવરણમાં વધુ ભાવકતા લાવવા શિલ્પકળાનો ખૂબ જ ફાળો છે.

જગતના ઇતિહાસમાં ભારતીય–શિલ્પકળા અજોડ અને વિલક્ષણ ઢબવાળી રહી છે. ભારતીયોએ આ કળાના માધ્યમથી ધર્મ અને સંસ્કારોનું જતન પણ સુયોગ્ય રીતે કર્યું છે.

પ્રસંગાનુકૂળ સ્વરૂપો વાસ્તુશાસ્ત્રના સુમેળ સાથે શિલ્પકળા દ્વારા ભારતીય દીર્ઘદર્શી મહામના મહાપુરૂષોએ પાષાણમાં કંડારાવી ભાવી–પ્રજાને સુયોગ્ય માર્ગદર્શન મુક્તપણે આપવા સત્પ્રયત્ન કર્યો છે.

તેથી આબૂ (દેલવાડા), કુંભારીયાજી, રાણકપુર, તારંગા, હમીરગઢ, ખજૂરાહો, સાંચી, રામેશ્વર આદિ સ્થળે આધ્યાત્મિક સ્થળોમાં પ્રભુ–પરમાત્માના–સાંનિધ્યને મેળવવા આવનારા ભાવિકોના હૈયામાં રહેલ સંસારી–ભાવોને પલટાવવા ઉપયોગી વાસ્તુવિદ્યા અને શિલ્પકળાના સુભગ સમન્વયને સાધવા સફળ–પુરુષાર્થ થયેલો દેખાય છે.

વિવેકી–તટસ્થ મહાનુભાવોએ ભારતીય–સંસ્કૃતિનો સ્થાયી–પરિચય કરાવનાર શિલ્પકળાનું રહસ્ય તજ્ઞ મહાપુરુષોના માર્ગદર્શન તળે મેળવવું જરૂરી છે.

પરિશિષ્ટ–૨

કપડવંજની પ્રાચિન ઐતિહાસક વિગતોને દર્શાવનાર જુના પુસ્તકનો ઉતારો

કપડવંજ (ઉંડાપાડા)ના નિવાસી વિદ્વદ્વર્ય શ્રી મહાસુખરામ નરસિંહરામ ભટ્ટે ખૂબ મહેનત કરી ઐતિહાસિક વિગતોના સંકલન રૂપે **'કપડવંજ શહેરનું ટૂંકું વર્ણન'** નામે નાનું પુસ્તક વિ.સં. ૧૯૪૬મા પ્રસિદ્ધ કરેલ, તેમાંથી (પૃ. ૧૦ થી ૧૦) મહત્વની વિગતો અક્ષરોક્ષર જિજ્ઞાસુઓના હિતાર્થે રજુ કરી છે.

"સુમારે સંવત અગીઆરસોની સાલમાં આ ગામ ઉપર રજપૂત રાજાઓનો અમલ હતો, પરંતુ રાજા કઈ જાતના રજપૂત હતા તે જાણવામાં આવ્યું નથી.

આ રાજાઓના વખતમાં ગામની મુકરદમી મોઢ વાણિયાના હાથમાં હતી. તેઓ રાજ્યવ્યવસ્થા કેવી રીતે ચલાવતા? તેની માહિતી મળી નથી. દિવશે દિવસે રજપૂતોનું રાજ્ય પડતી દશામાં આવવા લાગ્યું તે વખતમાં મુસલમાની–રાજ્ય જોર પર હતું.

આ વખતમાં રાધનપુર અને તેની આસપાસ સરદાર **મહમદખાં** નામનો નવાબ રાજ્ય કરતો હતો, તેની ઔરતનું નામ **લાડણબીબી** હતું, કોઈ સમયે તે બીબીને પોતાના આવિંદ સાથે અણબનાવ થયો, તેથી તે આ તરફ આવી, એ બાઈ જાતે હોંશિયર, ચતુર અને રાજ્ય ચલાવવામાં લાયક હતી, તેણીએ પડતી–દશાના રજપૂતો પાસેથી રાજ્ય લઈ લીધું ને પોતે રાજ્ય કરવા લાગી, તેના વંશનો ઘણા વરસ અમલ રહ્યો.

આગળ જતાં તેના વંશમાં બીજાં **મુસ્તફાખાં** નામે નવાબ થયો, તે રૈયત ઉપર ઘણો જુલમ ગુજારતો હતો, તેથી રૈયતલોકે **રાજપીપળા** જઈ **ગાયકવાડ** સરકારને અરજ કરી કે અમારા ઉપર નવાબ ઘણો જુલમ કરે છે, તેથી હમો ગરીબની વહારે ચઢો." આ અરજ ઉપરથી **ગાયકવાડ** સરકારે **ખંડેરાવ** ફોજ આપી લડવા મોકલ્યા. તેમણે આવી **કપડવંજ, નડીયાદ** વગેરે ભાગો કબજે કરી નવાબને કાઢી મૂકયો (સં. ૧૮૦૯), ત્યારથી આ ગામ ઉપર

ગાયકવાડનો અમલ થયો, આ વખતે ગામની પટેલાઈ **મોઢ**-વાણિયાના હાથમાંથી કૈડવા પાટીદાર **કેશવજી** કરીને હતા, તેમના હાથમાં ગઈ.

તેનું કારણ એ કે મોઢ-વાણિયાની વસ્તી ધીમે ધીમે નાશ પામી ને થોડા ઘર હતાં તે પાસેના સંસ્થાન **વાડાસીનોર**માં જઈ રહ્યા એટલે તેમની પટેલાઈ નાશ પામી, તેમના વંશજો હાલ **વાડાસીનોર**માં છે. ત્યાર પછી સં. ૧૮૭૨-૭૩ (ઈ.સ. ૧૮૧૬-૧૭)માં અંગ્રેજ સરકારે **કડીના મલ્હારરાવ** ગાયકવાડને **વીજાપુર** પરગણું આપી કપડવંજ લીધું, તે દિવસથી આ ગામ ઉપર અંગ્રેજ સરકારનો અમલ ચાલે છે.

આ ગામ ઉપર જે વખતે રજપૂત-લોકો રાજ્ય કરતા હતા, તે સમયે આ ગામ **મહોર** નદીના જે ભાગને શાહનો આરો કહે છે, તે જગાએ તે વસેલું હતું. હાલમાં જે જગાએ લોકોની છે તે જગાએ તે કાળે ઘાડું જંગલ હતું. વાઘ, વરૂ, સિંહ વગેરે ઘાતકી પ્રાણીઓ રહેતાં હતાં, તે પ્રાણીઓનો તથા જંગલોનો નાશ કરી ત્યાં વસ્તી કઈ રીતે થઈ? તે વિષેની હકીકત આ નીચે આપવામાં આવી છે.

"જ્યાં હાલમાં નીલકંઠ મહાદેવ છે, ત્યાં આગળ પ્રથમ એ મહાદેવ હતા, પરંતુ કોઈના જાણવામાં નહોતા, કોઈ વાણીયાની ગાય દરરોજ તે જગાએ જઈ પોતાની મેળે દૂધની ધારા કરતી, તેથી વાણીઓને ઘેર બીલકુલ દૂધ દેતી નહીં. આ ઉપરથી વાણિઆએ અને ગોવાળે તેમ થવાનું કારણ શોધવા માંડયું. ગુપ્ત-રીતે ગાયની પાછળ પાછળ ફરવા માંડયું. દરરોજ નિયમ પ્રમાણે ગાયે ત્યાં જઈ દૂધની ધારા કરી, તે નજરે જોયું, તેથી તેમણે વિચાર કીધો કે આ જગાએ કંઈ પણ ચમત્કાર હોવો જોઈએ.

બીજે દિવસે આવી થોડું એક ખોદાણ કર્યું, તો માંહે ભોંયરામાંથી મહાદેવ નીકળ્યા. પછી ત્યાંજ દહેરૂ બંધાવી એ મહાદેવ લોકોને જાણીતા કર્યા અને મહાદેવનું નામ નીલકંઠેશ્વર પાડયું.

મહાદેવની પાસે વિશાળ કુંડ છે ત્યાં આગળ તે સમયે તળાવ હતું. એ વખતમાં ગુજરાતનો રાજા **સિદ્ધરાજ જયસિંહ** આ તરફ ફરવા સારૂ આવ્યો, તેથી સાથે **સોમદત્ત** કરીને એક પંડિત હતો, તે પંડિતને રક્તપિત્તનો રોગ હતો. તે રોગ આ તળાવમાં સ્નાન કરવાથી નાશ પામ્યો, તેથી સિદ્ધરાજે તે તળાવ ખોદાવવા માંડયું તો માંહેથી નારણદેવની, મહાલક્ષ્મીમાતાની અને કુલબાઈમાતાની એમ ત્રણ મૂર્તિઓ નીકળી. તે મૂર્તિઓને નીલકંઠેશ્વર મહાદેવના દહેરામાં મૂકી. પછી પોતે કુંડ બંધાવ્યો તથા તેના પાસેની વાવ બંધાવી.

એ વાવને બત્રીસ કોઠાની વાવ કહે છે, કારણ કે પહેલાં તેને બત્રીસ કોઠા હતા. હાલમાં તે કોઠા પડી ગયા છે, ફક્ત એક જ હયાત છે. વળી તે વાવ પણ ઘણીખરી ભાંગી ગઈ છે.



તેને મ્યુનિ. તરફથી રીપેર કરાવી છે, વાવમાં પેસતાં જમણી બાજુનો ભાગ નવો બંધાવી કઠેરો કરાવ્યો છે, ને વાવ ગળાવી છે, તે પાણી હવે ઘણું સ્વચ્છ રહે છે, અને લોકોને પોતાના ઉપયોગમાં આવે છે. જો પાણીનો વપરાશ ઘણો વધે તો પાણી ઘણું સારૂં રહે એવો સંભવ છે.

સિદ્ધરાજે કુંડ અને વાવ બંધાવ્યા અને તેમાં પાણી ઘણું સારૂં નીકળ્યું તેથી, તથા વિશાળ નવાણો સુશોભિત જોઈ, ઘણાખરા લોકો રાહના આરાથી ત્યાં આવી વસવા લલચાણા. રજપૂત રાજાઓની પછી જે **લાડાણુબીબીનું** રાજ્ય થયું તેણે પણ આ જગા પસંદ કરી, થોડી વસ્તી થઇ હતી તેથી, પોતે પણ ત્યાંજ રહીને એક કિલ્લો બંધાવ્યો. પછી શાહના આરાથી વસ્તી આ કિલ્લામાં આવવા લાગી."

એ બીબી ઘણી ડાહી હતી ને સમજુ હતી. તેણે વસ્તીને એવી રીતે રહેવાની ગોઠવણ કરી કે એક જાતિના લોકો બીજી જાતિમાં રહે નહીં. આ ગોઠવણ પ્રમાણે હાલમાં પણ છે. પરંતુ કેટલેક ઠેકાણે ભેળસેળ થવા માંડયું છે. આવી તરેહની ઘરોની બાંધણી કોઈ જગ્યાએ જોવામાં આવતી નથી.

એ બીબીએ વસ્તીના રક્ષણને સારુ ગામની આજુ બાજુ ફરતો મજબૂત કિલ્લો બંધાવ્યો ને દરેક દરવાજે મુસલમાન લોકોને વસાવ્યા. પહેલાં જે જગાએ મીઠા પાણીનું સુંદર સરોવર હતું, તે સરોવર હાલમાં પુરાઈ ગયેલું છે, પણ તેની નિશાનીઓ માલુમ પડે છે.

વળી એ તળાવવાળી ભાગોળને મીઠા તળાવની ભાગોળ કહે છે દરવાજાને પણ મીઠા તળાવનો દરવાજો કહે છે.

એ દરવાજાની નજીક જાતજાતના મુસલમાનોને વસાવ્યા હતા, હાલ તેમની વસ્તી ત્યાં નથી, પણ તે ભાગનું નામ હાલ પણ **જટવાડા** તરીકે લખાય છે, તે દરવાજા નજીક લાડણુ-બીબીએ પોતાને હવા ખાવા સારૂ બાગ કરાવ્યો હતો, ને બેઠકને માટે મકાનો પણ બંધાવ્યા હતાં તે મકાનો હાલમાં પડી ગયાં છે, પણ તેનાં જૂનાં-બંડિયેરોની નિશાનીઓ હાલમાં પણ મળી આવે છે, પોતાના આવિંદની યાદગીરી માટે બીબીએ તે બાગનું નામ "**સરદાર બાગ**" પાડયું હતું, તે નામ હાલ કાયમ છે, પણ બાગ કાયમ નથી.

જેને હાલ **સરખલીઓ** કુવો કહે છે તે **સખીદાસ** નામના શાહુકારે બંધાવ્યો છે, તેના નામ ઉપરથી એ કુવાનું નામ સરખલીઓ કુવો એવું પડયું છે, એ **સખીદાસ**ના વંશજ હાલમાં હયાત છે, આ દરવાજાના રક્ષણ માટે **મેવાતી** જાતના મુસલમાને વસાવ્યા, તે લોકોની હાલમાં વસ્તી નથી.

અંતિસરીઆ દરવાજાના રક્ષણ સારૂ **'બેહેરીમ'** અટકના મુસલમાનોને વસાવ્યા અને એ લોકોને દરવાજા બહાર જેને હાલમાં **બીડની વાવ** કહે છે, ત્યાં આશરે ૫૦ વીઘા જમીન



જાગીરમાં આપી, એ જમીન હાલમાં તેમના વંશજોએ બીજા લોકોને વેચાણ આપી છે, તેમના વંશના હાલમાં **વાડાસીનોર**માં નોકર છે.

જેને નદીનો દરવાજો કહે છે, ત્યાં આગળ **જોઈઆ** નામના મુસલમાનોને વસાવ્યા, દરવાજાની અંદર તેમના ઘર છે તથા તેમનો ચોરો પણ છે. તે ચોરો પડી જવાથી હાલ સુધી તેના કોટડાં ઉભા છે, **જોઈઆ** લોકો આ ચોરાની અંદર એક માતેલો ઘેટો બાંધતા હતા, રસ્તે જનાર આવનાર લોકોને તે ઘેટાને સુંઘવાની ફરજ પડતા, એવી રીતનો એ લોકોનો જુલમ હતો, તેથી બીબીએ તે જુલમગારોને સજા કરી તેમની જાગીર લઇ લીધી ને તેમની હવેલીઓ વિગેરે મકાનો ખોદી નંખાવ્યા.

એ જગોમાં હાલમાં **જોઈઆઓના** વંશના **ઈસમ**ખાં **ગુલાબખાં** કરીને રહે છે, કેટલીક જગોમાં રાવળીઆ તથા વણકર (ઢેડ) રહે છે, એ જગોમાં હાલ ખોદાણ કરે છે તો જુની ઈમારતોના પત્થરો વિગેરે નીકળે છે. એ **જોઈઆ** લોકોની જાગીરમાં **મોહોર** અને **વરાંસી** નદીની વચ્ચેની કેટલીક જમીન છે.

ઉત્તર તરફ જ્યાં હાલ **કબગર** લોકોની વસ્તી છે ત્યાં એક દરવાજો હતો, તે દરવાજો હાલમાં પૂરી નાંખેલો છે, કારણ કે ત્યાં સારા માણસની વસ્તી નહીં હોવાને લીધે, બીજી કોઈ પ્રકારની ધારતીને લીધે, તથા ઘણા લોકોની અવર-જવર નહીં હોવાને લીધે, બીબી-સરકારે તે દરવાજો પુરાવી તેને બદલે, **ઘાંચીવાડા** આગળ એક નાનો દરવાજો પાડ્યો. ત્યાં ઘાંચીની વસ્તી જાદે છે ને દરવાજો નાનો તેથી તેને લોકો ઘાંચીબારી કહે છે.

જેને હાલ સરકારી કોટ કહે છે તેને પહેલાં **સરકાર**ની **ગદી કહેતા**, તેમાં હાલમાં મામલતદાર, ફોજદાર, સબરજીષ્ટર, વગેરેની કચેરીઓ છે. પહેલાની કચેરીનું મકાન સારૂં નહીં હોવાથી બીજી જગોએ હાલ નવી કચેરી કરાવી તેને તા. ૧૭ મી માર્ચ સને ૧૮૯૦ થી ચાલતી કરી છે. જૂની **સબરજીષ્ટારની** કચેરી આગળ **લાડણીબીબી**ની કબર હાલ પણ છે, સરકારી ગદીમાં બીબીને રહેવા માટે મકાન હતાં, તેના ખંડિયેરો હાલ જોવામાં આવે છે.

વળી કચેરી આગળ જૂનાં ખંડિયેરો હતાં તે તોડી નાંખ્યાં છે, નવી કચેરી કરાવી તે વખતે જૂની-ઈમારતોના પાયા નીકળ્યા હતા, એ કોટમાં નાનો દરવાજો છે ત્યાં વેપારી લોકોનો નિકાલ નથી, તેથી તે દરવાજે જકાત લેવા નાકેદાર બેસતો નથી, બાકીના દરવાજે બેસે છે.

હાલમાં જ્યાં મ્યુનિસિપાલીટિ છે તે જગોને **હાથીઆ** દરવજ કહે છે, કારણકે બીબીના વખતમાં ત્યાં હાથી બંધાતા હતા, હાલમાં **કપડવંજનો** કોઈ પણ ભાગ એ બીબીના વંશજોને તાબે રહ્યો નથી, તેમના વંશજો **વાડાસીનોર** તથા **વીરપુર**માં હાલ રાજ્ય કરે છે.



વાહાસીનોર કપડવંજથી બાર ગાઉ પૂર્વ–દિશામાં છે, **વાહાસીનોરના** નવાબી–રાજ્યમાં હાલમાં **ઠાસરાના** વતની રા. રા. પ્રેમચંદભાઈ ઠરીને વણિક–જ્ઞાતિના સદ્‌ગૃહસ્થ ઠારભારીથી ગામમાં ઘણો સુધારો થયો છે, રૈયતને પણ સુખમાં વધારો થયો છે, લોકોને દરેક પ્રકારની કેળવણી આપવામાં તે ભાઈની દીર્ઘ–દૃષ્ટિ છે.

મોઢ–બ્રાહ્મણની જ્ઞાતિમાં વારંવાર કુસંપનો જુસ્સો આવતો, અને અમલ કરવાની જે જે યોજના કરે, તેને આ ભાઈ પોતાના જોરે પૂરી નહીં પડવા દેતા કુસંપ રૂપી સ્વારને પ્રવેશ કરવા દેતા નહિ. આ મહત્–કાર્યથી તે ભાઈનો ઘણો આભાર માની આ પુસ્તક સાથે તેમનું નામ જોડી રાખું છું. હે પરમેશ્વર! તેમના વંશજોમાં સર્વે–જન તેવાજ હોજો!!!

વાડાસીનોર જતાં રસ્તામાં **વડોલ** કરીને નાનું ગામ આવે છે, ત્યાં **લાલણીબીબીએ** પોતાને વિસામો લેવા સારૂ કોટ બંધાવેલો છે, તેમાં એક કૂવો–કુવો છે, તે જોવા લાયક છે, હાલમાં તે ઘણો ખરો નાબુદ થતો જોવામાં આવે છે.

કપડવણજ ગામની આજુબાજુ **ગાયકવાડ સરકારે** કોટના રક્ષણને સારૂ ખાઈઓ ખોદાવેલી છે. નદીનો દરવાજો અને કોટની બારીની વચ્ચે જે ખાઈ છે, તે ખોદતાં આશરે સાત ફુટ લાંબા હનુમાનની મૂર્ત્તિ નિકળી હતી, તેને ગામલોકે સરખલીએ દરવાજે **મીઠાભાઈ ગુલાલની** જે ધર્મશાળા છે, ત્યાં દહેરૂ બંધાવી બેસાડ્યા છે.

સિદ્ધરાજે કુંડવાવ બંધાવ્યાં, ત્યારે જે મૂર્ત્તિઓ નિકળી હતી તેમાંની **નારણદેવની** મૂર્ત્તિ, ચોર્યાશી **મેવાડા** નામનો બ્રાહ્મણો કે જેઓ હાલની **પ્રજાબ જોશી** તરીકે વિદ્વાન વર્ગમાં ગણાય છે, તેમના ઘરડાઓએ પોતાના ઘરમાં રાખી હતી, તે સંવત ૧૮૫૦–૫૨ માં મલ્હારરાવ ગાયકવાડની **ગજરાંબાઈ** નામની દીકરીનું લગ્ન થયું, આ કામમાં દેશાઈ–લોકોએ સારી મદદ કરી, તેથી તે લોકો ઉપર **મલ્હારરાવની** સારી મહેરબાની થવાથી, દેશાઈઓની માગણીથી **નારણદેવનું** મંદિર બંધાવવા અમુક રકમ આપી અને દેશાઈઓએ મંદિર બંધાવી મૂર્ત્તિ સ્થાપન કરી, તે દેશાઈના વંશજો હાલ હયાત છે.

આ ગામમાં વોહોરાઓનાં પ્રથમ એક હજારને આશરે ઘર હતાં. કુંડવાવની સામે જે પોળને જૂની વોહોરવાડ કહે છે, તે જગોએ તથા જે જગાને હાલ **પાડાપોળ** કહે છે, ત્યાં તેમનાં ઘરો હતાં. તેમ ધારવાનું કારણ એ કે પોળનું નામ **વોહોરવાડ** છે, તેમજ કેટલાંક ઘરોમાં ટાંકાં માલમ પડે છે, એ જગોએ કુવા પણ વધારે નિકળે છે.

વળી **પાડાપોળને** નાકે હાલમાં તે લોકોની મસ્જીદ છે, તે ઘણીખરી ભાંગી ગઈ છે. હાલમાં વોહોરા તેને સાફ રખાવે છે, વોહોરાઓનો રોજગાર પડી ભાંગવાથી કેટલાક લોકો નાસી ગયા છે, અને જે રહ્યા છે તે પોતાની અસલ જગો છોડી બીજી અલગ જગોમાં જઈ

વસ્યા છે, હવે દિનપ્રતિદિન તેમની વસ્તી તથા રોજગાર વૃદ્ધિ પામતો જાય છે. તેથીજ આ ગામને શહેરોની પંક્તિમાં ગણવવાને લાયક થાય છે, પ્રસંગમાં તેઓ જથાબંધ રહે છે, તેમના ઘરોની બાંધણી જોવા-લાયક છે, તે લોકો સાણુ તથા કાચ દેશાવર ખાતે ઘણો ફેલાવે છે, હાલ તેમનાં સાતસેં ઘર છે, તેમની જૂની જગામાં હાલ હિંદુઓની વસ્તી છે.

આ ગામમાં પ્રથમ સલાટ લોકો (પત્થર ઘડનાર) ની વસ્તી આશરે ચારસેં ઘરની હતી, જેને હાલ **સલાટવાડો** કહે છે, ત્યાં તે લોકો જથાબંધ રહેતા હતા, એ પોળનું નામ તેમના રહેઠાણ ઉપરથી **'સલાટવાડો'** પડયું છે, તે હજુ પણ કાયમ છે, તે લોકોનો ધંધો કમી થવાથી તેઓ જતા રહ્યા અને તે જગાએ હાલ **મોટ બ્રાહ્મણ** રહે છે, સલાટવાડાની પાસે **કાંટાવાળી ખડકી** છે; તે નામ પડવાનું કારણ એ છે કે પહેલાં ત્યાં ઘી તોળવાનો કાંટો હતો અને હજારો મણ ઘીનો તોલ થતો.

અંતેસરીઆ દરવાજા નજીક હાલ જે **કંસારવાડો** કહેવાય છે, ત્યાં પહેલાં કંસારા લોકોના આશરે ૩૦૦ ઘર હતાં, તે લોકોનો ધંધો પડી ભાંગવાથી તેઓ પણ જતા રહ્યા, હાલ જે **હરસિદ્ધ માતાનું મંદિર** છે, તે કંસારા લોકોની દેવી છે, તે માતાની મૂર્તિ પ્રથમ શાહને આરે ગામ હતું, ત્યારે ટાંકલાની દેરીએ હતી, ત્યાં પત્થરનું બાંધેલું તળાવ હતું, ત્યાંથી કંસારા લોકો એ મૂર્તિને લાવ્યા, જ્યારે એ લોકો આ નવી જગાએ રહેવા આવ્યા, ત્યારે તે મૂર્તિની સ્થાપના કરી.

હાલ તે કંસારવાડામાં મોઢ-બ્રાહ્મણ તથા શ્રાવક-લોકોની વસ્તી છે, કંસારા લોકો અહીંથી નડીયાદ, વીસનગર ને ડભોઈ જઈ વસ્યા છે ને ત્યાં હાલ **કપડવંજી**ને નામે ઓળખાય છે.

આ ગામમાં **લુહાર**-લોકોનાં આશરે ચારસો ઘર હતા, હાલ જ્યાં નદીના દરવાજે **કુંભારવાડાની** સામે **વહેરી માતાની** પોળ છે ત્યાં રહેતા હતા, તે લોકો નાશી ગયા, તેનું કારણ એમ કહેવાય છે કે એ લોકો ખાણમાંથી લોઢું ગાળતા હતા, તે લોઢું ગાળતાં તેમાં કંઈ વનસ્પતિનો પદાર્થ મળવાથી રૂપું બન્યું, તે રૂપું શી રીતે બન્યું? તે માલમ પડયું નહીં, તેથી તે લોકોએ જાણ્યું કે રાજ્યમાં જાણ થશે તો આપણને દુઃખ દેશે, તેમ જાણી નાશી ગયા, તે લોકોની ભઠ્ઠીઓ મહોર નદીને કાંઠે હતી, જે લોઢું ગાળતું તેના કાટના મજબૂત ટેકરા બનેલા છે, તે ઉપરથી નદીના તે ભાગને **કાટડીઓ આરો** કહે છે.

જે ખાણોમાંથી લોઢું ગાળતા હતા તે ખાણો હજી હયાત છે, કોઈ હુન્નરી-માણસ તેનું માપ કાઢી તજવીજ કરે તો લોઢું નિપજે, પરંતુ આ ગામમાં હુન્નરી-માણસોની ઘણી ખોટ છે, જો હુન્નરી-માણસો હોય તો સાણુ અને કાચ બનાવવામાં પણ મોટો સુધારો થાય.

આ ખોટ કૃપાવંત પરમેશ્વર પુરી પાડો ! એ લુહાર લોકો વઢવાણુ, લીમડી તથા અમદાવાદ તરફ રહે છે.

સરકારી–કોટની પાસે **જુમામસીદમાં** લોંયરામાં શ્રાવકલોકની મૂર્ત્તિઓ છે, આ ગામના રક્ષણને અર્થે પહેલાં અમુક રકમ માંડવાના મીઆંને આપતા, તે રૂપિઆ સરકારી નહીં આપતાં, રૈયત પર કર નાખી અપાતા હતા. પછી સંવત્ ૧૯૦૨ માં અંગ્રેજ સરકારે રૈયત ઉપરથી કર કાઢી નાંખી, તેમને કોમ્પેન્સેશન તરીકે અમુક રકમ આપવા ઠરાવેલી છે, તે હાલ પણ અપાય છે, હાલ પણ ગામને જરૂર પડે તે વખતે બંદોબસ્ત ને સારૂ પોતાના માણસોથી મદદ આપે છે.

આ ગામમાં જે મલક લોકો છે, તેમને પણ રક્ષણ અર્થે **અલવા** કરીને ઈનામી ગામ તથા જાગીર મળેલી છે, **કુંપડવણુજથી** પશ્ચિમે સાત ગાઉને છેટે જે **વાગ્રક** નદીને કાંઠે, **અજમાવતનો કોટ** છે, તે **આજમ બેગડાનો** કરાવેલો છે. તે આ તાલુકામાં જોવા લાયક છે. વળી **માંડવા** તથા **આમલીઆરા**ની વચમાં જુનાં લોંયરાં છે, તથા **ફેર–કુવો** છે, તે પણ જોવા લાયક છે.

ઉપરની સઘળી હકીકત **કુંપડવણુજના** રહીશ દેશાઈ **મનસુખભાઈ ગોકળભાઇ** તરફથી મળેલી છે, તેથી તે ભાઈનો હું ઘણો આભાર માનું છું.

પૃ. ૨૯:– **રાણીવાવની** ઉત્તરે શાખાનો કુવો છે, તેની સામે વીશાનીમા વાણિઆ **શેઠ લલ્લુભાઈ મોતીચંદની** વહુ શેઠાણી **માણેકબાઈની** બંધાવેલી મોટી ધર્મશાળા છે, એ ધર્મશાળામાં મીઠા–પાણીનો કુવો છે, વચમાં ચોક છે, ત્યાં **અંબામાતાનું** દહેરૂં છે, ચોકની દક્ષિણે અને પશ્ચિમે માળ છે, ને બાર બંગલા છે, ત્યાં શ્રીમંત લોકો ઉતરે છે. સાધારણ વર્ગના લોકો મેડા ઉપર તથા નીચે ઓટલા ઉપર ઉતરે છે, અને છેક નબળી–સ્થિતિના લોકો બહારની બાજુએ ઓટલા ઉપર ઉતરે છે, હાલમાં એ ધર્મશાળાની દેખરેખ **શેઠ કેવળભાઈ જેચંદભાઈ** તરફથી રાખવામાં આવે છે, હમણાં હમણાં તેનો વહિવટ શ્રી **વીશાનીમાના પંચને** કોર્ટ તરફથી સોંપવામાં આવ્યો છે, તેના પાંચ ટ્રસ્ટીઓ નીમાયા છે.

પૃ. ૩૦ :–**માણેક શેઠાણીની** ધર્મશાળાને અગ્નિખૂણે **વૈજનાથ મહાદેવનું** દહેરૂં છે, આ ગામમાં **બ્રાહ્મણ** જ્ઞાતિમાં **અદ્‌ભ્યર** કરીને એક નાની નાત છે, તે જ્ઞાતિમાં કોઈ **આશારામ આણંદરામ** કરીને મહાપુરૂષ થઈ ગયા, તેમણે સંવત્ ૧૬૪૫ માં **વૈજનાથ મહાદેવનું** દહેરૂં તથા વાવ ઉપરનો બંગલો બંધાવ્યો, અને તેમના પિત્રાઈ ભાઈ **નરભેરામ પરસોતમે** પેસતાં જમણી બાજુનો ભાગ બંધાવ્યો, ત્યાર પછી ડાબી બાજુનો ભાગ વીશાનીમા વાણિઆની જ્ઞાતિના **મેહતા કાલીદાસ જીવણભાઈ** એ પાછળથી બંધાવ્યો છે, **આશારામ આણંદરામના** વંશજો હાલ પણ હયાત છે.

પૃ. ૩૩ :–**સરખલીઆ** કુવાની સામે ઉત્તરે એ નામનો મોટો દરવાજો છે, પશ્ચિમે

વીશાનીમા વાણિઆની જ્ઞાતિના **શેઠ મીઠાભાઈ ગલાલ**ની બંધાવેલી મોટી ધર્મશાળા છે, તેમાં વચ્ચે **હનુમાન**નું દહેરૂં છે. ત્યાં આખા ગામના હિંદુ- મેં માનનારા લોકો આસો વદ ૧૪ ને રોજ સુશોભિત વસ્ત્ર તથા વિવિધ તરેહનાં આભૂષણ અં . ધારણ કરી તેલ ચઢાવવા જાય છે.

પૃ. ૪૯ :– મસીદમાં પેસતાં દરવાજા પર લેખ છે, તેની મતલબ નીચે પ્રમાણે છે.

હીજરી સન ૭૭૦ એટલે સંવત્ ૧૪૦૯માં આ ગામ ાં **હુમાયુ** તથા **ફિરોજશાહ** નામના બે ભાઈ રાજ્ય કરતા હતા, તેમણે પરમેશ્વરના હુકમથી હવ ી અંદર હ મેશાં કાયમ રહેનાર મકાન મસીદના મીનારા બંધાવ્યું, કચેરીમાં જતાં ડાબે હાથે બીજો લેખ છે, તેમાં ફક્ત તે પાદશાહનાં સગાવહાલાનાં નામ છે; તેનો તરજુમો કરેલો છે, પરંતુ ગાની સંકોચને લીધે દાખલ કર્યો નથી.

પૃષ્ટ ૪૯ :–ત્યાં એક મસીદ છે અને વીશાનીમા વાણિઆ **મીઠાભાઈ ગુલાલ**ની બંધાવેલી પાંજરાપોળ પણ ત્યાંજ છે.

પૃષ્ટ ૫૦ :–વંડાની બડકી, અને ઢાકવાડી જેમાં નીમ જ્ઞાતિના **વૃજલાલ મોતીચંદે** સંવત્ ૧૯૦૪ના વૈશાખ વદ ૬ ને રોજ **આદીશ્વર**નું (શ્રી શાંતીનાથનું) મોટું દહેરૂં બંધાવ્યું છે. (જીર્ણોદ્ધાર કરાવ્યો)

અષ્ટાપદજીનું દેરાસર સ્વર્ગવાસી શેઠ **નહાલચંદભાઈ નથુભાઈ**નાં માતુશ્રી **શેઠાણી અમૃતબાઈએ**....સંવત્ **૧૯૪૨** ના **વૈશાખ સુદ ૧૧** ને રોજ બંધાવી તૈયાર કર્યું, શ્રાવક લોકોનાં બીજા સાત દેરાસર છે, આના જેવું બીજું દેરાસર કોઈ જગોએ જોવામાં આવતું નથી. આ દેરાસર બંધાવતાં આશરે બે લાખ રૂપિઆ અર્ચ થયા હતો.

પૃષ્ટ ૫૧ :–દલાલ વાડો ત્યાં **વીરચંદ લાલદાસ** કરીને કોઈ નીમા વાણિઆએ સંવત્ ૧૯૨૮ ના વૈશાખ સુદ ૬ ને રોજ શ્રી વાસુપૂજ્યનું દેરાસર બંધાવ્યું હતું, તે હાલ મોજુદ છે.

પૃષ્ટ ૫૧ :–ત્યાં **શામસૈયદના ચકલે એક** પરબડી છે, અને કડીઆની મસીદ છે. તેનો લેખ **કાઝી સાહેબના** દફતરમાં લખેલો છે, જેની મતલબ નીચે પ્રમાણે છે.

ફરમાયુન નબી સાહેબે એ મસીદ (જે બગી ા જેવું હવામાં ઉભું રહેનાર મકાન) દુનીઆને માટે યા દીનને માટે સર્વને સરખા હક આપીને અને બીજું દરગા પરમેશ્વરની (ખુદાની) હસ્તી સમજવા માટે હીજરી સને ૭૨૦ (સં ૧૩૫૯) માં બંધાવેલી છે.

વળી એ લેખમાં અબુલ ફતા–અસ્હમદશાહ બીન મહમદશાહ–બીન મુજફરશાહ–સુલતાન બીન સુલતાન એ પ્રમાણે નામ પણ આપેલાં છે.

કુપહવંજ :–**વીશાનીમા વણિકતા જ્ઞાતિનો ઇતિહાસ** (લે. મહાસુખરામ પ્રાણનાથ શ્રોત્રિય) ઈ. સ. ૧૯૫૩ માં શેઠ વાડીલાલ મનસુખરામ પારેખ બાટલીબોયની કંપની મુંબઈ-વાળાએ પ્રકાશિત) પુસ્તકના **પરિશિષ્ટ–૧** પૃ૦ ૨૨૧) માં મહત્વની નીચેની નોંધ છે.)

કપડવંજની
ઐતિહાસિક માહિતિ

ખેડાની ઉત્તર–પૂર્વે ૩૬ માઇલ ઉપર **મોહોર** નદીના પૂર્વ–કાંઠે કિલ્લાવાળું ને મોટા વેપાર–ધંધાનું ૧૩,૯૮૨ માણસની વસ્તીવાળું ને રૂા. ૬૬૭૦) ની મ્યુનિ. ની ઉપજનું શહેર છે.

એ જુના–કાળથી વસેલું છે, પાંચસેંથી આઠસેં વર્ષનાં ઘરો આજ પણ છે, અને કોટની દિવાલ પાસે જુના–શહેરની જગા પણ છે, કોઈ તેને **કર્પટપુર** કહે છે, પાંચ કબરથી નામ **કપડવંજ** પડયું, એમ પણ કેટલા કહે છે.

ઈ. સ. ૧૭૩૬માં મરેઠા તથા કોળીના હુમલાથી એ શહેર મરેઠાઓના હાથમાં આવ્યું, તે પછી ઇ. સ. ૧૮૧૬–૧૭ માં તેમને **બ્રિટીશ** સરકાર પાસેથી **વીજાપુર** લઈ **કપડવંજ** બ્રિટીશોને આપ્યું હતું, તે વખતે **કપડવંજમાં** દશ હજારની વસ્તી હતી.

મધ્ય–હિંદુસ્થાન અને દરિઆઈ કાંઠા એની વચમાંના મોટા માર્ગમાંનો એક માર્ગ **કપડવંજનો** હોવાથી ત્યાં ઘણો વેપાર ધંધો ચાલતો હશે, ૧૮૧૬માં તે સાફ બાંધેલું હતું.

ઇ. સ. ૧૮૬૪માં એટલે સંવત ૧૯૨૦ માં ત્યાં વેપારી તથા શાહુકાર–દોલત આબરૂમાં જોઇએ તો ફક્ત નડીઆદથીજ ઉતરતા વોહોરા મોટા વેપારી હતા. તેઓ અકીક ને પંદર માઇલ ઉપર માજમ નદી છે, તેમાંના કાંકરા એકઠા કરતા. સાબુ, કાચ અને ચામડાનાં કુવઠા (ઘી ભરવાનાં) બનાવવાનાં કારખાનાં હતાં, ધાતુબર્યો કબરો કપડવંજમાં મળતો, જેનાં ઢેફાં હાલ ગામને પાદરે દેખાય છે.

મધ્ય–હિંદુસ્થાનમાંથી અનાજ તથા અફીણ આવતું અને **ગુજરાતમાંથી** તંબાકુ જતું. **કપડવંજનો માલ** વાડાસીનોર પંચમહાલ થઈ મધ્યહિંદમાં જતો હતો.

શહેરમાં જોવા લાયક એક તળાવ અને એક મહેરાબ ચૌલુક્ય સમયનાં છે, (૧૦૦૦–૧૩૦૦) તળાવને માટે કહેવાય છે કે તે **સિદ્ધરાજ જયસિંહે** બંધાવ્યું હતું, (ઈ. સ. ૧૦૯૪–૧૧૪૩) એ રાજાનો એક બુઢ્ઢો **ભીમ** નામનો બાટ બહુ રોગનો ભર્યો **મધુમતી–વાત્રકમાં** નહાવા આવેલો, તે કાંઠા ઉપર અહીં તહીં ફરતો હતો, તેવામાં એક પાણીથી ભરેલા ખાબોચીઆમાં તેનો પગ બસ્યો ને તે ઉંડા પાણીમાં પડયો પણ સખત મહેનત કરી તરીને જ્યારે કાંઠે આવ્યો ત્યારે તે જુવાન અને જબરો થયો હતો.

એ વાત રાજાએ જાણી, ત્યારે તેણે વિષ્ણુનું ત્યાં દહેરૂં બંધાવ્યું, એક કુંડની દક્ષિણે જમીનની અંદર મહાદેવનું દહેરૂં છે, પણ તેની હજી બરેબરી શોધ થઈ નથી.

વળી એક સારી મસ્જીદ અને કબર એની નિશાનીઓ છે, નવા મકાનોમાં (કંસાર વાડીને ચકલે ઢાકવાડીની બડકીમાં) એક જૈન દહેરૂં છે, તે કેટલાક વર્ષ ઉપર દોઢ લાખને બરચે બંધાવેલું છે, અંદરની જગ્યાએ આરસના થાંભલા છે, ને કેટલીક જગામાં ઘણીજ સારી કરસબંધી છે, એક ખૂણામાં ભોંયરાના ઓરડામાં કાળા પત્થરની (શ્રી પાર્શ્વનાથની) મુર્ત્તિ છે,

બોમ્બે–ગેઝીટીઅરમાં તે વર્ણન નીચે પ્રમાણે છે, જેની નકલ કરી આ સાથે સામેલ કરી છે જે જોવાથી ખાત્રી થશે.

GAZETTEER OF THE BOMBAY PRESIDENCY

1879

Volume III — Pages 171–173

Kaira and Panchmahals.

Kapadwanj North Lat. 23.1. East Long. 73.7.

Of modern buildings, that of most note. is a Jain place of worship. This temple built about twentyfive years ago, at a cost of £15,000 (1,50,000) is raised on a ten feet high stone plinth. The interior is richly ornamented with marble pillars and a marble pavement is laid with much delicacy and taste. At one corner is a plain underground chamber with a black stone image.

Under Government orders, Bombay,

Printed at the Government Central Press.

વેહોરવાડમાં પાંચ મકાન છે, તેમાં એક મસ્જીદ ઘણી દેખાવડી છે, ઘણાંજ જૂનાં ઘર ઉચાં અને લાકડા ઉપર નકશી કરેલાં છે, મામલતદારનું ગામ, પોલીસ ઓફિસ સબજજજની કોર્ટ, પોસ્ટ–ઓફિસ, ડીસપેન્સરી એ કપડવંજમાં છે, પુર્વ દરવાજે એક ધર્મશાળા છે, તે એક ધનવાન વેપારીની વિધવા એ (શેઠાણી માણેકબાઇએ) લાખ રૂપિયા ખર્ચીને બંધાવી છે.

ઈ. સ. ૧૪૫૩માં **કપડવંજ** આગળ **અમદાવાદના** સુલતાન **કુતબુદ્દીનશાહે માળવાના સુલતાન** સામે થોડા કલાક લડાઈ કરી જીત મેળવી, પણ લડાઇમાં સુલતાન શાહની છાવણીમાં ઘુસી તેનો તાજ તથા નંગે જડેલો કમરબંધ લઈ જવાને શક્તિમાન થયો હતો.

કહેવાય છે કે **ધોળકાના** રહેનાર જે **દરવાજિઆ** એ નામે ઓળખાતા, તેઓની બહાદુરીથી ગુજરાતના બાદશાહની જીત થઈ હતી, માળવાના સુલતાનને ઉશ્કેરનારો **મુઝફ્ફરખાન** હતો, તેને પકડી ઠાર કરવામાં આવ્યો હતો અને તેનું માથું **કપડવંજના** દરવાજા ઉપર ચોડાડયું હતું.

વીશાનીમા ઈતિહાસ પૃ૦ ૨૨૪–૨૨૬ માંથી

શ્રી વર્ધમાન સ્વામિને નમઃ

પરિશિષ્ટ–૩
પ્રભુશાસનની આરાધનાના ફળરૂપ સર્વવિરતિના પંથે જનારા પૂ૦ ચરિત્રનાયકશ્રીની જન્મભૂમિમાં થયેલ મહાનુભાવોની નામાવલી

પૂ. ચરિત્રનાયકશ્રી જે ભૂમિમાં જન્મ્યા, તે ભૂમિના ધાર્મિક–સંસ્કારોના ગાઢ–પરિણમન–બળે સાહજિક–રીતે ત્યાગ–તપ–સંયમના પંથે અનેક પુણ્યવાન–આત્માઓ શ્રેયકબંધ રૂપે જઈ શકયા.

તેથી અન્ય–નગરો કરતાં પૂ. ચરિત્રનાયકશ્રીની જન્મભૂમિ તરીકે ઉદાત્ત–ગૌરવવંતી બનેલ **કપડવંજ**ની ભૂમિની અદ્વિતીય ગૌરવ–ગરિમાનો વધુ પરિચય મેળવવા માટે **પ્રકરણ–૧૪** (પૃ. ૭૪)માં સંક્ષિપ્ત રીતે વિચારાયેલ સંયમપંથે વિચરનારા **કપડવંજના** પુણ્યાત્માઓની વાત પર પ્રકાશ પાથરનાર કેટલીક મહત્વની નોંધો અહીં રજુ કરી છે. સં.]

પૂ. સાધુ ભગવંતો :—

ક્રમ	દીક્ષિત નામ	સંસારી નામ	ક્રમ	દીક્ષિત નામ	સંસારી નામ
૧	આનન્દ સાગરજી	હેમચંદભાઈ	૧૩	યશોભદ્ર સાગરજી	મુકુંદલાલ
૨	મણિ વિજયજી	મણીલાલ	૧૪	પ્રમોદ સાગરજી	પોપટલાલ
૩	જીવ વિજયજી	મંગળાભાઈ	૧૫	સુમન સાગરજી	—
૪	લક્ષ્મી સાગરજી	—	૧૬	જિતેન્દ્ર સાગરજી	જયંતિલાલ
૫	ચારિત્ર સાગરજી	ચુનીલાલ	૧૭	વિબુધ સાગરજી	વાડીલાલ
૬	વિનય સાગરજી	વાડીલાલ	૧૮	ચિદાનંદ સાગરજી	ચંદુલાલ
૭	ચંદ્રોદય સાગરજી	ચંપકલાલ	૧૯	હિત સાગરજી	હરજીવનદાસ
૮	શ્રુત સાગરજી	સોમાભાઈ	૨૦	ક્ષેમંકર સાગરજી	કસ્તુરલાલ
૯	લબ્ધિ સાગરજી	ચંદુલાલ	૨૧	સૂર્યોદય સાગરજી	હસમુખભાઈ
૧૦	બુદ્ધિ સાગરજી	ભાણાભાઈ	૨૨	કંચન સાગરજી	કાન્તિલાલ
૧૧	પ્રબોધ સાગરજી	પોપટલાલ	૨૩	પુણ્ય વિજયજી	ચંદુલાલ
૧૨	જનક સાગરજી	ભાણાભાઈ	૨૪	કીર્તિ વિજયજી	કેશવલાલ

નોંધ : પ્રયત્ન કરવા છતાં પૂરી જાણકારી ન મળવાથી દીક્ષાવર્ષ અને દીક્ષાતિથિ વ્યવસ્થિત રીતે દરેકની ન મળી શકવાથી અધૂરી માહિતી આપવી ઠીક ન ધારી, તે તે વિગત જતી કરી છે વળી પ્રથમ દિક્ષા કોની થઈ! પછી કોની થઈ? તે વાત પણ ચોક્કસ રીતે ન મળી શકવાથી વ્યવસ્થિત ક્રમમાં રજુ કરી શકાઈ નથી.

સાધ્વીજી મહારાજો
હીરશ્રીજીનો શિષ્યા પરિવાર :

ક્રમ	દીક્ષિત નામ	સંસારી નામ	ક્રમ	દીક્ષિત નામ	સંસારી નામ
૧	પુષ્પાશ્રીજી	પ્રધાનબેન	૧૮	નિરંજનાશ્રીજી	શાંતાબેન
૨	મનહરશ્રીજી	મહાકોરબેન	૧૯	દયાશ્રીજી	ચંપાબેન
૩	સુમલયાશ્રીજી	ચંદનબેન	૨૦	તીર્થશ્રીજી	કુસુમબેન
૪	વિચક્ષણાશ્રીજી	વિમલાબેન	૨૧	રાજેન્દ્રશ્રીજી	વિમલાબેન
૫	સૂર્યકાન્તાશ્રીજી	સુંદરબેન	૨૨	કીર્તિલતાશ્રીજી	કાન્તાબેન
૬	પદ્મલતાશ્રીજી	પ્રભાવતીબેન	૨૩	રતનશ્રીજી	(પુણ્યવિજયજીના
૭	નિરૂપમાશ્રીજી	નિર્મળાબેન			સંસારી માતુશ્રી)
૮	શુભોદયાશ્રીજી	શશિકલાબેન	૨૪	ચંદ્રોદયાશ્રીજી	ચંપાબેન
૯	પ્રભંજનાશ્રીજી	પ્રભાવતીબેન	૨૫	કુસુમશ્રીજી	ચંદનબેન
૧૦	કનકપ્રભાશ્રીજી	કંચનબેન	૨૬	સુનંદાશ્રીજી	કમળાબેન
૧૧	ચંદ્રગુપ્તાશ્રીજી	ચંદનબેન	૨૭	કલ્પયશાશ્રીજી	કુસુમબેન
૧૨	નિત્યોદયાશ્રીજી	કાન્તાબેન	૨૮	ધર્મોદયાશ્રીજી	ધીરજબેન
૧૩	તિલકશ્રીજી	વિમલાબેન	૨૯	મહાનંદશ્રી	—
૧૪	તારકશ્રીજી	તારાબેન	૩૦	અરુણોદયાશ્રી	—
૧૫	મનકશ્રીજી	મણિબેન	૩૧	અભ્યુદયાશ્રી	—
૧૬	તિલોત્તમાશ્રીજી	તારાબેન	૩૨	દેવયશાશ્રી	—
૧૭	સ્નેહપ્રભાશ્રીજી	ભદ્રાબેન			—

નોંધ : જાણકાર–વ્યક્તિઓને પૂછવા છતાં પ્રામાણિક–સાધનોના અભાવે દીક્ષાવર્ષ તેમજ બીજી જરૂરી વિગતો આપી શકાઈ નથી.

સાધ્વીજી મહારાજ
દાનશ્રીજીનો શિષ્યા પરિવાર

ક્રમ	દીક્ષિત નામ	સંસારી નામ	ક્રમ	દીક્ષિત નામ	સંસારી નામ
૧	દમયંતીશ્રીજી	શાંતાબેન	૧૪	સુબુદ્ધિશ્રીજી	સુંદરબેન
૨	તિલકશ્રીજી	તારાબેન	૧૫	કાંતાશ્રીજી	કાંતાબેન
૩	કુસુમશ્રીજી	કમળાબેન	૧૬	કંચનશ્રીજી	કંચનબેન
૪	પ્રધાનશ્રીજી	પરધાનબેન	૧૭	ઉપશાંતશ્રીજી	પરધાનબેન
૫	નંદાશ્રીજી	શાંતાબેન	૧૮	સુશીલાશ્રીજી	સુશીલાબેન
૬	વિદ્યાશ્રીજી	કમળાબેન	૧૯	કનકપ્રભાશ્રીજી	કંચનબેન
૭	વિનયશ્રીજી	સુંદરબેન	૨૦	સ્વયંપ્રભાશ્રીજી	નીમુબેન
૮	પ્રીતિશ્રીજી	પુષ્પાબેન	૨૧	પ્રબોધશ્રીજી	પદ્માબેન
૯	ભદ્રાશ્રીજી	ભદ્રાબેન	૨૨	ધનશ્રાજી	ધીરજબેન
૧૦	સુધર્માશ્રીજી	સુંદરબેન	૨૩	સુદર્શનાશ્રીજી	મોતીબેન
૧૧	પ્રવીણશ્રીજી	વિમલાબેન	૨૪	હેમેન્દ્રશ્રીજી	સુશીલાબેન
૧૨	જશશ્રીજી	શાંતાબેન	૨૫	રમણીકશ્રીજી	રૂખીબેન
૧૩	સુજ્ઞાનશ્રીજી	વિમલાબેન	૨૬	ઓંકારશ્રીજી	ભદ્રાબેન

નોંધ :–કપડવંજની ભૂમિ ખરેખર ધર્મભૂમિ છે, ખંભાત, રાધનપુર છાણી આદિની જેમ સંયમના પંથે જનારા ભાવિકોની વણથંભી વણજર લગભગ સતત ચાલતી હોય છે.

પ્રયત્ન કરવા છતાં પૂરતી માહિતી મળી નથી, હજી ઘણા નામો બાકી હોવાનું જણાય છે.

આ સિવાય બહાર ગામના ભાવિકોએ કપડવંજમાં સંયમ ગ્રહણ કર્યું હોય તેવા નામો પણ ઘણા છે.

સમયાભાવે તે માહિતી આપી શકાઈ નથી.

કપડવંજના દીક્ષાભૂમિ તરીકેના ગૌરવને ચાર-ચાંદ લગાવનાર શેઠશ્રી શિવાભાઇના ધર્મનિષ્ઠ-કુટુંબનો સંક્ષિપ્ત પરિચય

કપડવંજ જૈન શ્રીસંઘમાં અનેક કુટુંબો એવા છે કે જેમાંથી દીક્ષા લેનાર મહાનુભાવોનો અવિરત પ્રવાહ ચાલ્યો છે, જે આજે પણ ચાલુ છે.

તેમાં પણ શેઠશ્રી **શિવાભાઇ**નું કુટુંબ પોતાની આગવી-સંયમનિષ્ઠાના મહેકતા-વાતાવરણથી વિશિષ્ટ પ્રતિભાવંતું સ્થાન ધરાવે છે.

તેનો ટૂંક પરિચય મેળવવા નીચેની માહિતી જાણવી જરૂરી છે કે જેથી અંતરના શુભાનુરાગની સુદૃઢ કેળવણી સુશક્ય બને છે.

કપડવંજ જૈન શ્રીસંઘમાં શેઠશ્રી **શિવાભાઇ** ધર્મનિષ્ઠ અગ્રગણ્ય વ્યક્તિ તરીકે સુપ્રસિદ્ધ હતા, તેમના ત્રણ પુત્રો (૧) **ઝવેરભાઇ** (૨) **ચુનીલાલ** (૩) **મગનભાઇ**

આમાં શ્રી **ઝવેરભાઇ**ને ચાર પુત્રો અને બે પુત્રીઓ,

(૧) સોમાભાઇ (૨) શામળદાસ (૩) કેશવલાલ (૪) વાડીલાલ

(૧) પ્રધાનબહેન (૨) સમરથબહેન

સોમાભાઇએ વિ. સં. ૧૯૯૧માં સંયમ ગ્રહણ કર્યું, જેમનું શુભ નામ પૂ. મુનિશ્રી શ્રુતસાગરજી મ. હતું.

જેઓનો સ્વર્ગવાસ વિ. સં. ૧૯૯૮માં **જામનગર**માં થયેલ,

સંસારી-સંબંધે તેમનાં પત્ની **માણેકબહેને** પણ સંયમ ગ્રહણ કરેલ, જેમનું નામ શ્રી **મનહરશ્રીજી** હતું.

સોમાભાઇને બે પુત્રો અને બે પુત્રીઓ હતી,

(૧) ચંદુભાઇ (૨) કાન્તિલાલ

(૧) ચંપાબહેન (૨) ધીરજબહેન

ચંદુભાઇએ વિ. સં. ૧૯૮૭ દ્વિતીય અષાડ સુદ પાંચમે પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી પાસે રાજનગર-અમદાવાદ (વિદ્યાશાળા)માં દીક્ષા લીધેલ, જેમનું નામ પૂ. સ્વ. ગણિશ્રી **લબ્ધિ સાગરજી** મ. હતું.

કાન્તિલાલે પણ વિ. સં. ૧૯૮૭ વૈ. સુ. ૧૦ના મંગળ દિને કપડવંજમાં ધામધૂમથી

સ્વ. આ. શ્રી વિજય **લક્ષ્મણસૂરીશ્વરજી** મ.ના શિષ્ય તરીકે દીક્ષા લીધેલ, જેમનું નામ પૂ.મ. મુનિશ્રી **કંચનવિજયજી** રાખેલ.

જેઓએ પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રી પાસે ઉપસંપદા ગ્રહણ કરી પૂ. આગમોદ્ધારક આચાર્યદેવના અત્યંત-નિકટના વિશ્વાસી અંતેવાસી અને વિશ્વાસુ શિષ્ય તરીકે કારકીર્દી મેળવેલ.

જેઓ ખૂબ વ્યવહાર-ચતુ , શિલ્પવિદ્યાનિષ્ણાત અને ચકોર-બુદ્ધિવાળા નિવડયા, જેઓની દેખરેખતળે **પાલીતાણા-સુરત**ના જૈન આગમમંદિરોમાં પ્લાન બનાવવાથી માંડી જિનાલય-નિર્માણની નાની-મોટી દરેક વાતમાં શિલ્પશાસ્ત્ર અને કલાના સુમેળવાળી બની.

જેઓ હાલ પૂ. પંન્યાસશ્રી **કંચનસાગરજી** મ. નામથી જૈન શ્રીસંઘમાં પરિચિત છે.

ચંદુભાઈના પત્ની શ્રી **ચંદનબહેને** પણ સા. શ્રી **હીરશ્રીજી** મ.ના સમુદાયમાં દીક્ષા ગ્રહણ કરેલ, જેમનું નામ સ્વ. સા. શ્રી **સુમલયાશ્રીજી** હતું. જેઓની નિશ્રામાં સાધ્વીજી-ઓનો વિશાળ પરિવાર સંયમની અપૂર્વ સાધના કરી રહેલ.

ચંદુભાઈના સુપુત્ર શ્રી **હસમુખભાઇ** પણ વિ. સં. ૧૯૮૭માં દીક્ષા લઈ પૂ. આગમો-દ્ધારક આચાર્યદેવશ્રીના લઘુબાળ શિષ્ય થયા, જેમનું નામ મુનિશ્રી **સૂર્યોદયસાગરજી** મ. રાખેલ.

જેઓશ્રી ખૂબ શાંત સ્વભાવી, સરળ, આગમાભ્યાસી, કર્મગ્રંથ આદિના સૂક્ષ્મ તાત્ત્વિક પદાર્થોને ઝીણવટભરી રીતે સમજ યથાયોગ્ય પ્રતિપાદન કરનાર સાગર-સમુદાયના અણમોલ રત્ન જેવા આજે પૂ. પં. શ્રી **સૂર્યોદયસાગરજી** મ.ના નામથી જૈન-સંઘમાં વિખ્યાત છે.

ચંદુભાઈના સુપુત્રી શ્રી **વિમલાબહેને** પણ પોતાની સંસારી માતાજી સાથે સંયમગ્રહણ કરેલ, જે આજે પૂ. સા. શ્રી વિચક્ષણાશ્રીજીના નામથી અનેક શિષ્યાઓને ગુરૂણી તરીકે સંયમમાર્ગે અપૂર્વ પ્રેરણાદાયક તરીકે સાધ્વીગણમાં શોભી રહ્યા છે.

ચંદુભાઈના સુપુત્રી **ધીરજબહેન**ની ચાર પુત્રીઓ હતી, તે બધા પ્રભુશાસનની નિશ્રા સ્વીકારી હાલ અપૂર્વ રીતે સંયમ પાળી રહેલ છે.

(૧) સુંદરબહેન ——— સ્વ. સૂર્યકાન્તાશ્રીજી મ.
(૨) પ્રભાવતીબહેન ——— પદ્મલત્તાશ્રીજી મ.
(૩) શશિકલા બહેન ——— શુભોદયાશ્રીજી મ.
(૪) નિર્મળાબહેન ——— નિરૂપમાશ્રીજી મ.

આ રીતે શ્રી **ઝવેરભાઈ**ના ચાર પુત્રો પૈકી **સોમાભાઇ**ના કુટુંબમાંથી ચાર દીક્ષા પુરૂષોની અને સાત દીક્ષા બહેનોની થઈ.

ઝવેરભાઇના બીજા પુત્ર **શામળદાસ**ભાઈના કુટુંબમાંથી શામળદાસના સુપુત્ર કસ્તુરભાઈના સુપત્ની માણેકબહેનની દીક્ષા થઇ. જેઓ હાલ સા. શ્રી **મનકશ્રીજી**ના નામથી સંયમી તરીકે વિચરી રહ્યા છે.



ઝવેરભાઈના તૃતીયપુત્ર કેશવલાલે વિ. સં. ૧૯૬૮માં સ્વ. પૂ. આ. શ્રી **નેમિસૂરીશ્વરજી** મ.શ્રીના વરદહસ્તે **કપડવંજ**માં દીક્ષા લઈ પૂ. મુનિશ્રી **કીર્તિવિજયજી** મ. નામથી અગિયાર વર્ષ સંયમ પાળી વિ. સં. ૧૯૭૦ના ભાદ્રપદ વદ–૩ના રોજ **અંભાત**માં સ્વર્ગવાસ પામ્યા.

ઝવેરભાઈના ચતુર્થપુત્ર શ્રીવાડીભાઈના સુપુત્ર શ્રી **મુકુંદભાઈ**એ પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્યદેવશ્રી પાસે પૂ. સ્વ. ગણીશ્રી **લબ્ધિસાગરજી** મ.ના શિષ્ય તરીકે દીક્ષા લીધી, જે આજે પૂ. પં. શ્રી **યશોભદ્રસાગરજી** મ. નામથી વિચરી શાસનની અનેકવિધ પ્રભાવના કરી રહેલ છે.

તથા વાડીભાઈના સુપુત્રી શ્રી **ભદ્રાબહેને** સાધ્વીશ્રી **સુમલયાશ્રીજી** મ. પાસે **સ્નેહપ્રભાશ્રીજી** નામથી દીક્ષા ગ્રહણ કરી.

ઝવેરભાઈની પ્રથમ પુત્રી **પ્રધાનબહેને** સા. શ્રી **હીરશ્રીજી** મ.ના શિષ્યા તરીકે **પુષ્પાશ્રીજી** નામથી દીક્ષા ગ્રહણ કરી.

પ્રધાનબહેનના સુત્ર શ્રી **પોપટભાઈ**એ વિ. સં. ૧૯૮૭ દ્વિતીય અસાડ સુદ ૫ના રોજ દીક્ષા સ્વીકારેલ, જેઓ ખૂબ શાન્ત, સરલ સ્વભાવી અને ખટપટથી રહિત હોઈ સમુદાયમાં **ધર્મરાજા**ના નામથી વિખ્યાત બન્ય છે.

હાલમાં તેઓશ્રી પં. શ્રી **પ્રબોધસાગરજી** મ.ના નામથી સંયમી–જીવન ગાળી રહ્યા છે.

પોપટભાઈના સુપત્ની **પ્રભાવતીબહેને** પણ પોતાની દીકરી **કંચનબહેન** સાથે સંયમ ગ્રહણ કરી જીવન ધન્ય બનાવ્યું છે, જેઓના નામ અનુક્રમે શ્રી **પ્રભંજનાશ્રીજી** તથા શ્રી **કનકપ્રભાશ્રીજી** છે.

પોપટભાઈના ભાઇ **જેસિંગભાઈ**નાં પ્રથમ પત્ની **ચંદનબહેને** પોતાની પુત્રી **કાન્તાબહેન** સાથે પ્રભુશાસનની દીક્ષા સ્વીકારી, તેઓના નામ અનુક્રમે શ્રી **ચંદ્રગુપ્તાશ્રી** તથા **નિત્યોદયાશ્રીજી** છે.


જેસિંગભાઈનાં દ્વિતીય પત્ની **ચંપાબહેન**ના પુત્ર પન્નાલાલભાઈએ પણ બાલ્યવયમાં પૂ. પં. શ્રી પ્રબોધસાગરજી મ.ના શિષ્ય તરીકે મુનિશ્રી પ્રમોદસાગરજી નામથી દીક્ષા ગ્રહણ કરેલ.

ઝવેરભાઈનાં દ્વિતીયપુત્રી સમરથબહેનના પુત્રી શાંતાબહેને પણ શ્રી નિરંજનાશ્રીજી નામથી દીક્ષા ગ્રહણ કરેલ,

આ રીતે ઝવેરભાઈના કુટુંબમાં આઠ પુરૂષો અને પંદર બહેનોએ સંયમના પંથે પ્રયાણ કરી જીવન ધન્ય બનાવ્યું છે.

આ સાથે રજુ કરેલ **શિવાભાઈ**ના ધાર્મિક કુટુંબની વંશાવલિ ઉપરથી આ વાત સ્પષ્ટપણે ધ્યાનમાં આવશે.

કપડવંજની ભવ્ય વિભૂતિસમા શિવાભાઈ શેઠના કુટુંબનો ધાર્મિક-પરિચય



નોંધ – આ કુટુંબમાં કુલ્લે ૨૩ દીક્ષિત થયા છે, પૂર્વકાળમાં પૂ. આ. શ્રી. આર્યરક્ષિત-સૂરીશ્વર ભગવંતના ઝવેરી કુટુંબે આ રીતે પ્રવજ્યા અંગીકાર કરી હતી, પણ વર્તમાન-કાલમાં આટલું વિશાળ-કુટુંબ આટલી બાલ્યાવસ્થામાં દીક્ષા અંગીકાર કરી હોય તેવો દાખલો ગુજરાતમાં તો શું પણ હિન્દભરમાં મળી શકે તેમ નથી.

પરિશિષ્ટ–૪


પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના જીવન-ચરિત્રના આલેખનમાં પ્રથમ-ખંડમાં કપડવંજની મહિમાના વર્ણન પ્રસંગે જેનો ઉલ્લેખ થયો છે, તેવા ધર્મસ્થાનો અને ધાર્મિક વ્યક્તિઓ વિષે કેટલાકના સંબંધે "**શ્રી વીશા નીમા વણિક જ્ઞાતિનો ઇતિહાસ**" પુસ્તકના પરિશિષ્ટમાંથી કેટલાક ફકરા જિજ્ઞાસુઓના હિતાર્થે અહીં સાભાર ઉદ્ધૃત કર્યા છે. સં.]

(૧) શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીના દેરાસરજીનો જીર્ણોદ્ધાર (પૃ. ૧૧૬)

સંવત ૧૯૬૫ થી આ દેરાસરજીનો વહિવટ આજદિન સુધી દોશી શંકરલાલ વીરચંદના હસ્તક છે. આનાં પહેલાં આ વહિવટ સમસ્ત પંચ તરફથી ચાલતો હતો. તેઓએ જ્યારે આનો વહિવટ હાથમાં લીધો ત્યારે તેમને માત્ર ૧૩૦૭ મુડી મળેલી, પણ તેઓએ પોતાની બાહોશીથી અને પ્રમાણિકતાથી વહીવટ ચલાવી તેની પુરાંતમાં આજે એક લાખ ઉપરની મિલકત બતાવી છે. શેઠ શંકરલાલ હાલ હયાત છે. તેમની ઉંમર આશરે એંશી ઉપરની છે. તેઓ પાસેથી જે કંઈ થોડોઘણો જુનો ઇતિહાસ જાણવા મળ્યો છે તે આપતાં આનંદ થાય છે.

આ દેરાસર જ્યાં આવેલું છે તેને શ્યામ-સૌધનું ચકલું આજ પણ કહે છે. કારણ કે ત્યાં પહેલાં મુસલમાનોની વસ્તી હતી તે લોકો પાસેથી દોશી પ્રભુલાલ સુંદરલાલ, શા. રતનજી ગોપાળ, શા. શામલદાસ રંગજી (શંકરલાલ ભૂરાભાઈ (વડવા ભાઈ) વિગેરેઓએ એક પછી એક મકાનો લઈ મુસલમાનની વસ્તી અને તેમના ઘરો આઘા કરાવ્યા અને વચ્ચે એક કોટ બંધાવી છુટા પાડ્યા. તે દિવાલો આજ પણ મોજુદ છે. આના બીજા પુરાવા તરીકે હાલ જ્યારે આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવવા માંડ્યો ત્યારે ખોદતાં પંદર-સોળ ફૂટ ઊંડે ગયા, (ટાંકુ બનાવવા આ ખોદકામ થયું હતું) ખોદતાં અંદર હાડકાંનો મોટો જથ્થો મળેલો હતો. લાગે છે કે તે સમયમાં મુસલમાનો રહેતાં હશે, અથવા તો હાડકાં નાખવા માટેનો ખાડો આ જગ્યાએ હશે. ગમે તેમ પણ આ જગાએ મુસલમાનોની વસ્તી હતી તે પુરવાર થાય છે.

અઢારમી સદીના છેવટના ભાગમાં આ દેરાસરની સ્થાપના થઈ હોય તેમ લાગે છે. હાલની મૂળનાયકજીની પ્રતિમા ખોદકામ કરતાં મળેલાં, હાલ જે **માણેકબાઇ શેઠાણીનું** અનાથાશ્રમ છે. તે જગાએ ખોદકામ કરતા મળેલાં.



આ પ્રતિમાજી નિકળ્યા ત્યારે તે વખતના શ્રાવકોએ તેજ જગાની બાજુમાં જે કંઈ મકાન મળી શકે તેવા હશે તે લઇ, તે મકાનોને દેરાસરના રૂપમાં ફેરવી, ત્યાં પ્રતિષ્ઠા કરી. આ ઉપરથી એમ લાગે છે કે આ વખતે શ્રાવકોની સ્થિતિ બહુ સારી નહિ હોય, કારણ કે મૂળ દેરાસર ઘણું સાંકડુ અને દેવદર્શન માટે વારતહેવારે અગવડ પડે તેવું હતું. પ્રતિષ્ઠા થયા પછી શ્રાવકોની સ્થિતિ ઘણી સુધરી, અને આથી શ્રાવકોનો આ દેરાસર પ્રત્યે બહુ ભાવ વધ્યો.

શેઠ મીઠાભાઈ ગુલાલચંદે આ હરકત દુર કરવા આગળની બીજી જમીનો અને ઘરો વેચાતા લઈ દેરાસરનો વિસ્તાર વધાર્યો. જુનો જે ચોકનો ભાગ હતો ત્યાંથી ઠેઠ શા. શંકરલાલ ભૂરાભાઈના ઘર તરફના કરા સુધીનો ભાગ તેમને બનાવી આપ્યો આ વખતે પહેલો માળ પણ બંધાવ્યો અને જુના દેરાસરને પણ મરામત કરાવી આપ્યું.

હાલ જે નકશીકામ, મેઘાડંબરી, થાંભલા છતનો વિગેરે જુદી કારીગીરી વાળું લાકડકામ જોવામાં આવે છે, અને જીર્ણોદ્ધાર નિમિત્તે હાલ કાઢી નાખવામાં આવ્યું છે, તે બધું શેઠ મીઠાભાઇ ગુલાલચંદે બંધાવી આપેલું, નીચે શ્રી મલ્લીનાથજીનો ગભારો તેમજ ઉપર શ્રી શાંતિનાથજીનો ગભારો પણ તેમણે બંધાવેલો.

આ બધું લગભગ સં. ૧૮૫૦ થી ૧૮૭૫ દરમિયાન બનેલું હોય તેમ લાગે છે, કારણ કે શેઠ શંકરલાલભાઇના કહેવા મુજબ શ્રી શાંતિનાથજીના દેરાસરનો જીર્ણોદ્ધાર થયા પહેલાં આશરે પચાસ વર્ષ પહેલા આ દેરાસરનો જીર્ણોદ્ધાર શેઠ મીઠાભાઈએ કરાવ્યો હતો.

શ્રી શાંતિનાથજીના દેરાસરનો જીર્ણોદ્ધાર સં. ૧૯૦૪ના વૈશાખ વદ ૬ના રોજ થયેલો. આ જીર્ણોદ્ધાર શેઠ વૃજલાલ મોતીચંદે કરાવેલ અને તે જ વખતે આ દેરાસરમાં શ્રી આદીશ્વર ભગવાનનું દેરાસર આગલા ભાગમાં બનાવ્યું.

અનુમાન થાય છે કે ચિંતામણિજીના દેરાસરમાં વધારાની જમીન ઉમેરી ત્યારે કંઈ ઊંડે સુધી ખોદકામ કરેલું નહિ હોય, તેમજ મૂળનાયકજીની પ્રતિમા તો કાયમ હતી એટલે તેવા ખોદકામની જરૂર પણ નહિ લાગી હોય.

આ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીની પ્રતિમા ઘણા જુના અને પ્રાચે કરી શ્રી સંપ્રતિરાજાના ભરાવેલ બિંબોમાંના એક છે. આ વાત તે પ્રતિમાજીની મુખાકૃતિ તેમજ હાથ નીચેના ટેકા તથા ઘાટથી માલુમ પડે તેવું છે.

આ દેરાસરની પ્રતિષ્ઠા પૂજ્યપાદ સૂરીશ્વર શ્રી **૧૦૦૮ શ્રી વિજયલક્ષ્મી સૂરીજીએ** કરાવેલ હતી અને ત્યારથી અત્રે વસતા નીમા વણિક મહાજનોની સ્થિતિ ફૂલતે ને ફાલતે સુધરતી ગઈ.

પરંતુ ભાવી ભૂલાવે તેમજ આજથી પંચાવન વરસ ઉપર મૂળ ગભારાના જુના ચોરસ ઘાટના ટોલ્લા નહિ ગમવાથી એક ભાઈએ કપાવડાવ્યા જેઓએ ઘણું સહન કર્યું; તેમજ ત્યારથી નીમા મહાજનની પડતી શરૂ થઈ.

જ્યારે સુધરવાનો વખત આવ્યો ત્યારે વળી આજથી પંદર વરસ ઉપર **અમદાવાદથી** એક જાણકાર માણસને બોલાવ્યા અને તેમની સલાહ મુજબ ટોલ્લા પાછા બેસાડવાનું નક્કી કીધું. આમાં ભાઈ **પાનાચંદ લીંબાભાઈએ** પણ સારી મહેનત કરેલી, આનું બધું ખરચ સ્વ. ભાઈ શ્રી **ચીમનલાલ ડાહ્યાભાઇએ** આપેલું.

આમ કરવાથી તેમની તેમજ નીમા–મહાજનની પાછી સ્થિતિ સુધરવાં માંડી, આજ વળી પાછી મંદી આવવા લાગી તે શા કારણે તે તો જ્ઞાની જ કહી શકે. આમ ચઢતી–પડતી તો આવ્યાજ કરે છે, પણ જૈન–ધર્મ પ્રત્યેની અટળ શ્રદ્ધા જે અત્રેના શ્રાવકોમાં છે, તે જેવીને તેવી કાયમ રહી છે. આ અમારી કપડવંજની ભૂમિનું પુણ્ય છે. તેથી જ તે આજે પણ ગુજરાતમાં સારામાંનું એક શહેર ગણાય છે.

કેટલાક ભાવિક અને શ્રદ્ધાળુ ભાઈઓ આ દેરાસર શિખરબંધી થવું જોઈએ, એવી ભાવના ઘણા લાંબા વખતથી સેવતા હતા, તેવામાં દેરાસરના છાપરા વિગેરેમાં વર્ષોથી પાણી વિગેરેના કારણે આસ્તે–આસ્તે લાકડા બોદાવા લાગ્યા અને જીર્ણ થવ માંડયું. આ કારણે ભાવનાઓમાં જોમ આવ્યું. સિલીકમાં એક લાખ રૂપીઆ જેટલો અવેજ પણ હતો, એક–બે મકાન પણ વેચવા માટેની સગવડ હતી; આ બધા સંજોગો ભેગા થતાં સંઘને બોલાવી વાતો આગળ ચર્ચવા માંડી અને આખરે નિર્ણય ઉપર આવ્યા કે આ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવવો.

આ નિર્ણયમાં મોટો ભાગ ભાઈ પુનમચંદ પાનાચંદ, ભાઈ રમણલાલ ન્હાલચંદ, ભાઈ વાડીલાલ ઝવેરચંદ, ભાઈ વાડીલાલ શંકરલાલ, શેઠ અજિતભાઈ મણીભાઈ, ભાઇ મફતલાલ રતનચંદ્ર વિગેરેએ ભજવ્યો હતો. ટેકો આપવામાં સ્વ. ભાઇ ચીમનલાલ ડાહ્યાભાઇ, ભાઈ વાડીલાલ મગનલાલ, ભાઈ મંગળદાસ ભાઇચંદ વિગેરે શ્રીમંતો હતા.

આમ આ દેરાસરનો જીર્ણોદ્ધાર નક્કી કરવામાં આવ્યો તેમ છતાં શિખર–બંધી દેરાસર બાંધતાં જગાના અભાવે ઘણા વિચારો કરવા પડયા અને જગા મેળવવા માટે દેરાસરની પછીતે આવેલ ભાઇ **છોટાલાલ લલ્લુભાઈનું** ઘર વેચવાનું હતું તે રૂા. ૨૯૫૦૭માં ખરીદી લીધું.

આમ કરવાથી શિખર બંધી અને ભમતી સહિત દેરાસર બાંધવાની સગવડતા મળી તે પ્રમાણે બાંધવાના પ્લાન વિગેરે બનાવી કામ ચાલુ કરી દીધું.

આ બધા કામમાં ઉપર જણાવેલ ભાઈઓની સાથે ભાઈ કસ્તુરલાલ શંકરલાલ, ભાઇ રતીલાલ પુનમચંદ, તથા ભાઇ જેસીંગલાલ ચુનીલાલ વિગેરે ભાઈઓએ પોતાના મોટા ભાગના ટાઈમનો ભોગ આપી કામકાજ બારીકાઇથી શોચ-સમજથી માથે જોખમદારી લઇ કરી રહ્યા છે.

આ કામ કાઢતાં તેની અંદર જે જે આશાતનાઓ નજર બહાર હતી, તે એક પછી એક નજરે પડતી ગઈ. પ્રથમ તો ઉપરના અને નીચેના ગભારાની વચમાં ભંડારીઆ જેવું હતું, તેમાંથી ખંડિત પ્રતિમાજીઓ હાથ લાગી જેને દરિયામાં પધરાવી આશાતના દૂર કરી. વળી ખોદકામ કરતાં સોળ-સત્તર ફુટ ઊંડેથી હાડકાના થોકના થોક મળ્યા, જે પણ વધુ ખોદકામ કરી કાઢી નાંખ્યાં.

આ રીતે આ બધી આશાતના દુર કરવામાં આવી છે, પણ આવી રીતે ખોદકામ વધી પડવાથી ઘણો ખરચો વધી ગયો છે. જૈન સંઘના ઉપર આધાર રાખી આ કામ આગળ ચાલ્યે જાય છે. અધિષ્ઠાયકદેવ સર્વને શ્રદ્ધા અને સંપત્તિમાં અને ભાવનામાં મદદગાર થાઓ અને આ કામ પાર પડો તેવી અમારી અભિલાષા છે, સર્વે ભાઈઓ કમર કસી કામ કરી રહ્યા છે, તેમને સર્વે રીતે સહાયતા મળો, તેવી અમારી પ્રાર્થના છે અસ્તુ.

(૨) મોદીઆના દેરાસરજીનો જીર્ણોદ્ધાર (પૃ. ૩૧૫)

આ દેરાસર ક્યારે અને કોણે બંધાવ્યું ? તેનો અહેવાલ હાલ મળતો નથી, પણ એટલું જાણવા મળે છે કે આ દેરાસર પહેલાં, હાલ જ્યાં ભાઈ **કેશવલાલ સોમાભાઇનું** નવું ઘર છે, અને તેની બાજુમાં તેઓની માલીકીનું જુનું ઘર છે, જેનું બારણું **મોદીઆની અડકીમાં** પડે છે, ત્યાં એક નાનું દેરાસર હતું.

જ્યારે મોદી રંગજી નાનાભાઇ તેમજ મોદી ધરમચંદ લખમીદાસ (પાદશાહનું કુટુંબ) અને મોદી હરિભાઈ લખમીદાસ (હાલ કોઈ વંશજ નથી.) આ બધાંએ મળી આ નાના દેરાસરની બદલીમાં બીજું બંધાવવાનો વિચાર કર્યો, અને દેરાસર ખડકીની મધ્યમાં બંધાવ્યું, આથી આ દેરાસર મોદી-વંશના કુટુંબીઓએ બંધાવેલ, એમ કહેવાય છે.

આ દેરાસર તદ્દન સાંકડું અને લંબાઇમાં પણ ઓછું હતું, જગા વધુ મળે તેમ નહોતું. એટલે દેરાસરના આગલા ભાગમાં ઓટલા હતા તે દેરાસરની અંદર ખેંચી લઈને દેરાસરને પહોળાઇમાં વધારીને શિખરબંધી બાંધવું.

આવા કોડ ભાઈ કેશવલાલ સોમાભાઈ, ભાઈ વાડીલાલ સોમાભાઈ, હીરાલાલ વાડીલાલ, ભાઈ શાંતીલાલ ચુનીલાલ તથા ભાઈ શંકરલાલ દોલતચંદે સેવવા માંડયા.

ભાઈ કેશવલાલ બે પૈસે સુખી હોઈ આગેવાની લઈ રૂપીઆ દસહજાર પોતાના આપવાના કરી, બધા ભાઈઓના ઉત્સાહમાં વધારો કીધો, થોડી ઘણી પૂંજી હતી, તેમાં આ વધારો થયો અને બીજાઓ પાસેથી પણ યથાશક્તિ ભંડોળ મેળવ્યું.

અંગાડીના દેરાસરજીના વહીવટ કરતા ભાઈ ગીરધરલાલ ભોગીલાલે ત્યાંના દેરાસરજીના પ્રતિમાજી અત્રે લાવવાનું નક્કી કરી દેરાસરજીની મિલકત આ ભંડોળમાં આપી મોટી મદદ કરી. આમ છતાં પણ ખરચના અડસટ્ટા જેટલા પૈસા ભેગા થયા નહિ, તેમ છતાં ભાઈ કેશવલાલે પુરેપુરી હિમ્મત બતાવી, ભાઈ હીરાલાલે પણ તેમાં સારો જેવો ટેકો પુર્યો અને આમ તેઓએ જીર્ણોદ્ધારનું કામકાજ પુર-જપટ ચાલુ કરી દીધું.

તાત્કાલિક પૈસા જોઈએ તે ભાઈ કેશવલાલ આપતા ગયા. જો સારી જેવી આવક પ્રતિષ્ઠા વખતે ન થઈ હોત તો ભાઈ કેશવલાલને બીજી સારી એવી રકમ આપવી પડત, પણ આવા કામોમાં હમેશાં શાસનદેવ મદદ કર્યા જ કરે છે, જેની કોઈને ખબર પડતી નથી, તેમ આમાં પણ બન્યું.

જે-જે લોકોને કંકોતરીઓ મળી, તે બધાજ ઉત્સાહ પૂર્વક ભાગ લેવા સમયસર પધાર્યા અને ઉત્સાહમાં ચોટલો વધારો થયો કે ધાર્યા કરતાં ઘણી સારી ઉપજ થઈ. આ ઉત્સાહ જોતાં ભાઈ કેશવલાલ પણ ઉત્સાહમાં વધી ગયા અને બીજી સાત-આઠ હજાર રૂપીઆ જેટલી રકમ ઘીની બોલી બોલીને આપવા પ્રેરાયા.

ભાઈ હીરાલાલે પણ સારી જેવી રકમ ખરચી. વધારામાં સુરતથી **ઝવેરી પ્રેમચંદભાઈ હીરાચંદ** ત્યાં પધારેલા, તેમને તો એટલો સારો ઉત્સાહ બતાવ્યો કે તેઓએ આપણી આખી ન્યાતને ચોક બાજુએ રાખી મોટી રકમ ઊછરામણીમાં બોલી, દેરાસરના ખરચમાં મોટો ફાળો આપ્યો.

આ પ્રતિષ્ઠા કરાવવા સૂરિસમ્રાટ, તીર્થોદ્ધારક આચાર્ય દેવશ્રી **વિજય-નેમિસૂરીશ્વરજીના** પટ્ટધર વિદ્વદ્રત્ન વયોવૃદ્ધ **આચાર્ય શ્રી વિજયદર્શન સૂરીશ્વરજી** પધારેલા અને વિધિવિધાન કરાવવા શ્રી અમદાવાદથી જૈન કોમમાં સુપ્રસિદ્ધ ભાઈ રે કનભાઈ આવ્યા હતા.

આમ ચારે તરફથી કોઈપણ અગવડ વિના, બધી જ રીતે શુભમુહૂર્ત અને શુભ દિને, **સંવત ૨૦૦૯ના માહા સુદી ૧૧ના દિવસે સાડા અગિયાર વાગે પ્રભુજી મૂળનાયકજી શ્રી આદીશ્વર ભગવાનને** પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા હતા. બધાજ મુહૂર્તો ઘણી સારી રીતે સચવાયાં હતાં.

બોલીમાં લગભગ પાંત્રીસથી ચાલીસ હજારની આવક થઈ હતી, અને બધી રીતે જયજયકાર વર્ત્યો હતો.

(૩) જ્ઞાન-મંદિરની સ્થાપના.

જ્યારે કોઈપણ વસ્તુ યા આદર્શ આગળ આવે છે, ત્યારે તેને કંઈપણ આલંબન જરૂર હોય છે. આ સમય હતો સંવત ૧૯૯૯ યા સને ૧૯૪૩, જ્યારે સ્વ. ભાઈ **ચીમનલાલ ડાહ્યાભાઈએ** શ્રી પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય **શ્રી સાગરાનંદસૂરીશ્વરજીની** નિશ્રામાં, પરમારાધ્યસ્વરૂપ નવપદજીની આરાધના નિમિત્તે ચૈત્ર-માસની આયંબિલની ઓળી **કપડવંજ** મુકામે રૂપીયા ૬૦ થી ૭૦ હજારનો ખર્ચે કરાવી; તે સમયે ઘણા મુનિવરો તેમજ સાધ્વીજીઓ, તેમાં ખાસ કરીને આપણી-જ્ઞાતિના તમામ દીક્ષિતો, જેની સંખ્યા ૭૦-૮૦ના અંદાજે થવા જાય, તે બધાની હાજરી **કપડવંજમાં** હતી.

સ્વ. ભાઈ ચીમનલાલે આ બધાને આ જગાએ એકત્રિત કરવામાં, અથાગ શ્રમ લઈને ગામે-ગામ આમંત્રણ મોકલેલાં. સ્વાભાવિક છે કે ગામના અને જ્ઞાતિના દીક્ષિતો સાથે સંપર્ક સાધવામાં દરેક જ્ઞાતિ-જણને સુલભતા હોય, તેવી રીતે આપણી-જ્ઞાતિના **શ્રી વાડીલાલ મનસુખરામને** આ પ્રસંગે દીક્ષિતોનો સંપર્ક સાધવાનો મોકો મળ્યો.

આ પ્રસંગે સાધુ-મુનિરાજો પાસેના પુસ્તકોના સંગ્રહનો જથ્થો તેમના જોવામાં આવ્યો. વાતચીતો પરથી તેમને એમ લાગ્યું કે સાધુ-મુનિરાજોને પુસ્તકો સાચવવાનાં અમુક ચોક્કસ ઠેકાણાં સિવાય, તેમજ તેમની સગવડો સાચવી શકાય તેવી નિયમિત વ્યવસ્થાવાળી સંસ્થાના અભાવે, સાધુ-મુનિરાજોને પોતાનો પુસ્તક-સંગ્રહ ઘણે-ભાગે, તેમના નિત્યના કાર્યક્રમમાં ઓછા-વત્તા અંશે આડે આવતો હતો.

આ દૂર કરવા માટે કંઈપણ કરવું જોઈએ તેમ તેમને લાગેલું; આ વિચારે તેમનામાં ઘર કીધું, અને અવસર આવે તેઓએ તે વિચારથી ઉદ્ભવેલો વિચાર-શ્રેણિના આધારે, જ્ઞાન મંદિર બંધાવવાનો નિર્ણય કર્યો, અને રૂપીયા ૬૦ હજારની રકમનું ટ્રસ્ટ બનાવ્યું.

આ રકમ સને ૧૯૪૫ માં કાઢવા છતાં તેઓ તાત્કાલિક તે રકમનો ઉપયોગ કરી શકયા નહિ; કારણ કે તે માટે જોઈતી જમીન નહિ હોવાથી, તેમજ આ નાનીશી રકમમાંથી જમીન વેચાતી લેવાનું બની શકે તેમ ન હોવાથી, તેમજ ટ્રસ્ટની અંદર રૂા. ૬૦ હજારની રકમમાંથી જમીન અને મકાન શકય ન હોવાથી આ વિચાર અમલમાં આવતાં ઘણો વખત લાગ્યો.

હર હંમેશ આ જમીનની બાબત તેમના મન ઉપર રહેતી હતી, જે આસ્તે-આસ્તે નિશ્ચિત-રૂપને પકડતી ગઇ. ઘણી જગાઓ મળતી હતી, પણ તેમનો એવો નિર્ણય હતો કે આ જ્ઞાનમંદિર સર્વ જૈનોનું (જૈન સંઘનું) એક સરખું ઉપયોગી થાય, તથા કોઈ પણ જાતના વાડાના બંધનમાંથી મુક્ત રહે તેવી, તે સંબંધી હંમેશાં સાવચેત રહેતા. જે વસ્તુ જ્યારે નિમિત્ત હોય ત્યારેજ બને છે, તેવી રીતે આમાં પણ બન્યું.

ચૌમુખજીના દહેરાસરના વહીવટમાં શ્રોત્રીવાડામાં આવેલી જમીન, જે વૉટર વર્કસની ટાંકીમાંથી સદ્‌ભાગ્યે જાણે આ જ્ઞાનમંદિર માટે બચેલી ... હોય તેમ ભાઈ વાડીલાલે તે જગા માટે શ્રી ચૌમુખજીના વહીવટદારોને વિનંતિ કરી. ... વિટદારોને, જેમ બધે બને છે તેમ, કેટલીક-બાબતોનો વાંધો લાગ્યા કરતો હતો. જેમાં પ્રથમ ... વર્ષના પટાની બાબત હતી.

આટલે મોટે-પટે જમીનની વપરાશ બીજાને સોંપ... તે જરૂર લાંબો વિચાર તો માગે છે, પરંતુ સ્વર્ગસ્થ શ્રી ચીમનલાલ ડાહ્યાભાઈની દરમીઆ...ગીરીથી સૌને સમજાવી અને ધર્મની ઉન્નતિનું એક કામ થતું હોવાથી અને ભાઈ વાડીભ...ને પ્રોત્સાહન મળે તે માટે, જમીન મળી જાય તેમ ગોઠવણ કરી, ભાઈ વાડીભાઈને સંતો... થાય તેવી રીતની ભાડા-ચિઠ્ઠી કરી આપી અને તે પણ દર વર્ષે રૂા. ૩૦૧ ના ભાડાથી કર... આપી.

વાંચક-ભાઈઓને એટલું સમજવાની જરૂર છે કે ... જમીન વેચાતી લેવા જાય તો રૂપીયા અઢીસો લાખથી ઓછે મળે નહિ, અને ટ્રસ્ટ પાસે તેટલા રૂપીયા પોતાનાં પણ ન હતા. વહીવટદારોનો અને સ્વ. ભાઈ શ્રી ચીમનભાઈનો આ કામને સરાડે ચઢાવ્યું, તે માટે ભાઈ વાડીભાઈ સર્વ-સંઘની વતી આભાર માને તે તદ્દન વ્યાજ...ી છે. જૈન-સંઘને આ એક અદ્વિતીય ધર્મ-સ્થાન મળે એ કંઈ નાની-સૂની વાત નથી.

આ જગા મળ્યા પછી ભાઈ વાડીભાઈના ઉત્સ...ડમાં વધારો થયો અને તેમણે જો કે પ્લાન વિગેરેમાં થોડો વખત લીધો, પરંતુ તેના ઉપર ઇમા... બાંધવાની શરૂઆત કરી છે અને તે ચાલુ વર્ષ સંવત ૨૦૦૯ના આસો વદી અમાસ પહેલાં પૂરે... રી બંધાઈ જાય તેવો સંભવ પણ છે.

આ જ્ઞાન-મંદિરની સાથે બે પાઠશાલાઓ જોડવામ આવી છે. એક બહેનો તથા સાધ્વીજી-ઓને માટે તથા બીજી ભાઈઓ તથા મુનિરાજોને માટે, પાઠશાળાના બેઉ રૂમ ઉપર એક એક માળ લેવામાં આવ્યો છે. એકમાં ઑફીસ અને બીજા...માં અધ્યયન, સંશોધન, લેખન, પાઠન કરવાની સગવડ રાખવામાં આવશે. જ્ઞાનમંદિરનો હોલ લ...ભગ ૪૨' × ૨૮' ફૂટ = ૧૧૬૨ ચો. ફૂટ ક્ષેત્રફળ નો થશે. નીચેથી ૯ ફૂટ ઉપર ત્રણ બા... ગેલેરી લેવામાં આવી છે. ગેલેરીની ઉપર ભીંતે લાગીને હાલ તુરત કબાટો ગોઠવવામાં ...વશે. જરૂર પડે ભોંય-તળીએ બીજા કબાટો ગોઠવી શકાય તેવો પ્રબંધ કરવામાં પણ આવશે.

ભાઈ વાડીલાલના પૂર્વના પુણ્યના ઉદયે આ જ્ઞા...-મંદિર સાથે, પૂજ્યપાદ ૧૦૦૮ શ્રી નવ-અંગના ટીકાકાર **શ્રી અભયદેવસૂરીશ્વરજીનું પ્રા...**-સ્મરણીય નામ જોડી "**શ્રી અભયદેવસૂરીશ્વરજી જ્ઞાન-મંદિર**" નામ રાખવા તેમણે ...ર્ણય કર્યો.

આ પુસ્તકના પાના ૧૫૩ માં જણાવ્યા પ્રમાણે શ્રી પૂજ્યપાદ આચાર્ય, આગમોદ્ધારક **શ્રી સાગરાનંદસૂરીશ્વરજીના** સંસારી પિતાશ્રી ...ધી **મગનલાલ ભાઈચંદભાઈએ**

પોતાની સઘળી દોલત શુભ-કામોને અંગે ખર્ચવા સુમત કરી, જેમાં **શેઠ પાનાચંદ કુબેર-દાસ વહીવટદાર** હતા. સંવત ૧૯૫૦ ના શ્રાવણ સુ. ૭ને દિવસે **બનારસ શહેરમાં શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. તથા શ્રી હેમવિજયસૂરીશ્વરના** ઉપદેશથી પાઠશાલા સ્થાપવામાં આવવાની છે, તેના સમાચાર સાંભળીને **પાનાચંદ ભાઈએ** કપડવંજમાં રૂપીયા ૧૦૦૧ સંઘને આપી, જૈન પાઠશાળાનો પાયો નાખ્યો.

આટલી નાની-રકમમાં પાઠશાળા લાંબો વખત ન ચાલે, તે સ્વાભાવિક છે. પ્રવૃત્તિ નરમ પડી ગઇ, તે દરમ્યાન અમારા કોમના રક્ષક **શેઠ શામળભાઇ નથ્થુભાઇ** તરફથી આ પાઠ-શાળાને ઉત્તેજન આપી ચાલુ રાખવા માટે દરેક રીતે મદદ કરવામાં આવી, ત્યારથી આ પાઠશાળા સજીવન થઇ, તેમજ **શ્રી મીઠાભાઈ ગુલાલચંદના ઉપાશ્રયે** બેસતા સર્વ ભાઇની મદદથી તેમજ શેઠ **મીઠાભાઈ કલ્યાણચંદની** પેઢીના વહીવટદારોના સહકારથી, તેમજ **શેઠ શામળભાઈ નથ્થુભાઈ** તરફની મદદથી, આજ દિન સુધી તે પાઠશાળાને અડચણ પડી નથી, પણ મકાનનો અભાવ સાલતો હતો.

આ જ્ઞાન-મંદિરનું મકાન ખુલ્લું મુકાયે તેની પાઠશાળાઓમાં બેસવાનું શરૂ થશે, પરંતુ બન્ને પાઠશાળાઓ **શેઠ માણેકભાઈ શામળભાઈના** નામથીજ ચાલુ રહેશે. આવી રીતે પાઠશાળાને માટે આજ દિન સુધી મકાનની જે અગવડતા હતી તે હવે રહેશે નહિ.

આ પાઠશાળાઓમાં સંસ્કૃત અને અર્ધ-માગધીનું શિક્ષણ આપવાનો પ્રબંધ થાય તેમજ કલાસીકલ ધાર્મિક શિક્ષણ પણ અપાય, એવું ભાઇ વાડીલાલ સર્વ-સંઘની સહાનુભૂતિ અને મદદ મળે તો કરવા માગે છે. સર્વ સંઘની મદદથી મોટાં મોટાં કામ પાર પડે છે, તો આ તો એક નાનું કામ છે.

શેઠ મીઠાભાઇ ગુલાલચંદ ટ્રસ્ટની પાંજરાપોળ (પૃ. ૩૧૮)

શેઠ મી. ગુ. ની પાંજરાપોળ અંતિસરીયા-દરવાજાની અંદર મસીદની બાજુમાં એક મોટા ઘેરાવામાં આવી છે. આવડી મોટી જગાવાળી એક પણ ઈમારત આખા **કપડવણજમાં** મળવી મુશ્કેલ છે. સમય બદલાતાં અને રેલ્વે આવતાં આ જમીન જાણે ગામની મધ્યમાં આવી ગઈ ન હોય તેમ તેની કીંમત અને ઉપયોગિતા આજે ઘણી જ વધી ગઈ છે.

ભાઈ ચીમનલાલ ડાહ્યાભાઈ અને ભાઇ જયંતીલાલ વાડીલલ ઝવેરચંદની મહેનતથી વોહોરાના સુવાવડ ખાનાની બાજુમાં એક મોટી વિશાળ જગા એક વોહોરા ભાઈ પાસેથી મેળવી.

આ પાંજરાપોળ તે જગાએ બસેડી જુની જગાને આવકનું સાધન બનાવવા ટ્રસ્ટીઓએ નિશ્ચય કર્યો છે. આને માટે જોઇતો લોખંડનો સામાન સ્વ. ભાઈ **ચીમનલાલે** ઘણા-ખરા નહિં જેવા ભાવથી અથવા તદન મફત આ **પાંજરાપોળને** અર્પણ કર્યો છે.

કપડવંજના ધર્મપ્રેમી ગૃહસ્થોનો મહત્વનો પરિચય

(વીશા-નીમા જ્ઞાતિનો ઇતિહાસ)

(પૃ. ૩૧૯)માંથી

શેઠ શામળભાઈ નથ્થુભાઈ, શેઠ મીઠાભાઈ ગુલાલચંદ તથા શેઠ કેવળભાઇ જેચંદભાઈ આ ત્રણે ઘરનાં નામ આજની વર્તમાન-પ્રજાને પણ સાંભળવામાં આવે છે, **આ ત્રણે નામ શેઠ હીરજીભાઇ અંબાઇદાસના વેલામાંથી. એટલે કે એકજ વંશના પુત્રો હતા. શેઠ હીરજીભાઇને બે દીકરા હતા.** એક **શેઠ કરસનદાસ અને બીજા ગુલાલચંદ** કે જેનો વિસ્તાર આજસુધી ચાલ્યો આવ્યો છે. **બીજા દીકરા શેઠ વૃંદાવનદાસ કરીને હતા, પણ તેઓ માત્ર નાની ઉંમરેજ સ્વર્ગવાસ પામેલા. શેઠ કરસનદાસના વંશમાં બે પુત્ર હતા, શેઠ વૃજલાલભાઈ અને શેઠ મોતીચંદભાઈ** અને તેઓ શેઠ વૃજલાલ મોતીચંદના નામથી કામ કરતા હતા. તે નામ ઘણું જાણીતું આજે પણ ઘણાંઓને યાદ છે.

શેઠ વૃજલાલભાઇના કુટુંબમાં, શેઠ જયચંદભાઈ પછી શેઠ કેવળભાઇ, પછી શેઠ પ્રેમાભાઈ, પછી શેઠ જેસીંગભાઈ, એમ ઊત્તરોઊત્તર દીકરા થયા. શેઠ જેસીંગભાઇને પુત્ર-સંતાન ન હોતું, પણ બે પુત્રીઓ છે, જે એક બહેન નિર્મળા બહેન કે જેનું લગ્ન હોશી કસ્તુરલાલ નગીનભાઇ સાથે કરેલ છે, અને બીજી દીકરી બહેન યશોધરા કરીને છે, તેનું સગપણ ભાઇ કાન્તીલાલ ચુનીલાલના દીકરા ભાઇ બાબુભાઇ સાથે કરેલ છે. પુત્ર-સંતતિના અભાવે સૌ. બહેન નિર્મલા બહેનના દીકરા ભાઇ દિનેશને દત્તક લેવામાં આવ્યા છે. જેથી તેઓનું નામ ભાઈ દિનેશચંદ્ર જેસીંગભાઈ રાખવામાં આવેલ છે. આ રીતે શેઠશ્રી વૃજલાલભાઈનો વંશવેલો ચાલુ છે, એમ કહીએ તો ચાલે..

શેઠ મોતીચંદભાઈને ત્રણ દીકરા હતા, પણ તેઓ બધા જ નિસંતાન-સ્વર્ગવાસી થયેલા હોવાથી તેમનો વંશ આજ ચાલુ નથી, પણ તે ભાઇઓમાં એક ભાઈ **લલ્લુભાઈ** કરીને હતા, તેમના વિધવા બાઇ **માણેક શેઠાણી** બહુ જ બુદ્ધિશાળી તથા દીર્ઘદૃષ્ટિવાળા હતાં. તેઓએ પોતાની પાસે જે કાંઈ પૂંજી હશે, તે બધી જ સાંરા માર્ગે અને કુશળતાથી વાપરેલી, તેના પુરાવા આજે પણ છે. અંતેસરીઆ દરવાજે એક મોટી જબરજસ્ત ધરમશાળા (તેની અંદર



આવેલા શ્રી નેમિનાથજીના દેરાસર સાથે) તથા અનાથાશ્રમ, આદીશ્વરજીનું દેરાસર, સાધ્વીજીનો ઉપાશ્રય, આજ પણ મોજુદ છે. સદાવ્રત પણ આજ પાસેની ઢાંકવાડીમાં ચાલુ છે. ઢાંકવાડીમાં મોટી ધરમશાળા જમણવાર માટે વપરાય છે, તે પણ મોજુદ છે. આટલું તો કપડવંજ તળમાં છે. વળી જ્યાં-જ્યાં તેઓ ગયેલાં અને તકલીફો પડી હશે, ત્યાં ત્યાં ધર્મશાળાઓ બંધાવેલી, તેમાંની એક કડી-ગામમાં મોજુદ છે.

તે જ અરસામાં શેઠાણી **અમૃતબાઈ, શેઠ નથુભાઇ લાલચંદના** વિધવાનો બનેલો એક કિસ્સો રમુજી અને બુદ્ધિ-ચાતુર્યની સાક્ષી સમાન છે તે તે જોઈએ.


કહે છે કે તેઓ એક વખત શ્રી સિદ્ધાચળજી જાત્રા કરવા ગયેલા અને મૂળનાયકજી શ્રી આદીશ્વર-ભગવાનની સેવા-પૂજનની ધમાલ જોઈ ઘણાં નારાજ થયાં, કારણ કે ધક્કા-ધક્કીમાં કોઈનાથી સેવા બરોબર થતી ન હતી. તેમણે શાંત-ચિત્તે વિચાર કરી આજ જે આપણે ચાંદીથી મઢેલી છતરી વિગેરે જોઇએ છીએ, તેવી માટે તેમને વિચાર્યું અને તેવી જાતની વ્યવસ્થા પોતે પોતાના ખર્ચે કરી આપવા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પાસે માગણી કરી. તે વખતના વહીવટદારોએ અમદાવાદના શેઠીઆઓની મરજીને આધીન હોવાનું દર્શાવ્યું.

જેથી શેઠાણી અમૃતબાઈ નારાજ થયાં, પણ હિંમત નહિ હારતાં, પોતે મિસ્ત્રીને બોલાવી તેનું માપ-તાલ લેવડાવી અમદાવાદમાં કારીગરો બેસાડી આખી છત્રી તૈયાર કરી ઉપર દાદાના દેરાસરની બહાર ચોકમાં પધરાવી ગયા અને પેઢીમાં ખબર આપી કે આપને ચોગ્ય લાગે તેમ આનો ઉપયોગ કરશો. આનો ઉપયોગ બીજા શું થાય? આ પબ્લાસણ બેસી ગયું અને તેમની મનોકામના પુરી થઈ આ હતી અમારા ગર્વની અધિકારિણી તે શ્રી અમૃતબાઈ શેઠાણી. માણેકબાઇ શેઠાણીએ વધારામાં સિદ્ધાચળજી ઉપર હાથી-પોળની બહાર, ગઢ ઉપરથી તે તરફ જતાં જમણે હાથે એક મોટું દેરાસર પણ બંધાવ્યું છે.

હવે **શેઠ કરસનદાસના** નાના ભાઇ **ગુલાલચંદનો** ઈતિહાસ તપાસીએ.

શેઠ ગુલાલચંદને બે દીકરા હતા. એક ભાઈ લાલચંદ શેઠ, અને નાના ભાઇ મીઠાભાઈ શેઠ; મીઠાભાઇ શેઠને કોઇ સંતાન નહોવાથી તેમના વંશનો છેડો ત્યાં જ આવી જાય છે, પરંતુ તેમને પોતાના પૈસાનો ઘણો સારો અને લાંબી-દૃષ્ટિથી ઉપયોગ કર્યો છે. હાલ જે મીઠાભાઈનો ઉપાશ્રય કહેવાય છે, તેજ શેઠ **મીઠાભાઈ ગુલાલચંદની** રહેવાની હવેલી હતી. તેઓના સ્વર્ગવાસ બાદ આ મકાનને **ઉપાશ્રયના** રૂપમાં ફેરવી દેવામાં આવ્યું.

શેઠશ્રી મીઠાભાઇએ સરખલીયા દરવાજા બહાર એક મોટી વિશાળ ધર્મશાળા બંધાવી છે. જે હાલ હનુમાનની ધર્મશાળા તરીકે લોકો ઓળખે છે, કારણ કે તેમાં એક હનુમાનનું મંદિર



બંધાવેલ છે, આ ઉપરાંત શેઠ મીઠાભાઈએ અંતિસરીઆ દરવાજાની અંદર એક વિશાળ પાંજરા પોળ બંધાવી તેમનું નામ અમર કરી ગયા છે, તે હાલ મે જુદ છે અને તેનો વહીવટ હાલ તેમના ભાણજી-કુટુંબના શા. ઝવેરલાલ શીવાભાઈના કુટુંબી ભાઈ વાડીલાલ કરે છે. તદુપરાંત લુણાવાડા, મહુધા, આંતરોલી વિગેરે સ્થળોએ પણ ધર્મશાળાઓ બાંધી પોતાનું નામ અમર કરી ગયાં છે. આવાં નર-નારી રત્નો કપડવંજ-ભૂમિમાં પાકે છે તે જાણી જરૂર આપણે ગર્વ લઈએ અને ઇચ્છીએ કે એજ ભૂમિમાં પાકેલા આપણે તેવા થવાનો પ્રયત્ન કરીએ, તેવું વ્રત લઈએ તો જ આ વિગત જણાવ્યાની સફળતા થાય.

હવે આપણે શેઠ ગુલાલચંદના મોટા દીકરા શેઠ લાલચંદની વિગતે વંશાવળી તપાસીશું.

તમોને આજ પણ **"લાલ ગુલાલ"**નું નામ જીભ ઉપર ઘડી ઘડી આવ્યા કરે છે તેજ આ આપણા શેઠ **લાલચંદ ગુલાલચંદ.** તેઓની હયાતીમાં અને હયાતી બાદ તેઓની પેઢીઓ **રતલામ-મુંબઈ-વડોદરા-અમદાવાદ,** એમ ચાર બાજુ પથરાયેલી હતી. તેમનો ધંધો અફીણનો હતો.

રતલામની દુકાનેથી ભાવ-તાલની ખબર લઈને કાસદીઓ પગપાળા કપડવંજ આવતા. તેમને ત્યાં કાસદનું કામ કરનાર એક કુટુંબ તો આજ પણ મોજુદ છે **કાસદ** ના આંડનામથી આજ પણ ઓળખાય છે. **રતલામ-નરેશ** આ પેઢીને એટલું બધુ માન આપતા કે **લાલ-ગુલાલની પેઢી સિવાય કોઈપણ મકાનની પેઢીના દરવાજા ગુલાલના રંગે અથવા લાલ રંગાય નહિ,** તેવો દરબારી વટ હુકમ હતો. જે આજ લગભગ ત્રીસ-ચાળીસ વર્ષ પહેલાં સુધી ચાલુ હતો.

તેમની સખાવત તદ્દન જુદી-જાતની હતી; ગામની દરેક-કોમની વસ્તીની તેઓ સાર-સંભાળ, મોટા-નાના વાસણો તંબુઓ, ગાડીઓ, ઘોડાઓ, પાથરણાં, દાગીના, કપડાં વિગેરે જે એક માણસ સંઘરી ન એકે કે બધીનો સંગ્રહ તેઓ રાખતા અને સારા-નરસા પ્રસંગે જે-જે ચીજોની જરૂર પડે તે વિના અચકાયે અને કોઈપણ જાતના અવરોધ વિના દરેકને મળતી, એટલે સુધી કે જો કોઈ ગાડી લેવા કે ડમણી લેવા આવે તો તેને તે આપે તે તો ઠીક, પણ સાથે માણસ માટેના રોટલા અને બળદોને ખાવા માટેનું ઘાસ વિગેરે બંધાવીને મોકલતા.

આખા-ગામના લોકો આજે પણ આ કુટુંબ પ્રત્યે મોટો ભાવ રાખે છે, તે તેમના ઉદાર-દિલની પ્રતીતિની સાક્ષી પુરાવે છે. એટલું જ નહિ પણ વૈદ્યોને વર્ષાસનો બાંધી આપેલાં જેથી તેઓ ગામના લોકોની માંદે-સાજે માવજત કરે, દવાઓ આપે. આવી રીતે જનતાને પૈસાનો ખરચ કરવો ન પડે તેની દરકાર તેઓ રાખતા.

આ જમાનામાં જુવાનીઆઓને આ વાત કહીએ તો વાત માનવા તૈયાર ન થાય, તેવી વાતો આ શેઠીઆની હતી. આજ પણ તેનાં રહ્યા-સહ્યાં પ્રતિકો જોવામાં આવે છે. તેથી આ વાતની ખાતરી કરવા કોઇને પુછવાની જરૂર પડે તેમ નથી. બીજી સખાવતોમાં પણ આ ઘર બીજા શેઠીઆઓ કરતાં જરા પણ ઉતરતું ન હતું, માત્ર કોણ વધુ સારૂં કરતું હતું ? તે કહેવું મુશ્કેલ છે.

શેઠ લાલભાઈને શેઠ નથ્થુભાઈ કરીને દીકરા હતા. અને શેઠાણી બાઇ **જડાવની** કુખે શેઠ **શામળભાઇનો** જન્મ થયો, આજ જે શ્રી અષ્ટાપદજીનું દહેરાસર તેમના રહેવાના મકાનની બાજુમાં છે અને જે લાંબી-શેરીમાં પડે છે તે દેરાસર **શેઠાણી અમૃતબાઇએ** રૂપીઆ બે લાખ ખરચી, તદ્દન સફેદ પથ્થર વાપરી, બારીકામ કરાવી, તેમના ઉત્સાહની પીછાન વંશપરંપરા ચાલે તેવું બંધાવેલું છે. આનો નમુનો આજ હિન્દુસ્તાનમાં મળે તેમ નથી.

શેઠાણી અમૃતબાઇને બે દીકરા હતા, **બેઉ ભાઈઓ શેઠ ગિરધરભાઇ અને શેઠ નહાલચંદભાઈ** સંતાન મુકયા વિના સ્વર્ગવાસ થયા. પરંતુ **નથુભાઇ શેઠને શેઠાણી જડાવથી શેઠ શામળભાઈ** નામે પુત્ર હતા. એ શેઠ શામળભાઈએ પણ બે વખત **લગ્ન** કરેલ હતા. શેઠાણી બાઈ **માણેકથી** તેમને એક પુત્ર-રત્ન પ્રાપ્ત થયેલું, તેમનું નામ **શ્રી મણિભાઈ** શેઠ હતું. અને શેઠાણી બાઈ રૂક્મણીથી શેઠ શ્રી શામળભાઇને એક દીકરી નામે બ્હેન મોતીબહેન કરીને હતા, જેઓનું લગ્ન મહેતા ત્રંબકલાલ મગનલાલ સાથે કરેલ હતું, તેઓ પણ તેમની પાછળ માત્ર એક દીકરીનો વસ્તાર મુકી સ્વર્ગવાસ થયાં જેથી તે વેલો બંધ થવા છતાં શેઠાણી બાઈ માણેકબાઇના પુત્ર શેઠ શ્રી મણિભાઇથી વેલો આગળ વધ્યો.

શેઠ મણિભાઇને માત્ર વીસ વરસની ભરજુવાનીમાં દૈવે અકાળે ઝુંટવી લીધા. તેઓએ સં. ૧૯૫૨ની સાલમાં જ્યારે **કપડવંજમાં** તઇવાડામાં જન્મ પામેલી મોટી આગે દેખાવ દીધો કે જેમાં લગભગ ચારસો ઘર બળી ગયાં અને કંઇકને રસ્તા ઉપર રખડતા કર્યા અને ભિખારી બનાવ્યા તે સમયે આ ભર-જુવાનીએ પહોંચેલા શેઠ મણિભાઇએ એવો ભાગ ભજવ્યો હતો કે તેનું વર્ણન આ કલમથી થઈ શકે તેમ નથી. પણ તે આગે તેમના અંગોપાંગ ઉપર મોટી અસર કરી અને તેમને પથારી-વશ કરી દીધા અને કાળે તેમને અકાળે ભરખી, અમારી આખી કોમને તો શું પણ અમારા આખા **કપડવંજ** ગામને જાણે રંડાપો આવ્યો હોય તેવો કરૂણ બનાવ બની ગયો. શેઠ મણિભાઇ તેમની પાછળ એક દીકરી બેન ચંપાબહેન તથા શેઠાણી જડાવબાઇને મુકી સંવત ૧૯૫૨ના જેઠ સુ. ૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા.

આ વખતે ચંપાબહેનની ઉંમર ઘણી જ નાની હતી. શેઠાણી શ્રી જડાવબાઇ બહુ જ હોંશિયાર અને બુદ્ધિશાળી હતાં. તેમને લગામ હાથમાં લીધી અને તેમના મુનીમ વલ્લભરામ-

છાજે તેવી રીતે બનતી સગવડો કરી આ કુટુંબને ઝાંખપ આવવા દીધી નથી.

*તેઓએ સરકારી-દવાખાનામાં ઓપરેશન-હોલ, સ્કુલમાં સાયન્સ-હોલ બંધાવી આપ્યા. તેમજ પચીસ હજાર જેવી એક મોટી રકમ આપી વોટર વર્કસ-યોજનાની શરૂઆત તેમના મુનિમ ભાઈ વલ્લભરામ છોટાલાલ પાસે કરાવડાવી. જેના પ્રતાપે આજે આપણે ઘેર-ઘેર પાણીના નળ અને ગટરના ભૂંગળા જોઇએ છીએ.

આથી જ આપણે મેલેરીઆના ઉપદ્રવથી મોટા ભાગે બચી ગયા છીએ. આ બધો પ્રતાપ દુરંદેશી અને દીર્ઘદૃષ્ટિવાળા અમારા શેઠાણી-બાઈ જડાવ શેઠાણીનો છે.

તેમની પાસેથી વારસામાં મળેલા ગુણોના ભંડારવાળાં અમારા બહેન ચંપાબહેન દિવસે મોટા થતા ગયા અને તેમનું લગ્ન શેઠશ્રી જમનાદાસ કરમચંદના જ્યેષ્ઠ-પુત્ર ભાઇ વાડીલાલ સાથે કરવામાં આવ્યાં ભાઇ વાડીલાલને પહેલા લગ્નથી પુત્ર ન હતો, તેટલા કારણે આ બીજું લગ્ન તેમણે કરેલું પણ વિધિએ કંઇ જુદુ જ નિર્માણ કીધું હશે. સૌ. બહેન ચંપાબહેનને જ્યારે ચી. બાબુભાઈ નો જન્મ થયો તે જ સમયમાં તેમના પહેલા પત્ની સૌ. બહેન પરધાનને પણ ભાઇ જયંતિલાલ નામના પુત્રરત્નનો જન્મ થયો.

શેઠ શ્રી મણિભાઈને આ એક દીકરી સિવાય બીજુ સંતાન નહિ હોવાથી ચી. બાબુભાઇ તેમની ગાદીએ આવ્યા ત્યારથી તેઓનું નામ બાબુભાઈ મણિભાઇ તથા તેમના નાના-ભાઇનું નામ અજિતભાઇ મણિભાઇ એમ લખાય છે. ચંપાબહેન તેમની પાછળ બે દીકરા બે દીકરીએ. મૂકી ધણી-નાની ઉંમરે ક્ષય-રોગનાં ભોગ થઇ પડ્યાં. ચંપાબહેનના સમયમાં તડકો-છાંયડો ઘણો વેઠવો પડયો, પણ તેમણે પોતાની ખાનદાની અને અક્કલ-હોંશિયારીથી આ બધા સમયનો સામનો પુરી હિંમતથી કીધો.

આવી રીતે આ વંશ આજ પણ આપણા લાડીલા બાબુભાઇ શેઠના વડપણ નીચે તે શેઠીઆઓના અનહદ ઉપકારવૃત્તિવાળા ગુણોની કદર કરાવી રહ્યું છે, તેઓને દીર્ઘાયુ ઇચ્છીએ.

આવી રીતે આજ આપણા બેઉ શેઠીઆઓના ઘર ખુલ્લાં છે. તેઓને આખણી આખી જ્ઞાતિ વડા તરીકે સન્માને છે, એટલું જ નહિ પણ આખું ગામ આ કુટુંબને માટે મોટું માન ધરાવે છે.

---

* આ લખાણ માત્ર પુસ્તકમાંથી ઉતારારૂપે છે, વાચકો આ વાત ભૂલે નહીં. જેથી જીવન-ચરિત્રના લેખક સંપાદકને અનુમોદનનો દોષ નથી.


પરિશિષ્ટ-૫

પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મથી ધન્ય બનેલ કપડવંજની ધરતીના ધાર્મિક ગૌરવને ચાર ચાંદ લગાડનાર કેટલાંક પુણ્ય પ્રભાવક મહાનુભાવોની વંશાવલી

કુટુમ્બનો નંબર ૧

કુટુંબના મુખ્ય પુરૂષનું નામ: શેઠ અંબાઈદાસ

ગોત્રનું નામ: **શાંખિક-સાખી**




તા. ક : ચોઠા ટાઈપવાળા મહાનુભાવો કપડવંજની ધરાના પુણ્યતિલક સમા છે. તે માટે જીવનચરિત્ર ખં. ૧માં પ્રકરણ ૧૪ અને ૧૬ જૂઓ.

પૂ. ચારિત્રનાયકશ્રીના વંશજોના પરિચયાર્થે ઉપયોગી વંશાવલી

કુટુમ્બનો નંબર ૧૫


કુટુંબના મુખ્ય પુરુષનું નામ જીવણદાસ ગાંધી

ગોત્રનું નામ કચ્છાશ્વાનયનમ્--કચ્છીઆણા.




પ્રકરણ ૧૪ ને લગતા ત્રીજા-પરિશિષ્ટમાં જે-મહાપુરૂષના નામને શોભાવનાર ૨૩ પુણ્યવાનોએ પ્રભુ-શાસનની દીક્ષા સ્વીકારી, તેમના પરિચયને જણાવનારી વંશાવલી

કુટુમ્બનો નંબર ૧૯ | કુટુંબના મુખ્ય પુરૂષનું નામ રાઘવજી | ગોત્રનું નામ ચિકાનયનકમ્-ચીખલાણા



ક્રમાંક	ભાષા			સંસ્કૃત
	ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો અર્થ સહિત	રુદ્રગયોપાખ્યાન ના ૨૪ મા અધ્યાયના શ્લોકનો અંક	શબ્દ ચિંતામણી કોષના પત્રનો અંક	ગોત્રનું નામ તથા તેના છૂટા શબ્દો અર્થ સહિત
૧	ઘૃતાનયનક	૫૮	૪૩૧ ૧૪૪ ૨૪૩	ઘિભાણયણ, ઘિઅ = ઘી આણયણ – લાવનાર
૨	શાંખિક	૫૯	૧૨૪૪	સંખિય (શાંખિક) મંગળવસ્તુ
૩	કુષ્ટાનક	૬૧	૩૨૭ ૧૪૩	કુટ્ઠાણાણુ કુટ્ઠાણ ખરાબ જગા આણુ–લાવનાર
૪	ગુડાનયનક	૬૨	૪૧૩ ૧૪૪ ૨૪૩	ગુડાણક ગુડ–લાલ સાકર, ગોળ આણ–લાવનાર
૫	મણ્યાનયનક	૬૩	૬૬૫ ૧૪૪ ૨૪૩	મણ્યાણક મણિ–હીરા, રત્ન આણક–લાવનાર
૬	દધ્યાનયનક	૬૪	૫૬૭ ૧૪૪ ૨૪૩	દધ્યાણક દૂધનું વિકાર પામેલું દધ આણ–લાવવું.



સ્વામિને નમ :

૫
ગૌરવવંતી બનેલ
૩૨ ગોત્રોની
નોંધ

પ્રાકૃત		લોકભાષા	ગુજરાતી
પ્રાકૃત શબ્દ મહાર્ણવ કોષ પા.સ.મ.ના પૃષ્ઠનો અંક	અભિધાન રાજેન્દ્ર કોષ ના ભાગ અને પૃષ્ઠનો અંક	લોકભાષા તથા હાલની ગુજરાતી ભાષામાં બોલતા ગોત્રના નામ	ગોત્રનો ગુજરાતીમાં અર્થ તથા ભાવાર્થ
૩૮૬ ૧૩૮	ભા. ૩ જો ૧૦૪૦	ઘીઆણું	ઘી જે નૈવેદ્યમાં પવિત્ર અને ખાસ જરૂરની વસ્તુ છે, તેનો વેપાર કરનાર જત્થાના ગોત્રનું નામ ઘૃતાનયનક તે ઉપરથી લોકભાષામાં **ઘીઆણું**
૧૦૩૯	ભા. ૩ જો ૬૫	સાખો	શંખ જેવી પવિત્ર દરિયાઈ વસ્તુઓના ઘરેણા બનાવરાવી તેનો વેપાર કરનાર જત્થાના ગોત્રનું નામ શાંખિક તે ઉપરથી લોકભાષામાં **સાખી**
૧૩૮	ભા. ૩ જો ૫૭૮	કુઠલાણા	પૃથ્વીની સપાટી એટલે જમીનનું સ્થાન જેને જે યોગ્ય હોય તેવી નક્કી કરી આપનાર જત્થાના ગોત્રનું નામ કુષ્ટાનક તે ઉપરથી લોકભાષામાં **કુઠલાણા**
૪૭૨ ૧૩૭ ૨૮૧	ભા. ૩ જો ૯૦૬	ગુડાણુક	ગોળ લાવવાનું ઇચ્છનાર, એટલે જે ગોળ ને સારા કામમાં વપરાય છે, તે દેવને નૈવેદ્યમાં ધરાવે છે, તેવી પવિત્ર વસ્તુ ગોળ તેનો વેપાર કરનાર જત્થાના ગોત્રનું નામ ગુડાનયનક તે ઉપરથી લોકભાષામાં **ગુડાણુક**
૮૨૯ ૧૩૮	ભા. ૬ ઠ્ઠો ૯૩	મણીઆણા	હીરા-પોખરાજ આદિ ઝવેરાતનો ધંધો કરનાર વેપારીના જત્થાના ગોત્રનું નામ મણ્યાનયનક તે ઉપરથી લોકભાષામાં **મણીઆણા**
૫૬૪ ૧૩૭ ૨૮૧	ભા ૪ થો ૨૪૮૭	દહિઆણા	દૂધ-દહી માખણ વિગેરે લાવનાર અને તેનો વેપાર કરનાર જત્થાના ગોત્રનું નામ દધ્યાનયનક તે ઉપરથી લોકભાષામાં **દહીંઆણા**

૭	मह्यानयनक	६५	१०२८ १४४ २४३	मह्याणयण मही–પૃથ્વી જમીન आणयण–લાવનાર
૮	न्यायानयनक	६६	७४० १४४ २४३	णायकाइण णायका–ન્યાય કરનાર न्यायाधिश इण–કરનાર
૯	शयानयनक	६७	११०५ १४४ २४३	शयाणक शय–રૂપું–ચાંદી आणक–લાવનાર
१०	गुर्वानयनक	६८	४१५ ४०४ १४४ २४३	गुरुआणक गुरुअ–ધર્મોપદેશક आण–લાવવું.
११	हर्यानयनक	६९	१३९६	हर्याणक हरि–ઘોડો आणक–લાવનાર
१२	कम्बलानयनक	७०	१४४ १४४ २४३	कम्बलाणक कम्बल–કામળી ઉનના કપડાં आणक–લાવનાર
१३	चंपकानयन	७१	३९५ १४४	चंपकाणक चंपक–ચંપાનુ ફુલ आण–લાવવું
१४	माणिक्यानयनक	७२	१०३२ १४४	माणिकाणक माणिक्क–માણેક आण–લાવવું
१५	कच्छाश्वानयन	७५	२२७ ११५ १४४	कच्छासाणयणं कच्छा–એ નામે દેશ છે अस्स–ઘોડા आणयणं–લાવવું
१६	विधानानय	७७	११७७ १४४	विहाणाणयणं विहाण–શાસ્ત્રોક્ત વિધિ રીત आणायणं–લાવવું



૮૪૫ ૧૩૮	ભા. ૬ ૨૩૦	મહિઆણા	જમીનનો ઉપયોગ કરી શકાય તેવી બનાવનાર જત્થાના ગોત્રનું નામ મહાનયનક તે ઉપરથી લોકભાષામાં **દહીઆણા**
૬૦૫	ભા ૪ ૨૦૦૨	નૈયાણુકા	પ્રામાણિકપણાથી ઈન્સાફ કરનાર ને તે પ્રમાણે વર્તનાર જત્થાના ગોત્રનું નામ ન્યાયાનયનક તે ઉપરથી લોકભાષામાં **નૈયાણુક**
૦ ૧૩૮	ભા. ૬ ૪૧૭	રહિઆણા	ધન–દોલત-સોનું વિગેરે દ્રવ્ય વાપરનાર અગર લાવી આપનાર જત્થાના ગોત્રનું નામ રાયાનયનક તે ઉપરથી લોકભાષામાં **રહીઆણા**
૩૭૪ ૧૩૭ ૨૮૧	ભા. ૩ ૮૫૦	ગરિઆણા	ગુરૂઓને પૂજનાર તથા મોટાપણાને ઈચ્છનાર એટલે ઉદાર–મનવાળા, બીજાને મદદ કરવાની ઈચ્છાવાળા વાણુકાના જત્થાના ગોત્રનું નામ ગુર્વાનયનક તે ઉપરથી લોકભાષામાં **ગરિઆણા**
૧૧૮૬ ૧૩૭	ભા–૭ ૧૧૮૩	હરિયાણા	ઘોડા લાવનાર અને વેચનાર સોદાગર–વણિકોના જત્થાના ગોત્રનું નામ હર્યાનયનક તે ઉપરથી લોકભાષામાં **હરિયાણા**
૨૬૭ ૧૩૭	ભા–૩ ૧૮૬	કંબલાણા	ઉનની વસ્તુઓ કામળી, ધાબળા, શાલ વિગેરે ગરમ કાપડ બનાવનાર અને વેચનાર વેપારીના જત્થાના ગોત્રનું નામ કમ્બલાનયનક તે ઉપરથી લોકભાષામાં **કંબલાણા**
૩૯૫ ૧૩૭ ૨૮૧	ભા–૩ ૧૦૯૭	ચંપાણુક	ચંપો આદિ સુગંધીદાર અને સુરંગી ફૂલ પેદા કરનાર અને તેનો વેપાર કરનાર જત્થાના ગોત્રનું નામ ચમ્પકાનયનક. તે ઉપરથી લોકભાષામાં **ચંપાણુક**
૮૦૬ ૧૩૭ ૨૮૧	ભા–૬ ૨૪૫	માણિક્કાણા	માણેક એ રાતા રંગનો ઝવેરાતની ખનીજ વસ્તુ છે, તેનો વેપાર કરનાર જત્થાના ગોત્રનું નામ માણિક્યાનયન તે ઉપરથી લોકભાષામાં **માણિક્કાણા**
૨૬૬ ૧૧૬ ૧૩૮	ભા–૩ ૧૮૩	કચ્છીઆણા	કચ્છ દેશમાંથી ઘોડા લાવી અહીં વેચનાર ઘોડાના વેપારી સોદાગરના જત્થાના ગોત્રનું નામ કચ્છાશ્વાનયન તે ઉપરથી લોકભાષામાં **કચ્છીઆણા**
૧૦૧૧ ૧૩૮	ભા–૬ ૧૨૭૪	વીડવાણા	ધાર્મિક–ક્રિયામાં શાસ્ત્રોક્ત–વિધિની પદ્ધતિ બતાવનાર વિધિપૂર્વકનું કામ કરવાનું જાણનાર વિદ્વાનોના જત્થાના ગોત્રનું નામ વિધાનાનયન તે ઉપરથી લોકભાષામાં **વીડવાણા**

१७	कुट्टक	७८	३१०	कुट्ठ–भांधीनी दुकानेथी मळती वस्तुओ
१८	कूडानयनक	७५	३०८ १४४ २४३	कूडाणक कूड–लोभंडनो थेलो आणक–लावनार
१९	चिक्कानयनक	८०	४६५ १४४ २४३	चिक्ख आणयणं चिक्खण–सहन शीतळतावान–सहिष्णु आणयण–लावनार
२०	दत्तानयनक	८१	५६६ १४४ २४३	दत्ताणयणं दत्त–आपेलुं स्थापित–स्थापेलु आणयणं–लावनार
२१	विद्रुमानयनक	८२	११७७ १४४	विद्रुमाणकं विद्रुम–परवाळा आणक–लावनार
२२	कद्वानयक	८३	२२६ १४४ २४३	कडुआणक, कडुअ– तीखा, कडवारस (वाळा) आण–लावबुं
२३	वड्वानयक	८४	११५२ १४४ २४३	वडवाणकं वडवा–समुद्रनी अग्नि आण–लावबुं
२४	यानानयनक	८५	१०७२ १४४	जाणाणकं जाण–रथादि वाहन, नौका आण–लावबुं
२५	नीरानयक	८६	७२६ १४४ २४३	णीराणकं णीर–पाणी, जळ आण–लावबुं
२६	मंडनानयक	८७	६६६ १४४	मंडणाणं मंडण–आभूषण, शणगार आणं–लावनार

–	ભા–૩ ૫૭૮	કઠ	સુગંધીદાર ધુપ, અત્તર, ધુપેલ અગરબત્તી વિગેરે સુગંધીદાર દ્રવ્યોના વેપારીના ગોત્રનું નામ કુઠક તે ઉપરથી લોકભાષામાં કઠ
–	ભા–૩ ૫૭૮	કૂટાણુક	લોખંડની વસ્તુઓના વેપારીના જત્થાના ગોત્રનું કૂટાનયનકમ્ તે ઉપરથી લોકભાષામાં કૂટાણુક
૪૦૭ ૧૩૮	–	ચિખલાણુ	સજ્જનશીલતા અને ધીરજવાન ગુણવાળા વણિકોના ગોત્રનું નામ ચિક્કાનયનક તે ઉપરથી લોકભાષામાં ચિખલાણુ
૫૫૯ ૧૩૮	ભા–૪	દત્તાણું	આપેલું લાવનાર, ધીરધારનો ધંધો કરનાર વેપારીના ગોત્રનું નામ દત્તાનયનક તે ઉપરથી લોકભાષામાં દતાણું
૬૮૦ ૧૩૮	ભા–૬	ત્રિદુમાણુક	પરવાળાં જે ઔષધમાં કામ આવે છે, એ પરવાળાના વેપારીના જત્થાના ગોત્રનું નામ વિદ્રુમાનયન તે ઉપરથી લોક-ભાષામાં વિદ્રુમાણુક
૨૭૩ ૧૩૭	ભા–૩ ૨૦૭	કડુઆણા	તીખું કડવું તેલ સરસીયું, ડોળીયું કણસીઉ વિગેરે તેલના વેપારીના જત્થાના ગોત્રનું નામ કટ્વાનયક તે ઉપરથી લોકભાષામાં કડુઆણું
૬૨૦ ૧૩૭ ૨૮૧	–	વડવાણું	સમુદ્રમાંના અગ્નિ વડવાનલ જેવા શ્રેષ્ઠ અગ્નિ સંબંધી જ્ઞાન ધરાવનાર, દાવાનલ વિગેરેની દેખરેખ રાખનાર જત્થાના ગોત્રનું નામ વડવાનયનક તે ઉપરથી લોકભાષામાં વડવાણું
૪૪૧ ૧૩૭ ૨૮૧	ભા–૪ ૨૪૪૯	જાણાણુક	જવા–આવવાના સાધનો ગાડું–ગાડી, વહાણ–હોડી વિગેરે સાધન રાખનાર કે પ્રજાને પૂરા પાડનાર જત્થાના ગોત્રનું નામ યાનાનયક તે ઉપરથી લોકભાષામાં જાણાણુક
૫૧૬ ૧૩૭ ૨૮૧	ભા–૪ ૨૧૫૩	નીરાણું	જળમાર્ગે વેપાર કરનાર અને પાણીની પરબો વિગેરેની વ્યવસ્થા કરનાર જત્થાના ગોત્રનું નામ નીરાનયનક તે ઉપરથી લોકભાષામાં નીરાણું
૮૨૧ ૧૩૮	ભા–૬ ૧૮	મંડઆણું	દાગીના, ઘરેણાં, અલંકાર વિગેરે તૈયાર કરાવી વેચનાર વેપારીના જત્થાના ગોત્રનું નામ મંડનાનયન તે ઉપરથી લોકભાષામાં મંડઆણું

૨૭	કચાનયનક	૮૮	૨૨૬ ૧૨૪ ૨૪૩	કયાણુ કય–કેશ–વાળ આણુ–લાવનાર
૨૮	માનાનયનક	૮૯	૧૦૩૪ ૧૪૪ ૨૪૩	મયાણક માણ–માન, પરિમાણ મયા–એકસાઈ કરવી આણક–લાવનાર
૨૯	ગુડધાનીનયન	૯૦	૪૧૩ ૬૫૧ ૧૪૪	ગુડધાણાણક ગુડ–લાલ સાકર ધાણા–એક જાતનો મસાલો આણક–લાવનાર
૩૦	મંચાનયનક	૯૧	૬૬૪ ૧૪૪ ૨૪૩	મયાણકં મય–ઉચું આસન આણ લાવવું
૩૧	ખરિકાનક	—	૩૮૮ ૧૪૩	ખરિઆણકં ખરિઆ–કસ્તુરીનો ભૂકો આણ લાવવું.
૩૨	જીવાનયનક	—	૫૦૧ ૧૪૪ ૨૪૩	જિયાણકં જિય–પરાભવ પામેલા જીતાયેલા આણક–ઉત્તેજન આપનાર

પૂજ્ય ચરિત્રનાયકશ્રીના
ધેસુર પક્ષની વંશાવલી

કેશવદાસ
|
લક્ષ્મીદાસ
|
શાંતીદાસ
|
રણછોડદાસ
|
હીમચંદભાઈ

પોપટલાલ, બાણુ, મુકુંદલાલ, કસ્તુરલાલ, પાનાચંદ

કનૈયાલાલ, ધનવંત, બાબો — પ્રવિણ, સનત

સેવંતિ, મહેંદ્ર, મનુ, કનુ

કુટુમ્બનો નંબર ૨
ગોત્રનું નામ. શાંખિક સાખી.

૨૮૩ ૨૩૮	ભા. ૩ ૩૪૬	મંડઆણું	ઉન-રેશમ-વાળ વિગેરે લાવી તેને ઉપયોગી બનાવ-રાવી તેનો વેપાર કરનાર જત્થાના ગોત્રનું નામ મંડનાનયન તે ઉપરથી લોકભાષામાં **મંડઆણું**
૮૪૯ ૧૩૭	ભા. ૬ ૨૩૮	મયાણક	વસ્તુઓના તોલ-માપ-વજન વિગેરેનું નિયમન કરનાર, ચોક્કસ કરનાર ને માટે ત્રાજવા-કાટલાં જોખ વિગેરે રાખનાર વેપારીના ગોત્રનું નામ માનાનયનક તે ઉપરથી લોકભાષામાં **મયાણક**
૩૭૨ ૬૦૦ ૧૩૭	ભા. ૩ ૯૦૫	ગુલદાણા	ગોળ – ધાણા – સાકર વિગેરે શુકનવંતી વસ્તુઓના વેપારીના જત્થાના ગોત્રનું નામ ગુડધાનાનય તે ઉપરથી લોકભાષામાં **ગુલદાણા**
૮૨૭ ૧૩૭ ૨૮૧	ભા. ૬ ૧૭	મંચઆણ	લગ્ન-સભા-સાજન યજ્ઞ વિગેરે માટે મંડપ બાંધવાની અને તેને શણગારવાની વસ્તુઓ રાખનાર અને તેનો વેપાર કરનાર જત્થાના ગોત્રનું નામ મંચાનયનક તે ઉપરથી લોકભાષામાં **મંચઆણ**
—	ભા. ૩ ૭૨૩	ખરીઆણુ	કસ્તુરી જેવા મોંઘી ને ઉપયોગી વસ્તુ, બહાર દેશા-વરથી મંગાવી તેનો વેપાર કરનાર વાણિકોના ગોત્રનું નામ ખારિકાનયનકમ તે ઉપરથી લોકભાષામાં **ખરીઆણુ**
૪૪૪ ૧૩૮	ભા. ૪ ૧૫૧૧	જીયાણક	હારેલાઓને અને નિર્બલ નિરૂત્સાહિત થયેલાને જીવન-વ્યવહારની વસ્તુઓ આપી તેમને જીવવાને તૈયાર કરનાર દયાળુઓના ગોત્રનું નામ જીવાનયનક તે ઉપરથી લોકભાષામાં **જીયાણક**

વંશાવલીઓ-ગોત્રોનું ઐતિહાસિક-મહત્ત્વ

કાલના વણથંભ્યા-પ્રવાહની અસરથી વિલુપ્ત થતા કે વિસરાઈ જતા મહત્વના પ્રસંગો કે મહાપુરૂષોની ઘટનાઓને જાળવી રાખવાનું શ્રેય વંશાવલીઓ-ગોત્રોની નોંધ અને તેની જાળવણીમાં જીવન ખપાવનારા ભારતીય અનુશ્રુતિ-પરંપરાના વારસદાર વહીવંચાઓ-કુલગુરૂઓ તેમજ ભાટ-ચારણોની સત્ય-પરિપૂત જીભ અને લેખિનીને ફાળે જાય છે. આજના વર્તમાન-કાલે-વિદેશી વાતાવરણ, શિક્ષણ, અને ઢબની શૈલિથી તૈયાર થતાં વિકૃત બની રહેલ ઇતિહાસ-ફલકમાં ભારતીય-પરંપરાની પાયાની ઇંટો જેવા વહીવંચા કે કુળ-ગુરૂ તેમજ ભાટચારણો પાસે સંગૃહીત પ્રાચીન-અનુશ્રુતિઓને કિંવદંતી કે દંતકથા રૂપે મૂલ્યાંકન ઓછું અપાય છે, પણ તે ખેદ અને શરમજનક બીના છે.

આજે તો ભારતીય ગ્રંથોમાં જળવાયેલ મહાપુરૂષોના જીવન-પ્રસંગો કે વિશિષ્ટ ઘટનાઓને પણ "**ઐતિહાસિક નથી**" શબ્દના ઓઠા તળે ઉવેખાય છે, ત્યાં વંશાવલી વગેરેની મૌખિક કે અવ્યવસ્થિતપણે લખાયેલ નોંધોની કિંમત ઓછી અંકાય તેમાં નવાઈ નથી!!!

પરિશિષ્ટ–૬

પૂ. ચરિત્રનાયકશ્રીની તથા તેમના પિતાશ્રી આદિની ઉદાત્ત વિચાર–ધારાને રજુ કરતા

પ્રા....ચી....ન....પ....ત્રો

(પૂ. ચરિત્રનાયકશ્રીના ધાર્મિક–જીવનનું ઘડતર ઉદાત્ત–રીતે કરનાર આદર્શ–શ્રાવકરત્ન **શ્રી મગનભાઇ ભગતની** શ્રેષ્ઠ વિચાર–ધારાને રજુ કરતા કેટલાક પત્રો તેઓના જ હાથના લખેલ હોઈ પ્રાચીન–સામગ્રી તરીકે ખૂબ જ મહત્વનાં ધારી અહીં રજુ કર્યા છે.

પૂ. આગમોદ્ધારક, ધ્યાનસ્થ–સ્વર્ગત આચાર્યદેવ **શ્રી આનંદસાગર–સૂરીશ્વરજી મ.ના** પટ્ટ પ્રભાવક, શ્રી સિદ્ધચક્રારાધન–તીર્થોદ્ધારક, પ્રવર–વ્યાખ્યાતા, મહાન્ તપસ્વી, શાસન–પ્રભાવક સ્વ. **આચાર્યદેવ શ્રી ચંદ્રસાગર–સૂરીશ્વર** ભગવંતના પટ્ટશિષ્ય પૂ. **આ. શ્રી. દેવેન્દ્ર–સાગર સૂરિવર્યના** શિષ્યરત્ન પૂ. પં. **શ્રી દોલતસાગરજી મ.ને ઉદયપુરના** ચાતુર્માસ દરમ્યાન **સાગરના ઉપાશ્રય** તરીકે વિખ્યાત **શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રયની** પાસે **શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુના** દહેરાસર પાસેની જુની ઓરડીની સફાઈ વખતે કચરા તરીકે ફેંકી દેવાયેલ કાગળોના ઢગલામાંથી પૂ. **આગમોદ્ધારક** આચાર્યદેવ–ભગવંતના જીવનની કેટલીય અજ્ઞાત કડીઓને સાંકળી આપનાર ૧૫૦ થી ૨૦૦ જુના હસ્ત–લિખિત પત્રો (પોસ્ટકાર્ડ; કવર વગેરે જુની ટપાલનો જત્થો) મળી આવેલ.

તેને સંશોધન દૃષ્ટિએ જોતાં ઘણા મહત્વના પત્રો તેમાંથી જડયા છે.

તે સંગ્રહમાંથી કેટલાક પત્રો અહીં રજુ કર્યા છે.

જે **પૂ. ચરિત્રનાયકના** પિતાશ્રી **શ્રી મગનભાઈ ભગતની** તેમજ **પૂ. ચરિત્ર–નાયકશ્રીની** ઉદાત્ત તાત્વિક–દૃષ્ટિ અને ધીર–ગંભીર પ્રકૃતિનો પરિચય કરાવનાર છે.

સુજ્ઞ વિવેકી–વાચકો યોગ્ય રીતે આ પત્રોનો સદુપયોગ કરે.



(૧) પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ને ભગનભાઇ ભગતે લખેલ પોતાની તત્ત્વ રૂચિ અને પાપનો ડર દર્શાવતો પત્ર

(૧) "×××મારા ઘરમાં સુવાવડ આવવાની છે, ને જમના મારા ઘેર તે કામ બાબદ રહી છે, માટે આલોવણાનો જવાબ લખજો કે સુવાવડના દીવસોથી અંતરાય છે. અઠમ કરવો કે દન ૧૫ ના અંદરમાં કરવો કે ઉતરતાં પણ થાય ખરો.

બીજુ પૂછવાનું કે સુવાવડીને કેટલા દીવસ ગયા બાદ પડીકમણુ, સુવાવડ કરવાવાળાને કલ્પે, કોઈ ભણાવે ને કરે તો કેટલા દીવસે થાય ને પોતાની જાતે કહે તો કેટલા દીવસે કરાય. એ વીગતથી ખુલાસા લખજો.

મારાથી તે દેરાસર જવાનું અથવા ભગવાનની પૂજા અથવા દર્શનનું લખજો એજ અરજ.

કોઈ સ્ત્રી સાધુ પુરૂષની સાથે ગ્રહસ્થ અનુભવના એક મનથી માલમ પડતું હોય અગર તેમજ હોય તે બીજા કોઇ પુરૂષ અગર સ્ત્રીને જણાવામાં આવે તો શ્રાવક તથા શ્રાવીકાને તે સાધુનું પચ્ચકખાણ કરેથી જે તે કલ્પે કે નહી ને ખમાસણાદી દેવામાં કોઈ બાદ લાગે કે નહિ તે લખશો.

જે સ્ત્રીને સાધુને ખુસાતનાનો સમય હોય તે સ્ત્રીને તે સાધુનું પડીકમણુ તથા પચ્ચકખાણ કરેથી જાતે કલ્પે કે નહીં. કેવી રીતે સ્ત્રી અને રૂબરૂમાં નીચ કર્મ ઉપાર્જન કરે તેને કેટલો દોષ છે, અગર ખુશતા તરફના વાતાવરણમાં તેને કેટલો દોષ છે, અગર ખુશતા તરફની વાતાવરણમાં તેને કેટલો દોષ છે.

વળી ધર્મધ્યાનનો ઉપાશ્રય હતો. તે ઠેકાણે જાય....કેટલો દોષ છે ? તે શીખવા આપના ખુલાસા આવ્યા બાદ ગમે તેવી રીતે શુધ્ધી થશે.

જે આપને ગુરૂ વાચ્યા છે અને આપે મને ચેલો વાચ્યો છે માટે પ્રશ્નો પૂછી જવાબ મંગાવો તેમાં હીત છે. × × × તેથી મંગાવેલ છે, તો કર્મ ઉપાજવાનો સો ડંડ લાગે તે પણ લખજો આ બાબતના બરા જવાબ મંગાવી.

જમના ખુશી–ભક્તિમાં છે. ધર્મધ્યાન રૂડી રીતે કરે છે. હરઘડી આપને દર્શન ને મલવાનો અભીલાષ છે. સુખ શાતા વારંવાર પૂછે છે ને કહ્યું છે કે મારા ઘરમાંથી મા કરવા સારૂ ઘરે પધારે એજ ઉત્તર આપની ઉપર

મુકામ ઉદેપુર બાનગી રીતે હાથોહાથ મોકલે.

[આ પત્ર પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મ-કાળનો પ્રાયઃ લાગે છે, મગનભાઈ ભગત પૂ. ઝવેરસાગરજી મ. ઉપર ખૂબજ ભક્તિવાળા એટલે સુવાવડ-વખતની બાબતોનો ખુલાસો વિવેક-પૂર્વક તેઓ શ્રીને પૂછાવે છે.

એટલે આ પત્ર પ્રાયઃ વિ. સં. ૧૯૩૧ના પૂ. ચરિત્રનાયકશ્રીના જન્મ આસપાસનો લાગે છે.]

(૨) "સ્વસ્તિશ્રી પાર્શ્વજિન પ્રણમ્ય શ્રીમતિ મહાશુભસ્થાને શ્રી ઉદયપુર નગરે સર્વ-ઉપમાલાયક, મહામુનિરાજ, મારા કુટુંબના તારણહાર, શિરછત્ર, પૂ. ઝવેરસાગરજી મ. ની પવિત્ર સેવામાં—

લી. ચરણસેવક હેમચંદ મગનલાલની ૧૦૦૮ વાર દિનપ્રતે વંદના આવધારશોજી.

આપશ્રીને શરીરે શાતા હશે, અહીં ધર્મપસાય અને આપ જેવા ગુરૂમહારાજના પ્રતાપે ખેમકુશળ છે.

વિ. આપના મુખારવિંદના દર્શન બે વર્ષ પૂર્વે અહીં થયેલ, તે પૂર્વે પણ બાપુજીની સામાયિકની ઓરડીમાં આપના ચિત્રમાં ઝળકતી અપૂર્વ-વદનપ્રતિભાથી નાનપણથી જ આકર્ષણ થયેલ, પણ પ્રત્યક્ષ દર્શન કર્યા પછી તેમજ કેશરી-સિંહની ગર્જના જેવી ઉદાત્ત-ગંભીર આપની સુ-મધુર ધર્મદેશના સાંભળ્યા પછી તો જીવ આપનામાં જ રમે છે, આપ જેવા તારક-ગુરૂદેવશ્રીના સતત સમાગમમાં રહેવાની તીવ્ર તમન્ના છે.

મારા બાપુજી અવારનવાર આપના અનેકવિધ ઉપદેશામૃત-ભરપૂર પત્રો વગેરેના આધારે આપની તાત્વિક વાણી-સુધાના મીઠા-મધુર ઘુંટડા પીવડાવે છે.

દેવોને પણ દુર્લભ આ માનવ જીવનની સફળતા આપ જેવા સદ્‌ગુરૂના ચરણોમાં બેસી સંસારના છકાયના આરંભ-સમારંભના કૂટામાંથી છુટી વિશિષ્ટ રીતે સંયમી-જીવન કેળવી સર્વ-જીવોને અભયદાન આપનારી જીવનચર્યામાં છે.

હે તારણહાર ! કૃપાળુ ગુરો ! કંઈક એવું માર્ગદર્શન બતાવો ! સંસારના ઠારમા બંધનો મને ન સતાવે ! દેવ-ગુરૂકૃપાએ જલ્દીથી હું પ્રભુશાસનના પંથે ધપી જાઉં !

મારા મોટાભાઈના લગ્ન થઈ ગયાં છે. મારા પણ વેવિશાળ થવાની તૈયારીઓ ચાલુ છે, બાપુજી તો મારા જીવનને પ્રભુશાસનના પંથે ધપાવવા માટે સહયોગ આપે છે, પણ માતાજી ધર્મિષ્ઠ -આરાધક છતાં મને સંસારના કારાવાસમાંથી છોડાવનારી દીક્ષા માટે ખૂબ જ ઇતરાજી દર્શાવે છે.

સાંભળવા મુજબ તુર્તમાં વેવિશાળ કરી લગ્નની બેડીમાં મને જકડી દેવાની યોજના માતાજીએ ગોઠવેલ છે.

તેથી મારા પાપનો ઉદય હઠે ! અને હું સંસારના બંધનમાં ન ફસાઉં ! તેવો કોઇ માર્ગ બતાવશો !!!

માતા–પિતાને પરમારાધ્ય ગણી તેઓની આજ્ઞા શિરોધાર્ય કરવી એમ સામાન્યથી કહેવાય,

પણ આ રીતે મોહના પાશમાં ફસાવવા માટેની થતી તેઓની પ્રવૃત્તિને આવકારવી ? કે શું કરવું તે ગૂંચ છે !!!

આપશ્રી યોગ્ય માર્ગદર્શન જરૂર આપશોજી ! મારે બીજી પણ કેટલીક વાતો–" આત્મા સંસારમાં શી રીતે, શા માટે કર્મ બાંધે છે ? કર્મ જો આપણને દુઃખી કરતું હોય તો દુઃખ આપનાર તે કર્મને આપણે બાંધીએ જ કેમ ?" વગેરે ગૂંચભરી બાબતો પૂછવી છે, કે જે ફરીથી કયારેક પત્રમાં લખી જણાવીશ.

હાલ તો આપ મારા જીવનના ઉદ્ધારક બની લગ્ન–જીવનના લપસણીયા પંથે જવાને બદલે સંયમના ઉદાત્ત અને એકાંત–હિતકર રાજમાર્ગ પાર આવી શકાય, તેવો કોઇ સફળ–ઉપાય જણાવવા તસ્દી લેશો.

આપનો હું ભવોભવ ઋણી રહીશ,

આપના સંયમની, જ્ઞાન–ગરિમાની, ભૂરિ–ભૂરિ અનુમોદન સાથે અલ્પમતિ–મારાથી કંઇ અજુગતું પત્રમાં લખાયું હોય કે અવિવેક થયો હોય તો તે બદલ વારંવાર ક્ષમા માગું છું, અને સાથે આપના દર્શનની તીવ્ર અભિલાષા–ઝંખના ધરાવતો આપના પત્રની પ્રતીક્ષા સથે વિરમું છું."

સં. ૧૯૪૩ માગશર સુદ ૬. લી. હેમચંદ મગનલાલની ૧૦૦૮ વાર વંદના."

(૩) " .....આપને એક પત્ર થોડા દિ' પૂર્વે લખેલ તે મળ્યો હશે.

વિ. આ દરમ્યાન આપશ્રીનો મારા જેવાને પ્રભુશાસનના પંથે વાળવા ઉપયોગી–હિતશિક્ષા આપતો પત્ર પૂ. બાપુજી દ્વારા મળ્યો, વાંચી ખૂબ આનંદ થયો.

માગ. સુ. ૭ના રોજ લખેલ મારી હૈયાની વેદના ઠાલવી છે, તે અંગે કૃપા કરી યોગ્ય માર્ગદર્શન આપશો.

વળી ખાસ નમ્ર વિનંતિ કે આ સંસારની પ્રવૃત્તિઓમાં ડગલે પગલે અ–જયણા–જીવહિંસા આદિ અનેક પાપો કરવા પડે છે, આમાંથી છૂટાય શી રીતે ?

આપના સંપર્કથી અને પૂ. બાપુજીની હિતકર-પ્રેરણાથી સંયમ-પંથે જવાની ઉત્સુકતા ઉપજી છે, પણ તેનું મૂર્તસ્વરૂપ મેળવવા દિશાસૂઝ નથી.

યોગ્ય માર્ગદર્શન આપશોજી. આપ તો જાણકાર છો, સેવક યોગ્ય શિખામણના બે બોલ જરૂરી લખી મોકલવા તસ્દી લેશોજી.....

સં. ૧૯૪૩ના મહા સુ. ૩"

(૪) "સ્વસ્તી શ્રી પારસજિન પ્રણમ્ય શ્રીમતી તત્ર ઉદેપુર નગરે એકવિધ-સંજમના પાલક, દુવિધ ધરમરૂપ તારણ, ત્રણ રતનના ધારક, ચાર કષાયના જીવક, પંચ મહાવ્રતના પાલણહાર છકાયના-ના-? સાતભય જીપણ, આઠમદના જીપક, નવવિધ બ્રહ્મ ગુપતીધારક, દશવિધ જતી ધરમના પાલક, અગીયાર અંગના જાણ, બાર ઉપાંગના જાણ, તેર કાઠીયાના નિવારક, ચૌદ વિદ્યા ગુણજાણ, દીન દીન સ્વપરને આત્મગુણના દાતાર, દમી, ક્ષમી, શાંત, દાંત ત્યાગી, વૈરાગી, સૌભાગી, સકલપંડીત શિરોમણી પ્રવર પંડીતજી, જિનશાસન ભાસ્કર ઇત્યાદિ અનેક ઉપમાલાયક શ્રી શ્રી શ્રી ૧૦૦૮ શ્રી મુનિમહારાજ શ્રી **ઝવેરસાગરજી** જોગ **કપડવંજથી** લિખીતંગ આપના ચરણકમળની સેવાનો સદા ઇચ્છક મગનલાલ ભાઇચંદની વંદના ૧૦૦૮ વાર તીકાલ યથાયોગ વખતે અંગીકાર કરશો.

આપના દર્શનની ઘણી ચાહના છે. તથા આપના ચરણ-સેવાની ચાહના નિરંતર કરવાની વરતે છે. તે હવે તાકીદથી આવતી સાલમાં બનશે એવી આશા છે. પછી તો કરમના પ્રપંચની ખબર પડતી નથી, ઘણા ઉદય અફળ જવાને લીધે ઘણો જોર રહે છે. પણ આપ સરખા ગુરુ ફરી ફરીને મળવાના નથી માટે કોઇ વાતનો વિચાર નહિ કરતાં રૂડા કારણે લાભ થશે, એમ વિચારીને જે વિચાર ગોઠવ્યો છે તે વખત ઉપર જણાવીને આપ જ્યાં હશો એ જગ્યાએ આવીશ તે જણશો.

૧૯૪૩ના શ્રાવણ સુદ ૮ને મંગળવાર

મહાપુરૂષો કોણ ?

૦ જેઓ વિચારોને કર્તવ્યરૂપે પરિણમાવે અને જીવનને પરમાર્થવૃત્તિના પંથે અવિરતપણે ધપાવે તે મહાપુરૂષ !!!

પૂ. શ્રી ઝવેરસાગરજી મ. ઉપર પૂ ચરિત્રનાયકના પિતાશ્રીનો તથા પૂ. ચરિત્રનાયકશ્રીની દીક્ષામાં તન-મનથી પૂર્ણ સહાયક થનાર શ્રી શંકર-લાલ વીરચંદભાઈનો માર્મિક પત્ર

(૫) સ્વસ્તી શ્રી પારસ્વજીન પ્રાપુગ્ય શ્રીમતી તત્ર શ્રી ઉદેપુર નગરે એકવિધ સંજમના પાલક, દુવિધ ધરમ રૂપક, તરણ શુપતે શુસ, ચાર કષાયનો જીયક, પંચ મહાવ્રતના પાલણહાર, છ કાયના રક્ષક, સાત ભય નીવારક, આઠ મદના જીયક, નવ નીઆણાવરજીત, દશવિધ જતી ધરમના પાલણહાર, અગીયાર અંગના જાણ, તેર કાઠીયા નીવારક, ચૌદ વિદ્યાગુણ જાણ, પંદર પ્રમાદ નીવારક, સોલ કસાયના જીપક, સત્તર ભેદે સંજમના પાલણહાર, કુમતાંધકાર–તરણી, જિનશાસન નભોમણી, સકલ પંડિત શિરોમણી, પ્રવર પંડીત, પરમ ઉપકારી, પરમ હિતકારી, ચારિત્રપાત્ર ચુડામણી, કલીકાલ સર્વજ્ઞ ઈત્યાદિક અનેક શુભોપમાયે બીરાજમાન શ્રી. શ્રી. શ્રી. ૧૦૦૮ શ્રી મુનિ મહારાજ **ઝવેરસાગરજી સાહેબજી** વિગેરે સરવે મુનિ મહારાજા જોગ કપડવંજથી લી. આપના ચરણ કમલની વંદના. સેવાનો સદા ઇચ્છક **શંકરલાલ વીરચંદ** તથા **મગનલાલ ભાઇચંદની** વંદન પરતે ૧૦૦૮ વાર ત્રિકાલ યથાયોગ્ય અવસરે અંગીકાર કરશોજી.

અમે આપના પ્રસાદથી સુખશાંતી છે. આપનો સુખશાંતીનો પત્ર કાલ દીને સાંજે મલ્યો, તેથી આનંદ થયો છે. વળી સેવક ઉપર કૃપા લાવીને લખશોજી. કેસરીયાજી મહારાજની ભક્તિ રૂડી રીતે ઘણા સમુદાયથી થઇ છે તે જાણી ઘણો ખુશી થયોછું. બીજુ આપ સાહેબ અંતરે ચોમાસું કરવાનો વિચાર જરૂર કરશોકે જેથી ઘણો લાભ થશે ને ધર્મનો ઉદય વિશેષ થશે.

તમારી પાસે બે મુનિ મહારાજ કોણ છે? તેનો ઉત્તર તથા કેવાક બોધવાલા છે? તે આપ લખશો તેથી જાણશું.

વિશેષ પ્રકારે કરીને **અધ્યાતમના સહિત સર્વ ધર્મક્રિયા ફલવતી છે, માટે અપ્રમાદપણે જ્ઞાન વિશેષ ફલદાયી છે.**

માટે એકાંત ક્રિયા-પક્ષીયા જીવોને તથા એકાંત જ્ઞાન-પક્ષીયા જીવોને તાદૃશ ફલ થઇ શકતું નથી.

માટે જે કોઇ મુનિ મહારજ વહેવારમાં થીરતાવાન ની હોય તેને જ્ઞાન સહિત ક્રિયા કરવામાં હિત થશે.

બાકી આ કાલે ઘણા જીવે વે'વારના રસીયા છે, પણ કેટલાક તો વિશેષ ફલ પ્રાપ્ત થાય તેવી વાત સાંભળી પણ શકતા નથી.

માટે કેવા બોધવાલા છે! તે કયા સંગાડાના છે! તેનો ઉત્તર લખશોજી.

સં. ૧૯૪૪ના ચઇતર સુદ-૬

×××પણ તેમને બરોબર કુરસદ મળતી નથી તેથી અભ્યાસ કરાવી શકતા નથી. વાસ્તે જ આપ જરૂર અત્રે પધારવાનો વિચાર કરી જવાબ લખજો, કામકાજ લખજો, અત્રે પધારવાનો વિચાર કરી જણાવશો. **સં. ૧૯૪૪ના ચઇતર સુદ-૬ વાર** એ....લી.... શંકરલાલ

આપ સાહેબને ઘણા જ દીવસ મેવાડ દેશમાં થયા, પણ અત્રે તમારા આવવાથી લાભ વીસેસ થશે. કારણ કે અત્રે તમારૂં પધારવું બંધ થવાથી ધરમથી હમો ઘણા દૂર થયા ને તમારૂ શરીર પણ વખતે વખતે નરમ થાય છે, માટે આ દેશમાં રહેવું તેથી શરીર સારૂં રહે તો અત્રે પધારજો. **દ. મગનભાઈ**

પ્રકરણ ૧૪-૧૫માં અવાંતરપ્રસંગ તરીકે **શ્રી મણિભાઈ** (પૂ. ચરિત્રનાયકશ્રીના વડિલ બંધુ)ની દીક્ષાનો પ્રસંગ વર્ણવાએલ છે.

તે પ્રસંગને વધુ વ્યવસ્થિત રીતે સમજવા ઉપયોગી મણિભાઇના હાથનો એક પત્ર અહીં રજુ કર્યો છે.

"લી. મણિલાલ મગનલાલની વંદના દન પરતે ૧૦૦૮વાર ત્રિકાળ યથાયોગ્ય અવસરે અંગીકાર કરશોજી.

હું માર્ગોપદેશિકાના પાઠ ૨૮ ભણ્યો છું, તથા અમરકોશના શ્લોક બસેં મૂળ પાઠ કર્યા છે, તથા સારસ્વતનો અરથ ગઇકાલે દિને શરૂઆત કર્યો છે, આ આપને જાણવા સારૂ લખું છું,

ધર્મસ્નેહ વિશેષ રાખશો. સં. ૧૯૪૪ના ચઇતર સુ. ૬

પૂ. ચરિત્રનાયકના પિતાશ્રીનો મનનીય પત્ર

(૭) સ્વસ્તીશ્રી પારસજીન પરણુમ શ્રીમતી શ્રી ઉદેપુરનગરે એકવીધ અસંજમના ટાળક; દુવીધ ધરમપરૂપક, તરણુ ગુપતેગુપતા, ચાર કષાયના જીપક પંચ મહાવરતના પાલણહાર; છકાયના, પીયર, સાત ભયનિવારક આઠ મદના નિવારક, નવનિધ બ્રહ્મચર્યગુપતીના ધરણહાર, દશવિધ જતીધરમના પાલણહાર ઈતીઆદીક મુનિ મહારાજના અનેક ગુણે કરી સુશોભિત કુમતાંધકારતરણી જિનશાસનનભોમણિ શ્રી. શ્રી. શ્રી. ૧૦૦૮ શ્રી મુનિમહારાજ ઝવેર સાગરજી સાહેબજી જોગ શ્રી કપડવણુજથી લિ. આપના ચરણ-કમલની સદા ઈચ્છક મગન ભાઈચંદની વંદના ૧૦૦૮ વાર અંગીકાર કરશોજી.

બીજું અતરે આપના પસાયથી સુખશાતા વરતે છે, આપની સુખશાંતીનો પતર લખશોજી. બીજું અતરે શા મગન ગુલાબચંદ છે તે ઘણીને દીક્ષા લેવાના પરિણામ જરૂર છે. વાસતે આપની પાસે આવવા ચાય છે? તે જે દિવસે દીક્ષા આપવાનું મુહુરત હોય તેના પેલા દિવસે આપની પાસે આવે તે ઘણીનું અધિઆરૂં અંગાડી છે, તેથી હાલ પજુસણ ઉપર અતરે આવા છે. તે પજુસણ ઉતરેથી અંગાડી જવાના છે, તેના ઘરનાં માણુસ સર્વે અંગાડી છે તેથી અતરે ઘર અડકાવેલું છે. તે ભાઈના ઘેરે ઉતરા છે. માટે પજુસણ ઉતરતા પહેલાં કાગળનો જુબાબ આપશો. શા માટે જે એ ઘણીને ખબર પડે, એ ઘણીના ઘરમાંથી છાની દીક્ષા લેવાની છે. બાઈ પણ નાહની તથા છોકરા બે પણ નાહની ઉંમરના છે તેથી રજા મળે તેવું નથી. ઉમેદવીજેજી સાથે દીક્ષા લેવા ગયા હતા પણ તારંગા મધે સાવકે શંકા તેથી રહેલા તે આપ જાણો છો. ભાઈ ગીરધરલાલ પાનાચંદના સાલા થાય છે. એ ઘણીની મરજી તો એવી છે કે ચુમાસામાં બને તો હાલ લેવી તેમ ના બને તો માગશર સુદમાં જરૂર લેવી. તે ઉપરાંત થાય નહીં, માટે જરૂર મુહુરત નક્કી કરી કાગળ લખશો, દિનશુદ્ધિસારી જોવી બાકી તેશેષ મુહુરત વડીદીક્ષામાં જોવાશે,

સામાન્ય માણુસ છે, તો આવ્યા પછી ઘડી એકની ઢીલ કરવી નહીં, તરત દીક્ષા આપવી, શા માટે એ ઘણીને રોકાપર થવાની બહુ ભેત હોય છે, દસ હજારની પુંજીવાળા છે, વાસ્તે ઘર તરફની ફીકર જેવું નથી, પણ રોકાપર થાય નહીં.

બીજું શંકરલાલ માર્ગોપદેશિકાનો અભ્યાસ હાળ મણીઆ (મણિલાલ મગનલાલ) પાસે કરે છે, મણીઆને કર્મગ્રંથ ૬નો મૂળ પાઠ પૂરો માસ ૭થી થયો છે, પણ હવે વ્યાકરણના ભણાવનારનો જોગ તથા અમરકોસના અરથ આપનારનો જોગ તથા કર્મગ્રંથના પણ અરથ આપનારનો જોગ બને તેવું નથી,


તેથી પંચપ્રતિક્રમણનો બાળાવબોધ વાંચવાનો અભ્યાસ કરે છે, પછી તમારે નજરમાં આવે ને ગ્રંથ ભણવાને અભ્યાસ ચલાવે તેનો જુવાબ લખજો–સં. **૧૯૪૪**ના **શ્રાવણ વદ ૧૧** લી. પોતે **શંકરલાલ**

લી. મણીઆ મગન (માણેકલાલ મગનભાઇ)ની વંદના પરતે ૧૦૦૮ વાર યથાયોગ અવસરે અંગીકાર કરશોજી, તમારી નજરમાં આવે તે પાઠ અગર અ....ભણવા સંબંધી લખશો। તે પરમાણે કરીશું,

અતરે ભણાવનારનો જોગ ન હોવાથી લાચાર છું, વાસ્તે કોઈપણ વાંચીને બોધ થવા જેવી પરત હોય તો દાગ (ડાક)ની મારફત મોકલશો, અગર પાઠ કરવાની હોય તો તે મોકલશો, આપની સુખસાતાના સમાચાર કિરપા કરી લખશો."

卐 જીવનશુદ્ધિના સી....મા....ન્ત....ભો 卐

- વિચારોની ઉદાત્ત કેળવણી
- કર્તવ્યનિષ્ઠાની જાગૃતિ
- આત્મ–નિરીક્ષણ
- વિશિષ્ટ કરૂણાભાવ
- ઉત્કટ ગુણાનુરાગ



પરિશિષ્ટ-૭

પૂ. ચરિત્રનાયકશ્રીએ સંયમ-ગ્રહણ માટે પૂર્વતૈયારી જેમના દ્વારા કરી તે **સાગર-શાખાના** મહત્વપૂર્ણ વિવેચનમાં **અમદાવાદ**ના નગર શેઠના વંશજોની ગૌરવ-ગાથાના વર્ણન-પ્રસંગે **ઝવેરીવાડ-વાઘણપોળ**ના શ્રી **અજિતનાથ પ્રભુ**ના દહેરાસરની વાત [ખંડ ૨ ઉત્તરાર્ધ પ્રકરણ-૨૨, પૃ. ૩૫૯] આપવામાં આવી છે.

તે દહેરાસરના રંગ મંડપમાં જમણે હાથે દીવાલ પર શિલાલેખ છે.

તેનો ઉતારો નીચે મુજબ છે.

॥ एवं ॥ ॐ अर्हं नमः ॥ स्वस्ति श्री विक्रमार्क संवत् १८५५ वर्षे फागुण सुदि २ दिने श्री राजनगरे गायकवाड गोविन्दराव राज्ये श्री सागरगच्छे भट्टारक श्रीराजसागर-सूरीश्वर-पट्ट-पूर्वाचल श्री वृद्धिसागर-सूरीश्वर-पट्टालंकार-श्री लक्ष्मीसागर-सूरीश्वर-पद-प्रभावक-श्री कल्याणसागर सूरीश्वर-पद प्रतिष्ठित श्री पुण्यसागर-सूरीश्वर पट्टोदय श्री उदयसागर सूरीश्वराणामुपदेशात् धर्मेकर्म-निर्माण अजितनाथप्रासाद बहुकृततीर्थ वखतसाहजी ओशवाल ज्ञातीय वृद्धशाखायां श्री शान्तिदासेन धर्मेकर्मं पुस्तक न्यासादि नवीन बिम्बानां प्रतिष्ठा श्री चिन्तामणि प्रासाद कारितं बहुपुण्यं कृतं तदन्वये लखमीचंद सातत्पुत्र खुशालचंद सा तेन श्री ऋषभदेव प्रासाद करापितं तत्सुत वखतचंद सा भार्या उभयकुल विशुद्धनी जडावबाई तत्सुत इच्छाभाई तथा पानाभाई तथा मोतीभाई तथा हेमाभाई तथा अनोपभाई तथा सूर्यमल्ल तथा मनसूक ॥ श्री अजितनाथ प्रासादकृत तन्मध्ये एतानि तीर्थानि संति भित्त्यालिखितानि पंच भरत-पंचऐरवत पंचमहाविदेहे शाश्वत-अतीतअनागत वर्तमान त्रिंशत्चतुर्विंशतिका वीसइविहरमान च्यार शाश्वताजिन शाश्वततीर्थं पटतीर्थं श्री शत्रुंजय-श्री गिरनार तारिंगा-अबुंदाचल चंद्रप्रभ-मुनिसुव्रत-जीरावलापार्श्व-नवखंडादेव कुलपाटक-मथुरा हस्तिनापुर-कलिकुंड-फलवद्धि-करहेटक उसवीर श्री शंखेश्वरादिमहातीर्थयुत सप्तत्रिंशत १७० जीर्णपट्टात् उद्धारित तीर्थोद्गालिक-प्रकरणकात् ॥ ॐ ह्रीं ॥ संवत् वर्षे शाके १७२६ प्रवर्तमाने द्वितीयचैत्रमासे शुक्लपक्षे तीथौ एकादशी ११ मृगुवासरे विजयमुहुर्ते संपूर्णम् ॥ सकलपंडीत शिरोमणि पंडित श्री प श्री पं. इन्द्रवर्धनगणि तत्शिष्य भाग्यवर्धनगणी लिपीकृतं ॥

પરિશિષ્ટ–૮

પૂ. ચરિત્રનાયકશ્રીના જીવન ચરિત્રના આલેખન પ્રસંગે (પ્રકરણ–૨૩)માં પૂ. શ્રી **ભયા–સાગરજી મ.**ના વ્યકિતત્વના વર્ણન પ્રસંગે શેઠશ્રી હઠીભાઈની વાડીની પ્રતિષ્ઠાનો ઉલ્લેખ છે.

તે વાડીના જિનાલયનો શિલાલેખ નીચે મુજબ છે.

" સંવત ૧૯૦૩ના વરખે માહામાસે શ્રીરાજનગરે શ્રી અમદાવાદ વાસ્તે વ. વીદ્યમાન શ્રી કુંપની બાહાદુર રાજે ગીનાએત વીસા ઓ–સવાલ સાહા ખુસાલચંદ તત્પુત્રઃ કેસરીસંધ તત-ભારજા સુરજબાઈ તત્કુક્ષે હઠીસંધ તતભારજા રૂખમાંણી તથા હરકુંવર શ્રી સીધાચલજી સંઘ લેઈ તીરથજાતરા કરતવંગ આજ નગરે દીલ્લી દરવાજે ઉતર દીસાએ વાડીબાગ મધે માહાવદિ ૫ ગુરૂવારે શ્રી ઈજિનસલાકા શ્રી ધરમનાથજી માહારાજ આદે ઘણાંક બીંબ ભરાવીને તેજ વાડીમધે શ્રી બાવન જીનાલો પ્રાસાદ કરાવીતં માહા વદિ ૧૧ વાર સુકરે શ્રી સાગર ગચ્છે

દસકેત ગોરધનદાસ મંછારામ અક્ષર પાડીત ઈસિમભાઈ રહેમાનજી."

તા. ક.– હઠીભાઈની વાડીમાં દેરાસરમાં પેસતાં જમણી બાજુએ કાળા પત્થરના શિલા-લેખમાં ૧૯ લાઈનો છે.



શેઠ હઠીભાઈની વાડીનો મોટો શિલાલેખ

स्वस्ति श्रीमज्जिनं नत्वा प्रणम्य स्वगुरुं मुदा ।
श्री धर्मनाथ चैत्यस्य प्रशस्तिर्वर्ण्यते वरा ॥ १ ॥

अहम्मदाबादपुरे श्री कंपि (प)नी आरिज बहादुरः ।
राज्यं करोति विधिना मर्यादापालने निपुणः ॥ २ ॥

तद्राज्ये वास्तव्यो गुलशाख उकेशवंशजातश्च ।
जीवदया धर्मार्थी साहः श्री निहालचंदश्च ॥ ३ ॥

तत्पुत्रः श्री साह खुशालचंद स्तत्पत्नी श्री माणका धर्मकर्त्री ।
तत्पुत्र श्री केसरीसिंह नामा तद्भार्या श्री सुर्यनाम्नी प्रसिद्धा ॥ ४ ॥

तस्याःकुक्षेः रत्नतुल्यः प्रजातः
श्रेष्ठी साहः श्री हरीसिंह नामा ।
..... भाग्येनैवोपार्जितं द्रव्यवृन्दं
.... भुक्तं दत्तं स्वीयहस्तेन तेन ॥ ५ ॥

अहम्मदाबाद पुरोपकंठे दिश्युत्तरस्यां कृतवाटिकायाम् ।
यत्-कारितं श्री जिनबिम्बवृन्दं जिनेन्द्रचैत्य तु महत्तवीनम् ॥ ६ ॥

द्वापञ्चाशद्वैक्त कुलिका मण्डितं त्रिभूमिकं रम्यम् ।
मण्डपयुगेन रुचिरं त्रिशिखरं कारितं स्वचित्तैः ॥ ७ ॥

तस्मिन् जिनबिम्बानां प्रासादानां तथा सुप्रतिष्ठा ।
इह कारिता कृतैषा × × × × × ॥ ८ ॥

जातोऽयं गुर्जरदेशे तस्माद् गुर्जर वर्णनम् ।
क्रियते बुद्धियोगेन बुद्धिमद्भि र्विभाव्यताम् ॥ ९ ॥

सान्निध्ये तीर्थराजो विमलगिरिवरो यस्य वै चोज्जयन्त—
स्तारंग-स्तंभनाख्यो गवडिपुरभवो यत्र शंखेश्वरश्च ।
यत् सन्धौ संस्थितोऽ वितनगिरिवरो योऽर्बुदाश्रयः सुधामा,
अन्येऽनेकेऽपि तीर्था वरभुविनगरे यत्र देशे प्रसिद्धाः ॥ १० ॥

श्राद्धाः कुर्वन्ति यस्मिन् जिनवरभुवने भक्तिमुद्योत-कर्त्रीम्,
पूजां स्नात्रं च यात्रां विरचति नृकुलो भक्तिभावार्द्रचित्तः ।
अर्हत्प्रोक्तागमानां श्रवणमनुदिनं यत्र दानादिधर्माः,
सौन्दर्यं कोऽपि देशो न भवति सदृशो गुर्जरेणेह लक्ष्म्या ॥ ११ ॥

विस्तीर्णहट्टावलि राजमार्गा उत्तुंगहर्म्या जिनशुभ्रगेहाः ।
पुंभिर्धनाढ्यैश्च तथा गुणाढ्यैरहम्मदावाद इतीह दृग्गः ॥ १२ ॥

तस्मिन् वाणिज्यकर्तॄणां मुख्या वद्धिनाथकः ।
संघेशः श्री हठीसिंहो जातः पूर्वोपवर्णितः ॥ १३ ॥

शीलवती च गुणवती तस्य प्रथमा हि रुक्मणी भार्या ।
हरकुमारिका चान्या पुत्रौ जयसिंह इति नाम्ना ॥ १४ ॥

हठीसिंहे गते स्वर्गं पत्नी हरकुमारिका ।
भर्तुर्वाक्यैः क्रियां सर्वां चक्रे पूर्वोपवर्णिताम् ॥ १५ ॥

स्त्रीजातावपि संजाता धन्या हरकुमारिका ।
पुरुषैः कर्तुमशक्यं यत् तत्कार्यं साधितं तया ॥ १६ ॥

कुंकुमार्चितपत्राणि लिखितानि पुरे पुरे ।
आगच्छन्तु कृपां कृत्वा दर्शनार्थं मामङ्गणे ॥ १७ ॥

तत्पर्णमाकर्ण्य च वृत्तवाक्यं चतुर्विधा हर्षभरास्तु संघाः ।
अहम्मदावाद पुरोपकण्ठे प्राप्ताः प्रतिष्ठोत्सवमेव द्रष्टुम् ॥ १८ ॥

आचार्याः संघमुनयश्च संघैः सह समागताः ।
चतुर्लक्षमिता मर्त्या मिलिता बहुदेशजाः ॥ १९ ॥

चैत्यबिम्बप्रतिष्ठासु वात्सल्येषु सधर्मिणाम् ।
सेवासु सूरिसाधूनां बहुवित्तव्ययः कृतम्ः ॥ २० ॥

श्री विक्रमार्कसरदः प्रमिते सुवर्षे (१९०३) एकोनविंशतिशताधिकके तृतीये ।
शाके तु सप्तदशसंख्य १७६८ शताधिकेऽष्ट षष्टिप्रवर्तमते समये सुशीले ॥ २१ ॥

माधे मासे शुक्लपक्षे षष्ठ्यां च मृगुवासरे ।
कृतमाडंबरेणैव जलयात्रामहोत्सवम् ॥ २२ ॥

एवं श्रमेन सप्तम्यां विहितं कुम्भस्थापनम् ।
अष्टम्यां च नवम्यां तु नन्द्यावर्तस्य पूजनम् ॥ २३ ॥
दशम्यां ग्रहदिक्पाल क्षेत्रपालादिपूजनम् ।
विंशतिस्थानपूजा च एकादश्यां तिथौ कृता ॥ २४ ॥
द्वादश्यां च कृतं श्राद्धैः सिद्धचक्रादिपूजनम् ।
त्रयोदश्यां विरचितं च्यवनस्य महोत्सवम् ॥ २५ ॥

चतुर्दश्यां जन्मभावो दिक्कुमारीकृतम्: ।
पूर्णिमायां कृतं मेरावभिन्द्राद्यैः स्नात्रकर्म च ॥ २६ ॥

माघे कृष्णे प्रतिपदि कृतं चन्द्रे च वासरे ।
अष्टादशाभिषेकस्तु द्वितीयायामथापरम् ॥ २७ ॥

उत्सव पाठशालायां गमनस्य कृत वरम् ।
तृतीयायां कृतं सदिभर्विवाहस्योत्सवं वरम् ॥ २८ ॥

दीक्षोत्सवं चतुर्थ्यां च पंचम्यां भृगुवासरे ।
वृषलग्ने च बिम्बानां नेत्रोन्मीलनकं कृतम् ॥ २९ ॥

षष्ठीतो दशमी यावत् कलशध्वजदण्डयोः ।
प्रासादानां प्रतिष्ठा च महोत्सवैः कृता वरा ॥ ३० ॥

एकादश्यां गुरुदिने बिम्बानां च प्रवेशनम् ।
स्थापना च कृता चैत्ये वासक्षेपसमन्विता ॥ ३१ ॥

तन्मन्दिरे श्री जिन धर्मनाथो बिम्बप्रवेशस्थित मूलमूर्तिः ।
स्वश्रेयसोऽर्थं च कृता प्रतिष्ठा भवे भवे मंगलकारिणीयम् ॥ ३२ ॥


इयं प्रशस्तिश्चैत्यस्य खरतरगच्छे तु क्षेमशाखायाम् ।
महो श्री हित प्रमोदजितां कृता पंससूपेण ॥ ३३ ॥

इयं प्रशस्तिर्लिखिता लेखक विजयरामेन ।
वनमालिदासपुत्रेन मोढचातुर्वेदातिविप्रेन ॥ ३४ ॥


उत्कीर्तितं सूत्रधार इसफेन रहमानपुत्रन ॥


તા. ક:– આ શિલાલેખ દેરાસરમાં પેસતાં ડાબી બાજુએ છે. કાળા પત્થરના લેખમાં લીટી ૩૯ છે.





卐 卐









આર્ટપ્લેટ તથા આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૩૮૦૦૦૧